॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## અનાદિ મૂળઅક્ષર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામી

# યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો

## એવમ્ સ્વામીની વાતો




-: Published by :-

**Shree Swaminarayan Hindu Temple,**

Louisville, 9948, Bunsen Way, Louisville KY 40299

Tel : 630-926-8515 Web site : louisville.issousa.ora

Email : issolouisville@gmail.com

અનાદિ મૂળઅક્ષર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામી

# યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો

## એવમ્ સ્વામીની વાતો

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી નરનારાયણદેવ દેશ ગાદી**

**અનાદિ મૂળઅક્ષર સદ્ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામી**

# યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો

## એવમ્ સ્વામીની વાતો

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮**
**આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**-: પ્રેરક :-**

પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી
ગુરુ અ.નિ.સ.ગુ.શા. સ્વામી શ્રી વિજ્ઞાનદાસજી - મુળીધામ


**:: લેખન સંકલન ::**

હિંમતભાઈ માવજીભાઈ મોરશિયા, સુરેન્દ્રનગર



**-: પ્રકાશક :-**

**Shree Swaminarayan Hindu Temple,**
Louisville, 9948, Bunsen Way, Louisville KY 40299
Tel : 630-926-8515 Web site : louisville.issousa.ora
Email : issolouisville@gmail.com

**અનાદિ મૂળઅક્ષર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામી યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો એવમ્ સ્વામીની વાતો**


**પ્રથમ આવૃત્તિ :- પ્રત :** ૩૦૦૦

**પ્રકાશન તિથિ :-**
તા. ૨૮ - જુલાઈ - ૨૦૧૯, દિવ્ય પંચાબ્દિ મહોત્સવ
શ્રી સ્વામિનારાયણ મંદિર - લુઈસવીલ (કંટકી)


**સંત મંડળ :-**
પ.પૂ.સ.ગુ. સ્વામી શ્રી હરિવલ્લભદાસજી
પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી વ્રજવલ્લભદાસજી
પ.પૂ.સ.ગુ. પુરાણી સ્વામી શ્રી હરિનંદનદાસજી
પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી વિશ્વવિહારીદાસજી
પ.પૂ.સ.ગુ. પુજારી સ્વામી શ્રી ઘનશ્યામચરણદાસજી


**પ્રુફ રિડીંગ સેવા :** શ્રી પ્રાણજીવનભાઈ મોહનભાઈ માકાસણા
ચરાડવા હાલ - મોરબી

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો : ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો : ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

# પ્રસ્તાવના

પરમકૃપાળુ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય આ લોકમાં ભગવાનના ભક્તો તથા મુમુક્ષુ એવા જીવાત્મા તથા અનંત પાપી, અધમ, પામર જેવા જીવો યુગોથી નરકના દુઃખો ભોગવી રહેલા છે તે સર્વના ઉધ્ધારને અર્થે કેવળ કૃપાએ કરીને થયું છે. શ્રીહરિ જ્યારે પ્રગટ થયા ત્યાર પહેલા બે માસ અગાઉ જ તેમની મૂર્તિમાં રહેલા મહાઅનાદિમુક્ત એવા સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદસ્વામી સંવત ૧૮૩૭ના મહાસુદ ૮ આઠમના રોજ સાબરકાંઠા જિલ્લાના ટોરડા ગામે પવિત્ર બ્રાહ્મણકુળમાં સંસ્કારી, સાદાઈ ને ભક્તિમય જીવન જીવતા એવા પિતા મોતીરામ ને માતા જીવીબા થકી થયું હતું. તેની નોંધ સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ શ્રી ભક્તચિંતામણી ગ્રંથમાં લીધી છે.

"પ્રભુ સાથે પ્રગટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ." સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું બાળપણનું નામ ખુશાલ ભટ્ટ હતું. તેમણે બાળપણથી જ ઐશ્વર્ય સાથે અનેક જીવોના દુઃખો દૂર કર્યા છે, કોઈ દટંતર વાવ, કૂવા-રૂપિયા લોકોને દેખાડતા. ને કાળ વર્ષમાં તેમણે ઈડરના પહાડોનાં કંદમૂળ દેખાડીને ૧૦ માસ સુધી લોકોને જીવનદાન આપ્યું હતું. તેમનું જીવન જોતા ભગવાન જ મનાઈ જાય એવા હતા. છતાં તેમણે કોઈ દિવસ પોતાપણું આવવા દીધું નથી પોતે તો સદાય દાસભાવે જ વર્ત્યા છે.

શ્રીજીમહારાજે આલોકમાંથી અંતર્ધાન થવાનો સંકલ્પ જાહેર કર્યો ત્યારે સભામાં સહુ ભક્તજનો દુઃખી દુઃખી થઈ ગયા ને અન્ન જળનો ત્યાગ કરી દીધો. બેશુધ્ધ થઈ ગયા પછી શ્રીહરિએ તેમને ધીરજ પ્રેરીને સૌને શાંત કર્યા ને મોટી જાહેર સભામાં સૌને ભલામણ કરી કે, આ ગોપાળાનંદ સ્વામી અમારા પ્રતિનિધિ છે ને અમારી જગ્યાએ છે તેમની આજ્ઞામાં બંને આચાર્ય સંતો-ભક્તો-બ્રહ્મચારીઓ-પાર્ષદો વગેરેને રહેવાનું કહ્યું ને બંને આચાર્યના કાંડા ગોપાળાનંદ સ્વામીના હાથમાં સોંપ્યા. શ્રીહરિ છતાં ૨૨ વર્ષ અને શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી ૨૨ વર્ષ સ્વામીએ બંને દેશનું સંચાલન સરળ ને સમભાવથી કર્યું હતું. કોઈને દુઃખ ન લાગે તે રીતે બંને દેશ ઉપર અમિ દૃષ્ટિ રાખી હતી. ને તેમણે સાહિત્યક્ષેત્રે ઘણા ગ્રંથો રચ્યા છે. ને કાંકરિયા, ભૂજ, સાળંગપુર આદિ ઘણા સ્થળે હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરી છે. તેનું કારણ કે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતજનોને કોઈ સંકટ પ્રારબ્ધનું આવે અથવા આજ્ઞા લોપથી આવે તો તે બીજા શુદ્રદેવના મંત્ર જાપ - માનતા વગેરે ન કરે ને ઉપાસનામાંથી ખંડિત ન થાય તેથી આપણા મંદિરોમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ને સ્વામીએ કહ્યું કે હે, હનુમાનજી મહારાજ ! તમો આ

ભક્તજનોના સંકટ ટાળજો એમ ભલામણ કરેલી છે. તેથી આજે સારાયે વિશ્વના લોકો પોતાનું દુઃખ દૂર કરવા કાંકરિયા, ભૂજ, સાળંગપુર આવે છે.

આવા મહાસમર્થ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના જીવન દર્શનનો ગ્રંથ બનાવવાનો સંકલ્પ હતો કે આપણે આવા મોટા મુક્તના બે ગુણો ગાઈએ ને સત્સંગમાં તેમનું જીવન બીજા ભક્તો વાંચે, સાંભળે તો તેમને પણ આવા મોટા સંતોની દિવ્યતા જણાય ને સુખ પ્રાપ્ત થાય.

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી તો સદાય મહારાજરૂપ જ હતા તો પણ આશરે આવેલા ભક્તજનોને પોતે કોઈ દિવસ પોતામાં જોડ્યા નથી ને મહારાજમાં જોડ્યા છે. ને મહારાજની સર્વોપરિતા જેમ છે તેમ સર્વોપરીપણે ઓળખાવ્યા છે.

વિશેષ કે આવા મહામુક્તના જીવન ચરિત્રરૂપી મહાગ્રંથની લેખન-સંકલનની સેવા સુરેન્દ્રનગરના પ.ભ. શ્રી હિંમતભાઈ માવજીભાઈ મોરશિયાએ આપી છે. તેમના ઉપર શ્રીજીમહારાજ, સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી, પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો તેમના ઉપર રાજી થાય ને તેમને સાહિત્ય ક્ષેત્રે સેવા કરવાનું વિશેષ બળ પ્રાપ્ત થાય એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

"સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી" ગ્રંથનું પ્રકાશન I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈસવીલ (મૂળીધામ) U.S.A.ના સર્વ ટ્રસ્ટીઓના સાથ સહકારથી થયું છે.

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે આ ગ્રંથના પ્રકાશન માટે કૃપા કરીને આજ્ઞાપત્ર સાથે આશીર્વાદ આપીને અમને કૃત્યકૃત્ય કર્યા છે.

આ ગ્રંથના પ્રકાશનમાં સેવાભાવી ભાગ્યવંતા યજમાનશ્રી ગં.સ્વ. કાન્તાબેન મણિલાલ પટેલના મોક્ષાર્થે - લાંઘણજ તરફથી સંપૂર્ણ સેવા પ્રાપ્ત થઈ છે. તેથી તેમના પરિવાર ઉપર મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવ તથા શ્રીહરિકૃષ્ણ મહારાજની ખૂબ કૃપા ઉતરે એવી તેમના ચરણોમાં પ્રાર્થના.

આ ગ્રંથ અમારા અ.નિ. ગુરુ સદ્. શાસ્ત્રી શ્રી વિજ્ઞાનદાસજી સ્વામીના ગુરુ ઋણમાંથી મુક્ત થવા માટે નાની સેવા એક પુષ્પરૂપી તેમના ચરણોમાં અર્પણ કરી હું ધન્યતા અનુભવુ છું. એ જ

લિ. શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના
જય શ્રી સ્વામિનારાયણ.

# કિંચીત્

પરમકૃપાળુ, સર્વાવતારી, સર્વકારણના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને એકવાર અક્ષરધામમાં મુક્તોને પૂછ્યું કે અનંતકાળથી આ બ્રહ્માંડ સર્જાયું છે. છતાં એકપણ જીવ કેમ અક્ષરધામમાં આવતો નથી ? ત્યારે મુક્તો બોલ્યા કે હે મહારાજ ! તમે જે જે અવતારોને મોકલ્યા તે તે અવતારોને ભજીને તે તે જીવ તેમના ધામમાં ગયા ને તમે જો સ્વયં પધારો તો તમને ભજીને મુક્ત થઈને અક્ષરધામમાં આવે. ત્યારે મહારાજ બોલ્યા કે અમે જઈએ પણ તમારે સાથે આવવું પડે. ત્યારે મુક્તો બોલ્યા કે અમારે આવવાનું શું પ્રયોજન છે? ત્યારે મહારાજ કહે તમે સાથે આવો ને તમે ધર્મ-નિયમ પાળો ને બીજાને પળાવો ને અમારી ઓળખાણ કરાવો ત્યારે જીવ ઓળખી શકે. માટે તમારે આવવું પડશે.

ત્યારપછી શ્રીહરિની ઇચ્છાથી બદ્રિકાશ્રમમાં દુર્વાસાના શ્રાપથી શ્રી નરનારાયણદેવને નિમિત્ત કરીને શ્રીહરિ તેમના મિષે પધાર્યા ને સર્વે ઋષિ મુનિયો, ધર્મભક્તિ તથા અવતારો પણ આવ્યા. તેમાં અક્ષરધામમાંથી શ્રીહરિ સાથે મુક્તો પણ આ ભરતખંડમાં જુદે જુદે સ્થળે પ્રગટ થયા. તે માહેના અક્ષરધામના મહામુક્ત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રીહરિ સાથે પ્રગટ થયા ને શ્રીહરિની ઇચ્છા મુજબ જ સત્સંગમાં વિચર્યા ને અનેક જીવોને અક્ષરધામના અધિકારી બનાવ્યા.

આવા મહામુક્ત સદ્‌ગુરુશ્રીના જીવન પ્રસંગો વિષે એક ગ્રંથ લખવાની સેવા મૂળીના સદ્. શાસ્ત્રીશ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ મને આજ્ઞા કરી કે I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈસવીલ (મૂળીધામ) U.S.A.નો દિવ્ય પંચાબ્દિ મહોત્સવ આવે છે તે પ્રસંગ ઉપર આપણે ગ્રંથનું પ્રકાશન કરવાનું છે. તેથી મને પણ આનંદ થયો કે મહામુક્ત સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી જીવન વિષે લખવું તેતો મહાસાગર કહેવાય તે તો પૂર્ણ તો લખી શકાય જ નહિ. આ તો શાસ્ત્રોના આધારે એક ડૂબકી મહાસાગરમાં દઈને મૂઠીભર સાચા રત્નોરૂપી નાનો ગ્રંથ લખીને સત્સંગ સમક્ષ સ્વામીશ્રી દ્વારા પ્રકાશન થાય તે શ્રીહરિનો તથા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનો રાજીપો પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના.

લિ. હિંમતભાઈ માવજીભાઈ મોરશિયા
સુરેન્દ્રનગર

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

**Per.Sec./27/18-19** **Dt : 26/02/2019**

# આજ્ઞા પત્ર

**શ્રી સ્વામિનારાયણ મંદિર,**

**લૂઈસવીલ, અમેરિકા**

**જયશ્રી સ્વામિનારાયણ.**

**વિ. આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર લૂઈસવીલ મૂળીધામ (અમેરિકા) ના પંચાબ્દી મહોત્સવ પ્રસંગે સંપ્રદાયના સત્શાસ્ત્રો પૈકીનું પ.ભ. હિંમતભાઈ મોરશિયા દ્વારા લખાયેલ "મૂ.અ.મૂ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો" પુસ્તકનું પ્રકાશન ખરેખર સ.ગુ. ગોપાળાનંદ સ્વામી દ્વારા થયેલા અનેક ઐશ્વર્યો સૌને જાણવા મળશે. આવા શાસ્ત્રોનું ખાસ વાચનનો આગ્રહ રાખશો તો જ તેમનો દાખડો સફળ થયો ગણાશે. પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સહ અમારા રૂડા આશીર્વાદ છે.**

**રૂડા આશીર્વાદ સહ**

**આજ્ઞાથી,**

**પર્સનલ સેક્રેટરી**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી**
**શ્રી સ્વામિનારાયણ મંદિર,**
**કાલુપુર-અમદાવાદ.**

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# અનુક્રમણિકા


૦૧. શ્રીહરિના પ્રતિનિધિ .................................... ૦૧
૦૨. અનાદિ મહામુક્તશ્રીનું પ્રાગટ્ય .................................... ૦૨
૦૩. યજ્ઞોપવિત તથા વિદ્યાભ્યાસ .................................... ૦૩
૦૪. મહાયોગીનું લક્ષણ .................................... ૦૩
૦૫. ખુશાલે યજ્ઞોપવિત્ર સંસ્કાર વખતે ચમત્કાર સજર્યા ............ ૦૪
૦૬. ટોરડામાં ખુશાલે ઉજવ્યો શ્રીહરિનો પ્રાગટ્ય મહોત્સવ ......... ૦૫
૦૭. ખુશાલ ભટ્ટના પારણા ઉપર સર્પની છત્રછાયા ................ ૦૬
૦૮. ખુશાલ ભટ્ટના મુખમાંથી તેજ નીકળ્યું .................... ૦૭
૦૯. અદ્ભૂત ચમત્કાર .................................... ૦૭
૧૦. વિદ્યાભ્યાસ .................................... ૦૮
૧૧. વિદ્યાભ્યાસ કરતા શાળામાં ગૌરીશંકરને સમાધિ .............. ૦૮
૧૨. ખુશાલ ભટ્ટે દશ માસ ઇડરમાં રહીને ઇડરને પ્રસાદીમય કર્યો અને કાળમાં હજારો લોકોની રક્ષા કરી .................... ૦૯
૧૩. ખુશાલ ભટ્ટે બાળકોને સમાધિ કરાવીને અયોધ્યામાં બાલ સ્વરૂપ ઘનશ્યામના દર્શન કરાવ્યા .................... ૧૦
૧૪. ટોરડામાં ગણપતિજીને શેર શેર ઘીના લાડવા જમાડયા ........ ૧૧
૧૫. બાળકોને બ્રહ્મવિદ્યા ભણાવી .................................... ૧૨
૧૬. ખુશાલ ભટ્ટે ચાર બાળકોને સમાધિ કરાવી .................. ૧૩
૧૭. ખુશાલ ભટ્ટના દેહમાંથી તેજોમય પ્રકાશ નીકળ્યો .............. ૧૩
૧૮. સાપાવાડામાં ખુશાલ ભટ્ટે નાગને પૂર્વ જન્મની સ્મૃતિ કરાવી ...... ૧૩
૧૯. સિધ્ધપુરમાં ખુશાલ ભટ્ટે બે બાળકોને બચાવ્યા તથા વટલી ગયેલા બ્રાહ્મણોને પુનઃ બ્રહ્મત્વ આપ્યું .................... ૧૪
૨૦. ખુશાલ ભટ્ટની સામર્થી વાઘને રોટલા ખાતો કર્યો ............ ૧૬
૨૧. જીવ પ્રાણી માત્ર ઉપર નિયામકપણું : બાળકો સમાધિનિષ્ઠ થયા .... ૧૭
૨૨. ખુશાલ ભટ્ટે મુંગા બ્રાહ્મણ બાળકને વેદ બોલતો કર્યો .......... ૧૮
૨૩. પરોપકારી ખુશાલ ભટ્ટ .................................... ૨૦
૨૪. ખુશાલ ભટ્ટે બ્રાહ્મણના બાળકની આગમાં રક્ષા કરી ........... ૨૦
૨૫. ખુશાલ ભટ્ટે સ્રીના દેહમાંથી જીવને વડના વૃક્ષમાં મૂક્યો ....... ૨૧
૨૬. મોટાનો અપરાધ કરે તે પોતાને જ ફળે છે ................. ૨૨


અનુક્રમણિકા

૨૭. ગૌ બ્રાહ્મણ પ્રતિ પાલક અને મહાન દયાળુ ખુશાલભટ્ટની કૃપાથી તથા અંબાશંકર જેવા પવિત્ર ભક્તના ગુણે કરીને તેમના પૂર્વજોની ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થયો ........ ૨૪
૨૮. વડોલી ગામના કરશન સોનીએ ખુશાલ ભટ્ટની પ્રાર્થના કરી તેથી ભટ્ટે જમદૂતો પાસેથી છોડાવ્યો ........ ૨૭
૨૯. ખુશાલ ભટ્ટનો પ્રભાવ ........ ૨૮
૩૦. દયાળુ ખુશાલ ભટ્ટ ........ ૨૮
૩૧. ખુશાલ ભટ્ટ સાથે શામળાજીના રણછોડજીની મિત્રતા ........ ૨૯
૩૨. જન્મથી મુંગા બાળકને બોલતો કર્યો ........ ૩૦
૩૩. ખુશાલ ભટ્ટે વેરો બંધ કરાવ્યો તથા રાજાને પુત્ર થશે તેવો વર આપ્યો ........ ૩૦
૩૪. ફૂલકુંવરબાને શ્રીહરિના દર્શન તથા સેવાનો યોગ ........ ૩૧
૩૫. ઈડર મહારાણી શ્રી ફૂલકુંવરબાએ ઈડરમાં સત્સંગના બીજ રોપ્યા ... ૩૨
૩૬. પૂ. સ્વામીને સર્વેશ્વરાનંદ દ્વારા સત્સંગ થયો ને ડભાણ મહારાજના દર્શને આવ્યા ........ ૩૨
૩૭. શ્રીહરિની આજ્ઞાથી મહાભારતનું પુસ્તક લાવ્યા ........ ૩૩
૩૮. વડોદરામાં ચમત્કાર ........ ૩૫
૩૯. મોટાને ચમત્કાર ........ ૫૨
૪૦. શ્રીહરિ પ્રગટ સ્વરૂપે હીંડોળામાં ઝુલ્યા ........ ૬૨
૪૧. વિના સાધને સિધ્ધદશા પમાડી ........ ૬૨
૪૨. કિલ્લેદાર બાબા સાહેબ સત્સંગી થયા ........ ૬૪
૪૩. સરકારના બાળકો ને પ્રસાદ ખાવાથી સમાધિ થઈ : તથા સદાશિવભાઈનો ત્યાગ ........ ૬૭
૪૪. મોટાને યોગે મોટા ભાઉપુરાણી, નારુંપંત નાના સત્સંગી થયા ..... ૭૦
૪૫. સ્વામીએ બિલાડી તથા ઉંદરનો સત્સંગમાં જન્મ ધરાવી મોક્ષ કર્યો. . ૭૮
૪૬. મોટાના અપરાધનું ફળ ........ ૮૦
૪૭. રામચંદ્રભાઈને ઘેર ગોપાળાનંદ સ્વામી જમવા પધાર્યા ને અપાર પ્રતાપ જણાયો ........ ૮૪


અનુક્રમણિકા

૪૮. રામ તળાવના અખાડાના ખાખી બાવા મુવા પછી નાગ તથા રાક્ષસો થયેલા તેનો ગોપાળાનંદ સ્વામીએ મોક્ષ કર્યો. ................ ૮૫
૪૯. શ્રીમંત રાવસાહેબ પાસે ગોપાળાનંદ સ્વામીએ યજ્ઞ કરાવ્યો તથા તેમને વળગેલો બ્રહ્મરાક્ષસ કાઢ્યો .......................... ૮૮
૫૦. આબાસાહેબે ગોપાળાનંદ સ્વામીનું વચન ન માન્યું તો વહાણ ડુબ્યું ને શ્રીહરિએ આવી રક્ષા કરી .............................. ૯૬
૫૧. વડતાલમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનું પ્રગટપણું .................. ૯૮
૫૨. ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી પુરુષાનંદ સ્વામીએ કૂવામાંથી ગાયો કાઢી ............................................ ૯૯
૫૩. ગોપાળાનંદ સ્વામીનો પ્રતાપ જોઈ આરબ લોકો સત્સંગી થયા .... ૧૦૧
૫૪. ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી સાધુને દુઃખ દેનારી મુસલમાન બીબીઓને હનુમાનજીએ પુંછડે બાંધીને પછાડી .............. ૧૦૪
૫૫. ગોપાળાનંદ સ્વામીની દૃષ્ટિથી પીપળાના પાન ખરી પડ્યા ને તેમાં રહેલા બ્રાહ્મણોના જીવનો છુટકારો શ્રીહરિએ કર્યો .............. ૧૦૫
૫૬. ગોપાળાનંદ સ્વામીએ અગણોતેરા કાળમાં અંતર્યામીપણે વાત કરી . ૧૦૭
૫૭. ગોપાળાનંદ સ્વામીએ નાથભક્ત દ્વારા ચમત્કાર બતાવ્યો ...... ૧૧૦
૫૮. ગોપાળાનંદ સ્વામીએ મુસલમાન જંદનો કુટુંબે સહિત મોક્ષ કર્યો ... ૧૧૨
૫૯. ગોપાળાનંદ સ્વામીએ મંદિર પાસે રહેનારા યવનોને પ્રતાપ જણાવ્યો તથા પીપળાનાં ડાળા ઊંચા કર્યા .......................... ૧૧૪
૬૦. ગોપાળાનંદ સ્વામીએ બે ઋષિ બ્રાહ્મણની રક્ષા કરી અને નાસ્તિકની હવેલી ગણપતિએ તોડી પાડી ............................ ૧૧૭
૬૧. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી બાપુરાયજીની રક્ષા થઈ ..... ૧૧૯
૬૨. ગોપાળાનંદ સ્વામીની કૃપાથી થોડી રસોઈમાં આખું શહેર જમ્યું ... ૧૨૪
૬૩. ગોપાળાનંદ સ્વામીએ બે સ્વરૂપે દર્શન આપ્યા ને શ્રીહરિ સાથે બાપુભાઈને તેડવા પધાર્યા .................................. ૧૨૬
૬૪. ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિ સાથે એકતા ઉપર વાત કરી.... ૧૨૮
૬૫. ગોપાળાનંદ સ્વામીએ સમાધિનિષ્ઠ ભક્તોની શક્તિની વાત કરી .. ૧૩૦
૬૬. ગોપાળાનંદ સ્વામીએ સર્વસભાને સિદ્ધિઓ દેખાડી ........... ૧૩૧
૬૭. સ્વામીશ્રીના વચને વરસાદ થયો ......................... ૧૩૩

૬૮. પૂ. સ્વામીશ્રીએ સમાધિ કરાવીને વૈકુંઠમાંથી ઘરના ખતની ભાળ મેળવી આપી ........................................ ૧૩૪
૬૯. પૂ. સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને મૂર્તિ ધારવાની લટક શીખવી .... ૧૩૫
૭૦. રત્નાભક્તની કારણદેહની વાસના નાશ પામે તેવો ઉપાય પૂ. સ્વામીએ અક્ષરધામમાં બતાવ્યો ............................ ૧૩૫
૭૧. પૂ. સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને ધ્યાન કરવાની રીત કહી .... ૧૩૬
૭૨. પૂ. સ્વામીએ હિમરાજશાને સત્સંગ કરાવ્યો ................. ૧૩૮
૭૩. ધોળકા તથા વિહાર ગામમાં ગોપાળાનંદ સ્વામીએ દિવ્ય દર્શન આપ્યા અને મહારાજ સાથે તેડવા પધાર્યા.................. ૧૩૯
૭૪. કારિયાણીમાં સમૈયા પ્રસંગે પધારતા સ્વામીશ્રી ............... ૧૪૦
૭૫. પૂ. સ્વામીએ વાત કરી જે.... ............................ ૧૪૨
૭૬. ગોપાળાનંદ સ્વામીએ ખુશાલભાઈનો મોહ નિવારણ કર્યો........ ૧૪૨
૭૭. જૂનાગઢમાં પૂ. સ્વામીએ બ્રહ્મમુનિને અંતર્યામીપણે વાત કરી ..... ૧૪૩
૭૮. પૂ. સ્વામીએ સ્થિતિવાળા સંતો વિષે વાત કરી... ........... ૧૪૪
૭૯. પૂ. સ્વામીના સંકલ્પે.... ................................ ૧૪૫
૮૦. પૂ. સ્વામીના કહેવાથી દ્વેષ ન મૂક્યો તો જમ લઈ ગયા...... ૧૪૬
૮૧. ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર પૂ. સ્વામીએ કર્યો........ ૧૪૬
૮૨. પૂ. સ્વામીએ ભક્તોને દિવ્ય સાકરની પ્રસાદી આપી ......... ૧૪૬
૮૩. મોટા સંતના યોગે ........................................ ૧૪૭
૮૪. પૂ. સ્વામીની અજબ આત્મનિષ્ઠા ........................ ૧૪૭
૮૫. પૂ. સ્વામીશ્રી સો સ્વરૂપે હરિભક્તને તેડવા પધાર્યા .......... ૧૪૮
૮૬. લાખો સ્વરૂપે ગોપાળાનંદ સ્વામી તેડવા પધાર્યા.............. ૧૪૮
૮૭. મોટાના ઉપયોગમાં આવે તેનો મોક્ષ થાય છે ............... ૧૪૯
૮૮. પૂ. સ્વામીશ્રીએ અગતરાયમાં ઐશ્વર્ય બતાવ્યું ................ ૧૪૯
૮૯. અડસઠ તીરથ ચરણે કોટી ગયા કાશી !.................... ૧૫૦
૯૦. મોટાના યોગે ઝાડનું કલ્યાણ થયું ......................... ૧૫૧
૯૧. અગતરાયમાં પૂ. સ્વામીએ છ માસ કાળને પેસવા દીધો નહિ ..... ૧૫૨
૯૨. અમારે જે કામ કરવાનું હતું તે ગોપાળાનંદ સ્વામીએ કર્યું..... ૧૫૨
૯૩. પૂ. સ્વામીની કૃપાથી આત્મા અને મહારાજની મૂર્તિ દેખાવા માંડી . ૧૫૩

૯૪. શ્રીજીમહારાજનું રત્ન એટલે પૂ. સ્વામીશ્રી .................. ૧૫૩
૯૫. શ્રીહરિએ પોતાનું સર્વોપરીપણું જીવોને ઓળખાવવા માટે ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરી ........................................ ૧૫૪
૯૬. મહારાજ અને મુક્તને એકતા હોય છે ...................... ૧૫૬
૯૭. મોટા અનાદિ મુક્ત ક્યારેક મનુષ્ય ભાવ જણાવે ................ ૧૫૭
૯૮. ઉપલેટાના લાલાભાઈને તેડવા પૂ. સ્વામી મહારાજ સાથે પધાર્યા .. ૧૫૭
૯૯. ગઢડા ગોપાળાનંદ સ્વામીએ ઉપલેટાના લાલાભાઈને સમાધિ કરાવીને મહારાજના દર્શન કરાવ્યા ........................ ૧૫૮
૧૦૦. શ્રીજીમહારાજે લાલાભાઈને ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહ્યો .. ૧૫૯
૧૦૧. શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીની મોટાઈ કહી ............ ૧૫૯
૧૦૨. ગોપાળાનંદ સ્વામીએ હરજી ઠક્કરની રક્ષા કરી .............. ૧૬૦
૧૦૩. વડતાલમાં ગોપાળાનંદ સ્વામીએ વરસાદ વરસાવ્યો ........... ૧૬૧
૧૦૪. ગોપાળાનંદ સ્વામીના પત્રથી શ્રીહરિએ સર્વે દેશમાં વરસાદ કર્યો .. ૧૬૧
૧૦૫. ગોપાળાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સર્વેની મરકીથી રક્ષા ..... ૧૬૨
૧૦૬. ગોપાળાનંદ સ્વામીનાં દર્શને શેષજી આવ્યા.................. ૧૬૩
૧૦૭. ગોપાળાનંદ સ્વામીએ સંતોની વરસાદથી રક્ષા કરી ........... ૧૬૩
૧૦૮. પૂ. સ્વામીનું ન માનવાથી ભગવદાનંદ સ્વામીનાં પુસ્તક પલળ્યાં .. ૧૬૪
૧૦૯. પૂ. સ્વામીને કેદ કરવાની વાત કરનારો કેદખાનામાં.... ..... ૧૬૪
૧૧૦. ગોપાળાનંદ સ્વામીએ ભૂત ભગાડ્યું ....................... ૧૬૪
૧૧૧. સ્વપ્નામાં પગે લાકડું વાગ્યું ને પગ સાચે સૂણ્યો ............ ૧૬૫
૧૧૨. ગોપાળાનંદ સ્વામીના વચને ખેડાના સાકરલાલ સુખી થયા .... ૧૬૫
૧૧૩. ગોપાળાનંદ સ્વામીએ મૂંગાને બોલતો કર્યો .................. ૧૬૫
૧૧૪. મોટા સંતનો મહિમા - પ્રસાદીનો મહિમા ................... ૧૬૬
૧૧૫. જૂનાગઢમાં ગોપાળાનંદ સ્વામીએ નાગરોને સમાધિ બતાવી ... ૧૬૮
૧૧૬. ગોપાળાનંદ સ્વામીએ ગણોદના દરબારને મૂર્તિ આપી હતી તે હજુ તેની પૂજા કરે છે ........................................ ૧૬૮
૧૧૭. ગોપાળાનંદ સ્વામી ગણોદના જસા ખવાસને કહે જમ કેવા ? ..... ૧૬૯
૧૧૮. ગોપાળાનંદ સ્વામીએ પંચાણવા કાળમાં થાણાગાલોલના માવાભક્તની બાજરાની કોઠી અખૂટ કરી ................................ ૧૭૧

૧૧૯. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના ગુણોનું વર્ણન ............... ૧૭૧
૧૨૦. મેંગણીના માનસિંહ રાજાને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શન માત્રે સમાધિ થઈ ........................................ ૧૭૩
૧૨૧. ગોપાળાનંદ સ્વામીની સામર્થી................................ ૧૭૫
૧૨૨. ગોપાળાનંદ સ્વામીનો ગુણ ................................ ૧૭૬
૧૨૩. મહારાજ કહે ઘરડી ગાયને શૂરાતન ચડ્યું .................. ૧૭૬
૧૨૪. મહારાજે મુક્તાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીની મોટાઈ કરી ... ૧૭૭
૧૨૫. પૂ. સ્વામીએ શ્રીજીમહારાજની અનુવૃત્તિ સાચવી ............. ૧૭૮
૧૨૬. ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠાનું મુહૂર્ત ગોપાળાનંદ સ્વામીએ જોઈ આપ્યું ........................................ ૧૮૧
૧૨૭. મોટા હોય તે અરસ-પરસ એકબીજાનો મહિમા જાણે ......... ૧૮૨
૧૨૮. ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બેય સાત માસ સુધી ભેગા રહ્યા .............................................. ૧૮૨
૧૨૯. શ્રીહરિને જે કામ કરાવવું હતું તે કામ પૂ. સ્વામીએ હરિહર્યાનંદ પાસે કરાવ્યું ........................................... ૧૮૩
૧૩૦. મોટા સંતના જોગથી સ્વભાવ ટળે છે...................... ૧૮૪
૧૩૧. ગોપાળાનંદ સ્વામી સાથે હેત રાખવાની શ્રીહરિની ભલામણ .. ૧૮૫
૧૩૨. મોટાને સંગે ભગવાન સાંભરે છે .......................... ૧૮૬
૧૩૩. મોટાની દૃષ્ટિથી તત્કાળ સુખ મળે છે ..................... ૧૮૭
૧૩૪. ડાકોરના રણછોડજીએ કહ્યું મોક્ષ તો સ્વામિનારાયણ પાસે છે ! .... ૧૮૮
૧૩૫. શિવજી કહે મોક્ષ મારા હાથમાં નથી. મોક્ષ તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં છે માટે વડોદરા જા... .......................... ૧૮૮
૧૩૬. સદ્. ગોપાળાનંદ સ્વામીએ શ્રી રઘુવીરજી મહારાજનો મહિમા વધાર્યો ................................................ ૧૮૯
૧૩૭. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઝીંઝર ગામના ખોડાભાઈનું પ્રારબ્ધ બદલ્યું ................................................ ૧૯૦
૧૩૮. વચનસિદ્ધ પૂ. સ્વામીશ્રી .................................. ૧૯૦
૧૩૯. શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને સર્વેથી મોટા કહ્યા ને કહ્યું તે અમારી મરજી જાણે છે ........................................... ૧૯૨

૧૪૦. ગોપાળાનંદ સ્વામીએ મૂળજી બ્રહ્મચારીને સમજાવ્યા... ....... ૧૯૨
૧૪૧. કુંડલાના ચાંપો ખુમાણ કહે આ હાથ તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં આપેલો છે. તે વૈદ્યના હાથમાં ન હોય ! .......... ૧૯૪
૧૪૨. પૂ. સ્વામીના આશીર્વાદથી નાપા ગામના બારોટને બે પુત્ર થયા .. ૧૯૪
૧૪૩. મોટાની મશ્કરીનું પરિણામ પેઢી-દર-પેઢી નડ્યું ............. ૧૯૫
૧૪૪. શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામી પાસે ભક્ત ચિંતામણીમાં ગોપાળાનંદ સ્વામીનું પ્રકરણ દાખલ કરાવ્યું ........................... ૧૯૫
૧૪૫. પુરુષાનંદ સ્વામી કહે હા સ્વામી તમે કર્યું તે ઠીક કર્યું........ ૧૯૬
૧૪૬. બીડમાં અગ્નિ લાગેલો તેને સ્વામીએ વરસાદ કરીને ઓલવ્યો ..... ૧૯૭
૧૪૭. મંદિરનું દ્રવ્ય ઓળવવાથી દુઃખ આવે છે .................. ૧૯૭
૧૪૮. રાઘવજીભાઈ ઉપર પૂ. સ્વામીએ કૃપા કરી ................ ૧૯૮
૧૪૯. પૂ. સ્વામીની કૃપાથી ભાણાભાઈને ગોંડલનું રાજ્ય મળ્યું પણ તેઓ રાજ્યમાં બંધાઈ ગયા .................................. ૧૯૮
૧૫૦. બે સંતને જમાડવાથી દેવલોક અને વર્તમાન ધાર્યાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ ........................................ ૧૯૯
૧૫૧. પૂ. સ્વામીએ બોટાદમાં વરસાદને રોક્યો. સંતો જમી રહ્યા પછી બહુ વરસ્યો ........................................ ૨૦૦
૧૫૨. પૂ. સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને પૂજામાં અવાહન-વિસર્જન મંત્ર શીખવ્યા ..................................... ૨૦૧
૧૫૩. પૂ. સ્વામીએ કયા ઉદ્યમમાં પાપ વિશેષ રહ્યું છે તે બોટાદમાં સભામાં જણાવ્યું ........................................... ૨૦૨
૧૫૪. પૂ. સ્વામીએ ગરીબ વિશે સભામાં વિસ્તૃત વાત કરી ........ ૨૦૨
૧૫૫. પૂ. સ્વામીએ સેવાનો મહિમા બતાવ્યો ..................... ૨૦૩
૧૫૬. કરશનભાઈ વાણિયા સ્વામીની દૃષ્ટિમાં આવ્યા ને સ્વામીએ આશીર્વાદ આપ્યા ..................................... ૨૦૪
૧૫૭. સ્વામીના આશીર્વાદથી વ્યવહાર ચાલતો રહ્યો ને હિંમત હાર્યા નહિ ........ ૨૦૫
૧૫૮. પૂ. સ્વામીના આશીર્વાદ ફળ્યા અને કરશનભાઈનું નાતમાં તથા ગામમાં માન વધ્યું ...................................... ૨૦૫
૧૫૯. કરશનભાઈએ સંકટ સમયમાં પણ ટેક ન મૂકી ને રક્ષા થઈ ........ ૨૦૬

૧૬૦. પૂ. સ્વામીએ અમરા ખાચરની પૂર્વ અવતારની સ્મૃતિ કરી.... ૨૦૭
૧૬૧. પૂ. સ્વામીના વચને કલ્યાણ કંદોઈ એકાંતિક ભક્ત થયા ...... ૨૦૭
૧૬૨. પૂ. સ્વામીએ સાધુનો દેહ છોડાવ્યો ને બોલ્યા આને ત્રણ જન્મ લેવા પડશે ........................................ ૨૦૭
૧૬૩. મોટાનો સમાગમ તે જીવને બંધન તોડાવે તેવો છે ............ ૨૦૮
૧૬૪. સ્વામીશ્રીના ગાડા ઉપર વરસાદનું એક ફોરું પણ ન પડ્યું .... ૨૦૮
૧૬૫. પૂ. સ્વામીએ અહીંની અને અક્ષરધામની એકતા બતાવી ...... ૨૦૮
૧૬૬. શ્રીજીમહારાજ તથા સંતને જે અર્પણ કરે તે અક્ષરધામમાં પહોંચે છે. ૨૦૯
૧૬૭. પૂ. સ્વામીએ પોચા ભટ્ટ તથા ભાણજી વ્યાસને જમ દેખાડ્યા . ૨૧૦
૧૬૮. પૂ. સ્વામીએ વસતા ખાચરને કહ્યું જે હરિભક્તોના ઘરમાં સમૃદ્ધિ આવી હતી તે દશ દિગપાળની હતી... .................... ૨૧૦
૧૬૯. મોટા રાજી થાય તો પણ જીવને સંતોષ નથી... ............... ૨૧૧
૧૭૦. પૂ. સ્વામીએ ચંદ્રમંડળને ખેંચ્યું... ......................... ૨૧૧
૧૭૧. પૂ. સ્વામીએ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું અમારા હૈયા કોઈ તમારા જેવા પોચા નહીં... ......................................... ૨૧૨
૧૭૨. પૂ. સ્વામીએ સંતોને કહ્યું કે, આપણા પ્રારબ્ધમાં તો લોટ છે. જે કાંઈ મળે છે તે મહારાજના પ્રારબ્ધનું છે .......................... ૨૧૨
૧૭૩. પૂ. સ્વામીના વચને લગ્ન માટે ભાડે ગાડા મળ્યા ............ ૨૧૩
૧૭૪. નાથ ભક્તના અપરાધનું ફળ નારુપંતને મળ્યું ............... ૨૧૪
૧૭૫. પૂ. સ્વામીની કૃપાથી મહેરાલભાઉને ઊંઘ આવી ............. ૨૧૫
૧૭૬. નિષ્કુળાનંદ સ્વામી કહે મારા કુબા ઉપર તો પાંચ તોપો માંડી છે તે કૂબો રહેશે ખરો ? ...................................... ૨૧૫
૧૭૭. પૂ. સ્વામીએ શુદ્ધતા ઉપર વાત કરી ........................ ૨૧૭
૧૭૮. પૂ. સ્વામીના વચને માટલીમાં લોટ અખૂટ થયો ............. ૨૧૭
૧૭૯. જોળ ગામના મંદિરની રક્ષામાં પૂ. સ્વામીએ ભૂરિયા નાગને રાખ્યો ............................................... ૨૧૮
૧૮૦. ગોપાળાનંદ સ્વામી પાસે આપણું ન ચાલે ! બાવો બોલ્યો .... ૨૧૯
૧૮૧. ભાઈબંધનું વચન મનાણું પણ સ્વામીનું વચન ન મનાણું ...... ૨૨૦
૧૮૨. પૂ. સ્વામીનો યોગ તો સ્વભાવ સુધારે તેવો છે ............. ૨૨૧

૧૮૩. પૂ. સ્વામીએ ઘેલા નદીના સ્નાનનો મહિમા બતાવ્યો ......... ૨૨૧
૧૮૪. પૂ. સ્વામીશ્રીની કૃપાથી ઝમરાળાના પ્રાગજી દવે સુખી થયા ...... ૨૨૨
૧૮૫. પૂ. સ્વામીએ સૌને અનુકૂળ થાય તેમ સરળ કર્યું ............. ૨૨૨
૧૮૬. મોટાનું વચન છે તે ઔષધ છે ............................ ૨૨૩
૧૮૭. પૂ. સ્વામીએ ઝમરાળાના ગંગારામ દવેનું નામ બદલ્યું ....... ૨૨૩
૧૮૮. શ્રીજીમહારાજે બેય સંતના વચન રાખ્યા ..................... ૨૨૩
૧૮૯. પૂ. સ્વામી બોલ્યા જે ગોવિંદજી મહારાજ તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું. ........................................ ૨૨૪
૧૯૦. પૂ. સ્વામીએ શિવશંકરને કહ્યું તારા ભાઈને ત્યાં પુત્ર થશે એ તારી ચાકરી કરશે. ............................................ ૨૨૬
૧૯૧. પૂ. સ્વામીએ વાત કરી જે વાસનાના કારણે સંત દીકરો થઈને આવ્યા છે. ............................................ ૨૨૬
૧૯૨. મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે ............. ૨૨૭
૧૯૩. સ્વામી કહે આ તો ધૂંધળીમલ છે ! ....................... ૨૨૮
૧૯૪. મોટાની દયાથી જીવ નિર્દોષ થાય છે. ....................... ૨૨૮
૧૯૫. પૂ. સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરી ને અક્ષરાનંદ સ્વામીના મનમાં જે મોહ હતો તે સર્વે ટાળી નાખ્યો ........................... ૨૨૯
૧૯૬. મોટા હોય તે મોટાનો મહિમા સમજે ....................... ૨૩૧
૧૯૭. સ્વામી રાઠોડ ધાધલને કહે આ તો તમારો પૂર્વનો સાથી હતો તે છે. ............................................ ૨૩૨
૧૯૮. બોટાદના ભક્તજનોની પ્રાર્થનાથી પૂ. સ્વામીએ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા ..................................... ૨૩૩
૧૯૯. પૂ. સ્વામીએ દ્વેષી વૈદને ચમત્કાર બતાવીને આશ્રિત કર્યો. ... ૨૩૩
૨૦૦. પૂ. સ્વામીએ સુંદરિયાણાના વૈદ હિમરાજશાને ચમત્કાર બતાવી આશ્રિત કર્યા ........................................... ૨૩૪
૨૦૧. પૂ. સ્વામીએ મંદિરમાં વાત કરી જે એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા ને જાતો નહતો તે પરાણે તેડી ગયા ................ ૨૩૫
૨૦૨. રામજી ભગતના પૂછવાથી પૂ. સ્વામીએ તેમની મોટપ કહી ... ૨૩૫

૨૦૩. શ્રીજીમહારાજે દર્શન આપીને સ્વામીને કહ્યું કે તમે રામચંદ્રજીને કુરાજી કર્યા છે તેથી હાલ તમોને નહીં તેડી જોઈએ ! ............... ૨૩૬
૨૦૪. પૂ. સ્વામીએ કહ્યું જે હું જે કારણથી રહ્યો છું તે આગળ ખબર પડશે ........................................ ૨૩૬
૨૦૫. શ્રીજીમહારાજ વસતા ખાચરને કહે ગોપાળાનંદ સ્વામી તો બહુ જ મોટા છે ........................................ ૨૩૭
૨૦૬. આખા ગામના નરસીદવેનો સંકલ્પ પૂ. સ્વામીએ પૂરો કર્યો ....... ૨૩૭
૨૦૭. પૂ. સ્વામીએ નરસીદવેની પ્રાર્થનાથી વરસાદ કર્યો ........... ૨૩૮
૨૦૮. હેતરૂપી વાસનાથી બાપ દીકરાને ઘેર દીકરો થયો ............ ૨૩૮
૨૦૯. પૂ. સ્વામીએ ભરૂચમાં વરસાદ વરસાવ્યો .................. ૨૩૮
૨૧૦. પૂ. સ્વામીએ દાળિયા લઈને વાણિયાનું કલ્યાણ કર્યું ને અંતર્યામીપણે વરસાદ તથા મહારાજને સંત તેડવા આવ્યા તે વાત કરી...... ૨૩૯
૨૧૧. પૂ. સ્વામીએ સંતોને મહારાજ ફરી અહીં મોકલે તો ક્યાં જન્મ લેવો તે વિષે સંતોની સમજણ તથા પોતાની મરજીની વાત કરી .... ૨૪૦
૨૧૨. પૂ. સ્વામીને શ્રીજીમહારાજે મૂર્તિ ધારવાની રીત કહી ........ ૨૪૦
૨૧૩. પૂ. સ્વામીએ પેટલાદના કસિયાજીભાઈ પટેલ પાસે વડતાલ મંદિરનો દાણ માફ કરાવ્યો ........................................ ૨૪૧
૨૧૪. મોટા પુરુષને નારાજ કરવાનું પરિણામ કસિયાજીભાઈને તરત મળ્યું........................................ ૨૪૨
૨૧૫. પૂ. સ્વામીની સેવાથી સંત ઉપર કૃપા કરીને સંતના દોષ ટાળી નાખ્યા ........................................ ૨૪૩
૨૧૬. પૂ. સ્વામીએ એક બ્રહ્મજ્ઞાનીને કહ્યું કે બ્રહ્મ થાવું કઠણ છે.... ૨૪૪
૨૧૭. સારંગપુરના ભક્તો સ્વામીને લીધા વિના ગાડા જોડીને ચાલી નીસર્યા તેથી સ્વામી કુરાજી થયા ........................................ ૨૪૪
૨૧૮. પૂ. સ્વામીએ વાઘાખાચરની પ્રાર્થનાથી સારંગપુરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી ........................................ ૨૪૫
૨૧૯. મૂળી મંદિરમાં દેવની પ્રતિષ્ઠા કરવા બ્રહ્માનંદ સ્વામીએ ગઢપુર ગોપાળાનંદ સ્વામીને તેડવા સંતોને મોકલ્યા.................. ૨૪૭

૨૨૦. બ્રહ્માનંદ સ્વામી પોતે ગઢડાથી સ્વામીને તેડી લાવ્યા ને મૂળી મંદિરની પ્રતિષ્ઠામાં જય જયકાર કર્યો .......... ૨૪૭
૨૨૧. પૂ. સ્વામીના વચને મૂળીમાં દાડમનો બગીચો સુકાઈ ગયો .... ૨૪૮
૨૨૨. મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી એકબીજાનો મહિમા સમજતા .......... ૨૪૯
૨૨૩. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે બ્રહ્મચારીને જાણે ઝોળીમાં દીકરો હોય ને શું ? .......... ૨૪૯
૨૨૪. મહારાજે સ્વમુખે કહેલો ગોપાળાનંદ સ્વામીનો મહિમા ....... ૨૫૦
૨૨૫. ગઢપુર મંદિરમાં ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી રૂપે મૂળજી બ્રહ્મચારી સ્થાપ્યા .......... ૨૫૧
૨૨૬. પૂ. સ્વામીએ મહાપુરુષ સ્વામીને દર્શન દીધાં ને કહ્યું હું તમારા ઉપર રાજી છું. .......... ૨૫૧
૨૨૭. મહાપુરુષદાસજી સ્વામીને દિવ્યદર્શન સ્વામીએ આપ્યા ........ ૨૫૧
૨૨૮. પૂ. સ્વામીએ પ્રાણશંકર વિપ્રને ઢૂંઢિયા વાણિયા પાસેથી હજાર રૂપિયા અપાવ્યા .......... ૨૫૨
૨૨૯. અમદાવાદના રણછોડલાલ તથા હિંમતલાલ એ બંનેનો બ્રહ્મરાક્ષસનો દેહ પૂ. સ્વામીએ છોડાવ્યો ને બદ્રિકાશ્રમમાં મોકલ્યા ......... ૨૫૩
૨૩૦. ભગવાન અને સંતની સેવાથી ભૂંડા પ્રારબ્ધ હોય તો પણ સારા થાય .......... ૨૫૫
૨૩૧. કાંકરિયા સરોવરે શ્રીહરિએ ચોરાસી કરી પછી તે પ્રસાદીની જગ્યાએ પૂ. સ્વામીએ બાલસ્વરૂપ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી.......... ૨૫૬
૨૩૨. પૂ. સ્વામીએ શ્રીજીમહારાજે કરેલી ચર્ચાસભામાં સારો સુઝાવ આપ્યો .......... ૨૫૭
૨૩૪. પૂ. સ્વામી ઊનાના ગણેશ શેઠને કહે ‘‘મહારાજ તમારો શુભ સંકલ્પ જરૂર સિદ્ધ કરશે.’’.......... ૨૫૮
૨૩૫. પૂ. સ્વામીના સંગમાં રહેવાથી કરશનજી ભાટની વાસનાઓ જીવને છોડીને ગઈ .......... ૨૬૦
૨૩૬. મોટા પુરુષના હાથના સ્પર્શનો મહિમા સમઢિયાળાના અમરા ભક્તે જાણ્યો. .......... ૨૬૦

૨૩૭. પૂ. સ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી કાશીના પંડિતોને નડિયાદમાં શ્રીહરિના અવતારીપણાનાં તેર અસાધારણ લક્ષણો કહ્યા ...... ૨૬૨
૨૩૮. પૂ. સ્વામીએ વહેલાલથી સલકિ જતા ચાંચિયા વડમાં બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર કર્યો ........ ૨૬૫
૨૩૯. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું યોગદાન ........ ૨૬૬
૨૪૦. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-આચાર્યોમાં ........ ૨૭૦
૨૪૫. પૂ. સ્વામીએ આચાર્યપદની ગરિમા જાળવી ........ ૨૭૧
૨૪૬. પૂ. સ્વામીએ રઘુવીરજી મહારાજ પછી ગાદીના વારસ તરીકે ભગવત્ પ્રસાદજી મહારાજની પસંદગી કરી ........ ૨૭૨
૨૪૭. પૂ. સ્વામીએ રઘુવીરજી મહારાજને અદ્ભુતાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો ........ ૨૭૪
૨૪૮. પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની વિનંતીથી ગોપાળાનંદ સ્વામીએ બે સંતોને અમદાવાદ દેશમાં મોકલ્યા ........ ૨૭૬
૨૪૯. ગોપાળાનંદ સ્વામીનું યોગદાન - શાસ્ત્રોમાં ........ ૨૭૬
૨૫૦. પૂ. સ્વામીનું વચનામૃતમાં સ્થાન ........ ૨૭૮
૨૫૧. પૂ. સ્વામીએ પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને મળીને અમદાવાદ જેતલપુરના ૧૧ વિશેષ વચનામૃત ૨૬૨ વચનામૃતમાં સમાવ્યા ........ ૨૭૯
૨૫૨. ગોપાળાનંદ સ્વામીનું યોગદાન - ધાર્મિક ક્રિયાઓમાં........ ૨૮૧
૨૫૩. ત્યાગાશ્રમી માટે ધર્મ ........ ૨૮૨
૨૫૪. ત્યાગાશ્રમી માટે નિત્યવિધિ........ ૨૮૩
૨૫૫. પાંચ વખત કથાવાર્તા ગોડીનો નિયમ ........ ૨૮૩
૨૫૬. મહાપૂજા ........ ૨૮૪
૨૫૭. શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટકમ્ (ગુજરાતી અનુવાદ) ........ ૨૮૬
૨૫૮. સહજાનંદ સ્વામીનો મંત્ર ........ ૨૮૭
૨૫૯. ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-મંદિરોમાં........ ૨૮૮
૨૬૦. નરનારાયણદેવને મંદિરો ગમે છે ........ ૨૮૯
૨૬૧. વડતાલમાં સાધુની ધર્મશાળામાં સ્વામીનું આસન હતું તે ધર્મશાળામાં શ્રીહરિ બહુ વીચર્યા છે ........ ૨૯૨

૨૬૨. પૂ. સ્વામીએ વડોદરામાં શંકર ભગવાનની પ્રતિષ્ઠા કરી ......... ૨૯૨
૨૬૩. કલાલીમાં પૂ. સ્વામીએ લાલજીને પધરાવ્યા ................ ૨૯૩
૨૬૪. ઉમરેઠ ગામમાં પૂ. સ્વામીશ્રીનું યોગદાન .................... ૨૯૪
૨૬૫. ભૂરખિયા હનુમાનજીમાં ઐશ્વર્ય મૂક્યું ...................... ૨૯૬
૨૬૬. ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી ................. ૨૯૬
૨૬૭. અષાઢી તોલથી વર્ષનો વર્તારો જોવાય છે .................. ૨૯૯
૨૬૮. ખંભાતમાં જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ............ ૩૦૧
૨૬૯. ખંભાતમાં પૂ. સ્વામીએ બાળસ્વરૂપ હનુમાનજી પધરાવ્યા ..... ૩૦૨
૨૭૦. પૂ. સ્વામીના પ્રભાવથી ભાયાવદરમાં મંદિર થયું ............ ૩૦૨
૨૭૧. પૂ. સ્વામીએ ધોળકામાં બ્રહ્મરાક્ષસ અને તેના ત્રણસો શિષ્ય ભૂત થયા હતા તેનો ઉધ્ધાર કર્યો .............................. ૩૦૩
૨૭૨. ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-સંતોમાં ...................... ૩૦૫
૨૭૩. પ્રતિલોમ ધ્યાન કરી મૂર્તિમાં રસબસ થવાય................. ૩૦૬
૨૭૪. સદ્. મુક્તાનંદ સ્વામી ....................................... ૩૦૭
૨૭૫. નિષ્કુળાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર પૂ. સ્વામીએ આપ્યો . ૩૦૯
૨૭૬. બ્રહ્માનંદ સ્વામીની ખબરે મૂળીમાં પૂ. સ્વામીએ દશ સંતોને મોકલ્યા ............................................. ૩૦૯
૨૭૭. પૂ. સ્વામીએ નિત્યાનંદ સ્વામીને કથા કરવા બેસાર્યા ......... ૩૧૦
૨૭૮. પૂ. સ્વામીએ નિત્યાનંદ સ્વામીને અમદાવાદ શાસ્ત્રાર્થ કરવા મોકલ્યાને કહ્યું સ્વામી તમારી જીત થશે.................... ૩૧૧
૨૭૯. નિત્યાનંદ સ્વામી કહે સોનાના મંદિર થાશે પણ ગોપાળાનંદ જેવા સાધુ નહિ મળે........................................... ૩૧૧
૨૮૦. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી બોટાદ પધાર્યા અને જૈન મુનિ નેમિવિજયનો સમાધિ દ્વારા પરાજય કર્યો .................. ૩૧૨
૨૮૧. ગોપાળાનંદ સ્વામીએ ઉમરેઠમાં શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરી ............................................. ૩૧૪
૨૮૨. શ્રીજીમહારાજે મોટા સંતોને પૂછ્યું કે તમો અમોને કેવી રીતે ભજો છો ? ............................................. ૩૧૬

૨૮૩. પૂ. સ્વામીના વચનનો અનાદર કરનાર વડોદરાનો સોની સ્વપ્નમાં સોનું ચોરવાથી જીવતો નરકમાં પડ્યો ..................... ૩૧૭
૨૮૪. પૂ. સ્વામીની વચને લોધીકાના અભેસિંહનું પરિવર્તન ........ ૩૨૦
૨૮૫. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ ........................... ૩૨૧
૨૮૬. મોટા પુરુષના અવગુણનું ફળ.............................. ૩૨૨
૨૮૭. અક્ષરધામમાં મહારાજનું મટકું.............................. ૩૨૨
૨૮૮. કીડિયારાનું કલ્યાણ ........................................ ૩૨૨
૨૮૯. પર્વતભાઈએ માતરા ધાધલનો મોહ મટાડ્યો ................ ૩૨૩
૨૯૦. પર્વતભાઈ દ્વારા મોટા દેવોનો પણ મોક્ષ ................... ૩૨૪
૨૯૧. ગરીબ કઠિયારા ભક્તની સ્થિતિ અને મહાનતા ............. ૩૨૫
૨૯૨. ગોપાળાનંદસ્વામીના કહેવાથી ધામની સભાના દર્શન......... ૩૨૬
૨૯૩. ગોપાળાનંદસ્વામીએ ગ્રહણ અટકાવ્યું ...................... ૩૨૬
૨૯૪. વડોદરામાં ગોપાળાનંદસ્વામીએ ચંદ્રમંડળ ખેંચ્યું............... ૩૨૭
૨૯૫. ગોપાળાનંદસ્વામીએ પોતાનો પ્રતાપ કહ્યો.................... ૩૨૮
૨૯૬. ગોપાળાનંદસ્વામીનું ધ્યાન અને પ્રતાપ ..................... ૩૨૮
૨૯૭. બ્રાહ્મણની ઈર્ષ્યા અને ગોપાળાનંદસ્વામીનું નિર્માનીપણુ ....... ૩૨૮
૨૯૮. સ્વામી છ મહિના ૬૦ રૂપે થઈને ફર્યા !.................... ૩૨૯
૨૯૯. ગોપાળાનંદસ્વામીની સહન શક્તિ.......................... ૩૩૧
૩૦૦. પુરુષોત્તમનારાયણનો પ્રતાપ .............................. ૩૩૧
૩૦૧. ગોપાળાનંદસ્વામીએ સચ્ચિદાનંદસ્વામીને સમજાવ્યા........... ૩૩૧
૩૦૨. ગોપાળાનંદસ્વામી વગેરે સંતોએ દેવોનો ગર્વ ઉતાર્યો......... ૩૩૨
૩૦૩. આને સર્વોત્તમ સમજણ કહેવાય છે ........................ ૩૩૩
૩૦૪. અનાદિ મુક્તની મોટાઈ..................................... ૩૩૪
૩૦૫. હું તો ગોપાળાનંદસ્વામીનો સંકલ્પ છું ..................... ૩૩૫
૩૦૬. ગોપાળાનંદસ્વામીની સામર્થી................................ ૩૩૬
૩૦૭. ગોપાળાનંદસ્વામીએ કર્યુ તે ઠીક કર્યું હશે !................. ૩૩૬
૩૦૮. સમાધિમાં જીવની સ્થિતિ ................................... ૩૩૭
૩૦૯. અનાદિ મુક્તની સામર્થીની વિશેષતા ....................... ૩૩૭
૩૧૦. ચૈતન્યાનંદસ્વામીને ગોપાળાનંદસ્વામીનો મહિમા સમજાણો..... ૩૩૭

૩૧૧. મહારાજ હતા ત્યારે તેમનો મહિમા હતો કે અત્યારે છે ? ........ ૩૩૯
૩૧૨. મનની સુખ-શાંતિ સુષુપ્તિ વિષે રહે તેની વાત ............. ૩૩૯
૩૧૩. ગોપાળાનંદસ્વામીએ અગ્નિ શિતળ કર્યો ................... ૩૪૦
૩૧૪. શ્રીહરિએ પ્રેમાનંદસ્વામીને સત્ય સમજાવ્યું .................. ૩૪૦
૩૧૫. ગોપાળાનંદસ્વામીને સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવાનું કહ્યું ..... ૩૪૧
૩૧૬. લાલો પાળો ગોપાળાનંદસ્વામીના દ્રોહથી ભૂત થયો .......... ૩૪૨
૩૧૭. ગોપાળાનંદસ્વામીએ મહારાજના દિવ્ય સુખનો
અનુભવ કરાવ્યો ........................................ ૩૪૩
૩૧૮. અમારા મુક્તોને જમાડે તે ઠેઠ ધામમાં પહોંચે છે ............ ૩૪૬
૩૧૯. મુક્તો અને મહારાજનો દિવ્ય મહિમા ...................... ૩૪૭
૩૨૦. ગોપાળાનંદસ્વામીએ શાસ્ત્રીઓને બ્રહ્માંડ દેખાડ્યું.............. ૩૪૮
૩૨૧. ગોપાળાનંદસ્વામીએ આત્મબુદ્ધિની વાત કરી એ વાત ........ ૩૪૯
૩૨૨. કુશળકુંવરબાઈ તથા કડવા ભક્તની વાત તથા ગોપાળાનંદસ્વામીએ
એક સંતને ઉપવાસ કરવાની ના પાડી ..................... ૩૫૦
૩૨૪. મહારાજે અવતાર કહ્યા તે ક્યા સમજવા તે વાત ........... ૩૫૦
૩૨૫. વડોદરામાં ગોપાળાનંદ સ્વામીએ મંગળજીભાઈને
અધિકાર અપાવ્યો ........................................ ૩૫૧
૩૨૬. આ છોકરો તેની માને ધાવતો નથી ......................... ૩૫૨
૩૨૭. કસોટીમાં નાનુબાએ નિયમ ન છોડ્યા ...................... ૩૫૨
૩૨૮. “લ્યો આ કટાર !” ...................................... ૩૫૫
૩૨૯. સમર્થ છતાં સ્વામીશ્રીનો દાસત્વભાવ........................ ૩૫૬
૩૩૦. પૂ. સ્વામીશ્રી સત્સંગમાં મોટેરા થયા ....................... ૩૫૭
૩૩૧. પ્રબળ પ્રતાપ ............................................ ૩૫૭
૩૩૨. જુનાગઢના જોગી મહાપુરુષદાજીને શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીનો
સમાગમ કરવા કહ્યું ...................................... ૩૫૮
૩૩૩. ખંભાતમાં સ્વામીશ્રીના હાથે સાકર અખૂટ થઈ .............. ૩૬૧
૩૩૪. ગોપાળાનંદ સ્વામીએ અઘોરી બાવાનો કરેલો મોક્ષ........... ૩૬૩
૩૩૫. રામાનંદ સ્વામી ખુશાલભટ્ટને લઈને જેતલપુર આવ્યા ........ ૩૬૫
૩૨૬. ખુશાલ ભટ્ટે જેતલપુરમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો ................ ૩૬૬

૩૨૭. વાસુદેવ બ્રહ્મચારીને થયેલ સ્વપ્ન સત્ય થયું ................. ૩૬૮
૩૨૮. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ધામમાં જતા પહેલા શિવલાલ શેઠને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ભલામણ કરી ........ ૩૬૮
૩૨૯. પૂ. સ્વામીએ આલોકમાંથી સ્વતંત્રથકા વિદાય લીધી.......... ૩૬૯

## મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

૦૧. પ્રસ્તાવના ........................................ ૩૭૧
૦૨. અનાદિ અક્ષરમૂર્તિ સદ્ગુરુ ગોપાળાનંદસ્વામીનું ટૂંક જીવનવૃત્તાંત ........................................ ૩૮૧
૦૩. મૂલાક્ષરસ્વરૂપ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામિનઃ સ્તોત્રમ્......... ૩૯૬
૦૪. મંગળાચરણ ........................................ ૪૦૦
૦૫. અનાદિ અક્ષરસ્વરૂપ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો.
પ્રકરણ પહેલું
ભગવાનનો મહિમા સમજવાની રીત ...................... ૪૦૧
૦૬. પ્રકરણ બીજું.
ભગવાનનો નિશ્ચય સમજવાની રીત....................... ૪૯૦
૦૭. પ્રકરણ ત્રીજું........................................ ૫૩૫
ભગવાન તથા ભક્તને ઓળખવાની રીત
૦૮. શ્રી પુરુષોત્તમનારાયણ અવતારી જે સ્વયં મૂર્તિ તેનાં અસાધારણ લક્ષણ લખીએ છીએ. ..................... ૫૭૯
૦૯. શ્રી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય કહીએ છીએ. ...................................... ૫૮૧
૧૦. સાધુને પરસ્પર વાર્તા કર્યાની રીતનાં પ્રકરણ ................ ૫૮૩
૧૧. સત્સંગી હરિભક્ત હોય તેની આગળ વાત કરવાની રીતનાં પ્રકરણ. ............................................. ૫૮૫
૧૨. અર્થ સાથે............................................ ૫૮૬

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

"જેને શ્રી ભક્તિપુત્રે, નિજ જન બહુના, ઉપરી આપ કીધા.

બન્ને આચાર્ય કેરા, ઉપરી કરી વળી, હાથમાં હાથ દીધો.
જેના સદ્‌બોધ પામી, વટપુર પતિએ, સાર લીધો ધરીને.
ગોપાળાનંદસ્વામી, સકળગુણનિધિ, વંદુ પ્રેમે કરીને." ...૧
"જેના રોમસુછિદ્રમાં અણુંસમા, બ્રહ્માંડ કોટી કરે.
જે વ્યાપી જડ જીવ ઈશ્વરમાંહિ, રહે છે પ્રકાશી પણે.
જે નારાયણ મૂર્તિમાં મળી રહી, સાથે રહે નેમથી.
તે ગોપાળામુનિન્દ્રના ચરણમાં, નિત્યા નમું પ્રેમથી." ...૨
(શ્રીહરિલીલામૃત)

# શ્રીહરિના પ્રતિનિધિ

પરમકૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ ભરતખંડમાં પ્રગટ થયા ત્યારે અક્ષરધામમાંથી મુક્તોને સાથે લાવ્યા હતા. એમાંના કેટલાક અતિ સમર્થ સેવકોને શ્રીહરિએ પોતાને અનુકુળ ક્ષેત્ર બનાવવા માટે આગળથી જ ભારત ભૂમિમાં મોકલ્યા ને તેઓએ આવી મોક્ષક્ષેત્રને સમારી તૈયાર કરી રાખ્યું. પછી પોતાને પ્રગટ થવાનો સમય થયો ત્યારે પોતાના ખાસ મંત્રી તરીકે જે મહામુક્ત તેને શ્રીહરિએ પોતાની સાથે જ પ્રગટ થવા આજ્ઞા કરી, એટલે તેઓશ્રી સેવક ધર્મનો સ્વીકાર કરીને માત્ર બે માસ જ અગાઉ સંવત ૧૮૩૭માં પ્રગટ થયાને પાછળ પણ શ્રીહરિની આજ્ઞાનુસાર સંપ્રદાયનું બંધારણ મજબૂત થતાં સુધી ભારત ભૂમિમાં બાવીશ વર્ષ વધારે એટલે સંવત ૧૯૦૮ સુધી રહ્યા ને શ્રીજીના પ્રતિનિધિ તરીકે સંપ્રદાયનું બંધારણ તથા સ્થિતિ કરી એ પુરૂષ તે મૂળ અક્ષરમૂર્તિ કે અનાદિ મહામુક્ત સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રી અક્ષરધામના અધિપતિ સર્વાવતારી શ્રી પૂર્ણ પુરૂષોત્તમ નારાયણની ઈચ્છાથી વિક્રમ સંવત ૧૭૯૪ના અષાઢ સુદ એકાદશીને દિવસે સુર્યોદય પછી દોઢેક પહોરને સમયે શ્રી બદરિકાશ્રમમાં નરનારાયણ દેવ વગેરેને દૂર્વાસા ઋષિનો શાપ થયો. ત્યારે મહાઘોર કળિયુગમાં અધર્મનો ઉચ્છેદ કરી એકાંતિક ધર્મ સ્થાપન

કરવા દુનિયાના મધ્ય ભાગમાં આવેલ પરમ પવિત્ર અને આર્યભૂમિ તરીકે ઓળખાતા ભરતખંડમાં પોતે મનુષ્યરૂપે પ્રગટ થવા ઈચ્છા કરી. આ હક્કિત તેમના અનાદિ મુક્તોના જાણવામાં આવવાથી શ્રી પુરૂષોત્તમનારાયણ સાથે તેઓએ પણ ભારતભૂમિમાં અવતરવા ધાર્યું ને તેઓ વિક્રમ સંવત ૧૭૯૫થી આરંભીને શ્રી સહજાનંદ સૂર્યના અભ્યુદયકાળ સુધીમાં તે શ્રીહરિની સેવા માટે પોતપોતાની અનુકૂળતા મુજબ જુદે જુદે સ્થળે પ્રગટ થયા.

## અનાદિ મહામુક્તશ્રીનું પ્રાગટય

ઈડર દેશના ભીલોડા તાબે ટોરડા ગામમાં મોતીરામ નામના મધ્યંદિની શાખાના શુક્લ ચતુર્વેદી ઔદિચ્ય સહ્સ્ત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમનું ગોત્ર વચ્છસ હતું એ વચ્છસ ચ્યવન, આપ્નવાન ઔરવ અને જમદગ્નિ એ પાંચ પ્રવર હતાં. કુળદેવ વિઘ્નવિનાયક હતા. તેમની અટક ષટ્રપદી ઠાકર હતી. તેમના પત્નીનું નામ જીવીબા દેવી નામે મહા સતી હતા. તેમને વિષે વિક્રમ સંવત ૧૮૩૭ના મહા સુદી ૮ને સોમવારે મકર રાશીના સૂર્યોદયના શુભ મુર્હૂત સમયે એક પુત્ર અવતર્યો. પ્રાતઃકાળે સૂર્યોદય સાથે જ ઉધ્ધવ સંપ્રદાયના સૂર્ય સમાન એ પુરૂષનો આ ભારત ભૂમિના ભાગ્યોદય સાથે ઉદય થયો. આ વખતે કૃત્તિકા નક્ષત્ર, શુભયોગ, કૌલવ કરણ અને મકર લગ્ન હતું તથા સૂર્ય અને બુધ મકર રાશીમાં હતા, મંગળ અને ચંદ્ર મેષ રાશીમાં હતા, રાહુ મિથુન રાશીમાં, શનિ કર્ક રાશીમાં હતા. આવા સંપૂર્ણ શુભયોગમાં શ્રીજીના સેવક અનાદિમુક્તનું પ્રાગટય થયું.

બાળ ખુશાલ હવે સાત મહિનાના થવા આવ્યા હતા ત્યારે ભાદરવા વદી આઠમના દિવસથી દશેક દિવસ મુશળધાર વરસાદ વરસ્યો. આ જળ સંકટનો લાભ લઈ રાતના ભીલોએ મોતીરામ ઠાકરના ઘરમા ખાતર પાડી પછીતની બારી કાઢી, આ વખતે ઘરમાં એક પ્રચંડ અવાજ કોણ જાણે ક્યાંથી થયો અને સૌ જાગી ગયા. પડોશી ખાતરો સોની વગેરે પણ દોડતા આવી ગયા, જુએ છે તો ખુશાલના બાળ મુખમાંથી સૂરજના જેવું તેજ નીકળ્યું હતું. આ પ્રચંડ અવાજ અને તેજથી ભયભીત થઈ ભીલો નાસી ગયા.

ખુશાલ જ્યારે એક વર્ષના થયા ત્યારે એક દિવસ મહા સુદ પાંચમના રોજ એમનું ઘોડિયું ઉગમણી દિશામાં રાખ્યું હતું અને એનાથી દશેક ફૂટ દૂર એક કપિલા ગાય બાંધી હતી. નાનકડા ખુશાલે પોતાનો નાનકડો હાથ દશ ફૂટ દૂર

ઊભેલી ગાય માતા પર વ્હાલથી ફેરવ્યો ! અને તેજ વખતે આભ તૂટી પડવા જેવો કડાકો થયો અને સૂર્યનારાયણ ભગવાનનો રથ ખુશાલભટ્ટના પ્રાંગણમાં ઊતર્યો. અતિશય ગરમી અને અસહ્ય તાપ ચારે બાજુ લાગવાથી ગામના ઠાકોર પહાડસિંહજી સહિત ગામ લોકો બચાવ માટે રાધાકૃષ્ણ મંદિરમાં સ્તુતિ કરવા લાગ્યા. ત્યાં તો ભેગી થયેલ મેદનીએ કપિલા ગાયને સૂર્યનારાયણના રથમાં બેસીને જતાં જોઈ. જેમ જેમ રથ દૂર જતો ગયો તેમ તેમ દાહ અને તેજપુંજ શાંત થતો ગયો, લોકોના જીવમાં જીવ આવ્યો. એવું લાગ્યું જાણે ખુશાલના દિવ્ય સ્પર્શથી કપિલા ગાયને સૂર્યલોકની પ્રાપ્તિ થઈ અને સૂર્યનારાયણે આ નિમિત્તે અનાદિમુક્ત બાળ સ્વરૂપનાં દર્શન કર્યાં.

## યજ્ઞોપવિત તથા વિદ્યાભ્યાસ

આ મુક્તના પ્રાગટય સમયે પૃથ્વીમાં સર્વ મનુષ્યને મોટો આનંદ ઉત્સવ થયો. આકાશમાં ઈંદ્રાદિક દેવતાઓએ અતિ હર્ષ પામી દુંદુભી વાજાં વગાડયા ને પુષ્પ વૃષ્ટિ કરી, પિતાએ પુત્રના યથાશાસ્ત્ર જાત કર્માદિ સંસ્કાર કરાવી, મકર રાશીમાં જન્મ થયો અને વળી સર્વ લોકોને દર્શન માત્રથી સુખી કરે એવો હોવાથી ખુશાલ નામ પાડયું. બાળચંદ્રની પેઠે વૃધ્ધિ પામતા અને બાળ અવસ્થામાંથીજ બાળકોને બ્રહ્મવિદ્યા શિખવતા એવા પુત્રને પિતાએ આઠમે વર્ષે વેદ વિધિથી ઉપવીત આપ્યું. ત્યારથીજ શેહેડાઇ ગામમાં જઇ વિદ્યાભ્યાસ કરવા માંડયો. અલ્પકાળમાં અંગે સહિત ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તથા ધર્મશાસ્ત્ર, સાંખ્ય શાસ્ત્ર, યોગ શાસ્ત્ર અને સર્વ ઉપનિષદો એ સર્વનું અધ્યયન કરી લઇ તેનું તત્વ સહિત સર્વ રહસ્ય જાણી લીધું. પૂર્વના મહાયોગી હોવાથી બાળ વર્ષમાં જ અષ્ટાંગ યોગના અભ્યાસથી સિધ્ધ દશાને પામ્યા અને નિરંતર અક્ષરાતીત પુરૂષોત્તમ ભગવાનના સ્વરૂપમાં પોતાની મનોવૃતિ રાખવા લાગ્યા.

## મહાયોગીનું લક્ષણ

એ મહાપુરૂષનું કૃષ અને ગૌર શરીર, શાંત અને તેજસ્વી નેત્રો, અણીદાર સુંદર નાસિકા, ભવ્ય વિશાળ ભાલ, ગોંઠણ સુધી હાથની લંબાઈ અને હાથ

પગમાંનાં ચિન્હો તે સઘળું જોનારને કોઈ મહાયોગીનું ભાન કરાવે તેવાં હતાં તથા બચપણથીજ તેમની લૌકિક ક્રિયામાં પણ અલૌકિકપણું ભાસતું હતું.

## ખુશાલે યજ્ઞોપવિત્ર સંસ્કાર વખતે ચમત્કાર સર્જ્યા

ખુશાલભાઈની દૈવી શક્તિઓ અને કુશાગ્રબુધ્ધિ જોઈને પિતાએ શાસ્ત્રના નિયમ પ્રમાણે ગર્ભના માસની ગણતરી કરી પાંચમું વર્ષ ગણી યજ્ઞોપવિત્ર સંસ્કાર કરવાનો શુભ નિશ્ચય કર્યો. વૈશાખ સુદી ૧૧ને દિવસે ગામ મુડેટીના ભોલાનાથ શુક્લ પાસે શોડષ સંસ્કારની યજ્ઞોપવિત આપવાની વિધિ શરૂ કરાવી. યજ્ઞોપવિત ધારણ કરતી વખતે શુક્લે સંકલ્પ કરાવ્યો કે "મંત્રાનુષ્ઠાન સિધ્યર્થે યજ્ઞોપવિતં ધારયામિ" આમ જયારે શુકલે કહ્યું ત્યારે ખુશાલભાઈ બોલ્યા, "ઘનશ્યામ પ્રભુ પ્રિત્યર્થે યજ્ઞોપવિતમ્ ધારયામિ" આ પ્રમાણે સંકલ્પ કર્યો. આ સંકલ્પ વખતે પિતા મોતીરામ તથા દનીરામ ઠાકર (કાકા) પાસે હતા. શુકલે પૂર્વે કહેલા સંકલ્પ ઉપર ટીકા કરી. ખુશાલભાઈએ તરતજ શુક્લ સામે ત્રાટક કર્યુ અને શુક્લને મૂર્છા આપી. યજ્ઞોપવિત્ર મંડપમાં સેંકડો માણસોની હાજરી હતી. તે વખતે યજ્ઞમંડપમાં હો હા થઈ. લોકોને વહેમ પડયો કે શુક્લ ઉપવિત સંસ્કાર આપતા આપતા મરણ પામ્યા. ખુશાલભાઈ એ કહ્યું કે "ઘોંઘાટ મૂકો. શુક્લજીએ મધ્યાહન સંધ્યા કરી નથી તેથી તેમણે પ્રાણાયામ કર્યા છે." બે ઘટિકા પછી સાવધાન થઈ શુક્લ બોલ્યા કે "ઓ હો ! મેં વૈદિક કર્મ આખી જીંદગી કર્યું પણ ખુશાલભાઈના ક્ષણિક સહવાસમાં બે ઘટિકાના અનુભવનો અનવધિ આનંદ મળ્યો. તેમણે કૈલાસમાં મહાદેવજીએ પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં. કૈલાસમાં મહાદેવજીએ પ્રત્યક્ષ આજ્ઞા કરી કે "એ સાક્ષાત્ ગોલોક વિહારી વિભૂતિને ઉપવિત સંસ્કારમાં તું શું ઉપદેશ કરે છે ? આ મારા શિર ઉપરનું બિલ્વપત્ર મારી આશિષ તરીકે ખુશાલભાઈના માથા ઉપર મૂકજે, અને ઉપવિત સંસ્કાર કર; તારૂ શ્રેય થશે." આ યજ્ઞોપવિત્રનાં મંડપમાં શુકલજીએ કૈલાસ દર્શન કરાવ્યાનો વૃતાંત સર્વે સમક્ષ કહ્યો અને શિવપ્રસાદનું બિલ્વપત્ર ખુશાલભાઈના મસ્તક ઉપર કંકુમનું પ્રણવ કરી મૂકયું. શિવજીની આજ્ઞા પ્રમાણે બે હાથ જોડીને શુક્લ વંદન કરતા હતા તે વખતે ખુશાલભાઈએ તેમના હાથ પકડી વંદન કરવાની ના પાડી, અને કહ્યું "તમે ઉપવિત સંસ્કારના મારા ગુરુ છો. આ રીત તમને ઘટે નહિ, ત્યારે શુક્લજીના ખુશાલભાઈએ હાથ પકડેલા હતા. શુક્લજીના

મુખથી હે પ્રણવ પ્રભુ'' બોલાયું ત્યારે ખુશાલભાઈ બોલ્યા કે એ તો ચૈત્ર સુદ ૯ને દિવસે અયોધ્યા પાસે છપૈયા ગામે પ્રગટયા છે, હું નહિ. ઉપવિત સંસ્કારમાં ગાયત્રી ઉપદેશ વખતે પાદસ્પર્શ તેમણે (શુક્લે) કરવા દીધો નહિ, અને કહ્યું કે આપને હું વ્યાવહારિક દૃષ્ટિએ ઉપદેશ કરું છું, પણ આપને ઉપદેશ કરવા હું અનધિકારી છુ.'' ત્યાર બાદ ખુશાલભાઈએ મહામાયાનું આહ્‌વાહન કર્યું. તેથી મંડપમાં સેંકડો માણસોને દૈવી આશ્ચર્ય અને ચમત્કાર થયો અને તેઓ ભાન ભૂલી ગયા. માત્ર શુક્લજીને અને મોતીરામને દૈવી ભાન ઝાંખુ ઝાંખુ રહ્યું. યજ્ઞોપવિત સંસ્કાર પૂરો કર્યો, વ્યવહારિક કામ પુરુ કર્યું ત્યાં સુધી શુક્લજીને છ દિવસ રાખ્યા ખુશાલભાઈએ પણ ઈશ્વરી ચમત્કારો બંધ કરી દીધા.

## ટોરડામાં ખુશાલે ઉજવ્યો શ્રીહરિનો પ્રાગટ્ય મહોત્સવ

સંવત ૧૮૪૧ના ચૈત્ર સુદ ૯ને દિવસે રાધાકૃષ્ણના મંદિરમાં રામનવમીનો ઉત્સવ હતો અને ઉપવાસનો દિવસ હતો. બીજે દિવસે દશમની સવારે શ્રી અચલેશ્વર મહાદેવ વ્રતવાળા સર્વે માણસો તીર્થ સ્નાન કરવા ગયા. આજે ઘનશ્યામ પ્રભુની પાંચમી વર્ષગાંઠ હતી એટલે ઘરના એકાંતનો લાભ લઈ તે વખતે પાંચ વર્ષના ખુશાલે આજુબાજુના બાળકો સાથે રમતો મૂકી છોકરાઓને ભેગા કર્યા અને ઘરની અંદર આવ્યા અને કહ્યું કે, ''આ મોટી કોઠી લીપેલી છે. તે આપણે ઉઘાડીએ, તેની અંદર એક ગોળનું મોટું માટલું (ભાચરો) છે તે આપણે કાઢીએ અત્યારે ખરો લાગ છે.'' બધાંને ઉદ્દેશીને કુબેર સોનીને કહ્યું કે ''અલ્યા કુબા આ કોઠીમાંથી ગોળ કાઢીશું ?'' ત્યારે કુબેર સોનીએ કહ્યું કે ''આ કોઠી તો મોટા માણસના ચાર પાંચ હાથ ઊંચી છે મોટા માણસથી પણ માટલું કઢાય તેમ નથી. ત્યારે ખુશાલે કહ્યું કે ''તમો બહાર જઈને જુઓ કે મારી બા આવે છે ?'' ત્યારબાદ ખુશાલે સ્વરૂપ વધારી હાથ લાંબો કરી કોઠીમાંથી ગોળનું ભરેલું માટલું કાઢયું. એ કુબેરે જોયું. ''અલ્યા ખુશાલ, તેં તો ભૂતની માફક લાંબો હાથ વધારીને માટલું કાઢયું !'' એમ કુબેરે કહ્યું. એટલે ખુશાલે કુબેરના ખભે હાથ મૂકયો અને કુબેર બધો વિચાર ભૂલી ગયો. માટલામાં પાકો મણ ગોળ હતો. તે ગોળ પછેડીમાં બાંધી બધા છોકરાઓ સાથે ઉંચકાવી મંદિરમાં લઈ ગયા અને ખાલી માટલું કોઠીમાં મૂકી દીધું અને કોઠી બંધ કરી મંદિરમાં છોકરાઓને ગોળનો પ્રસાદ વહેંચી દીધો. પછી ધૂન કરાવી કે

"હરિપ્રસાદ ઘેર આનંદ ભયો, જય ઘનશ્યામ મહારાજ કી." આમ બધા છોકરાઓ પાસે નચાવી કુદાવીને ધૂન કરાવી અને કહ્યું કે "અમોને જે કોલ આપ્યો હતો તે ઘનશ્યામ મહારાજનો જન્મ થયો છે." મંદિરમાં "જય જય" બોલી આખું મંદિર ગજાવી મૂક્યું. એટલામાં અચલેશ્વર મહાદેવથી સર્વે લોકો મંદિરમાં દર્શન કરવા આવી પહોંચ્યા. તરતજ જીવીબાને કુબેર સોનીએ ચાડી ખાધી અને કહ્યું કે "જીવીબા, ખુશાલે મોટી કોઠી ઉઘાડીને આ બધા ગામના છોકરાઓને ગોળ વહેંચી દીધો છે." જીવીબાએ ખુશાલને પકડયો, એટલે ખુશાલ બોલ્યો કે "એ તો કુબેર ખોટું બોલે છે. અમારે રમતાં રમતાં કજીયો થયો છે એટલે માર ખવડાવવા આમ ખોટું બોલે છે. આવડી મોટી કોઠીમાંથી અમો ગોળ શી રીતે કાઢી શકીએ ?" આ વાત મા એ ખરી માની, કારણકે છોકરાએ કજીયામાં ખોટું બોલે એમ માની ખુશાલને જીવીબાએ છોડી દીધા અને ઘેર આવી કોઠીમાં તેમણે જોયું તો ગોળનું માટલું ભરેલું દીઠું અને કહ્યું "તમારે ભેગું રમવું અને નિત્ય કજીયા કરવા એ સારૂં નહિ." ખુશાલે કહ્યું કે "જો બા, કુબો જુઠું બોલી પાપ કરે છે, તો હું એ જુઠા ભેગો નહિ રમું. પણ મા, અમો વાસુદેવ પ્રભુએ કાલે રાત્રીએ જન્મ લીધો," એમ ખુશાલે કહ્યું. તે સાંભળી જીવીબાએ કહ્યું કે "અલ્યા ગાંડા, એતો રામનો જન્મ થયો." (રામનવમી હતી તેથી) પછી ખુશાલે કહ્યું કે "એ જ રાતે છપૈયામાં ઘનશ્યામ પ્રભુનો જન્મ થયો." જીવીબાએ કહ્યું કે, "અલ્યા ભાઈ, અયોધ્યામાં એમ ઠીક હશે." પછી ખુશાલે કહ્યું કે "અયોધ્યા પાસે છપૈયામાં ઘનશ્યામ પ્રભુનો જન્મ થયો." (આ કોઠી ટોરડા સ્વામીના ઘરમાં મોજુદ છે.)

## ખુશાલ ભટ્ટના પારણા ઉપર સર્પની છત્રછાયા

એક દિવસે માતા જીવીબા સવારમાં પાણી ભરવા ગયા હતાં. તે વખતે ઘોડિયું આંગણામાં મૂકી ઘોડિયામાં ખુશાલને સુવડાવીને પાસે સોની કુબેરને બેસાડીને પાણી ભરવા ગયાં. તે વખતે ઘોડિયાના ઉપરના આડા લાકડા (છોટીલા) ઉપર સાપે ચઢી ખુશાલના મુખ ઉપર ફેણ કરી છત્ર છાયા કરી આ જોઈ કુબેર ડરીને નાસી ગયો. જીવીબાએ પાછા આવી બૂમ પાડી તે વખતે ફળિયામાંથી માણસો ભેગા થયા, પણ તે વખતે સાપ અદૃશ્ય થઈ ગયો હતો. અને ખુશાલને ઘોડિયામાં હસતાં જમણાં પગનો અંગૂઠો ધાવતા

જોયા. આ વાત મોતીરામ ઠાકરને કહેવામાં આવી ત્યારે મોતીરામે કહ્યું કે "ખુશાલને સર્પ દંશ કરે નહિ."

## ખુશાલ ભટ્ટના મુખમાંથી તેજ નીકળ્યું

એકવાર ભાદરવા વદી ૮ના દિવસથી ૧૦ દિવસની વરસાદની ઝડી પડી હતી. એ દરમ્યાન સૂયર્ના દર્શન થયાં નહોતાં. એ દિવસોમાં રાતના ભિલોએ મોતીરામના ઘરમાં ખાતર પાડી. પછી તેની બારી કાઢી. પછી ભિલો ઘરમાં પ્રવેશ્યા. તે વખતે ઘરમાં એક મોટો પ્રચંડ અવાજ થયો, એટલે ઘરમાં બધા જાગી ગયા. એ અવાજ સાંભળી આડોશી પાડોશીના આવતાં પહેલાં ખાતરો સોની અને બીજા બે ત્રણ માણસો આવી ઘર ઉઘડાવી ઘરમાં આવ્યા. તો ખુશાલના મોઢામાંથી સૂરજના જેવું તેજ નીકળ્યું. આ ચમત્કાર જોઈ ચોરી કરવા આપેલા ભિલો નાસી ગયા આવેલા માણસોને પણ નવાઇ લાગી. મોતીરામ બોલ્યા કે "અચલેશ્વર મહાદેવમાં ગાયત્રી માતાએ જે સ્વપ્નમાં સૂચન કર્યું હતું તે આ ચમત્કારથી સત્ય કર્યું છે. આ તો તપસ્વીનો જન્મ થયો છે." પછી પાછા તરતજ પુત્રભાવ જાગૃત થવાથી ભાન ભૂલી ગયા ને પુત્રભાવ મોતીરામને આવ્યો.

## અદ્‌ભૂત ચમત્કાર

મહા સુદ - ૫ના રોજ ખુશાલનું ઘોડિયું ઉગમણી દિશાએ રાખેલું હતું. એથી છ હાથ (છ ફૂટ) છેટે એક કપિલા ગાય બાંધી હતી. ખુશાલભાઈએ ઘોડિયામાંથી હાથ લંબાવી તે ગાય ઉપર ફેરવ્યો. તે વખતે આભ તૂટી પડયા જેવો અવાજ થયો અને સૂર્યનારાયણનો રથ નીચે ઉતર્યો. ગામના લોકોએ જાણ્યું કે મહાપ્રલય થશે તેવા ભયથી ઘરબાર છોડી શ્રી રાધાકૃષ્ણના મંદિર (હાલનું સ્વામિનારાયણ મંદિર)માં આવી પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. ત્યાં ગામના જાગીરદાર પહાડસિંહજીની હાજરી હતી. અતિશય ગરમી અને તાપ થવાથી મુક્ત કંઠે લોકોએ સ્તુતિ કરી. સૂર્યનારાયણના રથમાં કપિલા ગાય બેસીને જતી મંદિરમાં એકઠા થયેલા ગામલોકો એ જોઈ. થોડી વારમાં જેમ રથ ઊંચે ચઢતો ગયો તેમ દાહ (ગરમી) શાંત થતો ગયો. એ વખતે ખુશાલ આંગણામાં ઘોડિયામાં હસતા રમતા હતા. ખુશાલ પોતાના ઘોડિયામાંથી બહાર નીકળી મિત્રો સાથે

મંદિર તરફ ગયા અને બધા જીવીબા સાથે ઘરે આવ્યા. (સૂર્યનારાયણનો રથ નીચે ટોરડામાં આવ્યો તેથી ગામ લોકોને ખૂબ ગરમી - તાપ લાગ્યો હતો)

## વિદ્યાભ્યાસ

ત્યારબાદ સાતમે દિવસે ખુશાલભાઈ વિદ્યાભ્યાસ કરવા શુક્લજીની સાથે મુડેટી મોકલ્યા. ત્યાં સંવત ૧૮૪૯ના મહાસુદી ૪ સુધી માધુકરી માગી વેદવેદાંત, વ્યાકરણ શાસ્ત્ર, ન્યાય મિમાંસા, તર્કશાસ્ત્ર ઇત્યાદિનો પૂર્ણ અભ્યાસ કર્યો આમ ૧૨ વર્ષ વિદ્યાભ્યાસ મુડેટી ગામે ખુશાલભાઈએ કર્યો પછી ગુરુ પાસે ઘેર જવાની આજ્ઞા માગી, સંવત ૧૮૪૯ના મહા સુદ પાંચમ (વસંતપંચમી)ને રોજ બપોરના તેઓ પોતાના વતનના ગામ ટોરડા આવ્યા. માતા પિતા વડીલોને વંદન કરી સ્નાન સંધ્યા વગેરે નિત્ય કર્મ કરીને જમ્યા બાદ વસંતોત્સવમાં શ્રી રાધાકૃષ્ણના મંદિરમાં તેઓ રાતના ગયા.

## વિદ્યાભ્યાસ કરતા શાળામાં ગૌરીશંકરને સમાધિ

સંવત ૧૮૫૬ના માગશર સુદ ૨ને દિવસે ખુશાલભાઈ ટોરડા લગભગ ૭ વર્ષ બાદ કાશી વિદ્યાભ્યાસ અને તીર્થયાત્રા કરીને પાછા આવ્યા. તેઓ સર્વે વડીલોને મળ્યા અને માતા પિતાની પ્રદક્ષિણા કરી તેમને સાષ્ટાંગ દંડવત કર્યા. તેમણે થોડા દિવસ આરામ લીધો. તે સમયે પિતાજી મોતીરામ શાળા ચલાવતા હતા. તેમાં ૬૦ વિદ્યાર્થીઓ હતા. તેમાં કેટલાક વ્યાકરણ, જ્યોતિષ અને કર્મકાંડનો અભ્યાસ કરતા હતા. ટોરડાના છોકરાઓ તેમાં ભણતા હતાં. ત્યાં છોકરાઓને નામાં, લેખા અને હિસાબી જ્ઞાન પણ તેઓ આપતાં હતા. તે સર્વે કામ ખુશાલભાઈએ પિતા પાસેથી સંભાળી લીધું. ત્યાં થોડો સમય વીત્યાબાદ મોતીરામથી જે વિદ્યાર્થીઓ બે ત્રણ વર્ષે તૈયાર થતા તે વિદ્યાર્થીઓને ખુશાલભાઈએ બે ત્રણ માસમાં તૈયાર કરી દીધા. ટોરડાના રાવલ ગૌરીશંકર વિષ્ણુદતને તેના ઘરમાં બારીમાં સમાધિ કરાવી ક્ષીરસાગર મોકલ્યા. ખાવાનો વખત થયો એટલે ગૌરીશંકરને બોલાવવામાં આવ્યા અને બારીમાંથી બોલાવ્યા, પણ તે બોલ્યા નહિ. સમાધિસ્થ ગૌરીશંકર રાવલને જોઇને તેમનાં સગાવહાલા અને તેમના મા બાપ આશ્ચર્ય સાથે કહેવા લાગ્યા કે "અમારો ગૌરી માંદો થયો છે, અને એકલા મડદા જેવો થઇ અવાક્ થઇ ગયો છે." આ આશ્ચર્ય જોવા

આખું ગામ અને ગામના લોકો દોડી આવ્યા. રાવલ ગૌરીશંકરને ઊંચા નીચા કરી જોયા, તોય તેમના નાડી પ્રાણ મળે નહી તે લોકોએ ખુશાલભાઈને આવીને કહ્યું કે "જુઓને ગૌરીને શું થયું છે ?"ત્યારે તેમના પિતાએ કહ્યું કે, "બારીમાંથી કંઇ કરડી હશે. આપણે સર્પ ઉતારનારને બોલાવીએ." એટલે ખુશાલભાઈએ કહ્યું કે, "ગરબડ મૂકી દો અને મને જોવા દો." એમ કહી ખુશાલભાઈએ કહ્યું કે "અલ્યા ગૌરી, કેમ ઊંઘી ગયો છે ?" હાથ પકડી ખુશાલભાઈએ તેને બેઠો કર્યો ત્યારે ગૌરીશંકરે રોવા માંડયું અને કહ્યું કે, "હે ગુરુ મને અહીં કેમ બોલાવ્યો ? મારુ સર્વસ્વ ચાલ્યું ગયું" હું ક્ષીરસાગરમાં શેષશાયી ભગવાનનાં દર્શન કરતો હતો. તે મારું સર્વસ્વ ગયું" તે બહુ પશ્ચાતાપ કરવા લાગ્યો. આ દ્રશ્ય જોઈ ત્યાં ભેગા થયેલા ગામના સર્વ લોકોને આશ્ચર્ય થયું. પછી ગૌરીશંકરે કહ્યું કે, આ મારો અંચળો (રુમાલ) ક્ષીરસાગરમાં ભીંજવેલ નીતરે છે તે એક વાસણમાં ઝીલીલો અને અહીં આવેલા બધાને પ્રસાદ આપો." એક વાસણમાં એ અંચળાને મૂકી નીચોવી દીધો. લગભગ દોઢ પાશેરથી અચ્છેર જેટલુ જળ નીકળ્યું. તે જળની એક આચમની આવેલા દરેક માણસને આપવામાં આવી. એ પ્રસાદ લેનારાઓને તથા ગૌરીશંકરને કેટલાએ દિવસો સુધી ટોરડાના પાણીનો અણગમો રહ્યો અને પ્રસાદ લેનારા પુરૂષો નિષ્પાપ થયા.

## ખુશાલ ભટ્ટે દશ માસ ઇડરમાં રહીને ઇડરને પ્રસાદીમય કર્યો અને કાળમાં હજારો લોકોની રક્ષા કરી

ખુશાલ ભટ્ટની દશ વર્ષની ઉંમર થઈ ત્યારે વિ. સં. ૧૮૪૭ના વર્ષમાં આ દેશમાં અતિ મોટો ભયંકર દુષ્કાળ પડયો. ઈડર અને તેના ફરતા ગામોના ઘણા લોકો ઘરબાર છોડી બૈરા છોકરા સાથે ઈડરના પહાડમાં જઈ રહીને વૃક્ષના પાન, ફળ, ફૂલ કે મુળ જે મળે તે ખાઇને દુઃખે દિવસ નિગર્મન કરવા લાગ્યા. ત્યાં ટોરડા ગામના બધા લોકો ગયા, તેમની સાથે ઠાકર મોતીરામ પણ પોતાના પરિવાર સહિત દશ માસ સુધી રહ્યા હતા. ત્યાં ખુશાલ ભટ્ટ પોતાના બરોબરીયા દશ બાર બાળકો સાથે રમવાના મિષથી તે ડુંગરમાં ફરતા હતા અને ડુંગરની કરાડયો અને ગુફાઓમાંથી મોટા મોટા કંદ શોધી લાવીને લોકોને ખાવા આપતા. તેમાંથી દાડમના જેવા બીજ નીકળતા તે અતિ મિષ્ટ અમૃત જેવા સ્વાદિષ્ટ લાગતાં. જે ખાવાથી પકવાન કરતાં પણ વિશેષ સંતોષ થતો. તેથી સર્વે લોકો ખુશાલ

ભટ્ટ સાથે તે ડુંગરમાં ફરવા લાગ્યા. તે સર્વે લોકોને ખુશાલ ભટ્ટે દેખાડી દીધું કે, અમુક અમુક ઠેકાણે કંદ છે પછી તે તે ઠેકાણેથી લોકોએ તે કંદ ખોદી કહાડવા માંડયા. તો અર્ધમણ અને મણ મણના મોટા હજારો કંદ નીકળવા માંડયા. અમૃત જેવા તે કંદના બીજ ખાઇને હજારો માણસોએ કાળના વર્ષમાં દશ માસ સુધી તે ડુંગરમાં નિર્વાહ કર્યો.

આમ આવી રીતે ભયંકર પડેલા કાળમાં ખુશાલ ભટ્ટે કંદ દેખાડી હજારો લોકોને જીવતદાન આપ્યું છે. ઉપરાંત તેમના ચરણથી ઇડર તથા આજુ બાજુના ગામો ખૂબ જ પ્રસાદીના થયા છે. જે શ્રીજીમહારાજે વચનામૃત જેતલપુર - ૪માં સંતનો મહિમા કહે છે કે, તમ જેવા ધર્મ - નિયમે યુક્ત એવા જે સંત તેની તો વાત જ નોખી છે. તમે જે જે નદી તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે. તો ઇડર પ્રદેશમાં આમ ખુશાલ ભટ્ટ ખૂબ વિચર્યા છે તથા શ્રીહરિ, પાંચસો પરમહંસ, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ચરણકમળથી મહિમા સભર મહાતીર્થ ધામ પ્રસાદીમય અને દર્શનિય થયો છે. (સ્વામિનારાયણચરિત્ર ચિંતામણી, પ્રકરણ-૨, અધ્યાય-૧)

## ખુશાલ ભટ્ટે બાળકોને સમાધિ કરાવીને અયોધ્યામાં બાલ સ્વરૂપ ઘનશ્યામના દર્શન કરાવ્યા

એક દિવસ ખુશાલ ભટ્ટ પોતાના બરોબરીયા દશ બાર બાળકોને સાથે લઇને તે ડુંગરને મથાળે રૂઠી રાણીનો મહેલ છે, તેથી થોડે છેટે એક અંધારી ગુફામાં તેડી જઇને આંખ્યો મીંચાવીને તરત અયોધ્યાપુરીમાં તેડી જઇને સરયુ નદીના જળમાંથી કહાડયા. તે તીર્થમાં સ્નાન કરાવી હનુમાનજીના દર્શન કરાવી, રામ મંદિરમાં તેડી જઇ ત્યાં રામ, લક્ષ્મણ, સીતાના દર્શન કરાવ્યાં, ત્યાં તે બાળકોએ તુલસી કૃત રામાયણની કથા સાંભળવા બેઠેલાં હજારો માણસોની સભામાં પોતાના બરોબરીયા બીજા દશ બાર બાળકોને કથા સાંભળતા દીઠા. કથા સમાપ્તિ થઈ રહ્યા પછી તે સભામાં એક દશ વર્ષના અદ્ભૂત બાળકને જોઇ અતિ વિસ્મય પામ્યા અને તેના સામું ઘણીવાર જોઈ રહ્યા. ખુશાલ ભટ્ટે તો દિવ્ય ભાષામાં તેમની સાથે ઘણીવાર વાતો કરી પછી પોતાની સાથેના બાળકો સહિત તે અદ્ભૂત બાળકના ચરણમાં મસ્તક મુકી નમસ્કાર કર્યા, કે તે જ વખતે સર્વે બાળકો અદ્ભૂત બાળકના ચરણના તેજમાં લીન

થઈ ગયા અને તરત ઈડરના પહાડની ગુફામાંથી નીકળ્યા ત્યારે તે બધા બાળકોના માબાપે પૂછયું કે અલ્યા છોકરાઓ તમે બધા ઘણીવારથી કઈ ગુફામાં ભરાઇ ગયા હતા ? અમે તો તમને ઘણીવારથી બધી ગુફાઓમાં ખોળી ખોળીને થાકયા. છોકરા બોલ્યા કે, અમને તો આ ખુશાલ ભટ્ટે પેલી ગુફામાં તેડી જઇ આંખ્યો મીંચાવીને અયોધ્યાપુરીમાં તેડી જઇ સરયુ નદીમાં સ્નાન કરાવી રામ, લક્ષ્મણ, સીતાના દર્શન કરાવ્યાં. અરે ત્યાં રામકથા સાંભળવા બેઠેલા અમારા જેવડા કેટલાક બાળકો મધ્યે એક મહા ચમત્કારી અને અતિ આશ્ચર્યરૂપ અદ્‌ભૂત બાળકના દર્શન કરાવ્યાં. તે તો નક્કી સાક્ષાત્ બાળ શ્રીકૃષ્ણ ભગવાન હતા. તેમની સાથે આ ખુશાલ ભટ્ટે મળીને જાણે બે મિત્ર હોય તેમ બે ઘડી એકાંતમાં બેસીને વાતો કરતા હતા. પછી ખુશાલ ભટ્ટ સુધાં અમે સર્વે તે બાળ શ્રીકૃષ્ણના ચરણમાં મસ્તક મૂકી નમસ્કાર કરવા લાગ્યા, કે તત્કાળ તે ચરણમાંથી મહાતેજનો અંબાર નીકળ્યો. આવા તે સર્વે છોકરાના વચન સાંભળી સર્વ અતિ આશ્ચર્ય પામ્યા. એ રીતે ઈડરના પહાડમાં દશ માસ રહી ખુશાલ ભટ્ટે અને ચરિત્ર વડે અપાર ઐશ્વર્ય જણાવી પછી ઘેર આવી યોગ અને સાંખ્ય એ બેયનું અનુકરણ કરતા ગૃહસ્થાશ્રમનાં ધર્મને આશરી સર્વ વ્યવહાર કરવા લાગ્યા, ત્યારે પણ શ્રીકૃષ્ણ (સ્વામિનારાયણ) ભગવાન સાથે એકલાપણાથી નિર્લેપ હતા.

## ટોરડામાં ગણપતિજીને શેર શેર ઘીના લાડવા જમાડયા

એક વખત ખુશાલ ભટ્ટે પોતાના માતાજી જીવીબાને કહ્યું કે આજ ભાદરવા સુદ ૪ છે તેથી હું ગણપતિ મહારાજની પૂજા કરીશ. તમે નૈવેધ સારું શેર શેર ઘીના દશ શેરના લાડુ કરજો. પણ જીવીબાએ તો લોભ વડે તેટલા ન કરતાં માત્ર સવાશેરનાં પાંચ લાડુ કરી થાળ પુર્યો. તે થાળ ખુશાલ ભટ્ટે મહાદેવના દેરામાં લઈ જઈને ગણપતિ આગળ મૂકયો. ગણપતિએ પોતાની સુંઢ વડે તેમાંથી બે લાડુ શંકર આગળ મૂક્યા. તે તો શંકર એકજ ગ્રાસ કરી જમી ગયા. પછી વળી સુંઢ વડે બીજા બે લાડુ પાર્વતીમાતા આગળ મૂક્યા. તે પાર્વતી પણ જમી ગયાં. પછી એક લાડુ સુંઢમાં લઈ નંદીશ્વરના મુખમાં ખોસ્યો. તે નંદીશ્વર પણ ગટક ઉતારી ગયા. ત્યારે ગણપતિએ પોતાના ઉપલા બે હાથ વડે તાળી વગાડી

હેઠલા બે હાથની પોશ ધરી પોતાને જમવાનું માગ્યું, તે હમણા લાવું છું. એમ કહી ખુશાલ ભટ્ટ ઘેર આવી પોતાના માતૃશ્રીને કહેવા લાગ્યા કે આપણી બેય ગાયોને માટે વાડામાં ઘાસ થઈ રહ્યું છે તે રાતે શું ખાશે ? તેથી તમે તથા ઉગરીબેન તથા કંકુબેન ત્રણે જણ જઈને વગડામાં લીલું ઘાસ ઘણું થયું છે તેના ભારા બાંધી લાવો. પછી તેમણે વાડામાં ઘાસ ન દીઠું તેથી ત્રણે જણ ઘાસ લેવા વગડે ગયા. ત્યાં સુધીમાં ખુશાલ ભટ્ટે પોતાના ઘરમાં ઘઉંનો લોટ દશ બાર શેર હતો તે કહાડીને પોતાના બે મિત્ર જે રામશંકર અને ધનભટ્ટ તેમને બોલાવીને ઘરમાં ઘીનો અધમણનો ગાડવો ભર્યો હતો. તથા ગોળ પણ ઘણો હતો તેમાંથી જોઈએ તેટલું લઈને ત્રણે જણે મળીને લાડુ બનાવી દીધા. પછી ગણપતિ આગળ લઈ જઇને થાળ ધર્યો તે જોઇ ગણપતિ ખડ ખડ હસ્યા. અને સુંઢમાં લાડુ લઇ ડબ ડબ મુખમાં મુકી ઝટપટ જમી ગયા. માત્ર પાંચ લાડુ પ્રસાદીના રહેવા દીધા. ખુશાલ ભટ્ટ ગણપતિને જળપાન કરાવી તે પ્રસાદ લઇ ઘેર આવ્યા. પછી માતૃશ્રી ઘાસના ભારા લઈ આવ્યાં. તેમના આગળ ભટ્ટે તથા તેમના મિત્રે બધી વાત કહી. આટલા બધા ઘી, ગોળના લાડવા કરી ગણપતિને જમાડી દે છે, તે આપણા ગરીબ ઘરને છાજે નહિં. ગણપતિને તો ગોળની કાંકરી નૈવેધ ધરાવીએ અને શંકરને આરે કરાવીએ. આપણે જવના રોટલા અને ચીલની ભાજી ખાઈને દહાડા કાઢીએ છીએ, ત્યારે દેહને તે દેવને.

## બાળકોને બ્રહ્મવિદ્યા ભણાવી

ખુશાલ ભટ્ટની પંદર વર્ષની વય થઈ ત્યારથી પોતાના પિતાની પેઠે પંડયા થઇ નિશાળમાં બાળકોને થોડા ઘણાં આંક અક્ષર શીખવતા. વિશેષપણે પ્રહલાદની પેઠે સર્વે બાળકોને નારાયણનું ભજન કરાવતાં. કેટલાંક બાળકોને સમાધિ કરાવી અક્ષર, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ઈત્યાદિ ભગવાનના ધામ દેખાડી ત્યાં રહેલા ભગવાનના દિવ્ય સ્વરૂપના દર્શન કરાવતા. બાળકો સમાધિમાંથી જાગી જે જે ધામમાં પોતે જેવા ભગવાનના દર્શન કર્યા હોય તથા ઐશ્વર્ય પ્રતાપ અને દિવ્ય સામગ્રીઓ જોઈ હોય તે સર્વે વાત હજારો મનુષ્યો આગળ કહેતા. ત્યાંથી લાવેલા પારિજાત આદિક દિવ્ય પુષ્પના હાર લોકોને આપતા તથા સાકર, પેંડા, પતાસા અને લીલાં લવિંગ, લીલાં એલચી તથા અનેક જાતના મેવાની પ્રસાદી તથા બદરિકાશ્રમના અતિ મિષ્ટ અને બીજ રહિત શ્રીફળ

જેવડાં મોટા બોર ઈત્યાદિક પ્રસાદી લાવીને લોકોને આપતા, તે જોઇ હજારો લોકો અતિઆશ્ચર્ય પામતા.

## ખુશાલ ભટ્ટે ચાર બાળકોને સમાધિ કરાવી

એક વખત ખુશાલ ભટ્ટે પોતાના ગામનાં બ્રાહ્મણના સાત આઠ વર્ષના ચાર છોકરાને સમાધિ કરાવી કૈલાસમાં મોકલ્યા. ત્યાં ચતુર્ભુજ દિવ્ય પાર્વતી શંકરના દર્શન કરી હાથ જોડી તે બાળકો બોલ્યા કે ઓ મહાદેવજી મહારાજ ! આ તમારી કોટ્યમાં મોટા મોટા કાળા નાગ વિંટાયા છે તે તમને કરડતા નથી. ત્યારે શંકર હસીને બોલ્યા કે અલ્યા છોકરા ! લ્યો એ તો તમને પણ નહીં કરડે, એમ કહી પોતાની કોટ્યમાંથી ચાર હાથ વડે ચાર નાગ કાઢી એ ચારે બાળકોની કોટ્યે વીંટયા અને કહ્યું કે હવે જાઓ તમારે ઘેર, પછી સમાધિમાંથી જાગ્યા ત્યારે ચારે બાળકોની કોટ્યમાં મોટા મોટા કાળા નાગ જોઈ બધા લોકો અતિ ત્રાસ પામતા શોર બકોર કરી ચારે પાસ નાસવા લાગ્યા. પછી ખુશાલ ભટ્ટે તે છોકરાની કોટે વીંટાયેલા નાગ સહિત તેમને બધા ગામમાં ફેરવ્યા, પછી ભાગોળે મહાદેવનું દેરું હતું ત્યાં તેડી જઇને પગે લગાડયા કે તરત તે ચારે નાગ છોકરાઓની કોટેથી છુટીને મહાદેવના બાણને વીંટાઇ ગયા અને રાતમાં ત્યાંથી અદશ્ય થઈને કૈલાસમાં શંકર પાસે જતા રહ્યાં.

## ખુશાલ ભટ્ટના દેહમાંથી તેજોમય પ્રકાશ નીકળ્યો

એક વખત ખુશાલ ભટ્ટ ભગવાનનું ધ્યાન કરવા બેઠા હતા તે વખતે પોતાના શરીરમાંથી કોટાન કોટી સૂર્યનો પ્રકાશ નીકળ્યો તે તેજનો મહા પ્રકાશ પૃથ્વી અને આકાશમાં બધે છવાઈ ગયો, તેમાંથી બ્રહ્માંડ ફાટી જાય તેવા ત્રણ કડાકા થયા. તેથી સર્વ લોકોએ જાણ્યું કે આજ જરૂર બ્રહ્માંડનો પ્રલય થઈ જશે. એ કડાકા પચીસ ગાઉ સુધી સંભળાયા હતા અને તેજ પચીસ ગાઉ સુધી જણાવ્યું હતું. તેથી લોકો અતિ આશ્ચર્ય પામ્યા હતા.

## સાપાવાડામાં ખુશાલ ભટ્ટે નાગને પૂર્વ જન્મની સ્મૃતિ કરાવી

ખુશાલ ભટ્ટનું મોસાળ સુવેર (ઉમેદગઢ) હતું. તેથી તેઓ ટોરડેથી ઇડર થઇ સાપાવાડા થઇને સુવેર જતા. સાપાવાડા ગામ હિંમતનગરથી ઈડર જતાં

રસ્તામાં આવેલું છે. તે ઇડરથી ત્રણ માઇલ દૂર છે. તેને સાપાવાડો અથવા નાગભૂમિ કહે છે. ગામને ઝાંપે એક પુરાતન નિલકંઠ મહાદેવનું શિવાલય અને વાવ છે. ત્યાં પહેલા જુનું પીપળાનું ઝાડ હતું. ત્યાં એક મોટો સર્પ રહેતો હતો. ખુશાલ ભટ્ટ એક સમયે વાવ ઉપર સ્નાન કરી નિત્ય કર્મ કરતા હતા. તે વખતે એક મણીધર મોટો નાગ તેમની પાસે આવ્યો. ખુશાલ ભટ્ટે નાગને પૂર્વજન્મની સ્મૃતિ કરાવી. તે પૂર્વે બ્રાહ્મણ હતો છતાં તેની અવગતિ થઇ હતી. ભટ્ટે તેને હિંસા કરી જીવન ગુજારવાનું બંધ કરવાનું કહ્યું. ખુશાલ ભટ્ટે તેના ઉપર જળની અંજલી ભરી મંત્ર ભણી છાંટી. પછી તે નાગ બાજુના પહાડમાં ચાલ્યો ગયો. આ દૃશ્ય જોઇ ગામ લોકોને ખાત્રી થઈ કે ખુશાલ ભટ્ટ જરૂર ચમત્કારિક મોટા પુરૂષ હોવા જોઈએ. (સંસ્કૃત સાપ પાડ ઉપરથી સાપાવાડા, અપભ્રંશ પુસ્તક)

## સિધ્ધપુરમાં ખુશાલ ભટ્ટે બે બાળકોને બચાવ્યા તથા વટલી ગયેલા બ્રાહ્મણોને પુનઃ બ્રહ્મત્વ આપ્યું

એક વખત ખુશાલ ભટ્ટ પોતાના બ્રાહ્મણો સાથે સિધ્ધપુરની યાત્રા કરવા ગયા. ત્યાં સુરતથી ઘણા લોકોનો સંઘ પણ યાત્રા કરવા આવ્યો હતો. તે સર્વે તીર્થમાં સ્નાન કરવાં ગયેલા. ત્યાંથી મુકામ ઉપર આવતાં સંધ્યાકાળ વખતે તેમાંથી કોઈ બ્રાહ્મણના આઠ વર્ષના બે છોકરા ભૂલા પડી ગયા તે રસ્તામાં રડતા હતા. તેમને બે વહોરા મળ્યા. તેમણે કહ્યું કે છોકરા ! તમારા મા બાપ ખોળે છે. ત્યાં અમે તમને તેડી જઇએ, ચાલો અમારી સાથે એમ કહી થોડે છેટે રસ્તા ઉપર એક મશીદ હતી. તેમાં તેઓને મુસલમાન કરવા તેડી ગયા. ત્યાં બીજા પચાસને આસરે વહોરા નમાજ પઢવા આવ્યા હતા. તે સર્વે મળી પેલા બે છોકરાને મલીદો ખવરાવી વટાળવા સમજાવવા માંડયા. પણ તે છોકરા જનોઇ દીધેલા સમજણા હતા તેથી માન્યું નહીં. એવામાં તે છોકરાનાં માબાપ ખોળતાં અને બૂમો પાડતાં, સરસ્વતીમાં સ્નાન કરીને આવતા ખુશાલ ભટ્ટને મળ્યા. અને પોતાના છોકરા ભૂલા પડવાથી કયાંઇ જતા રહ્યા છે તે વાત કહી, ખુશાલ ભટ્ટે અંતરદષ્ટિ કરી વહોરાની અવળાઇ અને દુષ્ટતા દીઠી. પછી પાસે એક શંકરનું દેરું હતું, તેમાં જઇ બાણને પૂજા કરી કહ્યું કે પૂર્વે ત્રણસો વર્ષ ઉપર મુસલમાન બાદશાહ થયો હતો. તેણે અપાર બ્રાહ્મણો ને જબરાઇથી વટાળીને મુસલમાન કર્યા છે. આ શહેરમાં જેટલા લોટિયા વહોરા છે તે સર્વેના પૂર્વજો પ્રથમ બ્રાહ્મણ હતા, તેમાં

કોઈ ભટ્ટ, કોઈ શુક્લ, કોઈ પંડયા, કોઈ ત્રવાડી, કોઈ અધ્યારૂ એવી અટકો હતી. તે અટકો યદ્યપિ સુધી એ વહોરા લોકોમાં પ્રસિધ્ધ કહેવાય છે. તે વહોરા હમણાં પણ બ્રાહ્મણના છોકરાને વટાળી વહોરા કરવા મશીદમાં લઈ ગયા છે. અને તમે તો મહાસમર્થ છો પણ મુનિવ્રત ધારી બેઠા છો. પછી તે જ વખતે બાણમાંથી શંકર પ્રગટ થઈ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી હસતા હસતા ભટ્ટનો હાથ ઝાલી બોલ્યા કે, ચાલો આપણે એ વહોરા બ્રાહ્મણના છોકરાને વટાળી મુસલમાન કરે છે તેને છોડાવીએ, વહોરાને બ્રાહ્મણ કરીએ. એમ કહી ભટ્ટ તથા શંકર એ બે જણ તે મશીદ પાસે આવીને ઉભા કે તરત તે મશીદના કમાડ માંહીથી સાંકળ વાસી હતી તો પણ એની મેળે ઉઘડી ગયાં. ત્યાં તો બધા વહોરા છોકરાને મલીદો ખવડાવવા સમજાવતા હતા. તે એકદમ મૌન થઈ ગયા. પછી ભટ્ટે પેલા બે છોકરાને બહાર બોલાવીને કહ્યું, કે જાઓ પેલા તમારા મા-બાપ તમને ખોળે છે તેને મળો. પછી તે છોકરા પોતાના મા-બાપને મળી પોતાના સ્થાનકે ગયા અને ભટ્ટ તથા શંકરે તે બધાને કહ્યું કે બહાર આવો અને જુઓ આ બધા તમારા મા-બાપ તથા દાદા અને તેના દાદાના દાદા વગેરે તમારા પૂર્વજો કેવા સુખ ભોગવે છે ! એમ કહી તે સર્વે વહોરાને સમાધિ કરવા તત્કાળ જમપુરીમાં મોકલી દીધા. ત્યાં તેમનાં પૂર્વજો છ લાખ એંશી હજાર નરકના કુંડમાં પડેલા અતિ દારૂણ કષ્ટ ભોગવતા અને ચૌદ કોટિ મહા વિકરાળ જમના અસહ્ય માર વડે અપાર ચીસો પાડતા દીઠા. એ રીતે એક ઘડી સુધી બાપદાદાને અપાર વેદના પામતા જોયા પછી તે સર્વેને જગાડી સચેત કર્યા ત્યારે તે સર્વે વહોરાએ ભટ્ટને વિષ્ણુ રૂપે દીઠા અને સાથે વિપ્ર રૂપે હતા તેમને શંકર રૂપે દીઠા, તેથી પૃથ્વી ઉપર પડી અતિ દીન વાણીથી બોલ્યા કે મહારાજ ! હવે કૃપા કરી અમને સર્વેને બ્રાહ્મણ કરો. પછી અહંકારના દેવ રૂદ્ર છે, તેથી શંકરે તે બધા વહોરાનું અંતઃકરણ ફેરવી બ્રાહ્મણપણાનો અહં મમત્વ કરાવ્યો અને ત્યાંથી તરત વિષ્ણુ અને શંકર અંતરધ્યાન થઇ ગયા. પછી તો તે બધા વહોરાએ દાઢીઓ કાઢી નંખાવી માથે ચોટલીઓ રાખી અને જનોઈઓ પહેરી કોઈ સામવેદી, કોઈ યજુર્વેદી, કોઈ ઋગવેદી, કોઈ અથર્વેદી છીએ એમ બોલતા રામ રામ, કૃષ્ણ કૃષ્ણ, નારાયણ નારાયણ, શિવ શિવ એ રીતે રાત દિવસ અખંડ ભજન કરતા, પણ અધિકાર નહીં તેથી સંધ્યા પૂજા આદિ બ્રહ્મ કર્મ નહોતા કરતા, પણ શમ દમાદિ બ્રાહ્મણના ગુણ પ્રમાણે વર્તતા હતા. અને તે સર્વે વહોરા હિંદુ ધર્મને

વિષે અતિ નિષ્ઠાવાળા થયા. પોતાના ઘરબારના બૈરાં છોકરાનો તથા નાત્ય જાત્યનો ત્યાગ કરી સર્વે જણ સરસ્વતી નદીને કાંઠે એક ધર્મશાળા હતી તેમાં રહેતા, પણ મુસલમાનોને અડતા નહીં, અને તેમની સાથે બોલતા પણ નહીં. માત્ર બ્રાહ્મણના હાથનું જ જમતા. એ રીતે મુસલમાન વહોરાને પણ મહા દયાળુ ભટ્ટજીએ બ્રાહ્મણ કર્યા.

## ખુશાલ ભટ્ટની સામર્થી વાઘને રોટલા ખાતો કર્યો

એક વખત ઈડરના પહાડમાંથી એક જબરો વાઘ નીકળીને વગડામાં ફરતો ટોરડા ગામની ભાગોળે તળાવને કાંઠે શંકરના દેરા પાસે આવીને ઘુઘવવા લાગ્યો, તેના ત્રાસથી ગામના બધા લોકોએ ઘરમાં પેસી જઇ કમાડ વાસી દીધા. પણ તે ગામના બ્રાહ્મણનો દશ બાર વર્ષનો એક છોકરો તેની ઝપટમાં આવી ગયો તેને મારી નાંખ્યો અને વળી તે જ ઠેકાણે બે ગાયોને પણ મારી નાખી, તો પણ તે વાઘ સિંહનાદ કરતો ત્યાંથી જતો નહીં. બધા લોકો તો અતિ ભય પામી ઘરોમાં સંતાઇ પેઠા, પણ છોકરાનો બાપ તો રડતો અને પોક મુકતો પોતાના છોકરાનું મડદું લેવા મરણિયો થઇ તે વાઘ સામો ચાલ્યો. તે જોઇ મહા દયાળુ ખુશાલ ભટ્ટે તેને ત્યાં જવાની ના કહી. તેને પોતે જ તે મહા ભયાનક અને અતિ વિકરાળ વાઘ પાસે જઇને ઉભા અને તેના મોઢાં ઉપર જોરથી એક લપડાક મારી, તેથી તે વાઘ ચકરી ખાઇને પૃથ્વી ઉપર ચત્તોપાટ પડી ગયો. પછી જરા મૂર્છા વળી કે તરત ભટ્ટના સન્મુખ જોઇ પાંચ પ્રદક્ષિણા કરી માથું પૃથ્વી ઉપર મૂકી નમસ્કાર કરીને ચાલ્યો, કે તરત ભટ્ટે તેના કાનમાં કહ્યું કે અરે પાપી ! અહીં આવીને તે એક બ્રહ્મ હત્યા અને બે ગૌ હત્યા રૂપ મહાપાપ કર્યા. એ પાપથી તો હું તને મુકાવું છું. મેં તને લપડાક મારી તેથી તારા સર્વ પાપ નાશ થઇ ગયા, પણ હવેથી તું કોઇ મનુષ્યને તથા પશુ આદિક પ્રાણી માત્રને મારીશ નહીં,શાંત સ્વભાવે વર્તજે, વગડામાં ઝાડીમાં રહેજે અને ફળ ફૂલ જે મળે તેનો આહાર કરી ગુજરાન કરજે, કોઇ દિવસ તને વગડામાં ફળ ફૂલ ન મળે તો આ ગામમાં આવી લોકોની પાસે આળોટીને પેટ દેખાડજે. એટલે લોકો તને રાંધેલું અનાજ આપશે. તે ખાઈ લોકોને માથું નમાવી વગડામાં જતો રહેજે. એ રીતે ત્રણ વર્ષનું આયુષ્ય ભોગવી તું મરણ પામીશ. પછી તને ઘોડાનો જન્મ આવશે. તે જન્મમાં તને પ્રગટ ભગવાનના નિત્યે દર્શન થશે. તેથી તારો મોક્ષ થશે. એમ કહી તેને

છોડી દીધો. એટલે તે વાઘ મસ્તક નમાવી ઝાડીમાં ચાલ્યો ગયો. ત્યાં સાધુ વૃત્તિ રાખી ફળ ફૂલ મળે તો ખાતો, અને જો ન મળે તો ગામમાં આવતો. અને ઘેર ઘેર ફરી પેટ દેખાડી મોઢાં ભણી હાથ દેખાડતો, તેથી બધાં લોકો તેને પુષ્કળ સારૂં સારૂં ખાવાનું આપતા. મનુષ્યને તથા પશુને દિવસે તથા રાત્રે અથડાય તો પણ કોઈને એના કૂતરા જેટલો જરા પણ ડર લાગતો નહીં. ગામના છોકરા તો બધા એ વાઘને હળેલા તેથી એ આવે ત્યારે એના કાન ઝાલીને તાણે, છોકરા એની સાથે ગેલ કરતાં, બકરી કરતા પણ અતિશે ગરીબ થઈ ગયેલો તે વાઘ કોઈના સામું માથું ઉંચું કરતો નહીં. એ રીતે ત્રણ વર્ષ પુરાં થયા ત્યારે એ વાઘ જયાં ભટ્ટે કાન ઝાલી જ્ઞાન આપ્યું હતું તે ઠેકાણે આવી શંકર સન્મુખ મરણ પામ્યો. તે દિવસે બધા ગામના લોકોને તો પોતાનો પુત્ર મરી જાય તેવો શોક થયો હતો. હવે પેલી બે ગાયોને વાઘે મારી નાખી હતી તેના કાનમાં ભટ્ટે અષ્ટાક્ષર મંત્ર કહ્યો કે તરત તે ગાયો ઉઠી, પેલો બ્રાહ્મણનો છોકરો વાઘે મારેલો પડયો હતો તેને પણ ભટ્ટે એજ મંત્ર કાનમાં કહ્યો કે તરત જેમ ઉંઘમાંથી ઉઠે તેમ છોકરો સચેતન થઈ ઉઠયો. તેને ભટ્ટ પોતાની આંગળીએ વળગાડી નિશાળમાં ભણવા તેડી લાવ્યા. આવી રીતનું ખુશાલ ભટ્ટનું અતિ અદ્‌ભૂત ચરિત્ર જોઇ સર્વે લોકો અતિ વિસ્મય ચક્તિ થઇ ગયા અને ભટ્ટને સર્વ લોકો પરમેશ્વર માનવા લાગ્યા.

## જીવ પ્રાણી માત્ર ઉપર નિયામકપણું : બાળકો સમાધિનિષ્ઠ થયા

ખુશાલભાઈએ ઘેર રહીને પણ વિદ્યાદાનને નિમિત્તે અનેક બાળકો ને શ્રી પ્રગટ પ્રભુનું જ્ઞાન આપવા એક પાઠશાળા કરી હતી. તેમાં ભણવા આવનાર બાળકોને પોતે વિદ્યાભ્યાસ કરાવતા હતા તથા શ્રીહરિની કૃપાથી પોતાને સહજે જ યોગની સ્ફૂરણા થઇ હતી તે તેમાં પોતે સંપૂર્ણ નિપૂણતા મેળવી હતી તેથી તેનો પણ સાથે અભ્યાસ કરાવતા. તેથી તે પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ ખુશાલભાઈના અનુગ્રહથી સમાધિનિષ્ઠ થયા હતા. એ પ્રમાણે ખુશાલભાઈ ઘેર રહી પોતાના બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરી રહ્યા હતા તેવામાં મંત્રવિદ્યાથી પોતાને સિધ્ધ તરીકે ઓળખાવી લોકોને ઠગનાર એક બ્રહ્મચારી તે ગામમાં આવ્યો. તે પોતાની પાસે એક શાલીગ્રામ રાખતો ને જયાં પોતે જમવા જાય ત્યાં તે શાલીગ્રામ રાખીને પોતાને ઉતારે આવતો. પછી રાત્રિના સમયમાં પોતાના મંત્ર બળથી તે

શાલીગ્રામને પોતાની સમીપે ખેંચી લેતો હતો. એથી લોકો બહુ આશ્ચર્ય પામી તે બ્રહ્મચારીને મહાપ્રતાપી માનતા ને તેથી તે બહુ અભીમાની થઈ ગયો હતો જેથી કોઇ ભક્તને કે બ્રાહ્મણને પણ માન આપતો નહીં. એમના એ અભિમાનને ઉતારવા સારૂ એક દિવસ ખુશાલભાઈએ તે બ્રહ્મચારીને પોતાને ઘેર જમવા બોલાવ્યો ત્યારે તે જમીને પોતાના નિયમ પ્રમાણે શાલીગ્રામ ખુશાલભાઈને સોંપીને પાછો પોતાને ઉતારે ગયો. રાત્રે શાલીગ્રામ ખેંચી લેવા તેણે મંત્રનો પ્રયોગ કરવા માંડયો પણ ખુશાલભાઈના દિવ્ય પ્રભાવ આગળ તેના મંત્રનું બળ ચાલ્યું નહીં તેથી પોતાનું માન ખંડન થયું જાણી શાલીગ્રામને પડયા મૂકી તે વહેલો ઉઠી ત્યાંથી નાશી ગયો. એ પ્રમાણે તે બ્રહ્મચારીનો પરાભવ કરી ખુશાલભાઈએ જીવ પ્રાણી માત્ર ઉપર પોતાનું નિયામકપણું બતાવ્યું.

## ખુશાલ ભટ્ટે મુંગા બ્રાહ્મણ બાળકને વેદ બોલતો કર્યો

વળી એક વખત ઇડર પાસે બરોળી ગામમાં કોઇ ભિક્ષા કરનાર ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેને એક જ છોકરો જન્મથી મૂંગો હતો અને વળી બાળ અવસ્થામાંથી ત્રીજા માળની બારીએથી પડીગયો તેથી બે પગ ભાંગી જવાથી ઉભો થઇ શકતો નહીં અને એક ડગલું પણ ચાલવા સમર્થ નહોતો. તેથી પોતાના ઘરમાં એક ઠેકાણે પડી રહેતો. પંદર વર્ષનો થયો ત્યાં સુધી તો તેના બાપે ગામ પરગામ ફરી ભિક્ષા માગી લાવીને તેનું ભરણ પોષણ કરી ચાકરી કરી. પછી તેના પિતાનું મૃત્યું થયું અને બીજા કોઇ સગા સંબંધી નહીં, તેથી ખાવા પીવાનું તથા દેહ ક્રિયા કરવાનું ઘણું જ દુઃખ પડવા લાગ્યું. તેથી પડયો પડયો રડયા કરતો. કોઈ પાડોશીને દયા આવે તો ટાઢું - શીળું ખાવાનું અને પાણી આપી જતાં. એ રીતે બે વર્ષ સુધી તે છોકરે ઘણું દુઃખ ભોગવ્યું. પછી તે ગામનાં ત્રણ ચાર બ્રાહ્મણો મળી તેને ગાડામાં નાંખી ટોરડા ગામે ખુશાલ ભટ્ટ પાસે લાવ્યા. અને તેની બધી વ્યથા કહી. તે સાંભળી મહાદયાળુ ભટ્ટે કહ્યું કે આવ છોકરા મારો હાથ ઝાલી ઉભો થા જોઇએ ! પછી તે ઉભો થયો. તેના બે હાથ ઝાલી પોતાના ઘર સન્મુખ પીપળો અને તુલસી ક્યારો હતા તેની ધીમે ધીમે પ્રદક્ષિણા ફેરવવા લાગ્યા. એ રીતે ત્રણ ચાર પ્રદક્ષિણા ફેરવી પછી તેના હાથ છોડી દીધા તો છોકરો પોતાની મેળે ઝટઝટ ફરવા લાગ્યો. એમ તે છોકરો હસતો હસતો

બશે ત્રણશે પ્રદક્ષિણાઓ ઉતાવળો ફરી વળ્યો. તે જોઇ સર્વે લોકો તો અતિ વિસ્મય પામ્યા. પછી એ છોકરાને ભટ્ટે પાસે બેસાડીને કહ્યું કે છોકરા ! તું બોલ તું બોલ જોઇએ ! તો કહે અઉ, અઉ, વઊં વઊં ત્યારે એની સાથે આવેલા બ્રાહ્મણો બોલ્યા કે મહારાજ ! એ તો જન્મથી મૂંગો છે તે એવું બોલે છે, પછી ભટ્ટે કહ્યું કે છોકરા ! તું ધીમે ધીમે બોલ તું કેવો છે ? તો કહે કે હું ડીચ ઇંટોલખીયે ફરી પૂછયું, તારૂ ગોત્ર કીયું છે ? તો કહે માલે કોતલ નથી. ઉંટો ઘલમાં રઉચું, ફરી પૂછયું કે તારો વેદ કીયો છે ? તો કહે ઉંભેડ નહી જાણતો. પછી વળી પૂછયું કે તારી શાખા કઈ છે ? તો કહે માલાયે બઉએ છાકા કયા છે. ત્યારે ભટ્ટે કહ્યું કે આ છોકરો તો હૈયાનો પણ સૂનો કેવળ મૂઢ અને જડ જેવો છે, ત્યારે સાથે આવેલા બ્રાહ્મણો બોલ્યા કે મહારાજ ! એ જડને તો તમે ભટ્ટ કર્યો, અને પશુ જેવો હતો તેને માણસની ઓળમાં લાવ્યા છો. હવે બુધ્ધિ ઉઘડે ને તોતળાને અવ્યક્ત શબ્દ બોલતો કર્યો. તો ચોખ્ખા શબ્દો બોલતો થાય એવી કૃપા કરો. ભટ્ટ બોલ્યા કે એતો મનુષ્યની ઓળમાં તો શું પણ દેવની પંક્તિમાં ગણાશે. પછી પૂછયું કે છોકરા ! તારો યજુર્વેદ છે ખરૂં ? કહે હા મારા પરમેશ્વર તમે તો મને નવો જન્મ આપ્યો, ભટ્ટ કહે તું મારી સાથે ધીરે ધીરે યજુર્વેદ બોલ જોઇએ, એમ કહી ભટ્ટ તે વેદનો પ્રથમનો મંત્ર બોલવા માંડયો. પછી ભટ્ટે કહ્યું કે હવે તારી મેળે વેદ બોલી જા, ત્યારે તે શુધ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારથી યજુર્વેદ સંહિતાના ચાળીસે અધ્યાય મુખપાટ ભણી ગયો. પછી ભટ્ટે તે છોકરાને તથા સાથે આવેલ બ્રાહ્મણોને પોતાને ઘેર જમાડયા અને કહ્યું કે હવે તેને નિત્ય મિષ્ટાન્ન ભોજન તથા પુષ્કળ દક્ષિણાઓ મળશે એમ કહી તેમને વિદાય કર્યાં. તે છોકરાએ તથા બ્રાહ્મણોએ તો ભટ્ટને સાક્ષાત ભગવાન જાણી પ્રદક્ષિણાઓ કરી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી તે છોકરો બ્રાહ્મણો સાથે ઉતાવળે પગે ચાલતો પોતાને ગામ ગયો. ત્યાર પછી તો તે છોકરો ઇડર, અમદાવાદ વગેરે ઘણે ઠેકાણે ચાલીને જતો, ત્યાં સારાં ગૃહસ્થ બ્રાહ્મણોને ઘેર વેદ બોલતો. તેથી પુષ્કળ ભોજન અને દક્ષિણાઓ મળતી. પછી વૈદિક બ્રાહ્મણોને ત્યાં યજુર્વેદના ચાળીસે અધ્યાય સ્વર સહિત શુધ્ધ ઉચ્ચાર વડે મુખ પાઠ બોલી જવાથી વિદ્વાન બ્રાહ્મણોની સભામાં પણ એનું ઘણું સન્માન અને પ્રતિષ્ઠા થઈ. તેથી જયાં યજ્ઞ યાગાદિક થાય ત્યાં એને નિમંત્રણ થતું. અને એનું ગવરી શંકર ધનપાઠી નામ પ્રસિધ્ધ થયું. પછી તો એ સારા ઉત્તમ સત્સંગી થયા અને શ્રીહરિના દર્શન કરવા ઘણીવાર અમદાવાદ તથા

વડતાલ આવતા. અને સંવત ૧૮૭૮ના ફાગણ માસમાં શ્રીહરિએ પોતે અમદાવાદમાં પ્રથમ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ત્યાં વરુણીમાં એ ગવરી શંકર ધનપાઠી હતા. તેમને શ્રીહરિએ તે મંડપમાં બેઠેલા સર્વને કહ્યું હતું કે, મોટા પુરૂષ તો જડને ચૈતન્ય કરે અને પશુને દેવ કરે તે જુઓ આ બેઠા. ત્યારે ગવરી શંકર ઉઠી સાષ્ટાંગ નમસ્કાર કરી હાથ જોડી બોલ્યા કે હે મહા પ્રભો ! આ ગોપાળાનંદ સ્વામી પોતે પૂર્વાશ્રમમાં હતા ત્યારે હું આ દેહે જમપુરી જેવાં દુઃખ ભોગવતો હતો, તેમાંથી મને મુક્ત કર્યા છે અને તમારા ચરણકમળનો આશ્રિત કર્યો છે. માટે એમને હું ભગવાન જાણું છું અને એમના ભગવાન આપને સમજુ છું. તે સાંભળી શ્રીહરિ પોતે મંદ મંદ હસતા હતા. આવી રીતના ખુશાલ ભટ્ટના અપાર દિવ્ય ચરિત્ર જોઈ હજારો મનુષ્ય અતિ વિસ્મય પામતા.

## પરોપકારી ખુશાલ ભટ્ટ

એક વર્ષે તે ગામમાં વરસાદે બહુ તણાવ્યું તેથી દુષ્કાળના ભયથી લોકો ગભરાઈને ખુશાલભાઈ પાસે ગયાં ને વરસાદ વરસાવવા વિનંતી કરી. લોકોનું દુઃખ સાંભળીને ખુશાલભાઈના હૃદયમાં ઘણીજ દયા આવી. પછી પોતે પોતામાં અખંડ બિરાજી રહેલા પ્રભુની પ્રાર્થના કરી તેથી પૃથ્વી ઉપર બધેય સારો વરસાદ થયો, લોકો બહુ સુખી થયાં ને ખુશાલભાઈને મહાસમર્થ મોટા પુરૂષ તરીકે માનવા લાગ્યા. એવી રીતે સર્વાવતારી પુરૂષોત્તમ ભગવાન સાથે પોતાની એકતાથી ખુશાલભાઈ લોકોને અનેક ચમત્કારો બતાવતા હતા તેથી હજારો માણસો તેમને પરમેશ્વર માનીને માનતાઓ કરતા. આવી રીતે પોતાનો અલૌક્કિ પ્રતાપ જગતમાં વ્યાપી રહ્યો હતો તે ખુશાલભાઈ એ બધો પ્રતાપ પોતામાં પ્રગટ પ્રમાણ રહેલા પ્રભુનો જ માનતા ને ઐશ્વર્યનું લેશ પણ માન પોતામાં આવવા દેતા નહીં.

## ખુશાલ ભટ્ટે બ્રાહ્મણના બાળકની આગમાં રક્ષા કરી

એક વખત ટોરડા ગામમાં કોઈ બ્રાહ્મણના ઘરમાં વાડામાં ઘાસ ભરેલું હતું. તે એકા એક સળગી ઉઠયું, આથી સાથે ઘર પણ સળગ્યું. ઘરમાંથી બધાં માણસો બહાર નીકળી ગયાં. પણ તે બ્રાહ્મણનો એક પંદર વર્ષનો પરણેલો છોકરો હતો તેની ચારે બાજુ અગ્નિ ફરી વળવાથી બહાર નીકળી શકાયું નહી, તેથી તેણે બુમો પાડવા માંડી. થોડી વારે તે બુમો પાડતો રહી ગયો. આથી સર્વ લોકો તથા

તેના મા બાપે જાણ્યું કે છોકરો જરૂર અગ્નિમાં બળી ગયો હશે આ પ્રમાણે થવાથી તેનો બાપ છોકરાનું નામ લઈ પોકે પોકે રડતો હતો બાપની પોકો સાંભળી છોકરો નિશાળમાંથી દોડતો આવીને બોલ્યો કે મને બળતા ઘરમાંથી નીકળવાનું જડયું નહી તેથી ગભરાઈ જઈને મેં બહુ બુમો પાડી તેથી ખુશાલ ભટ્ટે નિશાળમાં બેઠાં બેઠાં પોતાનો હાથ આકાશમાં લાંબો કરી મને અધર ઉંચકી લઈ નિશાળમાં બેસાડી દીધો હતો. જુઓ ! હું જરાપણ દાઝયો નથી. આવું ભટ્ટનું સિધ્ધપણાનું ચરિત્ર જોઈ તે બ્રાહ્મણને તથા બીજા સર્વ લોકોને અતિ આશ્ચર્ય થયું.

## ખુશાલ ભટ્ટે સ્ત્રીના દેહમાંથી જીવને વડના વૃક્ષમાં મૂક્યો

ટોરડામાં એક બ્રાહ્મણને બે પત્ની હતી તેમાં ટોરડા નામની એક બ્રાહ્મણી તે તેની શોક્યે મહેંણું મારવાથી કૂવામાં પડી મરણ પામી તેને આત્મઘાતનું મહાપાપ લાગ્યું. તેથી મહા વિકરાળ જમના દૂતો તેને લેવા આવ્યા. તેમને જોઈ ખુશાલ ભટ્ટે કહ્યું કે તમે અહીંથી ચાલ્યા જાઓ. એ જીવને અમે લેવા નહી દઈએ. આમ કહી તે દૂતો ઉપર દર્ભની સળી ફેંકી તેથી તેઓ ચીસ પાડીને ત્યાંથી નાઠા. બનાવ એવો બન્યો કે દુતો ઉપર ફેંકેલી દર્ભની સળીની ઝપટ લાગવાથી ગામની ભાગોળે આવેલો ગંજાવર વડ મૂળમાંથી ઉખડી કડડડ શબ્દ કરતો ભાંગી પડયો. આ બનાવ જોઈ ગામના લોકો આશ્ચર્ય પામતા બોલ્યા કે, હવે ઉનાળામાં ગાયો, ભેંસોને બેસવાની છાયા ગઈ, તેથી બિચારા ઢોરને તડકે બેસવું પડશે. તેમજ ગામના સર્વ બ્રાહ્મણો સાંજે વડ નીચે બેસી વેદ શાસ્ત્રના પ્રશ્નોત્તર કરી આનંદ મેળવતા હતા, તે હવે વડ પડી જવાથી બેઠક થાય તેવું રમણીય સ્થાન બીજું નથી. આ વાર્તાલાપ સાંભળી ભટ્ટે તે સર્વે લોકોને કહ્યું કે, તમે સ્ત્રી પુરૂષો સર્વે મળી એ ભાંગી પડેલા વડના થડ, ડાળાં, પાંદડા ત્યાંથી ખેંચી જઈ વેગળાં નાખી આવો. પછી બધાં માણસો વળગ્યાંને એક જ રાતમાં બધા લાકડાં વેગળે નાખી આવ્યાં અને જે ઠેકાણે પ્રથમ એક વડ હતો તે ઠેકાણે ખુશાલ ભટ્ટે એક ડાળખું રોપ્યું અને તે ડાળખા વિષે પેલી કૂવામાં પડેલી સ્ત્રીનો જીવ યમદૂતોના હાથમાંથી છોડાવ્યો હતો તેને પ્રવેશ કરાવ્યો. ભટ્ટે ડાળખાને એકજ વખત પાણી રેડયું તેથી માત્ર ત્રણ રાત્રિમાંજ પ્રથમ હતું તેવું જ મોટું ગંજાવર વડનું વૃક્ષ થયું. આથી પશુ તથા મનુષ્યને છાયાનું સુખ પ્રથમ હતું તેવું જ થયું. તે વડ સાઠ વર્ષ સુધી

એવોને એવોજ લીલો રહ્યો. તે પછી સુકાઇ ગયો. એ રીતે બ્રાહ્મણીને આત્મઘાતનું મહાપાપ કે જે જમપુરીમાં હજારો વર્ષ સુધી મહા દુઃખ ભોગવીને જમના અપાર માર ખાતાં પણ છુટકો થાય નહીં એવું હતું, તે સ્રીના જીવને જડપણું જે વૃક્ષનો જન્મ તેને પમાડી થોડાક કાળમાં છુટકો કરી મોક્ષ પદને પામી ગઈ.

## મોટાનો અપરાધ કરે તે પોતાને જ ફળે છે

એક વખત એ ગામના એક બ્રાહ્મણે ખુશાલભાઈને કહ્યું કે ચાતુર્માસના ચાર મહિના વિષ્ણુ સહસ્ર નામ વડે શ્રી વિષ્ણુને તુલસી ચડાવવાનો મારો મનોરથ છે, પણ ગામમાં માત્ર ચાર પાંચ તુલસી કયારા છે. તેટલાંથી નિત્ય હજાર તુલસીદળ પુરાં થાય તેમ નથી, તો હું નામ મંત્ર વડે વિષ્ણુને અક્ષત (ચોખા) ચડાવું કે શી રીતે કરૂં ! કેમ કે આજે અષાઢ સુદી આઠમ છે. તેથી બે દિવસ પછી એકાદશી આવશે. તેના પ્રાતઃ કાળથી તુલસી ચડાવવાં જોઇએ, તે કંઇ મળી શકે તેમ નથી. ત્યારે ભટ્ટે કહ્યું કે, તમે શ્રધ્ધા સહિત ભગવાનની પૂજા કરવા મનોરથ કરો છો તો ચાલો, આ અમારા ઘરમાં તુલસીની સુકી માંજરો ગયા વર્ષની રાખી મૂકી છે., તે તમારા ઘરની પાસે ઘણી જગ્યા છે તેમાં વાવી આવીએ. એમ કહી તુલસીની માંજરોની છાબડી લઇ તે બ્રાહ્મણની સાથે તેના ઘર પાસે ગયા ત્યાં વિશાળ જગ્યા હતી તેને પાંચ સાત બ્રાહ્મણો પાસે ચાર ચાર આંગળ ખોદાવીને જમીન પોચી કરાવી તેમાં પુષ્કળ પાણી છંટકાવીને ભટ્ટે તેમાં તુલસીની માંજરો ચોળી બીજ વાવી દીધાં. પછી નેત્ર મીંચી તુલસીમાતાનું આવાહન કરી ઘેર આવ્યા. પછી તે જ રાતમાં તુલસી ઉગી નીકળી અને મનુષ્ય જેવડા ઉંચા મોટા મોટા છોડ થઈ ગયા. ડાળા પાંદડાનો ઘણો ફેલાવો થઇ સજ્જડ વૃંદાવન થઇ ગયું. સવારમાં તે વૃંદાવન જોઇને ગામના બધા બ્રાહ્મણો ઘણાજ હર્ષ ઘેલા થયા, અને પેલા બ્રાહ્મણની પેઠે બીજા પણ ઘણા બ્રાહ્મણોએ સહસ્ર નામથી ચાતુર્માસ સુધી તુલસી ચડાવવાનો નિયમ રાખ્યો. એ ગામમાં મુસલમાનના ચાર પાંચ ઘર હતા, તે લોકોએ બ્રાહ્મણોને કહ્યું કે તમે આ શાનાં ઝાડ લાવીને વાવી દીધાં, અમારો તળાવ તથા ભાગોળે જવાનો રસ્તો બંધ થઇ ગયો. હવે અમે કયાં થઇને જઇશું ? બ્રાહ્મણો બોલ્યા કે, મહાદેવના દહેરાની પાછળ રસ્તો છે ત્યાં થઇને અમે જઇશું, તેમ તમે સર્વે પણ તે રસ્તે થઇને જજો. તે કહે અમે ફરીને નહિ જઇએ, તમે એક

રાતમાં આટલા બધા શાના ઝાડ વાવી દીધાં ? બ્રાહ્મણોએ કહ્યું કે અમારે ઠાકોરજીની પૂજા કરવા માટે તુલસી માતાના છોડ ખુશાલ ભટ્ટે વાવ્યા છે, ત્યારે મુસલમાન બોલ્યા કે તમારી તુલસી માતાને અહીંથી ફાંસી નાખો નહિતો અમે ખેંચી નાંખશું. એવું સાંભળી સર્વે બ્રાહ્મણોએ હસતા હસતા જઇ એ વાત ભટ્ટને કહીં. ભટ્ટે તેમને નારાયણનું ભજન કરવા કહ્યું. મુસલમાનો પણ પોતાના ફળિયામાં ગયા અને ત્યાં વિચાર કરી રાત્રે બધા ભેગા થઈ લાકડીઓ તથા ડાંગો લઈને આવ્યા અને ક્રોધ કરી તુલસીના છોડને ઝટોઝટ ઝૂડવા માંડયા. અને મોટા મોટા છોડને તોડી પાડી, તથા ખેંચી ફાંસી નાખી મલકતા હરખાતા પોતાને ઘેર ગયા. ત્યાં જઇને જોયું તો પોતાના બૈરા છોકરાં સર્વે ઘરમાં સુતેલા હતાં, તે સર્વે બહાર ફળિયામાં આવી બે શુધ્ધ થઈ રડારોળ કરતાં પડયાં હતાં. તેમાં કોઇના પગ ભાંગી ગયેલા, કોઇની આંખો ફૂટી ગયેલી, એમ લોહી લુહાણ અને કચ્ચરઘાણ થયેલાં લોથપોથ થઇને પડેલા દીઠા. આ બનાવ જોઇને તેઓ કકળી ઉઠયા કે આ શું થઇ ગયું ! આ અમારા બૈરા છોકરાને મારી મારીને કોણે લોથ્યો વાળી દીધી. એ રીતે બોલતા બોલતા તે સર્વે પોત પોતના બૈરા છોકરા પાસે જઇ તેમના નામની પોક મૂકી રડારોળ કરવા માંડયા. ત્યારે તે સર્વે બૈરા મહા વેદનાથી રડતાં કકળતાં બોલ્યા કે, ઓ પાપીઓ ! તમે બધાઓ વળી લાકડીઓ તથા ડાંગો વગર વાંકે મારી મારી અમારા હાડકાં ભાંગી કચ્ચરઘાણ વાળી નાંખ્યા છે અને હવે માથે હાથ દઇ પોકો મુકી પાખંડ કરો છો ! મુઆ તમે તે અમારા સગા છો કે દુશમન છો ? આ અંધારી રાતમાં આ પાપીઓ ડાંગો મારી અમારા હાડકાં ભાંગી નાંખ્યા. એ રીતે તે બધા બૈરાં છોકરાઓ પરસ્પર એક બીજાના નામ દીધાં. તેથી તે પુરૂષો માંહોમાંહી બોલ્યા કે, અલ્યા તે મારી માને કેમ મારી ? બીજો બોલ્યો અલ્યા તે કેમ મારી બેનને મારી ? ત્રીજો કહે અલ્યા કેમ મારા છોકરાને માર્યો ? ચોથો કહે કેમ મારી બાયડીને મારી ? એમ બોલતાં એક બીજા ઉપર ક્રોધ કરી ડાંગો લાકડીઓ વડે માંહોમાંહી ઝુડા ઝુડ ચલાવી તેથી તે બધાના હાડકાં પણ કચ્ચરઘાણ થયાં અને મરણ તુલ્ય થઈ પડયા. મુસલમાનો એમ જાણતા હતા કે આપણે તુલસીમાતાને તોડી ફાંસી નાંખ્યા, પણ ખરી રીતે એ માર તો પોતાના જ બૈરા છોકરા ઉપર પડયો હતો અને તેથી તે બધાં કચ્ચરઘાણ થઈ પડયા હતાં, અને પોતે પણ માંહોમાંહી મારામારી કરી મરણ તુલ્ય થયા અને તુલસીમાતા તો

જેવા હતા તેવાજ પ્રફુલ્લિત હતાં. જેમ સૂર્ય સામે ધૂળ નાખે તો તે ધૂળ સૂર્ય ઉપર ન પડતાં નાંખનારની ઉપર જ પડે છે તેમ મોટાનો અપરાધ કરે તે પોતાને જ ફળે છે.

## ગૌ બ્રાહ્મણ પ્રતિ પાલક અને મહાન દયાળુ ખુશાલભટ્ટની કૃપાથી તથા અંબાશંકર જેવા પવિત્ર ભક્તના ગુણે કરીને તેમના પૂર્વજોની ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થયો

ઈડરમાં અંબાશંકર નામે એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરમાં ચોર પેસી ખાતર પાડી સાતસેં આઠસેં રૂપિયા રોકડા તથા સોનાનાં ઘરેણાં લઈ ગયા અને તે બધું વગડામાં લઈ જઈ એક બાવળના ઝાડ નીચે દાટયું. તે બ્રાહ્મણે તથા સરકારી સિપાઈઓએ ઘણી તપાસ કરી પણ પત્તો લાગ્યો નહી. ત્યારે બ્રાહ્મણો ખુશાલ ભટ્ટને પરમેશ્વર જાણેલા હોવાથી ટોરડા ગામે આવી ભટ્ટની અતિ નમ્રતાપૂર્વક સ્તુતિ કરી કહ્યું કે મહારાજ ! મારા ઘરમાંથી ચોર ખાતર પાડી રોકડ તથા ઘરેણાં મળી બે હજારનો માલ ચોરી ગયા છે. તેમાં મારા દેવના સિંહાસનમાંથી રૂપાનો દાબડો પણ પંચાયતન દેવ સહિત લઈ ગયા છે, તેથી હું મારા કુળ પરંપરાના વિષ્ણુ આદિ દેવની પૂજા નહિ કરવાથી આજ ચાર દિવસથી ઉપવાસ કરું છું. માટે કૃપા કરી મારું દુઃખ મટે તેમ કરો. દ્રવ્ય નહી જડે તો તેની મને ચિંતા નથી. પણ મારા ઠાકોરજી મળી આવે તો હું ન્યાલ થયો ; કારણકે મારો બાપ તો મહા નાસ્તિક અને બ્રહ્મકર્મ રહિત શૂદ્ર જેવો નીચ હતો, પણ મેં તો નાનપણમાં તમારા જેવા સત્પુરૂષના દર્શન કરી તેમની વાતો સાંભળી છે. તેથી આજે ચાલીસ વર્ષથી એવો નિયમ લીધો છે કે પંચાયતન દેવની પૂજા કરી વૈશ્વદેવ કર્યા પછી હર કોઈ અભ્યાગત બ્રાહ્મણને ખોળી લાવી તેને મિષ્ટાન્ન જમાડી પછી મારે ભોજન કરવું. આવો નિત્ય નિયમ હોવાથી બ્રાહ્મણને વિષ્ણુનું પૂજન થયા વિના શી રીતે જમાડું ? તેમજ નિત્ય નિયમ થયા વિના મારાથી તેમજ મારી પત્નીથી શી રીતે જમાય ? વળી હું મારે ઘેર ગાયનું પાલન કરૂં છું. તે પણ ઘાસનું તરણું ખાતી નથી, અને પાણી પણ પીતી નથી. એ રીતે ગાય માતા સહિત અમે સર્વે ચાર દિવસના ઉપવાસી છીએ. આવા તે મહાન ધર્મનિષ્ઠ બ્રાહ્મણના વચન સાંભળી જે ગૌ બ્રાહ્મણ પ્રતિપાલક અને

મહાન દયાળુ છે એવા ખુશાલ ભટ્ટ અંતર દૃષ્ટિ કરીને બોલ્યા કે હે વિપ્ર ! તમારૂ દ્રવ્ય તથા દેવનો ડબો ચોરીને બે ચોર જતા હતા તેમાં જેણે દેવનો ડબો લીધો હતો તેને માથે પર્વત જેટલો ભાર લાગવાથી તેણે તે ડબો તળાવને કાંઠે મૂકી દીધો અને તે આંધળો થઇ જવાથી અથડાતો કુટાતો એને ઘેર જઈ પડયો છે. હવે તળાવને કાંઠે જે ડબો મૂક્યો છે તેમાંના દેવની આજે ચાર દિવસથી દરરોજ તમારા પિતા સોમેશ્વર, કે મુઆ પછી નર્કમાં પડયા હતા પણ તમારા સત્કર્મ વડે સ્વર્ગવાસી થયા તે વિરાટ નારાયણ વિષ્ણુનો લોક છે ત્યાંથી આવીને ષોડશોપચાર વડે પૂજા તળાવને કાંઠે મુકેલા એ જ દેવની વેદમંત્ર વડે પૂજા કરતા પોતાના સન્મુખ ઉભા. પિતાએ પોતાના પુત્રને કહ્યું કે અંબાશંકર ! હું આપણા કુળ પરંપરાના પંચાયતન દેવ છે તેમની પૂજા કે નૈવેદ્ય કંઇ કરતો નહોતો. હું તેને બીજા પાષાણ જેવાજ માનતો અને એક મહા પાપી અને નીચ એવા જે નાસ્તિકો તેનો ઘણો સંગ થવાથી આપણા મોક્ષશાસ્ત્ર જે વેદ, શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્ ગીતા આદિ સર્વ ધર્મ ગ્રંથોને હું કલ્પિત સમજતો. તેથી તેમાં કહેલા વિધિ નિષેધ સર્વે ખોટા છે એમ જાણી હું પાકો નાસ્તિક થયો. દુરાચારી થવાથી પરિણામે અન્ન વસ્ત્ર વિના મહાકષ્ટ ભોગવવું પડયું અને મારી બાલ્ય અવસ્થામાં જ મારુ મૃત્યું થયું તે સમયે મહાક્રુર અને અતિ ભયાનક એવા યમદુતો આવી મને લોહ પાસથી બાંધી યમપુરીમાં ઘસડી ગયા. ધર્મ રાજાએ મને જોતાં જ અરે ! આ તો નાસ્તિક અને મહા પાપી છે. એમ કહી આ કલ્પ પૂરો થતાં સુધી મહા કષ્ટ દેવા અતિ ક્રુર યમદુતોને આજ્ઞા આપી. તેથી મેં યમપુરીના કષ્ટ અપાર વેદના ભોગવી પછી કેટલીક મુદતે ધર્મરાજાએ મને બોલાવી કહ્યું કે તારો પુત્ર જે અંબાશંકર છે તેને બાળ અવસ્થામાં ઉધ્ધવના અવતાર રૂપ શ્રી રામાનંદ સ્વામી પ્રગટ થયા છે. તેમના અમદાવાદમાં દર્શન કરી બે ઘડી જ તેમની સભામાં બેસી વાત સાંભળી છે તેથી તે મહા ધર્મનિષ્ઠ થયો છે. તે દેવ, બ્રાહ્મણ, સાધુ તથા સત્શાસ્ત્રને વિષે ઘણો આસ્તિક અને શ્રધ્ધા વાળો થયો છે તેના મહાપુણ્ય વડે તારો નરકથી ઉધ્ધાર થયો. માટે તું સ્વર્ગમાં જા. પછી હું ઇંદ્રલોકને પામ્યો. ત્યાર પછી ખુશાલ ભટ્ટ જયારે બ્રાહ્મણનો વેરો બંધ કરાવવા ઇડર આવ્યા હતા ત્યારે તેમનો પ્રતાપ જોઇને ભટ્ટને પરમેશ્વર જેવા જાણ્યા છે. ત્યારથી હું સ્વર્ગમાંથી વિષ્ણુ લોકને પામ્યો છું તારી દેવ ભક્તિની ટેક જોઈ હું વિષ્ણુની પ્રેરણાથી આ આપણા પંચાયતન દેવની ચાર દિવસથી નિત્યે પૂજા કરી જાઉં છું. માટે હે પુત્ર !

તે પરમેશ્વર જેવા બે સત્પુરૂષના યોગ વડે આસ્તિકપણે દેવ ભક્તિ કરી તેથી મારો નરકમાંથી ઉધ્ધાર થયો છે. તેમજ મેં દેવ, સાધુ, બ્રાહ્મણ, સતિ અને વેદ એ સર્વેની નાસ્તિકપણાથી નિંદા કરી હતી અને તે પાપ વડે ઈકોતેર પેઢીના આપણા પૂર્વજોને નરકમાં નાંખ્યા હતા. તે સર્વેનો પણ તારા થકી ઉધ્ધાર થયો છે. તને ધન્ય છે ! હવે આ જગતમાં તારા જેવા સુપુત્ર થવા દુર્લભ છે. એમ કહી દેવનો ડબો આપી પુત્રને આશિષ આપી વિષ્ણુ લોકમાં ગયા. પછી અંબાશંકર સમાધિમાં થયેલી બધી વાત ભટ્ટને કહી તેથી ત્યાં બેઠેલા બીજા સર્વેને અતિ આશ્ચર્ય થયું. પછી ખુશાલ ભટ્ટે પોતાની ગાય વાડામાંથી છોડી અને બોલ્યા કે અંબાશંકર ! તમે બે બ્રાહ્મણોને સાથે તેડીને ગાયની પાછળ વગડામાં જાઓ. ગાય જયાં આગળ ઉભી રહી, પોતાના ચારે આંચળમાંથી દૂધની ધારાઓ છોડે તે સ્થાનકમાં જરા ઉંડુ ખોદાવજો, એટલે ત્યાંથી પ્રાચીન કાળમાં દટંતર થયેલું શંકરનું બાણ નીકળશે અને તેની પાસે જ ચોરે દાટેલું તમારૂં ધન પણ નીકળશે. વળી બાણની નીચેની તમારા ધનથી દશ ઘણી સોનામહોરો પણ નીકળશે. તે દ્રવ્ય વડે તે જગ્યાએ તમે શંકરનું નાનું દહેરું બંધાવજો અને જે દ્રવ્ય વધે તે ધર્મ પુણ્યમાં ખર્ચજો. એમ કહીને ગાયની પાછળ મોકલ્યા. ગાય ત્યાંથી વગડામાં જઈ બાવળ તળે ઉભી રહી અને ત્યાં ચારે આંચળમાંથી ધડધડ દૂધની ધારાઓ વછોડી. પછી તો ગાય ભટ્ટને ઘેર ચાલી ગઇ. અંબાશંકરે તે જગ્યાએ ખોદાવ્યું. તો આરસની જળાધારી સુધ્ધાં એક હાથ ઉંચું શંકરનું બાણ નીકળ્યું. તેમજ દાગીના તથા રૂપિયા અને વીશ હજાર રૂપિયાની સોનામહોરો નીકળી. પછી તે બ્રાહ્મણે ત્યાં દેહેરું બંધાવ્યું તથા બ્રાહ્મણ સાધુ અભ્યાગતને માટે અન્નક્ષેત્ર કરાવી તે બધું ધન પુણ્ય માર્ગે ખરચ્યું. તેથી પોતે જીવન પર્યન્ત દેવતાઈ સુખ ભોગવ્યું. અને મરણ પછી ફરી પ્રાંતીજ પાસે પામોલ નામે ગામ છે, ત્યાં પવિત્ર બ્રાહ્મણને ઘેર જન્મ ધારણ કર્યો. પ્રથમ જન્મમાં શ્રી રામાનંદ સ્વામી તથા ખુશાલ ભટ્ટનો સમાગમ થયેલો તથા આસ્તિક બુધ્ધિ વડે પરોક્ષ દેવની શ્રધ્ધા ભક્તિ કરી હતી. તે પુણ્યના અતિ બળવાન સંસ્કારથી સદ્‌ગુરૂ શ્રી મહાનુભાવાનંદ સ્વામીનો પ્રસંગ થયો, અને બાળ અવસ્થામાંજ સાક્ષાત શ્રીહરિના ઘણીવાર દર્શન કર્યા હતાં. તેમનું નામ ગૌરીશંકર હતું. વળી તે બ્રહ્મચારી થયા ત્યારે જ્ઞાન પ્રકાશાનંદજી નામ પામી બુરાનપુરના મંદિરમાં ઘણા વર્ષ રહી લક્ષ્મીનારાયણ દેવની સેવા કરી, અંતે અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં ગયા.

## વડોલી ગામના કરશન સોનીએ ખુશાલ ભટ્ટની પ્રાર્થના કરી તેથી ભટ્ટે જમદૂતો પાસેથી છોડાવ્યો

વડોલી ગામમાં કરશન નામે એક સોની રહેતો હતો, તે આખા સોનીના પંથનો મહા નાસ્તિક હતો. તે મહાછળ, પ્રપંચી અને અતિ વાદી હતો. તે ભગવાનની મૂર્તિઓના આકારનું ખંડન કરતો, બધા દેવની નિંદા કરતો, અને દેવ બ્રાહ્મણનું સોનું ચોરી તે વડે પોતાનો નિર્વાહ કરતો હતો. જ્યારે તેને અંતકાળ થયો ત્યારે અતિ મોટા વિકરાળ અને ભયાનક એવા બે જમના દૂત આવ્યા. તેને જોઇ અતિત્રાસ પામી ઝાડો પેશાબ થઈ કારમી ચીસો પાડવા માંડી. તેથી ગામના બધા લોકો ત્યાં દોડી આવ્યા અને પૂછ્યું કે અલ્યા કરશન શું છે ? તે બોલ્યો કે, આ મોટા પર્વત જેવા બે જમનાં દૂત મને લોહપાસથી જકડીને બાંધે છે, અને અસહ્ય માર મારે છે દૂતો કહે છે કે તું લોકોને શુષ્ક જ્ઞાન કરી ભમાવતો, ભગવાનના દિવ્ય આકારનું ખંડન કરતો, રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર, દેવ, બ્રાહ્મણ ધર્મ, વેદ, શાસ્ત્ર એ સર્વેને કલ્પિત અને મિથ્યા કહેતો, તથા ચોરી અધર્મ અને કુટીલતા વડે આખું આયુષ્ય પાપ માર્ગમાં ગુમાવ્યું છે, માટે હવે તને જમપુરીમાં લઈ જઈ હજારો યુગ પર્યંત નરકકુંડમાં નાખીશું. ત્યાં જમદૂતના મુદગળ માર પડશે. એમ બોલતા તે મહાપાપીને જમદૂતો ઘસડી ગયા, તે ઘણા લોકોએ નજરે દીઠું. હવે તે સોનીને લઇને જતાં ટોરડા ગામના સીમાડામાં જમદૂતોએ છેટેથી તુલસી લેતા ખુશાલ ભટ્ટને દીઠા, તેમને મનુષ્યથી વિલક્ષણપણે જોઇ આ તો સાક્ષાત્ ભગવાન છે એમ જાણી જ દૂતોએ બે હાથ જોડી નમસ્કાર કર્યા. તે જોઇ બાંધીને સાથે લીધેલા મહાપાપી કરશન સોનીએ જાણ્યું કે આ જમદૂતોએ નમસ્કાર કર્યા માટે એ પરમેશ્વર હશે, અથવા તો અતિ મોટા સમર્થ પુરૂષ હશે ખરા. એમ વિચારીને ઉંચે સ્વરે બોલ્યા કે ઓ મારા પરમેશ્વર ! તમે દયા લાવી મને આ જમના મહાકષ્ટથી છોડાવો. હુ તમારે શરણે છું. આવા અતિ દીન વચનો છેટેથી સાંભળી મહા દયાળુ એવા ભટ્ટે તેના સામું જોયું કે તરત જ જમદૂતોએ વજ્ર જેવા લોહપાસથી અતિ દઢપણે જકડીને બાંધેલો હતો તે બધા બંધ એની મેળે છુટીને ખળળ અવાજ કરતા હેઠા પડયા તે જોઇ જમદૂતોને આશ્ચર્ય લાગ્યું. પછી ભટ્ટે ચપટી વગાડી જમદૂતોને ત્યાંથી જતા રહેવા કહ્યું. તેથી તે બંને દૂતો ભટ્ટને નમસ્કાર કરી ચાલ્યા ગયા. પછી છુટો થયેલો કરશન સોની ભટ્ટની પાસે આવી

ધ્રુજતો સેંકડો દંડવત્ કરી ઘણી સ્તુતિ કરવા લાગ્યો અને પોતે કરેલા કુસંગ તથા પાપરૂપ વૃતાંતની બધી વાત ભટ્ટને કહી. પછી ભટ્ટે કહ્યું કે તું બીહીશ નહિ. હવે અહીંથી બારોબાર કાઠીયાવાડમાં ગઢડા નામે ગામ છે. ત્યાં જઇ ઉન્મત ગંગા નામે નદીમાં સ્નાન કરીને, ત્યાં મારા પરમ ઈષ્ટદેવ જે સ્વામિનારાયણ ભગવાન સંતમંડળ સહિત બિરાજમાન છે, જેમને હું નિરંતર દેખ્યાં કરું છું. તે ભગવાનને શરણે થજે, અને તે કહે તેમ કરજે. પછી તે સોની ભટ્ટને નમસ્કાર કરી ગઢપુર ચાલ્યો ગયો. ત્યાં જઇ ઉન્મત ગંગામાં સ્નાન કરી શ્રીહરિના ચરણમાં પડી પોતાનું બધું વૃતાંત કહ્યું. પછી તે કરશન ભક્ત શ્વેતાંબર પાર્ષદ થઈ શ્રીહરિની સેવામાં ઘણા વર્ષ સુધી રહ્યાં, અને દેહાંતે અક્ષર ધામમાં ગયા.

## ખુશાલ ભટ્ટનો પ્રભાવ

ખુશાલ ભટ્ટ પોતે ટોરડામાં નિશાળ ચલાવતા હતા અને ગામના તથા આજુબાજુના ગામના બાળકો ભણવા આવતા. તેમને વિશેષપણે તો બ્રહ્મવિદ્યા ભણાવતા. તેમાં એક ભાઈનો છોકરો ભણવા આવતો તે ખુશાલ ભટ્ટના પ્રભાવથી ખૂબજ ધાર્મિક અને સારા સંસ્કારવાળો થયો. તે તેના બાપને ગમ્યું નહિ તેથી તે ટોરડા આવી ખુશાલ ભટ્ટને વઢવા લાગ્યા કે તમે મારા છોકરાને બગાડી નાંખ્યો છે તેથી મારે ભણાવો નથી તેમ કહી તેને ઘેર લઈ ગયો. ત્યાં તેને સમાધિ થઈ ગઇને ઘણી મહેનત કરવા છતાં સમાધિ ઉતરી નહીં. તેથી તે ખુશાલ ભટ્ટ પાસે આવીને કરગરવા લાગ્યો કે મારો છોકરો બેભાન થઈ ગયો છે. અને જાગતો નથી. ત્યારે ખુશાલ ભટ્ટ કહે તમે જગાડો તે જાગશે ત્યારે તે કહે હું તો જગાડીને થાકયો પરંતુ તે જાગતો નથી. ત્યારે ખુશાલ ભટ્ટ કહે મારું નામ લઈને કહેજો કે ખુશાલ ભટ્ટ તને બોલાવે છે એમ કહેશો એટલે જાગશે, ઘેર જઈને તરતજ છોકરાને કહ્યું કે ઉઠ તને ખુશાલ ભટ્ટ બોલાવે છે, ત્યાં તો તે તરત જ બેઠો થયો આમ આવી રીતે લોકો ખુશાલ ભટ્ટને મોટા પરમેશ્વર છે એવું માનતા.

## દયાળુ ખુશાલ ભટ્ટ

પરોપકારી અને દીન દુઃખિયા ઉપર રહેમ કરનારા એવા ખુશાલ ભટ્ટ કેટલાક લોકોને ઘણા કાળથી પૃથ્વીમાં દટંતર થઇ ગયેલા વાવ કૂવા દેખાડતા.

તેમજ પહેલાના કૃપણ અને લોભીયા મનુષ્યોએ પૃથ્વીમાં દાટેલાં ધન સુપાત્રને દેખાડી તે પુણ્ય માર્ગે વાપરી નાંખવાનું કહેતા હતા. કેટલાકને ભૂત ભવિષ્યની હકીક્ત કહેતા. એક બ્રાહ્મણને બાર વર્ષથી ગળત કોઠ નીકળેલો હતો. ઘણી દવા કરવા છતાં મટયો નહીં. તેથી તે ખુશાલ ભટ્ટ પાસે આવી ખૂબ પ્રાર્થના કરી. ત્યારે ખુશાલ ભટ્ટે તેને કહ્યું કે તું ત્રણ માસ ગણપતિનું વ્રત કર તેથી તારો રોગ સમુળો મટી જશે. આવા ખુશાલ ભટ્ટના વચન સાંભળી તેને તે પ્રમાણે વ્રત કરતાં તેનો રોગ કાયમને માટે દૂર થયો ને સુખીયો થયો. આવા તો અનેક નાના - મોટા ચમત્કારો તો હંમેશા ટોરડામાં થતા હતા.

## ખુશાલ ભટ્ટ સાથે શામળાજીના રણછોડજીની મિત્રતા

એકવાર ખુશાલ ભટ્ટના માતુશ્રી ઘરની બાજુની નવેળી વાળતાં હતાં, ત્યારે ત્યાં સોનાનાં ઝાંઝર, કાનનાં કુંડળને રૂપાની એક ગેડી (લાકડી) મળી આવ્યાં. જીવીબા તો અતિ આશ્ચર્ય પામ્યા. પોતાના ઘરની આર્થિક સ્થિતિ તો અતિ સામાન્ય હતી. ત્રણ-ચાર વર્ષના ખુશાલ ભટ્ટને આ વિષે પૂછયું તો તેમણે કહ્યું કે ‘‘એ તો મારા મિત્ર શામળાજી ભૂલી ગયા લાગે છે.’’ ટોરડા ગામથી શામળાજીનું સુપ્રસિધ્ધ મંદિર આશરે ૨૦-૨૫ કિલોમીટરે આવેલું છે. તે મંદિરના ભગવાન શામળાજી બાળ ખુશાલ ભટ્ટ જોડે રમવા આવતા ! તે દિવસે પોતાનાં ઘરેણા ભૂલી ગયેલા તે માતુશ્રીની નજરે પડેલા. પાડોશી ખાતરા સોનીને દાગીના બતાવી ખાતરી કરી જોતાં એ દાગીના શામળાજી ભગવાનના જ હતા. તે દરમ્યાન શામળાજીના મંદિરમાં બૂમા બૂમ થઇ કે મંદિરમાંથી ઘરેણાંની ચોરી થઇ છે. સ્વાભાવિક રીતે જ સહુને પૂજારી ઉપર સંદેહ આવ્યો. ત્યાં તો મંદિરમાંથી અલૌકિક અવાજ આવ્યો કે ‘‘ટોરડા ગામમાં મોતીરામ ઠાકરના પુત્ર ખુશાલ ભટ્ટ મારા મિત્ર છે. તેમની જોડે હું રમવા ગયો હતો ત્યારે પૂજારીએ મંગળા આરતી માટે શંખ તથા ઘંટારવ કરી ઝટ કમાડ ઉઘાડયા એટલે મારે દોડતા દોડતા ટોરડાથી આવવું પડયું, તેમાં મારા ઘરેણાં હું ટોરડા ભૂલી ગયો; મારી ઉપરણી તથા શાલ વચ્ચે રસ્તામાં ઝાડની ડાળે ભરાઈ ગઈ, ચાખડી પડી ગઈ, તે લઈ આવો.’’ મંદિરના પૂજારી, વગેરે બધા ખુશાલ ભટ્ટને ત્યાં ગયા ને એ દિવ્ય

બાળકની અદ્‌ભૂત પ્રતિભાથી આશ્ચર્ય પામી, તેમનાં દર્શન કરી, અહોભાગ્ય માની ઘરેણાં લઈ શામળાજી પાછા આવ્યા. આ ઈતિહાસનો પ્રસંગની નોંધ શામળાજી મંદિરનાં ચોપડે લીધી છે.

## જન્મથી મુંગા બાળકને બોલતો કર્યો

સુરતના કોઈ પારસી ગૃહસ્થનો એકનો એકજ પુત્ર હતો તે જન્મથીજ મુંગો હતો. તેને માટે તેમણે અનેક વૈદ્યક્યિ ઉપચારો કર્યા તથા કેટલાક દેવ દેવીઓની માનતા કરી તોપણ તે બાળક બોલી શકયો નહી. તેવામાં ખુશાલ ભટ્ટનો પ્રતાપ તે ગૃહસ્થના સાંભળવામાં આવ્યો તેથી તે પોતાના મુંગા પુત્રને લઈ ટોરડા ગામે ખુશાલ ભટ્ટ પાસે ગયો ને પગમાં પડી પોતાનું દુઃખ જણાવ્યું. આ સમયે ખુશાલ પોતાનું નિત્યકર્મ પૂજા વગેરે કરી રહ્યા હતા. તે ગૃહસ્થનું દુઃખ સાંભળી પોતાને ઘણીજ દયા આવી. પછી પોતે પૂજામાં દેવને ધરાવેલ કદળી (કેળું) ફળનો અર્ધભાગ તે મુંગા બાળકને આપ્યો. તેવામાં જ તે પ્રસાદ જમીને મુંગો બાળક બોલ્યો "અહો ! આ કેળું તો બહુ મીઠું છે." એટલું સાંભળતાં તો તેના પિતાનો આનંદનો પાર રહ્યો નહી. ને ત્યારથી આરંભી મહામુક્ત ખુશાલ ભટ્ટના પ્રતાપથી તે બાળક સદાને માટે બોલતો થયો.

## ખુશાલ ભટ્ટે વેરો બંધ કરાવ્યો તથા રાજાને પુત્ર થશે તેવો વર આપ્યો

એક વખત ઈડરના રાજા ગંભીરસિંહે પોતાના રાજયમાં બધા બ્રાહ્મણો ઉપર વટલોઈ વેરો નાંખ્યો. તે વખતે રાજયના બધા મળી ચારસો ચુંવાલીસ બ્રાહ્મણો ભેળા થઈ ગામ ટોરડા આવી ખુશાલ ભટ્ટને ઈશ્વર જેવા મહા પ્રતાપી જાણી પ્રાર્થના કરવા લાગ્યા.

ત્યારે ભટ્ટ સર્વે બ્રાહ્મણોને લઈ ઈડર ગયા. ત્યાં જઈ રાજાએ બ્રાહ્મણો પાસેથી વેરો ન લેવાય એ રીતે શાસ્ત્ર સંમતિથી સમજાવીને ઘણું કહ્યું. પણ રાજાએ માન્યું નહીં ત્યારે ભટ્ટ સર્વે બ્રાહ્મણો સહિત તે ગામની પાસે ઉગમણી વાવ્ય છે ત્યાં જઈ વૃક્ષ તળે મુકામ કર્યો. સંધ્યા વંદન કર્યા. પછી સર્વે બ્રાહ્મણો સહિત નારાયણ ધૂન કરી ત્યાં તો રાજ મંડળ સહિત રાજા-પ્રજા સર્વેના મળમુત્ર તત્કાળ બંધ થઈ ગયા. પેટ ચડી ગયા, નેત્ર તરી ગયા

અને પ્રાણ નીકળી જાય તેવી ગભરામણથી સર્વે આકુળ વ્યાકુળ થઇ ગયા. રાજાએ જાણ્યું કે બ્રાહ્મણોના અપરાધ વડે આ દુઃખ થયું છે તેથી તત્કાળ ત્યાં આવી સર્વે બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કરી, અતિ નમ્રતાપૂર્વક ક્ષમા માંગી વેરો બંધ કરાવ્યો. ત્યારે સર્વના મળમુત્રનો ખુલાસો થયો અને સર્વને સુખ થયું. પછી ગંભીરસિંહ રાજાએ સર્વે બ્રાહ્મણોને કહ્યું કે તમે તો સાક્ષાત ભુદેવ છો અને અતિ સમર્થ છો. તેથી ધારો તેમ કરો. એવા ઇડરના રાજાના વચન સાંભળી તે સર્વે બ્રાહ્મણો બોલ્યા કે, આ કળિયુગમાં અમે બ્રહ્મકર્મ રહિત થયા તે કારણથી અમારામાં કાંઇ દૈવત કે ચમત્કાર રહ્યો નથી. પણ આ ટોરડા ગામના ખુશાલભટ્ટ છે તે અતિ મોટા પરમેશ્વર જેવા પ્રતાપી છે અને ધારે તેમ કરે તેવા અતિ સમર્થ છે.

## ફૂલકુંવરબાને શ્રીહરિના દર્શન તથા સેવાનો યોગ

સંવત ૧૮૭૬ની સાલમાં આદરજનો અન્નકૂટ ઉત્સવ શ્રીહરિએ ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવીને ત્યાંથી માણસા પધાર્યા. તેનું વર્ણન પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે. હે રાજન ! ભયને હરનારા શ્રીહરિ મહેલમાંથી જયારે આવ્યા ત્યારે સૌ ભક્તજનોને આનંદ આપવા માટે ભક્તજનોના ઘરો-ઘરમાં પધરામણીએ પધાર્યા ને થાળ જમ્યા.અને સર્વેને રાજી કર્યા. હે આનંદ રાજન ! તે વખતે તમારા બહેન ફૂલબા ભાવના વાળા તે દર્શન કરવા આવ્યાં તે વાત કહુ છું. આ પૃથ્વી ઉપર તે બાઈ મહાન ભક્ત થયાં તેની વાત હવે કહું છું. તે ફૂલ કુંવરબાઈના લગ્ન જયારે ઈડરગઢ થયા ને તે ઈડરગઢ ગયાં ત્યારે એમને બહુજ દૃઢ સત્સંગ થયો. ત્યાં ભગવાનને તેડાવ્યા. ખૂબ જ શોભા કરીને પ્રસિદ્ધ પટરાણીએ રાજાને સત્સંગનો રંગ ચડાવ્યો. તે રાજાની મહા પટરાણીએ પોતાના પતિ ગંભીરસિંહ રાજના માન મરતબાની રીતે સર્વ નરનારી જનોને દર્શન માટે મોટું ભગવાનનું ધામ કરાવ્યું. આમ આ રીતે ફૂલકુંવરબાને સત્સંગનો વારસો માણસામાંથી મળેલો હતો ને તે સત્સંગના બીજ ઈડરમાં રોપીને સત્સંગમાં મહાન કાર્ય કર્યું છે. ધન્ય છે. ફૂલકુંવરબાને ધન્ય છે. તેમની ભક્તિને.

(શ્રીહરિ લીલાસિંધુ રત્ન ૧૧ તરંગ ૨૮)

## ઇડર મહારાણી શ્રી ફૂલકુંવરબાએ ઈડરમાં સત્સંગના બીજ રોપ્યા

ઈડરના ગંભીરસિંહજી મહારાજા ખુશાલભટ્ટથી પ્રભાવિત થઈ તેમના શિષ્ય થયા. તે વર્ષે રાજ્યમાં વરસાદની ખેંચ હતી એટલે રાજાએ ખુશાલભટ્ટને આ બાબતમાં ઘટતું કરવા પ્રાર્થના કરી. ખુશાલભટ્ટે યોગબળથી સારા રાજ્યમાં વરસાદ કરી સુકાળ કરી આપ્યો. આ રાજાને આમ તો દરેક વાતનું સુખ હતું પણ પારણે પુત્રની ખોટ હતી. એમણે ખુશાલ ભટ્ટને કહ્યું કે : ‘‘અમે ઘણાં દાન પુણ્ય યજ્ઞ કર્યા પણ મારે પુત્ર નથી તો અમારો વંશ ચાલુ રહે અને ઈડરની ગાદીને વારસ મળે એવી આપ કૃપા કરો. બદલામાં હું આપને ‘રાજગુરુ’ પદ, એક હવેલી અને નિભાવ ખર્ચ માટે ગરાસમાં એક ગામ ભેટ આપીશ’’ ખુશાલ ભટ્ટે કહ્યું કે : ‘‘અમને આવી કોઈ ભેટ સોગાદ કે પદની સ્પૃહા નથી. અમે તો ગરીબ ગુરુ થઈશું. હવેલી પણ અમારે નથી જોઈતી અમારે તો ઘરનું ઝુંપડું છે. તેય મૂકી દેવાના છીએ. હે રાજન્ ! તમારે પુત્ર જોઈએ તો માણસાના દરબારની કન્યા (દીકરી) ફૂલકુંવર સાથે લગ્ન કરજો. તે થકી તમારે પુત્ર થશે તે પુત્ર જુવાન થશે ત્યારે પ્રગટ ભગવાનનો ભક્ત થશે. તે જુવાનસિંહજી તમારા મહેલની પાસે એક મોટું શિખરબંધ મંદિર કરાવી તેમાં શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિની ભગવાન સ્વામિનારાયણના જયેષ્ઠ પુત્રને હાથે પ્રતિષ્ઠા કરાવી તેમની પૂજા નૈવેદ્યના પ્રવાહ સારૂ ગામ પણ આપશે. એમ કહી ત્યાંથી ખુશાલ ભટ્ટ નિસ્પૃહપણે સર્વ બ્રાહ્મણો સહિત ચાલ્યા ગયા.

ઈડરનો ઈતિહાસ નોંધે છે. કે મહારાજા ગંભીરસિંહજીને સોળ રાણીઓ હતી અને ખુશાલભટ્ટની સલાહથી સત્તરમી ચાવડા રાણી શ્રી ફૂલકુંવર સાથે લગ્ન કર્યા. આ શ્રીફૂલકુંવરબાથી તેમને ગાદીનો વારસ જુવાનસિંહ કુંવર પ્રાપ્ત થયો. રાણી ફુલકુંવરબાએ પરણીને પિયરનો સત્સંગ નિભાવ્યો.

## પૂ. સ્વામીને સર્વેશ્વરાનંદ દ્વારા સત્સંગ થયો ને ડભાણ મહારાજના દર્શને આવ્યા

નિર્ગુણદાસ સ્વામી કહે મમગુરુ ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ઈડર દેશને વિષે પાડા ટોયડા ગામના ઔદિચ્ય બ્રાહ્મણ છદ્દા પદિયા ઠાકર હતા. તે નભોઈ

ગામમાં ભણવા આવ્યા હતા અને મહારાજના સાધુ સર્વેશ્વરાનંદ સ્વામી પણ ત્યાં આવ્યા હતા. તેને યોગે કરીને તેમને સત્સંગ થયો. પછી પૂર્વ જન્મના યોગીરાજ એવા જે ગોપાળાનંદ સ્વામી તથા સર્વેશ્વરાનંદ સ્વામી તથા પ્રભુરામ એ સર્વે નાંદોલ આવ્યા ને તે પ્રભુરામને ઘેર જમીને સર્વે ડભાણ મહારાજને દર્શને આવ્યા ને મહારાજનાં દર્શન કરીને ઘેર આવ્યા. ને પછી સ્વામી નિશાળ ભણાવતા ને નિશાળિયાને સમાધિ કરાવતા હતા.

## શ્રીહરિની આજ્ઞાથી મહાભારતનું પુસ્તક લાવ્યા

સંવત ૧૮૬૩માં કોઈ અગત્યનો પ્રસંગ ખુશાલ ભટ્ટ વિશે નોંધોયેલો હોય તો તે ભાવનગર થી મહાભારત પુસ્તકની પ્રાપ્તિનો છે. આ પ્રસંગ ખુશાલભટ્ટને દીક્ષા આપી તે પહેલાંનો છે.

સંવત ૧૮૬૩માં ભણનારા સંતો માટે શ્રીજીમહારાજને મહાભારતના પુસ્તકની જરૂર પડી. તે વખતે મુદ્રણ કળાના અભાવે પુસ્તકોની હસ્ત લિખિત પ્રતો લહીઆઓ તૈયાર કરતા. આવાં પુસ્તકો ભારે કિંમત આપતાંય મળી શક્તાં નહિ. તે વખતે ગુજરાત કાઠિયાવાડમાં મહાભારતની ગણી ગાંઠી પ્રતો હતી. આવી એક પ્રત ભાવનગરમાં કાશીરામ નામના એક બ્રાહ્મણને ત્યાં હતી. શ્રીજીમહારાજે બ્રાહ્મણ પ્રાગજી દવે અને લક્ષ્મીરામને તે પુસ્તક લેવા ભાવનગર મોકલ્યા હતા. પણ તે પુસ્તક આપ્યું નહોતું.

શ્રીજીમહારાજ ગઢપુરમાં વાસુદેવ નારાયણના ઓરડાની ઓશરીયે ગાદી તકિયા બિછાવીને તે ઉપર ઉગમણે મુખારવિન્દે વિરાજમાન હતા. શ્રીજીમહારાજ હરિભક્તો અને સંતોની સભામાં વાતો કરતા હતા. તેવામાં વડોદરેથી વિદ્યા ભણીને ખુશાલભટ્ટ આવ્યા. મહારાજે તેમને પૂછ્યું. "વડોદરામાં સૌ હરિભક્તો કુશળ છે. ? વૈદ્યરાજ રામચંદ્ર કુશળ છે ?" ત્યારે ખુશાલ ભટ્ટે કહ્યું કે "સર્વે કુશળ છે અને સર્વેએ આપને દંડવત્ પ્રણામ કહ્યા છે." ત્યારે મહારાજે પૂછ્યું કે "તમે બધી વિદ્યા ભણી લીધી ?" ત્યારે ખુશાલભટ્ટ નમ્રતાથી હાથ જોડીને બોલ્યા કે " હે મહારાજ ! તમારા પ્રતાપથી વિદ્યા ભણી આવ્યો છું." પછી મહારાજે પરીક્ષા લેવા સારૂ કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના ઉત્તર ખુશાલ ભટ્ટે તરત આપ્યા. પછી વેદની કાંડી અને શ્રુતિઓ. બોલવાનું મહારાજે કહ્યું તે પણ બોલી બતાવી. તે સાંભળી મહારાજ બહુ રાજી થયા અને પોતે ઉભા થઈને બાથમાં

ઘાલીને તેમને મળ્યા અને બોલ્યા કે "અમારે મહાભારતનું પુસ્તક જોઈએ છીએ તે ભાવનગર છે તે લેવા સારૂ બે ત્રણ વાર પ્રાગજી દવે અને લક્ષ્મીરામને મોકલ્યા હતા, પણ કાશીરામે તે પુસ્તક આપ્યું નહિ. તો તે તમો જઈને લઈ આવો." એ પ્રમાણે મહારાજે આજ્ઞા કરી. તેથી ખુશાલ ભટ્ટ ભાવનગર જવા તૈયાર થયા. ખુશાલ ભટ્ટની જોડે જવાને લક્ષ્મીરામને તૈયાર કર્યા. તે ચાલતા ચાલતા રેવા ગામમાં બજારમાં ચાલ્યા જતા હતા. તે વખતે એક શેઠ પોતાના ઘરે મેડીએ બેઠો હતો. તેમણે ખુશાલ ભટ્ટની મૂર્તિમાંથી તેજ નીકળતું દીઠું. તેથી વાણિયે ખુશાલ ભટ્ટને બોલાવી પોતાને ઘેર ઉતારો કરાવ્યો. પછી ખુશાલભટ્ટે વાતો કરવા માંડી અને શેઠને સમાધિ થઈ. તેથી ઘરના સૌ માણસો ભય પામ્યા કે શેઠને અચાનક આ શું થઈ ગયું. ? પછી શેઠ સમાધિમાંથી જાગ્યા અને ખુશાલ ભટ્ટને પૂછ્યું કે "આપ કાંઈ જમશો ?" ત્યારે ખુશાલ ભટ્ટે કહ્યું કે "મારે જમવું નથી. આ બ્રાહ્મણને રસોઈ કરાવીને જમાડો." પછી લક્ષ્મીરામને સીધું આપ્યુ અને રસોઈ કરી પોતે જમ્યા.

પછી લક્ષ્મીરામે ખુશાલ ભટ્ટને કહ્યું કે "જેવો વાણિયાને તમે ચમત્કાર બતાવ્યો તેવો ચમત્કાર કાશીરામ બ્રાહ્મણને બતાવશો તો પુસ્તક આપશે." પછી તેઓ ભાવનગર ગયા અને ઝીણા શ્રીમાળી ને ત્યાં ઊતર્યા. બીજે દિવસે તેઓ બ્રાહ્મણને ત્યાં પુસ્તક માટે ગયા. તે વખતે બ્રાહ્મણ લાલજીની પૂજા કરી રહ્યા હતા. લાલજી મોઢું ફેરવીને ખુશાલભટ્ટની સન્મુખ થયા. ખુશાલભટ્ટે આવો ચમત્કાર બતાવ્યો. છતાં એ તેણે પુસ્તક ન આપ્યું. રાત્રે યમદૂતોએ આવીને બ્રાહ્મણને ખૂબ માર માર્યો. ત્યારે બ્રાહ્મણ પુસ્તક આપવા કબુલ થયો. પણ જામીન આપે એ શરતે કબુલ થયો. બદલામાં રૂા. ૩૦૦નું ઘરેણું ગીરો મૂકવાનું કહ્યું. પછી ઝીણા શ્રીમાળીની પત્નીનું રૂા. ૩૦૦ નું ઘરેણું તેના ખોળામાં નાખ્યું. અને એક માસમાં તેનું પુસ્તક પાછું આપવું એવી શરત કરી. પછી પુસ્તકનો પોઠિયો ભરીને ખુશાલભટ્ટ ગઢપુર આવ્યા ને મહારાજને સભામાં પુસ્તક આપ્યું. તે વખતે મહારાજે પીળું શેલુ ઓઢ્યું હતું. તે ખુશાલ ભટ્ટને ઓઢાડ્યું. ત્યારે ખુશાલભટ્ટે કહ્યું કે, "આ તો લક્ષ્મીરામનો દાખડો છે. અને તેણે ખૂબ ગાળો ખાધી છે. માટે તેને આ શેલું આપો." એમ કહી ખુશાલ ભટ્ટે તે શેલું લક્ષ્મીરામને ઓઢાડ્યું. ત્યાર બાદ મહારાજે સહુ લહિયા સંતોને બોલાવીને પુસ્તક આપ્યું. તે એક માસ

અગાઉ તે પુરુ શુદ્ધ લખાવીને તપાસી અસલ પુસ્તક ભાવનગર પાછું મોકલી દીધું. આમ ખુશાલભટ્ટે ચમત્કાર બતાવી મહત્વનું કાર્ય કર્યું.

(આ મહાભારતના પુસ્તકની પ્રત હાલ ગઢડા મંદિરમાં આનંદ ભુવનમાં છે. તે પ્રતને એક મોટા પોટલામાં ધોળા કપડાંથી બાંધીને આનંદ ભુવનમાં બીજી પ્રસાદીની વસ્તુઓ સાથે કબાટમાં રાખેલી છે. તે પ્રત દોઢ ફૂટ લાંબી એક ફૂટ જાડી અને એક ફૂટ ઊંચી છે.)

## વડોદરામાં ચમત્કાર

શ્રીજીમહારાજની આજ્ઞાથી એકવાર ખુશાલભટ્ટ વડોદરા ગયેલા ને તે વખતે વડોદરાના સદાશિવભાઈ બ્રાહ્મણ ભક્ત તેઓ ખુશાલ ભટ્ટને પગે લાગ્યા ને પ્રાર્થના પૂર્વક કહ્યું કે તમો જ્યાં સુધી વડોદરા રહો ત્યાં સુધી મારે ઘેર સતત જમવા પધારજો. એવો એમનો આગ્રહ જોઈને ખુશાલ ભટ્ટ સદાશિવના ઘેર જમવા જતાં. જ્યારે ખુશાલભટ્ટ જમવા જતા ત્યારે શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે તેમની સાથે જમવા જતાં. તેમના દર્શન થતાં સદાશિવભાઈ રાજી રાજી થઈ ગયા ને વારે વારે પગે લાગીને અંતરમાં ધન્યતા અનુભવવા લાગ્યા.

જ્યારે ઠાકોરજીને થાળ ધરવામાં આવે છે ત્યારે થાળમાં ધરાવેલી વસ્તુ શાક લાડુ દાળ, ભાત, ભજિયા વગેરે ઓછુ થતું જાય તે બધાના જાણ્યામાં આવે પાણીનો અબપોરો ભર્યો હોય તેમાંથી પાણી ઓછું થતું દેખાય અને મુખવાસ આગળ મેલ્યો હોય તેમાંથી પણ ઓછું થતું જાય અને તેની પ્રસાદી રાખે તથા સોપારી પણ આવેલી પ્રસાદ રાખે. આમ આવી રીતે ખુશાલભટ્ટ પ્રેમથી મહારાજને જમાડે અને મહારાજ દિવ્ય સ્વરૂપે જમતા તે એમને એમ એક માસ સુધી મહારાજ અને ખુશાલભટ્ટે રાત્રિ દિવસ જમ્યા તે સર્વેએ જોયું ને પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા. આમ આવી રીતે શ્રીહરિએ ખુશાલ ભટ્ટને પરચા પૂર્યા.

પછી શ્રીજીમહારાજે ખુશાલભટ્ટને ગઢપુરમાં મહાદીક્ષા આપીને ગોપાળાનંદ સ્વામી નામ પાડ્યું. દીક્ષા લીધા પછી પણ સ્વામી વડોદરામાં ઘણે ભાગે રહેતા અને ઉત્તમ પ્રકારનો સચોટ ઉપદેશ આપી તથા ઐશ્વર્ય જણાવી મોટા મોટા વિદ્વાનોને પણ સત્સંગી કર્યા.

એક વખત ગાયકવાડ સરકાર શ્રીમંત સયાજીરાવની પાસે ઘણા વિદ્વાનો, માનકરીઓ અને સરદારો ભરાયેલા હતા, તેમાં ગોપાળાનંદ સ્વામીની વાત નીકળી. તે સાંભળી શોભારામ શાસ્ત્રી, ભાઉ પુરાણી અને રામચંદ્ર વૈદ્ય એ ત્રણ જણ બોલ્યા કે આ કળિયુગમાં હજારો પાખંડ જાત ચાલશે એમ ઘણા શાસ્ત્રોમાં લખ્યું છે. માટે ધર્મિષ્ઠ રાજાએ આવા પાખંડ ધર્મનો અટકાવ કરવો જોઈએ. નહિ તો તે પાપ રાજાને માથે છે, પછી પ્રભાશંકર શાસ્ત્રી બોલ્યા કે એ ગોપાળાનંદ સ્વામી વેદ, ઉપનિષદ અને ભાગવત આદિ સત્શાસ્ત્રનાં વાક્ય બોલીને વાતો કરે છે, ત્યારે શોભારામ શાસ્ત્રીએ કહ્યું કે તે તો ઠીક પણ જે રીતે પોતાના ગુરુ સ્વામિનારાયણને ભગવાન ઠરાવે છે કે નહિ ? તો કહે, હા, હા, શું ભગવાન કળિયુગમાં અવતાર ધારણ કરે છે. ? તો કહે ના, વળી હળાહળ કળિયુગમાં બૈરાં, છોકરાં, શુદ્ર તથા અતિ નીચ જાતિ વગેરે જેને તેને સમાધિઓ થાય ખરી ? તો કહે ના. સત્યુગમાં મોટા મોટા મહર્ષિઓ હજારો વર્ષ સુધી વનમાં ઉગ્ર તપ કરીને સુકાઈ જાય છે. અને અષ્ટાંગ યોગ સિદ્ધ કરી હજારો અને લાખ્ખો યોગી પુરુષો મહા પ્રયત્ન કરે છે તો પણ તેમને સમાધિમાં તો શું, પણ સ્વપ્નમાં એ ભગવાનનાં દર્શન થાય છે. એ તે શી વાત ! એ તો કોઈથી મનાય ખરૂ !

માટે એ ગોપાળ બાવો ઢોંગી છે. તે ઈન્દ્ર જાળ વિદ્યાર્થી લોકોને એવું તુત દેખાડે છે, તેથી ગામ પરગામ અને શહેરમાં બધા લોકો વંટોળે ચડ્યા છે. એ પાખંડીને ભગવાનની પેઠે માને છે. અને ગાંડાતુર થઈ એની પાછળ ભમ્યા કરે છે. માટે સરકારે ત્યાં જ બેઠેલા ઢુંઢુબાને કહ્યું કે તમે વીર સાધનાવાળા, મંત્ર શાસ્ત્રી અને ઘણા કાબેલ તથા વિચક્ષણ છો. અને તમારો ડંગોરો પણ જાગતો જોધ છે. માટે તમે ગોપાળ બાવા પાસે જઈને એની વિદ્યા કેવી છે તથા શી સાધના છે તેની તપાસ કરી આવો. તે કહે સારું મહારાજ ! હું કાલે જઈ એની ખબર લઈશ મારો ડંગોરો એવો છે કે ઢોંગી હોય તેનું માથું ફોડ્યા વિના રહેજ નહિ.

હવે બીજે દિવસે અડાણીયાના મેદાનમાં પીપળાના ઝાડ નીચે ગોપાળાનંદ સ્વામી હજારો માણસોની સભામાં બેસીને પ્રગટ ભગવાનના મહિમાની વાતો કરતા હતા, ત્યાં એ ઢુંઢુબા આવ્યો. હાથમાં ત્રાંબાના અને લોઢાના ત્રણ ચાર કડાં પહેરેલાં તે ખખડાવતો, કપાળમાં સિંદુરનો સાથીઓ કરેલો, પૃથ્વી ઉપર ઘસડાતું રાતું પીતાંબર પહેરેલું અને બીજું ઓઢેલું, માથે જરિયાની કાન ટોપી પહેરેલી, હાથમાં સિંદુરથી રંગેલો જાડો ડંગોરો ઝાલેલો અને મદ્યપાન કરવાથી

લાલ અંગારા જેવા આંખોના ડોળા કહાડતો, ભ્રકુટી ચઢાવી મહાભયાનક ભૂત જેવો સભામાં ચાલ્યો આવ્યો અને સ્વામી સન્મુખ ઉંધા પગે વીર આસને હોઠ પીસીને બેઠો. તેને જોઈને સભાના ઘણા ખરા માણસો તો બહુ ડરી ગયા. પછી તે સ્વામીને કહેવા લાગ્યો કે તમે કોના અખાડાના અને દ્વારાના છો. તથા કોનું ભજન કરો છો. ? સ્વામી બોલ્યા કે અમે સ્વામિનારાયણના સાધુ છીએ. અને તેમનું જ ભજન કરીએ છીએ. પછી તે બોલ્યા કે જુઓ ! આ મારો ડંગોરો કેવો સમર્થ છે. ! તે તમારા જેવા પાખંડી મિથ્યા ગુરુ થઈને લોકોને ભમાવે છે. તેને પોતાની મેળે ઉછળીને ધડોધડ વાગે છે. અને હાડકાં ભાંગી નાંખે છે. તમે બધું તુત પાખંડ છોડીને આ શહેરમાંથી આજે જ નાસી જાઓ. નહિ તો કાલે હું પાછો આવીશ ત્યારે આ ડંગોરો તમારી ખરી ખબર લેશે. પછી સ્વામી શાંતપણે બોલ્યા કે કાલે શું કરવા ! આજે જ ડંગોરાને અમારી ખબર લેવા ભલે મોકલો. પછી ક્રોધ કરી ઢુંઢુબા પોતાનો ડંગોરો સભા વચ્ચે સ્વામીના સન્મુખ લાંબો મૂક્યો. પણ હરિ ઈચ્છાથી તે હૈયા સુનો થઈ ગયો અને આંખે અંધારા આવવાથી સ્વામીની સામો મૂઠ ભણીથી મૂકવાને બદલે પોતાના સામો મૂક્યો અને ઠેસ દાબીને છોડી દીધો કે તરત ડંગોરો એની મળે ઉભો થઈ એના જ કપાળમાં ધડાક ધડાક થઈને ત્રણ વખત જોરથી વાગ્યો. તેથી કપાળ ફૂટ્યું. દડ દડ દડ લોહી નીકળવા માંડ્યું. આથી ગભરાઈને ઓઢેલું પીતાંબર કપાળે દાબી દઈ ઘર તરફ ચાલ્યો, રસ્તામાં તમ્મર ચઢી જવાથી બે શુદ્ધ થઈને જમીન પર પડ્યો. તેથી મોઢામાં ધૂળ ભરાઈ ગઈ. પછી જ્યારે તમ્મર વળી ત્યારે પડતો અથડાતો ઘેર જઈ કપાળે પાટો બાંધી ''અગઆઈ, અગઆઈ'' એમ બરાડતો ખાટલે પડ્યો. બીજે દિવસે સરકારને કહાવી મોકલ્યું કે ગોપાળ બાવાને કાઢી મૂક્વા એકાન્તમાં બેસી બે માસનું મંત્ર અનુંષ્ઠાન કરું છું તેથી મારાથી આપની પાસે અવાશે નહિ. પણ એના ડંગોરે એનું જ માથું ફોડી નાખ્યું છે તે વાત જરૂરે જોનારા કેટલાક સારા પ્રમાણિક માણસોએ સરકારને કહી હતી.

જ્યારે ઢુંઢુંબા સ્વામી પાસે આવ્યો હતો. ત્યારે તેની પાછળ એ શું પરાક્રમો કરશે તે જોવાને બીજા કેટલાક માણસો આવ્યા હતા. તેમાં ઢુંઢુબાના પડોશમાંથી એક બ્રાહ્મણનો પાંચ છ વર્ષનો છોકરો પોતાના મામાની સાથે આવીને તે સભામાં બેઠો હતો. તેના ઉપર સ્વામીની અમૃત દૃષ્ટિ થઈ તેથી તેને ત્યાં જ સમાધિ થઈ

ગઈ અને અક્ષરધામમાં શ્રીહરિએ તેને કૃપા કરી એક પેંડો આપ્યો. પણ સમાધિમાંથી જાગ્યો ત્યારે તે પેંડો એના દુષ્ટ મામાએ ખાવા દીધો નહિ, અને કહ્યું કે આ પેંડો તો ગોપાળબાવાએ તને જાદુથી સજ્જડ કરી નાંખીને ભુરખી નાખવા આપ્યો છે. તે ખાઈશ નહિ, અહીંથી ચાલ, બીજા કોઈને આપી દઈશું. એમ કરી તે અભાગિયો મામો ત્યાંથી ઘેર ગયો. ઘેર જતાં પાડોશમાં જ ઢુંઢુબાની એક નાની છોકરી મથુરાબાઈ ઓટલા ઉપર બેઠી હતી, તેને તે પેંડો આપી દીધો અને કહ્યુ કે લે છોકરી આ સ્વામિનારાયણનો પ્રસાદ છે. તે તું ખાઈ જા. તે પાંચ વર્ષની નાની અજ્ઞાન છોડીએ પેંડો લીધો અને ઝટ ખાઈ ગઈ. પેંડો ખાવાથી તરત તેને સમાધિ થઈ ગઈ અને મહાતેજમાં શ્રીહરિના દિવ્ય દર્શન થયાં. અને શ્રીહરિના અપાર ઐશ્વર્ય જોયાં. સમાધિમાંથી જાગીને ત્યાં જોયેલી બધી વાત લોકો આગળ કહેવા લાગી. હંમેશા મહાતેજોમય ધામમાં શ્રીહરિના પ્રતાપથી સ્વતંત્રપણે જાય અને ત્યાં અલૌકિક દર્શન કરે, અલૌકિક ઐશ્વર્ય જુએ અને એ બધી વાત સમાધિમાંથી જાણીને સર્વે લોકો આગળ કહે પછી એ નાની છોડીને શ્રીહરિની કૃપાથી મોટા યોગેશ્વરના જેવું જ્ઞાન ઉદય થયું. તેથી તે પોતાનો બાપ જે ઢુંઢુબા તેને બોધ કરવા લાગી, કે તમે બાપ કોના અને હું દીકરી કોની ! પૂર્વના સંસ્કારે એક બીજાનો સંબંધ થયો છે. માટે એ સર્વે માયાની જાળ છે. બ્રહ્માના લોક સુધી સર્વને કાળ ભક્ષણ કરે છે. પાપ કર્મ કરીને અધોગતિ નરકનો દુઃખ તેને જીવ પામે છે, પુણ્ય વડે સ્વર્ગાદિક લોક પામે છે. ત્યાંથી પણ નાશવંત સુખ ભોગવ્યા પછી પાછો પડે છે. એમ અનંતવાર જન્મ મરણ પામે છે. અંડજ, ઉદ્‌ભિજ્જ, સ્વેદજ અને જરાયુજ એ ચારે ખાણોમાં પોતાના કર્મોને અનુંસારે સુખ દુઃખ ભોગવતાં ઘણા યુગો વીતી જાય છે. એમ કરતાં કોઈ કાળે શ્રીહરિની અતિ કૃપા થાય છે. ત્યારે પાછો ચિંતામણી તુલ્ય આ મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે. ત્યારે પણ જે ભગવાનની ભક્તિ નથી કરતો અને દેહ સુખ સારુ અનેક પાપ કર્મ વડે ક્ષણ ભંગુર પિંડનું તથા પરિવારનું પોષણ કરી પોતાનો જન્મ વ્યર્થ ગુમાવે છે. તે મરીને વળી પાછો યમયાતનાના દારૂણ દુઃખો ભોગવે છે. માટે હે પિતાજી ! તમે હરિકૃપાથી આ કર્મ ભૂમિ રૂપ ભરતખંડમા બ્રાહ્મણનો અતિ ઉત્તમ જન્મ પામ્યા છો, તેમાં પણ સર્વ અંગે સંપૂર્ણ છો. માટે આ સમયમાં મોટા બ્રહ્માદિકને પણ જેના દર્શન દુર્લભ છે. એવા સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન

તેમણે અતિ કૃપા કરીને અનેક જીવનો મોક્ષ કરવા આ પૃથ્વી ઉપર મનુષ્યવતાર ધારણ કર્યો છે. અને પોતાના હજારો મુક્ત મંડળ સહિત અનેક જીવને દર્શન આપવા ગુજરાત કાઠિયાવાડ વગેરે દેશોમાં વિચરે છે. તેમને શરણે થાઓ અને તેમના મહા મોટા મુક્ત જે શ્રી ગોપાળાનંદ સ્વામી અહીં છે. તેમનો તમે ઘણો અપરાધ કર્યો છે. માટે પશ્ચાત્તાપ સહિત તેમનું વંદન કરી ક્ષમા માગી. તે કૃપાળુ સ્વામીનો આશ્રય કરી તેમની પાસે વર્તમાન નિયમધારી સત્સંગી થાઓ અને તેમના ગુરુ સાક્ષાત્ પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેમનું ભજન કરો. આ કપટી ડંગોરાથી બાપડા ઘણા લોકોના માંથા ફૂટ્યાં છે. તેને હવે બાળી દઈને ભૈરવ ભૂતનું તુત છોડી દઈ, તેના ત્રાંબા તથા લોઢાનાં કડાં વગેરે બધી બલા કાઢીને સ્મશાનમાં ફેંકી આવો અને ઢોંગીનો વેશ મૂકી દઈ, સૌમ્ય વેશ રાખીને શમ, દમ, તપ, તિતિક્ષા, ક્ષમા સંતોષ શૌચ ઈત્યાદિ બ્રાહ્મણના સ્વભાવે વર્તો. સ્વામિનારાયણ સાક્ષાત્ પરમેશ્વર છે. તેમની નિશ્ચય ભક્તિ કરો. તેથી તમારું કલ્યાણ થશે. આ પ્રકારનું ગાઢ અજ્ઞાન, પોતાની પાંચ વર્ષની બાળકીને મોઢેથી સાંભળીને ઢુંઢુબા અતિ આશ્ચર્ય પામ્યા અને તરત જ બધું તોફાન કહાડી નાંખીને સ્વામી પાસે જઈ ક્ષમા માગી.

સ્વામી પાસે વર્તમાન ધારીને ખરાં સત્સંગી થયા. તે જોઈ બીજા સર્વે લોકો તો આશ્ચર્ય પામી ગયા. પછી એ મથુરાબાઈ સમાધિમાંથી જ્યારે જાગે ત્યારે ત્યાંની અલૌકિક વાત કહેતા. તેમજ સત્યલોક સુધી સ્વર્ગાદિક લોકની તથા સાતે પાતાળની વાત તથા ભૂત ભવિષ્યની વાત પણ કહેતા. કોઈને દ્રવ્ય મળવાનું કહે કોઈને પુત્ર થવાનું કહે, તે બધું તે જેમ કહે તેમ થતું. વળી મથુરાબાઈ બીજી કેટલીએ બાઈઓને તથા બાળકોને પણ સમાધિ કરાવી ધામમાં મોકલતાં આવું અપાર ઐશ્વર્ય અને સામર્થ્ય પાંચ વર્ષની નાની બાળકીમાં જોઈ લોકો વિસ્મય પામતાં ! સરકાર પણ એવી અદ્‌ભૂત વાત સાંભળી પોતાના અતિ વિશ્વાસના કેટલાક બુદ્ધિમાન પુરુષોને બાળકી પાસે મોકલતા, મથુરાબાઈ સર્વેને બેસાડી તેમના અંતરના સર્વ સંકલ્પ ઝટ કહી દેતા હતાં. તે લોકો અતિ આશ્ચર્યતાથી સાંભળતા અને સરકાર પાસે જઈને કહેતા કે એ બાળક રૂપે કોઈ દેવ છે, કાં તો ગોપાળ સ્વામી અથવા સ્વામિનારાયણ પોતે તેમાં રહીને બોલે છે, નહિ તો પાંચ વર્ષના નાનાબાળકમાં મોટા સિદ્ધેશ્વર જવું જ્ઞાન અને સામર્થ્ય ક્યાંથી હોય ?

આવું સાંભળી સરકારતો આશ્ચર્ય ચક્તિ થઈ ગયા. મથુરાબાઈને આવી રીતે ત્રણ માસ સુધી રહ્યું.

ત્યારે પછી પોતે અખંડ સમાધિમાં રહેતાં પાંચ દશ કે પંદર દિવસે અથવા માસે બે માસે જ્યારે સમાધિમાંથી જાગે ત્યારે ન્હાવું, ધોવું, ખાવું, પીવું વગેરે દેહ ક્રિયા ઘેલાના માફક કરતા. તે પોતે લગ્ન કર્યા સિવાય બાળ યોગીની રહ્યા. જ્યારે પોતાની ચોવીસ વર્ષની ઉમંર થઈ ત્યારે દેહ ત્યાગ કરવાના બે દિવસ અગાઉ પોતાના પિતા આદિકને કહ્યુ કે પરમ દહાડે મધ્યાહ્ને મારે ધામમાં જવું છે પછી નાહી ધોઈ પદ્માસને બેસીને શ્રીહરિનું ધ્યાન પૂર્વક ભજન કરવા માંડ્યું. તે વખતે શ્રીહરિ હજારો સંત હરિભક્તો સાથે પધાર્યા. તેથી અનંત કોટી સૂર્યના જેવો પ્રકાશ થઈ ગયો. તેમના દર્શન કરીને હજારો માણસોને હું આ શ્રીહરિ સાથે ધામમાં જાઉં છું એમ કહી મથુરાબાઈ વિમાનમાં બેસીને ધામમાં ગયાં. આ વખતે ઘણાં માણસોને શ્રીહરિના સંત મંડળે સહિત દર્શન થયા હતા.

વડોદરા શહેરમાં ગોપાળાનંદ સ્વામી હજારો ભક્તોની સભામાં બેસીને શ્રીહરિના મહિમા ચરિત્રની વાતો કરતા હતા. એક વખત નાથ ભક્તે કહ્યું કે સ્વામી કાયસ્થ મીસ્ત્રીલાલ બહુ માંદા છે, તેને દર્શન આપવા ચાલો. ત્યારે સ્વામી ગાડીમાં બેસી સર્વ સંત સાથે તેને ઘેર ગયા. તેમને દર્શન આપીને કહ્યું કે તમને બે દિવસ પછી શ્રીહરિ ધામમાં તેડી જશે. એમ કહી ત્યાંથી પાછા આવતા રસ્તામાં સાધુ કીર્તન ગાતા હતા, તે સાંભળી વાડી ચબુત્રાના કેદીઓએ જાળી પાસે આવી સ્વામીના દર્શન કર્યા અને બોલ્યા કે ઓ સ્વામી મહારાજ ! અમને કૃપા કરી આ કેદખાનામાંથી છોડાવો. ત્યારે કૃપાળુ સ્વામી ગાડી માંથી બોલ્યા કે, આ નાથ ભક્ત કાલે તમારી સાથે કેદી થશે તે તમને છોડાવશે વળી તમે યમયાતના, લખ ચોરાસી ભ્રમણ, જન્મ મરણ અને ગર્ભવાસ ઈત્યાદિ કાળના પાશરૂપ કેદખાનામાંથી પણ છોડાવશે. તમે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરજો. એમ કહી મંદિરમાં આવ્યા. પછી સંત હરિભક્તે પૂછ્યું કે સ્વામી ! નાથ ભક્ત તો મોટા યોગીરાજ છે છતાં કેદ શાથી થશે ? એ વાત સાંભળી અમને સર્વને બહુ ખેદ અને મુંઝવણ થાય છે. સ્વામી બોલ્યા કે કોઈ મુંજાશો નહિ. કુંભકર્ણે જેમ વાનરો ગળવા માંડ્યા ત્યારે તેમને એ રાક્ષસની જઠરમાં બંધનમાંથી છોડાવી બહાર કાઢવા હનુમાનજી તેમના પેટમાં પ્રવેશ કરી ગયા

હતા અને બધા વાનરો જીવતા બહાર નીકળ્યા હતા. તેમ નાથ ભક્ત પણ કેદ થશે. એવું સાંભળી સર્વે રાજી થયા.

હવે તે જ દિવસે સરકારે બધા મહોલોમાં સુબા વહીવટદારો ઉપર હુકમ લખાવી મોકલ્યા હતા કે સ્વામિનારાયણ તથા તેમના મુંડિયાને આપણા રાજ્યની હદમાં રહેવા તથા ફરવા દેશો નહિ. જ્યાં હોય ત્યાંથી કાઢી મૂકજો અને ન જાય તો પકડીને કેદ કરજો. લશ્કરની મદદ જોઈએ તો જે મહોલોમાં ભરતી હોય ત્યાંથી લેવા એવા હુકમ મોકલ્યા ત્યારે મોટા દિવાનજીએ કહ્યું કે સરકાર ! મહોલોમાં તો બધે હુકમો લખાવ્યા પણ અહિં શહેરમાં સ્વામિનારાયણનો મુખ્ય સાધુ ગોપાળબાવો કેટલાક સાધુઓ સાથે રહે છે. તેણે શહેરના તથા બીજા ફરતાં ગામોનાં હજારો માણસોને ઈન્દ્રજાળ વડે ભૂરકી નાખીને ભૂત જેવાં બનાવી દીધાં છે. એને તથા એના ગુરુ જે સ્વામિનારાયણ તેને જ એ બધા લોકો રાત્રિ દિવસ દેખ્યાં કરે છે. માટે એ ગોપાળબાવાને અહીંથી કાઢી મૂકો અથવા કેદ કરાવો તો શહેરમાં થતી આ બધી ઉપાધિ શમી જાય. પછી સરકારે ત્યાં બેઠેલા પાંઢરા બાબુબાને કહ્યું કે તમે સવારે ત્યાં જઈને એ બધા બાવાને કાઢી મૂકો. અને ન જાય તો કેદ કરો.

બીજે દિવસે સવારમાં નાથ ભક્તના વિશાળ ચોક વચ્ચે પીપળા તળે હજારો માણસોની સભા મધ્યે બેસીને સ્વામી શ્રીહરિના મહિમાની અને ચરિત્રની વાતો કરતા હતા. ત્યાં બાબુબા ગયા અને ઘોડા ઉપરથી ઉતરીને કહેવા લાગ્યા કે બાવાજી ! તમે આ બધા તમારા મુંડિયા બાવાને સાથે લઈ અહિંથી જતા રહો, નહિ તો સરકારે હુકમ આપ્યો છે. તેથી અમે તમને બધા બાવાને કેદ કરીશું. ત્યારે સ્વામી હસતા હસતા બોલ્યા કે અમને તો આ નાથ ભક્ત વારંવાર અહિં તેડી લાવે છે તેથી આવીએ છીએ. માટે પ્રથમ એ નાથ ભક્તને કેદ કરો બાબુબા બોલ્યા કે ઠીક, બહુ સારું, હું એ રીતે સરકારને કહું છું. સરકારને એ વાત કહેતાં ભગુજી કોટવાલ જે નાગર હતો. તેને તેડાવીને નાથ ભક્તને કેદ કરવા હુકમ આપ્યો. તેણે નાથભક્તને ઘેરથી પકડી લાવી વાડીના ચબુત્રામાં કેદ કર્યા. અને સ્વામીને કહ્યું કે હવે તમે આ બધા બાવાને લઈને જતા રહો, નહિ તો તમને સર્વેને પણ કેદમાં લઈ જઈશું. તે સમયે કલાલી ગામના હરિભક્ત તે સભામાં બેઠેલો હતો તે ગાડી લઈ આવ્યો. સ્વામી અહીંથી કલાલી જશે એમ જાણીને સદાશીવભાઈ આદિક વડોદરાના બધા હરિભક્તો હાથ જોડી કહેવા

લાગ્યા કે સ્વામી ! નાથભક્ત તો મોટા મુક્ત છે. તેમને કેદમાં પૂર્યા અને તમે સંત સાથે ગામડે જશો. ત્યારે અમને ભગવાનના મહિમાની વાતો કોણ કહેશે. અને અમે શા આધારે જીવીશું ? માટે અમને તમારી સાથે ગામડે તેડી જાઓ, કાં તો નાથભક્તની સાથે બંદિખાને નંખાવો, જેથી અમારે તમારો અથવા નાથભક્તનો નિરંતર યોગ રહે અને ભગવાનની વાતો સાંભળવાનો અલભ્ય લાભ મળે. ત્યારે સ્વામી બોલ્યા કે તમે સર્વ ભક્તજનોની શ્રીહરિને વિષે અનન્ય નિષ્ઠા અને અચળ ભક્તિ છે, તથા શ્રીહરિના મહિમા ચરિત્રની વાતો સાંભળવામાં અપાર હેત છે. તો શ્રીહરિ તમારાથી એક ક્ષણ પણ વેગળા નથી, તેમજ અમે તથા નાથભક્ત પણ વેગળા નથી. નાથ ભક્ત કેદ થયા તથા અમને અહીંથી કાઢી મૂકે છે. તેને વિષે બીજા કોઈનું પણ કર્તવ્ય નથી. પણ એ બધું કર્તવ્ય શ્રીહરિનું જ છે. જે રીતે કરીને શ્રીહરિ પોતાના ભક્તને સમાસ થાય અને અપાર જીવના કલ્યાણ થાય તે રીતે કરે છે. નાથ ભક્ત કેદી થવાથી ત્યાં રહેલા કેટલાક જીવ સત્સંગી થશે તથા બંદીખાનેથી છૂટશે, અને અમે બીજા ગામોના મનુષ્યોને ભગવાનની વાતો કહીને સત્સંગી કરીશું. વળી અહીં તમને પણ શ્રીહરિના પ્રતાપ મહિમાની વાતો કહીને સુખ આપીશું, એ પ્રમાણે સર્વને ધીરજ આપી જય સ્વામિનારાયણ કહી ગાડીમાં બેઠા અને સંત હરિભક્ત સહિત ત્રણ ગાઉ છેટે કલાલી ગામમાં પધાર્યા. ત્યાં વડસર, અટલાદરા, ભાયલી ઈત્યાદી ફરતા ગામોના હજારો માણસો સ્વામીના દર્શન તથા સમાગમ કરવા ઉભરાતાં. આખો દિવસ સભા ભરાયેલી રહેતી હતી.

નાથ ભકત વાડીના ચબુત્રામાં જે પ્રથમના જૂના સાઈઠ કેંદી લોકો હતા, તે સર્વેને ભગવાનના અપાર મહિમાની વાતો કહેતા, તે સાંભળીને સર્વે કેદીઓની બુદ્ધિ અતિ પવિત્ર થઈ. પછી તો તે સર્વે કેદી લોકોને સરકાર તરફથી ખાવા માટે નિત્ય બબે રોટલા આપતા, તે લેવાના બંધ કરીને નાથ ભક્તની પેઠે ભૂખ્યા રહીને ભજન કરવા માંડ્યુ. એમ બે દિવસ અને બે રાત્રિ ઉપવાસ કરીને શ્રીહરિનું અખંડ ભજન કર્યું. તેથી ત્રીજે દિવસે સવારમાં સાક્ષાત્ શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે આવીને નાથ ભક્તને દર્શન આપ્યા પછી શ્રીહરિ બોલ્યા કે હે નાથ ભક્ત ! તમે બે દિવસના ઉપવાસી છો માટે તમારા સારુ અમારી પ્રસાદીનો થાળ જમણા હાથમાં લઈને આ મુકુંદ બ્રહ્મચારી અમારી સાથે આવ્યા છે તે તમે જમો. નાથભક્તે હાથ જોડીને કહ્યું. કે હે કૃપાનાથ ! હું બે દિવસથી આ બંદીખાનામાં અશુદ્ધ પાણી

હોવાથી નાહ્યો નથી અને તમારી આપેલી પ્રસાદી મૂર્તિઓની પૂજા પણ આ પરાધીનપણામાં કરી શક્યો નથી. માટે અહિં સ્નાન કરી તમારી પાંચ વખત માનસી પૂજા કરું છું. તમારી પ્રત્યક્ષ પૂજા કર્યા સિવાય મારાથી જમાય નહિ. માટે એ તમારા પ્રસાદી થાળને બે હાથ જોડી મસ્તક વડે નમસ્કાર કરૂં છું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે આ બ્રહ્મચારીના ડાબા હાથમાં ષોડશોપચાર સાહિત્ય ભરેલું પૂજાપાત્ર છે તે લઈને અમે આગળ પ્રત્યક્ષ વિરાજમાન થયા છીએ. માટે ધીરા રહીને અમારી પૂજા કરો. ત્યારે નાથ ભક્તે કહ્યું કે બહુ સારુ મહારાજ ! હું પૂજા કરીશ. પણ મારે સ્નાન કરવા માટે અહિં શુદ્ધ પાણીનો યોગ નથી પછી શ્રીહરિએ કહ્યું કે અમારા ડાબા ચરણની છેલ્લી આંગળીમાં અનંત તીર્થ સહિત મહાગંગાનો નિવાસ છે, તે જળમાં તમે સ્નાન કરી લ્યો. એમ કહી પોતાનો ચરણ ઉંચો ઉપાડ્યો કે તરત આંગળીમાંથી ગંગાજળનો પ્રવાહ ખળખળિયાની પેઠે ખળખળ નીકળવા માંડ્યો. નાથ ભક્તે અતિશય હરખથી તે પ્રવાહ તળે બેસીને ઝટઝટ સ્નાન કરી લીધું અને તે મહાગંગાજળ બે હાથમાં લઈ પેલા બધા કેદીઓ હતા. તેમના ઉપર અતિ કૃપા વડે છાંટ્યું. તેથી સર્વના અનંત જન્મના પાપ નાશ પામ્યા અને મહાપવિત્ર થઈ ગયા.

પછી બ્રહ્મચારીજીએ આણેલા પૂજા પાત્રમાંથી સાહિત્ય લઈ પ્રત્યક્ષ વિરાજમાન થયેલા શ્રીહરિની અતિ પ્રેમલક્ષણ ભક્ત વડે ચંદન, તુલસી, પુષ્પહાર, ધૂપ, દીપ, નૈવેદ્ય, નિરાજન, પુષ્પાંજલી, ઈત્યાદી ષોડશોપચાર વડે વિધિપૂર્વક મહાપૂજા કરી પ્રદક્ષિણા દંડવત્ પ્રણામ સ્તુતિ કરીને હાથ જોડી સન્મુખ બેઠા. પછી શ્રીહરિ બોલ્યા કે નાથ ભક્ત ! હવે તમારો મનોરથ પૂર્ણ થયો. તમને બે ઉપવાસ થયેલા છે માટે આ થાળમાંથી પ્રસાદી જમી લ્યો. ત્યારે તે બોલ્યા કે હે મહાપ્રભો ! આ તો મેં તમારી પ્રત્યક્ષ નૈમિત્તિક પૂજા કરી પણ તેણે કરીને મારે આન્હિક જે તમારી આપેલી પ્રતિમાની નિત્ય પૂજાનો નિયમ બાકી છે. તે કર્યા વિના એ પ્રસાદને હું વંદન કરું છું. મને કદાપિ સો ઉપવાસ થાય તો ભલે, પણ નિત્ય પૂજાનો, નિયમ કર્યા વિના મારાથી એ પ્રસાદ લેવાય નહિ. ત્યારે શ્રીહરિ હસતા થકા બોલ્યા કે, આ અમારી પૂજા તમે કરી તેથી અમે તમને પ્રસાદી કરીને આપેલા બાળકૃષ્ણની પૂજા પણ તમારે થઈ ગઈ એમ નિશ્ચે જાણો. કેમકે અમે તથા એ બાળકૃષ્ણની પ્રતિમા તે કંઈ જુદા નથી. એક જ છીએ ત્યારે નાથ ભક્ત કહે તે ખરું, પણ એમાં મારો નિત્ય નિયમ થયો

કહેવાય નહિ, ત્યારે શ્રીહરિ બોલ્યા કે હે નાથ ભક્ત ? તમારા જેવી દૃઢતા બધા સત્સંગમાંથી કોઈની નથી. માટે અમારે વિષે દૃઢતાવાળા અમારા કેટલાક ભક્ત છે તે સર્વમાં અમે તમને અગ્રણી જાણીએ છીએ. હે મુકુંદ બ્રહ્મચારી ! તમે નાથ ભક્તને ઘેર જાઓ અને અમારી આપેલી પૂજા પ્રતિમા લઈ આવો. આજ્ઞા થતાં તરત જ બ્રહ્મચારીએ દિવ્યપણે વીજળી વેગે જઈને પૂજા આણી આપી, નાથ ભક્તે તે પૂજાનો કંડીઓ ઉપાડ્યો. તો તેમાં શ્રીહરિની પૂજા અહિં કરી હતી તે જ પ્રમાણે બાળકૃષ્ણની પ્રતિમાની થયેલી હતી. તેમને ચડાવેલાં ચંદન તુલસી તથા પુષ્પહાર તાજાં જ હતાં. ત્યારે શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા કે જુઓ નાથભક્ત ! અમે તમને કહ્યું હતું તે પ્રમાણે આ બાળકૃષ્ણની પૂજા થઈ છે કે નહિ ? તમને કહ્યું હતું તે પ્રમાણે આ બાળકૃષ્ણની પૂજા થઈ છે કે નહિ ? તે બાલકૃષ્ણ અમારા જ થાય છે. અને અમે તો જુદા નથી. એ તો અમારી પ્રતિમા છે. પણ તમારા જેવા જે એકાંતિક મુક્તપુરુષો છે. તેમની પણ જે ભક્તો પૂજા કરે છે. તે પૂજા પણ અમે જ અંગીકાર કરીએ છીએ. એમ કહીને બોલ્યા કે, હે નાથભક્ત ધન્ય છે. તમને, તમારા જેવી દૃઢતા સત્સંગમાં જેને વિષે છે તે ભક્ત અમને પોતાના આત્મા થકી પણ અતિશય પ્રિય છે.

પછી નાથભક્તે કંડિયામાંથી બાલકૃષ્ણ આદિ પ્રતિમાઓ બહાર કાઢી પણ કેદખાનામાં પાટલો કે આસન કંઈ નહિ તે શાના ઉપર પધરાવે ? મહાપ્રભુએ સમય વર્તી પોતાના બે હાથ પહોળા કરી કહ્યું કે લ્યો આ અમારા હાથ ઉપર પધરાવીને પૂજા કરો. પછી નાથભક્તે પૂજા પાત્રમાંથી જળ ઝારી લઈ બાળકૃષ્ણને સ્નાન કરાવી, શ્રીહરિના હસ્તકમળમાં પધરાવ્યા અને ચંદન, અક્ષત, તુલસી, પુષ્પહાર, ધૂપ, દીપ, નૈવેદ્ય, નિરાજન, પુષ્પાંજલી, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ ઈત્યાદિથી મહાપૂજા કરીને સ્તુતિ કરી તથા પાસે ઉભેલા મુકુંદ બ્રહ્મચારીની પણ વધેલા પ્રસાદી ચંદન પુષ્પાદિ વડે પૂજા કરી. પછી શ્રીહરિ બોલ્યા કે નાથ ભક્ત હવે તમારી નિત્ય નિયમની બાળકૃષ્ણની પૂજા થઈ અને અમારી પણ કરી. એટલે અમારી તો બે વખત પૂજા કરી અને આ મુકુંદ બ્રહ્મચારીની પૂજા કરી, તેથી સર્વે સંત હરિભક્તની પણ થઈ. માટે હવે આ થાળમાંથી પ્રસાદ જમો. તે કહે કે મહારાજ તમે બ્રહ્મચારી પ્રથમ જમો. ત્યાર પછી જમીશ, પછી શ્રીહરિ પોતે જમ્યા અને બ્રહ્મચારીને પ્રસાદ આપ્યો તે પણ જમ્યા. તે પછી નાથ ભક્ત બોલ્યા કે કૃપાનાથ આ બધા કેદીઓ બે દિવસથી તમારા મહિમાની વાતો સાંભળીને

મારી સાથે તમારું ભજન કરે છે. એને પણ બે દિવસના ઉપવાસ છે. વળી તમારા ચરણ કમળમાં રહેલા, મહાતીર્થના ગંગાજળ મેં સર્વ ઉપર તમારા નામથી વર્તમાન ધરાવીને છાંટ્યા છે. તેથી એ સર્વના અનંત જન્મના પાપબળીને ભસ્મ થઈ જવાથી તે સર્વે અતિ પવિત્ર અને સત્સંગી થયા છે. માટે એ સર્વેને કૃપા કરીને દર્શન આપીને પ્રસાદ જમાડો, પછી હું જમીશ.

ત્યારે શ્રીહરિએ મંદ હાસ્ય સહિત તે સર્વે કેદીઓને પોતાના અતિ તેજોમય દિવ્ય દર્શન આપ્યા શ્રીહરિના દર્શન કરી સર્વે કેદીઓ આનંદ સાગરમાં નિમગ્ન થઈ કૃતાર્થ થઈ ગયા અને ઝટોઝટ પ્રણામ કરવા. મંડી પડ્યા. પછી તે સર્વેને શ્રીહરિએ પોતાના અક્ષય થાળમાંથી અમૃત થકી પણ અતિ સ્વાદિષ્ટ પ્રસાદ આપીને ખૂબ જમાડીને તૃપ્ત કર્યા. પછી નાથભક્ત જમ્યા ત્યાર પછી શ્રીહરિએ નાથભક્તના લલાટમાં કેસર ચંદનથી અર્ચા કરી પોતાના કંઠમાંથી ગુલાબ, મોગરા પુષ્પહાર કાઢીને અતિ પ્રસન્ન થઈ પહેરાવ્યા. નાથભક્તે તે જ વખતે સાઠ કેદીઓને ચંદનની અર્ચા કરી અને પોતાને પહેરાવેલા બે હાર એક કેદીને પહેરાવ્યા આથી શ્રીહરિએ બીજા કેદીને પહેરાવ્યા. વળી શ્રીહરિએ બે હાર નાથભક્તને પહેરાવ્યા અને નાથ ભક્તે તે હાર સાઠ કેદીઓને પહેરાવી દીધા. તેથી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને નાથભક્તને પોતાના હૃદય સાથે આલિંગન આપી, છાતીમાં ચરણારવિંદ આપી હાર, તોરા, ગજરા પહેરાવી જય સચ્ચિદાનંદ કહી ત્યાંથી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. પછી નાથ ભક્તે તથા સર્વે કેદીઓએ મળી ઉંચે સ્વરે "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" ભજન કરવા માંડ્યું. એટલે બહાર ચોકી પહેરાવાળા હતા તેમણે અંદર જઈ જોયું તો બધા કેદીઓને સુગંધી ચંદન અને પુષ્પહાર વાળા જોયા અને કોટવાળને ખબર આપી. કોટવાળે આવીને નજરે જોયું. તેથી તે આશ્ચર્ય પામતો સરકાર પાસે ગયો અને બધી વાત સાંભળી સરકાર તથા દિવાનજીએ કહ્યું કે તમે તથા બાબુબા નાથભક્તને ઘેર જાઓ અને તપાસ કરો. કે એને ઘેરથી પૂજાનો કંડીયો ચંદન તથા પુષ્પહાર વગેરે કોણ લઈ ગયું અને ચોકી પહેરાનો પાકો બંદોબસ્ત હોવા છતાં કોણ શી રીતે આપી આવ્યું ? હુકમ થતાં બંને જણ ઘોડા દોડાવતાં નાથભક્તને ઘેર ગયા. ત્યાં તો ચોકમાં પીપળા નીચે સંત તથા હજારો માણસોની સભા મધ્યે શ્રી ગોપાળાનંદ સ્વામી ગાદી તકીયે બેસીને શ્રીહરિના મહિમાની વાતો કરતા હતા અને સન્મુખ નાથ ભક્ત સાઠે કેદીઓ સાથે તે વાત સાંભળવા બેઠા હતા.

એ સર્વેના લલાટમાં કેસર ચંદનની અર્ચાઓ તથા કંઠમાં ગુલાબ મોગરો વગેરે પુષ્પના હાર પહેરેલા દીઠા. એવું અતિ આશ્ચર્ય જોઈને કોટવાળ તથા બાબુબા એકદમ ઘોડાને પાછા દોડાવી કેદખાનામાં જોવા ગયા. તો ત્યાં પણ સાઠે કેદીઓ સાથે નાથભક્તને પ્રથમની પેઠે ભજન કરવા બેઠેલા દીઠા. આથી બંને જણ અતિ આશ્ચર્ય પામતા ઘોડા દોડાવતા સરકાર પાસે ગયા અને બધી વાત કરી. તે વાત સાંભળી સરકારતો વિસ્મય પામ્યા અને વિચારમાં પડ્યા. ત્યારે દિવાનજીએ કહ્યું કે, સરકાર ! એ ડોસામાં તો કંઈ ઈન્દ્રજાળ કે જાદુ કરવાનું સામર્થ્ય નથી. પણ એના ગુરુ ગોપાળબાવામાં ઈન્દ્રજાળનું અદ્ભૂત પરાક્રમ છે. એ બાવાને શહેરમાંથી કાઢી મૂકવાનો હુકમ આપ્યો હતો તેનું શુ થયું ? બાબુબાએ કહ્યું કે સાહેબ, મેં સરકારના હુકમ પ્રમાણે એ બધા બાવાને અહિંથી જતા રહેવાનું કહ્યું અને તે બધા તરત જવા તૈયાર થયા. તે વખતે ત્યાં એમના શિષ્ય કલાલી ગામના પાટીદાર હતા. તે ગાડી લઈ આવ્યા, તેમાં ગોપાળબાવા બેસીને બધા બાવા સહિત મારા દેખતાં કલાલી ગામે જતા રહ્યાં. તેને આજે બે ત્રણ દિવસ થયાં છે, છતાં આજે એ જ ગોપાળબાવો અને બધા બાવા નાથભક્તના ચોક વચ્ચે હજારો માણસોની સભામાં પ્રથમની પેઠે બેઠા છે. એ બધાના કપાળમાં ચંદનની અર્ચાઓ છે અને કંઠમાં પુષ્પના હાર પહેરેલા છે. તેમજ કેદખાનામાં પૂરેલા નાથભક્ત પ્રથમના કેદીઓ સહિત એજ રીતે સભામાં બેઠા છે. આવી રીતે કેદીઓને સભામાં બેઠેલા જોવાથી અમે બંને તરત કેદખાના તરફ ગયા તો ત્યાં પણ નાથભક્ત તથા જુના કેદીઓ એ જ રીતે બેઠેલા છે અને ભજન કરે છે. એવું સાંભળીને દિવાનજી બોલ્યા કે તમે કહો છો કે ગોપાળ બાવા વગેરે બધા બાવાને કાઢી મૂકવાથી કલાલી ગામે ગયા છે. અને હાલ કહો છો કે તે નાથ ભક્તના ચોકમાં સભા ભરી બેઠા છે. માટે કલાલી ગામ અહિંથી ત્રણ જ ગાઉ દૂર છે. માટે બંને ઘોડા દોડાવી કલાલી જાઓ, અને પાકી તજવીજથી તપાસ કરો કે ગોપાળ બાવો વગેરે ત્યાં છે કે નહિ ? તે કહે બહુ સારું. પછી બન્ને જણ ઘોડા દોડાવી કલાલી ગયા ત્યાં જુવે છે તો જે રીતે વડોદરામાં નાથભક્તના ચોક વચ્ચે સભા સંતમંડળસહિત સ્વામી બેઠા હતા તે જ રીતે ત્યાં પણ કલાલી તથા તેની પાસેના ગામોના હરિભક્તોની સભા મધ્યે એ જ સંતમંડળે સહિત સ્વામી બેઠા થકા ભગવત વાર્તા કરતા હતા. તે જોઈ બાબુબા તથા કોટવાળ એ બે જણતો દિગમૂઢ થઈ ગયા. પછી

ત્યાંથી તે બન્ને જણ ઘોડા દોડવી શહેરમાં આવ્યા અને નાથભક્તને ઘેર જઈને જોયું ત્યાં પૂર્વની પેઠે જ બેઠેલા દીઠા. તે સભામાં નાથભક્ત તથા બધા કેદીઓ પણ બેઠેલા તેથી બન્ને જણે ત્યાંથી આવી કેદખાનામાં જોયું તો ત્યાં પણ નાથભક્ત તથા બધા કેદીઓ પ્રથમની પેઠે થકાં ભજન કરતા હતા. એ પ્રમાણે અતિ અદ્ભૂત આશ્ચર્ય જોઈ બન્ને જણ વિસ્મય પામતાં ત્યાંથી ઉતાવળા ઉતાવળા સરકાર પાસે ગયા અને બધું વૃતાંત અથતી ઈતિ સુધી કહી સંભળાવ્યું. તેથી સરકાર પોતાના મનમાં વિચાર કરતા ઘૂમ બની ગયા. પછી ત્યાં બેઠેલા દિવાનજી બોલ્યા કે, એ બધી સ્વામિનારાયણની ઈન્દ્ર જાળ છે. હું તમને પ્રથમથી જ કહ્યું છું, પણ સરકાર ! આપના માનવામાં આવતું નથી. એ વાત નક્કી જાણવાની ઈચ્છા હોય તો કેદખાનામાંથી એ નાથ ભક્ત તથા બધા કેદીઓને અહિ તેડાવી પૂછશો તો સ્વામિનારાયણ પોતે પણ એ લોકોની પાસે કેદખાનામાં આવી ગયા હશે તે બધા વાત કહેશે. ત્યારે સરકારે બાબુબા તથા કોટવાળને એ બધા કેદીઓને બોલાવી લાવવા કહ્યું એટલે તે કેદીઓને તેડી લાવ્યા. કેદીઓ સરકારને નમસ્કાર કરી ઉભા રહ્યા. તે સર્વેના કપાળમાં સુગંધીમાન કેસર ચંદનની અર્ચાઓ તથા કંઠમાં ગુલાબ મોગરાના પુષ્પના હાર જોઈને સરકાર તથા ત્યાં બેઠેલા બધા સરદારો, એ સર્વે વિસ્મય પામ્યા. પછી સરકારે નાથભક્તનું સન્માન કરી એક આસન ઉપર બેસાડ્યા અને ધીરે રહીને કહ્યું કે ડોસા ! તમે વૃદ્ધ, ધર્મિષ્ઠ પ્રમાણિક અને સત્યવાદી છો તો ખરી વાત જ કહેશો કે તમને કેદખાને પૂર્યા હતા ત્યાં તમારો પૂજાનો કંડીયો કોણ લાવ્યું. ? તમને બધાને કોણે જમાડ્યા અને તમને ચંદન તથા પુષ્પહાર શી રીતે મળ્યા ? વળી અમારા વિશ્વાસુ આ બાબુબા તથા કોટવાળ કહે છે કે તમે સર્વે કેદખાનામાં ભજન કરતા હતા. તેવી જ રીતે તમારા ચોકમાં ગોપાળબાવા પોતાના બધા સાધુ સહિત સભા કરી બેઠા છે, તે સભામાં તમે સર્વે પણ બેઠેલા હતા અને તે જ વખતે કલાલી ગામમાં પણ ગોપાળબાવા પોતાના સાધુઓ સાથે સભા કરી બેઠા હતા. આ બધી વાત આશ્ચર્ય ચકિત કરનારી છે. આ બધું આશ્ચર્ય તમે પોતે કરો છો કે ગોપાળબાવા કરે છે કે તમારા બેના ગુરુ સ્વામિનારાયણ કરે છે. તે તમે જાણતા હો તો અમને સવિસ્તાર કહો. ત્યારે નાથભક્ત બોલ્યા કે, સરકાર ! સ્વામિનારાયણ પોતે સાક્ષાત્ પરમેશ્વર છે. અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે. કાળ, કર્મ, માયાના નિયંતા અને પ્રેરક પ્રવર્તક છે. સર્વ જીવને કર્મ ફળના આપનારા છે અને

અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ અને લય તેને સંકલ્પ માત્રે કરે છે. એવાએ અતિ સમર્થ ભગવાન છે. તેમને વિષે અનેક પ્રકારના ઐશ્વર્ય, અનંત ચમત્કાર, અનંત યોગકળાઓ, અનંત સામર્થ્ય, અનંત કલ્યાણ ગુણ, અનંત પ્રતાપ, અનંત પરાક્રમ અને અપાર દિવ્ય વિભૂતિઓ છે, એવા અનંત કોટી કલ્યાણકારી, શુભ ગુણના સમુદ્ર પોતે એ સાક્ષાત્ શ્રીહરિ છે. તે અતિ દયા વડે આ કળિયુગમાં અનંત જીવોને મોક્ષ કરવા પોતાના મુક્ત મંડળ સહિત મનુષ્યાકૃતિ ધારણ કરીને હમણાં પૃથ્વીને પાવન કરતા વિચરે છે. તેમનો જે જીવ આશ્રય કરે છે તે પરમપદ જે મોક્ષ તેને નિશ્ચે પામે છે. અહિં જે ગોપાળાનંદ સ્વામી છે તે તેમના તમામ સંતમાં અતિ મોટા પ્રતાપી અને ભગવાન જેવા છે. એમના જેવા પ્રતાપી બીજા ઘણા સંતો છે. અને મારા જેવા તો એ મહાપ્રભુના લાખ્ખો ભક્તો છે. એ ભક્તો પણ શ્રીહરિના અતિ દૃઢ આશ્રયના પ્રતાપ વડે જેમ ધારે તેમ કરવા સમર્થ છે. અને સર્વે સત્ય સંકલ્પ છે અને હું તો એ મહાપ્રભુના સર્વે ભક્તોનો દાસ છું. તેમના આગળ અતિ તુચ્છ અને કંગાળ જવો છું. મારે વિષે કંઈ પ્રતાપ કે સામર્થ્ય નથી જે જે અદ્ભૂત ચમત્કાર જણાય છે. તે બધા એ મહાપ્રભુના છે. એક ઠેકાણે રહેતા થકા અનંત ઠેકાણે દેખાવું. આ બ્રહ્માંડમાં રહ્યા થકા બીજાં અનંત બ્રહ્માંડમાં જ્યાં જેને જેમ દર્શન આપવા ઘટે ત્યાં તેને તેવી રીતે દર્શન આપવા તથા પોતાના ભક્તોને પણ એક ઠેકાણે રહેલા છતાં અનેક ઠેકાણે દેખાડવા ઈત્યાદિક બધું ઐશ્વર્ય અક્ષર ધામમાં અખંડ વિરાજમાન એ પુરુષોત્તમ નારાયણ છે. તેમને વિષે રહ્યું છે. તેજ મહાપ્રભુ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરી આશ્ચર્ય કારી અનંત લીલાઓ કરી અનંત જીવનો ઉધ્ધાર કરે છે. તેને દૈવી તથા ભગવાનના આશ્રિત જનો જાણે છે. પણ બીજા જાણી શક્તા નથી. જે આસુરી અને કુમતિ જીવ છે તે એ ભગવાનને વિષે રહેલા કલ્યાણકારી ગુણ અને આશ્ચર્યકારી લીલાચરિત્ર જોઈને એ તો ઈન્દ્રજાળ છે. એ તો જાદુ કરે છે, એણે તો બાબરીઓ ભૂત સાધ્યો છે. એ તો ઢોંગી અને પાખંડી છે. એવા એવા દુષ્ટ આક્ષેપો વડે મહાપ્રભુની નિંદા કરી તે અભાગિયા જન ભગવાનથી વિમુખ રહે છે અને મરીને ઘોર નર્કમાં પડે છે. માટે હે સરકાર ! તમે તો પૂર્વના અતિ તપસ્વી મોટા યોગીરાજ અને મહાપુણ્યવાન છો તેથી એ મહાપ્રભુના આશ્રિત થાઓ, અહિં જે ગોપાળાનંદ સ્વામી મહામુનિવર છે તેમના દર્શન અને સમાગમ કરો. જેથી મનુષ્ય દેહ મળ્યાનો અલભ્ય લાભ

પ્રાપ્ત થશે અને આ રાજ્ય સુખ તથા દેહ દૈહિક વસ્તુ તે તો ક્ષણિક હોઈ અંતે અપાર દુઃખનું કારણ છે. એમ કહી નાથભક્ત મૌન થયા.

પછી મહા અહંકારી દિવાનજીએ નાથભક્તને મશ્કરીમાં કહ્યું કે નાથ ભક્ત ! તમે તો બ્રહ્મરૂપ, છો તેથી બહુ સારું જ્ઞાન કહ્યું ત્યારે ચાર વેદ તો તમારે કંઠે પાઠ હશે ખરું ને ? ત્યારે નાથ ભક્ત બોલ્યા કે દિવાનજી હું વૈશ્ય વર્ણ (પાટીદાર) છું. તેથી મારાથી વેદ બોલાય નહિ. પણ મારા સ્વામિનારાયણ મહાપ્રભુના પ્રતાપથી ચારે વેદ મારા હૈયામાં રમી રહ્યા છે. તે જો તમે બ્રાહ્મણ હોત તો તમારા મુખથી ભણાવત, પણ આ બધા કેદીઓ ઉભા છે તેમાં બે બ્રાહ્મણ છે. તે ગામડાના ખેડૂત અને જડ જેવા છે. તેમને સંધ્યા ગાયત્રી પણ આવડતી નથી. તમે કહો તો તેને વેદ ભણાવું, ત્યારે દિવાનજી એ તે બેને પૂછ્યું કે તમારા બેના કયા વેદ છે. અને શા કારણથી કેદમાં પડ્યા છો ? તેમાંથી એક બોલ્યો કે હું ઔદિચ્ય, સહસ્ર યજુર્વેદિ બ્રાહ્મણ છું, મારી મા સાથે વઢતાં તેના માથામાં સાંબેલું મારવાથી તે મરી ગઈ. તેથી સરકારે મને જન્મટીપ બંદીખાનામાં નાંખ્યો છે. બીજો બોલ્યો કે હું ખેડાવાળ ઋગવેદ બ્રાહ્મણ છું. મારા મામાનું વતન લેવા તેના છોકરાને મેં ઝેર દઈને મારી નાંખ્યો. તે કારણથી હું જન્મટીપ કેદખાનામાં છું. ત્યારે દિવાનજી બોલ્યા કે આ બે જણ તો હત્યારા અને મહાપાપી છે. એમને વેદ બોલવાનો અધિકાર નથી. પછી નાથભક્તે કહ્યું, કે એમણે ગમે તેટલી હત્યાઓ તથા મહાપાપ આદિ અનેક પાપના સમુહ કર્યા હશે તો પણ મારા સમાગમથી એ સર્વે વર્તમાન ધારી સત્સંગી થયા છે અને હવે જીવન પર્યંત નિયમ પાળશે. વળી મહાપ્રભુએ એ સર્વેને દિવ્ય દર્શન આપ્યા છે. પ્રસાદ જમાડ્યા છે. પ્રસાદી ચંદન તથા પુષ્પના હાર પહેરાવ્યા છે. ઈત્યાદિક સાક્ષાત્ ભગવાન તથા ભગવાનનો ભક્ત જે હું તેમના સંબંધ થકી આ બધા કેદીઓનાં અનંત જન્મના પાપ, બળીને ભસ્મ થઈ ગયા છે. હવે તો એ બધા કેવળ બ્રહ્મની મૂર્તિ, તેમજ વેદ મૂર્તિ છે. પ્રત્યક્ષ ભગવાનના સંબંધને જે જે પામે છે તે સર્વે માયાના ગુણે રહિત - નિર્ગુણ થયા જાણવા. માટે એ સર્વેને વેદ વેદાંતનો અધિકાર છે. તો પણ મોટા પુરુષોએ કરેલા શાસ્ત્ર છે તેની મર્યાદા પાળવા પૂર્વક બ્રાહ્મણના મુખથી જ વેદ મંત્રનું ઉચ્ચારણ થાય, માટે તમે સુઝે તેવા અભણ અને જડ જેવા બ્રાહ્મણને બોલાવશો તો પણ તેના મુખથી હું મારા ઈષ્ટદેવ જે સ્વામિનારાયણ ભગવાન તથા મારા પરમગુરુ

જે ગોપાળાનંદસ્વામી તેમના પ્રતાપથી ચારે વેદના મંત્ર બોલાવીશ. એવું સાંભળી સરકાર તથા દિવાનજીએ મળી દેવ મંદિરમાં નિત્યે પાણી ભરનારા (કાવડો લાવનારા) ગામોટ અને જડ બુદ્ધિવાળા પાણકા મજૂર બ્રાહ્મણો હતા, તેમાંથી બે જણને ત્યાં બોલાવીને બેસાડ્યા તેમને પૂછ્યું કે, તમે કંઈ ભણ્યા છો ? તે બોલ્યા કે ના માલાજ, અમે પન્યા નથી, અમાલી, નાતમાં કન્યાની અચત છે. વળી સરકારે હસીને પૂછ્યું કે કાંઈ આંક અક્ષર જોયા છે. ? તો કહે હા, માલાજ, આંખે લસકર જોયાં છે. વળી પૂછ્યું કંઈ લખતાં વાંચતા આવડે છે. ? તો કહે હા માલાજસ, બકતાં નાચતાં થોડું થોડું આવરે ચે. વળી પૂછ્યું વેદ પુરાણ જાણો છો ? તો કહે કેદ કલ્યાણની ખબર નથી. ફરી પૂછ્યું પૂજા પાઠ કરો છો. તો કહે પૂંજા અમે વારીએ અને પાટ તો સુતાલ કરે ચે. પછી સરકાર બોલ્યા કે આ તો મોદક મિષ્ટાન્ન માગે એવા છે. તો કહે માલાજ તમાલા પલતાબતી રોઝ મોં માં દફ દફ મસ્તાન માણીએ ચીયે. પછી સરકાર બોલ્યા કે ના આ તો કેવળ પશુ જેવા જડ છે. તે વેદ બોલશે ? ત્યારે નાથ ભક્તે કહ્યું કે સરકાર, ભગવાન તથા ભગવાનના એકાંતિક ભક્ત તો કાષ્ટ પાષણને પણ ચૈતન્ય આપી હાલતું ચાલતું કરે, તો આ સજીવને મુખ વેદ બોલાવે એમાં શું આશ્ચર્ય છે ? એમ કહી નાથ ભક્તે પોતાના કોટમાં શ્રીહરિએ પહેરાવેલા પુષ્પના હાર તે બે બ્રાહ્મણોની છાતીએ અડાડ્યા અને કહ્યું કે હવે તમે બે સાથે યજુર્વેદ સંહિતા બોલો. પછી તે બંને જણ સાથે ઋચા લઈ સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચારથી વેદના મંત્ર ભણવા લાગ્યા. તે સાંભળી સરકારના દેવ ઘરમાં પાઠ પૂજા ને કથા વાચનારા મોટા મોટા વેદ શાસ્ત્ર ભણેલા વિદ્વાનો હતા તે ત્યાં દોડી આવ્યા. અને જડ જેવા પાણી ભરનારા પાણકા કાળા અક્ષરને કુટી મારે એવા તથા પ્રાકૃત ગુજરાતી ભાષા પણ જેને ચોખ્ખી બોલતાં મુદ્લે આવડે નહિ એવાને સ્પષ્ટ અક્ષરે વેદ બોલતા જોઈ સરકારે કહ્યું કે, આ જડ જેવા હતા તે ચૈતન્ય થઈ ગયા ! તે સર્વે બોલ્યા કે સરકાર ! આવું આશ્ચર્ય તો કોઈ કાળે દીઠા કે સાંભળવામાં આવ્યું નથી. આ બે જડ જેવા પાણકાને શુદ્ર જેવું પણ બોલતાં આવડતું ન હોતું, તે સ્પષ્ટ રીતે કાશીના ધનપાઠી વિદ્વાનો કરતાં પણ અતિ ઉત્તમ રીતે વેદમંત્ર ભણે છે. ! પછી તેમણે યર્જુવેદના ચાલીસ અધ્યાયમાંથી પરીક્ષા લેવા જે જે અધ્યાયના મંત્ર પૂછ્યા તે સર્વ મુખ પાઠ ભણી દેખાડ્યા. પછી ઋગવેદ સંહિતના સાઠ અધ્યાયમાંથી પૂછ્યા તે પણ મુખપાઠ

ભણ્યા. ત્યાર પછી સામવેદ અને અર્થવેદના મંત્રો પણ એ જ રીતે ભણ્યા. ત્યારે સરકારે તેમને બંધ રખાવીને જે બે કેદી બ્રાહ્મણો બેઠા હતા તેમને બોલવાનું કહ્યું પછી નાથભક્તે કહ્યાથી તે બે ગામોટ ખેડૂત બ્રાહ્મણોએ પણ એજ રીતે સ્પષ્ટ પણે ચારે વેદના જે જે મંત્રો વિદ્વાનોએ પૂછ્યા તે સર્વે મુખ પાઠ ભણી દેખાડ્યા. પછી સર્વે વિદ્વાનો બોલ્યા કે સરકાર ? આ તો અતિ મોટું અદ્‌ભૂત આશ્ચર્ય કહેવાય પછી સરકારે તે ચારે બ્રાહ્મણને પાંચસે પાંચસે રૂપિયાનાં કડાં સાંકળીયો અને શેલા પાઘડીઓના પોષાક તથા પાંચસો પાંચસો રૂપિયા રોકડા દક્ષિણા એ રીતે ચારે જણને ચાર હજાર રૂપિયાની વિદાયગીરી આપીને વિદાય કર્યા. તેમાં દેવ ઘરના માણસ તો પછી પાછા હતા તેવા જડ થઈ ગયા અને પેલા એ કેદી બ્રાહ્મણ તો સત્સંગી થયા હતા, તે પછી શુક્લ વૃત્તિ કરતા અને મંદિરમાં સ્વામી પાસે બેસતા તથા નિત્યે દેવનાં દર્શન કરતા. હવે નાથભક્તને સરકારે દશ હજાર રૂપિયા રોકડા તથા પાંચ હજારના કડાં મોતીની માળા અને પાઘડી તથા શાલ જોટો વગેરે આપવા મંગાવ્યું. તે જોઈ નાથભક્ત ગભરાઈને બોલ્યા કે, સરકાર તમે મને કેદ કર્યો. હતો. તેમ જીવતા સુધી કેદ રાખશો તો હું અતિ પ્રસન્ન છું. કારણ કે કેદખાનામાં પણ મારા મહાપ્રભુ મને દર્શન આપી મારી નિરંતર સંભાળ રાખે અને આ કળીરૂપ બલા મને વળગાડશો તો પછી મહાપ્રભુનો મારે કોઈ દિવસ યોગ રહેશે નહિ, તેથી હું અતિ કષ્ટ પામીશ અને અપાર દુઃખિયો થઈશ. માટે મને ગરીબ ભક્તને સુખીયો રાખવો હોય તો કૃપા કરીને એ પાપ મને દેખાડશો નહિ.

પછી સરકાર હાથ જોડી પગે લાગ્યા અને બોલ્યા કે, નાથ ભક્ત ! તમે મોટા ભગવદી છો. અને તમને કેદ કરાવ્યા તેથી તમને બે ઉપવાસ થયા. તે અમારો અપરાધ ક્ષમા કરજો. ત્યારે નાથ ભક્તે કહ્યું કે સરકાર એ તો તમે મારું અતિશય પ્રિય કર્યું છે. કેમ કે કેદ થવાથી મને શ્રીહરિએ પ્રત્યક્ષ દર્શન આપ્યા. મુકુંદ બ્રહ્મચારીએ દર્શન આપ્યા. બાળકૃષ્ણની પૂજાનો કંડીઓ લાવી આપ્યો. ચરણકમળમાં અખંડ રહેલી મહાગંગાના જળથી સ્નાન કરાવ્યું, મેં શ્રીહરિની તથા બાળકૃષ્ણની મહાપૂજા કરી, મને તથા આ બધા કેદીઓને શ્રીહરિએ પ્રસાદ જમાડ્યો અને સર્વને પ્રસાદી ચંદન તથા પુષ્પના હાર આપ્યા. એ રીતે શ્રીહરિએ મને અપાર સુખ આપ્યું છે. માટે હું તો કેદ બંધન નિરંતર ઈચ્છું છું. હવે આ બધા કેદીઓ પાપ રહિત અતિ નિર્મળ થયા છે અને સારા સત્સંગી થયા છે.

એમ કહી પોતે ત્યાંથી સરકારની રજા લઈ મંદિરમાં ગયા. ત્યાં જઈ દેવને તથા સ્વામીને સાષ્ટાંગ પ્રણામ કરી સભામાં માળા ફેરવવા બેઠા. પછી સ્વામીએ સર્વેને કહ્યું કે જુઓ આ નાથભક્તે કેદમાં પડીને કેદીઓને છોડાવ્યા. અને સત્સંગ કરીને ભવ બંધનથી પણ છોડાવ્યા. પછી સરકારે નાથભક્તે ન લીધેલી દેણગીમાંથી બધા કેદીઓ પૈકી પ્રત્યેક જણને અઢીસો રૂપિયા રોકડા તથા શેલા પાઘડી ઈનામ આપી. સર્વને નમસ્કાર કરી પોત પોતાને ઘેર જવાની રજા આપી. તે સર્વે સ્વામિનારાયણનો જય બોલતા સરકારને પગે લાગીને ત્યાંથી મંદિરમાં જઈ સ્વામીના દર્શન કરી ઘેર ગયા. એ રીતે શ્રીહરિ, ગોપાળાનંદ સ્વામી, મુકુંદ બ્રહ્મચારી તથા નાથભક્તના માહાત્મ્યની આ દિવ્ય ચરિત્ર કથાને જે પ્રીતિ વડે સાંભળશે તે મનુષ્ય સર્વ પ્રકારના બંધનથી મૂકાશે અને અંતે દિવ્ય ધામ પામશે.

## મોટાને ચમત્કાર

વડોદરા શહેરમાં રામચંદ્ર અને હરિચંદ્ર એ ભાઈ સરકારના માનવંતા, સારા પ્રતિષ્ઠિત રાજવૈદ્ય હતા. તેઓ શાસ્ત્રના પારને પામેલા મહા વિદ્વાન અને મોટા ધનવાન હતા જાતે માળવી શ્રીગોડ બ્રાહ્મણ હતા. એક દિવસ રામચંદ્ર વૈદ્ય પોતાની બળદગાડીમાં બેસીને સરકારના હરિભટ્ટ શાસ્ત્રી ઘણા માંદા હતા. તેમને ઘેર ફતેપુરમાં ઔષધ આપવા જતા હતા, ત્યાં જતાં રાજમાર્ગની પાસે ઘણા માણસોની સભા ભરાયેલી જોઈને પૂછ્યું કે અહિં શું છે. ? લોકોએ કહ્યું કે, એ તો ગોપાળાનંદ સ્વામી બેઠા છે. તે સ્વામિનારાયણની વાતો કરે છે. તે સાંભળી ગાડીવાનને કહ્યું કે, ગાડી ઉતાવળથી હાંક્ય, એ બાવાના શબ્દ જો કાને પડશે તો ગાંડા થઈ જઈશું. એટલામાં ગાડીના ચાલતા બળદ ત્યાં જ સજ્જડ થઈ ગયા. તે મુદ્દલ ચાલ્યા જ નહિ. બળદ જબરા હતા અને ગાડીવાંને પરોણી મારી મારીને લોહી કાઢ્યું અને ઘણો પ્રયત્ન કર્યો. પણ બળદ ત્યાંથી જરા પણ ખસ્યા નહિ. પાછા વાળવા માંડ્યા તો પાછા વળ્યા નહિ. તેથી વૈદ્યરાજે ગાડીમાંથી ઉતરી પગે ચાલી જવા માંડ્યું , તો તેમના બે પગ ભારે પથ્થરની પેઠે ચોંટી ગયા તે ઉપડ્યા જ નહિ. ઘેર પાછા જવાનું કર્યું. તો પણ પગ ઉપડ્યા નહિ. આગળ પાછળ જવાયું નહિ. તેથી વિચાર કરી હિંમત રાખીને બીતા બીતા સભામાં સ્વામી તરફ જવા માંડ્યું, એટલે બંને પગ ફૂલની પેઠે ઝટપટ ઉપડ્યા અને સ્વામી પાસે ગયા. સ્વામીએ સત્કાર પૂર્વક “આવો વૈદ્યરાજ”

એમ કહી આસન ઉપર બેસાડ્યા. તે નમસ્કાર કર્યા વગર જ બેઠા. પોતે સરકારના માનીતા રાજવૈદ્ય હોવાથી અનેક તર્ક વડે ચંચળ વૃત્તિ વાળા હતા. પણ આસન પર બેસતાં જ પછી સ્વામીએ શ્રીહરિના મહિમાની વાતો કરવા માંડી તે થોડી સાંભળી, પછી બોલ્યા કે, આ કળિયુગમાં ભગવાન અવતાર ધારણ કરે જ નહિ એ સિધ્ધાંત છે. માટે અમે સ્વામિનારાયણ ભગવાન છે એ વાત જૂઠી માનીએ છીએ. બાકી એ પણ તમારા જેવા કોઈ મોટા પુરુષ હશે. પણ મોટા પુરુષથી લાખ્ખો માણસોને સમાધિયો કરાવી અનેક ધામ દેખાડી શકાય જ નહિ, માટે આ બધી ઈન્દ્રજાળ વિદ્યા છે, તે વિના કોઈ શાસ્ત્રમાં એવી વાત જાણ્યામાં આવી નથી. છતાં અમે બધા શાસ્ત્રીઓ ભેગા થઈને એ વાતનો નિશ્ચય કરીશું પણ હમણા તો મારી સાથે ગાડીમાં બેસીને હરિભટ્ટ શાસ્ત્રીને ઘેર પધારો અને તેમના શરીરે થયેલો મંદવાડ દર્શન આપી કૃપા કરી અમી દૃષ્ટિ વડે મટાડો પછી સ્વામી બોલ્યા કે અમે તેમને દર્શન આપીશું અને મંદવાડ તો હમણાં જ મટી જશે, પણ તમારા મનનો કુસંગના પ્રસંગ રૂપી કાટ ચઢી ગયેલો મંદવાડ છે. તે મટાડતાં ઘણા દિવસ લાગશે. તે કહે મહારાજ ! મારા મનનો મંદવાડ તો ડંકપુરના શ્રી રણછોડરાયે મટાડ્યો છે. અને તેમનો જ દૃઢ વિશ્વાસ છે અને તેમની જ અચળ ભક્તિ કરું છું. પછી સ્વામી બોલ્યા કે, એ જ રણછોડરાય તમને પ્રગટ દર્શન આપી કહેશે તો પણ સંશય રહેશે. પછી ઋતુ વિના ઉત્પન્ન થયેલી ખાટી કેરીની પ્રસાદી માગી લઈને ખાશો ત્યારે જ તમારા કટાયેલા જીવનો કાટ ઉતરશે. તે કહે બહુ સારું એમ કહી સ્વામીને નમસ્કાર કરીને ઉઠ્યા અને કહેવા લાગ્યા કે, મહારાજ મારી સાથે હરિભટને ઘેર ચાલો, તમે તેમને દર્શન આપજો. પછી આપણે જોઈશું કે તમારા દર્શનથી મટે છે. કે મારું ઔષધ ખાવાથી મટે છે. સ્વામી બોલ્યા કે ઠીક કાલે જઈશું. રામચંદ્ર કહે ઠીક, મારે પણ સંધ્યાનો સમય થઈ ગયો છે માટે ઘેર જાઉં છું. એમ કહી ગાડીમાં બેસી ઉતાવળા પોતાને ઘેર ગયા. ત્યાં ચોરા ઉપર હરિભટ શાસ્ત્રીને બેઠેલા જોઈને અતિ આશ્ચર્ય પૂર્વક બોલ્યા કે ઓ હો હો હો ! શાસ્ત્રી બાવા તમે અહીં ક્યાંથી ? તમને તો બે માસ થયા મંદવાડ હતો અને પથારીમાં પાસુ (પડખું) પણ ફરી શકાતું ન હોતું. વળી આજ બપોરે તો તમારો ભત્રીજો કરુણા શંકર ઉતાવળો આવીને મને કહેવા લાગ્યો કે, મારા કાકાનો આખરનો મંદવાડ થઈ ગયો છે, બોલાતું પણ નથી. માટે ત્યાં આવીને હિરણ્યગર્ભની માત્રા પાઓ તો જવાબ

દે અને કંઈ આઘું પાછું મેલ્યું મૂક્યુ કે દાટ્યું હોય તે અમને દેખાડે એટલે બસ, પછી જે થવાનું હોય તેમ ભલે થાય. “જો જાય ખોખું તો ઘર થાય ચોખું” આવું સાંભળીને હું હસીને બોલ્યો હતો કે સૌ સ્વાર્થનું સગું છે પછી ઉતાવળો ગાડી હંકાવી તમારે ઘેર આવતો હતો પણ રસ્તા વચ્ચે પેલા કામણીઆ ગોપાળ બાવાનું ધાંધલ નડ્યું. ત્યાંથી આગળ બળદના પગ ઉપડ્યા જ નહિ. હું ગાડીમાંથી ઉતર્યો તો મારા પગ પણ ચાલ્યા નહિ. અને ત્યાં જ સજ્જડ થઈ ગયા. પછી તે બાવા ભણી જવા માંડ્યું. ત્યારે ઉપડ્યા. તેથી રણછોડરાયને સંભારી હું ત્યાં જઈને બેઠો એટલે તરત મારા ચિત્તની વૃત્તિ સ્થિર થઈ ગઈ. પણ ભાઈ ! મને મોટું આશ્ચર્ય થાય છે કે એ કેવી ઈન્દ્રજાળ હશે ! એ વાત સાંભળી શાસ્ત્રી તો સ્તબ્ધ થઈ ગયા. પછી ધીરા બોલ્યા કે વૈદ્યરાજ ! તમે આ તો શું કહો છો ? એ ગોપાળ સ્વામી થોડીક વાર પહેલા સાધુને લઈને મારે ઘેર આવ્યા હતા. અને મને કહ્યું કે શાસ્ત્રી બાવા વૈદ્યરાજે અમને કહ્યું કે શાસ્ત્રીને મંદવાડ ઘણો છે. તેથી તમને મટાડવા આવ્યા છીએ. એમ કહી મારી આખર વખતની અંત્યેષ્ટ વિધિ કરવાની બંધ રખાવી તથા રોક્કળ કરતાં બૈરાંને બહાર કઢાવી તેઓ બધા સાથે મારી આજુ બાજુ વિંટાઈને બેઠા અને બે ઘડી સુધી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કર્યું. એટલાં વખતમાં તો મારો મંદવાડ કોણ જાણે ક્યાંએ જતો રહ્યો. અને ઘોડા જેવો બળવાન થઈ ગયો. એટલે ઝટ ઊઠીને એ ગોપાળસ્વામીને સાક્ષાત ભગવાન જાણીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા પછી તેમણે મને કહ્યું કે શાસ્ત્રી બાવા તમે હમણાં જ રામચંદ્ર વૈદ્યને ઘેર જાઓ અને તમને તેઓ જે કંઈ પૂછે તે કહેજો. એમ કહી સ્વામી ચાલ્યા ગયા. પછી હું તરત જ ઉતાવળો આવીને તમારી વાટ જોઈ બે ઘડીથી બેસી રહ્યો છું. એ પ્રમાણે શાસ્ત્રી બાવા તથા વૈદ્યરાજ પરસ્પર એક બીજાની વાત સાંભળીને ગૂઢ વિચારમાં પડ્યા. આ વાત સાંભળી ત્યાં બેઠેલા વૈદ્યરાજના પત્ની અમૃતબા બોલ્યા કે જુઓ, હું તમને નિત્ય કહું છું કે તમે પેલા જાદુગર ગોપાળ બાવા પાસે જશો નહિ. એ તો લોકોને રઝળતા રોઝ જેવા કરી મૂકે છે. તો પણ તમે એ રસ્તે ગયા, તો પાંચસે રૂપિયાની બળદની જોડીના પગ ચોંટી ગયા. તમારા પગ ચોંટી ગયા અને હૈયું સજ્જડ કરી નાખ્યું. એ તો રણછોડરાયે સહાય કરી તેથી ઘેર આવ્યા ! હરિભટ્ટ શાસ્ત્રી બોલ્યા કે મને તો મરણ જેવા મહાકાષ્ટના વખતમાં દર્શન આપી સહાય કરી જીવતો

રાખ્યો. માટે મને તો એ ગોપાળ સ્વામી શ્રી રણછોડરાય જેવા જણાય છે. પછી શાસ્ત્રીએ નિરંતર સ્વામી પાસે જવા માંડ્યું. તેથી તેમની વાતો સાંભળી ઉત્તમ સત્સંગી થયા. રામચંદ્ર વૈદ્યે બીજે દિવસે સરકાર પાસે જઈને પોતાની વીતેલી બધી વાત કહી, તથા હરિભટ્ટ શાસ્ત્રીનો મંદવાડ મટ્યો અને તે સત્સંગી થયા તે વાતપણ કહી તે સાંભળી સરકારને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. પછી સરકારે પૂછ્યું કે વૈદ્યરાજ ! એ ગોપાળ બાવાનો ચમત્કાર જોઈને તમને સો નિર્ણય થયો તે કહો. વૈદ્યરાજ કહે મહારાજ, એ ગોપાળ બાવામાં નક્કી સિધ્ધિયોગ છે અને એ કોઈ મોટા મહાત્મા જણાય છે. પણ એમના ગુરુ જે સ્વામિનારાયણ તેમને એ ભગવાન કહે છે. એ વાત મનાય નહિ કારણ કે આ કળિયુગમાં ભગવાન અવતાર ધારણ કરે જ નહિ. ભગવાન તો ડંકપુરમાં એક શ્રી રણછોડરાય છે. અને મારે તેમની જ અચળ ભક્તિ છે. હું કેટલાક વર્ષથી દર પૂર્ણિમાએ તેમના દર્શન માટે ડાકોર જાઉં છું, તથા દર વખતે બ્રાહ્મણોની ચોરાસી કરી યથેષ્ટ ભોજન કરાવું છું. પરમ દિવસે પૂર્ણિમા છે. માટે કાલે ડાકોર જઈશ. એમ કહી સરકારને આશીર્વાદ આપી ઘેર ગયા.

પછી બીજે દિવસે પોતાની ગાડી જોડાવી ચાકર રસોઈયાને સાથે લઈ ડાકોર ગયા અને ત્યાં રાખેલા પોતાના ઘરમાં મુકામ કર્યો. બીજે દિવસે મોટી શરદ પૂર્ણિમા હતી તેથી ઉત્સવની સામગ્રી તથા પુંવા તૈયાર કરાવ્યા. પૂર્ણિમાના દિવસે સવારમાં ગોમતી સ્નાન તથા પોતાનો નિત્યવિધિ કરી શ્રી રણછોડરાયની પૂજા કરી નમસ્કાર કર્યા. રાત્રે મોટી અગાશીમાં સુશોભિત મંડપ કરાવી તેમાં બાળકૃષ્ણને પધરાવી ષોડશોપચારથી પૂજા કરી દૂધ પુંવાનું નૈવેદ્ય ધરી નિરાજન સહિત મહોત્સવ કરી સર્વને મહાપ્રસાદ આપી પોતે જમીને સૂતા. પછી રાત્રે બે વાગે શ્રી રણછોડરાયે ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યા અને કહ્યું કે હે રામચંદ્ર ! તમે વ્રતધારી છો તેથી પૂર્ણિમાંએ મારા દર્શન કરવા માટે અહીં આવો છો. પરંતુ એ તો ઘણાં વર્ષ ઉપર એક બોડાણા નામે મારો પરમ ભક્ત થયો હતો. તેની પ્રેમભક્તિને વશ થઈને હું દ્વારકાથી અહીં આવીને વસ્યો હતો. પરંતુ હવે તેના જેવો એક પણ ભક્ત અહીં રહ્યો નથી. તેથી માત્ર પ્રતિમા રૂપે હું અહીં રહું છું. તેથી જે કોઈ ધર્મ સહિત ભક્તિભાવથી મારી પ્રતિમાંનું દર્શન પૂજન કરે છે. તેને મોક્ષનું બીજ બળ થાય છે.માટે તમારે જો આત્યંતિક મોક્ષની ઈચ્છા હોય તો હમણાં હું મનુષ્યાકૃતિ ધારણ કરીને હજારો મુક્ત મંડળે સહિત

સ્વામિનારાયણ એ નામે પૃથ્વી ઉપર વિચરૂં છું. અને કાઠીયાવાડમાં ગઢડા ગામમાં વિશેષ રહું છું ત્યાં જાઓ. બોડાણો હમણાં અવતાર ધારણ કરીને દામોદર નામથી અમદાવાદમાં રહે છે અને એ પ્રગટ ભગવાનની સેવા પૂજા અને સમાગમ કરે છે.માટે તમે ગઢડે જઈ સ્વામિનારાયણના આશ્રિત થાઓ અને તેમનું ભજન કરો, તેથી તમે સદ્ય જીવન મુક્ત થશો. એમ કહી શ્રી રણછોડરાય ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

પછી રામચંદ્ર અતિ આશ્ચર્ય પામતા ઉઠ્યા અને સ્નાન સંધ્યા કરી સરકારને પત્ર લખી મોકલ્યો કે હું સગાં સંબંધીને મળવાના કારણથી અહીંથી બારોબાર અમદાવાદ જાઉં છું. તેથી એક માસ પછી આપની પાસે આવીશ. એવી રીતે બીજું નિમિત્ત લખી મોકલી પોતે ગાડી જોડાવી, કેટલાક માણસોને સાથે લઈને ગઢડે ગયા. ભાલ પ્રદેશમાં થઈને જતાં રસ્તામાં જે ગામ આવે તેની ભાગોળે ગાડીમાંથી ઉતરી ત્યાં રમતાં છોકરાંને પતાસાં અને સાકરનો પ્રસાદ વહેંચીને પૂછે છે કે અલ્યા છોકરા ! આ પ્રદેશમાં સ્વામિનારાયણ કહેવાય છે તે કોણ હશે ? તો છોકરાં પરસ્પર હસીને બોલે કે જોને અલ્યા ! આ ઘરડા ડોસાના આટલા બધાં વર્ષ છુટી પડ્યાં, સ્વામિનારાયણ ભગવાન છે. તેની હજુ સુધી ખબર જ નથી. એવું સાંભળી હસીને આગળ ચાલ્યા જાય. વળી બીજું ગામ આવે ત્યાં ગાડીમાંથી ઉતરીને ભાગોળે બાઈઓ કૂવે પાણી ભરતી હોય ત્યાં જઈને પૂછે કે બાઈઓ ! આ પ્રદેશમાં સ્વામિનારાયણ કહેવાય છે. તે કોણ છે ? ત્યારે બાઈઓ પરસ્પર બોલે કે જોને ! ઘૈડા બુઢ્ઢા થયા તોય ગુઢ (ઘુવડ) જેવા રહ્યા. સ્વામિનારાયણ ભગવાનને આખું જગત જાણે છે. તોય આવા અબુધ લોક રહ્યા છે ! વળી બીજે ગામ ચોરામાં ખેડૂત લોક ભેગા થઈ બેઠા હોય તેમને પૂછે કે આ પ્રદેશમાં સ્વામિનારાયણ કોણે છે ? તો તે લોકો કહે જરા ઉંચુ જુઓ ઊંચું ? રાત છે કે દહાડો ? તો કહે દહાડો છે. શાથી દહાડો કહો છો ? ત્યારે રામચંદ્ર કહે સૂર્ય નારાયણનો પ્રત્યક્ષ પ્રકાશ થઈ રહ્યો છે તેથી. ત્યારે લોકો કહે સ્વામિનારાયણ ભગવાનનો પ્રત્યક્ષ પ્રકાશ આખા બ્રહ્માંડમાં છવાઈ રહ્યો છે. તોય તમારા જેવા વિદ્વાન બ્રાહ્મણને સૂઝતું નથી, તો હવે કીયે જન્મે સૂઝશે ? એ રીતે ઘણાં ગામોમાં પૂછતાં અને તેનો સર્વ તરફથી જવાબ મળતો કે સ્વામિનારાયણ ભગવાન છે, તે ગઢડામાં રહે છે. ત્યાં જઈ તેમના દર્શન કરો અને સત્સંગી થાઓ. એમ પૂછતાં પૂછતાં ગઢડાના સીમાડામાં

આવ્યા કે તરત જ તેમના બધાં સંકલ્પ બંધ થઈ. અંતઃકરણમાં સત્યુગનો ધર્મ પ્રવર્ત્યો અને જીવને સુખ શાંતિ થઈ પછી ગાડીમાંથી ઉતરીને ચાલતાં ગામમાં દરબારમાં આવ્યાં ત્યાં સભા મધ્યે ઉંચા સિંહાસન ઉપર વિરાજમાન થયેલા શ્રીહરિને જોઈને "एकोडपि कृष्णस्थ कृतः प्रणामो" એ પાંડવ ગીતાનો શ્લોક બોલીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તેમને શ્રીહરિએ ઉઠાડ્યા અને કુશળ સમાચાર પૂછી સભામાં આસન નંખાવી આગળ બેસાડ્યા. પછી વૈદ્યરાજે પોતાના મનમાં સંક્લ્પ કર્યો કે આસો માસ છે. તેમાં આંબાને કેરી આવે નહિ, માટે આ વખતે જો મહારાજ મને કાચી કેરીઓ ખાવા આપે તો એ પોતે નક્કી રણછોડરાય ભગવાન છે એમ હું જાણું એટલામાં ગુજરાતમાં ફરવા નીકળેલા સાધુ શ્રીહરિના દર્શન માટે ત્યાં આવ્યા. તેમણે પૂજાની ઝોળીઓ તથા તુંબડા સભા વચ્ચે ઉતારી મૂકીને શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. શ્રીહરિ બાથ ભરીને મળ્યા અને કહ્યું કે તમે ગુજરાતમાંથી અમારે સારૂ નવી ભેટ લાવ્યા હો તો આપો. સાધુ હસીને બોલ્યા કે મહારાજ અમે મહેળાવ ગામ આગળ થઈને આવ્યા. ત્યાં કોઈ એક ભક્ત જતો હતો. તેણે કહ્યું કે મારો એક આંબો છે. તેને ભગવાનની કૃપાથી આ ઋતુમાં કેરીઓ આવી છે. આ છ કેરીઓનું ઝુમખું હું છોકરાં માટે તોડી લાવ્યો છું. તે તમે લઈ જાઓ અને ભગવાનને આપજો. એમ કહીને ગળણે વીંટીને તુંબડામાં મૂકેલું કેરીઓનું ઝુમખું કાઢીને શ્રીહરિ પાસે મૂક્યું. શ્રીહરિએ તે ઝુમખામાંથી ત્રણ કેરી વૈદ્યરાજના જમણા હાથમાં મૂકી અને બાકીની ત્રણ ડાબા હાથમાં મૂકતાં તે ત્રણે અદૃશ્ય થઈ ગઈ. તે જોઈ સર્વેને અહીં આશ્ચર્ય થયું. પછી શ્રીહરિ એ કહ્યું કે વૈદ્યરાજ ! બહુ કાળથી જીવને કુસંગનોકાટ ચઢી ગયો છે. તે આ કેરીઓની ખટાશથી ઉતરી જશે. માટે એ કેરીઓ જમી જાઓ શ્રીહરિની આજ્ઞા થવાથી પોતે મોટા માણસ છતાં પણ સભા વચ્ચે સૌના દેખતાં તે જણ બાઝ્યા ને ત્રણે નાની કેરી ઝટઝટ ખાઈ ગયા અને બોલ્યા કે મહારાજ હવે મારા જીવનો બધો કાટ ઉતરી ગયો કારણ કે હવે તે નિર્મળ અને પ્રકાશમાન જણાય છે. એટલું બોલતામાં વૈદ્યરાજને સમાધિ થઈ ગઈ. તેમણે કોટી સૂર્યચંદ્રના પ્રકાશને ઝાંખો કરી નાખે તેવું અક્ષર બ્રહ્મનું તેજ દીઠું. તેમાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન અને ચારે પાસ અસંખ્ય તેજોમય મુક્ત ભરાઈને બેઠા છે. એવા મહા તેજોમય અને અપાર ઐશ્વર્ય સહિત દિવ્ય મૂર્તિ શ્રીહરિને દીઠા. તેમના દર્શન કરતા હાથ જોડીને સન્મુખ ઉભા થકા આનંદના

સમુદ્રમાં નિમગ્ન થઈ ગયા. પછી શ્રીહરિ મંદ હાસ્ય સહિત બોલ્યા કે હે રામચંદ્ર ! તમે જે રણછોડરાયની ભક્તિ કરી છે તે તો અમારી મૂર્તિ છે, તેમજ ગોલોક વૈકુંઠાદિક ધામમાં પણ અમારી જ મૂર્તિઓ રહેલી છે. તથા કેશવાદિક ચોવિશ મૂર્તિઓ અને વરાહાદિક અવતાર તે સર્વે અમે જ ધારણ કર્યા છે. માટે એ સર્વેના મૂળ કારણ તો અમે અમારા સર્વ મુક્ત મંડળ તથા ઐશ્વર્ય સહિત પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરી અસંખ્ય જીવના કલ્યાણ કરવા વિચરીએ છીએ. એમ કહીને પૂછ્યું કે જુઓ ! આ તમારે ડાબે પડખે એક અમૃત મુક્ત ઉભા છે તેમને તમે ઓળખો છો ? તો કહે કે હે મહા પ્રભો ! હું તો આ અનંત કોટી મહાતેજોમય મુક્ત છે. તે સર્વેને અમૃતમય જ દેખું છું અને તેવા જ એ મુક્ત પણ છે. પછી તે પડખે ઉભેલા મુક્તને પૂછ્યું કે તમે આ રામચંદ્રને ઓળખો છો ? તો તે કહે છે હે મહારાજ ! હું તો આ તમારા સર્વે મુક્તને રામચંદ્ર અને શ્રીકૃષ્ણરૂપ જ દેખું છું. પછી શ્રીહરિએ હસતા થકા તે બંને મુક્તના હાથમાં અતિ શોભાયમાન અને મહાસુગંધીમાન પારિજાતકનું એક પુષ્પ આપ્યું. પછી તે સમાધિમાંથી જાગ્યા ત્યારે તે દિવ્ય પુષ્પ હાથમાં રહેલું હતું. તેની સુગંધી બધી સભામાં પ્રસરી રહી હતી.

પછી વૈદ્યરાજે તે સભામાં ઉઠીને શ્રીહરિને ઘણા દંડવત્ પ્રણામ અતિ પ્રેમ ભક્તિ વડે હાથ જોડીને ગદ્ગદ્ કંઠે બહુ સ્તુતિ કરી. પછી અતિ પ્રસન્ન વદને હાથ જોડીને સન્મુખ બેઠા અને બોલ્યા કે હે મહાપ્રભો ! હવે મને કૃપા કરીને દીક્ષા આપો અને તમારી સેવામાં રાખો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમને મહાદીક્ષા આપ્યા વિના પણ તમે મુક્ત જ છો. માટે અમારી આજ્ઞાથી તમે ગૃહસ્થાશ્રમમાં જ રહો. તમારા દ્વારે બીજા ઘણા જીવનો સમાસ થશે તેમજ રાજદરબારમાં તમે પ્રતિષ્ઠિત અને સંભવિત ગૃહસ્થ છો તેથી ત્યાંની પણ ઘણી શોભા છે. પછી વૈદ્યરાજે કહ્યું કે હે કૃપાનાથ ! હું તમારા સમીપ રહુ તો નિરંતર તમારી પ્રત્યક્ષ સેવા પૂજાનો મને અલભ્ય લાભ મળે. ત્યારે એ સભામાં બેઠેલા નારાયણજીભાઈ પાસે શ્રીહરિએ પોતાની બે મૂર્તિઓ મંગાવી અને તેમાંથી એક મૂર્તિ જમણા હાથે લઈને વૈદ્યરાજના હાથમાં આપી અને ડાબા હાથમાં બીજી લઈને લાંબે હાથે બીજા મુક્તને આપી, તે ત્યાં જ અદૃશ્ય થઈ ગઈ. પછી શ્રીહરિ બોલ્યા કે આજે અમારું સ્વરૂપ તમને આપ્યું તેમાં અમે પ્રત્યક્ષ બિરાજમાન છીએ, તેની તમે શ્રધ્ધા ભક્તિ વડે નિરંતર સેવા પૂજા તથા નૈવેદ્ય કરજો. તે અમે પોતે અંગીકાર કરીશું. અને

એમાં રહ્યા થકા સર્વ પ્રકારે સુખ આપીશું. વળી ગોપાળાનંદ સ્વામી વિષે પણ અમારો ભાવ રાખજો. તો કહે બહુ સારુ મહારાજ ! પછી શ્રીહરિએ વૈદ્યરાજને ગઢપુરમાં પોતાની પાસે બાર દિવસ રાખીને અલૌકિક સુખ આપ્યું અને અપાર ઐશ્વર્ય દેખાડ્યું. દાદા ખાચરે પણ તેમની ભોજન વગેરેમાં ઘણી સેવા બરદાસ કરી હતી. પછી શ્રીહરિએ સાધુના મંડળને ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા કરી, તેમની સાથે વૈદ્યરાજને પણ ઘેર જવાની રજા આપી. ત્યાંથી વડોદરે પાછા આવતાં વૈદ્યરાજ રસ્તામાં વિચાર કરે છે કે અહો ! મારા ભાગ્યનો તો પાર જ નથી. હું તો પૂર્ણકામ જ થઈ ગયો. ધન્ય પ્રભુ ! ધન્ય મહા પ્રભુ ! તમે મારાં કમ ભાગ્યથી મને સેવામાં નહિ રાખતાં કલેશ રૂપ સંસારમાં રહેવાની આજ્ઞા આપીને ઘેર મોકલ્યો, તે વચન માથે ચઢાવીને હું ઘેર જાઉં છું. તો ખરો, પણ ઘેર બૈરું માણસ કેવળ અજ્ઞાની અને કલેશ કરનાર છે. તે સત્સંગનો ઘણો દ્વેષ કરે છે. ગોપાળાનંદ સ્વામી પાસે જવા મને ઘણી વખત વાર્યો હતો, ને હવે હું સત્સંગી થયો અને તમારી પૂજા સેવા તથા ભજન પ્રગટ રીતે કરીશ તેથી મને ઘણાં મહેણાં મારી તથા કલેશ કરી સંતાપશે અને પેટ પાણી પણ પડવા નહિ દે, માટે તેના પર કૃપા કરો જેમ તેને સત્સંગ થાય અને તમારું ભજન કરે એવી દયા કરજો. એટલે મારાથી તમારી આજ્ઞા પ્રમાણે સંસારમાં રહીને સુખેથી તમારું ભજન થાય. જો તેમ નહિ થાય તો હું ઘેર જઈશ ત્યારે તમારી ભક્તિ કરતો દેખીને સંતાપશે અને તમારી અવજ્ઞા કરશે, તો તેને તેના બાપને ઘેર કાઢી મૂકીશ, અથવા તો હું જ પાછો તમારા ચરણારવિંદમાં આવીને પડી રહીશ. આવો ઠરાવ કરતા ઘેર આવ્યા.

ગાડીમાંથી ઉતર્યા અને ઘરમાં પ્રવેશ કર્યો તો તરત જ ત્યાં આરતી થતી હતી. તેના ઘંટ તથા ઘડિયાળના નાદ સાંભળ્યા. તેમજ પોતાના ચોકમાં મોટાં મોટાં મુક્ત બાઈઓ જે મોંઘીબા, પાર્વતીબા, ગંગાબા, ઉમિયાબા, જમનાબા, ઈચ્છાબા, ઈત્યાદિ સેંકડો બાઈઓને હાથની તાળીઓ વગાડીને જય સદ્‌ગુરુ સ્વામી, જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ, એ આરતી બોલતાં દીઠાં, તથા પોતાનાં પત્ની જે અમૃતબા તેમને અતિ પ્રેમ ભક્તિ વડે શ્રીહરિની આરતી ઉતારતાં દીઠાં, તેથી પોતે અતિ આશ્ચર્ય પામી ખડકીમાં જ્યાં ઉભા રહીને જોતા હતા ત્યાં જ સજ્જડ થઈ ગયા. પછી અમૃતબાએ પુષ્પાંજલિ સહિત શ્રીહરિની અતિ પ્રેમથી રોમાંચિત ગાત્ર વડે ગદ્ ગદ્ કંઠે અપાર સ્તુતિ કરી પંચાંગ નમસ્કાર

કર્યા. પછી સર્વ બાઈઓએ પણ એ જ રીતે સિહાસનમાં પધરાયેલી શ્રીહરિની મૂર્તિના ચરણારવિંદનો તથા પારિજાતકના પુષ્પનો સ્પર્શ કરીને નમસ્કાર કર્યા. તે સમયે તાજા પુષ્પનો સુગંધ ત્યાં અપાર મ્હેંકી રહ્યો હતો. આ બધું અદ્‌ભૂત આશ્ચર્ય જોઈ વૈદ્યરાજ, ધન્ય મહાપ્રભુ ! ધન્ય મહાપ્રભુ ! એમ બોલતા બોલતા ઘરમાં ગયા અને બાઈઓને નમસ્કાર કર્યા. બાઈઓએ પણ વૈદ્યરાજના લલાટમાં ચાંદલે સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક, હાથમાં માળા અને મુખથી સ્વામિનારાયણ ! એ મહામંત્ર બોલતા એકાંતિક ભક્તનાં લક્ષણ યુક્ત જોયા, તેથી આશ્ચર્ય સહિત પંચાંગ નમસ્કાર કર્યા. પછી વૈદ્યરાજ ત્યાં બેસીને પોતાની પત્ની જે અમૃતબા તથા બીજા સર્વે બાઈ આગળ પોતાને જે જે અનુભવ થયા તથા સત્સંગ કેવી રીતે થયો તે વાત કહી સંભળાવી. એ વાત સાંભળી સર્વે બાઈઓને અતિ આનંદ થયો. પછી વૈદ્યરાજે પોતાના પત્ની જે અમૃતબા તેમને પૂછ્યું કે હું ડાકોર ગયા પછી વીસ બાવીશ દિવસે પાછો અહીં આવ્યો. તેટલામાં તમને મુક્તના જેવી સ્થિતિ શાથી થઈ તથા આ સર્વે મુક્તબાઈઓનો સમાગમ કેવી રીતે થયો તે સઘળી વાત કહો. પછી અમૃતબા બોલ્યા કે, જેમ તમને ડાકોરમાં શ્રીરણછોડારાયે દર્શન આપીને ગઢપુર મોકલ્યા તેમ મને પણ એજ ચતુર્ભુજ મૂર્તિએ દર્શન આપ્યા અને દિવ્ય દૃષ્ટિ આપીને કહ્યું કે, હવે તને પણ તારા પતિની પેઠે પ્રત્યક્ષ ભગવાનના દર્શન વગેરે અનુભવ અહીં રહેવા છતાં થશે. એમ કહી શ્રી રણછોડરાય અંતર્ધાન થઈ ગયા. પછી જાણે હું તમારી સાથે જ હતી અને તમારા ડાબે પડખે રહીને તમને જે જે અનુભવ સમાધિમાં થયા તે તે સર્વે મને પણ થયા છે.

પછી સમાધિમાંથી તમે જાગ્યા ત્યારે શ્રીહરિએ પોતાની મૂર્તિ તમને આપી તેમ મને પણ આપી છે. અને તે જ આ સામે સિંહાસનમાં પધરાવેલી છે. તેમની હું નિત્ય પ્રેમ ભક્તિ વડે પૂજા કરું છું. એ રીતે તમને એ સાક્ષાત્ મહાપ્રભુએ જે જે સુખ આપ્યું અને જે જે વાર્તા કહી. તેમ મને પણ સુખ આપ્યું છે. અને વાર્તા પણ કહી છે. આ એક જ સમયે એક સરખી રીતે શ્રીહરિની થયેલી કૃપા અરસ પરસની વાતોથી જાણી તે બન્ને પતિ પત્ની ઘણાજ આનંદ પામ્યા. તેમજ ત્યાં બેઠેલાં સર્વે મુક્ત બાઈઓ પણ શ્રીહરિના અપાર અદ્‌ભૂત ચમત્કારની વાતો સાંભળી આનંદ પામ્યાં. પછી વૈદ્યરાજે તે બાઈઓને નમસ્કાર કરીને પૂછ્યું કે, તમે સર્વે અહીં આવ્યા છો તો અમને શ્રીહરિનાં પ્રસંગથી સત્સંગ થયો. તે વાત

તમને કોણે કહી તે કહો. પછી તેમાંથી એક બોલ્યાં કે અમે સર્વે આ મોંઘીબાને ઘેર ચોકમાં સભા ભરીને બેસતાં અને નિત્ય શ્રીહરિની કથા વાર્તા તથા કીર્તન કરતા હતા. તે આજથી દશ દિવસ ઉપર અમે સર્વે કીર્તન બોલતાં હતાં તેવામાં અચાનક તેજનો મોટો સમુહ દેખાયો અને તેમાંથી સાક્ષાત મહાપ્રભુએ દર્શન આપ્યા અને કૃપા કટાક્ષ વડે મંદ હાસ્ય સહિત બોલ્યા કે, તમે સર્વે બાઈઓ અહીં મોંઘીબાને ઘેર સભા ભરીને બેસો છો, પણ આ જગ્યા સંકીર્ણ છે. અને ચોક પણ નાનો છે. તેથી તમને બધાને ઘણી સંકડાશ પડે છે. અને સંકોચાઈને બેસવું પડે છે. તેમજ હવે દિવસે દિવસે સત્સંગ વધતો જશે અને ઘણા બાઈઓ આવશે તે આ સાંકડી જગ્યામાં સમાશે નહિ, માટે વૈદ્યરાજ રામચંદ્ર તથા પત્ની અમૃતબા એ બે જણ અમારી કૃપાથી અતિ ઉત્તમ સત્સંગી થયા છે અને અમારે વિષે અપાર પ્રેમ ભક્તિવાળા છે. માટે તમે સર્વે બાઈઓ, હવેથી એમને ઘેર સભા કરજો. તેમની હવેલી તથા ચોક મોટા છે. ત્યાં બેસીને સુખેથી કથા, વાર્તા કીર્તન કરજો, આથી તે બે જણ પણ ઘણાં જ પ્રસન્ન થશે. એમ કહીને શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા. એ રીતે શ્રીહરિની આજ્ઞા થતાં દશ દિવસથી અમે અહીં આવીને સભા કરીએ છીએ અને અમૃતબા પણ અમારા આવવાથી બહુ રાજી થાય છે. પછી વૈદ્યરાજ હાથ જોડીને બોલ્યા, ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ ! બહુ કૃપા કરી ! આ પૃથ્વીના મોટા ભાગ્ય ઉદય થયા ! એમ બોલી અતિ પ્રસન્ન ચિત્તે બાઈઓને નમસ્કાર કર્યા. એ બાઈઓ દરરોજ ચોકમાં સભા ભરીને કીર્તન કરતાં, તે સમયે ઘણીવાર આકાશમાંથી દેવતાઓએ પુષ્પ વૃષ્ટિ કરી હતી. અને તે પુષ્પ સત્સંગી તથા કુસંગીએ વીણી લીધાં હતાં. પછીએ વૈદ્યરાજના નાનાભાઈ જે હરિશ્ચંદ્ર વૈદ્ય મહા સમર્થ વિદ્વાન હતા, અને તેમના પત્ની ધીરજ બા નામે હતા, તે બન્ને જણ ને પણ શ્રીહરિએ પોતાનો અપાર પ્રતાપ ચમત્કાર દેખાડવાથી તે બે જણ પણ ઉત્તમ સત્સંગી થયા અને શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. આ પ્રકારે વૈદ્યરાજ રામચંદ્રભાઈ તથા તેમની પત્ની અમૃતબા તેમને શ્રીહરિએ પોતાનું અપાર ઐશ્વર્ય દેખાડીને સત્સંગમાં શિરોમણી મુક્ત કર્યા. એવું મહા ચમત્કારી પુણ્ય પવિત્ર આખ્યાન જે પુરુષ અથવા સ્ત્રી પ્રીતિ પૂર્વક સાંભળશે અથવા એની કથા કરશે તેની માયિક વાસના માત્રનો નાશ થશે. અને તેને પ્રગટ ભગવાનને વિષે અપાર સ્નેહ થશે તથા દેહાન્તે અક્ષરધામમાં જશે.

## શ્રીહરિ પ્રગટ સ્વરૂપે હીંડોળામાં ઝુલ્યા

હવે બીજે દિવસે વૈદ્યરાજ પોતાનો નિત્યવિધિ કરીને સરકાર પાસે જઈ આશીર્વાદ આપીને બેઠા. પછી ધીરે રહીને બધી વાત કહેવા માંડી. પોતે ડાકોર ગયા ત્યાંથી આરંભીને ગઢડે જઈ આવ્યા તે તથા ઘર આગળ થયેલી શ્રીહરિના મહિમાની વિસ્તાર પૂર્વક વાત કહી સંભળાવી. વિશેષમાં કહ્યું કે ગોપાળાનંદ સ્વામીની કૃપા વડે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પ્રગટ રૂપે મળ્યા અને તેમનું અપાર ઐશ્વર્ય સુખ મેં દીઠું તથા ભોગવ્યું. માટે એ સ્વામી પણ ભગવાન જેવા જ છે. એ રીતે બધી હકીકત સાંભળીને સરકાર ઘણા પ્રસન્ન થયા. પછી ત્યાં બેઠેલા કિલ્લેદાર બાબાસાહેબ બોલ્યા કે મહારાજ ! એ ગોપાળસ્વામી તો બહુ ચમત્કારી કહેવાય છે. આજથી ચાર દિવસ ઉપર પેલા નાથ ભક્ત ડોસાના ચોકમાં હીંડોળો બંધાવી તેમાં પોતાના ગુરુ સ્વામિનારાયણ ભગવાનની ચિત્ર પ્રતિમા પધરાવી અને હીંડોળવા માંડ્યા કે તુરત જ મનુષ્ય સ્વરૂપે સ્વામિનારાયણ પોતે જ મંદ હાસ્ય સહિત વિરાજમાન છે એમ હજારો માણસોઓએ નજરે જોયું. એ વાતનો હાકોટો બધા શહેરમાં ચાલ્યો, તે સાંભળી લાખ્ખો માણસો દર્શન કરવા દોડાદોડ કરતા હતા અને સર્વ બોલતા હતા કે, સ્વામિનારાયણ પોતે તો હજારો સાધુ તથા હરિભક્તો સાથે હમણાં કચ્છ દેશમાં વિચરે છે. અને જુવોને અહીં પણ અચાનક આવીને હીંડોળામાં વિરાજ્યા છે. એ પ્રમાણે એક પહોર સુધી લાખ્ખો માણસોને દર્શન આપ્યાં અને પછી અદશ્ય થઈ ગયા. આ વાત મેં કેટલાક વિશ્વાસુ માણસોના મોઢે સાંભળી છે. એ તે કેવો ચમત્કાર હશે તે સમજાતું નથી. ત્યારે સરકાર બોલ્યા કે એ ગોપાળ સ્વામીની બીજી ઘણી ચમત્કારીક વાતો અમે સાંભળી છે.

## વિના સાધને સિધ્ધદશા પમાડી

ઘણાં લોકો કહે છે. કે એ તો હજારો નાના બાળકોને સમાધિ કરાવે છે, અને આપણે મનમાં ધારીએ તે પ્રસાદ મંગાવી આપે છે. તે સાંભળી ત્યાં બેઠેલા વિનાયકરાવ બોલ્યા કે મહારાજ ! મારા પાડોશમાં મુરજરામ તથા વજેરામ નામના બે ચિત્રોડા બ્રાહ્મણના દશ બાર વરસના છોકરા છે, તેઓ ગોપાળબાવા પાસે નિત્ય જાય છે. તે બંને નાના છોકરાને એ બાવો સમાધિ કરાવે છે, તેમજ

આ દેશમાં ન થતાં હોય એવા તાજાં મેવા તથા તેજાનાનો પ્રસાદ લાવે છે. ભાદરવા આસો માસમાં કેરીઓ લાવે છે. બીજ વિનાના મોટા અમૃત જેવાં બોર, લીલી એલચી તથા લીલા લવિંગ વગેરે લાવે છે. વળી સમાધિમાંથી જ્યારે આઠ દશ દિવસે અને કોઈ વખત પંદર દિવસે જાગે છે. ત્યારે તેમના માબાપ ખાવાનું પૂછે છે. ત્યારે કહે છે કે અમે તો ધામમાં ભગવાને આપેલ પ્રસાદી અમૃતથી ભારે મિષ્ટાન્ન જમ્યા છીએ, તેથી બિલકુલ ભૂખ નથી. કોઈ કોઈ વખત તો ભારે મેવા મીઠાઈ સમાધિમાંથી લાવીને સૌને વહેંચી આપે છે. એક વખત એ ગોપાળ બાવા કેટલાક સાધુ સાથે દત્તાત્રેયના મંદિર આગળ થઈને જતા હતા તે મંદિરમાં દર્શન કરવા પેઠા. ત્યાં કેટલાક માણસના દેખતાં ગુરુ દત્તાત્રેય સ્વામીએ પોતાના કંઠમાનો મોટો કમળનો હાર કહાડીને એ ગોપાળબાવાની કોટમાં પહેરાવ્યો હતો. વળી ત્યાં ઉભેલો શંકર નાયક બોલ્યો કે મહારાજ ! હું પણ એક વખત એ ગોપાળબાવાની સભામાં ગયો હતો, તે વખતે ત્યાં કોઈ બ્રાહ્મણે આવીને બશેરેક સાકર છાબડીમાં ભેટ મૂકી. સ્વામીએ આગળ બેઠેલા નાના છોકરાઓને મૂઠી મૂઠી સાકર આપી. ત્યારે મોટાઓએ પણ હાથ ધર્યા તો તેમને પણ આપી. પછી તો સભામાં બેઠેલા તથા ચારે તરફ ઉભેલા હજારો માણસોએ પ્રસાદીની સાકર લેવા ઉપરા ઉપરી પડવા લાગ્યા તો તે સર્વેને મૂઠી મૂઠી સાકર એ છાબડીમાંથી આપ્યા જ કરી તો પણ છાબડીમાં સાકર એટલીને એટલી જ દેખાતી હતી. એ સાકર હું પણ લાવ્યો હતો. અને બૈરાં છોકરાં તથા પાડોશીઓને વહેંચી હતી. એ છાબડી તે અક્ષય પાત્ર હશે તેથી કાંઈ સમજ પડી નહિ. આ બધી વાતો સાંભળીને સરકાર અતિ આશ્ચર્ય પામ્યા. પછી કિલ્લેદાર સાહેબને કહ્યું કે બાબા સાહેબ, આવી ઘણી ઘણી એ ગોપાળબાવાના ચમત્કારની વાતો ઘણા લોકોને મોંઢેથી અમે સાંભળીએ છીએ. તેઓ નાના છોકરાને સમાધિ કરાવે છે. તે કાંઈ માનવામાં આવતું નથી. માટે તમે વૃદ્ધ અને વિચક્ષણ છો. તેથી તમે પોતે એક વખત એ બાવા પાસે જઈને ખરી ખોટી વાતનો પાકો વિશ્વાસ કરી આવો. વૈદ્યરાજ જેવા મહાન વિદ્વાન તથા હરિભટ્ટ શાસ્ત્રી જેવા એમના ચમત્કાર જોઈને શિષ્ય અને સ્વામિનારાયણને ભગવાન જાણી ભજન કરે છે. માટે તમે જઈને જુઓ તો ખરા કે શી રીતે છે. બાબા સાહેબે કહ્યું સારૂં મહારાજ ! હું જરૂર એક વખત જઈશ.

# કિલ્લેદાર બાબા સાહેબ સત્સંગી થયા

એક વખત કિલ્લેદાર બાબા સાહેબ સભામાં આવી સ્વામીને નમસ્કાર કરી સભામાં બેઠા અને બોલ્યા કે મહારાજ ! આ ચાર નાના છોકરા મરી ગયા હોય એવા પડ્યા છે તે કોના છે ? સ્વામીએ કહ્યું કે એ ચારે પાંચ વર્ષના નાના બ્રાહ્મણના છોકરા છે. એ ચારે મિત્ર છે. તે સમાધિના સ્વાદિયા થઈ ગયા છે, તેથી દરરોજ આવે છે. તમને જો ઈચ્છા હોય તો સમાધિ કરાવીએ એવું સાંભળી બાબા સાહેબ બોલ્યા કે ના રે ના મહારાજ ! મને આ વૃદ્ધાવસ્થામાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ઘણી વળગી છે. અને વળી સમાધિ વળગશે તો આ નાના છોકરાં મડદાંની પેઢે પડેલા છે. તેવી મારી પણ દુર્દશા થાય, પણ જો આ છોકરા ઉઠે તો તેમને હું પૂછું પછી સ્વામીએ છોકરા સામી દૃષ્ટિ કરી કે તરત જ તેઓ ઉઠીને બેઠા થયા, પછી બાબા સાહેબ તેમને પૂછ્યું કે છોકરા ! તમને શું થયું હતું ? તે તો કહે અમને તો સમાધિ થઈ હતી, વળી પુછ્યું કે સમાધિમાં તમને બહુ દુ:ખ પડ્યું હતું ખરૂં ? છોકરા હસીને પરસ્પર બોલ્યા કે આ ઘરડો કાકો કેવો ગાંડો છે ? સમાધિમાં તે કોઈને દુ:ખ પડે ! અમે તો તેજોમય ધામમાં ભગવાનના દર્શન કરતા હતા, ત્યાં તો સુખ અને સુખ જ છે. ત્યાં અનંત સૂર્યચંદ્રના પ્રકાશ સરખા રત્નના સિંહાસન ઉપર સ્વામિનારાયણ ભગવાન અખંડ વિરાજમાન છે, તેમની ચારે બાજુ મહા તેજોમય અનંત કોટી મુક્તનાં મંડળો ભરાઈને બેઠાં છે. તે સર્વે એક નજરે ભગવાન સામું જોઈ રહ્યા છે. જ્યાં અપાર મહા રત્ન અને મણિના મહેલ છે, જ્યાં અતિ શોભાયમાન બાગ બગીચા છે. જેમાંના ફળ ફૂલોનો અપાર સુગંધ પ્રસરી રહ્યો છે, વળી અમૃતને તુચ્છ કરી નાંખે એવા મહા સ્વાદિષ્ટ અપાર મેવા મીઠાઈઓ અને સુગંધીદાર તેજાના નિરંતર તૈયાર રહે છે. એવું મહાસુખ રૂપ અલૌકિક ભગવાનનું ધામ છે. ત્યાં અમે ગયા હતા. પછી બાબા સાહેબ બોલ્યા કે છોકરા ! તમે ચારે ધામમાં જઈને અમે કહીએ તે પ્રસાદી અમારે સારું માગી લાવો ખરા ? છોકરા બોલ્યા કે અમારી મેળે જવાતું નથી, અમને સ્વામી મોકલે તો જવાય, સ્વામી બોલ્યા કે બાબા સાહેબ ! ધામમાંથી તમારે શી પ્રસાદી મંગાવવી છે ? તો કહે હું કહું નહિ. પણ મારા મનમાં ધારૂ તે પ્રસાદી છોકરા લાવે. છોકરા બોલ્યા કે કાકા ! ત્યારે તમે પણ અમારી સાથે ધામમાં ચાલોને તો કહે ના

બાબા ના, તમે જાઓ, એટલે હું લાખ વખત ગયા બરાબર છું. પણ રાખો, તમારી અંગરખી ટોપીઓ ઉતારી મૂકો. વખતે તમે કાંઈ છાનું સંતાડ્યું હોય એમ કહી પહેરેલા વસ્ત્ર કઢાવી લઈતે ચારે છોકરાને નાગા કરી વચ્ચે મેદાનમાં બેસાડ્યા પછી સ્વામીએ તેમના સામું જોઈ ભજન કરવા કહ્યું. એટલે તે ચારે છોકરા ભજન કરતા કરતા ઢળી પડ્યા તેમને સમાધિ થઈ અને ધામમાં જઈ શ્રીહરિના સન્મુખ હાથ જોડી ઉભા રહ્યા. તેમને જોઈ શ્રીહરિ ઘણું હસ્યા અને અક્ષરમુક્તને કહ્યું કે જુઓ આ ચાર નવા સનકાદિક આવ્યા છે. તેમને પ્રસાદી મંગાવનારે દિગમ્બર કરી મોકલ્યા છે. અહીં બાબા સાહેબે મનમાં ધાર્યું હતું કે એક છોકરાને ચાર પેંડા, બીજાને ચાર જામફળ, ત્રીજાને સવાશેર લીલી એલચી અને ચોથાને સવાશેર લીલા લવિંગ એ પ્રમાણે ભગવાન આપે અને એ છોકરા અહીં લાવી મને દેખાડે તો સમાધિ ખરી છે. એમ જાણું. અક્ષરધામમાં શ્રીહરિએ એજ પ્રમાણે પ્રસાદી આપીને ચારેને પાછા મોકલ્યા એટલે તેઓ સમાધિમાંથી ઉઠ્યા. તેમના નાના નાના બે હાથોની પોશોમાં નહિ સમાવાથી હેઠે પડી ગયેલી પ્રસાદી જોઈ બાબાસાહેબ તથા સભામાં બેઠેલા સર્વ અતિ વિસ્મય પામી ગયા પછી તે બધી પ્રસાદી છોકરાઓએ સ્વામીની પાસે મૂકી સ્વામી તેમાંથી અડધી સભામાં વહેચાવી અને બાકીની અડધી રહીતે બાબા સાહેબને આપી તે તેમણે રૂમાલમાં બાંધી લીધી. પછી ચારે છોકરાઓને પૂછતાં સમાધિની બધી વાત યથા સ્થિતિ કહી. અક્ષરધામનો મહિમા પ્રથમ સંક્ષેપમાં કહ્યો હતો તે પણ વિસ્તાર પૂર્વક કહ્યો. તેમજ શ્રીહરિના દિવ્ય સ્વરૂપનો મહિમા પણ કહ્યો. તે જ શ્રીહરિ પોતે મનુષ્યાકૃતિ ધારણ કરી વર્તમાન કાળે પૃથ્વી ઉપર વિચરે છે, અપાર દિવ્ય ચરિત્ર કરે છે. અને અસંખ્ય જીવોનો મોક્ષ કરે છે તે વાત વિસ્તારપૂર્વક કહી શ્રીહરિના સંત હરિભક્તના કલ્યાણકારી વૃતાંત તથા તેમનો મહિમા પણ કહ્યો, શ્રીહરિની બાંધેલી ધર્મ પાળવાની રીત કહી તથા સર્વ ભાગવત ધર્મ કહ્યા. પછી તે ચારે છોકરાએ કહ્યું કે કાકા ! હવે તમે વૃધ્ધ થયા છો અને આ ક્ષણ ભંગુર દેહનો નિરધાર નથી. શરીર બળીને રાખ થયા પછી અક્ષરના (રાખ) શબ્દને જો સતપુરુષો ઉલટાવીને બોલે એટલે સત્પુરુષ જેને મુવા પછી (ખરા ભગવાનના ભક્ત) એમ કહે છે, તે પુરુષને અમર થયો એમ જાણવો, તેમજ તેનો મોક્ષ થયો જાણવો. માટે સર્વ પાપકર્મનો ત્યાગ કરીને

આ સ્વામી થકી વર્તમાન નિયમ ધારીને સ્વામિનારાયણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એમ દૃઢ નિશ્ચય કરીને ભજન કરો, તેથી તમારો નિશ્ચય મોક્ષ થશે.

એ રીતે નાના બાળકોએ પ્રત્યક્ષ ભગવાનના મહિમાની ઘણી વાતો કહી તેથી બાબા સાહેબના હૃદયમાં રહેલું અવિદ્યારૂપી અજ્ઞાન નાશ પામ્યું અને અતિ આશ્ચર્ય પૂર્વક ગદ્ગદ્ કંઠથી હાથ જોડીને બોલ્યા કે સ્વામી ! આતો અતિ અદ્ભૂત ચમત્કાર ! આ છોકરા છેક નાની ઉંમરના છે. છતાં તેમને તમારા જેવા મોટા યોગી પુરુષના જેવું જ્ઞાન તથા તેનો બોધ કરવાનું અસાધારણ સામર્થ્ય કેવી રીતે પ્રાપ્ત થયું હશે ! આટલી ઉંમરના છોકરાં તો કંઈ પણ સમજે નહિ. પછી સ્વામી બોલ્યા કે એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી. કારણ કે એ ચારે બાળકો બે માસથી નિત્ય આવીને અમારી સામે બેસે છે, તેથી તેમને વિવેક, ડહાપણ અને જ્ઞાન થયું. તેમજ વારંવાર સમાધિ થવાથી ધામમાં જઈ ભગવાનના દર્શન કરે છે. પૂર્વે ધ્રુવજીએ પાંચ વર્ષની ઉંમરમાં ઓરમાન માતાએ મહેણું માર્યું તેથી ઉદાસ થઈ વનમાં તપ કરવા જતા હતા. રસ્તામાં નારદમુનિ મળ્યા તેમના કટુ વાક્યથી ધ્રુવજી ડગ્યા નહિ ત્યારે મંત્ર ઉપદેશ કરી ચાલ્યા ગયા. પછી ધ્રુવજી તપ કરી અવિચળ પદ પામ્યા. પછી દક્ષ પ્રજાપતિના દશ હજાર પુત્ર હર્યશ્વ હતા અને એક હજાર પુત્ર શબલાશ્વ હતા. તેમને નારદમુનિએ નારાયણ સરોવર ઉપર ઉપદેશ આપીને એક ક્ષણમાં ત્યાગી-સાધુ કરી નાખ્યા અને તે બધા બાળયોગી અતિ સમર્થ ઉપદેષ્ટા થયા. વળી પ્રહલાદની માતા નારદમુનિએ ઉપદેશ આપ્યો તે ગર્ભરૂપ પ્રહલાદે ગ્રહણ કર્યો. તેમજ પ્રહલાદે શંડામર્કની નિશાળના બાળકોને ભગવાનની ભક્તિનો ઉપદેશ આપી બધા બાળકોને બાળ યોગી કર્યા. એ રીતે મોટા યોગી પુરુષો તો એક ક્ષણમાં જડ ને ચૈતન્ય કરે તો પછી બાળકોને જ્ઞાની કરે તેમાં શું કહેવું ! તેમાં વળી આ ચારે બાળકોને ધામમાં નવસ્ત્રાં જોઈને ભગવાને શ્રીમુખે નવા સનકાદિક આવ્યા છે એમ કહ્યું હતું. તેથી એમને સનકાદિકના જેવું જ્ઞાન પ્રાપ્ત થાય એમાંશું આશ્ચર્ય છે ? ભગવાન કે ભગવાનને મળેલા થોડા પણ સત્સંગના મહિમા બરાબર સ્વર્ગ અને મોક્ષનું સુખ પણ થાય નહિ. આ બધી વાતો સાંભળી બાબા સાહેબ અતિ પ્રસન્ન થયા અને સ્વામી પાસેથી વર્તમાન નિયમ ધારણ કરીને ઉત્તમ સત્સંગી થયા. પછી સ્વામીની પૂજા તથા દંડવત્ પ્રણામ કરી સર્વ સભા અને બાળકોને નમસ્કાર કરી પ્રસાદ લઈને ઘેર ગયા.

## સરકારના બાળકો ને પ્રસાદ ખાવાથી સમાધિ થઈ : તથા સદાશિવભાઈનો ત્યાગ

હવે બીજે દિવસે બાબા સાહેબ સરકાર પાસે ગયા અને આગલે દિવસે સ્વામી પાસે સભામાં ગયા હતા. ત્યાં બાળકોને સમાધિ થઈ હતી અને પોતે જે પ્રસાદ મંગાવ્યો તથા બાળકોએ જે જ્ઞાનોપદેશ કર્યો તે વગેરે સ્વામીનું જે ઐશ્વર્ય પોતે જોયું હતું તે સર્વ વાત વિસ્તારીને સરકારને કહી અને પ્રસાદ રૂમાલમાંથી છોડી સરકાર આગળ મૂક્યો. સરકાર તે અલૌકિક પ્રસાદ જોઈ અતિ આશ્ચર્ય પામ્યા અને એક સોનાના ટાટમાં લઈ ટેબલ પર મૂકાવ્યો. પણ સમાધિ થઈ જવાની બીકથી પોતે ખાધો નહિ. તેમ બીજા કોઈને આપ્યો પણ નહિ. જ્યાં મૂક્યો ત્યાં જેવો ને તેવો ચાર મહિના સુધી તરતનો તાજો હોય તેવો લીલો અને સુગંધીમાન રહ્યો હતો, અને તે મહેલમાં રહેનાર સર્વ જોતા. પછી એક દિવસ સરકારના ભાઈ, ભત્રીજા, દીકરા તથા સંબંધી વગેરેના નાના નાના પાંચથી દશ વરસના છોકરા તથા છોકરીઓ મળીને પંદર વીસ બાળકો મહેલમાં રમતા હતા. તેઓ રમતાં રમતાં ત્યાં આવ્યાં અને ટાટમાંથી કોઈએ પેંડો, કોઈએ જામફળ, કોઈએ લીલી એલચી તો કોઈએ લીલા લવીંગ એમ જે જેના હાથમાં આવ્યું. તે ઝટોઝટ ઝુંટવીને ખાવા માંડ્યા. પણ જેણે ખાધું કે ધબ પડ્યું એ રીતે બધા છોકરાને સમાધિ થવાથી સજ્જડ પત્થરની પેઠે પડ્યાં. થોડીવારે રાણીએ દાસીઓને પૂછ્યું કે હમણાં બધા છોકરાં દોડા દોડ કરીને રમતા હતા તે કેમ જણાતા નથી ? ક્યાં ગયાં તેની તપાસ કરો. તપાસ કરતાં દિવાન ખાનામાં બધાં છોકરાંને મડદાની પેઠે દીઠાં. તેથી દાસીએ લાંબે સાદે પોક મૂકી ઘાંટા કહાડીને કહ્યું કે હાય હાય ? આ તો બધાં છોકરાં મરી ગયાં છે. એવું સાંભળી રાણી ચીમનબાઈ તથા બીજા સગાં સંબંધી ત્યાં દોડી આવ્યાં અને છોકરાને મરેલા જોઈ બધાં માથા તથા છાતી કુટતાં રડારોળ કરવા લાગ્યા મહેલમાંના સર્વ માણસો ગભરાઈ ગયા કે આ તે શો દૈવી કોપ થયો ! સરકારને ખબર થવાથી એકદમ ત્યાં દોડતા આવ્યા અને જોયું તો બધા છોકરાં સામટાં મરેલાં જોયા તેથી શૂન્ય જેવા સજ્જડ થઈ ગયા. થોડીવારે બોલ્યા કે અરે પ્રભુ ! ઓચિંતો આ શો ગજબ થઈ ગયો ! એકદમ આ બધાં છોકરાને શું થઈ ગયું ! આ તે કંઈ ઝેરી પવન વાયો હશે કે કાળ ચક્ર ફરી ગયું હશે, દેવ કલેશ કે મૂગી વાયું હશે. ખાવા

પીવામાં કંઈ આવ્યું હશે કે શું થઈ ગયું હશે. તે સમજાતું નથી. અરે વૈદ્યરાજને ઝટ બોલાવો. હુકમ થયો કે તરત ત્રણ રાજવૈદ્ય દોડી આવ્યા. તેમણે બધા છોકરાના હાથ પગની નાડીઓ તપાસીને ઉદાસ મુખે કહ્યું કે રામ રામ ! હવે માત્રા કોને પાઈએ ! મહારાજ ! એમાં કાંઈ નથી. હવે તો અગ્નિ સંસ્કાર વિના બીજો ઉપાય નથી. આવું સાંભળી સરકારના બંને નેત્રોમાંથી અશ્રુની ધારાઓ ચાલી અને બે હાથ ઘસી અત્યંત કલ્પાંત કરવા લાગ્યા. અને અતિ શોકમાં ગરકાવ થઈ ગદ્‌ગદ્‌ કંઠે ઉંચુ જોઈને બોલ્યા કે અહો સૂર્યનારાયણ ! "તુમ્હી કો કેસા દિવસ કેલા ! કીં માજે સઘળે મુલે વારલે ! અરર વિઠોબા ! તુમ્હાલા તરી કાંહી દયા નહિ વાટતી ! દયાયેચે હોત મંગ દિલે કશાલા ? અહો દેવા ! માઝી સ્તુતિ ઐકૂન કૃપા દૃષ્ટિને પાહા આણી સઘળી મૂલેંનિટ કરુન ઉઠવા, મ્હણજે મલા જીવિત દાન દીલા" એ રીતે પોતાની મરાઠી ભાષામાં વિલાપ કરી સ્તુતિ કરતા હતા. તેમજ રાણી પણ માનું હૈયું કુટતાં બોલતાં કે, "અગ આઈ હિ કાય ! અહો ગણ્યા, અગ ખંડ્યા, અગ ઉઠ બાબા ઉઠ ! તુઝે તોડ કુઠે પાહું ! તુઝા વાચૂન માઝા પ્રાણ તરી નિઘુન જાઈલ . અગે આઈ મેલી. માઝો સઘળે બાળ ઈકડે તિકડે ધાંવત ધાંવત ખુશાલ ખેળત હોતે, આણિ ઉગીચ થોડકિચ વેળ ઝાલી કોણાલા ઠાઊંક કશાને મેલે આસેલ ! અગ અગ અગ !" એ રીતે રાજા, રાણી તથા મહેલના સઘળા માણસોએ અતિ કષ્ટમાં વિલાપ કરવા માંડ્યો, શહેરના લોકો પણ આ વાત જાણી દોડાદોડ કરતાં હતા. બધા સરદારો તથા માનકારીઓ શોકાતુર ચહેરે સરકાર પાસે આવીને બેઠા. એ વખતે કિલ્લેદાર બાબાસાહેબ ત્યાં આવી પહોચ્યાં અને પૂછ્યું કે આ બધાં છોકરા એકી સાથે એકદમ શાથી મરી ગયા ? એમની નાડીઓ તપાસી જોઈ, તો કહે વૈદ્યરાજે બધાંની નાડીઓ તપાસી છે. અને કપાળે હાથ મૂકી પેલા ઉદાસ થઈ ને બેઠા. તો પણ બાબાસાહેબ છોકરા પાસે ગયા અને બરાબર ઝીણી નજરે તપાસીને બોલ્યા કે તમે કોઈ ગભરાશો નહિ. તેમજ કોઈ રોકકળ કરશો નહિ. આ બધાં છોકરા મરી ગયા નથી પણ તેમને સમાધિ થયેલી જણાય છે. ગોપાળ સ્વામીની સભામાં છોકરાંને સમાધિ થાય છે. અને તે મેં ઘણી વખતે નજરે જોઈ છે, તે સમાધિમાં છોકરા આ રીતે મરી ગયા જેવા જણાય છે. પછી તે બોલ્યા કે, સ્વામી અહીં આવ્યા હતા ? તો કહેના રે ભાઈ, અહીંતો કોઈ આવ્યું નથી. પછી સરકારે ચારે તરફ નજર ફેરવીને જોયું તો ખુણામાં ટેબલ ઉપર ટાટમાં પ્રસાદ મૂકેલો તે દીઠો નહિ,

પણ ટેબલની આજુબાજુ લીલા લવિંગ તથા એલચી વેરાયેલાં જોઈને બોલ્યા કે બાબા સાહેબ ! નક્કી તમે કહો છો તેમજ જણાય છે. તમે આજથી ચાર માસ ઉપર એ સ્વામી પાસેથી સમાધિનો પ્રસાદ લાવ્યા હતા. તે અમે સમાધિ થવાની બીકથી કોઈને આપ્યો નહોતો. તે આજ સુધી જેવોને તેવો તાજો સુગંધી માન રહ્યો હતો. તે આ છોકરા રમતા રમતાં અહીં આવીને અણસમજમાં ખાઈ ગયા હોય એમ લાગે છે. માટે તમે ઝટ ઉઠો અરે ગમે તે રીતે સ્તુતિ કરીને એ સ્વામીને મેનામાં બેસાડીને અહીં તેડી લાવો. તો તે આ બધા છોકરાને ઉઠાડે, પછી બાબા સાહેબ ઘોડે બેસી સાથે મેનો લેવરાવી સ્વામી પાસે ગયા અને બધી વાત કહી. સ્વામી હસતા હસતા બોલ્યા કે, આ સદાશિવભાઈને મેનામાં બેસાડી તમે તેડી જાઓ. તેઓ એ છોકરાના કાનમાં મહામંત્ર કહેશે કે તરત બેઠાં થશે. પછી બાબા સાહેબ બોલ્યા કે સ્વામી ! મને વર્તમાન ધરાવ્યાં ત્યારે એ જ મહામંત્ર તમે મારા કાનમાં કહ્યો છે. તેનો હું નિત્યે જાપ કરું છું. તેનાથી જ જો છોકરા જાગતાં હોય તો હું તેમના કાનમાં તે મંત્ર કહીશ. આ વૃદ્ધ બ્રાહ્મણને નાહક શા માટે તસ્દી આપો છો ! પછી સ્વામીએ હસીને કહ્યું કે મહામંત્ર તો એ જ છે. પણ તમારી તથા સદાશિવભાઈની સ્થિતિમાં ફેર છે, માટે એ કામ તમારું નથી એ તો એજ કરશે. માટે એમને તેડી જાઓ. પછી સદાશિવભાઈને મેનામાં બેસાડી તેડી ગયા. તેમણે સરકાર પાસે જઈ તેમને આશીર્વાદ આપ્યો. સરકારે ઉભા થઈ નમસ્કાર કરી આસન ઉપર બેસાડ્યા. પછી સ્વામીની કૃપા વડે પોતાની મેળે સમાધિમાં જાય આવે અને બીજાને લઈ જાય તથા લાવે એવી સ્વતંત્રતાને પામેલા એ સદાશિવભાઈએ બધા છોકરાના કાનમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એ મહામંત્ર કહ્યો કે તરત બધા છોકરા ઝટોઝટ જાગ્યાં અને હસતાં હસતાં બેઠા થઈને એક બીજાના સામું જોઈ અતિ આનંદથી બોલ્યા કે આહાહા ! ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ ! ધન્ય તમારું ધામ ! ધન્ય તમારૂ સ્વરૂપ ! ધન્ય તમારા મુક્ત ! બહુ સુખ આપ્યું, એવું અખંડ તમારા દર્શનનું સુખ અમને આપજો. આવી રીતે છોકરાને બોલતાં સાંભળી રાજા રાણી તથા બીજાં બધાં દિગમૂઢ જેવા થઈ વિચારમાં પડી ગયાં. અને સર્વેને અપાર આનંદ થયો. તેથી બધા શહેરમાં સાકર વહેંચાવી. પછી સરકારે અતિ પ્રસન્ન થઈને સદાશિવભાઈને ભારે શાલ મંડિલનો પોશાક, હીરામોતીના કંઠા, હાથે પગે પહેવાના સોનાના કડા તથા સાંકળા અને સોનામહોરો વગેરે લાખ્ખો રૂપિયાની દેણગી (બક્ષીસ) આપવા મંગાવી. પણ

અતિ નિસ્પૃહી એવા ભક્તરાજ સદાશિવભાઈ તો એ જોઈને જ બહુ કચવાયા અને ત્યાંથી ઝટ ઉઠીને ચાલવા માંડ્યું. પંરતુ સરકારે ત્યારે દેણગી ઘણા આગ્રહથી બળાત્કારે આપવા માંડી, છતાં પોતે કંઈ પણ લીધું નહિ અને કંપારા વડે ગ્લાની પામીને બોલ્યા કે એ કળીરૂપ મને ગરીબ ભગવદ્ ભક્ત બ્રાહ્મણને શા માટે વળગાડો છો ? આ બધા તમારા છોકરાને મહા સુખરૂપ ભગવાનના ધામમાંથી આ મૃત્યુ લોકમાં હું પાછો ખેંચી લાવ્યો તે શું મારો અપરાધ થયો છે ? ભગવાનના દિવ્યધામમાંથી આ દુઃખરૂપ માયિક દેહમાં પાછાં લાવવાના અપરાધની મને શિક્ષા કરો છો કે શું ? જો હેડ બેડીરૂપ હડકલાં મારે હાથે પગે અને હૈયે નાંખીને મને રૂંધવો જ હોય તો હું એ બધાં છોકરાંને હમણાં જ પાછા ધામમાં મોકલી દઉં. મને તે વાત કઠણ નથી. પણ ભગવાનના ધ્યાન ભજનમાં અવરોધ કરનાર આ પાપરૂપ દ્રવ્યની બલા મને વળગાડશો. તે મારાથી સહન નહિ થાય. આવા એમના અલૌકિક વચન સાંભળીને સરકારતો મંડળે સહિત અતિ વિસ્મય પામી ગયા અને બ્રહ્મર્ષિ જે સદાશિવભાઈ તે તો સરકારના દ્રવ્યને તુચ્છકારી પોતાને અખંડ દેખાતી શ્રીહરિની મૂર્તિનાં કેફમાં અલમસ્ત થકા અતિ આનંદમાં ભજન કરતા નિસ્પૃહપણે ત્યાંથી ચાલ્યા ગયા. સ્વામી પાસે જઈને નમસ્કાર કરી સભામાં માળા ફેરવવા બેઠા. અહો ! ધન્ય છે સદા શિવભાઈને કે જેમને શ્રીહરિના સ્વરૂપમાં અખંડ સંલગ્નપણું હતું. તેથી તેમને મન તો કંચન અને કચરો સરખા જ હતા. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં જનક વિદેહી જેવા જ હતા.

## મોટાને યોગે મોટા ભાઉપુરાણી, નારુંપંત નાના સત્સંગી થયા

એક દિવસ સરકારે ભાઉ પુરાણીને કહ્યું કે, તમે મોટા વિદ્વાન ધર્મિષ્ટ અને વિષ્ણુ ભક્ત છો તેથી તમારા ઉપર કોઈની ઈંદ્રજાળ કે જાદુ વિદ્યા ચાલી શકે નહિ, માટે તમે એ ગોપાળ સ્વામી પાસે જાઓ. કારણકે હાલમાં સ્વામિનારાયણ તથા તેમના સાધુ આપણા બધા દેશમાં ફરે છે. અને લોકોને ઉપદેશ આપી તથા હજારો ચમત્કાર દેખાડી લાખ્ખો માણસોને પોતાના શિષ્ય કરે છે. તેથી બીજા મત પંથના આચાર્યો અને મહંતોમાં ઘણો ખળભળાટ થયો છે. અને અમારા સુધી બુમાટ આવ્યા કરે છે. વળી તેમના એક મોટા સાધુ ગોપાળ સ્વામી છે. તેમના હજારો ચમત્કારોની નિત્ય નવીનવી વાતો સાંભળીએ છીએ. તેમને તેમની

પાસે જવાથી ખરી હકીકત શું છે. તે સમજાશે. તો કહે સારુ મહારાજ, હું જરૂર જઈને તપાસ કરી આવીશ. પછી એક દિવસ સાંજના સમયે ભાઉ પુરાણી સ્વામી પાસે સભામાં આવ્યા સ્વામીએ તેમને સન્માન સાથે આસન ઉપર બેસાડી મધુર વાણીથી કુશળ ખબર પૂછી. પુરાણી હાથ જોડી નમસ્કાર કરી સન્મુખ બેઠા. પછી સ્વામીએ પૂછ્યું કે ભાઉ સાહેબ ! તમારે ક્યા દેવની ઉપાસના ભક્તિ છે ? તો કહે મહારાજ ! હું શ્રીકૃષ્ણનો ભક્ત છું, સ્વામી બોલ્યા કે ત્યારે તો બહુ સારું, પણ એ શ્રીકૃષ્ણતો હમણાં સાક્ષાત સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે. એમણે કોશલ દેશમાં છપૈયાપુરમાં સામવેદી સરવરિયા બ્રાહ્મણને ઘેર અવતાર ધારણ કર્યો છે. અને બાલ્યાવસ્થાથી જ ઘરનો ત્યાગ કરી, તીર્થયાત્રાઓ કરતા આ પશ્ચિમ દેશમાં પધાર્યા છે. તેમના પરમેશ્વરપણાના અનેક ચરિત્રો, અનેક પ્રતાપ, અનેક દિવ્ય ઐશ્વર્ય પ્રત્યક્ષ જોઈને હજારો અને લાખ્ખો દેવી જીવ એ ભગવાનને શરણે થઈ એમનું ભજન કરે છે. માટે તમે પણ એ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને શરણે થાઓ, તેથી નિશ્ચે તમારૂં કલ્યાણ થશે પછી ભાવ પુરાણી બોલ્યા કે મહારાજ ! શ્રીકૃષ્ણ ભગવાને જે અનેક પ્રકારના અદ્‌ભૂત ઐશ્વર્ય જણાવ્યાં છે તેવાં સ્વામિનારાયણે બતાવ્યાં નથી, તો તેમને ભગવાન કેમ કહેવાય ! એવું સાંભળી સ્વામી બોલ્યા કે, એજ શ્રીકૃષ્ણ ભગવાન ધર્મની ગ્લાની અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે હું અવતાર ધારણ કરૂં છું એવા શાસ્ત્રમાં કહેલાં પોતાના વચન સત્ય કરવા આ કળિયુગમાં હમણાં અવતાર ધારણ કર્યો છે. આ અવતારે અસંખ્યાત દિવ્ય ચરિત્રનો વરસાદ વરસાવવા માંડ્યો છે. અને બીજા સર્વ અવતારો કરતા કોટી ગણો પ્રતાપ અસંખ્ય જીવોને જણાવે છે. બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર આદિ દેવોને નારદ, વસિષ્ઠ, પરાશર, ઋષ્યશૃંગ આદિ ઘણા મહર્ષિઓને તથા ભરત આદિ ઘણા રાજાઓને પરાભવ પમાડનારા અને હૃદયમાં ગુપ્તપણે રહીને જીવને સંસ્કૃતિમાં ભમાવનારા લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માનએ પાંચ અંતર શત્રુઓને શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપથી હજારો સ્ત્રી પુરુષોએ જીત્યા છે. વળી આ હળાહળ કળિયુગમાં મોટા મોટા યોગીને પણ દુષ્કર એવું અખંડિત નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત યુવાવસ્થામાં હજારો સ્ત્રી પુરુષો સહજ સ્વભાવે પાળી શકે છે.

વળી સતયુગમાં મોટા મોટા યોગી પુરુષો વનમાં રહી અતિ કષ્ટ ભોગવી હજારો વર્ષ સુધી અષ્ટાંયોગ સાધતા હતા. છતાં જેમણે તે સમાધિ દુર્લભ હતી

અને આ શ્રીહરિના દર્શન માત્રથી હજારો આબાલવૃધ્ધ સ્ત્રી પુરુષોને સમાધિ થઈ જાય અને તેમાં ભગવાનના દિવ્ય દર્શન થાય છે. ત્યાંથી દિવ્ય સામગ્રી દિવ્ય મુક્ત તથા અપાર ઐશ્વર્ય જુવે છે. તેમજ બીજા હજારો મત પંથના લોકો પોતપોતાના ઈષ્ટદેવ રૂપે એ શ્રીહરિને દેખે છે. તેથી પોતાના મતનો ત્યાગ કરી શ્રીહરિને શરણે થાય છે. વળીએ શ્રીહરિને જોઈને હજારો પશુ પક્ષીઓ જળચર વગેરે જીવને પણ સમાધિ થાય છે. આવો અદ્‌ભૂત પ્રતાપ જોઈને કેટલાક રાજાઓ પણ વૈરાગ્ય પામી રાજપાટનો ત્યાગ કરી કૌપીન ધારણ કરીએ શ્રીહરિની વાંસે ફર્યા કરે છે અને તેમને પ્રત્યક્ષ ભગવાન જાણીને તેમનું નિરંતર ભજન કરે છે. તેમજ સતયુગમાં પણ કોઈથી પાળી શકાય નહિ, એવાં અતિ આકરાં વર્તમાન (ખટરસનો ત્યાગ, તાડન, તિરસ્કારનું સહન વગેરે) પાળે છે. શ્રીકૃષ્ણ ભગવાને અનેક અવતાર ધારણ કર્યા છે. તેમાં કોઈ કાળે આવું ઐશ્વર્ય પ્રકટ કર્યું નથી. માટે ભાઉ સાહેબ ! તમે મુમુક્ષુ છો. તેમજ બુધ્ધિમાન અને વિદ્વાન છો . વળી ઉત્તમ સંસ્કારથી આવો પ્રગટ ભગવાનનો યોગ મળ્યો છે. તો હવે આ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ એ સ્વામિનારાયણ ભગવાન છે. તેમના આશ્રિત થઈ તેમનું ભજન કરો, નહિ તો મથુરાના બ્રાહ્મણો પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને નહિ માનતા પરોક્ષ ભગવાનને પ્રસન્ન કરવા યજ્ઞ કરતા હતા. તેથી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને ખાવા માટે ફક્ત ભાત જ માંગ્યો. તે પણ આપ્યો નહિ અને કેવળ શાસ્ત્રના શુષ્ક જ્ઞાનના આલંબનથી પ્રત્યક્ષ ભગવાનથી વિમુખ રહ્યા તો પાછળથી પોતાની મેળે પસ્તાવો કરી બ્રહ્મજન્મને ધિક્કાર કહ્યો અને પોતાની પત્નીઓના ભાગ્યના વખાણ કર્યા. એ પ્રમાણે અનેક આખ્યાનો કહી તે સાંભળી ભાઉપુરાણી શ્રી ગોપાળાનંદ સ્વામીને મહાસમર્થ યોગી અને સત્પુરુષ જાણી તેજ વખતે સત્સંગના નિયમ ગ્રહણ કરી સ્વામીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી આજ્ઞા લઈને ત્યાંથી ઘેર ગયા.

બીજે દિવસે સાંજના વખતે ભાઉ પુરાણી સરકાર પાસે ગયા. જ્યાં ઘણા માનકારી તથા સરદારો ભરાઈને બેઠા હતા. ત્યાં પોતે ગોપાળાનંદ સ્વામીના પ્રતાપની વાત સરકારને કહી સંભળાવી અને કહ્યું કે સ્વામી પોતે જ પરમેશ્વર જેવા છે. એમાં સંશય નથી. એ વાત સાંભળી સરકારના ખાનગી દિવાન જે નારૂપંત નાના બેઠા હતા તે બોલ્યા કે ભાઉ સાહેબ ! તમને પણ ચેટક વળગ્યું ખરૂં ! તમારા જેવા વિદ્વાન અને બુદ્ધિવાન પુરુષ પણ ઢોંગ-પાખંડ તથા ઈંદ્રજાળ

વડે લોકોને વશ કરી લેનારને પરમેશ્વર કહેશે, તો પછી ભોળા લોકો ભ્રમિત થાય એમાં આશ્ચર્ય શું ? ત્યારે ભાઉ સાહેબે કહ્યું કે નાના સાહેબ ! તમે તો ભોળા નથીને ? તમે મહા વિચક્ષણ અને કાબેલ છો, વળી શાક્ત પંથમાં સર્વથી અગ્રણી છો અને તમને મહિસાસુરી તથા ચામુંડા દેવી પ્રત્યક્ષ દર્શન આપે છે, તેમજ તે દેવીઓની પરાપૂર્વથી તમારે ઘેર સ્થાપના છે, એટલે તમને ઈન્દ્રજાળ કે જાદુ કંઈ અસર કરી શકશે નહિ, માટે તમે કાલે મારી સાથે ચાલો, આપણે બન્ને એ સ્વામી પાસે જઈએ, ત્યાં તમને જેવું હશે તેવું જણાશે,પછી સરકારે કહ્યું કે ખરી વાત છે, નાના સાહેબ કાલે તમે બન્ને જણ સાથે જાઓ જોઈએ કે તમે કેવી ખબર લાવો છો !

પછી બીજે દિવસે સાંજના સમયે નારુપંતનાના તથા ભાઉ પુરાણી બન્ને મેનામાં બેસી સ્વામી પાસે ગયા અને સભામાં જઈ સ્વામીને નમસ્કાર કર્યા. કૃપાળુ સ્વામીએ સન્માન કરી આસન નંખાવી આગળ બેસાડ્યા પછી નારુપંતના કપાળમાં કુમકુમનો લાંબો અને આડો ચાલ્લો જોઈને સ્વામીએ પૂછ્યું કે તમે ક્યાં દેવની ઉપાસના કરો છો ? તેમણે કહ્યું કે અમે તો કુળ પરંપરાથી મહિષાસુરી અને ચામુંડાદેવીની ઉપાસના કરીએ છીએ. સ્વામી કહે તમે ભગવાનની ઉપાસના છોડી દેવી ઉપાસના કેમ કરો છો ? નારુપંત બોલ્યા કે દેવીથી અધિક બીજો કોઈ દેવ નથી. એક મહામાયા રૂપ શક્તિ જગતમાં વ્યાપી રહી છે ને તેથી જ બ્રહ્માંડમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, તથા તેમની જ્ઞાનભક્તિ, ઈચ્છા શક્તિ અને ક્રિયા શક્તિ વડે જ આખા બ્રહ્માંડનું કમઠાણ ચાલે છે. વળી પરમેશ્વરએ મહામાયાના જ પુત્ર છે. અને તે જ મહામાયા જે આદ્યશક્તિ તે આ જગતમાં અનેક નામથી પ્રસિધ્ધ થઈ. સર્વના મનોરથ પૂર્ણ કરી અંતે મોક્ષ આપે છે. પછી સ્વામી બોલ્યા કે તમે અવળું સમજી બેઠા છો. કારણ કે પરમેશ્વર મહામાયાના પુત્ર નહીં. પરંતુ તેના નિયંતા પ્રેરક અને પ્રવર્તક છે. માયા તો પરમેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન તેમને આધીન છે. અને ભગવાન તો સ્વતંત્ર છે. સ્વયં જ્યોતિ (સ્વપ્રકાશ) નિર્ગુણ છે, અનંત કલ્યાણ ગુણોથી યુક્ત છે, દિવ્ય છે. સાકાર છે, નિરંજન છે. (માયાના આકારે રહિત) અખંડ છે, અવિનાશી છે, અને પોતાના અક્ષરધામને વિષે અખંડ વિરાજમાન રહ્યા થકા સર્વ જીવને વિષે અંતર્યામીપણે સાક્ષીરૂપે રહ્યા છે. સર્વને કર્મ ફળ પ્રદાતા છે. સુખના સિંધુ અને મોક્ષના દાતા છે, કાળ, કર્મને માયાના નિયંતા છે. જ્યારે પ્રકૃતિ માયા એ ત્રિગુણાત્મક અંધકાર

રૂપ છે, જડ ચિદાત્મક છે, નિત્ય છે, નિર્વિશેષ છે મહાદાદિ સમગ્ર તત્ત્વ અને જીવ માત્ર તેનું ક્ષેત્ર છે. ભગવાનની શક્તિ છે. અને જીવને અહંમમત્વ કરાવનારી છે. તે આત્યંતિક મહા પ્રલય થાય છે. ત્યારે અક્ષરધામના તેજમાં લીન થઈ જાય છે. અને સૃષ્ટિ સમયે ભગવાનની ઈચ્છા વડે એ તેજમાંથી પાછી પ્રગટ થઈ આવે છે. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન અક્ષરપુરુષ રૂપે કરીને એ માયાને વિષે ગર્ભ ધારણ કરે છે, તે થકી અનંત કોટી પ્રધાન અને પુરુષનાં જોડલાં ઉત્પન્ન થાય છે. એ એવી રીતે કે પુરુષોત્તમ જે શ્રીકૃષ્ણ ભગવાન તે પુરુષ રૂપે કરીને પ્રધાનને વિષે ગર્ભ ધારણ કરે છે. તેથી ચિત્તરૂપ જે મહતત્વ તે ઉત્પન્ન થાય છે. તેને વિષે સુક્ષ્મ રૂપે સમગ્ર જગત રહ્યું છે. અને સ્વચ્છ, શાંત પ્રકાશમાન, સત્વમય અને નિર્વિકાર જે મહતત્વ, તે થકી ત્રિગુણાત્મક અહંકાર ઉત્પન્ન થાય છે, તેને વિષે શાંતિપણું ઘોરપણું અને વિમૂઢપણું છે. તેમાં સાત્ત્વિક અહંકાર થકી મન અને ઈંદ્રિયોના દેવતા ઉત્પન્ન થાય છે. અને રાજસ અહંકાર થકી દશ ઈન્દ્રિયો બુદ્ધિ અને પંચતન્માત્રા (વિષય) ઉપજે છે. એ રીતે એ સમગ્ર તત્ત્વ ઉપજ્યાં. તે પરમેશ્વરની ઈચ્છાએ પોત પોતાના અંશે કરીને ઈશ્વર અને જીવના દેહને સ્રજે છે. તે ઈશ્વરના દેહ તે વિરાટ સુત્રાત્મા અને અવ્યાકૃત અને જીવનાદેહ તે સ્થુળ સુક્ષ્મ અને કારણ અને વિરાટ નામે જે ઈશ્વરનો દેહ તેનું દ્વિપરાર્ધ કાળપર્યંત આયુષ્ય છે. અને તેના એક દિવસમાં ચૌદ મન્વંતર થાય છે. અને જેવડો એનો દિવસ તેવડી જ રાત્રિ છે. તે જ્યાં સુધી એનો દિવસ હોય ત્યાં સુધી ત્રિલોકની સ્થિતિ રહે છે અને જ્યારે એની રાત્રિ પડે છે, ત્યારે ત્રિલોકનો નાશ છે, તેને નિમિત પ્રલય કહેવાય છે. અને જ્યારે તે વિરાટ પુરુષનો દ્વિપરાર્ધકાળ પૂરો થાય છે, ત્યારે એ વિરાટ પુરુષનો સત્યાદિક લોક સહિત નાશ થાય છે. અને મહાદાદિક ચોવીસ તત્ત્વ પ્રધાન અને પ્રકૃતિ સર્વે મહામાયાને વિષે લય પામે છે. તેને પ્રાકૃત પ્રલય કહેવાય અને એ મહામાયા તે અક્ષરબ્રહ્મના તેજને વિષે લય પામે છે. જેમ દિવસને વિષે રાત્રિ લય પામે તેમ, તેને આત્યંતિક પ્રલય કહીએ, અને દેવ મનુષ્યાદિકના દેહનો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ તેને નિત્ય પ્રલય કહીએ. અને જ્યારે સર્વે બ્રહ્માંડનો પ્રલય થાય છે. ત્યારે જે સર્વે જીવો છે તે તો કર્માધિનપણે માયાને વિષે રહે છે. અને જે ભક્ત છે. તે તો ભગવાનના ધામમાં જાય છે. તે ભગવાનનું ધામ સનાતન છે. નિત્ય છે. અપ્રાકૃત છે. સચ્ચિદાનંદ છે. અનંત છે, અખંડ અને

દિવ્ય છે. એ ધામને ભગવાનના ભક્ત સમાધિને વિષે દેખે છે. અને દેહ મૂક્યા પછી તે દિવ્ય ધામને પામે છે. એમ કહી સ્વામીએ કહ્યું કે, માટે તમારા જીવનું કલ્યાણ કરવું હોય, જન્મ મરણથી છુટવું હોય અને અવિનાશી ભગવાનના ધામને પામવું હોયતો બીજા દેવ દેવીઓને મુકીને એ જે શ્રીકૃષ્ણભગવાન કહ્યા તે હમણાં સ્વામિનારાયણ રૂપે પ્રગટ થઈ અનેક જીવોનો મોક્ષ કરે છે. તેમને શરણે જાઓ અને તેમનું ભજન કરો. તેથી તમારું પરમ કલ્યાણ થશે પછી નારુપંત બોલ્યા કે સ્વામી ! અમારા શાક્ત લોકો એમ કહે છે કે એ શ્રીમદ્ ભાગવત તો બોપ દેવ બ્રાહ્મણનું કહેલું છે અને વ્યાસ ભગવાને તો ભગવતી ભાગવત (દેવી ભાગવત) કર્યું છે. આ સાંભળીને ભાઉપુરાણી બોલી ઉઠ્યા કે, છી છી એવું કહેનાર શાકત લોકો જુઠા છે. પછી નાના સાહેબ બોલ્યા કે એ જુઠા સાચાની પ્રતિતી કેવી રીતે આવે, કંઈ દેવ દેવીઓ બોલે છે કે તેમને પૂછી જોઈએ. આપણે તો જેનો વિશ્વાસ હોય તેનું કહેવું ખરું માનીએ. સ્વામી બોલ્યા કે તમને કોનો વિશ્વાસ છે ! તે કહે હું તો દેવીને માનું છું અને ભજું છું. પણ મહારાજ ! મને તો તમે કોઈ મોટા દેવ જેવા જણાઓ છો. આજે તમારા દર્શન કરીને તથા તમારો ઉપદેશ સાંભળીને મારા ચિત્તમાં શાંતિ થઈ છે. મારા મનમાં નક્કી થયું છે કે તમે કોઈ સમર્થ પુરુષ છો. કેટલાક અજ્ઞાની લોકો કહે છે કે, એ તો ઈન્દ્રજાળ કરે છે. જાદુ કરે છે, બાબરીઓ ભૂત વશ કર્યા છે. અને ઢોંગ પાખંડ કરી ભગવાન થઈને બેઠા છે. પરંતુ આજે મારી ખાત્રી થઈ છે કે એવું કહેનારા જખ મારે છે. એવા દુષ્ટ લોકોની વાતોથી હું અહીં આવતો નહોતો, પણ આજે આ ભાઉસાહેબ મને તેડી લાવ્યા અને સરકારે પણ મોકલ્યો, તેથી એ બેઉનો હું ઉપકાર માનું છું. હવે હું તમારા દર્શન માટે દરરોજ અહીં આવ્યા કરીશ. પછી સ્વામી બોલ્યા કે, તમે તો પૂર્વના મહાપુણ્યવાન અને ઉત્તમ સંસ્કારવાળા મુમુક્ષુ છો. પરંતુ આ અશુભ દેશકાળના સંગ બળે તમારા પર માયાનું આવરણ થઈ ગયું હતું. તે હવે નાશ થયું છે એમ જાણજ્યો, પછી એ બન્ને જણ સ્વામીને નમસ્કાર કરીને ત્યાંથી ઉઠ્યા, રસ્તે ચાલતા નારુપંત બોલ્યા કે, આ સ્વામી મને કોઈ દેવ જેવા જણાય છે. ત્યારે ભાઉ સાહેબ બોલ્યા કે દેવ તો શું પણ મને તો દેવના દેવ પરમેશ્વર જેવા જણાય છે. નારુપંત બોલ્યા કે ખરી વાત છે, પણ એ સ્વામી જ આપણને પરમેશ્વર જેવા જણાય છે, તેમના ગુરુ જે સ્વામિનારાયણ તે તો નક્કી પરમેશ્વરજ

હશે એમાં જરા પણ સંશય નથી. એ રીતે વાત કરતા કરતા બન્ને પોત પોતાને ઘેર ગયા. નારુપંત રાજા સૂતા હતા ત્યાં મહિષાસુરી અને ચામુંડા એ બે દેવીઓ તેમને પ્રત્યક્ષ દર્શન દઈને બોલી કે, અરે નારુપંત ! ઉઠ ઉઠ, આ જો ! હનુમાનજી તથા ગણપતિ બન્ને દેવ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા આવીને અંકુશ અને ગદા ઉગામી અમને કહે છે કે નારુપંત ગોપાળસ્વામીના ઉપદેશથી સત્સંગી થયા છે, માટે તમે હવે અહીંથી ચાલ્યા જાઓ. તું અમારો ભક્ત છે માટે તને અમે તારા હિતની વાત કહીએ છીએ કે સ્વામિનારાયણ નક્કી ભગવાન છે. માટે તું તેમનું ભજન કરજે અને તારા ઘરમાં અમારી સ્થાપના છે, તે ઉઠાવીને બહુચરાજી માતાના કુંડમાં મૂકી આવજે. અમે બંને અહીંથી હવે ત્યાં જઈશું પછી નારુપંતે હાથ જોડીને કહ્યું કે, ઓ ગણપતિ મહારાજ ! ઓ હનુમાનજી મહારાજ ! એ મારી માતાઓને તમે મારશો નહિ ત્યારે તે બંને દેવ બોલ્યા કે હવે એ ક્ષુદ્ર દેવીઓ તારી માતાઓ નથી. તારી માતાઓ તો રાધિકાજી તથા લક્ષ્મીજીને જાણ જે અને સ્વામિનારાયણભગવાન તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. માટે તેમના શિષ્ય જે ગોપાળાનંદ સ્વામી અહિં છે તેમની પાસે જજે, અને વર્તમાન ધારણ કરી તેમના ગુરુ જે સ્વામિનારાયણ ભગવાન તેમની નિત્ય પૂજા કરજે. આમ કહીને બંને દેવ ચાલ્યા ગયા કે તરત તેમના ઘરમાં દેવીઓના સ્થાપન પાસે સો વરસથી જે ઘીનો દીવો અખંડ બળતો હતો તે એની મેળે ઓલવાઈ ગયો, દેવીઓ પણ ત્યાંથી ત્રાસ પામતી જતી રહી. નાના સાહેબ અતિ વિસ્મય પામ્યા અને સવારમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કરતા દેવીની સ્થાપના, સાંગી અને નાળિયેરએ બધું એક લુગડે બાંધીને સ્મશાન પાસેના ઝંડીયા કૂવામાં નાખી આવ્યા અને સ્નાન કરીને તથા તે દેવીને સ્થાનક ધોળાવી લીંપાવી ને પછી સ્વામી પાસે ગયા. સ્વામીને દંડવત્ પ્રણામ કરી સર્વ વાત કહી. સ્વામીએ અતિ પ્રસન્ન થઈને વર્તમાન ધરાવ્યા અને પૂજા કરવા માટે શ્રીહરિની મૂર્તિ આપી અને કહ્યું કે, હવે તમે બે ધડક આ પ્રતિમા પધરાવીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા તથા ભજન કરજો. પછી ઘેર જઈ સ્નાન સંધ્યા પૂજા કરી પ્રથમ ભાઉપુરાણી પાસે ગયા અને અથથી ઈતિ બધી વાત કહી. ભાઉપુરાણી હસીને બોલ્યા કે, હમણાં થોડીક જ વાર થઈ કોઈ બે દેવ જેવા તેજસ્વી બ્રાહ્મણ આવ્યાં. હતા. તેમણે મને કહ્યું કે નાના સાહેબના ઘરમાંથી હનુમાનજી તથા ગણપતિએ દેવીઓને કાઢી મૂકી અને નાનાસાહેબ સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી થયા છે. અને તેથી તેમની ઈકોતેર પેઢીના

પૂર્વજોનો ઉધ્ધાર થવાથી તે બધા વિમાનમાં બેસી સ્વર્ગમાં જાય છે. તેથી સ્વર્ગના દેવોએ તેમને પુષ્પથી વધાવી આ સાકર વહેંચવા તમારી પાસે મોકલી છે તે વહેંચજો. એમ કહીને તે બંને બ્રાહ્મણ ચાલ્યા ગયા, જુઓ આ સવામણ સાકરનો ટોપલો તે ભરી ગયા છે. પછી સાકરનો ટોપલો માણસને માથે ઉપડાવીને અને પોતે બંને જણ મેનામાં બેસીને સરકાર રાજ મંડળી સહ બેઠા હતા ત્યાં ગયા અને મુજરો કરીને બેઠા. પછી સરકારે પૂછ્યું કે નાના સાહેબ ! તમે કાલ સુધી દેવી ભક્ત હોઈ કપાળમાં આડો ચાંલ્લો કરતા હતા અને આજે તો તેને બદલે સ્વામિનારાયણના ભક્ત જેવાં તિલક અને ચાંલ્લો કરેલા છે ! એક રાત્રિમાં આ ફેરફાર શાથી થયો ! પછી નાના સાહેબ તથા ભાઉ પુરાણી મળીને તે સભા વચ્ચે બધી વાત કહી સંભળાવી અને ટોપલામાંથી સાકર વહેંચવા માંડી તે કેટલાકે લીધી અને કેટલાકે ભૂરકી લાગવાની બીકથી લીધી નહિ. સરકાર બોલ્યા કે તમારા જેવા વિદ્વાન અને બુદ્ધિમાન પુરુષને આવા અતિ આશ્ચર્યકારક અનુભવ થયા અને સ્વામિનારાયણના પ્રગટ ભગવાનપણાનો નિશ્ચય થયો તે વાત સત્ય છે. એ ગોપાળાનંદ સ્વામી પણ ઈશ્વર જેવા સમર્થ છે. પણ જડ બુદ્ધિવાળા તથા વહેમી લોકોથી એ વાત સાચી મનાતી નથી અને બીજાને પણ તે અનેક પ્રકારના વહેમ ઘાલે છે. પછી તે બંને બોલ્યા કે સરકાર ! તમે કોઈ જાતનો વહેમ રાખશો નહિ. તમે એક વખત એ સ્વામીના દર્શન કરો. તમે મહા બુદ્ધિમાન અને વિચક્ષણ છો. તેથીએ વાત સત્ય હોવાનો તરત અનુભવ થશે. સરકારે કહ્યું ઠીક છે. વખત આવે હું નહિ ચૂકું પછી બંને રજા લઈને ઘેર ગયા.

કેટલાક દિવસ પછી નાના સાહેબનો બાપુ નામનો દીકરો હતો તે ઘણો માંદો થયો, તેની માએ નાના સાહેબને કહ્યું કે તમે કુળ પરંપરાની દેવીની પૂજા કાઢી નાંખી અને ગોપાળબાવાની શિખામણથી સ્વામિનારાયણને ભગવાન માની તેમની પૂજા તથા ભજન કરો છો, તેથી દેવીઓને કુડું પડ્યું અને તેથી આ છોકરો મરવા પડ્યો છે. એમ કહી દેવીની પ્રાર્થના કરી કે હે મહિષાસુરી હે ચામુંડા માતા ! તમે દર્શન આપી મારા બાપુને મટાડી દેજો. નાના સાહેબ આથી ડગ્યા નહિ અને કહ્યું નકટા દેવને હૈડા પૂજારી હોય. આપણે તો ‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ’ કરીશું ભલે તેમની ઈચ્છા હોય તો બાપુને રહેવા દે અથવા લઈ જાય એમ બોલતાં તત્કાળ હજારો સંત મંડળ સહિત શ્રીહરિ પધાર્યા. તેમના દિવ્ય પ્રકાશથી દશે દિશાઓ તેજસ્વી થઈ ગઈ. નાના

સાહેબ શ્રીહરિના દર્શન કરી બે હાથ જોડીને હર્ષ ઘેલા જેવા થઈ સન્મુખ ઉભા રહ્યા. તેમને શ્રીહરિએ કહ્યું કે અમે તો બાપુને તેડવા આવ્યા છીએ. તમે સત્સંગી થવાથી તમારી ઈકોતેર પેઢીના પૂર્વજોનો અમે ઉધ્ધાર કર્યો છે, તે જ પ્રમાણે બાપુ જે ભૂત, ભૈરવ અને ભવાનીના હાથમાં જવા નહિ દેતાં અમે પોતે જ તેને ધામમાં લઈ જઈશું. માટે તેની જનેતાને કહો કે તે દેવીઓની સ્તુતિ કરી બાપુને જીવતો રાખે. પછી નાનાસાહેબ ખુશી થઈને બોલ્યા કે હે કૃપાનાથ પ્રભુ ! એ ક્ષુદ્ર દેવીઓને આજ સુધી અજ્ઞાનપણાથી અમે માનતા હતા. પણ હવે તમે પોતે પ્રત્યક્ષ પુરુષોત્તમ મળ્યા, તેથી તે દેવીઓને કોણ ગણે ! બાપુના મોટા ભાગ્ય કે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ દર્શન આપી તેડવા પધાર્યા છો. અંતકાળે સંત મંડળ સાથે તમારા દર્શન થવા એ મોટા યોગીઓને પણ અતિ દુર્લભ છે. ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ ! કૃપાનાથ ! બાપુને સુખેથી લઈ જાઓ. પછી શ્રીહરિના સંત બોલ્યા કે, મહારાજ હમણાં કૃપા કરીને બાપુને રહેવા દો, કારણ કે દુર્જન લોક હાંસી કરશે, માટે એમની પાડોશણને ત્રણ પુત્ર છે તેમાં એકને ઘણો મંદવાડ છે. તેને લઈ જઈએ તો ઠીક શ્રીહરિ કહે બહુ સારું એમ કહી તે છોકરાને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા એ રીતે શ્રીહરિના હજારો લોકોને પ્રત્યક્ષ દર્શન થયાં અને બાપુને મટી ગયું. પછી બાપુ તથા તેની મા ગિરજાબાઈ બન્ને સારાં સત્સંગી થયાં અને શ્રીહરિનું ભજન કરવા લાગ્યાં. તે પછી શ્રીહરિએ તેમને હજારો પરચા આપ્યા છે. નાનાસાહેબને બીજો પુત્ર થયો. તેનું નામ રાવજી હતુ, તેને બાલ્યાવસ્થાથી જ સમાધિ થવા માંડી. એને સમાધિમાં શ્રીહરિ પેંડા, પતાસા તથા ઘણી જાતના મેવાનો પ્રસાદ આપતા હતા અને તે લાવીને અહીં સર્વેને આપતો હતો.

## સ્વામીએ બિલાડી તથા ઉંદરનો સત્સંગમાં જન્મ ધરાવી મોક્ષ કર્યો

એક વખત સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીને સંતમંડળ સહિત નારૂપંત નાનાએ પોતાને ઘેર જમવા તેડાવ્યા, ત્યાં જવા મંદિરમાંથી બહાર નીકળ્યા ને મંદિરના બહારના મોટા પગથીયા પાસે આવ્યા કે ત્યાં પાસે કોઈ ખત્રીના ઘરમાંથી બિલાડીએ મોંઢામાં ઉંદર ઝાલેલો અને એક પગ ખોડો તેથી ખોડંગાતી મંદિરમાં પેસવા સામી આવી. તે જોઈને બીજા સાધુ બોલ્યા કે સ્વામી અપશુકન

થાય છે. સ્વામી બોલ્યા કે આપણે તો પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં અખંડ એકતા છે. તેથી આપણે સાધુને અપશુકન કેવા ! આપણે તો અપશુકન કરનારનો પણ મોક્ષ કરવો. ત્યારે સાધુ કહે ઠીક એ બિલાડીનો મોક્ષ કરો. એ પછી એ બિલાડી મંદિરમાં જતી હતી તેને સાધુએ ચારે પાસેથી રોકી પછી ગોપાળાનંદસ્વામી ઊભા રહીને બોલ્યા કે મૂક્ય મૂક્ય ઉંદરને ? એટલે તેણે મોંઢામાંથી ઉંદરને મૂકી દીધો અને વેગળી જઈને ઊભી રહી. પછી સ્વામીએ પાણી મંગાવીને તે તરફડતા ઉંદર ઉપર હાથમાં લઈને છાંટ્યું અને બોલ્યા કે હવે તું જા. આ શંકરના મંદિરમાં રહીને તેમના તથા ગણપતિના પ્રસાદીના ચોખા ખાજે અને એક વર્ષ સુધી તું જીવીશ, પછી મરીને તું પુરુષોત્તમ કડિયાનો પુત્ર થઈશ. પછી બિલાડીને વેગળેથી પાણી છાંટીને કહ્યું જે જો હવે તને આ વર્તમાન ધરાવ્યા. તેથી હવે તું કાંઈ પાપ કરીશ નહિ અને મંદિરના પાછળના વાડામાં બેસી રહેજે અને સાધુ એઠું નાખે તે પ્રસાદી ખાજે. એ રીતે બે વર્ષ જીવીને તું મરીશ, પછી આ હરિભાઈ કંદોઈને ઈચ્છા છે માટે એની દીકરી થજે. એમ તે બિલાડીને કહીને સ્વામી નારૂપંત નાનાને ઘેર જમવા ગયા. પેલો ઉંદર એક વર્ષ પછી મુઓ, તે પછી પુરુષોત્તમ કડિયાને ઘેર દીકરો થયો. તેનું નામ મોતી હતું. તે સારો સત્સંગી થયો અને મંદિરમાં કડિયા કામ કરતો હતો. તે આજ સુધી હતો પણ તેનો સ્વભાવ ઉંદર જેવો, ફૂંકીને કરડે તેવો હતો, પણ વૃધ્ધ થયા પછી શ્રીહરિ તેને ધામમાં તેડી ગયા અને પેલી બિલાડી પણ પાપ રહિત તપસ્વીની પોતે બેસી રહેતી તેને દયાળું સાધુ એઠું ખાવા આપતા. તેથી એનો જીવ અતિ પવિત્ર થયો. તે બે વર્ષ પછી મરીને હરિભાઈ કંદોઈ ને ત્યાં દીકરી થઈ. તેનું નામ દિવાળી હતું. તે ઘણી ઉત્તમ સત્સંગી થઈ હતી તો પણ તેનો સ્વભાવ બિલાડી જેવો હતો. ખાવાનું દેખે ત્યાંથી તાકીને ખાઈ જતી હતી. પછી ચાલીસ વર્ષની ઉંમરે તેને શ્રીહરિ ધામમાં તેડી ગયા. એ રીતે પાપિષ્ટ જંતુનો પણ સત્સંગમાં જન્મ આપીને સ્વામીએ મોક્ષ કર્યો. આ વાત ઘણી વખત મોટા સાધુએ કહી હતી તે લખી છે. જુઓ મોટા પુરુષની કૃપાથી સત્સંગમાં જન્મ થાય છે, તો પણ પૂર્વ જન્મના કર્મનો જીવને વિષે એક સરખાપણાનો પાશ લાગ્યો હોય છે. તે સ્વભાવ જવો અતિ કઠણ છે. સદ્. ગોપાળાનંદ સ્વામીનું જીવો ઉપર કેટલું નિયામકપણું છે. તે જણાય આવે છે. જેટલું રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય જેટલું મહારાજ કરે તેટલું મુક્ત કરી શકે છે.

# મોટાના અપરાધનું ફળ

એક સમયે બળેવના દિવસે વૈદ્યરાજ રામચંદ્રભાઈએ સર્વે સત્સંગી બ્રાહ્મણોને તથા પોતાના જ્ઞાતિના શ્રીગોડ બ્રાહ્મણો, એ સર્વેને જનોઈ બદલવા સરસીયા તળાવ ઉપર એક મોટી ધર્મશાળા હતી ત્યાં તેડાવ્યા અને મંદિરમાંથી સર્વે સાધુ બ્રહ્મચારી ને તેડાવ્યા, તેથી મેનામાં બેસી સદ્. ગોપાળાનંદ સ્વામી પણ ત્યાં સર્વે સંતમંડળ સહિત પધાર્યા. તે સર્વેએ જમવા સારું વિદ્યારામ, ગણપતરામ વગેરે સત્સંગી રસોઈયા બ્રાહ્મણને તેડાવીને સારી ઉત્તમ પ્રકારની રસોઈ કરાવવા માંડી. પછી ત્યાં ઘણા બ્રાહ્મણો ભેળા થયા હતા, તેમણે દ્વેષ બુદ્ધિથી તકરાર ઉઠાવી અને બોલ્યા કે સ્વામિનારાયણનો સંપ્રદાય અવૈદિક અને નવો છે. તેથી તેમના બ્રહ્મચારી અને બ્રાહ્મણો સાથે અમે એક એક પંક્તિમાં જનોઈ બદલવાનું બ્રહ્મકર્મ તથા જમવા બેસવાનું નહિ કરીએ. એ સંપ્રદાય જૈન પેઠે વેદ વિરૂદ્ધ છે. પછી તે દ્વેષી બ્રાહ્મણોને રામચંદ્રભાઈએ તથા બીજા ઘણા સારા વિદ્વાનોએ શાસ્ત્રની રીતે ઘણું સમજાવ્યા, પણ તે કોઈનું માન્યું નહિ અને વાત ચડશે ચડી તડ પાડીને એ ધર્મશાળામાં પોતાના પક્ષના બસેંક બ્રાહ્મણોને સાથે લઈને જુદા બેઠા. અને ત્યાં સામો ચરુ નાખીને પોતાની રસોઈ જુદી કરાવવા માંડી અને પોતાના જુદા શુકલને બોલાવીને જુદું બ્રહ્મકર્મ કરવા બેઠા. આ સર્વેવાત સદ્. ગોપાળાનંદ સ્વામી ત્યાં સભા કરીને બેઠા હતા. તેમને રામચંદ્રભાઈએ કરી. સ્વામીએ પૂછ્યું કે રામચંદ્રભાઈએ કહ્યું કે અમારી જ્ઞાતિના બધા મળીને છસેં શ્રીગોડ બ્રાહ્મણો છીએ, તેમાંથી એ તો બસેં દ્વેષથી તડપાડીને સામા જઈને જુદા બેઠા છે. અને આપણા પક્ષમાં અમારા જ્ઞાતિના ચારસેં બ્રાહ્મણ તથા બીજા ઔદિચ્ય મોઢ અને જાંબુ વગેરે સત્સંગી અઢીંસે બ્રાહ્મણો છે તે મળીને સાડા છસેં છીએ, પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે ભાઈ ત્યારે તો તમારી જ્ઞાતિમાં પ્રથમ કરતાં પચાસ વધ્યા અને અમે બ્રહ્મચારી સાધુ તે પણ તમારા પક્ષમાં છીએ, તેથી અમારી જ્ઞાતિ તો ઘણી વધી અને જૂનાગઢમાં નરસિંહ મહેતાને એકલા જ જ્ઞાતિમાંથી કહાડ્યા હતા. તેમના પક્ષમાં તે કોઈ નાગર નહોતો અને વળી એ મહેતાને તો નાત બહાર કરવાથી નાગરોને સંતોષ ન થયો. તેથી ગામબહાર કાઢી મૂકાવ્યા, તો પણ તેમણે એકલા વગડામાં રહીને શ્રીહરિનું ભજન કર્યું છે.

માટે તમારા પક્ષમાં છીએ, તેથી અમે સર્વે સંતમંડળ તથા દેવ અને ઋષિ તમારા પક્ષમાં જ છીએ એમ તમે નિશ્ચે જાણો. પછી ગોપાળાનંદ સ્વામીએ રામચંદ્રભાઈ વગેરે સર્વે ને આજ્ઞા આપી કે તમે સર્વે આ સરસીયા તળાવમાં જઈને હિમાદ્રિ વિધિ (પ્રાયશ્ચિત) વડે પંચગવ્ય સ્નાનાદિ કરી લો અને અમે પણ ત્યાં સ્નાન કરવા આવીએ છીએ. પછી દેવશંકર શુક્લને સાથે લઈને તળાવનાં આરામાં બેસીને વિધિ સહિત સર્વે બ્રાહ્મણોએ સ્નાન કર્યું અને સામાપક્ષના મૂઢ બ્રાહ્મણો તો પોતાનો જુદો સરસામાન સીધુ વગેરે ભેળું કરવાના સંભ્રમમાં હતા. તેથી વિચાર્યું કે પેલા બ્રાહ્મણો સ્નાન કરીને જશે પછી આપણે આરામાં ભીડ મટશે ત્યારે જઈને સ્નાન કરીશું.

હવે રામચંદ્રભાઈ વગેરે સર્વ સત્સંગી બ્રાહ્મણો સ્નાન કરી રહ્યા, પછી બ્રહ્મચારી અને સંતમંડળ સહિત ગોપાળાનંદ સ્વામી તળાવમાં સ્નાન કરવા ઉતર્યા, તે તળાવ મોટું સાગર જેવડું ચોમાસાના નવા પાણીથી ચારે કાંઠે છલોછલ ભરાયેલું બહાર છોળો મારતું હતું. તેમાં સંત સર્વે સ્નાન કરીને નિસર્યા પછી ગોપાળાનંદ સ્વામીએ સ્નાન કરીને પોતાના ચરણનો અંગુઠો તળાવમાં બોળી રાખ્યો, તે જેમ મોટી લોઢાની એરણ ખૂબ તપાવી લાલચોળ કરીને કુંડું ભરેલા પાણીમાં નાખે, અને તે પાણીને ગોપાળાનંદ સ્વામીનો અંગુઠો એક ક્ષણમાં ચૂસી ગયો. તે એવડા મોટા સાગર તળાવમાં એક ટીપું પણ પાણી રહ્યું નહિ પછી ત્યાંથી સંતમંડળ સહિત ધર્મશાળામાં આવીને સભા કરીને બેઠા અને પેલા મૂઢ બ્રાહ્મણો તળાવમાં નહાવા ગયા. તે જુએ છે તો તળાવમાં કીચડ પણ સુકાઈ ગયેલો હતો. તે જોઈ અતિ વિસ્મય પામતા ત્યાંથી થોડે છેટે વાયડાવાડી નામે બીજું તળાવ ભરેલું હતું. ત્યાં નહાવા ગયા. તેટલામાં તો ગોપાળાનંદ સ્વામીએ રામચંદ્રભાઈને કહ્યું કે તમે આ અમારી જ્યેષ્ટિકા (લાકડી) લઈને વાયડા વાડી તળાવમાં જઈને ધોઈ આવો અને ત્યાં તળાવના પાણીમાં ક્ષણવાર મૂકજો, પછી ભાઈએ લાકડી લઈને તળાવમાં બોળી તેવું પાણી ખાલીખમ થઈને રહ્યું, પછી લાકડી લઈને ભાઈતો ગોપાળાનંદ સ્વામી પાસે આવીને બેઠા, અને મૂઢ બ્રાહ્મણો તો એ જોઈને દિગમૂઢ થઈ ગયા.

પછી ત્યાંથી છેટે આગળ પાછળ વરસાદના પાણીથી ખાડા ખાબોચિયાં ગંદા પાણીનાં ભરાયેલાં હતાં, તેમાં તે સર્વે મૂઢ બ્રાહ્મણો જેમ જેમ લોપટ ચોપટ નાહીને આવ્યા અને ધર્મશાળામાં જુદા બેસી બીજા બંગડા શુકલને બોલાવીને સર્વે ક્રિયા

કરાવી અને તેમની જુદી રસોઈ કરતા હતા તે રસોઈયા તો બૂમો પાડતા હતા કે અમે તો લાકડાં બાળી બાળી થાકી ગયા પણ દાળ જેવી ઓરી છે. તેવી કાચી છે. અને ચોખા પણ કાચા કચ છે. અને લાડુ કરવાના પીંડીયા પણ બધું ઘી બળી ગયું છે પણ તેવાને તેવા જ કાચા છે. માટે ગમે તે કોઈની કારમી નજર લાગી કે કોઈએ જાદુ વડે અગ્નિ સ્થંભન કર્યો કે શું થયું. કંઈ સમજાતું નથી. આ તમારૂં સીધું સામાન બધું બગડ્યું. પણ હવે એની રસોઈ થવાની નથી, પછી રામચંદ્રભાઈના પક્ષવાળા બ્રાહ્મણો તો દેવશંકર શુકલ પાસે ગૃહ્યસુત્રને અનુંસારે સર્વે બ્રહ્મકર્મ સમાપ્તિ કરાવી અને બ્રહ્મચારી બ્રાહ્મણ સાધુએ સર્વની પંક્તિઓ કરાવીને ભગવાનને નૈવેદ્ય ધરાવીને પીરસણ કહાડ્યું. તે જોઈ પેલા મૂઢ બ્રાહ્મણો તો માંહો માંહી બોલવા મંડ્યા કે અલ્યા આપણે કેમ કરીશું ? આ રસોઈ તો બગડી, એતો કામ નહિ આવે. હવે બીજું ફરીથી સીધું લાવીને કરાવીશું કે આપણે પોતપોતાને ઘેર જઈ રસોઈ કરાવીને જમશું ? ત્યારે તેમાંથી કેટલાક બોલ્યા કે અહીં જુદું તડ પાડીને જુદો ચરૂ નાંખીને બેઠા તે હવે જમ્યા વિના ઘેર જઈએ તો નાક કપાઈ જાય. માટે ગમે તો આખી રાત જાય, તો પણ અહીં જ રસોઈ ફરીથી બીજી કરાવી જમીને જ જવું, પછી ફરીથી બીજું સીધું લાવીને બીજા રસોઈયા બોલાવીને રસોઈ કરાવવા માંડી, ને સાંજ પડી ગઈ પણ દાળ, ચોખા તળે લાકડાં બાળી થાક્યા. પણ રસોઈ પ્રથમના જેવી કાચી અને કંસારનો લોટનો પણ ચીકણો લક્કો બાઝી ગયો. પછી તો મુંઝાઈને સંધ્યાકાળ પછી પોતપોતાને ઘેર જવા નીકળ્યા. પણ આંખે અંજાઈ ગયા તેથી બહાર નીકળવાનું કમાડ કોઈને જડ્યું જ નહિ. અને ભીંતોમાં ભટકવા લાગ્યા. પછી અથડાતા કુટાતા ઘણીવારે સમજ પડી અને પરસ્પર બોલ્યા કે અલ્યા ભાઈ આપણે તો મોટાનો અપરાધ કર્યો. માટે આ વિપત્તિ પડી અને વળી હજુ વધારે પડશે. માટે સ્વામિનારાયણ પરમેશ્વર છે. અને એમના સાધુ, બ્રહ્મચારી જમી રહી આ સામા આરતી ધૂન કરે છે. તેમને શરણે થવાથી સુખી થઈશું. પછી ઊંચે સાદે બુમ પાડી ને બોલ્યા કે ઓ ગોપાળાનંદ સ્વામી મહારાજ ! તમારો સંપ્રદાય વેદ શાસ્ત્ર પ્રમાણે છે અને સ્વામિનારાયણ પોતે પરમેશ્વર છે અને તમે તેમના સાધુ પણ પરમેશ્વર જેવા છો. અમે ભૂલ્યા , અમારો અપરાધ ક્ષમા કરો. અમે તમારે શરણે છીએ. એ રીતે બોલ્યા કે તરત આંખે દેખાયું. પછી તે સર્વે ગોપાળાનંદ સ્વામી પાસે

આવીને નમ્રપણે નમસ્કાર કરીને બોલ્યા કે અમે રામચંદ્રભાઈ સાથે વિરોધ નહિ રાખીએ. અમે સર્વે જ્ઞાતિભાઈઓ એમની આજ્ઞામાં વર્તીશુ એમને આજથી અમારી શ્રીગોડ જ્ઞાતિ શિરોમણી માનીશું, એમણે વિષ્ણુયાગ, મહારૂદ્ર વગેરે વેદ વિધિ વડે મોટા સત્કર્મો ઘણા કર્યા છે. અમારી શ્રીગોડ જ્ઞાતિના પણ અઢાર હજાર બ્રાહ્મણોનો જ્ઞાતિ મેળાવડો કરીને દરેકને પાંચ પાંચ રૂપિયા દક્ષિણાઓ આપી છે. વડોદરા, ડાકોર, ચાણોદની ચોરાસીઓ ઘણીવાર કરી અને લાખ્ખો રૂપિયા ધર્મ માર્ગે વાપર્યા છે. તેમજ પોતે ભારે વિદ્વાન બુદ્ધિમાન ધર્મનિષ્ઠ સરકારના માનીતા અને દયાળું છે એમને શાસ્ત્રનાં તથા વેદનાં હજારો પ્રમાણ તથા હજારો અનુભવથી સ્વામિનારાયણને ભગવાન પ્રત્યક્ષ જોઈ સમાધિ સિદ્ધ થઈને દઢ નિશ્ચય કરીને માન્યા છે. માટે અમારે સર્વેને શ્રી સ્વામિનારાયણ ભગવાન માન્ય છે. તથા શિર સાવંદ્ય છે. અને ભગવાને સ્થાપન કરેલા આ ઉધ્ધવ સંપ્રદાય વેદ શાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે અને આ હળાહળ કળિયુગમાં અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્યવ્રત પાળનારા હજારો સાધુ સર્વે બ્રહ્માદિકને વંદના કરવા યોગ્ય છે, હવે કૃપા કરીને અમને આજ્ઞા આપો તો આ બીજી પંક્તિમાં તમારું સર્વેનું નૈવેદ્ય થયેલું પ્રસાદી અન્ન જમવા બેસીએ ! પણ સ્નાન કરવા છેટે જ્યાં કૂવા કે ખાબોચિયા ભરાયેલાં હશે ત્યાં જવું પડશે. ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે આ પાસે બે તળાવ છે અને સ્નાન કરવા છેટે શું કરવા જાઓ છો ? ત્યારે તે બોલ્યા કે મહારાજ એ બે તળાવ તો પ્રત્યક્ષ ભગવાનની નિંદારૂપ અમારા દુષ્ટ કર્મથી શોષણ થઈને સુકાઈ ગયા છે. તેથી તેમાં પાણી નથી, તેમજ અમારા મુખના પાણી પણ ગયા છે. ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે હે ભૂદેવો ! હવે તો પ્રત્યક્ષ ભગવાન તથા તેમના મળેલા સંતના ગુણ ગ્રહણ કરવાથી તમારા સત્કર્મનો ઉદય થયો. માટે જાઓ તમારા સર્વેના મુખનાં પાણી ચઢ્યાં અને એ બે તળાવ તો ભરેલા છે. સ્નાન કરીને જમવા બેસો. પછી તે સર્વે ત્યાં જઈને જુએ છે. તો બેઉ તળાવ પ્રથમની પેઠે છલોછલ ભરેલાં હતા. તેમાં સ્નાન કરીને આવ્યા. પછી તે સર્વે સુખેથી જમ્યા અને ગોપાળાનંદસ્વામી મંદિરમાં પધાર્યા. પછીતે સર્વે બ્રાહ્મણોને ગોપાળાનંદ સ્વામીને વિષે ઈશ્વરપણાનો નિશ્ચય થયો તેથી ઘણાખરા સત્સંગી થયા અને બીજા પણ નિંદા કરવાની ત્યાગીને ગુણ બુદ્ધિથી મંદિરમાં દર્શને આવતા.

## રામચંદ્રભાઈને ઘેર ગોપાળાનંદ સ્વામી જમવા પધાર્યા ને અપાર પ્રતાપ જણાયો

એક વખત વૈદ્યરાજ રામચંદ્રભાઈને ઘેર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સંતમંડળ સહિત જમવા તેડ્યા અને તે સમયે સત્સંગી ઉચ્છવીયા તથા વિદ્વાન બ્રાહ્મણોને નોતરેલા તે પણ જમવા આવ્યા હતા. પછી રસોઈ તૈયાર થઈ હતી તેમાંથી એક મોટા થાળમાં નૈવેદ્ય પૂરીને વૈદ્યરાજના ઘરમાં શ્રી ઠાકોરજીના દેવઘરમાં ભગવાનને થાળ ધરાવવા ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યો. તે તેમના હરિચંદ્રભાઈએ લાવીને શ્રીહરિએ આપેલી જે પોતાની મૂર્તિ તેની પાસે મૂક્યો. અને પાસે જળનો લોટો કળશ ભરી મૂક્યો અને તુલસી મૂકી નૈવેદ્ય ધર્યું. પછી દેવ ઘરના કમાડ વાસ્યા. પણ અંદર દીવી ઉપર ઘી પૂરી દિવેટ તૈયાર કરીને મૂકી હતી. પણ દીવો પ્રગટાવવાનો ભૂલી ગયા હતા. તે વૈદ્યરાજના કુળ વૃદ્ધના સમયથી એમની પૂજામાં જે પંચાયતન દેવ હતા. તેમાંથી સૂર્યનારાયણે પોતાના કિરણોના તેજથી તે દીવો. પ્રગટ કર્યો હતો. પછી શ્રીહરિ જમવા બેઠા તે સમયમાં દેવઘરમાં જે પંચાયતન દેવ હતા. તે સર્વે થાળ ગાવા લાગ્યા કે જે થાળ પ્રેમાનંદ સ્વામીનો કરેલો (અવિનાશી આવો રે જમવા શ્રીકૃષ્ણહરિ) હતો. એ થાળ તે પાંચ દેવના ગંભીર અને મધુર શબ્દ બહાર ચોકમાં જે ગોપાળાનંદ સ્વામી સર્વે સાધુ તથા બ્રાહ્મણો બેઠા હતા તેઓ સાંભળતા હતા. પછી હરિશ્ચંદ્રભાઈએ તે કમાડ ઉઘાડવા માંડ્યા, તો બહારથી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે હમણાં ઉઘાડશો નહીં. શ્રીહરિ તો જમી ચળુ કરી જળપાન કરીને ગણપતિએ તૈયાર કરી આપેલાં પાન બીડીનો મુખવાસ જમીને બેઠા છે. પણ વિષ્ણુ, સૂર્ય, શંકર, ગણપતિ અને પાર્વતીએ પાંચદેવ તો શ્રીહરિની આજ્ઞાથી હમણાં જમવા બેઠા છે. તે જમી રહીને નારાયણ ધૂન કરી રહે ત્યાર પછી તમે કમાડ ઉઘાડી વધેલી પ્રસાદીનો થાળ લઈ જઈને બધી રસોઈમાં મેળવીને જમાડજો. પછી થોડીવારે અંદર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એ રીતે એક ઘડી સુધી ભજન થયું. તે બહારથી સર્વે સાંભળતા હતા, તે બંધ થયા પછી કમાડ ઉઘાડીને જોયું તો થાળમાં ચોથા ભાગની પ્રસાદી હતી. અને જળના કળશમાં પણ પાણી ચોથા ભાગનું હતું. ઘીનો દીવો પણ એની મેળે ઝળ ઝળ પ્રગટેલો પ્રકાશિત થઈ રહ્યો હતો અને પાનનાં મોટા ત્રણ બીંડા સુગંધીદાર

ઉત્તમ મશાલા વાળા, તથા ગુલાબ મોગરો અને ચંપો તેના સુગંધીમાન પુષ્પના મોટા ત્રણ હાર તે પાટલા ઉપર શ્રીહરિએ તથા ધર્મભક્તિએ મૂક્યા હતા. પછી તે થાળ લઈને તેમાંથી પ્રસાદી બધી રસોઈઓમાં મેળવી દીધી અને સાધુ બ્રાહ્મણને પીરસીને જમાડ્યા એ અઢીસો માણસની રસોઈ કરી હતી. તેમાં સાતસેં માણસ જમ્યા અને ત્રણ દિવસ સુધી ઘણા ભિખારીઓને પુષ્કળ આપવા છતાં ખૂટી નહિ પછી વૈદ્યરાજે ગોપાળાનંદ સ્વામીની પૂજા કરીને શ્રીહરિએ પોતાના કંઠમાંથી કાઢીને પાટલા ઉપર મૂકેલો ગુલાબનો હાર ગોપાળાનંદ સ્વામીને પહેરાવીને જગન્નાથની ચાદર ઓઢાડી. પછી રામચંદ્રભાઈને તથા ભાઈને મોગરાનો તથા ચંપાનો એ બે હાર ધર્મદેવ અને ભક્તિ માતાના મૂકેલા છે. એમ કહીને ગોપાળાનંદ સ્વામીએ તે બે ભાઈને પ્રસાદીના હાર પહેરાવ્યા. પછી તેમણે બે જણે બધા સાધુ બ્રાહ્મણની પૂજાઓ કરી સાધુને ચાદરો તથા બ્રાહ્મણને દરેકને એક એક રૂપિયો દક્ષિણા આપીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા પછી મહા ઉદાર સ્વામીએ સર્વે સાધુને કહ્યું કે, આપણેતો શ્રીહરિએ ધર્મામૃતમાં આજ્ઞા કરી છે. તેથી વધારે વસ્ત્ર રાખવા નહિ, માટે આ સત્પાત્ર બ્રાહ્મણો શાસ્ત્રી, પુરાણી, વૈદ્ય, પુરુષ (શુકલ) છે. તેમને આ ચાદરો આપી દો એમ કહ્યું. પછી સર્વે સાધુએ રાજી થઈને તત્કાળ બ્રાહ્મણોને તે બધી ચાદરો ઓઢાડી દીધી હતી.તે બ્રાહ્મણો સાધુને નમસ્કાર કરી ઘણોજ ગુણ ગ્રહણ કરીને ગયા. અને તેમાંના કેટલાક મુમુક્ષુ હતા તે તો સત્સંગી પણ થયા હતા. એ રીતે શ્રીહરિની આજ્ઞા છે. તેથી સર્વે સંત વસ્ત્રાદિક વગેરે પદાર્થનો વધારે સંગ્રહ રાખતા નથી.

## રામ તળાવના અખાડાના ખાખી બાવા મુવા પછી નાગ તથા રાક્ષસો થયેલા તેનો ગોપાળાનંદ સ્વામીએ મોક્ષ કર્યો

એક વાડીમાં રામતળાવ ઉપર ખાખી બાવાનો મોટો અખાડો છે. તેની પાસે સુતારની નાતની મોટીવાડી છે. તેમાં સુતાર વલ્લવ પ્રેમીએ ગોપાળાનંદ સ્વામીને મંડળ સહિત જમવા તેડ્યા. અને હરિભક્ત બ્રાહ્મણોને પણ ત્યાં જમવા તેડ્યા હતા. જમવાની થોડી વાર હતી. સ્વામી ત્યાં બેઠા અને સાધુ સત્સંગી તથા બીજા ઘણા લોકો આગળ ભગવાનની વાત કરવા લાગ્યા, ત્યારે પાસેના અખાડાના દશબાર ખાખી પણ ત્યાં આવીને બેઠા. પછી સ્વામીએ તેમને આવકાર

આપીને કહ્યું કે, બાવાજી તમે કોનું ભજન કરો છો ! તેમણે કહ્યું કે રામકા ઓર કૌનકા ! સ્વામીએ કહ્યું કે, આપણે બાવા થયા તેને તો ધન સ્ત્રીનો સર્વ પ્રકારે ત્યાગ કરવો અને રામનું ભજન કરવું. પણ એ રામ જ્યારે મનુષ્યાવતાર ધારણ કરીને પૃથ્વી ઉપર પ્રગટ વિરાજતા હોય, તેને ઓળખીને તેને શરણે થઈએ તો જરૂર મોક્ષ થાય નહિ તો ન થાય. માટે આ પૃથ્વી ઉપર હમણાં એ રામ સ્વામિનારાયણ ભગવાન રૂપે પ્રગટ વિરાજે છે, તેમના અમે સાધુ છીએ. માટે તમે પણ એ પ્રગટ ભગવાનનું ભજન કરો. પછી બાવા બોલ્યા કે નહિ નહિ સાધુરામ હમ તો રામકુ છોડકે ઓરકું ભગવાન નહિ માનતે. રામ તો દામ વામ સબ દેતે હે. સ્વામી કહે દામ, વામની ઈચ્છા હતી તો બાવા શું કરવા થયા ? તે બોલ્યા કે જબ ક્યા કરે ? સંસારમાં બહોત મહેનત મજુરી કરની પડતી હે, તો ભી ખાના પીના, એશ આરામ સબહી સુખ મીલના મુશ્કેલ હે ? ઓર બાવા હો કે તો અચ્છા ખાનેકા ખૂબ મીલતા હૈ ? કે ઓર દામ, વામ, બસ્તર, શસ્તર, માલ, મિલકત, સબહી રામનામ સે મીલતી હે. ક્યું કે અંધી દુનિયા, ભગવાનકું ભગવાન માનતી હે પછી સ્વામી બોલ્યા કે તે તો ખરું, પણ મુઆ પછી નરકે પડશો અને રાક્ષસો અને નાગના અવતાર આવશે. પછી તે બોલ્યા કે નહિ નહિ ક્યા સાધુરામ ! દેખો એ સબ અમારે અખાડેકે બડે બડે મહંતોકા મોક્ષ હો ગયા. ઉનકી એ સબ સમાધિ હે. એમ કહી તળાવની પાળે મેદાનમાં મોટી ધૂળની ડેરીઓ હતી તે દેખાડી.

ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે એ કોઈ બાવાનો મોક્ષ થયો નથી. એમાંથી કેટલાક જમપુરીમાં નરકે ગયા છે. કેટલાક રાક્ષસ થયા છે. અને કેટલાક કાળા નાગ થયા છે. પછી બાવા બોલ્યા કે, વો સબ બાત જુઠ હે. સ્વામી હે ઠીક પછી સ્વામી સંતમંડળ તથા બ્રાહ્મણ વગેરે સર્વે જમ્યા અને મંદિરમાં ગયા પછી તેજ રાતમાં તે બાવાના અખાડામાં સાઠને આશરે બાવા હતા તે અડધી રાતે સૂતા હતા. ત્યાં બસેને આશરે મોટા મોટા વિકરાળ ભયંકર રાક્ષસો આવ્યા. તેમણે ચિપીયા વડે પેલા સૂતેલા બાવાને ઘણા જોરથી મારવા માંડ્યા અને કહ્યું કે, અમે પહેલાના અખાડાના મહંત છીએ. અમે ઘણાપાપથી પૈસા ભેગા કર્યા હતા તથા વ્યભિચાર કર્મો કર્યા હતા અને ઘણા લોકોને ધૂતી ખાધું હતું. તે પાપથી રાક્ષસો થયા છીએ. તે અમારો સર્વેનો મોક્ષ કરે એવા પરમેશ્વર સાધુરૂપે

અહીં આવ્યા હતા તેમને તમે અમારો મોક્ષ થયો છે એમ જુઠું કેમ કહ્યું ? માટે હવે સવારમાં તમે સર્વે જઈને તેમને પગે લાગીને અમારો મોક્ષ કરે એમ વિનંતી કરો. અને તે કહે તેમ કરો. નહિ તો આ પેલા પીપળાના મોટા પોલાણમાં ત્રણ મહંત કાળા નાગ થયા છે, તે કાલે રાતે તમને કરડશે. એમ કહીને ગયા.

પછી બીજે દિવસે સવારમાં તે બધા બાવાનું ધાડું મંદિરમાં આવી ચોક વચ્ચે ઉભા રહી, હાથ જોડીને પોકાર કરવા માંડ્યા. અને ગોપાળાનંદ સ્વામીને કહ્યું અમારે અખાડે કે આગે કે બાવા લોક તો સબ રાક્ષસ હુવે હે. સો સબ રાતમેં આકે હમ સબ બાવા લોક સોયેથે, ઉનકો બહુત મારે. બહુત મારે, દેખો એ સબ બદન પર રાતે સોળ પડ રહે હે, તબ વો સબ રાક્ષસો કા આપ મોક્ષ કરો. નહિ તો ફીર ત્રણ મહંત નાગ હોકે પિપલ વૃક્ષમેં રહે હે, સો હમકું આજ રાતમેં આ કે કાટેગા, યુ કહ કે વો સબ ગયે હે. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, તમે આજ જાઓ કાલે એ સર્વેનો મોક્ષ કરીશું. પછી તે સર્વ પગે લાગીને ગયા. પછી રાતમાં તે પીપળામાંથી ત્રણ મોટા કાળા નાગ નીકળ્યા. તે ત્યાં અખાડામાંથી સ્વામી પાસે ન ગયેલાં બે ઉડઘંગા મચ્છરાયેલા બાવા બેઠા બેઠા ગાંજો પીને નિંદા કરતા હતા, તેમને હાથે તથા પગે બે ને કરડ્યા, પછી લહેરો ચઢવા માંડી. આખી રાત મહા વેદનામાં કાઢી અને અચેતન થયા. સવારમાં તે બેયને ગાડામાં નાખીને બીજા સર્વે બાવા ગોપાળાનંદ સ્વામી પાસે મંદિરમાં લાવ્યાં અને સર્વે વૃત્તાંત કહ્યું. પછી ગોપાળાનંદ સ્વામીએ તે બે બાવાને પાણી છાંટ્યું તેથી ધૂણીને તે નાગ બોલ્યા કે અમે તો જમાતના મહંત હતા અને માન, મત્સર ને ક્રોધ વડે ઘણા લોકોને ડરાવી દમીને તેનું ધન હરણ કરતાં. સિધ્ધિ દેખાડીને લોકોની સ્ત્રીઓને મોક્ષની લાલચ આપીને અમારા સંગનો મહિમા વધારીને તેનું અમે ધન અને તન ભોગવતા. એવા ઘણા ઘોર કર્મ કરતા. તે પાપ ધર્મ રાજાએ ધર્મ ચોપડામાંથી વંચાવી અમને સંભળાવ્યું અને પછી આ નાગનો જન્મ આપ્યો છે. અને બીજા અમારા ઘણાં શિષ્યો બાવાએ પણ એવા ઘોર પાપ કર્યા છે, તે પણ ઘણા રાક્ષસો થયા છે. અને ઘણા જમપુરીમાં નર્કમાં પડ્યા છે. આ રીતનું પૂર્વનું સર્વ જ્ઞાન અમને થયું. તેનું કારણ તમે પાણી છાંટ્યું તેના પ્રતાપથી થયું. માટે તમને સાક્ષાત્ પરમેશ્વર જેવા દેખીએ છીએ.

હવે કૃપા કરી અમારો મોક્ષ કરો, અમે તમારે શરણે છીએ. પછી સ્વામીએ કહ્યું કે, તમને જેટલા બાવાને અમારા દર્શન થયા. અને જેણે અમારો ગુણ ગ્રહણ કર્યો છે. તે સર્વે ગઢપુરમાં જઈ ઉન્નમત્ત ગંગાને સામે કાંઠે ગુપ્તપણે કોઈ દેખે નહી તેમ રહેજો અને એ ગંગામાં નિત્યે સ્નાન કરીને ત્યાં પ્રત્યક્ષ ભગવાનનાં સંત,સ્નાન કરવા આવે તેમનાં દર્શન કરજો એ રીતે પવિત્ર થઈ એક વર્ષ વીત્યા પછી તમારું મૃત્યુ થશે. ત્યારે તમે મનુષ્ય દેહ પામશો. ત્યાં તમે સત્સંગી થશો અને સ્વામી પણ થશો. તોય તમે તીવ્ર વેગે કરેલા કર્મનો જીવને વિષે લાગેલો જે પાશ (સ્વભાવ) તેનો નાશ નહીં થાય. પણ જ્યારે એમ ને એમ સત્સંગમાં દેહધારી ભજન કરતા બે ચાર કે ઘણીવાર દેહ પડશે. અને જ્યારે તમારી વાસનાઓ નાશ થશે ત્યારે મોક્ષ થશે.

## શ્રીમંત રાવસાહેબ પાસે ગોપાળાનંદ સ્વામીએ યજ્ઞ કરાવ્યો તથા તેમને વળગેલો બ્રહ્મરાક્ષસ કાઢ્યો

વડોદરામાં શ્રીમંત રાવ સાહેબ ગોપાળરાવ મૈરાળ જેની નવ કરોડ રૂપિયાની અગણિત દોલત હતી. તે ઉપરથી નવકોટનારાયણ એવું જગ પ્રસિદ્ધ નામ હતું. જેને ગાયકવાડ તથા અંગ્રેજ સરકાર ઘણું માન આપતા. તેઓ લાખો રૂપિયા સરકારને જોઈએ તે વખતે આપતા. તેને પેટે નવસારી ને શીનોર એ બે મહાલ એમને તાબે સોંપ્યા હતા. તેમને શ્રીકૃષ્ણના વિભૂતિ અવતાર રૂપ ગણપતિની ભક્તિ નિશ્ચય હતી ને તેમણે ગણપતિનું બે ત્રણ લાખ રૂપિયાં ખરચીને મંદિર કરાવી તેમાં તેમને સ્થાપન કરી, તેનો પૂજા પ્રવાહ મોટી રાજધાની જેવો ચાલુ રાખ્યો હતો. પોતે મહા ધર્મિષ્ટ ને અતિ પુણ્યવાન હતા. તેમના કાશી સુધી સદાવ્રતો અપાતા હતા. તેમ પોતાને ઘેર પણ હજારો બ્રાહ્મણો, સાધુ, તીર્થવાસી નિત્યે જમતા અન્ન વસ્ત્ર દક્ષિણાઓ વગેરે જેને જે માગે તે અપાવતા. એ રીતે બાર માસે પાંચ સાત લાખ રૂપિયા પુણ્ય દાનમાં વાપરતા, અને શરીરે પણ તેજસ્વી અને પરમ દયાળુ હતા. જેને તમામ લોકો એ તો ગણપતિ મહારાજ છે એમ કહેતા અને આખો દિવસ સેંકડો વિદ્વાન બ્રાહ્મણો તથા સાધુ પુરુષોએ વિંટાયેલા સંધ્યા પૂજા કરતા અને માળા નિરંતર હાથમાં રાખી જપ કર્યા કરતા એવા તે દેવ મૂર્તિ હતા.

પણ પ્રારબ્ધયોગે એમને મોટો બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો તે શરીરનું રૂધિર ચૂસતો અને બોલે નહિ પણ ધૂંધવાયા કરે અને તે પાશેર દોઢ પાશેર અન્ન જમતા તે છાતીએ અધ્ધર રહેતું. અને નિદ્રા મુદ્દલ આવતી નહીં. અને શરીરે તથા મસ્તકે જાણે બે ચાર મણ ભાર વળગાડ્યો હોય, તેમ સજ્જડ રહેતું.આવું દુઃખ થયેલું તેના એમણે ઘણા ઘણા ઉપાયો કર્યા તથા કેટલાક મંદિરોમાં તથા તીર્થોમાં મોટા વિદ્વાનો પાસે અનુષ્ઠાન કરાવ્યાં. શ્રીમદ્ ભાગવત અને ભગવદ ગીતા આદિ મોક્ષ ગ્રંથોના હજારો પારાયણ કરાવ્યા. વિષ્ણુયાગ, મહારૂદ્ર, અતિ રૂદ્ર કરાવ્યા. હજારો ગાયો આદિકના તથા બીજા સુવર્ણ ભૂમિ આદિના ભારે દાન આપ્યાં. હજારો હનુમાનજીને તેલના સતત અભિષેક કરાવી જપ પાઠ કરાવ્યા. નારાયણ કવચ, વિષ્ણું સહસ્ત્ર નામાદિકના હજારો બ્રાહ્મણો પાસે પાઠ કરાવ્યા. વળી કેટલાક સગા સંબંધી તથા ઓળખાણ વાળા હઠીલાઈ કરી ભૂવા, જાગરીઆ, પીર, ફકીર, દોરા,ચીઠ્ઠી, ધાગા કરાવે તેમનું પણ મન રાખ્યા કરતા. એ રીતે આઠ વર્ષ સુધીમાં તો, પચીસ લાખ રૂપિયા ખર્ચ કરી નાખ્યા. પણ હર ઘડીએ દુઃખ એવું ને એવું રહ્યું.

પછી એક દિવસે હરિભક્ત શિરોમણી જાદવરાયભાઈ નાગર હતા, તેમને રાવસાહેબે કહ્યું કે, ગોપાળાનંદ સ્વામી ભગવાન જેવા છે. તે જો મારા ઉપર નજર કરે તો મને બધું દુઃખ મટે પણ એતો પરમેશ્વર જેવા સાધુ છે, એમને મારી શી તમા છે ? દ્રવ્યાદિક પદાર્થ તો એમને હરામ છે. માટે શાથી મારા ઉપર કૃપા કરે ? પછી તે બોલ્યા કે એ સ્વામી તો ઈશ્વર મૂર્તિ છે નિર્પેક્ષ છે. એમને રાજાને રંક બરાબર છે. ધનને ધૂળ જેવું જાણે છે. પણ મહા દયાળુ છે. જીવના દુઃખ મટાડવા તે તો એમને ક્ષણિક છે. માટે હું તમારા વતીની એમને પ્રાર્થના કરીશ. રાવસાહેબે કહ્યું ઠીક, જો એમની આજ્ઞા હોય તો હું ત્યાં એમના દર્શને આવું અને જો એ મને પાવન કરવા અહીં પધારે તો પૂછીને અહીંથી મેના પાલખી વગેરે લઈ જાઓ.

પછી બીજે દિવસે જાવદરાયે મંદિરમાં જઈને સ્વામીને ઉપરથી બધી હકીકત કહી. તે સમયે સભામાં બેઠેલા વિદ્વાનો, સરદારો વગેરે હતા. તેમણે પણ એજ રીતે કહીને વિનંતી કરી. પછી કૃપાળુ સ્વામી તો તેજ વખતે પોતાના રૂમાલ બે હાથે મસ્તકે વિંટી તેના બે છેડા છુટા પાછળ બોચીએ લટકતા નાંખીને ચાલો કરી તરત ઉઠ્યા. તે જ વખતે સાધુ-હરિભક્તો સર્વે સાથે ચાલ્યા હજારો માણસે

વિંટાયેલા રાવસાહેબને ત્યાં હવેલી સાથે ગણપતિ મંદિર છે. તેમાં જઈ ગણપતિને નાળિયેર મૂકીને નમસ્કાર કર્યા. તે જ વખતે રાવસાહેબ વગેરે સર્વેના જોતાં ગણપતિની સુંઢમાં પૂજારીએ મોટું કમળ ભરાવ્યુ હતું તે સૂંઢ લાંબી કરીને ગોપાળાનંદ સ્વામીના મસ્તક ઉપર મૂક્યુ અને સૂંઢ લાંબી કરીને સ્વામીને હસતાં હસતાં નમસ્કાર કર્યા. તે જોઈ રાવસાહેબ તથા બીજા સર્વે આશ્ચર્ય પામ્યા. પછી તેજ મંદિરના વિશાળ મંડપમાં, ઉંચા આસન ઉપર ગાદી તકિયે ગોપાળાનંદ સ્વામીને બેસાડીને રાવસાહેબે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને સાધુ હરિભક્તોને પણ ઘટે તેમ બેસાડીને પગે લાગ્યા અને સન્મુખ હાથ જોડીને બેઠા, પછી સ્વામી બોલ્યા કે તમને જે દુઃખ છે. તેને ટાળવા હજારો ઉપાયો કર્યા અને લાખ્ખો ખર્ચ્યા,પણ દુઃખ મટ્યું નહિ. પણ જેમ વ્યાસ મુનિએ સત્તર પુરાણને ભારતાદિક ઈતિહાસએ સર્વે કર્યા પણ શાંતિ ન થઈ, પણ નારદ મુનિના કહેવાથી પ્રત્યક્ષ કૃષ્ણ પરમાત્માના ચરિત્રરૂપ પરમહંસ સંહિતા જે શ્રીમદ્ ભાગવત કર્યું ત્યારે શાંતિ થઈ. તેમ તમારે હવે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન જે સ્વામિનારાયણ તેમને શરણે થઈને હું તેમનો સાધુ છું. તે કહું તેમ કરો. એટલે તમારું શરી ર સંબંધી બધું દુઃખ તરત મટી જશે અને અંતે ભગવદ્ ધામને પામશો. પછી રાવસાહેબે ગોપાળાનંદ સ્વામીના ચરણમાં માથું મૂક્યું અને કહ્યું કે હું સ્વામિનારાયણ ભગવાનને શરણે છું, તમારો દાસ છું પછી સ્વામી કહે, આ રામનાથ શાસ્ત્રી તથા કૃષ્ણનાથ શાસ્ત્રી એ બે ભાઈ છે. તે એમના પિતા લક્ષ્મીનાથ ભટ્ટ તથા કાકા દીનાનાથ ભટ્ટ બે મહા ધુરંધર શાસ્ત્રી હતા એ સર્વેએ પંડે સ્વામિનારાયણ પોતાની પાસે નિરંતર રાખતા . માટે આ બે ઋષિ બ્રાહ્મણને મુખ્ય કરીને તથા બીજા સત્સંગી બ્રાહ્મણ અહીં અઢીસે છે. તે સર્વેને મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના સન્મુખ અનુષ્ઠાનમાં બેસાડી મહાવિષ્ણુયાગ કરાવો. તે વેદમંત્ર સહિત સર્વમંગળને જનમંગળની સવા લક્ષ આહુતિ આપશે. માટે એક માસનું અનુષ્ઠાન ત્યાં બેસાડો.

પછી રાવ સાહેબ ઘણા પ્રસન્ન થયા. ને તે કામ ચાલુ કરવાની પ્રેરણા પોતાના કારભારી પુંડરીનાથ નામે હતા તેને કરી, પછી ગોપાળાનંદ સ્વામીની પૂજા કરી નમસ્કાર કર્યા. અને મેનામાં બેસાડી મંદિરમાં સભા સહિત વળાવ્યા. બીજે દિવસે સામાન ગાડા ભરીને મંદિરમાં આવવા માંડ્યો. હજારો માણસો કામે વળગ્યાં. ચોથે દિવસે દેવ સન્મુખ મંડપ, ચંદનીઓ, સિંહાસન, કુંડ વગેરે

વિધિ સહિત તૈયાર કર્યા અને અઢીસે બ્રાહ્મણ વરૂણમાં અનુષ્ઠાન કરવા બેઠા. ત્યાં નિત્યે રાવસાહેબને ત્યાંથી પુંડરીનાથ ત્રણ ચાર વખત મંદિરમાં આવી યજ્ઞનો જે જે સામાન જોઈએ. તે મોકલવાની તથા નિત્યે સાધુ બ્રાહ્મણ સહિત પાંચસો માણસોની નવીનવી ભારે રસોઈઓ કરાવતા. પ્રથમને દિવસે રાવસાહેબ વરૂણના બ્રાહ્મણને પાઘડી, શેલા ધોતિયા, વગેરે પાંચે વસ્ત્ર પીતાંબર, આસન, ગૌમુખી, લોટા, પૂજાના વાસણ વગેરે દરેક બ્રાહ્મણને ઉપકરણ દોઢસો રૂપિયાના આપ્યા. યજ્ઞ ચાલતો હતો. કેટલાક બ્રાહ્મણો પાઠ પારાયણ ને જપ કરતા, કેટલાક હોતા થઈને સેંકડો મણ ઘી અને પાયસાનની આહુતિયો પુરુષ સુક્ત મહામંત્રને સહસ્ત્ર નામ વડે આપી હોમ કરતા. સ્વાહા શબ્દો જ સંભળાતા, રાવસાહેબ નિત્યે સવારમાં આવી દર્શન કરી સ્વામી પાસે થોડું બેસીને તેમણે નિત્ય મહામંત્ર વડે ચરણામૃતનું માર્જન કરવા રામનાથ શાસ્ત્રી તથા કૃષ્ણનાથ શાસ્ત્રી એ બે ભાઈઓને સ્વામી વારા ફરતી મોકલતા. તે રાવસાહેબ મેના તૈયાર રખાયેલા તેમાં બેસીને જતાં. એ રીતે અનુષ્ઠાન એક માસ ચાલ્યું. છેલ્લે પૂર્ણાહુતિને દિવસે મોટો સમારંભ કર્યો. શહેરના તમામ બ્રાહ્મણોની ચોરાશી કરી ઉચ્છવીયા સહિત સર્વે હરિભક્તોને જમવા તેડ્યા. સ્વામીએ મંડપમાં ઉભા રહીને યથાવિધિ પૂર્ણાહુતિ કરાવી. પછી શ્રી લક્ષ્મીનારાયણના મંડપમાં સભા મધ્યે સ્વામી આવીને ગાદી તકિયે બેઠા, સન્મુખ ઘટે તેવા આસન ઉપર સરકાર ગણપતરાયને રાવસાહબને તથા બીજા સર્વેને બેસાડ્યા. પછી સ્વામી બોલ્યા કે પ્રથમ શ્રી ઠાકોરજીની પૂજાનું સાહિત્ય આ બંને મંગાવ્યું છે તે આ બ્રહ્મચારીને આપો. તો ષોડશોપચારથી પૂજા કરી વસ્ત્ર અલંકાર પહેરાવશે અને તમે આ વરુણના બ્રાહ્મણોની પૂજા કરી રામનાથ શાસ્ત્રી તથા કૃષ્ણનાથ શાસ્ત્રી એ બે ભાઈ આચાર્ય બ્રહ્મા તેમને પાંચસે પાંચસે રૂપિયા દક્ષિણા આપી. બીજા સર્વ બ્રાહ્મણોને બસેં બસેં રૂપિયા આપ્યા ને ચોરાશી જમનાર સર્વે બ્રાહ્મણોને અકેક, બબે ને ચાર ચાર રૂપિયા દક્ષિણા આપાવી બીજા (છોકરા તથા સ્ત્રીઓને એક) ત્યારે રાવ સાહેબે પ્રથમથી લક્ષ્મીનારાયણ દેવની પૂજાનું સાહિત્ય સર્વે અર્પણ કર્યું, તે વડે બ્રહ્મચારી વિજયાનંદે યથાવિધિ પૂજા કરી. પછી ભારે ભારે વાઘા વસ્ત્ર તથા ભારે ઘરેણાં દેવને અર્પણ કરી દીધાં. અને પછી રાવસાહેબે એક હજાર રૂપિયાના થાળ ભરીને ભેટ મૂકી. સાષ્ટાંગ નમસ્કાર કર્યા ને ઉઠવા જાય છે કે તેજ વેળાએ નારાયણની મૂર્તિએ પોતાના ઉપલા બે હાથ વડે પોતાના કંઠમાંથી મોટા ગુલાબનો

હાર હતો. તે કાઢીને એવો નાંખ્યો. કે તરત રાવસાહેબની કોટમાં આવીને પડ્યો. અને પોતાની નીચેના બે હાથ વડે પોતાના સિંહાસનના પગથિયા ઉપર નૈવેદ્યનો થાળ પેંડા, બરફી, ભરેલો બ્રહ્મચારીએ મૂક્યો હતો, તે લાંબા હાથ કરીને ગોપાળાનંદસ્વામીને કહ્યું કે લો આ પ્રસાદ, રાવસાહેબને આપો. સ્વામી બોલ્યા કે લ્યો લ્યો રાવ સાહેબ આ પ્રસાદ તમને શ્રીહરિએ આપ્યો. આવો ચમત્કાર જોઈ રાવસાહેબ તથા સરકાર સહિત બધી સભા તો અતિ આશ્ચર્ય પામી ગઈ ને સર્વે બોલ્યા કે અહો, અહો આ મૂર્તિમાં નિશ્ચે પ્રગટ ભગવાન રહ્યા છે. કોઈ ઠેકાણે આવો ચમત્કાર કોઈ મૂર્તિઓમાં દીઠો સાંભળ્યો નથી, પછી રાવસાહેબે ગોપાળાનંદ સ્વામીની પૂજા કરવા માંડી પ્રથમ લલાટમાં કેસર ચંદનની અર્ચા કરી. તેમાં કુમકુમનો ચાંદલો કર્યો. ને સુગંધી પુષ્પના મોટા બે હાર કંઠમાં પહેરાવ્યા. પછી પુંડરીનાથે ગડીબંધ આપેલો ધોળો મોટો શાલ જોટો તેની ગડી ઉકેલીને જેવો સ્વામીને ઓઢાડવા જાય છે. કે તરત સ્વામી પોતાના બે હાથ આડા હલાવીને હા હા કરીને પાછા હઠી ગયા. (જેમ કોઈ પ્રાકૃત માણસને કોઈ તલવારનો ઝટકો મારે અને પાછો હઠી જાય તેમ અથવા ઉપર મોટો કાળો નાગ પડે ને તે જેમ ડરીને પાછો હઠી જાય તેમ)

ત્યારે રાવસાહેબ અતિ નમ્રતાથી ગદ્ ગદ્ કંઠે બોલ્યા કે, મહારાજ મારો શો અપરાધ છે. હું ગરીબ આપને આ એક તંતુ અર્પણ કરું છું તે કેમ અંગીકાર કરતા નથી ? ધોળા છે. ને ભગવો કરાવીને ઓઢજો. પછી સ્વામી બોલ્યા કે, રાવસાહેબ તમારો કંઈ અપરાધ નથી. તમે તો મોટા પુણ્યેશ્વરી અને મહાધર્મિષ્ઠ છો પણ અમારે સાધુને આવું ભારે વસ્ત્ર પહેરવા ઓઢવા, શાસ્ત્રની તથા અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણની આજ્ઞા નથી. ધર્મામૃતમાં છ અધ્યાયથી અમારે ત્યાગી સાધુને વર્તવાના સર્વ નિયમ તે શ્રીહરિએ મને જ વિસ્તારીને કહ્યા છે. માટે અમારાથી તો દશબાર આનાની જ કિંમતનું વસ્ત્ર પહેરાય ઓઢાય અને તે પણ બે કૌપીન, ટોપી, કાન સુધી, ગરણું, બે પંચીયા, બે ધોતિયા અને માથે બાંધવાનો રૂમાલ કામળી અને ભિક્ષા માંગવાની ઝોળી, એ રીતે અગિયારથી અધિક રખાય જ નહિ. પછી રાવસાહેબે કહ્યું કે મહારાજ, આપ તો ઈશ્વર મૂર્તિ છો. આપને કંઈ બાધ અડે નહી. આપના નિમિત્તે લાવેલા તે હવે અમારા ઘરમાં રખાય નહિ. પછી સ્વામીએ કહ્યું કે એ લેવાથી સ્વામિનારાયણની બાંધેલી મર્યાદાનો લોપ થાય, માટે એ ભારે વસ્ત્ર તમે ધર્મ નિમિત્તે લાવ્યા છો, તો કોઈ સત્પાત્ર બ્રાહ્મણને

ઓઢાડો. પછી રાવસાહેબે કહ્યું કે આપની કૃપાથી મેં ઘણા બ્રાહ્મણોને શાલ જોટા ઓઢાડ્યા છે. હજુ પણ આપની કૃપાથી ઓઢાડીશ .પણ આ તો આપને સારુ મંગાવેલો તે આપના જેવા હું બીજા કોઈને દેખતો નથી કે તેને હું ઓઢાડું. પછી રામનાથ શાસ્ત્રી બોલ્યા કે, રાવ સાહેબ સ્વામીથી તો આવો ભારે શાલ જોટો ન ઓઢાય. પણ એ સ્વામીના જેવા મોટા અને સર્વે બ્રાહ્મણોને પૂજ્ય અને આવા ભારે વસ્ત્ર ઓઢાડવા યોગ્ય અને શ્રીહરિને ઠેકાણે શ્રી રઘુવીરજી મહારાજ છે. તેમને ઓઢાડો. એટલે સ્વામીને ઓઢાડ્યા બરાબર તેમને શાંતિ થશે.

પછી રાવસાહેબે કહ્યું કે ઠીક બહુ સારું મહારાજ તમે વડતાલ જાઓ ત્યારે તેમને ઓઢાડજો, એમ કહી ગડી વાળીને એ શાસ્ત્રીને આપ્યો. તે વડતાલ ગયા ત્યારે શ્રી રઘુવીરજી મહારાજને ઓઢાડ્યો, તે તેમણે ઘણાં વર્ષ ઓઢ્યો. પછી શ્રી ભગવતપ્રસાદજી મહારાજે ઓઢ્યો. પછી વિહારીલાલજી મહારાજે ઓઢ્યો અને યદ્યપિ તે ત્યાં છે તે રૂા. ૮૦૦ની કિંમતનો છે, પછી ગોપાળાનંદ સ્વામીને જગન્નાથની ચાદર ઓઢાડી, પછી રાવસાહેબે સર્વે સાધુની પૂજા કરીને સર્વેને ચાદરો ઓઢાડી પગે લાગીને હાથ જોડીને બોલ્યા કે સ્વામી હવે મને કૃપા કરીને બીજી સેવા બતાવો, સ્વામી બોલ્યા કે આ બે શાસ્ત્રી મુળ આમોદના છે. તે શ્રીહરિ પાસે એમના પિતા તથા કાકાની સાથે નિરંતર રહેતા અને એમના વ્યવહારનો ખર્ચ તો શ્રીહરિ જોઈએ તેથી અધિક આપતા હતા. પણ શ્રીહરિ અંતર્ધાન થયા પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી તથા શ્રીરઘુવીરજી તે સર્વે ખટલાવાળા છે. તેમના સગાં સંબંધી દેશમાંથી મારું નામ સાંભળીને આવે છે. તેથી આવક પ્રમાણે ખર્ચ થાય છે. તો તેમણે થોડા ખર્ચમાં એ ભટ્ટના વિદ્યાર્થી બે સારા વિદ્વાન છે. તે સેવકરામ શાસ્ત્રી ને અયોધ્યાપ્રસાદજીએ રાખ્યા છે અને ભોળાનાથને રઘુવીરજીએ રાખ્યા છે. અને આ બેના મોટાભાઈ જે આપા શાસ્ત્રી તે અહીંના મંદિરમાં નિત્ય શ્રીમદ્ભાગવતની કથા કરે છે. તેમનો બધો ખર્ચ અહીંના ગૃહસ્થ હરિભક્તો પુરા પાડે છે. હવે આ બે ભાઈ અમારા પાસે રહીને ગ્રંથો કરવામાં તથા ટીકાઓ તથા ગીતા ભાષ્ય આદિ કરવા, લખવા, શોધવામાં અમારા બે હાથ હોય એમ નિરંતર શ્રીહરિની સેવા કર્યા કરે છે. માટે આજથી તમારા ઘરના પણ એ શાસ્ત્રી છે એમ જાણીને એમની સંભાવના નિરંતર રાખજો, પછી રાવસાહેબ બહુ રાજી થયા ને બોલ્યા કે, એ બે શાસ્ત્રીને હું મારે ઘેરથી દર વર્ષ પાંચસે રૂપિયા વર્ષાસન જીવન પર્યંત આપીશ. ને તેજ વખતે એ ઠરાવના બે

લેખ પોતાના કારભારી પુંડરીનાથ પાસે લખાવીને બે જણને જુદાજુદા આપ્યા, પછી રામનાથ શાસ્ત્રી બોલ્યા કે મારે તો આટલા બધા રૂપિયાનો ખર્ચ નથી. આ તો નિત્ય ઘરના સર્વે માણસો મિષ્ટાન્ન જમે અને આ શ્રીહરિના સ્વરૂપ જે લક્ષ્મીનારાયણ દેવ છે, તે તો જ્યારે કોઈ ભક્તની રસોઈ ન હોય ત્યારે આ સાધુ ઝોળી લઈ ભિક્ષા માગી લાવે છે, તેના રોટલા જમે છે. એ રીતે અમારા ઈષ્ટદેવ રોટલા જમે ને અમારાથી મિષ્ટાન્ન જમાય નહીં, માટે આ લેખ લ્યો રોટલા ખર્ચ જેટલું ઓછું વર્ષાસિન કરી આપો તો લઈશું. એમ કહી લેખ રાવસાહેબની પાસે પાછો મૂક્યો. તે જોઈ રાવસાહેબ તથા સર્વે બોલ્યા કે, આવી દૃઢ ઉપાસના વાળા અને અતિ સંતોષી બ્રાહ્મણ આ કાળમાં હોય નહીં. આતો બહુ મોટા છે. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે એ તો શ્રી રામાનંદ સ્વામી પાસે એમના પિતા ભટ્ટ લક્ષ્મીનાથ શાસ્ત્રી કથા કરતા હતા. તેમની સાથે આઠ વર્ષ ત્યાં રહ્યા છે અને મુક્ત પુરુષ છે. માટે જ અમે તમને સમાગમથી શ્રીહરિના મહિમાની દૃઢતા સારૂ યોજના કરી છે. પછી રાવસાહેબ શ્રી લક્ષ્મીનારાયણ દેવને નિરંતર બારે માસ મિષ્ટાન્નનો થાળ થયા કરે તેવું વર્ષાસિન શીનોર મહોલ ખાતે કરાવી આપ્યું અને મંદિરમાં નિરંતર જેટલા સાધુ બ્રહ્મચારી વગેરે માણસો રહે છે તેમને પોતાને ઘેરથી મિષ્ટાનના પાકા સીધા આવ્યા કરશે, એમ સ્વામીને કહ્યું. તે વાતની ગોપાળાનંદ સ્વામીએ ચોખ્ખી ના પાડી, ને કહ્યું તમે શ્રીમંત છો, તે નિત્ય સાધુને મિષ્ટાન્ન જમાડો તો ઠીક નહિ, સાધુ ભિક્ષા માંગી લાવી માધુ કરી વૃત્તિથી નિર્વાહ કરે તો ઘણા હરિજનોનું અન્ન મળે, તો તે સર્વેને સાધુના ભજનનો ભાગ મળે. વળી ગૃહસ્થ હરિભક્તો ઘણા છે, તે પણ વારા ફરતી સાધુને રસોઈઓ આપે છે, તો તે સર્વેને સાધુ સેવાનો લાભ મળે અને જો તમે એકલા જ સાધુને નિરંતર રસોઈ આપો તો સર્વ હરિભક્તોને સેવાનો અવકાશ ન મળે અને સર્વેને ખોટું લાગે. પછી રાવસાહેબે ઘણું કરગરી હાથ જોડીને વિનંતી કરી ત્યારે સ્વામીએ દર બારસની રસોઈ રાવસાહેબની માની. તે રાવસાહેબના જીવન પર્યંત ચાલું જ રહી.

પછી સ્વામી બોલ્યા કે રાવસાહેબ તમારા શરીરમાં રહેલો બ્રહ્મરાક્ષસ આ એક માસ થયા અનુષ્ઠાન તથા માર્જન થાય છે. તેથી એ ક્ષીણ થયેલો માંહી ગુપ્તપણે દબાઈ રહ્યો છે. તેને બોલાવીને આજ એને વિદાય કરીએ છીએ. પછી રાવસાહેબ ને સ્વામીએ સભા વચ્ચે સન્મુખ બેસાડ્યા. પછી સ્વામી સ્વામીએ સામુ જોઈને

પોતાના ઓઢેલા ધોતિયાને જોડે જરા વળ દીધો કે તરત ચીસે ચીસ પાડવા માંડી. હું બળી ગયો રે બળી ગયો રે, એ રીતે રાડ્યો પાડવા માંડી પછી ગોપાળાનંદ સ્વામીએ તેને પૂછ્યું કે તું કોણ છે ? શા કારણથી આ ધમિષ્ટ પુણ્યવાન બ્રાહ્મણને વળગ્યો છે ! ને શા પાપથી આવી ગતિ પામ્યો છે ? તે બધું કહે,

પછી તે બોલ્યો કે, મહારાજ ! હું પરમોદરાય વડનગરનો નાગર બ્રાહ્મણ હતો. ને મહંમદમીયા બાદશાહનો કારભારી તેના વિશ્વાસનો હતો, તેથી તેણે પોતાના અસંખ્ય નાણાનો ભંડાર સાચવવા મને સોંપ્યો હતો ને ધર્મ પુણ્ય પણ મારી પાસે અપાર કરાવતો, તેમાંથી કોટા ન કોટી નાણાંનો મેં પણ છાનો ખજાનો પૃથ્વીમાં કર્યો હતો. તે આ રાવસાહેબના પિતા મૈરાળભાઉ એ તે ઠેકાણે કૂવો ખોદાવતાં દીઠો. ત્યાં એમણે ચારે પાસે મોટી હવેલીયો મંદિર બંધાવીને આગળ પાછળ વસ્તી કરીને રહ્યા છે અને દ્રવ્યના માલિક થયા છે અને ત્યાં બાજુ પણ એક ભોંયરૂ છે. તેમાં પણ સોનું રૂપું ઘણું છે. રાવસાહેબ જાણે છે. પણ તે એમનાથી કઢાતું નથી. કેમકે મારા ભાણેજને એ ખજાનાનો મેં કોઠારી કર્યો હતો. તે મૂવા પછી સાત ફણાનો મોટો નાગ થઈને ત્યાં રહ્યો છે, તે ત્યાં ફૂંફાડા મારે છે તેથી ત્યાં કોઈથી જવાતું નથી, પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, એ દ્રવ્ય તો આ રાવસાહેબ ધર્મ પુણ્યમાં જ વાપરે છે. તો તું શા સારૂં એમને નડે છે. હવે એ દ્રવ્ય તારે કંઈ કામનું છે ? પછી તે બોલ્યો કે, પુણ્યમાં વાપરે છે, તેથી તો હું ઘણો ખુશી છું, પણ એમને મને કહાડવાના ઘણા ઉપાય અનુષ્ઠાન કરાવી લાખો રૂપિયા ખર્ચ્યા પણ મારો મોક્ષ કરે તેવો કોઈ મળ્યો નથી. પણ આજ મોક્ષના દાતા પરમેશ્વર જેવા હું તેમને જોઉં છું, માટે કૃપા કરી મારો મોક્ષ કરો, હું તમારે શરણે થયો છું અને પેલો મારો ભાણેજ નાગ થયો છે તેનો પણ મોક્ષ કરો એટલે દ્રવ્ય પણ આ પુણ્યશાળી રાવસાહેબ દેવ સાધુ બ્રાહ્મણ અને સદાવ્રતમાં વાપરશે. પછી દયાળુ સ્વામીએ એ બ્રહ્મરાક્ષસ તથા પેલો નાગ એ બેનો મોક્ષ કરવા સંકલ્પ કર્યો કે તરત તે ચાર પાંચ વાર હું હું હું કરી ધુંધવાયો પછી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતો એ રાવસાહેબના મોઢામાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળ્યા. આકાશમાં ત્રણ ફેરા ફરીને તે ધૂમાડો મટીને તેજનો સમુહ દેખાયો તેમાં સિદ્ધ દેહવાળો આકાશ માર્ગે અતિવેગમાં ઉત્તર દિશાભણી બદ્રિકાશ્રમમાં તે ચાલ્યો ગયો તે સર્વ સભાએ જોયું અને એ નીકળ્યો કે તરત રાવસાહેબને મૂર્છા જેવું થઈ ગયું, પછી બે ઘડીએ સચેતન થયા.

પછી ગોપાળાનંદસ્વામીએ જળપાન કરાવીને પૂછ્યું કે, હવે તમારા શરીરને કેમ છે ? પાપ કહાડ્યો, ને એનો મોક્ષ કર્યો, રાવસાહેબ બોલ્યા કે હું જાણે નવે જન્મે આવ્યો એમ લાગે છે, મારું શરીર ઘણે વર્ષે હલકું ફૂલ જેવું થયું. મને સુખ અને શાંતિ શાંતિ થઈ ગઈ અને આનંદ આનંદ થઈ રહ્યો છે. પછી હાથ જોડી મસ્તક સ્વામીના ચરણમાં મૂકી કહ્યું કે, મહારાજ, તમે મને જીવનદાન આપ્યું છે, પછી સ્વામીએ પોતે સ્થાપન કરેલા મંદિરમાં નીલકંઠ મહાદેવ છે તેમને કહ્યું કે તમારી કોટમાં નાગનું આભ્રણ નથી, માટે તમે ગણપતિને કાલે આ રાવસાહેબને ત્યાં મોકલીને, ભોંયરામાં સાત સાત ફણાનો નાગ છે, તે મંગાવીને તમારી કોટમાં રાખજો, તે વાસના વડે શુદ્રનાગ થયો છે. તે તમારી સેવાથી દેવનાગ થશે. પછી કાળે કરી મોક્ષ પામશે. પછી શંકરે બીજે દિવસે ગણપતિને મોકલ્યા. તેમણે તે નાગને ત્યાંથી લાવીને શંકરની કોટમાં વીંટ્યો. પછી તે દેવ થયો. તેને ગોપાળાનંદ સ્વામીના કહેવાથી હરજીભાઈ લાકડે ત્રાંબાનો સાત મુખ ફણાવાળો નાગ કરાવી તેમાં આવાહન કરાવી શંકરની કોટમાં સ્થાપન કર્યો છે તે અદ્યાપિ છે. પછી તે ખજાનાનું અખૂટ દ્રવ્ય તે રાવ સાહેબે પુન્યમાં જ વાપરવા માંડ્યું હતું. અને સ્વામી પાસે પાંચ વર્તમાનનો નિયમ લીધો અને શ્રીહરિનું ભજન કરવા માંડ્યું. અને બેય શાસ્ત્રીઓનો સઘળો ખર્ચ જીવન પર્યંત આપતા, તથા સત્સંગનો પક્ષ માથા સાટે રાખતા અને એકાદશી પૂર્ણિમા, અમાવાસ્યા અને બીજા બધા ઉચ્છવમાં મંદિરમાં દર્શને મેનામાં બેસીને આવતા. તેમણે પોતાના પૈસા આપીને શાસ્ત્રી હસ્તુ વડતાલમાં વાવ કરાવી છે, તેઓ હજારો રૂપિયા સત્સંગમાં, દેવ, આચાર્ય અને સાધુની સેવામાં વાપરતા.

## આબાસાહેબે ગોપાળાનંદ સ્વામીનું વચન ન માન્યું તો વહાણ ડુબ્યું ને શ્રીહરિએ આવી રક્ષા કરી

વડોદરામાં નવકોટી નારાયણના નામથી વિખ્યાત મહાશ્રીમંત અને અતિ પુણ્યવાન રાવસાહેબ ગોપાળરાવ મેરાળ સત્સંગી હતા, તેમના ભાઈ આબાસાહેબ સત્સંગમાં નિષ્ઠાવાળા હતા. તે એક વખત ગોપાળાનંદ સ્વામી પાસે મંદિરમાં આવ્યા. તેમને પૂછ્યું કે, સ્વામી મારે દ્વારકાની જાત્રાએ જવું છે. ત્યાં મને ભગવાન પ્રત્યક્ષ દર્શન આપશે ! સ્વામીએ કહ્યું કે, ત્યાં તો પરોક્ષપણે મૂર્તિ રૂપે તમને દર્શન થશે અને જો પ્રત્યક્ષ ભગવાનના દર્શનની ઈચ્છા હોય તો

વડતાલ જાઓ, ત્યાં ભગવાન પ્રત્યક્ષ દર્શન આપીને તમારી સર્વે ઈચ્છાઓ પૂરી કરશે. તો કહે ઠીક બહુ સારું. પછી ઘેર ગયા. પણ ત્યાં પોતાના સગાંસંબંધી-બૈરાં છોકરા વગેરે સર્વે કુસંગી ને અતિ કુપાત્ર હતા, તેમણે કહ્યું કે એ તો નવો પંથ છે, તેના દેવને આપણે માનવા નહીં, માટે આપણું જૂનું તીર્થ દ્વારકા છે ત્યાં ચાલો. પછી પોતે સંબંધીને વિવશ હોવાથી સર્વે સગાં મળીને દ્વારકા જાત્રાએ જવાનું નક્કી કરીને ત્રીસ-ચાલીસ માણસ સાથે પોતાના બે દીકરા તથા સ્ત્રી કુટુંબ લઈને બારોબાર દ્વારકા જાત્રા કરવા ગયા. તે સુદામાપુરી થઈને દરિયામાં વહાણમાં બેઠા.

પછી બીજે દિવસે દરિયામાં વાવાઝોડાનું તોફાન થવાથી દરિયામાં વહાણ ચકડોળે ચઢ્યું. તેને બચાવવા ખલાસી લોકોએ ઘણો પ્રયત્ન કર્યો, પણ છેવટે વહાણ ડૂબ્યું. ડુબતાં આબાસાહેબે સંભાર્યું કે સ્વામિનારાયણના ગોપાળાનંદ સ્વામીએ મને વડતાલ જવાનું કહ્યું હતું, પણ તે મોટા પુરુષનું વચન મેં ન માન્યું અને કુપાત્ર બૈરાં-છોકરાનું માનીને હું અહીં આવ્યો, તેથી આ માઠા હાલ થયાં. એમ સંકલ્પ કરતામાં તો શ્રીજીમહારાજ પ્રત્યક્ષ ત્યાં આવીને દર્શન આપીને બોલ્યા કે, આ લાકડાનું મોટું પાટિયું છે તે ઝાલો, એમ કહી તે ઝલાવ્યું. ને કહ્યું કે અમે તો ગોપાળાનંદ સ્વામીના ગુરુ સ્વામિનારાયણ ભગવાન છીએ તે સ્વામી ઉપર તમારે હેત છે, તેથી તમારી એકલાની જ રક્ષા કરવા અમે આવ્યા છીએ, માટે આ પાટિયું ઝાલીને બહાર નીકળો. પછી વડતાલ જઈને અમારી મૂર્તિઓના દર્શન કરજો. તમે એ સ્વામીનું વચન ન માન્યું પણ તેમના તમને દર્શન થયા હતા અને મોટા પુરુષ જાણી તેમનો ગુણ લીધો, માટે અમે તમને દર્શન આપીને રક્ષા કરીએ છીએ અને તમારાં બૈરાં-છોકરા સર્વે તો તમારા પૂર્વજન્મના વૈરી હતાં તે ગયા. હવે બીજી વખતે આ જન્મમાં ફરીથી બીજા બૈરાં-છોકરા નવા થશે, એમ કહી અદૃશ્ય થઈ ગયા.

પછી આબાસાહેબે લાકડાના પાટિયાને બાથ મારી, તે મડાગાંઠ પડી ગઈ અને દરિયાના પાણીના મોટા મોટા તરંગના મોજાંથી ત્રીજે દિવસે કાંઠે આવ્યા, પણ પાટિયાને વળગેલા અને મૂર્છાથી બેશુદ્ધિમાં હતા. શરીર પણ પાણીથી ફૂલી ગયેલું હતું. આ વાતની ખબર થવાથી ત્યાંના રહેનારા ઘણા લોકો કાંઠા ઉપર જોવા મળ્યા અને એમના શરીરની ક્રાંતિ તથા હાથે હીરાની વીંટીઓ વગેરે જોવાથી આ કોઈ મોટું માણસ છે એમ નક્કી થયું. પછી નજીકના ગામમાં લઈ જઈ રૂમાં

દાબ્યા અને અગ્નિથી તપાડતા બે પહોરે શુદ્ધિમાં આવી જવાબ દીધો કે, હું વડોદરામાં રાવસાહેબ ગોપાળરાવ મૈરાળભાઉ શ્રીમંત છે તેમનો ભાઈ છું. મારો ખાટલો, બૈરાં, છોકરાં વગેરે સર્વે દરિયામાં ડૂબ્યાં છે અને મને તો ડૂબતાં સ્વામિનારાયણે પોતે દર્શન આપીને પાટિયું ઝલાવી ગયા હતા, તેથી કાંઠે આવ્યો છું. પછી એ ગામમાં બે-ત્રણ સત્સંગી હતા, તેથી તેમણે આબાસાહેબની દશ-બાર દિવસ રાખીને ઘણી સેવા કરી.

પછી સારા હુંશિયાર થયા ત્યારે ગાડું જોડીને જૂનાગઢ મૂકવા ગયા. ત્યાં મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ તેમની ઘણી બરદાસ કરીને ઘણી વાતો કરીને આઠ દિવસ રાખીને ઉત્તમ સત્સંગી કર્યા.

પેલા ત્રણ સત્સંગીને દોઢ હજાર રૂપિયા જૂનાગઢના શાહુકારને હુંડી લખી આપીને અપાવ્યા. મંદિરમાં ઠાકોરજીને બસ્સો રૂપિયા ભેટ મૂક્યા અને સાધુને રસોઈ આપી વસ્ત્ર ઓઢાડ્યા. વડોદરામાં વહાણ ડૂબ્યાની ખબર થવાથી રાવસાહેબે બાપુ હરઘડી કારભારી વગેરેને દશ-બાર સવાર સાથે પોતાના ભાઈની શોધ કરવા મોકલ્યા, તે ત્યાં જૂનાગઢમાં મળ્યા. પછી તેમની સાથે વડતાલ આવ્યા, ત્યાં રઘુવીરજી મહારાજે ઘણી બરદાસ કરાવી પછી દર્શન કરવા ગયા.

## વડતાલમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનું પ્રગટપણું

ત્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજે પોતાના કંઠમાંથી મોગરાના પુષ્પનો હાર ઉતારીને આપ્યો અને બોલ્યા કે આબાસાહેબ તમારી ઈચ્છા છે તો ફરીથી ગૃહસ્થાશ્રમ કરજો, પરિવાર હતો તેથી બમણો થશે. એમ મંદ હાસ્ય વડે કહીને મૌન થયા. આબાસાહેબ અતિ પ્રસન્ન થયા. પાંચસો રૂપિયા ભેટ મૂક્યા, રસોઈ આપી. રઘુવીરજી મહારાજની ભારે પૂજા કરી, સર્વે સંતને વસ્ત્ર ઓઢાડ્યા અને દશ દિવસ ત્યાં રહીને પછી વડોદરા આવીને પ્રથમ ગોપાળાનંદ સ્વામીના દર્શન કરીને પછી ઘેર ગયા, નવે અવતાર આવ્યા. જાણીને સરકારી તથા શાહુકારી સર્વે માણસો મળવા આવ્યા. પછી ફરીથી પરણ્યા અને ચાર દીકરા અને બે દીકરીઓ થઈ અને સત્સંગી પણ સારા થયા. પછી ગોપાળાનંદ સ્વામીને આબાસાહેબે કહ્યું કે, મારી પાસે ગીતાજીનો અઢાર અધ્યાયનો લખેલો અતિ ઝીણો ગુટકો હતો તે મૈથિલ દેશમાં કોઈ બ્રાહ્મણે ઘણી મહેનતે લખેલો હતો.

તેને મારી સાથે અતિ સ્નેહ હતો, તેથી મને આપ્યો હતો. તેને મેં સોનાના માદળિયામાં ઘાલીને મઢાવ્યો હતો. મારો મોટો દીકરો તે માદળિયું કોટમાં પહેરીને અમારી સાથે જાત્રાએ આવ્યો હતો. પણ તે વહાણ ડૂબ્યાથી તે છોકરા સાથે માંદળિયું પણ સમુદ્રમાં ગયું. પણ સરકારને કોઈએ કહ્યું હશે તેથી મને બોલાવીને સરકારે કહ્યું કે તમારી પાસે માદળિયામાં ઘાલે તેવો ઝીણો ગીતાજીનો ગુટકો છે તે અમને આપો, નહીં તો તે બ્રાહ્મણને મૈથિલ દેશમાંથી તેડાવી લખાવી આપો તેનો ખરચ અમે આપીશું. પછી સરકારને હા ના નો ઉત્તર નથી આપ્યો. તેથી તેમને ખોટું લાગ્યું છે. પછી તે લખનાર બ્રાહ્મણની શોધ કરાવી, પણ તેનો દેહ મૂકી ગયો છે અને બીજો કોઈ એટલું ઝીણું લખે તેવાનો ઘણો તપાસ કર્યો, પણ માથાના વાળ જેવા ઝીણા અક્ષર લખે તેવો કોઈ મળતો નથી. હવે શું કરવું ? પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, માદળિયું તો તમારા ઘરમાં દેવના ઘરેણાનો ડાબડો છે તેમાં છે. જાઓ, જુઓ. પછી જઈને જોયું તો તે ડાબડામાં માદળિયું હતું. તેથી અતિ આશ્ચર્ય પામી તે લઈને સરકારને આપ્યું. છોકરાની કોટમાં દરિયામાં ડુબી ગયેલું માદળિયું ઘરના ડાબડામાંથી નીકળ્યું. આ પરચો આબાસાહેબે પંડે લખાવ્યો છે.

## ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી પુરુષાનંદ સ્વામીએ કૂવામાંથી ગાયો કાઢી

એક સમયે વાડીમાં મહમદ તળાવ ઉપર ગોપાળાનંદ સ્વામી ચાર વાગ્યે આઠ સંત સહિત નહાવા ગયા હતા. ત્યાં એક જૂનો મોટો કૂવો છે. તેના મથાળાનો કાંઠો પડી ગયેલો હતો, ત્યાં રાવસાહેબ ગોપાળરાવ મૈરાળના ગણપતિ મંદિરની બે મોટી જબરી ગાયો વઢતી, પાછે પગે ઠેલાયાથી તે ઊંડા કૂવામાં પડી. તે જોઈ આસપાસના સેંકડો મનુષ્યો ત્યાં દોડી આવ્યા. કૂવામાં જોયું તો ગાયો જીવતી હતી અને મહીં ફરતી તર્યા કરતી હતી. તેમને બહાર કાઢવા સારું ચામડાની વરતો તથા જાડા દોરડાં લાવી સેંકડો માણસો પ્રયત્ન કરતા હતા, તો પણ તે જબરી હોવાથી નીકળી શકી નહીં. તેથી અંતે તે સર્વે થાકી નિરાશ થઈને બેઠા. તેમને નિરાશ થયેલા જોઈ, ત્યાં આગળ થઈને તળાવને કાંઠે ન્હાવા જતા સાધુએ ગોપાળાનંદ સ્વામીને ગાયો કૂવામાં પડી ગઈ છે તે વાત કહી

તેથી સ્વામીએ પુરુષાનંદ સ્વામીને કહ્યું કે તમે એ કૂવામાંથી ગાયોને બહાર કાઢીને મૂકી આવો.

પછી તેમણે ત્યાં જઈ સર્વે લોકોને આંખો બંધ રાખવાનું કહી, પોતાના હાથ લાંબા કરીને બે હાથે બે ગાયોને ઊંડા કૂવામાંથી ફૂલની પેઠે ઊંચકીને બહાર કાઢીને મૂકી અને તરત સ્વામી સાથે આવીને ન્હાવા લાગ્યા. આવું અતિ આશ્ચર્યકારી સંતનું પરાક્રમ જોઈ, આ સંત તો પરમેશ્વર જેવા છે એમ કહી હજારો માણસો દંડવત્ પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા. પણ સ્વામીએ સાધુ સહિત તત્કાળ નાહીને ઉતાવળા મંદિરમાં જતા રહ્યા. પછી લોકોએ આ બધી વાત રાવસાહેબને કહી. તે આશ્ચર્યની વાત સાંભળી રાવસાહેબે તે બે ગાયો શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં વાછડા તથા સર્વ ઉપકરણ અને દક્ષિણા સહિત શ્રીકૃષ્ણાર્પણ કરી મોકલાવી દીધી અને તેમણે સ્વામિનારાયણના સાધુનો મોટો મહિમા જાણ્યો. તેમજ બીજા પણ કેટલાક દેવીજીવ હતા તે સંતનું પરાક્રમ જોઈ સત્સંગી થયા અને ગાયો સંતે બે હાથે કૂવા બહાર કાઢી, તે જોઈ ત્યાં ઊભેલા કલાલી ગામના બે જાંબુ બ્રાહ્મણ મુમુક્ષુ, સત્સંગી હતા, તે તો અતિ આશ્ચર્ય પામી સંતની પાછળ મંદિરમાં આવ્યા અને ત્યાં સભા મધ્યે સ્વામીને નમસ્કાર કરી બેઠા. પછી હાથ જોડી બોલ્યા કે, સ્વામી ! જેમ બે ગાયો ઝંડીયા કૂવામાંથી બહાર કાઢી, તેમ અમે બે બ્રાહ્મણ પણ સંસારરૂપી આંધળા કૂવામાં પડ્યા છીએ, તે અમને પણ તમે કૃપા કરી કાઢો. સ્વામી બોલ્યા કે, તમને વિષયની વાસના ઘણી તીખી છે, માટે બ્રહ્મચર્ય વ્રત પાળી આ સાધુના સમૂહમાં નિર્માની થઈને રહેવું તે અતિ કઠણ છે. તો કહે સ્વામી, અત્યારે મોક્ષનો ખપ છે, માટે શ્રીજીમહારાજના તથા તમારા પ્રતાપથી જેમ તમે કહેશો તેમ વર્તીશું. સ્વામી કહે ઠીક બહુ સારું જાઓ, ઘેર જઈને પરણવા સારું દાન-દક્ષિણાઓ લઈને ભેળા કરેલા રૂપિયા હોય તે બધા સત્પાત્રને આપી દઈ નિષ્કંચન થઈને આવો.

પછી બંને જણ ઘેર જઈ સ્વામીએ કહ્યું તે પ્રમાણે ચારસો રૂપિયા ગરીબ બ્રાહ્મણોને દક્ષિણામાં આપ્યા અને ચારસો વડોદરાના મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કર્યા. પછી ઘરનો તથા સગાંસંબંધીનો વિષ્ટાની પેઠે ત્યાગ કરી છ માસ સુધી શ્વેત વસ્ત્ર રાખી, અતિ નિર્માની થઈ સ્વામીની તથા સર્વ સંતની વસ્ત્ર કૌપિન ધોવા વાળવું ઇત્યાદિ ઘણી સેવા કરી. સર્વે સંતહરિભક્તને અતિશય

રાજી કર્યા. તેથી સંસ્મૃતિમાં ભ્રમણ કરાવનારા કામ, ક્રોધ, લોભ, સ્નેહ, માન અને રસાસ્વાદ એ સર્વે દોષનો તત્કાળ નાશ થઈ ગયો, એમ સેવા કર્યાનો અતિ મોટો પ્રતાપ છે. પછી વિજયાનંદ ને સિદ્ધાનંદ નામે બે બ્રહ્મચારી થઈને જીવતા સુધી વડોદરાના મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની સેવામાં રહ્યા અને રાત્રિ-દિવસ ભજન કરતા. વિજયાનંદનો સગોભાઈ પુરુષોત્તમ સત્સંગી હતો, તો પણ તેનું મોઢું પણ કોઈ દિવસ પોતે જોયું નથી. એક વખત તેની આણેલી છાશ અજાણમાં પોતે ખાધી તે જાણ્યું ત્યારે તપ્તકૃછ્વ્રત પ્રાયશ્ચિત્ત કર્યું એનું નામ ત્યાગી કહેવાય. એવા ત્યાગી શ્રીહરિને વહાલા છે.

ગાયો સંતે બે હાથ વડે કૂવામાંથી બહાર કાઢી તેમાં શું આશ્ચર્ય છે ? દ્વારકામાં શ્રીકૃષ્ણચંદ્રના સમયમાં પણ ઘણા કાળથી બ્રાહ્મણનો અજાણપણે અપરાધ થઈ ગયેલા મહાપુણ્યવાન નૃગરાજાને કાચિંડાનો દેહ પ્રાપ્ત થયેલો અને ઊંડા અવડ કૂવામાં ઘણા કાળથી પડેલો હતો. તેને બહાર કાઢવા મોટા દોરડાને ચામડાની વરતો બાંધીને હજારો યાદવો મથી ચૂક્યા, પણ તે મોટો કાચિંડો કોઈથી બહાર નીકળ્યો નહીં. પછી ભગવાનને કહ્યું, ત્યારે તેમણે ત્યાં આવી પોતાના એક હાથ વડે કૂવામાંથી લઈ તેને બહાર મૂક્યો કે, તરત ભગવાનના સ્પર્શથી કાચિંડો મટીને દેવ થઈ ગયો. તો આ પ્રગટ ભગવાને દીક્ષા આપેલા સમાધિનિષ્ટ મોટા સંત ભગવાન જેવા હતા, તેમનું સામર્થ્ય પણ ભગવાન જેવું હતું.

## ગોપાળાનંદ સ્વામીનો પ્રતાપ જોઈ આરબ લોકો સત્સંગી થયા

એક વખત વડોદરાના મંદિરમાં પાછળના ભાગમાં સાધુને નહાવા ધોવાના કૂવા પાસે ચોકડીનું પાણી જવા નળ મૂકવા માંડ્યા તથા પાછળ ખાડા વગેરેના નાના ચોકઠાં મૂકવા માંડ્યા, પણ પાછળ આરબ સિપાઈનું ફળિયું હતું, તે લોકો તોફાન કરવા મંડ્યા અને સાધુ હરિભક્તોને ગાળો દઈ તલવારો લઈ મારવા દોડ્યા. તેથી સર્વે નાસીને મંદિરમાં પેસી ગયા. પછી બીજે દિવસે તે વાત જાણી નારૂપંત નાના તથા બાપુસાહેબ એ બેય જણે જઈને તે લોકોને ઘણું સમજાવ્યા કે, તમને હરકત ન તેવો ત્યાં વંડો ચણાવી લઈશું.

પણ તે લોકોએ માન્યું નહિ અને ઉલટા કહેવા લાગ્યા કે તમારા મંદિરની પછીત પાડીને પાછી હઠાવીને ત્યાં ખાડા કરો. કારણ કે આ ઠેકાણે તો સરકારી

જમીન છે ખરી, પણ અમારું ફળિયું મૂળમાં સાંકડું છે અને વળી રસ્તો પણ સાંકડો થઈ જાય માટે ચાહે તેમ કરો પણ અમે નહિ કરવા દઈએ.

પછી એ તકરારની વાત સરકાર સુધી ગઈ. ખુદ સરકારે પણ કહ્યું કે, એ લોકો માટે મરે એવા (ઝનૂની)ને મહા તોફાની છે. માટે સાધુ લોકોને બહુ દુ:ખ દેશે, તેથી બીજે ઠેકાણે જ્યાં ત્યાં સગવડ થાય તેમ કરો. કેમ કે રસ્તાની જગ્યા તથા ફળિયાની જમીન ઘણી સાંકડી છે અને આરબ લોકોની ઘણા વર્ષથી ત્યાં વસતિ છે માટે તે લોકોને છેડવા નહિ. તે સાંભળી એ વાત રહેવા દીધી પણ ખાડા કરવાની બીજે ઠેકાણે સગવડ નહોતી, એમ જાણી ચોથે દિવસે ગોપાળાનંદ સ્વામીએ જોડે જઈને પછીતમાં બારી હતી તે ઉઘાડીને આરબ ફળિયામાં ડોકીયું કર્યું. તો તે ફળિયા વચ્ચે એક લીંબડીનું વૃક્ષ હતું તેની તળે પાંચ સાત વૃદ્ધ આરબો બેઠા બેઠા હુક્કો પીતા હતા. તેમણે ગોપાળાનંદ સ્વામીને જોઈ હુક્કો ફેંકી દઈ બે હાથ ઊંચા કરી કલમો (મંત્ર) પઢીને સ્તુતિ કરવા માંડી. કેમકે તે લોકોને સ્વામી પેગંબરરૂપે જણાયા. પછી બે હાથ જોડી માફી માગીને બોલ્યા કે આપ તો ખુદ મહમદ પેગંબર સાહેબ હો, તબ આજ રોજસે હમલોક સબ આપકે કદમ કે ગુલામ હો ગયે. ઓર હમારી જિંદગી, ઘરબાર, ઓરત, બાલ-બચ્ચે સબ આપકે દેદારસે ફના કર દીએ. ઓર આપકે કદમો કી ખેહ શિર પર લેકે ફકીર બનતે હે. ક્યા ફરમાન સે અબ હમ જિંદગી ગુજારે ? ઓર ક્યાં નામકી તસવી (માળા) ફીરાવે ? વો સબ હમકું ફરજિયાત હજુરસે હુકમ હોના. પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, આજ રાતમાં તમને સર્વેને ખુદાનાં દર્શન થશે અને તે ખુદા સ્વામિનારાયણ છે. તેમનો હું તો નૂરી ફિરશ્તો સાધુ છું. તમને તે જેમ કહે તેમ કરજો, એમ કહી સ્વામી મંદિર ગયા. પછી રાત્રે પેલા બધા આરબને સમાધિ થઈ અને તેજ તેજમાં પેગંબરરૂપે શ્રીહરિએ દર્શન આપ્યા અને તમે આજથી કોઈ જીવની હિંસા કરશો નહિ અને માટી ખાશો નહિ, તેમજ અમારા સાધુ હરિભક્તોના દર્શન કરી તેમનો પક્ષ રાખજો ને તેઓ પોતાની પ્રસાદીનું એઠું અન્ન આપે તે ખાજો ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ નામની માળા નિત્ય ફેરવજો એટલે તમે પણ અમારા જેવા નૂરી ફિરશ્તા થશો.

તેની નિશાની એ જે તમારા ફળિયામાં જગ્યાનો સંકોચ (સંકડાશ) છે. એટલે કે, આ લીમડાનું વૃક્ષ અને મંદિરની પછીત વચ્ચે જે ત્રણ હાથ

સાંકડી જગ્યા છે તે આ જ અમારા તમને દર્શન થયાં તેથી તમારે દોજક (નર્ક)માં જવાનું મીંડુ વળ્યું. તે મીંડુ ત્રણ ઉપર ચઢાવ્યું, એટલે ત્રીસ હાથ વચલી જગ્યા પહોળી થઈને વધી જશે અને વૃક્ષ તથા મંદિરની પછીત જેમ છે તેમ કાયમ રહેશે. વળી પૂર્વે એ ઠેકાણે શ્રીકૃષ્ણ ભગવાન કૌડિન્યપુરથી રુકમણિનું હરણ કરીને આવ્યા ત્યારે રથ છોડીને મુકામ કર્યો હતો, તેથી એ મહાપવિત્ર જગ્યા છે, માટે આજથી ચાળીશ વર્ષ પછી આ ઠેકાણે અમારું શ્રી લક્ષ્મીનારાયણ દેવનું પથ્થરનું મોટું જબરું મંદિર થશે, માટે આ કબરો અહીં છે તે આજ રાતમાં એની મેળે ઊડીને ગંજખાના દરવાજા બહાર કબ્રસ્તાન છે તેમાં જશે એમ કહી પોતે અંતર્ધાન થઈ ગયા.

હવે પેલા આરબો સમાધિમાંથી જાગ્યા ત્યાં તો પોતાના ફળિયાની ચોતરફ જગ્યા વિશાળ જણાતી જોઈ ત્રણ હાથ રસ્તો પહોળો હતો તેનો ત્રીસ હાથ પહોળો થઈ ગયો હતો અને મંદિરની પછીત તથા લીંબડાનું વૃક્ષ તે જેમ હતાં તેમજ કાયમ હતા. પૃથ્વી માત્ર સંકોચ હતી. તે શ્રીહરિના પ્રતાપથી વિકાસ પામી ગઈ. એ રીતે ખુલાસાથી જગ્યાનો મોટો વિસ્તાર જોઈ આરબ લોકો તો નાચવા કૂદવા લાગ્યા અને ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા. તે સાંભળી સવારમાં હજારો માણસ ચારે તરફ દોડી આવ્યા અને ફળિયું મોટું વિશાળ જોઈને અતિઆશ્ચર્ય પામ્યા તથા આરબોને સત્સંગી થયેલા અને શ્રીહરિનું ભજન કરતાં જોઈ હજારો માણસો અતિ વિસ્મય પામ્યા. આખા શહેરમાં આ ખબર થઈ જવાથી તે જોવાને લોકો હારદોર આવતા. સરકાર પણ એ વાત સાંભળી શ્રીહરિનો અતિ મોટો પ્રતાપ જાણી આનંદ પામ્યા.

પછી પેલા આરબો તો સરકારની નોકરી છોડી દઈ કોઈ રાવસાહેબને ઘેર બારણા આગળ પહેરો બેસતા અને ખાવાનું આપે તે ખાઈને હાથમાં માળા રાખી નિરંતર ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા અને નિત્ય મંદિરના દરવાજા આગળ આવી શ્રી ઠાકોરજીના તથા સાધુના વેગળેથી દર્શન કરતા અને સત્સંગનો પક્ષ માથા સાટે રાખતા. એ રીતે મહા નીચ અને પાપી જીવ જે સાધુને તલવારો મારવા આવેલા તેને પણ મોટા મુક્ત કર્યા. આ વાત કંઈ જેવી તેવી નથી. આ સમયે શ્રીહરિનું કૃપાસાધ્યપણું કેટલું છે તે કોઈથી કહી શકાય તેમ નથી. અહો અહો ધન્ય છે શ્રીહરિને ! અને ધન્ય છે શ્રી ગોપાળાનંદ સ્વામીને !

# ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી સાધુને દુઃખ દેનારી મુસલમાન બીબીઓને હનુમાનજીએ પુંછડે બાંધીને પછાડી

વડોદરામાં મંદિર સામા મુસલમાનના ઘર છે. તેમાં બે-ચાર મુસલમાન બીબીઓ રહેતી હતી, તે અતિ પાપીણી અને દુષ્ટ હતી, તે મંદિરના દરવાજા સામા આવીને નઠારા અપશબ્દ નિત્યે બોલતી અને સાધુને ગાળો દેતી. તેમજ સાધુ ત્રીજા પહોરે વાડીને કૂવે નહાવા જાય ત્યારે તે દુષ્ટ રાંડો આગળ ફરી વળીને સાધુને અડકવા દોડતી અને ગાળો દેતી. સાધુ જેમ જેમ વેગળા નાસતા જાય તેમ તેમ આગળ વળીને દુઃખ દેતી હતી. તેને કેટલાક હરિભક્તો વારે પણ તેમનું માનતી નહિ. પછી બીજા કેટલાક ગૃહસ્થો પાસે કહેવડાવ્યું પણ કેડો મેલતી નહિ. તેના પાપથી ત્રાસ પામીને સાધુઓએ બહાર નહાવા જવાનું બંધ કર્યું અને ગોપાળાનંદ સ્વામીને એ વાત કરી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજીને પ્રેરણા કરી.

પછી બીજે દિવસે આઠ-દશ સાધુ બપોર પછી નહાવા નીકળ્યા, તેમને પેલી દુષ્ટ રાંડોએ દીઠા. તે વખતે ચાર-પાંચ જણીઓ તરત દોડતી આવીને સાધુના આગળ ફરી વળીને અડકવા દોડી કે તરત તે જ વખતે હનુમાનજીની મૂર્તિનું ગોપાળાનંદ સ્વામીએ સ્થાપન કર્યું છે, તેઓ મંદિરમાં રસ્તા ઉપર આકાશમાં અતિ વેગમાં ફાળ ભરીને તે રાંડોના આગળ ધબ લઈને ભૂસકો મારીને પડ્યા અને પુંછડું વધારીને તરત તે પાંચે રાંડોને સજ્જડ વીંટી લઈને ભારો બાંધે તેમ બાંધી. પાસે એક મોટો પથ્થરનો ઓટલો હતો તે ઉપર ધીરે ધીરે ઠઠુમતા હતા. રાંડોએ અતિ દુઃખના ત્રાસમાં ચીસો પાડવા માંડી તે સાંભળી આસપાસના હજારો માણસો ત્યાં દોડી આવ્યા અને જુએ છે તો તે પાંચ જણીઓ સાથે સજ્જડ થયેલી ઓટલા પર ભડોભડ અથડાતી અને બૂમાબૂમ પાડતી દીઠી, પણ કોઈએ હનુમાનજીને દીઠા નહિ.

પણ પેલીઓ કહેવા લાગી કે આ મંદિરના પગથિયા પાસે સીંદુર ચોપડેલો મોટો વાંદર ઊભો રાખ્યો છે આવીને પુંછડું મોટું કરીને અમને પાંચે જણીને સજ્જડ બાંધીને પછાડે છે અને ગદા વડે અમારા પાંસળામાં ગોદા મારે છે. અરે ! અમારા પાંસળા ભાંગી ગયા રે ! અરે બાપજી કોઈ છોડાવો રે !

અમારા જીવ ગયા રે ! એ રીતે બોલતી અને બૂમો પાડતી હતી તેથી વાડી, જિલ્લાના તથા શહેરના અસંખ્ય લોકો દોડાદોડ કરીને જોવા ભરાયા હતા. પછી તો સર્વ લોકોએ જાણ્યું કે સ્વામિનારાયણના સાધુને આ બીબીઓ ગાળો દેતી હતી અને ત્રાસ આપતી હતી, તેથી આ હનુમાનજી જ રંડીઓને દુઃખ દે છે. પછી લોકોએ હનુમાનજીના સ્થાનકમાં હનુમાનજીની મૂર્તિ દીઠી નહિ, તેથી નક્કી થયું. પછી સો-બસો સારા સારા હિંદુ તથા મુસલમાનો મંદિરમાં આવી ચોકમાં ઊભા રહીને સાધુને હાથ જોડીને અતિ નમ્રતાથી કાલાવાલા કરીને કહ્યું કે, મહારાજ ! હવે એ મુસલમાનીઓ મરી જશે, માટે કૃપા કરીને છોડાવો, ફરીથી હવે તમને કોઈ દહાડો પજવશે નહિ.

પછી ગોપાળાનંદ સ્વામીએ બહાર ડોકિયું કરીને કહ્યું કે, હે હનુમાનજી મૂકી દો અને આવતા રહો તમારા સ્થાનક ઉપર. એટલું કહેતામાં તો પુંછડાનો આંટો છૂટી ગયો અને ત્યાંથી ઠેકડો મારીને તરત પોતાના સ્થાનક પર આવીને પ્રથમની પેઠે સ્થાપન થયાં. એટલે તરત સર્વ લોકોને દર્શન થયા અને પેલી મરણ તુલ્ય થઈ ગયેલી બીબડીઓને ઝોળીમાં ઘાલીને તેને ઘેર લાવ્યા. પછાડ્યાના અતિ કષ્ટથી મૂર્છા પામેલી તેઓ એક પહોર સુધી અચેતન રહી. પછી બોલી કે આજ અમે મોતમાંથી ઉગર્યા છીએ. પછી તેના સંબંધીઓએ સવા મણ તેલ અને સિંદુર ઘાંચીની સાથે મોકલ્યું હતું અને બીજા પણ લોકો તેલના પાત્ર ભરી ભરીને લાવી હનુમાનજીને ચઢાવતા હતા. તેમજ ઘણા યવન લોકો પણ એ હનુમાનજીની માનતા કરતા અને દર શનિવારે તેલ મોકલતા હતા, પેલી બીબડીઓ તો દરરોજ હનુમાનજીને બહારથી પગે લાગતી અને સાધુને તો દેખે ત્યાંથી જ છેટે રહીને બે હાથ જોડીને પગે લાગતી હતી અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરતી.

## ગોપાળાનંદ સ્વામીની દૃષ્ટિથી પીપળાના પાન ખરી પડ્યા ને તેમાં રહેલા બ્રાહ્મણોના જીવનો છુટકારો શ્રીહરિએ કર્યો

એક વખત વડોદરામાં નાથભક્ત માંદા હતા. તેમને દર્શન આપવા ગોપાળાનંદ સ્વામી સંત હરિભક્ત સહિત મંદિર પાસે જ તેમનું ઘર હતું ત્યાં પધાર્યા. પછી તેમના ચોકમાં પીપળાનું વૃક્ષ છે તેના ચોતરા ઉપર જય

સ્વામિનારાયણ કહીને બેઠા અને ચોકમાં સર્વે સભા થઈ. તે પીપળા સામું સ્વામી જોઈ રહ્યા તો એ વૃક્ષના ડાળ, પાંદડા સર્વ ઠેકાણેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ મહામંત્ર નામના અસંખ્ય શબ્દની ધૂન થવા માંડી. (જેમ કોઈ હજારો હરિભક્તો ધૂન કરતા હોય તેમ) તે સાંભળી સર્વે સંત હરિભક્તો તો તે વૃક્ષ સામું જોઈને અતિ આશ્ચર્ય પામી સ્વામીને પૂછવા લાગ્યા કે, સ્વામી આ તે શો ચમત્કાર ! કંઈ સમજાતું નથી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, બે ઘડી તમે નારાયણ ધૂન સાંભળો, કોઈ બોલશો નહિ. પછી તમને પૂછ્યા વિના સમજાશે. પછી હાથ જોડી સર્વે સ્થિર થઈ સાંભળતા હતા. બે ઘડી પછી સર્વ સભા મધ્યે મહા તેજનો અંબાર દીઠો. તે મધ્યે શ્રીહરિને મંદહાસ્ય સહિત જોઈને ગોપાળાનંદ સ્વામી તથા સંત હરિભક્ત સર્વેએ ઊભા થઈને સાષ્ટાંગ દંડવત્ સહઃ નમસ્કાર કર્યા અને પાટ ઢાળી ગાદી તકિયો બિછાવ્યો. તે ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. પછી પેલા વૃક્ષમાં ભજન થતું બંધ થયું અને એની મેળે તે પીપળાના સર્વે પાંદડા ખરખર ખરી પડવા માંડ્યા. તેને દક્ષિણ દિશાનો પવન લાગવાથી તે બધા સભાથી થોડે છેટે ઉત્તર દિશામાં ઊડીને પડ્યા અને તે વૃક્ષ ઉપર એક પણ પાંદડું રહ્યું નહિ. તે મોટું વૃક્ષ બોડું રોડુ થઈ ગયું. પછી તે સર્વે પડેલા પાંદડા અદૃશ્ય થઈ ગયા. તે કોઈએ દીઠા નહિ. પણ તેમાંથી સેંકડો અને હજારો મોટા મોટા વિદ્વાન બ્રાહ્મણો પૈકી કોઈ વેદના મંત્ર, કોઈ ઉપનિષદ્, કોઈ સ્તુતિના અષ્ટકો, કોઈ શ્રીમદ્ ભાગવતના શ્લોક, કોઈ ભગવદ્ ગીતાના શ્લોક, કોઈ ગાયત્રી કોઈ વેદસ્તુતિ, કોઈ બ્રહ્મ સ્તુતિ, કોઈ ગોપીકા ગીત એ રીતે બોલતા સભા મધ્યે આવીને શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી સંત હરિભક્ત સર્વેને નમસ્કાર કરીને બેઠા.

તેમને શ્રીહરિએ પૂછ્યું કે, તમે સર્વે બ્રાહ્મણો મોટા સમર્થ વિદ્વાનો, ભક્તિમાન તપ તેજવાળા જણાઓ છો. તો તમે કોણ છો તે તમારું વૃત્તાંત જેમ હોય તેમ કહો, પછી તેમાંથી મોટા મોટા હતા તે બોલ્યા કે હે નારાયણ ! હે પ્રભો ! તમે સાક્ષાત પરમેશ્વર છો. તેથી અમારું સર્વેનું વૃત્તાંત જાણો છો, તથાપિ પૂછો તેથી કહીએ છીએ. અમે સર્વે ચારે વેદના ઉત્તમ કુળના મહાવિદ્વાન બ્રાહ્મણ હતા. વેદ ઉપનિષદ, ન્યાય, વ્યાકરણ અને સર્વે પુરાણો વગેરેના અતિ અભ્યાસવાળા હતા, તેમજ સ્નાન સંધ્યાદિક બ્રહ્મકર્મ સહિત શમ દમાદિક સાધન સંપન્ન સ્વધર્મનિષ્ટ હતા અને નિરંતર વિષ્ણુની ભક્તિ કરતા હતા અને શ્રીમદ્

ભાગવતાદિક કથા કરતા, સાંભળતા હતા. એ રીતે મોક્ષની ઈચ્છાવાળા અમે સર્વે શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા, પણ અમારામાં એક મોટો દોષ હતો.

તે પાપે કરીને અમારા મોક્ષમાં વિઘ્ન થયું છે. અમને સર્વેને વૈકુંઠધામમાં જતા સત્યલોકથી બ્રહ્માજીએ રોકીને પાછા વાળ્યા છે, ને કહ્યું કે તમે સર્વે ભગવાનના ભક્ત બ્રાહ્મણો છો, પણ તમને વિદ્યાનો ઘણો જ મદ થવાથી અભિમાન વડે બીજા ગરીબ બ્રાહ્મણોને તથા સત્પુરુષોને દબાવીને પોતાનો જય કરતા હતા અને અહંકારની ઉદ્ધતાઈ વડે વિદ્યાબળથી વિનય ગુણ (નમ્રતા)ને વિસરી જઈ માન સંપાદન કર્યું છે. તે પાપે કરીને કિંચિત કાળ ભગવાનની વિભૂતિરૂપ અશ્વત્થ (પૂજ્ય પીપળી)ના જડ ચૈતન્ય રૂપ પત્રનો દેહ પામી ત્યાં તમે કેટલાક દિવસ જડપણાના દુઃખને ભોગવીને શુદ્ધ થશો, પછી તમને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થશે, ત્યારે મોક્ષના અધિકારી થશો, પછી અમે તરત આ પીપળાનાં પત્રરૂપ જડ દેહને પામ્યા હતા. તે હમણાં આ કૃપાળુ ગોપાળાનંદ સ્વામી અહીં આવીને જય સ્વામિનારાયણ કહીને બેઠા. તે શબ્દ સાંભળીને અમને સર્વેને જડત્વપણું મટીને ચૈતન્યરૂપ (જ્ઞાનપણું) પ્રાપ્ત થયું, તેથી અમે સર્વે એ જ નામનું ભજન કરતા હતા. પછી થોડી વારે હે મહા પ્રભો ! આપનાં દર્શન થયાં કે, તરત પત્રના દેહ મટીને આ વાયુ મિશ્રિત તેજ તત્ત્વ પ્રધાન દેહને પામ્યા છીએ. પણ અમે જાણ્યું છે કે, આપ સાક્ષાત્ નારાયણ છો, તો હવે આપની પાસે મોક્ષ માગીએ છીએ. તે સાંભળી શ્રીહરિએ તે સર્વેને તરત વૈકુંઠધામમાં જવાની આજ્ઞા કરી. પછી તે સર્વ વિદ્વાન બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો શ્રીહરિને નમસ્કાર કરીને ત્યાંથી અદશ્ય થઈને દિવ્ય દેહ પામ્યા અને ધામમાં ગયા. પછી શ્રીહરિએ સર્વે સભાને કહ્યું કે, જુઓ ભક્તિ કરનારા પુરુષે વિદ્યાદિક મોટા રૂડાગુણ પોતામાં હોય તો પણ તેનું કોઈ પ્રકારે માન રાખવું નહિ. માન તો જડપણાને પમાડી દે છે. એ રીતે ઘણો બોધ કરીને પછી પોતે ત્યાંથી અદશ્ય થયા અને ગોપાળાનંદ સ્વામી તથા સંત હરિભક્તો સર્વે મંદિરમાં આવ્યા.

## ગોપાળાનંદ સ્વામીએ અગણોતેરા કાળમાં અંતર્યામીપણે વાત કરી

એક વખત હજારો માણસની સભામાં ગોપાળાનંદ સ્વામી બેઠા-બેઠા ભગવાનના મહિમાની વાતો કરતા હતા. તેમાંથી બે-ચાર હરિભક્તો બોલ્યા

કે, સ્વામી આ અગણોતેરા કાળનું વર્ષ છે, તેમાં દાણા ઘણા મોંઘા વેચાય છે અને હજી પણ મહિના-બે મહિના પછી બહુ જ મોંઘા થઈ જશે અને મળશે પણ નહીં. માટે અમે તો ખપ જેટલા દાણા હમણાં ભરી લીધા છે ને કેટલાક ગરીબ હરિભક્તોએ પણ ઘરની જણસો વેચીને ખપ જેટલા દાણા ભરી દીધા છે. પણ આ નાથભક્ત તો પોતાના ઘરમાં દાણા થઈ રહ્યા છે તો પણ લેતા નથી. પાસે બે-અઢી હજારનું ઘરેણું હતું. તેમાંથી અડધું તો વડતાલ સમૈયા ઉપર શ્રીહરિની પૂજા કરીને પોષાકની સાથે અર્પણ કરી દીધું, ને બીજું અડધું રહ્યું છે તે શ્રીજીમહારાજ ગઢડે સમૈયો કરશે ત્યારે ત્યાં.

જઈને પૂજા કરીને અર્પણ કરી દેવાનું કહે છે, પણ પછી એમને નિર્વાહનું સાધન બીજું કાંઈ નથી. તેમના ઘરમાં ચાર-પાંચ માણસ છે, તેમને એક મહિનો પરાણે ચાલે તેટલાં દાણા છે અને ઘરમાં બબ્બે કળશી દાણા ભરાય તેવી ત્રણ-ચાર કોઠીયો છે તે ખાલી પડી છે. જ્યારે અમે કહીએ છીએ કે ભગત તમે આ કાળનું વર્ષ છે, માટે હમણાં પાંચ-સાત કળશી દાણા લઈ રાખો, તો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કર્યા કરે છે, ત્યારે આવા વર્ષમાં એ ડોસાનું ગુજરાન કેમ ચાલશે ને બધા ઘરના માણસો શું ખાશે ? પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે તમે કોઈ એમની ચિંતા કરશો નહીં. એ જેમનું ભજન કરે છે તે વિશ્વંભર ભગવાન બધા વિશ્વનું પોષણ કરે છે તો એમનું કેમ નહિ કરે ? પછી તે હરિભક્તો બોલ્યા કે સ્વામી, બીજા પણ ગરીબ ચાર-પાંચ બાઈઓ હરિભક્ત છે. તેમના ઘરમાં પણ દાણા થઈ રહેવા આવ્યા છે, તે પણ ભજન કર્યા કરે છે. આવું સાંભળી મિશ્રીલાલ કાયસ્થ બોલ્યા કે સ્વામી, મારે ઘેર ત્રીસ-પાંત્રીસ કળશી ડાંગર, બાજરી, ઘઉં ને તુવેરો વગેરે ભરી લીધું છે, તે હું નાથભક્તને તથા બીજા ગરીબ હરિભક્તોને ખુટશે ત્યારે જોઈએ તેટલું અનાજ આપીશ.

પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ઠીક તમારો વિચાર સારો છે, પણ આ કાળનું વર્ષ છે. સાચવજો, નહીં તો તમારે જ નાથભક્ત પાસે લેવા જવું પડશે. પછી કાયસ્થ બોલ્યા કે સ્વામી નાથભક્ત ક્યાંથી લાવીને આપશે ! એમના ઘરમાં તો દાણા કંઈ નથી અને રાત-દિવસ ભજન કર્યા કરે છે. અમે કહીએ છીએ તો પણ દાણા લેવાની વાત સાંભળતા જ નથી ને અમે તો આ કાળનું વર્ષ જાણીને વેળાસર સસ્તા દાણા ભરી લીધા છે. માટે તેમાંથી ગરીબ હરિભક્તો

હશે તેમને જોઈશે તેટલા દાણા આપીશું. ને બાકી વધશે તે વેચીશું તો મોંઘવારીમાં ચોગણા પૈસા આવશે.

પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે તમે અહીં ગરીબ હરિભક્ત હોય તેને આપવાનું કહો છો ત્યારે બધા સત્સંગમાં ગરીબ હરિભક્તો ઘણા હશે તેને કોણ આપશે ? તો કહે શ્રીજીમહારાજ તો વિશ્વંભર છે, તે અનંત કોટિ બ્રહ્માંડના જીવનું ભરણ-પોષણ કર્યા કરે છે, તો ગરીબ હરિભક્તનું તથા નાથભક્તનું અને તમારું સર્વેનું એમ કેમ નહીં કરે ? અને જો તમારે ગરીબ હરિભક્તને આપવાનો સંકલ્પ હોય તો આજે જ તે બાઈઓને ઘેર કળશી કળશી અન્ન પહોંચાડી દો. તો કહે સ્વામી આજ તો શું પણ જ્યારે એમના ઘરમાં ખુટી જશે ત્યારે પહોંચાડીશ. ગોપાળાનંદ સ્વામી કહે ધર્મનું કાર્ય તત્કાળ કરવું. એમના ઘરમાં ખૂટતા પહેલાં તમારા ઘરમાં ખુટી જશે તો પછી શું આપવાના છો ? પછી તમારે જ નાથભક્તના ઘેર લેવા જવું પડશે. એમ સ્વામીએ કહ્યું, પણ મિશ્રીલાલે જાણ્યું કે, સ્વામી તો મોટા છે એટલે અમથા એમ કહેતા હશે. નાથભક્તના ઘરમાં શું છે તે મને આપશે ?

હવે ત્રણ-ચાર દિવસ પછી શહેરની આગળ-પાછળના ગામમાં ઘણા ભૂખે મરતા કોળી લોકો ભેગા થઈ રાતમાં કોટ કુદી મરણિયા થઈને મિશ્રીલાલના ઘરના પાછળના કમાડ ઉતારીને બધા દાણા બાંધી ગયા, ઘરમાં શેર અનાજ પણ રહેવા દીધું નહીં, બીજે દિવસે મિશ્રીલાલે સભામાં આવી ગોપાળાનંદ સ્વામીને એ વાત કહી. સ્વામી હસીને બોલ્યા કે હવે તમે નાથભક્તની પાસે જાઓ અને કહેજો કે મારા ઘરમાંથી ધાડ પાડીને બધા દાણા ચોર લૂંટી ગયા. હવે મુદ્દલ નથી, એટલું કહીને અહીં આવીને માળા ફેરવો. પછી તે રીતે મિશ્રીલાલ નાથભક્તને કહી આવ્યા. તેથી નાથભક્ત પોતાના ઘરમાં મોટી ચાર કોઠીઓ હતી તેના હેઠેથી દાણા ઉઘાડીને એકમાંથી બે કળશી ડાંગર, બીજામાંથી કળશી ઘઉં, ત્રીજામાંથી કળશી બાજરી અને ચોથામાંથી કળશી તુવેર, એ રીતે પાંચ કળશી તેને તથા ભાણેજ નરીભાઈને મોકલ્યા. તેમણે જઈને મિશ્રીલાલના ઘરમાં જઈને ઢગલા કર્યા અને પછી હરિભક્ત ભાઈઓને ઘેર પણ એ જ રીતે પોતાની કોઠીઓનાં દાણામાંથી હડ હડ હડ નીકળતા દાણાનાં ગાડાં ભરાવી ભરાવીને મોકલ્યા અને એ જ રીતે શહેરમાંથી પણ ઘણા ગરીબ લોકોને ખબર પડી કે નાથભક્ત તો સદાવ્રત આપનારા પુન્યેશ્વરી છે, તેથી આવીને કહેવા લાગ્યા

કે મહારાજ અમે ભૂખે મરીએ છીએ. એવું સાંભળી નાથભક્તે પોતાના બે ભાણેજોને આજ્ઞા કરી કે જે આવે તેને આ કોઠીના દાણામાંથી નીકળતા દાણાનું નિત્યે ગરીબ લોકોને સદાવ્રત આપ્યા કરજો. પછી એ જ રીતે ચારે કોઠીઓમાંથી નીકળતા દાણા વડે હજારો માણસોનું પોષણ થતું હતું. તો પણ એ કોઠીઓ તો ભરેલી જ જણાતી હતી. તેથી આખા શહેરમાં સર્વે લોકો નાથભક્તને કુબેર ભંડારી કહેતા હતા અને સરકાર પણ કહેતા કે આ કાળના વર્ષમાં હરિભક્ત જેવા ધનવાન શાહુકારને ત્યાં પણ સદાવ્રત આપવાનું અન્ન ખૂટી ગયું, પણ એ નાથભક્ત તો આ કળિયુગમાં કોઈ મોટો દેવ છે. પછી ઘણા હરિભક્તોએ અતિ આશ્ચર્ય પામી ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, સ્વામી ! નાથભક્તના ઘરમાં ચાર મોટી કોઠીઓ અક્ષય (અખૂટ) કેમ થઈ હશે ? સ્વામી બોલ્યા કે, એ સર્વે વાત તમે સદાશિવભાઈને પૂછો. પછી તેમને પૂછ્યું તો કહે મને સ્વપ્નમાં નિલકંઠ મહાદેવે કહ્યું કે તમે મારી નિત્યે પૂજા કરો છો, પણ હવે આ વર્ષમાં દશ માસને બાવીસ દિવસ સુધી નિત્યે સવારમાં નાથભક્તે ઘેર જઈ ત્યાં છે તેની તમે નિત્ય પૂજા કરજો, તેથી હું જઈને તે ઠેકાણે સ્થાપના થયેલા અન્નપૂર્ણા માતાની નિત્યે પૂજા કરી આવું છું. માટે એ નાથભક્તના ઘરમાં અન્નની અખૂટ કોઠીઓ થઈ છે.

## ગોપાળાનંદ સ્વામીએ નાથભક્ત દ્વારા ચમત્કાર બતાવ્યો

એક વખત સ્વામી સભામાં બેઠા હતા. ત્યાં મંદિરના દરવાન આસજીભક્ત આવીને બોલ્યા કે સ્વામી સાંજ પડવા આવી અને ગાયો દોહવાની વખત થઈ ગઈ તો પણ હજુ સુધી ગાયો ચરીને આવી નથી તે કેમ થયું હશે. કોઈ લઈ તો નહિ ગયા હોય ! પછી ગોપાળાનંદ સ્વામીએ અંતરદૃષ્ટિ કરીને તરત ઝબકીને બોલ્યા કે, અરે ! અરે ! ઉઠો નાથભક્ત ! દોડો, દોડો ! ત્રણ ગાયોને કસાઈ લોક રસ્તામાંથી ઝાલીને તેમના ફળિયામાં લઈ ગયા છે. ત્યાં આંબલીના ઝાડ સાથે ચારે પગે બાંધવા માંડી છે અને હમણાં બાંધી રૂંધીને તલવારોથી મારી નાંખવા તૈયાર થયા છે, તેને તમે જઈને છોડાવી લાવો.

આવું સાંભળીને નાથભક્ત તથા તેમની સભામાં બેઠેલા બીજા દશ પંદર હરિભક્તો દોડ્યા. તે મંદિરથી થોડે છેટે મદારી કૂવાની પાછળ ખાટકીવાડો છે

તેમાં ગયા. ત્યાં જુએ છે તો સાત-આઠ કસાઈઓ મળીને ત્રણ ગાયોને આંબલીના ઝાડે ચારે પગે બાંધીને તલવારો ઉઘાડીને મારવાની તૈયાર કરી હતી, તે જ વખતે ત્યાં જઈ પહોંચીને બોલ્યા, કે અરે ના મારશો, ગાયોને ના મારશો. એ રીતે ઘણું ઘણું વાર્યા પણ તે પાપી મદ ભરેલા કોઈ મોટા સરદારના માનીતા હતા અને વળી મોટી જબરી પુષ્ટ ગાયોને રસ્તામાંથી બળાત્કારે લઈ જઈ ઘણો પ્રયત્ન કરીને બાંધી હતી. તેથી નાથભક્ત વગેરે ગરીબ હરિભક્તોનું ન માનતા તેમનો તિરસ્કાર કરી ગાયોને મારવા તલવારો ઉગામી કે, તે જ વખતે અતિ દયાળુ નાથભક્ત બોલ્યા કે, હાં, હાં, હાં, અલ્યા પાપીઓ તમે પથ્થર જેવા જડની પેઠે અમારું માનતા જ નથી ! એમ કહેતામાં તો તે સર્વ કસાઈઓ, તલવારો ઉગામેલા હાથ હતા તેમને તેમ પથ્થર જેવા સજ્જડ થઈ હાલે કે ચાલે નહિ, ત્યાં ને ત્યાં સજ્જડ થઈ ગયા. તે જોઈ તે લોકોના સગા તથા તેમના ફળિયાના બીજા એને હલાવા લાગ્યા તો હાલે પણ કોણ ! એ તો જેવા પથ્થરના પાળીયા હોય તેવા જડ થઈ ગયા. પછી સર્વે હરિભક્તો મળીને બાંધેલી ગાયોનાં દોરડાં છોડી નાખીને તે ત્રણે ગાયોને મંદિર પાછળ વાડામાં દોરી લાવ્યાં. તેમાંથી એક ગાય રાવસાહેબના રામજી મંદિરની હતી અને બે ગાયો લક્ષ્મીનારાયણના આપણા મંદિરની જે રાવસાહેબે આપી હતી તે હતી. (જે પુરુષાનંદ સ્વામીએ હાથ વડે કૂવામાંથી કાઢી હતી તે) પછી રામજી મંદિરના મહંતને બોલાવીને આ બધી વાત કહીને તેની ગાય તેને સોંપી.

પછી પેલા પથ્થરનાં પુતળા જેવા જડ થઈ ગયેલા સાત-આઠ કસાઈ તેના સગા તથા બીજા ઘણા મુસલમાનો ભેગા થઈને મંદિરના દરવાજા આગળ આવીને રડતા, કકળતા, માથા પૃથ્વી ઉપર નમાવી નમાવીને હાથ જોડીને બહુ જ કાલાવાલા કરવા માંડ્યા અને કહેવા લાગ્યા કે સ્વામી મહારાજ ! ગુનાહ માફ કરો. પછી અતિ કૃપાળુ એવા ગોપાળાનંદ સ્વામી મંદિરના દરવાજા પાસે આવ્યા અને નાથભક્તને કહ્યું કે, આ પાણી લઈ જાઓ અને ત્યાં જઈને એ જડ થયેલા યવનોને મહામંત્ર ભણીને છાંટજો પછી સચેતન થાય એટલે અહીં તેડી લાવો. હવે નાથભક્ત ત્રણ-ચાર હરિભક્તો સાથે ત્યાં ગયા અને મહામંત્રથી પાણી છાંટ્યું કે તરત મડદાં જીવતા થાય તેમ હાલ્યા અને સચેતન થઈને નાથભક્તને પૃથ્વી પર માથા નમાવીને પગે લાગ્યા. પછી તેમને સાથે લઈ આવીને ગોપાળાનંદ સ્વામી પાસે છેટે ઊભા રાખ્યા કે તરત તે લોકોને સ્વામીના પેગંબર રૂપે દર્શન

થયા, તેથી ઊંચા હાથ કરી સ્તુતિ કરવા લાગ્યા. પછી તેમને સ્વામીએ કહ્યું આજ સુધી તમે અનેક જીવની હિંસા વગેરે પાપકર્મ કર્યા છે તે માફ કરીએ છીએ. પણ હવે કોઈ જાતનું પાપ કરશો નહિ અને કસાઈનો ધંધો છોડી દઈને લુગડાં વણવાનો ધંધો કરી સુખેથી ગુજરાન કરજો અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરજો. એટલું કહ્યું તે સ્વામીનું વચન માથે ચઢાવીને પચાસ-ત્રીસ મુસલમાનો ખાટકીનો ધંધો છોડી દઈ વણકર થયા અને સત્સંગી થયા પણ હાલ વંશપરંપરાએ તેમના કુળનાં સર્વે મુસલમાન વણકરનો જ ધંધો કરે છે અને સર્વેની અટક કસાઈ મટીને તાઈના નામથી ઓળખાય છે.

## ગોપાળાનંદ સ્વામીએ મુસલમાન જંદનો કુટુંબે સહિત મોક્ષ કર્યો

વડોદરા મંદિરમાં જતાં થોડે છેટે કબ્રસ્તાન છે. તેના સામાં યવન લોકોનાં ઘર છે અને ત્યાં થોડી પડતર જમીનમાં કબરોના ખંડેર છે. ત્યાં ખુણામાં રસ્તા ઉપર સમડાનું વૃક્ષ અને તેની સાથે અવડ કૂવો હતો, તેમાં એક મુસલમાન જંદ થયેલો રહેતો હતો, તે એ રસ્તે થઈને માણસો જાય આવે તેને પવનરૂપ થઈ વેગમાં ઝપાટો મારીને પાડી નાખતો, તે માણસ પછી ઘણા દિવસ મંદવાડમાં રીબાઈ ગળી જાય અને મરણ પામે એ રીતે હજારો માણસોને થતું અને કોઈ કોઈના શરીરમાં ધૂણીને બોલતો પણ હતો.

પણ એ રસ્તેથી સાધુ બ્રહ્મચારી તથા હરિભક્તો બાઈ-ભાઈ જાય-આવે તેને પાડતો નહોતો અને કોઈ વખત હરિભક્ત ભજન કરતા ત્યાંથી ન જાય અને જેવો તેવો હોય તેને પાડતો. પણ જે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતા જાય તેને કંઈ હરકત કરતો નહિ અને વળી હરિભક્ત નહિ તો પણ એ રસ્તામાં જતાં સૌને બીક લાગતી. તેથી એ રસ્તો ઉજ્જડ જેવો થઈ ગયો અને ઉતાવળથી એ રસ્તે થઈને જવું હોય તે હરિભક્ત આવવાની વાટ જોઈ ઊભા રહે. જ્યારે ભક્ત કોઈ આવે ત્યારે તેની સાથે ભજન કરતા જાય તો હરકત ન કરે. એવી રીતે બે વરસ રહ્યું, અને આખા શહેરમાં એ વાતની પ્રસિદ્ધિ એવી થઈ ગયેલી કે તે રસ્તેથી ગમે તેવો શૂરવીર થઈને હિંમત રાખીને કુસંગી જો એકલો જાય તો તેને જરૂર પછાડ્યા વિના છોડે નહિ.

પછી એક દિવસ સરકારી અધિકારી કેટલાક મોટા માણસો તથા બીજા આસપાસના લોકો ભેળા થઈને સદ્. ગોપાળાનંદ સ્વામી મંદિરમાં સભામાં બિરાજમાન હતા, તેમને એ વાત કહીને બોલ્યા કે, મહારાજ ! આ મંદિરના મોટા રસ્તામાં આવતા-જતા લોકોને હરકત કરનાર મોટો જંદ કૂવામાં રહે છે, તેને કૃપા કરીને ત્યાંથી કાઢી મેલો તો લોકો સુખી થાય. નહીં તો ઘણું દુઃખ છે, ગોપાળાનંદ સ્વામી બોલ્યા, ઠીક, બહુ સારું જા લખા. એ જંદને તું શીશામાં ઉતારીને અહીં લઈ આવ. લખો તરત શીશો લઈને કૂવા ઉપર જઈને કૂવામાં ઊંડા હાથે શીશો ધરીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા માંડ્યું કે તરત તે જંદ તેના કુટુંબ સહિત તે શીશામાં ઘાટો ધુમાડો હોય તે રીતે ભરાયો. પછી લખાએ શીશાને મજબૂત ડાટો વાસ્યો અને એને લઈને મંદિરમાં આવી મોટા ચોકમાં શીશો મૂક્યો.

ત્યાં હજારો માણસો સ્વામી પાસે સભામાં બેઠા હતા. પછી સ્વામી તેને જોઈને પોતાના ઓઢેલા વસ્ત્રના છેડાને જરા વળનો આમળો દેવા લાગ્યા કે, પેલો શીશો વેંત વેંત ઊંચો ઉછળવા માંડ્યો. પછી સ્વામીએ લખાને કહ્યું કે ડાટો ઉઘાડ. પછી ડાટો ઉઘાડ્યો કે તરત ફર ફર ફર ધુમાડો બહાર નીકળ્યો. પછી સ્વામી બોલ્યા કે, અલ્યા તું કોણ છે ? ત્યારે તે ઘાટો ધુમાડો ત્યાં એટલી જગ્યામાં ફરતો હતો તેમાંથી ઘુંઘવાઈને શબ્દ નીકળ્યો કે હું જંદ છું. મેં ઘણા લોકોના જીવ લીધા છે અને આ મારું સર્વ કુટુંબ ભૂતપ્રેત થઈ મારી સાથે રહે છે, અમે જતા-આવતા લોકોને પાડીને તેમાં પેસી જઈ તેનું લોહી ચુસીએ છીએ. સ્વામીએ કહ્યું કે આ બધા સભામાં બેઠા છે અને ફરતા ચારેકોર ઊભા છે, તેના શરીરમાં તું પ્રવેશ કર. ત્યારે બહુ ડરીને બોલ્યા કે, ના, ના, ના, મહારાજ ! આ બધાને જોઈને તો હું બળું છું. એ તો સર્વ નૂરી ફિરશ્તા (તેજોમય મુક્ત) છે, અને તમને તો હું પેગંબર જેવા દેખું છું. તમારા દિદાર થયા, હવે મને રહેમીયંતથી મસ્તિકમાં (ધામમાં) મોકલી દો. પછી સ્વામીએ કહ્યું કે, તું વડતાલ જા અને ત્યાં ગોમતીજીને સામે કાંઠે જઈને એક દિવસ ત્યાં રહીને તેમાં સ્નાન કરજે ને જે સાધુ હરિભક્તો નહાવા આવે તેનાં દર્શન કરજે. પછી બીજે દિવસે રાજભોગ આરતી થયા પછી સાધુ બ્રહ્મચારી, હરિભક્ત જમી ઉઠે તેનું ઉચ્છીષ્ટ (એઠું) બહાર કાઢી નાખી તે તમે સર્વે ખાજો. એટલે તું અને તારું કુટુંબ પવિત્ર

થશો. તેથી સર્વે પ્રેતના દેહનો ત્યાગ કરશો, પછી મારવાડ દેશમાં સર્વને વાઘરનો જન્મ આવશે, અને ત્યાં અમારામાંથી નીકળી ગયેલા એકડમલ સાધુ જુગલદાસ જે મોટા મુક્ત છે, તેમનો જોગ થશે. તેમની શ્રીહરિના મહિમાની વાતો સાંભળીને તમે સર્વે સત્સંગી થશો. પછી તમે સર્વે ભગવાનના ધામમાં જશો. માટે હવેથી એ કૂવામાં તારે રહેવું નહીં. તારા કુટુંબ સહિત વડતાલ જા, એમ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું બીજે જન્મે મોક્ષ થશે. તેમ જાણીને જંદને હર્ષ થયો.

તેથી છેટે રહ્યો રહ્યો ધુમાડાના ગોટામાં અતિ આનંદમાં નાચવાકુદવા લાગ્યો અને મોટા મોટા બખાળા કરવા માંડ્યા. પછી તે ધુમાડાની ગોટેગોટ આકાશમાં ત્રણ આંટા ચક્કર ખાઈને વેગ વડે જતાં ઝડપ વાગવાથી મંદિરના સામા મુસલમાનનાં ચાર-પાંચ ઘર હતાં તે એકદમ ભટોભટ પડી ગયાં. તે વાતની શહેરના સર્વે લોકોને ખબર થઈ, તેથી ત્યાં લોકોનાં ટોળેટોળાં જોવા આવ્યા હતા અને જંદ ત્યાંથી વડતાલ ગયો ત્યાં સંતહરિભક્તોના ચરણરજમાં નિત્ય આળોટતો અને ગોમતીજીમાં સ્નાન કરતો થકો જંદના દેહનો ત્યાગ કર્યા. પછી મારવાડ દેશમાં વાઘરીના જન્મને પામ્યો. ત્યાં એકડમલ, જુગલદાસ શિરોહીમાં રહેતા હતા. તેમના સમાગમથી સત્સંગ થયો અને તેના કુટુંબી પણ સત્સંગી થયા તે સર્વે દેહાંતે ભગવાનના ધામને પામ્યા.

## ગોપાળાનંદ સ્વામીએ મંદિર પાસે રહેનારા યવનોને પ્રતાપ જણાવ્યો તથા પીપળાનાં ડાળા ઊંચા કર્યા

એક વખત વડોદરાના મંદિરના સામું ડોશીઓનું જૂનું મંદિર હતું. તેના વાડાના વંડીને અડીને તુલસી ક્યારો હતો. ત્યાં તે વાડાના વંડાની ભીત સાથે એક મોટું પીપળાનું વૃક્ષ હતું તેના ડાળા લાંબા વધીને પાછળ મુસલમાનનું ફળિયું હતું તેના રસ્તામાં તે લોકોને હરકત થાય તેમ આડા અને નીચા ફાલ્યા હતા, તેમજ વંડાની ભીંત સાથે પાછળના ભાગમાં મુસલમાનની બે કબરો (ઘોરો) હતી. આથી મંદિરની બાઈઓએ ગોપાળાનંદ સ્વામીને કહાવી મોકલ્યું કે, અમારાથી તુલસી ક્યારો વંડાની ભીંત સાથે તેથી તેની પ્રદક્ષિણા કરાતી નથી, ને વંડાની ભીંત સાથે પાછળના ભાગમાં પીપળો છે. તેની તો પ્રદક્ષિણા શાની જ ફરાય ! માટે વંડાની પાછળ બે ગજ જમીન આપને લીધેલી આ

વાડાની હદની જ ખતમાં લખી છે, માટે જો એ આપણી હદ પ્રમાણે વંડા આગળ વધારીને ફરીથી નવી કરાવો તો અમારાથી તુલસી તથા પીપળાની પ્રદક્ષિણા થાય.

ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, એ વંડી પાછળની જગ્યા માંતો મુસલમાનની બે જુની કબરો છે, તેથી તે જગ્યા મૂકીને વંડી પાછી હટાવીને કરાવી છે પણ હવે મુસલમાનને અડચણ થાય તેમ પીપળાનાં ડાળા નમ્યાં છે. તેથી થોડા દિવસમાં ખુલાસો થશે.

પછી મુસલમાનના મહોરમના દિવસ આવ્યા, તેમાં તાબુતને બુડાડવા લઈ જતાં રસ્તામાં પીપળાનાં ડાળ તેને નડ્યાં, તેથી તે ડાળાં કાપી નાખવા પંદર-વીસ મુસલમાનો કુહાડા લઈને પીપળા ઉપર ચઢવા આવ્યા, તે જોઈને કેટલાક હરિભક્તોએ પીપળો આ મંદિરનો છે તે તમે કાપશો નહિ, એ રીતે ઘણી ના કહી પણ તે મદભર્યાં મુસલમાનોએ માન્યું નહીં. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, કાપવા દ્યો જોઈએ એ કેવો પીપળો કાપે છે ! પછી પેલા મુસલમાનોએ કુહાડી લઈને પીપળા ઉપર ચઢવા માંડ્યું, પણ કોઈથી પીપળા પર ચઢાયું જ નહિ. જે જે ચઢ્યા તે સર્વે ચકરી ખાઈને હેઠે પડ્યા. એમ ઘણાનાં હાડકાં હેઠે પડવાથી ખોખરાં થયાં. પછી થાકીને મંદિરમાં આવીને પોકાર કરવા લાગ્યા કે, ઓ સ્વામી મહારાજ, તમારા પીપળાના ડાળ કાપી નાખો, અમારા તાબૂત લઈ જતાં નડે છે. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, તે પીપળા પાસે બે કબરો છે, ત્યાં આવીને તમે સર્વે બાંગ પોકારો છો તેથી અમને તથા બાઈઓને ધ્યાન ભજનમાં ઘણો વિક્ષેપ થાય છે, માટે અમારી અડચણ મટાડવા તમારી કબરો ત્યાંથી ઉપાડી લો, તો અમે અમારા પીપળાને પણ ઉપાડી લઈએ. પછી તે લોકો બોલ્યા કે, કબરો તો અસલથી અહીં જ છે, અને તે પીરાનપીર છે. તે અલ્લા અકબર છે, અને વળી સરકારી રસ્તામાં છે, તેની તમને શી અડચણ છે ? અને બાંગ પોકારવાથી તમને જેવી અડચણ થાય છે તેથી અમને પણ તમારા લોકો તાળીઓ વગાડીને ભજન કરે છે તથા નગારું ઘડિયાળો વગાડીને આરતી કરે છે, તેની અડચણ નમાજ પઢતી વખતે ઘણી જ થાય છે, માટે કબરો ઉપડે નહીં પણ તમે પીપળો કાપી નાખો.

ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, એ પીપળો અમારા ભગવાનનું સ્વરૂપ છે, તે અમારાથી કપાય નહિ. વળી તમારી કબરો તો માણસે કરી છે, તે જડ

નિર્જીવ છે. તેથી વધતી નથી અને રસ્તામાં છે તેથી સર્વ લોકોને અડચણ થાય છે, માટે જેમ અમે અમારા દેવને અમારા મંદિરમાં સ્થાપન કર્યા છે, તેમ તમારા પીરની કબરો રસ્તામાંથી ઉપાડીને તમારા ઘરમાં સ્થાપન કરો. જેથી ઘણા લોકોને રસ્તે જતાં અડચણ થાય છે તે મટે. અને તમારા પીરને લોકોના પગની લાતો વાગે છે તેથી તમારા પૂજ્ય પીર છે, તેનું મોટું અપમાન થાય છે તે પણ મટે અને લોકોને ઠોકરો વાગતી પણ મટે. માટે અમારા મંદિરના કોઈ પણ માણસો પૂજ્ય પીપળાને કાપશે નહિ. માટે તમારા તાબુતને એ રસ્તે થઈને લઈ જતાં પીપળાના ડાળ ઉપર નડતાં હોય તો તાબુતને માણસોના ખભા ઉપરથી આડું કરીને અથવા હેઠે ઉતારી પૃથ્વી ઉપર મૂકીને પીપળા તળેથી ખેંચી લઈને પછી ઉપાડી જજો.

ત્યારે મુસલમાનો બોલ્યા કે શું, અમારા કુરાન પૂજ્ય તાજીયાને જમીન પર મૂકી ઘસડી જઈએ ? એ રીતે વાદ થયો. તેમાં મુસલમાનનું કાંઈ ફાવ્યું નહીં, તેથી સરકારમાં ફરિયાદી કરી. પછી સરકારના અધિકારી ભગુભાઈ કોટવાળ જે જાતે નાગર હતા તે પીપળો જોવા આવ્યા, તેમણે જોઈને મુસલમાનોને કહ્યું કે, આ બે ડાળ તાબુતને લઈ જતા નડે એવા છે, તે તમે કાપી નાંખો. ત્યારે તે લોકો કુહાડા લઈને ઉપર ચડી ગયા પણ ચકરી આવવાથી પ્રથમની પેઠે ધબોધબ નીચે પડ્યા. પછી તે કોટવાળે સરકારી કઠિયારાને તેડાવીને કાપવા ચઢાવ્યા, તો તે પણ એ જ રીતે નીચે પડ્યા. તેથી એ કોટવાળ મંદિરમાં આવીને ગોપાળાનંદ સ્વામીને પગે લાગીને બોલ્યા કે, મહારાજ આનું શું કારણ ? ત્યારે સ્વામી બોલ્યા કે, તમે ઉત્તમ બ્રાહ્મણ છો, અને પીપળાને ભગવાને ભગવદ્ગીતાના વિભૂતિ અધ્યાયમાં પોતાનું સ્વરૂપ કહ્યો છે, તેને તમે કપાવાનો હુકમ આપ્યો, એ કેવો અધર્મ છે ? માટે તમે સરકારી અધિકારી છો, તેથી સત્યપણે ન્યાય કરો. અમારો પીપળો તો એમને માત્ર વર્ષમાં એક જ વખત તાબુત લઈ જતા વૃક્ષના ડાળ ઉપર અડવાથી નડે છે અને તાબુતને થોડું નમાવીને આડું કરીને લઈ જાય તો નડે પણ નહિ અથવા તાબુતને માણસના ખભા ઉપરથી નીચું ઉતારીને ખેંચી લે તો પણ નડે નહિ અથવા એ તાબુતને બે હાથ નીચું બનાવે તો તે વૃક્ષનાં ડાળ નડે નહિ. પણ એ રસ્તામાં બે કબરો છે, તે અમને તથા બીજા સર્વે લોકોને નિરંતર નડે છે, પછી તે કોટવાળ બોલ્યા કે, એ મુસલમાન લોકો જડબુદ્ધિ છે, તેથી કોઈ રીતે માને તેમ નથી. માટે આપ મહાત્મા પુરુષને તે સર્વની અડચણ માટે અને સર્વને સુખ થાય તેમ કૃપા કરીને કરો. પછી

ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, બહુ સારું જાઓ. સર્વેને સુખ થશે. પછી તે જ વખતે તરત તે પીપળાનાં બે ડાળા તાબુતને નડે નહિ એ રીતે ઘણા ઊંચા થઈ ગયા.

તે જોઈ સર્વ લોકો અતિ આશ્ચર્ય પામી બોલ્યા કે, આ તો બે તાબુત ઉપરાઉપરી લઈ જવાય તેટલાં ઊંચા ડાળી એની મેળે ગયાં. પછી તે રસ્તે થઈને મુસલમાનો ખુશી થતા તાબૂત લઈ ગયા અને તે જ રાતમાં મંદિરની વંડી બે બે ગજ આગળ ગઈ, તેથી પીપળાનું વૃક્ષ મંદિરના વંડામાં આવ્યું અને તે વંડાની સાથે તુલસી ક્યારો હતો તેની પાછળ પ્રદક્ષિણા ફરાય તેટલી જગ્યા ખુલ્લી થઈ ગઈ અને વંડીની પાછળ મુસલમાનનો રસ્તો હતો તેવા કાયમ રહ્યો અને બે કબરો તો ત્યાંથી એની મેળે દરવાજા પાસે જઈ કોટને અડતી થઈ ગઈ. પછી બીજે દિવસે સવારમાં આ મોટું આશ્ચર્ય જોવા હજારો લોકો ભરાયા હતા અને મુસલમાનો પણ ઘણા ખુશ થઈ ગયા. પછી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, તમે તાબુતને ગેંડી દરવાજા તથા બધા દરવાજાઓ નીચા છે, તેની તળેથી શી રીતે લઈ ગયા ? પછી લોકો શરમાઈ ગયા, નીચું ઘાલી અને હાથ જોડીને બોલ્યા કે, હે મહારાજ એ દરવાજા તળેથી તો જમીન ઉપરથી ઘસડતું ખેંચી લીધું એ સાંભળી સ્વામી તથા સર્વે હસ્યા.

## ગોપાળાનંદ સ્વામીએ બે ઋષિ બ્રાહ્મણની રક્ષા કરી અને નાસ્તિકની હવેલી ગણપતિએ તોડી પાડી

એક વખત શ્રીગોડ બ્રાહ્મણ સોમેશ્વર જે શ્રીહરિના મળેલા મોટા ભક્ત હતા અને પોતાના મિત્ર નથુ ભટ્ટ મોઢ બ્રાહ્મણને પણ તેવા જ ભક્ત હતા. તે બંને જણ નૃસિંહજીની પોળમાં રઘુનાથ રાવને ઘેર વિષ્ણુસહસ્ર નામના પાઠ કરવા ગયા હતા. પછી ત્યાંથી પાઠ કરીને નીકળ્યા. તેમને જોઈને રામચંદ્ર ઝવેરી જે સત્સંગનો દ્વેષી હતો, તે ખળતાઈમાં કપટથી બોલ્યો કે, આવો મારે ઘેર પાઠ કરવા બેસો. હું તમને દક્ષિણા આપીશ. એમ કહી તે કોમળ સ્વભાવના બે ઋષિ બ્રાહ્મણને પોતાની નવી મોટી હવેલીના ત્રીજે માળે તેડી ગયો. પાટલા ઢાળીને બંને જણને બેસાડ્યા અને હવે બે કલાક પાઠ કરો એમ કહી તે પાપીએ બહાર નીકળીને ત્રણે માળનાં દાદરા વાસીને બે બ્રહ્મવેત્તા બ્રાહ્મણને પૂરી મૂક્યા.

ચાર-પાંચ કલાક થઈ ગયા અને તેમણે માંહેથી ઘણી હાંકો (બૂમ) મારી પણ બહારથી કોઈ બોલે કે ચાલે ! છેવટે થાકીને પ્રભુનું ભજન કરવા માંડ્યું.

મંદિરમાં સંધ્યાકાળની આરતી થઈ રહ્યા પછી સભા થઈ, ત્યાં એ બંને જણને ઘેરથી મનુષ્યો ખોળવા આવ્યા અને કહ્યું કે, સવારના પાઠ કરવા બંને જણ રઘુનાથ રાવને ઘેર ગયા હતા, તેમને ત્યાં અમે જઈને પૂછ્યું કે એ તો બે કલાક પાઠ કરીને અહીંથી તુરત ગયા છે, એમ કહેવાથી અમે બીજે ઘણે ઠેકાણે ખોળ કરતા કરતા મંદિરમાં પત્તો લાગશે, એમ ધારી અહીં આવ્યા, માટે જો આવ્યા હોય તો મોકલો. બંને જણ સવારના ભૂખ્યા-તરસ્યા હશે. સાધુ હરિભક્તોએ તપાસ કરીને કહ્યું કે, અહીં તો આવ્યા નથી. પછી સ્વામીશ્રી બોલ્યા કે, એ બંનેને તો પેલા નાસ્તિક ઝવેરીએ બંદીખાનામાં પોતાના ઘરના ત્રીજા માળે પૂર્યા છે. એમ કહી મંદિરમાં પોતે સ્થાપન કરેલા શંકર છે, તેમની પાસે ગણપતિને સ્થાપન કરેલા છે, તેમના સામે લાંબો હાથ કરીને બોલ્યા કે હે ગણપતિ, પેલા સોમેશ્વર અને નથુ ભટ્ટ એ બે ઋષિ બ્રાહ્મણ તમારી તથા શંકરની પૂજા નિત્યે કરે છે, તેમને પેલા નાસ્તિક પાપીએ પૂર્યા છે, હવે તમારી પૂજા સવારમાં કોણ કરશે ? એ બે જણ ભૂખ્યા-તરસ્યા બંદીખાનામાં છે તેમના ઘરના માણસો પણ ભૂખ્યા-તરસ્યા તેમની ફીકર ચિંતા કરે છે, માટે તેમને તેડી લાવો.

એમ કહ્યું કે, તરત ત્યાંથી પોતાની સૂંઢ અદશ્યપણે (કોઈ મનુષ્ય દેખે નહિ એમ) લંબાવીને નાસ્તિક ઝવેરીની હવેલીમાં બે બ્રાહ્મણ બેઠા બેઠા ભજન કરે છે, તેમને શરીરે આંટી દઈને બંને જણને સાથે અધ્ધર ઉપાડ્યા અને હવેલીના ચોથા માળની ઉપર દશ હાથ ઊંચે આકાશમાં પોતાની સૂંઢના અગ્ર ભાગની આંટીમાં દઢપણે ઝાલી રાખીને ગણપતિએ પોતાના હાથમાં જ અંકુશનું આયુદ્ધ હતું તેની આંકડી તે હવેલીમાં ભેરવીને સ્હેજ રંચમાત્ર ધીરેથી આંચકો માર્યો કે, તરત તે હવેલી કડકડ શબ્દ કરતી ઊંધી થઈને આસપાસના કેટલાક ઘરોનો ચુરો કરતી પડી ગઈ. કડાકો સાંભળી વડોદરા શહેરના અસંખ્ય મનુષ્ય જોવા દોડી આવ્યાં. નવી હવેલી દેવકોપથી એકદમ પડી, એમ સર્વ બોલવા લાગ્યા. મહાકૃપાળુ ગણપતિ મહારાજે મનુષ્યોને ઉગારવા આંકડીથી ધીરે ધીરે થતો કડકડાત શબ્દ સાંભળીને હવેલીમાં રહેનારા તથા આસપાસના લોકો ગભરાઈને દૂર નાસી ગયા હતા તેથી સારા ભાગ્યે કોઈ મનુષ્યને કંઈ હરકત થઈ નહતી,

પણ હવેલી કચ્ચરઘાણ વળવાથી માલ-મિલકતનું અપાર નુકસાન થઈ ગયું, તો પણ કોઈ દબાયું તો નથી તેની ઘણા માણસો તપાસ કરતા હતા. તે જોઈ રામચંદ્ર ઝવેરી બોલ્યા કે, હવેલીમાંથી અમે બધાં તો નીકળી ગયા છીએ, પણ ત્રીજે માળ બે બ્રાહ્મણને મેં પાઠ કરવા બેસાડ્યા હતા, તે નીકળ્યા નથી. અંદર ચેપાઈને દટાઈ ગયા છે. તે હવે સેંકડો મજૂરો કરીને આ પડેલી હવેલીને અટીમર ઉપડાવીશું ત્યારે દશ-બાર દિવસે તેમના મુડદાં નીકળશે.

એમ કાનોકાન એક-બીજાને વાતો કરતા હતા, પણ બે પવિત્ર બ્રાહ્મણોને ગણપતિજીએ સૂંઢમાં ઝાલીને આકાશમાર્ગે અદશ્યપણે લાવીને સુખ-શાંતિમાં મંદિરના ચોકમાં મૂકી દીધા હતા. ત્યાં હજારો માણસની સભામાં સ્વામીએ તેમને પૂછ્યું કે તમને બંને જણને આજ વાર કેમ થઈ ? ક્યાં ગયા હતા ? તમારે ઘેરથી માણસો ખોળ કરવા આવ્યા હતા, તે બોલ્યા કે અમને તો રામચંદ્ર ઝવેરીએ કપટ બુદ્ધિથી ત્રીજે માળ પૂર્યા હતા, તે હમણાં જ એકદમ શેષજી પોતાનાં શરીરની આંટીમાં અમને અધ્ધર ઊંચકીને આ મંદિરના ચોકમાં મૂકીને અદશ્ય થઈ ગયા. પછી સ્વામી સભામાં સર્વના સાંભળતા બોલ્યા કે, એ તો શેષજી ન હતા, પણ આ ગણપતિ મહારાજને આજ્ઞા કરી હતી, તેથી તેમણે પોતાની સૂંઢ લાંબી કરીને તમને બંને જણને ઉપાડીને અહીં મૂક્યા છે, માટે સવારમાં એમની પૂજા કરીને ખૂબ લાડવા જમાડજો. પછી બીજે દિવસે ઋષિ બ્રાહ્મણોએ લાડુની રસોઈ કરાવીને શંકર-પાર્વતી તથા ગણપતિની પૂજા કરીને મોટા થાળમાં મૂક્યા હતા, તેમાં પંદર બાકી રહ્યા હતા. આ અતિ અદ્‌ભુત પરચો હજારો માણસોએ નજરે જોયો છે, પણ આ કળીમાં તે કોઈથી મનાય નહિ.

## ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી બાપુરાયજીની રક્ષા થઈ

વડોદરામાં એક વખતે અમરેલીવાળા મોટા દિવાનજી બાબાસાહેબની દીકરીનાં લગ્ન હતાં. તે સમયે શહેરમાંથી બધા શાહુકારોને આમંત્રણ (તેડા) કરી બોલાવ્યા હતા. તેથી તેને ત્યાં ચાંલ્લો કરવા સર્વે જવા નીકળ્યા. ત્યારે સત્સંગ શિરોમણિ શ્રીહરિના મહાસમાધિ નિષ્ઠ ભક્તરાજ દશાલાડ વાણિયા શેઠ બાપુરાયજી હતા. તેમને ત્યાં પણ શાહુકાર રીતે આમંત્રણ આપેલું. તેથી તે પણ

ત્યાં ચાલ્લો કરવા બસ્સો રૂપિયા લઈને નીકળ્યા. તે વખતે સામી વિધવા આવવાથી અપશુકન થયા. ત્યારે જરા ઊભા રહી શ્રીહરિનું સ્મરણ કરીને ચાલ્યા કે, વળી બિલાડી આડી ઊતરી. ત્યારે પોતે વિચાર્યું કે, દિવાનજીને મારા ઉપર સત્સંગી જાણીને મૂળથી દ્વેષ છે, અને તેને ત્યાં જતા અપશુકન થાય છે. તેથી એ મને કંઈ વાંકમાં લાવી મોટી હરકત કરશે, માટે હું મંદિરમાં જઈ ગોપાળાનંદ સ્વામીને પૂછું. પછી ઉતાવળા મંદિરમાં જઈ સભા મધ્યે શ્રી ગોપાળાનંદ સ્વામી બેઠા હતા, તેમને એ બધી વાત કહી. ત્યારે સભામાં બેઠેલા તેમના મિત્ર ભક્તરાજ નાથભક્તે સ્વામીને કહ્યું કે, એ દિવાનજી તો સત્સંગનો મહાદ્વેષી છે, તે આ બાપુભાઈ શેઠને મોટા સત્સંગી જાણીને બહુ જ નડે છે. બે વર્ષ ઉપર એ શેઠની દીકરીનાં લગ્ન હતા, ત્યારે નગરશેઠ હરિભક્ત છે, તેમને આડુઅવળુ સમજાવીને આ બાપુ શેઠને નાત બહાર મૂકવાની બીક દેખાડી પચીસ હજાર રૂપિયા મહાજને દંડ કરાવ્યો હતો અને એને ઘેર આજ દીકરીનાં લગ્ન છે, ત્યાં બધા શાહુકાર ગયા છે અને જો બાપુભાઈ ન જાય તો બળ રાખીને પાછો વધારે નડે. તેથી ત્યાં જવા નીકળ્યા પણ અપશુકન થયા, માટે એમને વહેવાર કંઈ હરકત ન થાય તો, એ મહા પ્રભુનું ભજન સુખે કર્યા કરે. વળી એમણે સરદારોમાં લાખ રૂપિયા ધીર્યા છે, તે લોકોને દિવાનજી આડુઅવળું સમજાવીને આપવા દેતા નથી અને વહેવારી લોકમાં પણ લાખ રૂપિયાની ઘાલ પડી છે. તેથી હવે ઘરખર્ચ પણ જેમ તેમ નભાવે છે અને શાહુકારમાં નામ ગણાય. તેથી કર વ્યવહાર પણ કરવો પડે છે. તેથી હવે એમની નાણાવટીની દુકાન પણ નભે એમ લાગતું નથી. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, આ બાપુભાઈ તથા એમના નાનાભાઈ પ્રેમાનંદ એ બે જણે તો પ્રગટ શ્રીહરિની ઘણી વાર પૂજાઓ કરી છે, અને શાલ દુશાલા ઓઢાડી રૂપિયા ભરેલા થાળની ભેટો અર્પણ કરી છે, અને શ્રીહરિને પોતાના અંતરમાં અખંડધારી રહ્યા છે. માટે એમને બ્રહ્માંડમાં કોણ હરકત કરનાર છે ? એમનો વ્યવહાર તો શ્રીહરિના પ્રતાપથી સારો થશે અને દિવાનજી લાખ રૂપિયા એમના લેણા છે તે આપવા દેતા નથી. તો પોતાને ઘેરથી આપશે. ત્યારે સભામાં બેઠેલા રામચંદ્ર બોલ્યા કે, સ્વામી એ મહાખળ છે, તે પોતાના ઘેરથી શાનો આપે ! સ્વામી કહે એમ આપશે ? ઝખ મારીને આપશે. નાડી પ્રાણ સર્વેના શ્રીહરિના હાથમાં છે માટે બાપુભાઈ ! તમે શ્રીહરિને સંભારીને સુખેથી એને ઘેર ચાંલ્લો કરવા જાઓ. પણ એ જ ઉલટો તમને ચાલ્લો કરશે. બસ્સો

આપશો તો ગાડુ ભરીને લાવશો. અપશુકન લાખ થાય તો પણ મનમાં જરાય બીશો નહીં, કારણ કે ભૂંડા અપશુકન પોતાનો ભાવ પ્રથમ દેખાડશે ખરા, પણ તમને તો અંતે શુભ ફલદાયક થશે. તમારો પચીસ હજાર દંડ કરાવ્યો છે, તો ઝખ મારીને તમને ચોગણા આપશે. પછી બાપુભાઈ સ્વામીને નમસ્કાર કરી ત્યાંથી ગયા.

રસ્તામાં ઘણા અપશુકન થયા પણ તેને ન ગણતાં શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી દિવાનજીને ત્યાં ગયા. ત્યાં તો હજારો વિદ્વાનો બેઠા હતા અને મોટા લગ્ન મંડપમાં સરકાર સયાજીરાવ ગાદી તકીયે બેઠા હતા અને તેમની પાસે દિવાનજી પણ ઘણા સરદારો રાજમંડળો સહિત તથા શહેરના સર્વે શાહુકારો વગેરે ભરાઈને બેઠા હતા, ત્યાં જઈને બાપુભાઈ પણ મુજરો કરી ઘટે ત્યાં બેઠા. પછી જ્યારે વરકન્યાનો હસ્તમેળાપનો સમય થયો, તે વખતે હરિઈચ્છાથી બાપુરાયજી શેઠને છીંક આવી. તે જોઈ દિવાનજીને બાપુભાઈ ઉપર અતિશય ક્રોધ થયો, વળી પોતે મૂળથી સત્સંગનો દ્વેષી છે અને બાપુભાઈ સત્સંગી છે. તેથી આજ ભલો લાગ આવ્યો છે, એમ જાણીને ઝટ આરબના જમાદારને બોલાવી સખત હુકમ કર્યો કે, આ વાણિયાએ મારી દીકરીના લગ્ન સમયે અપશુકન કર્યા માટે એને બહાર જઈને એનું માથું કાપી નાંખો. આવું સાંભળી ત્યાં બેઠેલાં સયાજીરાવ સરકાર તથા સર્વે મંડળ તો ગભરાઈ વિચારમાં પડ્યા અને ઘણા ઉદાસ થઈ ગયા, પણ એ જબરાની આગળ કોઈથી બોલી શકાય નહીં. પણ બાપુભાઈ ! તો શ્રીહરિના મુક્ત છે અને શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય છે, માટે એમને તો ચાહે કોઈ હાથીને હોદ્દે બેસાડે કે, ચાહે નાક કાપીને ગધેડે બેસાડે તે બેયને વિષે સમભાવ છે. તેથી શોકે રહિત અતિ આનંદમાં શ્રીહરિની મૂર્તિ અંતરમાં ધારી રહ્યા કે મહાપ્રભુ મારું હિત જ કરતા હશે. પછી સરકારે તેમની સંજ્ઞા વડે ત્યાં મોટા ધુરંધર શાસ્ત્રીઓ બેઠા હતા, તેમને સૂચવ્યું તેથી વિશ્વનાથ, મહાશંકર અને આપાશાસ્ત્રીએ મોટા ત્રણે જણ સરકારના શાસ્ત્રીઓ વિવાહના મંગળકાર્ય સમયે કોઈને છીંક આવે તેથી અપશુકન થાય છે. તે સત્ય વાત છે, પણ એ મંગળકાર્ય સમયે કોઈનું નાક કાપી રૂધિરસ્રાવ કરવો, તેનો છીંક કરતાં પણ લાખ ગણો વધારે અપશુકન થાય. અને તેનું અપાર અનિષ્ટ ફળ થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે, ત્યારે સરકાર બોલ્યા કે એ છીંક આવી તેનું પ્રાયશ્ચિત્ત તમે શાસ્ત્ર સંમતિ પ્રમાણે કહો ! ત્યારે શાસ્ત્રીઓએ કહ્યું ''સબરસ'' એટલે મીઠું છે. તે છએ પ્રકારના

રસમાં સર્વથી શ્રેષ્ઠ છે અને સર્વે વસ્તુમાં એ શુકન કરે તેવી મંગળ વસ્તુ છે, માટે મંગળ સમયે વરના માથા ઉપર લુણ ઉતારવાનો ચાલ છે તો લગ્ન સમયે જેને છીંક આવે મીઠાનો ફાકો ફકાવવો તેથી નિર્વિઘ્નપણું થાય છે.

એવું સાંભળી દિવાનજીએ પોતાના માણસોને હુકમ આપ્યો કે મીઠું-મરચાં ખાંડેલા હોય તે ભેળવીને સવાશેર તોળીને એક થાળીમાં લાવો, એ રીતે સત્સંગી ઉપર દ્વેષ બુદ્ધિથી તેને દુઃખ કરવા મીઠા સાથે અડધાં મરચાં ભેળવવાનું અને તે પણ એક ફાકો લેવડાવો, તેને બદલે સવાશેર મંગાવ્યા. તેની થાળી ભરેલી જોઈ ત્યાં બેઠેલા સરકાર તથા શાસ્ત્રીઓ વગેરે કોઈ બોલી શક્યા નહીં. પછી દિવાનજીએ બાપુ શેઠને તિરસ્કાર કરી કહ્યું કે, લે વાણિયા આ થાળીમાંથી મીઠું મરચાં બધા ફાકી જા ! ત્યારે એ રાજમંડળમાં સર્વેનાં દેખતાં બાપુભાઈએ લાવો સાહેબ, કહી થાળી હાથમાં લઈ સભા વચ્ચે શ્રીહરિનું સ્મરણ કરી તે મીઠા મરચાંની સાકરની પેઠે ઝટ ઝટ ફાકા મારી જઈ થાળી ખાલી કરીને મૂકી. તે જોઈ સરકાર તથા સર્વે રાજસભા અતિ આશ્ચર્ય પામી ગયા. ત્યાર પછી બંધ રાખેલું લગ્ન કાર્ય પાછું બ્રાહ્મણોએ ચાલું કર્યું.

પણ વર-કન્યાનો હસ્ત મેળાપ સમય થયો કે તે જ સમયે પછી હરિઇચ્છાથી એ જ બેય વરકન્યાને સાથે છીંકો આવી. ત્યારે વળી સરકારે પૂછ્યું કે શાસ્ત્રીજી ! આ વરકન્યા બેયને સાથે છીંકો આવી તેનું કેવું ફળ થાય ! ત્યારે શાસ્ત્રીઓ કંપારી લાવીને બોલ્યા કે, મહારાજ ! એ તો ત્રણ દિવસમાં જ એ બેય વરકન્યાના દેહને હાનિ કરતા છે. એવું સાંભળીને દિવાનજી તો દિગ્મૂઢ થઈ ગયા અને સરકારે પણ અરર રામ રામ રામ ! એમ બોલતા ઉદાસપણે પૂછ્યું કે, આ બે વરકન્યા તો આઠ-દશ વર્ષના છે, માટે એમને મીઠું-મરચાં ફકાવવા યોગ્ય નહીં. તેથી એમને યોગ્ય બીજું કંઈ અલ્પ પ્રાયશ્ચિત્ત શાસ્ત્ર સંમતિ પ્રમાણે કરવાનું દેખાડો. ત્યારે શાસ્ત્રીઓ બોલ્યા કે, સરકાર, આ એક જ સ્થાનકમાં અને એક જ જાતનો દોષ થયો છે, તેનું બીજું પ્રાયશ્ચિત્ત થાય નહિ. એ તો જે રીતે આ શેઠે મીઠું-મરચાં ફાક્યા તે જ રીતે તેટલા જ એ બેય બાળકોને પણ ઉગારવાને ફકાવવા જોઈએ. પણ ધર્મશાસ્ત્રમાં એમ છે કે, નાના બાળકથી ન થઈ શકે. એવા કઠણ પ્રાયશ્ચિત્ત તેના વતી તેના મા-બાપ કરે તો ચાલે. ત્યારે સરકારે દિવાનજીને કહ્યું કે, આ તો તમારે કન્યાવતી અને આ માધવરાવ વેહેવાઈ બેઠા છે તેમણે વરના વતી ફાકવું જોઈએ. તો કહે ઠીક લાવો. એક ફાકો ફાકીએ ?

શાસ્ત્રીઓ બોલ્યા કે, પ્રથમ શેઠને જો એક ફાકો ફકાવ્યો હોત તો તમારે પણ તેમ ચાલત, પણ હવે તો તમારે પણ તેટલું જ ફાકવાથી શુદ્ધિ થાય. પછી બે થાળીઓ ભરીને સવાશેર સવાશેર મીઠું મરચાં ખાંડેલા મંગાવ્યા અને વરકન્યા બેયને ત્યાં બોલાવી એક-એક ફાકો મારવા કહ્યું. તે જરા લઈ મોઢામાં નાંખતા તરત તે સુકુમાર બેય વરકન્યાને અપાર છીંકો આવી સોક થઈ ગઈ અને મૂર્છા જેવું થઈ ગયું. પછી શાસ્ત્રીઓના કહ્યા પ્રમાણે તે બેય વરકન્યાને માથે ઉતારીને તેમના પિતા માધવરાવ તથા દિવાનજીએ ફાકવા લીધી. તેમણે પ્રભુ એક એક ફાકો માર્યો કે, તરત ખું ખું ખું કરી ઉધરસ અને છીંકો ખાઈ. ઓ ઓ કરતાં ઊલટી કરી. પછી તે બે થાળીઓ જનાનખાનામાં વરકન્યાની ''માઓ'' ભણી મોકલી. તેમને ફાકવા કહ્યું તો, તેમને પણ એ જ રીતે થયું અને ત્યાંથી પણ એ બેય થાળીઓ અનામત પાછી લાવ્યા.

ત્યારે વળી સરકારે પૂછ્યું કે શાસ્ત્રીજી ! આ તો વરકન્યાના મા-બાપથી પણ ફાકી જવાતું નથી તેનું કેમ કરવું ? ત્યારે શાસ્ત્રી બોલ્યા કે એમના બીજાં કોઈ સગાંસંબંધી અથવા ગોર અથવા અતાપર કોઈ પણ બીજો માણસ એ વરકન્યાને માથે થાળીયો ઉતારી ફાકી જાય તો છીંકના દોષના અપશુકનનું નિવારણ થાય, એ વરકન્યા કુશળ ક્ષેત્ર રહે. પછી દિવાનજીએ પોતાના કેટલાક સંબંધીઓ તથા મળતીયાને બોલાવી ફાકી જવા કહ્યું, પણ કોઈની હિંમત ચાલી નહીં. ત્યારે તે હજારો માણસની ભરસભા વચ્ચે દિવાનજી બોલ્યા કે, આ વરકન્યા વતી બેય થાળીયોમાંથી મીઠું-મરચાં બધું ફાકી જાય તેને પચાસ હજાર રૂપિયા ઈનામ આપું.

એવું સાંભળી તે સભામાંથી પાંચ-સાત શૂરવીર ફાકી જવા તૈયાર થયા. તે સર્વે એક ફાકો મારતાં તો ખું ખું કરી ઊલટી કરવા બહાર જતા રહ્યા, તે ફરીથી ફાકવા આવ્યા જ નહીં. પછી વિચક્ષણ સરકારે બાપુ રાવજીને કહ્યું કે, શેઠ તમે તો સવાશેર મીઠું મરચાં ઝટ ફાકી ગયા, તો પણ તમને તો કાંઈ જણાયું જ નહિ. તેનું શું કારણ છે ? ત્યારે શેઠ બોલયા કે તેનું કારણ હું કંઈ જાણતો નથી. હું તો મારા ઈષ્ટદેવ મહાપ્રભુનું ધ્યાન કરીને ફાકી ગયો છું ત્યારે સરકારે તથા દિવાનજીએ કહ્યું કે, શેઠ આ બે વરકન્યાના વતી બે થાળીઓમાંથી બધુ તમે ફાકી જશો ? શેઠ બોલ્યા, જેમ આપની આજ્ઞા હોય તેમ હું આપની રૈયત (પ્રજા) છું તે મારે વર્તવું જોઈએ. પછી તે બે થાળીઓ લઈને વરકન્યાને માથે

ઉતારીને શેઠ જય શ્રી સ્વામિનારાયણ કહીને ખાંડના ફાકા મારે તેમ ઝટ ઝટ એક ક્ષણમાં ફાકી ગયા. ને બેય થાળીઓ ચોખ્ખી ખાલી કરીને મૂકીને એ રીતે બેય થાળીઓ મળીને અઢી શેર, ને પ્રથમની થાળીનું સવા શેર એકંદર બધું મળીને પોણા ચાર શેર મીઠું-મરચું બાપુ શેઠ ફાકી ગયા. તે જોઈ એ રાજસભામાં બેઠેલા સરકાર તથા દિવાનજી અને બીજા સરદાર, શાહુકારો સર્વે અતિ અદ્‌ભુત આશ્ચર્ય પામી ગયા. પછી સરકારે અતિ પ્રસન્ન થઈને પોતાના હાથની આંગળીએ સવા લાખ રૂપિયાની હીરાની વીંટી હતી, તે ઝટ કાઢી બાપુશેઠને ઈનામ આપી દીધી અને પછી દિવાનજીને પણ કહ્યું કે, તમે પણ બોલ્યા છો તે પ્રમાણે પચાસ હજાર રૂપિયા આપો. ત્યારે તેમણે પણ શાલ જોટો, મંડીલ, ઈનામ અને પચાસ હજાર રૂપિયા રોકડા મંગાવીને બાપુશેઠની પાસે ઢગલો કરાવ્યો. તે સરકારના હુકમથી બાપુશેઠને ઘેર ગાડીમાં નાંખીને પહોંચાડ્યા. ત્યાર પછી લગ્નકામ નિર્વિઘ્ને શાસ્ત્રીઓએ ચાલુ કરાવ્યું. પછી બાપુભાઈ ત્યાંથી હરખ શોકે રહિત શ્રીહરિનું સ્મરણ કરતા કરતા મંદિરમાં જઈ શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીને પગે લાગીને સભામાં બેઠા અને સ્વામીને બધી વાત કહી ત્યારે સભામાં બેઠેલા દલપત ઝવેરીને સ્વામીએ વીંટીની કિંમત શી આવશે એમ પૂછ્યું. તેમણે જોઈને કહ્યું કે આ હીરો સરકારે સવા લાખ રૂપિયામાં ઘણા વર્ષ ઉપર લીધેલો છે, પણ હવે તો ભાવ વધી જવાથી એના દોઢથી બે લાખ આવશે. ત્યારે સ્વામી બોલ્યા કે બાપુભાઈ એ હીરો વેચી દે જો. પછી દિવસે શહેરના બધા ઝવેરીઓને તેડાવીને પંચ ખાતે બે લાખ રૂપિયામાં વેચી દીધો. ઝવેરીઓને મુંબઈના બાટલીવાળા જમશેદજી જીજીભાઈએ તેના ત્રણ લાખ રૂપિયા આપ્યા. પછી બાપુભાઈનો વ્યવહાર સર્વે નાણાવટીની રીતે સારો ચાલ્યો. જુઓ શ્રીહરિ પોતાના એકાંતિક ભક્તની કેવી સહાય કરે છે.

## ગોપાળાનંદ સ્વામીની કૃપાથી થોડી રસોઈમાં આખું શહેર જમ્યું

વડોદરામાં એક વખત બાપુરાયજીના માતુશ્રી ગુજરી ગયા, ત્યારે તેમને તેરમાને દિવસે પોતે શ્રીમંત અને આબરૂદાર હોવાથી પોતાની નાત તથા બીજી નાતનો વ્યવહાર હતો, તેથી તેમણે પોતાની નાતને તથા નાણાવટી વાણિયાને નોતરા દેવડાવ્યા અને ત્રણ હજાર માણસને જમવાની શીરો પૂરી વગેરે રસોઈ

કરાવી. પછી જમવાનો વખત થયો ત્યારે વડોદરાનું બધું મહાજન સ્ત્રીઓ, પુરુષ સુધ્ધા આઠ-દશ હજાર માણસ ભરાયું. તેનું કારણ એ કે એ બે સત્સંગી હતા, તે દ્વેષી જે બીજા કુસંગી એમના પિતરાઈઓ હશે તેમણે આબરૂ જવા એ જાણે નહીં એ રીતે એમના નામથી બધા મહાજનને છાના નોતરાં દેવડાવ્યા હતા. તેથી બધું શહેરનું મહાજન જમવા ભરાયું. તે જોઈ બાપુભાઈ તથા પ્રેમાનંદ એ બંને ભાઈ ગભરાઈ ગયાં અને નજર પહોંચી શકી નહિ. પછી બાપુભાઈ ઉતાવળા મંદિરમાં ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને બધી વાત કહી.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે તમે ગભરાશો નહીં. મહારાજને સંભારો અને ઘેર જઈને ત્રણ હજાર માણસની રસોઈ કરાવી છે, તેમાંથી થાળ પૂરીને તમે પુજો છો તે શ્રીહરિની આપેલી મૂર્તિને નૈવેદ્ય ધરાવજો. પછી પ્રસાદી બધી રસોઈમાં ભેળવી દેજો અને તે મૂર્તિને જ્યાં રસોઈ હોય ત્યાં ઘીનો દીવો કરીને સન્મુખ પધરાવજો અને પીરસણ બહાર કાઢી આપવા રૂગનાથજી તથા દલપત ઝવેરી આદિ આપણા સત્સંગી વાણિયા છે, તેમને રસોઈ પાસે રાખજો, તે બીજાને એ રસોઈમાંથી પીરસણ કાઢી આપશે. પછી દશ હજાર માણસ જમવા આવ્યા છે તે ભલે સુખેથી સર્વે સાહિત્ય જમશે, કદાપિ આખું વડોદરું નોતરીને એ બધા માણસોને જમવા બોલાવશે તો તે પણ સર્વે જમશે.

પરશુરામની કામદુધા ગાયે સહસ્ત્રાર્જુનનું અસંખ્ય લશ્કર જમાડ્યું હતું, તો તે કરતાં શ્રીહરિનો પ્રતાપ વધારે છે કંઈ ઓછો નથી. પછી બાપુભાઈ ગોપાળાનંદ સ્વામીને પગે લાગી ઘેર ગયા અને કહ્યા પ્રમાણે કરી પીરસણ ચાલતું કર્યું, તેથી દશ હજાર માણસ જમ્યા અને મહીથી કાઢી આપનારા સો સવાસો સત્સંગી વાણિયા હતા તે થાકી ગયા તો પણ શીરો પૂરી વગેરે રસોઈ તેટલીને તેટલી જ હતી.

પછી શહેરમાં ચારે દરવાજે માણસો મોકલીને બીજા ઘણા ગરીબ લોકોને તેડી લાવીને જમાડ જમાડ કર્યા અને અડધી રાત સુધી આપ આપ કર્યું તો પણ ખૂટ્યું નહીં અને બીજે દિવસે પણ ભીખારી લોકોને સાંજ સુધી આપ આપ કર્યું અને જેજેકાર થઈ રહ્યો અને સત્સંગીની લાજ લેનારા કુસંગી વાણિયાના મોંઢા તો કાળા મેશ જેવા થઈ ગયા. સાક્ષાત્ ભગવાનનો તથા મોટા એકાંતિક સત્પુરુષનો જેને વિશ્વાસ છે તેની કુસંગીથી લાજ લઈ શકાય જ નહીં.

## ગોપાળાનંદ સ્વામીએ બે સ્વરૂપે દર્શન આપ્યા ને શ્રીહરિ સાથે બાપુભાઈને તેડવા પધાર્યા

વડોદરામાં જ્યારે બાપુભાઈ ઘણા માંદા થયા ત્યારે તેમણે પુન્યદાન વગેરે સર્વે કરાવ્યું. પછી બોલ્યા કે, આજ બપોરના બાર ઉપર બે વાગ્યે શ્રીજીમહારાજ મને તેડવા આવશે. હમણાં જ મને હનુમાનજી મહારાજ દર્શન આપીને કહીને અંતર્ધાન થઈ ગયા. માટે મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી છે, તેમના છેલ્લાં દર્શન કરવાની મારી ઈચ્છા છે, માટે મંદિરમાંથી સર્વે સાધુ સહિત તેમને ગાડીમાં બેસાડીને આપણે ઘેર તેડી લાવો. હું તેમની છેલ્લી પૂજા કરીને દર્શન કરી લઉં. ત્યારે એમના ભાઈ પ્રેમાનંદે કહ્યું કે, ગોપાળાનંદ સ્વામી આઠ દિવસ થયા કલાલી ગામ ગયા છે તો શી રીતે તેડી લાવું ! પછી બાપુભાઈએ કહ્યું કે, આપણો ઘોડો દોડાવીને તમે ઉતાવળથી કલાલી જાઓ અને અમારા સર્વે સમાચાર સ્વામીને કહેજો એટલે સ્વામી મહાદયાળુ છે, તે ઝટ ગામમાંથી કોઈ હરિભક્તની ગાડી મંગાવીને તેમાં બેસીને મને દર્શન આપવા ઉતાવળા આવશે. ત્યારે પ્રેમાનંદે કહ્યું કે, દશ વાગી ગયા છે અને ત્રણ ગાઉ જવું અને ત્રણ ગાઉથી આવવું અને વળી ચોમાસાનો દિવસ છે. તેથી રસ્તામાં પાણી ભરાયા હશે એટલે બે વાગ્યા પહેલાં સ્વામી અહીં શી રીતે ઊડીને આવશે ? પછી તેમણે કહ્યું કે, એ યોગીરાજ છે તે ઊડીને આવશે કે ગમે તે રીતે આવીને પણ મને દર્શન આપશે, એમ મારો દૃઢ વિશ્વાસ છે માટે જાઓ. ઉઠો ઉતાવળથી ઘોડો દોડાવજો. પછી તે ઘોડે બેસીને ગયા, પણ વિશ્વામિત્રી નદીના પુલ ઉપરથી જતાં નદીમાં પાણીનું પૂર દીઠું તેથી વિચાર કર્યો કે, કાલે બધી રાત વરસાદથી પૂર આવ્યું છે. તે અહીં તો પુલ ઉપરથી જાઉં છું પણ કલાલીની ભાગોળે પણ આ નદી છે તેથી પૂરમાં શી રીતે જવાશે અને સ્વામી પણ પૂરમાં શી રીતે આવશે ? પણ મોટા ભાઈની છેલ્લી આજ્ઞા જો ન માનું તો એમને ખોટું લાગે, માટે ચાલો આગળ જતાં જેમ થાય તેમ ખરું ! આગળ જતાં મસ્તુબાગની પેલી તરફ રસ્તામાં પાણી ઘુંટણ સુધી ભરાયેલાં તેમાં ધીમેથી ઘોડો ચાલે, વળી તેથી આગળ કેડ જેટલે પાણી આવ્યું તેમાં ઘોડો હળવે ચાલે. પછી વિચાર્યું કે, આ રસ્તે તો કલાલી જતા સાંજ પડી જશે અને બે વાગે તો ભાઈને શ્રીહરિ તેડી જવાના છે અને ગાઉ છેટે પણ નથી આવ્યો.

તેટલામાં બાર વાગ્યાની તોપ પડી, એમ વિચારી પાછા ફર્યા. હવે કલાલી ગામમાં ગોપાળાનંદ સ્વામી મંદિરમાં સભા વચ્ચે બેઠા હતા ત્યાં પોતાની પાસે બેઠેલા પુરુષાનંદ સ્વામી આદિ ચાળીશ સાધુ હતા, તેમને કહ્યું જે આજ તો બે વાગ્યે વડોદરાના બાપુભાઈ શેઠને શ્રીહરિ તેડવા પધારવાના છે અને આપણા ઉપર એમને ઘણું હેત છે તેથી છેલ્લા દર્શનની ઘણી ઘણી ઈચ્છા રાખે છે, માટે આપણે સર્વે ચાલો વડોદરે જઈએ. પછી ત્યાં બેઠેલા ઈશ્વર પટેલ બોલ્યા કે સ્વામી ! આજ તો અહીં મારી દૂધપાક પૂરીની રસોઈ છે તે જમ્યા વિના જવાય નહીં અને રસોઈ તો દૂધ મોડું આવ્યું તેથી એક-બે વાગ્યાને સુમારે થશે અને વળી નદીમાં પૂર છે, તેથી આજ વડોદરે જવાનો વિચાર કૃપા કરી બંધ રાખો.

પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, બહુ સારું, તમારી રસોઈ છે તો ભગવાનને જમાડીને જમીશું. હવે તમે રાજી થયા ? તો કહે હા સ્વામી, હવે વડોદરામાં બાપુભાઈ શેઠ તો સ્વામી તથા બીજા સંતને સારું સો માણસ જમે તેટલાં રસોઈ ગણપતભાઈ, વિદ્યારામ આદિ સત્સંગી બ્રાહ્મણોને તેડાવીને ઉતાવળથી કરાવી અને ચંદન, કુમકુમ, પુષ્પના હાર વગેરે પૂજાનું સાહિત્ય તૈયાર કરાવ્યું. એટલામાં તો ગોપાળાનંદ સ્વામી ચાળીસ સંત સહિત પધાર્યા, તે કાંતારેશ્વરની પોળમાં બાપુભાઈની હવેલીના ચોકમાં આવીને ઊભા. તેમને જોઈ ગુમાસ્તા ચાકરોએ દોડીને શેઠને કહ્યું તેથી તરત તે માંદા હતા તો પણ ઊઠીને સ્વામીના પગમાં પડ્યા અને ગાદી ઉપર સ્વામીને બેસાડ્યા. બીજા આસનો ઉપર સર્વે સંત બેઠા. પછી ચોકમાં પાટલા ઢાળીને સર્વે સંતની જમવાની પંક્તિ કરાવી અને ચાંદીના મોટા થાળમાં નૈવેદ્ય પુરાવીને પોતાના દેવઘરમાં શ્રીહરિની મૂર્તિ તથા બાળકૃષ્ણ હતા તેમને ધરાવવા ત્યાં મૂકી અને ચાંદીનો લોટો આબકોરો પાણી ભરીને મૂકાવ્યો અને દેવઘરના કમાડ વાસ્યા. ચોકમાં સંતમંડળે પણ પોતાની સાથે લાવેલ શ્રીહરિની મૂર્તિને જમાડીને સ્વામી સહિત સર્વે સંત જમ્યા. પછી સભા કરીને કીર્તન બોલવા મંડ્યા અને શેઠ ધીરા રહીને સ્વામીની તથા સર્વે સંતની પૂજા કરવા માંડી. તે વખતે પ્રેમાનંદ શેઠ પાછા આવ્યા અને ઘોડેથી ઉતરી ઘરમાં આવ્યા ને સ્વામીને સંતમંડળે સહિત જોઈને અતિ આશ્ચર્ય પામી દંડવત્ પ્રણામ કર્યા અને અહો ! અહો ! શો પ્રતાપ ! એમ કહી હર્ષ પામતા પૂજા કરવા માંડ્યા. પછી બાપુભાઈએ દંડવત્ પ્રણામ કરી કહ્યું સ્વામી હમણાં ઘડી બે-ઘડીમાં શ્રીહરિ મને તેડવા આવશે. પ્રસાદ તમે જમો. સ્વામી કહે,

શ્રીહરિના મૂર્તિને થાળ ધરાવેલો છે તે મંગાવો. પછી થાળ મંગાવ્યો તે અડધો થાળ શ્રીહરિ જમી ગયા અને અડધો રહ્યો હતો, તેમાંથી ઘરના સર્વે માણસોને પ્રસાદી આપીને પોતે પણ જમ્યા. પછી સ્વામી ત્યાંથી જય સ્વામિનારાયણ કહીને સંત સહિત પધાર્યા હતા ને ઘરની બહાર નીસર્યા, પછી કોઈએ દીઠા નહીં.

પછી બે વાગે શ્રીહરિએ સંતમંડળ સાથે આવીને બાપુભાઈને દર્શન આપીને કહ્યું કે, બાપુભાઈ ચાલો, આ વિમાનમાં બેસો. તમને ધામમાં તેડી જવા આવ્યા છીએ. પછી બાપુભાઈએ કહ્યું કે, મહારાજ હું તૈયાર છું. હમણાં જ ગોપાળાનંદ સ્વામી સાધુ સહિત જમીને ગયા. પછી શ્રીહરિ બોલ્યા કે ગયા નથી. એ તો જુઓ આ સંતમંડળમાં અમારી સાથે તમને તેડવા આવ્યા છે. પછી તેમને તથા તેમની સાથે આવેલા સર્વે સંતમંડળને દિવ્ય સ્વરૂપે દીઠા. પછી સગાંસંબંધી વગેરે સર્વેને કહ્યું કે જુઓ, આ શ્રીહરિ સંતમંડળ સહિત મને ધામમાં તેડી જવા પધાર્યા છે તેમની સાથે હું વિમાનમાં બેસી આનંદથી જાઉં છું, માટે મારી પાછળ કોઈ શોક કરશો નહીં, પણ ઉત્સવ કરજો. એમ કહી સર્વેને પગે લાગી જય સ્વામિનારાયણ કહીને દેહ ત્યાગ કર્યો. પછી એમના સંબંધી સર્વેએ ભજન કીર્તન ઉત્સવ કરતાં ક્રિયા કરાવી. ધન્ય છે બાપુભાઈને ! જે રીતે સ્વામી સંતમંડળ સહિત વડોદરામાં બાપુભાઈને દર્શન આપીને તેમને ઘેર જમ્યા, તે જ રીતે અને તે જ વખતે કલાલી ગામમાં પણ ઈશ્વર પટેલને ઘેર જમ્યા. એ રીતે એક જ સમયમાં બે ભક્તને રાજી કર્યા, તે જેમ ભાગવતના દશમ સ્કંધમાં કથા છે કે, મિથિલાનગરમાં બહુલાશ્વ રાજા અને શ્રુતદેવ બ્રાહ્મણ એ બે પોતાના ભક્ત હતા તેમને ઘેર શ્રીકૃષ્ણ ભગવાને ઋષિઓ સહિત સ્વરૂપાંતર કરી એક જ સમયે જઈને એ બે ભક્તને દર્શન આપીને રાજી કર્યા હતા. તેમજ સ્વામીએ કર્યું.

## ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિ સાથે એકતા ઉપર વાત કરી

એક વખત ગોપાળાનંદ સ્વામી દશ-બાર સાધુ સહિત તળાવમાંથી નાહીને આવતા હતા તથા રસ્તામાં વ્રજલાલ મહોનત તથા દેવજી પટેલ બે સાથે આવતા હતા. તે મળ્યા, પછી વ્રજલાલે કહ્યું કે સ્વામી ! આ દેવજી પટેલ કાલે બેઠા હતા, ત્યાં એમને ઓટલા ઉપર સમાધિ થઈ હતી, ત્યારે ફળિયામાં રહેનારા

ચાર-પાંચ ખળપુરુષ હતા તેણે કહ્યું કે, આ તે સમાધિ સાચી કે જુઠી હશે ? જુવોને પથ્થરની શીલા જેવો દેવજી થઈ ગયો છે. માટે આપણે એની પરીક્ષા કરીએ. પછી બીજા પાંચ-દશ જુવાનીઆ માણસોને બોલાવીને ચુનો પીલવાની મોટી પથ્થરની પચ્ચીસ મણની ચક્કી ત્યાં પડી હતી, તે લાવીને અતિ બળ કરીને એક લુગડાનું મોટું ઉઠેણું દેવજીને માથે મૂકીને તે ઉપર ચઢાવીને ગોઠવી. પછી વેગળા ખસીને તમાશો જોવા ઊભા, તો પણ દેવજી તો જેમ હતા તેમ સજ્જડ થઈ ગયેલા. તે સવારથી રાતના નવ વાગતા સુધી સમાધિમાં રહ્યા. પછી સમાધિમાંથી દેહમાં આવતા કંઈક પોતાને માથે ભાર જણાયો. પછી તરત ડાબા હાથે પોતાના માથા ઉપરથી તે ચક્કી જેમ હલકું સુપડું ઉતારીને હેઠે મેલે તેમ મેલીને સ્વામિનારાયણ એમ ભજન કરતા જ ઊભા થયા અને પેલા લોકો તો અતિ આશ્ચર્ય પામ્યા. માટે સ્વામી ! હું પૂછું છું કે સમાધિવાળાને કેટલું બળ હોય છે ? ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, શેષનાગ ફણા ઉપર પચાસ કોટિ યોજન પૃથ્વીના ગોળાના સરસવના દાણા જેટલો ભાર જણાય છે, તેટલું બળ સમાધિવાળાને હોય છે, જો સમાધિમાં ભગવાનની સ્વરૂપમાં અતિહેતે કરીને એકતા વડે આખું વિશ્વ પૂજે છે. શિવજી એકતા વડે કરીને સમગ્ર વિશ્વને બાળી ભસ્મ કરે છે, તેમને પાપ લાગતું નથી અને વળી ભગવાનના ધ્યાનમાં એકત્વ થઈને બધા સમુદ્રના વિષનું પાન કરી ગયા. અર્જુને ભગવાનના વચન માનીને સગાંસંબંધીઓના અસંખ્ય માણસો મારી નાંખ્યા. તો પણ પાપ ન લાગ્યું. હનુમાનજી ભગવાનની મૂર્તિ ધારીને મોટા હજારો પર્વત ઉપાડી લાવતા, ગરૂડે ભગવાનની મૂર્તિ ધારીને મંદરાચલ પર્વતને ચાંચ વડે ઉપાડી લઈ આકાશમાં ઊડી આવી સમુદ્રને કાંઠે સ્થાપન કર્યો હતો. અગસ્ત્ય ઋષિ ભગવાનના ધ્યાનમાં એકત્વપણાથી આખા સમુદ્રનું જળ અંજલિમાં લઈને પી ગયા. દુર્વાસામુનિ ભગવાન સાથે ધ્યાનમાં એકત્વપણાથી સર્વે ગોપીઓના થાળ જમી ગયા તો પણ સદા ઉપવાસી કહેવાયા. પ્રિયવ્રત રાજાએ ભગવાનનો પ્રતાપ ધારીને સાત રાત્રિના દિવસ કર્યા અને તેના રથના પૈડાંના ચીલાના સાત સમુદ્ર થયા. એ રીતે હજારો ઋષિ, દેવ અને રાજાઓ ભગવાનનો પ્રતાપધારી અતિ સ્નેહ વડે ભગવાનની મૂર્તિમાં સંલગ્ન થઈ એકતા વડે એ ભગવાનના જેવી સામર્થી ઐશ્વર્ય બળને પામ્યા છે અને સાંપ્રત કાળે તો પ્રગટ પુરુષોત્તમની અતિકૃપા વડે અસંખ્ય

પુરુષો તથા સ્ત્રીઓ સમાધિમાં સ્વતંત્ર્યપણાને સાક્ષાત્ ભગવાનના જેવું ઐશ્વર્ય બળ પ્રતાપ જણાવે છે. તેમાં કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી.

## ગોપાળાનંદ સ્વામીએ સમાધિનિષ્ઠ ભક્તોની શક્તિની વાત કરી

એક વખત વડોદરામાં ગોપાળાનંદ સ્વામી બેઠા હતા, તે વખતે સદાશિવભાઈ તથા હરિભાઈ કંદોઈ એ બે જણે પૂછ્યું કે, સ્વામી આ સમાધિવાળાને તો શરીરની તથા ઇંદ્રિયોની શક્તિ ઘણી જ જોવામાં આવે છે. ગોપાળાનંદ સ્વામી કહે : હા સદાશિવભાઈ, જુવોને તમારે ત્યાં તમારા પિતાની સંવત્સરી શ્રાદ્ધની ન્યાત કરી ત્યારે ન્યાતના બ્રાહ્મણો પરસ્પર વઢીને રીસાયા અને તમે સત્સંગી છો તેથી દ્વેષ રાખીને તમારી રસોઈ બગડે એવા હેતુથી રીસ કરીને જમ્યા વિના પોતપોતાને ઘેર જતા રહ્યા. તેથી રસોઈ બધી પડી રહી અને બગડશે એમ પણ તમે શ્રીહરિની સ્તુતિ કરી તે સમયે શ્રીહરિ વડતાલમાં ગામ વચ્ચે મોટા રસ્તામાં નારાયણગીર બાવાની રસોઈ હતી તેના મોતીયા જલેબી, સંત હરિભક્તોની મોટી પંક્તિઓ થઈ હતી તેમને પીરસતા હતા. તે મોટા સમૈયામાં ઘણા સંત હરિભક્તોને અતિ તાણ કરીને પીરસતાં ત્યાં પકવાન ખૂટી ગયાં. તેથી નારાયણ ગીર બાવા ગભરાઈ ગયા. તેમને શ્રીહરિએ કહ્યું કે, તમે ગભરાશો નહીં. અમે દૂધપાક તથા મોતીયા જલેબી પુષ્કળ વડોદરેથી સદાશિવભાઈને ઘેરથી તથા હરિભાઈ કંદોઈને ઘેરથી મંગાવીને તમારા વાડામાં મૂકાવ્યા છે. તે મંગાવો. સર્વેને પીરસી. એટલે પછી તે સર્વે સંત હરિભક્તોને પીરસી તૃપ્ત કર્યા. એ રીતે તમારી દીકરી ઉમિયા તેણે ચાલીસ મણ દૂધપાકની ઉકળતી મોટી કઢાઈ તેને એક હાથે ઉપાડીને વડોદરામાં તમારા ઘરના વાડામાં, મોટી સળગતી તમેંણ ઉપરથી લઈને એક ક્ષણમાં વડતાલમાં નારાયણગીર બાવાના વાડામાં મૂકી હતી અને હરિભાઈ તમારી દીકરી જે રેવા તેણે મોટી જબરી કથરોટમાં મોતીયા જલેબી ચાલીસ મણ તમે હરિભક્તિવાળા બહેચરભાઈ શેઠને ન્યાત જમાડવા આપવાની કરેલી હતી, તે પણ એણે ઉમિયાની પેઠે અહીંથી વડતાલમાં તે જ ઠેકાણે મૂક્યા. તેથી તમે સમાધિવાળાને શક્તિ હોય છે તેમ કહો છો તે ખરું, પણ એ તો શું ! સમાધિવાળા ભગવાનની મૂર્તિમાં જોડાઈ જઈને ભગવાનની ઇચ્છાથી આવા બ્રહ્માંડના ગોળા હાથમાં ફૂલના દડાની પેઠે

ઉછાળે. એટલી બધી શક્તિ આપે છે. વળી એક વખત શ્રીજીમહારાજ કાળવાણી ગામમાં સર્વે સંતની સભા મધ્યે બિરાજમાન હતા. તે વખતે વ્યાપકાનંદ સ્વામી શ્રીજીમહારાજને જોતા થકા મૂર્તિમાં એકતા થઈ જવાથી પોતાનું શરીર જે વધ્યું તે અક્ષરમાં અનંતકોટિ બ્રહ્માંડના ગોળા અણુની પેઠે ઊડે છે. તેમાંથી કેટલાક બ્રહ્માંડ એમણે હાથમાં લઈને ચોળી નાંખ્યા હતા. તે જોઈ શ્રીહરિએ હુંકારો કર્યો, કે આ શું કરો છો ? તેથી શાંત થઈ હાથ જોડીને બોલ્યા કે, મહારાજ મેં જાણ્યું કે હમણાં આ બ્રહ્માંડમાં પ્રગટ અવતારી પુરુષોત્તમ પધાર્યા, તે અહીંના જીવના કલ્યાણ થશે. પણ બીજા બ્રહ્માંડના જીવના કલ્યાણ ક્યારે થશે ? માટે એ બ્રહ્માંડ મેં ચોળી નાખ્યા. તેથી ત્યાંના બધા જીવ અહીં આવ્યા છે. તેમને તમારા દર્શન થશે, સ્પર્શ થશે. તમારી ચરણરજનો સ્પર્શ થશે, તમારા શરીર ઉપરથી સ્પર્શ થયેલો પવન અડશે, તમારા સંત હરિભક્તોનો પણ એ રીતે સંબંધ થશે, તો તેમના કલ્યાણ થશે, પછી શ્રીહરિએ તેમનું ઐશ્વર્ય દબાવી રાખ્યું માટે આ સમયમાં તો સંત હરિભક્ત સર્વેમાં પ્રગટ ભગવાનના દૃઢ નિશ્ચય વડે અને ભગવાનની બાંધેલી ધર્મમર્યાદા પાળવા વડે ભગવાનના જેટલું ઐશ્વર્ય છે અને ભગવાનની મૂર્તિ ધારીને ભગવાન સાથે એકતા થાય તો જેમ ધારે તેમ કરે.

## ગોપાળાનંદ સ્વામીએ સર્વસભાને સિદ્ધિઓ દેખાડી

એક વખત સદ્. ગોપાળાનંદ સ્વામી હજારો માણસોની સભામાં જ્ઞાન વાર્તા કરતા હતા. તેમાં દયાળજી ભક્તે હાથ જોડીને પૂછ્યું કે સ્વામી ! સિદ્ધિઓ કહેવાય છે તે કેવી હશે ? સ્વામી બોલ્યા, તમારે તેનું શું કામ છે ? તમે શ્રીહરિની મૂર્તિ ધારીને ભજન કરોને. બધું તેમનું ઐશ્વર્ય છે, અને સિદ્ધિઓ તો શ્રીહરિના ડાબા ચરણની છેલ્લી આંગળીમાં રહી છે. પછી દયાળજી બોલ્યા કે, સ્વામી ! તમે એક વખત દોરાવાળા કાશીરામભાઈને અઢાર સિદ્ધિઓ દેખાડી હતી, તે ક્યાંથી આવી હશે ? સ્વામીએ જમણા હાથની તર્જની (પહેલી) આંગળી દેખાડીને કહ્યું કે, ‘‘આમાં પણ રહી છે.’’ ત્યારે સભામાંથી ઘણા હરિભક્ત બોલ્યા કે સ્વામી અમને એ સિદ્ધિઓ કૃપા કરીને દેખાડો. ગોપાળાનંદ સ્વામી કહે કે, જો જો હોં એમાં લોભાશો નહીં. એમ કહીને પોતાની આંગળી સભા સામે મોટો ચોક છે તે તરફ લાંબી કરી કે તરત તેમાંથી તેજની શેડ્ય, છર, છર, છર નીકળી. તે જેમ દારૂખાનાની કોઠી ફૂટે અને તેમાંથી જોરમાં અગ્નિના

ફૂલ નીકળે તે રીતે નીકળી અને તેજ તેજ થઈ ગયું અને તેમાંથી મોટી આઠ અને નાની દશ, એ રીતે અઢાર સિદ્ધિઓ સ્ત્રીના આકારે લક્ષ્મીજીના જેવું રૂપ અને અતિ તેજસ્વી એવી સામે ચોકમાં પંક્તિ બંધ ઊભી રહી. તે વખતે સભામાં સાધુ બેઠા હતા, તેમણે તરત આંખો મીંચી પૂંઠ ફેરવી ભજન કરવા માંડ્યું અને કેટલાએક નાથભક્ત જેવા નિષ્કામ ભક્ત હતા. તે તો અતિ આશ્ચર્ય પામી જઈને બોલ્યા કે સ્વામી, એ સિદ્ધિઓ શું શું ફળ આપે ? પછી સ્વામીએ તે દેખાડીને કહ્યું કે, એ અણિમા, લઘીમા, ગરીમા, દૂરશ્રવણી દુરદર્શી ઇત્યાદિ અઢારે નામ તથા તેની ક્રિયા કહી. પછી સુંદરલાલ નાગર બોલ્યા કે, સ્વામી આ અણિમા સિદ્ધિનો અનુભવ કરાવો. સ્વામી કહે, તારે શી ઇચ્છા છે ? તે બોલ્યા કે, આ આકાશમાં સૂર્ય છે તેનો પ્રકાશ અહીં તો આખી પૃથ્વી ઉપર વ્યાપી રહ્યો છે, પણ સાતમાં પાતાળમાં જ્યાં શેષશય્યા પર નારાયણ પહોંચ્યા છે, ત્યાં સુધી આ સૂર્યનું અજવાળું પહોંચે નહીં, ત્યારે ત્યાં અંધારું રહેતું હશે કે કેમ ? તે મારે જોવું છે. ને ત્યાં નારાયણ પહોંચ્યા છે તેમના દર્શન કરવા છે, ગોપાળાનંદ સ્વામી કહે જોજે હોં ! ત્યાં કંઈ લોભ કરીશ નહીં. જો આ પેલી અણિમા સિદ્ધિ સામું.

સુંદરલાલે તેના સામું જોયું કે સિદ્ધિ તત્કાળ તેજના પ્રવાહ રૂપે થતી એના શરીરમાં વ્યાપી ગઈ, તેથી શરીર ઝીણું થતા થતા અણું સરખું અતિ સૂક્ષ્મ થઈ ગયું કે, સરરરર કરતો તત્કાળ સુંદરલાલ પાતાળમાં ઊતરી ગયો. સભામાં બધા વિસ્મય પામીને જોઈ રહ્યા. છ પાતાળ વીંધી સાતમા પાતાળમાં તેજ, તેજ, ઝળ ઝળ ઝળ થઈ રહ્યું છે, તેમાં જુવે છે તો અતિ મોટો ધોળો શેષનાગ જેને હજાર મસ્તક છે તે ઉપર અતિ તેજવાળા મોટા મણિ સૂર્યથી પણ અધિક તેજ કાન્તિવાળા દીઠા. શેષશાઈ ભગવાને, પીળું પિતાંબર, માથે રત્નજડિત મુકૂટ, કાને રત્નના કુંડળ, કંઠમાં વેજયંતિમાલા, એવા વસ્ત્રાભૂષણ ધારણ કર્યા છે, અને લક્ષ્મીજી ચરણ ચાંપી રહ્યા છે, એવા મંદહાસ્ય કરતા નારાયણ બોલ્યા કે, સુંદરલાલ ! અમારા ધામમાં તે અંધારું હોય ? જો અહીં સૂર્યનું કામ પડે નહીં. જો આ મણિ, એક એકમાં હજારો સૂર્યનો પ્રકાશ છે કે ? સુંદરલાલ બે હસ્ત જોડી, મસ્તક નમાવી સ્તુતિ કરતો સન્મુખ ઊભો રહ્યો હતો. પણ તેના મનના સંકલ્પ જાણીને ભગવાન બોલ્યા કે, તું આમાંથી એક મણિ લઈ જવા ઇચ્છા કરે છે, પણ એ તો દિવ્ય

વસ્તુ છે તે માયિક પૃથ્વી ઉપર રહે નહીં. પણ તને ગોપાળાનંદ સ્વામીએ સિદ્ધિ આપી મોકલ્યો છે. તે વળી આ દિવ્ય સ્થાનમાં અમારા સન્મુખ તેં સંકલ્પ કર્યો માટે આ શેષની ફણા ઉપરથી એક મણિ તું લઈ જા, તે ત્યાં સભામાં સર્વને દેખાડશે, પણ મણિ તો તરત ગોપાળાનંદ સ્વામીના દર્શન કરી પાછો વળી આવીને પોતાને સ્થાનકે સ્થાપન થશે.

પછી લક્ષ્મીજી બોલ્યા કે, સુંદરલાલ આ એક કમળપુષ્પ આપું છું તે લે, ને ગોપાળાનંદ સ્વામીનાં ચરણકમળમાં અર્પણ કરજે, હવે તું જા. પછી તરત એક ક્ષણમાં પૃથ્વી ઉપર આવી જ્યાં સભા બેઠી હતી ત્યાં નીકળ્યો કે તુરત સિદ્ધિ એના શરીરમાંથી નીકળી જઈ મૂર્તિમાન ઊભી થઈ. સુંદરલાલનું સ્વરૂપ-પંચમહાભૂતનું સ્થૂળ શરીર હતું તેવું થયું. તેના જમણા હાથમાં મણિ હતો, તેના તેજથી સર્વેના નેત્ર મીંચાઈ ગયા અને ડાબા હસ્તમાં કમળ હતું તે સ્વામીના ચરણ-કમળ આગળ અર્પણ કરી ''આ લક્ષ્મીજીએ આપ્યું છે.'' એમ કહી મૂક્યું અને પાતાળની બધી વાત સભામાં કહી. પછી મણિ તો સર્વના દેખતા ગોપાળાનંદ સ્વામીના ચરણનો સ્પર્શ કરીને તરત પાતાળમાં ઊતરી ગયો અને જ્યાં શેષનાગનાં મસ્તક ઉપર હતો ત્યાં પાછો સ્થાપન થયો. આવી અતિ અદ્ભુત દિવ્ય કળાઓ શ્રીહરિના પ્રતાપથી સ્વામીને વિષે અપાર રહી છે. માટે એ શ્રી ગોપાળાનંદ સ્વામી તો ભગવાન જેવા છે. તેમનો મહિમા સત્પુરુષ યથાર્થ જાણે છે, પણ નાસ્તિક તથા દુષ્ટજનથી એ વાત મનાય નહીં. તેથી અપાર દુઃખરૂપ ભવસાગરમાં ભટક્યા કરે છે.

## સ્વામીશ્રીના વચને વરસાદ થયો

એક સમયે ગઢડામાં દાદા ખાચરના દરબારમાં જન્માષ્ટમીના સમૈયામાં શ્રીજીમહારાજ ગાદી-તકિયા સહિત ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. આગળ સાધુ હરિજનની સભા ભરાઈને બેઠી હતી. એ વખતે વાલાક દેશના એક હરિજને મહારાજને પૂછ્યું કે, મહારાજ ! વરસાદ ક્યારે થશે ? ત્યારે મહારાજ બોલ્યા જે, અમે ટીપણું તો ભણ્યા નથી. એ તો આ ગોપાળાનંદ સ્વામી ભણ્યા છે, તેમને પૂછો. પછી મહારાજની વાત સાંભળી હરિજનોએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, સ્વામી, વરસાદ ક્યારે થશે ? ગોપાળાનંદ સ્વામી કહે, ટીપણું લાવો. પુરુષાનંદજી ટીપણું લાવ્યા એટલે જોઈને સ્વામી મહારાજની મરજી જાણીને કહ્યું

કે, પરમ દહાડે બહુ વરસાદ થશે. પછી મહારાજે સ્વામીના વચનને કારણે ઘણી વૃષ્ટિ કરી.

## પૂ. સ્વામીશ્રીએ સમાધિ કરાવીને વૈકુંઠમાંથી ઘરના ખતની ભાળ મેળવી આપી

અને કોઈક દિવસને વિષે ગામ શ્રી ઉમરેઠમાં ખેડાવાળ બ્રાહ્મણ શ્રીજીમહારાજનો મળેલો હરિજન હતો. તેણે બે હજાર રૂપિયે કોકનું ઘર ઘરાણે રાખ્યું હતું. પછી તે તો દેહત્યાગ કરી ગયો હતો તે કેડે એ ઘરનો મૂળ માલિક કહે કે ખત મને આપો ને તમારા રૂપિયા લો ને ઘર અમને પાછું આપો. ત્યારે તે ખેડાવાળને દીકરે ખત ખોળ્યું પણ ક્યાંય હાથ ન આવ્યું. પછી ગોપાળાનંદ સ્વામી પાસે જઈને કહ્યું જે, મારા પિતાએ ઘરનું ખત ક્યાંક મેલ્યું હશે તે હાથ આવતું નથી. તે મારા પિતા તો દેહ મૂકી ગયા ને બે હજાર રૂપિયાનું ઘર અમથું જાશે તે હું કેમ કરું ? પછી સ્વામી કહે, ઘરમાં ખોળો, હશે તો જડશે. ત્યારે તે કહે ઘણું ખોળ્યું પણ જડતું નથી.

પછી ગોપાળાનંદ સ્વામીએ સમાધિવાળા સાધુને આજ્ઞા કરી જે, તમે સમાધિ કરીને બદ્રિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, ગોલોકમાં તથા અક્ષરધામમાં જાઓ અને જે ધામમાં એ ખેડાવાળ હોય તેને મળીને કહેજો કે, ગોપાળાનંદ સ્વામીએ મને તમારી પાસે મોકલ્યો છે અને કહ્યું છે કે, ઘરનો મૂળ ધણી ખત માગે છે ને ઘર પાછું લેવા તૈયાર થયો છે. તે ઘરનું ખત જડતું નથી, તે તમે ક્યાં મૂક્યું છે ? એમ પૂછજો. એટલે સમાધિવાળા સાધુએ સર્વે ઠેકાણે ગયા ને તપાસ કરી પણ તે ખેડાવાળ બ્રાહ્મણ ક્યાંય મળ્યા નહિ. એટલે પાછા આવીને સ્વામીને કહ્યું. તેથી સ્વામીએ બીજા હરિજનોને પૂછ્યું કે, એ બ્રાહ્મણને કયા સાધુ સાથે હેત અને સમાગમ હતાં. ત્યારે હરિજનોએ કહ્યું કે, અમોઘાનંદ સ્વામી સાથે ઘણું હેત અને સમાગમ હતાં. એટલે સાધુએ સ્વામીને કહ્યું કે, અમોઘાનંદ સ્વામીને તો રામકથાનો ઘણો અભ્યાસ હતો અને મહારાજને રામચંદ્રજી જેવા જાણતા હતા. માટે તે બ્રાહ્મણની પણ તેમના જેવી જ સમજણ હશે, એટલે તે વૈકુંઠમાં ગયો હશે.

ત્યારે સ્વામીએ સમાધિવાળા સાધુને કહ્યું જે, તમે સમાધિ કરીને વૈકુંઠધામમાં જાઓ. તે બ્રાહ્મણ તમને ત્યાં મળશે.

સાધુ સમાધિ કરીને વૈકુંઠ ધામમાં ગયા તો ત્યાં તેમને પેલો બ્રાહ્મણ મળ્યો. સાધુએ તેને ઘરના ખતની વાત પૂછી. બ્રાહ્મણે કહ્યું કે, ઘરના પાટડામાં ડગળી મારીને ખત મૂક્યું છે, ત્યાંથી લેજો. આ સાંભળી સાધુ સમાધિ છોડીને દેહમાં આવ્યા અને સ્વામીને વાત કહી. સ્વામીએ બ્રાહ્મણના પુત્રને એ વાત કહી એટલે તેણે ડગળી ઉઘાડીને પાટડામાંથી ખત લીધું.

## પૂ. સ્વામીએ સિદ્ધાનંદ સ્વામીને મૂર્તિ ધારવાની લટક શીખવી

શ્રીજીમહારાજ દેહોત્સર્ગ કરીને ધામમાં પધાર્યા. તે પછી ગોપાળાનંદ સ્વામી ગઢડે પધારતા ત્યારે સર્વે સાધુ હરિજન સ્વામીનો સમાગમ કરે પણ સિદ્ધાનંદ સ્વામી તો ગોપાળાનંદસ્વામી પાસે બેસવા પણ ન આવે. ત્યારે શામળિયા ચૈતન્યાનંદસ્વામીએ અને બાલમુકુંદાનંદસ્વામીએ કહ્યું કે, સિદ્ધાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીના સમાગમ વિના સમજણમાં ખામી રહી જશે. ત્યારે સિદ્ધાનંદ સ્વામી બોલ્યા કે, ગોપાળાનંદ સ્વામી તો મોટેરા છે તે કોઈક સત્સંગના વ્યવહારમાં જોડી દે તો ધ્યાન ભજન ભૂલી જઈએ - એમ બોલે ખરાં પણ મનમાં તો એમ કે આવા મોટા કહેવાય છે ત્યારે ચાલો પાસે બેસીએ. એવું વિચારીને ગોપાળાનંદસ્વામી પાસે બેઠા. ગોપાળાનંદસ્વામીએ પૂછ્યું કે, સિદ્ધાનંદસ્વામી, તમે સમાધિવાળા કહેવાઓ છો. તે મહારાજની મૂર્તિ ધારતાં તમને કોઈ પ્રકારનો વિક્ષેપ વિઘ્ન કરે છે ? સિદ્ધાનંદસ્વામી કહે હા, પણ તે કેવી રીતે નિવૃત્તિ પામે ? ગોપાળાનંદસ્વામી બોલ્યા કે, તમે બહારની મૂર્તિને ધારીને સમાધિ પામ્યા છો. તે સર્વે માયિક ઉપાધિથી રહિત શુદ્ધ ચૈતન્ય તેને અક્ષરરૂપ માનીને તેમાં મહારાજની મૂર્તિ ધારો. એમ કરશો તો સઘળા વિક્ષેપ નિવૃત્તિ પામશે. પછી સિદ્ધાનંદસ્વામીએ એવી રીતે કર્યું એટલે સઘળા વિક્ષેપ ટળી ગયા.

## રત્નાભક્તની કારણદેહની વાસના નાશ પામે તેવો ઉપાય પૂ. સ્વામીએ અક્ષરધામમાં બતાવ્યો

વિ.સં. ૧૮૬૦ની સાલમાં શ્રીજીમહારાજ ગામ શ્રી ભાદરા પ્રથમ પધાર્યા ત્યારે ત્યાંના રહેવાસી રતના ભક્ત, ડોસાભાઈ તથા વશરામભાઈ સુતાર અને મૂળજીભાઈ એ ચારેયને ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજનાં દર્શન કરાવીને

સમાધિ કરાવી હતી એવા એ સંસ્કારી હતા. તો પણ રતના ભક્તને કારણ દેહને વિષે અવ્યક્ત વાસના હતી તેથી પોતાની સ્ત્રી મૃત્યુ પામે એટલે ફરી નાતરું કરી લાવ્યા.

તે પછી કોઈ વખતે ગઢડામાં ગોપાળાનંદ સ્વામીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીએ રતના ભક્તને પૂછ્યું કે તમારે સમાધિવાળાને પણ વાસના છે કે શું ? સ્ત્રી મૃત્યુ પામે છે તો પણ નાતરાં કરી લાવો છો ?

રત્નો ભક્ત બોલ્યા કે, વાસના જણાતી તો નથી, પણ એવી ક્રિયા થાય છે એટલે હશે તો ખરી. તો તે વાસના શી રીતે નાશ પામે ? ત્યારે સ્વામીએ કહ્યું કે, તમે સમાધિ કરીને અક્ષરધામમાં જાઓ છો ત્યારે ત્યાં તમે મને દેખો છો ? રતનો ભક્ત હા, તમને દેખું છું. સ્વામી બોલ્યા કે, તમે મને ત્યાં પૂછજો. ત્યાં કહીશ.

પછી રતનો ભક્ત સમાધિ કરીને અક્ષરધામમાં મહારાજનાં દર્શને ગયા. ત્યાં સ્વામીને મહારાજની સેવામાં દીઠા. એટલે ત્યાં પૂછ્યું. ત્યારે સ્વામી બોલ્યા કે, તમે બહારની મૂર્તિ ધારીને સમાધિ પામ્યા છો તેણે કરીને વાસના ઉપરથી તો નથી જણાતી પણ કારણદેહમાં રહી ગઈ છે. તેને થવાનો ઉપાય તો એ છે કે, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાઓએ આદિ માયાનું કાર્ય તેથી પર અને શુદ્ધ ને સત્તારૂપ જે પોતાનો જીવાત્મા તેની અક્ષર બ્રહ્મ સાથે એકત્વ ભાવના કરીને તેને વિષે મહારાજની મૂર્તિ ધારો એટલે કંઈક કારણદેહની વાસના હશે તે પણ નાશ પામશે. પછી સમાધિમાંથી બહાર આવીને સ્વામીએ કહ્યું તેવી રીતે અભ્યાસ કર્યો, એટલે પૂર્વ સંસ્કારી હોવાથી તત્કાળ આત્મા-પરમાત્માનો સાક્ષાતકાર થયો. તેથી કારણદેહની વાસના પણ નિર્મૂળ થઈ ગઈ. તે રતના ભક્ત વિજ્ઞાનદાસજી નામે સાધુ થયા ને ધોલેરાના મહંત હતા.

## પૂ. સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને ધ્યાન કરવાની રીત કહી

કોઈ એક સમયને વિષે શ્રીજીમહારાજ શ્રી ગઢપુરમાં વિરાજમાન હતા. પોતાની આગળ સાધુ હરિજનની સભા ભરાઈને બેઠી હતી. એ સમયે મહારાજ રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા કે, આ હાર પહેરો અને આજથી

તમે જીર્ણગઢના મહંત. ગુણાતીતાનંદ સ્વામી કહે, ના મહારાજ, મારે મહંતાઈનો હાર પહેરવો નથી. છતાં મહારાજ કહે પહેરો.

પછી ગુણાતીતાનંદ સ્વામીએ હાર પહેર્યો ને મહંત થયા. ત્યાંથી ગોપાળાનંદ સ્વામી પણ પોતે પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી ભગવાનની વાતો કહેવા પ્રતિવર્ષ જૂનાગઢ પધારતા હતા અને કોઈ વરસ ન જવાય તો બીજે વરસે જઈને બે માસ રહેતા હતા.

કોઈ એક સમયને વિષે ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા કે, તમને જે વાત કહેવાની છે તે તો બાકી છે. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે, સ્વામી હમણા નહિ. હું આ મંદિર છોવરાવી રહું ત્યારે કહેજો. પછી ગુણાતીતાનંદ સ્વામી મંદિર છોવરાવીને રામનવમીને દિવસે સમૈયા ઉપર વડતાલ ગયા અને ગોપાળાનંદ સ્વામીને કહ્યું, હવે તમે જીર્ણગઢ પધારો હું હવે નવરો થયો છું.

ગોપાળાનંદ સ્વામી જીર્ણગઢ પધાર્યા એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, સ્વામી મને જે વાત કહેવાની છે તે હવે કહો. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, તમે જ્યારે મહારાજની મૂર્તિ ધારીને ધ્યાન કરો છો ત્યારે કોઈ માન-અપમાન કરે, કોઈ સુખ-દુઃખ કરે, કોઈ સારા-નરસા શબ્દ કહે, ઈત્યાદિકના વિક્ષેપ પરાભવ કરે છે ? ગુણાતીતાનંદ સ્વામી કહે હા. એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, તમે બાહ્યવૃત્તિએ કરીને મૂર્તિ સિદ્ધ કરી છે. તેથી વિક્ષેપ પરાભવ કરે છે. જ્યારે દેહાદિક જે માયાનું કાર્ય તેને ચાર પ્રકારના પ્રલયે કરીને નિષેધ કરીને, પોતાના જીવાત્માને શુદ્ધ સત્તારૂપ માનીને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને તેને વિષે અક્ષરાતીત પુરુષોત્તમ હરિકૃષ્ણ મહારાજને ધારો એટલે સર્વે વિક્ષેપ શાંત થશે.

ગુણાતીતાનંદ સ્વામીએ એવી રીતે મહારાજનું ધ્યાન કરવા માંડ્યું. એથી દેહાદિકના ભાવ ટળી ગયા અને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થયો. પછી તો વડતાલમાં હજારો માણસોની સભામાં તેમનું અતિશે અપમાન કરવા છતાં તેમને લેશમાત્ર ક્ષોભ થયો નહિ.

સભામાં ભગવદ્વાર્તા કરવા સારું ખુરશી ઉપર બેસાડ્યા તો પણ વિક્ષેપનો અંશ સરખો આવ્યો નહિ. એમ ગોપાળાનંદ સ્વામીના સમાગમથી વિજ્ઞાનદાસ, સિદ્ધાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને આત્માને વિષે મહારાજે પોતાનું સાક્ષાત્કાર દર્શન આપ્યું.

# પૂ. સ્વામીએ હિમરાજશાને સત્સંગ કરાવ્યો

એક વખત શ્રીજીમહારાજ સુંદરિયાણે પધાર્યા. તે વખતે ડોસા ખાચરને ત્યાં લીંબડા નીચે ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. ડોસા ખાચરે તેમના કારભારી શેઠ વનાશા તથા પૂંજાશાને મહારાજનાં દર્શને બોલાવ્યા. આ ભાઈઓએ સંકલ્પ કર્યો કે, મહારાજનાં ચરણારવિંદમાં સોળ ચિહ્નો હોય તો તે ભગવાન ખરા- એવા બીજા પણ કેટલાક મનોરથ ધરીને ગયા. તે જ પ્રમાણે તેમના મનોરથો સિદ્ધ થવાથી તેઓ શ્રીજીમહારાજમાં ભગવાનપણાનો નિશ્ચય કરીને શ્રીજીના આશ્રિત થયા.

તેમના પિતા હિમરાજશા વલ્લભ સ્વામીના ચુસ્ત મર્યાદા હતા. વલ્લભ સ્વામી વિના બીજા સ્વામી હોય જ નહિ એમ માનતા, તેથી તેમને સત્સંગ નહોતો. એક વાર શ્રીજીમહારાજે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સુંદરિયાણે મોકલ્યા. વનાશા-પૂંજાશા સ્વામીના દર્શને આવ્યા. સ્વામી કહે, હિમરાજશાને બોલાવો, અમારે શરીર કસર છે તેથી નાડી જુએ. હિમરાજશા નાડી વૈદ્ય હતા. સ્વામીને શરીરે કસર જાણીને તેમના પુત્રોના બોલાવ્યાથી આવ્યા અને સ્વામીની નાડી જોઈ પણ સ્વામીએ નાડી ખેંચી, અને ઐશ્વર્ય બતાવ્યું. એટલે હિમરાજશાને વિશ્વાસ બેઠો કે, ભગવાન વિના બીજાથી નાડી પ્રાણ ખેંચાય જ નહિ તેથી તરત જ સ્વામી પાસે વર્તમાન ધારણ કર્યા ને શ્રીજીમહારાજના આશ્રિત થયા. તેમણે આ દેહનો ત્યાગ કર્યા પછી તેમના કારજમાં તેમની નાત જમવા આવી નહિ અને વનાશા વગેરેને કહ્યું કે, સ્વામિનારાયણને છોડી દો તો નાત-કારજ જમે. પણ સત્સંગ છોડવાની વનાશાએ ના પાડી.

પછી વનાશાએ ગઢડે જઈને શ્રીજીમહારાજને આ વાત કહી ને મહારાજને સુંદરિયાણે પધારવા વિનંતી કરી. શ્રીજીમહારાજ પાંચસો પરમહંસ તથા અયોધ્યાવાસી વગેરે સાથે વસંત પંચમી ઉપર સુંદરિયાણે પધાર્યા. ગામ બહાર મંચ બંધાવીને ત્યાં વસંતનો ઉત્સવ રમ્યા. પછી વનાશાને ઘેર આવીને વસંતી કપડાં તમામ હિમરાજશાના પરિવારને આપ્યાં અને બાથમાં ઘાલીને સૌને મળ્યા. ચરણારવિંદ પાડી રહ્યા પછી શ્રીજીમહારાજને સ્નાન કરાવીને જમાડ્યા. પછી શ્રીજીમહારાજે સંતોની પંક્તિ કરાવીને, પાંચ વાર ફરીને સંતોને જમાડ્યા.

# ધોળકા તથા વિહાર ગામમાં ગોપાળાનંદ સ્વામીએ દિવ્ય દર્શન આપ્યા અને મહારાજ સાથે તેડવા પધાર્યા

કોઈ એક સમયને વિષે ગામ વિહારના પિતાંબર ત્રવાડી અને શંભુદાસ પટેલ ગામનાં મંદિરમાં બેઠા હતા. ત્યાં શંભુદાસ પટેલ બોલ્યા કે, પિતાંબરભાઈ તમે મહારાજનાં ધામમાં જાઓ ત્યારે મને તેડવા આવજો. પિતાંબર ત્રવાડી કહે બહુ સારું.

પછી એક દિવસ પિતાંબર ત્રવાડી પેથાપુર ગામમાં બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. ત્યારે વાસુદેવાનંદ સ્વામીએ કહ્યું કે, સંસારમાં ક્યાં સુધી પડી રહેશો ? પિતાંબર તરવાડી બોલ્યા કે, કહો તો અહીં જ રહું ને કહો તો ઘેર જઈ આવું. સ્વામી બોલ્યા કે, અહીં જ રહો, એટલે એમણે પોતાનું ઘોડું ઘેર મોકલ્યું. ને પોતે ત્યાં જ રહ્યા.

વાસુદેવાનંદ સ્વામીએ પિતાંબર ત્રવાડીને અક્ષરાનંદ નામના બ્રહ્મચારી બનાવીને પોતાની પાસે જ રાખ્યા. પછી એ બ્રહ્મચારી બહુ માંદા થયા એટલે ધોળકે રહેતા હતા, અને તે વખતે અક્ષરાનંદ સ્વામીને ફેરા થતા હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામી એ દિવસના સમયે દિવ્ય દેહે આવ્યા અને દર્શન દઈને બોલ્યા કે, અક્ષરાનંદ સ્વામી કેમ છે ? સારું છે મહારાજ. એમ કહીને સ્વામીને પગે લાગ્યા. એટલે ગોપાળાનંદ સ્વામી કહે ચિંતા કરશો નહિ, મહારાજ ત્રીજે દિવસે તમને તેડવા આવશે. પછી ત્રીજે દિવસે ગોપાળાનંદ સ્વામી અને મહારાજ અક્ષરાનંદ બ્રહ્મચારીને તેડી ગયા. આ વાતની વિહાર ગામમાં શંભુદાસ પટેલને ખબર પડી એટલે તે બોલ્યા કે આજ અડધી રાત્રે પિતાંબર ત્રવાડી (અક્ષરાનંદ બ્રહ્મચારી) મને તેડવા આવશે.

એ વખતે બીજા હરિજન બોલ્યા કે, હજી તો તમે સાજાસમા ફરો છો તે જ્યારે વખત થશે ત્યારે વાત. ત્યારે શંભુદાસ કહે કે, જોજો, જરૂર તેડી જશે. પછી શંભુદાસ ઘેર ગયા અને તાવ આવ્યો, અડધી રાત્રીએ ગોપાળાનંદ સ્વામી, મહારાજ અને પિતાંબર ત્રવાડી (અક્ષરાનંદ બ્રહ્મચારી) આવીને શંભુદાસને તેડી ગયા. એ વખતે શંભુદાસ બોલ્યા કે આ ગોપાળાનંદ સ્વામી, મહારાજ અને પિતાંબર ત્રવાડી મને તેડવા આવ્યા છે તે હું ધામમાં જાઉં છું. એમ મહારાજ પિતાંબર ત્રવાડીનો વર સત્ય કરીને શંભુદાસને તેડી ગયા.

## કારિયાણીમાં સમૈયા પ્રસંગે પધારતા સ્વામીશ્રી

કોઈ એક સમયે મહારાજે ગામ શ્રી કારિયાણીમાં સમૈયો કર્યો તે સમૈયામાં સર્વે સાધુ-હરિજન આવ્યા. વડોદરાથી ગોપાળાનંદ સ્વામી આવે છે એવી ખબર સાંભળીને શ્રીજીમહારાજ ઘણા રાજી થયા અને બોલ્યા કે, હજી કેમ આવ્યા નહિ. આ સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીના મનમાં જાણ્યું કે, મહારાજને ગોપાળાનંદ સ્વામી ઉપર અતિ હેત છે. પછી ગોપાળાનંદ સ્વામી આવ્યા તેમને મહારાજ મળ્યા અને કહ્યું કે, ઉતારો કરી આવો.

ગોપાળાનંદ સ્વામી ઉતારો કરવા ગયા. મહારાજે સોમલા ખાચરને કહ્યું કે, ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવો. એટલે સોમલા ખાચર ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવ્યા. મહારાજ ઉગમણે બાર ઓરડામાં પધાર્યા ને ગોપાળાનંદ સ્વામીને પોતાની સાથે લઈ ગયા. એ વખતે નિષ્કુળાનંદ સ્વામી મહારાજને સ્નાન કરવા માટે કૂવા પાસે ચોકડી તથા કૂંડી કરાવીને તેને ચૂનો દેવરાવતા હતા. તે પણ મહારાજની પાછળ-પાછળ ઓરડામાં ગયા. એટલે મહારાજે કહ્યું, નિષ્કુળાનંદ સ્વામી તમે ચૂનો ટીપો.

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે, ચૂનો ઠર્યો નથી. મહારાજ કહે એ તો ઠર્યો, તમે જાઓ. તો પણ ગયા નહિ. પછી ફરીથી મહારાજે મોકલ્યા કે કડિયા ખોટી થાય છે માટે જાવ. પછી નિષ્કુળાનંદ સ્વામી ગયા. પછી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે - સ્વામી, કુશળ તો છો ને ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે, એ તો શહેરમાંથી આવે છે તે કુશળ તો એવા જ હશે ને ? ત્યારે મહારાજ બોલ્યા કે એ કંઈ તમારા જેવા નથી કે શહેર એમને બાધ કરે !

પછી મહારાજે કહ્યું, સ્વામી, આપણે અહીં આવ્યા તેનું કારણ તમે જાણો છો ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ના પાડી. મહારાજ બોલ્યા કે, અક્ષરાધિપતિ સ્વયં શ્રી પુરુષોત્તમ આદિ જે અમે તે આદિ સર્વ અનાદિમુક્ત આગળ એમ બોલ્યા કે, આ બ્રહ્માંડ ઘણા કાળથી સરજાયું છે. છતાં કોઈ જીવ મુક્ત થઈને અક્ષરધામમાં કેમ આવતો નથી ? એમ કહીને અમે શ્રી વૈકુંઠનાથને આજ્ઞા કરી કે, તમે આ બ્રહ્માંડમાં અવતાર લઈને એકાંતિક ધર્મ પ્રવર્તાવીને જીવોને મુક્ત કરી અક્ષરધામમાં મોકલો. એટલે તે વૈકુંઠનાથ ભગવાન પૃથ્વી ઉપર અવતાર લઈને ત્રેતાયુગમાં મનુષ્યનું દશ હજાર વર્ષ આયુષ્ય

પણ પોતે અગિયાર હજાર વર્ષનું આયુષ્ય ભોગવી પૃથ્વી ઉપર રહ્યા. તો પણ એકાંતિક ધર્મને પ્રવર્તાવી શક્યા નહિ. ત્યાર પછી ગોલોકાધિપતિને કળિયુગમાં શત વર્ષનું આયુષ્ય પણ તે સવાસો વર્ષ સુધી પૃથ્વી પર રહ્યા, તો પણ એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહિ.

પછી તમે (ગોપાળાનંદ સ્વામી) બોલ્યા કે હે મહારાજ ! જે જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર પધાર્યા, તેમની જેણે જેણે ઉપાસના કરી તેને તે તે ધામના અધિપતિ પોતપોતાનાં ધામમાં લઈ જાય છે, એટલે તેઓ અક્ષરધામમાં આવતા નથી. એટલે સ્વયં અક્ષરાધિપતિ તમે જો પૃથ્વી ઉપર પધારો તો તમને ભજી ભજીને અને તમારી ઉપાસના કરીને તેઓ અક્ષરધામમાં આવે. અમે કહ્યું કે, જ્યારે અમે પધારીએ ત્યારે તમારે પણ અમારી સાથે આવવું પડશે. તમે બોલ્યા કે, અમારે આવવાનું શું પ્રયોજન છે ? એમ કહ્યું ત્યારે અમે કહ્યું કે, તમારું તો પ્રયોજન પડે, કેમકે તમે અમારી સાથે આવીને એકાંતિક ધર્મ પાળો અને બીજાઓને સમજાવીને પળાવો, એટલે બીજા જીવ તમને દેખીને પાળે અને પછી મુક્ત થઈને અક્ષરધામમાં આવે એ પ્રયોજન છે. તમે બોલ્યા કે, ઠીક મહારાજ તમે કહેશો તો અમારાથી કાંઈ ના પડાશે ? અમે પણ આવીશું. એટલે તમારા જેવા અનાદિમુક્તને સાથે લઈને અમે અહીં આવ્યા છીએ.

આ વાત સાંભળીને નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા કે, આજે વાત જાણી. મહારાજ કહે, શી વાત જાણી ? નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા : હું ભૂજમાં રામાનંદ સ્વામીનાં દર્શને ગયો ત્યારે રામાનંદ સ્વામીએ મને મર્મમાં કહેલું કે લાલજી ભક્ત અહીં શા માટે આવ્યા છો ? જાઓ લોજ દર્શન કરી આવો. મેં કહ્યું કે, મહારાજ તમે અહીં બિરાજો છો ને ત્યાં કોનાં દર્શન કરવા જાઉં ? ત્યારે સ્વામીએ કહ્યું કે ત્યાં તો કોઈક મોટા યોગી આવ્યા છે. મેં પૂછ્યું કે કેવા ? રઘુનાથદાસ જેવા ? સ્વામી કહે રઘુનાથદાસ તે શું ? મેં પૂછ્યું રામદાસજી જેવા ? સ્વામી કહે રામદાસજી તે શું ? મેં પૂછ્યું, મુકુંદદાસજી જેવા કે તમારા જેવા ? સ્વામી કહે એની આગળ મુકુંદદાસજી કે અમે પણ કાંઈ વિસાતમાં નથી. એ તો ઘણા મોટા છે એ વાત આજે સમજાઈ. આવી રીતે શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને અહીં પધારવાની વાત કરી, પરંતુ એ તો આપણને સમજાવવા માટે બાકી સ્વામી તો અક્ષરધામમાંથી જ આવેલા અનાદિ મુક્ત જ હતા.

## પૂ. સ્વામીએ વાત કરી જે....

વડતાલમાં ગોપાળાનંદ સ્વામીએ એવી વાત કહી કે, અહીં મંદિર પાછળ ઓટલા ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા. થોડે છેટે સાધુ હરિજનની સભા બેઠી હતી. ત્યાં ફણેણી ગામના સુતાર હરિભક્ત શ્રીજીમહારાજના દર્શને આવેલો. તે સુતાર શ્રીજીમહારાજના દર્શન કરે ત્યારે મહારાજની મૂર્તિમાંથી તેજના કિરણ નીકળે, એ તેજમાં મંદિર કે ધર્મશાળા કાંઈ ન જણાય, એકલું તેજ જ દેખાય. તે તેજના સમૂહમાં તેજોમય સિંહાસન જણાય ને તે ઉપર બેઠેલા અતિ તેજોમય શ્રીજીમહારાજ જણાય. એમની ચારે બાજુ તેજોમય અનંત કોટિ મુક્તોની સભા જણાય. એ જોઈને તે ભક્ત વારંવાર ઓ હો હો એમ બોલ્યા કરે. આ સાંભળીને શ્રીજીમહારાજ પોતાની તર્જની આંગળી પોતાની નાસિકાએ અડાડે ત્યારે તે ભક્ત છાનો રહી જાય એમ ઘણી વાર થયું. સઘળી સભા એ સાંભળે અને શ્રીજીમહારાજની આંગળીને પણ દેખે, છતાં કોઈને યથાર્થ સમજાય નહિ. પછી શ્રીજીમહારાજને જમવા માટે તેડવા આવ્યા એટલે તે જમવા પધાર્યા. તે સભામાં નારુપંત નાના બેઠા હતા. તેણે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, પેલો હરિભક્ત બોલતો હતો તે શું હતું ? કાંઈ સમજાયું નહિ. પછી ગોપાળાનંદ સ્વામીએ સાધુને કહ્યું કે, એ હરિભક્તને બોલાવો. સાધુએ તેને બોલાવ્યો. તે ભક્ત આવ્યો એટલે તેને પૂછ્યું, એટલે તેણે પૂર્વની વાત કહી બતાવી. આ વાત ગોપાળાનંદ સ્વામી પાસેથી સાંભળીને લખી છે. (સદ્. નિર્ગુણદાસ સ્વામી)

## ગોપાળાનંદ સ્વામીએ ખુશાલભાઈનો મોહ નિવારણ કર્યો

ગામ વાડાશિનોરના ખુશાલભાઈ ઘરભંગ થયા એટલે એમનાં સંબંધી સર્વે કહેવા લાગ્યા કે, ફરી ઘર કરો. પોતાને પણ સ્ત્રીની વાસના હતી, પરંતુ સારા સારા હરિજન ફરી સ્ત્રી કરવાનો નિષેધ કરે ત્યારે તે બોલે કે, તમે ના પાડો છો પણ અંતરમાં બેઠી છે તે કર્યા વિના કેમ ચાલે ? હરિભક્ત બોલ્યા કે, આપણે ગોપાળાનંદ સ્વામી પાસે જઈએ અને તેમને પૂછીએ. સ્વામી હા પાડે તો ફરી લગ્ન કરજો.

પછી હરજીવનભાઈ, મોરલીધરભાઈ અને ખુશાલભાઈ વગેરે હરિજનો ઉમરેઠ ગામે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને તેમને બધી વાત કરી, પછી હરજીવનભાઈ બોલ્યા કે, સ્વામી ! આ ખુશાલભાઈ ઘરભંગ થયા છે. અમે સર્વે ના પાડીએ છીએ તો પણ પોતે ફરી વિવાહ કરવા તૈયાર છે. એટલે અમે અહીં તમને પૂછવા આવ્યા છીએ. હવે તમો કહો તેમ કરીએ.

સ્વામી કહે : પચાસ વરસે લગ્ન તે થતું હશે ? ખુશાલભાઈ કહે સ્વામી ! ના પાડો છો પણ અંતરમાં બેઠી છે તે કર્યા વગર કેમ ચાલે ? સ્વામી કહે, એક મહિનો અમારી પાસે રહો, ને જો અંતરમાં દેખાય તો કરજો. નહિ તો ન કરશો. ખુશાલભાઈ કહે લો આ રહ્યા. એમ કહીને ખુશાલભાઈ સ્વામી પાસે રહ્યા. સ્વામીએ રોજરોજ વાર્તાઓ કહેવા માંડી. સ્વામીની વાર્તાઓ સાંભળીને દશ દિવસમાં તો ખુશાલભાઈ બોલ્યા કે સ્વામી ! હવે અંતરમાંથી નાશ પામી ગઈ છે, એટલે નથી દેખાતી.

ખુશાલભાઈએ પછી લગ્ન ન કર્યું અને પોતાનું સર્વસ્વ નરનારાયણદેવને અર્પણ કરીને અમદાવાદમાં બ્રહ્મચારી સાથે રહ્યા. ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં હરજીવનભાઈને ઘેર રહ્યા હતા તેથી સ્વામીને તેમના પર હેત હતું એટલે તેમને જીભાઈ કહીને બોલાવતા એમ ગોપાળાનંદ સ્વામીએ ખુશાલભાઈનો મોહ નિવારણ કર્યો.

## જૂનાગઢમાં પૂ. સ્વામીએ બ્રહ્મમુનિને અંતર્યામીપણે વાત કરી....

જીર્ણગઢમાં ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને આવી વાત કરી કે, આજ ગઢડેથી ત્રણ સાધુ આવે છે અને એમણે મહારાજની પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા છે, તે જેવાં ને તેવાં દેખાય છે. મહારાજે થાળ જમતાં તમારે માટે પ્રસાદીનાં મોટાં છાબડાં આપ્યાં છે. તે લઈને સાધુ પરમ દિવસે આવશે. ત્રીજે દિવસે સાધુ આવ્યા. ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને તેમને મળ્યા અને સાધુની છાતીમાં મહારાજનાં જે ચરણારવિંદ હતાં તે પોતાની છાતીમાં લીધાં.

## પૂ. સ્વામીએ સ્થિતિવાળા સંતો વિષે વાત કરી....

(૧) એક દિવસ ગોપાળાનંદ સ્વામી પોતાના આસન ઉપર બેઠા હતા અને આગળ સભા બેઠી હતી. પોતે ભગવાનની વાર્તાઓ કરતા હતા. ત્યાં પોતાના સાધુ જમવાનું લાવ્યા. એટલે સ્વામી સભામાંથી ઊઠીને સભાની આથમણી બાજુએ ઉગમણે મુખે જમવા બેઠા. એટલે કેટલાક સાધુ, વૃંદાવનદાસજી તથા હું (નિર્ગુણદાસ) બધા તેમની પાસે જઈને બેઠા. સ્વામી રોટલી, દાળ, કઢી, અથાણું, પાપડ એ બધું એક પાત્રમાં ચોળીને અંદર પાણી રેડીને હલાવીને પ્રથમ પી ગયા, પછી કોળિયે કોળિયે જમવા માંડ્યા અને જમતાં જમતાં વાતો કરવા માંડ્યા. વાતોમાં ને વાતોમાં બોલ્યા કે, આજ આપણા સત્સંગમાં મહારાજનાં સાધુ એવી સ્થિતિવાળા છે કે જે અહીં સર્વ ક્રિયામાં નિરંતર મહારાજને અક્ષરધામમાં દેખે, મેં કહ્યું કે, હમણાં એવા કોઈ હશે ખરા ? સ્વામી બોલ્યા હા, છે.

એમ કહીને પછી પોતાના સાધુને કહ્યું કે, વિજ્ઞાનદાસજીને બોલાવો. સાધુ-વિજ્ઞાનદાસજીને બોલાવી લાવ્યો. તે આવીને સ્વામીને પગે લાગીને સન્મુખ બેઠા એટલે સ્વામીએ મને નિર્ગુણદાસને કહ્યું કે, તું એમને બોલાવ. મેં ત્રણ વખત વિજ્ઞાનદાસજી કહીને એમને બોલાવ્યા પણ તે બોલ્યા નહિ. એટલે સ્વામી કહે, વિજ્ઞાનદાસજી ! એટલે તે તરત જ બોલ્યા. સ્વામીએ કહ્યું કે, વાણિયાની વણથલીની વાર્તા કહો. વિજ્ઞાનદાસજીએ કહેવા માંડ્યું.

રાઘવજી સોનીની સ્ત્રીએ દેહ મૂક્યો તેને મહારાજ તેડવા જતા હતા. તે વખતે મને મહારાજનાં દર્શન થયાં. મહારાજે મને રથમાં બેસાડીને રથ હાંક્યો. તે ત્યાં ગયા અને રથ હાટ સોંસરો હાંક્યો. પછી મને હાટમાં બેસાડ્યો અને રાઘવજી સોનીની સ્ત્રીને મહારાજ તેડી ગયા. તેને માટે ખાપણ લાવીને રાત્રીએ દુકાનમાં મૂક્યું હતું. તે લેવા માટે બહેચર શ્રીમાળી દુકાન ઉઘાડીને અંદર ગયા એટલે અંધારામાં ભટકાયા ને બોલી ઊઠ્યા કોણ છે ? મેં કહ્યું કે, એ તો હું રતનો છું. તેમણે પૂછ્યું, તમે અહીં ક્યાંથી ? મેં કહ્યું કે, મહારાજ મને પોતાની સાથે લાવ્યા હતા તે મને હાટમાં મૂકીને ગયા છે. પછી હું પણ તેમની સાથે સ્મશાને ગયો. ત્યાંથી ઘેર આવ્યો. પછી સ્વામી બોલ્યા કે પેલા છોકરાની વાત કહો.

(૨) મેં (વિજ્ઞાનદાસજી) એક છોકરાને વર્તમાન ધરાવીને સત્સંગ કરાવ્યો હતો. તે છોકરો માંદો થયો અને ચાર લાંઘણો થઈ. પછી તેણે દેહ છોડ્યો ત્યારે તેની મા રોતાં રોતાં બોલી કે, અરેરે છોકરો ચાર લાંઘણો કરીને ભૂખ્યો ને ભૂખ્યો દેહ છોડી ગયો તે ખાશે ક્યાં ? એટલે છોકરો બોલી ઊઠ્યો : જુઓ, હું કાંઈ ભૂખ્યો નથી. મહારાજે મને આ આપ્યું છે, તે હું જમ્યો છું, છોકરાનો અવાજ સાંભળીને તેની માએ બહાર જોયું તો સુવર્ણના રથ ઉપર મહારાજે તેને પોતાની સાથે બેસાડેલો અને હાથમાં સફેદ સાકરના લાડુ જમવા માટે આપેલા. એવાં દર્શન થયાં. તે છોકરાએ કહ્યું કે, મહારાજ તો ભગવાન છે. તેમનો તમે આશ્રય કરજો, તમારું કલ્યાણ થશે. એવો ચમત્કાર જોઈને બધા આશ્ચર્ય પામ્યા.

આ વાત સાંભળી સ્વામીએ પૂછ્યું કે, તમે મારી આગળ વાત કહો છો તે મૂર્તિ અક્ષરધામમાં દેખો છો ? તે બોલ્યા કે, હા દેખું છું. સ્વામીએ પૂછ્યું, કાંઈ વિક્ષેપ નથી થતો ? તેણે કહ્યું, ના. ત્યાંથી પછી અમે તેમના આસને ગયા ત્યારે તે બોલ્યાં કે, ગોપાળાનંદ સ્વામીનાં પ્રતાપે મને આવી સ્થિતિ થઈ છે અને અમને તો સદાય આવી સ્થિતિ વર્તે છે. સ્વામીના યોગે કરીને મારા જેવા તો ઘણા થયા છે.

(૩) ગુણાતીતાનંદ સ્વામી ચારમાં મોટા સનકાદિકનો અવતાર છે એમ ગોપાળાનંદ સ્વામી કહેતા હતા. ગુણાતીતાનંદ સ્વામી મહારાજની અખંડ મૂર્તિ દેખતા હતા અને બોલતા હતા કે, મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી એ જે પાંચ સાધુ તેમનો રાત્રિ પ્રલય સુધી સમાગમ કરીએ ત્યારે સંપૂર્ણ સાધુ થવાય પછી બીજા સાધારણની તો વાત શી કહેવી ?

## પૂ. સ્વામીના સંકલ્પે....

કોઈ એક દિવસ વડોદરામાં ગોપાળાનંદ સ્વામી દિવસે ઓરડીમાં ધ્યાન ધરતા હતા. એ વખતે એમનાં મનમાં એમ આવ્યું કે, પ્રલય થતો હશે ત્યારે કેવો ઘાટ થતો હશે ? ત્યારે તે જ સમયે વાદળાની ઘટા થઈ. ગર્જના અને વીજળીના ઝબકારા થવા લાગ્યા અને સર્વે જન આકુળ-વ્યાકુળ થઈ ગયા, પછી સ્વામીએ એ જોઈને સંકલ્પ કર્યો કે, આ બધું મટી જાઓ, એટલે તત્કાળ મટી ગયું.

## પૂ. સ્વામીના કહેવાથી દ્વેષ ન મૂક્યો તો જમ લઈ ગયા

કોઈક સમયે ગામ જવારજના ગોગા ભટ્ટના ભત્રીજા નથુ ભટ્ટને સત્સંગી જાણીને ધોળી ગામના મોટા ચાવડાએ તેનું અનાદિનું કથા કરવાનું શાસન બંધ કર્યું. વળી બીજો પણ ઘણો સત્સંગનો દ્વેષ કર્યો. પછી કોઈ એક દિવસ ગોપાળાનંદ સ્વામી ત્યાં આવ્યા ત્યારે સ્વામીએ મોટા ચાવડાને કહ્યું કે, સત્સંગનો દ્વેષ કરો છો તે યમના દૂત તમને મારશે. મોટા ચાવડાએ કહ્યું કે, યમદૂત અને યમપુરી ક્યાં છે ? એ તો તમે ઊભાં કર્યાં છે ! ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, તું સત્સંગનો દ્વેષ કરે છે એટલે બીજાને બે અને તને ચાર જમ અંતકાળે લેવા આવશે. પછી અંતકાળે તેને ચાર જમ લેવા આવ્યા અને તેમણે કહ્યું કે, આ ચાર જમ મને મારે છે, એમ કહીને તેણે દેહ મૂક્યો.

## ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર પૂ. સ્વામીએ કર્યો

ગઢડામાં ગોપાળાનંદ સ્વામીને ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું : દેહને અસત્ય જાણીએ છીએ અને વિષયને અને પદાર્થને દુઃખરૂપ અને અસત્ય જાણીએ છીએ તો પણ તેમાંથી પ્રીતિ મટતી નથી. ભગવાનને સર્વે સુખના સિંધુ જાણીએ છીએ તો પણ ભગવાનમાં અતિશય હેત થતું નથી. તેનું શું કારણ ?

સ્વામી કહે : મારે પણ તમને એ વાત કહેવી હતી. જે આત્મા અનાત્માના વિચાર કરે છે, વૈરાગ્યનો વિચાર કરે છે તથા ભગવાનના માહાત્મ્યનો વિચાર કરે છે ને ઇન્દ્રિયમાં અને અંતઃકરણમાં કરે છે પણ જો ચૈતન્યમાં એ વિચાર કરે તો ફરીથી ભૂલાય નહિ. જેમ ગરમ વસ્તુ ખાઈને જે ગરમાઈ થઈ હોય તે ઠંડી વસ્તુ ખાવાથી ટળી જાય છે. બે-ચાર માસ થોડી થોડી કસ્તૂરી ખાવ અને તેની ગરમી હાડકાંમાં પેસી જાય તો તે પછી નીકળે જ નહિ. તેમ ચૈતન્યમાં જે વાત બેઠી હોય તે દૃઢ થાય છે.

## પૂ. સ્વામીએ ભક્તોને દિવ્ય સાકરની પ્રસાદી આપી

એક વાર પૂ. સ્વામી વડોદરામાં બિરાજમાન હતા ને સર્વે સંત હરિજનોએ ગરબી ફરીને કીર્તન ગાયાં તે રાત્રિના બાર વાગ્યા સુધી ગાયાં. પછી ગાઈ

રહ્યા ત્યારે સ્વામીએ કોઠારીને કહ્યું કે પતાસાં લાવો આ ગરબી ફરનારને પ્રસાદી આપવી છે. ત્યારે કોઠારી કહે પતાસાં તો નથી. ત્યારે સ્વામી કહે સાકર લાવો. ત્યારે કોઠારી કહે સાકર પણ થઈ રહી છે. ત્યારે સ્વામી કહે બજારમાંથી લાવો. ત્યારે કોઠારી બજારમાં ગયા ને સર્વે દુકાનો બંધ હતી. તેથી કોઠારી પાછા આવ્યા. ત્યારે સ્વામી કહે બજારમાંથી પણ મળી નહિ, તેથી સ્વામીએ ઊંચી દૃષ્ટિ કરીને જોયું ત્યાં તો એક મણ સાકરનો કાગળમાં બાંધેલો પડો પડ્યો. ત્યારે સ્વામી બોલ્યા કે એ શું પડ્યું ? ત્યાં સૌએ જોયું તો સાકર દેખી પછી એ સાકર ગરબી ગાનાર સર્વે સંત-હરિભક્તને પોતાના હાથે મૂઠા ભરી ભરીને વહેંચી દીધી. આમ આવી રીતે પૂ. સ્વામીએ અલૌકિક દિવ્ય સાકરની પ્રસાદીની લ્હાણી કરી.

## મોટા સંતના યોગે

પૂ. સ્વામી વડોદરામાં હાલ આપણું વાડી મંદિર છે તે જગ્યામાં પ્રથમ અઢી-ત્રણ ફૂટની વંડી હતી તે ચોગાનમાં નિત્ય બેસી કથા-વાર્તાનું સુખ વડોદરાવાસીઓને આપતા. ભાવિક ભક્તો સ્વામીના દર્શન તથા કથા-વાર્તા સાંભળવા આવતા ને ત્યાં સભા થતી હતી.

વડોદરામાં જ્યાં સ્વામી સભા કરતા તે જગ્યામાં વીંછી બહુ નીકળતા તેથી પૂ. સ્વામી એક ચીપીયો રાખતા તે જ્યારે વીંછી નીકળે એટલે તેને ચીપીયેથી પકડીને વંડી બહાર નાખતા. આવી રીતે વડોદરામાં સત્સંગના રંગે રંગીને પૂ. સ્વામીએ ખૂબ જ સત્સંગી કર્યા હતા અને ત્યાર પછી કોઈને ત્યાં વીંછી કરડે એટલે તેને મંદિરમાં લાવતા અને જે જગ્યાએ વીંછીએ ડંખ માર્યો હોય તે જગ્યાએ પેલો પ્રસાદીનો ચીપીયો અડાડે એટલે વીંછીનું ઝેર ઊતરી જાય. આમ આવા મોટા પુરુષના સ્પર્શથી ચીપીયો પણ દિવ્ય થયો અને સર્વેના આવા કષ્ટને ચીપીયા દ્વારા મટાડે છે. એ જ મોટાની સામર્થી છે (તે પ્રસાદીનો ચીપીયો હાલ વાડી મંદિરમાં છે).

## પૂ. સ્વામીની અજબ આત્મનિષ્ઠા

પૂ. શ્રી ગોપાળાનંદ સ્વામી સો-દોઢસો સાધુએ સહિત ગામડાંમાં ફરતા-ફરતા સારંગપુરની નદીમાં આવ્યા. ત્યાં બેસીને વાતો કરતા હતા. ત્યારે એક

સંતે પૂછ્યું જે આત્મનિષ્ઠાનું શું રૂપ હશે ? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે બે ઘડી પછી જણાશે. એટલામાં વૈરાગીઓએ આવીને પથ્થર ફેંકવા માંડ્યા, એટલે એ નદીના કાંઠા ઉપર ઘાટી બાવળી હતી તેમાં સર્વે સંતો પેસી ગયા તે કાંટા ઘણા વાગ્યા અને ગામમાંથી મનુષ્યો આવતા દેખીને વૈરાગી જતા રહ્યા. પછી તે મનુષ્યોએ જાણ્યું જે આ બાવળીમાં વૈરાગી પથ્થર નાખતા હતા તે કોઈને મારતા હશે, એમ જાણીને બોલ્યા જે વૈરાગી જતા રહ્યા છે. માટે બાવળીમાં કોઈ હોય તો બહાર આવો, પછી સંત બહાર નીકળ્યા ને શ્રી ગોપાળાનંદ સ્વામીને કહેવા લાગ્યા જે કાંટેથી શરીર ભરાઈ રહ્યા છે તે પૃથ્વી ઉપર પગ મુકાતા નથી ને સુવાતું-બેસાતું પણ નથી, પછી સ્વામીશ્રીએ સત્સંગી પાસે ચીપિયા મંગાવીને સર્વેના કાંટા તાણી કાઢ્યા, ને રાખ ભભરાવીને રૂ દબાવ્યું, ને ધીરે ધીરે ગઢડે આવ્યા અને સંતો મહારાજનાં દર્શન કરીને પીડા કહેવા લાગ્યા, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ગોપાળાનંદ સ્વામીના કાંટા કાઢ્યા છે કે નથી કાઢ્યા ? ત્યારે સંતે કહ્યું જે, તેમના કાંટા તો નથી કાઢ્યા. પછી શ્રીજીમહારાજે પોતે સ્વામીશ્રીના કાંટા કાઢ્યા તે પોણો શેર થયા પણ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ, એવી આત્મનિષ્ઠા પૂ. સ્વામીશ્રીમાં હતી.

## પૂ. સ્વામીશ્રી સો સ્વરૂપે હરિભક્તને તેડવા પધાર્યા

પૂ. સ્વામીશ્રી ઘણી વાર શ્રીહરિ સાથે ભક્તોને અંતકાળે તેડવા પધારતા. એક વાર લુણાવાડામાં એક હરિભક્તને તેડવા માટે પૂ. સ્વામીશ્રીના સંકલ્પની સો મૂર્તિઓ લુણાવાડા મંદિરમાં બેઠી હતી. ત્યાં હરિજનો દર્શન કરવા સારુ આવ્યા તેમણે સો મૂર્તિઓ બેઠેલી જોઈને કહ્યું જે, શ્રી ગોપાળાનંદ સ્વામી તો એક જ છે અને આ તમે સો જણા શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા દેખાઓ છો તો તમે કોણ છો ? ત્યારે બોલ્યા જે, ‘‘અમો તો શ્રી ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ છીએ અને હરિભક્તને તેડવા સારું આવ્યા છીએ.’’ એમ કહીને અદશ્ય થઈ ગયા. એમ મોટા પુરુષ હોય તે અનેક સ્વરૂપે થઈ શકે છે.

## લાખો સ્વરૂપે ગોપાળાનંદ સ્વામી તેડવા પધાર્યા

એક ગામમાં પૂ. ગોપાળાનંદ સ્વામી ગયા ત્યાં ગામમાં કોઈ માણસને મંદિર ક્યાં છે એમ પૂછ્યું. તે માણસ ઓટલે બેઠો દાતણ કરતો હતો તે ત્યાં બેઠે બેઠે

દાતણની સાને કરીને મંદિર બતાવ્યું કે આમ ને આમ ચાલ્યા જાઓ. સામે મંદિર છે એટલું કરેલ તે પુણ્યે દેહ મૂકાવી મહારાજે સત્સંગમાં જન્મ આપ્યો. વર્તમાન ધરાવ્યાં પછી તો મોટી ઉંમરે સાધુ થયો. તેને દેહ મૂકવા ટાણે ગોપાળાનંદ સ્વામીએ અદ્ભુત પ્રતાપ જણાવ્યો. તે શું ? તો આમ જુએ ત્યાં લાખોરૂપે ગોપાળાનંદ સ્વામી દેખ્યા તે ટાણે કહેવા લાગ્યો જે અહો ! આ લાખો સંત ક્યાંથી આવ્યા ! એમ સ્વામીશ્રીએ અલૌકિક પ્રતાપ બતાવી દેહ મૂકાવી દીધો ને અક્ષરધામમાં તેડી ગયા. આમ મોટા પુરુષની નાની સરખી સેવા કરી હોય તો તેમની દૃષ્ટિમાં હોય જ અને તે મોટા ફળને આપે છે.

## મોટાના ઉપયોગમાં આવે તેનો મોક્ષ થાય છે

પૂ. સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ ગામમાં બિરાજતા હતા તે વખતે ધોળકાથી સદ્.. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને ઉમરેઠમાં સદ્. ગોપાળાનંદ સ્વામી પાસેથી ગીતા ભાષ્યનું પુસ્તક લેવા સારું સદ્. શ્રી નિર્મૂળાનંદ સ્વામી તથા સદ્. શ્રી વ્રજવલ્લભદાસજી સ્વામીને મોકલ્યા. ત્યાં નવસારી, ગણદેવીના હરિભક્ત ભાદરવા આંબાની કેરીઓ લાવ્યા હતા તે સદ્. ગોપાળાનંદ સ્વામી તથા બીજા સર્વે સંત જમ્યા, તે ગોટલા ધોળકાની વાડીમાં વાવવા સારું લેવા માંડ્યા, ત્યારે સ્વામીશ્રીના સંતોએ કહ્યું જે, સ્વામીશ્રીના જમેલા ગોટલા ઊગશે નહિ, માટે લેશો નહિ. પછી તે ગોટલા સ્વામીએ જુદા રાખ્યા ને લાવીને ધોળકાની વાડીમાં વાવ્યા, તો સ્વામીશ્રીના જમેલા હતા તે ન ઊગ્યા અને બીજા સંતોના જમેલા હતા તે ઊગ્યા; આમ મોટા પુરુષના ઉપયોગમાં જે આવે તેનો પણ મોક્ષ થાય છે.

## પૂ. સ્વામીશ્રીએ અગતરાયમાં ઐશ્વર્ય બતાવ્યું

એક સમયને વિષે અગતરાયથી પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ આદિ ઘણા સત્સંગીઓ ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા હતા. ત્યાં પર્વતભાઈએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે હે મહારાજ ! અમારે ત્યાં અગતરાઈમાં મોટામાં મોટા સંતનું મંડળ છ મહિના રહેવા મોકલવા કૃપા કરશોજી. એમ કહીને ઘેર ગયા. પછી શ્રીજીમહારાજે અનાદિ મુક્ત સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને મંડળ ધારી કરીને એમની સાથે સંતદાસજી સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ

સ્વામી, કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, રામદાસભાઈ, આત્માનંદ સ્વામી આદિ ત્રીસ સદ્‌ગુરુઓને જવાની આજ્ઞા કરી. ત્યારે રામદાસભાઈ બોલ્યા જે હે મહારાજ ! ગોપાળાનંદ સ્વામી વિના બીજા મોટા સંતને મંડળધારી કરો તો ઠીક, કેમ જે એ તો બાર મહિનાથી સાધુ થયા છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે આ તો અમારી મૂર્તિમાં રહેનારા અનાદિ મહામુક્ત છે અને સૌથી મોટા છે માટે તેમને મોકલજો એમ પર્વતભાઈ કહી ગયા છે તેથી એમને મંડળધારી કર્યા છે. તો તમો સૌ એમની આજ્ઞામાં રહે જો પણ જૂનાપણાનું અભિમાન રાખશો નહિ. એવી રીતે અગતરાઈ જવાની સર્વેને આજ્ઞા કરી.

પછી શ્રીહરિની આજ્ઞાથી પૂ. સ્વામી સંતમંડળ સાથે અગતરાઈ ગયા. ત્યાં શ્રીજીમહારાજના મહિમાની તે સુખની વાતો ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બંને વારાફરતી કરતા હતા. તે સાંભળીને સર્વે સંત તથા હરિજનો તથા ફરતા ગામોના હરિજનો બહુ જ આનંદ પામતા હતા.

## અડસઠ તીરથ ચરણે કોટી ગયા કાશી !...

એવા સમયમાં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈને અડસઠ તીર્થ કરવા જવાની ઇચ્છા થઈ તેથી પર્વતભાઈને કહ્યું જે, મારે અડસઠ તીર્થ કરવા જાવું છે ત્યારે પર્વતભાઈએ કહ્યું જે અડસઠ તીર્થ તો દર્શન કરવા તથા માથે રજ ચઢાવવા આપણા ફળિયામાં નિત્ય આવે છે ત્યારે મેઘજીભાઈએ કહ્યું જે એમ તીર્થ રજ લેવા આવતાં હોય તો લોકો હજારો રૂપિયા ખરચીને તીર્થ કરવા શા સારું જાય ? એ તો તમારે ખરચી આપવી પડે એટલા સારું સમજાવો છો, પણ મારે તો અવશ્ય જાવું છે પછી તેને પર્વતભાઈએ ભાતું-ખરચી આપ્યાં ને તે તીર્થ કરવા નીકળ્યા.

પછી પર્વતભાઈએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે છોકરો તો તીર્થ કરવા ગયો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે તમારા ચરણમાં તીર્થ છે તે બતાવ્યાં હોત તો ન જાત. હું એને પાછો વાળી લાવું, એમ કહીને સ્વામી ચાલ્યા તે વાતમાં મેઘજીને આગળ થઈ ગયા. મેઘજીને પૃથ્વીથી ગજ ઊંચા સ્વામી ચાલતા દેખાયા ને એમના ચરણમાં શ્વેત તેજોમય અડસઠ તીર્થ દેખાયા તેમાં કેટલાંક તો ચરણનો સ્પર્શ કરે ને કેટલાંક તો પ્રાર્થના કરે. એવી રીતે જોઈને મેઘજી બોલ્યા જે, સ્વામી ! આ તમારા ચરણમાં શ્વેત તેજોમય મૂર્તિઓ છે તે કોણ હશે ? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે કેટલી છે ? ગણી જો. પછી તેણે ગણી તો અડસઠ થઈ, ત્યારે કહ્યું

જે, અડસઠ છે. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે એ અડસઠ તીર્થ છે. પછી મેઘજીએ કહ્યું જે, હું તીર્થે જતો હતો તે હવે નહિ જાઉં. એમ કહીને પાછા વળ્યા.

રસ્તામાં આવતાં સ્વામીશ્રીએ વાત કરી જે તમારા પિતાશ્રીના ચરણમાં પણ તીર્થ સદાય રહે છે, ત્યારે મેઘજીએ કહ્યું જે, મારા દેખ્યામાં કોઈ દિવસ આવ્યા નથી. પછી સ્વામીશ્રીએ કહ્યું જે, તમે કહેશો તો બતાવશે એમ કહીને સ્વામીશ્રી ઉતારે ગયા ને મેઘજીભાઈએ ઘેર આવીને પર્વતભાઈને વાત કરી જે, સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામીએ એમના ચરણમાં તીર્થ બતાવ્યાં અને તમારા ચરણમાં તીર્થ છે એમ કહ્યું છે માટે મને બતાવો. પછી પર્વતભાઈએ પોતાના ચરણમાં બતાવ્યાં.

## મોટાના યોગે ઝાડનું કલ્યાણ થયું

અગતરાયમાં શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા પર્વતભાઈ આદિ ઘણા હરિજનો સાંજ વખતે દરરોજ કૂવે નાહવા જતા ત્યાં નાહિને એક વૃક્ષ તળે બેસીને માનસી પૂજા કરીને પછી શ્રીજીમહારાજના મહિમાની ઘણીક વાર્તાઓ નિત્ય કરતા. એક વાર વાર્તા સાંભળીને વૃક્ષને ઘણો જ આનંદ થયો તેથી ખડખડ હસવા માંડ્યું ત્યારે, સભામાં બેઠેલા હરિજનો બોલ્યા જે, વાયુ વિના આ ઝાડ કેમ ખખડતું હશે ? ત્યારે પર્વતભાઈ બોલ્યા જે આ ઝાડ હસે છે ત્યારે હરિજનો બોલ્યા જે, ઝાડને હસવાનો ધર્મ નથી. પછી પર્વતભાઈ બોલ્યા જે, પૂછી જુઓ. પણ પૂછતા ન હતા.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે સત્પુરુષ જે બોલે તે સત્ય હોય માટે વિશ્વાસ લાવીને પૂછો. પછી હરિજનોએ પૂછ્યું, ત્યારે ઝાડ બોલ્યું જે આ સભા શ્રી પુરુષોત્તમ ભગવાનની છે તે મારે છાંયે બેઠી છે તેથી મારે સેવા થઈ, ને વળી શ્રીજીમહારાજનાં મહિમાની વાતો સાંભળીને જ્ઞાન થયું, તે મોટા મોટા અવતારાદિકને તથા બ્રહ્મકોટિને તથા અક્ષરકોટિને પણ દુર્લભ એવા આ મુક્તોનાં મારે દર્શન થયાં, માટે મારો છેલ્લો જન્મ થઈ ગયો. હવે મારે ફેર જન્મ ધરવો નહિ પડે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં તમારા ભેળે આવીને હું બેસીશ ને તમારા જેવું સુખ ભોગવીશ, તેનો મને આનંદ આવવાથી હું હસું છું. એવો મહિમા મોટાનો છે.

## અગતરાયમાં પૂ. સ્વામીએ છ માસ કાળને પેસવા દીધો નહિ

પૂ. સ્વામીશ્રીએ અગતરાયમાં ખૂબ કથા-વાર્તા જ્ઞાન-યજ્ઞની હેલી વરસાવી અને છ મહિના સુધી અગતરાયના સીમાડામાં કાળને પેસવા દીધો નહિ. ત્યારે કાળે શ્રીજીમહારાજ આગળ પ્રાર્થના કરી જે હું અગતરાયના સીમાડામાં જાઉં છું ત્યારે મને શ્રી ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બાળે છે - તેથી મારાથી જવાતું નથી, માટે હું કેમ કરું ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે તું ન જઈશ. તારું કામ હસે તે એ કરશે. એમની મરજી થાય ત્યારે જજે, નહિ તો બળી મરીશ. એ છ મહિના સુધી ગામમાં તથા સીમાડામાં જે જીવ મરે તે સર્વેને શ્રીજીમહારાજ પાસે લઈ જતા હતા.

## અમારે જે કામ કરવાનું હતું તે ગોપાળાનંદ સ્વામીએ કર્યું

શ્રીજીમહારાજે શ્રી ગોપાળાનંદ સ્વામીને કાગળ લખ્યો જે છ મહિના પૂરા થયા માટે બીજા ગામોમાં ફરવા જજો. પછી શ્રી ગોપાળાનંદ સ્વામી મંડળે સહિત ત્યાંથી નીકળ્યા તે ગામડામાં ફરતા ફરતા આવતા હતા. ત્યાં મારગમાં ચાલતાં એક કૂવો આવ્યો ત્યારે નહાવા ઊતર્યા. ત્યાં પ્રથમથી જ આઠ બ્રાહ્મણો ઊતરેલા હતા તેમણે સાધુ દેખીને સાધુની તથા શ્રીજીમહારાજની નિંદા કરવા માંડી. એટલામાં તે આઠેને કોગળિયું આવ્યું, પછી તો સ્તુતિ કરવા માંડી જે, શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન જગતના કર્તા-હર્તા છે ને તમે સર્વે સંત મુક્ત છો ને અમારા જેવા પામર જીવોનો ઉદ્ધાર કરવા પ્રગટ થયા છો, માટે અમારા નીચ કૃત્ય સામું ન જોતાં તમારા બિરદ સામું જોઈને તમારે પ્રતાપે કરીને અમારી રક્ષા કરો.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, અમે નાશવંત એવો જે દેહ તેની રક્ષા તો નહિ કરીએ પણ તમારા જીવની રક્ષા કરશું એમ બોલીને સર્વે સંતોની દેખતાં એ સર્વેને વિમાનમાં બેસારીને ધામમાં મોકલી દીધાં.

પછી સર્વે સંત શ્રીજીમહારાજ પાસે ગઢડે આવ્યા અને સંતોએ શ્રીજીમહારાજને કહ્યું જે, શ્રી ગોપાળાનંદ સ્વામીએ આઠ બ્રાહ્મણો આપણી

નિંદા કરતા હતા તેમને અક્ષરધામમાં મોકલ્યા તે ઠીક ન કર્યું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે આ ટાણે સો-બસો મેમાન આવે તેમની ખાવા-પીવાની, સરભરા કરવાની સત્સંગીઓને ભલામણ કરવી પડે તેમાં કોઈ સત્સંગી આપણા કહ્યા વિના જ સર્વે મહેમાનને ઘેર લઈ જઈને ખાવા-પીવાની ખબર રાખે તો આપણે રાજી થઈએ કે નહિ ? ત્યારે સંતોએ કહ્યું જે તો તો રાજી બહુ થઈએ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, અમારે કોઈક મુક્તને આજ્ઞા કરવી પડત તે વગર આજ્ઞાએ ગોપાળાનંદ સ્વામીએ મોક્ષ કર્યો તે તો બહુ જ સારું કર્યું. એમ શ્રીજીમહારાજ બોલ્યા.

## પૂ. સ્વામીની કૃપાથી આત્મા અને મહારાજની મૂર્તિ દેખાવા માંડી

બોટાદના શિવલાલભાઈએ રઘુવીરજી મહારાજની પધરામણી ભાવનગરમાં કરાવી ને મહારાજને દેખતા તે બંધ થઈ ગયું. પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી જે, હવે મહારાજને આત્મા દેખાતા નથી, ત્યારે સ્વામી બોલ્યા જે, તમે પ્રવૃત્તિમાં ભળી ગયા તેથી નથી દેખાતા, તો હવે આપણા ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે જઈને પ્રાર્થના કરો. પછી તેમણે સ્વામીની પ્રાર્થના કરી, ત્યારે સ્વામીશ્રીએ કૃપા કરીને કહ્યું જે, ધ્યાન કરો. બે મહિને દેખાશે. પછી બે મહિને આત્માને મહારાજ દેખાયા, એમ પ્રવૃત્તિ પણ મૂર્તિમાં જોડાવવામાં વિક્ષેપકર્તા છે.

## શ્રીજીમહારાજનું રત્ન એટલે પૂ. સ્વામીશ્રી

એક સમયે વડોદરામાં શ્રીજીમહારાજને ગોંસાઈજીવાળાને સંવાદ થયો. તેમાં શ્રીજીમહારાજના ભણેલા સૌ સાધુ અને ગોંસાઈજીના સૌ શાસ્ત્રીઓ તેમને સામસામો સંવાદ કરવો અને તેમાં જે હારે તેને મુસલમાન કરવા એવો ઠરાવ કર્યો. પછી નિત્ય સભા થાય ને પ્રશ્ન-ઉત્તર ને સંવાદ થાય તેમાં ગોંસાઈજીવાળાની જીત થાય અને મહારાજના સંત હારે, તો પણ સંત કહે જે કાલે ગોંસાઈજીવાળાને જીતી લઈશું પણ સંત તો નિત્ય હારતા જાય અને મહારાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને સંભારે ને કહે જે અહો ! અમારું રત્ન આવ્યું નહિ. એમ કરતાં એક

દિવસ બાકી રહ્યો ત્યારે ગોપાળાનંદ સ્વામી આવ્યા. એમને જોઈને મહારાજ બહુ રાજી થયા ને કહ્યું જે, અમારું રત્ન આવ્યું ને હવે અમારી જીત થશે.

પછી બીજે દિવસે સભા થઈ અને શ્રી ગોપાળાનંદ સ્વામી સભામાં આવીને બેઠા, ત્યારે શાસ્ત્રીઓએ તથા બીજા સર્વેએ સ્વામીશ્રીને તેજોમય અને ચારે કોરે અનંત દેવો ને અનંત અવતારો સ્તુતિ કરતા તથા અનંત નાના પ્રકારનાં ઐશ્વર્ય સહિત દેખ્યાં, એટલે શાસ્ત્રીઓ તો સ્વામીશ્રીનું આવું આશ્ચર્યકારક ઐશ્વર્ય જોઈને દબાઈ ગયા ને કહેવા લાગ્યા જે ''અમે હાર્યા ને તમે જીત્યા.'' એમ કહીને વંદના કરવા લાગ્યા ને મહારાજની જીત થઈ. પછી શ્રીજીમહારાજ કહે જે સંતો તો હારીને અમને મુસલમાન કરાવનારા હતા, પણ આ ગોપાળાનંદ સ્વામીએ આવીને અમારી જય કરાવી. આમાં સમજવાનું એ છે જે હજારો સાધનિક સંત હોય તે એક અનાદિ મુક્તની તુલ્ય ન થાય, એવી અનાદિ મુક્તની અલૌકિક સામર્થી છે.

## શ્રીહરિએ પોતાનું સર્વોપરીપણું જીવોને ઓળખાવવા માટે ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરી

એક વાર શ્રીજીમહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીશ્રીને પાસે બોલાવીને કહ્યું જે સ્વામી ! તમે જીવોને મારી સર્વોપરીપણે જેમ છે તેમ ઓળખાણ નહિ પડાવો ત્યાં સુધી તમને હું અક્ષરધામમાં નહિ લઈ જઉં. એક હજાર વર્ષ આ દેહમાં તમને રાખીશ. શ્રીજીમહારાજની આ આજ્ઞા પૂ. સ્વામીશ્રીએ સારધાર પાળી હતી અને ઘણા જીવોને શ્રીજીમહારાજને જેમ છે તેમ સર્વોપરીપણે ઓખાવ્યા હતા, પરંતુ તેમાં તેમને ઉપદ્રવ (ઉપહાસ) બહુ થયો હતો કેમકે જીવ પાત્ર નહીં તેથી ધીરે ધીરે મહિમા સમજે એકદમ તો આ વાતની પચ બહુ ન પડતી અને આજે પણ આ વાતની ઘેડ હજુ ઘણાને સમજાતી નથી.

શ્રીજીમહારાજ પાસે સારા કોઈ મુમુક્ષુ દર્શને આવતા તો તેમને ગોપાળાનંદ આદિ મુક્તોના આસને મોકલતા ત્યાં તેમને પૂ. સ્વામીશ્રી શ્રીજીમહારાજને સર્વોપરીપણે જેમ છે તેમ ઓળખાવતા. વચનામૃતમાંથી સમજાવ્યા, તેથી ઘણા રાજી થઈ એમ કહેતા કે જો ગોપાળાનંદ સ્વામીનો યોગ ન થયો હોત તો કાચા ને કાચા મરી જાત એટલે કે સમજણમાં ખામી રહી જાત અને છેલ્લો જન્મ ન થાત તે સ્વામીશ્રીના સમાગમથી કસર માત્ર ટળી જાય છે.

સત્સંગમાં મહારાજને સર્વોપરી જાણવા અને જણાવવા એ કામ બહુ જબરું છે. શ્રીજીમહારાજ પોતે પ્રત્યક્ષ દર્શન દેતા તો પણ જ્યારે આ મૂર્તિ સૌથી નોખી છે. આ મૂર્તિને સુખે અનંત મુક્તો સુખિયા છે, મોટા મોટા અક્ષરાદિક અવતારો ને તેમના મુક્તો આ મૂર્તિનું ધ્યાન કરે છે, એમ વાત થતી ત્યારે કેટલાક મૂંઝાતા અને અનાદિમુક્ત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા મહાસમર્થ મુક્તને ખુણિયા જ્ઞાનવાળા કહેતા. પણ જીવને ખબર ન પડે કે આ ભગવાન કેવડા મોટા છે, એમના મુક્ત કેવા સમર્થ છે. જુઓને ! સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે ''આ મૂર્તિ સૌથી નોખી આચરજકારી છે, કહુ છું ચોક્કસ વાત ચોખ્ખી આચરજકારી છે.'' એવી રીતે મોટા મુક્તોએ મહિમા કહ્યો છે. મહારાજને તથા મોટા મુક્તને જીવો ઉપર અપાર દયા છે તેથી જેમ જેમ મહિમા સમજાય તેમ સમજાવે છે.

સત્સંગમાં હવે મહારાજ તથા મોટાનો મહિમા, અવતાર-અવતારીનો ભેદ ઘણા સમજી ગયા છે ને બીજા ધીરે ધીરે સમજશે. અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી, અનાદિમુક્ત શ્રી મુક્તાનંદ સ્વામી, અનાદિમુક્ત સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી, અનાદિમુક્ત સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી વગેરે મહામુક્તોએ એ જ કામ કર્યાં છે. તો પણ અનાદિ કાળનું અજ્ઞાન જીવને વળગ્યું છે, તેથી આવી વાતો ઝટ સમજી શકતા નથી. આ વાત સમજાવવા મોટા મોટા મુક્તોએ દાખડા બહુ કર્યા છે. ઉપાધીઓ સહન કરી છે.

એક વખત ગઢપુરમાં મહારાજે ઉદાસી જણાવી તે થાળ તૈયાર થયો તોય જમવા ઊઠે નહિ. મૂળજી બ્રહ્મચારી કહે મહારાજ ! થાળ ઠરી જાય છે માટે જમવા પધારો, જ્યારે આપ જમશો ત્યારે જ સંતોની પંક્તિ થશે. ત્યારે મહારાજ કહે ચાલો. પછી થાળ જમતાં ઉદાસી જણાવતા હોય તેમ થોડુંક જમ્યા ને પાછા અક્ષર ઓરડીમાં આવીને પોઢ્યા. થોડી વાર પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી મહારાજ પાસે ગયા ને કહ્યું જે, મહારાજ ! આજ કેમ ઉદાસ જણાઓ છો ? ત્યારે મહારાજ કહે સ્વામી ! આપણે અક્ષરધામમાંથી મોટા મોટા અવતારોનો તથા તેમના ભક્તોનો તથા અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ. પણ તમારા જેવા સંતો જ્યારે અમારા સ્વરૂપની જેમ છે તેમ વાતો કરે છે,

ત્યારે તેઓ સમજી શકતા નથી ને પોતાની પૂર્વની સમજણને લઈને તમારા જેવા મોટા મુક્તોને વાતો કરતાં અટકાવે છે ને સમજવા દેતા નથી. કેટલાક સાધારણ જીવો તો અનાદિકાળના અજ્ઞાનથી પરવશ થયેલા તમારા જેવા સંતોને અનેક પ્રકારના ઉપદ્રવે કરીને કુરાજી કરે છે. તેથી આજ મને એ વાતની ઉદાસી થઈ આવી.

પછી મહારાજ એમ બોલ્યા જે, સ્વામી ! તમારા દાખડા બહુ છે તે અમે જાણીએ છીએ. તમે અમારા સારું અજ્ઞાની જીવોના માર તથા અપમાન સહન કરો છો તેથી અમને ઘણું દુઃખ થાય છે. એમ કહી મહારાજના નેત્ર હેતના આંસુથી ભરાઈ આવ્યા. પછી ગોપાળાનંદ સ્વામી કહે મહારાજ ! આપ રાજી રહો, અમને કાંઈ દુઃખ નથી. ત્યારે મહારાજ કહે સ્વામી ! અનંત ધામના મુક્તો તથા અધિપતિઓ જેવી મારી મૂર્તિ છે, જેવો મારો મહિમા છે, જેવું મારું સામર્થ્ય છે, તેને જાણે તો અમારો ને તમારો દાખડો લેખે આવે, એમ કહી પોઢી ગયા. આવી રીતે શ્રીજીમહારાજે પોતાની રુચિ અનાદિ મુક્ત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જેવા સર્વોપરી સંતને કહી હતી.

## મહારાજ અને મુક્તને એકતા હોય છે

મહારાજ અને અનાદિ મુક્તને સદાય એકતા છે તો પણ ક્યારેક મનુષ્ય ભાવ જણાવે તેણે કરીને મુંઝાવું નહિ અને એવી સમજણ દૃઢ કરવી જે એવા મોટા અનાદિ તો કર્તા થકી અકર્તા છે. એમને તો શ્રીજીમહારાજની મૂર્તિનું જ સુખ છે. બીજું કાંઈ નથી. એવું ન જાણ્યું હોય તો મુંઝાઈ જવાય છે. સુરતમાં જીવરામને મહારાજનાં અંતર્ધાન થયાની પોતાને ઘેર બેઠાં ખબર પડી. પછી તે જીવરામ ઘણા આકુળ-વ્યાકુળને ઉદાસ થઈ ગયા ને ઘણું રુદન કર્યું. તેથી મૂર્છા આવી ગઈ. પછી તો તે ગઢપુર ગયા ત્યાં ઘણું ગાંડપણ તથા ઉદાસીપણું થઈ ગયેલ જોઈને અનાદિ મુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, ''કેમ ગાંડિયો થઈ ગયો'' તે શબ્દ તેને શ્રીજીમહારાજના જેવો જ લાગ્યો, તે સાંભળી બહુ જ રાજી થયા ને ચિત્ત ઠેકાણે આવી ગયું ને એમ જાણ્યું જે શ્રીજીમહારાજ સ્વધામ ગયા નથી, સદાય છે, છે ને છે જ, એ રીતે મહારાજ તથા અનાદિ મુક્તને એકતા છે.

## મોટા અનાદિ મુક્ત ક્યારેક મનુષ્ય ભાવ જણાવે

દઢાવ્ય દેશમાં જેઠાભાઈ નામના ઉત્તમ હરિભક્ત હતા. તેને અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે ખરેખરું હેત તથા અત્યંત આત્મબુદ્ધિ હતી. પછી એક સમયને વિષે સ્વામીશ્રીને અતિ મંદવાડ થઈ ગયેલો તે મંદવાડની વાત જેઠાભાઈએ સાંભળી તેથી ઉદાસ થઈ ગયા. પોતે પચાસ ગાઉ છેટે રહેતા હતા તો પણ મંદવાડની વાત સાંભળતાં તરત જોવા સારું ચાલી નીકળ્યા તે જ્યાં સ્વામી હતા ત્યાં આવ્યા. તે વખતે સ્વામી અબોલ થઈ ગયા હોય તે બોલતા ન હોય તેવો ભાવ દેખાડ્યો. તે જોઈને જેઠાભાઈ મૂર્છિત થઈ ગયા અને બોલ્યા જે અત્યારે સ્વામી મને એક વખત જવાબ આપે ને મારી સાથે વાત કરે તો મારું સર્વે દ્રવ્ય વાપરી નાંખું. પછી બીજા સાધુ હતા તે કહે જે જેઠાભક્ત ! વિચાર કરીને બોલો, સ્વામી તો હમણાં બોલશે. પછી જેઠાભાઈએ કહ્યું જે, સ્વામી ! હું સત્ય બોલું છું. લાવો 'પણ' કરું. જો એક વખત જવાબ આપે તો મારું દ્રવ્ય વાપરી નાખું. આમ કહ્યું પણ સ્વામી તો તે વખતે બોલ્યા નહિ.

પછી રાત્રે સ્વપ્નમાં આવી જેઠાભાઈને દર્શન દીધાં ને કહ્યું જે, જેઠાભાઈ ! તમે અમારા સમાચાર સાંભળીને આવ્યા ને અમે તમારી સાથે બોલ્યા વિના રહ્યા. તે બોલત તો ખરા પણ તમારું બધું દ્રવ્ય વાપરી નાખવાનું તમોએ કહ્યું તેથી અમો તે વખત બોલ્યા નહિ માટે ક્યારેય આવું 'પણ' ન કરવું. આવી રીતે મોટા અનાદિની વાત જુદી છે, એ તો એક જ સ્થિતિમાં વર્તતા હોય પણ મનુષ્યપણાના ભાવ જણાવે તેથી જો મહિમાની કચાશ હોય તો સંકલ્પ થઈ જાય કે કેમ હશે ! પણ મોટા મુક્તને તો દેહના કે અવસ્થાના ભાવ છે જ નહિ. તે તો અખંડ મૂર્તિમાં રહ્યા છે તે અનંત જીવને મહારાજના સુખમાં લઈ જવા દયા કરીને દેખાય છે.

## ઉપલેટાના લાલાભાઈને તેડવા પૂ. સ્વામી મહારાજ સાથે પધાર્યા

એક વાર ગામ ઉપલેટામાં પટેલ લાલોભાઈ માંદા થયા ત્યારે પોતાના સંબંધીને બોલાવીને કહ્યું જે 'હવે મારે ધામમાં જાવું છે ને આ લોકની મને કાંઈ

વાસના રહી નથી ને મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવા જેવું નથી ને હવે તમે સહુ ભજન કરો કારણ કે મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે મને તેડવા આવ્યા છે.' ત્યારે સહુ ભજન કરવા લાગ્યાં ને લાલાભાઈએ તુરત દેહ મેલી દીધો ને અક્ષરધામમાં ગયા. તે વખતે ભગવાનભાઈના દીકરા હરિભાઈને તેડવા સારું માણસ ખેતર ગયું તેને રસ્તામાં એક આહીર મળ્યો તેણે પૂછ્યું જે 'તું ક્યાં જાય છે ? ત્યારે તે કહે 'લાલાભાઈ દેહ મેલી ગયા તેથી હરિભાઈને બોલાવવા જાઉં છું' ત્યારે તે આહીર બોલ્યો જે લાલોભાઈ તો આ ઘડી રથમાં સાધુની સાથે જાળીયાને મારગે ગયા.' ત્યારે તે માણસ કહે 'તેને તો હેઠે લીધેલા હું જોઈને આવું છું' પછી હરિભાઈને બોલાવીને ગામમાં આવ્યા ત્યારે તે આહીરે લાલાભાઈને હેઠા લીધેલ ભાળ્યા તે પરચો જોઈને તે આહીર તુરત સત્સંગી થયો.

## ગઢડા ગોપાળાનંદ સ્વામીએ ઉપલેટાના લાલાભાઈને સમાધિ કરાવીને મહારાજના દર્શન કરાવ્યા

ગામ ઉપલેટાના લાલોભાઈ શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગઢડે જાતા હતા ત્યારે રસ્તામાં એક હરિભક્ત ભેગો થયો તે પણ મહારાજનાં દર્શન કરવા જતો હતો. તે બેય ચાલ્યાં જતા હતા ત્યાં રસ્તામાં માણસ મળ્યા ને તેમણે કહ્યું, 'તમે ક્યાં જાઓ છો ?' ત્યારે જવાબ દીધો જે ' સ્વામિનારાયણનાં દર્શન કરવા જઈએ છીએ' ત્યારે તે માણસો કહે 'તમારા સ્વામિનારાયણ તો પરમ દિવસે ધામમાં ગયા.' તે સાંભળી બીજો ભેગો થયેલો હરિભક્ત કહે, 'ચાલો ત્યારે આપણે પાછા ઘેર જોઈએ' ત્યારે લાલોભાઈ કહે, 'ગોકુળ મથુરા વગેરે પરોક્ષ તીર્થ કરવા જાય છે તેને તો હજારો વરસ થઈ ગયા છે ને હજુ ગઢડામાં તો સ્વામિનારાયણનાં પગલા ભૂસાણાં નથી' એમ કહીને પોતે ગઢડે ગયા ને મંદિરમાં ગોપીનાથજીનાં દર્શન કરીને ગોપાળાનંદ સ્વામીને આસને જઈ દંડવત્ કરી પગે લાગીને બેઠા ત્યારે સ્વામીએ કહ્યું, 'લાલા તું આવ્યો ?' ત્યારે લાલોભાઈ જરા દિલગીર થઈને બોલ્યા જે 'હે સ્વામી મને મહારાજના દર્શન ન થયાં' ત્યારે સ્વામી કહે 'જેવી મહારાજની મરજી, તું હમણાં રોકાજે ને મહારાજનું કારજ થઈ રહે પછી ઘેર જાજે.' પછી તે ત્યાં રહ્યા ને ઘણી સેવા કરીને તેરમાને બીજે દિવસે ગોપાળાનંદ સ્વામી પાસે આવી પગે લાગીને બેઠાં ત્યારે સ્વામીએ

લાલાભાઈને સમાધિ કરાવી તેથી અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજના દર્શન થયાં ને સિંહાસનની પાસે ગોપાળાનંદ સ્વામીનાં પણ દર્શન થયાં તથા અનંતકોટિ મુક્તનાં દર્શન થયાં.

## શ્રીજીમહારાજે લાલાભાઈને ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહ્યો

ત્યારે લાલાભાઈએ મહારાજને સ્તુતિ કરીને પૂછ્યું, 'હે મહારાજ ! આ તમારા સિંહાસન પાસે બેઠા તે કોણ છે ?' ત્યારે મહારાજ કહે, 'તે ગોપાળાનંદ સ્વામી છે તે મૂળ અક્ષર છે ને તેનાં ચાર સ્વરૂપ છે તે એક ધામરૂપે ધરી રહ્યા છે ને બીજે સ્વરૂપે અમારી સેવામાં છે ને ત્રીજે સ્વરૂપે અહીં અનંતકોટિ મુક્ત સાથે રહ્યા છે ને ચોથે સ્વરૂપે પૃથ્વીમાં પ્રગટ થયા છે.' તે સાંભળી લાલાભાઈ બોલ્યા, 'મહારાજ ! તમે વચનામૃતમાં તો બે સ્વરૂપ કહ્યા છે તે હવે ચાર કેમ કહો છો ?' ત્યારે મહારાજ કહે, 'તે તો અનંતરૂપ ધરવાને સમર્થ છે જેમ વ્યાસજીએ શુકજીને સાદ કર્યો ત્યારે તેણે સ્થાવર જંગમરૂપે રહીને સાદ કર્યો હતો ને શુકજીએ હુંકારો દીધો તે પણ સ્થાવર જંગમરૂપે રહીને દીધો હતો તે તો સિદ્ધ હતા ને આ તો તેથી અણું માત્ર પણ ન્યૂન નથી. એટલા માટે જ અમે તેને બેય આચાર્યની તથા સત્સંગ બધાની સોંપણી કરીને આવ્યા છીએ. માટે તું તે કહે તેમ કરજે.' તે સાંભળીને લાલોભાઈ સમાધિમાંથી જાગ્યા ને બેઠા થઈ સ્વામીને પગે લાગી સ્તુતિ કરીને બોલ્યા જે 'હે સ્વામી તમે તો અક્ષરમુક્તથી પણ મોટા છો' એમ કહીને પોતાને ઉતારે ગયા ને બીજે દિવસે સ્વામી પાસે જઈ પગે લાગીને રજા માગી ત્યારે સ્વામીએ કહ્યું, 'તું તારા ગામમાં વાતો કરજે તેથી તારા ગામમાં સત્સંગ વધશે.' પછી લાલોભાઈ સ્વામીને તથા સર્વે સંતને પગે લાગીને આવ્યા ને ત્રીજે દિવસે ઉપલેટે આવ્યા ને વાતો કરીને ઘણા આહીરને હરિભક્ત કર્યા.

## શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીની મોટાઈ કહી

શ્રીજીમહારાજ પોતાને દેહ મૂકવા આડા પાંચ દિવસ રહ્યા ત્યારે અર્ધી રાત્રિ સમે બોલ્યા જે, ''અમ પાસે કોણ છે ?'' ત્યારે એમ કહ્યું જે, ''મૂળજી

બ્રહ્મચારી તથા શુકમુનિ તથા રતનજીભાઈએ ત્રણે છીએ.'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એક મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો, પણ બીજા કોઈને ભેળા લાવશો નહીં.''

પછી રતનજીભાઈ મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવ્યા, ને તે આવીને મહારાજ પાસે બેઠા. ત્યારે તેમને મહારાજે કહ્યું કે, ''તમારે અમારો વિશ્વાસ છે ?'' ત્યારે તેમણે કહ્યું કે, ''અમારે તો તમારો સંપૂર્ણ વિશ્વાસ છે.'' પછી શ્રીજીમહારાજે એમ કહ્યું કે, ''ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં સર્વે રહેજો. તે અક્ષરધામમાં પણ સર્વેને વર્તાવે છે, ને જે મૂળ અક્ષર છે, તે જ એ સ્વયં છે.''

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! એ તો બહુ મોટા છે, ને આટલા દિવસ આ વાત અમને કેમ ન કહી ?'' પછી શ્રીજી બોલ્યા કે, ''આટલા દિવસ ન કહી, તે તો કેટલાક જૂનાને ઠીક ન પડે તે સારું ન કહ્યું, પણ આજથી એમની આજ્ઞામાં રહેજો.'' પછી મુક્તાનંદ સ્વામી એમ બોલ્યા કે, ''હે મહારાજ, અમે એમની આજ્ઞામાં સદા નિશ્ચે વર્તશું.'' એમ કહીને વંદન કર્યું ને શ્રીજીમહારાજે આજ્ઞા કરી એટલે સ્વામી પોતાના આસને પધાર્યા.

## ગોપાળાનંદ સ્વામીએ હરજી ઠક્કરની રક્ષા કરી

મહારાજ દેહોત્સવ કરવા તૈયાર થયા તેથી પહેલાં સર્વેએ પૂછ્યું જે, ''હે મહારાજ ! અમને શી આજ્ઞા કરો છો ?'' પછી મહારાજે જેમને જેમ ઘટે તેમ કહ્યું. પછી હરજી ઠક્કરે પૂછ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ રાખજો.'' પછી છ મહિના સ્વામીનો સમાગમ કરતા ને છ મહિના વ્યવહાર કરતા ને છાનો અફીણનો વેપાર કરતા. પછી એમના પિતરાઈ જે પ્રેમજી ઠક્કર તેણે સરકારમાં ચાડી ખાધી જે, હરજી ઠક્કરના ઘરમાં અફીણ છે. પછી સરકારની જપ્તી આવી તેથી મોર ગોપાળાનંદ સ્વામીએ દિવ્યરૂપે આવીને બપોરે કહ્યું જે, ''સૂઈ કેમ રહ્યો છે ? પ્રેમજી ઠક્કરે સરકારમાં અફીણની ચાડી ખાધી છે જે, હરજી ઠક્કરના ઘરમાં અફીણ છે તે સારું જપ્તી આવે છે. માટે અફીણ સંતાડી દે, નહિ તો તારું ઘર જપ્ત કરશે.''

પછી હરજી ઠક્કર ઊઠીને કપાસિયાની વખારમાંથી અફીણ કાઢીને ત્રીજા ઘરમાં છાણાના મોઢવા હેઠળ ઘાલી દીધું. પછી જપ્તીવાળાએ ઘરજપ્ત કરીને ઘરનો ઝાબદો લીધો, પણ અફીણ નીસર્યું નહીં. એટલે હરજી ઠક્કરે એને એમ કહ્યું

જે, ''મારી લોકમાં લાખ રૂપિયાની આબરું છે, તેને તમે લીધી; તે સારું હું સરકારમાં અરજી કરીશ.'' પછી જપ્તીવાળા ચાલ્યા ગયા એમ ગોપાળાનંદ સ્વામીએ સહાય કરી.

## વડતાલમાં ગોપાળાનંદ સ્વામીએ વરસાદ વરસાવ્યો

અને વડતાલમાં સભા મધ્યે ત્યાંના પાટીદારોએ ગોપાળાનંદ સ્વામીને એમ પ્રાર્થના કરી જે, ''હે સ્વામી ! જો એક વરસાદ થાય તો બાજરી તથા તમાકુ આદિક સર્વે નીપજે.''

પછી બીજે દિવસે બપોરે ઘણો વરસાદ વરસવા લાગ્યો અને ભેળો વાયરો પણ ઘણો. તે જોઈને સ્વામી પાસે બેઠેલા એવા જે હરજી ઠક્કર તે એમ બોલ્યા જે, ''હે સ્વામી ! આ વાયરે કરીને બાજરીઓ સર્વે ભોંય પડી જશે. માટે વાયરો બંધ થાય ને એકલો વરસાદ વરસે તો ઠીક.'' પછી સ્વામીએ આકાશ સામી દૃષ્ટિ કરી એટલે વાયુ બંધ થયો અને વરસાદ ઘણો વરસ્યો.

## ગોપાળાનંદ સ્વામીના પત્રથી શ્રીહરિએ સર્વે દેશમાં વરસાદ કર્યો

અને ગોપાળાનંદ સ્વામી વડતાલમાં હતા ને ચરોતર દેશમાં વરસાદની બહુ તાણ હતી. તે ઘણા હરિજન આવીને એમ કહેવા લાગ્યા કે, ''સ્વામી ! વરસાદ ક્યારે થશે ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ''લ્યો મહારાજ ઉપર કાગળ લખીએ.'' એમ કહીને પત્ર લખીને કાશીદાસને પત્ર આપીને ગઢડે મહારાજ પાસે મોકલ્યા. તે ત્યાં ગયા ને પત્ર આપ્યો.

તે પત્ર વાંચીને મહારાજ બોલ્યા કે, ''આ કાશીદાસ બહુ મોટા હરિજન છે. તે ગોપાળાનંદ સ્વામીનો પત્ર લઈ વરસાદ લેવા માટે આવ્યા છે. માટે ચાલો, આપણે સર્વે ઘેલે ના'વા જઈએ.'' એમ કહીને સર્વેને ભેળા લઈને મહારાજ ચાલ્યા. ત્યારે બીજા ભક્તોને એમ ઘાટ થયો કે, 'ઘેલામાં પાણી નથી, તે મહારાજ ક્યાં ના'શે ?' ત્યારે ઘેલામાં ગયા તે સમયે બહુ વરસાદ થયો અને સર્વે પલળી ગયા. ને મહારાજ ઉપર છત્ર ઝાલી હતી, તે પણ તૂટી ગઈ અને મહારાજ પણ પલળી ગયા.

ઘેલામાં પાણી પણ અતિ ડહોળું આવ્યું. તેને જોઈ મહારાજ બોલ્યા કે, ''આમાં નવાશે નહીં. આપણને તો વરસાદે નવરાવ્યા છે; માટે ચાલો પાછા

જઈએ.'' એમ કહીને પાછા આવ્યા. એમ ગોપાળાનંદ સ્વામીના કાગળે કરીને સર્વે દેશમાં વરસાદ કર્યો.

## ગોપાળાનંદ સ્વામી દ્વારા વડતાલમાં સર્વેની મરકીથી રક્ષા

અને કોઈક સમયને વિષે પેથાપુરના જેઠા વ્યાસ તીર્થ કરવા ચાલ્યા, તે અમદાવાદ આવ્યા. ત્યાં રામનવમીનો સમૈયો કરી વડોદરા, ભરૂચ, સુરત, ખંભાત થઈ વડતાલ આવ્યા. ત્યારે મંદિરમાં સર્વે સંતે કહ્યું જે, ''ઉનાળામાં કોગળિયાનો ઉપદ્રવ છે, તે હવે પાછા ઘેર જાઓ.'' પણ પોતાને પંચતીર્થી જવાનો સંકલ્પ હતો, તેથી મનમાં ઉદાસ થઈને સૂતા.

ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું જે, ''અમે એક સ્વરૂપે સંત સહિત રઘુવીરજી અમદાવાદ જાય છે તે ભેળા જાશું, ને બીજે સ્વરૂપે તમારા ભેળા આવશું. માટે સુખે પંચતીર્થી કરવા જાઓ.'' એમ મહારાજે કહ્યું ત્યારે એ રાજી થઈને નિર્વિઘ્ન તીર્થ કરીને ઘેર પહોંચ્યા.

બીજું સ્વરૂપ રઘુવીરજી મહારાજ ભેળે અમદાવાદ આવ્યું અને તે રઘુવીરજી મહારાજ આઠ દિવસ શ્રીનગરમાં રહીને જેતલપુર થઈને ખેડે ગયા. ત્યાં સાંજ વખતે સભામાં સર્વે સાધુ-હરિજન બેઠા હતા. તે સમે ગોપાળાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને એમ કહ્યું જે, ''કંઈક ઉપદ્રવ જેવું જણાય છે.'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ એમ કહ્યું જે, ''પરમેશ્વરની જેમ ઈચ્છા હશે તેમ થશે.'' પછી ગોપાળાનંદ સ્વામીએ એમ કહ્યું જે, ''આપણે પણ જગતમાં છીએ તે આવશું જ તો.''

પછી બીજે દિવસે ડભાણ થઈને વડતાલ ગયા. ત્યાં રાત્રીએ દશ વાગ્યે ગોપાળાનંદ સ્વામી એમ બોલ્યા જે, ''કોઈક ગૃહસ્થ હોય તો કાઢી મેલો.'' એમ કહીને એમ બોલ્યા જે ''ધર્મશાળા કેડે પાંચ રાંડો ઊભી છે. તે એમ વિચાર કરે છે જે, 'પેલા મંદિરમાં જાશું કે ગામમાં જાશું ?' ત્યારે એક એમ બોલી જે, 'મંદિરમાં તો એક બાવો વસમો છે તે કનડે.' એમ કહીને બે ભોઈવાડામાં ગઈ અને ત્રણ કોળીવાડામાં ગઈ.'' પછી ગામમાં ભારે કોગળિયાનો ઉપદ્રવ થયો. પછી ગામને ઝાંપે લોકે મળીને પાડો માર્યો, એટલે કોગળિયાનો રોગ વૃદ્ધિ પામ્યો.

પછી ગામમાં સર્વે લોકે મળીને ગોપાળાનંદ સ્વામી પાસે આવીને પ્રાર્થના

કરી કે, ''સ્વામી, અમે તો સર્વે મરી જાશું.'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''અહીં સાક્ષાત્ લક્ષ્મીનારાયણ વિરાજમાન છે તથા રઘુવીરજી મહારાજ તથા નિત્યાનંદ સ્વામી જેવા સંત તથા હનુમાનજી વિરાજમાન છે. તેમને મેલીને માતા આગળ પાડો માર્યો, માટે મરવાના જ છો.'' ત્યારે તે પાટીદારોએ સ્વામીને કહ્યું જે, ''બાપજી ભૂલી ગયા હવે તમે દયા કરો.'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''જાઓ બ્રાહ્મણની ચોરાશી કરાવોને હનુમાનજીની રુદ્રી કરાવો.'' પછી તેમણે તેવી રીતે કરાવ્યું ને રોગનિવૃત્તિ પામી ગયો.

## ગોપાળાનંદ સ્વામીનાં દર્શને શેષજી આવ્યા

અને કોઈક સમયને વિષે મંડળે સહિત ગોપાળાનંદ સ્વામી તથા મૂળજી બ્રહ્મચારી આદિક ગઢડાના સાધુ ને દાદા ખાચર, નાગમાલો એ સર્વે ગઢડેથી વડતાલે જતા હતા. ભાલ દેશમાં ગયા. ગોપાળાનંદ સ્વામી ગાડીમાં બેઠા હતા ને મૂળજી બ્રહ્મચારી ગાડી હાંકતા હતા. ને સર્વે સાધુ ભેળા ચાલ્યા આવતા હતા. ને ચીલો પણ ઊંડો હતો. તે વગડામાં જતા એક ભારે નાગ વાંસે દોડીને આવ્યો. ત્યારે સ્વામીએ ગાડી ઊભી રખાવી. એટલે એ નાગ પાસે આવીને ફણા ઊંચી કરીને વારંવાર પગે લાગ્યો.

ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, ''હવે તમે જાઓ.'' એમ કહીને ગાડી હંકાવી. ત્યારે તે નાગ પણ ભેળો ચાલ્યો આવે. ત્યારે સ્વામીએ વળી એમ કહ્યું જે, ''હવે તમે જાઓ.'' પછી એ નાગ છેટે જઈને ફેર દોડીને આવ્યો. ફરી ગાડી ઊભી રાખી. તે નાગ ફણા ઊંચી કરીને ગોપાળાનંદ સ્વામીને વારંવાર પગે લાગવા માંડ્યો. ત્યારે સ્વામીએ તેને એમ કહ્યું કે, ''હવે તમે જાઓ ફેર આવશો નહીં.'' પછી એ ગયો. ભેળા સાધુ હતા તેમણે પૂછ્યું જે, ''તે કોણ હતો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''એ શેષજી દર્શને આવ્યા હતા.''

## ગોપાળાનંદ સ્વામીએ સંતોની વરસાદથી રક્ષા કરી

ગોપાળાનંદ સ્વામી ગાડીમાં બેસીને કોઈ ગામ જતા હતા ને બીજા સાધુ ભેળા ચાલ્યા આવતા હતા. તે સમે મેઘ વરસવા મંડ્યો, તે ગાડી ઉપર જળનું ફોરું ન પડે અને બીજા સર્વે પલળી ગયા.

## પૂ. સ્વામીનું ન માનવાથી ભગવદાનંદ સ્વામીનાં પુસ્તક પલળ્યાં

કોઈક સમયે ગોપાળાનંદ સ્વામી ભેળા ભગવદાનંદ સ્વામી હતા. તે ગામથી બીજે ગામ જવા સારું તૈયાર થયા. ત્યારે ગોપાળાનંદ સ્વામી પુરુષાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા જે, ''આપણાં પુસ્તકોને મીણિયા બાંધજો.'' ત્યારે ભગવદાનંદ સ્વામી બોલ્યા જે, ''સ્વામી, વરસાદ પણ નથી અને વાદળાં પણ નથી. તે પુસ્તકે મણિયા કેમ બંધાવો છો ?'' એમ કહીને તે હસ્યા, તો પણ સ્વામીએ મીણિયા બંધાવ્યાં. ભગવદાનંદ સ્વામીએ તો ન બાંધ્યા.

પછી ચાલ્યા ને રસ્તે જતાં વરસાદ થયો. તે ગોપાળાનંદ સ્વામીનાં પુસ્તક ન પલળ્યાં અને ભગવદાનંદ સ્વામીનાં પુસ્તક પલળી ગયાં. એ જોઈને બધા આશ્ચર્ય પામ્યા.

## પૂ. સ્વામીને કેદ કરવાની વાત કરનારો કેદખાનામાં....

કોઈક સમયને વિષે ગોપાળાનંદ સ્વામી ઉમરેઠમાં હતા ને ત્યાંના કુમાશદારે મંદિરના ઓટલા ખોદવાનો હુકમ કર્યો, ત્યારે સ્વામીએ ના પાડી. ત્યારે કુમાશદારે એમ હુકમ કર્યો જે, ''ના પાડનારને અહીં બોલાવો.'' એમ કહીને એક સિપાઈ મોકલ્યો, તોયે ન ગયા. પછી બે સિપાઈ મોકલ્યા, તોયે ગયા નહીં. ત્યારે એમ હુકમ કર્યો કે, ''એમને બાંધીને લાવો.'' એમ કહીને પાંચ સિપાઈઓ મોકલ્યા.

પછી સ્વામી ત્યાં ગયા. ત્યારે સ્વામીને જોઈને તે કુમાશદાર ત્યાંથી ઊઠીને સંતાઈ ગયો. પછી બીજા સારા લોકો વિનય કરીને સ્વામીને મંદિરમાં લઈ ગયા. અને બીજે દિવસે ખેડાથી સાહેબનો હુકમ આવ્યો કે, કુમાશદારને કેદ કરીને લાવવો. પછી તેવી રીતે કરીને ખેડા લઈ ગયા અને તેની કલમ કાપી નાખી.

## ગોપાળાનંદ સ્વામીએ ભૂત ભગાડ્યું

એક સમયે ગઢડામાં ગોપાળાનંદ સ્વામી પાસે એક વણિક આવ્યો. તેને ભૂત વળગ્યું હતું. સ્વામીએ ભૂત કાઢી તેને નિયમ ધરાવ્યા. પછી તે સાધુ થયો અને સમાધિ પણ થવા માંડી, પણ જ્ઞાન વિના સત્સંગમાંથી ગયો.

## સ્વપ્નામાં પગે લાકડું વાગ્યું ને પગ સાચે સૂણ્યો

અને જેવી જાગ્રતમાં માનીનતા છે, તેવી સ્વપ્નમાં હોય તો સરખું કર્મ લાગે. તે ઉપર ગોપાળાનંદ સ્વામીએ બુધેજના ખોડાભાઈની વાર્તા કરી જે, ''ગુડેલમાં એક હરિભક્તે દેહ મેલ્યો; તેને મહારાજ ઘણાક સાધુ ભેળા લઈને તેડવા આવ્યા. એવા બુધેજમાં ખોડાભાઈને સ્વપ્નમાં દર્શન થયાં ને પોતે પણ ભેળા થયા. તે માર્ગમાં જાતાં બહુ ભીડ, તે માટે પડખે ચાલ્યા. ત્યાં માર્ગમાં મોટું લાકડું પડ્યું હતું, તે ઢીંચણમાં વાગ્યું. ત્યારે તે જાગી ગયા ને પગ સૂણ્યો. એમ સાચું થયું.''

## ગોપાળાનંદ સ્વામીના વચને ખેડાના સાકરલાલ સુખી થયા

અને ગોપાળાનંદ સ્વામીએ ખેડાના સાકરલાલને એમ કહ્યું જે, ''તમે વૈદુ કરો, તમને આવડશે.'' પછી તેણે તેમ કર્યું ને તે આવડ્યું. ને વ્યવહારમાં સુખી કર્યા.

## ગોપાળાનંદ સ્વામીએ મૂંગાને બોલતો કર્યો

સુરતનો કોઈક સદ્‌ગૃહસ્થ ફારસી (પારસી) હતો અને તેને વૃદ્ધપણામાં એક છોકરો થયો. તે છોકરાની જીભ સારી પણ કાંઈ બોલતા આવડ્યું નહીં. પછી તે ફારસીએ ઘણાક ઉપાય કર્યા પણ ફેર પડ્યો નહીં. પછી કોઈક હરિભક્તે તેને કહ્યું જે, 'કોઈક સત્પુરુષ મળે ને તે કૃપા કરે તો મૂંગાને પણ વાચાળ કરે, તે વિના નહિ મટે.' પછી તેણે તેને પૂછ્યું જે, ''તમારામાં કોઈ સત્પુરુષ છે ?'' ત્યારે તે હરિભક્તે ગોપાળાનંદ સ્વામીને તેને બતાવ્યા. પછી તે પોતાના પુત્રને લઈને વડતાલ આવ્યો. પછી તે ઠાકોરજીનાં દર્શન કરીને પૂછતો સ્વામીને આસને આવ્યો. તે વખતે સ્વામી પૂજા કરતા હતા. તે સ્વામીને અતિશે વિનય કરીને પગે લાગ્યો. છોકરાને સ્વામીને પગે લગાડીને સમીપે બેઠો.

પછી સ્વામીએ તેના અંતરની વાત જાણીને ઠાકોરજીને પૂજામાં અરધું કેળું ધર્યું હતું, તે તેના છોકરાને આપ્યું. અને બોલ્યા જે, ''બચ્ચા જમી જા.'' ત્યારે તે જમી ગયો ને જમીને તરત એ છોકરો બોલ્યો. તે જોઈને તે ફારસી બહુ રાજી થયો, ને તે સ્વામીની તથા ઠાકોરજીની ઘણીક સેવા કરીને ગયો અને તેના મનમાં

એમ થયું જે, 'આ ગોપાળાનંદ સ્વામી પણ ભગવાન જેવા છે. એમ ભગવાનના તુલ્યભાવને પામ્યા હોય તે પણ 'मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम्' એમ કહે છે.

## મોટા સંતનો મહિમા - પ્રસાદીનો મહિમા

એક વાર શિવલાલભાઈએ તેમણે આ વાત કરી. હે પિતાજી તમે શ્રીજીમહારાજને રાજી કરી શક્યા નથી. તેથી તમને અશાંતિ રહે છે. મહારાજને સ્થાને અત્યારે ગોપાળાનંદ સ્વામી છે. તેમને તથા સંતોને રસોઈ આપી રાજી કરો તો તમારા અંતરમાં શાંતિ થશે. બાકી ઘણા રૂપિયા વાપરશો છતાં અંતર કજિયો મટશે નહીં.' પછી જ્યારે ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારવાના હતા ત્યારે ભગાદોશી અને શિવલાલ બંને જૂનાગઢ પધાર્યા. ભગાદોશીએ સંતો પાસે પોતાની ભૂલ સ્વીકારતા કહ્યું, 'હું મહારાજની મરજી સમજી શક્યો ન હતો. તેનું કારણ મારામાં રહેલા અહં અને આસક્તિ જ હતા. તેથી મહારાજની મરજી સમજી શક્યો નહીં અને મેં મારું મનધાર્યું કર્યું હતું. એ મારા ભક્તપણામાં ખામી છે.' એમ પશ્ચાત્તાપ કર્યો અને નિર્માની થઈ બધું જ મોટા સંતોને કહી દીધું. પછી કહ્યું, 'જેમ આપ રાજી થાઓ તેમ કરવું છે, માટે કૃપા કરો.' એમ કહી ગોપાળાનંદ સ્વામીને તથા ગુણાતીતાનંદ સ્વામીને પોતાની રસોઈ લેવાની પ્રાર્થના કરી. બંને સંતોએ તેમની શુદ્ધ ભાવના જોઈ રસોઈની હા કહી.

બીજે દિવસે બોટાદવાળા શેઠ ભગાદોશી તરફથી રસ-રોટલીની રસોઈ રાખી. રાજભોગની આરતી થઈ રહ્યા પછી ગોપાળાનંદ સ્વામી બ્રહ્મચારીની જગ્યામાં આવ્યા. ત્યાં બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ સ્વામીને કહ્યું કે, ''આ રસની કોઠીમાં આપનો હાથ બોળીને પ્રસાદીનો રસ કરી આપો.'' ત્યારે સ્વામીએ પ્રસન્ન થઈને તે રસની કોઠીના તળિયા સુધી પોતાનો જમણો હાથ બોળ્યો. પછી તે હાથ બહાર કાઢતી વખતે બ્રહ્મચારી મહાપુરુષાનંદજીએ પોતાના જમવાના પત્તરમાં સ્વામીનો રસવાળો હાથ લૂઈ બધો જ રસ લઈ લીધો. પછી સ્વામીનો હાથ જળે કરીને ધોઈ દીધો. મહિમાવાળા સંત-ભક્તની વાત અલૌકિક છે.

મહિમા મોટા સંતનો, રાખતા આવો અનંત;
તેથી સુખ બહુ આપતા, રાજી થઈ ભગવંત...૩૫

અંતઃશત્રુ સહુ ભાગતા, તેથી સુખે થતું ભજન;
મહિમાવાળા હોય તેનું, ગહન રહેતું વજન...૩૬

પરસ્પર આવો મહિમા હતો, તેથી આખું વાતાવરણ દિવ્ય રહેતું. ગોપાળાનંદ સ્વામીની કૃપાને અને મહાપુરુષાનંદ બ્રહ્મચારીના મહિમાને લાખો વંદન છે. કેટલો બધો સ્વામીનો મહિમા હશે ? ત્યારે આમ પ્રસાદ લેવાય. અને જેના અંતરમાં આવો મહિમા હોય તેના અંતરમાંથી કામ, ક્રોધ, લોભ, માન આદિ તમામ અંતઃશત્રુ તથા વાસના ઊભી પૂંછડીએ ભાગી જાય. મહિમાવાળાને સુખેથી ભજન થાય અને મહિમાવાળાનો જ સહુને ભાર પડે છે. અભાવ-અવગુણ લેવાવાળાનો કોઈને વજન પડતો નથી. જેને કેવળ નેગેટિવ સાઈડ જોવાની અને અભાવ લેવાની ટેવ હોય એ તો ગમે ત્યારે ભૂંડે હાલે હેરાન થાય છે. તેના અંતરમાં ક્યારેય શાંતિ થતી નથી. માટે પરસ્પર મહિમા રાખવો જોઈએ, તો જ મહારાજ આનંદ આપે છે.

પછી ત્યાંથી સ્વામી સાધુના ભંડારમાં પધાર્યા, ત્યારે ભંડારી સંતોએ કહ્યું જે, ‘‘સ્વામી ! ઠાકોરજીને થાળ ધરાઈ ગયો છે; તો તમે પ્રથમ જમી લિયો, ત્યાર પછી હરે કરીએ.’’ પછી સ્વામી ભંડારમાં બાજોઠ ઉપર બેસીને રસ રોટલી જમ્યા. તે પછી ‘હરે’ શબ્દ થતાં સંતોની. ત્યાં પંક્તિ થઈ. સહુ સંતો પત્તર લઈને બેસી ગયા. ધૂન કરવા લાગ્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામી પોતાનું પત્તર લઈને સાધુને પીરસવા પધાર્યા. અને બીજા સાધુઓ રસનાં તપેલાં ભરીને લાવ્યા.

તેમાંથી સ્વામી પત્તર ભરી ભરીને પીરસવા લાગ્યા, અને ગુણાતીતાનંદ સ્વામી રસમાં દળેલી સાકર પીરસવા લાગ્યા, અને શુકાનંદ સ્વામી રસમાં ઘી પીરસવા લાગ્યા; એવી રીતે પીરસી સૌ સંતોને તૃપ્ત કર્યા. પછી જમીને સૌ સંતો સભામાં આવ્યા. ત્યારે ભગા દોશીએ અને શિવલાલ શેઠે સૌ સંતોને ચંદન ચર્ચી, ચાંદલા કરી, ફૂલના મોટા મોટા હાર પહેરાવ્યા, ધોતિયાં ઓઢાડ્યાં, પછી દંડવત્ કરી પગે લાગ્યા, તે વખતે શેઠ ભગા દોશીના અંતરમાં શાંતિ થઈ ગઈ. પહેલાં મન ધાર્યું, ડહાપણ કર્યું હતું તેનો જે પરિતાપ હતો તે શમી ગયો. આમ મોટા સંતની કૃપા થાય તો હૈયામાં આનંદ લહેરાય. આ રીતે મહારાજ મોટા સંતોમાં રહીને સહુને આનંદ આપે છે. જે મોટા સંતને રાજી કરે છે, તેના ઉપર શ્રીહરિ તત્કાળ રાજી થાય છે તેના સર્વે દુઃખો ટાળે છે,

તેનાથી અંતરમાં ભગવાનનો વાસ થાય છે, સત્ય જ્ઞાનનો પ્રકાશ થાય છે; આમ શ્રીહરિ સંતો રૂપે રહી ભક્તોની આશા પૂરે છે.

## જૂનાગઢમાં ગોપાળાનંદ સ્વામીએ નાગરોને સમાધિ બતાવી

એક વાર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ આવ્યા ને સર્વે સંતને મળીને સભામાં વાતો કરતા હતા તે વખતે ચકુભાઈ તથા તેમના ભાઈઓ વગેરે નાગર સ્વામીને દર્શને આવ્યા ને પગે લાગીને સભામાં બેઠા પછી સ્વામીને કહ્યું, ‘તમે સમાધિ કરાવો છો તે અમને બતાવો.’ ત્યારે સ્વામીએ કેશવદાસજીને બોલાવીને તેમને સમાધિ કરાવી ત્યારે ચકુભાઈએ તથા બીજા નાગરોએ તેમની નાડી જોઈ તથા શ્વાસ જોયો તો નાડી કે શ્વાસ કાંઈ ન મળે પછી તેમણે સ્વામીને કહ્યું, ‘આ સમાધિમાં કાંઈ પરલોકની ચીજ લાવે ખરા ?’ ત્યારે સ્વામી કહે ‘એ ગોલોકમાંથી લીલાં લવિંગ તથા સાકર લાવશે.’ પછી બે કલાક થઈ ત્યારે નાગરોએ સ્વામીને કહ્યું, ‘હવે આ સાધુને સમાધિમાંથી જગાડો.’ ‘ત્યારે સ્વામીએ તે સાધુ સામી દૃષ્ટિ કરી તેજ ઘડીએ તે સમાધિમાંથી જાગ્યા ને એક હાથમાં લીલાં લવિંગ ને બીજા હાથમાં સાકર ભરેલી તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા ને તે સર્વે નાગરો વર્તમાન ધરાવીને સત્સંગી થયા પછી સ્વામીએ લવિંગ તથા સાકરની પ્રસાદી સર્વેને વહેંચી આપી.

## ગોપાળાનંદ સ્વામીએ ગણોદના દરબારને મૂર્તિ આપી હતી તે હજુ તેની પૂજા કરે છે

એક સમયને વિષે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વડતાલથી જૂનાગઢ આવેલા ને ધર્મશાળામાં આસન કરી દેવનાં દર્શન કરી સહુ સંતને મળીને સભામાં બેઠા હતા તે વખતે ગામ ગણોદના હરિભક્ત જીણોભાઈ તથા અભેસિંહજી તથા વજોભાઈ તથા જસા ખવાસ આદિક હરિભક્ત સ્વામીના દર્શન કરવા આવ્યા. તે દંડવત્ પ્રણામ કરી પગે લાગીને સભામાં બેઠા ત્યારે સ્વામીએ અભેસિંહજીને કહ્યું, ‘લિયો આ નારાયણજીભાઈ સુતારની કરેલી મહારાજની મૂર્તિ તમને આપીએ છીએ તેને તમારા ઘરમાં ગોખ કરીને પધરાવજો ને તેને નૈવેદ્ય ધરીને જમજો ને સાંજે દીવો કરજો પણ અપૂજ્ય રાખશો નહિ’ એમ કહીને સ્વામીએ

મૂર્તિ આપી પછી પાંચ દિવસ રહીને તે દરબાર સહુ સાથે ગણોદ ગયા ને દરબારે તે મૂર્તિ પોતાના પટારામાં મૂકીને પરગામ ગયા ને પાછા આવ્યા તો પણ તે મૂર્તિની પૂજા કરવી ભૂલી ગયા તેને ઘણા દિવસ થયા પછી એક દિવસ સાંજ વખતે એમનાં સ્ત્રી ઘરમાં જાય ત્યાં તો પ્રકાશ દેખાણો ને મહારાજ મૂર્તિમાન પટારા ઉપર બેઠેલા ને બોલ્યા જે 'અમને બંદીખાનામાં નાંખ્યા છે તે હવે ક્યારે છોડશો ?' એટલું કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી તે બાઈએ દરબાર આગળ વાત કરી ત્યારે તે બોલ્યા જે 'અરે ભૂલ થઈ ને વાંકમાં આવ્યા, પછી મોટો ગોખ કરાવીને તેમાં મૂર્તિ પધરાવીને પોતે હંમેશાં પૂજા કરતા તે મૂર્તિની પૂજા હજુ પણ બ્રાહ્મણ પાસે કરાવે છે.

## ગોપાળાનંદ સ્વામી ગણોદના જસા ખવાસને કહે જમ કેવા ?

એક સમે ગામ ગણોદના જસો ખવાસ, હઠીભાઈ ભેગા મહારાજના દર્શન કરવા ગયા હતા તે દર્શન કરીને પાછા ઘેર આવ્યા તો પણ તેણે મારગી બાવાનો સંગ મૂક્યો નહિ ને સત્સંગ ન થયો ને પોતે રામકથા કરવા જાય ને વાતો પણ કરે ને પોતે મારગીમાં મોટેરા થયા ને તેણે દેવમુક્ત તથા વિદેહમુક્ત એ બે બાવાને ગુરુ કર્યા હતા. તેને એક વાર શરદઋતુમાં તાવ આવવા માંડ્યો તે દેહની ખબર પણ રહી નહિ ત્યારે જમનાદૂત તેને તેડવા આવ્યા તે જોઈને પોતાના ગુરુઓને સંભારવા માંડ્યો તો પણ જમ મારતા બંધ ન રહ્યા ત્યારે રામ રામ કરવા લાગ્યો ત્યારે જમ કહે, 'તેં રામના નિયમ તો એકેય પાળ્યા નહિ તો આ ટાણે તે શું કામ આવે ?' ત્યારે જસા ખવાસે સ્વામિનારાયણને સંભાર્યા ને મનમાં ઘાટ કર્યો જે 'હે સ્વામિનારાયણ ! તમે ભગવાન હો તો મને જમના મારથી મૂકાવો' એમ સ્તુતિ કરવા લાગ્યો તે વખતે મહારાજે બે સાધુને મોકલ્યા તેનાં જસાભક્તને દર્શન થયાં કે તુરત જમ ભાગી ગયા ત્યારે તેણે મનમાં જાણ્યું જે 'આટલા દાડા મેં ધૂળ ઘાલીને ખુવાર મળ્યો ને સાચા તો સ્વામિનારાયણ છે.' પછી તેણે સાધુને કહ્યું, 'હવે મને મહારાજ પાસે તેડી જાઓ' ત્યારે સાધુ કહે, 'અમે મહારાજને પૂછીને આવીએ' એમ કહી મહારાજને પૂછવા ગયા ત્યારે મહારાજે કહ્યું, 'હમણાં દશ વરસ ભલે રહે ને પાકો સત્સંગી થાશે પછી તેડી લાવશું માટે તેમને કહો જે તને મહારાજ દશ વરસની આવરદા

આપે છે માટે સારો સત્સંગી થાજે પછી સાધુએ આવીને એ પ્રમાણે કહ્યું પછી તે એક માસે સાજો થયો તે વખતે ગામમાં સાધુ આવ્યાના સમાચાર તેને થયા એટલે તેણે મંદિરે આવી વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી સાધુ પાસેથી પૂજા લીધી. પછી કોઈ વાર ત્યાં ગોપાળાનંદ સ્વામી આવ્યા ને જમપુરીની વાતો કરતા હતા ત્યારે જસો ભક્ત ત્યાં સભામાં બેઠા હતા તેને જોઈ સ્વામીએ કહ્યું, 'કા જસાભક્ત જમ કેવા ?' ત્યારે જસો કહે 'અરે સ્વામી ! જમ તો બહુ જ ભૂંડા તેનાથી મને સાધુએ મૂકાવ્યો હતો' પછી સ્વામી કહે 'હવે ખબરદાર થઈને વર્તમાન પાળજો ને મહારાજની સર્વોપરિ ઉપાસના રાખજો.' પછી જસે બરોબર નિયમ પાળવા માંડ્યા ને તિલક કરે તે જોઈને તેના આગળના ગુરુ હતા તે બળી મુવા ને જસાભક્તને ઘેર લાંઘવા સારું આવ્યા તેને જોઈને જસો કહે, 'અરે જમ મારે ઘેર આવ્યા ?' એમ કહી તરવાર લઈને ઊઠ્યો એટલે તેઓ બીને ભાગી ગયા.

પછી દશ વર્ષ પૂરાં થયાં ત્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને તેને કહ્યું, 'તારો દેહ આજથી ત્રીજે દિવસે પડશે માટે તારે કાંઈ દાન પુન્ય કરવું હોય તે કરી લેજે' ત્યારે તેણે પોતાના દીકરાને કહ્યું 'આજથી ત્રીજે દિવસ મારે ધામમાં જાવું છે માટે મારી પાછળ જૂનાગઢ એક રસોઈ આપજો.' પછી ત્રણ દિવસ પૂરા થયા ત્યારે વિમાન લઈને શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા ને વિમાનમાં બેસારીને લઈ ચાલ્યા ત્યારે માર્ગમાં સિદ્ધિઓનો લોક આવ્યો તે વખતે જસાભક્તે તે સિદ્ધિઓ સામું જોયું ત્યારે સિદ્ધિઓ તેને ઉપાડીને પોતાના લોકમાં લઈ ગઈ ને મહારાજ તો વિમાન લઈને અક્ષરધામમાં ગયા. તે વખતે જસાભક્તને પશ્ચાત્તાપ થયો જે 'અરે ભગવાનને મૂકીને અહીં હું ક્યાં આવ્યો ?' એમ વિચારીને તે ધ્યાનમાં બેસી ગયો ને તે વખતે સિદ્ધિઓએ ઘણી તાણ કરી પણ તે સામું જોયું નહિ ને પાંચ દિવસ થયા ત્યારે ગોપાળાનંદ સ્વામીને સંભાર્યા એટલે સ્વામીએ તેને દર્શન દીધાં ને કહ્યું જે 'તમે વર્તમાન નથી ચૂક્યા માટે તમને તેડવા વિમાન આવશે તેમાં બેસી જજો. તમને ધામમાં મહારાજ રાખશે. તમે મૂંજાશો નહિ' એમ કહીને સ્વામી પાછા અક્ષરધામમાં ગયા. તે સમે કોઈ હરિભક્તને તેડવા સારું વિમાન લઈને મહારાજ ગયા હતા તે તેને તેડીને પાછા વળ્યા ને સિદ્ધિઓનો લોક આવ્યો ત્યાં વિમાન ઊભું રાખ્યું. તેમાં જસો ભક્ત ચડી બેઠાં ને અક્ષરધામમાં ગયાં.

## ગોપાળાનંદ સ્વામીએ પંચાણવા કાળમાં થાણાગાલોલના માવાભક્તની બાજરાની કોઠી અખૂટ કરી

એક વાર જૂનાગઢના મંદિરમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને મળીને સભામાં ગાદી તકિયા ઉપર બિરાજમાન થયા તે વખતે ગામ થાણાગાલોલના ભક્ત માવોભાઈ આવ્યા તે સ્વામીને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. ને પછી હરિભક્ત ભેગા સભામાં બેઠા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું ‘હે માવાભક્ત ! આ પંચાણવો કાળ પડ્યો છે તે તમારા ઘરમાં દાણા કેટલા છે ?’ ત્યારે કહે ‘સ્વામી ! કોઠીમાં એક ખાંડી દાણા છે.’ પછી સ્વામી કહે ‘તમે ઘેર જઈને એ કોઠીનું ઢાંકણું છાંદી લેજો ને સાણેથી કાઢી કાઢીને દાણા ખાજો ને વેચજો ને તેના રૂપિયા આવે તેના ઘી-ગોળ લઈને ખાજો ને સાથીના મસારા પણ તે દાણા વેચીને દેજો ને દાણા નહિ ખૂટે.’

પછી માવો ભક્ત બે દિવસ સ્વામીની વાતો સાંભળીને સહુ સંતને પગે લાગીને ઘેર ગયા ને બાજરાની કોઠીનું ઢાંકણું છંદાવી લીધું પછી તેને સાણેથી કાઢીને હંમેશાં બાજરો ખાવા માંડ્યા ને વેચવા માંડ્યા તેના રૂપિયાના ઘી-ગોળ લઈને ખાય ને સાથીના મસારાના રૂપિયા પણ તે બાજરો વેચીને દીધાં પણ ખૂટ્યો નહિ. ને સામા વરસ સુધી પહોંચ્યો. ને બીજી સાલમાં બાજરો ઘણો પાક્યો એટલે ખળામાંથી બાજરાનાં ગાડાં ભરીને ઘેર લાવ્યા ત્યારે માવાભક્તે પોતાના દીકરા જેરામને કહ્યું, ‘આ કોઠી તો જુઓ કેટલો બાજરો છે ? તે અધુરી હોય તો તેમાં નવો બાજરો નાખીએ’ ત્યારે તેણે ઢાંકણું ઉઘાડ્યું ત્યાં તો બાજરો માથાલગણ ભરેલો જોયો તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે ‘આ તો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પરચો આપ્યો છે.’

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના ગુણોનું વર્ણન

એક વાર શ્રી રઘુવીરજી મહારાજે ગઢપુરથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સોરઠમાં સત્સંગ કરાવવા મોકલ્યા. તે ફરતા ફરતા ગામ મેંગણી આવ્યા ને ગામથી થોડે દૂર એકાંતમાં આંબાના વનમાં સાધુઓએ સહિત બેસીને શ્રીજીનું ધ્યાન કરતા હતા ને યોગાસનવાળી નેત્રકમળને વીંચીને અંતરદૃષ્ટિ કરી ગયા

હતા તે વખતે મુનિ નિર્મળ અને શુદ્ધ અંતઃકરણથી અતિશય શોભતા હતા. ને ત્રણ અવસ્થાથી પર પ્રકાશમાન જે બ્રહ્મ સ્વરૂપ પોતાનો આત્મા તેને વિષે શ્રીધર્મદેવના પુત્ર હરિકૃષ્ણ મહારાજને પ્રેમરૂપી દોરીએ કરીને બાંધી રહ્યા હતા. તેથી જળથી જેમ રસ જુદો ન પડે તેમ સ્વામીથી એક ક્ષણ પણ જુદા પડવાને સમર્થ થઈ શકતા નહોતા ને તેથી તે મુનિ પોતાના ગુણાતીત આનંદને હંમેશા અનુભવતા અને પોતે તપે કરીને તેજસ્વી દેખાતા ને દયાના સ્થાનરૂપ હતા અને માણસોના અજ્ઞાનરૂપી અંધકારને ટાળવાનો સૂર્ય સમાન હતા ને માયાના ગુણથી પર સ્થિતિવાળા તથા કામદિક શત્રુનો પરાજય કરનારા હતા અને પોતાના ઈષ્ટદેવ સિવાય અક્ષર સુધીના સુખની તૃષ્ણા વગરના એવા વૈરાગ્યવાળા અને હરિભક્તોની પીડા હરવામાં અતિ સમર્થ અને પોતાના યોગબળે કરીને જનસમાજને આશ્ચર્ય પમાડે અને ફક્ત ભગવાનને ધારી રાખવા ને રાજી કરવા સારું જેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કરેલો હતો તથાપિ લેશમાત્ર જેમનામાં ગર્વ નથી એવા અને અતિ ગંભીર મનવાળા અને વેદશાસ્ત્રના સિદ્ધાંતને જાણનારા અને પોતાના અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરનારા અને વ્યાસસૂત્ર ઉપનિષદ અને ગીતાના ભાષ્યો રચી આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન સમજાવી અજ્ઞાન હરનારા અને પૃથ્વીના જેવી જેમનામાં ક્ષમા રહેલી છે ને પવિત્રતા તથા સાધુતાની સીમારૂપ અને ઉપશમ અવસ્થા રાખી બહારનાં તથા અંદરનાં ઈન્દ્રિયોને નિયમમાં રાખનારા અને સદા સત્ય તથા પ્રિય બોલનારા તથા અનેક જીવના ત્રણેય પ્રકારના તાપ હરે એવું છે દર્શન જેમનું એવા અને સર્વના હિતના કરનારા અને નાશ પામેલા છે. માન મત્સર વગેરે દોષ જેમના અને મહાત્મા પુરુષોએ પણ શીખવા યોગ્ય છે ગુણ જેમના એવા અને સંતોષ તથા શીલે યુક્તે એવા અને અત્યંત રમણીય તથા ઈન્દ્રાદિકનેય દુર્લભ એવા વિષયો થકી પણ ઉદાસી રહે છે મન જેમનું એવા અને માણસો જેમ ઝેરનો ત્યાગ કરે તેમ જેણે બધા વિષયો તજી દીધેલા છે એવા અને દીર્ઘદર્શીઓનાં પણ શ્રેષ્ઠ એવા અને પ્રાણીઓનું હિત કરવામાં સદા તત્પર રહેલા અને યોગથી પ્રાપ્ત થતી જે અણિમાદિક સિદ્ધિઓ તેનો પણ તિરસ્કાર કરનારા અને પવિત્ર છે સર્વ આચરણ જેમનાં એવા અને સદા ભગવાનને વહાલા અથવા ભગવાન છે વહાલા જેમને એવા અને સમદષ્ટિવાળા પુરુષોએ પણ પ્રાર્થના કરવા યોગ્ય છે. દર્શન જેમનું એવા અને હંમેશાં

ભગવાનની અનુવૃત્તિમાં જ વર્તનારા અને શ્રીજીને રાજી કરવા સારું પૃથ્વી ઉપર એકાંતિક ધર્મને વર્તનારા એક સહજાનંદ સ્વામીના ચરણકમળમાં જ રાખેલ છે. મનરૂપી ભમરો જેમણે એવા સુડતાલીસ ગુણ કહ્યા તેણે યુક્ત એ ગોપાળાનંદ સ્વામી હતા તેમનો પ્રતાપ ઘણો તે સ્વામી ત્યાં બાગમાં બેઠાં થકા શ્રીહરિનું ધ્યાન કરતા હતા તે વખતે સ્વામીના ધ્યાનના પ્રતાપે કરીને તે બાગમાં પ્રાણીમાત્ર પરસ્પર નિર્વૈર થઈ ગયા હતા.

## મેંગણીના માનસિંહ રાજાને સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શન માત્રે સમાધિ થઈ

તે સમે કાંઈ રાજકાર્ય માટે બીજે ગામ ગયેલા હતા જે માનસિંહ રાજા તે પોતાના સૈન્યે સહિત પાછા પોતાને ગામ આવતા હતા તેમણે દૂરથી સાધુને જોયા તેથી ત્યાં દર્શન કરવા આવ્યા ને ઘોડેથી ઊતરીને સાધુઓને નમસ્કાર કર્યા ને ત્યાં તેણે ધ્યાનમાં બેઠેલા ગોપાળાનંદ સ્વામીને દીઠા તે દર્શનમાત્રથી જ રાજાનું મન પરમ શાંતિને પામી ગયું ને સમાધિમાં ઊતરી ગયા ને સ્વામી આગળ સ્થિર થઈને બેઠા. તે જોઈ દીવાન વગેરે તેમનાં માણસો અતિશય આશ્ચર્ય પામી ગયાં તેવામાં સાધુઓ તથા સ્વામી જાગ્રત થયા ને સ્વામીએ પોતાની પાસે સમાધિમાં બેસી ગયેલા રાજાને જોયા એટલે દિવાનને પૂછ્યું ત્યારે જવાબ આપ્યો કે, 'હે સ્વામી ! આ બેઠા છે તે અહીંના રાજા છે તે બીજે ગામ ગયા ત્યાંથી આવતા અહીં આપને દર્શને આવ્યા તે અહીં આપની પાસે બેસી સ્થિર થઈ ગયા છે. કેમકે અમે ગામમાં જઈ તે રાજાના ભાઈઓને શું જવાબ દેશું ? ને અમને સર્વેને બહુ પીડા કરશે માટે 'હે દયાળુ ! તમે દયા કરી તેને સારી સ્થિતિમાં લાવો.' તેવા દિવાનના શબ્દ સાંભળીને દયાળુ એવા તે સ્વામી બોલ્યા જે 'હે દિવાનજી ! તમે શોક કરોમાં' એમ કહી રાજા સામી દૃષ્ટિ કરી તે જ ઘડીએ તે રાજા સમાધિમાંથી ઊઠ્યા ત્યારે તો દિવાન વગેરે બધાં માણસો અતિ રાજી થઈને સ્વામીને પગે લાગ્યા પછી તે રાજા બે હાથ જોડી સ્વામીને પગે લાગીને બોલ્યા જે, 'હે દયાળુ ! તમારા દર્શન માત્રથી જ મારું મન અત્યંત શાંતિ પામી ગયું માટે તમે યોગીઓમાં શ્રેષ્ઠ એવા સાક્ષાત્ ભગવાન છો અને જો એમ ન હોય તો મહા અધર્મ કરનાર જે હું તે મારું મન દર્શનમાત્રથી જ શાંતિને કેમ પામે ? મારા જેવા અધમનો ઉધ્ધાર કરવા અહીં પધારેલા એવા દયાળુ આપ કોણ છો તે મને કૃપા કરીને

કહો' આવી રીતે તે રાજાએ પૂછવાથી સ્વામી જરા હસીને બોલ્યા જે 'હે રાજન ! હું સ્વામિનારાયણનો આશ્રિત સાધુ છું ને તેમના પ્રતાપે કરીને જ તમે એ બધું આશ્ચર્ય જોયું છે એમ તમે જાણો.' એ પ્રકારની સ્વામીની વાણી સાંભળીને પ્રસન્ન થયેલા તે રાજા ફરી બોલ્યા જે 'હે મુનિ ! સ્વામિનારાયણ તો મેં સાક્ષાત્ જોયા નથી પણ મને તો તમારા દર્શનથી જ આશ્ચર્ય થયું છે માટે હું તો તમને જ ભગવાન જાણું છું. માટે હે દીનજન ઉપર દયા કરનાર ! અને હે જન્મ-મરણ મટાડનાર ! તમે જે સ્વામિનારાયણ કહ્યા તે કેવા છે ? તથા તેમના જે સાધુઓને પણ મેં આજે જ દીઠેલાં છે માટે તે સાધુઓના જે લક્ષણ હોય તે મને કહો. અને હે દયાળુ ! અને હે શરણાગત રક્ષક ! હું તમારે શરણે આવેલો છું' એ પ્રમાણે અતિવિનય અને પ્રેમથી તે રાજાએ પૂછ્યું ત્યારે ઘણી દયા કરીને કોમળ થયેલ છે. હૃદય જેમનું એવા ગોપાળાનંદ સ્વામી તે રાજા પ્રત્યે બોલ્યા જે 'હે રાજન્ ! સર્વના અધિપતિ સ્વતંત્ર કર્તુમકર્તુ અને અન્યથાકર્તુ સમર્થ એવા તે સ્વામિનારાયણ ભગવાન છે તે આ પૃથ્વી ઉપર નાના પ્રકારના અવતાર ધારણ કરે છે અને માયાથી પર જે બ્રહ્મપુર ત્યાંના તે નિવાસી છે અને પૂર્ણકામ છે તથા ઘણા પ્રતાપવાળા છે ભક્ત છે પ્રિય જેમને એવા તથા અનંત કોટિ બ્રહ્માંડના નિયંતા છે અને દિવ્ય ઐશ્વર્ય તથા પ્રતાપે કરીને સર્વોપરિ છે અને મહા સમર્થ એવા તે ભગવાન અનંત જીવોનાં આત્યંતિક મોક્ષને માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. હવે તે ભગવાનના જન્મ આદિક તમને સંક્ષેપમાં કહું છું. પછી તે ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિનું પ્રાગટ્ય, વિચરણ તથા અવતાર ધરવાનું કારણ વગેરે કહ્યું.

તે સાંભળીને દરબાર અતિશય રાજી થયા ને પોતે સ્વામીના ચરણમાં મસ્તક મૂકીને બોલ્યા જે ''હે સ્વામી ! તમે મને વર્તમાન ધરાવો અને પાવન કરો.'' ત્યારે સ્વામીએ પાણી મગાવીને દરબારના જમણા હાથમાં પાણી આપી વર્તમાન ધરાવ્યા ને કહ્યું જે ''આજ સુધીના તમારા પાપકર્મ બળી ગયા.'' ત્યારે દરબાર કહે ''તે હવે નહિ વળગે ને ?'' ત્યારે સ્વામી કહે 'જો હવેથી પાપકર્મ કાંઈ નહિ કરો તો તે નહિ વળગે ને ફરી કરશો તો બમણા વળગશે.'' ત્યારે દરબાર કહે, ''સ્વામી ! હવેથી હું કાંઈ પાપ નહિ કરું. પણ તમે અમારા ગામમાં પધારો ને રસોઈ કરીને જમો ત્યારે મને શાંતિ થાય.''

પછી સ્વામી તથા સહુ સંત ગામમાં આવ્યા ને ચોરામાં ઉતર્યા. પછી દરબારે પોતાના ચાકર પાસે સિધુ મગાવી દીધું એટલે સાધુએ એક ઘરમાં રસોઈ કરી

તે તૈયાર થઈ ત્યારે ઠાકોરજીને જમાડીને સ્વામી વગેરે સહુ સંત જમ્યા ને સ્વામીએ દરબારને જમવા બેસાર્યા ને પોતાના પત્તરમાંથી પ્રસાદી આપીને જમાડ્યા ને પછી સહુ પાછા ચોરામાં આવ્યા ત્યારે સ્વામીએ સાધુ પાસે વચનામૃત વંચાવ્યા. તે દરબારે સાંભળ્યા પછી સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાની કેટલીક વાતો કરીને દરબારને સર્વોપરી નિશ્ચય કરાવ્યો. પછી એક દિવસ રહીને ચાલવાની રજા માગી ત્યારે દરબારે કહ્યું, ‘‘સ્વામી ! અમારા દરબારમાં તમારી પધરામણી કરાવવી છે. માટે આજનો દિવસ રોકાઈને કાલ સવારના ચાલો તો ઠીક.’’ ત્યારે સ્વામી રોકાયા ને પછી સાંજના ચાર વાગ્યાને સમે સ્વામી તથા સંત સહુ દરબારગઢમાં ગયા ત્યાં દરબારના ઘરમાં પથરણા પાથરી રાખ્યા હતા ત્યાં બેઠા. પછી દરબારે સ્વામીને ચંદન ચર્ચીને ચાંદલો કર્યોને બીજા સહુ સંતને પણ ચંદન ચરચીને ચાંદલા કર્યા પછી સ્વામી વગેરે સહુ સંતને ધોતિયા ઓઢાડ્યા. પછી સ્વામી ચોરે આવ્યા ને ત્યાં ગોડી તથા આરતી કરીને સભા કરીને બેઠા. ત્યારે સ્વામીએ ઘડીક વાતો કરીને કથા વંચાવી પછી નિયમ કરીને સુતા ને સવારે ઊઠીને ચાલ્યા ત્યારે દરબાર વગેરે સહુ વળાવવા આવ્યા તેમને પાછા વાળીને સ્વામી ચાલ્યા તે ફરતા ફરતા ગઢપુર આવ્યા. ત્યાં ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને રઘુવીરજી મહારાજને દંડવત્ કરીને મળ્યા. પછી સ્વામીએ મહારાજને વાત કરી જે ‘અમે મેંગણીના દરબાર માનભાને સત્સંગ કરાવ્યો’ તે સાંભળી મહારાજ બહુ રાજી થયા.

## ગોપાળાનંદ સ્વામીની સામર્થી

એક વાર ગઢડા મધ્યે શ્રીજીમહારાજ સભામાં બેઠા હતા ને સર્વે સંત હરિજન પણ બેઠા હતા ને એક તરફ ડોશીઓની સભા પણ બેઠી હતી ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે ‘તમારામાં જે સમર્થપણું છે તે કહો’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘આ બ્રહ્માંડને આ પડથી આ પડ કરી નાખું એટલું મારામાં સામર્થ્ય છે.’ એ વાત સાંભળી ડોશીઓ બોલ્યા જે ‘મહારાજ ! અમે તો ગોપાળાનંદ સ્વામીને અસમર્થ સરખા જાણતા હતા ને આ તો બહુ ભારે સામર્થ્ય કહ્યું, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ‘એ તો સાક્ષાત્ મૂળ અક્ષરમૂર્તિ છે ને અક્ષરધામમાં અમારી સેવામાં અમારી સમીપે અખંડ રહ્યા છે.’

## ગોપાળાનંદ સ્વામીનો ગુણ

એક વાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું જે 'તમારા ચારેયમાં એકુકો ચમત્કારી ગુણ તમને જણાતો હોય તે કહો તેમાં પ્રથમ મુક્તાનંદ સ્વામી કહે, ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે 'હે મહારાજ ! મારા મનમાં હું એમ જાણું છું જે પથ્થર સરખો કઠણ ને મલિન હૃદયવાળો એવો કોઈ પુરુષ હોય ને તે જો મારી વાતો સાંભળે તો તેનું અંતઃકરણ નિર્મળ થઈને ભગવાન સન્મુખ થઈ જાય એવી મારી વાત જણાય છે એ મારામાં ગુણ મને ભાસે છે' ત્યારે મહારાજ બોલ્યા જે 'સ્વામી ! એ ગુણ તમારામાં છે જ ને હું પણ જાણું છું' પછી બ્રહ્માનંદ સ્વામીને મહારાજે પૂછ્યું જે તમે તમારો ગુણ કહો' પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે 'હે મહારાજ ! હું જે કાવ્ય કરું છું તેમાં એકનો એક શબ્દ વારેવારે ન લાવું તોયે શબ્દ ગોતવો પડે નહીં ને ઝકઝમક તો સહેજે આવ્યા કરે ને તેમાં ગુણ દોષ પણ આવે નહીં એવી મારી કાવ્યશક્તિ જણાય છે એ મારામાં ગુણ મને ભાસે છે' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'તમારામાં એ ગુણ છે તે હું જાણું છું' પછી નિત્યાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું, 'તમે તમારો ગુણ કહો' ત્યારે નિત્યાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા જે 'હે મહારાજ ! આ ચાર ધામ કહેવાય છે તેની માલીકોર કોઈ વિદ્વાન આવીને મને જીતે એવો ડર મને જણાતો નથી એવું મારું વિદ્વાનપણું જણાય છે એ મારામાં ગુણ મને ભાસે છે.' શ્રીજીમહારાજ બોલ્યા જે 'તમારામાં એ ગુણ છે તેને હું જાણું છું' પછી ગોપાળાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું જે 'તમે તમારો ગુણ કહો' ત્યારે ગોપાળાનંદ સ્વામી મહારાજને પગે લાગીને બોલ્યા જે 'આ જગતમાં એમ કહેવાય છે જે આ બ્રહ્માંડના સરજનહાર ઈશ્વર છે તેના ડોલાવ્યા વિના પાંદડું પણ ડોલતું નથી પણ મારે ડોલાવવું હોય તો ડોલે ખરું એ મારામાં ગુણ મને જણાય છે' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'તમારામાં એ ગુણ છે તેને હું જાણું છું' એવી રીતે મોટેરા ચાર સદ્‌ગુરુને મહારાજે પૂછ્યું હતું.

## મહારાજ કહે ઘરડી ગાયને શૂરાતન ચડ્યું

એક વાર શ્રીજીમહારાજે ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં હુતાશનીનો સમૈયો કર્યો ને વખતે દહાડે રંગ ઉકળાવીને ગોળા, ઘડાને માટલાં ભરાવ્યા ને

મહારાજે હાથમાં સોનાની પીચકારી લીધી ને સાધુએ પીપળની તથા વાંસડાની પીચકારીઓ લીધી તે વખતે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ રંગનો ઘડો લઈને મહારાજના વાંસા ઉપર રેડ્યો ત્યારે મહારાજ સ્વામી સામું જોઈને ઘણી વાર હસ્યા ને બોલ્યા જે 'જેમ ઘરડી ગાયને શૂરાતન આવે તેમ સ્વામીને શૂરાતન આવ્યું' પછી મહારાજ સંત સાથે ખૂબ રંગે રમ્યા તે રંગ બજારમાં થઈને ઠેઠ ઘેલામાં પહોંચ્યો. પછી મહારાજ હાથની તાળી પાડીને ઉન્મત્તગંગામાં નહાવા પધાર્યા ને ખૂબ નાયા પછી વસ્ત્ર બદલીને રંગવાળા વસ્ત્ર ઉત્તમ રાજાને આપ્યા ને ગાતાવાતા સૌ સાથે દરબારમાં પધાર્યા ને થાળ જમી મુખવાસ લઈને સંતની પંક્તિમાં પીરસ્યું. પછી હાથ-પગ ધોઈ અક્ષર ઓરડીએ જઈને પોઢી ગયા.

## મહારાજે મુક્તાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીની મોટાઈ કરી

એક સમયે રાત્રિને વિશે શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા તે સમે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા તે આવ્યા ત્યારે આસન નાખી દીધું તે ઉપર સ્વામી બેઠા ને પછી મહારાજને કહ્યું 'કેમ મને શા કામ સારું બોલાવ્યો ?' ત્યારે મહારાજે પોતા પાસે જે જે માણસ બેઠા હતા તેને ઉઠાડી મૂક્યા ને સ્વામીને કહ્યું, 'તમને એક વાત કહેવી છે' ત્યારે સ્વામી હાથ જોડીને બોલ્યા જે 'કહો મહારાજ' પછી મહારાજે કહ્યું, 'હે સ્વામી ! તમને વાત મનાશે ?' ત્યારે સ્વામી કહે 'હા મનાશે' પછી મહારાજ કહે 'પણ તે વાત મનાય તેવી નથી' ત્યારે સ્વામી કહે 'મહારાજ ! મને તો તમારો વિશ્વાસ છે તેથી મનાશે માટે કહો' પછી મહારાજ કહે 'આ ગોપાળાનંદ સ્વામી બહુ મોટા છે તે એક સ્વરૂપે અક્ષરરૂપ થઈને સર્વેને ધરી રહ્યા છે ને એક સ્વરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં છે તે વાત તમને મનાશે ?' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું, 'હા મનાશે' પછી મહારાજ કહે 'ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે 'ઠીક મહારાજ ! ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરશું' એમ કહી જરાવાર બેસીને મહારાજ પોઢી ગયા. બીજે દિવસ સવારમાં ગોપાળાનંદ સ્વામી નાહી પૂજા કરીને મુક્તાનંદ સ્વામીને આસને પગે લાગવા આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને આસન નાખી દીધું ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, 'હું તમારી આગળ આસને નહીં બેસું' ત્યારે સ્વામીએ પરાણે આસન ઉપર

બેસાર્યા ને કહ્યું જે ‘મને મહારાજે કહ્યું છે જે ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો’ ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે ‘સ્વામી ! તમે તો સર્વે વાતે સંપન્ન છો માટે તમને શું કહેવું ?’ ત્યારે સ્વામીએ કહ્યું, ‘તો પણ તમને જે જણાતું હોય તે કહો’ ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે ‘મહારાજ સ્વધામ પધારવાના છે ને તમારો દેહ પણ નહીં રહે માટે તમારું જે પૂજા પુસ્તક કોઈને દેવું હોય તેને આપી દીયો ને મહારાજની સેવા તમે સખી ભાવે કરો છો તે હવે દાસભાવે કરો’ ત્યારે તે વચન મુક્તાનંદ સ્વામીએ તત્કાળ માન્યું ને મહારાજને દાસભાવે ભજવા માંડ્યા ને વળતે દિવસે રઘુવીરજી મહારાજ તથા અયોધ્યા પ્રસાદજી મહારાજને બોલાવ્યા ને ઉગમણાબારના ઓરડાની ઓસરીએ પાટ નખાવીને બેય ભાઈઓને બેસારીને સ્વામીએ પોતાની કાવ્યના પુસ્તક તથા બીજા પુસ્તક અરધોઅરધ વહેંચી આપ્યા ને પોતાના સાધુને પૂજા આપી.

## પૂ. સ્વામીએ શ્રીજીમહારાજની અનુવૃત્તિ સાચવી

એક સમે શ્રીજીમહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી વગેરે બધા સદ્‌ગુરુઓને બોલાવ્યા ત્યારે તે સર્વે પ્રત્યે મહારાજે કહ્યું, જે ‘દાદા ખાચરના વ્યવહારનું મુંબઈ જવાનું કામ આવ્યું છે તે કોઈ સાધુ મુંબઈ જાય તો અમારે જાવું ન પડે’ એમ કહીને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહ્યું, જે ‘આ સાધુમાં તમે પૂછો કોઈ મંડળ જાય તો ઠીક, નહિ તો અમારે જાવું પડશે ?’ ત્યારે તેમણે મંડળના મોટેરા સાધુઓને પૂછી જોયું પણ કોઈએ હા પાડી નહીં. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તથા બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું, ‘અમે તો પૂછી જોયું પણ કોઈ જવાની હા પાડતા નથી ને તમે પૂછીને મોકલો તો ભલે.’ પછી મહારાજે બધી મંડળીઓને પૂછી જોયું ત્યારે કોઈએ કહ્યું, ‘મારે ભણવું છે’ તો કોઈ કહે ‘મારે લખવું છે’ ને કોઈ કહે ‘મારે ગ્રંથ શોધવો છે’ ને કોઈ કહે ‘મારે વૈદાનું કામ છે’ એવી રીતે ઉત્તર આપ્યા, પણ કોઈએ જવાની હા પાડી નહીં ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું એક યોગી જાય એવા છે. ત્યારે મહારાજ કહે ‘તેને બોલાવો’ ત્યારે બોલાવનાર માણસે આસને ખબર કાઢીને કહ્યું, ‘તે તો તેને આસને નથી’ ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે ‘ઉગમણે ખળખળીએ યોગ સાધવા જાય છે તે ત્યાં હશે’ એટલે ત્યાં માણસ ગયો તો

ગોપાળાનંદ સ્વામી ત્યાં યોગ સાધતા હતા ત્યારે તેણે કહ્યું, 'તમને મહારાજ બોલાવે છે.' ત્યારે સ્વામી નાહી લુગડાં પહેરીને મહારાજ પાસે આવ્યા ને મહારાજને હાથ જોડી પગે લાગીને બેઠા ને કહ્યું, 'મહારાજ ! મને શા સારું બોલાવ્યો છે ?' ત્યારે મહારાજે સ્વામીને મુંબઈ જવાની વાત કરીને બોલ્યા જે 'તમારો રાજીપો હોય તો જાઓ ને તમે યોગ સાધો તેથી નબળું શરીર એટલે કહેવું ઘટતું નથી પણ સર્વે મંડળવાળાને પૂછ્યું તે કોઈએ હા પાડી નહીં ને અવશ્યનું કામ છે તેથી તમે જાઓ તો સારું નહીં તો અમારે જાવું પડશે.' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું, મહારાજ ! હું જઈશ. પછી મહારાજે સ્વામીને પૂછ્યું, 'તમારા મંડળમાં સાધુ કેટલા છે ?' ત્યારે સ્વામી કહે, 'ત્રીસ સાધુ છે' ત્યારે મહારાજ કહે 'તે સાધુ તમારા ભેળા આવશે કે નહીં ?' ત્યારે સ્વામીએ મહારાજને કહ્યું, 'તમે પૂછો જો આવે તો' ત્યારે મહારાજે સ્વામીના મંડળના સાધુને કહ્યું, 'આ તમે સર્વે બેઠા છો તેમાંથી જે સ્વામી ભેગા મુંબઈ જાઓ તે ઊભા થાઓ.' ત્યારે ત્રીસમાંથી સાત ઊભા થયા પછી મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું 'આવો હવે અમને મળો' ત્યારે પ્રથમ સ્વામી મળ્યા પછી સ્વામીના સાતેય સાધુઓ મહારાજને મળ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું, 'હું કહેતો હતો જે ગોપાળાનંદ યોગી જાય એવા છે' ત્યારે મહારાજ કહે, 'સ્વામીનો અમારે વિશ્વાસ છે તે ગમે તેવું કાર્ય હોય તો પણ ના પાડે નહીં' એમ કહીને લાડુબા તથા મોટીબાને મહારાજે બોલાવ્યા ને કહ્યું જે 'ગોપાળાનંદ સ્વામીને દાદા ખાચરના કામ બાબત મુંબઈ મોકલીએ છીએ. વાસ્તે આજ અમારો થાળ કરો તે ભેગું સ્વામી તથા તેના સાત સાધુ મળીને આઠ જણનું વધારે જમવાનું કરજો.' પછી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું, ગોપાળાનંદ સ્વામીની પૂજા કરવી છે માટે પુષ્પના હાર ગૂંથી લઈ આવજો' પછી થાળ તૈયાર થયો એટલે મહારાજને જમવા બોલાવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીને મહારાજે કહ્યું 'તમારા સાધુએ સહિત જમવા આવો' પછી મહારાજ આથમણા બારને ઓરડે આથમણે મુખારવિંદે જમવા બેઠા ને ગોપાળાનંદ સ્વામીને પોતાની સન્મુખ ઉગમણે મુખારવિંદે જમવા બેસાર્યા ને તેમના ચાર સાધુને સ્વામીની દક્ષિણાદિ તરફ ને ત્રણ સાધુને ઉત્તરાદી તરફ જમવા બેસાર્યા પછી મહારાજ પોતાના થાળમાંથી મેસુબ વગેરે પક્વાન્ન તથા શાક વગેરે પોતે જમતા જાય ને પ્રસાદી સ્વામી આદિક સાધુને હાથથી આપતા જાય ને સભા સર્વે દર્શન કરે એમ મહારાજ સારી પેઠે જમ્યા ને સાધુને સારી પેઠે જમાડ્યા.

પછી મહારાજે ચળુ કરી, જળપાન કરીને મુખવાસ જમીને જરા વાર સભામાં બેસીને સભાને ઉઠવાની આજ્ઞા કરીને શયનને અર્થે પોતે અક્ષર ઓરડીએ પધાર્યા. ને બપોર પછી ત્રીજે પહોરે મહારાજ જાગ્યા ને જળના કોગળા કરી, મુખારવિંદ ધોઈને જળપાન કરીને ચાખડીએ ચડી ઉગમણાબારને ઓરડે ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા ત્યારે સર્વે સાધુ હરિજન આવ્યા ને મહારાજ આગળ સભા ભરાઈને બેઠી તે સમે ગોપાળાનંદ સ્વામી પોતાના સાધુએ સહિત મહારાજની પૂજા કરવા આવ્યા ત્યારે મહારાજ કહે 'આવો સ્વામી પૂજા કરો' એટલે સ્વામીએ મહારાજને પ્રથમ ભાલને વિશે ચંદનની અર્ચા કરીને કંકુનો ચાંદલો કર્યો પછી છાતીએ કંઠ પર્યંત તથા બે હાથ અને ઉદર એ ચાર ઠેકાણે ચંદન ચરચ્યું પછી સાથળથી નીચે બેય પગે ઘુંટી સુધી ને બેય ચરણારવિંદના ઉપલા ભાગ ઉપર ચંદન ચરચ્યું. એવી રીતે નખશિખા પર્યંત ચંદન ચરચીને સ્વામીએ મહારાજની મૂર્તિ નિરખી ને તેમના સાધુએ પણ સ્વામી સાથે મહારાજની પૂજા કરી ને પુષ્પના હાર, ગજરા, બાજુબંધ ધરાવ્યા ને સ્વામીએ મહારાજની આરતી ઉતારી ને પછી તેમના સાધુએ મહારાજની આરતી ઉતારી પછી મહારાજ ઊભા થઈને ગોપાળાનંદ સ્વામીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ દીધા. પછી સ્વામીએ હાથ જોડીને કહ્યું, 'મહારાજ ! અમે કાલે સવારમાં ચાલશું' ત્યારે મહારાજ કહે 'હમણાં તમારું શરીર જરા કૃશ થઈ ગયું છે માટે બે ચાર દિવસ પછી શરીરે જરા સારું થાય એટલે ચાલજો' પછી ત્રણ દિવસ ગયા ત્યારે સ્વામીએ જાવાની રજા માગી ત્યારે મહારાજે કહ્યું 'હજુ બે ચાર દિવસ રહો' એમ કરતા નિત્યે સ્વામી જવાની આજ્ઞા માગે ને મહારાજ જવા દે નહીં ને પ્રથમની પેઠે હંમેશાં તેમના સાધુ સહિત સ્વામીને જમાડે એમ બાર દિવસ વિત્યા ત્યારે તેરમે દિવસ સ્વામીએ તેના સાધુને કહ્યું, 'મહારાજ તો આપણને રાખવાની તાણ કરે છે પણ આજ તો તૈયાર થઈને મહારાજ પાસે ચાલો રજા લઈએ' તે વખતે મહારાજ ઉગમણા બારને ઓરડે સભા કરીને બિરાજમાન હતા ત્યાં સ્વામી તથા તેમના સાધુ તૈયાર થઈને આવ્યા ને હાથ જોડી મહારાજ પાસે રજા માગી ત્યારે મહારાજે કહ્યું, 'કાલે હરિભક્ત રસોઈ આપે છે ને સર્વે સાધુની પૂજા કરવી છે માટે પરમ દહાડે સવારમાં ચાલજો પછી બીજે દિવસે મહારાજે પ્રથમના જેવો થાળ કરાવી સ્વામીને તથા તેમના સાધુને જમાડ્યા ને કહ્યું જે 'સ્વામી ! હવે આપણે જાજે દહાડે ભેળા થાશું માટે સારી પેઠે જમો' ને તેમના સાધુને પણ ઘણી તાણ કરીને મહારાજે જમાડ્યા ને પછી પોતે ચળુ કરી

મુખવાસ જમીને પ્રસાદીનો મુખવાસ સ્વામીને આપ્યો ને પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સ્વામીને કહ્યું, 'આવો હવે પૂજા કરો' ત્યારે સ્વામીએ પૂજા કરી ને આરતી ઉતારી પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી આદિક મોટા સદ્‌ગુરુએ પણ મહારાજની પૂજા કરી. પછી સ્વામી આસને જઈ તૈયાર થઈને મહારાજ પાસે સભામાં આવ્યા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ને સર્વ સભાને નમસ્કાર કરીને ચાલ્યા ત્યારે મહારાજ સ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા ને કહ્યું, 'સ્વામી ! તમે હવે ગામ જવું રહેવા દ્યો ને લાધા ઠક્કરને મુંબઈ મોકલશું તે કામ કરી આવશે ને વ્યવહારિક કામ છે તેમાં તમને શું મોકલવા ?' ત્યારે સ્વામી પાછા વળ્યા ને સામાન આસને મૂકીને સભામાં આવ્યા ત્યારે સ્વામીને પોતાની અનુવૃત્તિમાં બહુ વર્તતા જોઈને મહારાજ સ્વામી ઉપર અતિ રાજી થયા માટે એમ જે અનુવૃત્તિમાં વર્તે તેના ઉપર મહારાજનો રાજીપો થાય છે.

## ગઢપુર શ્રી ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠાનું મુહૂર્ત ગોપાળાનંદ સ્વામીએ જોઈ આપ્યું

એક વાર મહારાજ દાદા ખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા ને પોતાની આગળ સર્વે સંત હરિજનની સભા ભરાઈને બેઠી હતી ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, 'મંદિર તૈયાર થયું છે તો મૂર્તિઓ પધરાવો તો ઠીક. ત્યારે મહારાજે ગોપાળાનંદ સ્વામીને મુહૂર્ત પૂછ્યું ત્યારે સ્વામી કહે, 'હે મહારાજ ! આસો સુદ બારસનું મુહૂર્ત બહુ સારું છે' પછી મહારાજે ઉમરેઠના વેદીઆ વિપ્રોને તેડાવ્યા તેમણે આવી મૂર્તિઓની સંપૂર્ણ વેદોક્ત વિધિ કરી સંવત ૧૮૮૫ના આસો સુદ બારસના રોજ નવ બજે મહારાજે પોતાને હાથે ગોપીનાથજી તથા રાધિકાજીને વચલા દેરામાં પધરાવ્યા ને આથમણા દેરામાં ધર્મભક્તિને વાસુદેવ પધરાવ્યા ને ઉગમણા દેરામાં સૂર્યનારાયણ પધરાવ્યા ને આરતી ઉતારીને બ્રહ્મભોજન કરાવ્યું ને સંત હરિજનોને જમાડ્યા ને ગામની ચોરાશી કરી હજારો રૂપિયાના બ્રાહ્મણોને દાન આપ્યા ને વેદિયા બ્રાહ્મણને ઘણાંક દાન તથા વસ્ત્ર આપીને રાજી કર્યા ને વાજાં વગડાવી મોટો ઉત્સવ કરાવ્યો ને જયકાર પ્રવર્ત્યો.

## મોટા હોય તે અરસ-પરસ એકબીજાનો મહિમા જાણે

એકવાર સંવત ૧૯૦૬ની સાલમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી માંદા થયા ને સત્તાવીશ ઉપવાસ થયા તે વખતે ઉપેન્દ્રાનંદ સ્વામી ગામ રૂવાદમાં હતા ત્યાં રાત્રીએ મંદિરના બારણા આગળ અદૃશ્ય પોકાર થયો જે 'હે ઉપેન્દ્રાનંદ સ્વામી તમે વડતાલ જાઓ ગોપાળાનંદ સ્વામી માંદા છે' એમ ચાર વાર શબ્દ થયો તે સાંભળીને બારણું ઉઘાડીને જોયું તો કોઈ દેખાયું નહિ ત્યારે પોતે જાણ્યું જે 'આ શબ્દ તો મહારાજે આપણને જણાવવા સારું કર્યો છે' એમ જાણીને પોતાના મંડળના સાધુઓને લઈને ત્યાંથી ચાલ્યા તે વડોદરે ગયા ને ત્યાં નિત્યાનંદ સ્વામીનાં દર્શન કરીને તેમને વાત કરી જે 'ગોપાળાનંદ સ્વામી માંદા છે તેમને જોવા સારું અમે જઈએ છીએ' ત્યારે તે સાંભળીને નિત્યાનંદ સ્વામીના સાધુઓ પણ ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા માટે તૈયાર થયા ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાના મંડળના સાધુ સાથે ગોપાળાનંદ સ્વામીને સંદેશો કહી મોકલ્યો જે 'સ્વામીને કહેજો જે કાંઈજ અનાજ જમવું અને ભાવાનંદ સ્વામી તથા ધામાનંદ સ્વામી જે રઘુવીરજી મહારાજના બાગમાં રહે છે તેમણે સુકાયેલા ચંદનના લાકડાં જે તમારે માટે રાખી મૂક્યા છે તે મારે કામમાં આવશે ને હું તમારી પહેલા ધામમાં જઈશ માટે તે કાષ્ઠથી મારો અગ્નિ-સંસ્કાર થાશે' પછી તે સંદેશો લઈને સાધુ ચાલ્યા તે વડતાલ ગયા ને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે જઈ દંડવત્ કરી પગે લાગીને નિત્યાનંદ સ્વામીએ કહેલો સંદેશો કહ્યો ત્યારે તે સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે 'રાબ કરીને લાવો મારે પીવી છે' ત્યારે તે રાબ કરીને લાવ્યા ને તે સ્વામીએ પીધી ને પછી અનાજ પણ જમવા લાગ્યા ને થોડા દિવસમાં સાજા થઈ ગયા. એમ મોટા હોય તે અરસ-પરસ એક બીજાનો મહિમા જાણે.

## ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બેય સાત માસ સુધી ભેગા રહ્યા

એક વાર સંવત ૧૯૦૭ની સાલમાં વડતાલમાં બેય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી સાત માસ સુધી ભેગા રહ્યા હતા. પછી અષાઢ સુદ નિમી એકાદશી આવી તે વખતે સભામાં સહુ સાધુ નિયમ લેવા માંડ્યા.

ત્યારે નિત્યાનંદ સ્વામીએ નિયમ લીધું જે 'મારે સાધુની પંક્તિમાં નિત્ય પીરસવું' તે વખતે ત્યાં ગામ બોટાદના શેઠ ભગાદોશી તથા ત્યાંના બીજા પાટીદારો બેઠા હતા તેમણે વિચાર કર્યો કે, 'આપણે સાધુઓને વારાફરતી પાકી રસોઈઓ આપવી' પછી તેઓ નિત્યે નવી રસોઈ આપે અને સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી કેડે આડસોડે લુગડું બાંધીને પંક્તિમાં પીરસવા પધારે ત્યારે બીજા સાધુઓ લાડુનો ત્રાંસ (તાસ) લઈને આગળ ચાલે તે સ્વામી તેમાંથી લઈને પીરસતા જાય એવી રીતે સ્વામીએ તે વખતે ચાર માસ સુધી પંક્તિમાં પીરસ્યું હતું ને સહુ સંતને તૃપ્ત કર્યા હતા. સ્વામી શરીરે પુષ્ટ હતા તો પણ સાધુનો મહિમા સમજીને પોતે એવું નિયમ રાખેલું હતું.

## શ્રીહરિને જે કામ કરાવવું હતું તે કામ પૂ. સ્વામીએ હરિહર્યાનંદ પાસે કરાવ્યું

હરિહર્યાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં કાનમદેશમાં આવેલા માંગરોલ ગામના હતા તે સાધુ થાવા મહારાજ પાસે ગામ પંચાળે આવ્યા ત્યારે શ્રીજીમહારાજ ઝીણાભાઈના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ જેર ઉપર ગાદી-તકિયો નખાવીને બિરાજમાન હતા ત્યાં આવીને મહારાજને પગે લાગીને તે બોલ્યા જે 'હે મહારાજ ! મને સાધુ કરો' ત્યારે મહારાજે કહ્યું 'અમારા ગમતામાં વર્તશો ને અમે કહીએ તેમ કરશો ?' ત્યારે તેમણે હા પાડી એટલે ફરીને મહારાજે એ પ્રમાણે પૂછ્યું ત્યારે પણ તેમણે હા પાડી એમ મહારાજે પાંચ વખત પૂછ્યું ને તેમણે પાંચ વખત હા પાડી. ત્યાર પછી મહારાજે તેમને દીક્ષા આપીને સાધુ કર્યા ને હરિહર્યાનંદ સ્વામી નામ પાડ્યું. પછી તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ભેગા રહેતા ને તેમને શ્રીજીમહારાજની મૂર્તિ ઉપર બહુ હેત હતું ને જ્યારે તે સભામાં વાતો કરવા બેસે ત્યારે દૈવીજીવ હોય તે સાંભળતો ઊઠી શકે નહિ ને જ્યારે તે માનસી પૂજા કરવા પાંચેય વખત બેસતા ત્યારે મહારાજની મૂર્તિ સંભારતા તેમને આંખોમાંથી આંસુડા પડતા એવા સ્નેહવાળા હતા ને પોતાને દીક્ષા આપતી વખતે મહારાજે પાંચ વાર જે પોતાને પૂછેલું ને પોતે હા કહેલી પણ તે બાબત પોતે કાંઈ મહારાજને પૂછેલી નહિ ને મહારાજે પણ ફરી કાંઈ કહેલું નહિ ને મહારાજ તો સ્વધામમાં પધારી ગયા. પછી પોતાને એ વાતનો અફસોસ રહ્યા કરે તે ગોપાળાનંદ સ્વામીએ અંતર્યામીપણે જાણીને એક વખત

કહ્યું જે 'તમને મહારાજે આજ્ઞામાં રહેવાનું તથા ગમતામાં રહેવાનું કહ્યું હતું તે વાતનો તમને સંકલ્પ થયા કરે કે ?' ત્યારે તેમણે હા કહી પછી સ્વામી કહે, 'તમારી પાસે જે શ્રીજીને કરાવવું હતું તે કામ અમે અને રઘુવીરજી મહારાજ તમારી પાસે કરાવશું' એમ કહીને પછી સમય આવ્યો ત્યારે સ્વામીએ કહ્યું જે 'શ્રીજીમહારાજે પોતાના થાળમાં વાપરવા માટે સત્સંગી ગૃહસ્થો પાસેથી અરધો રૂપિયો લેવાનો જે નિયમ કરેલો છે તે લેવા ને વાતો કરવા શ્રીજીમહારાજ મયારામ ભટ્ટને આજ્ઞા કરી ગયા હતા પણ તે હવે બધે પહોંચી શકતા નથી. કારણ કે સત્સંગ બહુ વધી ગયો માટે શ્રીજીમહારાજનું તે કામ અમે હવેથી તમને સોંપીએ છીએ' એમ કહીને સ્વામીએ તેમને પચીસ સાધુ અને પાંચ પાળા આપ્યા ને કહ્યું જે 'ધોલેરા, ગઢડા અને જૂનાગઢના દેશમાં ફરીને વાતો કરજો ને નામનું ઉઘરાવજો ત્યારે હરિહર્યાનંદ સ્વામીએ તે આજ્ઞા સ્વીકારી અને પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને મળીને ચાલ્યા ને ત્રણેય ધામના ગામડામાં ફરવા લાગ્યા. તે દેહાંત સુધી ફર્યા ને દેહ મૂકીને ધામમાં ગયા. પછી તેમના મંડળના સાધુ તે પ્રમાણે ફરતા એમ તેઓ પણ નામનું ઉઘરાવવા સારું ઘણા વરસ ફર્યા પછી તે ત્રણેય ધામમાં સાધુઓનો વધારો થયો ત્યારથી તે ધામના સાધુઓ જ નામનું ઉઘરાવવા લાગ્યા.

## મોટા સંતના જોગથી સ્વભાવ ટળે છે

જેને સ્વભાવ ટાળવા હોય તેને મોટા સાથે ગુરુપણું કે મિત્રપણું કરવું ને પછી તે કહે તેમ કરે ત્યારે સ્વભાવ ટળે ને મોટાના કહ્યા પ્રમાણે વર્તવાથી સ્વભાવ ઉપર શત્રુપણું થાય તે વાત મહારાજે સર્વે વચનામૃતમાં પણ કહી છે જે ''મોટા સંત તથા ભગવાન કહે તેમ કરે ત્યારે સ્વભાવ ટળે છે ને તે જીવ પવિત્ર થાય છે. ને આ જીવને બે દશા છે. એક જ્ઞાનદશા અને બીજી અજ્ઞાનદશા, તે બેય દશાઓ જ્યારે મોટાનો સમાગમ થાય ત્યારે સમજાય છે કે જ્ઞાનદશા તે શું તો ભગવાનમાં જોડાવું તથા ભગવાન સંભારવા. તે અને અજ્ઞાનદશા તે શું તો વિષયમાં જોડાવું ને વિષયના રાગ રહે તે એ ઉપર વાત કરી જે ''આત્મનિષ્ઠા નોખી છે તથા બ્રહ્મભાવ તે પણ નોખો છે અને અક્ષરભાવ પણ નોખો છે તે બધું સત્પુરુષમાં હેત થયા વિના ઓળખાય નહિ ને જ્યારે હેત થાય તથા સત્પુરુષનો વિશ્વાસ આવે ત્યારે તે કહે તેમ કરાય ને તેનું વચન મનાય'' તે

ઉપર ચૈતન્યાનંદ સ્વામીની વાત કરી જે ''તેમની સેવા બાલમુકુંદાનંદ સ્વામીએ ખરેખરી કરી તે અતિ રાજી કર્યા ત્યારે વિશ્વાસ આવ્યો. પછી બાલમુકુંદાનંદ સ્વામીએ કહ્યું જે ''સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તે શ્રીજીમહારાજની મરજી બરોબર જાણે છે માટે તેની વાતો સાંભળો ને તેમની ઉપર હેત કરો'' ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળીને સ્વભાવ માત્ર ટાળી નાખ્યા ને પોતાની રસોઈ નોખી થાતી હતી તે કાઢીને પંક્તિમાં સહુની હારે જમવા માંડ્યા ને ઢોલિયે સૂતા તે ઢોલિયો પણ કાઢી નાખ્યો ને પોતાની પાસે સાઠ જોડ્ય ચરણારવિંદ હતા તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આગળ મૂકીને કહ્યું, ''તમને ફાવે તેને દીયો'' ત્યારે સ્વામીએ તેમાંથી ત્રીસ જોડ ગોપીનાથજીને આપ્યા ને વીસ જોડ ગુણાતીતાનંદ સ્વામીને આપ્યા ને કહ્યું જે ''આ જૂનાગઢ સજ્યામાં પધરાવજો'' ને બાકી દશ જોડ રહ્યા તે તેમના મંડળના સાધુને આપ્યા. એમ ચૈતન્યાનંદ સ્વામીએ સ્વભાવ ટાળી નાખ્યા ને જે ઝાઝા પુસ્તક રાખે ને ઝાઝી પૂજા રાખે તેણે કરીને સ્વભાવ ન ટળે પણ જો તેને સત્પુરુષનો સમાગમ થાય ને હેત થાય તથા વિશ્વાસ આવે તો સ્વભાવ ટળે. તે ઉપર બાળકનું દૃષ્ટાંત દીધું જે ''બાળકને મા-બાપ ઉપર હેત ખરું પણ વિશ્વાસ નહિ પણ તે બાળક જ્યારે મોટું થાય ત્યારે તેને હેત અને વિશ્વાસ થાય તેમ ત્યાગી તથા ગૃહસ્થને જ્યારે જ્ઞાન થાય અને મોટાનો વિશ્વાસ આવે તથા હેત થાય ત્યારે પ્રકૃતિ ટળે'' તે ઉપર મધ્યનું સાડત્રીસમું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે ''ત્યાગી હોય તે ઘણાં કારખાના કરે તથા વાતુ કરીને ઘણાને સમજાવે પણ તેણે કરીને કાંઈ પોતાની પ્રકૃતિ ન ટળે એ તો જ્ઞાન થાય ત્યારે જ ટળે.''

## ગોપાળાનંદ સ્વામી સાથે હેત રાખવાની શ્રીહરિની ભલામણ

એક વાર શુક સ્વામીએ વાત કરી જે ''ખોટ ટાળે ત્યારે ભગવાન રાજી થાય છે. તે ઉપર મુક્તાનંદ સ્વામીની વાત કરી જે પ્રથમ મુક્તાનંદ સ્વામીને શ્રીજી વઢતા ને ઠપકો પણ દેતા પછી તે મહારાજની મરજી પ્રમાણે વર્તવા લાગ્યા ત્યાર પછી કોઈ દિવસ કહ્યું નહિ. તેમ કોઈને કહ્યા વગર ન સમજાય. એક વાર શ્રીજીમહારાજે દાદા ખાચરને પૂછ્યું જે ''તમારે કિયા સાધુ સાથે હેત છે ?''

ત્યારે તે કહે ''મારે તો ગોપાળાનંદ સ્વામી સાથે હેત છે'' તે સાંભળીને શ્રીજી રાજી થયા અને મને પણ ભલામણ કરી હતી કે તમે પણ ગોપાળાનંદ સ્વામી સાથે હેત રાખજો. વળી મોટા વાતો કરે ત્યારે શાસ્ત્ર સમજાય છે. તે ઉપર મધ્યના પંચાવનના વચનામૃતની વાત કરી જે સોનું કાઢીને રૂપું ભેળવે તે પંદરવલું કહેવાય તેમ જીવમાં દોષ ભળે છે. સોનામાં ત્રણ ભેદ છે. ધૂળમાંથી સોનું નીકળે છે તે કરનારાની કિંમતે નીકળે છે ને તે સોનું સોળવલું થાય છે ને તેમાં જો ભેગ ન ભળવા દિયે તો સોળવલું રહે છે. તેમ જીવને જાણપણું જોઈએ તે ઉપર ભરૂચના સોનીની વાત કરી જે તેણે અજાણ્યા થઈને રૂપું ભળવા ન દીધું. પણ તે જાણતો હતો તેથી ન ભળવા દીધું. તેમ જેને મોટા સાધુ સાથે હેત હોય ને તેની પાસેથી જાણપણું શિખ્યો હોય તો પોતાના જીવમાં દોષ ન પેસવા દિયે માટે મોટાને વિનય વડે સેવવા ને વિશ્વાસ રાખવો તો તે આપણા દોષ કહે અને ખોટ કાઢે. તે વિના ખોટ ઓળખાય નહિ. કેટલાક એમ બોલે છે જે ''શ્રીજીમહારાજના સર્વે સાધુ સરખા કહેવાય, કેને અધિક ન્યૂન કહીએ ?'' પણ તે બોલનારાને જ્ઞાન નથી જે મોટાને પણ નાના જેવા કહે છે. વળી એમ કહે છે જે આપણને ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું રહ્યું નથી તે બોલનારાને પણ જ્ઞાન નથી કેમ જે મહારાજને વચનામૃતમાં કહ્યું છે જે બદરિકાશ્રમમાં કે શ્વેતદ્વીપમાં જઈને વાસના બાળવી છે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ કરવી છે તે સર્વે ખોટું પડે માટે સત્સંગમાં રહીને થોડા જ્ઞાનવાળા સાધુ સાથે હેત થાય તો સમજવાનું છે તે ટાળી નાખે માટે વિચારીને હેત કરવું.

## મોટાને સંગે ભગવાન સાંભરે છે

શુક સ્વામીએ શ્રીજીમહારાજની કરેલી વાત કરી જે ''જે ભક્ત ભગવાનને સંભારે છે તે ભક્તને ભગવાન નિરંતર સંભારે છે'' તે ઉપર પોતાની વાત કરી જે મને મહારાજે કહ્યું હતું કે, ''તમે ગોપાળાનંદ સ્વામીનો સંગ રાખજો તો નિરંતર ભગવાન સાંભરશે તથા જ્ઞાન થાશે.'' પછી મેં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું તેમ કર્યું ત્યારે સમજણ આવીને યથાર્થ જ્ઞાન થયું. તે વાત બીજાને કહીએ તો અવળું પડે કેમ જે મહારાજ પાસે ઘણા દિવસ રહ્યા ને જ્ઞાન ન સમજાણું તે વળી મહારાજે વાત કરી હતી જે ''કેટલાક જીવભાવમાં લોભાયા છે ને કેટલાક ઈશ્વરભાવમાં લોભાયા ને

કેટલાક અક્ષરભાવમાં લોભાયા એવા થોડા, કારણ કે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે તે અક્ષરભાવ છે અને મહારાજે અમને સહુને કહ્યું હતું કે, ''અમારું સુખ તથા સર્વે મોટપ તે અમે સાધુને આપી છે. પણ એ વાત કોઈને સમજાતી નથી તે અમારું શું સુખ છે જે કોઈ પદાર્થમાં બંધાવું નહિ તથા કોઈ પદાર્થને અર્થે ક્લેશ કરવો નહિ ને અખંડ ભગવાનમાં વૃત્તિ રાખવી. તે ઉપર દત્તાત્રેયનું આખ્યાન સંભારી રાખવું કેમ જે તેમણે ચોવીસ ગુરુ કર્યા હતા.

## મોટાની દૃષ્ટિથી તત્કાળ સુખ મળે છે

એક વાર શ્રીજીમહારાજે વાત કરી જે ''ભગવાનના ભક્તને કોઈ રીતે કોચવવા નહિ કારણ કે મોટા કે નાના કોઈ ભક્તને દુઃખવે તે ભગવાન ખમી શકે નહિ'' અને સત્પુરુષ ઉપર હેત હોય તે કેમ જણાય એ ઉપર વાત કરી જે ''શતાનંદ સ્વામી પાસે ગોપાળાનંદ સ્વામીએ ખરડો લખાવ્યો તે વારે વારે ખોટો કરી નાખ્યો ને સભામાં વઢયા તથા અપમાન કર્યું તો પણ શાંતાનંદ સ્વામી મૂંઝાણા નહિ ને દુઃખ પણ ન લગાડ્યું ત્યારે સ્વામીએ કહ્યું જે, ''હવે હેત થયું'' તેમ મોટા ઉપર હેત હોય તો ખમાય ને પ્રકૃતિ ટળે ને મોટાનો રાજીપો થાય તો જેવો તેવો જીવ હોય તે પણ બળિયો થઈ જાય. તે ઉપર દત્તાત્રેયની વાત કરી જે ''દત્તાત્રેયે પીંગળા સામું જોયું ને વિચાર્યું જે ''એનું સારું થાઓ'' ત્યારે તેને તત્કાળ વૈરાગ્ય થયો. તથા એક આસામી લોજમાં આવીને રામાનંદ સ્વામી સાથે વિવાદ કરવા લાગ્યો તેને જોઈને રામાનંદ સ્વામીએ સંકલ્પ કર્યો જે ''એનું સારું થાઓ'' ત્યારે તે તત્કાળ સાધુ થયો. તેમ મોટાની દૃષ્ટિથી તત્કાળ સુખ મળે છે, ને જીવ બળિયો થઈ જાય છે. જેને ભગવાન પ્રધાન હોય ને જેને અખંડ ભગવાન સાંભરતા હોય તેવા સાધુ હોય તેને એમ સંકલ્પ થાય તથા કોઈ બીજા પાસે એમ કહે જે ''આ સાધુ બહુ જ સારો છે તથા આ હરિભક્ત બહુ સારો છે'' એમ રાજી થાય તો તેનો જીવ બહુ રૂડો થઈ જાય. ને મોટા સાધુ હોય ને તે એમ જાણે જે ''આ સાધુ તથા આ હરિભક્ત સારો નથી'' તો તેનો જીવ દિવસે દિવસે ઊતરી જાય છે. તે ઉપર શુક સ્વામીને પોતાની વાત કરી જે મને મહારાજે વાત કરી હતી જે ''મોટા વાંસેથી વખાણે તેમ મોટા સાથે હેત રાખવું તથા ભગવાન સંભારતા હોય તેવા સાધુનો પક્ષ રાખવો તથા તેને કોઈ દિવસ દુઃખવવા નહિ'' એવી રીતની કેટલીક વાત કરી હતી.

## ડાકોરના રણછોડજીએ કહ્યું મોક્ષ તો સ્વામિનારાયણ પાસે છે !

ગામ દાવોલમાં જેઠો અને ખોડો એ નામે બે હરિજન હતા. તેમાં જેઠે એવું નિયમ રાખેલ જે દર પુનમે પોતાના ગામથી પાંચ ગાઉ ડાકોર સુધી દંડવત્ કરતા રણછોડજીનાં દર્શન કરવા જવું ને એમ નિયમ રાખતાં તેને બાવીસ વરસ થયાં ત્યારે રણછોડજીએ તેને સાક્ષાત્ દર્શન દીધાંને કહ્યું, ''માગ્ય માગ્ય'' ત્યારે જેઠો બોલ્યો ''મારો મોક્ષ કરો'' ત્યારે રણછોડજી કહે ''મોક્ષ મારા હાથમાં નથી, મોક્ષ તો હાલ સ્વામિનારાયણ પ્રગટ ભગવાન ગઢડા ગામમાં વિરાજે છે તેના હાથમાં છે કારણ કે તે ભગવાન પોતે અક્ષરધામમાંથી પધાર્યા છે માટે તું ત્યાં જા ને તેમના વર્તમાન લઈને સત્સંગી થા તો તારો મોક્ષ થાશે.'' એટલું કહી રણછોડજી અંતર્ધાન થઈ ગયા. પછી જેઠો ગઢડે ગયો ને મહારાજ પાસે જઈને પગે લાગ્યો ત્યારે મહારાજ બોલ્યા, ''તને રણછોડજીએ મોક્ષ માટે મોકલ્યો છે કે ?'' ત્યારે તેણે કહ્યું, ''હા મહારાજ'' પછી તેને વર્તમાન ધરાવ્યા ને મોક્ષ કર્યો.

## શિવજી કહે મોક્ષ મારા હાથમાં નથી. મોક્ષ તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં છે માટે વડોદરા જા...

ખોડાભાઈને એવું નિયમ હતું જે ''હંમેશાં શિવને નવરાવવા ને બિલિપત્ર ચડાવવા ને તેમનું જ ભજન કરવું તથા સોમવાર રહેવા ને શ્રાવણ માસમાં એકટાણા કરવા એમ કરતા તેને પચીસ વરસ થયા ત્યારે શંકરે પ્રસન્ન થઈ તેને દર્શન દીધાં ને કહ્યું, 'તું માગ્ય'' ત્યારે ખોડો બોલ્યો, ''મારો મોક્ષ કરો'' ત્યારે શંકર કહે, ''મોક્ષ તો મારા હાથમાં નથી. તે તો સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ સ્વામીના હાથમાં છે માટે તું વડોદરા જા ને તેમની પાસેથી વર્તમાન લે જે એટલે તારો મોક્ષ થાશે ને એ પાંચસો પરમહંસમાં મોટેરા છે'' એટલું કહીને તે અંતર્ધાન થઈ ગયા. પછી ખોડો વડોદરે સ્વામીને દર્શને ગયો ને સ્વામીને પગે લાગ્યો ત્યારે તેને જોઈને સ્વામી બોલ્યા, ''તને શંકરે મોકલ્યો કે ?'' ત્યારે કહે, ''હા મહારાજ'' પછી સ્વામીએ તેને વર્તમાન ધરાવ્યા ને કહ્યું, ''સ્વામિનારાયણનું ભજન કરજે ને તું દેહ તજીશ ત્યારે અમે તથા શ્રીજીમહારાજ તને તેડવા આવશું ને તારો મોક્ષ કરશું.

# સદ્. ગોપાળાનંદ સ્વામીએ શ્રી રઘુવીરજી મહારાજનો મહિમા વધાર્યો

એકવાર સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી વગેરે ઘણા સંત પાર્ષદે સહિત આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ સુરત પધાર્યા. ત્યારે ગામના સર્વે હરિજનો તથા પારસી અરદેશરજી દર્શન કરવા આવ્યા ને સહુને પગે લાગીને સભામાં બેઠા ત્યારે અરદેશરજીને જેવો ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીનો મહિમા હતો તેવો રઘુવીરજી મહારાજનો નહિ તેથી સભામાં થોડું બેસે ને પછી બેય સદ્ગુરુઓને આસને બેસીને વાત સાંભળતા. એકવાર નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, ''અરદેશરજીને રઘુવીરજી મહારાજનો મહિમા જરા પણ નથી માટે તેને કાંઈ ચમત્કાર બતાવીને ભાર પડે તેમ કૃપા કરો'' પછી વળતે દિવસે અરદેશરજી સભામાં આવીને બેઠા. તે વખતે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સાધુ કેશવદાસજીને સમાધિ કરાવી દીધી ત્યારે સભામાં બેઠેલા સહુ હરિજનોએ તથા અરદેશરજીએ પણ નાડી જોઈ તે ચાલતી ન દીઠી પછી તે સાધુને સુવરાવી મેલ્યા તે ત્રણ દિવસ થઈ ગયા તો પણ તે સાધુ જાગ્યા નહિ ! ત્યારે અરદેશરજીએ કહ્યું, ''આ સાધુને હવે જગાડો'' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે ''તમે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને કહો તો તે જગાડશે'' ત્યારે અરદેશરજીએ રઘુવીરજી મહારાજ પાસે જઈને કહ્યું, 'આ સાધુ સમાધિમાં ગયા છે તેને જગાડો.' ત્યારે તે જ ઘડીએ રઘુવીરજી મહારાજે તે સાધુનું નામ લઈને જગાડ્યા. પછી અરદેશરજીએ કેશવદાસજીને પૂછ્યું, ''તમે ક્યાં ગયા હતા ? ને કોણે તમને જગાડ્યા ?'' ત્યારે તે બોલ્યા કે ''હું અક્ષરધામમાં ગયો હતો ને મને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે જગાડ્યો છેને શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને તથા નિત્યાનંદ સ્વામીને તથા આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને તથા તમને જય સ્વામિનારાયણ કહ્યા છે'' તે પછી અરદેશરજીને રઘુવીરજી મહારાજનો મહિમા સમજાણો. એમ મોટા હોય તે મનુષ્ય જેવા દેખાય પણ તેમાં ઐશ્વર્ય રહેલું હોય છે.

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઝીંઝર ગામના ખોડાભાઈનું પ્રારબ્ધ બદલ્યું

એક વાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ગઢડેથી બોટાદ ગયા ને ત્યાંથી ભીમનાથ ગયા ને ત્યાં મહાદેવના દર્શન કર્યા. તે સમે ત્યાંના મહંતે સ્વામી વગેરે ત્રીસ સાધુ હતા તે સારુ ત્રીસ શેર લોટ સદાવ્રતમાંથી આવ્યો તે લેવરાવીને સ્વામી ઝીંઝર પધાર્યા ને ત્યાંના મંદિરમાં ઉતર્યા તે વખતે દરબાર ખોડાભાઈ આવીને પગે લાગ્યા ને રસોઈ કરવાનું પૂછ્યું ત્યારે સ્વામી કહે, ''અમે ભીમનાથથી લોટ તો લેતા આવ્યા છીએ ને દાળ હોય તો લાવો.'' તે ખોડોભાઈ વ્યવહારે જરા દુર્બળ હતા તેથી ઘરમાં તેટલીએ દાળ નહોતી, તેથી પોતાની તલવાર વાણિયાની દુકાને મૂકીને ત્રણ રૂપિયા લીધા ને કહ્યું જે ''એક મહિનામાં જો રૂપિયા ન ભરું તો તલવાર તમોને રહી'' એમ કહીને તે રૂપિયાના ઘી, ગોળ તથા દાળ લઈને મંદિરે આવ્યા ને તે બધો સામાન પુરુષાનંદ સ્વામીને આપ્યો. તેની સાધુએ રસોઈ કરી તે ઠાકોરજીને ધરાવીને સ્વામી વગેરે સહુ જમ્યા. પછી સાંજે ગોડી આરતી વગેરે કરીને રાત્રીએ સભામાં કથાવાર્તા કરી પછી નિયમ કરી રહ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''સહુ પચ્ચીશ પચ્ચીસ માળા ફેરવજો'' ત્યારે શુક સ્વામી બોલ્યા જે ''હે સ્વામી ! શાની માળાઓ ફેરવવાની ?'' ત્યારે સ્વામી કહે, ''દરબાર ખોડોભાઈ વ્યવહારે દુર્બળ છે ને ખાવા પૂરું મળતું નથી. માટે સહુ માળા ફેરવો તો તે સુખી થાય'' ત્યારે વળી શુક સ્વામીએ પૂછ્યું. ''દરબાર સત્સંગી તો સારા છે ને વ્યવહારે દુર્બળ કેમ છે ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''એ દરબાર પૂર્વજન્મમાં શ્રીજીમહારાજને વનમાં મળેલ તે સેવકરામ નામે સાધુ હતા તેણે તે વખતે મહારાજ પાસે સેવા કરાવી ને મહારાજને એક પૈસાભાર પણ અન્ન ન આપ્યું તેથી તેને આ અવતારે પૂરું ખાવા મળતું નથી.'' પછી સહુ સાધુઓ પચ્ચીસ-પચ્ચીસ માળા ફેરવીને તે પછી સૂતા. ત્યારથી આરંભીને ખોડાભાઈને વ્યવહારે સારું થયું. એમ જે ભગવાન કે ભગવાનના સંતની સેવા કરે ને તેને રાજી કરે તેના ભૂંડા પ્રારબ્ધ હોય તે સુધરી જાય.

## વચનસિદ્ધ પૂ. સ્વામીશ્રી

એક સમયને વિષે ગામ કરજીસણમાં પટેલ ત્રિકમજીભાઈ પોતાના ઘરમાં સૂતા હતા ને એના બીજા ખડ ભરવાના ઓરડામાં કોઈક ઢોર આવીને ખડ

ખાવા માંડ્યું ત્યારે કોઈક બાઈએ આવીને તેને કહ્યું, ‘‘તમારું ખડ કોઈકનું ઢોર ખાઈ જાય છે’’ ત્યારે તે ત્યાં ગયા ને ઢોરને કાઢીને પાછા ઘરમાં જઈને સૂતા તે વાતની તેના સામાવડિયાને ખબર પડી તેથી તેમણે ત્રિકમભાઈ ઉપર ખોટું કલંક નાખ્યું તેથી ત્રિકમભાઈ બીજે ગામ ખોરજ વયા ગયા ને ત્યાંના ગરાસિયા ચેતનજીભાઈને તે વાત કહી ત્યારે તે બોલ્યા, જે ‘‘કાંઈ ફીકર કરશો નહિ ચાલો હું મૂકવા આવું’’ પછી તે ભેળા કરજીસણ આવ્યા ત્યારે ત્રિકમજીની માએ તથા એને કહ્યું જે તમે ગામ કડી જઈને તપાવેલ ગોળો ઝાલીને સાચા થઈને આવો નીકર તમારે ફાવે ત્યાં જાઓ ને અમને મોઢું બતાવશો નહિ.’’ પછી તે કડી ગામે ગયા ને ત્યાંના દેસાઈ ઈશ્વરભાઈ પાસે ફરિયાદ કરી તેમાં તેની જીત થઈ ને તેના સામાવડિયાઓને કેદ કર્યા ને ત્રિકમજીને રજા આપી. ત્યારે ત્રિકમજી બોલ્યા જે ‘‘સાહેબ ! હું કચેરીમાં તો જીત્યો પણ જ્યારે લોઢાનો તપાવેલ ગોળો હાથમાં લઉં ત્યારે સર્વે લોકને પ્રતીતિ આવે પછી સર્વે ગામ બહાર ભાગોળે ગયા ને ગોળો તપાવ્યો તે જોઈને ત્રિકમજીભાઈ દિગ્મૂઢ જેવા થઈ ગયા. ત્યારે મહારાજે સાધુ રૂપે આવીને તેને સોટી અડાડીને કહ્યું, ‘‘કેમ ઊભો થઈ રહ્યો છો ઝાલ ગોળો’’ પછી તે ગોળો ઉપાડીને હદ બાંધી હતી તેથી આગળ ચાલ્યા ત્યારે સિપાઈ આગળ ફરી વળ્યા ને ગોળો મૂકાવી દીધો ને તેને કચેરીમાં શિરપાવ કર્યો.

પછી તે વસંત પંચમીને સમૈયે મૂળી ગયા ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજે સભામાં તેમને પંદર રૂપિયાની પાઘડી બંધાવીને બહુ વખાણ કર્યા. પછી તે કોઈક દિવસ વડતાલ ગયા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું, ‘‘કેમ ત્રિકમજી ! તારા ઉપર કોણે જૂઠું કલંક મૂક્યું હતું ?’’ ત્યારે તેમણે કહ્યું અમારા સામા પક્ષના લોકો હતા ને તેમાં સાંકળો મુખ્ય હતો.’’ ત્યારે સ્વામી બોલ્યા, ‘‘એવા પાપીના તો હાથ કાપવા જોઈએ’’ પછી કોઈક સમય તે સાંકળો તથા તેનો બાપ તે બેય જણા એક ગરાસિયા પાસે રૂપિયા માગતા હતા. તેને ઘેર જઈને તેને ગાળો દીધી અને ધક્કો માર્યો. પછી તે ગરાસિયાના દીકરાએ તે બંને જણાઓના તલવારે કરીને હાથ કાપી નાખ્યા.

## શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને સર્વેથી મોટા કહ્યા ને કહ્યું તે અમારી મરજી જાણે છે

એક દિવસ શુક સ્વામીએ વાત કરી હતી જે ''ભગવાન મળ્યા છે પણ ખોટ રહી જાય છે તે ખપ થાય તો ટળે.'' તે ઉપર વિદ્યાર્થીનું દૃષ્ટાંત દીધું જે ''વિદ્યાર્થી જેમ વિદ્યા ભણવા જાય છે તે વિદ્યાનો અભ્યાસ કરે ને શિખવે ત્યારે આવડે છે તેમ મોટા સાધુ સાથે હેત થયા વિના સમજાય નહિ કેમ જે મોટા હોય તે શ્રીજીની મરજી જાણતા હોય'' તે પોતાની વાત કરી જે ''હું પંદર વર્ષ શ્રીજીમહારાજ સાથે રહ્યો ને બધાં વચનામૃત લખ્યાં ને કેટલાક ગ્રંથ લખ્યા ને વાંચ્યા અને મને તથા મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે કહ્યું હતું કે, આ ગોપાળાનંદ સ્વામી બહુ મોટા છે ને તે તો મૂર્તિમાન અક્ષર છે ને તેમની મોટપ જેમ છે તેમ અમારાથી પણ કહેવાણી નહિ કેમ જે તેને આ લોકમાં બરોબરિયા ઘણા હોય પણ છેલ્લા પ્રકરણના એકવીસના વચનામૃતમાં અમે એની જ મોટપ કહી છે ને સમ ખાઈને સર્વે મુક્તમાં એને જ મોટા કહ્યા છે ને અમારી મરજી યથાર્થપણે એજ જાણે છે માટે તમે બેય એની સાથે હેત રાખજો ને પૂછવું હોય તો હાથ જોડીને પૂછજો. પછી એ વાત અમે સંભારી રાખી હતી. ને મહારાજ દેહ ઉત્સવ કરી ગયા. તે પછી એક વાર મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે ''હે સ્વામી ! મારામાં ખોટ હોય તો કહો.'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''તમે મહારાજને સખીભાવે ભજો છો તે હવેથી દાસ ભાવે ભજજો.'' તે સાંભળીને મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા ને જેમ સ્વામીએ કહ્યું તેમ કર્યું તથા પોતાના મંડળના સર્વે સાધુ ગોપાળાનંદ સ્વામીને સોંપ્યા.

## ગોપાળાનંદ સ્વામીએ મૂળજી બ્રહ્મચારીને સમજાવ્યા...

એક વખત શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન હતા ને ભાદરવા માસમાં શ્રાદ્ધ પક્ષ ચાલતો હતો. પછી સૌ સાંભળતા શ્રીજીમહારાજ બોલ્યા જે ''તમો સૌ પોતપોતાના માત-પિતાનું શ્રાદ્ધ કરો છો અને અમારે કોઈનું શ્રાદ્ધ કરવું નહીં ને ? તે સાંભળી મોટી બા, લાડુબા તથા દાદા ખાચર ત્રણે જણ હાથ જોડીને બોલ્યા, જે હે મહારાજ તમે કહો તેનું શ્રાદ્ધ કરીએ.

મહારાજ કહે અમારા માતાજીનું શ્રાદ્ધ કરવું છે. પછી નોમ આવી ત્યારે વીસ-પચ્ચીસ મણ દૂધ ભેગું કર્યું અને તેનો દૂધપાક કરાવ્યો અને સંતો પાસે સાત પડી રોટલી કરાવી. પછી મહારાજ કહે ''શ્રાદ્ધમાં એક પવિત્ર બ્રાહ્મણ જમાડવો જોઈએ.'' પછી મહારાજ કહે ''પવિત્ર બ્રાહ્મણ કોણ હશે ?'' પછી મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે ''મૂળજી બ્રહ્મચારી જેવો કોઈ પવિત્ર માણસ નથી.'' પછી મહારાજે કહ્યું જે ''મૂળજી બ્રહ્મચારી તમે પહેલા જમી લ્યો. પછી મારે શ્રાદ્ધ નાખવું છે.'' બ્રહ્મચારી કહે તમને જમાડ્યા વિના મારે જમાય નહિ. મહારાજ કહે આજે અમારા માતાજીનું શ્રાદ્ધ છે માટે તમે જમો. બ્રહ્મચારી કહે ઉગમણો સૂર્ય ઉગે છે પણ આથમણો ઉગે તો પણ તમને જમાડ્યા વગર નહિ જમું. પછી મહારાજ પણ હઠ ઝાલીને બેઠા જે બ્રહ્મચારીને જમાડ્યા વગર શ્રાદ્ધ નહીં નાખું. અહીં દરબારમાં સંતની પંક્તિ જમવા માટે તૈયાર થઈ હતી અને દૂધપાકના તપેલા તથા રોટલીના તાસડા ભરી મેલ્યા હતા. પછી મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્મચારીને ખૂબ સમજાવ્યા. જે મહારાજ તમને જમાડ્યા વગર છૂટકો નહીં કરે અને આ સંત બધા પાત્ર ઉપર બેઠા છે માટે મહારાજ રાજી થાય તેમ કરો.

પછી બ્રહ્મચારીએ તેમના સેવક વૈકુંઠ બ્રહ્મચારીને કહ્યું જે લાવ વૈકુંઠીયા હું જમું. અમથા મહારાજ કેડ નહીં મૂકે. એમ કહી બે ગ્રાસ જમ્યા. પછી મહારાજે દૂધપાક તથા રોટલી પાત્રમાં ચોળીને હાથમાં થાળ લઈ અંતરવાસ છેડો નાખી ઉત્તરાદાબારના ઓરડા ઉપર વાસ નાખવા માંડ્યા. તે પ્રસાદ લેવા માટે દેવો બધા સમળીઓના સ્વરૂપ ધારણ કરીને આવ્યા તે મહારાજ જ્યાં ખોરડા ઉપર ઘા કરે ત્યાં અધ્ધરથી બધા પક્ષીઓ લઈ જાય. પછી સંતની પંક્તિ જ્યારે જમવા બેઠી ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કેમ સ્વામી ઠીક ને ? સ્વામી કહે મહારાજ ગામમાં ચોરાશી કરે પણ એક બ્રાહ્મણ રહી જાય તો ચોરાશી કહેવાય નહીં. મહારાજ કહે ''બ્રહ્મચારી જમાડ્યા, પાંચસેં પરમહંસ જમાડ્યા હવે કોણ બાકી છે ?'' સ્વામી કહે મહારાજ સચ્ચિદાનંદ સ્વામીને ત્રણ દિવસ થયાં કાઢી મૂક્યા છે તે ઘેલાને સામે કાંઠે બેઠા છે. મહારાજ કહે બોલાવવા કોણ જાશે ? તે સાંભળી માનજી લુલા હતા તે એકદમ દોડ્યા અને નદીમાં જઈ છેટેથી બૂમ પાડી અને કહ્યું જે હે સચ્ચિદાનંદ સ્વામી તમોને મહારાજ બોલાવે છે તે સાંભળી એકદમ સચ્ચિદાનંદ સ્વામી દરબારમાં આવ્યા અને મહારાજને બાથ લેવા દોડ્યા.

પછી મહારાજે કહ્યું જે અહીં બેસો પછી પંક્તિમાં જમવા બેઠા પણ પોતા પાસે કાંઈ પાત્ર નહીં. પછી મહારાજે એક તાસ પડ્યો હતો તે સ્વામી પાસે મૂક્યો પછી મહારાજે દૂધપાકના એક સાથે ત્રણ ડંકા ભરીને નાખ્યા અને એક ખડકલો રોટલીનો મેલ્યો પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે કેમ સ્વામી હવે ! સ્વામી કહે મહારાજ હવે ચોરાશી પૂરી થઈ રહી. પછી સંતને ખૂબ દૂધપાક પૂરી તાણ કરી જમાડ્યા.

## કુંડલાના ચાંપો ખુમાણ કહે આ હાથ તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં આપેલો છે. તે વૈદ્યના હાથમાં ન હોય !

ગામ કુંડલામાં ચાંપો ખુમાણ કરીને કાઠી હરિભગત હતા અને તે શરીરે માંદા બહુ થયા હતા. પછી તેમના ભાઈ આલો ખુમાણ હતા તેમને સૌએ કહ્યું જે ડૉક્ટરને બોલાવો ને ચાંપાભાઈની નાડી બતાવો. ત્યારે ચાંપાભાઈ કહે મારે ડૉક્ટરનું શું કામ છે મારે તો સ્વામિનારાયણનું કામ છે તો પણ સૌ પરાણે પરાણે ડૉક્ટરને લાવ્યા અને ખુરશી નાખીને ત્યાં ચાંપાભાઈના ઢોલિયા પાસે બેસાર્યા. પછી આલો ખુમાણ બોલ્યા જે મોટાભાઈ વૈદ્ય આવ્યા છે તે હાથ લાંબો કરો. ત્યારે ચાંપોભાઈ કહે આ હાથ રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીના હાથમાં આપેલો છે તે હાથ વૈદ્યના હાથમાં હોય નહીં. તે સાંભળી વૈદ્યને રીસ ચડી તેથી તે જતા જતા ઓસરીની કોરીથી પગથિયું ચૂકી ગયો ને એ ભોંયે પડી ગયો તેથી તેનું ઢીંઢું ભાગી ગયું. તેથી ડોળી કરીને ઉપાડીને તેને ઘેર લઈ ગયા.

## પૂ. સ્વામીના આશીર્વાદથી નાપા ગામના બારોટને બે પુત્ર થયા

એક વખતે પૂ. સ્વામી વડતાલથી નાપા ગામ પધાર્યા હતા ને ત્યાં થોડાક દિવસ રહીને પાછા વડતાલ પધારવા તૈયાર થયા. તે વખતે સૌ હરિજન સ્વામી પાસે વળાવવા સારું આવ્યા હતા. પછી સ્વામીએ સૌને ઊભા રાખીને રજા આપી ને પેલા બે ભાઈ બારોટ બોલ્યા જે ''સ્વામી અમારે એકેને પુત્ર નથી.'' તે વખતે સ્વામીએ ખેતરમાંથી એક તાંદળજાનું ડાળખું તોડીને આપ્યું. જે ''લે આ તારે

પુત્ર !'' ત્યારે તે હરિભક્ત બોલ્યા જે સ્વામી ! આ તો બે ડાળખા છે. ત્યારે સ્વામી કહે તારે બે પુત્ર થશે. પછી સ્વામીના આશીર્વાદથી તેને બે પુત્ર થયા તે બંને એકાંતિક ભક્ત થયા.

## મોટાની મશ્કરીનું પરિણામ પેઢી-દર-પેઢી નડ્યું

એક વાર ગોપાળાનંદ સ્વામી મોટા દેવળિયા પધાર્યા હતા. ત્યાં બ્રાહ્મણ બેસવા આવ્યા. તેમને સ્વામીએ કહ્યું જે ''તમારી ઓડખ શી ?'' ત્યારે તેમણે કહ્યું જે ''અમારી ઓડખ ગોટાળી'' એમ સ્વામીની મશ્કરી કરી તેથી તેની પ્રજા સૌ બોબડી થવા લાગી તે હજી સુધી એમનું એમ ચાલ્યું આવે છે. આમ મોટા પુરુષની મશ્કરી-અભાવ-અવગુણ-અપરાધ આ જીવને બહુ નડે છે માટે તેની ભૂલ ન થાય તે ખાસ જાળવવું.

## શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામી પાસે ભક્ત ચિંતામણીમાં ગોપાળાનંદ સ્વામીનું પ્રકરણ દાખલ કરાવ્યું

શ્રીજીમહારાજ પ્રગટ વિરાજતા ત્યારે ગઢપુરમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણી ગ્રંથ બનાવતા તે શ્રીજીમહારાજને બતાવતા હતા. મહારાજ કહે કે આમાં યોગીનું પ્રકરણ દાખલ કરો તેથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને વિનંતી કરી જે મહારાજ આમ આજ્ઞા કરે છે. યોગીન્દ્ર ગોપાળાનંદ સ્વામી કહે મારું કાંઈ દાખલ કરવું નહીં. પછી મહારાજને કહ્યું જે યોગીતો ના પાડે છે ત્યારે મહારાજ કહે બીજા કવિ પાસે લખાવશું. પછી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તો તે હકીકત યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીને કહી ત્યારે સ્વામીએ કહ્યું કે જેમ મહારાજની મરજી હોય તેમ કરો તેથી ભક્ત ચિંતામણીનું પ્રકરણ કર્યું.

પૂર્વછાયો :

અનુપ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોરડા ગામ ।<br>
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઉપન્યા ભક્ત અકામ ॥ ૧ ॥<br>
યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગે અતિ વા'લ ।<br>
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥ ૨ ॥

તે ૧૪૨મું પ્રકરણ જોઈ મહારાજ બહુ જ રાજી થયા.

પૂ. સ્વામી મહારાજની આજ્ઞાથી વર્ષમાં એક માસ ગુણાતીતાનંદ સ્વામીને વાતો સંભળાવવા જતા હતા :

એક સમે ગઢપુરમાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી હાથમાં હાર લઈને મહારાજ બોલ્યા જે લ્યો ગુણાતીતાનંદ સ્વામી આ હાર તમે પહેરો અને આજથી તમે જૂનાગઢના મહંત. સ્વામી કહે ના મહારાજ ! હું મહંતાઈનો હાર નહીં પહેરું. પછી મહારાજે બહુ આગ્રહ કર્યો ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે ''આ ગોપાળાનંદ સ્વામી વરસદહાડામાં એક મહિનો મને વાતો સંભળાવવા સારું આવે તો હાર પહેરું.'' પછી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું જે કેમ સ્વામી પ્રતિ વર્ષે એક મહિનો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને વાતુ કરવા જશો ? પછી સ્વામી કહે કે હા મહારાજ જેમ તમારી આજ્ઞા હશે તેમ કરીશ. પછી સ્વામી પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી પ્રતિ વર્ષે એક મહિનો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને વાતો સંભળાવવા જતા અને જે વરસ ન જવાણું હોય તો બીજે વરસે બે મહિના જઈને રહેતા. એમ સ્વામીનો દેહ રહ્યો ત્યાં સુધી પોતે વરસોવરસ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને દર્શન દેવા સારું જતા હતા.

## પુરુષાનંદ સ્વામી કહે હા સ્વામી તમે કર્યું તે ઠીક કર્યું....

એક વખત ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં હતા અને પાકી રસોઈઓ ચાલતી હતી. પછી કેટલાક હરિજનો ગામમાંથી દૂધ-પેંડા લાવીને સ્વામીને સભામાં ભેટ મૂકવા લાગ્યા. પછી સ્વામીએ ઊભા થઈને પેંડાની ફાંટ ભરીને ગામ વાંકિયાના મોકોખાચર સભામાં બેઠા હતા તેમના ખોળામાં જઈને પેંડાની ફાંટ ઠલવી. પછી સૌ હરિજન છાનામાના કથા-વાર્તા સાંભળવા સારું સભામાં બેસી ગયા અને જ્યારે સભા ઊઠી ત્યારે સ્વામી આસને પધાર્યા ત્યારે પુરુષાનંદ સ્વામીએ સ્વામીને ઠપકો દઈને કહ્યું જે ''સ્વામી તમે આ શું કર્યું ?'' જે બધા હરિભક્તો તમારે માટે પેંડા લાવ્યા તે ઓલ્યા કાઠીને આપ્યાં. તેથી સૌ હરિજનો નારાજ થયા. પછી સ્વામી કહે કે પુરુષાનંદ તમે કાંઈ સમજ્યા નહીં. આપણે

તો પાકી રસોઈ ચાલે છે અને ગામમાં પેંડા લાવે તે અશુદ્ધ હોય તે આપણે ઉપયોગમાં આવે નહીં. અને હરિજનો મારો સમાગમ કરવા આવ્યા છે તે પાસે પૈસા હશે તો ગાંઠ્યના રોટલા ખાઈને મારો સમાગમ કરશે. માટે આટલેથી જ બંધ રહ્યું. ત્યારે પુરુષાનંદ સ્વામી કહે, ''હા, સ્વામી તમે કર્યું તે ઠીક કર્યું હશે.''

## બીડમાં અગ્નિ લાગેલો તેને સ્વામીએ વરસાદ કરીને ઓલવ્યો

એક સમે સ્વામી જૂનાગઢ પધાર્યા હતા અને પાતાપરના બીડમાં ખડ વાઢવા માટે જવું હતું, પણ ત્યાં કાંઈ પાણીનું સાધન ન હોતું. પછી મોટા અખંડાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે તમો આ સંત સાથે ઘાસ કપાવવા જાઓ અને ત્યાં સૌની સંભાળ રાખજો. પછી અખંડાનંદ સ્વામી સૌને લઈને ઘાસ કપાવવા સારું તે બીડમાં ગયા અને ત્યાં પાણીનું એક નાનું તળાવડું ભર્યું હતું. પછી સ્વામીના કહેવા પ્રમાણે સૌ ત્યાંથી પાણી લાવીને દેહ ક્રિયા તથા રસોઈ વગેરેનું કામ કરતા અને ઘાસ વાઢતા. પછી એક દિવસ સૌ સૂઈ ગયા હતા અને દિવસમાં બીડમાં ચારે કોર અગ્નિ લાગ્યો તે વખતે મંદિર ઉપર કડિયા કામ કરતા હતા તેમણે અગ્નિ જોઈને સ્વામીને પ્રાર્થના કરી જે કે ''હે સ્વામીન્ ! સાધુ ઘાસ કાપે છે તે બીડમાં અગ્નિ લાગ્યો છે માટે વરસાદ થાય તો અગ્નિ ઓલાય અને સૌની રક્ષા થાય. નહીં તો સૌ બળી મરશે. પછી સ્વામીએ દૃષ્ટિ કરી એટલે વરસાદ થયો અને અગ્નિ ઓલવાઈ ગયો એમ સૌની રક્ષા કરી.

## મંદિરનું દ્રવ્ય ઓળવવાથી દુઃખ આવે છે

એક સમે ગોપાળાનંદ સ્વામી ગોંડલ પધાર્યા હતા તેઓ સત્સંગી સારા હતા, પણ તેમને મહારાજને ઓઢવા સારું ચોફાળ કરવાને આપ્યો હતો તેના પૈસામાં આઠ આના વધ્યા અને ચોફાળ કરાવીને મહારાજને પુગતો કર્યો અને વધેલા આઠ આના પોતે રાખ્યા તેમાંથી પોતાના અધિકાર ઉપરથી નીકળી ગયા અને દારિદ્રપણું આવ્યું. પછી સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા ત્યારે સ્વામી બોલ્યા જે ''સૌ હરિજન આવ્યા અને રાઘવજીભાઈ કેમ દેખાતા નથી ?'' ત્યારે કોઈકે કહ્યું જે સ્વામી ! તેમને તો વહેવારે બહુ દુઃખ પડ્યું છે અને સ્ત્રી છોકરાં સૌ

નાશ પામી ગયું અને અધિકાર ઉપરથી ઉઠાડી મૂક્યા છે અને જુવારની ધાણીના લાડવા કરીને વેચે છે આવી સ્થિતિ છે.

## રાઘવજીભાઈ ઉપર પૂ. સ્વામીએ કૃપા કરી

ત્યારે સ્વામી બોલ્યા જે તેને મારી પાસે બોલાવો પછી હરિજને જઈને રાઘવજીભાઈને સ્વામી પાસે બોલાવી લાવ્યા અને રાઘવજીભાઈનો વેશ જોઈને સ્વામી બોલ્યા જે ‘‘રાઘવજીભાઈ આઠ આનામાં આટલે દરજ્જે આવી ગયા છો ?’’ તે સાંભળીને રાઘવજીભાઈ સ્વામી પાસે બહુ દિલગીર થઈ ગયા અને સ્વામીને કહ્યું, જે મારી ઉપર કૃપાદૃષ્ટિ કરો. પછી સ્વામી કહે, ‘‘આજ તમારે વેપારમાં શું આવ્યું છે ?’’ ત્યારે રાઘવજીભાઈ કહે સ્વામી બાર આનાની મૂડી છે અને જુવારની ધાણીના લાડવા વેંચું છું અને સાંજ પડ્યે શેર જુવાર વધારે આવે છે. પછી સ્વામી કહે તે શેર જુવાર તમારે હાથે દળીને અહીં લાવો અને તમો આજ ઉપવાસ કરજો. પછી રાઘવજીભાઈએ જુવાર દળી તેનો શેર લોટ લાવીને સ્વામી પાસે મૂક્યો. પછી સ્વામીએ સંતને કહ્યું જે આનો રોટલો કરીને ઠાકોરજીને ધરાવો. પછી તે જુવારનો રોટલો કરીને ઠાકોરજીને ધરાવ્યો તેમાંથી અરધો રોટલો સ્વામી જમ્યા અને અરધો રોટલો ચોળીને સૌ સંતને પ્રસાદી વહેંચી આપી. પછી સ્વામીએ રાઘવજીભાઈને કહ્યું જે ‘‘તમો થોડાક દિવસમાં તમારા અધિકાર ઉપર જાશો.’’

પછી સ્વામી ત્યાંથી જૂનાગઢ પધાર્યા અને થોડા દિવસ થયા એટલે દરબારને ખબર પડી જે આપણા જૂના કોઠારી રાઘવજીભાઈ કેમ દેખાતા નથી ? ત્યારે કોઈકે કહ્યું જે તેમને તો અધિકાર ઉપરથી બહાર કરેલ છે. પછી દરબાર કહે લાવો તેમને પાછા તે જ જગ્યા ઉપર દાખલ કરો. પછી સ્વામીની કૃપાદૃષ્ટિથી તે રાઘવજીભાઈની કોઠારી તરીકે નિમણૂક થઈ.

## પૂ. સ્વામીની કૃપાથી ભાણાભાઈને ગોંડલનું રાજ્ય મળ્યું પણ તેઓ રાજ્યમાં બંધાઈ ગયા

અને ભાણાભાઈ કરીને ગરાસિયા હરિભક્ત હતા. તેમણે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું, જે સ્વામી મને ગોંડલનું રાજ્ય મળે તો આખા રાજ્યમાં સૌ વસ્તી પાસે સ્વામિનારાયણનું ભજન કરાવું અને સૌની

પાસેથી નામ-ધર્માદો અપાવું. પછી સ્વામી કહે ભાણાભાઈ રાજ્ય તો મળશે પછી આવી સ્થિતિ નહીં રહે ! ત્યારે ભાણાભાઈ કહે ના સ્વામી તમારી કૃપાથી આવીને આવી સ્થિતિ રહેશે. પછી થોડાક દિવસ થયા કેડે સ્વામીની દયાથી ભાણાભાઈને ગોંડલનું રાજ્ય મળ્યું અને તે રાજ્ય કાર્યમાં તો એવા લુબ્ધ થઈ ગયા કે પોતપોતાના નિત્યનિયમ કરવાની પણ નવરાશ ન મળે તો વસ્તી પાસે તો ભજન-સ્મરણ ક્યાંથી કરાવી શકે ? એવા પોતે રાજ્યને વિશે ચોટી ગયા હતા. માટે અધિકાર એવો છે.

## બે સંતને જમાડવાથી દેવલોક અને વર્તમાન ધાર્યાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ

અને વિજ્ઞાનદાસજી નામે સાધુ હતા તેમના મામા કોઈક ગામમાં રહેતા હતા અને તે ખળામાં દાણાના પગરમાં ગાડું હાંકતા હતા તે દિવસના બાર વાગ્યાનો વખત થયો હતો. તે સમે સ્વામિનારાયણના બે સાધુ ત્યાં આવ્યા. ત્યારે તે કણબીએ જાણ્યું જે અમારા ભાણેજના સાધુ એમ જાણી તે કણબી સાધુને પગે લાગવા ગયો અને સાધુને પૂછ્યું, જે ''મહારાજ બપોરનો વખત થયો છે માટે કાંઈક જમશો ?'' ત્યારે સંત કહે ''તૈયાર કાંઈ હોય તો લાવો ઠાકોરને જમાડીએ.'' પછી તે કણબીએ ઘેર જઈને રોટલા તથા શાક-અથાણું લઈ આવ્યો અને સંતને આપ્યા અને સાધુ ઠાકોરજીને જમાડીને પોતે જમ્યા અને પછી બીજે ગામ ગયા.

પછી જ્યારે તે કણબીનું મૃત્યુ થયું ત્યારે તેને યમપુરીમાં યમદૂતો લઈ ગયા અને ધર્મરાજાએ તેને પૂછ્યું જે તેં કાંઈ ધર્મપુન્ય કર્યું છે ? ત્યારે કણબી કહે કે મેં સ્વામિનારાયણના બે સાધુને રોટલા જમાડ્યા છે એમ જ્યાં કહ્યું ત્યાં તો તેને તે બે સાધુ દેખાણા ત્યારે યમરાજ બોલ્યા, જે આમને દેવલોકમાં મેલી આવો. પછી તેને લઈને દેવલોકમાં મેલી આવ્યા. પછી ત્યાં મોટો દેવ થયો અને પછી કોઈકને વિમાનમાં બેસીને અક્ષરધામમાં જતા દીઠો. પછી તેણે દેવને પૂછ્યું જે આ વિમાન ક્યાં જાય છે ? ત્યારે દેવ કહે ભગવાનના ધામ આગળ આ તો પાયખાના જેવું ગણાય. ત્યારે તેણે કહ્યું જે મારે ત્યાં જવું હોય તો ? ત્યારે દેવે કહ્યું તારો ભાણેજ વિજ્ઞાનદાસ કરીને સાધુ છે તે ધોલેરાના મંદિરમાં રહે છે માટે તેની ભેળો તું થા તો તને અક્ષરધામમાં મોકલે.

પછી રાત્રિ પડી ત્યારે વિમાનમાં બેસીને તે ધોલેરાના મંદિરમાં ગયો અને વિજ્ઞાનદાસનું પૂર્વનું નામ લઈને બોલાવવા મંડ્યો. જે રતના... એ રતના... એમ વારંવાર નામ લઈને બોલાવે પણ વિજ્ઞાનદાસજી કાંઈ જવાબ આપે નહીં તેમના મનમાં એવી શંકા હતી જે રખેને કોઈ સ્ત્રી બોલાવતી હોય. એમ છ મહિના વીતી ગયા. પછી ધોલેરામાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા. ત્યારે વિજ્ઞાનદાસજીએ ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે સ્વામી મને કોઈક પૂર્વનું નામ લઈને બોલાવે છે પણ હું જવાબ દેતો નથી. ત્યારે સ્વામી કહે આજ આવે ત્યારે પૂછી જો જે કોણ છે ? પછી રાત્રિ પડી ત્યારે તે દેવ આવીને બોલાવવા મંડ્યો. ત્યારે વિજ્ઞાનદાસજી બોલ્યા જે તું કોણ છો જે છ મહિના થયા મારી કેડે પડ્યો છું ? ત્યારે તે દેવ બોલ્યા જે ભા હું તારો મામો છું, સ્વામી કહે મારો મામો કેવો ? ત્યારે તેણે કહ્યું જે મેં તારા સાધુ જાણીને બે રોટલા આપ્યા હતા તે પુણ્યે કરીને હું દેવલોકમાં ગયો છું માટે મને ભગવાન મેળવ્ય અને અક્ષરધામમાં મોકલ. ત્યારે વિજ્ઞાનદાસજી કહે જા કાલે આવજો. પછી વિજ્ઞાનદાસજીએ સવારે તે વાત સ્વામીને કરી ત્યારે સ્વામી કહે આજ નીચે બોલાવીને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલજો અને પછી જ્યારે રાત પડી ત્યારે તે દેવ વિજ્ઞાનદાસજીને બોલાવવા મંડ્યો. ત્યારે વિજ્ઞાનદાસજી કહે આવ્ય હેઠો. પછી તે વિમાન હેઠું લઈને આવ્યો અને વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલ્યો. એમ પ્રત્યક્ષના સંતને જમાડ્યાનું પુણ્ય છે.

## પૂ. સ્વામીએ બોટાદમાં વરસાદને રોક્યો. સંતો જમી રહ્યા પછી બહુ વરસ્યો

એક સમયને વિશે ગોપાળાનંદ સ્વામી બોટાદમાં હતા. ત્યાં બીરંજની રસોઈ હતી અને સંતની પંક્તિ જમવા માટે ચોકમાં કરી હતી. તે સમયે વરસાદ મોટે ફોરે વરસવા માંડ્યો અને સાધુ સૌએ સ્વામીને પ્રાર્થના કરી જે સ્વામી જમવા માટે પંક્તિ થઈ છે અને વરસાદ મોટે ફોરે આવે છે તે જમવાનું સુખ આવશે નહીં. પછી સ્વામીએ ચોક વચ્ચે ઊભા રહીને હાથમાં પોતાની લાકડીનો ટેકો દઈને આકાશ સામી દૃષ્ટિ કરી અને બોલ્યા, જે હમણા રહે, સંતને જમી રહેવા

દે. એટલે વરસાદ બંધ થઈ ગયો તે સમે ગામ નાગલપરના પટેલ માવજીભાઈ તથા પટેલ બહેચરભાઈ બેય જણા સ્વામીના દર્શને આવ્યા હતા. તેમને સ્વામીએ કહ્યું તમે ચાલવા માંડો નીકર ઘરે નહીં પહોંચો, પછી સ્વામીને પગે લાગીને તે ચાલ્યા. તે નાગલપરને સીમાડે પહોંચ્યાં ત્યાં તો અપરંપાર વરસાદ પડવા માંડ્યો અને તેઓ પોતાને ઘેર માંડમાંડ પહોંચ્યા.

## પૂ. સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને પૂજામાં અવાહન-વિસર્જન મંત્ર શીખવ્યા

એક સમે ગોપાળાનંદ સ્વામી બોટાદમાં હતા અને પોતે પૂજા કરીને ઠાકોરજીને તથા સંતને દર્શને નીકળ્યા હતા. તે સમે શિવલાલભાઈ પૂજા કરીને સ્વામીને દર્શને ગયા ત્યારે સ્વામીએ પૂછ્યું જે શિવલાલ તમે શું કરતા હતા ? ત્યારે શિવલાલ કહે સ્વામી તમે આવ્યા ત્યારે હું પૂજા કરતો હતો. ત્યારે સ્વામીએ કહ્યું જે મેં તો તારી પાસે કાંઈ મહારાજને દેખ્યા નહીં, ત્યારે શિવલાલભાઈ કહે સ્વામી તમે દર્શને નીકળેલા ત્યારે હું પૂજા કરતો હતો અને ના કેમ પાડો છો ? ત્યારે સ્વામીએ કહ્યું શી રીતે પૂજા કરો છો ? ત્યારે શિવલાલભાઈ કહે મૂર્તિઓ પધરાવીને માળા ફેરવું છું. ત્યારે સ્વામીએ કહ્યું જે અવાહન તથા વિસર્જન કાંઈ કરો છો કે નહીં ? ત્યારે શિવલાલભાઈ કહે તે તો મને આવડતું નથી. પછી સ્વામીએ અવાહન તથા વિસર્જનના શ્લોક શિખવ્યા.

**અવાહન મંત્ર**

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ, ઉત્તિષ્ઠો ગરૂડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાંત ત્રેલોકં મંગલમ્ કુરુ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો સ્વેષાઃ શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥

**વિસર્જન મંત્ર**

સ્વસ્થાનં ગચ્છ દેવેશ પૂજા માદાય મામકીમ્ ।
ઈષ્ટ કામ પ્રસિદ્ધયર્થં પુનરાગ મનાય ચ ॥

પછી શિવલાલભાઈ અવાહન મંત્ર પૂજામાં બોલતા ત્યારે શ્રીહરિ તેની પૂજા અંગીકાર કરવા સાક્ષાત્ પધારતા હતા. તે ભાયાત્માનંદ સ્વામીએ દર્શન કરેલા.

## પૂ. સ્વામીએ કયા ઉદ્યમમાં પાપ વિશેષ રહ્યું છે તે બોટાદમાં સભામાં જણાવ્યું

એક વખત સ્વામી બોટાદમાં બેઠા હતા અને ત્યાગી તથા હરિજનોની આગળ સ્વામી બોલ્યા જે કોના ઉદ્યમમાં પાપ નહીં. ત્યારે સૌએ કહ્યું જે ખેડૂના ઉદ્યમમાં પાપ તથા વેપારીના ઉદ્યમમાં પાપ તથા ભાવસારના ઉદ્યમમાં પાપ. પણ દરજીના ઉદ્યમમાં પાપ નહીં. કેમકે તેની સોયથી કાંઈ હિંસા થાય નહીં.

ત્યારે સ્વામી કહે સૌ સાંભળો જે દરજીના જેવું તો કોઈના ઉદ્યમમાં પાપ જ નથી. કેમકે તે જ્યાંથી સ્ત્રી-પુરુષના લુગડાંનું પરમાણું (માપ) લે ત્યારથી તેના ગુહ્ય અંગનું ધ્યાન થાય ! માટે દરજીના જેવો તો બીજો કોઈ નીચ ધંધો જ નથી ! તે સમે ત્યાંના દરજી નારણભાઈ તથા દરજી બોઘા ભગત બેઠા હતા. તેમણે સ્વામીને કહ્યું. જે સ્વામી અમારે તેમના શરીરને અડીને માપ ન લેવું અને તેના વસ્ત્ર પ્રમાણે વસ્ત્ર કરી આપવું. એમ એ બેય જણાએ સ્વામી આગળ નિયમ લીધાં તે જીવંત પર્યંત રાખ્યા.

## પૂ. સ્વામીએ ગરીબ વિશે સભામાં વિસ્તૃત વાત કરી

એક સમે સ્વામી બોટાદમાં સભા કરીને બેઠા હતા અને સ્વામીએ વાત કરી જે ગરીબ કોણ ? ત્યારે સૌએ પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું જે અન્ન-વસ્ત્ર જેને ન મળે તે ગરીબ કહેવાય. વળી કોઈકે કહ્યું જે જેને કોઈનો આધાર ન હોય તે પણ ગરીબ કહેવાય. ત્યારે સ્વામી બોલ્યા જે તે તો તેના પૂર્વના પાપના ફળ ભોગવવા છે તે ગરીબ ન કહેવાય. પણ ખરો ગરીબ કોણ ? જે સમર્થ થકો જરણા કરે તે ખરો ગરીબ કહેવાય. તે ઉપર સ્વામીએ વાત કરી જે એક શહેરના પાદરમાં નદીમાં શંકર તથા પાર્વતી એ બેય જણાં બેઠા હતા. તે સમે એક કઠિયારો લાકડાનો ભારો લઈને નીસર્યો ત્યારે સતિએ કહ્યું જે, ''હે ઈશ આ બિચારો ગરીબ છે તેને કાંઈક આપો.'' શંકર કહે ''આ ગરીબ નથી.'' સતી કહે આથી ગરીબ કોને જાણવો ? પહેરવા વસ્ત્ર નથી લાકડાં બાંધવાને દોરડું

નથી. પછી શંકરે તેની પરીક્ષા લેવાને માટે શંકરે પડખે જઈને ભારામાંથી એક જરડું તાણ્યું તે જોઈ કઠિયારે શંકરને કેટલીક અપશબ્દની ગાળો દીધી ત્યારે શંકરે સતિને કહ્યું, જે જુવો આ ગરીબ છે ? ત્યારે સતિ કહે ના ના. તે સમયે શહેરમાંથી કોઈક ધનાઢ્ય શેઠીઓ પાલખીમાં બેસીને નીસર્યો અને સાથે માણસ હતા. તે સમે શંકરે સતિને કહ્યું, જે હે સતી, આ શેઠીઓ પાલખીમાં બેસીને નીસર્યો તે જો ગરીબ છે ! તે સમયે સતિ કહે આટલા માણસ જેની સેવામાં છે તે ગરીબ કેમ કહેવાય ? પછી શંકરે પડખે ચડીને એક પથ્થર તેની પાલખીને માર્યો તે જોઈ શેઠીઓ તત્કાળ પાલખીમાંથી નીચે ઊતરી પડ્યો અને શંકરના પગમાં પડ્યો અને શંકરને કહ્યું જે હે મહારાજ ! હું મહા દેહાભિમાની છું ! અને તમે મહાત્મા પુરુષ ચાલ્યા આવો છો ! તેની મને ખબર ન રહી માટે તમે બંને જણ પાલખીમાં બેસો અને હું તમારી પાલખી ઉપાડું. પછી શંકરે સતિને કહ્યું જે દેખ આ ગરીબ ? કેમ કે તે અત્યારે આજ્ઞા કરે તો આ બધાય માણસ આપણને ચૂંથી નાંખે પણ સમર્થ છે છતાં નિર્માની છે અને શંકરને તેણે કહ્યું જે મારો અપરાધ માફ કરજો.

## પૂ. સ્વામીએ સેવાનો મહિમા બતાવ્યો

એક સમે સ્વામીએ બોટાદમાં વાત કરી જે લાલજીની સેવામાં રહે તેને આવી રીતે પુન્ય છે તે ઉપર બે શેઠીઆની સ્વામીએ વાત કરી જે એક શહેરમાં બે શેઠીઆ લાલજીની પૂજા કરતા હતા અને બેઉ કરોડપતિ હતા. પોતે બંને જણ જાતે લાલજીની સેવા કરતા. સેવામાં એક શેઠને ઘેર તેના સાસરાના પક્ષના સૌ આવ્યા અને થોડાક દિવસ સૌ ત્યાં રહ્યા પછી શેઠાણીની માએ શેઠાણીને કહ્યું જે તને ઘણે મોટે ઠેકાણે આપી પણ તારે કોઈ દિવસ સારું લુગડું પહેરવું નહીં સારા ઘરેણાં પહેરવા નહીં ! અને તું અને શેઠ બંને લાલજી લાલજી ને લાલજી કર્યા કરો છો અને આ બીજી દીકરીને સાધારણને ઘરે આપી છે તે કેવા સારા સારા દાગીના અને વસ્ત્ર પહેરીને કેવી મજા કરે ? અને તું તો દી ને રાત સોળામાં ને સોળામાં રહે છે ? એમ નિરંતર તેના સંબંધીઓ કહ્યા કરતા હતા. તેથી બાઈના મનમાં તેની થોડી ઘણી અસર થઈ જે મારી મા તથા મારી બહેન ઠીક કહે છે પછી તે સૌ ઘેર ગયા કેડે શેઠાણીએ એક દિવસ શેઠને કહ્યું જે આપણે બે જણા દિવસ અને રાત લાલજી લાલજી ને લાલજી કર્યા કરીએ છીએ પણ

કાંઈ હાણ્યાં માણ્યાં નહીં. ત્યારે આપણું દ્રવ્ય શા કામનું ? ત્યારે શેઠે જાણ્યું જે આના માવતર આને શબ્દ ઘાલી ગયા. પછી શેઠે કહ્યું જે આમાં તારું ને મારું રળેલું કાંઈ નથી. આ તો મારા બાપદાદાનું રળેલું છે. બાઈ કહે કે હું શું રળવા જાઉં ? દાડિયું કરવા જાઉં ? શેઠ કહે ના, આપણાં લાલજીનું સોનાનું બેડું છે તે પાણીનું ભરીને સામા શેઠ લાલજીની પૂજા કરે છે તેને ઘેર આપી આવો અને તેના પૈસા બે પૈસા જે આપે તે લઈ આવો. પછી શેઠાણી પાણીનું બેડું ભરીને સામા શેઠને ઘેર ગયા તે સમે શેઠ લાલજીને નવરાવતા હતા તે જોઈ શેઠ તત્કાળ ઊભા થયા અને શેઠાણીને કહ્યું જે અહોહો તમે શેઠાણી કેવાં ? ત્યારે શેઠાણી કહે આ પાણીનું બેડું ઠલવી લ્યો અને તેની કિંમત થાય તે પૈસા મને આપો. ત્યારે શેઠ બોલ્યા જે તમે મારા લાલજીને વાસ્તે પાણીનું બેડું લાવ્યા તેનું મૂલ્ય તો મારાથી થાય જ નહીં અને આ મારી ઘરવખરી છે તે સવારથી તે સાંજ સુધી તમારા જેટલાં માણસો છે તે બધાય આવીને લઈ જાય તો પણ તમે મારા લાલજીના વાસ્તે પાણીનું બેડું લાવ્યાં તેનું મૂલ્ય મારાથી થાય નહીં. ત્યારે શેઠાણી બોલ્યા જે મારું બેડું નવરું કરી આપો અને એવા ઠીકરા તો મારે ત્યાં ઘણાંય ભર્યા છે. પછી શેઠે બેડું ખાલી કરી પાછું આપ્યું. તે લઈને શેઠાણી ઘરે આવ્યા અને શેઠે ચાર સોની તૈયાર કરી રાખ્યા હતા. પછી શેઠે કહ્યું જે કાં શું આપ્યું ? રૂપિયો બે રૂપિયા. ત્યારે શેઠાણી બોલ્યા, તે તો કહે આ મારી બધી ઘરવખરી છે તે લૂંટાવી દ્યો. પણ તમે મારા લાલજીને વાસ્તે પાણીનું બેડું લાવ્યા તેનું મૂલ્ય મારાથી થાય નહીં. માટે મારે તો કાંઈ જોતું નથી અને મારે તો લાલજીની સેવા કરવી છે તે સાંભળીને શેઠે સોનીને રજા આપી તે સૌ ઘરે ગયા અને શેઠાણી પ્રથમની પેઠે લાલજીની સેવા કરવા વળગી ગયા અને એમ બોલ્યા જે લાલજીને પાણીનું બેડું પીવા માટે લાવી આપે તેને આટલું પુન્ય થાય છે.

## કરશનભાઈ વાણિયા સ્વામીની દૃષ્ટિમાં આવ્યા ને સ્વામીએ આશીર્વાદ આપ્યા

એક સમે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ગઢપુરમાં હતા અને ગામ કુંડલાના હરિજન રાઠોડ સ્વામીને દર્શને આવ્યા અને તેમની સાથે કરશન કરીને એક વાણિયા હતા. તે નવા સત્સંગી થયા હતા. તે પણ સ્વામીને દર્શને આવ્યા હતા. ત્યાં સૌ આવીને દંડવત્ કરીને પગે લાગ્યા. પછી સ્વામીએ હરિજનોને પૂછ્યું

જે આ કોણ છે ? ત્યારે સૌએ કહ્યું જે સ્વામી આ વાણિયો નવો હરિભક્ત થયો છે પણ તેને નાતની ઉપાધી બહુ છે. પછી સ્વામીએ તે કરશનભાઈને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું જે કરશન તું મને મોટો જાણે છે કે નાતને ? ત્યારે કરશનભાઈ કહે સ્વામી તમે મોટા. ત્યારે સ્વામીએ કહ્યું જે ‘‘જા નાતમાં તું જ મનાઈશ અને ગામમાં પણ તુંજ મનાઈશ અને કાલી નાત તે શું કરનારી છે ? પછી સ્વામીનો આશીર્વાદ લઈને તે ઘરે ગયા.

## સ્વામીના આશીર્વાદથી વ્યવહાર ચાલતો રહ્યો ને હિંમત હાર્યા નહિ

અને કરશનભાઈ ગઢપુરથી ઘરે ગયા ત્યારે તેમના સસરા તથા સાસુ સૌ કરશનભાઈને ઘેર આવ્યા અને કહ્યું જે તમે તમારે ઘેર ને અમે અમારે ઘેર આજથી તમારે ને અમારે વહેવાર નહીં. તે વખતે સૌ નાત મળીને એકઠા કર્યા હતા. જે કરશનની દુકાનેથી કોઈએ કાંઈ માલ લેવો નહીં અને તે કંદોઈનો ધંધો કરતા હતા. પછી કરશનભાઈએ તેના સસરાને કહ્યું જે હજી તો મારા એકઠા કર્યા છે. પણ મને કાંઈ નાત બહાર મૂક્યો છે ? મને જ્યારે નાત બારો મૂકે ત્યારે સગપણ કર્યાના મેં રૂપિયા આપ્યા છે. તે પાછા આપી જજો.

અને કરશનભાઈને સ્વામીનો આશીર્વાદ હતો. તેથી ફરતા ગામના લોકો તેની દુકાનેથી માલ લેતા અને સાંજ વખતે પોતે ભજિયાં તથા ગાંઠીઆ લઈને હરિજનોમાં વેચવા નીસરતા એટલે પોતાનો વ્યવહાર સુખેથી ચાલતો હતો.

## પૂ. સ્વામીના આશીર્વાદ ફળ્યા અને કરશનભાઈનું નાતમાં તથા ગામમાં માન વધ્યું

અને તેવા સભામાં ગામ કુંડલાનો નગરશેઠ હતો તેને ત્યાં કોઈક વૃદ્ધ માણસ મરી ગયું એટલે શેઠે વિચાર્યું કે આપણે સાત વાનાનાં પકવાન કરીને આપણે નાતને જમાડવી. પછી સૌ કંદોઈને ભેગા કર્યા અને કહ્યું જે અમારે ડોશીનું ખરચ કરવું છે તે શું ભાવ લેશો ? પછી સૌ કંદોઈ એક મત થઈને બોલ્યા જે એક મણ ભારે અમુક પૈસા લેશું. ત્યારે શેઠે કહ્યું જે મારે આટલું આપવું નથી. ત્યારે કંદોઈ કહે અમારે તમને માલ પણ કરી દેવો નથી.

પછી તે શેઠે કરશનભાઈને બોલાવીને કહ્યું જે કરશન તને જલેબી તથા સાટા વગેરે સાતે પકવાન આવડે છે ? ત્યારે કરશનભાઈ કહે હા કાકા મને આવડે છે તો ખરું. પણ મારા ઘરમાં તેવા વાસણની તંગાસ છે, માટે મને તેવા પૂરતા વાસણ તથા મદદગાર સારા ચાર માણસ આપો તો હું તમને પૂરતો માલ બનાવી આપું. મારે કાંઈ કિંમત જોતી નથી. તે સાંભળી તે શેઠે જોઈએ તેવા વાસણો તથા માણસો સહાયતામાં આપ્યાં અને સમગ્ર માલ તૈયાર કરી આપ્યો અને તેરમાને દિવસે શેઠે નાત જમવાને માટે બોલાવી તે વખતે કરશનભાઈ ઊનાં ઊનાં ભજિયાં લઈ પંગતમાં પીરસવા લાગ્યા. તે જોઈ કેટલાક લોકો હોકારો કરી ઊઠ્યા અને શેઠને કહ્યું જે શેઠ આ કરશન કેમ પંક્તિમાં આંટા મારે છે ? ત્યારે શેઠે કહ્યું, જે આ તમામ માલ કરશનનો જ કરેલો છે માટે જમવું હોય તો સુખેથી જમો અને કરશન તો મારા દીકરા તુલ્ય છે તે સાંભળી સૌ શુન્ય બેસી રહ્યા અને સ્વામીની કૃપાદષ્ટિથી કરશનભાઈનો વહેવાર પણ ઘણો વૃદ્ધિ પામ્યો અને નાતમાં તથા ગામમાં તેનું ઘણું માન વધ્યું... તે સદ્‌ગુરુ સ્વામી ગોપાળાનંદજીના પ્રતાપથી થયું.

## કરશનભાઈએ સંકટ સમયમાં પણ ટેક ન મૂકી ને રક્ષા થઈ

અને કરશનભાઈએ જ્યારે સત્સંગ કર્યો ત્યારે તેમના સંબંધીઓએ કોરટમાં ફરિયાદ કરી ને જેલમાં બેસાર્યા અને બે દિવસ સુધી કરશનભાઈને અન્ન-જળ કાંઈ લેવા દીધું નહીં અને નાતનો એવો આગ્રહ હતો કે કંઠી તોડ્યા પછી ત્યાંથી ઉઠાડવો અને કરશનભાઈએ એવી ટેક લીધી જે નાહીને પૂજા કર્યા પછી અન્નજળ લેવું. એમ કરતા કરતા ત્રણ દિવસ ઉપવાસ થયા તે સમે ગામ ચાંદગઢથી લવજી મહારાજ તથા આણંદજી મહારાજ કોરટમાં કાંઈ કામ પ્રસંગે ગયા હતા. તેણે કરશનભાઈને ભાળીને બધી હકીકત પૂછી. પછી લવજી મહારાજે ન્યાયાધિશને કહ્યું જે આ છોકરાને ત્રણ ઉપવાસ થયા છે અને તેનો દેહ પડી જશે તો તેનો તમે જવાબ દેશો કે નાત જવાબ દેશે ? કેમ કે તેના ઇષ્ટદેવના દર્શન કર્યા વગર અન્નજળ લે તેમ નથી તે સાંભળીને ન્યાયાધીશે રાજીનામું લઈને તેને ઉઠાડી મૂક્યા.

## પૂ. સ્વામીએ અમરા ખાચરની પૂર્વ અવતારની સ્મૃતિ કરી

અને ગઢપુરના દાદા ખાચરના દીકરા અમરો ખાચર તેમને સ્વામીના દર્શને લાવ્યા (નાના બાળને). તેમના સામી સ્વામીએ દૃષ્ટિ માંડીને જોયું અને બોલ્યા જે ''આ તો સાક્ષાત્ અંબરીષ ફેર આવ્યા છે.'' એમ સ્વામીએ તેના સામી સારી રીતે દૃષ્ટિ માંડીને કહ્યું હતું. પછી સ્વામીના આશીર્વાદથી તેમણે પણ અંબરીષ રાજાના જેવું જ દેવસંબંધી કાર્ય કર્યું છે.

## પૂ. સ્વામીના વચને કલ્યાણ કંદોઈ એકાંતિક ભક્ત થયા

અને સ્વામી ગઢપુરમાં હતા અને કલ્યાણ કંદોઈ સ્વામીને દર્શને આવ્યા અને દંડવત્ કરીને પગે લાગ્યા. પછી સ્વામીએ કલ્યાણભાઈની આંખ ઉઘાડીને જોઈ અને બોલ્યા જે ઓળખ્યો ઓળખ્યો એમ કહીને બોલ્યા જે આ જીવ બહુ બળિયો થાશે. પછી તે સ્વામીના પ્રતાપથી એકાંતિક ભક્ત થયા.

## પૂ. સ્વામીએ સાધુનો દેહ છોડાવ્યો ને બોલ્યા આને ત્રણ જન્મ લેવા પડશે

ગઢપુરમાં એક સંતને મહારોગ થયો હતો. તેણે કરીને તેનું આખું શરીર મહાદુર્ગંધમય થઈ ગયું હતું અને રઘુવીરજી મહારાજ ઊને પધારતા હતા અને સાથે બધા સદ્ગુરુઓ પણ હતા. તેઓ સૌ ગઢપુર રાત રહ્યા અને રોગવાળા સંતને ખબર પડી જે ગોપાળાનંદ સ્વામી પણ પધાર્યા છે. પછી તેણે પોતાના સેવકને સ્વામી પાસે મોકલ્યા અને કહ્યું જે સ્વામીને કહેજે જે મારો દેહ ત્યાગ કરાવીને પછી જાય નહીં તો હું આત્મઘાત કરીને દેહ પાડીશ. પછી તે પ્રમાણે તેના સેવકે સ્વામી પાસે વાત કરી ત્યારે સ્વામી કહે ત્રણ વરસ રહો. સાધુ કહે એક દિવસ પણ પીડાએ કરીને કલ્પ જેવો જાય છે ત્યારે સ્વામી કહે છ મહિના રહો તો તમારી કસર માત્ર ટળી જાય. પણ સંતે ના પાડી. ત્યારે સ્વામી કહે ત્રણ દિવસ રહો. પણ સંતે હઠ ઝાલ્યો જે એક ઘડી પણ મારાથી આ દેહમાં રહેવાય તેવું નથી અને મારો ખાટલો દરવાજા વચ્ચે નાખીશ. પછી

સ્વામીએ રઘુવીરજી મહારાજને રવાના કરીને પોતે પાછળ રહ્યા અને તે સાધુનો દેહ ત્યાગ કરાવ્યો. પછી સ્વામી સભા કરીને બોલ્યા જે આને ત્રણ જન્મ લેવા પડશે. કેમકે ત્રણ જન્મની કસર ત્રણ દિવસમાં જાત. એમ સ્વામીએ સૌ સાંભળતા વાત કરી.

## મોટાનો સમાગમ તે જીવને બંધન તોડાવે તેવો છે

વડતાલમાં ગોપાળાનંદ સ્વામી સભામાં બેઠા હતા. પછી અંતર્યામીપણે ખંભાતના હરિજન સદાશિવભાઈને સ્વામીને કહ્યું જે તમારી હવેલી બળી જાય તો તમને કાંઈ ખરખરો થાય ? ત્યારે સદાશિવ બોલ્યા જે ના સ્વામી મનમાં કાંઈ ખરખરો થાય નહીં. કેમ કે તમારે યોગે કરીને સાંખ્ય વિચારથી બધું ખોટું કરી નાખ્યું છે. જે દિવસે તેમની હવેલી બળી હતી તે જ દિવસે તેને સ્વામીએ વાત કરી હતી. ને પછી બીજે દિવસે સવારમાં ખંભાતથી મનુષ્ય કાગળ લઈને આવ્યું અને કાગળ વાંચીને બોલ્યા જે સ્વામીએ આગળથી જ હવેલી બાળી મૂકી છે. નહીં તો અત્યારે હવેલી સાથે હું પણ મરત. માટે મોટાનો સમાગમ તે જીવને બંધન તોડાવે તેવો છે.

## સ્વામીશ્રીના ગાડા ઉપર વરસાદનું એક ફોરું પણ ન પડ્યું

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ગાડીમાં બેસીને કોઈક ગામ જતા હતા અને બીજા સાધુ ભેળા ચાલ્યા આવતા હતા તે સમે વરસાદ વરસવા મંડ્યો તે ગાડી ઉપર જળનું ફોરું ન પડે અને બીજા સાધુ સૌ પલળી ગયા. તે જોઈને સૌને ઘણું આશ્ચર્ય થયું એ જ મોટાનો પ્રતાપ કહેવાય.

## પૂ. સ્વામીએ અહીંની અને અક્ષરધામની એકતા બતાવી

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ઉમરેઠના મંદિરમાં બેઠા બેઠા પૂજા કરતા હતા. તે એક હરિજન જનોઈ કરવા માટે સુતરનો ફાળકો લાવ્યો તે ફાળકો લઈને સ્વામીએ પૂજાની મૂર્તિને પહેરાવ્યો. તે વખતે કેશવદાસ કરીને સાધુ

ભંડારમાં રોટલા કરતા હતા. તેને સમાધિ થઈ અને સમાધિમાં ખડખડ હસવા લાગ્યા તે જોઈ બીજા સાધુએ પૂછ્યું જે કેશવદાસજી કેમ હસો છો ? ત્યારે કેશવદાસ બોલ્યા જે અક્ષરધામમાં શ્રીજીમહારાજની ડોકમાં ગોપાળાનંદ સ્વામીએ સુતરનો ફાળકો પહેરાવ્યો છે. તે જોઈને મને હસવું આવે છે. એમ અહીંની ને અક્ષરધામની સ્વામીએ એકતા બતાવી.

## શ્રીજીમહારાજ તથા સંતને જે અર્પણ કરે તે અક્ષરધામમાં પહોંચે છે

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ ગામમાં હતા. ત્યાં સૂત્રભાષ્યનું પુસ્તક પૂરું થયું અને બોટાદના શિવલાલભાઈ પણ ત્યાં હતા. પછી સ્વામીએ શિવલાલભાઈને કહ્યું જે શિવલાલ સૂત્રભાષ્યનું પુસ્તક પૂરું થયું માટે આજ એ પુસ્તકની પૂજા કરવી છે. ત્યારે શિવલાલભાઈ કહે આજરોજ મારી રસોઈ કરો અને પુસ્તકની હું પૂજા કરું. પછી પુસ્તકની પડખે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી અને શિવલાલભાઈએ પુસ્તકની પૂજા કરી અને મહારાજની મૂર્તિને રાતી શાલ ઓઢાડી અને પછી આરતી ઉતારીને પછી સૌ સંતની કેસરચંદને કરીને પૂજા કરી ને સૌ સંતને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી સ્વામીએ કેશવદાસને સમાધિ કરાવીને કહ્યું જે, અક્ષરધામમાં જોઈ આવો જે સૌ સંતની પૂજા થઈ ગઈ ? પછી કેશવદાસજી સમાધિ કરીને અક્ષરધામમાં ગયા અને શ્રીજીમહારાજના કપાળમાં અરચા, કંઠમાં ગુલાબનો હાર અને ખભે વસ્ત્ર જોયાં અને લાલ શાલ ઓઢેલી અને તમામ મુક્તના કપાળમાં અરચા, કંઠમાં હાર અને ખભે વસ્ત્રો જોયાં. પણ એક મુક્તાનંદ સ્વામી પૂજા કર્યા વગર રહી ગયેલા જોયાં. પછી તેમણે સમાધિમાંથી બહાર આવીને સ્વામીને કહ્યું જે તમામ મુક્તની પૂજા થઈ ગઈ છે. પણ એક મુક્તાનંદ સ્વામી પૂજા કર્યા વગર રહી ગયા છે. પછી સ્વામી કહે શાંતાનંદ સ્વામી ક્યાં ગયા છે ? તેમને બોલાવો તે વખતે શાંતાનંદ સ્વામી નહાવા ગયા હતા, ત્યાંથી આવ્યા પછી તેમની પૂજા કરી ને કેશવદાસને ફેર અક્ષરધામમાં મોકલ્યા અને ત્યાંથી આવીને કહ્યું જે, હવે મુક્તાનંદ સ્વામીની પૂજા થઈ છે તેમ સદ્ગુરુને તથા શ્રીજીને જે જે અર્પણ કરે છે તે અક્ષરધામમાં પહોંચે છે.

## પૂ. સ્વામીએ પોચા ભટ્ટ તથા ભાણજી વ્યાસને જમ દેખાડ્યા

ગામ વસોમાં ગોપાળાનંદ સ્વામી હતા અને પોતા પાસે પછેગામના પોચો ભટ્ટ તથા બોરુના ભાણજી વ્યાસ એ બે જણા વિદ્યાભ્યાસ કરતા હતા. પછી પોચા ભટ્ટે એક દિવસ સ્વામીને કહ્યું જે, સ્વામી ! આ જમ એમ કહે છે તે વાત ખોટી છે કેમકે એ તો જેમ લોકમાં છોકરાને બીવરાવે જે જો બાઘડો આવ્યો તેમ દુનિયાને બીવરાવાને માટે છે. ત્યારે સ્વામી કહે ''પોચા જમ સત્ય છે ! ખોટા નથી.'' ત્યારે પોચો ભટ્ટ કહે, ના સ્વામી એ મનાય નહિ. પછી સ્વામી કહે આ ગામમાં કોઈ માંદુ છે ! ત્યારે પોચો ભટ્ટ કહે, ''હા એક ડોશી માંદી છે'' પછી તે બે જણ દીવે બેસીને વિદ્યાભ્યાસ કરતા હતા અને સ્વામીને આવીને કહ્યું જે પોચા જો જમ જાય. એમ કહ્યું એટલે બંને જણાની દૃષ્ટિ ત્યાં પહોંચી ગઈ અને તેમના મોટા વિકરાળરૂપ જોઈને બંને જણાને લઘુ અને ઝાડા થઈ ગયાં. પછી સ્વામીએ આવીને સાદ કર્યો જે પોચા એ પોચા ત્યારે બે જણા જાગીને બોલ્યા જે સ્વામી છેટા રહેજો અમારા પોતિયા બગડી ગયા છે. સ્વામી કહે કેમ જમ સાચા કે ખોટા ? ત્યારે બંને જણે હાથ જોડીને કહ્યું જે, સ્વામી ! જમ તો સત્ય છે. ભાળ્યા ભેળા પ્રાણ જતા રહે એવા છે.

## પૂ. સ્વામીએ વસતા ખાચરને કહ્યું જે હરિભક્તોના ઘરમાં સમૃદ્ધિ આવી હતી તે દશ દિગપાળની હતી...

એક વખત વસોમાં ગોપાળાનંદ સ્વામી હતા અને કારિયાણીના વસતો ખાચર ત્યાં સ્વામીના દર્શન કરવા ગયા હતા. પછી વસતા ખાચરે સ્વામીને પૂછ્યું જે સ્વામી અગણોતેરા કાળમાં મારા ઘરમાં એક લાખ રૂપિયા ને પાંચસેંહે કળશી અનાજ હતું અને પચાસ ભેંસો દુઝણી હતી અને શ્રીજીમહારાજ તથા પાંચસેંહે પરમહંસ મારા ઘરે રહેતા અને કોઈ વાતની કચાસ નહોતી અને આજ ઘરમાં કશુયે નથી એનું કારણ શું ? ત્યારે સ્વામી બોલ્યા જે વસતા ખાચર શ્રીજીમહારાજ જ્યારે ઘરેથી નીસર્યા અને સરજુ નદીને આ કાંઠે આવ્યા ત્યારે દેવ માત્રે તથા તીર્થ માત્રે આવીને મહારાજની પ્રાર્થના કરી જે મહારાજ અમારા

સ્થાનમાં પધારો. દેવ કહે મહારાજ અમારા સ્થાનમાં પધારો. પછી મહારાજે તમામ તીર્થને તથા દેવને કહ્યું જે હું તમારે ત્યાં આવીશ.

પછી દશ દીગપાળ મહારાજ સાથે ચાલ્યા પણ મહારાજે કાંઈ કહેતા કાંઈ તેનું અંગીકાર કર્યું નહીં અને શરીર સૂકવી નાખ્યું. પછી દશે દિગપાળ થાકીને સૌ સૌને સ્થાન કે ગયા પછી જ્યારે શ્રીજીમહારાજ સત્સંગમાં પધાર્યા અને મોટા મોટા યજ્ઞ કર્યા તે સર્વે દ્રવ્ય દશે દિગપાળે મોકલ્યું હતું અને તમારા ઘરમાં તથા દાદા ખાચરના ઘરમાં તથા ઝીણાભાઈના ઘરમાં તથા સુરા ખાચરના ઘરમાં તથા વડતાલના જોબનપગીના ઘરમાં જે જે સમૃદ્ધિ હતી તે સર્વે દશ દિગપાળની હતી તે જ્યાં સુધી શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી સૌના ઘરમાં દ્રવ્ય રહ્યું અને તમારી પ્રજા પણ ધર્મમાં ન રહી એટલે જેનું હતું તે ખેંચી ગયા તેમાં તમારું કાંઈ નહોતું. એમ વસોમાં વસતા ખાચરને ગોપાળાનંદ સ્વામીએ વાત કરી હતી.

## મોટા રાજી થાય તો પણ જીવને સંતોષ નથી...

અને વડતાલમાં સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી હતા ત્યાં એક હરિજને આવીને સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું જે, સ્વામી ! હું વહેવારે બહુ દુર્બળ છું. માટે કાંઈક કૃપા કરો તો કાંઈક સુખ થાય અને સુખેથી ભજન થાય, ત્યારે સ્વામીએ કહ્યું જે કેટલું દ્રવ્ય હોય તો તારે સંતોષ થાય ? ત્યારે તેણે કહ્યું જે, ‘‘દશ હજાર રૂપિયા હોય તો ઠીક.’’ ત્યારે સ્વામી કહે પછી નહીં વધે હો. ત્યારે ભક્તે કહ્યું જે લાખ રૂપિયાનો સંકલ્પ કરો ત્યારે સ્વામી કહે પછી તેથી નહીં વધે. ત્યારે તે હરિભક્ત કહે દશ લાખનો સંકલ્પ કરો. સ્વામી કહે તારે જો દશ લાખ રૂપિયા થાય તો તું માળા ફેરવ ખરો ? માટે ઘરે જા અને જેમ છે તેમ રહેશે માટે મોટા રાજી થાય તો પણ જીવને સંતોષ ન થાય. સાખી : આશા ઊંડી ખાડ, પહાડથી પણ નહીં પૂરી; હેમ મેરુસમ હોય, તો પણ રહે અધુરી.

## પૂ. સ્વામીએ ચંદ્રમંડળને ખેંચ્યું...

અને એક સમયમાં ગોપાળાનંદ સ્વામી પૂનમની રાત્રીએ ચંદ્રમાનું મંડળ જોઈને અને તેની શીતળતા જોઈને તે મંડળમાં મહારાજની મૂર્તિ ધારી અને

પ્રતિલોમવૃત્તિ કરીને મહારાજની મૂર્તિ સહિત ચંદ્રમંડળને ખેંચ્યું કે બાર હજાર જોજન ચંદ્ર મંડળ તત્કાળ ખેંચાઈ આવ્યું. તેમાંથી મહારાજ સ્વામીની પાસે આવીને તુરત બોલ્યા જે તમારે શું અજાણ્યું છે ? તેથી ચંદ્રમાનું મંડળ ખેંચ્યું ! માટે તેને સ્થિર રહેવા દ્યો. પછી સ્વામીએ વૃત્તિ પાછી ખેંચી એટલે તત્કાળ ચંદ્રમંડળ પોતાને ઠેકાણે ગયું.

## પૂ. સ્વામીએ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું અમારા હૈયા કોઈ તમારા જેવા પોચા નહીં...

એક સમયે ગઢપુરમાં સચ્ચિદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે સ્વામી ! તમને મહારાજ વારંવાર બોલાવે છે અને પૂછે છે તે તમારું હૈયું ભલું હાથ રહે છે અને મને તો આટલું બોલાવે તો હું તો ગાંડો થઈ જાઉં. ત્યારે સ્વામી કહે, અમારા હૈયા કાંઈ તમારા જેવા પોચા નહીં જે હાથ ન રહે એમ સ્વામીએ કહ્યું.

## પૂ. સ્વામીએ સંતોને કહ્યું કે, આપણા પ્રારબ્ધમાં તો લોટ છે. જે કાંઈ મળે છે તે મહારાજના પ્રારબ્ધનું છે...

પૂ. સ્વામી વડોદરામાં હતા અને સાથે સાઠ સાધુ હતા અને ત્યાં ત્રણ મહિના સુધી રહ્યા અને નિરંતર પાકી રસોયું ચાલતી હતી. ઘોડાગાડીએ બેસીને સ્વામી ગામમાં જમવા પધારતા હતા. એમ ત્રણ મહિના સુધી સૌ સંતને જમાડ્યા અને પછી વડતાલ જવાને તૈયાર થયા અને ચાલીને ગામ કલાલીમાં આવીને રાત રહ્યા. પછી સવારે સ્વામીએ સાધુને કહ્યું જે આપણે વડોદરામાં ગાડીએ બેસીને હરિજનને ઘેર જમવા જતા હતા તે તો શ્રીજીમહારાજનો પ્રતાપ અને મહારાજને પ્રારબ્ધે જમતા હતા. પછી સાધુને દેખાડવાને માટે સ્વામી બોલ્યા જે આજ તો આપણાં પ્રારબ્ધ અજમાવીએ. એમ કહીને સ્વામીએ ચાર સાધુને ગામમાં ઝોળી ફેરવવા મોકલ્યાં. ત્યારે ગામમાંથી ખોરી જારનો દશ શેર લોટ મળ્યો તે લાવીને સાધુએ સ્વામી પાસે મેલ્યો. ત્યારે સ્વામીએ સૌને કહ્યું જે જુવો આપણા નસીબમાં તો ખોરી જાર છે. માટે હવે સૌ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ધૂન કરીને ભજનમાં બેસો અને જો મહારાજના પ્રારબ્ધમાં હોય તો આપણને આપે એમ કહીને સૌ સંતને ભજનમાં બેસાર્યા એટલામાં ગામ આણંદના પાટીદાર

બાવાજીભાઈ તે ગામમાં આવ્યા ને ગામની ભાગોળે ઘોડી ઊભી રાખીને ત્યાં બાળક રમતા હતા તેને ભાળ્યા. તેને પૂછ્યું જે છોકર્યો આ ધર્મશાળામાં કોણ છે ? ત્યારે છોકરાં બોલ્યા જે એ તો ગઈ કાલે સાંજે સ્વામિનારાયણના મૂંડિયા આવેલા છે તે બોલે છે. તે સાંભળીને બાવાજીભાઈ ત્યાં ગયા. ત્યાં તો ગોપાળાનંદ સ્વામીને દીઠા. એટલે પોતે તરત જ ઘોડી ઉપરથી નીચે ઉતર્યા અને સ્વામીને દંડવત્ કરીને પગે લાગ્યા અને સ્વામીને કહ્યું જે, સ્વામી ! રસોઈને માટે શું કર્યું છે ? પછી સ્વામીએ ઝોળી માંહેનો આટો દેખાડ્યો તે જોઈ બાવોજી બોલ્યા જે આ તમારા માટે હોય નહીં એમ કહે છે તેટલામાં તો તે બાવાજીભાઈને વેવાઈ ગામમાં હતા. તેઓ તેમને તેડવા આવ્યા અને ઘેર તેડી જવા માટે સૌએ બહુ આગ્રહ કર્યો. ત્યારે બાવાજીભાઈ બોલ્યા જે આ સાધુ જમ્યા પછી મારાથી જમાશે. માટે આ સંત છે તેમના સારું એક મણ આટો અને તે પ્રમાણે સાકર, ઘી, દાળ, ચોખા વગેરે સામાન મગાવો અને બે રસોયા બોલાવો. અને સંત તો અમારા મેમાન કહેવાય માટે અમારા તરફથી સંતને રસોઈ આપશું. પછી રસોયા બોલાવીને રસોઈ કરાવીને સંતને જમાડ્યા અને બાવાજીભાઈ વગેરે પોતાના સંબંધી સર્વે સ્વામીની પ્રસાદી જમ્યા. પછી સ્વામીએ સૌ સંતને કહ્યું જે, આપણા પ્રારબ્ધમાં તો પહેલા લોટ આવ્યો હતો તે છે. પણ જ્યારે મહારાજ આવ્યા ત્યારે આપણે સૌ પાકી રસોઈ જમ્યા. એમ શ્રીજીમહારાજના પ્રતાપથી માન અને સત્કાર થાય છે. માટે સૌને શ્રીજીમહારાજનું બળ રાખવું.

## પૂ. સ્વામીના વચને લગ્ન માટે ભાડે ગાડા મળ્યા...

પૂ. સ્વામી વડોદરામાં હતા અને કૃષ્ણારામ શાસ્ત્રીના દીકરાના લગ્ન લીધાં હતાં અને જેઠ માસ હતો. ત્યારે વરસાદ વરસવા મંડ્યો એટલે ક્યાંય ગાડા ભાડે મળ્યાં નહીં. પછી સ્વામી પાસે મંદિરમાં આવ્યા અને તેમણે સ્વામીની પ્રાર્થના કરી જે સ્વામી લગનનો દિવસ નજીક આવ્યો છે અને ગાડા મળતા નથી. પછી સ્વામી કહે, ‘‘તમે બહાર નીસરો એટલે ગાડા મળશે.’’ પછી કૃષ્ણારામ સ્વામીને પગે લાગીને મંદિર બહાર નીસર્યા. ત્યાં તો મંદિરને ડેલે ભાડાતુ ઊભા હતા તે બોલ્યા જે હા મારે જાન માટે ગાડા ભાડે કરવાં છે પછી સવારમાં જાન જોડીને ચાલતા મહી નદીને કાંઠે આવ્યા એટલામાં કેટલાક લોકો સામા મળ્યા અને બોલ્યા જે ગાડા લઈને ક્યાં જાઓ છો ? ત્યાં તો મહી

નદી બે કાંઠે ચાલી જાય છે અને અમે સૌ પાછા વળ્યા છીએ. કૃષ્ણારામને તો સ્વામીનો સંપૂર્ણ વિશ્વાસ હતો તેથી ગાડા ચાલતા રાખ્યાં અને નદીને કાંઠે ગયા અને જ્યાં જુએ ત્યાં તો બંને તરફ પાણીમાં રસ્તો નજરે પડ્યો એટલે તે મારગે નદીમાં ગાડા ચાલતા હતા અને ચાલતા માણસો પણ સામે કાંઠે ગયા પછી સૌએ સામે કાંઠે જઈને પાછું વાળીને જોયું ત્યાં તો મહી નદી બે કાંઠામાં જતી જોઈ. તે જોઈને સૌને મનમાં આશ્ચર્ય થયું અને ગાડાને બે પડખે વરસાદ વરસ્યા કરે એવી રીતે લગ્ન કરીને ઘેર આવ્યા અને પછી મંદિરમાં જઈને સ્વામીની પ્રાર્થના કરીને કહ્યું જે હે સ્વામી ! તમારા પ્રતાપથી લગ્ન કરીને નિર્વિઘ્નપણે ઘરે આવ્યા પણ કોઈ જાતની અડચણ આવી નહીં.

## નાથ ભક્તના અપરાધનું ફળ નારુપંતને મળ્યું

વડોદરામાં નાથ ભક્ત હતા. તેમણે નારુપંતને દુઝણી ભેંસ વેચાતી આપી હતી. શા માટે જે નારુપંત નાના સત્સંગી છે અને આપણે પણ સત્સંગી છીએ. એટલે તે આપણી જીવંત પર્યંત ખબર રાખશે અને આપણે સુખેથી ભજન કરશું એમ જાણીને દુઝણી ભેંસ આપી હતી, પણ નારુપંત નાના તો ક્યાંથી જાણે જે ભેંસ ક્યાંથી લાવ્યા ? ને કોણે આપી છે તે તો જાણતા નહોતા. પણ ભેંસ વેચાતી લઈ જનારને માણસે પૈસા પણ આપ્યા નહીં. અને નાથ ભક્તને ભજનમાં વિઘ્ન આવવા માંડ્યું. પછી તેમણે ગોપાળાનંદ સ્વામીને તે વાત કરી જે અમે દિવાન સાહેબને ભેંસ આપી છે પણ નારુપંત તરફથી રૂપિયા મળ્યા નહીં. અને તેને લઈને ઘરમાં તાવડી પોરા ખાય તેવી સ્થિતિ થઈ છે. પછી સ્વામીએ કહ્યું જે નારુપંત નાના મારે દર્શને આવે ત્યારે તમે મંદિરને દરવાજે ઊભા રહેજો. પછી દિવાન એક વખત સ્વામીને દર્શને આવ્યા ત્યારે નાથભક્ત દિવાનને ચાલતી વખતે દરવાજા બહાર જઈને ઊભા રહ્યા અને જે વખતે દિવાન દરવાજે નીકળ્યા ત્યારે નાથભક્તે હાથ જોડીને કહ્યું જે સાહેબ મારી ભેંસના રૂપિયા મને મળ્યા નથી તે સાંભળી નારુપંત નાનાને ક્રોધ ચડ્યો જે હું વડોદરાનો દિવાન છું અને ભેંસના રૂપિયાની અહીં ઉઘરાણી એમ જાણી પોતાના પગમાં પગરખું પહેર્યું હતું તેના સામી જ્યાં દૃષ્ટિ કરી અને પગમાંથી પગરખું કાઢવા જાય છે તેટલામાં સભામાંથી સ્વામીએ હોંકારો કર્યો (હાકલો કર્યો). પછી તે વેળા દિવાનસાહેબ ચાલી નીકળ્યા તે ભગવદીના અપરાધે કરીને

સિયાજીરાવને કેદ કરવાની પાંચ જણે સહીયો કરી હતી તે ભેળી તેમણે પણ સહી કરી અને તે ચિઠ્ઠી સયાજીરાવના હાથમાં આવી અને નારુપંત નાનાને બોલાવીને કહ્યું જે તું આ કપટમાં છો ? ત્યારે તેમણે કહ્યું જે હું કાંઈ પણ જાણતો નથી પછી તેના હાથના અક્ષર બતાવ્યા. પછી સિયાજીરાવે હુકમ કર્યો જે જાવ નારુપંત નાનાને હાથીને પગે બાંધીને બજાર વચ્ચે ઢસડજો. તે સાંભળી નારુપંતના છોકરા સ્વામી પાસે આવ્યાં અને સૌ કલ્પાંત કરવા લાગ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે હાથીને પગે તો નહીં બાંધે પણ દેશપાર કરશે. પછી સિયાજીરાવે નારુપંતને કહ્યું જે તેં મને સ્વામિનારાયણ ભગવાન મેળવ્યા છે માટે તને દેશપાર કરું છું અને બીજાને દેહાંત દંડ આપ્યો. તેમાં પોતાની રાણીને જીવતી ભીંતમાં ચણી દીધી અને બીજાને લીલા કાંટામાં બાળ્યા એવી રીતે શિક્ષા કરી હતી.

## પૂ. સ્વામીની કૃપાથી મહેરાલભાઉને ઊંઘ આવી

એક સમે સ્વામી વડોદરામાં હતા અને મહેરાલ ભાઉને ઉંઘ આવતી નહોતી પછી તેમણે સ્વામી પાસે આવીને પ્રાર્થના કરીને કહ્યું જે મને બાર વરસ થયા નિંદ્રા આવતી નથી માટે દયા કરો તો સારું થાય. ત્યારે સ્વામીએ કહ્યું જે આ કૃષ્ણારામ શાસ્ત્રી તમારું વૈદું કરશે એટલે તમને નિદ્રા આવશે તે ગયા કેડે કૃષ્ણારામે સ્વામીને કહ્યું જે સ્વામી હું ક્યાં વૈદુ ભણ્યો છું ? ત્યારે સ્વામી કહે તારે ભણ્યાનું શું કામ છે ? હું આપું તે ઓસડ તું તેને ખવરાવજે એટલે તેનો રોગ નાશ પામશે અને તારી જીવાઈ ચાલશે. પછી સ્વામીએ અઢી તીખાં અને અઢી તુલસીના પાન લઈને કૃષ્ણારામને પડીકું વાળીને આપ્યું અને સ્વામીએ કહ્યું જે સ્વામિનારાયણનું નામ લઈને તેને ખવરાવજે એટલે તેને નિદ્રા આવી જશે. પછી કૃષ્ણારામે તે પડીકું આપ્યું તે ખાઈ ગયા અને તુરત નિંદ્રાવશ થઈ ગયા તે સાંજના ચાર વાગ્યે નિંદ્રામાંથી જાગ્યા પછી બીજે દિવસે કૃષ્ણારામને બોલાવીને તેને જીવાઈ બાંધી આપી.

## નિષ્કુળાનંદ સ્વામી કહે મારા કુબા ઉપર તો પાંચ તોપો માંડી છે તે કૂબો રહેશે ખરો ?

એક સમે વડોદરામાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ વગેરે ગયા હતા અને એક દિવસ નિષ્કુળાનંદ સ્વામી ઉપવાસી હતા

અને સવારમાં ઊઠીને પોતે સ્નાન કરવા ગયા હતા. પછી સૌ સદ્‌ગુરુએ પોતાના સેવકોને કહ્યું કે, નિષ્કુળાનંદ સ્વામી ઉપવાસી છે માટે સૌ એક એક પડિયો બરફીનો તેમને આસને મેલી આવો એટલે પોતે પૂજા કરીને પારણું કરશે. પછી નિષ્કુળાનંદ સ્વામી નહાઈને આવ્યા અને પોતાને આસને પાંચ બરફીના પડિયા ઢાંકેલા હતા તે જોયા અને સ્વામી બોલ્યા જે મોરારચરણદાસ આ શું ઢાકેલું છે જોને ? પછી તેમણે જોઈને કહ્યું, જે સ્વામી તમે ઉપવાસી છો માટે સદ્‌ગુરુઓએ તમને પારણું કરવા માટે બરફીના તથા પેંડાના પડિયા મોકલ્યા છે તે જોઈને સ્વામીએ કહેડ તરત બાંધી અને સાબદા થયા અને સભામાં જઈને દંડવત્ કર્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે સ્વામી આમ કેમ છે ? ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે હું રજા લઉં ત્યારે સ્વામીએ પૂછ્યું જે તેનું કારણ શું છે ? પછી નિષ્કુળાનંદ સ્વામીએ સભામાં બેસીને સૌને વાત કરી જે ગામમાં એક ડોસી રહેતી હતી અને એક રાજાનો કુંવર હતો તે કુંવરને ડોસીની સાથે બાળપણથી સ્નેહ હતો ને તે કુંવર ડોસીને નિત્ય કહેતો જે ડોસીમાં મારા જેવું કાંઈ કામકાજ હોય તો કહેજો ત્યારે ડોસી કહે ઠીક દીકરા કોઈક વખત વાત.

એવા સમયમાં તે ડોસી પાણીનું બેડુ ભરવા ગઈ હતી. તે વખતે ડોસીના કુબાનું બારણું ઉઘાડું પડ્યું રહેલું તે વખતે એક કૂતરી તેના કુબામાં પેસી ગઈ અને ઘંટીનું થાળું ચાટતી હતી અને ડોસી પાણી ભરીને આવી તે વખતે ડોસીએ બેડુ હેઠું મેલીને કૂતરીને હડ હડ કર્યું પણ તોય કૂતરી હુંકારા કરીને સામી થઈ. ત્યારે ડોસીએ કહ્યું જે ઊભી રહે રાંડ હમણાં રાજાના કુંવરને બોલાવું છું પછી તારી વાત. ડોસી એકદમ ઉતાવળી ઉતાવળી રાજાના કુંવર પાસે જઈને ઊભી રહી ત્યારે રાજાના કુંવરે પૂછ્યું જે ડોસીમાં કેમ આવ્યાં ? ત્યારે ડોસી કહે મારા કુબામાં કૂતરી પેસી ગઈ છે તે નીકળતી નથી. તરત કુંવરે તે સાંભળીને હુકમ કર્યો જે જાઓ તોપું માંડો અને કુબો ઉડાવી દ્યો. પછી તોપવાળા માણસે આવી તોપ માંડી તે કૂતરી સહિત કુબાને ઉડાવી દીધો. તેમ નિષ્કુળાનંદ સ્વામી કહે તમે સૌ રાજાના કુંવરના ઠેકાણે છો અને પેલી ડોસીને ઠેકાણે હું છું અને મારે ભૂખરૂપી કૂતરી પેટમાં પેઠી છે માટે એક તોપે ડોસીનો કુબો ઊડી ગયો તેમ મારા કુબા ઉપર પાંચ તોપો માંડિયું છે. તે મારો કુબો રહેશે ખરો ? ઊડી જાશે ! પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે જાઓ તમારી મેળે રોટલા કરો અને સુખેથી જમો અને નિશ્ચિત રહો. ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કેડ્ય છોડી.

## પૂ. સ્વામીએ શુદ્ધતા ઉપર વાત કરી...

એક સમે સ્વામી વડોદરામાં હતા અને સાથે પચાસ સાધુ હતા અને નિરંતર દૂધપાક પૂરીની રસોઈઓ ચાલતી હતી. પછી કેટલીક વખત સ્વામીએ દૂધપાકની રસોઈની મનાઈ કરેલી છતાં સૌ તેને તે રસોઈયું કરાવતા અને સ્વામી નિષેધ કરે જે દુકાનનું દૂધ શુદ્ધ ન હોય ! માટે કોઈ હરિજન દૂધ લાવશો નહીં તો પણ એક હરિજન સવારમાં દૂધનાં દેગડાં ભરીને લાવ્યો. તે જોઈ સ્વામી સભામાંથી ઊભા થઈને દૂધનો દેગડો લઈને લઘુ શંકાના ખાડામાં રેડી દીધો. પછી સૌ દૂધ લાવતા અટકી ગયા અને બીજે દિવસે સ્વામીએ પોતાના સેવક પુરુષાનંદ સ્વામીને કહ્યું જે કેમ પુરુષાનંદ આજ કોઈ દૂધ લાવતું નથી ત્યારે પુરુષાનંદ સ્વામી કહે, સ્વામી, ખાળિયે ઢોળી નાખવા કોણ લાવે ? સ્વામી કહે હું પ્રથમથી જ ના પાડતો હતો. પણ મારું માન્યું નહીં તેથી એમ કરવું પડ્યું.

## પૂ. સ્વામીના વચને માટલીમાં લોટ અખૂટ થયો

એક સમે સ્વામી વરતાલમાં હતા અને ઝોળ ગામના શાસ્ત્રી રાજારામ તથા શાસ્ત્રી ભોળાનાથ તેમના વિદ્યાર્થી હતા તે ભિક્ષાવૃત્તિ કરીને અભ્યાસ કરતા હતા. પછી શાસ્ત્રીએ સ્વામીને કહ્યું જે સ્વામી ભિક્ષા પૂરી મળતી નથી. ત્યારે સ્વામી કહે કે આટો શેમાં રાખો છો ? ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું કે, માટલીમાં રાખીએ છીએ. ત્યારે સ્વામી કહે કે તે માટલી ભોમાં દાટો અને તેનું મોઢું ઉઘાડું રાખવું અને તેમાંથી કાચલીથી લોટ કાઢવો. પછી સૌ વિદ્યાર્થીઓએ માટલી પૃથ્વીમાં દાટી અને સ્વામીના કહેવા પ્રમાણે તેમાંથી કાચલીથી લોટ કાઢીને નિર્વાહ ચલાવવા લાગ્યા. એમ કરતા કરતા ઘણાક માસ થયા તો પણ માટલીમાં તેમનો તેમ આટો ભર્યો રહેતો.

એવા સમયમાં એક માતર ગામનો વિદ્યાર્થી કુસંગી હતો તે આવીને સૌ વિદ્યાર્થીઓના સાંભળતા બોલ્યો જે ગોપાળાનંદ શું કરે એમ છે ? એમ કહીને માટલી ભોંયમાંથી બહાર કાઢી નાખી. પછી બીજે દિવસે તે માટલીમાંથી આટો થઈ રહ્યો. પછી સૌ વિદ્યાર્થીઓએ પેલા માતરવાળા વિદ્યાર્થીનો તિરસ્કાર કરીને શાળામાંથી કાઢી મૂક્યો.

## જોળ ગામના મંદિરની રક્ષામાં પૂ. સ્વામીએ ભૂરિયા નાગને રાખ્યો

એક સમે સ્વામી વરતાલમાં હતા. અને જોળ ગામનો પાટીદાર ભક્ત ભુલો સ્વામીને દર્શને આવ્યો હતો. ત્યારે સ્વામીએ ભુલા ભક્તને કહ્યું જે તમારા ગામમાં મંદિર નથી ? ત્યારે ભુલો ભક્ત કહે મારું ગામ સ્વામી ! મુસલમાનનું છે ત્યાં મંદિર કેમ થવા દે ? ત્યારે સ્વામી કહે તેનો શો ભાર છે ? ચાલ હું તારી સાથે આવું અને તું આજે ત્યાં જઈને ઈંટો તથા ચુનો વગેરે તૈયાર કરીને પછી મારી પાસે આવજે. પછી ભુલો ભક્ત ઘરે જઈને ઈંટો તથા ચુનો વગેરે સામાન તૈયાર કરીને સ્વામીને તેડવા માટે ગાડું લઈને આવ્યા. પછી સ્વામી પોતાની સાથે સાઠ-સિતેર માણસ લઈને તથા કડિયા વગેરેને સાથે લઈને જોળ પધાર્યા અને ગામને પાદર જઈને ડેરો નાંખયો. પછી સ્વામી ભુલાભક્ત સાથે જગ્યા જોવા નીકળ્યા અને જે જગ્યા ગામધણીની હતી તે જગ્યામાં સ્વામીએ મંદિરનો પાયો ચીતરી દીધો. ત્યારે ભુલે ભક્તે કહ્યું જે સ્વામી આ તો ગામધણીની જગ્યા છે. ત્યારે સ્વામી કહે તારે શી ચિંતા છે ? તારે તો હું કહું તેમ કરવું છે ના ? પછી સ્વામીની આજ્ઞા પ્રમાણે સૌ સંત તથા પાર્ષદ તથા હરિજન વગેરે પાયો ખોદવા લાગ્યા. તેની ખબર ગામધણીએ સાંભળીને પોતે સાથે પાંચ સાત બૈરા લઈને તથા કેટલાક મુસલમાનોને લઈને સ્વામીની પાસે આવ્યા અને સ્વામીને કહેવા લાગ્યો જે આ કોના કહેવાથી જગ્યા કરો છો ? ત્યારે સ્વામી કહે કે મને કોણ કહે ? હું મારી સત્તાથી કરાવું છું ! ગામધણી કહે મારી જગ્યા છે. સ્વામી કહે ભલે તારી જગ્યા હોય ! પછી મુસલમાને એ બાઈઓને કહ્યું જે જાઓ સાધુને ઉપવાસ પડાવો. પછી બૈરાઓ સાધુ પાસે ગયા. ત્યાં જ એક મોટો નાગ નીસર્યો અને સૌ આઘા પાછા નાસી ગયા. અને ગામધણીની છોકરીને તે નાગ કરડ્યો. તેને ઉપાડીને સૌ દાટવા ગયા. અને દાટીને જારથ કરીને ઘેર આવ્યા પછી આવીને વિચાર કર્યો જે આપણા ગામમાં સ્વામિનારાયણનું મંદિર હોય નહીં કેમ કે ત્યાં તો નગારા વાગે તથા ઝાલરું વાગે તે સાંભળીને આપણી કબરોમાંથી સૌ બેઠા થાય. તેવો વિચાર કરીને વળી સૌ જ્યાં મંદિર થાતું હતું ત્યાં આવ્યા અને તેમણે મળીને મંદિરનું ચાલતું કામ અટકાવવા લાગ્યા તે વખતે ભૂરિયો નાગ નીકળ્યો અને તેને ભાળી

સૌ ભાગ્યા અને ગામધણીની પાછળ ભૂરિયો નાગ દોડીને ફેણો મારવા લાગ્યો તેથી તેના હાથમાંથી હોકો પડી ગયો અને પોતે પણ પડી ગયો અને તેના છોકરાને તે ભુરિયો નાગ દોડીને ફેણો મારવા લાગ્યો. ભુરિયો નાગ કરડ્યો. પછી તે જગ્યાનો ધણી સ્વામી પાસે આવીને બહુ દિલગીર થયો અને સ્વામીને કહ્યું જે સ્વામી ભલા થઈને મારા છોકરાને જીવતો કરો. સ્વામી કહે જો જગ્યાને કાંઈ પણ અડચણ ન કર્ય તો છોકરો બેઠો થાય. પછી તેણે સ્વામી પાસે સોગંદ ખાધા કે જો હું અહીં પાછો આવું તો હીંદવાણે ગાય અને મુસલમાન સુવર એવી રીતે સોગંદ ખાઈને સ્વામીના પગમાં પડ્યો અને પ્રાર્થના કરીને કહ્યું જે મારો દીકરો જીવતો થાય તેવી કૃપા કરો. પછી સ્વામીએ કહ્યું જે જગ્યાનો લેખ કરી આપ તો છોકરો જીવતો થાય. પછી તેણે જગ્યાનો લેખ કરી આપ્યો અને સ્વામીએ તેનો છોકરો જીવતો કર્યો.

પછી સ્વામી વરતાલ જવાને માટે તૈયાર થયા તે વખતે ભુલા ભક્તે સ્વામીને કહ્યું જે સ્વામી તમે પધારો છો પણ આ લોકો મંદિર પૂરું થાવા નહીં દે. પછી સ્વામી કહે તારી રક્ષામાં આ ભુરિયો નાગ છે અને તને કોઈ જાતની અડચણ આવવા નહીં દે એમ કહીને સ્વામી વરતાલ પધાર્યા અને વાંસેથી તે મુસલમાનની મતી ફરી તે જગ્યાનો અટકાવ કરવા આવ્યો. એટલે ભુરિયો નાગ નીકળીને તે મુસલમાનની પાસે દોડ્યો ને મુસલમાનને ફેણ્યો મારવા માંડ્યો તેથી તે મુસલમાન પડી ગયો ને હોકો ફૂટી ગયો. તે જોઈને મુસલમાન બોલ્યો જે ''ભુલા તારા ભુરિયાને વાર્ય, ભુરિયાને વાર્ય, ભુરિયાને વાર્ય.'' પછી ભૂલો ભક્ત બોલ્યો જે ''હત ભુરિયા હત ભુરિયા'' ત્યારે ભુરિયો પાછો વળ્યો અને ભુરિયા નાગને મંદિરની ચોકીમાં રાખ્યો છે તે હજી સુધી છે. (ક્યારેક ક્યારેક દેખાય છે હવે તો ભુરિયો નાગ મોટી ઉંમરનો થયો છે તેથી પૂંછડી ઘસાઈને તેની લંબાઈ વેંત જેવડી જ છે ને મોટી મૂછો છે.)

## ગોપાળાનંદ સ્વામી પાસે આપણું ન ચાલે ! બાવો બોલ્યો...

એક વખત બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ મંદિર કરવા ગયા હતા અને ત્યાં ચુનાની ભઠ્ઠી નાખી હતી અને ગામમાં સંપ્રદાયનો દ્વેષી એક બાવો રહેતો હતો

અને તે જંત્ર-મંત્ર વગેરે પ્રયોગ જાણતો હતો. તેણે કરીને તે અગ્નિ ભઠ્ઠીને લાગવા ન દેતો. આથી બ્રહ્માનંદ સ્વામી બહુ જ કંટાળી ગયા હતા. તેવા સમામાં ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા અને બ્રહ્માનંદ સ્વામીએ વાત કરી જે સ્વામી સત્સંગનો દ્વેષી એક બાવો છે તે ભઠ્ઠીને અગ્નિ લાગવા દેતો નથી એવાં પ્રાર્થનાના વચન સાંભળીને ગોપાળાનંદ સ્વામી પોતાની સાથે સાધુ તથા હરિજનોને લઈને જે ઠેકાણે ભઠ્ઠી હતી ત્યાં ઘોડાગાડીમાં બેસીને પધાર્યા. પછી સ્વામીએ ત્યાં દૂધ મગાવીને ફરતી દૂધની ત્રણ ધાર વાડી દીધી અને સ્વામી બોલ્યા જે ચેત ચેત ચેત એમ ત્રણ વખત જ્યાં બોલ્યા તે વખતે ભઠ્ઠીમાં અગ્નિ પ્રદીપ્ત થયો. જેમ અગ્નિમાં ઘી હોમે અને અગ્નિ પ્રદીપ્ત થાય તેવી રીતે સ્વામીના ચેતનાના શબ્દ ઉચ્ચારણ થતા ચારે કોરે અગ્નિ ફેલાઈ ગયો. તે જોઈને તે બાવાને બાવાના કેટલાક શિષ્યો તે જોવા માટે આવ્યા હતા. તેમણે જઈને બાવાને કહ્યું કે ભઠ્ઠી સળગાવી દીધી. ત્યારે બાવાએ કહ્યું જે કોણ છે ગોપાળાનંદ સ્વામી આવ્યા છે ? ત્યારે તેના સેવકોએ કહ્યું કે, હા ગોપાળાનંદ કરીને સાધુ આવ્યા છે. બાવો માથું નીચું કરીને બોલ્યો જે તેમની આગળ મારું કશું જોર ચાલે તેમ નથી પછી તે બાવો નીચું માથું કરીને બેસી રહ્યો અને તેના શિષ્ય સૌ ઢીલા થઈ ગયા.

## ભાઈબંધનું વચન મનાણું પણ સ્વામીનું વચન ન મનાણું

એક વખત સ્વામી જૂનાગઢ પધાર્યા હતા અને ત્યાં મંદિરનું કામ ચાલતું હતું તે સમયમાં મંદિર ઉપર પાણા ચડાવવા માટે કંપો બાંધવો હતો. પણ કોઈને કંપો બાંધતા આવડે નહીં અને શિવાનંદ કરીને એક સાધુ હતા તેમને કંપો બાંધતા આવડતો હતો, પણ બીજા કોઈને આવડે નહીં. પછી ગોપાળાનંદ સ્વામીએ શિવાનંદને બે-ચાર વખત કહેવરાવ્યું જે તમે કંપો બાંધવા આવો અને ત્યાં સુધી સૌ મનુષ્ય ખોટી થાય છે. પણ જનાર મનુષ્યને તે સાધુ જવાબ આપે નહીં તે કહે જે મારે આવવું નથી અને સ્વામીને કહેજો જે અમથા અમારી પાસે માણસને શું કરવા મોકલો છો ? પછી સ્વામીએ બીજાને પૂછ્યું જે તેને કેની સાથે હેત છે ? ત્યારે કોઈકે કહ્યું જે ફલાણા સાધુ સાથે હેત છે અને તે સાધુ તે વખતે ત્યાં જ ઊભા હતા. પછી સ્વામીએ તેને કહ્યું જે તમારા ભાઈબંધને કહો કે કંપો બાંધે. સાધુએ સ્વામીને કહ્યું જે બહુ સારું. સ્વામી તમે રાજી થાઓ તેમ કરે અને

તે કામ તો મારું જ છે. પછી તે સાધુએ શિવાનંદ સ્વામીને જઈ લત મારી ને કહ્યું જે ઊઠ્ય ઊઠ્ય માળા ભરડા બધું માણસ ખોટી થઈ રહ્યું છે ને શું બેસી રહ્યો છો ? એમ કહીને ઠોંટ મારી ત્યારે શિવાનંદ સ્વામી બોલ્યા જે જા માળા ડુચા તું શું મને કહીશ ? હું તો મારી મેળે બાંધીશ એમ કહીને કંપો બાંધવા ચડી ગયા અને એક બીજાએ અરસ-પરસ લાતો મારી ને દાંત કાઢ્યા. એમ ભાઈબંધના કહેવાથી કંપો બાંધ્યો પણ સ્વામીના કહેવાથી ન બાંધ્યો.

## પૂ. સ્વામીનો યોગ તો સ્વભાવ સુધારે તેવો છે...

એક સાધુને મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓએ કહ્યું જે સ્વામી તમે ગોપાળાનંદ સ્વામી ભેગા ફરવા જાઓ. ત્યારે સાધુએ કહ્યું જે મારો શો વાંક છે ? તે કહો જે મને ગોપાળાનંદ સ્વામી ભેગો ફરવા જવાની આજ્ઞા કરો છો ? પછી સૌએ કહ્યું જે તમારો નીચ સ્વભાવ છે તે શાંત કરવા માટે. પછી તે સાધુ સ્વામી સાથે ફરવા ન ગયા અને તે દોષે કરીને સત્સંગમાંથી ગયા. (જો મુક્તાનંદ સ્વામી વગેરે સંતનું વચન માન્યું હોત ને ગોપાળાનંદ સ્વામી સાથે ગયા હોત તો તેમના મોક્ષમાં વાંધો ન આવત.)

## પૂ. સ્વામીએ ઘેલા નદીના સ્નાનનો મહિમા બતાવ્યો...

ગઢપુરમાં પુરુષાનંદ સ્વામી સાથે ગોપાળાનંદ સ્વામી સવારે ચાર વાગ્યે નિરંતર ઘેલે નહાવા જતા હતા. પછી પુરુષાનંદ સ્વામીએ એક વખત સ્વામીને કહ્યું જે સ્વામી, તમે વૃદ્ધ છો અને ક્યારેક પડી જાશો તો શરીરનું જોખમ થાશે માટે હું તમને મંદિરમાં ઘેલા નદીનું જળ લાવીને ઉના જળથી નવરાવું. પછી સ્વામીએ કહ્યું જે, પુરુષાનંદ ખળખળીએ તો બધાય ધામના મુક્ત નહાવા આવે છે ? પછી તે વાત પુરુષાનંદ સ્વામીના માન્યામાં બરાબર આવી નહીં, પછી એક દિવસે વહેલા ચાર વાગ્યે નહાવા ગયા એટલે ખળખળીએ શ્વેતદ્વીપના અનંત મુક્ત નાહી નાહીને ચાલ્યા જતા હતા તેને પુરુષાનંદ સ્વામીએ પૂછ્યું જે તમે કોણ છો ? ત્યારે શ્વેત મુક્તે કહ્યું જે અમે તો શ્વેતદ્વીપના મુક્ત છીએ અને હંમેશાં અહીંયા સ્નાન કરવા માટે આવીએ છીએ અને અહીંથી જળના કમંડળ ભરીને ત્યાં વાસુદેવ ભગવાનને અભિષેક કરીએ છીએ. પછી પુરુષાનંદ સ્વામી નાહીને

મંદિરમાં આવ્યા ત્યારે સ્વામીએ અંતર્યામીપણે કહ્યું જે કેમ પુરુષાનંદ આજ શ્વેત મુક્ત દીઠા કે ? પુરુષાનંદ સ્વામી કહે હા. સૌ ધામના મુક્ત સ્નાન કરવા આવે છે એમ સ્વામીએ ઘેલાનો મહિમા દેખાડ્યો.

## પૂ. સ્વામીશ્રીની કૃપાથી ઝમરાળાના પ્રાગજી દવે સુખી થયા

એક સમે સ્વામી ગામ ઝમરાળે પધાર્યા હતા અને ત્યાં પ્રાગજી દવે કરીને બ્રાહ્મણ રહેતો હતો તે શંકરનો ઉપાસક હતો તે કપાળમાં ત્રિપુંડ કરીને સ્વામીને દર્શને આવ્યો ત્યારે સ્વામીએ તેનું માથું ઝાલીને કપાળે હાથ ફેરવ્યો ને બોલ્યા જે આ ભમરો ક્યાં સુધી રાખીશ ? ભૂંસી નાખ્ય ને ! એમ કહીને તેના કપાળમાંથી ત્રિપુંડ્ર ભૂંસી નાખ્યું ! પછી તે સ્વામીની કૃપા દૃષ્ટિથી દશ હજાર રૂપિયાનો આસામી થયો અને સ્વામી પાસે વર્તમાન ધારીને સત્સંગી થયો અને સ્વામીના પગમાં પડીને ઘેર ગયો.

## પૂ. સ્વામીએ સૌને અનુકૂળ થાય તેમ સરળ કર્યું

એક વખત રઘુવીરજી મહારાજ ગામ ઉને પધારતા હતા ને ત્યાં જતાં ડુંગર ગામને પાદર મુકામ કર્યો હતો તે નિત્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુ ભેગા હતા. પછી નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું જે અમે સાથે નહીં આવીએ કેમ જે ગાદીવાળા તથા સાંખ્યયોગી બૈરા તથા ત્યાગી સાધુ તથા પાળા સૌ સાથે ચાલે તે સારું નહીં. એમ રઘુવીરજી મહારાજને નિત્યાનંદ સ્વામીએ કહ્યું પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને બોલાવ્યા અને તેમની આગળ તે વાત કરી જે નિત્યાનંદ સ્વામી આવી રીતે સાથે આવવાની ના પાડે છે જે કાં તો ગાદીવાળા નહીં ને કાં તો અમે નહીં તો તેનું કેમ કરવું ? પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે શ્રીજીમહારાજ સારા વાના કરશે પછી રાતના બે વાગ્યે નિત્યાનંદ સ્વામીએ જાગૃત થઈ સૌ સંતને જગાડ્યા અને સૌને કહ્યું જે ગાદીવાળા આગળથી જાય અને તેમની રક્ષા માટે દશ પાર્ષદ સાથે જાય અને ત્યાગી સૌને તેમની પછવાડે એક કોસ રહેવું. એમ સૌને આજ્ઞા કરી એટલે સૌ તૈયાર થઈ ગયા અને ગાદીવાળા આગળથી ચાલ્યા અને પછી રઘુવીરજી મહારાજ તથા સૌ સંત ચાલ્યા અને પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે

સ્વામી તમે ન હોત તો અત્યારે શું થાત ? અને નિત્યાનંદ સ્વામીને કોઈથી કાંઈ કહી શકાત નહીં ! પછી ગોપાળાનંદ સ્વામી કહે કે નિત્યાનંદ સ્વામી બહુ સમર્થ છે અને શ્રીજીમહારાજે તેમનામાં પ્રેરણા કરી એટલે બહુ સારું થયું.

## મોટાનું વચન છે તે ઔષધ છે

ગઢપુરમાં ગોપાળાનંદ સ્વામી હતા અને હરજી ઠક્કરને લઘુશંકા બંધ થઈ ગઈ હતી તે વખતે તેમના દીકરા મનજી ઠક્કરે તથા બીજા સંબંધીઓએ કેટલાક ઉપચારો કર્યા અને વૈદને પણ બોલાવ્યા. પણ કાંઈ ટાંકી લાગી નહીં. ત્યારે હરજી ઠક્કરે પોતાના દીકરા મનજીભાઈને કહ્યું જે બીજે જ્યાં ત્યાં જવું રહેવા દે અને ગોપાળાનંદ સ્વામી પાસે જા. પછી મનજી ઠક્કર ગોપાળાનંદ સ્વામી પાસે આવીને રડવા લાગ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે શા માટે રડે છે ? ત્યારે મનજી ઠક્કર કહે સ્વામી મારા બાપાને લઘુશંકા બંધ થઈ ગઈ છે તે દેહ રહે તેમ નથી ! પછી સ્વામીએ કહ્યું જે જા મગની ફાડ જેટલી ફટકડી અને મગની ફાડ જેટલી ખાંડ એ બે ભેગાં કરીને આપજે. એટલે લઘુશંકા ઉતરશે. પછી મનજી ઠક્કરે ઘરે જઈને સ્વામીના કહેવા પ્રમાણે દવા આપી તે ખાતાં વેંત લઘુશંકા ઉતરી. એમ મોટાનું વચન છે તે મોટું ઔષધ છે.

## પૂ. સ્વામીએ ઝમરાળાના ગંગારામ દવેનું નામ બદલ્યું

અને ગામ ઝમરાળાના ગંગારામ દવેને શ્રીજીમહારાજે બ્રહ્મચારીની દીક્ષા આપી અને જ્ઞાનસ્વરૂપાનંદ નામ પાડ્યું અને પછી તેઓ ગોપાળાનંદ સ્વામીને દર્શને ગયા ત્યારે સ્વામીએ પૂછ્યું જે શું નામ પાડ્યું ? ત્યારે કહે મારું નામ જ્ઞાનસ્વરૂપાનંદ પાડ્યું. ત્યારે સ્વામી કહે આને જ્ઞાનનો છાંટો ક્યાં છે ? આને તો ધર્મ પ્રધાન છે. માટે ધર્મસ્વરૂપાનંદ નામ પાડો. પછી ધર્મસ્વરૂપાનંદ નામ પાડ્યું.

## શ્રીજીમહારાજે બેય સંતના વચન રાખ્યા...

અને ગામ વેજળકાના ભીમ પંડ્યો કરીને બ્રાહ્મણ હતા તે અમદાવાદ જ્યારે છપ્પન ભોગ થયો હતો તે વખતે ત્યાં ગોપાળાનંદ સ્વામીના દર્શને ગયા હતા.

પછી ત્યાં સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા અને વાત કરી જે મને દેવાનંદ સ્વામીએ શ્રાપ આપ્યો છે ત્યારે સ્વામી કહે શા કારણથી શ્રાપ આપ્યો છે ? ભીમ પંડ્યો કહે અમારું સીમાડાનું ગામ છે ને ત્યાં દેવાનંદ સ્વામી ધર્માદા લેવા આવ્યા હતા ત્યારે મેં કહ્યું જે અમે તો ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનો ધર્માદા આપશું. પણ અમદાવાદ નહીં આપીએ. એટલે સ્વામીને ક્રોધ ચડ્યો જે જા તારો વંશ જાશે. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે તું મને મોટો જાણે છે કે દેવાનંદ સ્વામીને ? ત્યારે ભીમ પંડ્યે હાથ જોડીને કહ્યું જે સ્વામી ! હું તો તમને મોટા જાણું છું ! પછી સ્વામી કહે જા તારે ત્રણ દીકરા થાશે. પછી તેને સ્વામીના કહેવા પ્રમાણે ત્રણ દીકરા થયા તેમાં એકનો વંશ રહ્યો ને બે નિર્વંશ ગયા એમ મહારાજે બેય સંતના વચન રાખ્યાં.

## પૂ. સ્વામી બોલ્યા જે ગોવિંદજી મહારાજ તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું...

અને ગામ ખરડમાં ગોવિંદજી કરીને બ્રાહ્મણ હતા અને તે જગન્નાથજીના ઉપાસક હતા પછી પોતે બે વખત જગન્નાથજીની યાત્રા કરી આવ્યા અને ત્રીજી વખત જ્યારે જગન્નાથજી ગયા ત્યારે પોતાના મનમાં એમ વિચાર થયો જે મારું કલ્યાણ થાશે કે નહીં થાય ? માટે તેની મારે પરીક્ષા કરવી. પછી પોતે અનસન વ્રત લઈને પોતે જગન્નાથજીના દેરામાં ધાબા ઉપર જઈને બેઠા. પછી બીજે ઉપવાસે જગન્નાથજીએ રાત્રે બ્રાહ્મણને વેશે આવીને દર્શન દીધાં અને કહ્યું જે તારું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણના સાધુ ગોપાળાનંદ કરીને છે તેને મળ્ય તો તારું કલ્યાણ થશે ? અને અમથો અહીંયા શા માટે મરે છે ? ત્યારે ગોવિંદજી મહારાજ કહે તમે કોણ છો ? ત્યારે તેમણે કહ્યું જે હું જગન્નાથજી છું. ત્યારે ગોવિંદજી કહે તેની શી પરીક્ષા થાય જે તમે જગન્નાથજી છો ? ત્યારે જગન્નાથજી કહે આ કાષ્ઠની મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તું એમ જાણજે જે હું જગન્નાથજી છું અને હું અને ગોપાળાનંદ જુદા નથી. વળી તું ગોપાળાનંદ સ્વામી પાસે જા અને તને એમ કહે જે તારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું ? અને મારી પાસે મોકલ્યો એમ કહે તો તું જાણજે જે અમે બંને એક છીએ. પછી તે બ્રાહ્મણ જગન્નાથજીને પગે લાગીને સવારમાં નાહી ધોઈ પારણા કરીને ઘર તરફ

આવવા ચાલી નીસર્યો અને થોડા દિવસમાં પોતાને ગામ આવ્યો અને ગામના હરિજનોને પૂછ્યું જે તમારામાં કોઈ મોટા સાધુ ગોપાળાનંદ કરીને છે ? ત્યારે હરિભક્તો કહે તે તો બહુ મોટા સાધુ છે. હરિભક્ત કહે તમારે શું કામ છે ? ત્યારે તે કહે હું અત્યારે જાત્રા કરીને આવ્યો છું. તે દર્શન કરવા છે. પણ ઓલી વાત કોઈને કહી નહીં.

પછી થોડાક દિવસ થયા એટલે ગોપાળાનંદ સ્વામી વડતાલ પધારતા હતા તે સવારમાં ખરડ ગામને પાદર નીસર્યા. પછી ઘણાક હરિજન સ્વામીના દર્શન કરવા પાદર ગયા. પણ ગોવિંદજી મહારાજને કોઈએ ખબર આપ્યા નહીં અને ગોવિંદજી મહારાજે હરિજનોને કહેલ જે સ્વામી જ્યારે આવે ત્યારે મને ખબર કરજો. પણ સૌ હરિજનો પ્રેમમાં ભૂલી ગયા અને સૌ વળાવીને જ્યારે પાછા ગામમાં આવ્યા ત્યારે ગોવિંદજી મહારાજને ખબર પડ્યા જે ગોપાળાનંદ સ્વામી ગામને પાદર આવ્યા છે. તે પછી તેણે સૌ હરિભક્તને ઠબકો દીધો જે ભલા માણસો મેં તમને કીધેલ હતું અને મને ખબર કેમ ન કર્યા ? ત્યારે હરિજનો કહે અમે ભૂલી ગયા છીએ પણ તમારે દર્શન કરવા હોય તો હજી ગામને પાદર ચાલ્યા જાય છે. પછી પોતાના ભત્રીજા બહેચર દવે તથા દામોદર દવે બંને જણાનો હાથ ઝાલીને પોતે સ્વામીના દર્શન કરવા ચાલી નીકળ્યા અને ગામ બહાર જઈને બૂમ પાડી જે એ ગોપાળાનંદ ઊભો રહે. ગોપાળાનંદ ઊભો રહે. એમ બે ચાર વખત ઊંચે સ્વરે સાદ કર્યો ત્યારે બોટાદવાળા ભગાશેઠ ગાડીમાં સ્વામી પાસે બેઠા હતા. તેમણે સ્વામીને કહ્યું જે સ્વામી કોઈક ડોસો સાદ પાડતો આવે છે. ત્યારે સ્વામી કહે હાંકો ગાડી એ તો આફુરો આવશે. એ તો ત્રણ વખત જગન્નાથપુરી જઈ આવ્યો છે. પછી ઉગમણે પાદર સ્વામીએ ગાડી ઊભી રખાવી. પછી ત્યાં ગોવિંદજી મહારાજે જઈને સ્વામીના ચરણાવિંદ ઝાલ્યા. પછી સ્વામી બોલ્યા જે ગોવિંદજી મહારાજ તમારું જગન્નાથજીએ કલ્યાણ ન કર્યું ? તે મારી પાસે મોકલ્યા ? ત્યારે ગોવિંદજી મહારાજ કહે તું ને જગન્નાથજી જુદા નથી ! સ્વામી કહે હું તો જગન્નાથજીનો દાસ છું. ગોવિંદજી મહારાજ કહે બોલ્યમાં તું જ સાક્ષાત્ જગન્નાથજી મહારાજ છું. તે સાંભળી ભગો શેઠ બ્રાહ્મણ સામું જોઈ રહ્યા જે આ શું બોલે છે ? પછી સ્વામી કહે દવે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ કહીને પાંચ માળા ફેરવજો. ત્યારે તે બોલ્યા જે હું

સ્વામિનારાયણને ઓળખતો નથી. હું તો તને ઓળખું છું તે તારું ભજન કરીશ. પછી સ્વામી કહે મારું ભજન થાય નહીં. પછી તેમણે સ્વામીને હાથે નિયમ ધાર્યા. અને ઘરે ગયા. અને નિત્ય ગોપાળાનંદ-ગોપાળાનંદ એવા નામની પાંચ માળા ફેરવતો. પછી જ્યારે તેનો દેહ મેલવાનો વખત થયો ત્યારે તેના સંબંધીઓએ ભોંય લેવા તૈયારી કરી ત્યારે ગોવિંદજી દવે બોલ્યા જે છોકરાઓ હજી વાર છે મારો ગોપાળાનંદ આવ્યો નથી. પછી ઘડીક થયું એટલે સ્વામીએ દર્શન દીધાં ત્યારે ગોવિંદજી મહારાજે સૌને કહ્યું જે છોકરાઓ ઘીનો દીવો કરો અને આ મારો ગોપાળાનંદ આવ્યો છે એમ કહીને બોલ્યા જે ભલે ગોપાળાનંદ ભલે આવ્યો ખરો એમ વાત કહીને પોતાના સંબંધીઓને કહ્યું જે સૌ ગોપાળાનંદ ગોપાળાનંદ એમ ભજન કરજો અને હું ભગવાનના ધામમાં જાઉં છું.

## પૂ. સ્વામીએ શિવશંકરને કહ્યું તારા ભાઈને ત્યાં પુત્ર થશે એ તારી ચાકરી કરશે...

અને રોજકા ગામમાં એક વખત ગોપાળાનંદ સ્વામી પધાર્યા હતા અને સૌ હરિજનો સ્વામીને દર્શને આવ્યા અને શિવશંકર ભટ્ટ જરાક મોડા આવ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું જે કેમ શિવશંકર મોડો આવ્યો ? ત્યારે શિવશંકર ભટ્ટ કહે સ્વામી હું જનમંગલના પાઠ કરું છું. સ્વામી કહે શા માટે પાઠ કરો છો ? ત્યારે શિવશંકર કહે પુત્ર નથી તે માટે. સ્વામી કહે કેટલા પાઠ કરવા છે ? ત્યારે શિવશંકર ભટ્ટ કહે એક લક્ષ કરવા છે. સ્વામી કહે સવા લાખ કર્ય તો પણ તારે દીકરો નહીં થાય ! ત્યારે શિવશંકર કહે કેમ કરું ? ત્યારે સ્વામી કહે તારો ભાઈ વિઠ્ઠલ છે તેને આ પાઠનું ફળ આપ્ય તેથી તેને દીકરો થાશે. તે તારી ચાકરી કરશે. પછી વિઠ્ઠલ ભટ્ટને બોલાવીને પોતાના પાઠનું ફળ સ્વામી પાસે તેને કૃષ્ણાર્પણ કરાવ્યું તેથી તેને દીકરો થયો તેણે શિવશંકર ભટ્ટની ચાકરી કરી.

## પૂ. સ્વામીએ વાત કરી જે વાસનાના કારણે સંત દીકરો થઈને આવ્યા છે...

એક વખત રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી રોજકા પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો માંદો હતો. તેને જોવા સારું સ્વામીને પોતાને

ઘરે તેડી ગયો. પછી સ્વામીએ ત્યાં જઈને તેના ખાટલા પાસે ઊભા રહીને માથું ધુણાવ્યું અને પછી સૌ પાછા મંદિરમાં આવ્યા. પછી ચાલતી વખતે તે બ્રાહ્મણે સ્વામીને પૂછ્યું કે સ્વામી તમે છોકરા સામું જોઈને માથું કેમ ધુણાવ્યું ? ત્યારે સ્વામી કહે કે તારે ઘરે કોઈ રહેતું હતું ? ત્યારે તેણે કહ્યું કે એક સંત રહેતા હતા. ત્યારે સ્વામીએ કહ્યું કે તું ઘરે નહોતો અને તે સંતે દેહ મેલ્યો તેની તારામાં વાસના રહી હતી. તેથી તે તારો દીકરો થયો છે, માટે અમે અહીંથી ગામને સીમાડે જશું ત્યારે તે દેહ મેલી દેશે. પછી સ્વામી ગયા પછી તે છોકરો દેહ મેલી ગયો.

## મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે

ગામ ભોળાદમાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા હતા અને ત્યાં ગામને પટેલે એક હરિજન બ્રાહ્મણ કથા કરતા હતા તેને કહ્યું જે તારે કથા કરવી હોય તો કંઠી તોડી નાખ્ય. ત્યારે બ્રાહ્મણ કહે કંઠી તો મારા માથા સાટે છે. ત્યારે પટેલ કહે તો અમારે તારી પાસે કથા કરાવવી નથી. એમ કહીને રજા દીધી. પછી તે વાત કોઈક હરિજને ગોપાળાનંદ સ્વામીને કહી તે વખતે તે ગામનો પટેલ પણ સ્વામી પાસે બેઠો હતો. પછી સ્વામીએ કહ્યું જે પટેલ તમે વ્યાસજીનું અપમાન કેમ કર્યું ? કથા કરનાર વ્યાસજી કહેવાય ! માટે તમે બ્રાહ્મણનું અપમાન નથી કર્યું પણ વ્યાસનું અપમાન કર્યું છે ! માટે તમને એક જમ તેડવા આવશે. ત્યારે પટેલ કહે એક જમને તો હું મારી નાખીશ. ત્યારે સ્વામી કહે બે જમ આવશે ! પટેલ કહે એકને હું મારીશ અને એકને મારો ભાઈ મારશે. ત્યારે સ્વામી કહે ચાર આવશે. ચાર ! ત્યારે પટેલ કહે બેને હું મારીશ અને બેને મારો ભાઈ મારશે. પછી ગામના લોકે પટેલને કહ્યું જે મૂરખ થામાં મૂરખ આ તો જેટલા કહેશે તેટલા જમ આવીને તારા કાકા ઊભા રહેશે ? પછી સ્વામી કહે આઠ જમ તેડવા આવશે. પછી થોડા દિવસ થયા કેડે તેનું ભવિષ્ય આવીને ઊભું રહ્યું તે વખતે ગામના બૈરા તલાવે પાણી ભરતા હતા તેણે છેટેથી જમને ભાળ્યા એટલે તેમને માથેથી પાણીના બેડાં પડી ગયા અને સૌ ચીસો પાડવા લાગ્યા અને સૌને મૂર્છા આવી ગઈ. પછી તે યમદૂતે રજપુતને ઘરે જઈને કહ્યું જે અમે આવ્યા છીએ તારે મારવા હોય તો માર્ય ? પછી યમનાદૂત તેને એક ગાઉ સુધી તેના

સ્થૂળ દેહ સોતો ઢસડી ગયા તે આખા ગામના માણસે ભાળ્યો અને પછી સીમાડે તેના દેહને પડતું મેલીને પછી જમપુરીમાં લઈ ગયા. એમ મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે.

## સ્વામી કહે આ તો ધૂંધળીમલ છે !...

અને એક સમે સ્વામી ગામ વારણે પધાર્યા હતા અને ત્યાંના હરિજનો સૌ સ્વામીને દર્શને આવ્યા. તે ભેળો એક પ્રશ્નોરો બ્રાહ્મણ મોઢે મોહરીયું બાંધીને દર્શને આવ્યો હતો. તેને સ્વામીએ પૂછ્યું જે મોહરીયું કેમ વાળ્યું છે ? ડાઢબાઢ દુઃખે છે કે શું ? ત્યારે બ્રાહ્મણ કહે ના સ્વામી એક છોકરું છે તેને હું બક્કી લેવા ગયો એટલે તેણે ઘોડિયામાં સૂતા સૂતા ઠોંટ મારી તેથી મોઢું સુજી ગયું છે. પછી સ્વામી તેને ઘરે પધાર્યા ત્યાં ઢોલિયા ઉપર સ્વામીને પધરાવ્યા. પછી છોકરાને જોઈને સ્વામી બોલ્યા જે આ તો ઓલ્યો ધૂંધળીમલ છે. પાપી ડરણ સો પટણ કર્યું તે તું અહીંઆ હરિભક્તને ઘરે ક્યાંથી આવ્યો ? ચાલ્યો જા ! અહીંથી ! એમ સ્વામીએ કહ્યું પછી સ્વામી પાદર ગયા ત્યાં પછવાડેથી એ છોકરો દેહ મેલી ગયો.

## મોટાની દયાથી જીવ નિર્દોષ થાય છે...

અને ગામ માણસાના નરસીરામભાઈ અમદાવાદમાં હેમાભાઈ હઠીભાઈને ત્યાં મુનીમ હતા. તેઓ વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવના દર્શન માટે ગયા. પછી પોતે વિચાર કર્યો જે અહીં મને કોઈ ઓળખશે નહીં. પછી ત્રણ-ચાર સારા કપડાં પહેર્યા અને માથે સારી અમદાવાદી પાઘડી બાંધી અને પોતાની સાથે બે માણસ લીધાં તેમને બે સાકરના તાસ ભરીને આપ્યા. પછી સભામાં આવીને દંડવત્ કરીને પગે લાગ્યા અને સાકર ભરેલો તાસ એક રઘુવીરજી મહારાજની ગાદી ઉપર મેલ્યો અને એક તાસમાંથી મોટા પડિયા ભરીને મોટા સદ્‌ગુરુઓ આગળ મેલ્યા. તેમાં પહેલો પડિયો ગોપાળાનંદ સ્વામી પાસે જઈને મેલ્યો. પછી સ્વામીએ નરસીરામભાઈને જોઈને કહ્યું જે કોણ એ નરસીરામ કે ? પાનનો દીકરો ? સ્વામી કહે જ્યારે હું ઘરેથી ચાલ્યો ત્યારે તારે ઘરે રાત રહ્યો હતો અને તારી માયે મને ખીચડી અને કઢી કરીને જમાડ્યાં હતા. માટે તું તો મારો ભાણેજ કહેવાય. ત્યારે નરસીરામભાઈએ વિચાર કર્યો જે અહો ! આ તો સ્વામી મારી માને સોત ઓળખે છે ? અને મેં તો જાણ્યું જે મને કોણ

ઓળખશે ! પછી સ્વામી કહે કે આપણે આસને આવજે. પછી સાકરના પડા સૌ સદ્‌ગુરુઓને વહેંચી આપ્યાં. ને પછી લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ ત્યાં સૌ દર્શને ગયા અને પછી બધા સંતના દર્શન કરીને નરસીરામભાઈ ગોપાળાનંદ સ્વામીને આસને ગયા. ત્યાં દંડવત્ કરીને પગે લાગીને પાસે બેઠા. પછી સ્વામીએ બધાય સમાચાર પૂછ્યા અને કહ્યું જે નરસીરામ તારા લગ્ન કર્યા છે કે શું જે આ બધા સારા લુગડાં પહેર્યા છે. તથા દાગીના પહેર્યા છે ? નરસીરામભાઈ કહે ના સ્વામી ત્યારે સ્વામી કહે આ સીનાળવેડા શા માટે કર્યા છે ? એટલે તરત ત્યાંથી ઊઠીને પોતાને ઉતારે ગયા અને પોતાના વસ્ત્ર અલંકારાદિક સર્વે ઉતારી નાખીને સાદા વસ્ત્ર પહેર્યા અને માથે એક નાનો ફેંટો બાંધ્યો અને પછી ગોપાળાનંદ સ્વામી પાસે આવીને બેઠા ત્યારે સ્વામીએ કહ્યું જે આમ કેમ કર્યું ? ત્યારે નરસીરામભાઈએ બે હાથ જોડીને કહ્યું જે સ્વામી ! આપની કૃપા. સ્વામી કહે જા તને કોઈ દોષ નહીં પરાભવ કરે ! તે સાંભળીને નરસીભાઈના અંતઃકરણમાંથી દોષ માત્ર ટળી ગયા અને શુદ્ધ અંતઃકરણ થઈ ગયું ! અને પોતાના ગામમાં મંદિર કરાવ્યું અને પોતાનું સર્વસ્વ દેવને અર્પણ કર્યું ને પોતે એકાંતિકપણાને પામીને અક્ષરધામમાં ગયા એમ મોટાની દયાથી જીવ નિર્દોષ થાય છે.

## પૂ. સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરી ને અક્ષરાનંદ સ્વામીના મનમાં જે મોહ હતો તે સર્વે ટાળી નાખ્યો

એક વખત ગોપાળાનંદ સ્વામી વડતાલમાં હતા અને અક્ષરાનંદ સ્વામી મંદિરના મહંત હતા અને રઘુવીરજી મહારાજ કોઈ કામ પ્રસંગે આવેલ તેથી તેમણે અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે અમારે એક સિગરામ જોઈએ છીએ. ત્યારે અક્ષરાનંદ સ્વામી બોલ્યા જે હમણાં બળદ નવરા નથી. એમ જવાબ દઈને પોતાને આસને ગયા. પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે સ્વામી આવી રીતે વાત થઈ છે. તે વખતે ગોપાળાનંદ સ્વામીને જૂનાગઢ જવું હતું. પછી સ્વામીએ અક્ષરાનંદ સ્વામીને કહ્યું જે તમે મારી સાથે જૂનાગઢ ચાલો ત્યારે અક્ષરાનંદ સ્વામી કહે કે મારે મંદિરનું કામ છે તેથી ઘડીની નવરાશ નથી. સ્વામી કહે કે મંદિરનું કામ એક માસ સુધી બીજાને સોંપીને ચાલો મારી સાથે તમારે આવ્યા વગર છૂટકો નથી ! ને અક્ષરાનંદ સ્વામીના મનમાં એવું

હતું જે આ મંદિરનો ધણી-રણી હું છું અને આચાર્ય તે તો મારી આગળ શું ગણતીમાં ? મને તો શ્રીજીમહારાજે મહંતાઈ આપી છે ! એમ પોતાના મનમાં અભિમાન હતું. પછી ગોપાળાનંદ સ્વામી પોતાની સાથે જૂનાગઢ તેડી ગયા. પછી સ્વામીએ ત્યાગીના ધર્મની વાતો કરીને અક્ષરાનંદ સ્વામીના મનમાં જે મોહ હતો તે સર્વે ટાળી નાંખ્યો અને પરમ એકાંતિક કર્યા અને પોતાના મનમાં એમ થયું જે આપણે તો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તેજ આપણો ધર્મ છે ! અને આ બધો વહેવાર તો આચાર્યનો ગણાય ? પણ આપણે તો આચાર્ય જેટલી આજ્ઞા કરે તેમ વર્તવું તેજ આપણો ધર્મ છે તેટલી જ ક્રિયા કરાય અને તમામ જાતનો મોહ પોતાના અંતઃકરણમાંથી નિવૃત્તિ પામી ગયો. પછી ગામ પોલારપરને પાદર મુકામ કર્યો ત્યાં સવારમાં પૂજા કરીને ગોપાળાનંદ સ્વામીને દર્શને ગયા. અને સ્વામીને દંડવત્ કરીને પગે લાગીને કહ્યું જે સ્વામી હું આજ સત્સંગી થયો ! કેમ કે તમે જો ન મળ્યા હોત તો કસર માત્ર રહી જાત એમ કહીને સ્વામીને પગે લાગ્યા. માટે સમજણ વિના મોહ ટળે નહીં.

ચૈતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી તમે જો ન મળ્યા હોત તો સમજણમાં ઘણી કસર રહી જાત...

અને વડતાલમાં ચૈતન્યાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદાનંદ સ્વામી હતા તે પોતે નિરંતર ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા. પછી એક વખત ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું જે તું રાત્રે હંમેશાં કેમ મોડો આવે છે અને ક્યાં જાય છે ? ત્યારે બાલમુકુંદાનંદ સ્વામી કહે કે સ્વામી હું તો ગોપાળાનંદ સ્વામીને આસને વાતો સાંભળવા જાઉં છું ત્યારે ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે વળી ત્યાં કેવી વાતો થાય છે ? ત્યારે બાલમુકુંદાનંદ સ્વામી કહે ત્યાં તો મોટા મોટા સદ્‌ગુરુ વાતો સાંભળવા આવે છે. ત્યારે બાલમુકુંદાનંદ સ્વામી કહે કે સ્વામી તમે પણ જો એક વખત ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળો તો તમને પણ નિરંતર ત્યાં આવવાનું મન થાય. ચૈતન્યાનંદ સ્વામી કહે કે મારાથી ત્યાં અવાય નહીં ? એમ કરતા કરતા કેટલાક દિવસ થયા પછી બાલમુકુંદાનંદ સ્વામીને કહે કે ચાલો આજ તો હું પણ સ્વામીની વાતો સાંભળવા આવું. જોઈએ સ્વામી કેવીક વાતો કરે છે ? પછી બાલમુકુંદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી પાસે અગાઉથી એક માણસ મોકલીને કહેવરાવ્યું જે ચૈતન્યાનંદ સ્વામી તમારે આસને

વાતો સાંભળવા આવે છે. સ્વામીએ તરત મોટી ગાદી-તકિયો નખાવી તૈયાર કર્યો અને ચૈતન્યાનંદ સ્વામી આવ્યા ત્યારે સ્વામીએ તેમને ગાદી-તકિયે બેસાર્યા અને પછી પુરુષોત્તમપણાની કેટલીક વાતો કરી તથા અવતાર અવતારોના ભેદની કેટલીક વાતો કરીને તે સાંભળીને ચૈતન્યાનંદ સ્વામી તો મનમાં ઘણાંક પ્રસન્ન થયા અને પોતાને આસને આવ્યા અને બાલમુકુંદાનંદ સ્વામીને કહ્યું જે હું હવે નિરંતર સ્વામીની વાતો સાંભળવા આવીશ અને કેટલીક વાતનો પ્રસંગ આવે ત્યારે ગોપાળાનંદ સ્વામી સંસ્કૃત પુસ્તક લઈને ચૈતન્યાનંદ સ્વામીને પૂછવા જતા જે આ શ્રીજીમહારાજે શું કહ્યું છે ? માટે આપના મુખથી સમજાવો. પછી કેટલાક દિવસ કેડે ચૈતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું કે તમે મને મળ્યા ન હોત તો મારે સમજણમાં ઘણી કસર રહી જાત ! કેમકે પોતાનાં મનમાં એમ હતું જે મને શ્રીજીમહારાજે તમામ આજ્ઞા આપી છે તો હવે મારે શું કરવાનું બાકી છે ? એમ પોતાને અભિમાન હતું. તે ગોપાળાનંદ સ્વામીના સમાગમથી ટળી ગયું અને પોતે પરમ સાધુતા ગ્રહણ કરીને ત્યાગ કરીને સૌની સાથે પથારી કરીને પંક્તિમાં જમવું એવી રીતે કર્યું તે ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી થયું.

## મોટા હોય તે મોટાનો મહિમા સમજે...

અમદાવાદમાં સર્વ નિવાસાનંદ સ્વામી હતા. તેમને પચાસ સાધુ ભેગા રહેતા અને દશ પાળા પોતે ફરવા જતા ત્યારે સાથે ચાલતા તથા શિગરામ વગેરે વાહન પોતાને સ્વાધીન હતા. તો પણ પોતાના મનમાં એક દિવસ એમ વિચાર થયો. જે જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો નથી ત્યાં સુધી આપણી કસર ટળશે નહીં. એમ વિચાર કરીને એક વખત અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે હાથ જોડીને બોલ્યા જે મારે વડતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જવું છે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે સ્વામી તમારામાં શું ન્યૂનતા છે ? તે ત્યાં જવું ? પછી સર્વ નિવાસાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ નથી કર્યો ત્યાં સુધી શ્રીજીમહારાજની ઉપાસના તથા સત્સંગની પ્રથા તથા દૃઢતા થાય નહીં. માટે હું આપને વિનંતી કરીને કહું છું કે મને સમાગમ કરવા જવાની રજા આપો. પછી પોતાની પાસે

સાઠ જોડ્ય ચરણારવિંદ હતા તથા શ્રીજીની કેટલીક પ્રસાદીની ચીજો હતી. તે બધું અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે સ્વામી તમારે જવું હોય તો ભલે પધારો હું રાજી છું પણ આ તમારી પૂજા તમારા સેવકોને જેમ ઘટે તેમ વહેંચી આવો. પછી સ્વામીએ પોતાના સેવકોને યોગ્યતા પ્રમાણે પૂજા વહેંચી આપી. અને બાકીની જે પૂજા રહી તે અયોધ્યાપ્રસાદજી મહારાજને કૃષ્ણાર્પણ કરી અને પોતે એક સેવકને સાથે લઈને વડતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા. એવી રીતે મોટા હોય તે મોટાનો મહિમા સમજે. જેમ હીરે કરીને જ હીરાની પરીક્ષા થાય તેમ મોટા હોય તે જ મોટાની મોટપ જાણે.

## સ્વામી રાઠોડ ધાધલને કહે આ તો તમારો પૂર્વનો સાથી હતો તે છે...

એક વખત ગોપાળાનંદ સ્વામી સારંગપુર પધાર્યા હતા અને ત્યાંના રાઠોડ ધાધલ કરીને કાઠી હતા. તેમને એકવીશ વરસનો દીકરો હતો પણ વ્યવહાર સંબંધી તે છોકરો કાંઈ કામ કરે નહીં અને રાઠોડ ધાધલ પણ વૃધ્ધ થયા હતા તેને એક ગાય દૂઝણી હતી તે ગાયના વાછરડાને છોડી મેલે ને પોતે છેટે જઈને ઊભો રહે ને એમ બોલે જે કોકની ગાયને વાછડો ધાવે છે ! એમ કહીને છેટે ઊભો રહે. પછી રાઠોડ ધાધલ ધીરે ધીરે જઈને વાછરડાને ખીલે બાંધે એમ કેટલીક વખત કરે અને ધીરમાં રંજાડ પણ કેટલીક કરે. પછી રાઠોડ ધાધલ કાયર થઈ ગયા એવા સમામાં ગોપાળાનંદ સ્વામી ત્યાં પધાર્યા. પછી રાઠોડ ધાધલે સ્વામીને પ્રાર્થના કરીને એમ કહ્યું કે, સ્વામી આ છોકરો વીસ વરસનો થયો છે પણ ઘરનું કાંઈ કામકાજ કરતો નથી. સ્વામીએ કહ્યું કે તેને મારી પાસે લાવો. પછી તે છોકરાને સ્વામી પાસે લાવ્યા. ત્યારે છોકરો બોલ્યો જે સ્વામી જુવો હાથે કામ થાય. ત્યારે સ્વામીએ છોકરા સામે જોઈને રાઠોડ ધાધલને કહ્યું જે આ તો પૂર્વનો તમારો સાથી હતો તેને તમોએ પગાર આપેલો નથી. તેથી તે પગાર લેવા આવ્યો છે. તે પગાર પૂરો થઈ રહેશે અને થોડા દિવસ કેડે ગુજરી જશે. તેથી તે પ્રમાણે થોડા દિવસ કેડે તે છોકરો દેહ મેલી ગયો.

## બોટાદના ભક્તજનોની પ્રાર્થનાથી પૂ. સ્વામીએ શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા

સારંગપુરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી તે વખતે ગોપાળાનંદ સ્વામીને બોટાદના હરિજનોએ કહ્યું જે અમારું ગામ પણ પ્રસાદીનું છે. માટે અમને કાંઈક આલંબન કરી આપો. પછી સૌ હરિજનના આગ્રહથી સ્વામી બોટાદ પધાર્યા અને સ્વામીએ કહ્યું જે તમને શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવી આપું તે હનુમાનજી કરતા વિશેષ કામ કરશે. પછી ગોપાળાનંદ સ્વામીએ બોટાદના મંદિરમાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવી આપ્યા અને સૌ કોઈ માનતા કરતા તેનું કામ સિદ્ધ થઈ જતું. પછી કેટલાક વરસ થયા પછી સૌ હરિજનોએ મળીને વિચાર કર્યો જે આ ચરણારવિંદ સિંહાસનમાં પધરાવ્યા હોય તો ઠીક ! પછી ત્યાંથી ઉત્પાથન કરીને સિંહાસનમાં પધરાવ્યા એટલે તેમનો ચમત્કાર બંધ થઈ ગયો. હાલમાં તે જ ઠેકાણે પધરાવ્યા છે.

## પૂ. સ્વામીએ દ્વેષી વૈદને ચમત્કાર બતાવીને આશ્રિત કર્યો :

એક વખત રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુ ગામ મહુવેથી ચાલ્યા તે ગામ માઢીએ આવ્યા ને ત્યાં મુકામ કર્યો અને પટવા કરીને પાસે એક ગામ છે ત્યાં બ્રાહ્મણ રહેતો. તે વૈદ હતો ને સત્સંગનો બહુ જ દ્વેષી હતો. ને માઢીઆ તથા મઢીયારકાના હરિજનોને બહુ હેરાન કરતો હતો. તે હરિજનો દુર્બળ સ્થિતિના હતા. તેથી તે બ્રાહ્મણને કાંઈ કહી શકતા નહીં. પછી સૌ હરિજનોએ સ્વામીને પ્રાર્થના કરી જે સ્વામી આ પટવા ગામમાં એક બ્રાહ્મણ વૈદ છે. તે સત્સંગનો બહુ જ દ્વેષી છે અને અમને સૌને બહુ હેરાન કરે છે માટે તેને કાંઈક ચમત્કાર બતાવો તો અમને સુખ આવે નહીં તો હેરાન કર્યા કરશે. પછી સ્વામી કહે બહુ સારું. તેને જઈને કહો જે ગોપાળાનંદ સ્વામી માંદા છે તેની નાડી જોવા બોલાવે છે. પછી એક હરિજને જઈને તેને કહ્યું કે અમારા એક સાધુ માંદા છે. તેની નાડી જોવાને માટે તમે આવો. ત્યારે તે વૈદે કહ્યું જે અમુક ફી હોય તો આવું. ત્યારે હરિજન કહે તમે રાજી થશો તે આપશું. પછી તે ઘોડે બેસીને પોતાની વૈદકની પેટી સાથે લઈને જ્યાં આચાર્ય મહારાજનો મુકામ હતો ત્યાં આવ્યો. પછી તેને

ગોપાળાનંદ સ્વામી પાસે લઈ ગયા. એટલે સ્વામીએ કહ્યું જે વૈદરાજ, મારે શરીરે બહુ કસર રહ્યા કરે છે. માટે મારી નાડી જુઓ શું રોગ છે ? પછી વૈદે સ્વામીનો હાથ ઝાલીને નાડી પરીક્ષા કરી પણ ક્યાંય નાડી હાથમાં આવી નહીં. પછી તે બ્રાહ્મણ બોલ્યા જે મહારાજ તમારા શરીરમાં નાડી જણાતી નથી અને તમો મારી સાથે વાતચીત કરો છો માટે આપ તો કોઈ મહાત્મા પુરુષ છો એમ જણાય છે ? મેં તમારા સત્સંગીઓનો ઘણો ઘણો દ્વેષ કર્યો છે તે હું આજથી તમારી પાસે માફી માગું છું અને મને તમારો કરીને જાણજ્યો એમ ગોપાળાનંદ સ્વામીએ તેને ચમત્કાર જણાવીને આશ્રિત કર્યો.

## પૂ. સ્વામીએ સુંદરિયાણાના વૈદ હિમરાજશાને ચમત્કાર બતાવી આશ્રિત કર્યા

અને ગામ સુંદરિયાણામાં હેમરાજ શેઠ કરીને વણિક રહેતા હતા તે વૈષ્ણવ ધર્મમાં આગેવાન હતા અને પોતાની નાતમાં પણ આગેવાન ગણાતા હતા. તેમને પૂર્વના સંસ્કારે કરીને ગોપાળાનંદ સ્વામીનો યોગ થયો અને પોતે રાજવૈદ હતા. પછી એક વખત ગોપાળાનંદ સ્વામી ગઢપુરથી વડતાલ પધારતા હતા. તે વચમાં સુંદરિયાણે મુકામ કર્યો તે વખતે ગામના હરિજન તથા હેમરાજશાના બે પુત્રો નામે પૂંજાશા તથા વનાશા ને સૌ સ્વામીને દર્શને આવ્યા. પછી પૂંજા શેઠને સ્વામીએ કહ્યું જે મને જીર્ણ તાવ રહ્યા કરે છે. માટે તમારા પિતાશ્રી વૈદકમાં બહુ વખણાય છે. માટે તેમને મારી નાડી જોવા બોલાવો પછી પૂંજો શેઠ ઘરે ગયા અને પોતાના પિતાને કહ્યું જે, બાપા સ્વામિનારાયણના સાધુને તાવ આવે છે. તે તેમની નાડી જોવા માટે તમને બોલાવે છે. પછી હેમરાજ શેઠ તેમના દીકરાની સાથે મંદિરમાં આવ્યા તેમને સ્વામીએ આદર સત્કાર કરીને બેસાર્યા. પછી સ્વામીએ હેમરાજશાને કહ્યું જે શેઠ જુઓને મને જીર્ણ તાવ આવ્યા કરે છે તે મારી નાડી જુઓ. શેઠે સ્વામીનો હાથ પોતાના હાથમાં લઈને નાડી જોઈ પણ હાથમાં નાડી ક્યાંઈ ચાલતી જણાતી નથી તે જોઈને પછી આખા શરીરમાં નાડીના જ્યાં જ્યાં સ્થાનક હતા ત્યાં ત્યાં નાડીનો બધે તપાસ કર્યો પણ નાડી ક્યાંઈ હાથ આવી નહીં. અને સ્વામી તો શેઠ સાથે વાતો કરતા હતા. પછી શેઠે વિચાર કર્યો. જે આ મહાત્મા સાધુએ નાડી જોવા માટે મને બોલાવેલ નથી અને આ તો કોઈક મોટા યોગેશ્વર છે કેમકે નાડી છાંડ્યા પછી

મનુષ્યની શરીરની સ્થિતિ શીતળ થઈ જાય આ તો સાજું માણસ સાવચેતીથી વાતો કરે તેમ મારી સાથે વાત-ચીત કરે છે માટે આ મહાત્મા પુરુષ માટે મારે જ એટલે મને દર્શન દેવાને અર્થે પધાર્યા છે અને મને ભવસાગરમાંથી તારવાને માટે આવ્યા હોય ને શું ? એમ પોતાના મન સાથે વિચાર કરીને સ્વામીની ઘણી ઘણી વંદના કરીને બોલ્યા જે સ્વામી તમોએ મને નાડી જોવા માટે બોલાવેલ નથી. પણ આપનું ઐશ્વર્ય જોવા બોલાવેલ છે માટે તમારો આશ્રિત કરો એમ કહીને સ્વામીને હાથે વર્તમાન ધારીને આખું કુટુંબ શ્રીજીને શરણે થયું અને શ્રીજીના તેઓ અનન્ય એકાંતિક ભક્ત થયા અને નાત તથા કુટુંબનો ત્યાગ કરીને પોતાના શિરને સાટે સત્સંગ રાખ્યો તે હજી સુધી તેમના વંશજો નાત કુટુંબનો ત્યાગ કરીને સત્સંગમાં દૃઢપણે રહેલ છે. એવી રીતે સ્વામીની કૃપાથી સત્સંગમાં સુખીયા રહેલા છે.

## પૂ. સ્વામીએ મંદિરમાં વાત કરી જે એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા ને જાતો નહતો તે પરાણે તેડી ગયા

એક સમે રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ સુરત પધાર્યા હતા. ત્યાં સંત તથા હરિજનો રાત્રે પોતા પાસે બેઠા હતા. તે સમે શ્રીજીમહારાજ એક હરિજનને તેડવા માટે પધાર્યા. ત્યારે તે હરિજન બોલ્યો જે મહારાજ મારા છોકરાં નાના છે તે હમણાં નહીં આવું. ત્યારે મહારાજે કહ્યું જે તારી આયુષ્ય થઈ રહી છે ! માટે તને તેડી જવો છે ! પછી તેને કોઈકે કહ્યું જે છોકરાની શી ચિંતા રાખે છે ? મહારાજ સાથે ધામમાં જા. પછી તે મહારાજની સાથે ધામમાં ગયો તે વાત મંદિરમાં ગોપાળાનંદ સ્વામીએ કહી જે ઓલ્યા હરિભક્તને મહારાજ તેડવા આવ્યા છે ને તે જાતો નથી. તેને મહારાજ પરાણે તેડી ગયા.

## રામજી ભગતના પૂછવાથી પૂ. સ્વામીએ તેમની મોટપ કહી

અને તે સમે રામજી ભગત કરીને હરિભગત સ્વામી પાસે બેઠા હતા. તેણે સ્વામીને પૂછ્યું જે તમારી મોટપ કહો. પછી સ્વામીએ વાત કરી જે અનંત

કોટિ બ્રહ્માંડના જીવને તેની ક્રિયા તથા તેનાં ફળ તેને હથેળીમાં જળનું ટીપું દેખે તેમ હું દેખું છું ! એવી રીતે કહી દેખાડ્યું. તે સાંભળી સૌ સંત તથા હરિજનો બહુ જ આશ્ચર્ય પામ્યા.

## શ્રીજીમહારાજે દર્શન આપીને સ્વામીને કહ્યું કે તમે રામચંદ્રજીને કુરાજી કર્યા છે તેથી હાલ તમોને નહીં તેડી જોઈએ !

અને એક સમે ગોપાળાનંદ સ્વામીને વરતાલમાં મંદવાડ આવ્યો હતો અને એકવીશ લાંઘણો થઈ હતી અને રઘુવીરજી મહારાજ સ્વામીને જોવા માટે ગયા અને સ્વામીએ ખાટલીને ઓશિકે ખુરશી નાખી અપાવી તે ઉપર બેઠા. પછી પોતે બહુ જ દિલગીર થયા અને નેત્રમાંથી જળ વહેવા લાગ્યું. પછી સ્વામીને પગે લાગીને પોતાને આસને પધાર્યા. પછી શ્રીજીમહારાજે આવીને સ્વામીને કહ્યું જે તમોએ રામચંદ્રજીને કુરાજી કર્યા માટે હાલ તમોને નહીં તેડી જઈએ ! અને જ્યારે રામચંદ્રજી રાજી થઈને કહેશે ત્યારે તેડી જાશું ! પછી સ્વામીએ જિષ્ણુદાસજીને કહ્યું જે સાકરની રાબ કરો પીવી છે. કેમકે શ્રીજીમહારાજનો ઠબકો મળ્યો. પછી જિષ્ણુદાસજીએ રાબ કરી તે સ્વામીએ પીધી ને સાજા થયા.

## પૂ. સ્વામીએ કહ્યું જે હું જે કારણથી રહ્યો છું તે આગળ ખબર પડશે...

એક સમે ગઢપુરમાં ગોપાળાનંદ સ્વામી વિરાજમાન હતા અને બ્રહ્માનંદ સ્વામીના સેવકો સ્વામીના દર્શને આવ્યા. પછી તે સ્વામીને આસને દર્શને ગયા. પછી તે સંતોએ સ્વામીને કહ્યું જે સ્વામી જો શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર વધારે રહ્યા હોત તો ઘણાક જીવોને સમાસ થાત. ત્યારે સ્વામી કહે એ તો શ્રીજીની જેમ ઈચ્છા. પછી વળી કહ્યું જે મુક્તાનંદ સ્વામી રહ્યા હોત તો પણ ઘણાક જીવોને સમાસ થાત. ત્યારે સ્વામી કહે જો મુક્તાનંદ સ્વામી રહ્યા હોત તો કોઈ બીજા મંદિરમાં રહેત નહીં ! અને સૌ સ્વામી પાસે સમાગમ કરવા આવત ! પછી સાધુએ કહ્યું જે જો બ્રહ્માનંદ સ્વામીને રાખ્યા હોત તો ઠીક ત્યારે સ્વામીએ કહ્યું જે બ્રહ્માનંદ સ્વામી એક તરફી ખેંચવા લાગ્યા એટલે શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા. તે સાંભળીને સાધુઓને ક્રોધ આવ્યો અને સ્વામીને કહ્યું જે તમો શા કારણથી રહ્યા

છો ? તમે કેમ જાતા નથી ? ત્યારે સ્વામી કહે જે હું જે કારણથી રહ્યો છું તે આગળ ખબર પડશે ! એમ સ્વામીએ ઉત્તર આપ્યો. માટે ગુરુનો પક્ષ લઈને મોટાનો અપરાધ થાય પછી સ્વામીએ દેવનો તથા આચાર્યનો વ્યવહાર જુદો પાડ્યો તથા સર્વોપરી સ્વામિનારાયણની નિષ્ઠા પ્રવર્તાવી.

## શ્રીજીમહારાજ વસતા ખાચરને કહે ગોપાળાનંદ સ્વામી તો બહુ જ મોટા છે...

એક સમે કારિયાણીમાં વસ્તાખાચરનો હાથ પાક્યો હતો અને ગઢપુરથી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને જોવા મોકલ્યા હતા. ત્યાર પછી ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા અને પછી થોડાક દિવસ થયા કેડે શ્રીજીમહારાજ પંડે પધાર્યા. અને વસતા ખાચરે શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે મહારાજ તમોએ નિત્યાનંદ સ્વામીને આગળથી મોકલ્યા તે બહુ સારું કર્યું ! અને પછી તરત ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા તે તો મારા ઉપર અત્યંત કૃપા કરી ! ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે વસતા ખાચર ગોપાળાનંદ સ્વામી તો બહુ જ મોટા સાધુ છે ! એમ કહીને બોલ્યા જે એક અષ્ટાંગયોગ શ્રીકૃષ્ણ ભગવાને સાધ્યો હતો અને એક અષ્ટાંગયોગ ગોપાળાનંદ સ્વામીએ સાધ્યો છે ! અને વળી કહ્યું જે એ તો બહુ જ મોટા છે ! ત્યારે વસતો ખાચર બોલ્યા જે મહારાજ તમે કેવા મોટા ? ત્યારે મહારાજ કહે કે હું તો સૌનો પ્રેરક, પ્રવર્તક અને નિયામક છું ! વળી સર્વ અવતારોનો અવતારી છું ! એમ શ્રીજીમહારાજે વસતા ખાચર આગળ વાત કરી હતી.

## આખા ગામના નરસીદવેનો સંકલ્પ પૂ. સ્વામીએ પૂરો કર્યો

એક સમે મેઘપુરનો બ્રાહ્મણ શુકદેવજી જૂનાગઢ મંદિરમાં ગોપાળાનંદ સ્વામીના દર્શને ગયો. ત્યાં સ્વામીએ તેને પૂછ્યું જે આખાના નરશીદવે શું કરે છે ? ત્યારે શુકદેવ કહે તે તો માંદા છે. ત્યારે સ્વામી કહે આ રાધારમણ દેવનો પ્રસાદીનો ફૂલનો હાર નરસીદવેને પહેરાવજો. તેઓ આ હાર પહેરશે તે ઘડીએ શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવશે અને તરત ધામમાં જાશે. પછી શુકદેવે આખા જઈને તે પ્રસાદીનો હાર નરસી દવેને પહેરાવ્યો. કે તરત જ શ્રીજીમહારાજ મુક્તો સાથે વિમાન લઈને આવ્યા ને નરસીદવેને ધામમાં તેડી ગયા. નરસી દવેને

રાધારમણ દેવને ધરાવેલો હાર પહેરવાનો સંકલ્પ હતો તે સ્વામીએ પૂરો કર્યો. તેથી શ્રીજીમહારાજ તેમને તેડી ગયા. તે શુકદેવ બ્રાહ્મણ વિમુખ જેવો હતો તે પરચો જોઈને સત્સંગી થયો.

## પૂ. સ્વામીએ નરસીદવેની પ્રાર્થનાથી વરસાદ કર્યો

એક સમે ગોપાળાનંદ સ્વામી પીપલાણેથી આખે જતા ને ભેગા નરસીદવે તથા તેનો દીકરો મકન તથા કાનજી તથા આખાના બીજા બ્રાહ્મણો મકન તથા કાનજીની સાથે હતા. તે નદીને કાંઠે વાઢ આવ્યો ત્યારે નરસીદવેએ કહ્યું જે સ્વામી પાણી વિના આ વાઢ સુકાય છે તે જો સારો વરસાદ થાય તો ઠીક. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે મહારાજને પ્રતાપે થાય તો ખરો. પછી નરસી દવે બોલ્યા જે તમે કૃપા કરો તો થાય અને મારો વાઢ સારો થાય અને ગોળ સારો પાકે તો અમે કરજમાંથી નીકળી જઈએ. પછી ગોપાળાનંદ સ્વામીએ ધ્યાન કરીને વાદળ સામું જોયું ત્યાં તો એક વાદળમાંથી ગાજ્યો અને વીજળી થઈ અને વાઢના ક્યારા ભરાઈને છલકાઈ ગયા અને નદીમાં બે કાંઠામાં પૂર આવ્યું. એવો વરસાદ વરસ્યો. એવો ગોપાળાનંદ સ્વામીએ પરચો આપ્યો.

## હેતરૂપી વાસનાથી બાપ દીકરાને ઘેર દીકરો થયો

એક સમે ગોપાળાનંદ સ્વામી ગોંડલ પધાર્યા હતા અને હરિજન સૌ સ્વામીને દર્શને આવ્યા ત્યારે તે ભેળો એક લુવાર પોતાના દીકરાને તેડી દર્શને આવ્યો હતો. તે હરભક્તે સ્વામીને વાત કરી જે સ્વામી આ છોકરો તેની માને ધાવતો નથી. પછી સ્વામીએ તેની સામી દૃષ્ટિ માંડીને જોયું અને બોલ્યા જે આ તો તારો બાપ છે ! તે તારે વિષે હેત હતું તે તારો દીકરો થયો છે ! અને તેને મૃત્યુ વખતે એવો સંકલ્પ રહેલો જે દીકરાની વહુએ મારી બહુ ચાકરી કરી. પણ તેને દીકરો નથી તે સંકલ્પથી તારો દીકરો થયો છે તે શેનો ધાવશે ? એમ સ્વામીએ કહ્યું અને થોડાક દિવસ પછી તે છોકરો દેહ મેલી ગયો.

## પૂ. સ્વામીએ ભરૂચમાં વરસાદ વરસાવ્યો

એક વખત સ્વામી ભરૂચનું મંદિર કરવા પધાર્યા હતા અને વૈશાખ સુદી ૧૪ નૃસિંહ ચતુર્દશી હતી તે દિવસે મંદિરનો આરંભ કરવા માંડ્યો ને પછી

રામજી ભગતે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે સ્વામી જો થોડોક વરસાદ થાય તો આપણા કૂવામાં પાણી થાય અને કારખાનાનું કામ ચાલે ત્યારે સ્વામી કહે કે રામજી વરસાદ જો થાય તો મંદિરના તાક ફાટી જાય. ત્યારે રામજી ભગત કહે સ્વામી જો થોડોક વરસાદ થાય તો તો ન ફાટે. પછી સ્વામીએ ધ્યાન કરીને વૃત્તિ અંતરમાં પાછી વાળી ગયા અને એક પહોર સુધી રહ્યા ત્યાં સુધી વરસાદ વરસ્યો અને ઇંદ્રાધીર (અનરાધાર) પાણી પડવા લાગ્યું. તે જોઈને સંતે આકળા થઈને સ્વામીને કહ્યું કે હે સ્વામી મંદિરના ઘુમટને વિઘ્ન થાશે એમ સંતે કહ્યું ત્યારે રામજી ભગત કહે સ્વામી કહે ઘણો વરસાદ થયો અને કૂવામાં પાણી પણ ઘણું થયું. ત્યારે સ્વામી કહે કે બંધ રાખો એટલે વરસાદ રહી ગયો.

## પૂ. સ્વામીએ દાળિયા લઈને વાણિયાનું કલ્યાણ કર્યું ને અંતર્યામીપણે વરસાદ તથા મહારાજને સંત તેડવા આવ્યા તે વાત કરી

સ્વામી ભરૂચથી ચાલ્યા અને વરસાદને કહ્યું કે હવે અમારા ઉપર વરસજે. ત્યારે મેઘ વરસવા મંડ્યો અને અંકલેશ્વર જઈને રાત રહ્યા. ત્યાં એક વાણિયો સાધુને રસોઈ દેવા આવ્યો અને કહ્યું જે મારે તમને જમાડવા છે. ત્યારે સ્વામી કહે અમારે સુરત જવાની ઉતાવળ છે તે રોકાશું નહીં. અને તમારે તાણ હોય તો દાળિયા લાવો. ત્યારે તે વાણિયો દાળિયા લાવ્યો ને સ્વામી આગળ મેલ્યા. પછી સ્વામીએ સૌને એકેક શેર દાળિયા પોતાને હાથે આપ્યા અને સવારે ત્યાંથી ચાલી નીસર્યા તે સુરતના માર્ગમાં એક તલાવડી આવી તેમાં નાહ્યા ને દાળિયા મહારાજને ધરીને સૌ જમ્યા. પછી એ સર્વે સંતને સ્વામીએ એમ કહ્યું જે સહુ એમ કહો જે આ વાણિયાનું કલ્યાણ થાશે અને સાત ગાઉ ચાલશું ત્યાં સુધી વરસાદ વરસશે. શા માટે જે આપણે ભરૂચમાં વદાડ કર્યો છે. જે અમે ચાલીએ ત્યારે વરસજે તે માટે સર્વે પુસ્તક વગેરેને મિંણીયાં બાંધીને ચાલજો એમ કહીને ત્યાંથી ચાલ્યા અને વરસાદ વરસવા માંડ્યો અને તે સાત ગાઉં સુધી વરસ્યો પછી રહી ગયો અને સુરતમાં પધાર્યા તે રાત્રે બેઠા હતા ત્યાં રામજી ભગત આવ્યા તેને સ્વામી કહે બેસો એક વાત કહેવી છે. ત્યારે રામજી ભગત કહે કહો સ્વામી ! ત્યારે સ્વામી બોલ્યા જે આ ગામના હરિભક્ત વાણિયાનો કાકો છે તેને મહારાજ અને સંત તેડવા આવ્યા છે. તેમને વાણિયો કહે કે મારે મારા દીકરાને પરણાવવો

છે તે હમણાં નહીં આવું. પણ મહારાજ પરાણે તેડી જાશે તેથી હમણાં પોકરાણ પડશે. એમ બોલ્યા એટલે થોડીક વારમાં પોકરાણ પડ્યું.

## પૂ. સ્વામીએ સંતોને મહારાજ ફરી અહીં મોકલે તો ક્યાં જન્મ લેવો તે વિષે સંતોની સમજણ તથા પોતાની મરજીની વાત કરી

એક વખત સ્વામી સંતની સભા કરીને ગઢપુરમાં બેઠા હતા. તે સમે સ્વામીએ સૌ સંતોનો અભિપ્રાય જાણવા માટે વાત કરી જે આપણે સૌ શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત છીએ. અને કોઈને ફેર જન્મ લેવાની ઈચ્છા તો નથી પણ શ્રીજીમહારાજ આપણને આજ્ઞા કરે તો કેવે ઠેકાણે જન્મ લેવો ? તે સૌ નિષ્કપટ ભાવથી કહેજો. પછી સૌ સંતે પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું. તેનું કારણ જે મોટે ઠેકાણે જન્મ લેવો ? તે સૌ નિષ્કપટ ભાવથી કહેજો. પછી સૌ સંતે પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું. તેનું કારણ જે મોટે ઠેકાણે જન્મ લઈને સૌને સ્વામિનારાયણનું ભજન કરાવવું. (કેટલાકે રજવાડામાં જન્મ લેવાનું કહ્યું કેટલાકે શેઠ શાહુકારને ત્યાં જન્મ લેવાનું કહ્યું) એ અભિપ્રાયથી સૌએ કહ્યું. પછી સ્વામી કહે કે જયારે તમે રજવાડામાં જન્મ લ્યો અગર શેઠ શાહુકારને ત્યાં જન્મ લ્યો ત્યારે આવી સ્થિતિ રહે નહીં અને વળી સ્વામીએ કહ્યું જે મને શ્રીજીમહારાજ આજ્ઞા કરે નહીં. ને કદાપિ જો આજ્ઞા કરે કે તમે જન્મ લ્યો તો સારો સત્સંગી ગરીબ બ્રાહ્મણ હોય ને કન્યા ન મળે તેને ઘરે જન્મ લઉં અને એકાંતિક ધર્મ સિદ્ધ કરીને પાછો અક્ષરધામમાં જાઉં.

## પૂ. સ્વામીને શ્રીજીમહારાજે મૂર્તિ ધારવાની રીત કહી

ગઢપુરમાં અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજે વાત કરી જે ભગવાનના ભક્તને ધ્યાન કરવું તથા માનસીપૂજા કરવી તથા ભજન કરવું તથા સર્વ ક્રિયા કરવી તથા સર્વકાળમાં નિરંતર પોતાને આત્મસત્તારૂપ અને બ્રહ્મરૂપ માનવું અને અક્ષર સંઘાતે પોતાને એકતા કરીને તેજ પુંજને વિષે શ્રી પુરુષોત્તમ શ્રીજીમહારાજની મૂર્તિ ધાર્યા કરવી અને એનું અનુસંધાન કર્યા કરવું પણ એ વાત ભૂલવી નહીં અને સત્તારૂપ અને નિરઅવયવ અને અલિંગ પોતાનું સ્વરૂપ માનીને તેમાં ભગવાનની મૂર્તિ ધારીને ભજ્યા કરવું અને પછી ગોપાળાનંદ સ્વામીએ

શ્રીજીમહારાજને કહ્યું કે હે મહારાજ ! તમારી મૂર્તિ ભૂલી જવાશે તો ? ત્યારે શ્રીજીમહારાજના નેત્ર સજળ થયાં અને ગદ્‌ગદ્‌ કંઠે થઈને એમ બોલ્યા જે એવી રીતે ભગવાનની મૂર્તિમાં જોડાય તો ભગવાનની મૂર્તિને ભૂલી જશે ? નહીં જ ભૂલાય ! એમ મહારાજના વચનને સાંભળીને સ્વામી કહે કે એ વચન મારા અંતઃકરણમાં ખૂંચી રહ્યું છે અને સદાય એમ જ વર્તાય છે અને વચનામૃતનો પૂર્વાપર અભિપ્રાય જોતા તો ઠેકઠેકાણે એ જ સિદ્ધાંત છે અને સત્સંગી જીવનમાં પણ મહારાજનો એ જ મત પડ્યો છે.

## પૂ. સ્વામીએ પેટલાદના કસિયાજીભાઈ પટેલ પાસે વડતાલ મંદિરનો દાણ માફ કરાવ્યો

વડતાલમાં જ્યારે લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થતું હતું ત્યારે કસિયાજી નામે અમીન પાટીદાર પેટલાદના હતા અને તે ગાયકવાડ સરકારના મહાલ ઈજારે રાખતા હતા અને કોઈને ગાંઠે એવા નહોતા. તેઓ સત્તાવાન પુરુષ હતા. પણ દ્વેષબુદ્ધિને લીધે તેને સ્વામિનારાયણનું આવું મોટું મંદિર થાય તે રુચતું નહોતું. તેથી તે અનેક ઉપાધિઓ તથા અંતરાયો કરાવ્યા કરતા હતા. પછી એક વખત તેમનું કોઈ માણસ વડતાલે સભામાં આવેલા તેને કસિયાજીભાઈના ખબર પૂછીને શ્રીહરિ એમ બોલ્યા જે હિંદુનું મંદિર જોઈને રાજી ન થાય તે હિંદુ ન કહેવાય ! આ વાત તેણે કસિયાજીની આગળ કરી જે સ્વામિનારાયણે આમ કહ્યું તેથી તેને વિશેષ દ્વેષ થયો. પછી તેણે પ્રત્યક્ષપણે વિરોધ કરવા મંડ્યો અને મંદિરના સર્વે સામાનના દાણ લેવાનું ઠરાવ્યું તથા બીજી પણ ઘણીક અડચણો નાખવા માંડી. આ હરકતો દૂર કરવાની જરૂર પડી એટલે કસિયાજીભાઈ પાસે કોઈને મેલવાની શ્રીહરિએ ઈચ્છા જણાવી. પછી સૌનો મત એવો થયો જે ત્યાં ગોપાળાનંદ સ્વામીને મોકલવા. પછી શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને તથા દાદા ખાચરને ત્યાં મોકલવાની આજ્ઞા કરી તેથી તે બંને જણા પેટલાદ ગયા અને ઉતારો કરીને કસિયાજીભાઈ પાસે ગયા અને પહેલેથી ખબર કઢાવી. તે પછી સ્વામી તેની કચેરીમાં પેઢી અને કચેરીમાં ચારે તરફ ગાદી-તકિયાનો ઠાઠ ખૂબ હતો. સ્વામી કસિયાજી તરફ ચાલ્યા કસિયાજીભાઈની નજર સ્વામી તરફ ઠરી રહી હતી પણ સ્વામી સીધા ચાલતા જોઈ તેમની બાજુની ગાદી ઉપર જઈને બેઠા અને સ્વામીની અલૌકિક પ્રતિમા જોઈને કસિયાજીભાઈ સ્તબ્ધ બની ગયા. તેમની અંદર વૃત્તિઓ

સંકેલાઈને જેમ સિંહને ભાળીને શિયાળ દબાઈ જાય તેમ દબાઈ ગયા અને તેમની સાથે મીરસાહેબ બેઠા હતા તે તરફ ચાલ્યા. કસિયાજીની નજર સ્વામી તરફ ફરી રહી હતી પણ સ્વામી સીધા ચાલતા જોઈ કસિયાજી તથા મીર સાહેબની સ્થિતિ સ્તબ્ધ થઈ ગઈ. પછી થોડી વારે મીરસાહેબે સ્વામીને વિનયથી આગમનનું કારણ પૂછ્યું. ત્યારે સ્વામીએ ઉત્તર આપતાં જણાવ્યું જે અમારા મંદિરના સામાનનું દાણ માફી કરાવવા આવ્યા છીએ ! આ સાંભળીને કસિયાજીભાઈએ અણગમતો જવાબ આપ્યો અને કહ્યું જે અમે કેટલુંક દાણ માફ કરીએ ? સ્વામી કહે મંદિર થાય ત્યાં સુધી. તે સાંભળી કસિયાજીભાઈ તેનો ઉત્તર આપવાની હિંમત કરી શક્યા નહીં ! ત્યારે કસિયાજી કહે તમે સાંજે આવજો સ્વામી કહે કે અમે સાંજે નહીં આવીએ ! તમે સાંજે પોઢી જાઓ એટલે અમારે ફોગટ આંટો થાય વળી કોઈ સ્ત્રી અડી જાય તો અમારે ઉપવાસ પડે એમ સ્વામી આકરા થઈને બોલ્યા એટલે કસિયાજી કાંઈ બોલી શક્યા નહીં. ઢીલા પડી ગયા. પછી મીર સાહેબે સલાહ આપી એટલે તુરત દાણ માફીનો પાકો દસ્તાવેજ કરી આપ્યો. તે લઈને સ્વામી વરતાલ પધાર્યા.

## મોટા પુરુષને નારાજ કરવાનું પરિણામ કસિયાજીભાઈને તરત મળ્યું

એક વખત કસિયાજીભાઈએ વડતાલ મંદિરમાંથી એક મોટો આરસનો પથ્થર મોકલવાનો હુકમ લખી મોકલ્યો તે લેવા માટે ગાડું મોકલ્યું. દેવની સંસ્થા ઉપર એવો અવિચારી રાજસ હુકમ વાંચી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વગેરે સૌ નાખુશ થયાં છતાં મોટા માણસનું અપમાન ન કરવા ખાતર દેવના મંદિરમાંથી એક પથ્થર કાઢી આપ્યો. આ વાત ગોપાળાનંદ સ્વામીએ જાણી એટલે સ્વામીનું અંતર બહુ જ કચવાણું અને તે સમયથી પેટલાદમાં કસિયાજીભાઈના શરીરે અકસ્માત એટલો દાહ થવા માંડ્યો કે તેથી તે બહુ જ ગભરાયા. એણે ઘણાં ઘણાં શીત ઉપચાર કર્યા પણ દાહ શમ્યો નહીં. પછી કોઈકે શંકા કરી જે તમે વરતાલથી દેવનો પથ્થર હુકમ કરીને લાવ્યા છો તેથી કોઈ મોટા પુરુષ નારાજ થયા હોય ને શું ? તે સાંભળીને કસિયાજીભાઈને આશંકા સાચી જણાણી કેમકે તેઓ જાણતા હતા જે સ્વામિનારાયણના શિષ્યો સત્પુરુષો છે અને તેઓ કચવાય તો બંને લોક બગડે. એમ જાણી તેમણે મંગાવેલ આરસનો પથ્થર ગાડે ચડાવીને પાછો વરતાલ

મોકલ્યો. વરતાલમાં કશિયાજીભાઈના માણસોએ આવીને બનેલી વાત જણાવી પછી તેને સૌએ ગોપાળાનંદ સ્વામી પાસે જવાનું કહ્યું એટલે તે માણસે સ્વામી પાસે આવીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી અને સ્વામીને કહ્યું જે અમે તમારો લઈ ગયેલો પથ્થર પાછો લાવ્યા છીએ. એટલે સ્વામીએ આજ્ઞા કરી જે તમે જે ઠેકાણેથી પથ્થર લીધેલ હતો તે ઠેકાણે પાછો મૂકી આવો. પછી તે માણસે તે પ્રમાણે આરસનો પથ્થર મૂક્યો અને સ્વામીને પ્રાર્થના કરીને પછી ચાલતો થયો અને તે જ દિવસથી કસિયાજીના શરીરના દાહની પીડા મટી ગઈ.

## પૂ. સ્વામીની સેવાથી સંત ઉપર કૃપા કરીને સંતના દોષ ટાળી નાખ્યા

એક વખત સ્વામી સારંગપુરથી ચાલ્યા અને રસ્તે આવતા વરસાદ બહુ થયેલો જેથી કીચડ બહુ હતો. સંત સરવે ગાડેથી નીચે ઊતરી ચાલતા થયા. અને સ્વામી પણ ગાડામાંથી નીચે ઊતરી પગપાળા ચાલ્યા. ચાલતા ચાલતા સ્વામી ગઢપુર પધાર્યા અને પોતાનું શરીર બહુ જ કોમળ તેથી પરિશ્રમ ઘણો જ પડ્યો. પછી સ્વામી રાત્રે આસને સૂતા તે વખતે એક સંત સ્વામીની સેવા કરવા મંડ્યા. સ્વામીને બહુ જ પરિશ્રમ પડેલો તેથી નિદ્રાવશ થઈ ગયા અને સંત તો એમને એમ સ્વામીનું શરીર દાબતા જ રહ્યા. સંતના મનમાં એમ વિચાર થયો જે જો હું સ્વામીનું શરીર દાબતો રહી જઈશ તો સ્વામી જાગી જશે. એમ જાણીને આખી રાત દાબ્યા કર્યું અને રાત્રિના ચાર વાગ્યે સ્વામી જાગૃત થયા અને જોયું તો સંતને સેવા કરતા જોયા. પછી સ્વામી બોલ્યા જે મહાપુરુષ ફેર આવ્યા કે શું ? સંત કહે ના મહારાજ ! હું તો રાત્રિનો જ આપની સેવામાં હાજર રહેલો છું. કેમકે તમારું શરીર કોમળ અને વૃદ્ધ છે તેથી ઘણો પરિશ્રમ પડ્યો છે એમ જાણીને હું આખી રાત આપની સેવામાં રહ્યો છું. તે સાંભળી સ્વામી બહુ રાજી થયા અને સંતને કહ્યું જે મહાપુરુષ તમારી જે ઇચ્છા હોય તે મારી પાસેથી વર માંગો ! સંત પણ બહુ મુમુક્ષુ હતા તેણે જાણ્યું. જે સ્વામી જેવા મારી ઉપર પ્રસન્ન થયા માટે મારા દોષ ટળે તે જ માગવું એમ જાણીને સંતે સ્વામીને કહ્યું જે સ્વામી ! મારે સ્વપ્નનો ઉપવાસ વારંવાર પડે છે. માટે મારી ઉપર કૃપા કરો કે એ દોષ ટળી જાય. સ્વામીએ રાજી થઈને કહ્યું જે જાઓ મહાપુરુષ હવેથી તમને એ દોષ નડી શકશે નહીં એમ સ્વામીએ રાજી થઈને તે સંતને વર આપ્યો.

## પૂ. સ્વામીએ એક બ્રહ્મજ્ઞાનીને કહ્યું કે બ્રહ્મ થાવું કઠણ છે...

સ્વામી જૂનાગઢ પધાર્યા હતા અને ત્યાં એક બ્રહ્મજ્ઞાની સ્વામી પાસે બેસવા આવ્યો હતો તેને સ્વામીએ કેટલીક વાતો કરી ત્યારે તે બોલ્યો જે હું તો બ્રહ્મ છું. સ્વામી કહે ભાઈ બ્રહ્મ થાવું કઠણ છે ! એકેય ઈન્દ્રિયનો વહેવાર જ્યારે ન થાય ત્યારે તે બ્રહ્મપણાને પામે પણ જ્યાં સુધી અહંભાવ છે ત્યાં સુધી બ્રહ્મ થવાય નહીં. એમ ઘણું સમજાવ્યો પણ તે બ્રાહ્મણ માન્યો નહીં. તે વખતે સ્વામી પાસે ગઢપુરના હરજી ઠક્કર બેઠા હતા. તેણે તે બ્રાહ્મણને કહ્યું જે હું સાચો બ્રહ્મ છું અને જો તું સાચો બ્રહ્મ હો તો મને તારા મોઢામાં થૂંકવા દે નહિ તો તું બ્રહ્મ ખોટો. પછી તે બ્રહ્મજ્ઞાની ઊઠીને ભાગી ગયો અને હરજી ઠક્કરે તેને જીત્યો તે જોઈને સ્વામી બહુ જ રાજી થયા.

## સારંગપુરના ભક્તો સ્વામીને લીધા વિના ગાડા જોડીને ચાલી નીસર્યા તેથી સ્વામી કુરાજી થયા

એક સમે સ્વામી ધોલેરામાં હતા અને સાથે સાઠ સાધુ હતા અને ધોલેરામાં સારંગપુરથી કપાસના ગાડાં ભરીને આવ્યા હતા. તે હરિજનો સૌ મંદિરમાં સ્વામીને દર્શને આવ્યા. તેમને સ્વામીએ કહ્યું જે તમે ક્યારે ચાલવાના છો ? પછી સૌએ કહ્યું જે આજ રાતે બે વાગે ચાલશું. ત્યારે સ્વામીએ કહ્યું જે અમારે સૌને સારંગપુર આવવું છે. ત્યારે ગાડાવાળાએ કહ્યું જે સુખેથી પધારો અમારા ગાડાં ખાલી છે માટે સૌને બેસારીશું. પછી સ્વામી કહે અમે સૌ રાતના બે વાગ્યે આવશું. એ સાંભળી ગાડાવાળા હા પાડીને વંડામાં ગયા અને તે વંડાવાળો માણસ સત્સંગનો દ્વેષી હતો. તેણે ગાડાવાળાને કહ્યું જે તમે સૌ ક્યાં ગયા હત ? ત્યારે ગાડાવાળાએ કહ્યું અમે સૌ સ્વામિનારાયણના મંદિરમાં દર્શને ગયા હતા અને સ્વામિનારાયણના સાધુને સારંગપુર આવવું છે તે તેડી જાશું એ સાંભળીને વંડાવાળો બોલ્યો જે સ્વામિનારાયણના મંદિરમાં તો ટૂંટિયાનો રોગ આવ્યો છે તે કેટલાક સાધુને રોગ થયેલ છે માટે તમો જો ગાડામાં સાધુને બેસારશો તો તમને પણ રોગ વળગશે. માટે અત્યારે જ અહીંથી ચાલી નીકળો એમ કહીને ગાડાવાળાને તેને તે વખતે રજા આપી અને ગાડાવાળા પણ રોગના ભયથી ગાડા

જોડીને રસ્તે પડી ગયા.

પછી રાતના એક વાગ્યે સ્વામી ધોલેરાના મંદિરમાં સર્વે સાધુને સાથે લઈને ચાલ્યા અને કેટલાક હરિજન વળાવાને પણ આવેલા હતા. પછી જે વંડામાં ગાડાવાળા ઉતર્યા હતા તે વંડામાં તેમનું નામ લઈને બોલાવ્યા જે સારંગપુરના ગાડાવાળા છે ? ત્યારે વંડાવાળા માણસે કહ્યું જે તે તો ચાલ્યા ગયા છે. પછી સ્વામી કુરાજી થઈને બોલ્યા જે આવી ખોટી નીતિવાળાને અન્ન વસ્ત્ર ક્યાંથી મળે ? એવું વચન બોલ્યા તે દિવસથી તે લોકોને ત્રણે વાનાની તાણ પડવા લાગી ! એમ કુસંગીનું માન્યું તો દુઃખી થયા.

સારંગપુરમાં એક દિવસ વાઘાખાચર વગેરેએ ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું જે સ્વામી આમાં અમારો શો અપરાધ છે ? જે તેની સાથે અમો પણ દુઃખી થઈએ છીએ. પછી સ્વામીએ કહ્યું જે જ્યાં સુધી તમારી જમીન તે વાવશે ત્યાં સુધી તમો પણ તેની સાથે દુઃખી થશો માટે આજથી ઘર ખેડ કરાવો તો તમો વ્યવહારે સુખિયા થાશો. પછી સૌએ તે લોકો પાસેથી જમીન લઈને ઘર ખેડ કરાવવા માંડી અને સ્વામીના આશીર્વાદથી પછી સુખિયા થયા.

## પૂ. સ્વામીએ વાઘાખાચરની પ્રાર્થનાથી સારંગપુરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી

એક સમે સ્વામી સારંગપુર પધાર્યા હતા અને વાઘા ખાચરે સ્વામીની બહુ પ્રાર્થના કરી જે સ્વામી અમે વહેવારે બહુ દુર્બળ છીએ અને પ્રસાદીનું ગામ જાણીને દેશી-પરદેશી સંત તથા હરિજન બહુ દર્શને આવે છે. તેમને સીધું આપવા માટે ઘણીક અગવડતા પડે છે. માટે કૃપા કરીને અમને સુખીયા કરો તો સારું ! સ્વામી કહે કે લ્યો તમને એક ભાઈ કરી આપું એટલે તમારે કશી વાતની અગવડતા નહીં રહે એમ કહીને સ્વામીએ બોટાદના કડિયા કાનાને બોલાવીને કહ્યું જે તું એક હનુમાનજી ઘડી આપ. ત્યારે કડિયે કહ્યું જે સ્વામી મને ચીતરતા આવડતું નથી. પછી સ્વામી કહે લાવ્ય હું ચીતરી આપું. પછી સ્વામીએ હનુમાનજીની પ્રતિમા ચીતરી આપી પછી કડિયે પ્રતિમા તૈયાર કરી ત્યારે સ્વામીએ પધરાવવા માટે સર્વે સામાન તૈયાર કરાવ્યો અને વેદોક્ત વિધિથી પોતાને હાથે જ હનુમાનજીની પ્રતિષ્ઠા કરાવી અને જે વખતે હનુમાનજી પધરાવતા હતા તે વખતે

સ્વામી પોતાની જેષ્ઠિકાનો ટેકો પોતાની દાઢી સાથે દઈને હનુમાનજીની સન્મુખ ઊભા રહ્યા તે વખતે હનુમાનજીની પ્રતિમા થર થર ધ્રુજવા લાગી અને સ્વામીને સંકલ્પ હતો જે મૂર્તિમાન હનુમાનજી કામ કરવા પધારે એટલું ઐશ્વર્ય મેલવું તે વખતે ગામ ધોલેરાના પૂંજાભાઈ ગરાસિયા તથા ગામ બોટાદના શેઠ ભગા વગેરે હરિજન પાસે ઊભા હતા. તે સૌએ મળીને સ્વામીને પ્રાર્થના કરી જે સ્વામી હનુમાનજીમાં એટલું ઐશ્વર્ય મેલશો તો ગઢપુર ગોપીનાથજી મહારાજ પાસે કોણ જાશે ? અને ધોલેરે મદમોહનજી મહારાજ પાસે કોણ જાશે ? પછી સ્વામીએ પોતાની વૃત્તિ ખેંચી લીધી અને પછી શુકમુનિ પાસે હનુમાનજીની આરતી ઉતરાવી અને કેટલુંક ઐશ્વર્ય હનુમાનજીમાં ગોપાળાનંદ સ્વામીએ મૂક્યું. તે આજ સૌને પ્રત્યક્ષ જણાય છે ? અને જેના પધરાયેલા દેવમાં આટલો પ્રતાપ છે તો તે પધરાવનાર પુરુષમાં કેટલો પ્રતાપ હશે ? અને જે વખતે હનુમાનજીને પધરાવ્યા તે વખતે ગોવિંદાનંદ સ્વામી સ્નાન કરવા ગયા હતા તે આવ્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે હનુમાનજીના દર્શન કરી આવો. પછી હનુમાનજીને પગે લાગવા ગયા. તે બેસીને પગે લાગ્યા. ત્યારે હનુમાનજીયે ગોવિંદ સ્વામીનો હાથ ઝાલ્યો અને કહ્યું જે તમારે મને બેસીને પગે ન લાગવું કેમકે તમે ગોપાળાનંદ સ્વામીના સેવક છો અને હું પણ ગોપાળાનંદ સ્વામીનો સેવક છું માટે આપણે બંને ગુરુભાઈ કહેવાઈએ ! એ પ્રમાણે હનુમાનજીએ પ્રત્યક્ષપણે ગોવિંદ સ્વામી સાથે વાત કરી અને પછી ગોપાળાનંદ સ્વામીએ વાઘા ખાચરને કહ્યું જે તમારે હનુમાનજીની માનતા કરાવવી.

પછી વાઘાખાચર બધા માણસો પાસે માનતા કરાવવા લાગ્યા. તેમાં ધજા અને નાળિયેર એ બે વાના આવતા તે નાળિયેર ફોડીને છોકરા શેશુ ખાઈ જાય અને ધજાઓ ભેગી થાય તેની પોટલી બાંધે પછી વાઘાખાચર વરતાલ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને સ્વામીને સભામાં કહ્યું જે સ્વામી તમોએ હનુમાનજી તો પધરાવ્યા પણ નાળિયેરના કાચલાનો મોટો ગંજ થયો છે અને ધજાઓ ભેળી થઈ છે. પછી સ્વામી કહે કે હવે તમારે પૈસાની માનતા કરાવવી અને હજુ હનુમાનજી નાના છે. તે મોટા થશે ત્યારે બહુ પ્રતાપી થશે ! એમ વાઘાખાચરને સ્વામીએ બધી વાત કરી.

## મૂળી મંદિરમાં દેવની પ્રતિષ્ઠા કરવા બ્રહ્માનંદ સ્વામીએ ગઢપુર ગોપાળાનંદ સ્વામીને તેડવા સંતોને મોકલ્યા

અને બ્રહ્માનંદ સ્વામીએ મૂળીનું મંદિર કરાવ્યું હતું તેમાં મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત જોવરાવ્યું એટલે મહા સુદ પાંચમનું આવ્યું. પછી સૌએ વિચાર કર્યો જે ગોપાળાનંદ સ્વામીના હાથથી મૂર્તિઓ પધરાવીએ. પછી ગોપાળાનંદ સ્વામીને તેડવા માટે મહાનુભાવાનંદ સ્વામી વગેરે સંતને ગઢપુર મોકલ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજનો પત્ર તથા બ્રહ્માનંદ સ્વામીનો પત્ર ગોપાળાનંદ સ્વામીને આપ્યો. તે વાંચીને સ્વામીએ સૌને કહ્યું મારે ધોલેરે મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત પણ તે દિવસે છે માટે મારાથી મૂળીએ અવાશે નહીં અને બ્રહ્માનંદ સ્વામી સુખેથી તેમના હાથથી દેવને પધરાવે એમ ગોપાળાનંદ સ્વામીએ આવેલા સંતને પત્ર લખી આપ્યો.

## બ્રહ્માનંદ સ્વામી પોતે ગઢડાથી સ્વામીને તેડી લાવ્યા ને મૂળી મંદિરની પ્રતિષ્ઠામાં જય જયકાર કર્યો

પછી સાધુએ મૂળીએ જઈને બ્રહ્માનંદ સ્વામીને તે પત્ર આપ્યો તે વાંચીને તુરત પોતે ગાડી જોડાવીને ગઢપુર પધાર્યા અને ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું જે સ્વામી ગમે તેમ થાય તો પણ મૂળીએ આવ્યા વગર ચાલે તેમ નથી અને હું તમારા વગર દેવની પ્રતિષ્ઠા કરીશ નહીં. માટે કૃપા કરીને એક રાત ત્યાં પધારો અને હું ડાંગ ચોકી (ગાડીમાં ગામે ગામ બળદ બદલાવતા જાય ને ગાડી સતત ચાલતી રહે તેને ડાંગ ચોકી કહેવાય.) કરીને એક રાતમાં તમોને ધોલેરા પહોંચતા કરીશ માટે આપ કૃપા કરીને મૂળી પધારો. પછી ગોપાળાનંદ સ્વામી પોતાના કેટલાક સંત સાથે મૂળીએ પધાર્યા પછી સ્વામીએ ત્યાં જઈને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે પકવાનનું કેમ છે ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કે મોતિયા લાડુ કરેલ છે. ત્યારે સ્વામી કહે માનભોગ જો કર્યો હોત તો ઠીક ? કેમકે તરત તાવડા ચાલતા કરાય ? પછી સૌ સંત બોલ્યા જે સ્વામી લાડુનો ઓરડો ભર્યો છે. પછી જે વખતે દેવની પ્રતિષ્ઠા કરી રહ્યા અને સૌને જમવા માટે હરે થયા તે વખતે આખી ઝાલાવાડના બ્રાહ્મણો તથા

હરિજનો સૌ દર્શન કરવા માટે આવેલા હતા. એક તો દેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ અને વસંત પંચમીનો સમૈયો અને વળી ગોપાળાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુ પધારેલા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ પધારેલા તે સર્વેના દર્શન વગેરેનો લાભ લેવા દેશદેશના હરિજનો આવેલા હતા અને જે વખતે હરે થયા અને બ્રાહ્મણો તથા હરિજનોની પંક્તિ જમવા બેઠી તે વખતે પહેલી પંક્તિ થતાં જ પકવાનની તાણ જણાણી તેવા જ મહાનુભાવાનંદ સ્વામી આદિત સંત બ્રહ્માનંદ સ્વામી પાસે આવી પહોંચ્યા અને સ્વામીને એકકોર બોલાવીને કહ્યું જે પકવાન ખૂટવા આવ્યું છે. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે એ તો યોગીનું કામ છે ? પછી બ્રહ્માનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામીને સાથે લઈને જે ઓરડામાં પકવાન ભર્યું હતું તે ઓરડામાં પધાર્યા અને સૌ જુવે તો લાડવા આશરે વીશેક મણ હતા. પછી ગોપાળાનંદ સ્વામી કહે પકવાન ઉઘાડા ન રખાય ! ઢાંકી રાખો અને આપણાં લાલજી લાવો. પછી સ્વામીના લાલજી લાવીને ખુરશી ઉપર પધરાવ્યા અને પોતે પણ ઢોલણી ઢાળીને ત્યાં જ બેઠા. પછી સ્વામીએ આજ્ઞા કરી જે હવે તમો સૌ પીરસવા માંડો અને કોઈને ભૂખ્યા જવા દેશો નહીં. પછી દેતાં દેતાં રાતના બાર વાગ્યા સુધી સૌને જમાડ્યા. અને સ્વામિનારાયણનાં નામની જય બોલાવી અને પછી મોદીયું ઉઘાડીને જોયું ત્યારે પ્રથમ લાડવાનો જેવડો ઢગલો હતો તેવડો ઢગલો જોવામાં આવ્યો. પછી તે જોઈને સૌ સ્વામીના પગમાં પડ્યા અને સ્વામીને કહ્યું જો તમે ન પધાર્યા હોત તો લાજ રહેત નહીં. પછી ગોપાળાનંદ સ્વામી બીજે દિવસે ચાલવાને તૈયાર થયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું જે સ્વામી તમે દેવ તો પધરાવ્યા પણ આ ખાર ભૂમિમાં કાંઈ ફળ-ફૂલ થાય નહીં. પછી સ્વામીએ કહ્યું જે આ વાડીમાં દાડમ વાવો બહુ જ સારા થશે. પછી સ્વામીના કહેવાથી ત્યાં વાડીમાં દાડમ વવરાવ્યા. તે એકેક શેરનું દાડમ થવા માંડ્યું અને સ્વામી કહે દેવને જમાડજો પણ બીજાને આપશો નહીં.

## પૂ. સ્વામીના વચને મૂળીમાં દાડમનો બગીચો સુકાઈ ગયો

એક વખત મુળીથી દાડમનો ઘોડો ભરીને લખમણરાય પુરબીયા હતા તે વડોદરે સિયાજીરાવને ભેટ કરવાને માટે ચાલ્યા તે દાડમ લઈને વડતાલ આવ્યા.

તે આવીને મંદિરમાં ઉતર્યા. ત્યાં બદ્રીનાથજી મહારાજ કાંઈક માંદા જેવા હશે. તેમણે કહ્યું જે મારે દાડમ જોઈએ છીએ. ત્યારે કોઈકે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે લખમણરાય મૂળીથી દાડમનો ઘોડો ભરીને વડોદરે સિયાજીરાવને ભેટ કરવા જાય છે. પછી સ્વામીએ એક માણસ લખમણરાય પાસે મોકલીને બે દાડમ મગાવ્યાં તે માણસે લખમણરાયને કહ્યું જે ગોપાળાનંદ સ્વામીએ બે દાડમ મંગાવ્યા છે અને બદ્રીનાથજી મહારાજ માંદા છે, તેમના સારું જોઈએ છીએ ત્યારે લખમણરાય બોલ્યા જે આ દાડમ કાંઈ બદ્રીનાથ સારું નથી લાવ્યો એ તો સિયાજીરાવને ભેટ કરવા માટે લઈ જવા છે. માટે એમાંથી અપાય નહીં. એ પ્રમાણે માણસે આવીને ગોપાળાનંદ સ્વામીને લખમણરાયનો જવાબ આપ્યો. તે સાંભળી સ્વામી બોલ્યા જે બહુ સારું મર હવે સૌ દાડમ ખાય તે બગીચો આખોય સુકાઈ ગયો.

## મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી એકબીજાનો મહિમા સમજતા

એક વખત મુક્તાનંદ સ્વામીને આસને ગઢપુરમાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા. પછી સ્વામીએ પોતાના આસન ઉપર બેસાર્યા ને મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે સ્વામી તમો કહો તેમ હું કરું. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે તમે તો મહારાજના પણ ગુરુ કહેવાઓ. મુક્તાનંદ સ્વામી કહે કે મને મહારાજે ભલામણ કરી છે અને આ શુકમુનિ સાક્ષી છે તે કહેલું જે ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો તે સાંભળીને ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે સ્વામી તમે તમારો દેહ નહીં રહે ! માટે તમારી પૂજા તથા પુસ્તક જે હોય તે દેવને તથા આચાર્યને તથા અમારા સેવકને આપવું હોય તે વહેંચી આપો. પછી સ્વામીએ ત્યાં જ પોતાની પુજા પુસ્તક વગેરે સર્વે પદાર્થ મંગાવ્યા અને ગોપાળાનંદ સ્વામીને હાથે તેની વ્યવસ્થા કરાવી અને હાલારી સંવત ૧૮૮૭ના અષાઢ સુદ ૧૦ના રોજ સ્વામી ગઢપુરમાં ધામમાં પધાર્યા.

## ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે બ્રહ્મચારીને જાણે ઝોળીમાં દીકરો હોય ને શું ?...

એક વખત ગઢપુરમાં મૂળજી બ્રહ્મચારી ધર્મકુળની જગ્યામાં ગયા અને રઘુવીરજી મહારાજના ગાદીવાળાને કહ્યું જે પાંચસેહ રૂપિયા આપો તો દીકરો

થાય ! મારે મંદિર છોવરાવવું છે ! પછી ગાદીવાળાએ પાંચસેંહે રૂપિયા આપ્યા તે રૂપિયાની ફાંટ ભરીને ખભે નાખી હતી અને ચાલ્યા આવતા હતા. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે બ્રહ્મચારીને જાણે ઝોળીમાં દીકરો હોય ને શું ? બ્રહ્મચારી કહે કે થાય ન થાય તે તો તેના નસીબ જાણે પણ મારે તો ગોપીનાથજીનું મંદિર છોવરાઈ રહ્યું.

## મહારાજે સ્વમુખે કહેલો ગોપાળાનંદ સ્વામીનો મહિમા

એક વખત ગઢપુરમાં મહારાજ લાડુબાઈના ઓરડાની પધારે સામે ફળીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવી રાત્રીએ બિરાજમાન થયા હતા અને તે સમયે આકાશમાં તારાઓના ઝગમગવાથી રાત ઘણી ખીલી હતી. પછી મહારાજ આકાશ સામું જોઈ રહ્યા ને પછી ગોપાળાનંદ સ્વામીને બોલાવવાની કોઈને આજ્ઞા કરી ને તેમને પાસે બોલાવ્યા. પછી ગોપાળાનંદ સ્વામી સભામાં આવ્યા ને પગે લાગીને બેઠા. પછી મહારાજ બોલ્યા કે, ‘‘આ નવ લાખ તારા છે. તેમાં કેટલાકનાં તો નામ પ્રસિદ્ધ છે. તેને તમે ઓળખો છો ?’’ પછી કેટલાક તારાઓનાં નામ ગોપાળાનંદ સ્વામીએ કહી બતાવ્યાં તે સાંભળી મહારાજે શિશુમાર ચક્ર સંબંધી ખગોળ-ભૂગોળની વાર્તા કહી દેખાડી અને પછી મહારાજ એમ બોલ્યા જે, ‘‘આ ગોપાળાનંદ સ્વામી કાંઈ ઝાઝું જ્યોતિષ ભણેલા નથી, પણ ત્રિકાળદર્શી છે અને શ્રીકૃષ્ણ ભગવાન જેટલી આ પરમહંસમાં બુદ્ધિ અને કળા છે ને સત્તા છે ને આ સાધુ ઘણા મોટા છે અને યોગકળામાં પણ કુશળ છે અને આ તો અમે છૈએ, નહિ તો ભગવાનની જેમ પૂજાય.

પણ જેમ સૂર્ય ઉદય થતા ચંદ્રનું તેજ તેમાં લીન થઈ જાય તેમ સર્વ અવતારોનું કારણ હું અત્યારે પ્રગટ છું તેથી તે સહુનું ઐશ્વર્ય, સામર્થ્ય મારામાં લીન થઈ ગયા છે. જો હું આ પૃથ્વી ઉપર ન હોવ તો સર્વે સદ્ગુણોએ યુક્ત આ સંતોને સહુ ભગવાન છે એમ માને અને પૂજે અને આ ગોપાળાનંદ સ્વામી મારી જેમ હજારો લોકોનો મોક્ષ કરે. એમ આ ગોપાળાનંદ સ્વામીમાં અવતારો સમાન ઐશ્વર્ય છે ને તે મહામુક્ત છે એમ તમે સહુ નિશ્ચિત સમજજો.

## ગઢપુર મંદિરમાં ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી રૂપે મૂળજી બ્રહ્મચારી સ્થાપ્યા

પછી મહારાજ એ જગ્યાએ બેસી થાળ જમ્યા. ત્યાં ગોપાળાનંદ સ્વામી આવી બેઠા. પછી મહારાજ કહે જે, ''આ મુકુંદ બ્રહ્મચારી ઘરડા થયા. જયાં અમે ત્યાં બ્રહ્મચારી.'' ત્યારે બ્રહ્મચારી કહે, ''તમે તો ગોપીનાથજી રૂપે મંદિરમાં બેઠા, પણ મારું તો ઠેકાણું નથી.'' પછી મહારાજ કહે જે, ''આ જગ્યાએ અમારું સ્થાન થાશે ત્યાં તમારી હનુમાનજીરૂપે સ્થાપના થશે.'' એમ કહી ગોપાળાનંદ સ્વામીને સ્થાપના કરવાની આજ્ઞા કરી. પછી જે જગ્યાએ હાલ હનુમાનજી છે, તે જગ્યાએ મહારાજ ઊભા રહેલ છે. ત્યાં ગોપાળાનંદ સ્વામીએ તેની (હનુમાનજીરૂપે મૂળજી બ્રહ્મચારીની) સ્થાપના કરેલી છે. આ હનુમાનજી ધર્મભક્તિ વાસુદેવની મૂર્તિ પાસે છે.

## પૂ. સ્વામીએ મહાપુરુષ સ્વામીને દર્શન દીધાં ને કહ્યું હું તમારા ઉપર રાજી છું.

એક વાર સ્વામી મહાપુરુષદાસજી જૂનાગઢમાં પોતાને આસને ધ્યાનમાં બેઠા હતા. તે વખતે અક્ષરમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શન થયા અને સ્વામીએ મહાપુરુષદાસજીને હાથ પકડીને કહ્યું કે, ''તમે સાધુ થયા પછી ઉદાસ કેમ રહો છો ?'' હું પૂર્વે બ્રાહ્મણ હતો ને સાધુ થયો હતો. માટે તમે સાધુ થયા તેની લોકલાજ રાખવી નહિ.'' હું તમારા ઉપર બહુ જ રાજી છું અને સદાય તમારી સાથે જ છું.'' એમ કહીને અંતર્ધ્યાન થઈ ગયા. તે પછી સ્વામી મહાપુરુષદાસજી ધ્યાનમાંથી જાગૃત થયા ને બહુ જ આનંદને પામ્યા.

## મહાપુરુષદાસજી સ્વામીને દિવ્યદર્શન સ્વામીએ આપ્યા

સં. ૧૯૦૮ના વૈશાખ વદી પને મધ્યાહ્નને હાલારમાં જામનગરના બે તા. વાણિયાની વંથળી ગામના મંદિરમાં જમીને (સ્વામી પોતે લખે છે કે) હું મંદિરના કમાડ ઉઘાડા મેલીને મધ્યાહ્નને સુતો હતો તે વખતે મને અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીના દર્શન થયા અને પોતે બોલ્યા જે, ''તું ખબરદાર રહેજે. હું હવે અક્ષરધામમાં જાવું છું.'' એમ કહી ફળિયામાં વિમાન ઊભું હતું તેમાં શ્રીજીમહારાજ સાથે બેસી અંતર્ધાન થઈ ગયા. મહાગુરુ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ

સ્વામીનો જન્મ ઈડર તાબે ટોરડા ગામે સં. ૧૮૩૭ના મહા સુદ ૮ આઠમને દિને થયો હતો. તે વખતે ખુશાલ ભટ્ટ નામ પાડ્યું હતું ને આઠ વરસે ઉપવિત લીધી હતી ને પોતે મોટા થયા ત્યારે પરણ્યા હતા ને એક પુત્ર ને એક દીકરી પણ થઈ હતી. પોતાના ઘરની પરશાળમાં પોતે પંડ્યા થઈને નિશાળ ભણાવતા ને વિદ્યાર્થીઓને સમાધિ કરાવતા. ત્યાર પછી સં. ૧૮૬૪ના કારતક વદ-૮ને સોમવારે ગઢપુરમાં શ્રી વાસુદેવનારાયણના ઓરડે શ્રીજીમહારાજે દીક્ષા આપી. ગોપાળાનંદ સ્વામી એવું નામ આપ્યું હતું અને સં. ૧૯૦૮ના વૈશાખ વદ ૫ પાંચમને મધ્યાહ્‌ને વડતાલમાં દેહ મેલ્યો. તે જ વખતે મને વાણિયાની પંથળીમાં મંદિરમાં દર્શન દઈને ધામમાં પધાર્યા. એવો તેમનો મારા ઉપર રાજીપો હતો. મેં અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ૧૮ વર્ષ કર્યો હતો.

## પૂ. સ્વામીએ પ્રાણશંકર વિપ્રને ઢૂંઢિયા વાણિયા પાસેથી હજાર રૂપિયા અપાવ્યા

એક વખત ગોપાળાનંદ સ્વામી સભામાં શ્રી સહજાનંદ સ્વામીના મહિમાની વાતો કરતા હતા, ત્યારે એમ બોલ્યા કે પ્રગટ પુરુષોત્તમના આશ્રિતને આ લોક અને પરલોકમાં કોઈ પ્રકારનું દુઃખ આવે નહિ. તે વાત સાંભળીને સભામાં બેઠેલા પ્રાણશંકર ગરીબ બ્રાહ્મણ હતો, તે બોલ્યો કે સ્વામી, મારે એક મોટું દુઃખ આવ્યું છે. મારે એક દીકરી પરણાવવા જેવી થઈ છે ને મારા ઘરમાં પૈસો નથી. ત્યારે સ્વામી બોલ્યા : તારે આજથી દરરોજ ‘‘સ્વામિનારાયણ’’ની પચીસ માળા ફેરવવી અને શ્રી સ્વામિનારાયણનું ભજન કરતા કરતા ટેલ નાંખવી. સ્વામીની આજ્ઞા પ્રમાણે પ્રાણશંકરે દરરોજ ટેલ નાખવા માંડી અને ભજન કરવા માંડ્યું. એક દહાડો ઢૂંઢિયા વાણિયાએ આ ટેલ સાંભળી. તેણે પ્રાણશંકરને કહ્યું કે તું સ્વામિનારાયણ ભગવાન પાસે માગે છે તે કરતા મારી સેવા કરી મારી પાસે માગે તો હું તને રૂપિયા અપાવું. ત્યારે તે વિપ્ર બોલ્યો કે મને તો મારા શ્રી સહજાનંદ સ્વામી અપાવશે.

એક દિવસ તે ઢૂંઢિયો સ્વામિનારાયણના મંદિર આગળ થઈને જતો હતો તે વખતે આકાશવાણીએ કહ્યું કે હે વિપ્ર, કાલે તને એક હજાર રૂપિયા મળશે. તે વાણી પેલા ઢૂંઢિયા વાણિયાએ સાંભળી.

બીજે દિવસે સવારે પ્રાણશંકર ટેલ નાખવા નીકળ્યો. તેને પેલા ઢૂંઢિયાએ બોલાવીને કહ્યું કે તને આજે તારી ઝોળીમાં જે કાંઈ મળે તે મને આપી દેવું અને તેના બદલામાં હું તને રૂપિયા ૫૦૦ આપીશ. ત્યારે બ્રાહ્મણ કહે : મને તો સાંજ સુધીમાં શેર અન્ન મળે છે તે લઈ તમે શું કરશો ? પણ ઢૂંઢિયાએ કહ્યું કે તમને જે મળે તે મને આપજો. આ બાબતનો કરાર કરી એકબીજાની સહી લઈ સાક્ષી કરાવી અને તે કરાર ત્રીજા માણસને અપાવ્યો.

સાંજ પડતા પ્રાણશંકરની ઝોળીમાં ફક્ત બે શેર જ અન્ન આવ્યું. તે લઈને ઢૂંઢિયા પાસે આવ્યો અને કહ્યું : લો, શેઠ, આ ઝોળીનું અનાજ અને કરાર પ્રમાણે પાંચસો રૂપિયા આપો. જેની પાસે કરાર હતો તે માણસે ઢૂંઢિયા પાસેથી પ્રાણશંકરને પાંચસો રૂપિયા અપાવ્યા, તે લઈ પ્રાણશંકર મંદિરમાં સ્વામી પાસે ગયો અને બધી હકીકત કહી. એટલામાં ત્યાં પેલો ઢૂંઢિયો શેઠ મંદિર આગળ આવી જેમ તેમ બોલવા લાગ્યો. સ્વામીએ તેના સામી દૃષ્ટિ કરી કે તરત જ તેને સમાધિ થઈ અને જમપુરી દેખાઈ. એ ઢૂંઢિયાએ બ્રાહ્મણોના રૂપિયા છળકપટથી એકઠા કરેલા તે પાપથી જમ તેને મારવા લાગ્યા. આથી તેનો સ્થૂળ દેહ ઉછળી ઉછળી ભોંય પર પછડાવા લાગ્યો. થોડી વાર પછી દયાળુ સ્વામીએ તેને સમાધિમાંથી જગાડ્યો કે તરત જ તે ઢૂંઢિયો વાણિયો સ્વામીના ચરણમાં પડ્યો અને પ્રાર્થના કરી જે મેં બ્રાહ્મણો પાસેથી છળકપટ કરીને એક હજાર રૂપિયા એકઠા કર્યા છે, તેમાંથી પાંચસો રૂપિયા આ બ્રાહ્મણને આપ્યા છે અને બાકીના રૂપિયા પણ હું આ પ્રાણશંકરને જ આપીશ, માટે મારા ઉપર દયા કરીને મને જમપુરીમાંથી મૂકાવો. એમ કહી પાંચસો રૂપિયા ઘરેથી મંગાવીને તે વિપ્રને આપ્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ તેને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. એ રીતે પ્રાણશંકરને દુઃખ ટળ્યું.

## અમદાવાદના રણછોડલાલ તથા હિંમતલાલ એ બંનેનો બ્રહ્મરાક્ષસનો દેહ પૂ. સ્વામીએ છોડાવ્યો ને બદ્રિકાશ્રમમાં મોકલ્યા

એક વખત ગોપાળાનંદ સ્વામી હજારો માણસોની સભામાં શ્રીજીમહારાજના પ્રતાપની વાતો કરતા હતા, ત્યાં અમદાવાદવાળા જાદવરાય નાગર તથા હરિભાઈ

ભૂતિયા બેઠા હતા. તેમને સ્વામીએ પૂછ્યું કે અમદાવાદમાં રામાનંદ સ્વામીના મળેલા હમણાં કોઈ નાગર છે ? ત્યારે જાદવરાયે કહ્યું કે અમે ચાળીશેક ને આશરે છીએ. આ હરિભાઈના બાપ હિંમતલાલ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમને સ્વામીશ્રીએ સદાવ્રત ખાતે છસ્સો રૂપિયા હતા. તે સદાવ્રતમાં વાપર્યા નહિ અને પોતે દબાવી બેઠા, તે પાપે કરીને બ્રહ્મરાક્ષસ થયા છે અને પોતાના પુત્ર હરિભાઈને વળગ્યા છે. ત્યારે હરિભાઈ કહે કે સ્વામી, મારી માના બાપ જે મારા દાદા હતા તે પણ ઘણા ધનવાન હતા. તેમનું દ્રવ્ય પોતાના ઘરના ભોંયરામાં મોટા પટારામાં ભરી રાખ્યું છે. તેમને બીજી કોઈ પ્રજા નથી. હું એક જ તેમની દીકરાનો દીકરો છું ને હું તેનો વારસ છું. તે ઘરને તાળું વાસી મૂક્યું છે. અઠ્ઠાવીશ વર્ષ થયાં તે બ્રહ્મરાક્ષસ થયા છે અને તે ઘરમાં પણ કોઈથી જવાતું નથી. હું બે-ત્રણ માણસોને લઈને તે ઘરમાં ગયો હતો, પણ અમે બધા ધબોધબ પડી ગયા. તે માત્ર ‘‘શંકર’’ શબ્દ બોલ્યા કરે છે. આ વાત સાંભળી સ્વામી બોલ્યા કે હરિભાઈ, તમારા બાપ અને તમારા માના બાપ બંને બ્રહ્મરાક્ષસ થયા છે ખરા, પણ હવે એ બેઉનો મોક્ષ કરીએ. પછી સ્વામીએ તે બે બ્રહ્મરાક્ષસને હરિભાઈના શરીરમાં લાવીને બોલાવ્યા. પ્રથમ રણછોડરાય જે હરિભાઈનો દાદો થાય તે બોલ્યો કે હું તો શ્રીમંત પેશ્વાના રાજ્યમાં એક વખત મુખ્ય સૂબો હતો. તે વખતે મેં મારા ભોંયરામાં અઢાર હજાર રાળ મૂક્યા છે. એટલે સ્વામી કહે : હવે તેનું શું કરવું છે ? ત્યારે તે કહે મારી દીકરીનો દીકરો હરિભાઈ છે તે જો મારી પોળને નાકે મહાદેવનું દહેરું દશ હજાર રૂપિયાનું કરાવીને તેમાં શંકર પધરાવે અને અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણના દહેરામાં ઘૂંમટમાં દશ હજાર રૂપિયા આપે ને સાધુ-બ્રાહ્મણ જમાડી અરધું દ્રવ્ય વાપરે અને અરધું દ્રવ્ય હરિભાઈ પોતે લે તો હું રાજી થાઉં, પણ સ્વામી, આપ કૃપા કરી મારો મોક્ષ કરો. પછી સ્વામીએ કહ્યું કે તમે કહ્યું તે પ્રમાણે હરિભાઈ પાસે કરાવીશું. પછી હરિભાઈના બાપા હિંમતલાલને પૂછ્યું કે હવે તમે બોલો. ત્યારે તે બોલ્યા કે સ્વામી, રામાનંદ સ્વામીના છસો રૂપિયાનું શું કરવું ? પછી સ્વામીએ અંતર્દૃષ્ટિ કરી રામાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી, તમારા સદાવ્રતના છસો રૂપિયા આ હિંમતલાલ નાગર દબાવી બેઠેલા તે રૂપિયા તો તમારા શિષ્ય રઘુનાથ દાસે લીધા છે. પછી સ્વામી બોલ્યા કે એ વિમુખને એણે શીદ આપ્યા ? માટે હવે તે રઘુનાથ દાસના પટારામાં

રૂપિયા બાવીશશો છે, તેમાંથી છસો રૂપિયા લઈને આ હરિભાઈને તે આપે. હરિભાઈ શ્રી સ્વામિનારાયણના મંદિરમાં આપે તો પછી તે બેઉ સસરા-જમાઈને તમે બદ્રિકાશ્રમમાં મોકલજો. પછી રામાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે હિંમતલાલ બ્રહ્મરાક્ષસે રઘુનાથદાસના પટારામાંથી છસો રૂપિયા લાવીને આપ્યા. હરિભાઈએ તે રૂપિયા શ્રી સ્વામિનારાયણના મંદિરમાં મોકલ્યા અને અમદાવાદમાં હવેલીની પોળમાં રણછોડરાય જે પોતાના દાદા થાય તેમનું ઘર ઉઘાડ્યું; પટારામાંથી રાળો કાઢીને શામળ ટંકશાળીને ત્યાં વટાવી તેના રોકડા રૂપિયા બેતાળીશ હજાર આવ્યા. તેમાંથી દશ હજાર રૂપિયાનું પોતાની પોળના નાકે મહાદેવનું દહેરું કરાવી તેમાં શંકરની સ્થાપના કરી બ્રહ્મભોજન કરાવ્યું. તે દહેરું અદ્યાપિ સુધી હરિભાઈ ભૂતિયાના નામથી પ્રખ્યાત છે. બીજા દશ હજાર રૂપિયા શ્રી સ્વામિનારાયણ મંદિરના ઘૂંમટ કરવા સારું આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યા અને સાધુ જમાડ્યા. એ રીતે અરધા રૂપિયા કહ્યા પ્રમાણે પુણ્ય માર્ગે વાપર્યા અને બાકીના અડધા રૂપિયા પોતે રાખ્યા. પછી રણછોડરાય તથા હિંમતલાલ એ બંને બ્રહ્મરાક્ષસોને દેહ છોડાવીને સ્વામીએ બદ્રિકાશ્રમમાં મોકલ્યા.

## ભગવાન અને સંતની સેવાથી ભૂંડા પ્રારબ્ધ હોય તો પણ સારા થાય

એક વખત ગોપાળાનંદ સ્વામી ગઢડેથી બોટાદ ગયા ને ત્યાંથી ભીમનાથ ગયા ને ત્યાં મહાદેવજીના દર્શન કર્યા. તે સમયે ત્રીશ સાધુ સારું ત્રીશ શેર લોટ સદાવ્રતમાંથી મહંતે આપ્યો. તે લોટ લઈ ગામ જીંઝર પધાર્યા ને ત્યાંના મંદિરમાં ઊતર્યા. તે વખતે દરબાર ખોડાભાઈ આવીને પગે લાગ્યા ને રસોઈ કરવાનું પૂછ્યું. ત્યારે સ્વામી કહે : અમો ભીમનાથથી લોટ લેતા આવ્યા છીએ. દાળ હોય તો લાવો. ખોડાભાઈ વ્યવહારે દુર્બળ હતા ને ઘરમાં તેટલી દાળ પણ નહોતી; તેથી વાણિયાને ત્યાં તલવાર મૂકી ત્રણ રૂપિયા લીધા ને કહ્યું જે એક માસમાં રૂપિયા ન આપું તો તલવાર તમારી. તે રૂપિયામાંથી ઘી, ગોળ ને દાળ લઈ મંદિરે આવ્યા. બધો સામાન પુરુષાનંદ સ્વામીને આપ્યો. તેની સાધુએ રસોઈ કરીને ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. સાંજે ગોડી આરતી વગેરે થઈ રહ્યા પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે સૌ પચીસ પચીસ માળા ફેરવજો. ત્યારે શુક

સ્વામી બોલ્યા જે હે સ્વામી, શાની માળા ફેરવવાની ? ત્યારે સ્વામી કહે કે ખોડાભાઈ વ્યવહારે દુર્બળ છે ને ખાવા પૂરું મળતું નથી, માટે સૌ માળા ફેરવો તો તે સુખી થાય. ત્યારે શુક સ્વામીએ પૂછ્યું જે દરબાર સત્સંગી તો સારા છે ને વ્યવહારે દુર્બળ કેમ છે ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ સ્વામીને કહ્યું કે એ દરબાર પૂર્વ જન્મમાં શ્રીજીમહારાજને મળેલ. તે સેવકરામ નામે સાધુ હતા. તેણે તે વખતે શ્રીજીમહારાજ પાસે સેવા કરાવીને શ્રીજીમહારાજને એક પૈસાભાર પણ અન્ન આપ્યું નહિ; તેથી તેને આ જન્મે પૂરું ખાવાનું પણ મળ્યું નહિ. સાંજે સૌ સાધુઓએ પચીસ પચીસ માળા ફેરવી ત્યારથી ખોડાભાઈને વ્યવહારે સારું થયું. એમ જે ભગવાન કે ભગવાનના સંતની સેવા કરીને રાજી કરે તેના ભૂંડા પ્રારબ્ધ હોય તે રૂડા થાય છે.

## કાંકરિયા સરોવરે શ્રીહરિએ ચોરાસી કરી પછી તે પ્રસાદીની જગ્યાએ પૂ. સ્વામીએ બાલસ્વરૂપ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી

અમદાવાદમાં શ્રીહરિ છવીશવાર પધાર્યા છે. પ્રથમ વાર સંવત ૧૮૫૫માં નીલકંઠવર્ણી સ્વરૂપે કાંકરિયા સરોવર ઉપર આવ્યા હતા. મહારાજે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે માનસરોવરને કાંકરિયા સરોવરમાં નિવાસ આપ્યો. મંદિરનું મૂળ એવું અમદાવાદ સાબરમતીને કિનારે છે. મહારાજને સાબરમતી વિષે અતિ સ્નેહ હતો, જેનાં સ્મરણથી જ જીવ પાપમુક્ત થતો. અર્બુદારણ્યમાં તપ કરતા ઋષિઓને પાણીની તાણ પડવાથી કશ્યપમુનિ તપથી શિવજીને પ્રસન્ન કરીને ગંગાજીને ગુજરાતમાં ખેંચી લાવ્યા. ગંગા પાર્વતીની બીકથી ભ્રમણ કરતી હતી એટલે એનું નામ સાભ્રમતી પડ્યું. સાબરમતીનો તટ ભરતખંડના દેવ નરનારાયણના તપથી અતિ પવિત્ર થયો હતો. ગઢડાની ઘેલા નદી પછી સૌથી વધુ પુરુષોત્તમ નારાયણનો યોગ સાબરમતીને થયો છે. મહારાજે સંપ્રદાયમાં સૌ પ્રથમ મંદિરમાં સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજના રોજ નરનારાયણદેવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું ત્યારે ગોપાળાનંદ સ્વામીને વરૂણીમાં બેસાર્યા હતા. તે સમયે મહારાજે યજ્ઞમાં ઉપસ્થિત વિદ્વાન બ્રાહ્મણોને ઉદ્દેશીને કહ્યું કે : ''આ ગોપાળાનંદ સ્વામી મોટાપુરુષ છે અને પથ્થરને પણ દેવ કરી દે તેવા છે.'' મૂર્તિ પ્રતિષ્ઠા થયા પછી રાતે શ્રીજીમહારાજે લાધા ઠક્કર અને આનંદાનંદ

સ્વામીને પૂછ્યું જે : ''સિલકમાં કેટલા રૂપિયા છે ? અમારે ચોરાસી કરાવવી છે.'' ત્યારે તે કહે કે : ''મહારાજ ! સાડા ઓગણચાલીસ રૂપિયા રોકડા છે.'' ત્યારે મહારાજે ગોપાળાનંદ સ્વામીનો મત લીધો તો સ્વામી કહે કે : મહારાજ ! પહેલું જ મંદિર અને પહેલી જ મૂર્તિ પ્રતિષ્ઠા છે માટે ચોરાસી તો થવી જ જોઈએ. ન કરો તો તેટલું અધૂરું લેખાય.'' મહારાજના મતે મત સ્વામીનો પડ્યો એટલે તુરત જ શાસ્ત્રી હરદત્તજીને બોલાવી લીધા. ત્યારે તે બોલ્યા : ''લગભગ સાઠ હજાર વિપ્રો આવશે અને અગાઉ આથી ઓછી સંખ્યાની ચોરાસી શદ્રાજસિંહ (સિદ્ધરાજસિંહ) રાજાએ કાંકરિયા તળાવનું ભર્યું કર્યું ત્યારે કરી હતી. તે આવા સમર્થ રાજાને પણ સામાન ભેગો કરતા છ માસ થયા હતા. બાકી આપ તો સમર્થ છો.'' પૂર્ણ પુરુષોત્તમ સર્વઅવતારના અવતારી જેમની સેવામાં સર્વ સિદ્ધિ અને દિગ્પાળો હતા. એમને માટે કંઈ જ અશક્ય નહોતું. મહારાજે પોતાના સંકલ્પ સ્વરૂપની સંમતિ મળતા મૂર્તિ-પ્રતિષ્ઠા પછી અમદાવાદમાં કાંકરિયા કિનારે ન ભૂતો ન ભવિષ્યતિ એવી ચોરાસી કરી પોતાનું અન્યથાકર્તુંપણું દર્શાવ્યું.

નોંધ : અમદાવાદમાં આવેલ કાંકરિયા તળાવનું મૂળ નામ ''રોજકુતબ'' હતું અને તેને ગળાવનારા કુતુબુદ્દીન બાદશાહ (સંવત ૧૪૫૧-૧૫૦૭) ઉપરથી હતું પણ તેમાંથી કાંકરા ઘણા નીકળતા તેથી લોકોમાં કાંકરિયા તળાવ નામથી પ્રસિદ્ધ પામ્યું. બત્રીસ બાજુઓવાળા આ તળાવના છેલ્લાં પગથિયાથી ૮૦૦ ફૂટના અંતરે નગીનાવાડી છે. આ માનસરોવરમાં મહારાજે સંતો સાથેઘણી વાર સ્નાન કર્યું છે. નિષ્કુળાનંદ સ્વામીએ અહીં રચેલા મંચ પર શ્રીજીમહારાજ ચોરાસી વખતે બિરાજમાન થયા હતા. આ પ્રસંગની યાદમાં ગોપાળાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ કષ્ટભંજન દેવ પધરાવ્યા હતા. મહારાજની આ બધી લીલા સ્મૃતિ રહે તે હેતુસર પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજે અહીં છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યા. ત્યારથી આ કષ્ટભંજન દેવ ''પગલાંવાળા હનુમાન'' તરીકે ઓળખાય છે. હાલ આ જગ્યાએ રામબાગ ખાતે શિખરબંધ મંદિર છે.

## પૂ. સ્વામીએ શ્રીજીમહારાજે કરેલી ચર્ચાસભામાં સારો સુઝાવ આપ્યો

પંચાળામાં શ્રીજીમહારાજને આનંદાનંદ બ્રહ્મચારી, જયાનંદવર્ણી, વાસુદેવાનંદ વર્ણી તથા બીજા હરિભક્તો તરફથી જાણકારી મળી કે અમદાવાદમાં

ઠાકોરજીની સેવામાં રાખેલ ગોપીભટ્ટ સંતોને ગણકારતા નથી, થાળ પણ અશુદ્ધ ધરાય છે. સ્વયં ગોપી ભટ્ટ પીળું પીતાંબર સોનાનાં કડાં વગેરે ધારણ કરી રાજસી ઠાઠ કરી દેવસેવા કરે છે. મહારાજ આ સમાચારથી ઘણા વ્યથિત થયા. તે જ રાત્રે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટા સંતોની સભા કરી આ વિષે ચર્ચા કરી, સુઝાવ માગ્યો. ગોપાળાનંદ સ્વામીએ સુઝાવ આપ્યો કે : ‘‘આપણે હાલમાં ભૂજમાં મોટા મંદિરનું કામ ઉપાડ્યું છે અને બીજા હરિભક્તો પણ પોતપોતાના પ્રદેશમાં મંદિર કરવા તત્પર છે. માટે અત્યારથી જ કજિયો થાય અને સત્સંગમાં કુસંગ જેવું જણાય તેવું ન કરવું. મને તો લાગે છે કે ગોપી ભટ્ટ ઉપર હમણાં અમદાવાદના મોટેરા હરિભક્તોનું નિયમન મૂકી દઈએ. જેથી સંતોને કનડતો આળશે. પૂજારી તરીકે તો સર્વથા આનંદાનંદ બ્રહ્મચારી જ યોગ્ય છે.’’ ગોપાળાનંદ સ્વામીના આ વ્યવહારિક સમયાનુકૂલ સુઝાવથી શ્રીહરિ ઘણા રાજી થયા અને ગઢડે થઈ લાધા ઠક્કરને કહી ગોપી ભટ્ટ પાસેથી મંદિરનો કાચો લેખ પાકો કરાવવા નિમિત્તે મંગાવી ફાડી નાખ્યો, પછી દેવસેવામાં આનંદાનંદજી બ્રહ્મચારીને રાખ્યા હતા.

## પૂ. સ્વામી ઊનાના ગણેશ શેઠને કહે ‘‘મહારાજ તમારો શુભ સંકલ્પ જરૂર સિદ્ધ કરશે.’’

ઊના ગામના ગણેશ શેઠને એમના જ ગામના પ્રથમ સત્સંગી હંસરાજ ગાંધી મારફતે રાઘવાનંદ સ્વામીના સમાગમથી સત્સંગ દૃઢ થયો હતો. શેઠને શેર માટીની ખોટ હતી. એક દિવસ ગણેશ શેઠ ગઢડે મહારાજનાં દર્શને ગયા હતા. ત્યારે આ વાત મહારાજે અંતર્યામીપણે જાણી કહ્યું કે, ‘‘ગણેશ શેઠ ! અમે તમને ગમે તેટલો સારો પુત્ર આપશું પણ એને મૃત્યુ નિશ્ચિત છે. અમારી ઈચ્છા સમજો તો અમારે તમને અમર પુત્ર આપવો છે. જે બધી રીતે તમારું ધ્યાન રાખશે.’’ આમ કહી ગણેશશેઠને મહારાજે પોતાના પૂજાના લાલજી પુત્ર રૂપે આપ્યા અને કહ્યું કે, ‘‘આ અમારા લાલજીને તમે બધા પુત્રના લાડ લડાવજો, એ જ તમારું કલ્યાણ કરશે.’’

વખત જતાં મહારાજે અંતર્ધાન થવાની લીલા કરી અને ઊનાથી ગણેશ શેઠ ગઢડે આવ્યા તો ખરા પણ એક દિવસ મોડા પડ્યા. મહારાજનાં છેલ્લે છેલ્લે દર્શન ન થતાં ઘણા જ દુઃખી થઈ મુક્તાનંદ સ્વામીના આસને ગયા. સ્વામી

પાસે શેઠ ઘણું રડ્યા એટલે સ્વામીએ તેમને ધીરજ બંધાવતા મહારાજે તેમની પૂજાના શાલિગ્રામ જે સ્વામીને આપ્યા હતા તે પ્રસાદીના શાલિગ્રામ ગણેશ શેઠને આપ્યા. આ એ જ શાલિગ્રામ હતા જે વન-વિચરણમાં ખૂબ તરસ્યા થઈ પાણી પી ગયા હતા. હવે શેઠને થોડી સાંત્વના થઈ એટલે તેઓ ગોપાળાનંદ સ્વામીના દર્શને ગયા. ત્યાં સ્વામીએ પણ તેમને મહારાજના મહિમાની ઘણી વાતો કરી ધીરજ બંધાવી. ત્યારે ગણેશ શેઠ કહે કે, સ્વામી ! મારે મહારાજ પાસે એક આશીર્વાદ માગવાતા.'' સ્વામી કહે શું ઈચ્છા હતી ?'' શેઠ કહે કે, ''બીજું તો કાંઈ નહિ પણ મારો દેહ ગઢપુરમાં પડે !'' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે, ''મહારાજ તમારો શુભ સંકલ્પ જરૂર સિદ્ધ કરશે. એટલું જ નહીં પણ ૧૦ દિવસ અગાઉ તમને દર્શન દઈ જાણ પણ કરશે !'' ગણેશ શેઠ તો પછી પોતાના પુત્રસમા લાલજીના નામે જ ''લાલજી ગણેશ'' પેઢી ચલાવી અને અવારનવાર ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરતા રહ્યા.

એક દિવસ શ્રીજીમહારાજે તેમને દિવ્ય દર્શન આપી કહ્યું કે, ''ગણેશ શેઠ ! તમે અમારું વચન માન્યું માટે તમને ગોપાળાનંદ સ્વામીના વચન મુજબ આજથી દશમે દિવસે તેડી જઈશું. તમે ગઢડે પહોંચો. ગણેશ શેઠે પોતાના ભાઈના છોકરાઓ શિવચંદભાઈ, જેઠાભાઈ, કલ્યાણભાઈ વગેરેને એકાંતમાં બોલાવી પોતાના અંત સમયની વાત કહી. પોતાની તમામ સંપત્તિ પોતાના દિવ્ય પુત્ર લાલજીને નામે કરીને તેઓ સંઘ જોડી ગઢપુર જવા રવાના થયા. મુક્તાનંદ સ્વામી તો હવે હતા નહીં એટલે તેઓ બાકીના દિવસો ગોપાળાનંદ સ્વામીના સમાગમમાં રહ્યા. પોતાની સઘળી વૃત્તિ ગણેશ શેઠે મહારાજમય કરી નાખી. સ્વામીએ પણ સૌ ઊનાવાસીઓની સારી ઉતારાની વ્યવસ્થા કરી કથાવાર્તાઓનું સુખ આપ્યું. બરાબર દશ દિવસે શ્રીજીમહારાજ સર્વ ઊનાવાસીઓને દિવ્ય દર્શન આપી ગણેશ શેઠને ધામમાં તેડી ગયા. જતા જતા શેઠે સૌને મહારાજની જ ઉપાસના કરવાની ભલામણ કરી. આ વાત સચ્ચિદાનંદ સ્વામીએ નજરે જોઈ અને મંજુકેશાનંદ સ્વામીને કહી હતી. જે તેમણે ઐશ્વર્ય પ્રકાશમાં લખી છે. શ્રી ગણેશ શેઠે મંદિર કરવા માટે પોતાનું મકાન નાના વિદ્વાન ભૂમાનંદ સ્વામીને અર્પણ કર્યું હતું. તે મકાનમાં મંદિર સ્વરૂપે જરૂરી ફેરફાર કરીને ભૂમાનંદ સ્વામીએ શ્રીહરિના આપેલા બાળસ્વરૂપ લાલજી અને શાલિગ્રામ પધરાવેલા. તે દેવની સેવા-પૂજા વિધિની સૌપ્રથમ શરૂઆત પણ તેમણે કરાવેલી.

## પૂ. સ્વામીના સંગમાં રહેવાથી કરશનજી ભાટની વાસનાઓ જીવને છોડીને ગઈ

ચુડાના કરશનજી ભાટને કોઈકે કહ્યું કે તમે તો વઢવાણ દરબાર પેથાભાઈના પાટવી કુંવર છો, વઢવાણ ગાદીના વારસ છો ! આ તો વિરોધીઓ તમને મારી ન નાખે એટલે અહીં ભાટના ઘેર રાખ્યા છે. આ વાત તેના હૃદયમાં ચોંટી ગઈ. વઢવાણ દરબારે કંઈ દાદ ન આપી એટલે ગાયકવાડ સરકારને અરજી કરી, પણ કંઈ જવાબ ન મળ્યો. ત્યારે કોઈકે કરશનજીને ગોપાળાનંદ સ્વામી પાસે જવા કહ્યું.

કરશનજી ભાટ તો વઢવાણની ગાદી માટે ગોપાળાનંદ સ્વામીને શરણે ગયા. સ્વામીએ કહ્યું : ''અહીં અમારી સાથે પંદર દિવસ રહો તો મેળ પડશે.'' ભાટને થયું કે ઘા ભેગો ઘસરકો, પંદર દિવસ સ્વામી સાથે ગાળીને પછી રાજ કરશું. આમે આટલા દિવસ ગયા તો થોડા વધુ. પણ જેમ ખાટલામાં માંકડ-ચાંચડ ઘૂસી ગયા હોય અને તડકે તપાવો એટલે બધા જીવો ખાટલો છોડી જાય અને ખાટલો ચોખ્ખો થઈ જાય. તેમ પંદર દિવસ સ્વામીના સંગમાં તપી ભાટની વાસનાઓ તેના જીવને છોડી ગઈ, તેની ઈચ્છા માત્ર મટી ગઈ. પંદરમે દિવસે સ્વામીએ ગાદી મેળવવાની વાત કરી તો કહે કે : ''કોણ કરશનજી ને કઈ ગાદી ? હું તો અનાદિમુક્ત છું. હવે મને અક્ષરધામથી ઓછું કંઈ ખપતું નથી.''

જેમ હીરો હીરા વડે વેંધીએ, તેમ થયો તે સહજ સમાવ...
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ,
ધર્મ ભક્તિ વૈરાગ્ય જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ...
એવા સંત શિરોમણી ક્યાં મળે, જેણે દેહબુદ્ધિ કરી દૂર,
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઉગે અંતરે આનંદ સુર. ॥ ૨૯૯ ॥

## મોટા પુરુષના હાથના સ્પર્શનો મહિમા સમઢિયાળાના અમરા ભક્તે જાણ્યો...

વ્રજાનંદ સ્વામી ટીંબી ગામમાં મંદિર બંધાવતા હતા. જેઠ મહિનો આવી ગયો હતો અને મંદિર આમ તો તૈયાર થઈ ગયું હતું, પણ છાપરે નળિયાં નાખવાનાં બાકી હતા અને વરસાદ આવવાની તૈયારી હતી. સ્વામીની ઘણી

મહેનત છતાં નળિયાનો મેળ પડતો નહોતો. જો વરસાદ આવે અને છાપરું ખુલ્લું હોય તો બધું કામ ધોવાઈ જાય એમ હતું. અને પૈસાની પણ કંઈ એવી છૂટ નહોતી. આમ બધી બાજુથી સ્વામી મૂંઝાયેલા હતા. તેવામાં ગામ સમઢિયાળાથી વીરા સાલટીઆ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીને ચિંતામાં જોઈ તપાસ કરતા હકીકત જાણી. તેમણે કહ્યું કે મારા ગામમાંથી નળિયાનો જોગ થઈ જાશે તમે મારી સાથે ગાડા મોકલો. સ્વામીએ તો તરત ગામમાંથી ત્રણ-ચાર ગાડાં તૈયાર કરાવી તાબડતોબ ભગત સાથે રવાના કર્યા. સમઢિયાળા પહોંચતા ગાડાવાળાઓએ રસ્તામાં ક્યાંય નળિયાના નિંભાડા જોયા નહિ. ભગતે તો પોતાના ઘરે ગાડા છોડાવી લાપસીનાં આંધણ મૂકી સૌને સારી પેઠે જમાડ્યા. ગામ ખેડૂઓને સ્વામીએ તાકીદે પાછા વળવા કહ્યું હતું એટલે એમણે ઉતાવળ આદરી. ભગતે ગાડાઓને ઘરના એક બાજુ લાવવાનું કહ્યું અને આજુબાજુના ઘરમાંથી પોતાના ચાર-પાંચ સગાંઓને તેડાવી છાપરે ચડ્યા અને માંડ્યા ઘરના નળિયા ઉતારવા. ગાડાવાળા હવે વીરાભાઈની વાત સમજ્યા. થોડી વારમાં તો ઘર આખું ઉઘાડું થઈ ગયું. ગાડાખેડુ કહે કે ભગત રસોડાના ચૂલા ઉપર તો ઢાંકણ રાખો. વીરાભાઈ કહે કે તમ તમારે બધા ઉતારી લ્યો. આ તો ભગવાને આપ્યા હતા તે ભગવાનને પાછા આપવાના છે. અમારે કોળીને તો મકાન ઉપર છાજ (ખડનું ઢાંકણ) હોય. તમ તમારે ટીંબી પોગો. સ્વામી ખોટી થાતા હશે રસ્તે ચોંપ રાખી સ્વામીની ચિંતા ઝટ દૂર કરો. ચારેય ગાડા ભરીને ગાડા ખેડૂઓ ટીંબીના મારગે ચાલતા થયા.

ગાડા તો મંદિરનાં પ્રાંગણમાં પહોંચ્યા એટલે સ્વામી કહે કે : ‘‘કેમ આવા વાપરેલાં લાવ્યા ?’’ ત્યારે ગાડાવાળા કહે, ‘‘સ્વામી આસપાસ પંથકમાં ક્યાંયે નિંભાડો નથી અને વરસાદ આવે છે એટલે કોઈ આપે એમ પણ નથી. આ તો ભગતે પોતાનું ઘર ખુલ્લું કરી મંદિર ઢાંક્યું છે.’’ સ્વામીએ તરત મંદિર પર નળિયા ચડાવી વીરાભાઈને બોલાવ્યા અને કહ્યું કે : ‘‘ભલા માણસ ઘરને આમ સાવ ખુલ્લું કરાય ?’’ ભગત કહે કે : ‘‘ઘર માથેતો પટ્ટીઓ સાજ નાખી ચોમાસુ વહેતું કરશું પણ કાંઈ ઠાકોરજીને ભીંજાવા દેવાશે ?’’ સ્વામી પ્રેમથી વીરાભાઈને ભેટ્યા અને ભગવાનને પ્રાર્થના કરી કે આવા પ્રેમી શૂરવીર ભક્તોનાં ઘર માથે સોનાનાં નળિયા કરજો દીનાનાથ !

મંદિર પૂરું થતાં એક વાર ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ ટીંબી ગામ પધાર્યા. વ્રજાનંદ સ્વામીએ વીરા ભગતની વાત સૌને કરી. સૌ તેમના પર ખૂબ જ રાજી થયા અને તેમના પુત્ર અમરા સાથે ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ એમ ત્રણ મહાપુરુષોએ આશીર્વાદ આપતા માથે હાથ મૂક્યા. ચૌદેક વર્ષના અમરાનું માથું ત્રણેના સ્પર્શથી પ્રસાદીનું થઈ ગયું ! અને એ જ ઘડીએ અમરાએ નિશ્ચય કર્યો કે હવે આ પ્રસાદીનાં વાળ પર ગાંયજા (વાળંદ)ની કાતર નહિ અડે ! વર્ષો વીતતાં વીરાભાઈ ધામમાં ગયા અને યુવાન અમરો એ જ ટીંબી ગામમાં મંદિરમાં પૂજારી તરીકે રહી ગયો. પ્રસાદીના માથા પર હવે મોટી જટા થઈ ગઈ. ગામડા ગામની ધૂળ અને એ વખતે ગામમાં કંઈ આજની જેમ તેલ, સેમ્પુ નહોતા એટલે અમરો જટા સાથે જૂનાગઢના જોગી જેવો લાગતો. ઉંમરલાયક થવા છતાં એ જટા ધારીને કોઈ કન્યા આપવા તૈયાર નહોતું, નાતીલાઓએ ઘણું સમજાવ્યો પણ અમરાએ પ્રસાદીના વાળ પર અંત સમય સુધી કાતર અડવા દીધી નહિ. આમ અમરાભાઈ ટીંબી ગામના મંદિરના પૂજારી તરીકે જિંદગીભર સેવા કરીને અંતે શ્રીજીમહારાજ, ગોપાળાનંદ સ્વામી અને સંતો સાથે ધામમાં તેડી ગયા.

## પૂ. સ્વામીએ શ્રીહરિની આજ્ઞાથી કાશીના પંડિતોને નડિયાદમાં શ્રીહરિના અવતારીપણાનાં તેર અસાધારણ લક્ષણો કહ્યા

એક વાર શ્રીજીમહારાજ નડિયાદ પધાર્યા હતા. આ વખતે કાશીના સંન્યાસી અને ચાર અદ્વૈતી વિદ્વાનો શ્રીહરિને શાસ્ત્રાર્થમાં હરાવવા આવેલા. શ્રીજીમહારાજના પ્રભાવ આગળ તેઓ ઝૂકી પડ્યા અને મહારાજના સંકલ્પથી તેઓને સમાધિ થઈ. સમાધિમાં તેઓએ શ્રીહરિને સર્વઅવતારના અવતારી જાણ્યા, પણ હજી વધુ જાણવાની ઈચ્છાથી શ્રીહરિને દંડવત્ કરીને કહેવા લાગ્યા કે : ‘‘અક્ષરધામમાં મુક્તો જે આપની સ્તુતિ કરે છે તે સ્તુતિમાં આપને જ અવતારી કહ્યા છે પણ અવતારીના લક્ષણો અમોએ જાણ્યા નથી, તો તે અમને કૃપા કરી કહો.

તે વખતે શ્રીજીમહારાજે અવતારીના લક્ષણો કહેવા માટે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને પ્રેરણા કરી ત્યારે સ્વામીએ શ્રીહરિના અવતારીપણાના તેર અસાધારણ લક્ષણો કહ્યા :

(૧) આ પૃથ્વી ઉપર જે અવતારો થયા હતા તે સર્વ અવતારોને, પોતાના દિવ્યરૂપમાં જે ઘણા મનુષ્યોને બતાવે છે. તે સર્વાવતારી ભગવાન શ્રીહરિનું પ્રથમ લક્ષણ છે.

(૨) ગોલોકાદિક ધામમાં રહેલી શ્રી કૃષ્ણાદિક દિવ્યમૂર્તિઓ તથા તે ધામનાં ઐશ્વર્યો જે આ લોકમાં પોતાની મૂર્તિમાં સૌ મનુષ્યોને બતાવે છે તે અવતારી ભગવાન શ્રીહરિનું બીજું લક્ષણ છે.

(૩) દૃષ્ટિ માત્રથી સાધારણ મનુષ્યોના નાડીપ્રાણ ખેંચીને ધ્યાનપૂર્વક પોતાની મૂર્તિમાં તેમની ચિત્તવૃત્તિનો નિરોધ કરાવે છે. તે આ સર્વાવતારી ભગવાન શ્રીહરિનું ત્રીજું લક્ષણ છે.

(૪) આ લોકમાં અવતારોએ મનુષ્યોનો જેવો મોક્ષ કર્યો છે તથા તેમને જેવી સમાધિ કરાવી છે તેવું તો આ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તો દ્વારા કરાવે છે. આ તેમનું ચોથું લક્ષણ છે.

(૫) તેજોમય અને રમણિય અક્ષરધામમાં પોતાની જે મૂર્તિ છે તે જ મૂર્તિને જે આ લોકમાં સાધારણ મનુષ્યોને કરુણાપૂર્વક બતાવે છે તે સર્વાવતારી ભગવાન શ્રીહરિનું પાંચમું લક્ષણ છે.

(૬) જેઓ પોતાનાં શાસ્ત્રોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, વેદાંત સાંખ્ય આદિકનું સર્વને સમજાય તેવું નિરૂપણ કરે છે અને જેમના ગ્રંથોમાંથી અગાઉના વિદ્વાનોએ રચેલા ગ્રંથો કરતા પણ કંઈક નવી ચમત્કૃતિ સર્વેને જણાય છે. તે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું છઠ્ઠું લક્ષણ છે.

(૭) લોહચુંબકનો પર્વત જેમ લોઢાને આકર્ષે તેમ અસંખ્ય પ્રાણીઓના મનને જે પોતાના દર્શન માત્રથી આકર્ષે છે. તે સર્વકારણના કારણ ભગવાન શ્રીહરિનું સાતમું લક્ષણ છે.

(૮) પોતાના આશ્રય માત્રથી ભક્તોને મુક્તિ મળે અને સુખ આપનારા ભગવાન શ્રીહરિ ભક્તજનોને અંતકાળે, તેમને અક્ષરધામમાં લઈ જવા માટે દિવ્ય વિમાન લઈ તેડવા પધારે છે. આ તેમનું આઠમું લક્ષણ છે.

(૯) જેમના કેવળ વચનના પ્રતાપે અગણિત પુરુષો તથા સ્ત્રીઓ પોતપોતાના ધર્મમાં દૃઢતા પ્રાપ્ત કરી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કરે છે તે તેમનું નવમું લક્ષણ છે.

(૧૦) કેવળ પોતાના સંબંધને પામેલ વસ્તુ જે પુષ્પ વસ્ત્રાદિકનાં સ્પર્શ કે દર્શન માત્રથી જ મનુષ્યોને સમાધિ કરાવવી અને ધામ તથા ધામના ઐશ્વર્યો બતાવવા તે સર્વોપરી મૂર્તિ ભગવાન શ્રીહરિનું દશમું લક્ષણ છે.

(૧૧) જેમની લીલા અથવા વાત સાંભળવાથી જ લોકોને દિવ્યભાવ, અનુભવાય છે તે સર્વોપરી શ્રીજીમહારાજનું અગિયારમું લક્ષણ જાણવું.

(૧૨) જે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદના જ્ઞાનનું સ્પષ્ટ નિરૂપણ કરે છે તથા ઐશ્વર્ય સહિત તેમના સ્વરૂપ બીજાને દેખાડે છે, અને આ જ્ઞાન પોતાના ભક્તો દ્વારા ઘણા મનુષ્યોમાં પ્રવર્તાવે છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણનું બારમું લક્ષણ છે.

(૧૩) પૃથ્વી ઉપર પહેલા થઈ ગયેલા તમામ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરવા છતાં પણ પોતે કોઈ અવતારમાં લીન ન થાય તે દયાના સાગર સર્વોત્તમ, સર્વના કારણ, સર્વ કર્મ ફળ પ્રદાતા ભગવાન શ્રી સ્વામિનારાયણનું તેરમું લક્ષણ છે.

આ રીતે શ્રીજીમહારાજના કહેવાથી શ્રી ગોપાળાનંદ સ્વામીએ સર્વાવતારીપણાનાં તેર અસાધારણ લક્ષણો કહ્યાં. આ તેર લક્ષણોનું વારંવાર વાંચન, મનન કરી સર્વોપરી ભગવાન શ્રીહરિ જે સર્વ અવતારોના અવતારી છે અને સર્વકારણના કારણ છે તેની અતિ દૃઢતા કરી શકાય અને અક્ષરધામને પ્રાપ્ત કરી શકાય તથા શ્રીહરિના દ્રોહમાંથી બચી શકાય છે. શ્રીહરિએ ગઢડા મધ્યના નવમાં વચનામૃતમાં આ વિષે અતિ સ્પષ્ટપણે કહ્યું છે કે : ''પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિને સર્વ અવતારનું કારણ અવતારી જાણવું અને જો એમ ન જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'' જેમ અમોઘાનંદ સ્વામી વર્ષો સુધી શ્રીહરિ સાથે રહ્યા પણ તેમને આ રીતની સમજણમાં કચાસ રહી જવાથી અંતકાળે અક્ષરધામથી ન્યૂન વૈકુંઠધામને પામ્યા.

# પૂ. સ્વામીએ વહેલાલથી સલકિ જતા ચાંચિયા વડમાં બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર કર્યો

એક વખત ગોપાળાનંદ સ્વામી ચાર સંતો સાથે વહેલાલ ગામથી સલકિ ગામે જઈ રહ્યા હતા. સાંજના સમયે માર્ગમાં એક ગામ આવ્યું ત્યારે ત્યાંના લોકોએ સંતોને અટકાવ્યા અને કહ્યું કે : ''તે રસ્તે જવા જેવું નથી, કેમ જે આગળ વડના વૃક્ષમાં બ્રહ્મરાક્ષસ રહે છે. તે બ્રહ્મરાક્ષસે કંઈક જીવોના પ્રાણ લીધા છે.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે : અમારે તેવા જીવોનો પણ ઉધ્ધાર કરવો છે.'' એમ કહી આગળ ચાલ્યા, લોકોએ રોક્યા પણ જેમની દૃષ્ટિ જીવોનાં કલ્યાણ કરવા માટે છે તે શું લોકોના કહેવાથી અટકી જાય ? થોડી વાર પછી સ્વામીશ્રી તે ચાંચિયા વડ પાસે આવી પહોંચ્યા કે જયાં પેલો બ્રહ્મરાક્ષસ રહેતો હતો. રાતના લગભગ અગિયાર વાગ્યા હતા. જગ્યા સાફસૂફ કરી સંતો 'સ્વામિનારાયણ' મહામંત્રનું ઉચ્ચારણ કરતા સૂવાની તૈયારી કરવા લાગ્યા. તેવામાં પેલા બ્રહ્મરાક્ષસે ચાળા શરૂ કર્યા. પ્રથમ પ્રચંડ વાયુનો સુસવાટો થવા લાગ્યો. પછી જાણે વૃક્ષ ભાંગી પડતું હોય તેવા ભયંકર કડાકા થવા લાગ્યા. જોતજોતામાં મહા તાંડવ જેવું વાતાવરણ થઈ ગયું. હા... હા... હા... કરતો બ્રહ્મરાક્ષસ બોલ્યો, ''ચાલ્યા જાઓ અહીંથી. આ વડ નીચેથી કોઈ પણ જીવતું ગયું નથી. જો રહ્યા તો બધાના પ્રાણ લઈશ.'' આ શબ્દોની અસર સ્વામીશ્રી તથા તેમનાથી રક્ષાયેલા સંતોને શાની થાય ? થોડી વારમાં તે બ્રહ્મરાક્ષસે ખીજાઈને તોફાન મચાવ્યું અને સૂકાયેલા પાંદડાં તથા પથ્થરાની વૃષ્ટિ કરી ભયંકર શબ્દ કરી બિહામણી આકૃતિઓ દેખાડી, વંટોળ ચઢ્યો છતાં પણ સ્વામીશ્રી તો સ્થિર જ બેસી રહ્યા. વસ્ત્ર સરખું પણ ફરકતું ન હતું. બ્રહ્મરાક્ષસ બધી જ શક્તિ અજમાવી ચૂક્યો પણ તેનું કાંઈ ન ચાલ્યું. પછી સ્વામીશ્રીનાં દિવ્ય તેજોમય દર્શન કરીને તેના હૃદયમાં પરિવર્તન થયું. પોતે કરેલા પાપને યાદ કરતો પશ્ચાત્તાપ કરતો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો પણ સ્વામીશ્રીને જોઈને બળતો હતો તેથી પાસે જઈ શકતો ન હતો. પછી તે બ્રહ્મપુત્રનું રૂપ ધારણ કરી ખૂબ પ્રાર્થના કરવા લાગ્યો કે હે ભગવન્ ! તમારો પ્રતાપ મેં જાણ્યો ન હતો તેથી મેં તમારો અપરાધ કર્યો. હવે મને માફ કરો અને મને શરણે લ્યો. મારા સામી કૃપા દૃષ્ટિ કરો. સ્વામીશ્રીએ તેને પૂછ્યું, ''ભાઈ તું કોણ છે ? અને શાથી તારી આવી દશા થઈ છે ?''

રુદન કરતો તે બ્રહ્મરાક્ષસ પોતાની કહાની કહેવા લાગ્યો, ‘‘હું આ બાજુના ગામના બ્રાહ્મણનો પુત્ર હતો. મારું નામ સોમશર્મા હતું. હું મારા બાપનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. નાનપણથી હું હલકા માણસની સોબતમાં ફસાયો. મારા પિતાને તો એવી મહત્ત્વાકાંક્ષા હતી કે મારો દીકરો ભણી ગણી મોટો પંડિત થાય પણ શું થાય ? મારી બુદ્ધિ અવળે માર્ગે ચાલી અને હું પંડિત બન્યો પણ લૂંટફાટ અને ચોરીનો. આજુબાજુમાં વસતા કોળી લોકોના સંગથી ડાકુની જેમ પૈસા માટે આમ તેમ ભટકવા લાગ્યો. તીર કામઠું ચલાવી કેટલાયને મારી પણ નાખ્યા. મારા આવા કૃત્યો સાંભળી મારા મા-બાપ નિસાસા નાખતાં મૃત્યુ પામ્યાં. મારા નામની હાક પડતાં લોકો પલાયન થઈ જતા. ઉત્તમ બ્રાહ્મણ જાતિમાં જન્મ પામેલો હું શુદ્ર કરતા પણ ઉતરતો બન્યો. વખતના વહનની સાથે એક વખત મારી નજર એક બાઈ ઉપર ઠરી અને તેને મેળવવા બાઈના પતિને થોડી વારમાં ગત પ્રાણ કરી દીધો. આથી તે બાઈએ મને શાપ દીધો કે, ‘‘હે દુષ્ટ, તને જીવડા પડજો અને તું અવગતિયો થા.’’ અને બન્યું પણ એમ જ. જ્યારે મારી અંત અવસ્થા આવી ત્યારે પીવાને પાણી ન મળ્યું. છેવટે પાગલની માફક દોટ મૂકી આ ચાંચિયા વડ નીચે આવી પહોંચ્યો અને પાણી પાણી કરતો મૃત્યુ પામ્યો અને મારા અપકૃત્યોને કારણે હું અવગતિયો થયો. આ સ્થિતિમાં પણ અનેક જીવોના પ્રાણ લીધા. હવે હે ભગવન્ આપ મને ઉગારો અને આ દુષ્ટ યોનિમાંથી બચાવો.’’ એમ કહી બ્રહ્મકુમાર ચોધાર આંસુ સારવા લાગ્યો અને સ્વામીશ્રીના દિવ્ય ચરણમાં આળોટવા લાગ્યો. તેને ધીરજ આપતા સ્વામીશ્રીએ કહ્યું, ‘‘બ્રહ્મકુમાર, શાંત થા. હવે તને તારી ભૂલ ઓળખાઈ છે.’’ એમ કહી સ્વામીશ્રીએ તે બ્રહ્મકુમાર ઉપર પાણી છાંટ્યું કે તરત જ તે પ્રેત દેહનો ત્યાગ કરી દિવ્ય ગતિને પામ્યો. પ્રાતઃકાળ થઈ ચૂક્યું હતું તેથી સ્વામીશ્રીએ સલકિ માર્ગે આગળ પ્રયાણ કર્યું.

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું યોગદાન

સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું સંપ્રદાયમાં યોગદાન અમાપ, અવર્ણનીય, અલૌકિક અને ઐશ્વર્યથી ભરપૂર છે, તેને માપવાની કે મૂલવવાની ધૃષ્ટતા કોઈનાથી પણ થઈ શકે નહિ. બાવીસ વર્ષ ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની

આજ્ઞામાં રહી કાર્યો કર્યા, યોગદાન આપ્યું. મહારાજ ધામમાં પધાર્યા પછી બાવીસ વર્ષ તેઓએ સ્વતંત્ર રીતે શ્રીહરિને ધારીને બંને દેશોની ગાદીના આચાર્યો, સંતો અને હરિભક્તોને સાચવ્યા અને સંપ્રદાયને સંગઠિત કર્યો. સ્વામીના આ બે બાવીસ વર્ષના કાર્ય તબક્કાને જોડતી મહારાજની તિરોધાન લીલા અતિ મહત્ત્વની ઘટના હતી.

શ્રીજીમહારાજ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે એક દિવસે દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠળ સભા કરીને બેઠા હતા. તે સભામાં રામપ્રતાપજી મહારાજ, ગોપાળજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી, દાદા ખાચર, સુરા ખાચર તથા પાળા મિયાંજી અને રતનજી આદિક સર્વે બેઠા હતા. એક કોર જીવુબા, લાડુબા ને રાજબા વગેરે બાઈઓ બેઠા હતા. તે વખતે મહારાજે સૌને કહ્યું કે : ‘‘હવે અમને રજા આપો. અમારે ધામમાં જવું છે.’’ તે સાંભળીને સૌને મૂર્છા આવી ગઈ અને સર્વેએ કહ્યું જે : ‘‘હે મહારાજ ! અમને સાથે લઈને ધામમાં જાઓ તો ઠીક.’’ પછી મહારાજે સૌને ધીરજ દીધી ને સમજાવતાં કહ્યું કે : ‘‘અમે જે ધારીને આવ્યા હતા તે કામ બધું થઈ રહ્યું છે. અમે મંદિર, શાસ્ત્ર, આચાર્ય અને સાધુ એ ચાર પાયા રોપ્યા છે તેને ઉખાડવાને કોઈ સમર્થ નથી. શિક્ષાપત્રી કરી તથા મોટા ગ્રંથો કર્યા ને તેમાં સૌ સૌના ધર્મ બાંધી દીધા. આ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં સૌ રહેજો. આજથી અમારે ઠેકાણે તે છે. આમ સૌને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહી, શ્રીજીમહારાજે આ વાત પાકે પાયે કરવા તેનો લેખ લખી ગોપાળાનંદ સ્વામીને આપ્યો. જેમાં એક સાક્ષી તરીકે ગોપાળાનંદ સ્વામીના હસ્તાક્ષર છે.

આમ આખરી દિવસોમાં મહારાજે જાહેરમાં મુખ્ય સંતો, આચાર્યો, હરિભક્તો સર્વેને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવા ભાર દઈને જણાવ્યું. કારણ કે સ્વામી પરાવિદ્યા અને અપરા વિદ્યા એમ બંને વિદ્યામાં નિપુણ હતા અર્થાત્ આધ્યાત્મિક જ્ઞાન અને વ્યાવહારિક જ્ઞાન એ બંને તેમને આત્મસાત્ હતું. શ્રીજીમહારાજની જેમ ધર્મધુરા સંભાળવા આ બંને ગુણોનો સમન્વય ગોપાળાનંદ સ્વામી જેટલો કોઈનામાં નહોતો. અમુક અમુક સંત કે હરિભક્તને તો એકલા બોલાવી આ વિષે સ્વામીની આજ્ઞામાં જ વર્તવાની શિખામણ આપી. તે રાત્રે

મહારાજની પાસે રતનજી, મૂળજી બ્રહ્મચારી અને શુકમુનિ હતા. ત્યારે મહારાજે ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા અને પોતાનો અંતર્ધાન થવાનો આખરી નિર્ણય જણાવ્યો. ગોપાળાનંદ સ્વામી કહે : ''ઠીક મહારાજ, જેમ તમારી મરજી હોય તેમ કરો. અમારું જેમ થવાનું હશે તેમ થાશે.'' તે સાંભળી મહારાજ કહે કે : ''હું તમારા ઉપર કોટિ ગણો રાજી છું. તમે મનમાં જેમ ધારશો તેમ થાશે.'' આવી રીતે સંવત ૧૮૮૬ના જેઠ સુદ નોમની રાત્રીએ ગોપાળાનંદ સ્વામીને વર દીધો. દશમની મધ્યાહ્ને મહારાજે બંને સદ્‌ગુરુઓને કહ્યું કે : ''તમે વેદની ઋચાઓ બોલો.'' બીજા સાધુઓને વાડીએ મોકલ્યા. પછી બેય સદ્‌ગુરુઓએ વેદની ઋચાઓ બોલવા માંડી અને મહારાજ ઊંડા ઊતરી ગયા ને સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમને દિને મધ્યાહ્ન સમયે મહારાજ સ્વધામ પધાર્યા તે વખતે અનંતકોટિ વિમાનો લઈને આવ્યા અને સર્વે સ્થળે તેજ છવાઈ રહ્યું, મુક્તોએ ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી.

આ સમયે હાજર સંતો, પાર્ષદો, હરિભક્તો સૌ ઉપર જાણે વીજ પ્રપાત થયો. મહારાજ ગયા પછી પોતે હજી પણ જીવે છે ? એનું દરેકને દુઃખ હતું. સચ્ચિદાનંદ સ્વામી સ્વતંત્રપણે દેહ છોડીને અક્ષરધામમાં પહોંચી ગયા હતા એટલે એમના દેહને હાલ પૂરતો એમ જ રાખવા સ્વામીએ જણાવ્યું. સૌ પોતપોતાની શોકદશામાં હતપ્રભ બની ગયા હતા. ત્યારે સૌને ગોપાળાનંદ સ્વામીએ મહારાજની અંતિમ વિધિ તરફ દોર્યા. શ્રીજીમહારાજનું વિમાન તૈયાર કરી વિદ્યાનંદ સ્વામીની ઓરડી પાસે ઉતાર્યું અને અહીંયા જ અગ્નિ સંસ્કાર કરવાનો મનસૂબો કર્યો. નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે : ''સ્વામી બેઠકે મહારાજે વાત કરી હતી જે સાંભરે છે કે નહિ ?'' મહારાજ જ્યારે પણ દાદા ખાચરના દરબારમાંથી વાડીએ પધારે ત્યારે મહારાજની ઇચ્છાથી માણકી ઘોડી હાલ જ્યાં લક્ષ્મીવાડીમાં મંદિર છે ત્યાં જઈને ઊભી રહેતી. પછી તે પૃથ્વીને મહારાજ નમસ્કાર કરે ત્યારે ઘોડી ત્યાંથી ચાલે. આનું કારણ સાધુએ પૂછતા મહારાજે કહ્યું કે : ''અહીં જ માંડવ ઋષિની તપોભૂમિ હતી, પાંડવોએ પણ અહીં તપ કરી પાંડેરા તળાવ રચ્યું હતું અને અહીં જ ધર્મરાજાએ યક્ષોના સો પ્રશ્નોના જવાબ આપ્યા હતા. એવું આ પ્રખ્યાત પવિત્ર હેડંબા વનનું સ્થળ છે. અહીં એક વડ હતો, મારા સમગ્ર અવતારો આ ઠેકાણે વિશ્રાંતિ માટે બેઠેલા

હતા. તે માટે આ પવિત્ર સ્થાનનું માહાત્મ્ય વધારવા માટે હું આ સ્થાનને નમસ્કાર કરું છું.'' આ સ્થાનના નિશાની રાખવા નિત્યાનંદ સ્વામીએ શુકમુનિ પાસે ત્યાં ખીલી ખોડાવી રાખી હતી. ગોપાળાનંદ સ્વામીની મંજૂરીથી મહારાજનું વિમાન ત્યાં લાવ્યા. તે સ્થાનના તુલસી ક્યારાને કાઢી નાખીને ત્યાં તુલસી, સુખડ અને પીપળાના લાકડાંની ચિતા રચી. તે ઉપર શ્રીજીમહારાજને પધરાવીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીએ છેલ્લી વારની આરતી ઉતારી- ચિતાની ચારે કોર એક માણસપુર વાંસની ટટી કરીને ચાર બારણાં મૂક્યા. તે ચાર બારણાએ ચાર જણા ઊભા રહ્યા ને શ્રીજીમહારાજનો અગ્નિ સંસ્કાર કર્યો. તે વખતે દાદા ખાચર એકદમ બૂમ પાડીને જેવા ચિતામાં પડવા ગયા કે તરત જ ગોપાળાનંદ સ્વામીએ તેમનો હાથ ઝાલી લીધો ને શાંતિ આપીને બેઠકે જ્યાં શ્રીહરિ હંમેશાં બેસતા ત્યાં મોકલ્યા. બેઠકે દાદા ખાચરે મહારાજને સભા કરી વિરાજમાન થયેલા જોયા, તેટલામાં નિત્યના નિયમ પ્રમાણે હાર કરનાર માળી કરશન ભગતને સંકલ્પ થયો જે હવે છેલ્લી વખત અગ્નિ સંસ્કાર કરતી વેળાએ શ્રીજીમહારાજને હાર પહેરાવું. પોતાના ઠરાવ મુજબ બે હારની છાબડી લઈને જતા હતા તે મહારાજે કરશન ભગતને બોલાવીને બંને હાર પહેર્યા. પછી એક હાર પ્રસાદીનો દાદા ખાચરને આપ્યો અને બીજો પ્રસાદીનો હાર કરસન ભગતને આપતા કહ્યું કે તમારો સંકલ્પ પૂરો કરો. કરસન ભગતે તે હાર અગ્નિ સંસ્કાર કરવામાં આવતી મૂર્તિને પહેરાવ્યો. મહારાજે દાદા ખાચરને કહ્યું કે : ''દાદા, ગોપાળાનંદ સ્વામી કહે તેમ કરજો. એમના દ્વારા અમે સ્વયં કાર્ય કરીએ છીએ તેમ જાણજો.'' દાદા ખાચર સ્વસ્થ થઈ સ્વામી પાસે આવ્યા ને વાત કહી. ત્યારે સ્વામીએ કહ્યું કે : ''મહારાજને તો દેહ ધારણ કરવો પડતો નથી ને મેલવો પડતો પણ નથી. એ તો જેવા અક્ષરધામમાં છે તેવા ને તેવા મનુષ્યરૂપે દર્શન આપે છે. માટે આ તો એમની લીલામાત્ર છે એમ જાણો. મહારાજે આ તમને જે હાર આપ્યો છે તે સાચવી રાખજો ને પૂજજો પણ નાખી દેશો નહિ.''

દાદા ખાચરની જેમ મનોહરદાસ સ્વામીને પણ જ્યારે શ્રીજીમહારાજને વિમાનમાં પધરાવ્યા, ત્યારે બીજે દિવ્ય સ્વરૂપે ગોપાળાનંદ સ્વામીનો હાથ ઝાલીને ચાલતા દેખાયાં, જે તેમણે સૌ સંતોને દેખાડ્યું. અગ્નિ સંસ્કાર પછી સૌ

ખળખળિયા ધરામાં સ્નાન કરી આવ્યા ત્યારે, શોકની શાંતિ થવા માટે ગોપાળાનંદ સ્વામીએ સભામાં ધર્મસંબંધી, ધીરજ સંબંધી, રામચંદ્ર તેમજ શ્રીકૃષ્ણ વગેરેની વાર્તા કરી. શ્રીજીમહારાજે અંતસમયે ગણાવેલા સંપ્રદાયના ચાર મુખ્ય પાયા મંદિરો, શાસ્ત્રો, આચાર્ય અને સાધુને જાળવવાનું અને વિકસાવવાનું ભગીરથ કાર્ય હવે સ્વામીએ હાથ ધર્યું. બે દેશોની ગાદીમાં વિભાજીત આચાર્યો, સાધુ અને હરિભક્તો વચ્ચે મનમેળ રહે, કાર્યસંચાલનમાં સ્વતંત્રતા રહે અને છતાં સર્વ અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાન વિષે એક જ નિષ્ઠા કાયમ રહે એ જોવા પ્રથમ સ્વામીએ આચાર્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-આચાર્યોમાં

શ્રીજીમહારાજ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે બંને દેશના આચાર્યો અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું જણાવ્યું હતું અને બંને આચાર્યોના હાથ સ્વામીના હાથમાં સોંપ્યા હતા. સ્વામીએ બંને આચાર્યોને ધીરજ રાખી અંતિમ ક્રિયા કરાવી અને શ્રાધ્ધ સરાવીને દ્વાદશાદિક કાર્ય કર્યું. બ્રાહ્મણોને સાકરના લાડુ બહુ ઘી નાખીને જમાડ્યા અને તેરમાને દિવસે સાટા કરાવીને સર્વે સાધુ, હરિભક્તોને જમાડ્યા.

આ અંતિમ ક્રિયાનું કાર્ય નિર્વિઘ્ને થયું એનો મહદ્ શ્રેય ગોપાળાનંદ સ્વામીને જાય છે. સ્વામીએ જ્યારે બંને આચાર્યશ્રીઓ અને નિત્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજની ઉત્તરક્રિયા વિશેનો મત લેવા બોલાવ્યા ત્યારથી મતભેદો દેખાવા લાગ્યા. શ્રીહરિની હાજરીમાં સૌ તેમના હતા અને એમની આજ્ઞા સર્વોપરી હતી પણ આજે કોઈ વડતાલ ગાદીનું હતું તો કોઈ અમદાવાદ ગાદીનું હતું. સ્વામીએ ખૂબ જ સ્નેહથી ઉગતા વિખવાદને સંભાળી લીધો. નિત્યાનંદ સ્વામી બોલ્યા કે : ‘‘મહારાજની ઉત્તર ક્રિયાનો જે કંઈ ખર્ચ આવે તે બંને આચાર્યોએ સરખું ભરવું અને બંને દેશના હરિભક્તો તરફથી જેને જે કંઈ ભેટ આવે તે તેણે રાખવી. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે : ‘‘સ્વામી એ ઠીક ન કહેવાય, એમ નથી કરવું. ઉપજ પણ સહિયારી અને ખર્ચ પણ સહિયારું કરવું.’’ તો નિત્યાનંદ સ્વામી કહે જે : ‘‘અમારે તેમ નથી કરવું, અમારા દેશનાને અમે જમાડશું અને તમારા દેશનાને તમે જમાડજો. આમ બે પંન્ડા (પંઠા) કરવા અને ઊપજ પણ સહુ સહુની લેવી.’’ પછી એ ઠરાવ ગોપાળાનંદ સ્વામીએ

મંજૂર કરી વાત થાળે પાડી. આમ સ્વામીનું આચાર્ય અને બે દેશની મધ્યસ્થીનું કાર્ય મહારાજના અંતર્ધાન થતાની સાથે જ શરૂ થઈ ગયું. દરેક મંડળ પોતાની બાજુ ખેંચવા લાગ્યું અને દેવ તથા આચાર્યોના વ્યવહારમાં પણ ગુંચવાડા થયા. સરળતા માટે સ્વામીએ ઘણી મહેનત બાદ બંને દેશ વિભાગના આશ્રિત હરિભક્તોની શુભ નામોની લાંબી યાદી લખી લખાવીને તૈયાર કરી. બંને દેશ વિભાગના પ્રથમ આચાર્યો પોતપોતાના વિભાગના મુખ્ય મથકે રહેવા ગયા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ આ યાદી બંને આચાર્યોને હાથોહાથ અર્પણ કરી. આ હકીકત ''હરિભક્ત નામ રત્નાવલી'' નામના બાર અધ્યાયના મહાગ્રંથમાં જણાવેલી છે. કમનસીબે, આ ગ્રંથ અને તેની સાથે મૂળ યાદી, જે ગ્રંથના આઠ અધ્યાય જેવા વિસ્તારમાં લખાયેલી છે એ બંને આજે ઉપલબ્ધ નથી.

## પૂ. સ્વામીએ આચાર્યપદની ગરિમા જાળવી

એક સમયે ગોપાળાનંદ સ્વામી ગઢપુર પધાર્યા હતા. દશેક દિવસ રહ્યા પછી ત્યાંની આંતરિક પરિસ્થિતિથી વાકેફ થયા અને આચાર્ય પાર્ષદ વચ્ચેનો તાલમેલ સુધારવાની જરૂર જણાતા તેમણે પ્રેમાનંદ સ્વામીને પૂછ્યું જે : ''આ મંદિરના પાર્ષદ કેટલા છે ?'' ત્યારે પ્રેમાનંદ સ્વામી બોલ્યા જે : પાર્ષદ તો ચાલીસેક છે.'' ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે : ''એ સર્વેને અમારી પાસે લાવો.''

સ્વામીનો સંદેશો મળતા જ ભક્ત ઝવેર, ભક્ત મોનજી, ભક્ત ગોવિંદ તથા ભક્ત માંડણ વગેરે સર્વે પાર્ષદો આવ્યા અને ગોપાળાનંદ સ્વામીને પગે લાગી બેઠા. સ્વામી સર્વે સામું જોઈને બોલ્યા કે : ''તમે ભગવાનના ભક્ત છો. જેમ રાજા હોય તેના ચાકર ચાર પ્રકારના હોય, તેમાંથી તમે કયા ચાકર છો ?''

''એક રાજાના ઢોલિયાનો ચાકર હોય તે તો રાજા પાસે કોઈ ચોર ચકાર આવે તો એને મારે ને કાં તો પોતે મરે પણ રાજા પાસે આવવા દે નહિ. એ ઢોલિયાનો ચાકર છે. તેનો દીકરો હોય તે કાંઈક વાંકમાં આવ્યો હોય ને રાજા એને દંડ દેવા ઊભા થાય તો એ છોકરાનો પક્ષ લઈને રાજા સામો થાય. કેમ જે, એને રાજા કરતાં પોતાના છોકરામાં વધુ હેત છે - માટે ઘણો ઢોલિયાનો ચાકર છે, પણ દીકરાની વાત આવી ત્યાં રાજા સંગાથે મહોબત ન રહે.''

''બીજો રાજાનો પટાવત હોય (ગામ ગરાસનો પટો ભોગવનાર ગરાસિયો), તે તો રાજાના કામમાં અવળું થવા દે નહિ. રાજાના દુશ્મન હોય

તેની સાથે લડાઈ લે ને કોઈ રીતે રાજાનું અવળું થવા દે નહિ. પણ જો, તેના પગારમાં રાજા કંઈક આડુઅવળું કરે ને પગાર ઓછો આપે તો એ રાજાનો પટાવત છે, તે રાજાનું અવળું કરવાને ઊભો થાય.''

''ત્રીજો રાજાનો સિપાઈ (રાજકાર્ય કરનાર નોકર) છે. તે રાજા જ્યાં મૂકે ત્યાં જાય ને રાજાનું કામકાજ કરે. જે કહે તે કરે. પણ રાજાએ એનો ગરાસ આપવાનો કહ્યો હોય તે બંધ કરે અથવા થોડો ઓછો આપે તો રાજાનું, તે ચાકર અવળું કરે ને વાંકું બોલે.''

''ચોથો રાજાના ઘરનો ગોલો હોય. (ઘરકામ કરનાર વિશ્વાસપાત્ર ચાકર) તે તો રાજાને સુખે સુખી અને રાજાને દુઃખે દુઃખી. રાજા એ ગોલાને ખાસડી મારે તો ખમી રહે ને કાંઈ બોલે નહિ, ને તે ખાસડાં ખંખેરીને રાજા આગળ મેલે ને એમ બોલે જે ''બાપ, શું કરવા મારો છો ? અમે તો તમારા ઘરના ગોલા છીએ, અમે તમને મેલીને ક્યાં જઈએ ?'' આમ આ ગોલા ક્યાંય જાય નહિ.''

આમ ચાર પ્રકારના રાજાના ચાકરોની વાત કરી ગોપાળાનંદ સ્વામીએ સર્વે પાર્ષદોને પૂછ્યું જે : ''આ ચારમાંથી તમે કયા પ્રકારના ચાકર છો ?'' પાર્ષદો સ્વામીના કહેવાનો હાર્દ સમજી ગયા અને બોલ્યા જે : ''અમે તો રઘુવીરજી મહારાજના ગોલા છીએ.'' સ્વામી આ સાંભળી બહુ રાજી થકા બોલ્યા જે : ''સાધુ, બ્રહ્મચારી ને પાળા એ સર્વે ત્યાગી કહેવાય છે. તે એ સર્વેને ધન રાખવું નહિ. જે ધન રાખશે તેને હું મળીશ નહિ, ને તેવા કોઈ મને મળવા આવશો મા.''

આમ જ્યારે પણ આચાર્યપદની ગરિમાને આંચ આવે કે માનહાની જેવું જણાય કે તરત જ ગોપાળાનંદ સ્વામી સંત, હરિભક્ત કે પાર્ષદને ઘટતી સલાહ સૂચન આપી યોગ્ય માર્ગદર્શન આપતા અને મહારાજે તેમનામાં રાખેલો વિશ્વાસ યથાર્થ સાબિત કરતા.

## પૂ. સ્વામીએ રઘુવીરજી મહારાજ પછી ગાદીના વારસ તરીકે ભગવત્ પ્રસાદજી મહારાજની પસંદગી કરી

રઘુવીરજી મહારાજ શ્રીહરિમાં પ્રીતિયુક્ત થઈ ધર્મધુરા ધર્મવંશમાં જ આરોપણ કરીને નિવૃત્ત થઈ એકાંત સ્થાનમાં બેસી શ્રીહરિનું અખંડ ધ્યાન અને

વાર્તા કરવાનો સંકલ્પ કરતા હતા. ત્યારે ગોપાળાનંદ મુનિએ કહ્યું જે : ‘‘હે રઘુવીરજી મહારાજ ! સર્વ સત્સંગીઓને પ્રિય એવા તમો ઉદાસ થયા છો તેથી ત્યાગીઓ તથા ગૃહસ્થ ભક્તોને સુખ થશે નહિ. તેમ આ પૃથ્વી પર સત્સંગની વૃદ્ધિ પણ નહિ થાય. માટે હમણાં તમે આ ઉદાસીનતાનો ત્યાગ કરો અને તમારે યોગ્ય આ ધર્મધુરા વહન કરો.’’

ગોપાળાનંદ મુનિએ આવી રીતે કહ્યું તે સાંભળીને રઘુવીરજી મહારાજ બોલ્યા કે : ‘‘હે મહામુને ! તમે માન્ય હોવાથી હું ઈચ્છતો નથી તો પણ ધર્મધુરાનું હાલમાં હું વહન કરીશ. તો પણ તમો સર્વ બુદ્ધિશાળી છો તેથી આ ધર્મધુરા વહન કરવા માટે ધર્મવંશના કોઈ યોગ્ય પુરુષનો વિચાર કરી, નિર્ધાર કરો.’’

આવી રીતે રઘુવીરજી મહારાજનું વચન સાંભળીને ગોપાળાનંદ મુનિ ફરીને આચાર્યને ધીરજ બંધાવતા કહેવા લાગ્યા કે : ‘‘હે રઘુવીરજી મહારાજ ! અત્યંત બુદ્ધિશાળી બદરિનાથના પુત્ર ભગવત્ પ્રસાદ આ શુભ ધર્મધુરાને વહન કરવા યોગ્ય છે. રૂપ, શીલ તથા ગુણોના સ્થાનભૂત તેમજ પ્રિય વાણીવાળા નીતિકુશળ, કાર્યાકાર્યના વિચારને જાણનારા છે. ધીર, વિવિધ પ્રકારની વિદ્યાઓના પાર પામવાથી યોગ્ય બુદ્ધિવાળા, ધર્મનિષ્ઠા, જનોને ધર્મમાં પ્રવર્તાવવા માટે અત્યંત શક્તિમાન છે. માટે તેઓ આ ધર્મધુરાનું વહન કરવા યોગ્ય છે. મને આવું ભાસે છે.’’

અક્ષરાનંદ મુનિ વગેરે સમગ્ર મુનિજનોએ પણ તે પ્રમાણે જ કહ્યું. રઘુવીરજી મહારાજે કહ્યું : ‘‘હે સંતો મને પણ તેવું જ ભાસે છે, તો પણ તમોને પૂછીને મેં આ નિર્ણય કર્યો છે. માટે આ ભગવત્ પ્રસાદને જ ધર્મધુરા આપવા માટે આપણે હમણાં લેખ તો કરવો જ.’’

આમ રઘુવીરજી મહારાજ નિઃસંતાન હોવાથી ગોપાળાનંદ સ્વામીના સૂચનથી ભગવત્ પ્રસાદજી મહારાજની આચાર્યપદ માટે પસંદગી થઈ. જે બાબતનો યથાર્થ લેખ લખાવી રઘુવીરજી મહારાજે પોતાની સહી કરી પછી ગોપાળાનંદ સ્વામીની સાક્ષી કરાવી અને અક્ષરાનંદ મુનિ તેમજ પોતાના પુરાણી ભોળાનાથની પણ તેમાં સાક્ષી કરાવી. પછી સમય જતાં રાજ્યની મુદ્રાથી મુદ્રિત બીજો લેખ તે ઉપરથી સાક્ષીએ સહિત કરાવ્યો.

ગોપાળાનંદ સ્વામીના ધામમાં ગયા બાદ સંવત ૧૯૧૩માં કાર્તિક વદ બીજને શુક્રવારે મૃગશીર્ષ નક્ષત્રમાં શિવ નામના સુંદર યોગમાં રઘુવીરજી

મહારાજે વિધિસર ૧૯ વર્ષના ભગવત્ પ્રસાદજીને પોતાના વારસદાર કરી વડતાલની ગાદીએ બેસાર્યા.

આમ વડતાલ ગાદી માટે રઘુવીરજી મહારાજ પછી યોગ્ય ઉત્તરાધિકારી આચાર્યની પસંદગીનો શ્રેય ગોપાળાનંદ સ્વામીને જાય છે. આ શ્રેયમાં સ્વામીનું અલૌકિક ઐશ્વર્ય પણ દેખાય છે, કારણ કે જ્યારે ભગવત્ પ્રસાદજી મહારાજ આશરે બારેક વર્ષના બાળક હતા ત્યારે જ સ્વામીએ એમનામાં ઉપર જણાવેલ ગુણો જોઈ લીધા જે આગળ જતાં સાચા ઠર્યા. (આ ભગવત્ પ્રસાદજી મહારાજ પરશુરામનો અવતાર હતા.)

## પૂ. સ્વામીએ રઘુવીરજી મહારાજને અદ્ભુતાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો

નિષ્કુળાનંદ સ્વામીના શિષ્ય મોરારચરણદાસજી સ્વામી સ્વામીના કાવ્યોમાં રાગરાગણી બેસાડવાનું કાર્ય કરતા. મદનમોહનજી મહારાજના મંદિરમાં સ્ત્રીઓની પૂતળીઓ બેસાડવા પાછળ પણ તેમનો જ હાથ હતો. આ મોરારચરણદાસજીએ દ્વેષભાવથી પ્રેરિત થઈ અદ્ભુતાનંદ સ્વામીને ઝેર આપ્યું હતું. શ્રીહરિની કૃપાથી અદ્ભુતાનંદ સ્વામીને તો કંઈ થયું નહિ પણ દુષ્ટ મોરારદાસ સત્સંગમાંથી નીકળી ગયા. એમણે ધોલેરાના દાજીભાઈને અદ્ભુતાનંદ સ્વામી વિરુદ્ધ ચડાવ્યા અને બંનેએ મળીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની કાનભંભેરણી અદ્ભુતાનંદ સ્વામી વિરુદ્ધ કરી આ વાતની આચાર્ય શ્રી ઉપર એટલી તો અસર થઈ કે લાગલગાટ બે વર્ષ સુધી રઘુવીરજી મહારાજ અદ્ભુતાનંદ સ્વામી સાથે બોલ્યા નહિ.

આ આખીએ વાત મોડી મોડી પણ ગોપાળાનંદ સ્વામીના ધ્યાનમાં આવી. ગોપાળાનંદ સ્વામીની સ્મૃતિમાં અદ્ભુતાનંદ સ્વામીનો અદ્ભુત પૂર્વાશ્રમ તાજો થઈ ગયો. ભૂજની સભામાં સુંદરજી ભાઈનાભાઈ હીરજીભાઈને પરોક્ષ જેવા વૈરાગી હાલમાં પણ છે એની પ્રતીતિ કરાવવા મહારાજે ભાદરેથી અઢાર મોટાં માથાંઓને એક જ કાગળ લખી સંસાર ત્યાગી જેતલપુરમાં સાધુ થઈ ભૂજ આવવા લખ્યું. સત્તર ખાધે પીધે સુખી ગામેતી છેલ્લા અઢારમાને અલખનો સાદ કરવા મેથાણ આવ્યા. જ્યાં ઝાલાવાડના પ્રતિષ્ઠિત અજા પટેલના ભાણેજ કલ્યાણદાસના લગ્નની કડુથી આવેલ જાનની સરભરામાં હતા. અજા પટેલે

મહારાજનો કાગળ વાંચ્યો અને પેલા સત્તરની સાથે લગ્ન પ્રસંગ પડ્યો મૂકી એ પણ સાધુ સંઘ સાથે જોડાવા સાબદા થયા. ત્યાં તો ભાણેજ કલ્યાણદાસને ખબર પડી અને એની અંદરનો મુમુક્ષુ આત્મા જાગી ઊઠ્યો અને એ પણ મીંઢળ સોતા જવાને તૈયાર થયા ? મામા અજાભાઈ કહે કે : ''ભાણા, ગાંડો થા મા. તું તો વરરાજા છે અને આમાં તારું નામ ક્યાં છે ?'' ભાણેજ કલ્યાણદાસ કહે કે : ''મામા, મહારાજે અઢાર નામો પછી જે 'આદિ' લખ્યું તેમાં હું પણ આવી ગયો.''મામા પાસે હવે કોઈ ઉપાય નહોતો. ત્યાં તો માતા દેવુબા અને પરણેતરે પણ મંજૂરી આપી. અધુરામાં પૂરું કુસંગી પિતા સંઘા પટેલે પણ આંસુ સાથે હામી ભરી આશીર્વાદ આવ્યા. મહારાજે ભૂજમાં અઢાર સંતોને દીક્ષા આપી દેખાડ્યું કે આજે પણ સત્સંગમાં ગોપીચંદ, ભરતજી અને શુકજી જેવા હરિભક્તો છે. થોડા દિવસે મહારાજે બધા નવા પરમહંસોને પાછા સંસારમાં જવા આજ્ઞા કરી. ત્યારે એક અદ્‌ભુતાનંદ સ્વામી (કલ્યાણદાસ) અને બીજા પૂર્ણાનંદ સ્વામી (મામા અજા પટેલ) ન ગયા બાકી સૌને પાછા મહારાજે ગૃહસ્થાશ્રમમાં પરાણે મોકલ્યા.

આવા વૈરાગ્યવાન સંતના અવગુણ લેવાનો દોષ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ન લાગે તે માટે તેમનો ઘણો મહિમા સમજાવતા, ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે : ''અદ્‌ભુતાનંદ સ્વામી જેવા સંત તો બ્રહ્માંડમાં ક્યાંય નથી.'' ગોપાળાનંદ સ્વામીમાં જેમને અતિ વિશ્વાસ છે એવા રઘુવીરજી મહારાજને પોતાની ભૂલ ઓળખાણી, કુસંગી દ્વેષીઓએ ફેરવેલી મતિ પાછી સ્વામીના વચને સન્માર્ગે ફરી. આચાર્યશ્રીને પણ અદ્‌ભુતાનંદ સ્વામીનો ઘણો ગુણ આવ્યો. તે ત્યાં સુધી કે જ્યારે રઘુવીરજી મહારાજે વડતાલની ગાદીએ ભગવત્ પ્રસાદજી મહારાજને બેસાડ્યા ત્યારે તેમનો હાથ એમને અદ્‌ભુતાનંદ સ્વામીના હાથમાં સોંપતા કહ્યું કે : ''જેમ મારો હાથ શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીના હાથમાં મૂક્યો હતો તેમ તમારો હાથ હું આ અદ્‌ભુતાનંદ સ્વામીને સોપું છું. તમો જ્યાં પણ વિચરણ કરો ત્યાં આ સ્વામીને તમારી સાથે જ રાખજો.'' આમ કહી રઘુવીરજી મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને વડતાલ મંદિરમાં જ રાખ્યા. જે તે પછીના વડતાલ ગાદીના આચાર્ય ભગવત્ પ્રસાદજી મહારાજને અને સત્સંગને આશીર્વાદ સમ નિવડ્યું.

## પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજની વિનંતીથી ગોપાળાનંદ સ્વામીએ બે સંતોને અમદાવાદ દેશમાં મોકલ્યા

અમદાવાદ દેશના જ્ઞાનાનંદ સ્વામી, સર્વનિવાસાનંદ સ્વામી, સોમપ્રકાશાનંદ સ્વામી, સર્વજ્ઞાનાનંદ સ્વામી જેવા ઘણા સંતો ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા અને શ્રીહરિનું સ્વરૂપ સમજવા એમની પાસે આવતા. તેથી એક વાર અયોધ્યાપ્રસાદજી મહારાજે ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને વિનંતી કરી કે, ''આપ બંને તો મહાન સંતો છો, માટે અમદાવાદ દેશના સત્સંગ અર્થે કોઈ સમર્થ સંતો આપો તો સારું.'' તેથી નિત્યાનંદ સ્વામીએ પોતાના મંડળના પ્રસાદાનંદ સ્વામીને અને ગોપાળાનંદ સ્વામીએ નિર્ગુણદાસ સ્વામીને અમદાવાદ દેશમાં સત્સંગના પોષણ માટે અને શ્રીહરિની સર્વોપરી ઉપાસનાની દૃઢતા માટે મોકલ્યા. ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી નિર્ગુણદાસજી સ્વામી અમદાવાદ ગયા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે તેમનો ઘણો આદર સત્કાર કર્યો અને ત્યાં જ રાખ્યા.

અમદાવાદમાં નિર્ગુણદાસજી સ્વામીએ દરરોજ સભામાં ગોપાળાનંદ સ્વામીના જ્ઞાન અને મહારાજના લીલાચરિત્રો તથા ઉપાસનાની વાતો કરી. જે સાંભળી શ્રીહરિના હજૂરી પાર્ષદવર્ય ભગુજીએ એક વાર ભર સભામાં કહ્યું હતું કે, ''નિત્યાનંદ સ્વામી જેવા સમર્થ મુક્તોનું જેમ સભામાં વજન પડે છે તેમ આ નિર્ગુણદાસજી સ્વામીનું સભામાં વજન પડે છે અને મુક્તાનંદ સ્વામીની વાતોની જેમ તેમની વાતો સાંભળવા પણ મારું અંતર ખેંચાય છે.'' આમ ગોપાળાનંદ સ્વામીએ અયોધ્યાપ્રસાદજી મહારાજને સમયસર નીડર સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી આપીને અમદાવાદ સત્સંગને સાચવી લીધો.

## ગોપાળાનંદ સ્વામીનું યોગદાન - શાસ્ત્રોમાં

શ્રીજીમહારાજે શાસ્ત્રોને સંપ્રદાયના પાયારૂપ ગણાવ્યાં છે. આ સંપ્રદાયના અતિ મહત્ત્વના પાયાને મજબૂત કરવામાં ગોપાળાનંદ સ્વામીનું યોગદાન દ્વિમુખી છે. એક તો એમણે કરેલું સાહિત્ય સર્જન અને બીજું એમનું વચનામૃતમાં યોગદાન. સાહિત્ય સર્જનમાં સ્વામીની લેખન પદ્ધતિ અત્યંત સરળ, સર્વગ્રાહી, સ્વતંત્ર અને નિશ્ચયાત્મક હતી. તેમણે વિવિધ પ્રકારની પૂજાવિધિ, અનેક

ઉપનિષદોનું ભાષ્ય તેમજ ટીકા મળી પ્રાકૃત ભાષામાં સાત ગ્રંથો અને સંસ્કૃત ભાષામાં ઓગણીસ ગ્રંથો લખ્યાની યાદી મળે છે. આ સિવાય પણ તેમનું વેદો ઉપરનું વ્યાખ્યાન ઘણું જ વિશાળ હતું, જે લેખિત પ્રતો અપ્રાપ્ય હોવાને લીધે પ્રસિદ્ધમાં નથી આવ્યું.

ગોપાળાનંદ સ્વામીના પ્રાપ્ય સાહિત્ય સર્જનની નામાવલી આ પ્રમાણે છે. પ્રાકૃત ભાષા સર્જન,

(૧) વાર્તા વિવેક (૨) અદ્વૈત ખંડન (૩) શિક્ષાપત્રી મરાઠી ભાષાંતર (૪) ભક્તિસિદ્ધિ ભાષાંતર (૫) સંપ્રદાય દીપ (૬) સ્વામીની વાતોનો સંગ્રહ (૭) પૂજા પદ્ધતિનાં પાનાં

સંસ્કૃત ભાષા સર્જન :

(૧) શ્રી ધર્મદેવ પૂજાવિધિ (૨) શ્રી ભક્તિદેવી પૂજાવિધિ (૩) શ્રી હનુમંત પૂજાવિધિ (૪) શ્રી કૃષ્ણ પૂજાવિધિ (૫) શ્રી વિષ્ણુ પૂજાવિધિ (૬) ષોડશોપચાર પૂજાવિધિ (૭) વિષ્ણુયાગ પદ્ધતિ (૮) વિવેક દીપ (૯) ભક્તિ સિધિ (૧૦) હરિભક્ત નામારત્નાવલ્યામ્ (૧૧) દ્વૈપાયનીય સૂત્રાર્થ દીપ (૧૨) ઈશાવાસ્યોપનિષદ્‌ભાષ્યમ્ (૧૩) શ્રીમદ્ ભગવદ્ ગીતાભાષ્યમ્ (૧૪) વેદસ્તુતિ અન્વયાર્થ પ્રકાશિકા (૧૫) બ્રહ્મસૂત્રાર્થ દીપ (૧૬) વેદસ્તુતિ શ્રુત્યાર્થ દીપિકા ટીકા (૧૭) શ્રીમદ્ ભાગવત દ્વિતીય સ્કંધ શુકાભિપ્રાય બોધિની ટીકા (૧૮) શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ શુકાભિપ્રાય બોધિની ટીકા (૧૯) શાંડિલ્ય સૂત્ર ભક્તિતત્વ્ પ્રકાશિકા ટીકા

આ શાસ્ત્ર સર્જનમાં સંસ્કૃત ભાષામાં લખાયેલા ભક્તિ સિદ્ધિ (૯) ગ્રંથ અને તેનું ગુજરાતી ભાષાંતર (૪) હાલમાં જ તેમની શિષ્ય પરંપરાના વડતાલ ધામના સંતોએ સત્સંગને ઉપલબ્ધ કરાવ્યું છે.

આ ગ્રંથ ગોપાળાનંદ સ્વામીએ વડતાલમાં પોતાના આસનેથી સંવત ૧૮૯૩માં ફાગણ વદ તેરસે પૂર્ણ કર્યો હતો. તેમાં ધર્મ સર્ગના ગુણો દ્વારા અધર્મ સર્ગના દોષોને જીતી કેવી રીતે ભક્તિ સિદ્ધ કરવી એ દર્શાવ્યું છે. સંસ્કૃત મૂળ ગ્રંથ બાવીસ શ્લોકોનો નાનો ગ્રંથ છે. આમાં જ્ઞાન, તપ, વૈરાગ્ય, શોચ, સત્ય, ઐશ્વર્ય, માર્દવ, શમ, દમ, સંતોષ, ધૈર્ય, ત્યાગ, નિગ્રહ, યોગ, યજ્ઞ, બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, ઉદ્યમ દાન, અચાપલ્ય, મૌન, દયા, તિતિક્ષા, દીક્ષા, મૈત્રિ, બુદ્ધિ, ધૃતિ વગેરે ઓગણસાઠ ગુણોનું વિશ્લેષણ છે. તેમજ અજ્ઞાન, કામ, રસાસ્વાદ,

માન, પ્રમાદ, અહંકાર, અવિશ્વાસ, નાસ્તિક્ય, રાગ, દ્વેષ, કપટ, ધર્મદ્વેષ, વ્યભિચાર, હિંસા, અસૂયા, તૃષ્ણા, સ્પૃહા, મમતા, નિંદા, વાસના, આત્મશ્લાઘા વગેરે ઓગણપચાસ અવગુણોને જીતવાની વાત છે.

''ઈશાવાસ્યોપનિષદ'' (૧૨)ની રચના સ્વામીએ ઉમરેઠના વિપ્રોની વિનંતીથી કરી હતી. એક વખત ગોપાળાનંદ સ્વામી ચાતુર્માસમાં કથાવાર્તા કરવા ઉમરેઠ પધારેલા. ત્યાં વિદ્વાન વિપ્રોએ વિનંતી કરી કે : ''ઈશાવાસ્યોપનિષદ''ના પ્રત્યેક મંત્રોનું યથાર્થ રહસ્ય જાણવાની અમારી જિજ્ઞાસા છે તો આપ અમને તેનો સત્ય સિદ્ધાંત આ ચાતુર્માસમાં સમજાવો.''

સ્વામીશ્રીએ આ વિષયક વ્યાખ્યાન એટલું સુંદર આપ્યું કે વિદ્વાન વિપ્રોએ સ્વામીને વિનંતી કરી કે આપ ઈશાવાસ્યોપનિષદ્‌ના મંત્રોનું વિશદ વિવરણ લખો. આ વિવરણ અમને તથા અન્ય ભક્તોને ખૂબ જ ઉપયોગી થશે. આ મંત્રોનું સ્વામીએ સંસ્કૃતમાં વિવરણ લખી તૈયાર કર્યું. આમાં સ્વામીએ સ્પષ્ટતા કરી કે, ईशावास्या ध्याद् भाष्यं भजन ब्राह्मण तुष्टेये । અર્થાત્ ભગવદ્ ભક્ત બ્રાહ્મણોના સંતોષ ખાતર મેં આ ભાષ્ય લખ્યું છે. વળી ભાષ્યની સમાપ્તિમાં સ્વામીશ્રી લખે છે કે, गोपालानंदेन इशावास्याध्याय भाष्यम् उदंषर्याविरचित भूतम् ॥ અર્થાત્ ઈશાવાસ્યાનામના આ અધ્યાયનું ભાષ્ય ઉમરેઠમાં રહીને મેં લખેલ છે.

## પૂ. સ્વામીનું વચનામૃતમાં સ્થાન

વચનામૃત, શ્રીજીની કૃપા વાણીનું અમૃત 'યથાશ્રુત' મહાસમર્થ સંકલન કર્તા અનાદિ મુક્તોએ સૂક્ષ્મ દૃષ્ટિથી વિશ્વનો અજોડ અને સર્વોત્તમ ગ્રંથ બનાવ્યો છે. શ્રીજીમહારાજે સંપૂર્ણ ગ્રંથને પોતે સ્વીકૃત કર્યો છે. આ ગ્રંથમાં પ્રત્યેક વચનામૃતમાં વર્ષ, માસ, પક્ષ, તિથિ, ગામ, સ્થાન, સમય, મુખારવિંદની દિશા અને આસન તથા વસ્ત્રાલંકારની વિગતો ઉપરાંત સભાસદોની માહિતી આપી વિશ્વનો એક માત્ર અજોડ ઐતિહાસિક, પ્રમાણભૂત, સર્વશ્રેષ્ઠ, અદ્વિતીય ધર્મગ્રંથ સ્થાપિત કર્યો છે. આ વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીનું યોગદાન બહુમુખી રહ્યું છે. એમાં તેઓ પાંચમાના એક સંકલન કર્તા છે. ક્યાંક શ્રીહરિને પ્રશ્નકર્તા છે, ક્યાંક બીજા સંતોને પ્રશ્ન પૂછનાર છે તો ક્યાંક શ્રીજીના પ્રશ્નો ઉત્તર આપનાર તો વળી ક્યાંક કોઈ ખાસ વાતમાં શ્રીજીએ તેમનો દાખલો અથવા ઉદાહરણ

આપ્યું છે. આ બધા ઉપરાંત નાના મોટા સંતોને હરિભક્તોને વચનામૃતનું હાર્દ સમજાવનાર અને શ્રીજીની યથાર્થ મરજી સમજીને સમજાવનાર ગોપાળાનંદ સ્વામી એક માત્ર સદ્‌ગુરુ હતા. વચનામૃતનાં વચનો જેટલાં સરળ છે એટલાં જ ગહન છે. જે ગોપાળાનંદ સ્વામીના સમજાવવાથી બાકીના ચારેય ગ્રંથકર્તા પણ સમજ્યા અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામી જેવા સમર્થ સંત પણ સ્વામી પાસેથી શ્રીજી વાણીનો સાચો હાર્દ પામ્યા. શ્રીજીનું સર્વોપરીપણું, સર્વ સમજાયું. સ્વામીના સમજાવ્યા વગર આવો અમૂલ્ય ગ્રંથ ન સમજાત, અથવા દરેક પોતપોતાની રીતે એનું અર્થઘટન કરી ગૂંચ ઊભી કરી હોત. ગોપાળાનંદ સ્વામીનું આ એક મહા યોગદાન માટે પણ સંપ્રદાય સદાય તેમનો ઋણી રહેશે.

વચનામૃતમાંથી મહારાજનું સર્વોપરીપણું અને સર્વકારણપણું આજે જે આપણે થોડું ઘણું પણ સમજ્યા હોઈએ તો એ ગોપાળાનંદ સ્વામીના પ્રતાપે. મહારાજે અનેક ઠેકાણે પોતાના અનેક સ્વરૂપે સમય, સંજોગ અને શ્રોતાઓ અનુસારે વર્ણવ્યા છે. જે વાતોરૂપી છાસમાંથી સ્વામીએ પુરુષોત્તમપણું માખણની જેમ તારવી લીધું છે. નિર્ગુણદાસજી સ્વામી એમની નેવુંમી (૯૦) વાતમાં આવો જ અદ્‌ભુત પ્રસંગ વર્ણવે છે. ગઢપુરની અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને ગીતાના પંદરમાં અધ્યાયની ટીકા કરાવતા હતા. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને શુકમુનિ (વચનામૃતનું સંકલન કરનાર પાંચેય સંતો) વગેરે ભિન્ન ભિન્ન ટીકાનાં પાનાં લઈને બેઠા હતા. એ વખતે શ્રીજીમહારાજ બોલ્યા કે આપણે શ્રીકૃષ્ણને પુરુષોત્તમપણે પ્રતિપાદન કરીએ છીએ પણ એ તો મૂળપુરુષ છે ને પુરુષોત્તમ તો અમે છીએ. આવી સચોટ ડંકાની ટોચે મહારાજે જે સ્વમુખે વાત કહી પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું હતું તે ગોપાળાનંદ સ્વામી ક્યારે પણ ભૂલ્યા નહિ.

## પૂ. સ્વામીએ પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને મળીને અમદાવાદ-જેતલપુરના ૧૧ વિશેષ વચનામૃત ૨૬૨ વચનામૃતમાં સમાવ્યા

સંવત ૧૮૮૫ના ચૈત્ર સુદ નોમને દિવસે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. મોટા સંતો અને

હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે : ‘‘અમારી ઈચ્છા અને આજ્ઞા અનુસાર શાસ્ત્રો લખાયાં છે. તેમાં શ્રીકૃષ્ણાદિક અવતારોને અમારી એકતા કરીને વર્ણન કર્યું છે. પરંતુ, ‘‘અમે જે વાતો કરી છે તેમાં તો એક અમે સર્વોપરી ભગવાન છીએ ને શ્રીકૃષ્ણ નરનારાયણ આદિક સર્વે અમારા અવતાર છે. આવા અમારા મહિમાની વાતોના ખરડા જેની પાસે હોય તે સર્વે અમારી પાસે લાવો.’’ ત્યારે જેની જેની પાસે હતા તે સર્વે લાવ્યા. તે ખરડા જે આશરે ૧૨૦૦ જેટલા હતા. તે શ્રીજીમહારાજે ભેગા કરાવ્યા. પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી એમ પાંચ સદ્‌ગુરુઓને સોંપ્યા અને આજ્ઞા કરી કે : ‘‘તમે પાંચ સદ્‌ગુરુઓ આ ખરડાઓનું શોધન કરીને પૂર્ણ ગ્રંથ બનાવો.’’ પાંચે સદ્‌ગુરુઓએ કઠિન પરિશ્રમ અને ભગીરથ પુરુષાર્થના અંતે ૨૬૨ વચનામૃતો તૈયાર કર્યા. આમ આની અંદર ગોપાળાનંદ સ્વામી પાંચ સદ્‌ગુરુઓમાં એક સંશોધનકર્તા તરીકે થયા.

શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી થોડા જ વખતમાં મુક્તાનંદ સ્વામી પણ ધામમાં પધાર્યા. ત્યાર બાદ એક દિવસ વચનામૃત સંકલન સમિતિના અધ્યક્ષ ગોપાળાનંદ સ્વામી અમદાવાદ પધાર્યા હતા. એક વખત અમદાવાદની સભામાં સ્વામી સાથે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, શુકાનંદ સ્વામી, સર્વે નિવાસાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી આદિ સંતો પણ હાજર હતા. સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. તેનું શ્રી પતિમ્ થયું. ત્યારે શ્રીજીમહારાજના હજૂરી છડીદાર કુબેરસિંહે કહ્યું કે જ્યારે મહારાજ અમદાવાદ પધાર્યા હતા, ત્યારે મેં તેઓશ્રીને પ્રશ્નો પૂછ્યા હતા ને મહારાજે ઉત્તર આપ્યા હતા. તે સર્વે પ્રશ્નોત્તરના લખેલા ખરડા મારી પાસે છે. તે સભામાં જેતલપુરના આગેવાન હરિભક્ત આશજીભાઈ પણ બેઠા હતા. તે પણ કહેવા લાગ્યા કે શ્રીજીમહારાજે અસલાલી અને જેતલપુરમાં જ્ઞાનવાર્તાઓ કરી હતી, તેના લખેલા ખરડા મારી પાસે પણ છે. આ સાંભળીને શ્રી અયોધ્યા પ્રસાદજીએ બંને ભક્તો પાસેથી ખરડાઓ મંગાવીને ગોપાળાનંદ સ્વામીને સોંપ્યા. સ્વામીએ અને શુકાનંદ સ્વામીએ મળીને એ ખરડાઓમાંથી અગિયાર વચનામૃત તૈયાર કર્યા. તે વચનામૃતોમાં શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સાથે તેઓશ્રીનું સર્વોપરીપણું, સર્વનિયંતાપણું આદિનું સ્પષ્ટ પ્રતિપાદન થયેલું હતું. તેથી બંને

સદ્‌ગુરુઓએ આ અગિયાર વચનામૃતોનો પહેલાના ૨૬૨ સાથે સમાવેશ કરવાનો નિર્ણય કર્યો. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ આ વાત સાથે સહમત થયા ને વડતાલ શ્રી રઘુવીરજી મહારાજને આ વાત જણાવી. આમ વચનામૃતની સંખ્યા ૨૭૩ની થઈ જેમાં ગોપાળાનંદ સ્વામીની પ્રમુખ સંકલન કર્તા તરીકેની ભૂમિકા રહી. જેને સાકાર કરવાનો યશ તેમના શિષ્ય નિર્ગુણદાસજી સ્વામીને પ્રાપ્ત થયો.

## ગોપાળાનંદ સ્વામીનું યોગદાન - ધાર્મિક ક્રિયાઓમાં

કારિયાણીમાં મહારાજે અઠ્યોતેરામાં અન્નકૂટ સમૈયો કર્યો હતો. ત્યારે ગોપાળાનંદ સ્વામી જેવા વડોદરેથી આવ્યા કે મહારાજ તેમને અક્ષર ઓરડીમાં લઈ જઈ અતિ હેતથી વાત કરી જે : ‘‘સ્વામી, આપણે અત્રે આવ્યાનું કારણ તમે જાણો છો ?’’ ત્યારે સ્વામી કહે કે : ‘‘ના મહારાજ હું જાણતો નથી.’’ મહારાજ અને સ્વામીએ આ વિષે ચર્ચા કરી કે જે જે રામકૃષ્ણાદિક અવતારો થયા તેમને ભજીને જીવો તે તે ધામને પામ્યા. જ્યાં સુધી પૂર્ણ પુરુષોત્તમ પોતે પૃથ્વી પર પ્રગટ નહિ થાય ત્યાં સુધી જીવ અક્ષરધામને નહિ પામી શકે ત્યારે શ્રીજીમહારાજે સ્વામીને કહ્યું જે : ‘‘અમે જ્યારે પૃથ્વી ઉપર પધારીએ ત્યારે તમારે પણ આવવું પડશે. ત્યારે તમે કહ્યું જે અમારું શું કામ છે ? ત્યારે અમે કહ્યું કે તમારું કામ તો એટલું જે તમે ધર્મ પાળીને ધર્મ પાળતા શીખવો ? ભક્તિ કરીને ભક્તિ કરતા શીખવો. ત્યારે તમે બોલ્યા જે મહારાજ તમે પધારશો ત્યારે તો હવે અમારે આવ્યા વિના છૂટકો છે ? માટે તમારા જેવા મુક્તોને લઈને અત્રે આવ્યા છીએ.’’

આમ ગોપાળાનંદ સ્વામીનું પૃથ્વી પર જીવોને મહારાજની ભક્તિ કરાવીને અને ધર્મ પળાવરાવીને અક્ષરધામ માર્ગી કરવા, એ કાર્ય અક્ષરધામથી આવતા પહેલા જ મહારાજે નક્કી કર્યું હતું. સાધુ, ત્યાગી, હરિભક્તો સર્વે માટે સંપ્રદાયમાં પૂજા વિધિ, નિત્ય નિયમો, યોગ્ય મંત્રો, કથાવાર્તા વગેરેનું બંધારણ કરવું અને તેમાં એકસૂત્રતા લાવવામાં સિંહ ફાળો સ્વામીનો છે.

ગોપાળાનંદ સ્વામીએ પૂજા પદ્ધતિના પાનાં અને શ્રી ધર્મદેવ, શ્રી ભક્તિમાતા, શ્રી હનુમંત, શ્રીકૃષ્ણ તેમજ શ્રી વિષ્ણુ પૂજાવિધિના ગ્રંથો તેમજ ષોડશોપચાર પૂજાવિધિ અને વિષ્ણુયાગ પદ્ધતિ લખ્યા છે. જે સાધુ-સંતો અને

હરિભક્તો માટે શાસ્ત્રોક્ત પૂજા માપદંડ સમાન છે. આ ઉપરાંત આ દિશામાં સ્વામીના બીજા નવ કાર્યો વિશેષ નોંધપાત્ર છે.

(૧) ત્યાગાશ્રમીના ધર્મો કર્યા.
(૨) નિત્યવિધિ વર્ણવી.
(૩) લાલજી સેવા માહાત્મ્ય સમજાવ્યું
(૪) આવાહન વિસર્જન મંત્ર શિખવાડ્યા
(૫) પાંચ વખત કથા-વાર્તા તથા ગોડીના નિયમ બાધ્યા
(૬) મહાપૂજા શરૂ કરાવી
(૭) હરિકૃષ્ણ મહિમા અષ્ટક આપ્યું
(૮) સહજાનંદ સ્વામી મંત્ર આપ્યો
(૯) હનુમાનજીના મંત્રો આપ્યા

## ત્યાગાશ્રમી માટે ધર્મ

ત્યાગાશ્રમીઓના હિતાર્થે અને સત્સંગમાં એકસૂત્રતા લાવવા ગોપાળાનંદ સ્વામીએ ત્યાગાશ્રમીઓના ધર્મો વિષે મહારાજને પૂછ્યું જેના જવાબમાં પ્રભુએ ત્યાગાશ્રમીના ધર્મોનું સવિસ્તાર નિરૂપણ કરતા લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માનના દોષો તેમજ તેને જીતવાના ઉપાયો બતાવ્યા. આ સર્વે વૃત્તાંત શતાનંદ મુનિએ સત્સંગિજીવનના ચતુર્થ પ્રકરણમાં ત્યાગાશ્રમીઓના ધર્મામૃત અધ્યાય ૬૨થી ૬૭માં વર્ણવ્યો છે. આ ધર્મામૃત શ્રી મુખે સાંભળી ગોપાળાનંદ સ્વામી ઘણા પ્રસન્ન થયા હતા અને સ્વયં તેનો આ ઉપદેશ પ્રમાણે જ વર્તતા અને સર્વ ત્યાગી જનોને તે જ પ્રકારે વર્તાવતા.

ત્યાગાશ્રમીઓએ ધનસંચય કોઈ પણ પ્રકારે ન કરવો. એ ધર્મામૃતનો નિયમ પળાવવા માટે સ્વામીને ઘણું સહન કરવું પડ્યું હતું. કેટલાક સાધુ અને પાર્ષદો ધન સંચય કરતા. તે ગોપાળાનંદ સ્વામી, બીજા મોટા સંતો તેમજ આચાર્યોની જાણમાં લાવવામાં આવ્યું હતું. શ્રીહરિની આજ્ઞા પળાવવાની જેમના શિરે જવાબદારી હતી તેવા ગોપાળાનંદ સ્વામીએ આ વાતનો વિરોધ કરતા એક સમય એવો પણ આવ્યો કે વડતાલમાં બંને પક્ષના આચાર્યો અને ઘણા સંતો ભેળા થયા અને જેમના હાથમાં શ્રીજીમહારાજે બંને દેશના આચાર્યોના હાથ સોંપ્યા હતા અને જેમની આજ્ઞામાં, મરજીમાં રહેવા વળી વળીને સર્વને આજ્ઞા કરી

હતી તે ગોપાળાનંદ સ્વામીના ભગવાં ઉતારી ધોળા પહેરાવવાની તૈયારી થવા લાગી. પણ સ્વામી સિદ્ધાંતમાં અડગ રહ્યા અને સર્વે સાધુ વગેરેના સામાનની તલાશી કરવાનો નિર્ણય લેવાયો. ત્યાં તો રાત આખી બધાએ આઘું-પાછું કરવામાં ગાળી અને સવારે કંઈ તપાસમાં હાથ લાગ્યું નહિ. ભજનાનંદ સ્વામી કે જેઓ સારું વૈદું જાણતા અને એમાં સારા એવા પૈસા ભેગા કર્યા હતા. તેમના પટારામાં તપાસ કરતા ખાલી જણાયા. એટલે ગુણાતીતાનંદ સ્વામી આગળ ફરિયાદ કરી કે ભજનાનંદ સ્વામીના પટારા તો ખાલી હતા. નાહકની આ વખતે ઉપાધિ કરી. ત્યારે કુશાગ્ર બુદ્ધિવાળા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''કાંઈ ન હોય તો બે-બે પટારા રાખે શું કામ ?''

આમ ત્યાગાશ્રમીઓમાં ધનસંચયનો સડો પેસી ન જાય, તે માટે ગોપાળાનંદ સ્વામીએ પોતે આવી ઉપાધિઓ સહન કરીને પણ શ્રીજીમહારાજની આજ્ઞા પાળવા-પળાવવા ઉપર તાન રાખ્યું હતું.

## ત્યાગાશ્રમી માટે નિત્યવિધિ

ગઢડામાં એક કાર્તિક સુદ સપ્તમીએ વાસુદેવ નારાયણની સંધ્યા આરતી પછી શ્રીજીમહારાજને સભામાં બેઠેલા ગોપાળાનંદ સ્વામીએ લોકહિતાર્થે સર્વ ત્યાગી સાધુઓએ અવશ્ય અનુષ્ઠાન કરવા યોગ્ય નિત્યવિધિ વિષે પૂછ્યું. શ્રીજીમહારાજે સ્વામીને ટૂંકમાં નિત્યવિધિ કહી. જેમાં સંક્ષેપમાં સૂઈને ઊઠ્યા, મલોત્સર્ગ શુદ્ધિ વિધિ, દંતધાવન, સ્નાન, પૂજા, માળા, માનસીપૂજા, ભિક્ષા ઈત્યાદિક આહ્નિક નિત્યકર્મને વર્ણવ્યું. શ્રી શતાનંદ મુનિએ આ નિત્યવિધિનું સત્સંગીજીવન તૃતીય પ્રકરણના અધ્યાય ૨૮ના ૬૦ શ્લોકમાં વર્ણન કર્યું છે. ગોપાળાનંદ સ્વામીએ આ નિત્યવિધિનું આચરણ કરી સર્વેમાં આ વિધિ પ્રવર્તાવી.

## પાંચ વખત કથાવાર્તા ગોડીનો નિયમ

શ્રીજીમહારાજના દેહોત્સર્ગ પછી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી એક વાર વડતાલ પધાર્યા હતા. સૌ સાથેની ચર્ચામાં ગોપાળાનંદ સ્વામીએ સૂચન કર્યું કે, ''મહારાજ હતા ત્યારે તો તેમની મરજી મુજબ સવારે, બપોરે, સાંજે, અર્ધ રાત્રીએ સર્વ સંતોને બોલાવીને કથાવાર્તા કરતા પણ હવે આપણે જો નિયમ બાંધશું તો જ મુમુક્ષુ, વિષયી પામર

આદિક જનો કથાવાર્તા કરશે અને તો જ એમનું અંગ વૃદ્ધિ પામશે.'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે : ''મહારાજશ્રીએ જે નિયમ ઘડ્યા નથી તે કામ આપણે કરવાની જરૂર નથી. જેને કલ્યાણનો ખપ હશે તે તો પોતાની મેળે શ્રીજીમહારાજનું ભજન કરશે.'' એમ કહી નિત્યાનંદ સ્વામી પોતાને આસને ગયા.

ત્યાર બાદ કથા વાર્તાથી જન અટકતા ગોપાળાનંદ સ્વામીએ પ્રેમાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે : ''તમે શ્રીજીમહારાજના સમગ્ર સ્વાભાવિક ચરિત્રો જોયા છે, તમે કવિ છો, તો ચેષ્ટાનાં પદો કરી લાવો.'' પછી તો કેટલાક મુક્તાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીના પણ લીધાં. હવે નિયમિત પાંચ વખત કથાવાર્તા થવા લાગી. તેમાં એક દિવસ સભામાં સ્વામીએ કહ્યું કે : ''આપણે સર્વેને છેલ્લી કથા થઈ રહ્યા પછી મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વગેરે જે શ્રીજીમહારાજના ચરિત્રોનાં પદો છે તે સર્વે સંતોએ કંઠે કરીને નિરંતર રાત્રીએ બોલ્યા પછી શયન કરવું. આ પદો સમગ્ર સત્સંગીઓને પણ શીખવાડવાં, આથી સર્વે સંતો, હરિભક્તોને ચાર વેદ, ષટ્શાસ્ત્ર, પુરાણ, મહાભારત વગેરે સાંભળવારૂપ ફળ થાય છે. એમ કહી ચેષ્ટાના પદોના ખરડા તૈયાર કરાવ્યા.

આમ, સંપ્રદાયના શિખરબંધ મંદિરોમાં તેમજ હરિમંદિરોમાં પાંચ વખત કથા-વાર્તા તથા ગોડી બોલવાનો નિયમ ગોપાળાનંદ સ્વામીને પ્રયત્ને શરૂ થયો. જે આજ દિન સુધી પ્રવર્તેલો જણાય છે.

## મહાપૂજા

શ્રીજીમહારાજના ધામમાં ગયા પછી દાદા ખાચરને કેમ કરી શાંતિ થતી નહોતી. જેથી ગોપાળાનંદ સ્વામીને પગે લાગી કહેવા લાગ્યા કે : ''હે સ્વામી ! મને શાંતિ થાય અને મહારાજના વિયોગનું દુઃખ દૂર થાય તેવી કૃપા કરો. વળી મહારાજે લક્ષ્મીબાગમાં જે દિવ્ય સભાનાં દર્શન આપેલા તે દિવ્ય સભા મને યાદ આવે છે અને હું ગદ્ગદ્ બની જાઉં છું. મને એ દિવ્ય સભાના દર્શન પૂજન થાય એવો ઉપાય બતાવો.''

ગોપાળાનંદ સ્વામીએ દાદા ખાચરને લક્ષમાં રાખી દરેક હરિભક્તોને મહારાજની દિવ્ય સભાનું દર્શન પૂજન થાય તે રીતે મહાપૂજાનું આયોજન સંવત

૧૮૮૬ના જેઠ વદ એકાદશીને દિવસે, સવારના આઠથી અગિયાર વાગ્યા સુધીમાં ગોપીનાથજી મહારાજના મંદિરની આગળ કર્યું. આ વખતે બંને આચાર્યશ્રીઓ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ ધર્મવંશીઓ તથા મુકુંદાનંદવર્ણી બ્રહ્મચારીઓ, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો, ભગુજી વગેરે પાર્ષદો, દાદા ખાચર વગેરે હરિભક્તો મયારામ ભટ્ટ વગેરે ભૂદેવો, જયા, રમા, લલિતા વગેરે બહેનો બધી પોતપોતાના સ્થાને મર્યાદા પ્રમાણે આ શ્રીજીમહારાજની દિવ્ય સભામાં વિરાજમાન રહે તેવી રીતે સૌ પોતપોતાના સ્થાને બેસી ગયા.

હવે ગોપાળાનંદ સ્વામીએ પોતાના સ્વહસ્તે શ્રીહરિની દિવ્યસભામાં અંગભૂત વિરાજમાન એવા ધર્મવંશીઓ, વર્ણીઓ, મુનિન્દ્રો, ૨૪ અવતારો, વેદશાસ્ત્રધારી વર્ણીઓ, પાર્ષદો, સ્ત્રીભક્તો, અષ્ટસિદ્ધિ નવનિધિ, દશ દિગ્પાલ, નવગ્રહ વગેરેના અલગ-અલગ નામ સહિત સ્થાન નિર્દેશ કરી પટયંત્ર તૈયાર કરી તેના ઉપર સોપારીઓનું સ્થાપન કર્યું. સ્વયં ગોપાળાનંદ સ્વામીએ પોતે દાદા ખાચરના મુખ્ય યજમાનપદે વિરાજમાન થઈ મહાપૂજાનો પ્રારંભ કર્યો અને શામળિયા ચૈતન્યાનંદ સ્વામીએ પણ ભક્તરાજ અમરા ખાચરને આ પૂજા કરાવેલી.

સંવત ૧૯૦૧માં ગોપાળાનંદ સ્વામી જ્યારે જૂનાગઢ નિયમાનુસાર મહિનાની વાર્ષિક મુલાકાતે આવ્યા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામી તેમજ હરિભક્તોએ જૂનાગઢ દેશની આર્થિક નબળી પરિસ્થિતિને લીધે મંદિરની સેવાઓ બરાબર સચવાતી નથી. એમ વાત કરી કંઈક માર્ગ કાઢવા સ્વામીને વિનંતી કરી. સંવત્ ૧૯૦૧ જેઠ સુદી ૧૧ અગિયારસ, ભીમ એકાદશીના શુભ દિને ગોપાળાનંદ સ્વામીએ વસ્ત્રના એક કપડાં ઉપર મહાપૂજાનું યંત્ર દોર્યું. તે પર શ્રીહરિએ પોતાને આપેલા પ્રસાદીના શાલિગ્રામ શ્રીહરિકૃષ્ણ સ્વરૂપે પધરાવ્યા અને બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામી પાસે મહાપૂજાનો જૂનાગઢમાં પ્રારંભ કરાવ્યો. પૂજા સમાપન પછી સ્વામીએ આશીર્વાદ આપ્યા જે કોઈ પણ સત્સંગીને આધિ, વ્યાધિ કે ઉપાધિ થાય ત્યારે જૂનાગઢ મંદિરમાં મહાપૂજા કરાવવી જેથી તેમની સર્વ મનોકામના સિદ્ધ થઈ શાંતિ થશે. આ ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી જૂનાગઢ દેશના સત્સંગીઓની આર્થિક હાલત સુધરી અને ઠાકોરજીની સેવા પણ

ઘણી સારી રીતે થવા માંડી. આજે પણ ફક્ત બે જ રૂપિયામાં આ મહાપૂજા જૂનાગઢ મંદિરમાં થાય છે.

## શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટકમ્ (ગુજરાતી અનુવાદ)

(૧) સર્વમાં વ્યાપક અને સર્વના નિયંતા એવા જે શ્રી હરિકૃષ્ણ વાસુદેવ ભગવાન તે ધર્મદેવના ઘરને વિષે અવતરીને નીલકંઠરૂપે અનેક મનુષ્યોને પવિત્ર કરે છે. તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૨) જે શ્રીહરિની મૂર્તિને વિષે રહેલા તિલ તથા ચિહ્નો છે, તે ઉત્તમ ચુંબકમણિ જેમ લોહને ખેંચી લે, તેમ પોતાના ભક્તોના ચિત્તને ખેંચી લે છે; એવા ધર્મ પુત્ર શ્રીહરિનું, હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૩) જે શ્રીહરિના દિવ્ય અક્ષરધામને વિષે કેવળ શ્રીહરિની મૂર્તિને વિષે પ્રીતિવાળા એવા અક્ષરધામના અનંત મુક્તો, શ્રીહરિની સેવારૂપ ક્રીડા કરે છે અને જેના મુક્તો, ચક્રવર્તી રાજાના પુત્રોની પેઠે સર્વ દેવ ઈશ્વરોએ પણ માન આપવા યોગ્ય છે; તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૪) અદ્ભુત અને ઘણીક શોભાવાળા એવા શ્રીહરિના મુખરૂપી કમળને વિષે ભક્તજનોના નેત્રોરૂપી ભમરાઓ, માન સરોવરમાં કમળોના સમૂહને વિષે જેમ હંસો રહે છે તેમ નિવાસી કરી રહે છે; એવા મુખારવિંદવાળા ધર્મપુત્ર શ્રી હરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૫) જે શ્રીહરિ આ લોકને વિષે અમૃત થકી પણ ઉત્તમ એવા પોતાના માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશ વડે, જેમ સારા સ્વભાવવાળી ગાય દૂધ વડે પોતાના વાછરડાંઓનું પોષણ કરે, તેમ પોતાના ભક્તોનું પોષણ કરે છે; તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૬) જે શ્રીહરિના પ્રગટ થવાથી પાખંડ ધર્મવાળાઓ, શક્તિમાર્ગવાળાઓ અને બીજા જે ધર્મના દ્વેષીઓ હતા, તે સૂર્યના ઊગવાથી જેમ ઘૂવડ સંતાઈ જાય તેમ સંતાઈ ગયા, તેવા પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૭) તળાવને વિષે પોતાના જીવનરૂપ જળમાં જેમ માછલાં રમે છે, તેમ પૃથ્વી પર ઘણા ભક્તોએ અતિ પ્રેમથી સેવેલા એવા શ્રીહરિના ચરણકમળને

વિષે, અક્ષરધામના મુક્તોના ચિત્તરૂપી ભમરાઓ અખંડ લીન રહે છે, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

(૮) જે શ્રીહરિનું સુંદરપણું આદિક ગુણોનો પાર શેષ વગેરે પણ પામતા નથી, અને જે શ્રીહરિના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય અક્ષરધામના સુખને પણ અંતઃકરણમાં ઈચ્છતા નથી, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું.

શ્રી ધર્મદેવના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે, તેમના મહિમાને જણાવનારું સર્વથી ઉત્તમ એવું આ અષ્ટક ગોપાળાનંદ મુનિ નામ છે જેનું એવા અમે રચેલું, તેને જે મનુષ્ય આ લોકને વિષે કહેશે અથવા સાંભળશે તે પોતે બ્રહ્મરૂપ થાશે ને ધર્મપુત્ર શ્રીહરિની પ્રસન્નતાને નિશ્ચે પામશે.

## સહજાનંદ સ્વામીનો મંત્ર

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓને આધિ, વ્યાધિ કે ઉપાધિ આવી પડે, ત્યારે શુદ્ર દેવ-દેવીનો જાપ ન કરવાની આજ્ઞા કરેલ છે. તેવા ભક્તોના હિતાર્થે ગોપાળાનંદ સ્વામીએ નીચે મુજબના સહજાનંદ સ્વામીના મંત્રનો જાપ કરવા કહ્યું છે જેથી સર્વ સંકટો નષ્ટ થાય છે.

ॐ हाँ हूँ ऊँ ठ ह्रीं
पत्रे पत्रे दैवानां
लँ भूते द्वीपे ह्रीं
सौँ गौँ त्रां
योगपीवात्मानं ह्रां
हुँ भगवते ग्लां
महाष्ट योग सिद्धि मां
पदात्रे श्री सहजानंद
परमात्मने नमः
ऊँ ठँ भँ एँ ञ् ऊँ

વિધિ :

(૧) મંત્રજાપનો આરંભ મંગળવારના દિવસે કરવો અને પંદર દિવસમાં દશ હજાર જાપ કરવા.

(૨) જાપ મંદિર અથવા પવિત્ર એકાંત જગ્યામાં બેસી ઘીનો દીવો અને સુગંધી ધૂપ સાથે કરવો.

(૩) જાપ કરનારે સ્ત્રીના હાથનું બનાવેલ ભોજન જમવું નહિ. બ્રાહ્મણના હાથનું અથવા પોતાને હાથે બનાવેલ ભોજન જમવું.

(૪) જાપ કરનારે ઉપવાસ કરવો એટલે દૂધ અથવા ફળાહાર લેવું અને અશક્ત હોય તેણે એકવાર ભોજન જમવું.

(૫) જાપ કરનારે સંસાર વ્યવહાર કાર્યનો, આળસનો, દિવસની નિદ્રાનો અને સ્ત્રી સંગનો ત્યાગ કરવો.

(૬) જાપ કરનારે કોઈની નિંદા કરવી કે સાંભળવી નહિ અને મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવો.

પવિત્ર બ્રાહ્મણ પાસે પણ આ જાપ કરાવી શકાય.

## ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-મંદિરોમાં

એક વાર મહારાજ વડતાલમાં જોબનપગીની મેડી ઉપર સભા કરીને બેઠા હતા અને બોલ્યા જે : ‘‘ચાલો અમારે ઘેર જાવું છે.’’ તે સાંભળી જોબનપગી બોલ્યા જે : ‘‘હે મહારાજ ! તમારું ઘર વળી ક્યાં છે ?’’ ત્યારે મહારાજે કહ્યું જે : ‘‘અહીંથી ઉગમણે કોરે આંબલો છે ને ત્યાં પાંચસો પરમહંસ બેઠા છે તે અમારું ઘર છે.’’ મહારાજને આવતા દેખીને સાધુઓ ઊભા થયા ને મહારાજને બેસવા માટે ચાર-પાંચ ધાબળીઓ પાથરી આપી. તે ઉપર મહારાજ બેઠા ને આગળ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા મહાનુભાવાનંદ સ્વામી વગેરે ઘણા સંત હરિભક્તો સભા કરીને બેઠા.

અહીં મહારાજે વાત કરી જે : ‘‘આપણે મંદિર કરીએ તો ઉપાસના રહે ને હજારો જીવનો મોક્ષ થાય.’’ ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે : ‘‘મહારાજ, મંદિર કરીએ ત્યાં બાઈઓ પાણી ભરવા આવે ને દળણું દળવા તથા વાશીદું કરવા પણ આવે તે ઠીક નહિ.’’ ત્યારે મહારાજ કહે જે : ‘‘સ્વામી આપણે

મંદિરમાં દળવા માટે ઘંટલો રાખશું, તે બળદથી દળશે. કૂવો ભંડાર પાસે જ કરશું તે આઘે પાણી લેવા જાવું ન પડે. ખળીમાં સાધુ દાણા સમા કરશે ને પાળાઓ વાશીદું કરશે. એમ મંદિર તો ગામ વચ્ચે વન જેવું થાશે ને બાઈઓનો પ્રસંગ નહિ રહે. જેમ જગતના વેરાગીઓ ગામ બહાર જગ્યા કરે તો પણ તેમાં કુસંગ ઘણો ને બાઈઓનો પ્રસંગ હોય છે તેમ આપણે નહિ થવા દઈએ.'' આ સાંભળી મુક્તાનંદ સ્વામી હાથ જોડીને બોલ્યા કે : ''ભલે મહારાજ, તમારું વચન સત્ય થાઓ ।'' પછી મહારાજે પ્રથમ અમદાવાદમાં મંદિર કરવાનો નિર્ણય કર્યો અને આનંદ સ્વામી પાસે મંદિર કરાવ્યું.

## નરનારાયણદેવને મંદિરો ગમે છે

મંદિર કરવાનો પોતાનો સંકલ્પ સૌને આમ જણાવીને કોઈ એક દિવસ ગઢડામાં મહારાજ રાત્રીએ પોઢ્યા હતા. તે અરધી રાતે જાગ્યા અને પાર્ષદો ભેળા મુક્તાનંદ સ્વામીના આસને ગયા. મહારાજે મુક્તાનંદ સ્વામીને પોતાને આવેલા સ્વપ્નની વાત કરી કે : ''સ્વામી ! અમને ભરનિદ્રામાં સર્વ અવતારો દેખાણા ને તે અમને કહેવા લાગ્યા જે અમે સર્વ તમારી પાસે રહેશું. તમે ગામોગામ ધામ બાંધજો અને અમને સ્થાપન કરો તે સારું અમે આપને વિનંતી કરવા આવ્યા છીએ.'' પછી મહારાજ આગળ બોલ્યા જે : ''સ્વામી ! વળી દેખાણું જે, અમે મોટા ધામ બાંધ્યાં ને માંહી ભગવાનની મૂર્તિઓ બેસારી ને ગામોગામ સાધુને રહેવા સારું ધર્મશાળાઓ કરાવી ને એકાંતિક ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્ત્યો.'' મુક્તાનંદ સ્વામી કહે કે : ''બહુ સારું દેખાણું મહારાજ, ને તમારો સંકલ્પ થશે તેમ જરૂર થાશે.'' આમ એકાંતિક ધર્મ પૃથ્વી પર ફેલાવવા મહારાજના સંકલ્પે કરીને મંદિરોની સ્થાપનાઓ થઈ.

વળી એક સમયે ગઢડામાં શ્રીજીમહારાજે સત્સંગિજીવન પુસ્તકની પૂજા કરી પોતાના માથે લીધું અને લક્ષ્મીવાડીમાં માટે પધરાવવા ચાલ્યા. આગળ આત્માનંદ સ્વામી તથા જયાનંદ સ્વામી ''સખી ગોકુળગામના ચોકમાં રે'' ગાતા ગાતા જાય અને બીજા ઝીલે. મહારાજ પછી ઓટાથી ઉત્તરાદિ કોરે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સામો આંબો હતો ત્યાં બાઈઓ બેઠી. નિષ્કુળાનંદ સ્વામી કેળોના થંભ રોપીને સુંદર મંડપ તૈયાર કરતા હતા. તે સભામાં મહારાજ બહુ દિલગીર થયા અને આંખોમાં આંસુ લૂછ્યાં ને એમ બોલ્યા જે, ''કોઈને સંશય

થાય જે કેમ મહારાજ દિલગીર થયા ? તેના ઉત્તર કરીએ છીએ કે આ સૌને વાંસે રોવાવાળા છે અને અમારે કોઈ રોવાવાળો નથી માટે અમે અમારું રોઈ લીધું અને બીજાને વાંસે ખરચ કરવાવાળા છે, અને અમારે ખરચ કરવાવાળો નથી માટે બ્રાહ્મણ જમાડ્યા અને સાધુને જમાડ્યા, એ અમારું ખરચ કરી દીધું ને બીજાને વાંસે દેરી ચણાવવાળા છે ને અમારે દેરી કરે એવો કોઈ નથી માટે મંદિર કરાવ્યાં, તે અમારી દેરી છે અને ગોપીનાથ તથા નરનારાયણ પધરાવ્યા છે, તેમાં અમે રહીશું."

એક વાર મહારાજ ગઢડામાં ગંગાજળિયા કૂવા પાસે ચાકળી ઉપર વિરાજમાન હતા અને સર્વે સાધુ બેઠા હતા. પછી મહારાજે કહ્યું કે, ''આપણે મંદિર ક્યાં ક્યાં ગામમાં હોય તો ઠીક અને કેટલાં હોય તો ઠીક ?'' સાધુઓએ અમદાવાદ, વડતાલ આદિક નામો કહ્યા. પછી બાઈઓને પૂછતાં તેમણે કહ્યું કે, ''ગઢડામાં તો મહારાજ રહ્યા છે એટલે ત્યાં તો અચૂક મંદિર કરવું જ, પણ વધુ મંદિરો કરવા નહિ કારણ કે અયોધ્યાવાસીઓનું ખરચ પણ પૂરું કરવું જોઈએ.'' એ વાત સાંભળી મહારાજ કહે કે, ''બાઈઓ બહુ ડાહ્યાં કેમ જે આપણે અયોધ્યાવાસીઓના ખરચની ખબર નહિ અને બાઈઓએ યાદ દેવડાવ્યું.'' પછી મહારાજે માળા હાથમાં લીધી અને એમ બોલ્યા કે, ''નરનારાયણને ઝાઝા મંદિર ગમતાં હોય તો બેકી આવે અને થોડાં ગમતાં હોય તો એકી આવે.'' એમ કહીને માળા ફેરવી, ત્યાં તો બેકી આવી. પછી કહ્યું જે, ''આ તો બેકી આવી. ત્યારે ભરને ગામોગામ મંદિર થાય !''

મંદિરોમાં શ્રીજીમહારાજે પોતાનું તેમજ પોતાના સંકલ્પ સ્વરૂપોનું સ્થાપન કર્યું. તે સાથે જ પંચાયતન દેવોનું સ્થાપન કરવાની પ્રથા કરી જેથી કરીને બહુજન સમુદાય નૈમિષારણ્ય તુલ્ય મંદિર સ્થાનકમાં આવે. અહીં આવી પ્રજા પ્રભુના દર્શન કરી શકે, સંતોનો સમાગમ કરી શકે, કથા-વાર્તા-કીર્તન, સમૈયા-સત્સંગનો લાભ લઈ મોક્ષ માર્ગે જઈ શકે. આવા મંદિરોના નિર્માણમાં કોઈ એક મોટા સંત જેવા કે આનંદાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓનું નેતૃત્વ જરૂરી હતું. તેમજ આ મંદિરોના નિર્માણ અને નિભાવના વિવિધ પાસાઓમાં અનેકનું યોગદાન રહેતું. અમુક યોગદાનો જાહેર થતા અને અમુક યોગદાનો નોંધાયા વગરના રહેતા પણ શ્રીજીમહારાજથી અજાણ્યું કંઈ જ હોઈ શકે નહિ. મહારાજે કહ્યું પણ હતું કે હું મારા સંકલ્પે કરીને ધારું તો સોનાનાં મંદિરો બહાર કાઢું

પણ પછી તમે મારા માટે શું કરશો ? જેમ ગઢડા મંદિરમાં એક શેરનો પાણો નાખનારનું મહારાજે કલ્યાણ કર્યું; અનેક ભૂતોનો મોક્ષ કરવા ગઢડા મંદિરના પાયા પૂરવાનું કામ કરાવ્યું, કળશી ભગતના તેર પૈસા સ્વીકારી મંદિરનું ભારણું પૂરું કર્યું, કોઈક ગાડાની સેવા તો કોઈકે જમીનની સેવા કરી કલ્યાણ સાધ્યું. આમ મંદિર બાંધકામ એ કલ્યાણ સાધવાનું કારણ બન્યું.

સામાન્ય રીતે મંદિર બાંધવા માટે નીચેની બાબતો જરૂરી છે.

(૧) મંદિર બાંધવા ત્યાંના સ્થાનિક લોકોની ઉત્કટ ઈચ્છા.

(૨) મહારાજની અથવા મોટા સંતની મંજૂરી.

(૩) મંદિર યોગ્ય જમીન.

(૪) રાજકીય સહકાર.

(૫) બાંધકામ યોગ્ય પથ્થર, ચૂના, લાકડાં અને પાણીની સવલત.

(૬) આર્થિક સહાય.

(૭) યોગ્ય શાસ્ત્રોક્ત મૂર્તિઓ અને તેની પ્રતિષ્ઠા.

(૮) મંદિર નિભાવ માટે આવકનાં સાધન

(૯) વહીવટ કર્તા મહંત, કોઠારી અને સંતમંડળ

ગોપાળાનંદ સ્વામીનું મંદિરોના આ વિવિધ પાસાઓમાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. સમય અને સ્થાનની જરૂરિયાત મુજબ સ્વામીએ ક્યાંક મંદિરો શરૂ કરાવ્યાં, ક્યાંક રૂકાવટો દૂર કરી, ક્યાંક વરસાદ વરસાવ્યો, ક્યાંક સાધુ સેવકો પહોંચાડ્યા, તો ક્યાંક મૂર્તિ પ્રતિષ્ઠા કે પંચાયતન દેવોની પ્રતિષ્ઠા કરી. સ્વામીની ૪૪ વર્ષની સત્સંગમાં હાજરી દરમિયાન અગણિત સ્થળોને સીધી કે આડકતરી રીતે સ્વામીની સહાય મળી હશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. અહીંયા આવા સ્વામીના મહત્ત્વના સ્થળોની વાત કરી છે.

૧. અમદાવાદ, ૨. મુળી, ૩. ભૂજ ૪. વડતાલ, ૫. ધોલેરા ૬. જૂનાગઢ, ૭. વડોદરા, ૮. કલાલી, ૯. ઉમરેઠ, ૧૦. સાળંગપુર, ૧૧. કમિયાળા, ૧૨. બોટાદ, ૧૩. ટોરડા, ૧૪. ઈડર, ૧૫. ગોંડલ, ૧૬. ખંભાત, ૧૭. ભરૂચ, ૧૮. માણસા, ૧૯. ભાયાવદર, ૨૦. બારપટોળી, ૨૧. ઝોળ, ૨૨. ધોળકા, ૨૩. કાંકરિયા, ૨૪. આટકોટ, ૨૫. નર્મદા નદી, ૨૬. આણંદ, ૨૭. જામગુંદાળા, ૨૮. ભૂરખિપી, ૨૯. ગઢપુર, ૩૦. ભોયકા, ૩૧. પોલારપુર, ૩૨. હિંગળાજીપા.

## વડતાલમાં સાધુની ધર્મશાળામાં સ્વામીનું આસન હતું તે ધર્મશાળામાં શ્રીહરિ બહુ વીચર્યા છે

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી વડતાલ આવે ત્યારે સાધુની ધર્મશાળામાં જ ઉતરવાનો આગ્રહ રાખતા. આ ધર્મશાળામાં નંદસંતો પૂજાપાઠ, સદ્‌ગ્રંથોનું વાંચન અને લેખન કાર્ય કરતા. અહીં જ સંતોની પંગતમાં શ્રીજીમહારાજે અનેકવાર સ્વહસ્તે પીરસ્યું છે. આવી પ્રસાદીભૂત જગ્યામાં શ્રીજીમહારાજનું વિચરણ કુલ ૪૯૬ વાર મહિમાગ્રસ્ત સંતો વડે નોંધાવેલું છે. (સ્વામિનારાયણ સત્સંગ, ડિસેમ્બર-૨૦૦૪ પા. ૨૭) આવી પ્રસાદીની જગ્યામાં ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીના આસન હતા. જયાં બંને સદ્‌ગુરુ દર્શન દેતા. સંવત ૧૯૧૨, અષાઢ સુદ-૪ સોમવારના મહામંગળકારી દિવસે 'સત્સંગિજીવન'ની પહેલી વહેલી પારાયણ રઘુવીરજી મહારાજે આ ધર્મશાળામાં જ્યાં ગોપાળાનંદ સ્વામી વગેરેના સિંહાસન છે ત્યાં કરી હતી. વક્તા ઉપરાંત મહત્ત્વના મુદ્દાઓ રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવ્યા. સવારે, સાંજે અને રાત્રે એમ દિવસમાં ત્રણ વાર ચાતુર્માસના પૂરા પાંચ માસ અને અગિયાર દિવસ આ કથા યજ્ઞ અભૂતપૂર્વ રીતે ચાલ્યો હતો. આ સમય દરમિયાન જેમને જે ખાવા-પીવાની વસ્તુ જોઈએ તે કોઠારમાંથી વગર નામું લખાવે મળતી. આ સ્થાનમાં શ્રીહરિની મૂર્તિઓ અને ઘણી પ્રસાદીની વસ્તુઓ પધરાવેલી છે. (પ્રતિ વર્ષે આચાર્ય મહારાજશ્રી નવા સંતોને સંત દીક્ષા પણ આ ગોપાળાનંદ સ્વામીના પ્રસાદીના આસને વિધિવત આપે છે.)

## પૂ. સ્વામીએ વડોદરામાં શંકર ભગવાનની પ્રતિષ્ઠા કરી

એક વાર ભાયાવદરવાળા રામજી જોષી (મહાપુરુષદાસજી સ્વામીનું પૂર્વાશ્રમનું નામ) વડતાલ ગોપાળાનંદ સ્વામીના સમાગમે ગયા હતા. થોડા દિવસ પછી સ્વામી વડોદરે આવ્યા ત્યારે તેઓ પણ સ્વામી સાથે વડોદરે આવ્યા. વડોદરા મંદિરમાં શંકરના દેરામાં શંકર પધરાવવાના હતા એટલે હરિભક્તો સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ રામજી ભગત પાસે મુહૂર્ત કઢાવ્યું તે મુહૂર્તના દિવસે સત્સંગી સર્વે ભેગા થયા અને તેમણે સ્વામીને કહ્યું કે, ''વેદિયા બ્રાહ્મણોને

બોલાવવા જોશે.'' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ''અમારા ભેગો આઠ વેદોનો ભણેલો બ્રાહ્મણ છે તે વેદ બોલશે.'' સ્વામીએ રામજી ભગતને વેદ ભણવા કહ્યું એટલે તે તો ''વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે બોલ...'' એમ વંદુના આઠ કીર્તન બોલ્યા. સ્વામીએ મહાદેવ પર દૃષ્ટિ સાંધી ત્યાં તો મહાદેવનું બાણ હલવા માંડ્યું, સ્વામી કહે કે : ''લ્યો મહાદેવજી વેદ સાંભળતા જ દેરામાં પધાર્યા.'' એમ બોલી સ્વામીએ જાતે મહાદેવના બાણને એ દેરીમાં પધરાવી દીધું.

## કલાલીમાં પૂ. સ્વામીએ લાલજીને પધરાવ્યા

કલાલી ગામમાં પહેલા બાળસ્વરૂપ માખણિયા લાલજીની મૂર્તિવાળું મંદિર હતું અને એમાં કોક બાવો રહી પૂજા વગેરે કરતો. ગોપાળાનંદ સ્વામી કલાલી ગામમાં આવતા થયા ત્યારથી ત્યાં સત્સંગીઓ વધવા લાગ્યા અને બાવો જૂનું મંદિર છોડી રાત માથે લઈ કોઈને કંઈ કહ્યા વગર જતો રહ્યો. લાલજી હવે અપૂજ રહેવા લાગ્યા એટલે ગામ લોકો લાલજીને લઈ શ્રીજીમહારાજ પાસે વડતાલ આવ્યા. ગામ લોકોએ વાત કરી કે લાલજીની સેવા કરવાવાળું હવે કોઈ નથી માટે આપ લાલજીને રાખો. શ્રીજીમહારાજે પોતાના હાથમાં લાલજીને લઈ ખૂબ રમાડ્યા અને દૂધ પાયું અને કહ્યું કે, ''લાલજીને પાછા કલાલી લઈ જાઓ.'' ત્યારે કલાલીના હરિભક્તોએ કહ્યું કે, અમારે ત્યાં નિયમિત લાલજી માટે થાળ કરવાની તકલીફ છે. મહારાજે કહ્યું કે, ''અહીંથી એક સંતમંડળ ભેળું લઈ જાઓ, એ સેવા કરશે.'' હરિભક્તો કહે કે : ''મહારાજ, જ્યાં થાળની તકલીફ છે ત્યાં સંતમંડળને સાથે લઈ જઈને પોષણ કેમનું કરશું ?'' ત્યારે શ્રીહરિ હસતા હસતા બોલ્યા કે : ''આ લાલજી તો બહુ બળિયા છે. તે લાડવા ખાશે અને ખવડાવશે માટે ચિંતા છોડો.'' હરિભક્તો શ્રીહરિની આજ્ઞાથી લાલજીને ટોપલામાં પધરાવી પાછા કલાલી લાવ્યા. ગોપાળાનંદ સ્વામીએ લાલજીને પૂર્વવત મંદિરમાં પધરાવ્યા અને દૈનિક સેવાભાવના શરૂ કરાવી. ધીરે ધીરે, થોડી થોડી જમીન કરતા આજે મંદિર પાસે સો વીઘા ઉપર ઉપજાઉં જમીન છે અને મંદિર આર્થિક રીતે શ્રીજીમહારાજના આશીર્વાદથી ઘણું જ સધ્ધર છે.

આ લાલજી મહારાજ આગળ ગોપાળાનંદ સ્વામી સાથે પધારી પ્રેમાનંદ સ્વામીએ પણ કીર્તનો ગાયા છે. પ્રેમાનંદ સ્વામી જ્યારે સિતાર વગાડતા

ભાવવિભોર થઈ કીર્તનો ગાતા ત્યારે લાલજી મહારાજ સિંહાસન ઉપરથી નીચે આવીને સ્વામી આગળ નાચવા લાગતા.

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા,
જરકસિયા જામા પે'રીને, ગૂઢો રેંટો કટિ કસતા, ક્યારે હવે...
ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા, ક્યારે હવે...
મુનિવર સારું રસોઈ કરાવીને, પંગતમાં પિરસતા. ક્યારે હવે...
પ્રેમાનંદ આગે ગાયે તારે, આવે ઓરા ઓરા ખસતા. ક્યારે હવે...

ગોપાળાનંદ સ્વામી જ્યારે પણ કલાલી પધારતા ત્યારે વિશ્વામિત્રી નદી જે ગામને પાદરેથી વહે છે તે જગ્યાએ અષ્ટાંગયોગની સાધના અને સ્નાન ઈત્યાદિક કરતા, હાલમાં તે જગ્યા ''સંતીઓ આરો'' તરીકે પ્રખ્યાત છે.

ગામમાં એક ચોરા જેવું જે ગામત લાલજીનું મંદિર હતું અને પ્રવેશદ્વાર ઘણો તોતિંગ હતો અને એમાં બંગલી જેવું હતું જેમાં ગોપાળાનંદ સ્વામી ઉતરતા. આ ઓરડી ઘણી મોટી હતી એટલે ગામના હરિભક્તો સાથે અહીં આનંદથી કથા-વાર્તા થતી. આ બંગલી ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીની જાણી રીપેર કરાવી કલાલી મંદિરે સાચવી છે એની ઓસરી પણ ઘણી મોટી છે જેમાં આવતા જ સામે તળાવ દેખાય છે. આ બંગલી સાથેનો પ્રવેશદ્વાર ગોપાળાનંદ સ્વામી મોક્ષદ્વાર કલાલી નામે ઓળખાય છે. આજે અહીં સુંદર પ્રસાદીનું મંદિર છે.

## ઉમરેઠ ગામમાં પૂ. સ્વામીશ્રીનું યોગદાન

વિક્રમ સંવત ૫૫૫ની સાલમાં લેઉઆ પાટીદાર જૂહા પટેલે ઉમરેઠ ગામ વસાવેલું છે. (૧૫૧૮ વર્ષ - ઉમરેઠ વસ્યાને આજે થયા છે.) માત્ર આઠ કુટુંબના વસવાટથી વસેલા આ ગામના ચાર ખૂણામાં ચાર તળાવો; મલાવ સરોવર, પીપળિયા સરોવર, રામ સરોવર અને વડુ સરોવર છે. આમ તો આ શહેર ચરોતર પ્રદેશનો ઉંબરો કહેવાય છે. સંવત ૧૮૫૫ના ફાગણ સુદ ૧૧ના શુભ દિવસે શ્રી નીલકંઠ વર્ણી પ્રથમવાર ઉમરેઠ પધારી અને જાગનાથ મંદિરમાં રાત્રિવાસ રહ્યા હતા.

શ્રીજીમહારાજે સંવત ૧૮૮૫ના દ્વિતીય અષાઢ વદ-૧ (રવિવાર, તા. ૨૭-૭-૧૭૨૮)ના રોજ પત્ર લખાવ્યો હતો કે, હવે અમારે બીજા મંદિર કરાવવા નથી. ગામોગામ મંદિર કરાવવાની પહોંચ હોય તો શિક્ષાપત્રીને અર્થે મંદિર

કરાવવા ને તેમાં શિક્ષાપત્રી પધરાવવી, પૂજા કરવી અને કથા-વાર્તા કરવી. આ કાગળના થોડા જ સમયમાં શ્રીહરિએ આપેલી શિક્ષાપત્રી લઈને ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ આવ્યા. તે સમયે મંદિરનું બાંધકામ ચાલતું હતું. સંપ્રદાય પરત્વે દ્વેષ રાખનાર વિઘ્ન સંતોષી માણસોએ મંદિરના બાંધકામમાં ઘણાં વિઘ્નો કરેલાં પરંતુ ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે ગોપાળાનંદ સ્વામીએ બધાં વિઘ્નો દૂર કરાવીને મંદિરનું કામકાજ ચાલુ રખાવ્યું. જોતજોતામાં મંદિર તૈયાર થઈ ગયું અને સ્વામીશ્રીએ શ્રીહરિની પ્રસાદીભૂત તે શિક્ષાપત્રી પધરાવી સંવત ૧૮૯૫ના વૈશાખ સુદ-૧૦ના બુધવારે પ્રતિષ્ઠા કરી પૂજાવિધિ અને ઉત્સવ કર્યો. આરતી ઉતારીને શ્રીહરિએ જ આજ્ઞા કરી હતી તે સર્વે સત્સંગીઓને સંભળાવી. તે પ્રમાણે વર્તવું તેવો ઉપદેશ આપ્યો.

ઉમરેઠ મંદિરની વિશિષ્ટતા એ છે કે આ મંદિરની જગ્યાનો દસ્તાવેજ શ્રીજીમહારાજના પોતાના નામનો અને માલિકીનો પ્રથમ દસ્તાવેજ છે. આ દસ્તાવેજના એક સાક્ષી નરભેરામ દવે હતા. તેમને ઘેર ઉમરેઠમાં મહારાજ દશ વાર પધાર્યા હતા અને કુલ ૨૧ દિવસ રહ્યા હતા, હાલમાં તેમની સાતમી પેઢીના વંશજ હર્ષદભાઈ રતિલાલ દવે છે. ઉમરેઠ સત્સંગ મુખ્યત્વે ગોપાળાનંદ સ્વામીને પ્રતાપે વધ્યો અને સ્થાયી થયો. નિત્યાનંદ સ્વામી પણ અહીં વારંવાર પધારતા. શ્રીજીમહારાજ પણ કુલ ૧૪ વાર ઉમરેઠમાં પધાર્યા છે. આ બધાના ફળ સ્વરૂપે આજે ઓડ બજારમાં સ્વામિનારાયણ ચોકમાં ઘનશ્યામ મહારાજ અને રાધાકૃષ્ણ દેવ શુકમુનિએ બંધાવેલ મંદિરમાં બિરાજે છે. અહીંનો સભાખંડ પાછળથી સુખાનંદ સ્વામીએ બંધાવેલ છે. હાલ મંદિરમાં જે જગ્યાએ ગોપાળાનંદ સ્વામી યોગસાધના કરતા એ મહાપ્રસાદીની ઓરડી ગોપાળાનંદ સ્વામીની ગોળની માનતા માટે પ્રખ્યાત છે. લોકો પોતાનું ઈચ્છિત કાર્ય થવા માટે અને દુઃખો દૂર કરવા અહીં આવી ગોપાળાનંદ સ્વામીની ગોળની માનતા માને છે. વર્ષ ૨૦૧૦માં આશરે છ લાખના રૂપિયાના ગોળની માનતા મનાઈ હતી જે આજપર્યંત ચાલુ છે. તે સ્વામીના પ્રતાપનો જાગતો પૂરાવો છે. આ ઉપરાંત વેદપુરુષ હરિ શર્માની સાતમી પેઢીના વંશજ જગદીશચંદ્ર ભાનુપ્રસાદ શુક્લ પાસે ગોપાળાનંદ સ્વામીની ટોપી છે. ઉમરેઠમાં આવી મહામૂલી મહારાજ અને સ્વામીની ઘણી પ્રસાદીની વસ્તુઓ છે. શ્રીહરિ અને ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર બાપુભાઈ ભટ્ટના વંશજ સ્વામીશ્રીની ઓરડીનો જીર્ણોદ્ધાર સંવત ૧૯૯૬માં કરાવી અને સુંદર

સિંહાસન કરાવ્યું છે. તે ઉપરાંત ''ગોપાળાનંદ સ્વામી પુસ્તકાલય''ની પણ શરૂઆત કરી છે. ત્યારથી માંડીને આજ દિન સુધી સ્વામીના પ્રાગટ્ય દિન નિમિત્તે ત્યાં ઉત્સવ થાય છે.

## ભૂરખિયા હનુમાનજીમાં ઐશ્વર્ય મૂક્યું

દામનગરથી લાઠી જવાના માર્ગ ઉપર આઠ કિલોમીટરના અંતરે ભૂરખિયા ગામ આવેલું છે જ્યાં શ્રીહરિ દાદા ખાચરને ભટવદર પરણાવીને વળતા ભૂરખિયા ગામે પધાર્યા હતા. તેથી ભૂરખિયા ગામ પ્રસાદીનું છે. એક વાર ગોપાળાનંદ સ્વામી ગામ ભૂરખિયા પધારેલા તે વખતે ગામના પાદરમાં જ્યાં ઉકરડા નખાતા હતા ત્યાં હનુમાનજી સૂતેલા પડ્યા હતા. તેમને જોઈને ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે કેમ સૂતા છો ? ત્યારે હનુમાનજી કહે શું કરું ઘણા દિવસનો ભૂખ્યો છું કોઈ સુખડી આપતું નથી ! ત્યારે સ્વામી બોલ્યા કે તમારે સુખડી જ જોઈએ છે ને તે તો મળી રહેશે, પણ ભક્તોના કામ કરવા માંડો. ત્યારથી હનુમાનજી બેઠા થયા ને ગામલોકોના કામ કરવા માંડ્યા તે આજે સ્વામીના પ્રતાપે ગામમાં મોટું શિખરબંધ મંદિર થયું છે ને ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો માનતા કરવા આવે છે અને તે મંદિરમાં પણ ટ્રસ્ટીઓએ મોટું બોર્ડ બનાવેલ (ઇતિહાસ) છે તેમાં ગોપાળાનંદ સ્વામીનો ઉલ્લેખ કરેલો છે. આજે ત્યાં યાત્રીઓને રહેવાની તથા પ્રસાદની મોટા પ્રમાણમાં વ્યવસ્થા છે. આ મોટા પુરુષનો પ્રતાપ છે.

## ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી

કમિયાળા (ભાલ) ગામમાં સં. ૧૮૯૧ની સાલમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરેલી તે હનુમાનજી બહુ ચમત્કારી છે ત્યાં પણ ભક્તજનો બહુ મોટી સંખ્યામાં આવે છે. જ્યાં શ્રીજીમહારાજ બત્રીસ વાર પધાર્યા છે ને મહાપ્રસાદીનું સ્થાન છે ત્યાર પછી ચૌદ વર્ષે સારંગપુરમાં સ્વામીએ હનુમાનજીની પ્રતિષ્ઠા કરી હતી. હાલ કમિયાળામાં મોટું શિખરબંધ મંદિર આકાર લઈ રહ્યું છે. જે શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદજી ધોલેરાવાળા કરી રહ્યા છે.

જામગુંદાળા ગામ જસદણ પાસે રાજકોટ જિલ્લાનું છે ત્યાં પણ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે.

કાંકરિયા સરોવરે શ્રીહરિએ ''ન ભૂતો ન ભવિષ્યતિ'' બ્રાહ્મણોની ચોરાસી કરી હતી તે પ્રસાદીની જગ્યાએ ગોપાળાનંદ સ્વામીએ બાલસ્વરૂપ હનુમાનજીની પ્રતિષ્ઠા કરેલી હતી. જે કારતક સુદ-૫ના રોજ દર્શને જવાનો સમૈયો છે ને ત્યાં પ.પૂ.ધ.ધુ. આદિઆચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજે ચરણારવિંદ પધરાવ્યા છે. તથા ભૂજ સ્વામિનારાયણ મંદિર (પ્રસાદી મંદિર) જૂનું ત્યાં ફળિયામાં સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે. જ્યાં આજે બહુ માનતાઓ ચાલે છે તથા હિંગળાજીઆમાં પણ સ્વામીએ પૂજેલા હનુમાનજી પધરાયેલા છે. ત્યાંની જમીનમાં પશુઓ, વટેમાર્ગુઓ વગેરે પાકને ખૂબ જ નુકસાન પહોંચાડતા જેથી કોઈએ મોહન સ્વામીને કહ્યું કે : ''સ્વામી, પાકને લોકો બહુ નુકસાન કરે છે માટે કંઈક ઉપાય કરો.'' ત્યારે તેમણે કહ્યું કે, ''દક્ષિણ દિશાના દેવ હનુમાનજી છે. તેમનું જો મંદિર થાય તો બધી બાબતે સુખ થાય.'' આ બાબતે વિચારતા ગોપાળાનંદ સ્વામીએ પૂજેલા શ્રી કષ્ટભંજન દેવ સારંગપુરનું નાનું સ્વરૂપ મળ્યું. જેમની સ્થાપના આત્માનંદ સ્વામીના શિષ્ય સંતદાસજીએ કરી.

ગઢપુર મંદિરમાં ધર્મભક્તિ વાસુદેવ મહારાજની પાસે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી હનુમાનજીની પ્રતિષ્ઠા કરી હતી.

(જે મૂળજી બ્રહ્માચારીરૂપે પધરાવ્યા છે. મૂળજી બ્રહ્મચારી હનુમાનજીનો અવતાર હતા.)

ખંભાતમાં મોટી ખારીકુઈમાં આવેલ શ્રીકૃષ્ણરામદાદાના મકાનમાં ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી પધરાવેલ છે. તાજેતરમાં આ મકાન ઘણું ખરું બંધ રહે છે એટલે તેમની પૂજા અર્ચનાનો લાભ લોકોથી લેવાતો નથી.

ટોરડામાં ગોપાળાનંદ સ્વામીના પ્રાગટ્ય સ્થાનનું માહાત્મ્ય પણ અનેકઘણું છે. મહાનુભાવાનંદ સ્વામીના શિષ્ય જિષ્ણુદાસજીના શિષ્ય વિષ્ણુપ્રસાદદાસજી અને તેમના શિષ્ય ગવૈયા યોગેશ્વર દાસજી અમદાવાદ મંદિરમાં હતા. સંવત ૨૦૦૧માં એક પરોઢિયે ચાર વાગ્યે ગોપાળાનંદ સ્વામીએ તેમને જગાડી આજ્ઞા કરી જે ટોરડે જઈ અને શિખરબંધ મંદિર કરો. જેથી આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ લઈને સ્વામી ટોરડામાં મંદિર બાંધવા આવ્યા. સ્વામી યોગેશ્વરદાસજીએ સંવત ૨૦૦૨ના વૈશાખ સુદી ત્રીજ (અખાત્રીજ)ને દિવસે ઠાકોર શ્રી દોલતસિંહજીને હાથે ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કરાવ્યું. શિલારોપણ વિધિ વૈશાખ વદ દશમને રોજ થઈ હતી અને મંદિરની જગ્યા પણ

દરબાર તરફથી ભેટ મળેલ છે. આ મંદિરના બાંધકામ માટે ટાટાટૂકાથી બે માઈલ આથમણી બાજુએ આવેલા પાદરા ગામમાં આવેલા આશરે ચારસો વર્ષ જૂના ખંડિયેર જૈન મંદિરના પથ્થરોનો સ્વામીએ ઈડરના મહારાજની પરવાનગી લઈ સદ્‌ઉપયોગ કર્યો હતો.

શિખરબંધ મંદિર થતું હતું ત્યારે ડુંગરપુરના સલાટો અહીં કામ કરતા હતા અને બે મહિનાની મજૂરી ચડી ગઈ હતી. સાધુ લક્ષ્મીનારાયણદાસજી અને સાધુ ગોપીનાથદાસજી સુરત ટીપ કરી નાણાં લેવા ગયા અને સ્વામી યોગેશ્વરદાસજીએ ઠાકોરને ગોપાળદાસજી સાધુને મોકલી મંદિરે તેડાવ્યા. સ્વામીએ ઠાકોરને પૈસાની તકલીફની વાત કરી પણ દરબારની ખાસ મરજી ન જણાતા સ્વામી ઘણા વ્યગ્ર થઈ ગયા. સ્વામીએ રાત્રે મંદિરની મૂર્તિઓ આગળ ફરિયાદ કરી પોતાની આર્થિક મુશ્કેલી જણાવી. બીજે દિવસે જ સંવત ૨૦૦૩ના શ્રાવણ સુદ ૧ એકમના રોજ ટોરડા ગામમાંથી વગર માગે ટીપ થઈ અને હાલ પૂરતો મજૂરી ચૂકવવાનો પ્રશ્ન દેવે ઉકેલી આપ્યો.

જ્યાં આજે સ્વામિનારાયણ શિખરબંધ મંદિર છે ત્યાં પહેલા સાતસો વર્ષ જૂનું મંદિર હતું. આ મંદિરમાં રાધાકૃષ્ણદેવની સ્થાપના ખુશાલ ભટ્ટે કરી હતી અને તેની આશરે અઢાર વર્ષ પૂજા પણ તેમણે કરી હતી. આ મૂર્તિઓ પ્રતાપી છે તે બોલી છે તેમજ દૂધ પણ પીધેલ છે એમ ખુશાલ ભટ્ટ કહેતા. એક વાર લોકોની દૂધ પીવડાવવાની ઈચ્છા જોઈ ભટ્ટજીએ દેવને દૂધ ધરી પડદો પાડી દીધો. પાંચ મિનિટ પછી પડદો ખોલતા દૂધનો પ્યાલો ખાલી દેખાયો. આવા ગોપાળાનંદ સ્વામીના પ્રસાદીના રાધાકૃષ્ણ દેવ ટોરડા મંદિરમાં પધરાવ્યા છે.

સંવત ૨૦૧૦માં અખાત્રીજે નવા મંદિરમાં બંને દેશના આચાર્ય શ્રી દેવેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા આનંદ પ્રસાદજી મહારાજના વરદ હસ્તે ભાગવત સપ્તાહ સાથે મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ થયો. તે વખતે દોલતસિંહજી પણ હાજર રહ્યા હતા. ઠાકોરે દોરડાના તેતરિયા કૂવા આગળની તેમજ જ્યાં ભાગવત સપ્તાહ ઊજવાઈ તે જમીન મંદિરના નિભાવ ખર્ચ પેટે આપી સૌનો રાજીપો લીધો. આશરે ૫૦,૦૦૦ હરિભક્તો, બંને દેશના સંતો, પાર્ષદો વગેરે સૌ બુંદીના લાડુનું જમણ જમ્યા. સવારે ૧૧ વાગ્યાથી પંગત થઈ તે રાતે ૧૨ વાગ્યે પૂરી થઈ. ઘરોઘર અને આવેલ દરેક હરિભક્તને પ્રસાદી આપવા છતાં આશરે ૨૦૦૦

લાડુ વધ્યા હતા. આમ ગોપાળાનંદ સ્વામીના સંકલ્પે અહીં શ્રીજીમહારાજ ગોપાળલાલજી સ્વરૂપે વિરાજમાન થયા.

## અષાઢી તોલથી વર્ષનો વર્તારો જોવાય છે

ગોપાળાનંદ સ્વામીનો મહિમા હાલ પણ ટોરડામાં હજુ એવો ને એવો જ છે. દર અષાઢી પૂર્ણિમાની રાત્રે અહીં 'અષાઢી તોલ' થાય છે. ગામના લોકો દરેક અનાજ, તેલિબિયાં, મનુષ્ય માટે લાલ માટી, પશુ માટે કાળી માટી વગેરે અડધો તોલો લઈ સોનીના કાંટે સોની લોકો મંદિરમાં તોલે છે. પછી તે વસ્તુઓ ભગવાનના વાઘામાં નવ પોટલીઓ બાંધી માટીના કોરા ઘડામાં મૂકી. ઉપર કોડિયું ઢાંકી દેવાય છે. તોલનો કાંટો અને વજનિયાં ઘડાની ઉપર જ મૂકી દેવામાં આવે છે. ઘડાનું મો રાધિકાજીની સાડીથી બાંધી દેવામાં આવે છે. આ ઘડો રાત્રે ગોપાળલાલજીના મંદિરમાં સિંહાસનમાં મૂકી દેવામાં આવે છે. બીજે દિવસે સવારે એટલે અષાઢ વદ પડવાને રોજ વસ્તુના વજનની વધઘટ ઉપર આગામી વર્ષની ખેતી વેપાર આસપાસનાં લોકો નક્કી કરે છે. આજ પર્યંત આ અષાઢી તોલના પરિણામ મુજબ જ થતું જોવા મળે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાનું ભોયકા ગામ, લીંબડીથી ૧૦-૧૧ કિમી. દૂર આવેલું છે. આ ભોયકા ગામનો મહિમા એવો છે કે, આશરે ૧૫૦ વર્ષ આસપાસ સ્વામિનારાયણ સંપ્રદાયના પાંચસો પરમહંસ માહેના સ.ગુ. સંત શ્રી ગોપાળાનંદ સ્વામીએ ભોયકા ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા કરેલ છે અને આ મૂર્તિમાં ગોપાળાનંદ સ્વામીએ અતિ દૈવત મૂકેલ છે. મૂર્તિ અતિ ચમત્કારી છે. આ મૂર્તિ સન્મુખ ઊભા રહીને સાચી શ્રદ્ધા વિશ્વાસથી સ્મરણ કરી પોતાના મનનો કોઈ પણ સંકલ્પ કરશે તેના સર્વે કાર્યોને હનુમાનજી મહારાજ પરિપૂર્ણ કરશે. તેવા ઐશ્વર્યવાળી મહાપ્રતાપી આ મૂર્તિ છે.

આ ભોયકા ગામમાં માલજીભાઈ સોની નામના એક હરિભક્ત રહેતા હતા. એક વાર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાંચ સંત-પાર્ષદો સાથે વિચરણ કરતા કરતા ભોયકા ગામમાં માલજીભાઈ સોનીને ત્યાં આવ્યા. તે વખતે માલજીભાઈ સોનીની પરિસ્થિતિ બહુ નબળી હતી. ત્યાં પોતાને ઘેર સંતો સહિત પૂ. સ્વામીશ્રી પધાર્યા. માલજીભાઈના ઘેર મહાપુરુષોનું આગમન થયું તે જાણી ખૂબ જ આનંદ

થયો. ગોપાળાનંદ સ્વામીને જમાડવાની ખૂબ જ ભાવના હતી. પરંતુ ગરીબાઈએ ઘરમાં માઝા મૂકી હતી. ઘરમાં કાંઈ નહિ હોવાથી બોલી શકતા નહોતા. ત્યાં અંતર્યામીપણે જાણીને સ્વામી બોલ્યા કે, ''માલજી ભગત કોઠલામાંથી ટાઢો રોટલો અને થોડું દહીં પડ્યું છે. તે લાવો ઠાકોરજીને ધરાવીએ.'' પછી માલજી ભક્ત ઘરમાં જઈને હરખભેર રોટલો ને દહીં લાવીને સંતોની આગળ ધર્યું. પછી સ્વામીએ માનસીપૂજા કરી મહારાજને થાળ ધરાવીને થોડું થોડું સંતોએ સહિત ઠાકોરજી જમાડ્યા. માલજીભાઈના મનનો સંકલ્પ જે સ્વામીને જમાડવાનો હતો તે સ્વામીએ સમયને અનુસરીને ભક્તનો સંકલ્પ પૂર્ણ કર્યો. ભક્ત ખૂબ રાજી થયા. સંતોને જમાડવાની પોતાનામાં શક્તિ ન હોવા છતાં સ્વામીએ ટાઢું અન્ન જમીને ભક્તનો ભાવ પૂરો કર્યો.

સ્વામી અને સંતો પોતાને ઘેર જમ્યા તેથી માલજી ભક્ત તો અતિ આનંદમાં આવી ગયા ને પોતાનું મન સ્વામીમાં ખેંચાણું. ને હેત બંધાયું અને સ્વામીને ગુરુ કર્યા. સ્વામીએ માલજીભાઈને વર્તમાન ધરાવ્યા ને કંઠી બાંધી. પછી સ્વામી ત્યાંથી વિચરણ અર્થે ચાલતા થયા ત્યારે માલજીભાઈ પણ સ્વામી સાથે જોડાયા. થોડો સમય સ્વામીએ માલજીભાઈને સાથે રાખીને પછી ઘેર જવાની રજા આપી. પણ માલજીભાઈનું મન સ્વામીથી અળગા થવું તે ગમતું નહતું. પરંતુ સ્વામીએ આગ્રહ કરીને કહ્યું કે : ''ભગત તમે સંસારી છો તે સુખેથી ઘેર જાઓ અને સંસારની જવાબદારી સંભાળો. અમે તમારા ઉપર ખૂબ જ રાજી છીએ અને હું તમને વચન આપું છું કે, ભોયકા ગામમાં હરિમંદિર બંધાવીશ ને તેમાં હનુમાનજી મહારાજની મૂર્તિ પધરાવીશ અને તેમાં અતિ દૈવત મૂકીશ. અમે પધરાવેલ જે હનુમાનજીની મૂર્તિનું જે કોઈ હરિભક્ત દર્શન કરશે, ભક્તિ કરશે, તેને અમો અક્ષરધામમાં તેડી જઈશું. જાવ ભગત ઘેર અમારું તમોને વચન છે.

થોડા સમય ગયા પછી સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સંતો સાથે ભોયકા ગામમાં ફરી વાર પધાર્યા ને મંદિર બંધાવી શ્રીહરિની પ્રતિમા પધરાવીને તેમના વચન પ્રમાણે અતિ પ્રતાપી ને ચમત્કારી હનુમાનજી મહારાજની મૂર્તિ પધરાવીને તેની સેવામાં માલજી ભક્તને રાખીને સ્વામી ત્યાંથી વિચરણ અર્થે બહારગામ ગયા. સ્વામીની આજ્ઞાથી માલજી ભગત સેવામાં ખૂબ તલ્લીન રહેતા તેથી

હનુમાનજી મહારાજ ખૂદ સાક્ષાત્ દર્શન દેતા, વાતો કરતા અને બાળકની માફક માલજી ભક્ત જોડે ગેડી દડે રમતા. આવો ઈતિહાસ તો માત્ર એક ભોયકામાં થયો જે પૂ. ગોપાળાનંદ સ્વામીની કૃપા. માલજીભક્ત સેવા પૂજા કરી દાદા સન્મુખ માળા ફેરવવા બેસતા ત્યારે હનુમાનજી દાદા તેમને જોડે શ્રીહરિની માળા ફેરવવા બેસી જતા. આ અદ્‌ભુત લીલાના દર્શન માલજી ભક્તને ખૂબ થતાં હતાં.

## ખંભાતમાં જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા

ગઢપુરમાં સંવત ૧૮૮૬ની સાલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને જ્યારે સ્વધામ જવાનો વિચાર કરી મંદવાડ ગ્રહણ કર્યો તે સમયે ખંભાતના હરિભક્તો સદાશિવભાઈ, માધવરામ, ભાઈશંકર, રૂપરામ, લક્ષ્મીરામ, નરભેરામ અને ઉમિયાભાઈ તથા કણબી હીરાભાઈ તથા બાઈ હરિભક્તો મહાકોરબાઈ, ઉમૈયા, ગિરજા, દિવાળી અને રામબાઈ તથા ધનબાઈ બ્રહ્મભટ્ટ અને રામબા કણબી સૌએ મળી શ્રીહરિને વિનંતી કરી કે તમે સૂચવેલી જગ્યાએ અમોએ મંદિર કરવા વિચાર્યું છે તો ત્યાં પધરાવવા મૂર્તિ આપો. શ્રીજીમહારાજે એક શ્યામ મૂર્તિ ‘‘આ અમારું હરિકૃષ્ણ સ્વરૂપ છે.’’ એમ કહી નિત્યાનંદ સ્વામીને તે પ્રતિમા ગઢપુરમાં આપી અને આજ્ઞા કરી જે તમોને અવકાશ મળે ત્યારે ખંભાત જઈ પધરાવજો.

મહારાજે પસંદ કરેલી જગ્યા ગામની મધ્યમાં લુહાર જ્ઞાતિના ગોર સદાશિવભાઈએ મંદિરને અપાવડાવી. સંવત ૧૮૦૭ના કાર્તિક સુદ ૧૫ના સમૈયા પર વડતાલમાં ખંભાતના હરિભક્તોની વિનંતીથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે નિત્યાનંદ સ્વામીને ખંભાત મંદિર કરવા મોકલવાનું નક્કી કર્યું. સંવત ૧૯૦૭ માગશર સુદ ૨ ના રોજ નિત્યાનંદ સ્વામી મંડળ સહિત ખંભાત પધાર્યા અને ટૂંક સમયમાં બંગલા ઘાટનું ત્રણ ખંડવાળું રમણીય મંદિર તૈયાર થઈ ગયું. મૂર્તિ પ્રતિષ્ઠા સંવત ૧૯૦૮ના ફાગણ સુદ-૨ના રોજ રાખવાનું નક્કી થયું. પરંતુ તે પહેલા ૧૯૦૮ના માગશર માસમાં નિત્યાનંદ સ્વામી માંદા થયા. મહારાજ દર્શન દઈ ધામમાં લઈ જવા પધાર્યા. નિત્યાનંદ સ્વામીની ખંભાત મંદિરની પ્રતિષ્ઠાની ચિંતા જાણી ગોપાળાનંદ સ્વામીએ વચન આપ્યું કે : ‘‘સ્વામી આપનું અધૂરું કામ હું કરીશ આપ સુખેથી ધામમાં પધારો.’’ મહારાજ,

નિત્યાનંદ સ્વામીને સંવત ૧૯૦૮ના માગશર સુદ ૧૧ એકાદશીના રોજ ધામમાં લઈ ગયા.

ગોપાળાનંદ સ્વામીએ આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે વિધિપુરસર સંવત ૧૯૦૮ના ફાગણ સુદ-૨ના શુભ દિવસે ખંભાત મંદિરમાં ''શ્રી હરિકૃષ્ણ મહારાજ''ની પ્રતિષ્ઠાવિધિ કરાવી. ગોપાળાનંદ સ્વામીએ શ્રી હરિકૃષ્ણ મહારાજનું ''જબરેશ્વર'' નામ પાડીને કહ્યું : ''આ હરિકૃષ્ણ મહારાજ અત્યારે દાળ-રોટલા જમે છે, પરંતુ ભવિષ્યમાં આ જબરેશ્વર હંમેશાં લાડુનો થાળ જમશે.'' આજની તારીખે ત્યાં નિત્ય લાડુનો થાળ થાય છે.

## ખંભાતમાં પૂ. સ્વામીએ બાળસ્વરૂપ હનુમાનજી પધરાવ્યા

ખંભાતના સદાશિવભાઈ કે જેમણે તન, મન, ધનથી ખંભાત મંદિરમાં યોગદાન આપ્યું હતું. તેમણે ગોપાળાનંદ સ્વામીએ બાળસ્વરૂપ હનુમાનજીની એક મૂર્તિ આપતા કહ્યું કે, ''આ દેવ સર્વપ્રકારના અનિષ્ટથી તમારું અને તમારા કુટુંબીજનોનું રક્ષણ કરશે.'' આજે પણ આ પ્રસાદીના કષ્ટભંજનદેવ એમના કુટુંબીજનોની પૂજામાં છે અને ભાદરવા સુદ-૧૩ના દિવસે અન્નકોટ ઉત્સવ થાય છે. હાલનું શિખરબંધ મંદિર બ્રહ્મચારી શ્રી માયાતીતાનંદજી સ્વામીએ બંધાવ્યું છે અને તેમાં મૂર્તિ પ્રતિષ્ઠા સંવત ૧૯૮૯ના ફાગણ સુદ ૨ (બીજ)ને રવિવારે આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજે કરી છે.

## પૂ. સ્વામીના પ્રભાવથી ભાયાવદરમાં મંદિર થયું

એક વાર ગોપાળાનંદ સ્વામી પોતાના મંડળના સાઠ સાધુ લઈને ભાયાવદર ગામ પધાર્યા હતા. બ્રાહ્મણ મયારામભાઈને ત્યાં સૌ ઉતર્યા હતા. બીજે દિવસે નદીએ સ્નાન વગેરે કરી ઉતારે આવ્યા. ત્યારે મયારામભાઈ વગેરે બ્રાહ્મણોએ મળીને રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી સ્વામી વગેરે સંતોને જમાડ્યા. તે પછી સભા થઈ તેમાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે : ''અમોને આ ગામમાં મંદિર કરવા જગ્યા આપે તેને અમે અક્ષરધામમાં જગ્યા આપીએ.'' તે સાંભળી જાદવજી મહારાજે સભામાંથી ઊઠીને સ્વામીને પગે લાગીને કહ્યું જે : ''મેં જે ખોરડાંની જગ્યા લીધી છે તે હું આપું છું.'' એમ કહીને ખોરડાના લેખ સ્વામી

આગળ લાવીને મૂક્યા અને શ્રીકૃષ્ણાર્પણ કર્યા. સ્વામી તેમના પર બહુ જ રાજી થયા કારણ કે ગામમાં નાની ઓરડીમાં સહુ મળી કથા-વાર્તા કરતા ને નાની છબી પધરાવી હતી તેને મંદિર કહેતા. હવે જગ્યાની સુવિધા થતાં સ્વામીએ હંસરાજભાઈ પટેલને કહ્યું કે : ''હવે, તમે સહુ મળીને મંદિર કરજો.'' સ્વામી બે-ચાર દિવસ રોકાઈને ચાલ્યા ગયા. વળતે વરસે ગામલોકોએ મળીને સ્વામીની આજ્ઞા મુજબ ઈંટો પાડીને પાકું મંદિર ચણી દીધું અને મૂર્તિ પધરાવી. તે મંદિરના થડમાં એક બ્રાહ્મણનું ઘર અને વાડો હતો. તે સ્વામીના શિષ્ય મહાપુરુષદાસજી સ્વામીએ બ્રાહ્મણનું ઘર પાંચસો કોરી આપી વેચાતું લઈને તે ઠેકાણે સરસ પાકું મંદિર કરાવ્યું અને જૂના ઈંટોવાળા મંદિરને ઠેકાણે ભંડાર કર્યો. આમ ગોપાળાનંદ સ્વામી અને તેમના શિષ્ય મહાપુરુષદાસજીના પ્રભાવ અને પ્રયત્નથી ગામ ભાયાવદરમાં મંદિર થયું.

## પૂ. સ્વામીએ ધોળકામાં બ્રહ્મરાક્ષસ અને તેના ત્રણસો શિષ્ય ભૂત થયા હતા તેનો ઉધ્ધાર કર્યો

એક સમયે ગોપાળાનંદ સ્વામી પોતાના પચાસેક જેટલા સંતો સહિત વિચરણ કરતા શિયાળાની રાતે ધોળકા પધાર્યા. આટલા બધા સાધુઓને ઉતરવાની વ્યવસ્થા પૂછતા કોઈકે એક પડતર ધણી ધોરી વગરનું વિશાળ મકાન ચીંધ્યું. એકાંતવાળું અને વળી ઘણા ઓરડાવાળું મકાન જોઈ સ્વામી ઘણા રાજી થયા. સંતોએ મળી સાફસૂફી કરી માગેલા તેલના દીવા પ્રગટાવ્યા. ત્યાં તો મધ્યરાત્રિનો સમય થયો. અજાણ્યા ગામમાં ઠાકોરજી જમાડ્યા વગર સંતો દીવાની ફરતે સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. ભણનારા સાધુઓને સ્વામી ભીંતને ઓઠે પાઠ આપવા લાગ્યા. ત્યાં તો એક મૂર્તિમાન બ્રહ્મરાક્ષસ સ્વામી પાસે પાટ પર બેસીને શાસ્ત્રાર્થ કરવા લાગ્યો. સાધુઓએ તો જ્ઞાનચર્ચા સાંભળતા ડરના માર્યા પોતાની ઝોળીઓ સાથે જીવ પણ જાણે ખીંટીએ ટાંગી દીધા. એમ કરતા સવાર પડી અને જ્ઞાની બ્રહ્મરાક્ષસ જતો રહ્યો.

સવારે સર્વ સંત મંડળી હેમખેમ જીવંત છે એ સમાચાર ગામમાં વાયુ વેગે ફેલાઈ ગયા. આથી કોઈ ગામના બ્રાહ્મણને ગુણ આવ્યો અને સુંદર રસોઈ આપી. સંતમંડળ તો ઠાકોરજી જમાડીને ધોળકાથી ઉચાળા ભરવા ઈચ્છુક હતું. પણ સ્વામી તો અધમોધારક હતા. તે જ્ઞાની બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર

કર્યા વગર કેમ જઈ શકે ? બીજી રાતે બ્રહ્મરાક્ષસે પ્રગટ થતાં વેંત એકાદ ઝાડની ડાળી સ્વામી ઉપર ઝાપટી જે સ્વામીએ યોગબળે અધવચ્ચે રોકી દીધી. પછી સ્વામી તેની તરફ કૃપાદષ્ટિ કરી બોલ્યા કે : ''તેં બ્રહ્મકુળમાં જન્મી શું કમાણી કરી ? તારી વિદ્યા, તારું બ્રહ્મજ્ઞાન તારા મોક્ષના કામમાં ન લાગ્યું. ઊલટું તું અધમ યોનિને પામી હજુ અધમાધમ કર્મો કરે છે. તારી આવી સ્થિતિ શી રીતે થઈ ?''

બ્રહ્મરાક્ષસ સ્વામીના વચને દીન થઈ બોલ્યો કે : ''હે મહાપુરુષ ! મારી ગૃહિણી અને મારો પ્રાણપ્રિય પુત્ર આ સામેની તેલની કોઠીમાં પડીને મૂઆં અને હું મોહવશ થઈને તેમની પાછળ પડીને મર્યો અને આમ બ્રહ્મરાક્ષસ થયો. મારી સાથે મારા ત્રણસો શિષ્યો પણ ભૂત થયા છે. હે દયાળુ ! અમારો ઉધ્ધાર કરો. હું તમારા શરણે છું.''

ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે : ''તું અને તારા ત્રણસો વિદ્યાર્થીઓ જે ભૂતો થયા છે તે બધા ગઢડા ઉન્મત્તગંગા પાસે જાઓ ત્યાં તમને એક વૃદ્ધ સ્વામી મળશે. એમને કહેજો કે અમને ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યા છે. એ તમારો ઉધ્ધાર કરશે. ત્યાં પહોંચવાની મારી આજ્ઞા કોઈ રોકશે નહિ. બીજું તમારી જે વર્ષોની તરસ છે તે મહાતીર્થ ઉન્મત્ત-ગંગાના પવિત્ર જળથી છીપાવજો.'' આમ ત્રણસો શિષ્યો અને તેમના બ્રહ્મરાક્ષસ ગુરુનો ઉધ્ધાર કરી સ્વામી વડતાલ પધાર્યા.

બ્રહ્મરાક્ષસ અને તેની ભૂત સેના ઉન્મત્તગંગા કિનારે જઈ સ્વામીને કહેલ વૃદ્ધ સંતને શરણે ગયા. મોટા પુરુષો વગર કહ્યે એકબીજાની અંતર્ગત વાતો જાણી જાય છે. આ વૃદ્ધ સંત પણ જાણી ગયા કે ગોપાળાનંદ સ્વામી ધારત તો આ લોકોનો મોક્ષ તત્ક્ષણ ધોળકામાં જ કરી શકત પણ અહીં મોકલ્યા છે માટે એમનો હેતુ જરૂર એમની સેવાનો લાભ આ બધાના ગઢડા મંદિરમાં લેવાનો જ હશે. સંત બોલ્યા જે : ''તમે સર્વે સ્વામિનારાયણ મહામંત્ર બોલતા બોલતા આ ઉન્મત્તગંગાના મોટા પથ્થરો લાવી મંદિરના પાયાની રાતે રાતે પૂરણી કરો.'' શ્રીજીમહારાજે તો પહેલેથી જ આશીર્વાદ આપ્યો હતો કે જે આ મંદિરના પાયામાં એક શેર કે તેથી વધુ પથ્થર નાખશે એનું અમે કલ્યાણ કરશું. જેમાં અબુમિયાંનો પ્રસંગ પ્રખ્યાત છે. ગોપીનાથજી દેવનો પાયો આ ભૂતોએ જ બહુધા પૂરેલો છે.

આમ, ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિ દ્વારા ધોળકાના ત્રણસો ભૂતોનો ગઢડામાં ઉધ્ધાર કરાવ્યો. ધોળકામાં ગોપાળાનંદ સ્વામીએ ભૂતોનો મોક્ષ કર્યા બાદ તે જગ્યા ઉપદ્રવ રહિત થઈ. સમય જતા કાળક્રમે આ જ જગ્યાએ શ્રી સ્વામિનારાયણ મંદિર થયું.

## ગોપાળાનંદ સ્વામીનું યોગદાન-સંતોમાં

સંપ્રદાયમાં સાધુઓ તેમજ બીજા ત્યાગાશ્રમીઓનું મહત્ત્વ શ્રીજીમહારાજે વારંવાર ગાયું છે કારણ કે તેવા સંતોના મુખે શ્રીજીમહારાજ સ્વયં બોલતા. શ્રીજીમહારાજે પોતાના હાથે આશરે ચાર હજારથી વધુ સાધુઓને દીક્ષા આપી હતી. આ ઉપરાંત સંપ્રદાયનો વિકાસ અવિરતપણે ચાલુ હતો. આવા સમયમાં સાધુ, બ્રહ્મચારી અને પાર્ષદ એમ મળી લગભગ પાંચેક હજાર ત્યાગાશ્રમીઓ ધારી શકાય. જેઓ ઉત્તમ મુમુક્ષુઓ હતા, મુક્તો હતા. પણ સર્વેના ઉત્તમ ગુણો તેમજ નબળાઈઓ, ક્ષતિઓ જુદી જુદી હતી અને સમજણ પણ પાત્રતા પ્રમાણે, સંગ પ્રમાણે વેગળી વેગળી હતી. આ સૌના ગુણોને પોષી અને કચાસોને દૂર કરવાનું ભગીરથ કાર્ય ગોપાળાનંદ સ્વામીએ પોતાના સત્સંગના ચુમ્માલીસ વર્ષમાં સતત કર્યા કર્યું. એમના પોતાના મંડળના સાઠ સાધુઓને તો આ લાભ મળ્યો જ હતો.

એક વખત દુકાળમાં ગોપાળાનંદ સ્વામીએ પોતાના સંતોને ધ્યાનમાં બેસાડી દીધા તે દેહને ખોરાક ન મળવા છતાં પણ પુષ્ટ રહ્યા. જ્યારે બીજા મંડળના સંતો આ દુકાળના સમયમાં કૃષ થઈ ગયા. આ વાત પર શ્રીજીમહારાજનું ધ્યાન જતાં તેમણે સ્વામીને આ વિશે પૂછ્યું ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ‘‘મહારાજ ! તેમને દેહનો ખોરાક ન મળ્યો. પણ જીવને તમારા ધ્યાનરૂપી ખોરાક ખવડાવ્યો છે, માટે તાજા છે.’’ તે દુકાળના સમયે જે સંતોને બડેલાની ભાજી મળી હતી તે બચી ગયા બાકી ઘણા ખરા સંતો રતાંધળા થઈ ગયા હતા. સ્વામીએ પોતાના સંતોને આવો ધ્યાનનો મહિમા સિંચ્યો હતો. છતાં એવું બનતું કે પ્રત્યક્ષનો પ્રતાપ જાણવામાં એમના મંડળના સંતો પણ ધોખો ખાઈ જતા. એક વાર સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. અશક્તિ બહુ જ વર્તાતી હતી, એટલે બે સાધુ બાવડાં ઝાલીને લઈ જતા હતા. ત્યાં ઉંબરો આવ્યો એટલે સ્વામી થાક ખાવા ઊભા રહ્યા. એક સાધુ કહે કે, ‘સ્વામી ! વાતો ઠેઠ અક્ષરથી પરની કરો છો કેટલાકને

મૂર્તિમાં મૂકી દો છો ને ઉંબરો તો ચઢાતો નથી ?' ત્યારે દયાળુ ગોપાળાનંદ સ્વામીએ તેમને અવરભાવને પરભાવની તથા મહિમાની વાતો કરી દિવ્યભાવ સમજાવ્યો. જેમણે આવા મોટા મુક્તના સહવાસમાં રહીને તેમને વિશે દિવ્યભાવ કેળવ્યો તેમને સમાગમનું યથાર્થ સુખ મળ્યું. તે સિવાય મોટા મોટા સદ્‌ગુરુઓ તેમજ નાના-મોટા સંતો અને પાર્ષદોને પણ વાતો કરી સ્વામીએ પોતાથી બનતા પ્રયત્નો કર્યા કેમકે તેમને;

- મહારાજની સર્વોપરીતા સમજવામાં કચાસ ન રહી જાય.
- વચનામૃત જેવા શાસ્ત્રોમાંથી શ્રીજીમહારાજનો યથાર્થ અભિપ્રાય સમજાય.
- મહંતાઈ, મંદિર કે સ્થાનનું મમત્વ ન રહે.
- પંચવિષય કે સાધનમાત્રની લાલસા ન રહે.
- નિત્યનિયમો પળાય અને અન્નશુદ્ધિ જળવાય.
- આચાર્યપદની ગરિમા જળવાય.

## પ્રતિલોમ ધ્યાન કરી મૂર્તિમાં રસબસ થવાય

ગોપાળાનંદ સ્વામીના દિવ્ય સમાગમનો અનેકોને લાભ મળ્યો હશે અને એ સમાગમનો મહિમા વર્ણવતા મહારાજે કહ્યું કે : ''મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી, આત્માનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી એ જે પાંચ સાધુ છે, તેમનો રાત્રિ પ્રલય સુધી સમાગમ કરીએ ત્યારે સંપૂર્ણ સાધુ થવાય. પછી સાધારણ સાધુના સમાગમની તો વાત શી કહેવી ? અને ગોપાળાનંદ સ્વામીના સમાગમથી તો તરત જ મૂર્તિમાં સ્થિતિ થાય ! આવું જેમના સમાગમનું માહાત્મ્ય ખૂદ મહારાજે ગાયું છે. એવા ગોપાળાનંદ સ્વામીના સમાગમમાં આવનાર ૨૮ સંતોની વાતો અહીં લીધી છે જે સાગરમાં બિંદુ સમાન ગણવી.

| | |
|---|---|
| ૧. મુક્તાનંદ સ્વામી | ૨. નિષ્કુળાનંદ સ્વામી |
| ૩. નિત્યાનંદ સ્વામી | ૪. બ્રહ્માનંદ સ્વામી |
| ૫. ગુણાતીતાનંદ સ્વામી | ૬. શામળિયા ચૈતન્યાનંદ સ્વામી |
| ૭. શાંતાનંદ સ્વામી | ૮. નૃસિંહાનંદ સ્વામી |
| ૯. વિજયાનંદ સ્વામી | ૧૦. વર્જ્યાનંદ સ્વામી |
| ૧૧. પરમજ્ઞાનાનંદ સ્વામી | ૧૨. પુરુષાનંદ સ્વામી |

૧૩. પ્રેમાનંદ સ્વામી
૧૪. ભાવનાનંદ સ્વામી
૧૫. સિદ્ધાનંદ સ્વામી
૧૬. સચ્ચિદાનંદ સ્વામી
૧૭. સર્વ નિવાસાનંદ સ્વામી
૧૮. બાલમુકુંદદાસજી સ્વામી
૧૯. ગોવિંદાનંદ સ્વામી
૨૦. મહાપુરુષદાસજી સ્વામી
૨૧. નારાયણ બ્રહ્મચારી
૨૨. સાધુ કેશવદાસજી
૨૩. સાધુ વિજ્ઞાનદાસજી
૨૪. અચિંત્યાનંદ વર્ણી
૨૫. અક્ષરાનંદ બ્રહ્મચારી
૨૬. સ્વરૂપાનંદ સ્વામી
૨૭. મોનજી ભગત
૨૮. નિર્ગુણદાસજી સ્વામી

## સદ્. મુક્તાનંદ સ્વામી

શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીને સત્સંગની મા કહેતા અને ગુરુ જેવું માન આપતા. ગોપાળાનંદ જ્યારે ખુશાલ ભટ્ટ તરીકે સત્સંગમાં પ્રવેશ્યા ત્યારે મહારાજે તેમને મુક્તાનંદ સ્વામી પાસે સાધુના ગુણો ગ્રહણ કરવા મુક્યા, તેમની પાસે શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. તેમ છતાં, એક વખત ખુદ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, ''સ્વામી ! તમે ગોપાળાનંદ સ્વામીને પાછળથી આવ્યા છે, એમ જાણીને નાના માનતા હશો, પણ એ તો અમારી સંગાથે અમારી સેવા માટે જ પ્રગટ થયેલ છે.'' એવી શ્રીમુખે સ્વામીની મહત્તા સમજ્યા પછી મુક્તાનંદ સ્વામી જ્યારે પોતાને આસને ગોપાળાનંદ સ્વામી આવે ત્યારે આસન નાખી દેવા માંડ્યા ને તે પહેલા તો સ્વામી જ્યારે મુક્તાનંદ સ્વામીના દર્શને જતા ત્યારે નીચે બેસી જતા !

ગોપાળાનંદ સ્વામી પોતાની સભામાં મુક્તાનંદ સ્વામીના ગુણોની પ્રશંસા કરતા. એક વાર કોઈ ભક્તે પ્રશ્ન પૂછ્યો કે, ''ધીરજ ટાણા વગર રહેતી નથી તે કેમ સમજે તો રહે ?'' તેનો ઉત્તર સ્વામીએ એમ કર્યો જે, ''શ્રીજીમહારાજની ભક્તિ માહાત્મ્યે સહિત હોય ને આત્મનિષ્ઠાનો વિચાર અતિ પક્વ હોય તો ધીરજ રહે. ઉત્તમ ધીરજવાળા તો મુક્તાનંદ સ્વામી હતા.'' એમ સ્વામી હંમેશાં કહેતા.

એક વાર મુક્તાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, ''સ્વામી, તમને જે મારા વિષે જણાતું હોય તે કહો, કારણ કે મહારાજે મને તમે કહો તેમ કરવા કહ્યું છે.'' આવો ઉત્તમ વિવેક બ્રહ્માંડમાં મુક્તાનંદ સ્વામી સિવાય

બીજાથી થાય નહિ. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે કે, ''તમે તો સર્વ વાતે સંપન્ન છો પણ શ્રીજીમહારાજ સ્વધામ જવાના છે ને તમારો પણ દેહ નહિ રહે માટે તમારી જે કાંઈ પૂજા, પુસ્તકો જે કાંઈ કોઈને આપવાનું હોય તે આપો. બીજું ખાસ તો તમે શ્રીજીમહારાજની સેવા સખાભાવે કરો છો તે હવે દાસભાવે સેવા કરો.'' સ્વામીના વચન મુક્તાનંદ સ્વામીએ તત્કાળ માન્યા. રઘુવીરજી મહારાજ તથા અયોધ્યા પ્રસાદજી મહારાજને મુક્તાનંદ સ્વામીએ બોલાવ્યા અને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પાટ નાખીને તે ઉપર બંને ભાઈઓને બેસાડી સ્વામીએ પોતાના કાવ્યના પુસ્તક અને બીજા પુસ્તકો અરધોઅરધ બંને ભાઈઓને વહેંચી આપ્યા. તે પછી પોતાના સાધુને પૂજા આપવાની હતી તે પણ વહેંચી આપી.

મુક્તાનંદ સ્વામીના મનમાં ત્રણ સંકલ્પો હતા. એક તો શ્રીજીમહારાજનું તિરોધાન જોવું, બીજું રઘુવીરજી મહારાજને વડોદરે પધરાવવા અને ત્રીજું ધર્માખ્યાન પૂરું કરવું. આ સંકલ્પને લીધે પોતાને ક્ષયરોગ હતો પણ શરીર રહ્યું હતું. પહેલા બે સંકલ્પ તો પૂરા થયા અને છેલ્લે સુધી ધર્માખ્યાન લખતા લખતા હાથમાંથી કલમ પડી ગઈ. આ જોઈ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, ''સ્વામી ! લોઢાની બેડી અને સોનાની એ બેડી, માટે હવે સંકલ્પ માત્ર પડતો મેલો.'' નિત્યાનંદ સ્વામીએ ધર્માખ્યાન પૂરું કરવાનું વચન આપ્યું. ત્યારે સ્વામી તેમને બથમાં લઈને મળ્યા અને સંવત ૧૮૮૭ના અષાઢ સુદ-૧૦ દશમના રોજ ધામવાસી થયા.

નોંધ : આવી જ એક વાત શ્રી હરિલીલાસિંધુ ગ્રંથ સાથે સંકળાયેલ છે. સત્સંગનો આ બીજા નંબરનો મોટો ગ્રંથ છે (આધારાનંદ સ્વામી વિરચિત હરિચરિત્રામૃત સાગર સૌથી મોટો ગ્રંથ છે) શ્રીહરિલીલા સિંધુ ગ્રંથમાં ચૌદ રત્નો છે. આમાંના પ્રથમ સાત ભૂજના પ્રથમ મહંત વૈષ્ણવાનંદ સ્વામીએ લખ્યાં છે. ત્યાર બાદ તેઓ અક્ષરધામવાસી થયા. ગોપાળાનંદ સ્વામીએ બાકીના સાત રત્નો કવિ અવિનાશાનંદ સ્વામી પાસે લખાવ્યાં.

ગોપાળાનંદ સ્વામી સંપ્રદાયના મોભી તરીકે સંતોનું આધ્યાત્મિક માર્ગમાં કલ્યાણ સંપૂર્ણ થાય એ તકેદારી તો રાખતા જ તે ઉપરાંત સૌની નાની મોટી ખાવા-પીવાની મુશ્કેલીઓ પર પણ તેમનું ધ્યાન રહેતું. મુક્તાનંદ સ્વામીને એક

સેવક હતો તે સ્વામી માટે રસોઈ કરતો, પણ પોતે લહિયા હતા એટલે તેમનું મુખ્ય ધ્યાન લખવામાં રહેતું અને રસોઈ ઉતાવળમાં પતાવતા જેથી અનાજ સાફ કર્યા વગર જ વાપરતા. પછી એક દિવસ મુક્તાનંદ સ્વામીનું પેટ ચડી આવ્યું અને ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી તેમને જોવા ગયા. સ્વામીએ રસોયા સાધુને બોલાવી અને કહ્યું જે, ‘‘સ્વામી માટે ખીચડી રોટલો જે કાંઈ બનાવો તે અનાજ સારી રીતે સાફ કરીને રાંધવું કેમકે ખીચડીમાં ઉંદરની લીંડીઓ હશે તેથી સ્વામીને આફરો ચડ્યો છે.’’ ત્યારે તે લહિયા સંત બોલ્યા કે : ‘‘હું અનાજ સાફ કરવા રહું તો લખું ક્યારે ?’’ પછી ગોપાળાનંદ સ્વામીએ તે લહિયા સાધુને બદલે તપાસ કરી અનોપમાનંદ કરીને સંત હતા તેમને બોલાવી વાત સમજાવી, મુક્તાનંદ સ્વામીની સેવામાં રાખ્યા. મુક્તાનંદ સ્વામી જેવા ઘણા સંતો હતા જેઓ સ્વભાવે અતિ કોમળ અને શાંત હતા, તેઓ પોતાના વાંકમાં આવતા સેવકોને પણ બે શબ્દ કહેતા નહિ, એવા સાધુઓનું ગોપાળાનંદ સ્વામી માની પેઠે જતન કરતા.

## નિષ્કુળાનંદ સ્વામીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર પૂ. સ્વામીએ આપ્યો

એક વાર ગોપાળાનંદ સ્વામીને નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘‘સર્વનું કલ્યાણ સરખું થાય કે નહિ ?’’ સ્વામીએ સમજાવતા કહ્યું જે : ‘‘સર્વે શ્રીજીમહારાજના નોરમાં (મહારાજે પ્રવર્તાવેલ મોક્ષની રીતમાં) ચાલ્યા જાય છે. તેમાં પણ જે અધિક ભજન સ્મરણ કરે છે, તે મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ જેવા થાય છે.’’ આમ, ગોપાળાનંદ સ્વામીને મોટા સદ્‌ગુરુઓ પણ પ્રશ્નો પૂછી પોતાની સમજણ સુધારતા અને કચાસ દૂર કરતા.

## બ્રહ્માનંદ સ્વામીની ખબરે મૂળીમાં પૂ. સ્વામીએ દશ સંતોને મોકલ્યા

મૂળીમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીના અંત સમયમાં દેહ હવે ઝાઝો સમય રહે એમ નથી એમ લાગવાથી સ્વામીના શિષ્ય તદ્રુપાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને ગઢડા સંદેશો મોકલાવી દર્શન દેવા મૂળી પધારે. સંદેશો મળતા તે વખતે ચોમાસાના દિવસો હતા અને ગાડી ચાલે એમ નહોતી એટલે ગોપાળાનંદ

સ્વામીથી નીકળાય એમ નહોતું. એટલામાં ધોલેરાથી નિષ્કુળાનંદ સ્વામી ગઢડે પધાર્યા. નિષ્કુળાનંદ સ્વામી સ્નાનાદિકથી પરવારી જમીને સ્વામીના આસને દર્શને ગયા ત્યારે તેમને કહ્યું કે, ''બ્રહ્માનંદ સ્વામીનો દેહ રહે એમ નથી અને તમે મારાથી અધિક છો માટે આજે જ મૂળી બ્રહ્માનંદ સ્વામી પાસે જવા પ્રયાણ કરો.'' નિષ્કુળાનંદ સ્વામી પાસે એક જ સાધુ વરજ્યાનંદ હતા એટલે સ્વામીએ પોતાના સાધુ કેશવદાસજી વગેરે દશ સાધુઓને સાબદા કર્યા ને નિષ્કુળાનંદ સ્વામી મૂળી જવા ચાલ્યા. રસ્તામાં સ્વરચિત બાર મહિનાનાં મહિમાનાં બાર પદો હેતે બોલતા મૂર્છાવશ થઈ ગયા. મહારાજે દિવ્ય સફેદ વસ્ત્રોમાં દર્શન આપી સ્વામીને સાબદા કરતા કહ્યું જે : ''સ્વામી નાગડકામાં સુરોભક્ત પણ માંદા છે એમને દર્શન આપી ઝટ તમને ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યા છે ત્યાં મૂળી પુગી જાવ.''

મહારાજની આજ્ઞા મુજબ નાગડકા સુરાભક્તને દર્શન આપી સ્વામી, બ્રહ્માનંદ સ્વામી પાસે પહોંચી ગયા અને ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ અને સંદેશો બ્રહ્માનંદ સ્વામીને આપ્યો. મૂળીથી નિષ્કુળાનંદ સ્વામી પાછા ગઢડે ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને સુરા ભક્તની માંદગી, મહારાજના દિવ્ય દર્શન અને બ્રહ્માનંદ સ્વામીએ દેહ મૂક્યો એ બધી વાતો વિગતે કરી. તે વાત સાંભળીને ગોપાળાનંદ સ્વામી બહુ રાજી થયા અને કહ્યું કે, ''તમે અમારું બહુ કામ કર્યું.''

## પૂ. સ્વામીએ નિત્યાનંદ સ્વામીને કથા કરવા બેસાર્યા

શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી ગોપાળાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીને રોજ કથાવાર્તા કરવાની પ્રથા ચાલુ કરવા સૂચન કર્યું. નિત્યાનંદ સ્વામીએ જે પ્રથા મહારાજે નથી કરી એ કરવા ના મરજી દર્શાવી. એટલે ગોપાળાનંદ સ્વામીએ પોતાના આસને વચનામૃત વાંચન શરૂ કરાવ્યું, જેમાં ધીરે ધીરે નાના-મોટા સાધુ-સંતો તેમજ મોટા પરમ ચૈતન્યાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુઓ પણ ઉત્સાહથી આવવા લાગ્યા. શામળિયા ચૈતન્યાનંદ સ્વામીના કહેવાથી નિત્યાનંદ સ્વામી પણ ગોપાળાનંદ સ્વામીની સભામાં કથાવાર્તા સાંભળવા ગયા. સ્વામીએ નિત્યાનંદ સ્વામીને ગાદી ઉપર બિરાજમાન કર્યા અને વચનામૃત વંચાયા પછી અમુક વચનામૃતનું રહસ્ય સમજાવવા વિનંતી કરી. નિત્યાનંદ સ્વામીએ ઘણે

પ્રકારે સમાધાન કર્યું પણ જોઈએ તેવું સમાધાન થયું નહિ. પછી ગોપાળાનંદ સ્વામીએ એ વચનામૃતના રહસ્યની વાર્તા કરી તે સાંભળી નિત્યાનંદ સ્વામીને ઘણો જ આનંદ થયો અને આવી વચનામૃતની વાતો એક વાર નહિ પણ બે વાર કરવા વિનંતી કરી અને પોતે પણ નિયમિત તેનો લાભ લેશે એમ જણાવ્યું.

## પૂ. સ્વામીએ નિત્યાનંદ સ્વામીને અમદાવાદ શાસ્ત્રાર્થ કરવા મોકલ્યાને કહ્યું સ્વામી તમારી જીત થશે

સંવત ૧૯૦૪ની સાલમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે અમદાવાદમાં ગોસાંઈજી સાથે શાસ્ત્રાર્થ કરવા નિત્યાનંદ સ્વામીને કહ્યું ત્યારે સ્વામી કહે કે : ''ગોપાળાનંદ સ્વામી તથા શુક સ્વામી સાથે આવે તો હું જાઉં નીકર હું નહિ જાઉં. સંપ્રદાયની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો એટલે રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને વાત કરી. ત્યારે સ્વામીએ નિત્યાનંદ સ્વામીને સમજાવતા કહ્યું જે, ''તમે અમદાવાદ શાસ્ત્રાર્થ કરવા ખુશીથી જાઓ, અમારી ત્યાં જરૂર નથી. તમને તો શ્રીજીમહારાજે વરદાન આપેલ છે. તેથી તમને કોઈ શાસ્ત્રાર્થમાં જીતી શકશે નહિ. ને આ વાત શ્રીજીમહારાજે પ્રત્યક્ષ દર્શન આપી રઘુવીરજી મહારાજને કહેલ છે, માટે તમો ખુશીથી જાઓ.'' ત્યારે નિત્યાનંદ સ્વામી રાજી થતા અમદાવાદ પધાર્યા અને વગર શાસ્ત્રાર્થે સભા જીતી પાછા આવ્યા. આચાર્ય રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામીના વિજયથી ઘણા રાજી થયા કારણ કે સંપ્રદાયની વિજયતાનો ધ્વજ સ્વામીએ ફરકતો રાખ્યો.

## નિત્યાનંદ સ્વામી કહે સોનાના મંદિર થાશે પણ ગોપાળાનંદ જેવા સાધુ નહિ મળે

એક વાર સંવત ૧૯૦૬ની સાલમાં ગોપાળાનંદ સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો અને સત્તાવીસ ઉપવાસ થયા. તે વખતે ઉપેન્દ્રાનંદ સ્વામી ગામ - રૂવાદમાં હતા. ત્યાં રાત્રિએ મંદિરના બારણા આગળ અદશ્ય પોકાર થયો જે, ''હે ઉપેન્દ્રાનંદ સ્વામી ! તમે વડતાલ જાઓ, ગોપાળાનંદ સ્વામી માંદા છે.'' એમ એક બે વાર નહિ પણ ચાર વાર શબ્દ સંભળાતા સ્વામીએ વિચાર્યું કે માણસ વગરના આ પોકાર મહારાજે મને જણાવવા સારું જ કર્યો છે. એમ જાણીને પોતાના મંડળ સાથે તેઓ વડતાલ જવા નીકળ્યા અને પ્રથમ વડોદરે પહોંચી

નિત્યાનંદ સ્વામીને વાત કરી. ત્યારે નિત્યાનંદ સ્વામીએ પોતાના સાધુ સાથે ગોપાળાનંદ સ્વામીને સંદેશો મોકલ્યો જે : ''સ્વામી, તમારે અનાજ જમવું અને ભાવાનંદ સ્વામી તથા ધામાનંદ સ્વામી જે રઘુવીરજી મહારાજના બાગમાં રહે છે, તેમણે સૂકાવેલા ચંદનના લાકડાં જે તમારે માટે રાખી મુક્યા છે તે મારે કામમાં આવશે કારણ કે હું તમારી પહેલાં ધામમાં જઈશ. માટે તે કાષ્ઠથી મારો અગ્નિ સંસ્કાર થાશે.'' ગોપાળાનંદ સ્વામીને તે પ્રમાણે સંદેશો મળતાં એમણે પોતાના સેવક પુરુષાનંદ સ્વામી પાસે રાબ કરાવી જમ્યા અને થોડા દિવસમાં સાજા થયા. આમ મોટા હોય ને અરસ-પરસ એકબીજાનો મહિમા જાણતા હોય અને માંદગી અને મૃત્યુ તો સ્વઈચ્છાએ ગ્રહણ કરતા અને એટલે જ નિત્યાનંદ સ્વામી હંમેશાં કહેતા કે, ''સોનાના મંદિર થાશે, પણ ગોપાળાનંદ સ્વામી ને ગુણાતીતાનંદ સ્વામી જેવા સાધુ નહિ મળે.''

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી બોટાદ પધાર્યા અને જૈન મુનિ નેમિવિજયનો સમાધિ દ્વારા પરાજય કર્યો

બોટાદના ભાઈચંદ શેઠે ભગાદોશીને સત્સંગ મૂકવવા જૈન સંપ્રદાયના પ્રસિદ્ધ વિદ્વાન જૈન મુનિ નેમિવિજયને બોટાદ બોલાવ્યા અને સર્વે વાત કહી. પછી અપાસરામાં મોટી સભા રખાવી, તેમાં પુત્રને લઈ ભાઈચંદ શેઠ ત્યાં ગયા. ભગા દોશીને જૈન સંઘ તરફથી મોટું સન્માન આપી આગળ આસન પર બેસાડયા. પછી જૈન મુનિએ ભગા દોશીને ઘણા સમજાવ્યા, ઘણા ડરાવ્યા પણ ભગાદોશી એકના બે ન થયા. તેથી નેમિવિજય સત્સંગનું જેમતેમ બોલવા લાગ્યા. પછી બાપ-દીકરો બંને ઘેર આવ્યા ત્યારે ભગાદોશી મિત્ર દાદા ખાચર વગેરેને મળ્યા. ત્યાં ભક્તો દ્વારા ગોપાળાનંદ સ્વામી સારંગપુર પધાર્યા છે એવા સમાચાર મળ્યા તેથી તરત જ ભગાશેઠે સ્વામીને બોટાદ તેડી લાવવા પત્ર લખીને વેલડું મોકલ્યું અને પત્રમાં પ્રાર્થના કરી કે, ''હે સ્વામી ! મેં સત્સંગ કર્યો તેથી મારા પિતાએ બહુ ઉપાધિ કરી છે. જૈનોના અનેક સાધુ-સંતોને બોલાવ્યા છે, તેઓ મને ડરાવે છે, તેમાં પણ અત્યારે નેમિવિજય કરીને જૈન મુનિ અહીં આવ્યા છે, તે સત્સંગનો ખૂબ વિરોધ કરે છે, સત્સંગીને ભ્રમમાં નાખી દે છે અને કહે છે કે, ''આ પાંચમા

આરામાં પ્રભુ હોય નહીં. સ્વામી પંથમાં શું વિશેષ જોયું છે ? શું કામ મૂળ ધર્મ છોડી દીધો ? તને પાપ લાગશે,'' આમ, તે મને ઘણો ડરાવવાની કોશિશ કરે છે, અને અભિમાનમાં અંધ થઈ ધમાલ મચાવે છે. માટે આપ કૃપા કરીને અહીં પધારો તો અમને શાંતિ થાય.''

શેઠનો વિનંતી પત્ર સારંગપુરમાં ગોપાળાનંદ સ્વામીને મળતા તરત જ થોડા સંતો-ભક્તો સાથે સ્વામી બોટાદ પધાર્યા. બોટાદની બજારમાં જૈનના ઉપાશ્રય તરફ ગાડી ચલાવી. સ્વામી આવ્યાની જાણ તમામ સત્સંગીઓમાં થઈ ગઈ અને ઉપાશ્રયમાં રહેલા નેમિવિજય સુધી પણ વાત પહોંચી. ત્યાં સ્વામીની ગાડી ઉપાશ્રય પાસે આવીને ઊભી રહી. તેથી નેમિવિજય સ્વામીને જોવા માટે બહાર આવ્યા અને ઉપાશ્રયના બારણાને બંને હાથ ઊંચે ઝાલીને ઊભા રહ્યા. સ્વામીની અને તેમની નજર એક થઈ, સ્વામી ગાડીમાંથી નીચે ઉતર્યા. ધીરે ધીરે માણસોની મેદની ભેગી થવા લાગી.

ગોપાળાનંદ સ્વામીએ જૈનમુનિને શાંતિથી પૂછ્યું, ''તમે શા માટે સત્સંગનો વિરોધ કરો છો ? સ્વામિનારાયણ ભગવાનનું જેમ તેમ બોલો છો ? તેમણે શું તમારું બગાડ્યું છે ?' તે સાંભળી થોડા આવેશમાં આવી જૈન મુનિ કહે, 'આવું મને કહેનારા તમે કોણ છો ?' આવો તેનો ઉધ્ધત જવાબ સાંભળી સ્વામી કહે, 'અમે જગતના ભગવાન છીએ.' ત્યારે તે કહે, 'તો સ્વામિનારાયણ કોણ છે ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'સ્વામિનારાયણ અમારા ભગવાન છે.' ત્યારે જૈન મુનિ કટાક્ષમાં કહે, 'આવા દંભ-પાખંડ છોડી દો. ભોળા માણસોને શા માટે ભોળવો છો ? મારી પાસે તમારું કાંઈ નહી ચાલે. ને જે ભગવાન હોય તેના હાથમાં તો સહુના નાડીપ્રાણ હોય, તમારાથી કોઈની નાડી ખેંચી શકાય તેમ છે ?''

આવા તેના ઉદ્ધતાઈ ભરેલાં વચન સાંભળી સ્વામીએ સ્થિર થઈ તેની સામે વેધક દૃષ્ટિ ફેંકી. તે જ સમયે જૈન મુનિની વાણીનો પ્રવાહ અટકી ગયો અને જે રીતે ઊભા હતા તે જ રીતે હાથ બારણાની સાખો સાથે ચોટી ગયા. આંખો મટકા રહિત થઈ ગઈ. આ રીતે નેમિવિજયની પૂતળા જેવી દશા જોઈને ત્યાં ઊભેલા લોકો ચર્ચા કરવા લાગ્યા કે, 'આ ગોપાળાનંદ સ્વામી ભારે જાદુગરા છે. તેમણે જૈનમુનિ પર ચોટ નાખી પૂતળા જેવા બનાવી દીધા.'' ઘણા આમ

બોલવા લાગ્યા, તો ઘણા તેમને સ્થિર થયેલા જોઈ ભય પામીને ભાગી ગયા અને આ કુતૂહલ જોવા કેટલાક નવા આવવા લાગ્યા.

આ રીતે જૈનમુનિની દુર્દશા જોઈને નગરશેઠ ભાઈચંદભાઈ વગેરે આગેવાનોએ સ્વામીને વિનંતી કરી કે, 'તેમને હવે આવી દશામાંથી છોડાવો, નહિ તો આમાંથી ઝગડો થશે.'' પછી સ્વામીએ કૃપાદૃષ્ટિ કરી એટલે તરત તે ભાનમાં આવ્યા અને સ્વામીના પગ પકડીને કહે, ''આપ ખરેખર ભગવાન છો. હે સ્વામીજી ! મારો અપરાધ ક્ષમા કરો. આજથી હું સ્વામિનારાયણ સંપ્રદાયની નિંદા નહિ કરું, સત્સંગીને દુઃખ નહિ આપું.'' ત્યારે સ્વામીએ કહ્યું, 'ભગવાન તો કોટી જીવાત્માના કલ્યાણ કરવા પ્રગટ થયેલા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ એક જ છે. હું તો એમના દાસનો પણ દાસ છું.' ત્યારે જૈનમુનિ ત્યાં ઊભેલા શ્રાવક વાણિયાઓને કહે, 'આ સંતે મને સમાધિ કરાવી. તેમાં મને આપણા ચોવીસ તીર્થંકરોના દર્શન થયાં અને તે તીર્થંકરો પણ સ્વામિનારાયણ ભગવાનની સ્તુતિ કરતાં મેં જોયા; ને તેમણે મને સત્સંગનો વિરોધ કરવાની ના કહી છે. વળી, પાછા આવતા જમપુરી પણ દેખાડી, તેમાં બીજાની નિંદા કરવાથી તથા પાપો કરવાથી ભોગવવા પડતા દુઃખો દેખાડ્યા. તેથી મને સ્પષ્ટ સમજાયું છે કે, સુખી થાવું હોય તો કોઈએ સત્સંગનો વિરોધ કરવો નહીં.''

આ રીતે સ્વામીએ ઐશ્વર્ય જણાવી જૈનમુનિને બોલતા બંધ કર્યા. તેથી અન્ય સંબંધીઓની ઉપાધિ ઓછી થઈ. ભગાદોશીની પ્રતિભા અને પ્રતિષ્ઠા ખૂબ જ વધી અને બધા જ સ્થળે જૈન ધર્મની આવતી ઉપાધિઓનું શમન થયું.

## ગોપાળાનંદ સ્વામીએ ઉમરેઠમાં શ્રીહરિના સર્વોપરીપણાની વાતો કરી

વિ.સં. ૧૯૦૮ની સાલમાં વડતાલમાં મોટો ચૈત્રી સમૈયો થયો. સમૈયો પૂર્ણ થયા બાદ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો, રઘુવીરજી મહારાજ તથા સત્સંગનો લાભ લેવા આવેલા શિવલાલ શેઠ વગેરે બધા વડતાલથી ઉમરેઠ ગયા. ગોપાળાનંદ સ્વામી ઉમરેઠમાં નિત્યસભામાં શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્ય અને સર્વોપરીપણાની વાતો કરતા, સહુને અલૌકિક સુખ આપતા હતા. નૃસિંહ ચતુર્દશી ઉત્સવ ઉમરેઠમાં કર્યો.

શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને ફરી વાર સ્વપ્નમાં નૃસિંહ ચતુર્દશી

વૈશાખ સુદ-૧૪ની વહેલી સવારે પુરુષોત્તમપણાનું પ્રતિપાદન કરવાનું કહ્યું. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. તેથી તે દિવસે ગોપાળાનંદ સ્વામીએ સવારની સભામાં શ્રીજીમહારાજના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપની વાત કરતા કહ્યું, 'અવતાર માત્ર શ્રીહરિને આધીન રહી તેમણે આપેલું ઐશ્વર્ય ભોગવે છે. અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થશે તે સર્વના પ્રેરક, નિયંતા અને સ્વામી એક શ્રીજીમહારાજ છે. સર્વે દેવો, ઈશ્વરો અને અવતારો શ્રીહરિની સામર્થી પામ્યા છે. આવી શુદ્ધ ઉપાસના અને નિષ્ઠા નહિ સમજો તો અક્ષરધામને નહિ પમાય.'

આજ અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. તેનો મહિમા સમજવો અને શાસ્ત્રમાં નરનારાયણને શાપ થયો તથા વૃંદાવનમાં ધર્મ ભક્તિને શ્રીકૃષ્ણે દર્શન દઈ કહ્યું કે, 'હું તમારે ત્યાં જન્મ ધરીશ. તે અવતાર ધરવાની રીત પ્રમાણે કહ્યું છે, પણ મહારાજ અક્ષરધામના પતિ છે, સર્વ અવતારના અવતારી છે, સર્વનું કારણ છે, એમ સમજવું. એ વગેરે વચનામૃતના પ્રમાણો આપી સ્વામીએ ઘણી વાતો કરી.

તે સાંભળી બ્રહ્મચારી નાના અખંડાનંદને સારું ન થયું. મરણ તુલ્ય થઈ ગયા. પછી તેમના શિષ્ય બ્રહ્મચારીએ રઘુવીરજી મહારાજ આગળ વાત કરી કે, સ્વામીએ સભામાં બહુ આકરી વાત કરી, તેથી બ્રહ્મચારીને બહાર જવાનું થઈ ગયું છે, તે બંધ થતું નથી અને દેહ રહે તેમ નથી, માટે તમો દર્શન દેવા પધારો.

પછી રઘુવીરજી મહારાજે બ્રહ્મચારી પાસે જઈને કહ્યું કે, 'બ્રહ્મચારી કેમ છે ?' બ્રહ્મચારી કહે, 'શાસ્ત્રમાં નરનારાયણનું કહ્યું છે અને સ્વામી બીજી રીતે કહે છે.' ત્યારે આચાર્ય કહે, 'સ્વામી તો મહાજોગી છે, તે કઈ કળામાં ખેલતા હોય તેની આપણને ખબર ન પડે, માટે તેના બોલ્યા સામું આપણે જોવું નહિ. તમે બરાબર સમજો છો !' આચાર્ય મહારાજે આમ કહ્યું એટલે તુરત જ તબિયત સારી થઈ ગઈ. પછી તેઓ છેલ્લી ઉંમરે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીના ભેળા રહ્યા હતા. તેથી તેમને અતિ દૃઢ સર્વોપરીપણાની નિષ્ઠા થઈ હતી.

આમ, શ્રીજીમહારાજનું સર્વકારણપણું સમજવું ઘણું કઠણ છે. તેમને અર્થે ભેખ લીધો હોય છતાં મહિમા સમજાય નહિ તે શા કામનું ? ત્યાગી ગમે તેટલો ત્યાગ પાળે, ગૃહી ગમે તેટલું દાન દે કે યજ્ઞ-યાગાદિક કરે પણ શ્રીજીમહારાજને

જેવા છે તેવા જો ન જાણે તો તે ખામી ક્યારેય ભાંગે નહીં. આ વાત મહારાજે વચ-ગઢડા મધ્ય ૯માં કહી છે. પછી રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને આસને જઈ પૂછ્યું, 'સ્વામી ! આજ સભામાં બહુ આકરી વાત કરી ?' ત્યારે સ્વામીએ હસીને કહ્યું, 'તમારા બાપે સ્વપ્નમાં આજ્ઞા આપી હતી એટલે કહી. (શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી કે તમે મારું સર્વોપરીપણું પ્રવર્તાવજો. અને જો પ્રવર્તાવશો નહિ તો આ દેહમાં એક હજાર વર્ષ સુધી રાખીશ. તેથી આ વાત સર્વોપરીપણાની પોતાના આસને કે સભામાં અવશ્ય કરતા હતા.) જે સત્ય છે તે કોઈક દહાડે તો બહાર પડશે.' એટલે રઘુવીરજી મહારાજે કહ્યું, 'સ્વામી ! હું તો ના પાડતો નથી, પરંતુ બધાને આ વાત સમજાતી નથી.' શિવલાલ શેઠ ત્યારે સાથે હતા તેણે આ વાત સાંભળી. તેથી બહુ જ રાજી થયા.

## શ્રીજીમહારાજે મોટા સંતોને પૂછ્યું કે તમો અમોને કેવી રીતે ભજો છો ?

એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાન ઢોલિયા પર વિરાજમાન હતા અને પાસે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતો બેઠા હતા. ત્યારે શ્રીજીમહારાજે સંતોને પૂછ્યું કે : ''તમે અમને અન્વયપણે ભજો છો કે વ્યતિરેકપણે ભજો છો ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે ''મહારાજ ! અમે તો તમને વ્યતિરેકપણે ભજીએ છીએ.'' ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી સામે જોયું ત્યારે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, ''હે મહારાજ ! અમે તમને અન્વયપણે ભજીએ છીએ.'' આ સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, ''મહારાજ ! એ તો આભડછેટ કહેવાય.'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, ''બ્રહ્માનંદ સ્વામી, તમે સમજો તેટલુંય આ ગોપાળાનંદ સ્વામી નહીં સમજતા હોય ?'' આથી બ્રહ્માનંદ સ્વામીએ વિનમ્રભાવે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, ''તમે મહારાજને અન્વયપણે ભજીએ છીએ તેમ કહ્યું તે કેવી રીતે સમજવું ?'' ત્યારે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, ''ત્રણ દેહથી પૃથક પોતાને પુરુષોત્તમ માની શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ભાવે દરેક અવયવે અવયવમાં રહી સળંગ મૂર્તિનું સુખ લેવું તે અન્વયપણે ભજ્યા

કહેવાય. આમ કરવાથી સ્વામી સેવકપણું મટે નહિ, ઉલટું સ્વામી સેવકપણું અતિ દૃઢ થાય છે. તમે મહારાજને સખાભાવે ભજ્યા પણ દાસભાવ ગ્રહણ કરો તો દાસપણામાં અતિ સુખ છે અને ખરેખરો દાસભાવ આવે ત્યારે જ આ વાત સમજાય.'' આ વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, ''આ વાત તો હું આજે જ સમજ્યો.''

એ દિવસે એકાદશી હતી તેથી બ્રહ્માનંદ સ્વામીએ એકાદશીનું કીર્તન કરી તેમાં ગાયું કે,

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી.
રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મીસરી પયમાંહી ભળી...આજ...
વળી
આજ મેં તો ભેટ્યા રે અંકભર પ્રગટ હરિ.
સુંદર શ્યામ મનોહર સુરત, મૂરતિ બેઉ સમાન,
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતા ગુલતાન;
શંકા મેટી રે હું તો વર અમર વરી.

આમ, ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને સખાભાવમાંથી ઉત્તમ એવી દાસભક્તિ તરફ વાળ્યા.

## પૂ. સ્વામીના વચનનો અનાદર કરનાર વડોદરાનો સોની સ્વપ્નમાં સોનું ચોરવાથી જીવતો નરકમાં પડ્યો

એક વખત ગોપાળાનંદ સ્વામી વડોદરામાં હજારો હરિભક્તોની સભામાં બેઠા. થકા ભગવાનની કથાવાર્તા કરતા હતા. ત્યાં કેટલાક સોની બેઠા હતા તેમને શિખામણની વાત કહેવા માંડી કે તમારે સોનીનો ધંધો છે. માટે જોજો હોં ? સોનાનાં ઘરેણાં તમારી પાસે જે કરાવવા આવે તેની પાસેથી ગમે તો બમણી મજૂરી લેજ્યો પણ કોઈનું સોનું જરાય પણ ચોરશો નહિ કારણ કે બધી વસ્તુ કરતા સોનું ચોરવાનું અતિ ઘણું પાપ છે. તેમાં પણ દેવ-બ્રાહ્મણનું સોનું ચોરવાનું પાપ તો પંચ મહાપાપમાં ગણેલું છે. માટે તે તો મન વડે પણ ચોરવું નહિ, તે સાંભળી તે સભામાં બેઠેલા દ્વારિકાદાસ સોની જે શ્રીજીમહારાજને

મળેલા સત્સંગી હતા તે બોલ્યા કે સ્વામી, મારાથી દેવ-બ્રાહ્મણનું નહિ તો પણ બીજાનું કાસું સોનું ચોરવામાં આવ્યું છે ખરું, તેનું મારે શું કરવું ?

ત્યારે સ્વામીએ કહ્યું કે કાલે બધા શાસ્ત્રીઓને ભેગા કરી કહેવું અને તે ધર્મશાસ્ત્ર પ્રમાણે દેખાડે તે પ્રાયશ્ચિત્ત કરવું અને હવે પછી એવું કર્મ ન કરવું અને તમારી પાસે જેટલું ધન હોય તે બધું પુણ્યદાનમાં વાપરી દેવું. એ રીતે કરશો તો જ શુદ્ધ થઈ મોક્ષના અધિકારી થશો, માટે આ અમે કહ્યું તેમ સાવધાન થઈ તત્કાળ કરવું, વાર કરવી નહિ.

પછી ત્યાં વનમાળી સોની બેઠો હતો તે બોલ્યો કે સ્વામી, વળી દેવ-બ્રાહ્મણનું સોનું ચોરવામાં વધારે શું પાપ લાગે છે ? સોનું તો બધાનું સરખું છે. સ્વામી બોલ્યા : સોનું તો સરખું છે પણ દેવ-બ્રાહ્મણને પૂજ્યપણે માનેલા છે. માટે એમનું સોનું તો સ્વપ્નમાં પણ ચોરી લેવાની જે માણસ બુદ્ધિ કરે તે તો આ દેહે તત્કાળ નરકમાં પડે છે. એમાં સંશય ન જાણવો.

એટલી વાત થયા પછી સભાને ઊઠવાની આજ્ઞા કરીને સ્વામી ધ્યાનમાં બેઠા ગૃહસ્થો પોતપોતાને ઘેર જતા રસ્તામાં વનમાળી સોની બીજા આગળ કહેવા લાગ્યો કે મોટા પુરુષ તો મોટી મોટી વધારીને વાતો કરીને ગરીબ લોકોને બીવરાવે છે, જેથી કોઈનું સોનું ચોરે નહિ પણ પોતપોતાના બાપદાદાના વખતથી જે ધંધો કરતો હોય ને તેમાં તેનું ગુજરાન થતું હોય, ને તેમાં તેનો ગુજારો હોય ને તેમાં તેનું કાંઈક સોનું લીધું, તેમાં શું પાપ થઈ ગયું ? વળી કોઈનું ઘણું સોનું હોય, તેમાંથી થોડું ચોર્યું તો તેમાં કોઈ પાપ લાગતું હશે ? એ રીતે સોનું ચોરવાની વાતો કરતો પોતાને ઘેર ગયો. જમ્યા પછી ખાટલો ઢાળીને સોનાનું મનન કરતો વનમાળી સોની સૂઈ ગયો.

પછી એને ગાઢ નિદ્રામાં સ્વપ્ન આવ્યું કે જાણે સ્વર્ગમાં ગયો. ત્યાં મોટી સોનાની હવેલીઓ જોઈને લલચાયો અને વિચાર કરવા લાગ્યો કે આ તો સ્વર્ગ છે. અહીં હું દૈવ-ઇચ્છાએ આવી પહોંચ્યો છું ખરો, પણ હમણાં મારે ઘેર પાછું જવું પડશે ને, 'ઘરમાં તો સાત સાંધુ છું તો તેર તૂટે છે.' ને વાલમાંથી રતિ ચોરું છું ત્યારે માંડ પેટનું પૂરું થાય છે. માટે આવો લાગ ફરીને નહિ આવે આ સોનાની હજારો હવેલીઓ છે તેમાંથી કોઈ ખૂણે ખાંચરેથી એક સોનાની ઈંટ બળ વડે ખેંચી કહાડીને ઘેર લઈ જાઉં તો પણ દોઢમણ સોનું આવે તો મારી

સાત પેઢી સુધી દ્રવ્ય ખૂટે જ નહિ અને અહીં તો લાખો-કરોડો સોનાની મોટી ઈંટોની ઈમારતો છે. વળી તેમાંથી એક ઈંટ ગઈ તે શી ગણતરીમાં છે ? એમાં મને શું પાપ થઈ જવાનું છે ? ને નરકમાં પડવાનું છે ? સ્વામી તો દેવ-બ્રાહ્મણની મોટપ વધારવા એમ બોલે; કારણ કે દેવ-બ્રાહ્મણ એ સાધુની મોટપ વધારે છે તો સાધુ પણ તેમની વધારે, એમ બ્રાહ્મણનું સોનું ચોરવાથી આ દેહે કોઈ નરકમાં પડ્યો એમ સાંભળ્યું પણ નથી.

આવો દુષ્ટ વિચાર કરીને તે સોની એક હવેલીના ઓટલાને ખૂણે જઈ આઘું-પાછું જોઈ કોઈ ન દેખે એમ એક ઈંટ બે હાથ ઝાલી. (પોતે સૂતો છે. તે ખાટલાની ઈસ (ઈં)ને સોનાની ઈંટ જાણીને) અતિ બળ વડે તાણતા જેમ નાઘેરી ભેંસ જેમ પોદળો કરે તેટલું બધું રાતે ગળા સુધી ભરેલું છે છેરી દીધું. તેનો ધ્વનિ સાંભળી બધાજાગી ઊઠ્યા અને ખરાબ દુર્ગંધ આવવાથી વેગળા નાઠા પછી કહેવા લાગ્યા કે અલ્યા પાપી ઊઠ. આ શું કર્મ કર્યું ? જો તો ખરો ? આ ભૂંડની પેઠે નરકમાં પડ્યો પડ્યો આળોટે છે ?

એમ તિરસ્કાર વડે બૂમ મારી ત્યારે તે બે-ત્રણ ઘડીએ ઊઠ્યો પછી જુએ છે તો જાણે નરકકુંડમાં પડ્યો હોય તેવો ભૂંડો જણાયો. ગાદલા-ગોદડાં-ચાદર વગેરે ખરાબ !

જુઓ ! સ્વપ્નમાં પણ સોનું ચોરવાનો ઉદ્યોગ કરવાથી સોનું મળ્યું નહિ પણ મોટા પુરુષ જે સાક્ષાત્ ભગવાન જેવા હોય છે તેમના વચનનો અનાદર કરવાથી તત્કાળ એ દેહે જ નરકમાં પડવું પડ્યું, માટે શાસ્ત્રને સાધુ પુરુષ એ બેના વચનમાં વિશ્વાસ રાખી, તે પ્રમાણે જે વર્તે તેને જ દૈવી સંપત્તિવાળો મુમુક્ષુ પુરુષ જાણવો અને તેનો જ મોક્ષ થાય છે વળી સોની દ્વારિકાદાસ જે મહાભક્ત હતા તેમણે સ્વામીનો વિશ્વાસ રાખીને શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત કર્યું અને તેમના વચન પ્રમાણે પોતાની પાસે અઢાર હજાર રૂપિયા પૂંજી હતી તે બધી પુણ્ય માર્ગમાં જ વાપરી. શ્રી વડતાલથી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને સર્વે સાધુ, પાર્ષદો, બ્રહ્મચારીઓ સહિત તેડાવ્યા ને દેશાંતરથી હજારો હરિભક્તો તથા બ્રાહ્મણોને તેડાવીને વડોદરામાં મોટો વિષ્ણુયાગ કર્યો હતો તથા શ્રીહરિકૃષ્ણ મહારાજને ભારે સોનાના દાગીના કરાવ્યા હતા તેમજ વસ્ત્રો, શણગાર કરાવ્યા હતા. મોટા આચાર્યશ્રીને પૂજા કરીને ઘરેણાં, વસ્ત્ર વગેરે ભેટ કર્યું હતું. સોનાની છડી તથા

સીસમની ઘુઘરીયું વાળી પાટ જે હાલ વડતાલમાં સભામંડપમાં છે તે અને બીજો ઘણો ભારે સામાન અર્પણ કર્યો અને બધા સાધુને જમાડી ચાદરો ઓઢાડીને બ્રાહ્મણોની ચોરાસી કરી અને ઘણી દક્ષિણાઓ આપી. એ રીતે બધી પૂંજી ધર્મમાં વાપરીને ઘર હતું તે મંદિરમાં દેવને અર્પણ કર્યું.

અને જ્યારે દ્વારિકાદાસ સોનીનો અંતકાળ આવ્યો ત્યારે હરિકૃષ્ણ મહારાજ ગોપાળાનંદ સ્વામી આદિ હજારો સંતોને તથા હરિભક્તોને સાથે લઈ દિવ્ય વિમાન સાથે તેડવા આવ્યા હતા અને તે સર્વેના હજારો સત્સંગી તથા કુસંગીને દર્શન થયા હતા. પછી એ દ્વારિકાદાસ સર્વેને જય સ્વામિનારાયણ કહીને કંઈ પણ દુઃખ રહિત, બેઠા થઈ હસતા હસતા શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સંવત ૧૯૧૧ના મહા સુદ ચોથને દિને ધામમાં ગયા.

## પૂ. સ્વામીની વચને લોધીકાના અભેસિંહનું પરિવર્તન

લોધિકાના દરબાર જીભાઈને એક કુંવર હતા. તેઓનું નામ અભેસિંહ હતું. નાનપણથી જ શિકારના શોખીન હતા. અનેક પક્ષીઓને મારી મારીને તેની જીભો કાઢીને કાચરીની જગ્યાએ તેનું ભોજન કરતા અને હરણાઓ, સસલાંઓ અને બકરાઓ મારીને રોટલાની જગ્યાએ તેનું ભક્ષણ કરતા તથા પાણીની જગ્યાએ દારુનો જ ઉપયોગ કરતા અને મુખવાસના સ્થાને અફીણ ખાતા. આવા મહાન વ્યસની અને નિર્દય અભેસિંહજી એક વાર હરણની પાછળ દોડતા દોડતા મેંગણી ગામમાં આવ્યા. ત્યાં યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સભા કરીને ઉપદેશ આપતા હતા.

તે સભામાં ભયંકર વેશધારી અભેસિંહજી આવ્યા. તુરંત સ્વામીએ કહ્યું : ‘‘હે અભેસિંહ ! હજુ કેટલા પાપ કરવા છે ? આમને આમ કરશો તો યમયાતના ભોગવવી પડશે.’’ આ રીતે જન્મ-મરણના દુઃખોની વાત કરી. તુરંત અભયસિંહજીનું હૃદય પરિવર્તન થઈ ગયું અને સ્વામીના પગમાં પડી ગયા. પછી ક્યારેય પાપ નહિ કરવાનું અને દારુ-માંસનું ભક્ષણ નહિ કરવાના નિયમો લીધા. પછી તેના જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી પરંતુ નિયમોનો ભંગ ન કર્યો.

## ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ

એક સમયે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી પાર્ષદ ગોરધન ભગતને દીક્ષા અપાવા વરતાલ આવ્યા હતા. રઘુવીરજી મહારાજ પાસે ત્યાગીની દીક્ષા અપાવી તેમનું નામ ‘‘બાલમુકુંદદાસજી’’ રાખવામાં આવ્યું.

અને અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામનવમીના સમૈયા ઉપર વરતાલ આવ્યા હતા અને નિર્મળાનંદ સ્વામી પણ પોતાના શિષ્યને ત્યાગીની દીક્ષા અપાવવા માટે વરતાલ આવ્યા હતા. તેઓને અયોધ્યાપ્રસાદજી મહારાજે દીક્ષા આપી અને ‘‘નિર્ગુણદાસજી’’ નામ પાડ્યું. પછી બંને નવા સંતોને લઈને ગુણાતીતાનંદ સ્વામી તથા નિર્મળાનંદ સ્વામી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. સર્વેએ આવી સ્વામીને દંડવત્ કર્યા પછી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘સ્વામી ! આ નવા સંતો કર્યા છે તેઓને આશીર્વાદ આપો.’’ તેથી નીચે નમીને પગે લાગતા બંને સંતોની ડોક ઉપર બાજુમાં પડેલી એક લાકડી મૂકીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આ બંને સાધુ સત્સંગની ધૂંસરી ઉપાડે એવા મહાન ઐશ્વર્યવાળા થશે.’’ પછી નિર્ગુણદાસ સ્વામીને માથે હાથ મૂકી કરુણાદૃષ્ટિથી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ‘‘જાઓ સાધુરામ, સત્સંગની ખૂબ સેવા કરજો.’’ પછી બાલમુકુંદ સ્વામીને ગંભીરતાથી થોડીકવાર જોઈ રહ્યા અને ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : ‘‘સ્વામી ! તમે દીક્ષા તો અપાવી પરંતુ આમનું આયુષ્ય માત્ર દોઢ વર્ષનું બાકી છે.’’ ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ હસીને કહ્યું : ‘‘તો તો યોગીનાં વચન ખોટા પડશે. કારણ કે તમોએ હમણાં જ કહેલું કે, આ બંને સત્સંગની ધૂંસરી ઉપાડે તેવા થશે.’’

આ વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી તેમનો મર્મ સમજી ગયા અને બાલમુકુંદ સ્વામીને માથે હાથ મૂકીને બોલ્યા : જાઓ સાધુરામ તમો પણ લાંબા સમય સુધી સત્સંગીની સેવા કરશો.’’ સ્વામીના આશીર્વાદથી બંને સંતો બંને દેશમાં અગ્રગણ્ય થયા હતા.

નોંધ : નિર્ગુણદાસ સ્વામીના ગુરુ નિર્મળાનંદ સ્વામી હતા અને પછીથી નિર્ગુણદાસ સ્વામી ગોપાળાનંદ સ્વામી ભેગા રહેતા તેથી તેમના જ્ઞાનગુરુ ગોપાળાનંદ સ્વામી હતા.

## મોટા પુરુષના અવગુણનું ફળ

એક વાર ગોપાળાનંદ સ્વામી વડોદરા ગયા હતા. ત્યાં ભાવિક ભક્તો દરરોજ રસોઈ આપતા હતા. દરરોજ જુદા જુદા ભક્તોના ઘેર રસોઈ કરતા અને ભક્તોને રાજી રાખવા સ્વામી થોડોક લાડુ જમતા. તે સમયે ગઢપુરથી એક સાંખ્યયોગી બાઈ વડોદરામાં આવેલી. તેથી તેને પણ ભક્તો આમંત્રણ આપતા અને તે પણ દરરોજ લાડવા ખાતી.

પછી સ્વામીને ખબર પડતાં એક વાર ચાલુ કથામાં ટકોર કરી : ''સાંખ્યયોગી થઈને દરરોજ લાડવા ખાય છે તે પાર કેમ પમાશે ? માટે દરરોજ લાડવા ન ખાવા જોઈએ.'' આવું સાંભળીને પેલી બાઈએ સ્વામીની ખૂબ નિંદા કરી. તે દ્રોહને કારણે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને કામવાસના ઉત્પન્ન થઈ, તેથી એક પાર્ષદને લઈને ભાગી ગઈ.

**અથઃ શ્રીસહજાનંદસ્વામી તથા તેમના મુક્તોના મહિમાની વાતો**

## અક્ષરધામમાં મહારાજનું મટકું

અક્ષરધામમાં પૂર્ણ પુરુષોત્તમનારાયણને કોઈ દિવસ મટકું આવે નહીં. ને એક દિવસ તેમણે નેત્રમાં મટકું ભર્યું. તે સમે અનાદિ મુક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આંહી મટકું નહીં ને તમે મટકું કર્યું તેનું શું કારણ છે ?'

ત્યારે મહારાજે કહ્યું જે, ''આ મટકામાં તો અમે પૃથ્વીને વિશે અધર્મનો નાશ કરી એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. તથા અનેક જીવને ધ્યાન, ધારણા અને સમાધિ કરાવી. ને પોતાનાં અનેક ધામ દેખાડ્યાં. અને મોટા મંદિરો બાંધ્યા. સંપ્રદાયના ગ્રંથ કરાવ્યા પછી ધર્મકુળ આચાર્યની સ્થાપના કરી અને અક્ષરધામની સડક બાંધી દીધી. ને આ મટકામાં ઓગણપચાસ વર્ષ, બે માસ ને દોઢ દિવસ પૃથ્વી ઉપર વીતી ગયા છે.'' એવી રીતે શ્રીજીમહારાજે સદાય પોતાનું પ્રગટપણું અક્ષરધામમાં રહ્યાં થકા અસંખ્યાત બ્રહ્માંડોને વિશે દેખાડ્યું છે.

## કીડિયારાનું કલ્યાણ

અને પુરુષોત્તમનારાયણના અનાદિ મુક્ત આ પૃથ્વીને વિશે આવ્યા છે. તેમના સંકલ્પે કરીને અનેક જીવનો આ સમયે ઉદ્ધાર થાય છે. તે ઉપર ભાદરાના વશરામ સુતારની વાત કરી જે, ખેતી કરતા કીડિયારાના દરમાંથી અસંખ્યાત

કીડિયું નીસર્યું. તે જોઈને તેમણે કિડિયારાનો મોક્ષ થાય તેવો સંકલ્પ કર્યો. તેવામાં અનેક વિમાન આવ્યાં. અને સર્વે કીડિયું મુક્ત થઈને તે વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગઈ. ત્યારે વશરામભાઈને અતિશે આનંદ થયો ને સાંજે ભાદરા આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "વશરામ ! આવા સંકલ્પ ન કરવા. અને જો તમે આ આખા બ્રહ્માંડના જીવ ભગવાનનાં ધામને પામે એવો સંકલ્પ કર્યો હોય તો આખાં બ્રહ્માંડના જીવનું કલ્યાણ થાત." કેમ જે, આ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ તમને મળ્યા છે. તેમનો આ પ્રતાપ છે.

વળી, ગઢપુરમાં એક દિવસ ગોપાળાનંદસ્વામી, શામળિયા ચૈતન્યાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, શાંતગુણાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી તથા શ્રીધરાનંદસ્વામી તે સર્વે મળીને લક્ષ્મીવાડીએ ના'વા જતા હતા. તે વાડી મધ્યે કૂવો છે ત્યારે લૂગડા ઉતારી ત્યાંથી ગોપાળાનંદસ્વામી બહિર્ભૂમિ ગયા. ત્યાં સ્વામી ઘેલાને કાંઠે ખાતરામાં બેસતા ઝીંઝવાનું ભોથું પગની ઠેસે આવ્યું તેથી ઉખડ્યું અને કીડિયારું નીસર્યું.

તે જોઈને ગોપાળાનંદસ્વામીએ એમ સંકલ્પ કર્યો જે, આ સર્વેનો મોક્ષ થાઓ. તે જ સમયે અસંખ્યાત તેજોમય વિમાન આવ્યાં. તેમાં સર્વે કીડિયું તેજોમય ભાગવતી તનું ધારણ કરીને બેસીને ભગવાનના ધામમાં ગઈ. પછી ગોપાળાનંદસ્વામી ત્યાંથી ઉઠીને ઘેલાને કાંઠે હસ્ત તથા દેહશુદ્ધિ કરતા હવા. પછી પાછા આવ્યા ત્યારે તેમનું પ્રફુલ્લિત મુખ જોઈને શામળિયા ચૈતન્યાનંદસ્વામીએ પૂછ્યું જે, 'સ્વામી ! તમને મહારાજે દર્શન આપ્યું છે તેમ જણાય છે.' ત્યારે સ્વામીએ ઉપર પ્રમાણે કીડિયું ધામમાં ગઈ તે વાત કરી.

## પર્વતભાઈએ માતરા ધાધલનો મોહ મટાડ્યો

એક સમે માતરો ધાધલ લડાઈ કરવા જાતા હતા. તે શા સારું ? તો પોતાના ઘરડા મરાણા હતા, તેમનું માથું લેવા જતા હતા. ત્યારે મહારાજે તેમને કહ્યું જે, 'તમે લડાઈ કરવા જાવું રહેવા ઘો. આગળ ઘણા ઘરડા મરાણા હશે.' તો પણ ન માન્યું. ને પોતાના મનુષ્ય લઈ લડાઈ કરવા ગયા. તે વાટમાં ગામ અગતરાઈને પાદર તળાવે ઉતારો કર્યો. ટીમણ કરતા હતા. ત્યાં તો લડાઈ કરવાના સંકલ્પ જીવમાંથી નીકળી ગયા. તેથી તેણે જાણ્યું જે, આ ગામમાં કોઈક

મોટા પુરુષ છે. તે સમયે તે તળાવે પર્વતભાઈ ના'વા આવ્યા. તેમને માતરા ધાધલે કહ્યું જે, 'આ ગામમાં કોઈ મોટા પુરુષ છે ? ત્યારે તેમને પર્વતભાઈએ કહ્યું જે, 'ચાલો વાતું કરું.'

પછી પર્વતભાઈની વાતું સાંભળીને માતરા ધાધલને તેમની મોટપ સમજાણી. અને લડાઈના ઘાટ સંપૂર્ણ નિર્મૂળ થયા. તેથી પાછા પોતાને ગામ આવ્યા. ત્યારે મહારાજ કહે, 'કેમ લડાઈ કરીને આવ્યા ?' ત્યારે માતરે કહ્યું જે, 'મહારાજ, તમારા હથિયારે મારા કામ - ક્રોધાદિકનાં માથા કાપી નાખ્યા છે.'

## પર્વતભાઈ દ્વારા મોટા દેવોનો પણ મોક્ષ

મહારાજ એક સમયને વિશે કાઠીના અસ્વારે સહિત અગત્રાઈ પધાર્યા ને તળાવની પાળે સભા કરીને બેઠા ને પર્વતભાઈનાં વખાણ કરતા હતા. તે વખતે પર્વતભાઈ ત્યાં આવ્યા. તેથી મહારાજે તેમને ઘોડાના ઘાસિયાનું પાથરણું નાખી આપ્યું. તે ઉપર તે બેઠાં પછી કાઠીએ મહારાજને પૂછ્યું જે, 'પર્વતભાઈ કેવા હશે ?' ત્યારે મહારાજ કહે, 'આ બેઠાં તે છે.' ત્યારે કાઠીઓએ તેમને જાડા લૂંગડા પહેરેલા દેખીને મનમાં એમ વિચાર કર્યો જે, 'મહારાજ તો બહુ જ વખાણે છે, પણ આ તો એવા જણાતા નથી.' પછી મહારાજે જાણ્યું જે, 'આ કાઠીઓ સર્વેને મોટા મુક્તને વિશે સંશય થયો તેથી અહીં ન રહેવું.' એમ જાણીને શ્રીહરિ ચાલ્યા ને પર્વતભાઈને કહ્યું જે, "આજથી ચોથે દહાડે તમો જૂનાગઢ આવજો."

પછી ચોથે દિવસ પર્વતભાઈ જૂનાગઢ આવ્યા. ત્યારે મહારાજે કાઠીઓને કહ્યું જે, 'મોટા મુક્ત પર્વતભાઈ આવે છે, માટે આપણે તેમના સામા જઈએ.' પછી સામા ચાલ્યા. ત્યારે સામેથી પર્વતભાઈ આવતા હતા. તે પર્વતભાઈના ઉપર અનંતકોટી બ્રહ્માંડના પતિ એવા જે બ્રહ્માદિક દેવો તે સ્તુતિ કરતા હતા. ને તેમના વિમાનની છાયા પર્વતભાઈ ઉપર ઠસાયેલી. તે દેખીને કાઠીઓએ મહારાજને પૂછ્યું જે, 'આટલા બધા વિમાન રહ્યાં છે, તેનું શું કારણ હશે ?' ત્યારે મહારાજ કહે, 'આપણે પર્વતભાઈની ભેગા થાશું, ત્યારે તેમને પૂછશું.' પછી ભેગા થયા ત્યારે મહારાજે કહ્યું જે, 'પર્વતભાઈ ! તમારા ઉપર આટલા બધા વિમાન કેમ છાઈ રહ્યાં છે ?' ત્યારે પર્વતભાઈએ કહ્યું જે, "મહારાજ ! વીસ વીસ વર્ષ થયા આ સર્વે દેવો મારી વાંસે લાગ્યા છે, ને કહે છે કે, 'અમારું

સારું કરો.'' ત્યારે મહારાજ કહે જે, ''તમો શા સારું તેમનું સારું નથી કરતા ? અમો તમારામાં રહીને તમારો સંકલ્પ સત્ય કરીએ છીએ; માટે તમો તેમનું સારું કરો.'' ત્યારે પર્વતભાઈએ તેમના મોક્ષનો સંકલ્પ કર્યો. એ જ સમયે અનેક દેવો દિવ્ય દેહ ધરી ભગવાનના ધામને પામ્યા. (જેના ભક્તમાં આવી સામર્થી હોય તો મહારાજની મોટાઈ તો શું કહેવી...?).

## ગરીબ કઠિયારા ભક્તની સ્થિતિ અને મહાનતા

એક સમયને વિશે સોરઠ દેશમાં પુરુષોત્તમનારાયણનો એકાંતિક ભક્ત કઠિયારો હતો. તે વ્યવહારે દૂબળો હતો. તે લાકડાનો ભારો વગડામાંથી લાવે અને તેને વેચી તેના દાણા લઈ ખાય, ને તેને ઘેર તેમની સ્ત્રી પતિવ્રતા હતી તે પતિને મૂકીને એકલી ક્યાંય જાય નહિ. તે કઠિયારાને એક દિવસ તાવ આવ્યો ત્યારે તે દિવસ લાકડાં લેવા ન જવાણું. તેથી બેય માણસને ઉપવાસ થયો. પછી બીજે દહાડે તાવ ઉતર્યો , ત્યારે બેય જણા વગડામાં ભારો લેવા ગયા. તે એક ખીજડાનું ઠૂંઠુ કાપતો હતો. ને તેને અખંડ અક્ષરની ધારણા રહેતી હતી, ને ત્રણેય અવસ્થામાં પુરુષોત્તમનારાયણની મૂર્તિને દેખતો હતો.

તે વેળાએ તેણે પોતાની અક્ષરરૂપ ધારણા કરી, તે અક્ષરની ધારણાના હેતુથી ઠૂંઠુ કાપતો હતો. તે ઠૂંઠું ડોલવા લાગ્યું. ત્યાં અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક તેના સ્થાન તે વેળાએ કંપવા લાગ્યા. ત્યારે તે પ્રકૃતિપુરુષાદિકે પુરુષોત્તમનારાયણનું ધ્યાન કર્યું. તેથી તેને પુરુષોત્તમનારાયણનું દર્શન થયું. ત્યારે તેણે મહારાજને કહ્યું જે, 'આ કોઈક અમારું સ્થાન ધ્રુજાવે છે.' ત્યારે પુરુષોત્તમનારાયણે કહ્યું જે, 'એ તો અમારો ભક્ત છે, ને તમો અમારું રૂપ ધારણ કરી તેની પાસે જઈ તેને છેતરો.' ત્યારે તેમણે પુરુષોત્તમનારાયણનું રૂપ ધારણ કરી વિમાનમાં બેસીને તે ત્યાં કઠિયારા પાસે આવ્યા. ને કહ્યું જે, 'હે ભક્ત ! તમે અમારા સારુ ઘણો દાખડો કર્યો. માટે હવે ચાલો અમારા ધામમાં.' એમ તેમણે ચાર વખત કહ્યું.

ત્યારે તે ભક્તે કહ્યું જે, ''તમારા જેવા તો વીસ વર્ષથી મારી પાસે સ્તુતિ કરે છે, ને મારા સ્વામીનું રૂપ ધરીને મને છેતરવા આવ્યો છો, પણ હું છેતરાઉં તેવો નથી. ને મારા સ્વામીનું રૂપ તો તમારા જેવું નથી, તે તો બીજી રીતનું છે.'' ત્યારે તેણે કહ્યું જે, ''તમારા સ્વામી કેવા છે ? તેનું દર્શન કરાવો.'' ત્યારે કઠિયારે મહારાજ પુરુષોત્તમનારાયણની મૂર્તિનું ધ્યાન કરી સ્તુતિ કરી. તેથી તેને

પ્રથમ તેજ દેખાણું ને પછી તેજમાં પુરુષોત્તમનારાયણની મૂર્તિ દેખાણી. તેનું તેને દર્શન કરાવ્યું ને તે સર્વે મહારાજનાં દર્શન કરીને અતિશે આનંદ પામ્યા. પછી સૌ સૌને સ્થાને ગયા. એમ મહામુક્તો તો ભગવાનને સર્વે વાતે જાણે છે, ને એક રોમ માત્ર અજાણ્યું નથી. પરંતુ ક્યારેક વાર્તા કરે કે ન પણ કરે.

## ગોપાળાનંદસ્વામીના કહેવાથી ધામની સભાના દર્શન

એક સમયને વિશે દાદા ખાચરના દરબારમાં શ્રીજીમહારાજ સભા કરીને બિરાજમાન હતા. તે આગળ મોટા મોટા ભણેલા સંત બેઠાં હતા ને બીજા સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા સંતદાસજી તથા અખંડાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી એ આદિ સંતો પાછળ બેઠા હતા. તેટલામાં તે સભાને વિશે ગોપાળાનંદસ્વામી આવ્યા. ને મહારાજના દર્શન કરીને કહ્યું જે, 'હે મહારાજ ! આ સભા અવળી કેમ કરી છે ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ લોક અવળો છે તેથી આ લોક પ્રમાણે સભા છે.' ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'એક વખત અમને મૂળ સભા સવળી, જેમ હોય તેમ કૃપા કરીને દેખાડો.'

ત્યારે મહારાજે સર્વ સભાની ચર્મદષ્ટિ જે માયિકદષ્ટિ તે ખેંચી લીધી. તેથી મહારાજ બેઠા હતા તે ઠેકાણે અક્ષરધામ દેખાયું. ને તેને મધ્યે મહારાજની મૂર્તિ દેખાણી, ને તે મૂર્તિ આગળ અહીં પાછળ બેઠા હતા જે સ્વરૂપાનંદ આદિ સંત તે સર્વે મહારાજની મૂર્તિમાં સંલગ્ન થઈ ગયેલા મોઢા આગળ દીઠા. ને તેમને વિશે ઘણુંક તેજ, ઐશ્વર્ય, સામર્થી અને સુખે જુક્ત દેખાણા. ને જે મોઢા આગળ બેઠાં હતા તે પાછળ દેખાણા ને તેમનામાં તેજ તથા સામર્થી બહુ જ ઓછી દેખાણી. તેવી રીતે એક ઘડી સુધી સહુને દેખાણું. ત્યાં તો સર્વેને એમ જણાયું જે, કોટી કોટી કલ્પ સુધી ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યું. તેમ સર્વેને દેખાણું. એવી રીતે ભગવાનના સ્વરૂપની એવી અલૌકિક મહા મોટપ છે. પછી મહારાજની પાસે મોઢા આગળ સભામાં જે સંત બેસતા તેમને વાંસે બેસતા જે સ્વરૂપાનંદજી આદિ સંત તેમનું માહાત્મ્ય અતિશે જણાણું.

## ગોપાળાનંદસ્વામીએ ગ્રહણ અટકાવ્યું

એક સમયને વિશે વડોદરામાં જ્યોતિષનો ભણેલો શાસ્ત્રી ગોપાળાનંદસ્વામી પાસે ગિરવાણમાં ભાષણ કરતો કરતો આવ્યો ને કહે, 'કાલ પૂનમનું ગ્રહણ

છે. તેમાં તલનું દાન આપે તેને આ ફળ થાય.' એમ દાનનાં ફળ અહંકાર સહિત કહેવા મંડ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, 'કાલે પૂનમનું ગ્રહણ થવાનું નથી.' ત્યારે તે બોલ્યો જે, 'ગ્રહણ ન થાય તો હું જનોઈ બાળીને સન્યાસી થાઉ.' ત્યારે સ્વામી કહે જે, 'તારે સંન્યાસી થાવું નથી પરંતુ જા કાલે ગ્રહણ નહીં થાય.'

ત્યારે તે વડોદરાના પંડિતોની સભામાં જઈ બોલ્યો જે, 'સ્વામિનારાયણના સાધુ ગ્રહણ થવાની ના કહે છે.' ત્યારે તે સભાવાળા બોલ્યા જે, 'કાલે ખબર.' પછી રાત બધી તે બેઠો તો પણ ગ્રહણ ન થયું. ને તેણે અસ્વારથી બાર બાર ગાઉ ઉપર ખબર કઢાવી તો પણ ન દેખાયું, તેવી ખબર આવી. પછી તે શાસ્ત્રી સ્વામી પાસે આવીને બોલ્યો જે, 'સ્વામી ! તમે બહું જ મોટા પુરુષ છો. શાથી ? જે કાલે જરૂર ગ્રહણ થવાનું હતું તેને તમે બંધ કરી દીધું. માટે હું તમારો શિષ્ય છું ને મને વર્તમાન ધરાવો.' એવી રીતે ગોપાળનંદ સ્વામીનો પ્રતાપ જોઈને તે શાસ્ત્રી સત્સંગી થયો. એવી રીતે ઘણાક મનુષ્યોને સ્વામીએ સત્સંગ કરાવ્યો. પછી સ્વામી વડતાલ આવ્યા ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'સ્વામી !' પૂનમનું ગ્રહણ થવાનું હતું તે તમે બંધ રાખ્યું તે બહું ખોટું કર્યું. કેમ કે, હજારો રૂપિયાના માણસો દાન કરત.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'નિત્યાનંદસ્વામી, હું શું કરું ? તે શાસ્ત્રી બહું જ અહંકારી હતો. તેથી મેં તેનો અહંકાર ઉતાર્યો અને તેને સત્સંગી કર્યો.'

## વડોદરામાં ગોપાળાનંદસ્વામીએ ચંદ્રમંડળ ખેંચ્યું

વડોદરામાં એક દિવસ પૂનમની રાત્રીએ ગોપાળાનંદસ્વામી ફળિયામાં સૂતા હતા, ને પોતાના મંડળના સાધુ પાસે સૂતા હતા. ને ત્યાં શાસ્ત્રી રામચંદ્ર પણ સૂતા હતા. ત્યારે સ્વામી બોલ્યા જે, 'ચંદ્રમાં શીતળ ને શાંતપણું ઘણુ છે. તે અહિ આવે તો કેવી શાંતિ થાય ?'ત્યારે રામચંદ્ર કહે, ! 'સ્વામી, ચંદ્ર અહીં કેમ આવે ?' ત્યારે સ્વામી કહે જે, 'લાવવો હોય તો આવે' એમ કહીને ચંદ્રમામાં મહારાજની મૂર્તિ ધારીને પ્રતિલોમપણે ચંદ્રને મૂર્તિ સોતો ખેંચ્યો. તે ચંદ્રમંડળ આકાશ સુધી ખેંચાણું. પછી તે ચંદ્રના મંડળમાંથી મહારાજ એકદમ આવ્યા ને સ્વામી પાસે આવીને કહ્યું જે, 'આ શું કર્યું ?'

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે જે, 'મેં જાણ્યું જે ચંદ્રમામાં કેવી શીતળતા હશે તે જોવા ખેંચ્યું છે.' ત્યારે શ્રીહરિ કહે, 'તમારું શું અજાણ્યું છે, હવે રહેવા

દ્યો.' તેથી સ્વામીએ ચંદ્રમંડળને મૂકી દીધું. તે પાછું પોતાના સ્થાનકે જઈને ઠેરાણું. એવી રીતે શ્રીજીમહારાજને પ્રતાપે કરીને અનાદિમુક્તમાં આવો અપાર અલૌકિક પ્રતાપ છે.

## ગોપાળાનંદસ્વામીએ પોતાનો પ્રતાપ કહ્યો

એક સમયને વિશે મહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'તમારો આ લોકમાં પ્રતાપ હોય તે કહી દેખાડો.' ત્યારે સ્વામીએ ઊભા થઈને કહ્યું જે, 'સત્પુરુષો ને સત્શાસ્ત્રો એમ કહે છે જે, ભગવાનની મરજી વિના એક સૂકું તરણું પણ ડોલે નહીં, પણ જો મારે ડોલાવવું હોય તો ડોલાવું ખરો.' તેમ ધીમે રહીને બોલ્યા. ત્યારે મહારાજ કહે, 'તમે ઊભા થઈ ઊંચેથી બોલો.' ત્યારે સ્વામી ઊંચેથી બોલ્યા જે, 'તમારે પ્રતાપે કરીને જો બ્રહ્માંડ ડોલાવવું હોય તો ડોલાવું ખરો. તેવી આપના પ્રતાપથી મારામાં સામર્થી છે.'

## ગોપાળાનંદસ્વામીનું ધ્યાન અને પ્રતાપ

એક સમયે ગોપાળાનંદસ્વામી ધ્યાન કરવા બેઠા. ને જમણા નેત્રમાં સૂર્ય અને ડાબા નેત્રમાં ચંદ્રનું ધ્યાન કરવા માંડ્યું. ત્યાં તો તે બંને સ્વામીના બે નેત્રમાં પ્રવેશ કરી ગયા. તેથી પૃથ્વીમાં અંધારું ઘનઘોર થઈ ગયું. પછી મહારાજ કહે, 'સ્વામી ! આ શું કર્યું ?' ત્યારે સ્વામી કહે, 'તમોએ કહ્યું છે જે ડાબા નેત્રમાં ચંદ્રનું ને જમણા નેત્રમાં સૂર્યનું ધ્યાન કરવું, તેમ મેં કર્યું. ત્યાં તો તે બેય મારાં નેત્રમાં પ્રવેશ કરી ગયા.'

પછી મહારાજ કહે, 'સ્વામી ! તમારા નેત્રની કીકીનું તેજ એ બાપડા શું ઝીલી શકે ? એ તો તમારા આગળ મચ્છરિયા જેવા છે, ને એ ધ્યાન તો બીજા આધુનિક ભક્તને અર્થે છે, પણ તમારા જેવા અનાદિ મુક્તને અર્થે નથી. માટે તેને છોડી દ્યો.''

## બ્રાહ્મણની ઈર્ષ્યા અને ગોપાળાનંદસ્વામીનું નિર્માનીપણું

એક સમયને વિશે વડોદરામાં ગોપાળાનંદસ્વામીએ સત્સંગ ઘણો કરાવ્યો. તેથી ત્યાંના એક નાગરને સ્વામી ઉપર ઘણી ઈર્ષ્યા આવી જે, આમના સત્સંગી ઘણા થાય છે. તે જો ધર્મમાંથી પડે તો તેમની નાલેશી (બદનામી) થાય અને

સત્સંગ ઘટી જાય. તેમ જાણી સ્વામી સ્નાન કરવા ગયા હતાં, ત્યાંથી દીશાએ ગયા. ત્યાં પ્રમદાઓ (સ્ત્રીઓ)ને મોકલ્યું. તેણે ત્યાં સ્વામીને ઝાલ્યા એટલે સ્વામીએ નાડીપ્રાણ સંકેલી લીધા. તેથી તે પ્રમદાઓએ સ્વામીના દેહની ગાંસડી બાંધી અને મેડી ઉપર ચડાવી દીધી. ને ત્યાં ચાર દિવસ રાખ્યા ને પાંચમે દહાડે રાત્રે તળાવમાં દેહને નાખી આવીયું.

તે પછી સ્વામી ભેગા જે સાધુ હતા તે સર્વે વડતાલે મહારાજ પાસે આવી અને કહ્યું જે, 'સ્વામી તો દીશાએ ગયા ત્યાંથી ક્યાંક ચાલ્યા ગયા છે. તે કોણ જાણે ક્યાં ગયા છે ?તેની ખબર પડતી નથી.' તે સાંભળી મહારાજ ઘણા ઉદાસ થઈ ગયા અને થાળ પણ જમ્યા નહીં ને સભામાં વાત પણ કરે નહીં. ને કહે જે, 'કોઈ સ્વામીને લાવે તેના ઉપર હું ઘણો રાજી થાઉં. ને તેની છાતીમાં ચરણારવિંદ આપું. ને જે માગે તે આપું. પણ કોઈ સ્વામીને અહીં લાવો.' એમ વારંવાર મહારાજ ચાર દિવસ સુધી અતિશે ઉદાશ થઈ એમ જ બોલ્યા કરે.

પછી પાંચમે દહાડે ગોપાળાનંદસ્વામી વડતાલને માર્ગે ચાલ્યા આવતા હતા. ત્યારે મહારાજ કહે, 'ચાલો ગોપાળાનંદસ્વામી આવે છે.' એમ કહીને ચાલ્યા તે ભેગા સર્વે સંત ચાલ્યા. પછી ગોપાળાનંદસ્વામીને થોડુંક છેટું રહ્યું, એટલે મહારાજ દંડવત્ કરવા માંડ્યા. ત્યારે સર્વે સંત પણ દંડવત્ કરવા માંડ્યા. તેથી સામા ગોપાળાનંદસ્વામી પણ દંડવત્ કરવા માંડ્યા. પછી મહારાજ ગોપાળાનંદસ્વામીને ઝાલી બાથમાં ઘાલીને મળ્યા. પછી સીમમાંથી મહારાજ સાથે વડતાલ આવ્યા. ને મંદિરમાં સ્વામીને સર્વ સમાચાર પૂછ્યાં. ત્યારે સ્વામીએ ઉપરની સર્વે વાત કહી. તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા ને બોલ્યા, 'અહો અહો ! આવા મોટા સાધુ, તેણે કેવું નિર્માનીપણું ગ્રહણ કર્યું ને જો સ્વામી સંકલ્પ કરે તો અનંતકોટી બ્રહ્માંડનો પ્રલય થઈ જાય તેવા મોટા છે, પણ કેવું નિર્માનીપણું છે. !' તેથી તે ડોશીઓને કાંઈ ન કર્યું તથા દ્વેષી બ્રાહ્મણનું પણ સહન કર્યું. એમ મહારાજે સ્વામીના ઘણાં વખાણ કર્યા.

## સ્વામી છ મહિના ૬૦ રૂપે થઈને ફર્યા !

મહારાજે ગોપાળાનંદસ્વામીને ઝાડી પ્રદેશ(પંચમહાલ)માં સત્સંગ કરવા મોકલ્યા. સંતો ત્યાં ગયા ત્યારે સાધુ કહે જે, 'સ્વામી ! ઝાડીમાં તો વાઘ ખાઈ જાશે.' ત્યારે સ્વામી કહે, 'જેણે ગર્ભમાં રક્ષા કરી છે, તેના તે જ મહારાજ

આપણી રક્ષા કરશે.' પછી ત્યાં ઝાડીમાં દિવસે સ્વામી સર્વે સાધુને વનમાં લીટો કરીને ધ્યાનમાં બેસાડે. ને સમાધિ કરાવી અક્ષરધામમાં મહારાજના સ્વરૂપને દેખાડે, તેણે કરીને સહુ સંતોને સુખિયા રાખે, ને પોતે દિવસે ગામમાં વાતું કરવા જાય ને ટૂકડા માગીને સ્વામી પોતે જમે ને સંતોને જમાડે. ને રાત્રીએ વનમાં જઈને સ્વામી સર્વે સંતને લીટો તાંણી બેસાડે ને પોતે પણ બેસે. પછી રાત્રીમાં વાઘ આવીને હુંકારા કરે ને ત્રાડુ પાડે તેથી નાના સંતો બહુ ભય પામે ; પણ લીટો ઓળંગીને કોઈ હિંસક પ્રાણી આવી શકે નહીં, તેથી સહુને શાંતિ થઈ.

પછી ઈન્દ્રે જાણ્યું જે, 'આ કોઈ મોટા તપસ્વી છે. તે તપ કરીને મારું ઈન્દ્રાસન લેશે. એમ જાણીને મુશળધારાએ વૃષ્ટિ કરી. તેથી સંતો જ્યાં રહેતા ત્યાં નવ ફૂટ પાણી ઊંચુ ચડ્યું ને ચારે કોર કોટ થઈ ગયો. પણ લીટાની માંઈલી કોર પાણીનો પણ છાંટો પડ્યો નહીં. તેથી સંતોને શાંતિ થઈ. આમ ગોપાળાનંદસ્વામીના પ્રતાપે કોઈથી પરાભવ થયો નહિ. તેથી ઈન્દ્રે જાણ્યું જે, 'આ કોઈ બહુ જ મોટાપુરુષ છે.' પછી આવી સ્તુતિ કરીને કહે જે, 'મારું સારું કરો.' ત્યારે સ્વામી કહે જે, 'તું જાણે મારું ઈન્દ્રાસન લેશે, પણ તારા ઈન્દ્રસનને તો અમે કાગવિષ્ટા તૂલ્ય જાણીએ છીએ ને તારા જેવા જે બ્રહ્માંડમાં અનંત ઈન્દ્રો રહ્યા છે, તે તો મારા રુંવાડાને વિશે અસંખ્યાત ઉડતા ફરે છે. ને તુંને કોણ ગણે છે ?' પછી ઈન્દ્રે પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે સ્વામી ! હે કૃપાનાથ ! મારું કલ્યાણ કરો.' ત્યારે સ્વામી કહે, 'જા તારા જેવા અમે નથી થાતા. તારું સારું થાશે.' પછી ઈન્દ્ર સ્તુતિ કરી સ્વામીના આશીર્વાદ લઈ પાછો પોતાને સ્થાનકે ગયો.

વળી એક દિવસ સ્વામીએ તમામ સંતોને પર્વતની ગુફામાં બેસાડી સમાધિ કરાવી દીધી. પછી પોતે જ તે સાઠેય સંતોનાં રૂપ ધારણ કરી છ મહિના સુધી તે પ્રદેશમાં ફર્યા. ને અનેક જીવોને સત્સંગ કરાવ્યો. છ મહિના બાદ સમાધિમાં રહેલા સંતો તથા નવા સત્સંગીઓને સાથે લઈ સ્વામી વડતાલ પધાર્યા. તે વખતે મહારાજ અતિ રાજી થઈ ગોપાળાનંદસ્વામીને અતિ હેતથી ભેટ્યા; પછી સભામાં શ્રીહરિએ આ બધી વાત જણાવી ત્યારે સહુને બહુ આશ્ચર્ય થયું. એવી રીતે અનાદિ મુક્તમાં તો અપાર અલૌકિક સામર્થી હોય છે.

## ગોપાળાનંદસ્વામીની સહન શક્તિ

એક સમયે ગોપાળાનંદસ્વામી ગામડામાં ફરવા ગયા હતા. તે વડતાલથી જાતા હતા. તે વચમાં નાગડા વૈરાગીઓએ સ્વામીને બરડામાં ધોકા ઘણા માર્યા. તેના કાળા સોંળ ઊઠી રહેલા. પછી સ્વામી વડતાલ આવ્યા ને સભામાં મહારાજની પાસે બેઠા ને મહારાજે બરડેથી સ્વામીનું લૂંગડું પરું કરી કહ્યું જે, 'સ્વામી ! આ શું થયું છે ?' ત્યારે સ્વામી કહે જે, 'કાંઈ નથી થયું.' ત્યારે સ્વામીના સંત કહે જે, 'મહારાજ અમને રસ્તામાં નાગડા વૈરાગીઓએ માર્યા છે, તેના સોળ ઊઠ્યા છે, પણ કહેતા નથી.'

ત્યારે સ્વામી કહે જે, 'મારનાર મૂર્ખ હતા તે પૃથ્વીને મારે તોય શું ને આ દેહને મારે તોય શું, આ તો પૃથ્વીનો દેહ છે. તેને મારે તેમાં હું તમને મહારાજ શું કહું ?' પછી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે, 'આવા સંત ક્યાંય દીઠાં નહિ. તેવી જ રીતે બહુ જ પ્રશંસા સ્વામીની કરીને મહારાજે છાતીમાં ચરણારવિંદ આપ્યા ને મળ્યા.

## પુરુષોત્તમનારાયણનો પ્રતાપ

કારિયાણીમાં મહારાજ ગોપાળાનંદસ્વામીને કહે, 'તમે તમારી સામર્થી કહો.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! હું અક્ષર છું. અને તમને તથા અનંત મુક્તને ધરી રહ્યો છું. એમ મને જણાય છે.' આ વાત સાંભળી તે સમે નિષ્કુળાનંદસ્વામીએ કીર્તન કર્યા જે,

નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત... પુરુષોત્તમ૦
સહુને પાર સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત... પુરુષોત્તમ૦

## ગોપાળાનંદસ્વામીએ સચ્ચિદાનંદસ્વામીને સમજાવ્યા

એક સમયે ગઢડામાં કાઠીઓ સાથે મહારાજ માણકી ઉપર ચડીને ફરવા ગયા, તેથી સચ્ચિદાનંદસ્વામીને મહારાજનો વિયોગ થયો હતો તેથી તે ચોક વચ્ચે પડેલા, ને રુંવાડે રુંવાડે લોહી ચાલ્યું જાય. ત્યાં ગોપાળાનંદસ્વામી આવ્યા ને કહે જે, 'કેમ પડ્યા છો ? ને તું જાણતો હઈશ જે હું ઉત્તમ હેત વાળો થયો છું, પણ હજી મધ્યમ છું. શાથી જે મહારાજની મૂર્તિને જાવા શીદ દે છે ? ત્રણેય

અવસ્થાથી પર અક્ષરરૂપે થઈને નિરંતર પકડી રાખજે ને જાવા દઈએ ત્યારે લોહી કાઢવું પડે.'

ત્યારે કહે, 'સ્વામી ! તમે મારા ગુરુ છો. તમારા વિના બીજો કોણ આવી સમજણ આપે ! હવે તે પ્રમાણે કરીશ.'

## ગોપાળાનંદસ્વામી વગેરે સંતોએ દેવોનો ગર્વ ઉતાર્યો

ગઢપુરમાં મહારાજે એવું પ્રકરણ કર્યું જે, સવારમાં નાહવા જાવું ત્યારે સર્વ સાધુને અમારી સાથે ભેગા આવવું.

પછી મહારાજ રોઝા ઘોડા ઉપર બિરાજીને નાહવા જાય ને સત્સંગી (કીર્તન-ધૂન) ગાતા જાય. એવી રીતે નાહવા જાવાનું પ્રકરણ હતું. એક સમે મહારાજ પોર દિવસ ચડ્યો ત્યાં સુધી પોઢી રહ્યા. ત્યાં સુધી બધાય સંતો નાહયા વગર અક્ષરઓરડી પાસે ઊભા રહ્યા. પણ મહારાજ જાગ્યા ન હતા.

પછી ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી એ ત્રણેય સદ્‌ગુરુ અક્ષરઓરડીમાં જઈને ઢોલિયા પાસે બેઠા. ને બ્રહ્માનંદસ્વામી મહારાજના ઢોલિયાના ઓશીકે બેઠાં, ગોપાળાનંદસ્વામી પાંગતે બેઠાં, મુક્તાનંદસ્વામી વચ્ચમાં બેઠાં.

પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજના મુખારવિંદ ઉપરથી લૂગડું પરું કર્યું. પછી મહારાજ બેઠાં થયા ને નેત્રમાંથી જળ પડવા માંડ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'હે મહારાજ !કૃપાનાથ ! તમારે શું દુઃખ છે જે આંસુ પડે છે ? તમારે જે દુઃખ હોય તે અમને કહો, અમે ટાળીએ.' પછી મહારાજ કહે જે, 'તમે ટાળશો ?'

ત્યારે ત્રણે સંત કહે જે, 'હા ટાળશું.' ત્યારે મહારાજ કહે જે, ''આજ તો ત્રણ દેવ કોપ્યા છે, તે કોપવાનું કારણ એ જે આ મૃત્યુલોકના કેટલાક મનુષ્ય સ્વામિનારાયણનું ભજન કરી સમર્થ થયા. એટલે આપણા માથા ઉપર પગ દઈને ચાલ્યા જાય છે. તેથી આપણે શું પડી ભાંગ્યા છીએ ? એમ જાણીને તે દેવોએ સંકેત કર્યો છે. તેમાં વરુણદેવ કહે જે, 'હું જળ નહિ આપું.' અને અન્નદેવ કહે જે, 'હું અનાજ નહિ આપું.'ને અગ્નિદેવ કહે જે, 'હું અગ્નિનું કામ નહિ કરું. પછી મહારાજના સાધુ ને હરિભક્તો શી રીતે જીવશે ? એમ તે દેવોએ સંપ કર્યો છે. તેથી ઊઠ્યા નથી ને જળ પડે છે જે, મારા સાધુ કેમ કરશે ?''

પછી ગોપાળાનંદસ્વામી કહે જે, “મહારાજ ! કૃપાનાથ ! તમો જેમ કરો તેમ થાય છે. તમારી મૂર્તિના પ્રતાપે કરીને અમો સહુ જીવશું. તે બિચારા નિર્બળ દેવો આપણને શું કરનારા છે ? તે તો અમારી પાસે રાંકા છે. માટે હું અક્ષરના તેજે કરીને સહુને શાંતિ કરીશ.”

ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, ‘મહારાજ હું પણ અનાજ વગર સહુને શાંતિ કરીશ.’ પછી બ્રહ્માનંદસ્વામી કહે જે, ‘મહારાજ હું પણ જળ વગર સૌને શાંતિ કરીશ.’ પછી મહારાજ રાજી થયા ને સ્નાન કરવા ઘોડેસ્વાર થઈને સંતે સહિત ગાતાં ગાતાં પધાર્યા.

પછી તે દિનથી સાત દિવસ સુધી અન્ન-જળનું કામ દરબારની માંહેલીકોર જે મનુષ્ય હતા તેમને કરવું પડ્યું નહિ. કથાવાર્તામાં સાત દિવસ વીતી ગયા. પછી આઠમે દહાડે ત્રણ દેવો ગરીબના જેવો વેશ ધારી મહારાજ પાસે આવ્યા ને ઘણી જ સ્તુતિ કરવા માંડી ને કહે જે, ‘અમોને અમારું કામ સોંપો.’ એમ બહુ જ કરગર્યા. ત્યારે મહારાજ કહે જે, ‘તેમાં અમો ન જાણીએ, તે તો સંત જાણે.’

પછી તે દેવો ગોપાળાનંદસ્વામી વગેરે ત્રણ સદ્‌ગુરુ પાસે ગયા ને તેમની બહુ જ પ્રાર્થના કરી બહુ જ સ્તુતિ કરીને કરગર્યા. એમ ઘણીવાર સુધી કર્યું. પછી સદ્‌ગુરુએ ત્રણેયને કહ્યું જે, ‘જાઓ અમે તમારા જેવા નથી થાતા. આ તો દરબારની માંહેલી કોરનું કામ બંધ થયું ને તમારો ખપ નથી પડતો પણ જો અમારે અનંતકોટી બ્રહ્માંડનું કામ ખેંચી લેવું હોય તો એટલી જ વાર છે, પણ હવે જાઓ તમે તમારી ક્રિયા કરો, પણ જોજો હવે કોઈ દિવસ આવું કામ કરશો નહિ.’ પછી મહારાજ કહે જે, ‘હે સંતો ! હવે દેવોનો ગર્વ ઊતરી ગયો. માટે તેને જાવા દ્યો.’ આમ, મહારાજના સંતોમાં અપાર પ્રતાપ છે.

## આને સર્વોત્તમ સમજણ કહેવાય છે

એક સમે વડતાલ મધ્યે મંદિરમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. અને સર્વે સંત હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે સમે શ્રીજીમહારાજ અંતરદષ્ટિ કરીને બોલ્યા જે, ‘હે સંતો ! હે ભક્તો ! તમે સર્વ મોટી સભાના દર્શન કરો છો કે નથી કરતા ?’

ત્યારે સર્વે વિચારી રહ્યાં જે, ‘આથી બીજી મોટી સભા કઈ હશે ? કેમ જે, આ સભામાં સર્વાવતારી શ્રીહરિ પ્રગટ બિરાજે છે. માટે આ જ મોટી સભા

છે ને એ તો અહીં બેઠી છે. એમ ધારીને બોલ્યા જે, 'હા મહારાજ, દર્શન કરીએ છીએ ને આ જ મોટી સભા છે.'

ત્યારે મહારાજ કહે જે, 'આ જે તમે દર્શન કરો છો તે મોટી સભા નથી. કેમ જે, આ સભાને વિશે તમે સર્વેને મનુષ્યભાવથી જોવો છો. ને મોટી સભા તો પોતાના આત્માને એકરસ અક્ષરબ્રહ્મના પ્રકાશ સાથે એકતા કરવી. ને તેને વિશે પૂર્ણ પુરુષોત્તમનારાયણ અનાદિમુક્તે સહિત બિરાજમાન છે તે જ આ પ્રત્યક્ષ છે, એમ દિવ્યભાવે સહિત સહુને જોવા તે મોટી સભાના દર્શન કર્યા કહેવાય. ને અમારા અનાદિમુક્ત વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી,બ્રહ્માનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી, કૃપાનંદસ્વામી તથા પર્વતભાઈ એ આદિક છે તે સર્વે અમને અનાદિમુક્તે સહિત અતિ તેજોમય અક્ષરધામના મધ્યે બિરાજમાન છીએ; એમ નિરંતર દેખ્યા કરે છે. એ રીતે આત્મામાં અને સહુમાં દિવ્યભાવે સહિત દર્શન કરવા તેને મોટી સભાના દર્શન કહેવાય. ને આવી રીતે દર્શન કરવા રૂપી સમજણ હોય તે જ સર્વોત્તમ સમજણ કહેવાય છે.'

## અનાદિ મુક્તની મોટાઈ

શ્રીજીમહારાજ નિત્ય સભામાં બિરાજે ત્યારે સંત વાતનો પ્રસંગ ચલાવે, પણ જ્યાં સુધી મહારાજ ન આવ્યા હોય ત્યાં સુધી સંતની સભા શૂન્ય રહે. પછી એક દિવસ મહારાજ ઘણીવાર સુધી સભામાં આવ્યા નહિ ને સંત સર્વે સભામાં બેસી રહ્યા કેમ જે, તેવું પ્રકરણ હતું. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'આ સભા શૂન્ય પડી ગઈ છે. મહારાજ પોઢી રહ્યા છે માટે જગાડીએ.'

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'મુક્તાનંદસ્વામીને બોલાવો, ચાલો આપણે ત્રણે જઈએ.'એમ કહીને ત્રણ સદ્‌ગુરુ મહારાજ ઓરડીમાં ઢોલિયાને વિશે પોઢ્યા હતા ત્યાં આવ્યા. પછી બ્રહ્માનંદસ્વામી મુખારવિંદની કોરે બેઠાં, ગોપાળાનંદસ્વામી ચરણારવિંદની કોરે બેઠા, ને મુક્તાનંદસ્વામી વચ્ચમાં બેઠા.

પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજના મુખારવિંદ ઉપરથી ચાદર તાણી લીધી ત્યારે મહારાજ જાગ્યા ને બેઠા થયા, ત્યારે મહારાજના નેત્રમાંથી જળ પડવા માંડયું તે જોઈને બ્રહ્માનંદસ્વામી એ કહ્યું જે, 'હે કૃપાનાથ ! તમારે આવડું શું દુ:ખ છે તે નેત્રમાંથી જળ પડે છે ?' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમે અનાદિમુક્ત

તથા અક્ષરના મુક્ત તથા ગોલોકના મુક્ત તથા વૈકુંઠના મુક્ત તથા શ્વેતદ્વીપના મુક્ત ને બદરિકાશ્રમના મુક્ત તથા દેવલોકના મુક્ત; તે સાત ધામના મુક્તને ભેગા લઈને અમે અક્ષરધામમાંથી આવ્યા છીએ. તે શા માટે ? તો છ ધામના મુક્તને અમારા અનાદિમુક્ત ભેગા ભેળવવા સારું તથા બીજા અનંત જીવના આત્યંતિક કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ. પણ ઓરા ધામના જે મુક્ત તે ઝાઝા છે, તેથી અમારા અનાદિમુક્તને અવળું જ્ઞાન આપીને ઓરા સ્વરૂપને વિશે જોડે છે ; તે સારુ નેત્રમાંથી જળ પડે છે ને દિલગીર છીએ.''

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! અમો જે તમારા અનાદિમુક્ત આંહી તમારા ભેગા આવ્યા છીએ, તે અમારી સામર્થી, ઐશ્વર્ય અને સુખ તે તમે રુંધી રાખ્યું છે. નહિતર તો અમે અનંત કોટી બ્રહ્માંડના જીવને એક સંકલ્પમાત્રે કરીને અક્ષરધામમાં અનાદિ મુક્ત ભેગા મોકલી દઈએ, તેમાં કાંઈ વાર નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમારી સામર્થી અમે રૂંધી છે તે ઠીક છે, નહિ તો ઉપાસનાનો ભંગ થઈ જાય. કેમ જે, અમે તમારી સામર્થી વાપરીએ ત્યારે તમોએ કહ્યું તે પ્રમાણે તમે કરો એવા છો. પણ તેથી તમારા સર્વે શિષ્ય તમોને જ ભગવાન જાણે; તેથી તમારું સામર્થ્ય રૂંધ્યું છે તે ઠીક છે.'

ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું, હે મહારાજ ! હવે આપ કૃપા કરો.' પછી મહારાજ કહે, ''હવે અમે એવો સંકલ્પ કરીએ છીએ જે, આજથી અમારા અનાદિમુક્તનો જે કોઈ ભાવે કરીને કોઈ પણ પ્રકારે જોગ કરશે તથા દર્શન કરશે તથા તેમના હાથે નિયમ ધરશે તથા પ્રસાદી લેશે તથા ગુણ લેશે ને તેમની દૃષ્ટિ પડશે તથા તેમના ઉપરથી વાયરો અથડાઈને બીજા ઉપર પડશે તે સર્વે જીવને અમો અક્ષરધામમાં અનાદિ મુક્ત ભેગા ભેળવશું, તેવો સંકલ્પ અમે કરીએ છીએ.''

## હું તો ગોપાળાનંદસ્વામીનો સંકલ્પ છું

એક સમયે કોઈક હરિભક્તે દેહ મૂક્યો. ત્યારે ગોપાળાનંદસ્વામીએ પોતાના સંકલ્પને સાથે મૂકીને તે હરિભક્તને અક્ષરધામમાં મોકલી દીધો. પછી સ્વામીનો તે સંકલ્પ સચ્ચિદાનંદસ્વામીને મળ્યો. ત્યારે તેમણે પૂછ્યું જે, તમારું નામ શું છે ?'

ત્યારે તે સંકલ્પ બોલ્યો જે, 'સચ્ચિદાનંદ સ્વામી ! તમે મને નથી ઓળખતા ? હું તો ગોપાળાનંદસ્વામીનો સંકલ્પ છું.' આમ મોટાના સંકલ્પોમાં તેમના જેવી જ સામર્થી હોય છે.

## ગોપાળાનંદસ્વામીની સામર્થી

એક વખત મહારાજે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, તમે કોણ છો ? ત્યારે સ્વામી કહે જે, 'હે મહારાજ ! અમે જીવાત્મા છીએ ને તમને પામવા સારું સાધન કરીએ છીએ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે તો બહુ સમર્થ છો, માટે ધ્યાને કરીને તમે તમારું સ્વરૂપ જુઓ.'

ત્યારે સ્વામી ધ્યાનમાં ઊંડા ઉતરી ગયા. અને જોયું તો પોતાની અક્ષર સુધી ગતિ-વૃત્તિ થઈ અને પછી તેમને અક્ષરમુકતે એમ કહ્યું જે, 'અહો ! મૂળ અક્ષર પધાર્યા.' એમ કરી તેમનું ઘણું સન્માન કર્યું.

પછી સ્વામીએ સમાધિમાંથી જાગી મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! હું તો અક્ષરનો અવતાર છું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'હે સ્વામી ! હવે તમે તમારું ખરૂ સ્વરૂપ જાણ્યું.' તે વખતે નિષ્કુળાનંદસ્વામી પાસે બેઠા હતા. તેમણે આ વાત સાંભળી કીર્તનમાં ચરણ નાખ્યું જે...

નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત;
પુરુષોત્તમ પ્રગટી રે..

## ગોપાળાનંદસ્વામીએ કર્યું તે ઠીક કર્યું હશે !

કોઈ ગામમાં ગોપાળાનંદસ્વામી બેઠાં હતા. ત્યારે કોગળીયાના રોગથી ચાર બ્રાહ્મણ માંદા થયા હતા. તે તેવામાં ગોપાળાનંદસ્વામીની પાસે થઈને નીકળ્યા. તેને જોઈને સ્વામીએ કહ્યું જે, આ બાપડા પરદેશી બ્રાહ્મણ ઉદ્યમ કરવા નીકળ્યા છે. પણ તે ચારેય હમણા મરણ પામશે ને પછી ક્યાં જાશે ? એમ વિચાર કરીને સ્વામીએ દયા આણીને પોતાના સંકલ્પે કરી તેમને અક્ષરધામમાં મોકલ્યા.

પછી ત્યાં ધામમાં અક્ષરના મુક્તે મહારાજને કહ્યું જે, આવા પાપી માણસને ગોપાળાનંદસ્વામીએ અહીં મોકલ્યા તે ઠીક નહિં. ત્યારે મહારાજ બોલ્યા જે ગોપાળાનંદસ્વામીએ મોકલ્યા, તે અમારાથી ના કહેવાય નહીં. તેમણે જે કર્યું

તે ઠીક કર્યું હશે. આમ એવા મોટાને જોગે અધમ જીવ હોય તે પણ તરી જાય છે. એવા મોટાનો મહિમા સમજવો તે અતિ દુર્લભ છે.

## સમાધિમાં જીવની સ્થિતિ

એક સમયે કોઈએ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, આ સમાધિ થાય છે ત્યારે જીવ તે ભગવાનના ધામમાં જાય છે કે આ દેહમાં રહે છે ? તેવું પૂછ્યું. તેનો ઉત્તર આપતા સ્વામીએ કહ્યું જે, સમાધિ થાય ત્યારે ભગવાનનું ધામ તો જીવ હૃદયમાં રહ્યો થકો દેખે છે, અને ત્યારે વૃતિયું સર્વે સંકોચ પામી જાય છે, કે'તાં ભગવાનમાં એકાગ્ર થઈ જાય. ને પોતના દેહના વહેવારથી ઈંદ્રિયું અંતઃકરણ સંકોચ પામે છે. એટલે ચિત્તનો નિરોધ થાય છે. તેને સમાધિ કહેવાય છે.

## અનાદિ મુક્તની સામર્થીની વિશેષતા

ભગવાનના નાના મોટા અવતાર થાય છે, તે તો જે કાર્ય કરવાને પ્રગટ થાય છે, તે કાર્યમાં પોતે ભળે ત્યારે તે થાય છે. પણ સંકલ્પ માત્રથી કાર્ય ન થાય અને તે કાર્યથી વિશેષ કાર્ય પણ ન થાય.

અને અનાદિ મુક્ત જે ગોપાળાનંદસ્વામી આદિક છે તે તો સંકલ્પ માત્રે કરીને અનેક જીવ કોટીયું તેમનો મોક્ષ કરે તો થાય. તેવો મોક્ષ નાના મોટા અવતારથી ન થાય. માટે પુરુષોત્તમનારાયણના પ્રતાપથી નાના મોટા અવતાર કરતા અનાદિ મુક્તમાં ઘણી વધુ સામર્થી છે. તે મુક્તમાં પુરુષોત્તમ સાક્ષાત બિરાજે છે. પણ તે સામર્થી પુરુષોત્તમે દબાવી રાખી છે.

## ચૈતન્યાનંદસ્વામીને ગોપાળાનંદસ્વામીનો મહિમા સમજાણો

ગોપાળાનંદસ્વામી ગઢડામાં છ માસ રહ્યાં. ત્યારે પ્રતિલોમ ધ્યાનના મહિમાની વાતો હંમેશા કરતાં. તે એવા હેતુથી કે જો કોઈને પણ આનો પ્રેમ ઉત્પન્ન થાય અને પ્રતિલોમનું ધ્યાન કરે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય. કારણ કે પ્રતિલોમના ધ્યાન સિવાય અનાદિ મુક્ત થવાતું નથી. તેથી આત્યંતિક કલ્યાણ પણ થતું નથી. આવી વાતું હંમેશા ચૈતન્યાનંદસ્વામીના શિષ્ય બાળમુકુંદદાસ સાંભળતા હતા.

પછી બાળમુકુંદદાસજી શામળા ચૈતન્યાનંદ (જે દત્તાત્રેયનો અવતાર કહેવાતા) સ્વામીની સમક્ષ આખી સભામાં થયેલી વાતું કરતાં. ત્યારે ચૈતન્યાનંદસ્વામી કહે કે, 'તમે આ વાતું કોની પાસેથી સાંભળો છો ?' ત્યારે તે કહે કે, 'ગોપાળાનંદસ્વામી પાસેથી...' પછી ચૈતન્યાનંદસ્વામી તો અચંબો પામ્યા અને ત્યારથી ગોપાળાનંદસ્વામીનો ઘણો જ મહિમા શીખ્યા.

તેમણે ગોપાળાનંદસ્વામીને પૂછ્યું કે, 'આ પ્રતિલોમના ધ્યાનનો મહિમા કેવો છે. ત્યારે ગોપાળાનંદસ્વામી કહે કે, 'પ્રતિલોમના ધ્યાનનો મહિમા અવર્ણનીય છે. ગોપાળાનંદસ્વામીએ કહેલ પ્રતિલોમના ધ્યાનના મહિમાથી સોમલાખાચરને રડવું આવ્યું. તે વાત શ્રીજીમહારાજ પોતાની હયાતિમાં સોમલાખાચર પાસે પ્રતિલોમનું ધ્યાન કરાવતા. ત્યારે બીજા કાઠી લોક તેમની મશ્કરી કરતા અને કહેતા કે, 'આપણે તો મૂર્તિ પ્રત્યક્ષ છે. અને ધ્યાન શા માટે કરવું ?' આમ હંમેશા કહી કહીને સોમલાખાચરનું ધ્યાન છોડાવી દીધું હતું. શ્રીજીમહારાજે તેને ઘણો આગ્રહ કર્યો પણ ત્યારે ન માન્યા.

પછી જયારે તે ગોપાળાનંદસ્વામીએ પ્રતિલોમના ધ્યાનની વાતું કરવા માંડી ત્યારે સોમલાખાચરને પ્રતિલોમ ધ્યાનનો ખરો મહિમા સમજાણો. ને તેથી ઘણા જ રોઈ પડ્યા. જ્યારે ગોપાળાનંદસ્વામી પ્રતિલોમના ધ્યાનની વાતું કરતાં ત્યારે બધા ભક્તજનો ઘણા જ રાજી થતા.

એકવાર સભા ભરાણી હતી. ત્યારે તેમના શિષ્ય શાંતાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, 'સ્વામી, તમે પ્રતિલોમના ધ્યાનનો મહિમા ગાવ ગાવ કરો છો, તે તો ઠીક જ છે ! અને કહો છો કે તેના વિના તો આત્યંતિક કલ્યાણ છે જ નહિ. તો તમે મને મારો મોક્ષ કેટલો બાકી છે તે કહો. કારણ કે મેં શ્રીજીમહારાજને અને મુક્તાનંદસ્વામીને પણ રાજી કર્યા છે અને અત્યારે તમારી સેવા કરું છું.'

ત્યારે સ્વામી કહે કે, 'હવે કેમ કરું ?' ગોપાળાનંદસ્વામીએ કહ્યું : 'તમારો હજી અડધો મોક્ષ બાકી છે.' ત્યારે શાંતાનંદસ્વામી કહે કે, 'હું કેમ કરું ?' હવે તો ધ્યાન તમારાથી થાય નહિ. કારણ કે તે ધ્યાન યુવા અવસ્થામાં જ થાય છે. માટે હવે તો અખંડવૃત્તિ રાખવા પ્રયત્ન કરો. ને જેટલો મોક્ષ થાવો હશે તેટલો થાશે.'

## મહારાજ હતા ત્યારે તેમનો મહિમા હતો કે અત્યારે છે ?

વળી એક સમયને વિષે સભા ભરાઈને બેઠી હતી. ત્યારે ગોપાળાનંદસ્વામીએ બધાને પ્રશ્ન પૂછ્યો કે, 'મહારાજનો મહિમા અત્યારે વધારે છે કે શ્રીજીમહારાજ હયાત હતા ત્યારે વધારે હતો.?' ત્યારે બધા કહે કે, 'સ્વામી ! અત્યારે મહિમા વધારે છે. કારણ કે અત્યારે તો આપણને વધારે રસોઈયું મળે છે. અને મન માગી ચીજો મળે છે.' ત્યારે ગોપાળાનંદસ્વામી કહે કે, 'એવું તમે ક્યાંય જોયું છે. કે સૂર્ય હોય ત્યારે અંધારું હોય અને પછી પ્રકાશ થાય. એ તો એમ છે કે જ્યારે મહારાજ હતા ત્યારે માયા જોર કરી શક્તી ન હતી. અને અત્યારે જોર કરે છે. અત્યારે સૌ સૌના મનમાં વિચાર કરો કે, અત્યારે કેટલાના જીવમાં મૂર્તિ રમે છે ? અને મહારાજ હતા ત્યારે કેટલાના જીવમાં મૂર્તિ રમતી રહ્યા કરતી ? માટે અત્યારે તો સત્સંગમાં મહિમાની ગૌણતા છે.'

## મનની સુખ-શાંતિ સુષુપ્તિ વિષે રહે તેની વાત

એકવાર ગઢડામાં સભા ભરાઈ હતી ત્યારે ગોપાળાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, 'બધા રાતે કેવી રીતે સુવો છો કે, જે સુવે કરીને સુષુપ્તિ કે સ્વપ્નામાં પણ ભુંડા સંકલ્પ થાય જ નહિ'. ત્યારે કોઈક કહે, 'અમે તો મહારાજનું મુખારવિંદ હૃદયમાં રાખીને સુઈએ છીએ. અને કોઈ કહે, 'અમે તો ચરણારવિંદને હૃદયમાં રાખીને સુઈએ છીએ.' આ પ્રમાણે સૌ સૌએ પોતાના અંગ કહ્યાં.

ત્યારે સ્વામી કહે કે, 'અમે તો આખી મૂર્તિને અમારા શરીરને વિષે રસબસ કરીને ચારે તરફથી વિંટાયેલ (તેજની વૃત્તિમાં) લઈને સુઈએ છીએ. માટે દરેકે આ પ્રમાણે સૂવું જોઈએ. જેથી કોઈ દિવસ ભુંડો સંકલ્પ થાય જ નહિ.'

હવે છેલ્લી અવધિનું ધ્યાન કહું છું, 'આગળ સ્વામીએ જણાવ્યું છે તે પ્રમાણે ધ્યાન થાય તો ઘણું સુખ આવે. માટે ધ્યાન પોતાના આત્મામાં જ મૂર્તિ ધારી તેની સાથે આત્માનું સાધર્મ્યપણું માનતા, આત્માનું તેજ, બહારનું તેજ,મૂર્તિનું તેજ અને મૂર્તિના અંદરના ભાગનું તેજ વગેરે તમામ તેજ એકરસ થઈ જાય છે. અને ઘટ થતા સુખની હવાઉ છુટે છે. આ સુખનો પાર જ નથી. અને આ

સ્થિતિ પરમેશ્વરની કૃપાથી થાય છે. પુરુષોત્તમ જ પોતાના ભક્તને પોતાના વિશે (કૃપા કરી) લીન કરે છે.'

ત્યાર પછી તમામ વાસના, અંકુરો, થડકા વગેરે નાશ પામે છે. કોઈ પ્રકારનો અહમ્ રહેતો નથી. સર્વત્ર મૂર્તિ જ ભાસે છે. મૂર્તિ સિવાય બીજા કોઈનો ભાર રહેતો નથી. અને નિરંતર હૃદયમાં આગળ કહ્યું એવા સુખની હવાઉ છુટ્યા કરે છે.

## ગોપાળાનંદસ્વામીએ અગ્નિ શિતળ કર્યો

એકવાર ગોપાળાનંદસ્વામીએ એવો સંકલ્પ કર્યો જે જ્યાં જ્યાં અગ્નિ પ્રગટ થાય ત્યાં કોઈને બાળે નહિ. ત્યારે તે સમે અન્ન ચઢે પણ તેમાં હાથ ઘાલે તો હાથને બાળે નહિ. ને તે અગ્નિનું સ્વરૂપ અતિ શ્વેત થઈ ગયું. એવું સાત દિવસ સુધી રહ્યું ને આઠમે દિવસ એક હરિભક્તે દેહ મુક્યો. તે અગ્નિદાહ લાગે નહિ. તેથી તે હરિભક્ત મહારાજ પાસે આવ્યો ને તે વાત કહી. ત્યારે મહારાજ કહે, 'ગોપાળાનંદસ્વામી પાસે જાઓ.'

ત્યારે તેણે સ્વામી પાસે જઈને કહ્યું. ત્યારે સ્વામી કહે, 'જાવ હવે અગ્નિ બાળશે.' પછી શબ બળ્યું અને અગ્નિ પોતાને સ્વરૂપે થયો. એવી અનંત સામર્થી અક્ષરમાં છે તથા અક્ષરના મુક્તમાં છે. તે શ્રીજીમહારાજની મૂર્તિને લઈને એવી સામર્થી છે.

## શ્રીહરિએ પ્રેમાનંદસ્વામીને સત્ય સમજાવ્યું

પ્રેમાનંદસ્વામી પ્રથમ વડતાલમાં રહેતા તે ગોપાળાનંદસ્વામીના આસન સામું તેમનું આસન હતું. તે સ્વામી પુરુષોત્તમની ઉપાસનાની વાતું કરે તે પ્રેમાનંદસ્વામીને ગોઠે નહિ. પછી અમદાવાદમાં આવ્યા ને નિર્ગુણદાસજીના સામું તેમનું આસન આવ્યું. તે પણ તેવી જ રીતે ઉપાસનાની વાતું કરે તે તેમને ગોઠે નહિ.

પછી એક દિવસ શ્રીજીમહારાજે આવીને પ્રેમાનંદસ્વામીને દર્શન દીધાં. તે કેવી રીતે દીધાં. ? તો એક હાથ ગોપાળાનંદસ્વામીના માથા ઉપર મુકેલો ને બીજો હાથ નિર્ગુણદાસજીસ્વામીના ખંભા ઉપર મુકેલો, એવી રીતે દર્શન આપીને કહ્યું જે, 'આ બેની ઉપાસનાની વાતું સમજજો અને આ કહે તેમ સત્ય

માનીને કરવા લાગજો. તેથી તમારું રૂડું થાશે.' એમ કહી શ્રીજી અદૃશ્ય થઈ ગયા. ત્યાર પછી પ્રેમાનંદસ્વામી તેવી રીતે કરવા લાગ્યા. તેથી મહાસુખને પામ્યા.

## ગોપાળાનંદસ્વામીને સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવાનું કહ્યું

શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને ઉપાસના તથા પોતાના સ્વરૂપનો જ્ઞાને સહિત મહિમા પ્રર્વતાવવા સારું મુકેલા. અર્થાત્ પોતે ધામમાં ગયા પછી સ્વામીને પૃથ્વી પર રાખેલા. છતાં પોતે વાર્તા ન કરી. પછી તેમણે સંવત્ ૧૯૦૬માં મંદવાડ ગ્રહણ કર્યો. ને છવીસ ઉપવાસ થયાં. પછી છવીસમે દિવસે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને દર્શન આપીને કહ્યું જે, જો તમે મારા સર્વોપરી સ્વરૂપની ઉપાસના નહિ પ્રવર્તાવો તો છ માસ સુધી ઉપવાસ કરશો છતાં દેહમાંથી નહિ કાઢું ને બહુ દુઃખ થાશે.

શા સારું તમે મારી ઉપાસના તથા સ્વરૂપનું જ્ઞાન તમે ન પ્રવર્તાવ્યું. માટે હવે તમે મારી સર્વોપરી ઉપાસના તથા મારા સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તાવો તો સુવાણ થાશે, નીકર નહિ થાય. પછી સ્વામીએ હા પાડી. તેથી રાજી થઈ શ્રીહરિ અદૃશ્ય થયા.

પછી છવીસમે દિવસે ગોપાળાનંદસ્વામીએ પોતાના સેવક પુરુષાનંદસ્વામી પાસે સાકરની રાબ કરાવી અને જમ્યા. પછી મંદવાડ ત્યાગી તત્કાળ મહારાજના સ્વરૂપ સંબંધી તથા સર્વોપરી ઉપાસના સંબંધી વાતો કરવા મંડ્યા. તે અનેકને જેમ છે તેમ મહારાજનું સ્વરૂપ સમજાવ્યું.

તેવી જ રીતે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને જળંધરનો રોગ થયો હતો. તેમના દેહની આવરદા ન હતી. તે વખતે મહારાજે તેમને દર્શન દઈને કહ્યું જે, સ્વામી તમારા દેહની આવરદા છપ્પન વરસની છે જે હવે પુરી થઈ રહી છે. છતાં પણ તમોને અમે મૂકી જઈએ છીએ ને આ રોગ મટી જાશે. માટે હવે તમે મારા સ્વરૂપના જ્ઞાન સંબંધી તથા મહિમા સંબંધી તથા મારી સર્વોપરી ઉપાસના સંબંધી વાર્તા બહુ પ્રવર્તાવજો. એમ કહીને શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા ને સ્વામીનો રોગ મટી ગયો.

ત્યાર પછી ગુણાતીતાનંદસ્વામીનો દેહ આવરદા વિના પચ્ચીસ વરસ રહ્યો. ને મહારાજના સ્વરૂપ સંબંધી તથા સર્વોપરી ઉપાસના સંબંધી તથા

મહિમા સંબંધી વાર્તાઓ બહુ જ કરી. એવી રીતે મહિમાની વાતો પ્રવર્તાવાથી મહારાજનો તેમના ઉપર ઘણો રાજીપો થયો. માટે આપણે પણ એમ જ કર્યા કરવું.

## લાલો પાળો ગોપાળાનંદસ્વામીના દ્રોહથી ભૂત થયો

ગઢડામાં એક લાલો કરીને પાળો હતો તે મહારાજની સેવામાં રહેતો હતો. પણ ગોપાળાનંદસ્વામી ઉપર ઈર્ષ્યા રાખતો ને ઘસાતું પણ બોલતો હતો. અને મહારાજ ધામમાં ગયા પછી તેનો દેહ પડયો. ત્યારે બે પાર્ષદો તેને તેડવા આવ્યા ને અક્ષરધામમાં લઈ ગયા. ત્યારે મહારાજે કહ્યું , 'અહીં કેમ લાવ્યા ? આ તો ગોપાળાનંદસ્વામીનો દ્રોહી છે. માટે અહીં નહિ, જાઓ ભૂતયોનિમાં મોકલી દો.'

ત્યારે મુક્તે કહ્યું, 'મહારાજ ! તમારી સેવા કરી છે ને ભૂતયોનિમાં વિષ્ટા ખાવાની ને મુતર પીવાનું ? એ તો બહુ ભુંડું કહેવાય.'

ત્યારે મહારાજે કહ્યું જે, 'જાઓ, દેવતા તેને એક વખત અમૃતનો થાળ જમાડી જાશે પણ અહીંથી લઈ જાવ. ત્યારે તે પાળે કહ્યું કે, 'હે મહારાજ ! મને ગઢડામાં નિવાસ આપો ને ઘેલાનું પાણી પીવાની છૂટ આપો. ત્યારે મહારાજે કહ્યું, જા ગઢડામાં રહેજે ને ઘેલાનું પાણી પીજે.'

ત્યાર પછી કેટલાક દિવસ તે ગઢડામાં રહ્યો ને એક દિવસ મંદિરમાં ગંગાજળિયો કૂવો છે. ત્યાં વહેલા પ્રેમાનંદસ્વામી નાવા ગયા ત્યારે તે ત્યાં કૂવાનાં કાંઠા પર બેઠેલો. ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, 'તું કોણ ?'ત્યારે તે કહે, 'હું મહારાજની સેવામાં રહેતો હતો તે પાળો લાલદાસ છું. તે ગોપાળાનંદસ્વામીના દ્રોહથી હું ભૂત થયો છું અને ખૂબ દુઃખી છું. તે ગોપાળાનંદસ્વામી અત્યારે અહીં છે માટે મારા વતી તમે તેમને દંડવત કરીને સ્તુતિ કરો તો સ્વામી રાજી થાય. તેથી હું ભગવાનના ધામમાં જાઉ, આટલી કૃપા કરો.' એમ રડી રડી પ્રાર્થના કરી.

ત્યારે પ્રેમાનંદસ્વામીએ તેવી જ રીતે કર્યું. પછી ગોપાળાનંદસ્વામી કહે, 'જાઓ, અમે એને બદ્રિકાશ્રમમાં મોકલીએ છીએ. પછી સ્વામીએ તેને બદરીકાશ્રમમાં મોકલ્યો. એવી રીતે જે મોટાનો દ્રોહ કરે તે ભૂત થાય છે. માટે મોટાનો દ્રોહ ન કરવો.

## ગોપાળાનંદસ્વામીએ મહારાજના દિવ્ય સુખનો અનુભવ કરાવ્યો

એક સાધુને સમાધિ થઈ. તે પ્રકૃતિ પુરુષથી પર જે મૂળ પુરુષ તેના લોકમાં ગયા. અને તેથી પર તેજનો સમૂહ આવ્યો તે અધોઊર્ધ્વ દશે દિશામાં વ્યાપેલા તેવું તેજ જોયું. પછી તેમાં પ્રવેશ કરીને તે સાધુ ચાલ્યા. ત્યાં આગળ જતા અનંત મુક્તે વીંટાણા થકા એક પુરુષ દીઠા. તે દિવ્ય સિંહાસન ઉપર બીરાજમાન હતા. અને દિવ્ય પદાર્થો વડે મુક્તોએ સેવ્યા થકા એવા દીઠા. ત્યારે તેના ભક્તે આદર માન આપી અતિ સન્માન કરીને તે સાધુને બોલાવ્યા. અને તે સિંહાસન સમીપે લાવ્યા ને કહે જે, ‘‘આ મહારાજ છે, માટે દર્શન કરો.’’

ત્યારે તે સાધુ દંડવત કરીને, પગે લાગીને તે પુરુષની પાસે મુક્ત ભેળા બેઠા ને તે પુરુષે તે સાધુને બોલાવી હેતપૂર્વક અતિ સન્માન કરી વાતો અને બહુ વખાણ કર્યાં. અને અતિ આનંદ ઉપજાવ્યો તો પણ તે સાધુને અતિ શાંતિ ન થઈ. ત્યારે તે સાધુ ધામમાંથી પાછા આવતા શ્વેતદ્વીપમાં આવ્યા.

ત્યારે તે શ્વેતદ્વીપ ધામના દરવાજાની સમીપમાં ગયા ત્યાં પોતાના ગુરુ તથા સાધુ સ્વરૂપાનંદસ્વામી એ બે સાધુને દેખ્યા. અને પોતાને આનંદ થયો. પછી પોતે જે ધામમાં જઈ આવ્યા હતા અને પોતે જે સભામાં બેઠા હતા તે સર્વે વાત કરી. અને પોતાના અંતરમાં અતિ શાંતિ ન થઈ. તે પણ વાત કરી.

તેવામાં ત્યાં ગોપાળાનંદસ્વામીના દર્શન થયા. તેથી અતિ આનંદ થયો. પછી સ્વરૂપાનંદસ્વામી તથા તે સાધુના ગુરુએ કહ્યું જે, ‘આ સ્વામી પધાર્યા, તુંને શાંતિ ન થઈ તે વાત તું સ્વામીને પૂછ.’ પછે તે સમાધિવાળા સાધુએ બંને વાત ગોપાળાનંદસ્વામીને સંભળાવી. ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું કે, ‘‘તું પાછો ચાલ્ય. હું તને શાંતિ થાય તે મૂર્તિના દર્શન કરાવું પણ તુંને કોઈ રસ્તામાં રોકે તો તે મુક્તોને ઠેલીને તારે અમારા ત્રણની પાછળ ચાલ્યા આવવું.’’ ત્યારે તે સમાધિવાળા સાધુએ કહ્યું જે, ‘‘સારું મહારાજ , હું તમારી વાસે દોડ્યો આવીશ.’’

પછી ત્રણે જણા સમાધિવાળા સાધુને સાથે લઈને ચાલ્યા તે સમાધિવાળા સાધુ ગયા હતા તે ધામ આવ્યું. તે ગોપાળાનંદસ્વામી આદિક ત્રણ મુક્તો આગળ

ચાલ્યા જતા હતા અને વાંસે સમાધિવાળા સાધુ જતા હતા. તેમને તે ધામના મુક્તે રોકવા માંડ્યા અને કહે જે, “સાધુ શીદ ચાલ્યા જાવ છો ? આહીં આવો તો.” પણ તે સાધુ ઊભા ન રહ્યા ને ચાલ્યા ગયા. ત્યારે તે ધામના મુક્તે અતિ તાણ કરીને ઝાલ્યા. અને કેટલાક આડા ફરી વળ્યા. પછી તે સાધુએ સાથે આવેલા પોતાના ગુરુ આદિક હતા તેની સામું જોયું ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ હાથની સાન કરીને કહ્યું જે, “ચાલ્યા આવો. રોકાશો મા.” પછી તે સમાધિવાળા સાધુએ ખેંચીને પોતાનો હાથ મુક્તે ઝાલ્યો હતો તે મુકાવીને દોટ મૂકી. અને પોતાના ગુરુ આદિકના ભેળા થઈ ગયા અને તે ધામના મુક્તને ઠેલીને ચાલ્યા તેથી તે પડી ગયા. પછી રોકવા સારુ તે મુક્તોએ આગ્રહ ન કર્યો અને પાછા વળ્યા.

પછી ગોપાળાનંદસ્વામી વગેરે ત્રણ મુક્ત ને સાધુને લઈને ચાલ્યા. તે અનંત મુક્તે વિટાણા ને દિવ્ય સિહાસને બેઠેલા એક પુરુષને ભાળ્યા. ને કોઈ મુક્ત તો ચંદન, પુષ્પ આદિક દિવ્ય પદાર્થે કરીને સેવા કરતા જોયા. અને તે પુરુષના અંગો અંગમાં પોતાની વૃત્તિએ કરીને જોડાયેલા તેવા સ્થિતિવાળા મુક્ત પણ જોયા. ને કેટલાક તો સમગ્ર મૂર્તિ સંગાથે સંલગ્ન થઈ તદ્રૂપ થઈ એકરસપણાને પામેલા આવી સ્થિતિવાળા મુક્ત પણ દેખ્યા. પછી પેલા મુક્ત સેવા કરતા હતા તે ઉઠીને સમાધિવાળા સાધુને અતિ વિનય કરીને, અતિ આદરભાવથી સન્માન કરીને કહ્યું જે, “આ મહારાજ છે, તમે તેમના દર્શન કરો.”

પછી તે સમાધિવાળા સાધુએ ગોપાળાનંદસ્વામીના સામું જોયું. તે સ્વામીએ આંખને સનકારે કહ્યું જે, “સાધુ ચાલ્યા આવો.” પછી તે સમાધિવાળા સાધુએ અતિ ઉતાવળે દોટ દીધી ને ગોપાળાનંદસ્વામી આદિક ભેળા થઈ ગયા ને આગળ ચાલતા થોડુંક છેટે ગયા તો અતિ ઉજ્જવળ પ્રકાશ ને અતિ શાંતિ ને અતિ આનંદઘનનો સમૂહ જે પ્રકાશ તે જોયો. ને તે અતિ શાંતિ પમાડે એવું મહાઘાટું તેજ આવ્યું. જેના ઉપર અને હેઠાં દશે દિશામાં અનંત મહાપુરુષાદિકોના ધામો રહ્યા છે એવું જે શ્રીજીમહારાજનું મહાપ્રકાશરૂપ ધામ આવ્યું. તેમાં પ્રવેશ કરીને સમાધિવાળા સાધુને લઈને ગોપાળાનંદસ્વામી આદિકે માંહિ પ્રવેશ કર્યો.

ત્યાં મહારાજ અનંત અનાદિ મુક્તે વિટાણા અને એક નજરે શ્રીજીમહારાજની મૂર્તિ સંગાથે તે પ્રોવાયેલા ને એકરસપણાને પામેલા અને તદ્રુપ થયેલા સર્વે મુક્તોને

દેખ્યા. મહાઆનંદનો સમૂહ જે મૂર્તિમાંથી નિસરે છે તે સમગ્ર સુખને લઈને તૃપ્ત થયેલા સજ્જડ થઈ ગયેલા ને અતિ એકાત્મભાવને પામેલા અને સમગ્ર મૂર્તિના સુખે કરીને પૂર્ણ પણાને પામેલા મહાસુખિયા એવા અનંત મુક્તે વિટાણા એવા શ્રીજીમહારાજની પાસે ગોપાળાનંદસ્વામી આદિક તે ચાર જણા જઈને બેઠાં.

પછી મહારાજે પૂછ્યું જે, "કેમ સાધુ, હવે તમોને શાંતિ થઈ કે નહિ ?" ત્યારે તે સાધુ બોલ્યા જે, "હે મહારાજ ! આ ગોપાળાનંદસ્વામીના પ્રતાપે તમો તથા તમારા અનાદિમુક્ત તમારે વિશે એકાત્મભાવને પામેલા એ સર્વેને જોતા કોને શાંતિ ન થાય ! હું તો અનંત શાંતિની અવધિને પામ્યો. ને હવે મારે કાંઈ પામવાનું બાકી રહ્યું નથી. પણ તમો મારા પર અતિ અનુગ્રહ કરો જે આ તમારા અનાદિ મુક્ત તમારી મૂર્તિ સંગાથે સમગ્રભાવે એકરસપણાને પામીને તદ્રૂપ થયા છે. ને સમગ્ર તમારી મૂર્તિનું સુખ લે છે તેવું મને થાય. એવી કૃપા કરો."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તું ત્યાં અમારા એકાંતિક ભક્તના મેળાપે કરીને યુક્તિ શીખવે એવી રીતે મારી મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ કરજે. ત્યાં હું તો એકાંતિકમાં મૂર્તિમાન રહ્યો છું, ને સાક્ષાત્કાર દર્શન દઈને અનંત સુખ ત્યાં પણ આપીશ. પણ અહિ કે ત્યાં સત્સંગમાં મોટા જાણીને ભૂલવું નહિ ને મહોબતમાં લેવાવું નહિ તો મારી મૂર્તિના યથાર્થ સમગ્ર સુખને પામીશ પણ અતિ નિરમાની રહેજો. ને અહંકાર આવવા દેશોમાં. અહંકારને ઠેલી મુકશો તો અમારા મુક્તમાં રહેવાશે. નહિ તો પૂર્વે જોઈ તે સભામાં રહેવું પડશે.

અમારા અનાદિ મુક્તો તો અમારી સમગ્ર મૂર્તિનું સુખ ભોગવે છે. ને કૈવલ્યાર્થી જેમ સગુણબ્રહ્મ ને પ્રધાનના નિયંતા પુરુષના તેજમાં લીન થઈને રહ્યા છે. ને સ્વામી - સેવકભાવ જેની બુદ્ધિમાંથી નિસરી ગયો છે તે મહા અનાદિમુક્ત એકરસ અમારા વિષે પામ્યા છે, તો પણ ચૈતન્યઘનને વિશે સદાય સ્વામી - સેવકપણું રહે છે. તે કોઈ વખત ઉપર હલતું નથી. એવી રીતે મારા સાધર્મ્યપણાને પામેલા છે.

અને અનંતસેવાના ફળરૂપ ખરા ભક્તપણાને પામ્યા છે. ને જોવા માત્રમાં સ્થિર સરખા જણાય છે. પંચવિષયનું સુખ મારી મૂર્તિમાં જોડાવાથી સામટું એક

કાળે આપું છું ને મહાસુખિયા કરું છું. ને મને અતિ વ્હાલા છે ને મારા મુક્ત જેવા બીજા કોઈ મુને વ્હાલા નથી. વળી મેં પંચાળાના પ્રથમના વચનામૃતમાં મશાલના દૃષ્ટાંતે તમોને જે સમજાવ્યું છે તેવું સમજવું. અને હે સાધુ ! હવે તમે દેહમાં જાવ. અને પછી તમારા દેહની અવધિ આવશે ત્યારે આ ધામમાં લાવીશ. કાંઈ ચિંતા કરશો નહિ. મારા અનાદિ મુક્તના જેવી સમજણ અને સ્થિતિ કરતા રહેજો. અને ત્યાં રહ્યાં થકા નક્કી ઘેડ બેસાડજો. હું તમને મારા એકાંતિક દ્વારાએ મદદ આપીશ. જુવો અમારા અનાદિમુક્ત છે તેને હું બહાર કાઢીને મારી સેવામાં રાખું તો પણ રહે ને મારી મરજી પ્રમાણે તેમને હું રાખું છું ને સુખ આપું છું. તમે પણ એમ રહેજો.''

## અમારા મુક્તોને જમાડે તે ઠેઠ ધામમાં પહોંચે છે

સોરઠ દેશમાં કોઈક ગામના ગરાસિયા નેનભાએ એંસી સાધુ સહિત મહારાજને જમવા સારું પોતાના ગામમાં તેડાવ્યા. મહારાજ તો ચાર સદ્‌ગુરુ જે ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને લઈને આવ્યા. ત્યારે તે નેનભા કહે, મહારાજ ! બીજા સાધુ ક્યાં ?' ત્યારે મહારાજ કહે, 'અમે તો ચાર સાધુને લઈને આવ્યા છીએ.' તે સાંભળીને નેનભા રોવા માંડ્યા ને કહે જે, મહારાજ ! તમે મારો બધો સામાન બગાડ્યો છે. કેમ જે, એંસી માણસની રસોઈ તૈયાર કરી છે. અને તમે તો ચાર જ લઈને આવ્યા.'

પછી મહારાજ કહે, 'નેનભા ! તમે શા સારું રુવો છો ? આ મારા ચાર સાધુને જમાડો ને સામાન વધે તો રોજો.' પછી મહારાજે સંતોને જમાડવા બેસાર્યા. તે જમાડતા જમાડતા એંસી માણસની રસોઈ ચાર સંતોને જમાડી દીધી. તો એ સાધુ કહે જે, મહારાજ ! અમે હજુ ભુખ્યા છીએ.' પછી મહારાજ કહે, 'દરબાર ! કાંઈ કાચા સીધા છે ? ત્યારે નેનભા કહે, ચાલીશ માણસનું સીધું છે. ત્યારે મહારાજ કહે, હવે તે રાંધીને જમાડો.'

પછી તરત તે રાંધી ધીરે ધીરે જમાડ્યું . પછી મહારાજ કહે, 'હે સંતો ! તૃપ્ત થયા ? ત્યારે સંતો કહે, 'ના મહારાજ. હજુ તો ભૂખ્યા છીએ.' ત્યારે મહારાજ કહે, 'તમે કેટલું કેટલું જમો છો તે કહો. પછી સ્વામી કહે, મહારાજ ! મારે પાશેરનો આહાર છે. અને મુક્તાનંદસ્વામી કહે, મારે પણ પાશેરનો આહાર

છે ને બ્રહ્માનંદસ્વામી કહે, મારે પોણો શેરનો આહાર છે. તથા નિત્યાનંદ સ્વામી કહે, મારે પણ પોણો શેરનો આહાર છે.

પછી મહારાજ કહે, 'હે સંતો ! તમે કેટલું કેટલું જમ્યા તે કહો ? ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, મહારાજ ! હું બે રૂપિયાભાર જમ્યો અને મુક્તાનંદસ્વામી કહે, ત્રણ રૂપિયાભાર જમ્યો. ને બ્રહ્માનંદસ્વામી કહે મહારાજ ! હું નવટાંક જમ્યો. તથા નિત્યાનંદ સ્વામી કહે, હું પાશેર જમ્યો. તે સાંભળીને નેનભા દરબાર ફરી રોવા માંડ્યા. ને કહે, સવાસો માણસનું સીધુ ખાઈ ગયા તોય પણ હું અભાગિયો તે મારે ઘેરથી ચાર સાધુ ભૂખ્યા જાશે.'

ત્યારે મહારાજ કહે, દરબાર ! તમે પૂછો તો ખરા આટલું બધું જમી ગયા તે નાખ્યું ક્યાં ? ત્યારે દરબારે પૂછ્યું, એટલે ગોપાળાનંદ સ્વામી કહે, ભા ! મેં તો સાત ધામના મુક્તોએ સહિત મહારાજને જમાડ્યા. તેવી જ રીતે ત્રણેય સદ્‌ગુરુઓએ પણ કહ્યું જે, અમે મુક્તોએ સહિત મહારાજને જમાડ્યા છે. તેથી અમે ભૂખ્યા છીએ. તે સાંભળી નેનભા બહુ રાજી થયા. ને બોલ્યા 'અહો ! આજ તો ધામના મુક્તોએ સહિત ભગવાન મારે ઘેર જમ્યા.'

પછી મહારાજે દ્રષ્ટાંત દીધું જે, 'દરબાર ! સુકા આંબાને પાણી પાઈએ તો તે વધુ સુકાઈ જાય અને સડીને ભાંગી જાય. પણ લીલા આંબાને પાણી પાઈએ તો તે પાણી ઠેઠ ટોચે પહોંચે. ને તેના ફળ મીઠા અમૃત જેવા થાય. તેમ અમારા આ બ્રહ્મરૂપ એકાંતિક જે સંત છે તે નાડી, પ્રાણનો અમારે વિશે સંકેલો કરીને મુક્તે સહિત અમને જમાડે છે. માટે તે તો અહીં જમે તો પણ ઠેઠ અક્ષરધામમાં પહોંચાડે છે. એવા તે મોટા છે.' તે સાંભળીને દરબાર ખૂબ રાજી થયા.

## મુક્તો અને મહારાજનો દિવ્ય મહિમા

એક દિવસ મહારાજ પાસે વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી એ સર્વે સાધુ બેઠા હતા. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, તમો ભગવાનનો મહિમા કેવો જાણો છો ? ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! એક બ્રહ્માંડની ક્રિયાને હું હસ્તામળ દેખું છું. એમ મહિમાની વાત કહી. પણ તે કરતા મહારાજનો મહિમા વધુ હોય. એમ કહીને મહારાજ કાંઈ ન બોલ્યા.

પછી વ્યાપકાનંદસ્વામીએ કહ્યું જે, હું અનંત કોટી બ્રહ્માંડને હસ્તામળ દેખું છું. એવા મહિમાની વાત કહી, પણ તે કરતા મહારાજનો મહિમા વધુ હોય. તો તેમ જાણીને મહારાજ કાંઈ ન બોલ્યા.

છેવટે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, મહારાજ તમારા મહિમાની તો અમને ખબર પડતી નથી. અને જેમ છે તેમ કહેતા આવડતું નથી. પણ લ્યો લગારેક કહું. 'હે મહારાજ ! તમે જ્યાં બેઠા હો, લઘુ કર્યા હો, અથવા બહિર્ભૂમિ ગયા હો અથવા હર કોઈ લીલા કરી હોય, તે ઠેકાણે રત્ને જડેલી સુવર્ણની ઈંટ્યો વડે પૃથ્વીથી તે અક્ષરધામ સુધી પગથિયા કરીએ તોપણ તે જગ્યાના કોટીના બરોબર પણ ન થાય. એવો તમારો અપાર મહિમા સમજું છું.

અને હું નાનો હતો ત્યારે પારણામાં સુતો હતો. તે સમયે ઘોડિયાને ઘુઘરો કરી પારણે બાંધ્યો હતો. ત્યારે મેં વિચાર કર્યો કે, આવા ઘુઘરે રમું છું તે મને ધિક્કાર છે. એમ વિચારીને આકાશ સામું જોયું. તે સમે સૂર્ય, ચંદ્ર તથા બીજા ગ્રહો તેનો ઘુઘરો કરીને છ માસ સુધી રમ્યો હતો. એવું મેં નાનો હતો ત્યારે આપના પ્રતાપે કર્યું હતું. અને હવે તો હું મારા મહિમાના પારને પામતો નથી તો હે મહારાજ ! તમારો જેવો છે તેવો મહિમા કેમ જાણી શકું ?'

પછી મહારાજ ગોપાળાનંદસ્વામીને કહે, સ્વામી ! તમારો મહિમા તો તેથી પણ અપાર છે. કેમ કે, તમે તો અક્ષરમુક્ત છો. ને તમારા એક રુંવાડામાં અનંત કોટી પૂર્ણાનંદ મુક્ત ઉડતા ફરે છે. એવો તમારો મહિમા છે.'

## ગોપાળાનંદસ્વામીએ શાસ્ત્રીઓને બ્રહ્માંડ દેખાડ્યું

એકવાર શ્રીજીમહારાજે વડોદરામાં ગોપાળાનંદસ્વામીને સત્સંગ કરાવવા મોકલ્યા. તેથી ગોપાળાનંદસ્વામી વડોદરા ગયા અને ત્યાં મહારાજના પ્રતાપે અનંત લોકોને અનંત પ્રકારે પ્રતાપ દેખાડ્યો. તેમાંથી કિંચિત્‌માત્ર વાત લખી છે.

વડોદરામાં જ્યારે ગોપાળાનંદસ્વામી પાસે વેદાંતિઓ આવે ત્યારે સ્વામી તેમને ઉપનિષદો અને વેદની વાતો કરીને જીતતા અને પ્રતાપ દેખાડીને સત્સંગ કરાવતા હતા. તેમાં એકવાર ગાયકવાડના શાસ્ત્રીઓના વિદ્યાર્થીઓ સ્વામી પાસે આવ્યા ને સ્વામીનો પ્રતાપ જોઈને સત્સંગી થયા. પછી તેઓ તેના શાસ્ત્રીઓ પાસે ગયા અને સ્વામીના પ્રતાપની વાત કરી. તેને જોઈને શાસ્ત્રીઓ સ્વામી પાસે સંવાદ કરવા આવ્યા.

અને સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'શ્રીકૃષ્ણ ભગવાને તો ગોવર્ધન તોળ્યો હતો તેથી તેને ભગવાન કહેવાય. સ્વામિનારાયણે એવું શું કર્યું છે ? સ્વામી કહે, 'તેથી મોટા પર્વત હનુમાનજી તથા રાવણે તોળ્યા હતા. માટે પર્વત તોળવો તે કાંઈ ભગવાનનું લક્ષણ નથી.'

ત્યારે વળી કહે, 'શ્રીકૃષ્ણએ જશોદાને પોતાના મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું હતું. સ્વામિનારાયણે કોઈને બ્રહ્માંડ દેખાડ્યું હોય તો કહો.' ત્યારે સ્વામી કહે, 'સ્વામિનારાયણે તો લોજમાં પોદળા નીચે પણ બ્રહ્માંડ દેખાડ્યું હતું પણ તે તમને નહિ મનાય. પણ મારા મુખ સામું જોવો.' પછી શાસ્ત્રીઓએ જ્યાં ગોપાળાનંદસ્વામીના મુખમાં જોયું ત્યાં સાવકાશે ચૌદ લોકે સહિત બ્રહ્માંડની બધી રચના પોતાના મુખમાં બતાવી.

તે જોઈને શાસ્ત્રીઓ કહે, 'હે સ્વામી ! શ્રીકૃષ્ણ જેટલું સામર્થ્ય તો તમારામાં છે. તો સ્વામિનારાયણ ભગવાન હોય તેમાં શું કહેવું.!' આવો ગોપાળાનંદસ્વામીનો ઘણોક અદ્‌ભૂત પ્રતાપ જોઈને તે શાસ્ત્રીઓ સત્સંગી થયા. આમ મહારાજના અનાદિમુક્તનો અલૌકિક પ્રતાપ છે.

## ગોપાળાનંદસ્વામીએ આત્મબુદ્ધિની વાત કરી એ વાત

એક વખત ગોપાળાનંદ સ્વામીએ પોતાના સાધુને પૂછ્યું જે તમારે મારે વિષે આત્મબુદ્ધિ કેવી છે ? ત્યારે સંત બોલ્યા જે તમોને જો વાઘ કરડવા આવે તો આડા સુઈએ એવી આત્મબુદ્ધિ છે. પછી સર્વે સંતને લઈને જૂનાગઢ જતા હતા. તે એક ગામમાંથી રોટલા જમીને ખરે મધ્યાહ્ને નીકળ્યા. પાણી વિના ઘણા હેરાન થયા. પછી એક કૂવો મારગમાં આવ્યો. પછી સૌ સૌના તુંબડા કાઢીને સૌ સૌની મેળે પાણી પીવા લાગી ગયા. સ્વામીને પાણી પાવું તે ભૂલી ગયા પછી ત્યાંથી સર્વે ચાલ્યા. પછી જૂનાગઢ ગયા.

પછી સ્વામીએ પાણી માગ્યું તે ત્રણ તુંબડીપાણી પી ગયા ને બોલ્યા જે સંતો, તમોને અમારે વિષે આત્મબુદ્ધિ કેવી છે ? પછી સર્વે સંત પસ્તાવો કરવા લાગ્યા જે અહો આપણે સર્વે જણે ભૂલ ઘણી ખાધી. સ્વામીને પાણીનું પૂછાણું નહીં ને આપણે સૌએ પાણી પીધું ને સ્વામીને ન પાયું. તેમ કરી ઘણો પસ્તાવો કર્યો.

## કુશળકુંવરબાઈ તથા કડવા ભક્તની વાત તથા ગોપાળાનંદસ્વામીએ એક સંતને ઉપવાસ કરવાની ના પાડી

ધરમપુરના કુશળકુંવરબાઈને મહારાજે માગવાનું કહ્યું, ત્યારે ચારસો ગામનું કલ્યાણ માંગ્યું. કડવા ભક્તનું આંબાવાડીયું કોઈકે ખેંચી લીધું. પછી પોતે રાતમાં જઈને આંબાના ઝાડને વર્તમાન ધરાવીયા ને સવારમાં પાંચસે આંબાના ઝાડ સૂકાઈ ગયા. એવો તો જેના ભક્તનો ચમત્કાર છે. તથા સુખાનંદસ્વામી એક સમે ગોપાળાનંદસ્વામી તથા દાદો ખાચર તથા બ્રહ્માનંદસ્વામી તથા બીજા સાધુ રસ્તે ચાલ્યા આવતા હતા. ત્યાં એક સાધુએ ઉપવાસ કર્યાનો સંકલ્પ કર્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે રસ્તામાં ઉપવાસ કરવો ઠીક નહીં પડે. પણ સાધુએ કહ્યું જે મારું નીમ જાય ત્યારે સ્વામીએ કહ્યું જે તમારું નીમ મોટું કે મારું વચન મોટું ? પછી સંતને ઘણા સમજાવ્યા પણ ન માન્યું. ને બીજા એક સાધુને સ્વામીએ પૂછ્યું જે મોટાના વચનમાં વિશ્વાસ હોય તો કોઈ ખામી ન રહે. પછી તે સાધુ કહે, તમારા વચન ઉપર અમારે વિશ્વાસ છે.

એ વાત કરતા હતા તે પડખે કૂવો હતો. પછી ગોપાળાનંદ સ્વામી કહે, અમારો વિશ્વાસ હોય તો આ કૂવામાં પડો. પછી લુગડાં સહિત કૂવામાં પડ્યા. ને તે કૂવામાં ઉંડા ઉતરી ગયા ને ઘણીવાર લાગી. ત્યારે શુક સ્વામીએ કહ્યું જે આપણને મહારાજનો ઠપકો આવશે ને કહેશે જે સાધુને કૂવામાં નાખ્યા ! પછી ગોપાળાનંદસ્વામીએ કૂવાના કાંઠા હેઠે હાથ ઘાલીને સાધુને કાઢ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું, જે તમો ક્યાં હતા ? ત્યારે સાધુએ કહ્યું જે હું તો અનંત મુક્તે વીંટાણો થકો અહો અહો મહારાજની સભામાં બેઠો તો. ત્યાંથી તે સુખમાંથી તમે બારે કાઢી લાવ્યા. તેમ મોટાના વચનમાં અનંતસુખ રહ્યું છે.

## મહારાજે અવતાર કહ્યા તે ક્યા સમજવા તે વાત

મહારાજની મૂર્તિ સંબંધી વાત કરવી તે તો ભોજનને ઠેકાણે છે. ને અવતાર આદિકની વાર્તા કરવી તે તો મીઠાં-મરચાને ઠેકાણે છે. જેમ સારા સારા ભોજન કર્યા હોય તેમાં મીઠું-મરચું જોઈએ તેમ છે. વાત કરવી પણ

ભોજન પડ્યું રહે ને મીઠું-મરચુ ખાય તેમ ન કરવું. તેમ મહારાજ વિના વાત કરવી તે મીઠાં-મરચાને ઠેકાણે છે. સત્સંગનું સુખ નો એકાંતિક થકી આવે છે. જેમ સમુદ્રમાં નળ મૂક્યો હોય તે અહીં બેઠાં થકા પાણી પીએ તેમ અનાદી મુક્ત છે તે મહારાજની મૂર્તિમાં જોડાણા થકા બોલે છે. મહારાજની મરજી પ્રમાણે બોલે છે.

મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી તથા સાધુ બ્રહ્મચારી સત્સંગી સંભારી રાખવા તે બીજા અવતારના સ્થાન તથા લીલા સંભારીએ તેને કરીને મહારાજની મૂર્તિ સાંભરે છે. નથી સાંભળતી ત્યાં એમ સમજવું જે મુક્તાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી એવા મોટા મોટા સંત તથા પર્વતભાઈ તથા ઝીણોભાઈ તથા ગોરધનભાઈ તથા દાદોખાચર આદિ સત્સંગી તથા મહારાજે જે સ્થાનકને વિષે સભા કરી હોય તેને સંભારવે કરીને મહારાજની મૂર્તિ સાંભરે છે. અને મહારાજે જે જે અવતાર કહ્યા તે તેમને કહ્યા છે એમ સમજવું. તેમ કેતાં ઘસારા તો આપણને લાગે છે પણ તેમ સમજાય તો ઠીક છે.

## વડોદરામાં ગોપાળાનંદ સ્વામીએ મંગળજીભાઈને અધિકાર અપાવ્યો

વડોદરામાં સ્વામી એક સમે સભા કરીને બેઠાં હતા અને સ્વામીનો વિદ્યાર્થી મંગળજી કરીને બ્રાહ્મણ હતો તેને સારસ્વત અને પંચકાવ્ય સ્વામીએ ભણાવ્યા હતા ને ભાગવત પણ સ્વામીએ ભણાવ્યું હતું. પછી તે પોતાને ઘરે ગયો ને સ્વામીની કૃપાથી કાંઈક અધિકાર મળ્યો. તે એક વખત વડોદરામાં સ્વામીને દર્શને આવ્યો તે વખતે સ્વામી પાસે સીયાજીરાવ વિગેરે સૌ સભામાં બેઠાં હતા. પછી સ્વામીએ મંગળજીભાઈને કહ્યું, જે 'આવ મંગળ' તે સાંભળી તેના મનમાં બહુ જ ખોટું લાગ્યું.

જે હું આવો મોટો અધિકારી છું ને મારી પાછળ બે સિપાઈઓ ચાલે છે. અને સ્વામીએ મને 'આવ મંગળ' કહ્યું. પછી તે સભામાંથી ઊઠ્યા ત્યારે પુરુષાનંદવામીને એકાંતમાં મળીને કહ્યું, જે સ્વામી મોટા તો બહુ છે પણ બોલવાનો વિવેક નથી. જે હું આવો મોટો અધિકારી છું તેને 'આવ્ય મંગળ'

કહ્યું. ત્યારે પુરુષાનંદ સ્વામી કહે, હું સ્વામીને કહીશ. એટલે સ્વામી તમને સારી રીતે બોલાવશે. પછી સ્વામી સભામાંથી ઉઠીને આસને આવ્યા. ત્યારે પુરુષાનંદસ્વામીએ કહ્યું જે તમે મંગળજીભાઈને 'આવ્ય મંગળ' કહ્યું તે સારુ લાગ્યુ નહીં અને તે મોટા અધિકારી થયા છે.

સ્વામી કહે કાલ આવશે ત્યારે મંગળજીભાઈ કહીશું. પછે બીજે દિવસે સભામાં આવ્યા ત્યારે સ્વામી બોલ્યા જે 'આવો મંગળભાઈ' તે સાંભળીને ઘણો જ પ્રસન્ન થયો પછી સભા ઉઠી ત્યારે મંગળજીનો હાથ જાલીને સ્વામી એકકોરે લઈ ગયા ને કહ્યું મંગળજીભાઈ હું તમારો વિદ્યા ગુરુ ખરો કે નહિ. ત્યારે કહે હા. પછી સ્વામી કહે, હું બ્રાહ્મણ તે જગતગુરુ ખરો કે નહીં. ત્યારે તે કહે હા. પછી સ્વામી કહે, હું મારી મોટપ સામું જોવું તો તને મંગળીયો પણ ન કહું. પછે થોડા દિવસ ગયા એટલે અધિકાર ટળી ગયો અને મંગળીયો થઈ ગયો. એમ મોટા આગળ માન રાખવાથી પોતાનું અનિષ્ટ થાય છે. પણ જીવને ખબર નથી.

## આ છોકરો તેની માને ધાવતો નથી

એક સમે ગોપાળાનંદસ્વામી ગોંડલ પધાર્યા હતા અને હરિજન સહુ સ્વામીના દર્શને આવ્યા. તે ભેળો એક લુવાર પોતાના દિકરાને લઈને દર્શને આવ્યો હતો. તે હરિ ભક્તે સ્વામીને વાત કરી. હે સ્વામી, આ છોકરો તેની માને ધાવતો નથી. પછી સ્વામીએ તેની સામે દૃષ્ટિ માંડીને તેની સામું જોયું અને બોલ્યા જે આતો તારો બાપ છે. તે તારે વિષે હેત હતું તે તારો દિકરો થયો છે. અને તેને મૃત્યુ વખતે એવો સંકલ્પ રહેલો જે દિકરાની વહુએ મારી બહુ ચાકરી કરી પણ દિકરો નથી તે સંકલ્પથી તારો દિકરો થયો છે. તે શેનો ધાવે. એમ સ્વામીએ કહ્યું અને થોડાક દિવસ પછી તે છોકરો દેહ મેલી ગયો. એમ જો વાસના રહી તો જન્મ ધરવો પડ્યો. માટે ભગવાન સિવાય આ લોકના સગા સંબંધીમાં ક્યાંય વાસના રાખવી નહિ.

## કસોટીમાં નાનુબાએ નિયમ ન છોડ્યા

સૌરાષ્ટ્રમાં મેંગણી નામનું ગામ છે. જ્યાં મહાન ભક્ત માનભા. ગોપાળાનંદસ્વામીના સમાગમથી થઈ ગયા છે. તેમને એક દિકરી હતી અને

તેમનું નામ નાનુબા હતું. નાનપણથી જ સારા સંસ્કાર મળેલ. તેથી સ્વામિનારાયણ ભગવાનની પાકી નિષ્ઠા થઈ ગઈ હતી.

યુવાન થતાં તેમને ભડકલા ગામના દરબાર સાથે પરણાવ્યાં. નાનુબાએ સાસરે આવીને જોયું. ત્યાં તો મહેલની અંદર અનેક દારુના શીશાઓ, અનેક પ્રકારની માંસની બનાવેલી જુદીજુદી વાનગીઓ તેમજ પાંજરામાં પૂરેલા અનેક કુકડાઓ આ બધું જોઈને નાનુબાએ દાસીને (નોકરાણીને) પૂછ્યું દારૂ-માંસ અને કૂકડાઓને અહીંયા કેમ રાખ્યા છે ?' ત્યારે દાસીએ કહ્યું, 'તમારા લગ્ન થયા છે, તેથી માતાજીને તેનું નૈવેદ્ય કરવાનું છે.' એમ વાત કરતી હતી.

ત્યાં નાનુબાનો પતિ આવ્યો અને કહેવા લાગ્યો. આજે માતાજીના દર્શને જવાનું છે, અને ત્યાં ધરાવેલ નૈવેદ્યની પ્રથમ આપણે બન્નેએ પ્રસાદી જમવાની છે. પછી જાનવાળા જમશે. આવું સાંભળીને નાનુબાના પેટમાં ફાળ પડી. અને મનોમય શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યા, હે પ્રભુ, મને આ પાપથી બચાવજો. અને મારો ધર્મ સાચવજો. અને સત્સંગ દ્રઢ રાખવાનું બળ આપજો.'

પછે વરઘોડીયાં માતાના મઢમાં (મંદિરમાં) ગયા. અને માતા આગળ બેસાડીને બ્રાહ્મણ પૂજા કરાવવા લાગ્યો. પછી નાનુબાને પ્રણામ કરવાનું કહ્યું. પરંતુ તેમણે પ્રણામ કર્યા નહિ. તેથી બ્રાહ્મણે કારણ પૂછ્યું. ત્યારે નાનુબાએ જવાબ આપ્યો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે જે દેવ-દેવી આગળ માંસનું નૈવેદ્ય થતું હોય તો તે દેવ-દેવીને ક્યારેય માનવા નહિ અને તેમને પ્રણામ પણ કરવા નહિ માટે મેં પ્રણામ કર્યા નથી.

પછી તો દારૂ માંસના બનાવેલ પકવાનો લાવીને દેવી આગળ ધરાવવા લાગ્યા. ત્યાર બાદ નાનુબાને દારૂ પીવા અને માંસ ખાવાનું કહેવામાં આવ્યું. કારણકે ત્યાં કુરિવાજ હતો કે જેના લગ્ન થાય તેણે પ્રથમ નૈવેદ્ય જમવાનું, ત્યાર પછી બીજાઓ જમે. નાનુબાએ સ્પષ્ટ ના કહી દીધી. તેથી તેનો પતિ ક્રોધ કરીને બોલ્યો, જે 'તારા બાપનો ધર્મ ત્યાં જ રાખજે, અહીંયા તો માતાજીને માનવા જ પડશે. અને નૈવેદ્ય (દારુ-માંસ) ખાવું જ પડશે સમજી ! વરરાજાનું આવું કહેવું સાંભળી આગેવાનોએ કહ્યું ; હમણાં નવા છે એટલે ના કહેશે. પછી મનાવી લેજો. અત્યારે ન ખાય તો રેવા દ્યો. પછી સહુ ઘેર ગયા. અને નાનુબાના પતિએ ઉપદ્રવ શરૂ કર્યો. અંતમાં તેણે કહ્યું કે આવતી નવરાત્રીના નૈવેદ્ય નહિ જમે

તો તને પરાણે દારૂ પાવામાં આવશે અને માંસ ખવડાવવામાં આવશે. નવરાત્રી આવી દારૂ-માંસ આપવાનું કહ્યું. પણ નાનુબાએ ચોખી ના પાડી દીધી. તુરત તેના પતિએ ચોટલો પકડીને પછાડ્યા અને છાતી ઉપર ચડી ગયો. પછે બંન્ને હાથ પકડીને મુખ ખોલવા ગયો ત્યાં તો નાનુબાએ શ્રીહરિને યાદ કરી જોરથી ધક્કો માર્યો. તેથી પેલો પડી ગયો. તુરત દોડીને નાનુબા રૂમમાં જતા રહ્યા. અને અંદરથી બારણું બંધ કરી દીધું તેનો પતિ ઊભો થઈને બોલ્યો, ‘આજે તારા ભગવાનને ભજી લે અને કાલે તારા ભગવાનને કહેજે બચાવવા આવે. કાલે તને બાંધીને દારૂ પાવામાં આવશે’. એમ ધમકી આપીને જતો રહ્યો.

કમરામાં બેસીને નાનુબાએ ચિઠ્ઠી લખી. એક ખાનગી નોકર દ્વારા મેંગણી મોકલી. તે સમયમાં માનભા બાપુ ધામમાં ગયા હતા. તેથી તેના ભાઈના નામે ચિઠ્ઠી લખી હતી. નોકરે જઈને આપી. તેથી ચિઠ્ઠી ખોલી વાંચવા લાગ્યા. તેમાં લખેલ હતું કે, ‘હે મારી માડીના જાયા, વીરા માધવસિંહ તથા મેરુભા ભડકલાથી

લી. પાંખ વિનાની પંખીણી જેમ ટળવળતી તમારી બહેન નાનુબાના અંતિમ જય સ્વામિનારાયણ સ્વીકારશો. વિ.જણાવવાનું કે હે મારા વીરાઓ, હું સાસરે આવી છું ત્યારથી મારી ઉપર અનેક પ્રકારના ઉપદ્રવો થાય છે. તેમજ દારૂ-માંસ ખવડાવવા માટેના પ્રયત્નો થાય છે. તેમજ મારઝુડ પણ થાય છે. આવતી કાલે મને બાંધીને દારૂ પીવડાવવામાં આવશે. એમ ધમકી આપીને મારા પતિએ કહ્યું છે, તે માટે હું અફીણ પીને મારી જિંદગી પૂરી કરવાની છું. પરંતુ દારૂનું પાન કરી ધર્મનો ત્યાગ કરી, શ્રીજીમહારાજે કહેલ નિયમનો ત્યાગ કરવાની નથી. તે માટે તમારી બહેનનું જીવતા મુખ જોવા ઈચ્છતા હો તો કાલે ભડકલા આવી જશો. જો તમારાથી કાલે ન આવી શકાય તો પછી તમારી બહેનનું ખાપણ મોકલાવજો’. ચિઠ્ઠી વાંચતા વાંચતા માધવસિંહના સાડાત્રણસો કરોડ રૂંવાડા ઊભા થઈ ગયા અને રોમે રોમેમાં ક્રોધ વ્યાપી ગયો. તુરત મેરુભાને બોલાવવા માટે એક માણસને મારતે ઘોડે મોકલ્યો. મેરુભા ધ્રાંગધ્રા રાજ્યના સેનાપતિ હતા તેથી ત્યાં રહેતા હતા.

મેરુભાના હાથમાં ચિઠ્ઠી આપી. વાંચીને તુરત સૈન્ય લઈને મેરુભા મેંગણી આવ્યા. ત્યાંથી માધવસિંહે સૈન્ય તૈયાર કર્યું પછે સૈન્ય સહિત બંનેભાઈઓ મારતે ઘોડે ભડકલા આવી પહોંચ્યા. આ બાજુ નાનુબા અફીણ તૈયાર કરીને એક બાજુ પતિની રાહ અને બીજી બાજુ ભાઈઓની રાહ જોઈને બારીએ બેઠાં. ત્યાં તો

દરબાજાના બારણેથી અવાજ સંભળાયો શું વાટ જોઈ રહ્યા છો ? ન ખોલે તો તોડી નાખો બારણું. અને બાંધી દ્યો પલંગ સાથે હું પછી જોઉ છું કે તેનો ભગવાન કેવોક બચાવવા આવે છે ? એમ નોકરોને નાનુબાનો પતિ કહેતો હતો. આવું સાંભળાવેંત નાનુબાએ અફીણનો કટોરો હાથમાં લીધો. અને શ્રીહરિનું સ્મરણ કરીને જ્યાં પીવા માટે ગયા ત્યાં તો દરબારગઢમાં હાકલા ને પડકારા સંભળાવા લાગ્યા. તેથી નાનુબાએ બારીથી નીચું જોયું. ત્યાં પોતાના બંન્નેભાઈઓને સૈન્ય સહિત જોયા. નીચે પરસ્પર સૈનિકો લડતા હતા ને બૂમો પાડતા હતા. કેટલાક ઘાયલ થયા હતા. કેટલાકનું મૃત્યુ થયું હતું. આ બધું જોવામાં ઓતપ્રોત થયા હતા ત્યાં તો કડેડાટ કરતો દરવાજો તૂટ્યો. અને ક્રોધે ભરેલો નરપિશાચ નાનુબાનો પતિ હાથમાં દારૂની બોટલ લઈને આવ્યો. નાનુબા પાસે આવીને જોરથી પકડીને દારૂની બોટલ ખોલવા લાગ્યો. ત્યાં તો જેમ હરણને અચાનક પકડીને ચિત્તો પછાડે. તેમ માધવસિંહ અને મેરુભાએ અચાનક આવીને છલાંગ મારી પેલા નરાધમનું ગળુ પકડી પછાડ્યો અને ખૂબ માર માર્યો. પોતાની બહેનને વિધવાના કપડા પહેરવા ન પડે તે માટે જીવતો રાખ્યો અને ધમકી આપી, પાપી મેંગણીની સીમમાં (સરહદમાં) પગ મૂકીશ નહિ. આજથી તારી સાથેના સંબંધો પૂરા થાય છે. આ રીતે કહીને નાનુબાને સાથે લઈ મેંગણી આવ્યા. પછી નાનુબાએ આજીવન સાંખ્યયોગી રહીને ભજન કર્યું.

## “લ્યો આ કટાર !”

સોરઠમાં લોધીકા નામનું ગામ છે ત્યાંના રાજાના કુમાર અભેસિંહજી, ગોપાળાનંદ સ્વામીના સમાગમથી મહાન ધ્યાની ભક્ત બની ગયા. તેઓને એકવાર જામનગરના રાજદરબારમાં શુભ પ્રસંગે જવાનું થયું. જામસાહેબની કચેરીમાં અભેસિંહજી પધાર્યા. પછી જામની આજ્ઞા થતાં નોકરો દારૂની પ્યાલીઓ લઈને અનેક રાજ રજવાડાના માલિકોને આપવા લાગ્યા. પછે એક પ્યાલી અભેસિંહજી આગળ લાવવામાં આવી. ત્યાં તો અભેસિંહે ચોખી ના કહી દીધી. તેથી નોકરોએ જામનગરના રાજા વિભા જામને કહ્યું, ‘બાપુ ! બાપુ ! આ અભેસિંહજી અમારો હાથ પાછો ઠેલે છે. માટે તમો આવો’ તરત વિભા જામે હાથમાં પ્યાલી લીધી અને અભેસિંહજીને પાવા માટે તાણ કરી.

ત્યારે ક્ષત્રિય શૂરવીર બોલ્યા, 'મહારાજા ! મારા ગુરુ ગોપાળાનંદસ્વામી આગળ મેં નિયમ લીધો છે કે આ મુખથી ક્યારેય દારૂ નહીં પીવું.' ત્યારે વિભા જામ બોલ્યા, 'દરબાર મારો હાથ પણ પાછો ઠેલશો !' ત્યાં તો સાથેના ચોવટીયા બોલી ઉઠ્યા; 'હા ! હા ! બાપુની વાત સાચી છે, બાપુનું વેણ રાખો;' અભેસિંહજીએ તુરત કમરમાંથી કટાર કાઢીને વિભા જામને આપતાં અભેસિંહજી બોલ્યા, 'લ્યો આ કટાર, અને પાડો છીદ્ર મારા ગળામાં. પછી ત્યાંથી દારૂને અંદર નાખો. એટલે તમારો હાથ પાછો ઠેલ્યો નહિં કહેવાય. બાકી મારા મુખથી દારૂ કદી પણ અંદર નહિ જાય'. આવી દ્રઢ ટેક જોઈને વિભાજામ રાજી થયા અને અભેસિંહજીને બાથમાં લઈને ભેટી પડ્યા.

## સમર્થ છતાં સ્વામીશ્રીનો દાસત્વભાવ

એકવાર ભાયાવદરના વિપ્ર રામજીભગતે સ્વામીને પ્રાર્થના કરતા કહ્યું, ''આપનો પ્રતાપ કહો'', ત્યારે સ્વામી કહે, ''હું અને શ્રીજીમહારાજ માતાના ગર્ભમાં ન આવીએ, સીધો જન્મ લઈએ. ને જે દેખાય છે તે લીલા છે. અને અહીંથી તે અક્ષર પર્યન્ત સમગ્ર જીવોને જેમ ફાનસમાં વાટ જગે તે દેખાય છે તેમ તેને દેખું છું. તથા જેની સામું જોઉં તેના હજાર જન્મના આગળના તથા હજાર જન્મના પાછળના સમગ્ર કર્મો તથા તેની ગતિ હસ્તામળમાં દેખાય અને જ્યારે સંકલ્પ કરું ત્યારે વૃષ્ટિ થાય. તથા એકવાર મારી દૃષ્ટિ પડે પછી તે ૫૦૦ માણસની રસોઈ હોય ને ૫૦ હજાર માણસ જમે છતાં ખૂટે નહિ. અને ગમે તેવો પાપી કે પામર જીવ હોય પણ મારી નજરમાં આવે તો તે અક્ષરધામનો અધિકારી થાય. આવી અનંત પ્રકારની મારામાં સામર્થી છે, છતાં સર્વોપરિ શ્રીહરિની આગળ તો તેના રોમ બરાબર પણ નથી.'' આવો તેમનો અમોઘ પ્રતાપ હતો. નિત્ય શામળિયાજી તેમની સાથે રમવા આવતા. સ્વામી બાળપણમાં રાધાકૃષ્ણ દેવની પૂજા કરતા, મૂર્તિમાંથી પ્રભુ પ્રગટ થઈ તેમને નિત્ય હાર પહેરાવે ત્યારે તેમની પૂજા પૂરી થતી. એટલું જ નહિ ગોપાળાનંદસ્વામી જે દેવોને દર્શને જાય તે દેવો સિંહાસનમાંથી નીચે ઉતરી સ્વામીને હાર પહેરાવી વંદન કરતા. આવી તેમને પ્રગટ પ્રભુમાં ગાઢ પ્રીતિ હતી. આઠ વર્ષે પિતાએ યજ્ઞોપવિત આપી. ડભોઈ ગામે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા, પ્રતિભા સંપન્ન ખુશાલભાઈ ટુંક

સમયમાં સર્વ વિદ્યામાં પારંગત બન્યા. તે સમયે બે સત્સંગી વિપ્રો દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યની વાતો સાંભળી તથા સમર્થમૂર્તિ સર્વેશ્વરનંદસ્વામીનું મિલન થયું. તેમના મુખેથી પૂર્ણ પુરૂષોત્તમનો પૌઢ પ્રતાપ અને અગાધ ઐશ્વર્યની વાતો સાંભળી. પ્રગટ હરિના મિલન માટે અંતર આતુર બન્યું. સંતોની સાથે ચાલીને ડભાણ આવ્યા, ત્યાં વિરાજતા શ્રી હરિના દર્શન થતાં જ તેમની સર્વે વૃત્તિઓ પ્રગટ પ્રભુમાં વિરામ પામી. થોડા દિવસો ત્યાં રહી શ્રીજીમહારાજની આજ્ઞાથી ખુશાલભાઈ ઘરે ગયા. ત્યાં પાઠશાળા સ્થાપી. અનેક બાળકો ભણવા આવ્યા પણ

તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિ તણું ।
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયા છે સમાધિવાન ॥

સર્વોપરિ શ્રીહરિના મિલનથી પોતાના જીવનને ધન્ય ધન્ય માનતા. તેમના સંગીને પણ સમાધિનિષ્ઠ બનાવતા પૂ. સ્વામી એક સમર્થ સિધ્ધ પુરુષ તરીકે પ્રખ્યાતિ પામ્યા.

## પૂ. સ્વામીશ્રી સત્સંગમાં મોટેરા થયા

ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ।
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ॥

સ્વામીની સાધના, પ્રભુ પરાયણતા, સદા શ્રીજીની અનુવૃત્તિમાં રહી જીવવાપણું, નિર્માનીતા, સરળતા, નિષ્કામી, નિર્લોભી તથા ઉદારતા આદિક અનેક શુભ ગુણોને કારણે તેમની મહત્તા વધતી જ ગઈ, વધતી જ ગઈ અને સર્વે સદ્ગુરૂઓમાં પણ તેમની મુખ્ય ગણના થવા લાગી. સ્વામી હરિના લાડીલા સંતોમાં પ્રથમ હરોળના પરમહંસ બન્યા.

## પ્રબળ પ્રતાપ

ગોપાળાનંદસ્વામી પરમહંસ બન્યા બાદ પણ સંપ્રદાય પર આવતા આક્રમણોને ટાળવા ગાયકવાડની રાજધાની વડોદરામાં શ્રીજીમહારાજની આજ્ઞાથી ઘણું રહ્યા હતા. ત્યાં સ્વામી જેને ઘેર જમવા જાય ત્યાં નિત્ય મહારાજ તેમની સાથે આવીને જમતા. સ્વામીશ્રીના પૌઢ પ્રતાપથી ખુદ સયાજીરાવ ગાયકવાડ તેમજ નારૂપંત નાના, રામચંદ્ર વૈદ્ય, ચીમનરાવ શાસ્ત્રી, ઢુંઢુબા જેવા અનેક મોટા

મોટા અધિકારીઓ, વિદ્વાનો તથા શેઠ શાહુકારો પણ શ્રીજીમહારાજના આશ્રિત બન્યા હતા. તેમજ અનેક દીન દુઃખિયાના દુઃખો નિવાર્યા હતા. અનેકને વિના સાધને સિધ્ધ દશા પમાડી હતી. શ્રીજીમહારાજની કૃપાથી સ્વામી જે ધારે તે કરવા છતાં તે સદા સહુના દાસાનુદાસ બનીને જીવ્યા હતા આ તેમનું મોટું સામર્થ્ય હતું. શ્રીજીમહારાજે આપેલો પ્રબળ પ્રતાપ તેમણે વાપરી પણ જાણ્યો અને જીરવી પણ જાણ્યો. ઐશ્વર્ય મળવાથી તેનો અપચો થાય છે તેવા ઘણા દાખલાઓ છે પરંતુ સ્વામી તેમાં અપવાદ છે કારણ અનુવૃતિ તે સ્વામીનું આગવું પાસુ હતું.

"જેને શ્રી ભક્તિપુત્રે, નિજ જન બહુના, ઉપરી આપ કીધા.
બન્ને આચાર્ય કેરા, ઉપરી કરી વળી, હાથમાં હાથ દીધો.
જેના સદ્બોધ પામી, વટપુર પતિએ, સાર લીધો ધરીને.
ગોપાળાનંદસ્વામી, સકળગુણનિધિ, વંદુ પ્રેમે કરીને." ...૧
"જેના રોમસુછિદ્રમાં અણુંસમા, બ્રહ્માંડ કોટી કરે.
જે વ્યાપી જડ જીવ ઈશ્વરમાંહિ, રહે છે પ્રકાશી પણે.
જે નારાયણ મૂર્તિમાં મળી રહી, સાથે રહે નેમથી.
તે ગોપાળામુનિન્દ્રના ચરણમાં, નિત્યા નમું પ્રેમથી." ...૨

## જુનાગઢના જોગી મહાપુરુષદાજીને શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરવા કહ્યું

### જુનાગઢના જોગી મહાપુરૂષદાસજી

એક વખત વડતાલમાં મહાપુરૂષદાસજીને શ્રીજીમહારાજ તથા અક્ષરમૂર્તિ ગોપાળાનંદસ્વામીએ દર્શન દીધાં અને શ્રીજીમહારાજે સ્વામી ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, આ મહાપુરૂષદાસજી સાધુ બહુ જ સ્થિતિવાળા સારા સાધુ છે. જ્યારે બ્રહ્મચારીમાંથી સાધુ થયા ત્યારે બ્રહ્મચારીએ ઉપાધિ કરાવી તેમાં પણ તેમણે ધીરજ રાખી. એવા સમર્થ સાધુ છે. પૂર્વે એ માર્કન્ડ ઋષિ હતા ને છપૈયાપુરમાં મારું નામ પાડવા આવ્યા હતા." ત્યારે સ્વામી કહે, "હા, મહારાજ એ સત્ય છે." એમ કહેતામાં તે બંને અંતર્ધાન થઈ ગયા.

એક વાર સ્વામી મહાપુરૂષદાસજી તથા સ્વામી બાળમુકુંદદાસજી તથા સ્વામી નારાયણદાસજી વડતાલથી નાર ગામમાં પાંચ દિવસ રહીને ગામ માણેજ પધાર્યા.

ત્યાં પાટીદાર મુળજીભાઈએ તથા ભગુભાઈએ દશ-બાર દિવસ રોક્યાને નિત્યે નવી નવી રસોઈ કરાવીને જમાડ્યા અને ઘેર ઘેર પધરામણી કરીને લ્હાવો લીધો હતો. પછી ત્યાંથી ત્રણે મંડળ ગામ ખંભાત ગયા. ત્યાં પાંચ દિવસ રોકાઈ સ્વામી બાળમુકુંદદાસજી તથા સ્વામી નારાયણદાસજીનાં બેય મંડળ ત્યાંથી ધોલેરા ગયાં ને સ્વામી મહાપુરૂષદાસજી પોતાના મંડળ સહિત વહાણમાં બેસીને ભાવનગર પધાર્યા ને ત્યાં છ-સાત દિવસ રોકાયા.

એક વાર હું ઘેરથી ચાલીને ગઢડે ગયો ને ત્યાં પાંચ દિવસ રોકાઈને ધોલેરે ગયો. ત્યાં મદનમોહન દેવનાં દર્શન કરીને સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીને પગે લાગ્યો. ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું કે, ‘‘આ ધ્રાબા નાખવાનું કામ ચાલે છે. માટે તું પાંચ દિવસ રોકાઈ જા.’’ પછી હું ત્યાં પાંચ દિવસ રોકાઈને ધ્રાબો નાખવા લાગ્યો. તેથી નિષ્કુળાનંદસ્વામી મારા ઉપર બહુ જ રાજી થયા. પછી સ્વામીની રજા લઈ પગે લાગીને મદનમોહનજી તથા હરિકૃષ્ણમહારાજનાં દર્શન કરીને હું ચાલ્યો તે રસ્તામાં ચાલતાં સાબરમતી નદીએ ગયો. ત્યાં તો દરિયાની વહેણ આવી હતી. તેથી પાણી ઉતરાય તેમ નહિ. પછી મેં તો મહારાજને સંભારી મૂર્તિનું ધ્યાન કાંઠે બેસીને કર્યું. તે સમે શ્રીજીમહારાજ બ્રાહ્મણનું રૂપ ધરીને આવ્યા અને મને પૂછ્યું કે, ‘‘તારે ક્યાં જવું છે ?’’ ત્યારે મેં કહ્યું કે, ‘‘મારે આ નદી ઉતરવી છે.’’ ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે એક પોતિયું પે’રીને બાકીના લુગડાં તથા પૂંજાની પોટલી બાંધ. ત્યારે મેં એક પોતીયુંવાળી લુગડાં ઉતારીને પૂંજાની પોટલી બાંધી. એટલે તે બ્રાહ્મણે કહ્યું કે, ‘‘હવે તે પોટલી મારા હાથમાં લાવ અને જોડા છે તે તું તારા હાથમાં લે. એટલે મેં તેમ કર્યું.’’ ત્યાં તો તેણે મારું બાવડું ઝાલીને એકદમ નદીને કાંઠે ઉતાર્યો ત્યારે મેં જોયું કે ‘આ તો મહારાજ છે’ એમ જાણીને મનમાં સંકલ્પ કર્યો કે, ‘દંડવત્ કરીને પગે લાગું.’ ત્યારે તે બ્રાહ્મણે મને કહ્યું કે, ‘‘શું સંકલ્પ કરછ ? આ લે, તારી પોટલી, લૂગડાં પહેલી લે.’’ એમ બોલી પોટલી મારા હાથમાં આપી ને હું તે છોડીને લૂગડાં પહેરવા રહ્યો. તે સમયે જ તે બ્રાહ્મણ અંતર્ધાન થઈ ગયો. ત્યારે મેં જાણ્યું કે ‘આ તો નક્કી મહારાજ જ હતા. તે વિના આવી નદી આમ કોણ ઉતારે ?’ ત્યારે હું પછી ચાલીને ખંભાત ગયો. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને રાત્રીએ સભામાં શ્રીજીમહારાજના મહિમાની તથા લીલાની તથા નિશ્ચયની વાતો કરવા લાગ્યો. તે સાંભળીને ત્યાંના સહુ સત્સંગી મળીને મને કહેવા લાગ્યા કે, ‘‘તમે

આ મંદિરમાં ઠાકોરજીની સેવા કરવાને રોકાઈ જાવ.'' ત્યારે હું ત્યાં રોકાણો તે ઠાકોરજીની નિત્ય સેવા કરું ને સભામાં વાતું કરું. તેથી સહુ હરિભક્ત મારા ઉપર બહુ જ રાજી થયા. એમ મેં ખંભાતના મંદિરની દોઢ મહિનો સેવા કરી.

એક દિવસ હું શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉભો રહી વંદુનાં આઠ પદો બોલીને બહુ જ દિલગીર થઈ ગયો. તેથી આંખોમાંથી આંસુની ધારા ઉપડી. તે સમયે શ્રીજીમહારાજે અને ગોપાળાનંદસ્વામીએ પ્રત્યક્ષ દર્શન દીધાં અને શ્રીજીમહારાજે મારા માથે બે હાથ મેલ્યા ને પછી બાથમાં ઘાલીને મળ્યા ને પૂછ્યું કે, ''શું કામ દિલગીર થાય છે ?'' ત્યારે મેં કહ્યું કે, ''તમે ધામમાં પધારી ગયા. તો હવે મારે શું કરવું ?'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, ''તમે આ ગોપાળાનંદસ્વામી ભેળા રહો, તો હું ભેગો જ છું. અને તેમનો સમાગમ કરજો. હું તેને પરમ દહાડે બ્રાહ્મણ વેશ લઈ તેડવા આવીશ તે ત્યાંથી તને વડતાલ પહોંચાડી દઈશ.'' તેમ કહેતાંકને અંતર્ધાન થઈ ગયા. પછી બીજા દિવસે મેં ત્યાંના વિપ્ર માધવરામને કહ્યું કે, ''મારે તો વડતાલ જવું છે, તો ઠાકોરજીનાં ઘરેણાં અને વસ્તર છે તે સંભાળી લો.'' ત્યારે તેમણે વસ્ત્રવાઘા સંભાળી લીધા. પછી માધવરામને મેં કહ્યું કે, ''સવારમાં મને શ્રીજીમહારાજ બ્રાહ્મણ વેશે તેડવા આવશે. માટે ઘશિયો કરવો છે.'' તો કહે કરી લેજો. પછી મેં દોઢ શેર લોટનો ઘશિયો કરી રાખેલો હતો. વળતે દિવસે વહેલી સવારે શ્રીજીમહારાજ બ્રાહ્મણને વેશે આવીને ઉભા રહ્યા ! ત્યારે હું તુરત જ તેમના ભેળા ચાલી નીકળ્યો અને અમે ત્યાંથી પેટલાદ ગયાં. ત્યાં મહારાજને મેં કૂવે પાણી સિંચીને નવરાવ્યા ને ઘશિયો જમાડ્યો, ને હું તે પ્રસાદી જમ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે સાંજે વડતાલ આવ્યા એટલે શ્રીજીમહારાજે કહ્યું કે, ''ધર્મશાળામાં ગોપાળાનંદસ્વામી છે. તેમની પાસે રહેજે.'' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી હું ધર્મશાળામાં જઈને સ્વામીને દંડવત્ કરીને પગે લાગ્યો, ત્યારે સ્વામીએ પૂછ્યું કે, ''તું ક્યાંથી આવ્યો ?'' મેં કહ્યું કે, ''હું ખંભાતથી આવ્યો ને સવારે વહેલો હું ચાલ્યો હતો.'' ત્યારે સ્વામીએ કહ્યું કે, ''કોણ સંગાથે હતું ?'' ત્યારે મેં કહ્યું કે, ''શ્રીજીમહારાજ બ્રાહ્મણને વેશે મને આ વડતાલના ઝાંપા સુધી મૂકી ગયા.'' ત્યારે સ્વામી કહે કે, ''ઠીક, તું મારા ભેળો રહે.'' પછી હું સ્વામીની વાતું હંમેશા સાંભળું ને તે એણે બે પૈસાનો લોટ બજારેથી વેચાતો લઈને સ્વામી સવારે મોડા ના'વા જાતા તેમના ભેગો હું ગોમતીએ ના'વા જાતો. તે નાહીને વહેલો પરવારીને

આંબાના કરગઠિયાં વીણીને સળગાવીને બાટીઉં કરીને શેકીને ઠાકોરને ધરાવીને પાણી અને બાટી ખાઈને પાણી પીને લોટો ગાળીને ભરીને તૈયાર થઉં ત્યાં સ્વામી નાહીને ધ્યાન કરી રહે ત્યારે હું સ્વામીની સાથે મંદિરમાં આવું અને સ્વામીની વાતું સાંભળ્યાં કરું અને બ્રહ્મચારી જમવા બોલાવવા આવે ત્યારે હું ના કહું કે મેં તો જમી લીધું છે. એમ ઉત્તર દઈ દેતો પણ હું ત્યાં લાડુ જમવા ન જતો, કારણ કે જમવા જાઉં તો સ્વામીનો સમાગમ થાય નહિ. માટે હંમેશા હું બાટીઉં કરીને એકવાર જમી લેતો અને હંમેશા સ્વામીની વાતું સાંભળતો. એવી રીતે ચાર મહિના સ્વામીનો સમાગમ કર્યો.

## ખંભાતમાં સ્વામીશ્રીના હાથે સાકર અખૂટ થઈ

શ્રીજીમહારાજે શિક્ષાપત્રી શાસ્ત્રના શ્લોક નં. ૧૧૪માં આજ્ઞા કરી છે કે, વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ તેમના ગુણવાનપણાનું એ જ પરમફળ જાણવું. કયું ? તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો અને એમ ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે.

પરમ દયાળુ ભગવાને અતિ દયા કરીને પૂર્વ જન્મના સારા સંબંધે આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ આપ્યો છે તેમાં પણ સાક્ષાત્ પ્રગટ પુરૂષોત્તમ અને તેમના સંતો પ્રગટ રીતે પૃથ્વી ઉપર ફરે છે અને આજ તો આપણને પ્રત્યક્ષ મળ્યા છે. માટે તેમનો સમાગમ કરી ઓળખી લ્યો. ભગવાન અને તેમના સંતનો શ્રદ્ધા સહિત તેમના ચરણ કમળનો આશ્રય કરો. મનુષ્ય દેહ ક્ષણભંગુર છે પાણીના પરપોટાની માફક ફૂટી જશે. જીવ અને શરીરનો સંબંધ તૂટી જશે તો પછી કાંઈ કલ્યાણનો માર્ગ હાથ આવવાનો નથી. મેઘથી વીજળીનો ઝબકારો પ્રકાશ દઈ અદશ્ય થાય છે તેમ શરીર વીજળીની માફક છુટી જઈ આત્મા વીજળી પેઠે સ્વતેજમાં લીન થશે. માટે ભગવાનને ભજી લ્યો, સ્વામિનારાયણ ભગવાનનો ઉદ્ધવી સંપ્રદાય છે. તેમણે આ અમૂલ્ય સત્સંગ સ્થાપ્યો છે. હજારો મારા જેવા સાધુઓ ઉપદેશ માટે દેશો દેશ ફરે છે. લાખો સત્સંગીઓ સ્વામિનારાયણ નામનું વર્તમાન કાળે ભજન કરે છે. માટે મનુષ્ય જન્મની સફળતા માટે અવશ્ય ભજન કરી લેવું. આવી રીતે પરમ યોગેશ્વર સ.ગુ. ગોપાળાનંદ મહામુનિએ ખંભાતની સમગ્ર પંડિતોની સભા મધ્યે ભગવાન સ્વામિનારાયણના મહાપ્રતાપ અને

ઐશ્વર્યની વાત કહી. પોતે જય સ્વામિનારાયણ કહી સર્વ પંડિતોને નમન કરી થોડી વાર અંતર્દૃષ્ટિ કરી મૌન રહ્યાં.

ખંભાતના નગરજનો અને પંડિતો યોગીવર્ય ગોપાળાનંદસ્વામીના ઘણા જ વખાણ કરતા અને પ્રખર વિદ્વાન માની અરસપરસ શ્રીહરિના મહિમાનું ગુણગાન કરતા હતા તેવામાં ખંભાતના પ્રવિણ અને વિદ્વાન શાસ્ત્રીજી કરૂણાશંકર તેમનો વેદાભ્યાસ ઘણો હતો અને પાઠશાળામાં બ્રાહ્મણ વિદ્યાર્થીઓને સંસ્કૃતનો અભ્યાસ પોતાના જીવન પર્યંત કરાવ્યો હતો એવા વિદ્વાન શાસ્ત્રી સભા મધ્યે ઊભા થઈ ભગવાન સહજાનંદસ્વામી મહારાજની જય એ પ્રમાણે ઊંચેથી જય બોલાવી. અને સભા પ્રત્યે નમન કરી કહ્યું કે આ સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન સદ્‌ગુરૂ ગોપાળાનંદસ્વામીએ આજે આપણને સત્સંગનો મહાન અમૂલ્ય ઉપદેશ કરી કૃતાર્થ કર્યા છે અને સંપ્રદાયમાં આવા સમર્થ વિદ્વાન, જ્ઞાન પરિપૂર્ણ ભગવાનના અનન્ય આશ્રિત તો આવા અનેક સાધુઓ છે વળી તેમના સ્વામી ભગવાન સ્વામિનારાયણની અદ્‌ભૂત શક્તિ અને ઐશ્વર્ય પ્રભાવશાળી વિભૂતિ છે. આપણે પણ તેમના સદ્‌ઉપદેશોનું પાલન કરી સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરી જન સમૂહમાં આજ પ્રમાણે ઉપદેશ કરવો એ આપણી વિદ્વતાનું લક્ષણ છે. એ પ્રમાણે ઘણી રીતે વાતો કરી સ્વામી શ્રી ગોપાળાનંદસ્વામીને રાજી કર્યા.

પછી ખંભાતના એક ભાવિક સત્સંગીએ સ્વામી પાસે દશ શેર જેટલી સાકરનો થાળ મૂક્યો. સ.ગુ. ગોપાળાનંદસ્વામીએ શ્રીજીને સાકર ધરાવી સભામાં પોતાના હસ્તે હજારોની સંખ્યામાં ભરાયેલા ભક્તોને વહેંચી સાકર થાળમાંથી ઓછી થાય જ નહીં આવી મોટી મેદનીમાં સાકર વહેચતાં. આખરે થાળમાં પાંચશેર સાકર બાકી રહેલી હતી. આ અદ્‌ભૂત ઐશ્વર્ય સર્વ સભાના જનો જોઈ રહ્યા હતા. સાકર પણ મૂઠીએ મૂઠીએ અને ખોબાથી આપી હતી. બાળકો બે બે વાર પણ લઈ જતા હતા. બચેલી સાકર જુદા સ્થાનમાં બેઠેલાં બાઈ ભક્તોને વહેંચવા નરભેરામ ભાઈ આપી આવ્યા. થાળમાંથી સાકર છેવટે આટલા બધા માણસોને પ્રસાદી લીધી છતાં સવા શેર બાકી રહી હતી શ્રી ગોપાળાનંદસ્વામીનો આ અદ્‌ભૂત ચમત્કાર જોઈ દરરોજ સ્વામી પાસે સર્વ જનો, શાસ્ત્રી પંડિતો આવતા થયા. સ્વામીએ દરરોજ નવી નવી શ્રીજીની વાતો કરી ખંભાતમાં અમૂલ્ય સત્સંગ સ્થાપ્યો.

સ્વામીએ બે હાથે તાળી વજાડી સર્વને શાંત કરી વળી બોલ્યા કે આજે આપણે જે હરિકૃષ્ણમહારાજની મૂર્તિ શ્રીહરિએ સ્વહસ્તે આપેલી છે. તે મૂર્તિ પધરાવવા સારૂં અમે અહીં આવ્યા છીએ. અને અમારા સાધુમાં મુખ્ય સદ્‌ગુરૂ નિત્યાનંદસ્વામી આગળ આવી આ સુંદર મંદિર બંધાવ્યું છે, તેમાં દેવસ્થાનમાં આ મૂર્તિ પધરાવવાનું કામ કરવું છે. જે આપ સર્વ સુજ્ઞ છો અને સર્વ આજની માફક અમોને સહકાર આપી સર્વજનો મદદ કરશો જે શ્રીહરિકૃષ્ણમહારાજ સર્વ ઉપર રાજી થશે અને મહા સુખિયા કરશે અને અંતે પોતાના દિવ્ય ધામની પ્રાપ્તિ કરાવશે.

## ગોપાળાનંદ સ્વામીએ અઘોરી બાવાનો કરેલો મોક્ષ

મહા યોગીન્દ્ર શ્રી સ.ગુ. ગોપાળાનંદસ્વામીએ ખંભાત મંદિરના ઈશાન ખૂણા ઉપર સ.ગુ. નિત્યાનંદસ્વામીએ કાચો કૂવો બનાવી રાખ્યો હતો તે કૂવાનું ચણતર કામ કરવાનું અને કૂવાની ઉપર કઠવો નાંખવાનું કામ બાકી હતું તે હાથ પર લીધું આ કામ માટે શ્રી ગોપાળાનંદસ્વામી તથા પ.પૂ. કૃષ્ણારામદાદા તથા બીજા હરિભક્તોની સાથે ગામ નગરા ગયા. હરિભક્તોએ ગામ નગરામાં મુખી પટેલોને બોલાવી સ્વામીના દર્શન કરાવ્યાં. સૌએ પ્રેમથી દર્શન કર્યા. હરિભક્તોએ ખંભાત મંદિરના કૂવાનો કઠવો બનાવવા સમડાના લાકડા જોઈએ છે તે વાત પટેલિયાઓને સમજાવી. પટેલિયા મહિમા વગરના તેમણે કાંઈ વાત ધ્યાન પર લીધી નહીં. અને ગામ મોતીપરાના પટેલો પાસે જવાનું કહ્યું.

સદ્‌ગુરૂ ગોપાળાનંદસ્વામી ગાડી લઈ દાદાની સાથે ગામ મોતીપુરા ગયા. મોતીપુરા ગામે કોટેશ્વર મહાદેવનું દહેરૂં છે અને એક સુંદર પાણીનો કૂંડ પણ છે. કૂંડની બાજુમાં એક અઘોરી બાવો, મસ્તપણે રાખોડીની પથારી કરી દિગંબરી બની સૂઈ રહ્યો હતો.

મહામુનિ ગોપાળાનંદસ્વામી પુરૂષોત્તમ નારાયણના મહાન તપસ્વી સંત આવે છે. તેવી આકાશવાણી તે અઘોરીના કાને સંભળાઈ ત્યાંતો સ્વામીની ગાડી નજીક આવી ગઈ હતી. એકદમ રાખોડી ખંખેરતો અઘોરી ઊભો થઈ દોડ મૂકીને મહાયોગી ગોપાળાનંદસ્વામીજી પાસે દોડતો ગયો. બાવાનો ભયંકર વેષ જોઈ કૃષ્ણારામદાદા મનમાં સ્હેજ ગભરાયા પણ સ્વામીએ દૃષ્ટિ કરી એટલે કૃષ્ણારામદાદા ગાડીમાં શાંત બેસી રહ્યા.

આ અઘોરી ગોપાળાનંદસ્વામીને નમસ્કાર કરી સ્વામીનો હાથ પોતાની બગલમાં ઘાલીને કોટેશ્વર મહાદેવના દહેરામાં લઈ ગયો. પગે લાગીને ગોપાળાનંદસ્વામીનો પગ પકડી અંગુઠો મહાદેવના લીંગ પર ધર્યો અને અઘોરીએ એક કમંડલુ પાણી ચરણ ઉપર રેડી મહાદેવજીને નવરાવ્યા અને ત્યારબાદ અઘોરીએ ચરણોદક પાન કર્યું.

પૂ. દાદા કૃષ્ણારામભાઈ તો આ બધું જોઈ જ રહ્યા અને અઘોરીની ચેષ્ટાથી વિસ્મિત બની ગયા. અઘોરી બાવાએ મહાયોગીન્દ્ર ગોપાળાનંદસ્વામીને અહીં પધારવાનું કારણ પૂછ્યું. પૂ. સ્વામીએ ખંભાત મંદિરના કૂવાના કઠવા માટે અઘોરીને વાત કરી ત્યારબાદ બધા ગામમાં ગયા. અઘોરીએ ચોરા ઉપર જઈ એક ભયંકર સાદ પાડ્યો એટલામાં તો ગામના લોકો દોડતા આવ્યા. કારણ કે આ અઘોરીની બહુ જ બીક હતી. અઘોરી એક પટેલને કહેવા લાગ્યો કે "દેખો, આ બહુત બડા સંત લોક આયલા હૈ તો તુમ ઈસકા જોભી કામ હોવે વો અબીને અબી કર દો."

અઘોરી બાવાનું કહેવું સાંભળી સૌ કુહાડા લઈ ગામ નગરાની સીમ તરફ આવ્યા અને બીજા નગરાના પટેલિયાઓને બોલાવ્યા અને સૌ સમડાના લાકડાં તુરત કાપવા લાગ્યા. અઘોરીએ પ્રણામ કરી સ્વામીને કહ્યું કે, "અચ્છા ! તુમ જાઓ. કલ શામકો તુમારે વ્હાં કઠવા આ જાયગા." આમ બોલી અઘોરી બાવો મહાયોગીન્દ્ર ગોપાળાનંદસ્વામીને મળી, ચરણ સ્પર્શ કરી દોડતો પોતાના આસન (ધૂણી) તરફ ગયો.

ત્યારબાદ ગામના પટેલોએ આ અઘોરી બાવાએ સોંપેલું કામ જલદી કરાવવા તાત્કાલિક લુહાર સુથારોને ભેગા કર્યા અને ઝડપથી કઠવો તૈયાર કરાવી બીજે દિવસે ગાડામાં ભરાવી ખંભાત સ્વામિનારાયણ મંદિરમાં પહોંચતો કર્યો અને સ્વામીએ મંદિરમાં જે કૂઈ હતી તે કૂઈ પર આ કઠવો મૂકાવ્યો અને કૂઈનું ચણતર કામ ઝટ પૂરું કરાવી દીધું સ્વામીએ કૂવામાં ગાળ કરતી વેળાએ દૃષ્ટિ કરી એટલે છાતી સુધી પાણી આ કૂઈમાં થઈ ગયું સર્વે હરિભક્તોને કહ્યું કે આટલું પાણી સદાય રહેશે અને તે પ્રમાણે ત્રણે શિખરવાળું નવું મંદિર થયું ત્યાં સુધી ગૌશાળામાં આ કૂઈ હતી આ કૂઈના જળથી આપણા જીવનપ્રાણ માયાતીતાનંદસ્વામીએ ડોલ વડે પાણી ખેંચીને ઘણી વખત સ્નાન કરેલું છે પછી શહેરમાં પાણીના નળ થવાથી આ કૂઈને ઢાંકી દેવામાં આવી છે, અને તે હજુ

હયાત રાખેલી છે એટલે તેને પુરી દીધી નથી. પણ ખાલી ઢાંકી રાખી છે.

કોટેશ્વર મહાદેવ પણ પ્રસાદીના થયા અને ઘણા હરિભક્તો આ મહિમાને લીધે એટલે કે ગોપાળાનંદસ્વામીના ચરણ સ્પર્શવાળા મહાદેવનાં દર્શન કરવા હાલ પણ જાય છે. અને મહિમા સમજી દર્શન કરે છે.

અઘોરી બાવો પણ મહામુનીદ્ર ગોપાળાનંદસ્વામીનો સ્પર્શ પામી અને સ્વામીની જે કઠવાના કામની સેવા કરવાથી પોતાના અંતરમાં રહેલા કામ ક્રોધાદિક અંતઃશત્રુઓ નાશ પામી ગયેલા. જે તે થોડાક જ વખતમાં ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. પછી કોઈએ આ અઘોરીને દીઠો નથી.

આ પ્રમાણે ગોપાળાનંદસ્વામીએ પોતાના યોગના પ્રભાવથી અઘોરી દ્વારા એ કામ કરાવી તેનું કલ્યાણ કર્યું તેમ ખંભાત મંદિરના કૂવાનું કામ પણ અવિચળ કરીને સૌ સત્સંગીને સુખિયા કર્યા તેમ કોટેશ્વર મહાદેવ પ્રસાદીના બનાવ્યા.

થોડા સમય બાદ મંદિરનું તમામ કામ પૂરું કરાવી શ્રી સ.ગુ. ગોપાળાનંદસ્વામી વૃત્તપુરને વિશે પધાર્યા. જતી વખતે એક હનુમાનજીની નાની પ્રતિમા શ્રી ગોપાળાનંદસ્વામીના સ્પર્શના પ્રભાવવાળી સદાશિવભાઈને આપેલી છે તે હજુ પણ પૂ. શ્રીકૃષ્ણારામદાદાને ત્યાં મોટી ખારીકૂઈમાં દર્શન આપે છે, અને ભક્તજનોના સંકટ દૂર કરી મહાસુખિયા કરે છે.

## રામાનંદ સ્વામી ખુશાલભટ્ટને લઈને જેતલપુર આવ્યા

વળી કોઈક દિવસે પોતાના એક નિશાળિયાને સમાધિ કરાવીને કહ્યું કે, "તું જો કોઈ અહીં આવે છે ?" ત્યારે તે છોકરે સમાધિમાં જોઈ આવીને કહ્યું કે, "ત્રણ ગાઉ છેટે એક બ્રાહ્મણ આવે છે." પછી વળી પુનઃ સમાધિ કરાવીને પૂછ્યું. ત્યારે કહે, "એક ગાઉ છેટે છે." ને વળી તેને સમાધિ કરાવીને પૂછ્યું. ત્યારે તે છોકરો બોલ્યો કે, "તે નદીમાં આવ્યો છે." પછી સ્વામીએ ફેર પુછાવ્યું ત્યારે તે છોકરો કહે, "ગામમાં લોટ માંગવા માંડ્યો છે." પછી તે વિપ્ર લોટ માગતાં માગતાં ખુશાલભાઈને ઘેર આવ્યો. ને તે ખુશાલભાઈએ તેને લોટ આપ્યો. ને તે વિપ્ર ગામના ચોરામાં રોટલા કરીને જમ્યો.

પછી ખુશાલભાઈ પોતાના વિદ્યાર્થી ભેળા લઈને તેની પાસે આવ્યા ને તેને પૂછ્યું જે, "તમને સમાધિ કરાવતાં આવડે છે ?" ત્યારે તે વિપ્રે કહ્યું કે, "હા." ત્યારે સ્વામીએ કહ્યું કે, "એક છોકારાને સમાધિ કરાવો." પછી તે

વિપ્રે એક છોકરાને સમાધિ કરાવી. તે છોકરાને સ્વામીએ સમાધિમાંથી ઉઠાડ્યો. ને સ્વામીએ એકને ઉઠાડવા માંડ્યો, પણ તે છોકરો તેનાથી ન ઉઠ્યો. પછી તેને ખુશાલભાઈએ ઉઠાડ્યો.

પછી તે વિપ્ર ને ખુશાલભાઈ બે જણા જેતલપુર આવતા હતા. માર્ગમાં ખુશાલભાઈનો ભાર તો વિપ્ર ઉપાડે ને રસોઈ કરે ને તે બે જણા જમે, એમ ચાલતાં ચાલતાં જેતલપુરને સમીપે આવ્યા. એટલે તે વિપ્ર જેતલપુરની રાયણમાં અદૃશ્ય થઈ ગયો. પછી તે ખુશાલભાઈએ મહારાજનાં દર્શન કર્યાં. પછી મહારાજે પૂછ્યું કે, ‘‘કોના ભેળા આવ્યા ?’’ ત્યારે તે બોલ્યા કે, ‘‘મહારાજ એક વિપ્ર ભેળો હતો. તે રાયણોમાં ક્યાંય અદૃશ્ય થઈ ગયો.’’ ત્યારે મહારાજ બોલ્યા કે, ‘‘એ રામાનંદસ્વામી હતા, તે તમને તેડવા સારું અમે મોકલ્યા હતા.’’ (સદ્. શ્રી નિર્ગુણદાસસ્વામીની વાતો - ૨૨૪)

## ખુશાલ ભટ્ટે જેતલપુરમાં ભૂતોનો ઉદ્ધાર કર્યો

શ્રીહરિએ ખુશાલ ભટ્ટને તેડવા ટોરડા ગામે રામદાસજી ભાઈ આદિ સંતોને ત્રણ ચાર વખત મોકલ્યા હતા. ત્યારે ખુશાલ ભટ્ટ કેટલાક બ્રાહ્મણોની સાથે ડભાણ આવીને શ્રીહરિનાં દર્શન કરી પાછા ઘરે ગયા હતા.

જ્યારે શ્રીહરિએ જેતલપુરમાં બીજો યજ્ઞ કર્યો તે વખતે શ્રીહરિનાં કહેવાથી રામાનંદસ્વામી બ્રાહ્મણવેશે ખુશાલ ભટ્ટને દેવ નદીનાં કિનારે અચલેશ્વર મહાદેવમાં બોલાવી પોતાની સાથે જેતલપુર તેડી લાવ્યા. ગામની ભાગોળેથી રામાનંદ સ્વામી અદૃશ્ય થઈ ગયા.

શ્રીહરિ અક્ષર ફુલવાડીમાં સભા કરી બેઠા હતા. હજારો ભક્તજનો કથા સાંભળતા હતા. અપાર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા કોટની પેઠે ઠઠ્ઠ ભરાઈને ઉભા રહ્યા હતા. તેની સાથે સભામાં બેસવા માટે જગ્યાનાં અભાવથી ખુશાલ ભટ્ટ ઉભા રહી દર્શન કરતા હતા. ખુશાલ ભટ્ટની સામું જોઈ શ્રીહરિને તર્જની આંગળીનાં ઈશારાથી પાસે બોલાવવા સાન કરી કે તુરત રામચંદ્રજીને સમુદ્રે જગ્યા આપી તેમ સભામાં વચ્ચે માર્ગ બની ગયો. શ્રીહરિ ભટ્ટજીને બાથમાં ઘાલીને મળ્યા. ભટ્ટજી શ્રીહરિને ચંદ્રચકોરની જેમ જોઈ રહ્યા છે. ભટ્ટજીને માથે ધોળી પાઘડી તેમાં ટીપણું ખોસ્યું હતું. જાડાં કપડાં, ધોતિયું અને બંડી, લલાટમાં સુખડ ચંદનનું તિલક, હાથમાં ત્રાંબાનો લોટો લીધો હતો. ભટ્ટજી સભામાં બેસી ગયા.

મૂળજી બ્રહ્મચારી શ્રીહરિને થાલ જમવા બોલાવવા આવ્યા. શ્રીહરિ ખુશાલ ભટ્ટને સાથે લઈને ગામમાં થાળ જમવા ચાલ્યા. રસ્તામાં તળાવને કિનારે એક મોટો ઊંડો બાદશાહી ઝંડીયો કૂવો છે. તેમાંથી હજારો માણસો બોલતા હોય હતા. અમારો મોક્ષ કરો ! આ પ્રમાણે શબ્દો પોકારતાં હતાં. પરમ કૃપાળુ પ્રભુએ ધ્યાનથી વિચાર કર્યો કે આવા ઉત્તમ તીર્થ સમાન જેતલપુરમાં જ્યાં અમારું આગમન અને નિવાસસ્થાન હોય ત્યાં ભૂતનો વાસ હોય, ત્યાં જીવોનો ઉદ્ધાર થયા વગરનો રહી જાય તો અમારાં ભગવાનપણામાં ખામી જણાય. શ્રીહરિની આજ્ઞાથી ખુશાલ ભટ્ટે પ્રસાદીનો રૂમાલ કૂવામાં દેખાડી સ્પર્શ કરાવી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ ચાલુ કર્યો ત્યાં તો અસંખ્ય ભૂતો ભૂતયોનિમાંથી મુક્ત થઈ દિવ્ય દેહે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા અને કૂવામાં લટકતા આંબલીનાં વૃક્ષોમાં ઊંધા માથે વાગોલ્યો લટકતી હતી. તે પણ પક્ષી દેહમાંથી મુક્ત થઈ દિવ્ય દેહે શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.

શ્રીહરિએ વાગોલ્યોનાં આત્માને પોતાનાં ધામમાં મોકલી આપી અને પ્રેતનાં વાસનિક જીવોને બદ્રિકાશ્રમમાં જવા આજ્ઞા આપી. આવો અદ્‌ભૂત પ્રતાપ શ્રીહરિએ ખુશાલ ભટ્ટ સત્સંગમાં આવ્યા તેના પ્રથમ દિવસે તેમના દ્વારા દેખાડ્યો. ભટ્ટજીને ખ્યાલ કરાવ્યો કે તમારામાં પણ કેવી શક્તિ છે.

શ્રીહરિ ભટ્ટજીનાં સાથે ગામમાં ગંગામાનાં ઘરે જમવા પધાર્યા. પાટલા ઉપર શ્રીહરિ બેઠાં પોતાનાં પાસે બીજો પાટલો મૂક્યો તેનાં પર ભટ્ટજીને સાથે જમવા બેસાડ્યા. આ દૃશ્ય જોઈ અન્ય હરિભક્તો બાઈ ભાઈ વગેરે વિચાર કરવા લાગ્યા કે મયારામ ભટ્ટ જેવા બે હાથ જોડીને નીચે બેઠા છે અને આ જે નવો આવ્યો છે તે વિવેક વગરનો છે અને પ્રભુની સાથે બેસી ગયો છે. ગંગામાથી રહેવાયું નહીં. શ્રીહરિને કહ્યું કે તમારો મહિમા જાણ્યા સિવાયનો મૂઢની પેઠે તમારી સાથે પાટલે બેઠો છે તે તો જડ જેવો લાગે છે ?

શ્રીહરિ ખડખડાટ હસીને બોલ્યા કે મા ! એ જડ નથી તેઓ તો જડને ચૈતન્ય કરે એવા મહાચૈતન્યમૂર્તિ છે. મૂઢ જેવા અનંત જીવને મુક્ત કરે એવા અતિ સમર્થ છે. શ્રીહરિની વાણી સાંભળી ગંગામા વગેરે ભટ્ટજી પ્રત્યેનો મન અને વાણીથી લાગેલા અભાવ વિષે પશ્ચાતાપ કરવા લાગ્યા. શ્રીહરિએ ખુશાલ ભટ્ટને હંમેશ માટે સાથે રાખ્યા. અને તેમને દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામ પાડ્યું. જેઓને બે દેશનાં મધ્યસ્થી બનાવ્યા હતાં.

## વાસુદેવ બ્રહ્મચારીને થયેલ સ્વપ્ન સત્ય થયું

અમદાવાદમાં વાસુદેવ બ્રહ્મચારીને એમ સ્વપ્ન થયું જે, ગોપાળાનંદ સ્વામીના પિતા મોતીરામ ઠાકરે દેહ મેલ્યો; તેને તેડવા પોતે તથા સર્વજ્ઞાનાનંદ સ્વામી તથા કૃષ્ણાનંદ સ્વામી તથા ભૂમાનંદ સ્વામીએ ચારજણા આજ ગયા; ને તેડીને ધામમાં મૂક્યા. એ વાત પ્રાતઃકાળે બીજાને કહીને લખાવી રાખી હતી. તિથિવાર તે પ્રમાણે સત્ય થઈ. (સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો - ૨૯૯)

## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ધામમાં જતા પહેલા શિવલાલ શેઠને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ભલામણ કરી

વૈશાખી પૂર્ણિમાનો ઉત્સવ ઉમરેઠમાં કરી ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ ગયા. ગોપાળાનંદ સ્વામીની કાન નીચે રતવાની ફોડલી થઈ હતી. તેથી સ્વામીના શરીરે થોડો તાવ આવ્યો એટલે શિવલાલ શેઠ ગોપાળાનંદ સ્વામીની સેવામાં રોકાયા. પછી સ્વામી વગેરે ઉમરેઠથી વડતાલ પધાર્યા. ગોપાળાનંદ સ્વામીને શરીરે મંદવાડ વધવા લાગ્યો. તેના સમાચાર સાંભળી દૂર દૂરથી હરિભક્તો પણ સ્વામીના દર્શને આવવા લાગ્યા. સ્વામી હવે આ લોકમાંથી ઉદાસ થયા હતા. તેમણે શરીર છોડી દેવા માટે જ આ મંદવાડ ગ્રહણ કર્યો હતો.

શિવલાલ શેઠ સ્વામીની સેવા કરતા. એક દિવસ તેના અંતરમાંથી અવાજ આવ્યો કે, 'કદાચ હવે સ્વામી આ લોકમાં નહીં રહે.' સ્વામીના આ લોકમાંથી વિદાયના સંકલ્પ માત્રથી શિવલાલ શેઠને હૃદયમાં અતિ દુઃખ થયું. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. તે જોઈ ગોપાળાનંદ સ્વામી કહે, 'શિવલાલ ! શા માટે કોચવાય છે ?'

શેઠ કહે, 'સ્વામી, આપની આ ઉદાસી જોઈને મને એમ લાગે છે કે હવે આપ આ લોકમાં નહીં રહો.'

ગોપાળાનંદ સ્વામી કહે, 'શિવા ! તારી વાત ખરી છે. અમે શરીર છોડવા માટે જ આ મંદવાડ ગ્રહણ કર્યો છે. મહારાજે મને અઢી વર્ષ પહેલા કહ્યું હતું કે, 'મારું પુરુષોત્તમપણું ખુલ્લે ખુલ્લું સત્સંગમાં નહિ કહો ત્યાં સુધી હું તમને અક્ષરધામમાં નહીં લઈ જાઉં. તમે ગમે તેટલા ઉપવાસ કરશો તો પણ તે નકામા

છે.'' પછી તે સમયે હું અઠ્ઠાવીસ ઉપવાસ બાદ અનાજ જમ્યો અને શ્રીહરિની આજ્ઞા મુજબ પુરુષોત્તમપણાની ઉઘાડી વાતો કરવા મંડ્યો. તેમાં પણ ઉમરેઠમાં તો મેં જેમ છે તેમ મહારાજનું સર્વોપરીપણું કહ્યું છે; તું ત્યાં હાજર હતો. 'શ્રીજીમહારાજની આજ્ઞા મેં બરાબર પાળી છે, માટે હવે મને ધામમાં તેડી જાશે.' ગોપાળાનંદ સ્વામીની આ વાત સાંભળી શિવલાલભાઈ ઊંડા ઊતરી ગયા. થોડી વાર તો કાંઈ ન બોલી શક્યા. પછી આંખો લૂછીને પૂછ્યું, 'હે સ્વામી ! આપ ધામમાં જશો તો મારો આધાર કોણ ?' એમ કહી પોક મૂકી રડી પડ્યા, ત્યારે સ્વામી વહાલથી કહે, 'ગાંડા...! શા માટે રડે છે ? તને તો મેં મહારાજના અંતરનો અભિપ્રાય સમજાવ્યો છે. વહેલું-મોડું સહુ કોઈને આ લોકમાંથી તો જાવાનું જ છે.'

ત્યારે શિવલાલ કહે, 'હા સ્વામી...! એ વાત તો સાચી પણ આપ ધામમાં જાવ પછી મારું કોણ ? હું કોનો સમાગમ કરું ? અને સત્સંગનું સુખ લઉં. તથા મારે કાંઈ વ્યવહારિક મૂંઝવણ આવે તો શું કરવું ? કોને પૂછવું ?' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, 'શિવલાલ, તું ચિંતા કરતો નહીં, તારે વહેવાર શીખવો હોય તો ગઢડા પૂંજાભાઈ પાસે જાજે અને વ્યવહાર અને મોક્ષ એ બંને રીતિ શીખવી હોય તો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના સંગમાં રહેજે. હવે પછી તે તારો આધાર બનશે, અને તને સત્સંગનું સુખ આવશે.' આ રીતે ગોપાળાનંદ સ્વામીએ શિવલાલ શેઠને અંતિમ ભલામણ કરી.

## પૂ. સ્વામીએ આલોકમાંથી સ્વતંત્રથકા વિદાય લીધી

આ વખતે હિંદુસ્તાની સાધુ કેશવદાસજીને ઘેર જવાના સંકલ્પ થતા હતા. ગોપાળાનંદ સ્વામીએ તેના તે સંકલ્પને અંતર્યામીપણે જાણ્યા. પછી પોતાની પ્રસાદી આપી, તેને ઘેર જવાનો સંકલ્પ ટળી ગયો. પછી તેને પણ ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનો સંગ કરવાનું કહ્યું હતું. સ્વામીના મંદવાડના સમાચાર સાંભળી તે સમયે વૈશાખ વદ ચોથને દિવસે વડોદરાના વણિક ભક્ત પ્રેમચંદભાઈ અને બાપુ રાયજીભાઈ આવ્યા. ગોપાળાનંદ સ્વામીની ઉપશમ સ્થિતિ જોઈને તે ભક્તો પ્રાર્થના કરતા કહે, 'હે સ્વામી ! અમે તમારા છીએ. અમારી ઉપર નજર રાખજો.'

ત્યારે ગોપાળાનંદ સ્વામી ઉપશમ અવસ્થામાંથી જાગ્રત થયા અને પૂછ્યું, 'કોણ એ...?' ત્યારે તેઓ કહે, 'અમે વડોદરાના ભક્તો છીએ. હે સ્વામી ! વડોદરા પર દૃષ્ટિ રાખજો.' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, 'હવે તો દૃષ્ટિ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ સામે હોય.' એમ કહી સ્વામી પાછા ઉપશમ સ્થિતિમાં ઊંડા ઊતરી ગયા. શિવલાલ શેઠ ત્યારે હાજર હતા. પછી બીજે દિવસે સં. ૧૯૦૮ વૈશાખ વદ પાંચમના દિવસે ગોપાળાનંદ સ્વામીએ આ લોકમાંથી સ્વતંત્ર થકા વિદાય લીધી.

ગોપાળાનંદ સ્વામીના ધામગમન બાદ શિવલાલ શેઠ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના દર્શને ગયા. શિવલાલ શેઠને જોઈને ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા કે, 'કેમ શિવલાલ ? ! યોગીરાજ મહામુક્ત ગોપાળાનંદ સ્વામીની ભલામણથી અહીં આવ્યા કે...?!'

શિવલાલ શેઠ હાથ જોડી કહ્યું કે, 'હા સ્વામી ! યોગ સમ્રાટ ગોપાળાનંદ સ્વામીની ભલામણથી જ આપની પાસે આવ્યો છું. ધામમાં ગયા ત્યારે મને કહેતા ગયા છે કે, 'હવે તું જૂનાગઢના જોગીનો સંગ કરજે. તેથી હું અહીં આવ્યો છું.' ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'શિવલાલ ! સ્વામીની આજ્ઞા પાળજો. સમય કાઢી અવારનવાર જૂનાગઢ સમાગમ કરવા આવતા રહેજો. અહીં તો અમે કથાવાર્તાનો અખાડો માંડ્યો છે.' ત્યારે શિવલાલ શેઠ કહે, 'હા સ્વામી. ! ત્યારે સ્વામી કહે, શિવલાલ જે કોઈ સત્સંગના ભૂખ્યા હોય તેને માટે અમે બ્રહ્મરસ પીરસવા તૈયાર જ છીએ.' આ રીતે ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા બાદ જૂનાગઢના જોગી અને શિવલાલ શેઠની ગુરુ-શિષ્યની જોડી જામી હતી.

ગોપાળાનંદ સ્વામી જેવા મહાસમર્થ સદ્‌ગુરુ શરીર છોડતા પહેલા ઉત્તમ મુમુક્ષુ જીવોને બીજા સદ્‌ગુરુઓના હાથમાં સોંપ્યા હતા તે આપણને ઘણું શીખવી જાય છે.

# મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોની પ્રસ્તાવના

શ્રીજીના સંગાથી અનાદિ પુરુષનાં વાક્યોની પ્રસ્તાવના (વખાણ) કરવાની આપણી શક્તિ ન હોય, ને જે કાંઈ બોલીએ તે સોના ઉપર ઢોળ ચડાવવા જેવું લેખાય. તો પણ જેમ ભક્ત ભગવાનનાં વખાણ પોતાની મતિને અનુસારે કરે છે, તેમ સ્વામીશ્રીના વાક્યામૃતો વિષે પણ તેમની આ વાતોના પ્રથમ પ્રકાશન વિષે લખતાં પ્રથમ યથાદૃષ્ટિ અને યથામતિ બે શબ્દો લખવા તે અનુચિત તો નહિ જ ગણાય.

મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાદી અને સરલ ભાષામાં સર્વને સમજી શકાય તેવા લૌકિક દાખલાઓથી શ્રીહરિનો ઘણો જ મહિમા બતાવે છે. ત્યારે આ સ્વામીશ્રીની વાતો શાસ્ત્રની મર્યાદામાં રહી ગંભીર રીતે વેદવાક્યોની માફક ઘણા જ ઊંચા રહસ્ય સાથે શ્રીહરિનો મહિમા સારી સંસ્કારી ભાષામાં સમજાવે છે. જેમાં સઘળું વેદાંત રહસ્ય આત્મા, પરમાત્મા, માયા, બ્રહ્મ અને ઈશ્વરનું વિવેચન પણ બહુ જ બારીક રીતે સમજનારાઓ નિઃસંશય થાય તેવી રીતે આવી જાય છે.

આ સ્વામીશ્રીની વાતો વાંચી મનન કરનારને શ્રીહરિને વિષે ઉપાસના ઘણી જ દૃઢ અને એકાંતિકી થાય છે. સ્વામીશ્રી એવી ખુબીથી અન્યોપાસનનું નિરાકરણ કરીને શ્રીજીની ઉપાસના દૃઢ કરાવે છે કે જેથી કોઈનું ખંડન થતું હોય તેમ ન જણાય ને એક શ્રીહરિને વિષે જ ઉપાસના દૃઢ થાય. સ્વામીશ્રીએ વાતોમાં સર્વત્ર શ્રીજીનું નામ લેવું હોય ત્યાં ''શ્રીહરિજી મહારાજ'' એવો મ્હોટો માન ભર્યો શબ્દ વાપરેલો છે એ જ બતાવી આપે છે કે સ્વામીશ્રીને શ્રીજીનો કેવો અગાધ મહિમા છે ! પ્રસંગોપાત આ વાતોમાં સ્વામીશ્રીએ પ્રસંગના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ થવા માટે ઠેર ઠેર દૃષ્ટાંતો સારાં આપેલાં છે.

પ્રથમ મારા વાંચવામાં અક્ષરમૂર્તિ સ. ગુણાતીતાનંદ સ્વામીની વાતો આવી ત્યારે એમ જણાયું કે શ્રીજીનો મહિમા અને સર્વોપરિપણું આમણે જ કહી બતાવ્યું છે, પણ જ્યારે આ પુસ્તક વાંચવામાં આવ્યું ને તેનો યથાર્થ મનન કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે જણાયું કે શ્રીજીનો અપાર મહિમા અને સર્વોપરિપણું પ્રથમ

અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ જ વર્ણન કરી બતાવેલું છે. પછી અક્ષરમૂર્તિ વિધાત્રાનંદ સ્વામીએ પણ શ્રીહરિનો મહિમા ઉપનિષદ્‌ની પેઠે મ્હોટા શબ્દોથી બહુ જ વર્ણવ્યો છે ને તે બંનેની વાતોનો ફેલાવો અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ ઘણો જ શ્રમ લઈ નિઃસંકોચપણે સામાન્ય જનતામાં પણ બહુ કર્યો હતો જેની અસર સંપ્રદાયમાં ઘણી જ થઈ. આ પ્રમાણે જોતાં સ્પષ્ટ દેખાય છે કે સર્વ સદ્‌ગુરુઓએ આ સ્વામીશ્રીની વાતોનું જ અનુકરણ કરેલ છે.

સ્વામીશ્રીએ આ વાતોમાં શ્રીજીને સર્વોપરિ કેવી રીતે જાણવા ? અને બીજાઓને કેવી રીતે તથા કેવા જાણવા ? તેનાં કારણો દાખલા સાથે બહુ જ સારી રીતે સમજાવેલ છે. તથા અક્ષર અને પુરુષોત્તમનો સંબંધ જેવો શ્રીજીએ વચ. પ્ર. ૪૫માં સ્વામીશ્રીને સમજાવ્યો છે તેવો જ સ્વામીશ્રીએ પણ વાતના પ્રસંગમાં વખતોવખત બહુ જ ખુલાસાથી સમજાવેલ છે. તથા કામ ક્રોધાદિકના વેગ કેમ શમાવવા ? ઇન્દ્રિયો અંતઃકરણને કઈ રીતે નિયમમાં કરવાં ? સુખ-દુઃખ વગેરે દ્વંદ્વ કેમ સહન કરવા ? તથા વ્યવહારમાં સારે-નરસે સમયે કેમ ભક્તની નિષ્ઠા દૃઢ રહે ? ત્યાગી તથા હરિભક્તોએ કેમ વર્તવું ? તથા કેમ ઉપદેશ આપવો ? કેવાનો ઉપદેશ લેવો ને કેવાનો ન લેવો ? અંતકાળે શ્રીજીની જ પ્રાપ્તિ કેમ થાય ? કેવા સદ્‌ગુરુ સેવવા ને કેવા ન સેવવા ? ઉપાસક ઉપાસ્યને અક્ષર પુરુષોત્તમ કેમ સમજવા ? વગેરે ઘણીક જાણવા યોગ્ય અને ભક્તને ઉપયોગી બાબતો સ્વામીશ્રીએ બહુ સારી રીતે કહેલી છે. જેથી ભક્ત જો આ વાતોનું યથાર્થ શ્રવણ, મનન અને નિદિધ્યાસપૂર્વક અભ્યાસ કરે તો તેને મોક્ષમાં કોઈ જાતનું વિઘ્ન ન નડે ને ઠેઠ શ્રીજીની હજૂરમાં વાસ થાય.

આ પુસ્તકમાં સ્વામીશ્રીએ કરેલી વાતોનાં ત્રણ પ્રકરણ કરેલાં છે. જેમાં પહેલું પ્રકરણ સ્વામીશ્રીની વાતો સાંભળીને સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામીએ લખી લીધેલ તે છે, બીજું સ્વામીશ્રીના ઉચ્ચારણની સાથે જ લખાયેલી વાતોનું ખાસ પ્રકરણ છે, અને ત્રીજું સ્વામીશ્રીની છુટી છવાયેલી વાતો જે સંતો હરિજનોએ લખી લીધી હોય તેના સંગ્રહરૂપ છે.

આ પ્રમાણે ત્રણ પ્રકરણવાળું પુસ્તક પ્રથમ અમને જૂનાગઢવાસી સદ્‌ગુરુ સ્વામી રૂગનાથચરણદાસજી પાસેથી મળ્યું કે જે અક્ષરમૂર્તિ સ્વામીશ્રી બાળમુકુંદદાસજીએ લખાવેલ પ્રત સાથે મેળવેલ છે અને બીજી પ્રત અમારા પૂજ્ય

ગુરુ અક્ષરમૂર્તિ બ્રહ્મચારી મહારાજ ઈશાનંદજી તરફથી અમને મળેલ છે. ત્રીજું હસ્તલિખિત પુસ્તક રાજકોટમાંથી એકાંતિક હરિભક્ત માસ્તર ત્રિભુવન ગૌરીશંકરભાઈ પાસેથી મળ્યું હતું ને ચોખી લખેલી પ્રત વડતાલથી સદ્‌ગુરુ શાસ્ત્રી મહારાજ હરિજીવનદાસજીએ કૃપા કરી મોકલાવી હતી. એ પ્રમાણે ચાર લખેલાં પુસ્તકો મળ્યાં હતાં અને એક વલ્લભજીવાળી મોટા અક્ષરથી છાપેલી ચોપડી અમારી પાસે હતી ને એક ઝીણા અક્ષરથી છાપેલી ચોપડી મૂળીના સદ્‌ગુરુ પુરાણી મહારાજ ધર્મકિશોરદાસજીએ મોકલાવી અને એક ગુજરાતી ચોપડી અમદાવાદથી હરિભક્ત શિરોમણિ માધવલાલ દલસુખરામભાઈએ મોકલાવી. એમ કુલ સાત પુસ્તકો થયાં તે બધાં મેળવીને એક પ્રેસ કોપી અમે તૈયાર કરી. તેને ભુજમાં સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીની લખેલી પ્રત સાથે મેળવીને આ ચોપડી છપાવી છે.

કોઈ પણ સદ્‌ગુરુની શ્રેષ્ઠતા વર્ણન કરવી, પણ કનિષ્ઠતા ન વર્ણવવી એ અમારા સિદ્ધાંત પ્રમાણે અમે આ સ્વામીશ્રીની વાતોમાં કોઈ પણ સદ્‌ગુરુના નિંદા પડતા શબ્દો આવવા દીધા નથી, અને જે વાત એક પુસ્તકમાં હોય ને બીજામાં ન હોય પણ તે યોગ્ય હોય તેવી વાત અમે લીધી છે, ને જે અયોગ્ય હોય તેવી વાત કાઢી નાખી છે. એવી રીતે સર્વ પ્રકારે શ્રીજીની જ શુદ્ધ ઉપાસના કરનાર ભક્તોને પ્રિય લાગે તેવું આ પુસ્તક થયું છે.

આ પ્રમાણે પુસ્તક લખી તૈયાર કરીને રાજકોટ ''સત્સંગ સાહિત્ય કાર્યાલય'' તરફથી છપાવવા વિચાર કરતા હતા. પરંતુ ''કાર્યાલય'' પાસે નાણાં ન હોવાથી વિચારો આચારમાં મૂકાતા નહોતા. તેવામાં એક સમયે શ્રીજીની પ્રેરણાથી કચ્છ-કુંભારીયા ગામ નિવાસી પરમ ભગવદી મિસ્ત્રી જયરામ રામજીભાઈ અમને જામનગર મંદિરમાં મળ્યા. તેમની પાસે જામનગરવાસી પરમ ભગવદી દલપતરામભાઈએ અમારી ઓળખાણ કરાવીને આ પુસ્તક છપાવવાનો વિચાર જણાવ્યો. તેજ વખતે ઉદારવૃત્તિના એ મિસ્ત્રીએ નાણાંની કેટલીક મદદ આપી, જેથી અમે આ પુસ્તક છપાવવું શરૂ કર્યું. પણ પછીથી જોઈતી નાણાંની તંગીને લીધે આજ ત્રણ વર્ષે અમે આ પુસ્તક છપાવી સત્સંગ સમક્ષ મૂકી કૃતકૃત્ય થયા છીએ.

આ સ્વામીશ્રીની વાતોમાં કોઈ ઠેકાણે ''મૂળ અક્ષર મૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી'' એવા શબ્દો આવશે તેથી સર્વ સત્સંગીઓએ રાજી થવું

પણ એકદેશી બુદ્ધિથી કોઈએ અમારા ઉપર કુરાજી થવું નહિ એવી અમારી સર્વ પ્રતિ પ્રાર્થના છે અને સર્વેએ જાણવું કે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ જે સ્વામિનારાયણ તે સાકરના નાળિયેરની પેઠે એક જ ચિદ્‌ઘન મૂર્તિ છે પણ તેમાં સ્વામી અને નારાયણ એવો ભેદ નથી - બે વસ્તુ નથી અને જે બ્રહ્મા છે, જેને મૂળ અક્ષર કહે છે તથા અનાદિ મુક્તો કહે છે તેનાં તો અનેક સ્વરૂપ છે.

પરબ્રહ્મની સાકાર મૂર્તિ તે પુરુષોત્તમ છે, આત્માનું તત્ત્વ છે અને તે મૂર્તિનું જે તેજ તે બ્રહ્મ છે, અક્ષર છે ને આત્મા છે. (વચ. મ. ૧૩ કારી. ૭) એ બ્રહ્મ પુરુષોત્તમની મૂર્તિને ચારે તરફ દડાની જેમ સૂર્યનાં મંડળની પેઠે જેની ઉપર નીચે ને ચારે પડખે સર્વ દિશાઓમાં બ્રહ્માંડની કોટીયું છે એવી રીતે (વચ. મ. ૪૨) ઘાટા તેજમય અક્ષરધામ રૂપે શ્રીહરિને તથા અનંત મુક્તોને ધરી રહેલ છે. (વચ. પ્ર. ૨૧) એજ બ્રહ્મ સૂક્ષ્મ તેજમય ચિદાકાશ રૂપે અનંત બ્રહ્માંડોની અંદર વ્યાપી રહેલ છે ને બહાર બ્રહ્માંડોના આધાર રૂપ છે. (વચ. પ૩. ૪૬ તથા મધ્ય. ૪૨) એજ બ્રહ્મ જીવ ઈશ્વરોમાં અંતર્યામીરૂપે (વચ. પ્ર. ૪૫) તથા પ્રકાશક પુરુષ રૂપે રહેલા છે ને તેવા ઘણાક છે (વચ. મ. ૩૧) સગુણ નિર્ગુણ ભેદ બ્રહ્મના છે પણ તે બ્રહ્મ પુરુષોત્તમનું તેજ હોવાથી તેના કહેવાય છે (વચ. મ. ૪૨) સર્વમાં અંતર્યામી તરીકે કર્મફળ પ્રદાતા બ્રહ્મ છે તે પુરુષોત્તમનું તેજ હોવાથી પુરુષોત્તમ ફળપ્રદાતા કહેવાય છે. (વચ. પ્ર. ૪૫) (કારી. ૧) અનંત બ્રહ્માંડો બ્રહ્મને રૂંવાડે ઊડે છે પણ તે પુરુષોત્તમનું તેજ હોવાથી પુરુષોત્તમને રૂંવાડે ઊડે છે એમ કહેવાય છે. (વચ. મ. ૪૨) જેને રૂંવાડે અનંત બ્રહ્માંડ ઉડતાં ફરે છે તે રૂપે પોતે રહ્યો થકો ઉપાસના કરે તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહેવાય. (વચ. લો. ૧૨) પોતાના સ્વરૂપને પ્રકાશમાન ભાળે ને તે પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ ભાસે. (વચ. પ્ર. ૨૩) જ્ઞાનપ્રલયમાં એકરસ ચૈતન્ય ભાસે છે ને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે પણ બીજો કોઈ આકાર રહેતો નથી. (વચ. પ્ર. ૨૪) મનુષ્યમૂર્તિ ભગવાનને જે સદા દિવ્ય જાણીને ઉપાસના ભક્તિ કરે છે તે ભગવાનના સાધર્મ્યપણાને પામે છે ને બ્રહ્મભાવને પામ્યો જે પોતાનો આત્મા તેણે કરીને પુરુષોત્તમની સેવાને વિષે વર્તે છે (વચ. પ્ર. ૬૪) બ્રહ્મસત્તારૂપ જે કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે (વચ. પ્ર. ૬૬) ભગવાન જે જે તત્ત્વનો અંગીકાર કરે છે

તે સર્વે બ્રહ્મરૂપ છે. નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા...અક્ષરધામ અથવા કોટિ કોટિ સૂર્ય સરખો પ્રકાશ...ને ધામ અને તે ધામને વિષે રહ્યા જે પાર્ષદ તેતો ચૈતન્યમૂર્તિ છે...મરી જાય એવા સેવકને બ્રહ્મરૂપ સમજીએ છીએ ને પડી જાય એવાં ઘરને બ્રહ્મપુરાદિક ધામ સમજીએ છીએ...ભગવાનની મૂર્તિને વિષે કોટિ કોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે ને અનંતકોટિ મુક્ત પણ મૂર્તિ ભેળા જ ભાસે છે...ભગવાનનું સ્વરૂપ અક્ષરધામસોતું પૃથ્વી ઉપર છે. (વચ. પ્ર. ૭૧) ભગવાન ક્ષર અને અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે...ક્ષર અક્ષરથી ન્યારા છે...જેના એક એક રોમના છિદ્રને વિષે અનંતકોટિ બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યાં છે...એવી મૂર્તિનું તો જીવ દર્શન કરવા પણ સમર્થ થાય નહિ માટે એવે રૂપે કરીને કલ્યાણ ન થાય માટે મનુષ્ય જેવી મૂર્તિ ધારે છે...આત્માને વિષે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે (વચ. પ્ર. ૭૨) હું સચ્ચિદાનંદ રૂપ છું...ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે...કોટિ સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખીને (વચ. પ્ર. ૭૩) બ્રહ્મરૂપ પોતાના આત્માને સાક્ષાત્કાર માનતો થકો...બ્રહ્મરૂપ થઈને (વચ. પ્ર. ૭૭) હું ગુણાતીત છું...દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય. (વચ. સા. ૯) ભગવાનના તુલ્યપણાને પામે છે...ક્યારેક તો અંતિશે હેતે કરીને ભગવાનને વિષે લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો સેવામાં રહે છે (વચ. સા. ૧૧) ભક્તજનના હૃદયને વિષે જણાતું જે અક્ષરબ્રહ્મમય તેજ તેને વિષે સાક્ષાત્ ભગવાનનું દર્શન થાય છે (વચ. સા. ૧૬) ભગવાનને અને અક્ષરાદિક મુક્તને સરખા કહે તેને દુષ્ટ મતવાળા જાણવા (વચ. લો. ૧૩). સર્વથી પર એક મોટો તેજનો સમૂહ તેના મધ્ય ભાગમાં મોટું સિંહાસન તે ઉપર પુરુષોત્તમ ભગવાન બિરાજમાન છે ને સિંહાસનને ચારે કોર અનંતકોટિ મુક્ત બેઠા થકા નારાયણનાં દર્શન કરે છે (વચ. લો. ૧૪) ઈન્દ્રિયાદિકના આશ્રયપણે કરીને પુરુષરૂપે પુરુષોત્તમ રહ્યા છે (સુધાસિંધુ લો. ત. ૧૫). નિર્વિકાર, નિરંશ, સર્વના કારણ અને સર્વના આધાર બ્રહ્મા, સર્વેને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે (વચ. મા. ૩, સુધાસિંધુમાં આ બ્રહ્મને મહાપુરુષ કહેલ છે.) ભગવાનના અંશ જીવ છે...પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ સાક્ષાત્કાર દેખાય

(વચ. મ. ૮). ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની અંતર્યામી શક્તિ તેણે કરીને સર્વને વિષે વ્યાપક છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે. (વચ. ૧૦). હૃદાકાશને વિષે અતિશે તેજ દેખાય છે ને તે તેજને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે ને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વે મુક્ત છે...એ એકરસ તેજને આત્મા કહીએ. બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ અને એ પ્રકાશને મધ્યે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તેજ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે પ્રગટ થાય છે. (વચ. મ. ૧૩) માયા પર જે બ્રહ્મ તે સરખો એ જીવ ચૈતન્ય થાય છે...સાક્ષી જે બ્રહ્મ તેતો માયામાંથી ઉત્પન્ન થયું એવું જે ચોવિશ તત્ત્વાત્મક બ્રહ્માંડ તેને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્યમય કરે છે...બ્રહ્મ સંગાથે તુલ્ય ભાવને પામે ત્યારે એ જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે. (વચ. મ. ૨૦). પ્રકૃતિ પુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મનું ભજન કરે. (વચ. મ. ૩૦). ઈશ્વર અને જીવના પ્રકાશક તો પુરુષ રૂપે કરીને પુરુષોત્તમ એવા વાસુદેવ...પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે સુષુપ્તિ રૂપ માયાને સંબંધ ટળે...અને એવા અક્ષરાત્મક બ્રહ્મરૂપ પુરુષ ઘણાક છે. (વચ. મ. ૩૧). ચૈતન્યરૂપ અને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેમાં સદા સાકારમૂર્તિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ બિરાજમાન છે. (વચ. મ. ૩૯). માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એજ બ્રહ્મનું સ્વરૂપ છે. (વચ. મ. ૪૩). એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મ સ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે અને તે તેજોમય એવું જ અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન અને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે. (વચ. મ. ૫.). પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. (વચ. મ. ૬૨). ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. (વચ. વ. ૯). એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા બિરાજમાન છે એવો દૃઢ નિશ્ચય હોય (વચ. છે. ૩૦). હું પ્રકાશમાન સત્તારૂપ છું ને તે મારા સ્વરૂપને વિષે પ્રત્યક્ષ ભગવાન અખંડ બિરાજમાન છે. (વચ. છે. ૩૩).

અક્ષરધામને વિષે ભગવાનનો આકાર છે તથા તેમના પાર્ષદ જે મુક્ત તેમના આકાર છે તે સર્વે સત્ય છે, દિવ્ય છે ને અતિશે પ્રકાશે જુક્ત છે. (વચ. છે. ૩૮). તથા ''ધર્મસ્થિતૈરુપગતૈર્બ્રહતા નિજૈક્યં'', ''બ્રહ્મણૈક્યં નિજસ્ય'', ''ભક્તૈર્બ્રહ્મશરીરિભિઃ'', ''નિજાત્માનં બ્રહ્મરુપં'', ''બ્રહ્મરૂપે ભક્ત થઈને રે'', ''રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે.'' વગેરે આપણા સંપ્રદાયના ગ્રંથોમાં શ્રીજીનાં અને સદ્‌ગુરુઓનાં હજારો વાક્યો મળે છે તથા પ્રાચીન વેદાદિમાં તો ''તત્ત્વમસિ'' (વગેરે અનેક વાક્યો આત્માને બ્રહ્મરૂપ જ જણાવે છે. તેમ શ્રીજીએ પણ કહ્યું છે કે ''જીવ તો અતિ સમર્થ છે તે ધારે તે કરી શકે'' તથા ''આ જીવમાં અનાદિથી એકેય દોષ હતા નહિ પણ બહારથી આવેલા છે'' (વચ. ગ. મ. ૧૨). વગેરેથી સિદ્ધ થાય છે કે આ આત્મા બ્રહ્મરૂપ છે તેથી જ ''બ્રહ્માહં કૃષ્ણદાસોસ્મિ'' એ મંત્રનો જપ યોગ્ય જ છે અને શ્રીહરિ લીલાકલ્પતરુમાં મુક્તિનું સ્વરૂપ બતાવેલું છે ''મુક્તિર્હિત્વાન્યથા રૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ'' તે પણ યથાર્થ થાય છે. માટે ભગવાનના-પુરુષોત્તમનારાયણના આશ્રિતો બધા બ્રહ્મ છે-અક્ષર છે.

મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કોઈ ભકતને કહેલું છે કે ''તમે સર્વે અક્ષર છો ને આ બેઠા તે મૂળ અક્ષર છે.'' માટે જે જે વ્યક્તિઓ શ્રીજીની સાથે આવેલ તથા શ્રીજીના અતિ નિકટ સંબંધમાં રહેલ તે બધાં મૂળ અક્ષરનાં જ સ્વરૂપો હતાં જેમકે રામાનંદસ્વામી, ધર્મદેવ, અને ભકિતમાતા વગેરે ધર્મકુળ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુકતાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરે સંતો; મુકુંદ બ્રહ્મચારી અને વાસુદેવાનંદસ્વામી વગેરે વર્ણીઓ, રતનજી અને ભગુજી વગેરે પાર્ષદો, દાદો ખાચર અને પર્વતભાઈ વગેરે હરિભક્તો, જીવુબાઈ અને રામબાઈ વગેરે બાઈઓ તથા માણકી ઘોડી વગેરે પશુઓ, લીંબડા વગેરે વૃક્ષો, અક્ષર ઓરડી વગેરે મકાનો અને ગંગાજળિયા વગેરે તીર્થો એ બધાં મૂળ અક્ષરનાં જ સ્વરૂપો (મૂર્તિઓ) છે એમ જાણવું. ને તે સર્વે પોતાનાં મૂળ સ્વરૂપો અક્ષરધામમાં રાખીને જ અહીં શ્રીજીની સેવા માટે શ્રીજીને અનુકૂળ રૂપે અવતરેલા હતા. તેમજ બીજા ધામોના અનેક ધામીઓ અને મુક્તો પણ શ્રીજીની સેવા માટે આ લોકમાં આવેલા હતા ને હજી પણ આવે છે, પરંતુ તેમના સાચા સદ્‌ગુરુના સમાગમવાળા જ ઓળખી શકે છે. તે આ પુસ્તકમાં સ્વામીશ્રીએ કહેલ છે કે ''જે શ્રીજીની

મૂર્તિમાં જોડે તેને અક્ષરના મુક્તો સમજવા ને જે પોતાને વિષે, બીજા ગુરુને વિષે કે અવતારાદિકને વિષે જોડે તેને બીજા ધામના ધામી કે મુક્તો સમજવા. ને તેમને યથાર્થ ઓળખીને સમાગમ તો જે શ્રીજીની મૂર્તિમાં જોડે તેમનો જ કરવો.'' ને બીજાઓની સેવા પૂજા કરવી પણ નિંદા તો નજ કરવી. કેમકે કોઈ પણ ભક્તની નિંદા કરવાથી તો, પૂર્વે જે કાંઈ ભગવાન રાજી થાય તેવાં સાધનો કર્યા હોય તે બળી જાય છે. માટે જ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વખતો વખત બોલતા કે ''જે કોઈ અમને ગોપાળાનંદ સ્વામીશ્રી અધિક કહેશે તેમાં અસુર પ્રવેશ કરશે.'' માટે એવા પુરુષોની જે કિંમત આંકવી તે આપણી શક્તિ બહારની વાત છે.

અને ઉપાસક માત્ર કે ધ્યાતા માત્ર પોતાના જે ઉપાસ્ય કે ધ્યેય તે પછી દ્વૈત હો કે અદ્વૈત હો પણ તેને જ પામે છે ને સામર્થ્ય તથા સ્વરૂપ પણ તેવું જ થાય છે એ સિદ્ધાંત વાત છે. આપણા ઉપાસ્ય અને ધ્યેય વિશિષ્ટાદ્વૈત મૂર્તિ શ્રીજીમહારાજ એક જ છે તે નામ કે રૂપે કરીને બે-દ્વૈત નથી તેમ કેવલાદ્વૈત પણ નથી. એવો પોતે જ સિદ્ધાંત કર્યો છે તેથી વિરુદ્ધ માનીએ કે વર્તીએ અથવા એથી અન્યને ધ્યેય કે ઉપાસ્ય માનીએ તો જરૂર એ પુરુષોત્તમનો દ્રોહ થાય. માટે સત્શાસ્ત્રો, સત્પુરુષો અને પોતાનું શુદ્ધ હૃદય એ ત્રણેયનો એક મત કરીને કોઈ પણ સમર્થ વ્યક્તિની ઉપાસના કરવી કેમકે ઉપાસના વિના તો કોઈ કાર્યની સિદ્ધિ થાતી જ નથી. અને અમે ઉપર કહી ગયા છીએ કે જેની અને જેવી ઉપાસના કરી હશે તેની અને તેવી પ્રાપ્તિ થવાની એ નિર્વિવાદ છે માટે પાક્ષિક બુદ્ધિથી ''મારું તે સારું'' એમ માની અન્યને ઉતારી પાડવાનો પ્રયત્ન કરવો નહિ ને સ્વાર્થ કે માન માટે એકદેશી બની સત્યથી વિરુદ્ધ વર્તવું નહિ.

એક પરબ્રહ્મની જડ અને ચૈતન્ય એવી બે શક્તિઓ છે જેને પ્રકૃતિ અને પુરુષ કહે છે માટે મૂળ ભેદ ત્રણ જ છે (''જ્ઞાનંત્ર જીવમાયેશરુપાણાં સુષ્ઠુ વેદનમ્'' શિક્ષાપત્રી શ્લોક ૧૦૪) પરંતુ જેમ એક અંતઃકરણ કાર્યભેદે કરીને મન, બુદ્ધિ વગેરે ચાર સ્વરૂપે વર્તે છે તેમ એક જ ચૈતન્યના સ્થિતિને લીધે જીવ, ઈશ્વર અને બ્રહ્મ એવા અનાદિથી જ ભેદ પડેલા છે તેથી પાંચ ભેદ થયા છે. માટે પરબ્રહ્મ એક છે તેમ માયા પણ એક જ છે તો પણ તે ત્રિગુણાત્મક છે અને જીવ, ઈશ્વર તથા બ્રહ્મ અનેક છે. જેને રૂંવાડે અનંત બ્રહ્માંડ ઉડતાં

ફરે છે તે બ્રહ્મરૂપ પોતે થઈને (જેનાથી થઈ શકાય તેજ બ્રહ્મ થાય પણ બીજું ન થાય. સોનું ધૂળ જેવું થઈ ગયું હોય તો પણ તે સોનું થઈ શકે પણ બીજી ધૂળ ન થઈ શકે.) જે પરબ્રહ્મની ઉપાસના કરે તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત કહેવાય (વચ. લો. ૧૨) અને એવા અનંત બ્રહ્મ તથા અનંત અવતારો જેના એક રોમકૂપમાં અનંત ઉપજે ને સમાય તેવા પુરુષોત્તમ નારાયણ છે એમ સમજે તે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભક્ત કહેવાય. (નિર્વિકલ્પ નિશ્ચય અતિ ઉત્તમ તવ ઘનશામ) માટે મૂળ અક્ષર જેવા તો આપણે પણ થવાનું છે તો શું આજ સુધી શ્રીજીની પાસે એક જ હોય ? નજ હોય, ને એમ કહીએ તો નિશ્ચયમાં બાધ આવે તેથી કલ્યાણ બગડી જાય કેમકે કલ્યાણનું મુખ્ય સાધન તો એક નિશ્ચય જ છે. વળી અક્ષરની કોઈ પણ મૂર્તિની ઉપાસના પુરુષોત્તમની મૂર્તિ સાથે કરવાની પણ જરૂર નથી. અને મૂર્તિ પણ આ લોકમાં જેવું સ્વરૂપ ધાર્યું હોય તેવી જ હોય ને વેષ તથા નામ પણ તે પ્રમાણે જ રહે ને એમ ન કરીએ તો ઘણો જ બાધ આવે. માટે અક્ષર ક્ષર વિશિષ્ટ એક પુરુષોત્તમની મૂર્તિની જ ઉપાસના (વચ. લો. ૧૪) તથા (મધ્ય. ૧૩ તથા વર. ૧૨) પ્રમાણે ચોખ્ખી સમજવી. ને ઈન્દ્રિયો અંતઃકરણની તમામ વૃત્તિઓ એક પુરુષોત્તમની મૂર્તિમાં જ જોડવી ને એમાં જ બધું છે એમ માનવું ને કહેવું (વચ. પ્ર. ૭૧) પણ જો એકેય વૃત્તિ પુરુષોત્તમની મૂર્તિ વિના બીજે ગઈ હશે તેટલો પ્રેમનો પ્રવાહ નબળો પડશે તેથી પ્રાપ્તિમાં ફેર પડી જાશે ને ધામમાં બીબું અધુરું ઢળાશે (વચ. કા. ૧) માટે અમે પૂર્વે કહી ગયા તે અથવા બીજા કોઈ જેની ઉપર આપણને પ્રીતિ થાય તે એક મૂળ અક્ષર જેવા થઈને તેની પેઠે પુરુષોત્તમમાં જ આસક્ત થઈ રહેવું એ જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા પરમ એકાંતિક ભક્તનું લક્ષણ છે.

‘‘રાજકોટ સત્સંગ સાહિત્ય કાર્યાલય’’ના મંત્રીઓ સ્વામિનારાયણ નામમાં ભેદ પાડતા નથી તે એક જ પ્રભુનું નામ છે એમ માને છે. ને સંપ્રદાયની મર્યાદાને એક દોરાવા પણ લોપવા માગતા નથી એટલે લક્ષ્મીનારાયણ દેવના કે નરનારાયણદેવના તાબામાં રહેલા દેવ, આચાર્ય, ત્યાગી અને સત્સંગીને કે મંદિરોને સ્વામિનારાયણનાં માને છે. પણ જે એ બેમાંથી એકેયને અનુસરેલ નથી તે દેવ નથી, આચાર્ય નથી, ત્યાગી નથી, સત્સંગી નથી કે સ્વામિનારાયણનું

મંદિર નથી એવો દઢ સિદ્ધાંત કરેલો છે. ને એ સિદ્ધાંતને અનુસરીને જ પુસ્તકો પ્રસિદ્ધ કરવા ઇચ્છે છે તે શ્રીજીની ઇચ્છાથી કોઈ સાહિત્ય સેવાભાવી ગૃહસ્થો તરફથી નાણાંની મદદ મળે છે અથવા જે કાંઈ સાહિત્ય વેચાણમાંથી થાય છે તે પ્રમાણે બીજું સાહિત્ય પ્રકાશન કરવાની સેવા તદ્દન નિષ્કામભાવથી જ કરે છે.

વ્યાવહારિક રીતે પણ આ સંસ્થા સર્વ સત્સંગીઓની છે. તેનો વહીવટ સત્સંગીઓની પંચકમિટી કરે છે જેથી મિલકતનો ગેરઉપયોગ થવાનો સંભવ નથી કે કોઈ એક માલિક થઈ જાય તેમ પણ નથી ને રોકડ નાણાંનો વધારે સંગ્રહ કરતા નથી જેથી ક્લેશ થવાનો પણ સંભવ નથી. વળી સંપ્રદાયના મુખ્ય સિદ્ધાંતને અનુસરીને વર્તે છે કોઈ પણ પાક્ષિકસાહિત્ય પ્રસિદ્ધ કરવા ઇચ્છતા નથી. માટે સત્સંગી ભાઈઓએ શુદ્ધ સત્સંગ સાહિત્યનો બહોળો ફેલાવો કરવા માટે આ સંસ્થાને જરૂર મદદ કરવી જેથી તેનો યોગ્ય ઉપયોગ થાય ને સાહિત્ય સસ્તું પણ થાય અને સંપ્રદાયમાં સોનું રૂપ કે રસાસ્વાદ વગેરે વૈભવો વધારવા કરતાં સાહિત્યનો ફેલાવો કરી સારા જ્ઞાનનો વધારો કરવાની ઘણી જ જરૂર છે. પરંતુ આ અમારી વાત જેને પાક્ષિક સાહિત્ય પ્રસિદ્ધ કરી સત્સંગમાં પક્ષ પાડવા હશે, મોજ, શોખ, માન અને સ્વાર્થ મેળવવા હશે તેમને રૂચે તેવી નથી. અસ્તુ શ્રીજીમહારાજ સર્વને સન્મતિ આપે જેથી સર્વે એક જ સિદ્ધાંતી થઈને સત્સંગની ઉન્નતિ અને આબાદી કરી શ્રીજીની પ્રસન્નતા મેળવે એજ પ્રાર્થના.

સંવત ૧૯૯૪ લિ. સાહિત્ય સેવક
પ્રબોધિની ૧૧ **બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદ-જૂનાગઢ**

# અનાદિ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીનું ટૂંક જીવનવૃત્તાંત

શ્રી અક્ષરધામના અધિપતિ સર્વાવતારી શ્રી પૂર્ણ પુરુષોત્તમનારાયણની ઈચ્છાથી વિક્રમ સંવત ૧૭૯૪ના અષાઢ સુદ એકાદશીને દિવસે સૂર્યોદય પછી દોઢેક પહોરને સમયે શ્રીબદરિકાશ્રમમાં નરનારાયણ વગેરેને દુર્વાસા ઋષિનો શાપ થયો. ત્યારે મહાઘોર કળિયુગમાં અધર્મનો ઉચ્છેદ કરી એકાંતિક ધર્મ સ્થાપન કરવા માટે પોતે પુરુષોત્તમનારાયણે તે શાપ સ્વીકારી લીધો. ને દુનિયાના મધ્ય ભાગમાં આવેલ, પરમપવિત્ર અને આર્યભૂમિ તરીકે ઓળખાતા ભરતખંડમાં પોતે મનુષ્યરૂપે પ્રગટ થવા ઈચ્છા કરી. આ હકીકત તેમના એકાંતિક મુક્તોના જાણવામાં આવવાથી શ્રી પુરુષોત્તમનારાયણ સાથે તેઓએ પણ ભારતભૂમિમાં અવતરવા ધાર્યું ને તેઓ વિક્રમ સંવત ૧૭૯૫થી આરંભીને શ્રી સહજાનંદ સૂર્યના અભ્યુદયકાળ સુધીમાં તે શ્રીહરિની સેવા માટે પોતપોતાની અનુકૂળતા મુજબ જુદે જુદે સ્થળે પ્રગટ થયા.

એમાંના કેટલાક અતિ સમર્થ સેવકોને શ્રીહરિએ પોતાને અનુકૂળક્ષેત્ર બનાવવા માટે આગળથી જ ભારતભૂમિમાં મોકલ્યા ને તેઓએ આવી મોક્ષક્ષેત્રને અમારી તૈયારી કરી રાખ્યું. પછી પોતાને પ્રગટ થવાનો સમય થયો ત્યારે પોતાના ખાસ મંત્રી તરીકે જે મહામુક્ત તેને શ્રીહરિએ પોતાની સાથે જ પ્રગટ થવા આજ્ઞા કરી, એટલે તેઓશ્રી સેવકધર્મનો સ્વીકાર કરીને માત્ર બે માસ જ અગાઉ સંવત ૧૮૩૭માં પ્રગટ થયા ને પાછળ પણ શ્રીહરિની આજ્ઞાનુસાર સંપ્રદાયનું બંધારણ મજબૂત થતાં સુધી ભારતભૂમિમાં બાવીશ વર્ષ વધારે - એટલે સંવત ૧૯૦૮ સુધી રહ્યા ને શ્રીજીના પ્રતિનિધિ તરીકે સંપ્રદાયનું બંધારણ તથા સ્થિતિ કરી. એ પુરુષને મૂળ અક્ષરમૂર્તિ કે અનાદિ મહામુક્ત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી હતા.

એ મહાપુરુષના ઉપદેશ વાક્યોના સંગ્રહરૂપ આ પુસ્તક છે તેને સંપ્રદાયની રૂઢી પ્રમાણે વાતો એવું નામ આપેલું છે. આ પુસ્તક વાંચનારને એ પુરુષ કોણ અને કેવા હશે ? એવી જિજ્ઞાસા સહજ થાય તે પૂર્ણ કરવા માટે જ અહીં એમનું ટૂંક જીવનવૃત્તાંત અમારી મતિને અનુસારે આપીએ છીએ. તેમાં કોઈ યોગ્યાયોગ્ય

જણાય તે સારગ્રાહી સત્સંગી બંધુઓએ યથાગતિ સમજી લેવા કૃપા કરવી.

ઇડરથી પૂર્વમાં પંદર કોષ દૂર આવેલા ટોડલા નામે ગામમાં શ્રીકૃષ્ણના પરમ ભક્ત એક બ્રાહ્મણ રહેતા હતા તેમનું નામ મોતીરામ શર્મા હતું અને તેમનાં ધર્મપત્નીનું નામ જીવીબા હતું. તેઓ જ્ઞાતિથી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ હતા, તેમનો યજુર્વેદ, માધ્યંદિની શાખા અને પાંચ પ્રવર હતા તથા તેમની અટક છટ્ઠાપદીયા ઠાકર એ પ્રમાણે હતી.

એ પવિત્ર બ્રાહ્મણને ઘેર શ્રી અક્ષરધામાધિપતિના પ્રતિનિધિ મહામુક્તે જન્મ લેવા નિશ્ચય કર્યો ને વિક્રમ સંવત ૧૮૩૭ના માઘ શુક્લ આઠમ અને સોમવારને દિવસે પ્રાતઃકાળે સૂર્યોદય સાથે જ ઉદ્ધવ સંપ્રદાયના સૂર્ય સમાન એ પુરુષનો આ ભારતભૂમિના ભાગ્યોદય સાથે ઉદય થયો. આ વખતે કૃત્તિકા નક્ષત્ર, શુભ યોગ, કૌલવ કરણ અને મકર લગ્ન હતું. તથા સૂર્ય અને બુધ મકર રાશિમાં હતા, મંગળ અને ચંદ્ર મેષરાશિમાં હતા, રાહુ મિથુન રાશિમાં, શનિ કર્કરાશિમાં ગુરુ તુલ રાશિમાં અને કેતુ તથા શુક્ર ધન રાશિમાં હતા. આવા સંપૂર્ણ શુભયોગમાં શ્રીજીના સેવક મૂળ અક્ષરમૂર્તિનો અવતાર થયો. પછી યોગ્ય સમયે તેમના પિતાએ લગ્ન સમયને અનુસારે સર્વને ખુશકારક માટે ખુશાલ એવું તે પુત્રનું નામ રાખ્યું.

એ મહાપુરુષનું કૃષ અને ગૌર શરીર, શાંત અને તેજસ્વી નેત્રો, અણીદાર સુંદર નાસિકા, ભવ્ય વિશાળ માલ, ગોઠણ સુધી હાથની લંબાઈ અને હાથ-પગમાંના ચિહ્નો તે સઘળું જોનારને કોઈ મહાયોગીનું ભાન કરાવે તેવાં હતાં તથા બચપણથી જ તેમની લૌકિક ક્રિયામાં પણ અલૌકિકપણું ભાસતું હતું.

આઠમે વર્ષે પિતાએ યજ્ઞોપવિત આપીને ખુશાલભાઈને તે ગામથી પંદરેક કોષ દૂર આવેલા નભોઈ ગામે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં રહીને પૂર્વની પ્રતિભાવાળા તે પુરુષે અલ્પ સમયમાં જ વ્યાકરણ, ન્યાય, મીમાંસા, જ્યોતિષ આદિક અંગોએ સહિત વેદાદિક શાસ્ત્રો સંપાદન કર્યાં.

ખુશાલભાઈને નાની વયમાં જ ગામ વાડાસિનોરના વતની કાશીરામ અને મુરલીધર નામે બે સત્સંગી પાસેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયાના ખબર મળ્યા હતા. ત્યારથી જ પોતાના પૂર્વના સંબંધને લીધે તેમના દર્શન માટે પોતાનું મન ખેંચાઈ રહ્યું હતું. તેવામાં તેમને નભોઈ ગામમાં શ્રી સ્વામિનારાયણ

ભગવાનના પરમહંસ સર્વેશ્વરાનંદજીનો મેળાપ થયો ને વાતો સાંભળી તેવામાં શ્રી સહજાનંદ સ્વામી ઉપર પોતાનો પૂર્વનો પ્રેમ પ્રકટ થયો તેથી તે પરમહંસ પાસેથી નિયમ લઈ પોતે શ્રી સહજાનંદ સ્વામીના આશ્રિત થયા ને તે પરમહંસની સાથે ડભાણ ગામે શ્રીહરિના દર્શન માટે ગયા, ત્યાં શ્રીહરિના દર્શન કરતાં જ જાણે કોઈ પૂર્વના બંને મિત્રો હોય તેમ અરસપરસનાં હૃદય ખેંચાયા ને ખુશાલભાઈનું મન શ્રીહરિને વિષે લીન થઈ ગયું. આ વખતે શ્રીજીના પૂછવાથી ખુશાલભાઈએ જવાબ આપેલો તેનું સમર્થન કરતા શ્રીહરિએ જે અનુમોદનના વચનો કહેલા તે નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિચિંતામણીના પ્ર. ૧૪૨માં કહેલ છે ''ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હું તો આવ્યો છું ભણવા કાજ, ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું છે અમારું.'' એમ કહી શ્રીજીએ તેમના પ્રતિ હાર્દિક પ્રેમ અને વિદ્યા પ્રતિભાવ પણ બતાવ્યો છે.

શ્રીજીની આજ્ઞાથી દર્શન કરીને ખુશાલભાઈ પાછા ઘેર આવ્યા. પછી પોતાના પિતાને પોતે એક જ પુત્ર હોવાથી પોતાની ઇચ્છા નહિ છતાં માત્ર પિતાના આગ્રહને આધીન થઈ ખુશાલભાઈએ ગૃહસ્થાશ્રમ કર્યો, પણ તેમનું મન હંમેશાં શ્રીહરિ તરફ આકર્ષાઈ રહ્યું હતું તેથી પોતે ઘેર થોડું રહેતા ને અવારનવાર શ્રીહરિના દર્શનાર્થે જતા ને શ્રીહરિ પોતાને જે સેવા બતાવે તે કરતા.

ખુશાલભાઈએ ઘેર રહીને પણ વિદ્યાદાનને નિમિત્તે અનેક બાળકોને શ્રી પ્રગટ પ્રભુનું જ્ઞાન આપવા એક પાઠશાળા કરી હતી. તેમાં ભણવા આવનાર બાળકોને પોતે વિદ્યાભ્યાસ કરાવતા હતા તથા શ્રીહરિની કૃપાથી પોતાને સહજેજ યોગની સ્ફૂરણા થઈ હતી ને તેમાં પોતે સંપૂર્ણ નિપુણતા મેળવી હતી તેથી તેનો પણ સાથે અભ્યાસ કરાવતા. તેથી તે પાઠશાળાના વિદ્યાર્થીઓ પણ ખુશાલભાઈના અનુગ્રહથી સમાધિનિષ્ઠ થયા હતા.

એ પ્રમાણે ખુશાલભાઈ ઘેર રહી પોતાની બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરી રહ્યા હતા તેવામાં મંત્રવિદ્યાથી પોતાને સિદ્ધ તરીકે ઓળખાવી લોકોને ઠગનાર એક બ્રહ્મચારી તે ગામમાં આવ્યો. તે પોતાની પાસે એક શાલગ્રામ રાખતો ને જ્યાં પોતે જમવા જાય ત્યાં તે શાલગ્રામ રાખીને પોતાને ઉતારે આવતો. પછી રાત્રિના સમયમાં પોતાના મંત્રબળથી તે શાલગ્રામને પોતાની સમીપે ખેંચી લેતો હતો. એથી લોકો બહુ આશ્ચર્ય પામી તે બ્રહ્મચારીને મહાપ્રતાપી માનતા ને તેથી તે

બહુ અભિમાની થઈ ગયો હતો જેથી કોઈ ભક્તને કે બ્રાહ્મણને પણ માન આપતો નહિ. એમના એ અભિમાનને ઉતારવા સારું એક દિવસ ખુશાલભાઈએ તે બ્રહ્મચારીને પોતાને ઘેર જમવા બોલાવ્યો ત્યારે તે જમીને પોતાના નિયમ પ્રમાણે શાલગ્રામ ખુશાલભાઈને સોંપીને પાછો પોતાને ઉતારે ગયો. રાત્રે શાલગ્રામને ખેંચી લેવા તેણે મંત્રનો પ્રયોગ કરવા માંડ્યો પણ ખુશાલભાઈના દિવ્ય પ્રભાવ આગળ તેના મંત્રનું બળ ચાલ્યું નહિ તેથી પોતાનું ગાન ખંડન થયું જાણી શાલગ્રામને પડ્યા મુકી તે વહેલો ઉઠી ત્યાંથી નાશી ગયો. એ પ્રમાણે તે બ્રહ્મચારીનો પરાભવ કરી ખુશાલ ભાઈએ જીવ પ્રાણી માત્ર ઉપર પોતાનું નિયામકપણું બતાવ્યું.

એક વખત ખુશાલભાઈ પોતાને મળેલા પ્રગટ ભગવાનનું ધ્યાન કરવા બેઠા હતા તે વખતે તેમના શરીરમાંથી અમુક તેજ નીકળવુ ને કેટલાક ગાઉ સુધી તે તેજ પૃથ્વી ઉપર છવાઈ ગયું. પછી તે તેજમાં ત્રણ મોટા કડાકા થયા તેને સાંભળીને તથા ઘણુંક તેજ જોઈને માણસો ભયભીત થઈ ગયા ને જરૂર પૃથ્વીનો પ્રલય થાશે એમ માનવા લાગ્યા. એમ થોડી વાર દેખાયા પછી તે પ્રકાશ પાછો ખુશાલભાઈના શરીરમાં લીન થઈ ગયો. એવી રીતે ખુશાલભાઈના શરીરમાં લીન થઈ ગયો. એવી રીતે ખુશાલભાઈએ ત્યાં પોતાનું ચિદાકાશ રૂપ દેખાડી પોતાનું અનાદિ અક્ષરબ્રહ્મપણું તથા અનંત બ્રહ્માંડાધારપણું બતાવ્યું.

એક વર્ષે તે ગામમાં વરસાદે બહુ તણાવ્યું તેથી દુકાળના ભયથી લોકો ગભરાઈને ખુશાલભાઈ પાસે ગયા ને વરસાદ વરસાવવા વિનંતી કરી. લોકોનું દુઃખ સાંભળીને ખુશાલભાઈના હૃદયમાં ઘણી જ દયા આવી. પછી પોતે પોતામાં અખંડ બિરાજી રહેલા પ્રભુની પ્રાર્થના કરી તેથી પૃથ્વી ઉપર બધેય સારો વરસાદ થયો, લોકો બહુ સુખી થયા ને ખુશાલભાઈને મહાસમર્થ મોટા પુરુષ તરીકે માનવા લાગ્યા. એવી રીતે સર્વાવતારી પુરુષોત્તમ ભગવાન સાથે પોતાની એકતાથી ખુશાલભાઈ લોકોને અનેક ચમત્કારો બતાવતા હતા તેથી હજારો માણસો તેમને પરમેશ્વર માનીને માનતાઓ કરતા. આવી રીતે પોતાનો અલૌકિક પ્રતાપ જગતમાં વ્યાપી રહ્યો હતો તો પણ ખુશાલભાઈ એ બધો પ્રતાપ પોતામાં પ્રગટ પ્રમાણ રહેલા પ્રભુનો જ માનતાને એ ઐશ્વર્યનું લેશ પણ માન પોતામાં આવવા દેતા નહિ.

સુરતના કોઈ પારસી ગૃહસ્થનો એકનો એક જ પુત્ર હતો ને તે જન્મથી જ મુંગો હતો. તેને માટે તેમણે અનેક વૈદ્યકીય ઉપચારો કર્યા તથા કેટલાંક દેવ દેવીઓની માનતા કરી તો પણ તે બાળક બોલી શક્યો નહિ. તેવામાં ખુશાલભાઈનો પ્રતાપ તે ગૃહસ્થના સાંભળવામાં આવ્યો. તેથી તે પોતાના મુંગા પુત્રને લઈ ટોડલા ગામે ખુશાલભાઈ પાસે ગયો ને પગમાં પડી પોતાનું દુઃખ જણાવ્યું. આ સમયે ખુશાલભાઈ પોતાનું નિત્યકર્મ પૂજા વગેરે કરી રહ્યા હતા. તે ગૃહસ્થનું દુઃખ સાંભળી પોતાને ઘણી જ દયા આવી. પછી પોતે પૂજામાં દેવને ધરાવેલ કદળી ફળનો અર્ધ ભાગ તે મુંગા બાળકને આપ્યો. તેવામાં જ તે પ્રસાદ જમીને મુંગો બાળક બોલ્યો, ''અહો ! આ કેળું તો બહુ મીઠું છે.'' એટલું સાંભળતાં તો તેના પિતાને આનંદનો પાર રહ્યો નહિ ને ત્યારથી આરંભી મહામુક્ત ખુશાલભાઈના પ્રતાપથી તે બાળક સદાને માટે બોલતો થયો.

એ પ્રમાણે ખુશાલભાઈમાં સ્વભાવસિદ્ધ અનંત ઐશ્વર્યો પહેલા જ હતા અને પોતે અનાદિમુક્ત હતા, અનંત મુક્તોએ સહિત શ્રીહરિને ધરી રહેનાર અને શ્રીહરિની સેવામાં સદા રહેનાર મૂળ અક્ષરબ્રહ્મ હતા. તેને પુરુષોત્તમ શ્રીહરિથી લેશમાત્ર પણ જુદાઈ હતી નહિ તો પણ આ લોકને વિષે મનુષ્યમૂર્તિ પ્રગટ પ્રભુનાં દર્શન અને સેવાનો વિયોગ પોતે સહન કરી શકતા નહોતા. પરંતુ ગુરુ આજ્ઞા કેમ લોપાય ? એમ માનીને ઘરમાં મહેમાનની પેઠે રહ્યા હતા. ને અંતઃકરણ તો હંમેશાં ઈષ્ટદેવના ચરણમાં જ લેલીન રહેતું.

શ્રીહરિએ ખુશાલભાઈની ખરી આતુરતા જાણી તેમને પોતાની સેવામાં રાખવા સારું પોતે જ બ્રાહ્મણને સ્વરૂપે ત્યાં ગયા. તેમને જોતાં જ ખુશાલભાઈ પણ પોતાના કોઈ પ્રથમના પરિચિત હોય તેમ જાણી તે વિપ્ર સાથે કાઠિયાવાડમાં આવવા ચાલી નિકળ્યા અને બાળબચ્ચાં તથા માલ-મિલકત સાથેના ઘરનો સદાને માટે ત્યાગ કર્યો. માર્ગમાં બ્રાહ્મણ સ્વરૂપી શ્રીહરિએ પોતાના અનાદિધામરૂપ ખુશાલભાઈની બહુ પ્રકારે બરદાસ કરી. કારણ કે શ્રીહરિના દર્શનની આતુરતાથી ચાલી નિકળેલા ખુશાલભાઈએ નહોતું લીધું સાથે ભાતું કે નહોતો લીધો પાણી પિવાને કળશો અને પગમાં ઉપાન પણ પહેરેલો નહિ. તેથી વિપ્રસ્વરૂપી શ્રીહરિ તેમને જમવા ભાતું આપતા પાણી લાવીને પાતા ને પગમાંથી કાંટા પણ કાઢતા. એ પ્રમાણે પોતાના શરીરની સેવા કરે તેમ સેવા કરતા શ્રીહરિ તેમને જેતલપુરની

નજીકમાં લાવ્યા. તે વખતે પોતે શ્રીહરિ સ્વામિનારાયણ પ્રભુ તે ગામમાં જ બિરાજતા હતા તેથી સંગાથી વિપ્રે ખુશાલભાઈને કહ્યું, ''આ ગામમાં સ્વામિનારાયણ બિરાજે છે ત્યાં તમે જાઓ હું આ તળાવમાં નાહીને હમણા જ આવું છું.'' ત્યારે ખુશાલભાઈને તો સર્વ સુખ શ્રીહરિમાં જ હતા એટલે તેમની સાથે તળાવે નહાવા જવાનું નહિ કહેતા પાધરાજ ગામમાં ગયા ને શ્રીહરિના દર્શન કરી પોતાની આતુરતાને શાંત કરી. પછી શ્રીહરિએ માર્ગના સમાચાર પૂછ્યા ને વાત કરી ત્યારે ખુશાલભાઈએ જાણ્યું જે, ''માર્ગમાં મારી સેવા કરી મને અહીં લાવનાર તે મારા ઈષ્ટદેવ શ્રીહરિ પોતે જ હતા.'' તેથી ખુશાલભાઈ પોતા પર આવો શ્રીહરિનો અનુગ્રહ અને ઉપકાર જોઈ બહુ હર્ષ પામ્યા ને ગુરુદેવની ઈચ્છા જાણી જેમ ધામમાં રહેલા છે તેમ અહીં પણ શ્રીહરિની સેવામાં અખંડપણે રહ્યા.

તે સમયમાં સર્વાવતારી પુરુષોત્તમ પરબ્રહ્મ શ્રીહરિની સાથે તેમના ધામરૂપ અનેક મુક્તો, અનેક અવતારો અને બીજા ધામોના ધામીઓ તથા તેમના મુક્તો પણ આવેલા હતા ને તેમની ખાસ સભામાં વખતોવખત બ્રહ્મતત્ત્વ ચર્ચાતું તથા સાંપ્રદાયિક અને ધાર્મિક તત્ત્વ પણ ચર્ચાતું હતું, એથી અનેક શાસ્ત્રોમાંથી રહસ્યનું સંદોહન થાતું. આવા પ્રસંગથી એક બખત મહાભારતના પુસ્તકની જરૂર પડી ને તપાસ કરતાં તે સંપૂર્ણ પુસ્તક ભાવનગરમાં એક વિપ્રને ઘેર છે એવા ખબર મળ્યા. પછી તે પુસ્તક લાવવા સારું શ્રીહરિએ ગઢપુરથી લખીરામદેરાસરીને મોકલ્યા. તેણે ભાવનગર જઈ ત્રણસો રૂપિયાથી તે પુસ્તક લેવું નક્કી કર્યું, ને લેખ તપાસી જોવા સારું કોઈ ભણેલાને સાથે લઈ જવા પાછા ગઢપુર આવ્યા. ત્યારે શ્રીહરિએ જગન્નાથને તેમની સાથે મોકલ્યા પછી તે બંને ભાવનગર ગયા ને તે વિપ્ર પાસે મહાભારતનું પુસ્તક જોવા માગ્યું. પણ તે વિપ્ર ફરી ગયો ને પુસ્તક આપવાની તદ્દન ના કહી. એથી તે બંને જણા ખાલી હાથે પાછા આવ્યા. પછી તે બંનેની સાથે ત્રીજા પ્રાગજી દવેને મહારાજે મોકલ્યા ને પુસ્તકના માલિકને સમજાવીને પુસ્તક લાવવા કહ્યું, ત્યારે તે ત્રણે જણા ત્યાં ગયા ને પુસ્તકવાળા વિપ્રને બહુ સમજાવ્યો પણ તે એકનો બે થયો નહિ. તેથી તે ત્રણેય પાછા આવ્યા ને ''તે પુસ્તક નહિ જ મળે'' એવા મહારાજને ખબર આપ્યા. પછી મહારાજે ખુશાલભાઈ એકલાને મોકલ્યા તે ભાવનગર જઈને જીણાભાઈ શ્રીમાળી

બ્રાહ્મણને ઘેર ઉતર્યા. બીજે દિવસે તે પુસ્તકવાળા બ્રાહ્મણને ઘેર ગયા ત્યારે તે બ્રાહ્મણ બાલકૃષ્ણની પૂજા કરતો હતો તેથી ખુશાલભાઈને આવકાર ન દીધો પરંતુ તિરસ્કારના બે શબ્દો કહ્યા. તો પણ ખુશાલભાઈ તો તેની સામા કેવળ પૃથ્વી ઉપર બેસી ગયા. તેવામાં બાલકૃષ્ણની પ્રતિમા ફરીને ખુશાલભાઈની સન્મુખ થઈ ગઈ. ત્યારે તે વિપ્રે મનમાં કાંઈ પણ ખ્યાલ નહિ લાવતા તે પ્રતિમાને પાછી પોતાની સન્મુખ પધરાવી. પરંતુ તુરત જ તે પ્રતિમા પાછી ફરીને ખુશાલભાઈ સન્મુખ થઈ બેઠી. એ પ્રમાણે બે-ત્રણ વાર થયું ત્યારે ખુશાલભાઈએ

અતિથિ ગૃહસંપ્રાપ્તં પૂજયેત્સ્વાગતાદિના ।
અર્ધ્યાસિન પ્રદાનેન પાદપ્રક્ષાલનેન ચ ॥ ૧ ॥
શ્રદ્ધયા ચાન્નદાનેન પ્રિયપ્રશ્નોત્તરેણ ચ ।
ગચ્છન્ત ચાનુગાનેન પ્રીતિમુત્પાદયેદ્ગૃહી ॥ ૨ ॥

આ શ્લોક સંભળાવીને કહ્યું, જે ‘‘તમે ઘેર આવેલા અતિથિનું સન્માન ન કર્યું તેથી ભગવાન તમારી સાથે રીસાયા છે.’’ તે સાંભળી વિપ્ર વિશેષ ક્રોધે ભરાયો ને ધમકી દઈ બોલ્યો જે ‘‘અહીંથી ચાલ્યા જાઓ હું પુસ્તક આપવાનો નથી.’’ પછી ખુશાલભાઈ ત્યાંથી ચાલી નિકળ્યા ને ઉતારે આવ્યા તેજ દિવસની રાત્રિએ પુસ્તકવાળો વિપ્ર ઘરમાં સુતો હતો ત્યાં તેની પાસે બે યમદૂત આવ્યા ને મારતા મારતા કહેવા લાગ્યા કે ‘‘તું સાટું કરીને હવે પુસ્તક આપતો નથી ને મોટા પુરુષ તારે ઘેર આવ્યા તેનું તેં અપમાન કર્યું માટે તને આજ ઠાર મારવો છે.’’ તે સાંભળી વિપ્રે બહુ કાલાવાલા કરી ક્ષમા માગીને પુસ્તક આપવાની હા કહી, ત્યારે તે યમદૂતો મારતા બંધ રહ્યા ને ગયા. બીજે દિવસે તે વિપ્ર ખુશાલભાઈ પાસે તેમને ઉતારે ગયો ને નમ્રતાપૂર્વક ક્ષમા માગી મહાભારતનું પુસ્તક આપ્યું. તેની કિંમત આપીને પુસ્તક લઈ ખુશાલભાઈ ગઢપુર આવ્યા. પુસ્તક જોઈ મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે ‘‘અમારાથી જ થાય એવા કામ પણ કરે એવા આ ખુશાલભાઈ છે.’’

શ્રીહરિએ દીક્ષા આપ્યા પહેલાં પણ સત્સંગ વધારવા સારું ખુશાલભાઈને વડોદરા મોકલ્યા હતા. તે ત્યાં એક માસ સુધી રહ્યા ને હંમેશાં વિપ્ર સદાશિવભાઈને ઘેર જમવા જતા. ત્યાં ખુશાલભાઈની ઈચ્છાથી શ્રીહરિ દિવ્ય રૂપે પધારીને હંમેશાં તેમની સાથે બેસીને જમતા. તે વખતે શ્રીહરિના દર્શન બીજા

કોઈને ન થાય પણ પિરસેલા થાળમાંથી જમવાની વસ્તુ ઓછી થાય તે સર્વે દેખતા એવા અનેક સામર્થ્યો દીક્ષા લીધા પહેલાં પણ ખુશાલભાઈમાં શ્રીજીની અને તેમની જેમ અનાદિનીજ એકતા હોય તેમ જોવામાં આવતા.

વડોદરામાં સ્વામી શ્રી દીક્ષા લીધા પહેલા જેમ રહેલા તેમ દીક્ષા લીધા પછી પણ શ્રીજીની આજ્ઞાથી ઘણી વાર ત્યાં જતા ને માસ, બે માસ કે ચાતુર્માસ પણ રહેતા. સ્વામીશ્રીએ વડોદરામાં રહીને સારા સારા વિદ્વાનોની શંકાઓના સમાધાન કરીને તથા કેટલાક સદ્‌ગૃહસ્થોને, રાજ્યના નાના મોટા અધિકારીઓને અને ખુદ મહારાજાને પણ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિનો મહિમા સમજાવી તથા અનેક ઐશ્વર્ય, ચમત્કાર અને વિદ્વત્તા ભરેલા ઉપદેશથી શ્રીજીના આશ્રિત અને પોતાના અનન્ય શિષ્યો કર્યા હતા. જેથી હાલ પણ એ શહેરમાં જે સત્સંગ છે તે બધો સ્વામીશ્રીના જ પ્રયાસનું પરિણામ છે એમ કહેવામાં અતિ શયોક્તિ નથી. વળી ખરું છે કે જેમ આકાશનો મહિમા તેમાં કાયમ રહેનારા પક્ષીઓ જાણી શકે તેવો પૃથ્વી ઉપર આવનારા ન જાણી શકે. તેમ સ્વામીશ્રી નિરંતર ભગવાનની સાથે જ રહેનારા અનાદિ અક્ષરસ્વરૂપ અને નિત્યમુક્ત હોવાથી તેમના જેવો ભગવાનનો મહિમા બીજો કોણ જાણી શકે ને કહી પણ શકે ? બીજો સાંભળીને કહેવા જાય તો તેવો ન કહી શકે ને વખાણ કરતાં વગોળું થઈ જાય તેની તેને ખબર પણ ન રહે. અને સ્વામીના વચનમાં તો કોઈ પણ જાતનો દોષ આવેજ નહિ. વડોદરા શહેર કે જે ગુજરાતનું કાશીક્ષેત્ર કહેવાય તેની વિદ્વાન જનતાને કે રાજકીય જનતાને શિષ્ય બનાવવી એ તો સ્વામીશ્રી જ કરી શકે. એક પ્રસંગે સ્વામીશ્રીએ ત્યાંના મહા પ્રબલ જ્યોતિષ શાસ્ત્રીને પણ પોતાની અલૌકિક શક્તિનો થોડોક ચમત્કાર બતાવી આખા શહેરની વિદ્વાન અવિદ્વાન સર્વ પ્રજાને આશ્ચર્ય ચકિત કરી હતી.

ભગવાન સ્વામિનારાયણ એ ખુશાલભાઈની સાથે અનાદિ કાળથી રહેલા છે ને આ લોકમાં પણ દિવ્યરૂપે હંમેશાં સંગાથે વિચરતા ને ખુશાલભાઈની ક્રિયા માત્રને સફળ કરતા હતા તો પણ પરમહંસ દીક્ષા ધારણ કરવાની તેમની ઈચ્છા જાણીને શ્રીહરિએ સંવત ૧૮૬૪ના કાર્તિક વદ ૮ને દિવસે એક પહોર દિવસ ચડ્યો હતો એ સમયે ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે ખુશાલભાઈને ભાગવતી દીક્ષા આપીને ગોપાળાનંદ સ્વામી એવું સર્વના રક્ષક

અર્થવાળું નામ ધારણ કરાવ્યું. ત્યાર પછી સ્વામીશ્રીની પ્રથમ પરમહંસ તરીકે, પછી ગુરુ તરીકે અને છેવટે સદ્‌ગુરુ તરીકેની મહત્તા દિન-પ્રતિદિન વધવા લાગી. તેથી શ્રીહરિએ પોતે સ્વામીશ્રીને સર્વ સદ્‌ગુરુઓમાં મુખ્ય તરીકે સ્થાપન કર્યા ને ઘણી વખત સ્વામીશ્રીની મહત્તા બીજા સદ્‌ગુરુઓ પાસે શ્રીમુખે કહેતા.

શ્રીજીમહારાજ પોતે મુક્તાનંદ સ્વામીને પ્રથમથી જ ગુરુ તરીકે માનતા હતા તો પણ એક વખત તેમને કહ્યું જે ‘‘સ્વામી ! તમે ગોપાળાનંદ સ્વામીને પાછળથી સત્સંગમાં આવ્યા છે એમ જાણીને નાના માનતા હશો પણ એ તો અમે અનાદિ કાળથી નિરંતર જેને વિષે અનંત મુક્તે સહિત રહ્યા છીએ તે અગારું અક્ષરધામ છે તે અમારી સંગાથે અમારી સેવા માટે જ પ્રગટ થયેલ છે.’’ એવી શ્રીમુખની વાણી સાંભળ્યા પછી મુક્તાનંદ સ્વામી જ્યારે પોતાને આસને ગોપાળાનંદ સ્વામી આવે ત્યારે આસન નાખી દેવા માંડ્યા ને તે પહેલાં તો સ્વામીશ્રી જ્યારે મુક્તાનંદ સ્વામીને દર્શને જાય ત્યારે નીચે બેસી જતા.

એક વખત ગોપાળાનંદ સ્વામી વડોદરા ગયા હતા ત્યાંથી આવ્યા ને કારિયાણીમાં શ્રીહરિને મળ્યા ત્યારે ઓરડાની અંદર એકાંતમાં ઊભા રહી વાતો કરતા હતા જે ‘‘આપણે આ લોકમાં જે હેતુ માટે આવેલા છીએ વગેરે’’ તે નિષ્કુળાનંદ સ્વામીએ કાનોકાન સાંભળી હતી તથા સ્વામીશ્રી વડોદરેથી આવ્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહેલ ‘‘શહેરમાંથી આવે છે તે એવા જ સુખિયા હશે તો’’ એ હાસ્ય વચનના પ્રત્યુત્તરમાં પણ શ્રીજીએ તેમને કહેલ જે ‘‘એતો અનાદિકાળથી અમારે રહેવાનું અક્ષરધામ છે તેથી જેવું અમારું સામર્થ્ય તેવું જ તેમનું પણ છે માટે તેને શહેર બાધ ન કરી શકે. તે તો માયામાં રહીને પણ નિર્લેપ રહે તેવા સમર્થ છે.’’ ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલેલા જે ‘‘ખરી વાત આજ સમજાણી.’’ તથા એક સમય શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, સિદ્ધાનંદસ્વામી, દાદા ખાચર અને હરજી ઠક્કર, એમની આગળ વાત કરી હતી જે ‘‘અમારો રહસ્ય અભિપ્રાય ગોપાળાનંદસ્વામી યથાર્થ જાણે છે માટે તેમના વચન ઉપર વિશ્વાસ રાખી જેમ કહે તેમ સમજણ દૃઢ કરજો કારણ કે બીજી સ્વામી રહે તે પછી માંગે નહિ.’’ એમ શ્રીજીએ ઘણા સંતો તથા હરિજનો આગળ સ્વામીશ્રીનો મહિમા ઘણી વાર કહેલો છે.

શ્રીજીએ આ લોકમાંથી અંતર્ધાન થવાની ઈચ્છા કરી ત્યારે પણ પોતાનું કાર્ય ઉપાડી શકે એવા પોતાના મૂળ ધામરૂપ સ્વામીશ્રીને બંને આચાર્ય સાથેનો આખો સત્સંગ સોંપ્યો ને સર્વે સંતો, પાર્ષદો તથા આચાર્ય વગેરેને બોલાવી બોલાવીને સ્વામીશ્રીની આજ્ઞામાં રહેવાની બહુ વાર ભલામણ કરેલી તથા શ્રીમુખે સ્વામીશ્રીનો અપાર મહિમા તથા સામર્થ્ય વર્ણવીને કહેલું હતું અને છેવટે સંવત ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ને મંગળવારે મધ્યાહ્ને દેહોત્સવ કર્યો ત્યારે પણ પોતે રાજી થઈને સ્વામીશ્રીને વચન કહેલ જે ''તમે જો અમારે રહેવાનું ધામ છો માટે તમે જે જે ધારશો તે તે તમારા સંકલ્પ સિદ્ધ થાશે ને અમે સદાયને માટે તમારી સાથે જ રહ્યા છીએ તે જ્યારે તમે યાદ કરશો ત્યારે તુરત જ તમને દર્શન દેશું.'' એમ કહી પોતે સ્વધામ પધાર્યા હતા. સ્વામીશ્રીએ પણ શ્રીજી અંતર્ધાન થયા પછી તેમના પ્રતિનિધિ તરીકે રહી સત્સંગની મર્યાદાઓ બાંધી, શ્રીજીનું સર્વોપરિપણું સમજાવ્યું અને શ્રીજીના વચનામૃતોનાં રહસ્યો જે મોટા મોટા સદ્‌ગુરુઓને પણ ન સમજાયેલા તે પોતે પોતામાં અખંડ રહેલા શ્રીજીને પૂછી પૂછીને સર્વને સ્પષ્ટ સમજાવ્યા. એમ તેમની આ વાતોમાં રહેલા તેમના વચનો ઉપરથી સ્પષ્ટ જણાય છે.

શ્રીજીએ સંવત ૧૮૮૩ના વર્ષમાં મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢની મહાંતાઈ આપવા માંડી ને હાર પહેરવા કહ્યું ત્યારે તે બોલ્યા જે ''જો ગોપાળાનંદ સ્વામી વરસોવરસ એક મહિનો જૂનાગઢ રહેવાનું કબુલે તો હું જૂનાગઢની મહાંતાઈનો હાર પહેરું'' પછી સ્વામીશ્રીએ હા કહી ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ હાર પહેર્યો. ત્યારથી સ્વામીશ્રી દર વર્ષે એક માસ જૂનાગઢમાં પોતાના મંડળે સહિત રહેતા ને કોઈ વર્ષે ન જઈ શકાયું હોય તો બીજે વર્ષે બે માસ રહેતા ને ત્યાંના વ્યવહાર ઉપર પણ પોતે વધારે દેખરેખ રાખતા. તથા કોઈ ત્યાગી જૂનાગઢ રહેવા જાય તો તેના ઉપર પોતે બહુ રાજી થતા ને કેટલાકને તો પોતે ઉપદેશ કરીને મોકલતા તથા હરિભક્તોને પણ જૂનાગઢ જવાનું કહેતા.

મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીના સમાગમથી ઘણા ત્યાગીઓ અને ગૃહસ્થો પણ શ્રીજીનો સર્વોપરિ મહિમા સમજી પરમએકાંતિક ભાવને પામ્યા છે, તેમાંના થોડાંક દૃષ્ટાંતો અત્રે આપીએ છીએ.

શ્રીજીએ ગામ આદરેજમાં અન્નકૂટોત્સવ કર્યો ત્યારે આખા સત્સંગનો વ્યવહાર સાચવનારા ચાર સદ્‌ગુરુઓ નિમ્યા હતા. તેમાં એક શામળિયા ચૈતન્યાનંદ સ્વામી (જેમણે આ પુસ્તકમાં સ્વામીશ્રીની વાતોનું પ્રથમ પ્રકરણ લખ્યું છે તે) હતા. તે પોતાને રહેવા માટે સ્વાધીન એક ઓરડી રાખતા, જુદી રસોઈ કરાવીને જમતા ને પોતાને સુવા માટે સારો ઢોલિયો પણ રાખતા. ને એ બધુ તેમની યોગ્યતા પ્રમાણે શ્રીજીએ રાખવા દીધું હતું. તેમને પછીથી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ થયો તેથી એ બધો વૈભવ તજી દીધો ને પંક્તિમાં જમવા જતા ને ધર્મશાળામાં આસને સુતા. તથા પોતાની પાસે સાઠ જોડ શ્રીજીના ચરણારવિંદ હતાં તે તેમણે સ્વામીશ્રીને અર્પણ કર્યાં. ને તેમનો યથેષ્ટ ઉપયોગ કરવા કહ્યું તેથી સ્વામીશ્રીએ તેમાંથી યોગ્ય વહેંચણી કરીને બાકીના ગઢપુરમાં શ્રી ગોપીનાથજીને ભેટ કર્યાં એ ચૈતન્યાનંદ સ્વામી પોતે કહેતા કે ''જો મને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ન થયો હોત તો કાચો ને કાચો મરી જાત.''

અમદાવાદના મહાંત સદ્‌ગુરુ સર્વનિવાસાનંદસ્વામી તે મહાંતાઈ તથા સદ્‌ગુરુપણું મૂકીને પોતાની ગાડી, પૂજા વગેરે બધું આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને સોંપીને પોતે બે સાધુ સાથે લઈ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા સારું વડતાલ આવીને રહ્યા ને સ્વામીશ્રીના શિષ્ય પુરુષાનંદ સ્વામીની આજ્ઞાનુસાર વર્ત્યા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી જેવા કે જે વચનામૃતના આચાર્ય કહેવાય તેઓ પણ કહેતા કે ''અમે શ્રીજી પાસેથી વચનામૃતો સાંભળ્યા ને લખ્યા પણ અમને પુરા સમજાયા નહોતા તે ગોપાળાનંદ સ્વામીના સમાગમથી બરોબર સમજાયા ને હવે તેનો નવો ને નવો જ સ્વાદ આવે છે ને હૈયામાં શાંતિ તથા સુખ વર્તે છે.'' અને એથી જ ગુણાતીતાનંદ સ્વામી ઘણી વખત કહેતા કે ''જે અમને ગોપાળાનંદ સ્વામી કરતા અધિક કહેશે તેને વિષે અસુર પ્રવેશ કરશે'' તે યથાર્થ છે, જેમ હીરે કરોનેજ હીરો વેધાય તેમ તેવા હોય તેજ તેવાનો મહિમા જાણે.

મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ મૂળીમાં મંદિર તૈયાર કર્યું એટલે દેવ પધરાવવાનો દિવસ નક્કી કરીને ગોપાળાનંદ સ્વામી તે વખતે ગઢડે હતા ત્યાંથી તેમને તેડી લાવવા સારું મૂળીથી મહાનુભાવાનંદ સ્વામીને તથા તદ્રૂપાનંદ

સ્વામીને મોકલ્યા. તેમણે ગઢડે જઈ બ્રહ્માનંદ સ્વામીનો સંદેશો કહ્યો. તેના જવાબમાં સ્વામીએ કહ્યું, ''ધોલેરે દેવ પધરાવે છે ત્યાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ આવ્યા છે ને મને પણ તેમણે તેડાવ્યો છે તે ત્યાં જાવું પડશે ને બ્રહ્માનંદ સ્વામીને તમે કહેજો કે તમે પણ શ્રીજીમહારાજના લાડીલા છો તે પ્રતિષ્ઠા કરજો'' એ પ્રમાણે મૂળી જઈને તે બંને સંતે બ્રહ્માનંદ સ્વામીને સંદેશ કહ્યો. એટલે સ્વામી પોતે તુરત ગાડી જોડાવીને માર્ગમાં બળદો બદલાવતા થકા એક રાત્રિએ ગઢડે જઈ પહોંચ્યા. ને સ્વામીશ્રીને મૂળી પધારવા કહ્યું, ત્યારે સ્વામીશ્રીએ પ્રથમની પેઠે બ્રહ્માનંદ સ્વામીને પણ જવાબ આપ્યો. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી કહે ''તમારે ધાલેરે પધારવું હોય તો સુખેથી પધારો, હું પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફેરવીશ ને જ્યારે તમે આવશો ત્યારે દેવ પધરાવશું, કારણ કે શ્રીજીમહારાજ મારી સમક્ષ બોલ્યા હતા કે ''આ ગોપાળાનંદ સ્વામી આજથી અમારે ઠેકાણે છે ને અમે તેમાં સદાય સંપૂર્ણપણે રહ્યા છીએ'' માટે તમે આવો તો અમને શ્રીજીમહારાજ પોતે પધાર્યા હોય તેવો સંતોષ ને શાંતિ થાય ને ધોલેરાનું મુહૂર્ત બે દિવસ છેટું છે એટલામાં તો મૂળી પ્રતિષ્ઠા કરીને તુરત એક રાત્રિમાં ધોલેરે પહોંચી જવાય તેવી ગોઠવણ કરી દઈશ માટે તમે હા પાડો.'' પછી સ્વામીશ્રીએ હા કહી ને મૂળી જઈ દેવની પ્રતિષ્ઠા કર્યા પછી ધોલેરે પહોંચી ગયા હતા. એમ મોટાનો મહિમા તે મોટા હોય ને જેણે દીઠા સાંભળ્યા હોય તે જાણે.

એક વખત મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને સાળંગપુરના દરબાર વાઘાખાચરે કહ્યું કે, ''સ્વામી ! અમારે ગામ સાધુની આવ-જાવ ઘણી રહે છે ને રસ્તાનું ગામ એટલે તીર્થવાસી હરિભક્તોનો પણ ઘસારો ઘણો રહે છે તે ખર્ચમાં પહોંચી શકાતું નથી માટે કાંઈક દયા કરો તો સારું'' તે સાંભળી સ્વામીશ્રી કહે ''લીયો તમને એક કમાઉ ભાઈ કરી આપું તે ખર્ચ તમારે માથે નહિ પડવા દીયે.'' એમ કહી એક હનુમાનજી ઘડાવી તૈયાર કરવાની આજ્ઞા કરીને પોતે દેશમાં ફરવા ગયા. ત્યાંથી પાછા આવતા હનુમાનજીની મૂર્તિ તૈયાર થઈ ગઈ હતી તેને સંવત ૧૯૦૫ના આસો વદ-૫ને દિવસે પધરાવવાનું નક્કી કર્યું. ને આરતી ઉતારવા નૈષ્ઠિક વ્રતવાળા શુકાનંદ સ્વામીને તથા ગોવિંદાનંદ સ્વામીને આજ્ઞા કરી. ત્યારે તે બંને હનુમાનજીની આરતી ઉતારવા લાગ્યા ને સ્વામીશ્રી પોતે હનુમાનજી સામી દૃષ્ટિ રાખીને લાકડીને ટેકે સામા ઊભા રહ્યા.

તે સમયે હનુમાનજીની પ્રતિમા થર થર કંપવા લાગી. તે જોઈ બીજા સર્વે ત્યાગીઓ બોલવા લાગ્યા, ''સ્વામી ! ગોપીનાથજી તથા મદનમોહનજી નજીકમાં છે ત્યાં કોઈ નહિ જાય'' તે સાંભળી સ્વામીશ્રીએ દૃષ્ટિ પાછી વાળી લીધી. એ હનુમાનજીનો પ્રતાપ હાલ પણ દેશ-પરદેશમાં જગજાહેર છે. એમ સ્વામીશ્રીની દૃષ્ટિમાત્રથી પ્રતિમાઓ પણ પ્રતાપવાળી થાય તો સમાગમથી ચેતન પ્રતિમાઓ પ્રતાપવાળી થાય એમાં શું આશ્ચર્ય ?

અહીં એક અદ્‌ભુત દાખલો અમે સદ્‌ગુરુના મુખ થકી સાંભળેલ તે આપીએ છીએ. સાધુ કેશવદાસજી પૂર્વાશ્રમમાં જૈન વાણિયા હતા. તેને ઘણાંક ભૂત વળગેલા તે કાઢવા સારુ તેમને ઘણા ઘણા ઉપાય કર્યા, કેટલેક દેવસ્થાને તથા તીર્થે ગયા ને નાણાંનો ઘણો ભોગ આપ્યો તો પણ તે ગયા નહિ. પછી તેઓ શ્રીજી અંતર્ધાન થયા બાદ વડતાલ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. તેવામાં સ્વામીશ્રીને દેખતાં જ તે ભૂતો ચીસ પાડવા લાગ્યાં તેમને સ્વામીશ્રીએ પોતાની આજ્ઞાથી બદરિકાશ્રમમાં મોકલી દીધા. એ પ્રમાણે સ્વામીશ્રીનો પ્રતાપ જોઈને તથા પોતા ઉપર જીવિત દાનનો ઉપકાર કર્યો તેથી તે શેઠને સ્વામીશ્રી ઉપર ઘણો જ પ્રેમ થયો એટલે તે વખતે વર્તમાન લઈ કંઠી બાંધી ને સત્સંગી થયા પણ ઘેર ગયા પછી યોગને અભાવે તે કંઠી રહી નહિ. કોઈ વખતે તે શેઠ કામ પ્રસંગે બીજે ગામ જતા માર્ગમાં વડતાલની નજીક નીકળ્યા. ત્યારે પોતાને ગુરુની સ્મૃતિ થઈ તેથી ગામમાં દર્શન માટે ગયા, આ વખતે સ્વામીશ્રી સ્વધામ પધારી ગયા હતા. શેઠે દરવાજે આવીને ભક્તને પૂછ્યું, ''ગોપાળાનંદ સ્વામી ક્યાં હશે ?'' ભક્તે કહ્યું, ''ભાઈ ! એ તો સ્વધામ પધારી ગયા.'' એટલું સાંભળતાં જ શેઠના હૃદયમાં અતિ આઘાત થયો ને મૂર્છા આવવાથી ત્યાં જ પડી ગયા. થોડી વાર પછી બેઠા થઈ ધર્મશાળામાં સ્વામીશ્રીને આસને ગયા તો ત્યાં પણ ફરી મૂર્છા આવીને પડી ગયા. આ પ્રમાણે સ્વામીશ્રીના વિરહથી તેમને મૂર્છા આવી પણ તેમાં શ્રીજીમહારાજ તથા સ્વામીશ્રી વગેરે અનંત મુક્તો દેખાય એવી સમાધિની સ્થિતિ થઈ ગઈ. ને જ્યારે જ્યારે સ્વામીશ્રીને સંભારે ત્યારે એ પ્રમાણે થઈ જાય, આવું તેમને કાયમને માટે થઈ ગયું. પછીથી તે સાધુ થયા ને કેશવદાસજી નામ પાડ્યું. તેમને જ્યારે જ્યારે એ સમાધિ થાતી ત્યારે તેમને અલૌકિક પ્રસાદી મળતી તેથી તે હાથ જોડીને બેઠા હોય તે ખોબો

ભરાઈ જાય. તેમાં એવી ચીજો આવે કે જે જોતાં જ એ આલોકની નથી એવો આપણને સહજ ભાસ થાય. દોઢ બે ઈંચ લાંબાં લવિંગ તે પણ લીલા ખારેક જેવડી મોટી એલચી, મોટા કમળ જેવડાં અને અત્યંત સુગંધવાળા ગુલાબના ફૂલ તેમજ સાકર પણ એવી જ દેખાય. આવા તો અનંત પુરુષો જેના સ્મરણ માત્રથી પણ થયા તેમના પ્રતાપની ગણના કરવા આપણે કોણ માત્ર (આ અલૌકિક ચમત્કાર રઘુવીરજી મહારાજે સત્સંગી જીવનનું પારાયણ કરાવ્યું ત્યારે ચાલુ હતી.)

વડોદરાના રાજ્ય પંડિત શાસ્ત્રી બદરિનાથ (ડાહ્યાભાઈ) સર્વ સત્સંગમાં પ્રસિદ્ધ હતા ને હજી પણ તેમના પુત્રો સત્સંગ સાથે ઘણો જ સંબંધ ધરાવે છે. તે બદરીનાથ શાસ્ત્રીજીના પિતા ત્ર્યંબકનાથશાસ્ત્રી વૃદ્ધ હતા તે કહેતા ‘‘અમે સ્વામિનારાયણને જોયા નથી પણ તેના સાધુ ગોપાળાનંદ સ્વામીને જોયેલા છે તે અમે કહીએ છીએ કે જરૂર ભગવાન હતા તો પછી એવા જેના શિષ્યો હોય તે ભગવાન હોય તેમાં શું આશ્ચર્ય છે ?’’ એમ સમર્થ વિદ્વાનો પણ સ્વામીશ્રીના સહજ પ્રસંગમાં આવ્યા હોય તો તેમને ભગવાન જાણતા હતા તે પરમેશ્વરનું ધામ હોય તેમાં શું આશ્ચર્ય કહેવાય ?

સ્વામીશ્રીના સમાગમથી ઘણા ત્યાગીઓ તથા સત્સંગીઓની સમજણ પક્વ થયેલી ને તેમના પૂર્વના અંગ ફરી ગયેલા તેમાંના કેટલાકને તો સ્વામીશ્રીના પ્રતાપથી સાક્ષાત્ બ્રહ્મરૂપ પોતાની આત્મા, ને તેમાં અનંતમુક્તોએ સહિત રહેલા પુરુષોત્તમનારાયણના દર્શન થાતાં. તેમના નામ અત્રે સંક્ષેપે કરીને જણાવીએ છીએ. ચૈતન્યાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, બાળમુકુંદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, દયાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, જયાનંદ સ્વામી, તપસાનંદ સ્વામી, વિધાત્રાનંદસ્વામી, મોટા જ્ઞાનાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, શ્રીધરાનંદ સ્વામી, સર્વનિવાસાનંદસ્વામી, વિજ્ઞાનદાસજી, ઘનશ્યામદાસજી, કેશવદાસજી, શાસ્ત્રી માધવદાસજી, મહાપુરુષદાસજી તથા નિર્ગુણદાસજી વગેરે હજારો સંતો અને દાદા ખાચર, હરજી ઠક્કર, દામોદરભાઈ, નરસિંહભાઈ, લક્ષ્મીરામભાઈ આદિક અનેક હરિભક્તો સ્વામીશ્રીના સમાગમથી શ્રીહરિની સર્વોપરિ સમજણને પામીને સુખી થયા છે.

શ્રીજીમહારાજ આ લોકમાંથી અંતર્ધાન થયા બાદ સ્વામીશ્રીએ લગભગ બાવીશ વર્ષ સુધી આ લોકમાં રહી સત્સંગને પોષણ આપ્યું, ત્યાગી, ગૃહી, દેવ, આચાર્ય અને શાસ્ત્ર વગેરેની શ્રીહરિની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ થાય તેવી મર્યાદાઓ બાંધી, ધર્મ નિયમની પ્રવૃત્તિ કરી અને શ્રીહરિનું સચોટ સર્વોપરિપણું યથાશાસ્ત્ર પ્રવર્તાવ્યું. પછી સંવત ૧૯૦૬માં પોતે સ્વધામ જવા તૈયાર થયા પણ મૂળ અક્ષરમૂર્તિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની પ્રાર્થનાથી શ્રીજીએ આ લોકમાં બે વર્ષ વધારે રાખ્યા એટલે સંવત ૧૯૦૮ના વૈશાખ વદ ૫ પાંચમને દિવસે ૭૧ વર્ષ, ૩ માસ અને ૧૨ દિવસનું આયુષ્ય ભોગવી ભૌતિક શરીરનો ત્યાગ કરી પોતાના પૂર્વ રૂપે થઈ ગયા ને પુરુષોત્તમનારાયણની અખંડ સેવામાં જઈ રહ્યા.

સ્વામીશ્રીના ચરિત્રો પણ શ્રીજીની પેઠે અનંત અપાર છે જેનું યથાર્થ વર્ણન થઈ શકે નહિ તેથી જેમ જેની પાંખમાં જેટલું બળ તેટલું તે આકાશમાં ગતિ કરી શકે તેમ ગરૂડ જેવા સ્વામી નિર્ગુણદાસજી વગેરે ઘણા સંત હરિજનો સ્વામીશ્રીનો અપાર મહિમા કહી ગયા છે તેમાંથી અહીં અમે યથામતિ અને યથાશક્તિ લઈ સંક્ષેપમાં વર્ણન કરેલ છે તેથી સારગ્રાહી સંત હરિજનો વાંચી રાજી થાય એ જ અભ્યર્થના.

પ્રબોધિની ૧૧
સંવત ૧૯૯૪

લિ. સેવક
**બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદ**
જૂનાગઢ

## મૂલાક્ષરસ્વરૂપ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામિનઃ સ્તોત્રમ્

**યત્પરબ્રહ્મણો ધામ યસ્યાત્મા ચ પરં બૃહત્ ।**
**નૌમિવેદાન્તવિદ્વેદ્યં ગોપાળાનન્દસંજ્ઞિતમ્ ॥ ૧ ॥**

જે પરબ્રહ્મના તેજરૂપ છે, જેના આત્મા પરબ્રહ્મ છે - જે પરબ્રહ્મના શરીરરૂપ છે જે વેદાન્તશાસ્ત્રને જાણનારાઓથી જ જાણી શકાય એવા છે તે ગોપાળાનંદ નામના મુનિને હું નમસ્કાર કરું છું. (૧)

**ડયન્તે યદ્રોમકૂપે બ્રહ્માણડાનાં તુ કોટયઃ ।**
**નમામ્યેતદ્‌બૃહદ્રૂપં ગોપાલાનન્દસંજ્ઞિતમ્ ॥ ૨ ॥**

જેના એક એવા રૂંવાડે અનંતકોટિ બ્રહ્માંડ ઉડતાં ફરે છે તે બ્રહ્મરૂપ ગોપાળાનંદ નામના મુનિને હું નમસ્કાર કરું છું. (૨)

**ચરાચરેષુ સર્વત્ર યત્પ્રકાશિતયા સ્થિતમ્ ।**
**સર્વાત્માનં નમામ્યેનં ગોપાલાનન્દ સંજ્ઞિતમ્ ॥ ૩ ॥**

સ્થાવરજંગમ સર્વ જંગતને વિષે જે વ્યાપીને સર્વના આત્મારૂપે રહેલ છે તે ગોપાળાનંદનામના મુનિને હું નમસ્કાર કરું છું. (૩)

**યોગાભ્યાસં નિતાન્તં કલિતસુ નિગમાદિશ્રુતાર્થ કૃતાર્થમ્ ।**
**પ્રીત્યૈ શ્રીધર્મસૂનોર્વિદધતમનિશં સ્વામિનારાયણસ્ય ।**
**રક્ષિત્વૈકાન્તધર્મં પ્રતિહૃતજનતાજ્ઞાનસંજ્ઞાન્ધકારમ્ ।**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૧ ॥**

સર્વદા એકાંતિક ધર્મનું પાલન કરીને ધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતા માટે નિરંતર અષ્ટાંગયોગનો અભ્યાસ કરનારા, વેદાદિક શાસ્ત્રના અર્થને સારી રીતે જાગનારા અને એથી પોતાને કૃતાર્થ માનનારા તથા મનુષ્યોના અજ્ઞાનરૂપી અંધારાને હરનારા, સર્વથા નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના સદ્‌ગુરુને હું નિત્યે નમસ્કાર કરું છું. (૧)

**યોસાવાત્માવલોકે જનિસમમમયં પૂર્વસંસ્કારભૂમ્ના**
**સિદ્ધિં પ્રાપ્તો ભવાબ્ધિં પ્રભવતિ મનુતો યસ્ય તર્તું પ્રસાદાત્ ॥ ૨ ॥**

**યસ્ત્રય્યન્તપ્રસિદ્ધં ભજતિ હિ સહજાનન્દપાદારવિન્દમ્ ।**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૨ ॥**

જે પૂર્વના પ્રબળ સંસ્કારને લીધે જન્મસમયથી જ પોતાનો આત્મા જોવાની સિદ્ધિને પામેલા હતા, જેની મહેરબાનીથી માણસ સંસારસમુદ્રને તરવા સમર્થ થતો હતો અને જે ઉપનિષદોમાં પ્રસિદ્ધ એવા સહજાનંદસ્વામીના ચરણારવિંદને ભજતા હતા તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના સદ્‌ગુરુને હું નિત્યે નમસ્કાર કરું છું. (૨)

**ઉગ્રાનાવૃષ્ટિપીડાં ક્વચનજનપદે સંપ્રવૃદ્ધાં ચિરાદ્યો ।**
**યોગૈશ્વર્યપ્રભાવાત્સપદિ સમધિકોદ્‌ભૂતવૃષ્ટિપ્રપાતૈઃ ।**
**સર્વાંશેનાપનીય વ્યતનુતસકલપ્રાણિવર્ગસ્ય શાન્તિમ્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૩ ॥**

કોઈ વખત દેશમાં લાંબા વખતથી વરસાદ ન થવાથી વૃદ્ધિ પામતી દુષ્કાળની પીડાને જેમણે પોતાના યોગ ઐશ્વર્યના પ્રતાપ વડે ઘણીક વૃષ્ટિ કરી સર્વ પ્રકારે તે પીડાને નાશ પમાડીને સર્વ પ્રાણીઓને અત્યંત શાંતિ કરી આપી હતી તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના સદ્‌ગુરુને હું હંમેશાં નમસ્કાર કરું છું. (૩)

**પ્રત્યગ્જ્યોતિઃ પ્રકાશપ્રસરણનિહતાવિધકધ્વાન્તભાસ્વદ્-**
**હૃદ્યોમવ્યક્તસર્વાન્તરનિરતિશયાનન્દ દિવ્યસ્વરૂપઃ ।**
**શ્રીભદ્ધર્માત્મજેઽસ્મિન્‌વિધૃતનરતનૌ પ્રીતિમાન્યો નિતાન્તમ્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૪ ॥**

પ્રત્યક્ આત્માના પ્રકાશના કિરણોથી હણાયેલું જે અવિદ્યારૂપી અંધારું તેથી પ્રકાશમાન થયેલા હૃદાકાશને વિષે વ્યક્ત થયેલ છે સર્વના અંતરાત્મા અને સદા આનંદમય પરમાત્માનું દિવ્ય સ્વરૂપ જેને એવા છે તથા જે દેહધારી શ્રીમદ્ધર્મના પુત્ર શ્રીહરિને વિષે અતિશે પ્રીતિવાળા છે તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૪)

**વેદાન્તજ્ઞાનવન્તઃ સકલપસ્તરં યદ્વદન્ત્યક્ષરં સત્ ।**
**મૂલાવિદ્યાન્ધકારવિરહિતમતયો યદ્વિશન્ત્યેવ સન્તઃ ।**
**યત્પ્રાપ્ત્યૈ ત્યક્તગેહા બહવ ઇહ તપો દુશ્ચરં સંચરન્તિ**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૫ ॥**

વેદાન્તશાસ્ત્રના જ્ઞાનવાળા પુરુષો જેને સર્વથી પર અને સચ્ચિદાનંદરૂપ અક્ષરબ્રહ્મ કહે છે, મૂળ અવિદ્યાના અંધકાર રહિત બુદ્ધિવાળા સત્પુરુષો જેમાં પ્રવેશ કરે છે, જેની પ્રાપ્તિને માટે ઘર કુટુંબ તજી ઘણા પુરુષો દુષ્કર તપ કરે છે તે બ્રહ્મરૂપ, નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૫)

**યસ્યાતિપ્રેમરજ્વા વ્યવધૃતચરણઃ શ્રીહરિધર્મપુત્રો ।**
**યત્કિંચિત્કાર્યમાત્રે ક્વચિત્રદપિ નહિ યાત્યેવ યસ્માત્પૃયક્ત્વમ્ ।**
**ભૂમિ ર્ગન્ધેન યદ્વદ્ વૃસતનુષા તેન સંમ્બધમાપ્તમ્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૬ ॥**

જેમના પ્રેમરૂપી દોરડીથી બંધાયેલાં છે ચરણકમળ જેનાં એવા ધર્મના પુત્ર શ્રીહરિ કોઈ પણ કાર્યમાં જેનાથી જુદાપણાને પામતા નથી એવી રીતે જે પૃથ્વી અને ગંધની પેઠે તે ધર્મપુત્ર શ્રીહરિની સાથે નિત્ય સંબંધને પામેલા છે તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૬)

**યોદ્રાક્ષીદક્ષરાખ્યે સિતઘનમહસાં મંડલે મેઘનીલમ્**
**નાનાલંકારયુક્તં વિલસિતવસનં મુક્તવૃન્દૈશ્ચ જુષ્ટમ્**
**માતુર્ગર્ભાગતેઃ પ્રાગપિનિજસુહૃદં સચ્ચિદાનન્દરૂપમ્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘંનૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૭ ॥**

જે ગોપાળાનંદ મુનિ આલોકમાં માતાના ગર્ભમાં આવ્યા પહેલાં પણ ધોળાં અને ઘાટા પ્રકાશના મંડળરૂપ અક્ષરધામને વિષે મેઘના સરખા શ્યામ, નાના પ્રકારના ઘરેણાવાળા, સુંદર વસ્ત્રવાળા, મુક્તોનાં મંડળોએ સેવેલા અને સચ્ચિદાનંદરૂપ પોતાના સ્નેહી શ્રીહરિને નિરંતર દેખતા હતા તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૭)

**શુદ્ધે યસ્યાન્તરાત્મન્યમર પ્રિયગુણા માયિકાર્થાઃ કદાચિત્**
**નો શેકુઃ સંપ્રવેષ્ટુમિવ પવનસખે જ્ઞાનગર્ભે પતઙ્ગઃ ।**
**મૂલાજ્ઞાનાભિધાનાન્ધતમસહરણે ભાનુમાનિવ સાક્ષાત્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યંશરણ્યમ્ ॥ ૮ ॥**

જેના જ્ઞાનમય શુદ્ધ અંતરાત્માને વિષે, દેવતાઓને પણ પ્રિય ગુણવાળા માયિક વિષયો, અગ્નિમાં પતંગોની પેઠે પ્રવેશ કરી શકતા નહિ જે મૂળ અજ્ઞાનરૂપ અંધારું હરવામાં સાક્ષાત્ સૂર્ય સમાન હતા તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ નામના મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૮)

**યત્સર્સર્ગાજ્જનાનાં પરતરમહિમજ્ઞાનમાસીત્સતત્ત્વમ્**
**યેનોદ્ભૂયેત ભક્તિ ર્ભગવતિ સુખદા સ્વામિનારાયણાખ્યે ।**
**તાદૃગ્ભક્તા હિ જાતા બહ્વ ઈહ જનાયત્પ્રતાપાન્મહાન્તમ્**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૯ ॥**

જેના સમાગમથી મનુષ્યોને તત્ત્વે સહિત ઉત્તમ જ્ઞાન થયું હતું કે જે જ્ઞાનથી સ્વામિનારાયણ ભગવાનને વિષે સુખકારક ભક્તિ ઉત્પન્ન થાય, એવા ઘણાક ભક્તો જેના પ્રતાપથી આલોકમાં થયા હતા તે નિર્દોષ મહાત્મા અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૯)

**યસ્મૈ શ્રીસ્વામિનારાયણ મુનિપતિના સંપ્રદાયે મહત્તા**
**દત્તા યેનાત્મીયાનાં ગુરુમુનિગૃહિણા માત્મતુલ્યા સમન્તાત્**
**મર્યાદા યેન બદ્ધા સકલજનસુખાયૈવ સદ્ધર્મગોત્રી**
**ગોપાલાનન્દર્સજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યં શરણ્યમ્ ॥ ૧૦ ॥**

જેને મુનિઓના પતિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયને વિષે આચાર્ય, ત્યાગી અને ગૃહસ્થોની પોતા સમાન મોટાઈ આપેલી છે, તેથી જેણે માણસોના સુખને માટે સંપ્રદાયમાં સદ્ધર્મનું રક્ષણ કરનારી મર્યાદા બાંધી છે તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૧૦)

**ભૂયાંસો ભૂમિપાલા હરિમનનપરા યત્કૃપાદક્પ્રપાતાત્**
**સંજાતાશ્ચાપિહીના બહવ ઈહ જના નિર્ધનત્વાદિદુઃખૈઃ ।**

**યેનાદર્શિ પ્રતાપો પવનસુતમુખા દેવતાઃ સ્થાપયિત્વા**
**ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘં નૌમિ નિત્યંશરણ્યમ્ ॥ ૧૧ ॥**

જેની કૃપાદૃષ્ટિ પડવાથી આલોકમાં ઘણાક રાજાઓ પણ ભગવાનનું મનન કરનારા થયા તથા ઘણાક મનુષ્યો જેની કૃપાદૃષ્ટિથી નિર્ધનપણા આદિક દુઃખોથી રહિત થયા અને જેમણે હનુમાનજી વગેરે દેવો પધરાવીને પોતાનો મહાપ્રતાપ જગતને બતાવેલો છે તે નિર્દોષ અને રક્ષણ કરવામાં કુશળ એવા ગોપાળાનંદ મુનિને હું નિત્યે નમસ્કાર કરું છું. (૧૧)

**ઈત્યેતત્સ્તોત્રં મયા યત્પ્રસાદાત્**
**સ્મૃત્વા કિંચિત્તદ્‌ગુણાનેવ પ્રોક્તમ્ ।**
**દદ્યાદેતન્મહ્યમેકાન્ત ધર્મમ્**
**ગોપાલાનન્દાહ્વયં બ્રહ્મ મૂલમ્ ॥ ૧૨ ॥**

એવી રીતે આ સ્તોત્ર મેં (બાલકૃષ્ણાનંદ વર્ણીએ) ગોપાળાનંદ સ્વામીના કિંચિત્ ગુણોનું સ્મરણ કરીને ફક્ત તેમની કૃપાથી જ કરેલું છે તે મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ મુનિ મને એકાંતિક ધર્મ આપો. (૧૨)

## મંગળાચરણ

આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્ત જનને દીલે ધરીને દયા,
કીધાં ચારૂ ચરિત્ર ગાન કરવા જેણે કરૂણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરિ શ્રીહરિ. ૧

જેના રોમ સુછિદ્રમાં અણુસમ બ્રહ્માંડ કોટિ ફરે,
જે વ્યાપી જડ, જીવ, ઈશ્વર મહીં રે છે પ્રકાશીપણે,
જે નારાયણ મૂર્તિમાં મળી રહી સાથે રહે નેમથી,
તે ગોપળ મુનિન્દ્રના ચરણમાં નિત્યે નમું પ્રેમથી. ૨

# અનાદિ મૂળઅક્ષર સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો.

## પ્રકરણ પહેલું

## ભગવાનનો મહિમા સમજવાની રીત

પ્રથમ તો સર્વે સંકલ્પને પડ્યા મુકીને એકાગ્ર ચિત્ત થઈને શ્રીજીમહારાજ પુરુષોત્તમને સંભારીને એમ ધારવું જે સ્વામી વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ, એમ સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતા જાવું ને કહ્યું છે તેમ સમજીને વર્તવું.

યોગાભ્યાસં નિતાન્તં કલિતસુનિગમાદિશ્રુતાર્થં કૃતાર્થમ્ ।
પ્રીત્યૈ શ્રીધર્મસૂનોર્વિદધતમનિશં સ્વામિનારાયણસ્ય ॥
ગોપાલાનન્દસંજ્ઞં મુનિવરમનઘે રક્ષિતૈકાંતધર્મમ્ ।
વન્દે નિત્યં શરણ્યં પ્રતિહૃતજનતાજ્ઞાનસંજ્ઞાન્ધકારમ્ ॥ ૧ ॥

અને સ્વામીએ શ્રીહરિજીના મહિમાની વાત કરી જે જેમ સોનામહોર મૂકી હોય ને તેને બે પડખે બે કાંકરા મુક્યા હોય તે એક ધોળો ને એક કાળો હોય ત્યારે તે સોનામહોરને મુકીને બે કાંકરામાં મન લોભાય નહિ, તેમ શ્રીહરિજીનો મહિમા સત્પુરુષને સંગે કરીને યથાર્થ સમજાણો હોય તથા આત્મારૂપે વર્તતો હોય તે માયિકભાવને વિષે સુખબુદ્ધિયે કરીને બંધાય નહિ ને તે નાશવંતને દુઃખ રૂપ જ જણાયા કરે ॥ ૧ ॥

અને સ્વામીએ એમ વાર્તા કરી જે લોભ, કામ, રસાસ્વાદ એ આદિક જે પોતામાં સ્વભાવ હોય તેને ઓળખીને મુકી દીયે તોજ તે ટળે, ને વાર્તાયે કરીને પ્રકૃતિ ફરે છે તો ખરી પણ સ્વભાવ પ્રમાણે ફરે છે, જેમ પાણી પાઈએ ત્યારે જેવું બીજ હોય તેવો તેમાં ગુણ આવે છે તેમ ॥ ૨ ॥

અને જેને પુરુષોત્તમ ભગવાન મળ્યા હોય તેને કોઈક કસર ટાળવાને અર્થે જન્મ ધરવો પડે તો પણ એના જીવમાંથી તે જ્ઞાન જાય નહિ. ને કોઈક ઉપરથી ત્યાગી જેવો જણાય પણ માંહી બળ ન હોય. ને કોઈક ઉપરથી તો ન જણાય પણ માહી બળિયો બહુ હોય તે જેમ જેમ સત્સંગ કરતો જાય તેમ તેમ વધતો જાય. ॥ ૩ ॥

અને જ્યાં સુધી પંચવિષયમાં પ્રીતિ છે ત્યાં સુધી રૂપૈયા, પૈસા તથા સેવક આદિકમાંથી પ્રીતિ નિસરે નહિ. ॥ ૪ ॥

અને સ્ત્રી થકી કાળી નાગણીની પેઠે બીવું ને મિષ્ટભોજન થકી દેહાભિમાની જનના સંગની પેઠે પીવું. ને જનસંસાદિ તથા સભાના ડોળમાં મળવું નહિ ને પ્રીતિયે રહિત રહેવું તથા પુરંજનની બુદ્ધિનો ફેલાવ ન કરવો. ને વિસ્તાર સંકેલવો. ॥ ૫ ॥

અને જે પંચવિષય છે તે જીવને મુક્ત થાવા દેતા નથી ને બદ્ધ ને બદ્ધ રાખે છે, માટે તેને જીત્યા વિના મુક્ત થવાય નહિ. ॥ ૬ ॥

અને આત્મજ્ઞાન તથા વૈરાગ્યાદિક સર્વે સાધન છે તે માહાત્મ્યે સહિત જે ભક્તિ તેને અર્થે છે. ને ત્યાગ તો તેનું નામ જે ઇન્દ્રલોકને પામીને પણ બંધાય નહિ. ને પાછો નિસરી આવે તેને કહીએ અને શુભ કર્મને અર્થે યત્ન કરે પણ ન બની આવે તો હર્ષ શોક ન કરે. ॥ ૭ ॥

અને જે પૂર્ણપુરુષોત્તમનો અવતાર જીવના કલ્યાણને અર્થે દયાયે કરીને થાય છે તેમનું સામર્થ્ય, વાર્તા તથા ભક્ત ઇત્યાદિક સર્વે તે બીજા જે આવિર્ભાવ તે થકી વિલક્ષણ હોય છે તે ઉત્તમ મુમુક્ષુના જાણવામાં આવે છે. ॥ ૮ ॥

અને શ્રીહરિજીનો મહિમા એમ સમજવો જે જેની બીકે કરીને સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, ઇન્દ્ર, સમુદ્ર તથા કાળાદિક સર્વે થરથર કંપ્યા કરે છે, એવા શ્રીહરિજીના આ સંત છે. એવો મહિમા અંતઃકરણમાં સદાય વરત્યા કરે તો માન ન આવે. તથા જડભરત, નારદ, શુકાદિકના માર્ગમાં રહ્યા છીએ એમ સમજે તો પણ માન ન આવે ને લોભ કામાદિકના સ્વાર્થને અર્થે પણ સર્વ મનુષ્ય માનને મુકી દીયે છે તો કલ્યાણને અર્થે માનને મુકી દીયે એમાં શું કહેવું ! ॥ ૯ ॥

અને જડભરતને જ્ઞાન રહ્યું ને જયવિજયને કેમ ન રહ્યું ? એ પ્રશ્ન. તેનો ઉત્તર જે જયવિજયની મતિ શાપિત હતી માટે તેને જન્માંતરને વિષે જ્ઞાન ન રહ્યું. ને જડભરતની નહોતી માટે તેને જ્ઞાન જન્માંતરને વિષે પણ રહ્યું. ॥૧૦॥

અને વિષયને અસત્ય જાણીએ છીએ પણ તેનું તુચ્છપણું કેમ થાતું નથી ? તેનું તો એમ છે જે સાંભળીને ભુલી જવાય છે ને સાંભળીને કહી દેખાડે છે પણ શ્રવણ મનન ને નિદિધ્યાસ કરીને સાક્ષાત્કાર કરતો નથી ને સાક્ષાત્કાર

કરે તો વિષય તુચ્છ થઈ જાય, તે સાક્ષાત્કાર તો એમ થાય જે નિત્ય પ્રલયાદિકને વારંવાર શ્રદ્ધાયે સોતો મન દઈને કહે, સાંભળે ને વિચારે તો થાય. ॥ ૧૧ ॥

અને ગોલોક, વૈકુંઠ તથા બ્રહ્મપુરને વિષે જેવા ઐશ્વર્ય, પાર્ષદ તથા શક્તિયે જુક્ત શ્રીજીમહારાજ છે તેવાને તેવા જ પૃથ્વીને વિષે છે. ને જેવા પૃથ્વીને વિષે છે તેવા ને તેવા જ બ્રહ્મપુરને વિષે છે. એવી રીતે મનુષ્યભાવ અને દિવ્યભાવને વિશ્વાસે સહિત યથાર્થપણે સત્પુરુષને સંગે કરીને શિખવો ને પોતાના જીવાત્માને અક્ષર સંગાથે એક કરવો, અને જેમ પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ. તેમ જેટલી સમજવામાં કાચય રહેશે તેટલી તો દેહ મુક્યા પછી પણ નડશે એ વાત સત્ય છે. ॥ ૧૨ ॥

અને જેમ ઔષધને લઢી લઢીને અતિશે ઝીણું કર્યું હોય તો આંખમાં નાખે તો પણ ખટકે નહિ. તેમ સત્પુરુષને સંગે કરીને ધર્મ જ્ઞાન શિખીને સત્સંગની સમજણ પક્વ કરી હોય તો દેશકાળાદિકે કરીને પણ મતિ કરે નહિ. ॥ ૧૩ ॥

અને મુક્તબુદ્ધિ શિખવી તે શી ? તો જે બુદ્ધિયે કરીને પંચવિષયને વિષે બંધાવાય નહિ તેને મુક્તબુદ્ધિ કહીએ ॥ ૧૪ ॥

અને વૈરાગ્ય ઉપજયાનો શો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીહરિજીનું માહાત્મ્ય અને આત્મનિષ્ઠા એ બે ઉપાય છે. એ બેની પક્વતામાંથી જે વૈરાગ્ય ઉપજે છે તે જ્ઞાનાંશ થકી ઉપજયો કહેવાય છે, ને તેનો અસત્ય દેશકાળાદિકે કરીને પણ નાશ નથી. ॥ ૧૫ ॥

અને કસર માત્ર ટાળ્યાનો એક ઉપાય એવો કીયો જબરો છે ? એ પ્રશ્નનો ઉત્તર જે મહત્પુરુષનો સર્વ પ્રકારે વિશ્વાસ રાખીને સમાગમ કરવો. એક એ ઉપાય અતિશે બળવાન છે તે ભાગવતમાં કહ્યું છે જે :-

નૈષા મતિસ્તાવદુરુક્રમાંઘ્રિં સ્પૃશત્યનર્થાપગમો યદર્થઃ ।
મહીયસાં પાદરજોઽભિષેકં નિષ્કિંચનાનાં ન વૃણીતયાવત્ ॥ ૧૬ ॥

અને શ્રીહરિજી મહારાજની પ્રાપ્તિ થઈ એ તો બહુ મોટું કામ થયું છે. પણ લોભ કામાદિક અંતર શત્રુ જ્યાં સુધી રહ્યા છે ત્યાં સુધી તે શ્રીહરિજીને વિષે પણ દોષ પરઠે છે. માટે સત્પુરુષનો સમાગમ કરીને દેહાભિમાનરૂપ દોષને ટાળીને ધર્મજ્ઞાનાદિક શિખીને એકાંતિક ભક્ત થાવું. ॥ ૧૭ ॥

અને વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે જે મુક્તાનંદસ્વામી જેવા પંચવિષયની આસક્તિને ખોદવા માંડે તો જેને વિષયને વિષે આસક્તિ હોય

તે મુક્તાનંદસ્વામી જેવાનું પણ માથું કાપવાને તૈયાર થાય છે, માટે અંતર શત્રુને ટાળવાનો ઉપાય શિખવો. ॥ ૧૮ ॥

અને સત્પુરુષને સંગે કરીને જીવ સુખિયો થઈ જાય છે, માટે સત્પુરુષનાં લક્ષણ શાસ્ત્રમાંથી સમજીને તથા તેમની મોટપ વચનામૃત આદિક શાસ્ત્રમાંથી શિખીને વિચારીને તેમની અનુવૃત્તિમાં મન કર્મ વચને વર્તવું. તે કહ્યું છે જે ઉત્તમને સેવવા તથા શ્રેષ્ઠ થાવાની ઈચ્છા રાખવી. ને સત્શાસ્ત્રનો સિદ્ધાંત તથા મહત્પુરુષનો સિદ્ધાંત એ બેયને મેળવવા. જો બેયનો એક સિદ્ધાંત થાય તો મહત્પુરુષનો વિશ્વાસ પૂર્વક સંગ કરવો. ને વેગવાન થાવું નહિ કેમકે વેગવાનને શાસ્ત્ર સમજાતું નથી. ॥ ૧૯ ॥

અને ઉપાસનાયે કરીને કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના નિર્વાસનિક થઈને શ્રીહરિજીના એકાંતિક ભક્ત થવાતું નથી. તે ત્રણ અંગનાં નામ જે, દાસત્વ, આત્મનિષ્ઠા ને પતિવ્રતાપણું, એ ત્રણ અંગ પક્વ કરે તો આત્યંતિક કલ્યાણ થાય છે. ને તૃષ્ણા રૂપી ડબી નાશ પામે છે. નહિ તો ગોરખ જે જીવ તેની તૃષ્ણારૂપી ડબી તે કોઈકાળે ભરાય નહિ. ॥ ૨૦ ॥

અને મચ્છર ને ગરુડજી તથા પતંગિયા ને મહા અગ્નિ પર્યંત મુક્તના ભેદ કહ્યા છે ને વાલખિલ્ય ઋષિ જેવા મુક્ત તો પૃથ્વી આદિક અનેક સ્થાનકને વિષે બંધાઈ રહ્યા છે એ પણ મુક્તના ભેદ છે. ॥ ૨૧ ॥

અને ઈન્દ્રિયું, અંતઃકરણને જીવમાં નિશ્ચયની વાર્તા કરી તથા ઈન્દ્રિયું, અંતઃકરણ ને જીવમાં જ્ઞાનની વાર્તા કરી તથા ચાર પ્રકારની માયા જીત્યાની વાર્તા કરી જે જીવની, ઈશ્વરની, પ્રધાનપુરુષની ને મૂળપુરુષની એ માયા જીતે તો :-

દેહેન્દ્રિયાસુહીનાનાં વૈકુંઠપુરવાસિનામ્ ।
દેહસંબંધસંબદ્ધમેતદાખ્યાતુમર્હસિ ॥
ત્વમકરણઃ સ્વરાડખિલકારકશક્તિધરઃ ।
તવબલિમુદ્વહન્તિ સમદન્ત્યજયાનિમિષાઃ ॥
વર્ષભુજોડખિલક્ષિતિપતેરિવ વિશ્વસૃજઃ ।
વિદધતિ યત્ર યે ત્વધિકૃતા ભવતશ્ચકિતાઃ ॥

આ બે શ્લોકમાં કહ્યા છે તેવા સમર્થ મુક્ત થવાય છે ને એ બેય શ્લોકનો અર્થ તો સત્પુરુષ યથાર્થ જાણે છે. ॥ ૨૨ ॥

અને ધ્યાન કરનારા યોગીને કઈ અવસ્થા પ્રથમ લીન થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે સ્થૂળદેહને વિષે શ્રીહરિજીનું ધ્યાન કરે તો પ્રથમ સ્થૂળનો નાશ થાય છે ને પછી સૂક્ષ્મનો ને કારણનો નાશ થાય છે. એ જ રીતે સૂક્ષ્મનું ને કારણનું સમજવું. ત્યાં દૃષ્ટાંત જે જેમ વૃક્ષનાં ડાળાં પાંદડાં વારમવાર કાપ્યા કરે તો મધ્ય થડીયું હળવે હળવે સુકાઈ જાય છે ને થડમાંથી કાપી નાખે તો થડ તથા ડાળખાં સુકાઈ જાય છે ને મૂળમાંથી કાપી નાખે તો મધ્ય તથા ડાળાં સુકાઈ જાય છે તેમ અવસ્થાનું જાણવું. ॥ ૨૩ ॥

અને શ્રીહરિજીની કથા વાર્તાનું શ્રવણ કરીને મનન તથા નિદિધ્યાસ કર્યાનો અભ્યાસ અતિશે રાખવો ને ગમે તેવી મોટપને પામ્યો હોય તો પણ અધિક અધિક સમસ્યાની દૃષ્ટિ હોય તો તે કોઈ ઐશ્વર્યમાં બંધાય નહિ ને મોટાઈ બહુ આવે. ॥ ૨૪ ॥

અને જીવનમુક્ત, વિદેહમુક્ત તથા કૈવલ્યમુક્તના ભેદ કહ્યા છે તે મધ્યે કૈવલ્યમુક્તની સ્થિતિ કહીએ જે, જેમ પૃથ્વી જળમાં રહી છે ને બાહેર જણાય છે તો પણ જળમાં જ છે, તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ રહે છે તે કહ્યું છે જે : અક્ષરમસ્યશરીરમ્ ॥ ૨૫ ॥

અને ઇન્દ્રિયું અંતઃકરણની ક્રિયા થકી જીવની ક્રિયા પ્રથક સમજતાં આવડે તો સર્પની કાંચળીની પેઠે દેહાદિક ભાવ થકી જીવ જે તે અલ્પકાળમાં જુદો પડી જાય ને શ્રીહરિજી મહારાજની મરજી જાણ્યામાં આવે. જેમ સાબરમતી નદીમાં સમુદ્રની વેળ આવે છે ત્યારે તે ખારી થઈ જાય છે. ને વેળ જ્યારે પાછી વળે છે ત્યારે મીઠી થાય છે. તેમ શ્રીહરિના ભક્તને વિષે ધર્મ-અધર્મ સર્ગ રહે છે. ને જેમ તલને ફૂલમાં વસાવીને ઘાણીમાં પીલે છે તે ફુલેલ થાય છે પણ તેલ થાતું નથી. તેમ લોભ કામાદિક અધર્મ સર્ગને ધર્મામૃત પ્રમાણે વરતીને જીતે તો શુદ્ધ એકાંતિક ભક્ત થાય છે. ॥ ૨૬ ॥

અને ઇન્દ્રિયું અંતઃકરણ દેવતા અને જીવ એ સર્વે જે તે જેમ નેત્રમાં સૂર્યની આવ્યા ગયાની ગતિને જાણતાં નથી તેમ અક્ષરાદિક સર્વે મુક્ત પુરુષોત્તમની ગતિને નથી જાણતા. ॥ ૨૭ ॥

અને જેમ ચંદ્રમા રાહુએ ગૃહ્યો થકો ઉગે છે ને આથમે છે, તેમ હરિભક્ત હરિકથાનું શ્રવણ મનનાદિક સર્વે ક્રિયા કરે છે, તે દેહાભિમાનરૂપ રાહુએ ગૃહ્યા

થકા કરે છે, માટે વિવેકે કરીને કરવું તે વિવેક વચનામૃતમાં કહ્યો છે જે નાહી ધોઈને પૂજા કરવી. ॥ ૨૮ ॥

અને વરુણના પુત્રે વરુણને પૂછ્યું જે ''હે પિતાજી ! બ્રહ્મ કહો'' ત્યારે તે બોલ્યા જે ''પૃથ્વી બ્રહ્મ'' પછી પુત્રે પૃથ્વીના અંતને પામીને ફરી પૂછ્યું જે ''હે પિતાજી ! બ્રહ્મ કહો'' ત્યારે વરુણ બોલ્યા જે ''સૂર્યબ્રહ્મ'' ત્યારે તે સૂર્યના અંતને પામીને ફરી એ પ્રમાણે પૂછતો ગયો ને વરુણ બ્રહ્મ કહેતા ગયા તે અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ, પ્રધાનપુરુષ પ્રકૃતિ ને મૂળપુરુષ સુધી બ્રહ્મ કહ્યું ત્યારે ફરીને તેણે પૂછ્યું જે ''બ્રહ્મ કહો'' ત્યારે વરુણદેવે કહ્યું જે ''અતિ પ્રશ્ન પૂછીશ તો તારું માથું પડી જાશે'' માટે યથાર્થ જ્ઞાન તો પુરુષોત્તમ શ્રીહરિ જ્યારે દયાયે કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે ત્યારે મનુષ્યને સર્વે રહસ્ય વાર્તા જાણ્યામાં આવે છે એમ મર્મ પ્રશ્નના ઉત્તરમાં છે. ॥ ૨૯ ॥

અને શ્રીહરિજીમહારાજ બોલ્યા જે ''આ સચ્ચિદાનંદ સ્વામી જેવા ભક્ત સારું બ્રહ્માંડનો નાશ થઈ જાય તો પણ પરમેશ્વરને ખટકે નહિ'' તે ઉપર સ્વામીએ દૃષ્ટાંત દઈને વાત કરી જે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સાથે લઈ શતધન્વાને જીતવા ગયા ને દિગ્વિજયમાં એ જીતાણો નહોતો ને એ જાદવ માહીલો નહિ પણ ભક્ત ભારે હતો. પછી અર્જુન અને શતધન્વાનું યુદ્ધ થવા લાગ્યું ત્યારે શતધન્વા કહે જે ''જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી જો બીજા દેવ માત્રની પ્રતીતિ મારા અંતરમાં ન થઈ હોય તો આ બાણે કરીને અર્જુનનું માથું પડી જાઓ'' એ રીતે બાણમાં પ્રયોગ કર્યો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે જે ''મેં રામાવતાર ધારીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનાં બાણ એનાં બાણને કાપી નાખો'' ત્યારે ફરીને શતધન્વા કહે જે ''જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી મંત્ર જંત્ર, કામણ ટુમણ, જડી બુટ્ટી, ઋદ્ધિ સિદ્ધિ આદિકની પ્રતીતિ લેશ માત્ર ન થઈ હોય તો આ બાણ અર્જુનનું માથું કાપી નાખો'' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે ''મેં વરાહાદિક અવતારે કરીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનાં બાણ એનાં બાણને કાપી નાખો'' ત્યારે ફરીને શતધન્વા કહે જે ''જે દિવસથી શ્રીકૃષ્ણદેવ મળ્યા છે તે દિવસથી જો સ્ત્રી માત્રનો સંકલ્પ ન થયો હોય તો આ મારું બાણ અર્જુનનું માથું કાપી નાખો'' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા જે ''મેં ગોપીયું સંગાથે રાસક્રીડા કરીને જો નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત રાખ્યું હોય

તો અર્જુનનું બાણ એના બાણને કાપીને એનું માથું કાપી નાખો'' ત્યારે તે બાણે તેમજ કર્યું પછી એનું માથું ગંગાજીમાં પધરાવવા જ્યારે બાણ લઈ જાતું હતું ત્યારે આકાશ માર્ગે એ ધડ રહિત જે મસ્તક તે કૃષ્ણ કૃષ્ણ કરતું જાતું હતું. એવું આશ્ચર્ય જોઈને શિવજીએ સ્તુતિ કરીને તે મસ્તકને માગી લીધું. એવો એ ભક્ત હતો તો પણ અર્જુન જેવો ન થયો. એવી રીતે હરિભક્તને વિષે પણ સરસ નરસપણું ઘણું છે. ॥ ૩૦ ॥

અને શ્રીજીમહારાજે કહ્યું છે જે ''અનવધિકાતિશય, નિરવદ્ય નિરંજન અને નિર્વિકારી સ્વરૂપ જાણવાને અર્થેઃ-

**॥ માયામયાકૃતિતમોઽશુભવાસનાનામ્ ॥**

એ શ્લોકના અર્થને સમજીને પોતાની બુદ્ધિને અતિશે શુદ્ધ કરવી ને જે ભાગવતી તનુ છે તે તો શુદ્ધસત્વમય છે ને જે સંકલ્પનો દેહ છે તે સ્થૂળદેવની પેઠે પડ્યો રહે છે ને બ્રહ્મમયતનું છે તે તો નિર્ગુણ છે ને ચૈતન્યનું બંધાય છે. ॥ ૩૧ ॥

અને દામોદરનું પ્રશ્ન જે 'વાતો કરતાં તો ડાહ્યા બહુ જણાય ને ક્યારેક તો જાણીયે કોઈએ સમઝતા નથી એ કેમ હશે ?'' તેનો ઉત્તર જે એ પ્રકૃતિ જીત્યા નથી. માટે પ્રકૃતિ જીતવી. ને જેણે પ્રકૃતિ જીતી હોય તેવી જેમ તેમ ન બોલાય. ને જેણે પ્રકૃતિ ન જીતી હોય તે બીજાને વાર્તા બહુ સારી કરે પણ જ્યારે પોતા ઉપર આવે ત્યારે કાંઈ ઠા રહે નહિ, ને માની પ્રકૃતિને જોગે કરીને તો પોતા થકી ધર્માદિકે કરિને શ્રેષ્ઠ હોય તો પણ તેની આગળ નમ્રભાવે વર્તાય નહિ ॥ ૩૨ ॥

અને આ દેહમાં ઉત્તમ રુચિ પક્વ કરે તો હવે જે દેહ આવશે તેમાં ઐશ્વર્ય, સામર્થિને તેજ બહુ આવશે, તે ઉત્તમ રુચિની વિગતે જે જીવથી લઈને પુરુષોત્તમ સુધી યથાર્થ સમજીને ઉત્તમ રુચિ રાખવી. ''તે કેમ સમજવું ?'' એ પ્રશ્ન. તેનો ઉત્તર જે જીવ તો મલિન રજ, તમ ને સત્વ તેણે કરીને જુક્ત વર્તે છે ને કર્મવશ છે ને જે જે યોનિમાં જાય છે ત્યાં તેવો થઈ જાય છે અને જે ઈશ્વર છે તે તો શુદ્ધસત્ત્વગુણમય જે દૃઢ ગ્રંથિ તેણે જુક્ત વર્તે છે, ને જે મૂળ પુરુષ છે તે તો ક્યારેક જુદા વર્તે છે ને ક્યારેક મિશ્રિતભાવે વર્તે છે પણ ચોખ્ખું જુદું વર્તાતું નથી. અને જે માયા છે તે જડચૈતન્યમય છે ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે તે ગીતામાં કહ્યું છે જે :-

પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્ ।
આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥

અને જે પુરુષોત્તમ છે તે તો અક્ષરાદિક સર્વેના નિયંતા છે ને પ્રકાશક છે ને એ સર્વેને વિષે શકતિએ કરીને અન્વય પણે રહયા છે ને પોતે તો પોતાના ધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે. ॥ ૩૩ ॥

અને ત્રણ ગુણને વિષે ને અહમમત્વને વિષે ને પંચ વિષયને વિષે આસક્તિએ રહિત વર્તવું. ને ડાહ્યો હોય તે વાર્તા સમજે ને કરે પણ ખરો ને વર્તવું તો ઘણું કઠણ છે. ને એક તો વર્તે છે ને વાર્તા પણ કરે છે ને એક તો કેવળ વાર્તા કરે છે એ બે કેમ જણાય ? એ પ્રશ્નનો ઉત્તર જે વરતે છે તેને મુમુક્ષુને સમજાવતા આવડે છે ને બીજાને ન આવડે, ને વર્તવું તે તો પેટ કટારી નાખ્યા જેવું કઠમ છે ને ખડગે કરીને માથું કાપ્યા જેવું કઠણ છે. ॥ ૩૪ ॥

અને ''દેહને વિષે, પંચ વિષયને વિષે ને ભગવાનને વિષે જેવો અભિનિવેશ છે તેવો સંતને વિષે નથી ને સંત એના કરાવનારા છે'' ત્યારે સ્વામી કહે શ્રીહરિજીને વિષે પણ અભિનિવેશ નથી તે મહારાજ સાથે વ્યવહાર પડે તો જણાય તે કહ્યું છે જે ॥ વ્યવહારેણ સાધુઃ ॥ તે આણીકોરે તો કોઈ નથી ને એણીકોરે હોય તો કોણ જાણે. એણીકોરે પણ કોઈ નથી અને શ્રીહરિજીના મહિમાનો ને આત્મનિષ્ઠાનો ઠેરાવ નિત્યપ્રલયાદિકે કરીને વારંવાર આગ્રહ રાખીને કરે તો અભિનિવેશ થાય છે તે હરિભજનને દૃષ્ટાંતે આગ્રહ રાખ્યાની વાર્તા બહુ કરી. ॥ ૩૫ ॥

અને ''અભિનિવેશ થયો કેમ જણાય ?'' તેનો ઉત્તર જે શ્રીહરિજી તથા સત્પુરુષ તે હજારોના વ્યવહારમાં ધુળમાં ભેળવી દીયે તો પણ રાજી રહેવાય ને લગારે પણ ભાવ ફરે નહિ ત્યારે દૃઢ અભિનિવેશ થયો કહેવાય. ને રજોગુણી, તમોગુણી, સત્વગુણી ને નિર્ગુણ વ્યવહાર સમજે તો અભિનિવેશ અતિ પક્વ થાય ને વાર્તા સાંભળે છે તો પણ વર્તવાને વિષે મેળવતાં આવડતું નથી. જેમ પ્રથમ શાસ્ત્ર મળ્યો હોય છે તો પણ બીજે મેળવતાં આવડતું નથી તેમ છે એમ વાર્તા બહુ કરી. ॥ ૩૬ ॥

અને ટેવ પાડ્યાની વાર્તા કરી જે માંદા તથા વૃદ્ધ સંતના દેહનાં આચરણ જોઈને જુવાન હોય તે પણ ઝીણાં વસ્ત્ર તથા પથારી કરવી તથા ખાન પાનાદિકની ટેવું પાડે છે એ સારું નથી. તે ટેવુમાંથી તો સત્સંગ બારું જાતું

રહેવાય છે. માટે ટેવ માત્ર ન શિખવી. એમ કહીને ઉંદરને દૃષ્ટાંતે સુખિયા રહ્યાની વાર્તા તથા પાટીદારને દૃષ્ટાંતે કરીને સુખિયા રહ્યાની વાર્તા બહુ કરી. ॥ ૩૭ ॥

અને વક્તાપણાનું ને સમજુપણાનું માન તો બહુ હોય છે પણ જેમ સમજવું ઘટે તેમ સમજે નહિ તે કેમ હશે ? તે તો શ્રવણ મનનાદિકે કરીને ઘટાડ્યા કરે તો સમજાય છે. ॥ ૩૮ ॥

અને જાણપણારૂપે વરત્યાનો ને શ્રીહરિજીનો મહિમા સમજ્યાનો અતિ આગ્રહ રાખવો ને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને શ્રીજીને ભજવા પણ બગડેલ થઈને ન ભજવા તે શ્રીજીએ આ શ્લોકમાં કહ્યું છે જે : ॥ ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈક્યં ॥ ને જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિને પામે છે. ને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એ જેમ કઠણ છે તેમ ધર્માદિક પણ અતિ કઠણ છે. ॥ ૩૯ ॥

અને પ્રથમ સત્સંગમાં આવે ત્યારે દેહનું માન હોય છે પછી ભક્તિનું માન આવે છે ને પછી આત્મજ્ઞાનનું માન આવે છે ને પછી ઉપશમે કરીને એ સર્વેનું માન ટાળે છે. તે કહ્યું છે જે :

ત્યજ ધર્મમધર્મઞ્ચ ઉભેમત્યાનૃતે ત્યજ ।
ઉભે સત્યાનૃતે ત્યક્ત્વા યેન ત્યજસિ તચ્યજ ॥

માટે અમત્ય સંકલ્પ થાય તો સત્તારૂપે થઈને ટાળવા. ને નિયમ, વિચાર તથા ઉપશમે કરીને સ્થૂળાદિકનું માન ટાળવું ને જુવાનને તો જુક્ત ભોજન કરવું ને નવધાભક્તિ ને આળસ મેલીને કરવી ને ઉપશમનો અભ્યાસ પ્રમાદ મુકીને કર્યા કરવો ને સત્પુરુષનો સંગ રાખવો ને માંદાને ને વૃદ્ધને તો જુક્ત આહાર ને ઉપશમ ને સમાગમ કરવો. ॥ ૪૦ ॥

અને ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ જ છે જે સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ ને માન એનો ત્યાગ કરે ને મોટા સંત સ્વભાવ ટાળવાને અર્થે દુઃખવીને કહે તો પણ મુંઝાય નહિ. ॥ ૪૧ ॥

અને શ્રીજીમહારાજે વચનામૃતમાં વાર્તા કરી છે જે પ્રવૃત્તિ નિવૃત્તિ ધર્મ છે તે શ્રીહરિકૃષ્ણજી મહારાજને સંબંધે સહિત પણ છે ને સંબંધે રહિત પણ છે. તેમાં જે સંબંધે સહિત છે તેજ ભાગવતધર્મ છે તે ભાગવતધર્મ ને ભક્તિ તે બેય એક જ છે. ને તે ભાગવતધર્મ સ્થાપન કરવાને અર્થે શ્રીહરિજી

મહારાજનું પૃથ્વીને વિષે જયકારી પ્રવર્તકપણું છે ને તે ભાગવતધર્મને શિક્ષાપત્રી આદિકને વિષે શ્રીજીમહારાજે યથાર્થપણે કહેલ છે તે પ્રમાણે વર્તવું. ॥ ૪૨ ॥

અને સ્વભાવ ટાળીને સત્તારૂપે વર્તવું, એમ વર્તવે કરીને કારણ આદિક શરીરનો નાશ થઈ જાય છે. ને એમ ન વર્તે તો વૃદ્ધપણામાં ઠા રહે નહિ. ને વૈરાગ્યવાનને તો સહેજે નિયમ રહે છે. ને મંદ વૈરાગ્યવાનને તો નિયમ દૃઢપણે રાખવા. ને ઇન્દ્રિયોની જે વૃત્તિ છે તે તો ઘોડા જેવી બળવાન છે. તે જેમ ઘોડાને દાડી ફેરવ્યા કરે તો વશ રહે છે ને યથાર્થ તો ચાબુક અસ્વાર વશ કરે છે. તેમ ધર્મમાં રહેવે કરીને ઇન્દ્રિયું વશ થાય છે ને યથાર્થ વશ તો ઉપશમે કરીને થાય છે. તે તો જાણે જે ''નવરા રહીએ તો શિખવાનો અભ્યાસ કરીએ'' એમ કાંઈ થાતું નથી ને મૂળગી આળસ પેસે છે. માટે શ્રીહરિની નવધા ભક્તિ કરતાં કરતાં જે અભ્યાસ થાય છે તેજ ખરો છે. તે ઉપર પાણિયારીના ને સવારના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ॥ ૪૩ ॥

અને જુવાન, વૃદ્ધ ને રોગીને વરત્યાની વિક્તિના ભેદ જે ચાર પ્રકારનાં ભોજન મનુષ્ય નિત્ય જમે છે તો પણ નવું ને નવું રહે છે. પણ નિત્ય જમીએ છીએ તેના તેજ છે એમ થાતું નથી તે કહે છે જે ''આજ તો જેવી રોટલી થઈ છે એવી તો કોઈ દિવસ થઈ જ નથી ને શાક પણ આજના જેવું તો થયું જ નથી'' તથા વસ્ત્રનું પણ એમ જ રહે છે એનું નામ ભેદ છે ને તેથી પંચવિષય સંબંધી ક્લેશ થાય છે. માટે વિષયની આસક્તિ ટળી જાય તો ક્લેશ માત્રની નિવૃત્તિ થઈ જાય છે. ॥ ૪૪ ॥

અને શ્રીહરિજીના માહાત્મ્યની વાર્તા ઘોડાના તબેલાને દૃષ્ટાંતે કરીને બહુ કરી ॥ ને લોભ, કામ, રસાસ્વાદ ને માન એ આદિક જેવો સ્વભાવ પોતામાં હોય તેવો પરમેશ્વરને વિષે તથા મોટા સંતને વિષે પરઠે છે માટે સ્વભાવ ટાળીને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને વરતે તો ન પરઠાય ॥ ને ગુણ વિચારીને અવગુણ ટાળીએ છીએ ને અલ્પ સ્વભાવનો અવગુણ લેતા નથી તે તો પોતાનું વિચારી જોઈએ છીએ. ને પ્રિયવ્રતાદિક અવતાર ન કહેવાય ને નારદ સનકાદિક અવતાર કહેવાય. ॥ ૪૫ ॥

અને ''શ્રીહરિજી મહારાજને હવે રાજી કરવાનો શો ઉપાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે વરતે તો રાજી

થાય ને શ્રીહરિજીનું ક્યાં પરોક્ષપણું છે ? એ તો સદાય પ્રત્યક્ષ જ છે. ને ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનકની શુદ્ધતાયે કરીને અતિ ઉત્તમ થવાય છે તે ઉપાસકનું લક્ષણ જે ॥ યો વેત્તિ યુગયત્સર્વં પ્રત્યક્ષેણ સદા સ્વતઃ ॥ એમ જાણે તે કહેવાય. ॥ ૪૬ ॥

અને વિશલ્યકરણીના વચનામૃતમાં અહંમમત્વ ટાળ્યાની વાર્તા આવી ત્યારે પ્રશ્ન પૂછ્યું જે ''એ કેમ ટળે ?'' ત્યારે તેનો ઉત્તર કર્યો જે જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે ને અતિશે હેત છે તેમ શ્રીહરિજીને વિષે થાય તથા મોટા સંતને વિષે થાય તો ટળે માટે આત્મવિચારનો ને શ્રીહરિજીના મહિમાનો વેગ જીવમાં અતિ બળવાન લગાડી દેવો જેમ મંદવાડ હાડમાં પેશી જાય છે ને જેમ વૈરીનો વેગ પેશી જાય છે તેમ. ॥ ૪૭ ॥

અને વ્યાસાદિક નિર્ગુણ અવતાર છે ને પરશુરામ તથા સંકર્ષણાદિક સગુણ અવતાર છે એમ રામાનુજાચાર્યે મહાભાષ્યમાં કહ્યું છે. ॥ ૪૮ ॥

અને ઉપશમ જ્યારે રહેવા માંડે ત્યારે વૈરાટાદિકની સામર્થી દેખાઈ આવે છે પણ તેને ગ્રહણ ન કરે ને તેને તિરસ્કાર કરીને ઉપશમને વિષે વર્તતા થકા શ્રીહરિજીનું ભજન કર્યા કરે તો એ એકાંતિક ભક્ત થાય છે અને અવતાર માત્રની એ રીત છે જે સ્ત્રી દ્રવ્યનો ત્યાગ કરાવવો ને ગરીબની રક્ષા કરવી તે વિદ્યા, વૈરાગ્ય તથા ભક્તિને બળે કરીને કોઈક ગરીબનો તિરસ્કાર કરતો હોય તો તેને દેખીને ખમી શકે નહિ એવો સહજ સ્વભાવ છે. ॥ ૪૯ ॥

અને ''નિર્બળ તથા બળવાન કેમ જણાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને જીવથી જે શ્રીહરિજીના ભક્તરૂપે વર્તવું તે એક એકથી બળિયો કહેવાય છે. તેની વિગત જે કોઈક તો પરદેશમાં જાય છે ને ત્યાં જ વળગી રહે છે ને કોઈક તો ઘરમાં આહીંજ વળગી રહે છે ને કોઈક તો બુદ્ધિયે કરીને નિશ્ચય કરે છે ત્યાર પછી તે ક્રિયાને કરે છે ને કોઈક તો સત્તારૂપે વર્તે છે ને કોઈક તો નિત્ય પ્રલયાદિકે કરીને સર્વ પદાર્થને નાશવંત ને અસાર જાણીને તથા વૈરાગ્યનું ગ્રહણ કરીને શ્રીહરિજીને વિષે પ્રીતિ કરે છે તે એકએકથી બળિયા છે. ॥ ૫૦ ॥

અને અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ ને આનંદમયકોશ એમની સ્થિતિ જુદી જુદી કહી છે. ॥ ૫૧ ॥

અને જે આધુનિક મુક્ત છે તે અનાદિમુક્ત જેવા થાય છે કે નથી થાતા ? એ પ્રશ્નનો ઉત્તર જે સત્પુરુષને સંગે કરીને ધર્મજ્ઞાનાદિક પક્વ થયાં હોય તો તે અધિક છે ને તેમાં ન્યૂનપણું હોય તો તે ન્યૂન રહે છે. ॥ ૫૨ ॥

અને ધારણા, ધ્યાન ને સમાધિ એ સવિકલ્પ તો હોય ને નિર્વિકલ્પ તો ઈશ્વર ઈચ્છાયે કરીને થાય છે અને સવિકલ્પ સમાધિ કરવી તથા સત્તારૂપે વર્તવું એ તો જીવના હાથમાં છે તે જો ॥ અર્થં સાધયામિ ॥ કે ॥ દેહં પાતયામિ ॥ એમ સાચી થઈને મંડે તો થાય. ॥ ૫૩ ॥

અને અમદાવાદમાં નટવા રમાડ્યા ત્યારે મહારાજ કહે જે ''અમે તમારો તમાસો જોવા નથી રમાડતા પણ સૌને એમ દેખાડીયે છીએ જે આમ પેટને અર્થે અતિશે પુરુષપ્રયત્ન કરે છે માટે ઈશ્વરને અર્થે કરે તો શું ન થાય ? જે કરે તે સર્વે સાધન સિદ્ધ થાય છે જો જીવ એ જેવો સાચો થાય તો.'' ॥ ૫૪ ॥

અને શમ, દમ, અપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા ને સમાધાન એ છ મળીને એક સાધન કહેવાય છે ને વૈરાગ્ય, વિવેક ને મુમુક્ષુતા એ ત્રણ મળીને સાધન ચતુષ્ટય કહેવાય છે. ॥ ૫૫ ॥

અને ચાર પ્રકારે નિષ્કામી રહેવાય છે તેની વિગત જે એક તો ધર્મામૃત પ્રમાણે વર્તવે કરીને તથા અષ્ટાંગયોગે કરીને તથા સત્તારૂપે વર્તવે કરીને તથા લાજે કરીને પણ નિષ્કામી રહેવાય છે. ॥ ૫૬ ॥

અને જ્ઞાનાંશ તે કેમ સમજવો ? એ પ્રશ્નનો ઉત્તર જે પુરુષોત્તમનું તથા અક્ષરનું તથા મૂળ પુરુષનું તથા મૂળ માયાનું તથા પ્રધાનપુરુષનું તથા વિરાટપુરુષનું તથા જીવનું જે રૂપ પૃથક્ પૃથક્ કરીને કહે છે ને સમજે છે એનું નામ જ્ઞાનાંશ કહેવાય છે ત્યાં શ્લોક છે જે -

ક્ષેત્રાણાં ચ ક્ષેત્રવિદાં પ્રધાનપુરુષસ્ય ચ ।
માયાયાઃ કાલશક્તેશ્ચાક્ષરસ્ય ચ પરસ્ય ચ ॥ ૫૭ ॥

અને વચનામૃતમાં નિરભે રહ્યાનું કહ્યું છે તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર જે એક તો આત્મનિષ્ઠા પક્વ હોય ને શ્રીહરિજીનું માહાત્મ્યે સહિત યથાર્થ જ્ઞાન હોય તો શ્રીજીમહારાજ જેમ કહે તેમ વિશ્વાસપૂર્વક પ્રતીતિ આવે ને માર્ગમાં સિંહ કે સર્પ મળે તેમ હોય અથવા ઓગણોતેરા જેવો કાલ પડ્યો હોય તેવા સમામાં મહારાજ કહે જે ''નિરભે રહેજો કાંઈ ફીકર કરશોમાં'' એવાં વચનમાં જેને યથાર્થ પ્રતીતિ હોય તેને તો લેશ માત્ર ભય આવેજ નહિ.

પણ જીવને પ્રાકૃત પદાર્થની પ્રતીતિ તુરત આવી જાય છે જેમ સિંહની બીક લાગતી હોય ત્યાં બે શુરા બે કોરે રક્ષા કરતા જાતા હોય ને કાલ પડ્યો હોય તે સમે કોઈક હજાર બે હજાર રુપૈયા આપે તો જેવો નિરભે ને આનંદ થાય છે. તેવો શ્રીહરિજીના વચનને વિષે નિરભે ને આનંદ આવતો નથી. માટે એ પ્રકારે સત્સંગ સમજાયો નથી તે સારું સત્પુરુષનો સમાગમ કરીને કમર માત્રને ટાળીને સાધુ થાવું ને એથી કોઈ અધિક પ્રાપ્તિ નથી. ॥ ૫૮ ॥

અને કારિયાણીમાં રામદાસ વૈદ્યને મહારાજે કહ્યું જે ‘‘બીક બહુ જણાય છે ?’’ ત્યારે તેણે કહ્યું જે ‘‘હા મહારાજ’’ તે ઉપર વાર્તા કરી જે ‘‘પરમેશ્વર તો સર્વેના અંતર્યામી છે ને સર્વેના પ્રેરક છે ને સર્વેનાં નાડીપ્રાણ એમના હાથમાં છે’’ એમ કહીને ચકલાને સમાધિ કરાવી દેખાડી. ॥ ૫૯ ॥

અને મહાભારતમાં બ્રાહ્મણી ગીતા છે તેમાં અશ્વમેઘ યજ્ઞ કહ્યો છે તેની રીત એમ છે જે જીવરૂપ રાજા છે ને મન રૂપ ઘોડો છે ને ઈન્દ્રિયું રૂપ પૂર્વ, પશ્ચિમ આદિક દિશાઉં છે તે પ્રત્યે મુકે છે ત્યારે તે મનરૂપ ઘોડાને જ્યારે કોઈ ઈન્દ્રિયું પોતપોતાના વિષયને વિષે બાંધી શકે નહિ ત્યારે એમ જાણીયે જે સર્વે દિશાઉં જીતાણી. ને યજ્ઞ જે શ્રીહરિજીમહારાજ સંબંધી જપયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞાદિક સર્વે યજ્ઞ તે સંપૂર્ણ થયા કહેવાય એવી રીતે ગોમેધાદિક સર્વે યજ્ઞની રીત જાણવી. ॥ ૬૦ ॥

અને લિંગદેહ કેમ નાશ પામે ? એ પ્રશ્નનો ઉત્તર જે સત્તારૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કર્યા કરે તો કાળે કરીને લિંગદેહનો નાશ થઈ જાય છે. ॥ ૬૧ ॥

અને જેને જેવો અભ્યાસ હોય તેવું કામ કર્યાનો તે આગ્રહ કરે છે તો તેને તે કાર્યની સિદ્ધિ વહેલી થાય છે. ને રજોગુણી બુદ્ધિવાળો તો ઉત્થાન ભેળી જ ક્રિયા કરવા માંડે છે. ને તમોગુણી તો અંધધંધ જેવી ક્રિયા કરે છે ને સત્ત્વગુણી તો વિચાર્યા વિના કરેજ નહિ. ॥ ૬૨ ॥

અને સર્વે સમાન છે એમ કહે છે તેની વિગત જે જેમ ચિંતામણિ આગળ પારસમણિ આદિક સર્વે સમાન છે ને પારસમણિની આગળ હીરા મોતિ આદિક સર્વે સમાન છે તેમ પુરુષોત્તમ ભગવાન આગળ અક્ષરાદિક સર્વે સમાન છે ને તે અક્ષર તથા તેમાં રહ્યા જે મુક્ત તેની આગળ મૂળ પુરુષાદિક ને તેની આગળ પ્રધાન પુરુષાદિક ને તેની આગળ વિરાટપુરુષાદિક ને તેની આગળ બ્રહ્માદિક એમ એક એકની આગળ બીજા સર્વે સમાન છે. ॥ ૬૩ ॥

અને ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ છે જે સત્પુરુષને ઓળખી કાઢે ને તેને મન સોંપી દીયે ને તેમના સમાગમને અર્થે સર્વ પ્રકારની ભીષણ ખમે ને કોઈક ઉત્તમ વિષયને વિષે લોભાવા માંડે તો પણ ન લોભાય ને ધર્મ જ્ઞાનાદિક સાધનને દેશકાલાદિકના વિષમપણાયે કરીને પણ મુકે નહિ ને આત્મા અનાત્માનો વિચાર કર્યા કરે. ને સર્વ સત્શાસ્ત્રનો પણ એજ સિદ્ધાંત છે જે સત્તારૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કરવું ને એમ ને એમ અનેક જન્મ સુધી કર્યા કરે ત્યારે કારણ શરીર નાશ પામે છે. ॥ ૬૪ ॥

અને શ્રીહરિજીનું ભજન સ્મરણ કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર જે અક્ષર ને અક્ષરના મુક્ત છે તે તો અક્ષર રૂપ થઈને ભજન કરે છે ને શ્વેતદ્વીપના મુક્ત તો કારણભાવને ટાળતા થકા ભજન કરે છે ને બદરિકાશ્રમના મુક્ત તો સત્તારૂપ રહીને સ્થૂળ સૂક્ષ્મના ભાવને ટાળતા થકા ભજન કરે છે ને આપણે સર્વે તો સ્થૂળના ભાવે વર્તતા થકા ભજન કરીએ છીએ. તેમાં પણ કેટલાક તો અક્ષરના ભાવે વરતે છે ને કેટલાક તો સત્તારૂપ પણે વર્તે છે ને સર્વ કરતાં અનુવૃત્તિમાં રહેવું કઠણ જણાય છે. કેમ જે બીજાના મનગમતા પ્રમાણે વર્તવું, માટે સ્વરૂપમાં રહેવા કરતા પણ એ કઠણ છે. ॥ ૬૫ ॥

અને બુદ્ધિવાન હોય તેને એકાંતિક ધર્મ સમજાય તો ખરો પણ પોતાનાં જે નાના પ્રકારનાં બીબાં તેને મુકી શકે નહિ ને સત્પુરુષની અનુવૃત્તિમાં પણ રહી શકે નહિ. એ ખોટ્ય બુદ્ધિવાળાને વિષે જણાય છે. ને મૂઢભક્તને વિષે શ્રદ્ધા તો હોય પણ સમજી શકે નહિ એ ખોટ્ય છે. ॥ ૬૩ ॥

અને શ્રીહરિજીના સ્વરૂપને સર્વે સ્થાનકને વિષે પ્રકાશમાન જોવું. ને વિજ્ઞાનદાસજીને મહારાજે કહ્યું જે ''તારે તો કુંઠિત વાસના છે'' પછી અમે તેમને કહ્યું જે અમારું પૂછો પછી તેણે પૂછ્યું ત્યારે શ્રીજીએ કહ્યું જે ''એની તો નિર્મૂળ વાસના છે.'' પછી ફરીને પૂછાવ્યું તો પણ એમ ને એમ કહ્યું. ॥ ૬૭ ॥

અને વિશલ્યકરણીના વચનામૃતની વાર્તા કરતા હતા ત્યારે પૂછ્યું જે ''અહંમમત્વ કેમ ટળે ?'' તેનો ઉત્તર જે દેહને વિષે જેમ આત્મબુદ્ધિ ને અસાધારણ હેત છે. તેમ શ્રીહરિજી મહારાજને વિષે ને સત્પુરુષને વિષે હોય તો ટળી જાય છે. ॥ ૬૮ ॥

અને જ્ઞાની અજ્ઞાનીનું લક્ષણ સંક્ષેપે કરીને કહીએ છીએ જે જ્ઞાનીભક્ત પ્રવૃત્તિમાર્ગમાં શ્રીજીની આજ્ઞાયે કરીને પ્રવર્ત્યો હોય તો પણ શ્રીહરિજીની કથા,

વાર્તા, કીર્તન, ભક્તિ તથા આત્મા અનાત્માનો વિવેક, તે કર્યા વિના રહી શકે નહિ. ને બીજો તો પ્રવૃત્તિમાં અતિશે જોડાઈ જાય ને ભજન સ્મરણ પણ યથાર્થ થાય નહિ. ॥ ૬૯ ॥

અને ત્રણ પ્રકારના પ્રલયમાં કેમ વર્તે તો ન જોડાય ? એ પ્રશ્નનો ઉત્તર જે એક તો શ્રીહરિજીમહારાજનું ધ્યાન ને બીજું જન્મ કર્મનું દિવ્યપણું યથાર્થ જાણવું ને ત્રીજું આત્મસત્તારૂપે વર્તવું. એ ત્રણનું અનુસંધાન નિરંતર રહ્યા કરે તો ન જોડાય. ॥ ૭૦ ॥

અને હેત હોય ને વિશ્વાસ ન હોય ને વિશ્વાસ હોય ને હેત ન હોય એમ વાર્તા કરી ત્યારે પૂછ્યું જે ''એ બેની સમજણમાં શું ખોટા હશે ?'' તેનો ઉત્તર જે વિશ્વાસીને તો એ ખોટ્ય છે જે પંચવિષયને વિષે રાગ છે એટલે હેત થાતું નથી. ને હેતવાળાને એ ખોટ્ય છે એ સત્પુરુષની મોટપ યથાર્થ જણાતી નથી. ॥ ૭૧ ॥

અને દેહ તથા દેહનાં સંબંધીને વિષે જીવને અતિશે હેત રહે છે. ને આ મનોહરદાસને આપણે સર્વે રાંકની પેઠે તગડીને કાઢી મેલીયે છીએ, પણ જો આપણા સંબંધી રાંક થઈને આવ્યા હોય તો તે ઉપર દયા આવી જાય. ને કોઈ કાઢી મેલે ને અન્ન ન દીયે તો તે સંતનો પણ અવગુણ આવે. તે ઉપર પ્રાંતિજના ગોવિંદરામના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૭૨ ॥

''સંબંધીમાં એવું દૃઢ હેત છે તે કેમ ટળે ?' એ પ્રશ્નનો ઉત્તર જે તેમાં વૈરાગ્ય સોતું આત્મજ્ઞાન નથી તથા માહાત્મ્યે સહિત શ્રીજીનું જ્ઞાન નથી માટે નાત જાતને વિષે તથા દેહગેહને વિષે તથા દેહના સંબંધીને વિષે આસક્તિ છે ને તે તો સમુદ્રની પેઠે અંતરમાં ભરી છે. ને સત્સંગ તો સમુદ્રની લહેરની પેઠે છે. માટે શ્રીજીમહારાજનો મહિમા, મોટપ તથા મરજીને તથા અતિશે દયાળુપણું, અતિશે કૃપાળુપણું, અતિશે વત્સલપણું તથા અનવધિકાતિશય જ્ઞાન, બળ, ઐશ્વર્ય, શક્તિ, તેજવાળાપણું તથા સત્ય તથા અસંખ્યેય કલ્યાણ ગુણગણને રહેવાપણું તથા નિરવદ્ય નિરંજન ને નિર્વિકારપણું તથા અનવધિકાતિશય સૌંદર્ય, સૌકુમાર્ય, લાવણ્ય, યૌવનાદિક અનંત ગુણ ગણના નિધિપણું તથા સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ એ સર્વેને અંતઃકરણને વિષે ભરે તથા મોટા પુરુષની મરજી પ્રમાણે વર્તવાપણું પણ ભરે ને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું વિભાગપણું પણ ભરે ત્યારે એ સર્વે જીવને વિષે અવ્યક્તપણે નામરૂપની પેઠે

ખૂંતી રહ્યું હોય પછી તે જ્યારે સંભારે ત્યારે તદ્રુપ થઈ જવાય. માટે એવું વર્તતું હોય તો દેહ તથા દેહનાં સંબંધીને વિષથી સ્નેહરૂપ સમુદ્રનો નાશ થઈ જાય છે ને શ્રીહરિજીને વિષે પ્રીતિરૂપ સમુદ્રવૃદ્ધિને પામે છે. ॥ ૭૩ ॥

અને મુક્તાનંદસ્વામીને મહારાજ વઢીને ક્યારેય પ્રસાદીનો થાળ કે વસ્ત્ર દેતા નહિ ને સહેજે તો દાડી પ્રસાદી ને વસ્ત્ર આપતા ને બીજાને તો વઢે ત્યારે પ્રસાદી તથા વસ્ત્ર આપ્યા વિના રહેજ નહિ. તે શું જે મુક્તાનંદસ્વામીને મુંઝવણ થાતી નહિ એટલે ન દેતા. ''તે કેમ સમજતા જે મુંઝવણ જ આવતી નહિ ?'' એ પ્રશ્નનો ઉત્તર જે તે પોતાને ત્રણ ગુણ ને ત્રણ શરીર થકી રહિત સમજતા ને શ્રીજીમહારાજની મોટપ ને માહાત્મ્ય અતિશેષણે સમજતા ને તેમજ વર્તતા ને હિતકારી પણ અતિશે જાણતા તેણે કરીને મુંજવણ ન આવતી. ॥ ૭૪ ॥

અને શ્રીહરિજીને પુરુષોત્તમ સમજીયે છીએ તેનો ઠેરાવ કરવો ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભક્તિ, તેનો પણ ઠેરાવ કરવો ને જે સત્પુરુષને ગુરુ જેવા માનવા તેનો પણ નિરધાર કરવો કેમ જે નિરધાર કર્યા વિના દેશકાળાદિકે કરીને એક સ્થિતિ રહેતી નથી. ને શ્રીજીના ભક્તની સેવાચાકરી, નમસ્કાર, પૂજા, આદિક જે જે કરવું તેનો પણ ઠેરાવ કરવો ને એમ કર્યા વિના તો શ્રીહરિજીને અર્થે યજ્ઞ આદિક કરતા હોઈએ તે બીજા દેવને અર્થે પણ થઈ જાય. તે સારું દૃઢ વિચાર કરીને કરવો ને એ વાર્તાનો તલતુંબડીની પેઠે શ્રદ્ધાસોતા અતિશે શ્રવણ મનનાદિક અભ્યાસ કર્યા કરે તો સાક્ષાત્કાર થાય. ॥ ૭૫ ॥

અને એક હરિજન તો સત્સંગ સંબંધી ભીષણ ખમે છે ને એક નથી ખમી શકતો એ બેમાં શું ગુણ દોષ હશે ? એ પ્રશ્નનો ઉત્તર જે જે ભીષણ ખમતો નથી તેમાં એ દોષ છે જે એ શ્રીજીમહારાજનો ને મોટા સંતનો મહિમા સમજતો નથી ને શ્રદ્ધા પણ અલ્પ છે ને દેહાભિમાન પણ બહુ છે માટે સત્સંગ જીવને વિષે પેસતો નથી. એટલે વૃદ્ધિ પણ પામતો નથી. ॥ ૭૬ ॥

અને સ્થાનક જે દેહ, ઈન્દ્રિયો ને અંતઃરણ તેને વિષે પંચવિષય સંબંધી રાગ રહ્યા છે તે સારું મુમુક્ષુને એ ઓળખવા જે એને રાગ કીયે ઠેકાણે છે ? તથા મુમુક્ષુને આત્મસત્તારૂપે વર્તવું. તે કેમ વર્તાય તો ત્રણ ગુણ ને ત્રણ અવસ્થા છે તે થકી હું રહિત છું એમ વર્તવું ને ઈન્દ્રિયોની જે ક્રિયા તે જાગૃત અવસ્થા

છે ને સંકલ્પ વિકલ્પ તે સ્વપ્ન અવસ્થા છે ને લય તે સુષુપ્તિ છે એમ જાણીને સર્વથી રહિત સત્તારૂપે વર્તવું એ આત્મસત્તારૂપ વર્તન કહેવાય. ॥ ૭૭ ॥

અને નિર્ગુણ સગુણપણું સંતમાં કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર જે અક્ષરરૂપે જે સંત વર્તતા હોય તે વર્તન નિર્ગુણ કહેવાય ને એમ ન હોય તો સગુણ વર્તન કહેવાય. ને જે સત્સંગી ધર્મને વિષે દઢ વર્તતો હોય ને શ્રીહરિજી મહારાજની મરજીને જાણતો હોય ને સત્પુરુષને ઓળખતી હોય તે પાકો સત્સંગી કહેવાય. ॥ ૭૮ ॥

અને ચાર પ્રકારના માંદાની વિગતિ જે એક તો દેહે કરીને માંદો ને બીજો મને કરીને માંદો ને ત્રીજો તો દેહે તથા મને કરીને માંદો ને ચોથો તો સાજો માંદો. એ ચાર પ્રકારે માંદાની વાર્તા તો સોનાના વાટકાને ને કાચના વાટકાને દૃષ્ટાંતે કરીને બહુ કરી. તેમાં જે કેવળ દેહે માંદો છે તે તો સાજો થાય ને બીજા ત્રણનો તો મંદ-વાડ લાંબો ચાલે ખરો. ॥ ૭૯ ॥

અને ચાર પ્રકારની અનુવૃત્તિયે કરીને તો અતિશે મોટા થવાય છે, તેની વિગતિ જે પ્રથમ તો હરિભક્તની અનુવૃત્તિમાં વર્તે તો સત્સંગી થવાય, તે કેડે સંતની અનુવૃત્તિમાં વર્તે તો સાધુ થવાય, તે કેડે એકાંતિકની અનુવૃત્તિમાં વર્તે તો એકાંતિક થવાય, ને પછી શ્રીજીમહારાજની અનુવૃત્તિમાં વર્તે તો ભગવદ્ભાવને પામે છે. ને એમ ન વર્તે તો અસલદેશકાળાદિકે કરીને જો મોટા પુરુષને વિષે અસત્ બુદ્ધિ થઈ જાય તો આસુરભાવને પણ પામી જવાય. માટે જ્ઞાનાંશનો અભ્યાસ પ્રમાદ મુકી દઈને કરવો ને અતિશે બીક રાખીને વર્તવું પણ નિર્ભય ન થાવું. ॥ ૮૦ ॥

અને નારાયણ બ્રહ્મચારીએ પૂછ્યું જે ''એક તો મુમુક્ષુ જેવો જણાતો હોય તેને મોટાનો જોગ થાતો નથી અને બીજી મોટાનો જોગ કર્યામાં બહુ બીયે છે એ બેયનું શું કારણ હશે ?'' તેનો ઉત્તર જે જેને જોગ થાતો નથી તેને તો મોટાની ક્રિયામાં અરુચિ છે એજ કારણ જણાય છે ને જે બીયે છે તેને તો આ જન્મે વા જન્માન્તરને વિષે ધર્મમાં શિથિલપણું છે. ॥ ૮૧ ॥

અને વાચકુટના પ્રશ્નની વિગત જે ધર્મદેવ જે તે અધર્મના સર્ગને દોરડામાં નાખીને તાણે છે ને કલંગી વાળા દેવ જે તે ચારેકોરેથી મારીમારીને અધર્મના લશ્કરને ગળાને વિષે દોરડાં બંધાવે છે ને નારાયણ મુનિના ચક્ર જે તે ચારે

પાસથી વાળે છે તેને જોઈને ધર્મદેવને વળી દયા આવે છે ને તે અતિ દયાળુ છે એ વાચકુટ પ્રશ્ન, તેનો ઉત્તર જે ધર્મદેવને ઠેકાણે તો આચાર્યજી મહારાજ છે ને અધર્મના સર્ગને ઠેકાણે તો જે ધર્મમાં જયાર્થ નથી વર્તતા એવા ત્યાગી તથા ગૃહસ્થ છે ને કલંગીવાળાને ઠેકાણે તો જે શ્રીહરિના ભક્ત ધર્મમાં જથાર્થ વર્તે છે ને બહુ બુદ્ધિવાળા છે તે છે. ને નારાયણ મુનિના ચક્રને ઠેકાણે તો તેમનું જે વચન શિક્ષાપત્રી, ધર્મામૃત, વચનામૃત, નિષ્કામશુદ્ધિ તે છે. એ ચારે કોરેથી વાળે છે. એટલે જે ધર્મને વિષે મોળો વર્તે છે તેને સત્‌શાસ્ત્ર, શ્રીજી તથા સંત સર્વે ઠબકી દીયે છે એથી તે નિરંતર બળ્યા કરે છે ને ખુશિયો રહેતો નથી. ॥ ૮૨ ॥

અને કાળના માનની વાર્તા કરી જે આલોકને વિષે તો સૂર્યે કરીને કાળનું માન છે ને બ્રહ્મપુરને વિષે તો શ્રીહરિજી મહારાજના શયને કરીને રાત્રિ કહેવાય છે. ને જાગવે કરીને દિવસ કહેવાય છે એમ રીતી છે. ॥ ૮૩ ॥

અને સનકાદિક જે તે ત્યાગ અને નિષ્કામાદિક ધર્મને વિષે અતિ કુશળ છે, તો પણ તેનું વૈરાટ ભેગું કેમ લઈ ને ઉપજવું થાય છે ? એ પ્રશ્નનો ઉત્તર જે એને વૈરાટ પુરુષની ઉપાસના છે તેણે કરીને વારંવાર જન્મ મૃત્યુ થાય છે, ને મુમુક્ષુના કલ્યાણને અર્થે તો દત્ત, કપિલ, એ શ્રેષ્ઠ જણાય છે, ને એથી ઋષભદેવજીને એ કરતાં રામચંદ્રજી ને એ કરતાં તો શ્રીકૃષ્ણ ભગવાન અતિશે શ્રેષ્ઠ છે ને અતિશે સમર્થ છે, ને એ સંગાથે જે જોડાય છે તેનું કલ્યાણ થાય છે તે ભાગવતમાં કહ્યું છે જે :-

કામં ક્રોધં ભયં સ્નેહમૈક્ય સૌહૃદમેવ ચ ।
નિત્યં હરૌ વિદધતો યાન્તિ તન્મયતાં હિ તે ॥

અને આજ તો આશ્રય માત્રે કરીને કલ્યાણ થઈ જાય છે. પણ એટલે કરીને પૂર્ણ ન થાવું ને ધર્મજ્ઞાનાદિક તથા પુરુષ પ્રયત્ને કરીને શિખીને શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થાવું એ સત્સંગ કર્યાનું ફળ છે. ॥ ૮૪ ॥

અને હરિમંદિર સંબંધી કામ કરતો હોય તે ઓથ લઈને કાંઈક વધુ ઓછું વર્તાય તો શ્રીજીમહારાજ રક્ષા કરે કે ન કરે ? કેમકે આજ્ઞાએ કરે છે માટે એ પ્રશ્ન છે તેનો ઉત્તર જે જો પુરુષપ્રયત્ને કરીને સાવધાન વર્તતો હોય ને અજાણમાં જો આડું-અવળું થઈ જાય તો રક્ષા કરે ને જાણી જાણીને પ્રકૃતિ વધારે તો રક્ષા ન કરે ને તેનો દંડ ભોગવવો પડે. ॥ ૮૫ ॥

અને 'પ્રકૃતિની ઈચ્છાએ કરીને પુરુષનું રૂપ છે ને પુરુષની ઈચ્છાએ કરીને પ્રકૃતિ રૂપવાન થઈ આવે છે. પણ એ બેયનું મૂળ રૂપ કેવું છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે મૂળ રૂપ તો એ બેયનાં દિવ્ય છે. ત્યારે પૂછ્યું જે ''અક્ષરના મુક્ત જેવાં છે ?'' ત્યારે કહે ના, અક્ષરના મુક્ત જેવાં કે બદ્ધ જીવોના જેવાં તો નથી પણ એ બેય શ્રીહરિજીની શક્તિઓ છે માટે દિવ્યરૂપ છે અને એમાં જે નાના પ્રકારના વિકાર જણાય છે તે તો શ્રીહરિજીની ઈચ્છાએ કરીને છે. ॥ ૮૬ ॥

અને શ્રીજીમહારાજનો મહિમા એમ સમજવો જે જેમ નવસો ને નવાણું નદીયુંનું પૂર ભેળું વહેતું હોય તો લાખ મણના પાષાણાદિક તણાઈ જાય પણ કોઈ ટકી શકે નહિ. તેમ પુરુષોત્તમની મોટપ સર્વ કરતાં અધિક જાણવી જે બ્રહ્માદિક સર્વે દેવતા તથા કાળાદિક તે થકી તથા અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા જે અનંતકોટી મુક્ત તથા અક્ષર એ સર્વે થકી મહારાજ પર વર્તે છે અને એ સર્વેના પ્રેરક, પ્રવર્તક ને નિયંતા છે ને જ્ઞાન તથા ઐશ્વર્યના આપનારા છે, ને સેવ્ય છે ને સ્વામી છે ને ભજનીય છે. એવી રીતે શ્રીહરિજીનો મહિમા યથાર્થપણે સમજે ને જીવાત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ તથા પંચ પ્રાણ, પંચભૂત ને પંચવિષય તથા ચાર અંતઃકરણ તથા દશ ઈન્દ્રિયો તથા ચૌદ દેવતા એ સર્વે માયાના ટોળા થકી અતિ વિલક્ષણ અને અતિ પૃથક જાણીને તેને અક્ષર સાથે મનન દ્વારાયે કરીને નિરંતર જોડ્યા કરે તો સંકલ્પ વિકલ્પ કાંઈ ટકી શકે નહિ ને સર્વે શમાઈ જાય. ॥ ૮૭ ॥

અને શ્રીહરિજીની ક્રિયા શક્તિ, ઈચ્છા શક્તિ ને જ્ઞાનશક્તિ એમાં કઈ સરસ છે? ત્યારે સંતે કહ્યું જે જ્ઞાન શક્તિ સરસ છે, ત્યારે સ્વામી કહે જે સમે જે કામમાં આવે તે સરસ છે. ॥ ૮૮ ॥

અને મોટા સંતને મંદવાડ કેમ નડે છે ? કેમ જે એમને વિષે કોઈજાતની ખોટ્ય તો નથી પણ લગારેક દેહાભિમાન હોય તે મંદવાડે કરીને ટળી જાય તે સારું મહારાજ મંદવાડ આપે છે. ॥ ૮૯ ॥

અને બે સરખા હરિભક્ત હોય તેમાં એક તો પોતાનું જ કરે ને બીજો તો બહુ મનુષ્યને સમાસ કરે તેમાં સરસ કીયો છે ? તો જે સમાસ કરે તેજ સરસ છે. ॥ ૯૦ ॥

અને સંત જે સ્વભાવને ટાળવા સારું લાગતાં વેણ કહે ને તે દુઃખવીને કહે તો પણ હિતકારી માનવું ને સંત ભેળા ભળવું પણ સ્વભાવ ભેળા તો ભળવું જ નહિ ॥ ૯૧ ॥

અને પોતાને પાપે કરીને માંદો થયો છું ને વળી દેહને અર્થે તથા નાશવંત ને અતિ તુચ્છ પંચવિષય સારું હરિભક્તના તથા સંતના અવગુણ લેવા રૂપ પાપ કરું છું તેને હું ક્યાં છુટીશ ? એમ સમજીને કોઈનો અવગુણ ન લેવો. ॥ ૯૨ ॥

અને ફળ મૂળાદિકને વિષે તથા વગડાઉ સામાઆદિકને વિષે તથા બાજરો ઘઉં ચોખા આદિક કાચા દાણાને વિષે તથા લોટ ઘી-ગોળ મિશ્રિત અન્ન એ સર્વેને વિષે એક એકથી અધિક ધુમાડો ને પ્રમાદ રહ્યો છે. ॥ ૯૩ ॥

અને જીવ કીયે ઠેકાણે રહે છે ? જો સુષુમ્ણા નાડીમાં રહે છે એમ કહીએ તો એ તો મુક્તની નાડી છે. તેનો ઉત્તર જે જીવની દૃષ્ટિ દશ્ય સામી રહે છે માટે બદ્ધ રહે છે તેને પતંગિયાને દૃષ્ટાંતે કરીને સ્વામીએ બહુ વાત કરી ॥ ૯૪ ॥

અને પરમેશ્વરની આજ્ઞામાં બ્રહ્માદિક દેવ કેમ વર્તે છે ? તો જેમ રાજાની આજ્ઞામાં તેના કારભારી વગેરે વર્તે છે તેમ. ॥ ૯૫ ॥

અને પૂછ્યું જે મહાપુરુષને રહ્યાના સ્થાનક શાનાં છે ? ત્યારે કહ્યું જે પંચભૂતનાં છે. ત્યારે સ્વામી કહે તે સમે પંચભૂત ક્યાંથી હોય ? જેમ મૂર્તિમાન અગ્નિદેવમાં જ્વાળા રહી છે તેમ પંચભૂત તો એમાં રહ્યાં છે. ॥ ૯૬ ॥

અને જીવ તો માયાને વિશે જ સદા વર્તે છે. ને તે મળીન સત્વ, રજ ને તમ તેણે જુક્ત છે. અને ઈચ્છા સહિત છે અને શ્રીહરિજી તો પ્રથમ સત્યુગને વિષે તે જીવને સત્વગુણમય શરીર આપે છે ને પછી જેવું જેવું કર્મ કરતો જાય છે તેવા દેવા દેહને તે પામતો જાય છે. ને સત્સંગ કરીને શ્રીહરિજીની ને મોટા પુરુષની જેમ જેમ મોટપ જાણતો જાય છે ને વિશ્વાસ પણ આવતો જાય છે તેમ તેમ તે શુદ્ધ અને પ્રકાશવાન થાતો જાય છે. ॥ ૯૭ ॥

અને પ્રથમ પંચવિષયને વિષે દોષ દેખાડીને દુઃસ્વરૂપ તથા અસત્યપણાની વાત કરવી ને પછી સત્પુરુષની સાખ્ય લાવીને શ્રીહરિજીના મહિમાની વાત કરવી. અને જેને શ્રીહરિજીનો મહિમા યથાર્થ સમજાય છે તેની તો આવી સ્થિતિ થાય છે જેમ વૈકુંઠનાથના માહાત્મ્યે કરીને સનકાદિકનું ચિત્ત અને ક્ષોભને પામી

ગયું. કહેતાં અક્ષરની સ્થિતિમાંથી બાહેર નિસરી જવાણું તેની ખબર રહી નહિ. જેમ રાંકને ઇંદ્ર પદવી આવે તેને જેમ આશ્ચર્ય થાય છે એમ વર્તાય ત્યારે જાણીએ જે મહિમા સમજાણો છે. એમ કહી પથાભાઈ ગરાસિયાના દીકરાને દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૯૮ ॥

અને સમૈયામાં જઈને સત્પુરુષની સોબત કરીને કમાણી કરવી ને તેને વધારવી. તે કોઈક તો વધારે છે ને કોઈક તો ઘટાડી પણ દીયે છે ને કેટલાક તો બરોબર પણ રાખે છે તે કમાણી શી ? તો શ્રીહરિજીને વિષે માહાત્મ્યે જુક્ત ને ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી ને તેને વધારવી તે મહત્પુરુષના સંગે કરીને શિખવું એ કમાણી સમૈયામાં કરવી. ॥ ૯૯ ॥

અને પાડરુના અભ્યાસને દૃષ્ટાંતે કરીને વાર્તા કરી જે સદ્રુચિનો અભ્યાસ સત્પુરુષના સંગે કરીને નિરંતર કર્યા કરે તો સદ્વાસના વૃદ્ધિ પામે છે. ॥ ૧૦૦ ॥

અને જેમ દશ વિશ મનુષ્ય મળીને ગાયનો બોધ કર્યો તે દૃષ્ટાંતે કરીને સ્વભાવના અસત્યપણાની વાર્તા કરી જે અતિ નિર્બળ ને કાયર ને ઈશ્વરના બળ પરાક્રમને ન જાણતા એવા જે અજ્ઞાની મનુષ્ય તેમણે સ્વભાવનું બળ વખાણ્યું છે ને શ્રીજીના એકાંતિક ભક્ત છે તેની આગળ તો સ્વભાવ અતિ તુચ્છ ને રાંક છે તે ભાગવતમાં કહ્યું છે જે

॥ કિંનુ બાલેષુ શૂરેણ કલિના ધીરભીરુણા ।
અપ્રમત્તઃ પ્રમત્તેષુ યો વૃકો નૃષુ વર્તતે ॥ ૧૦૧ ॥

અને ટીટોડીને દૃષ્ટાંતે કરીને પુરુષ પ્રયત્નની વાર્તા કરી જે જો એ મંડી તો ગરુડે સહાય કરી તેમ જીવ જો સાચો થઈને એકાંતિક થાવાને અર્થે સાધન શિખે તો શ્રીહરિજી તથા તેમના સંત જરૂર સહાય કરે. ॥ ૧૦૨ ॥

અને બે પ્રકારની બુટીની વાર્તા કરી જે એક બુટી તો ત્રાંબુ આદિકને સોનું કરી આપે છે ને એક બુટી તો સોનાને રાખ કરી નાખે છે. તેમ બહુ બુદ્ધિવાન સંતને સંગે કરીને એકાંતિક ભક્ત થાય છે ને અલ્પ બુદ્ધિવાનના સંગે તો ડોળિયા થઈ જાય છે. માટે સારા નરસા થવાનું કારણ તો સંગ કુસંગ જ છે. ॥ ૧૦૩ ॥

અને જીવને પંચવિષય સંબંધી સુખ ને નવાંને નવા જ રહે છે. ને પરમેશ્વરની જે ભક્તિ કરવી ને મહિમા શિખવો તથા શ્રીહરિજીના જે એકાંતિક સાધુ છે તેમનો મહિમા સમજવો તથા ધર્મભક્તિ જ્ઞાનાદિક સમજવું એ સર્વે

જૂનું થઈ જાય છે એનું કારણ એ છે જે શ્રીહરિજી મહારાજની મહિમા સમજાણી નથી. માટે શ્રદ્ધા અતિ મંદ રહે છે. તે સારું સત્પુરુષનો સંગ કરીને મહિમા શિખવો. ॥ ૧૦૪ ॥

અને અખંડાનંદ સ્વામીની પેઠે મોટમના થાવું પણ વાતવાતમાં મુંજાવું નહિ. તે અખંડાનંદ સ્વામીને માથે નિષ્કામી વર્તમાન ચુક્યાનો અપવાદ એક સાધુએ નાખ્યો ત્યારે તેમણે કહ્યું જે ''ખોટા ક્યું બોલતા હો'' પણ તેનો મનમાં શોક કે ઉદ્વેગ લગારે પણ થયો નહિ. એ મોટમનાનું લક્ષણ છે. એ શું કહ્યું ? તો પંચવિષયની ઉપેક્ષા રાખ્યાની જુક્તિ કહી. ને ક્ષમા પણ સમર્થ અસમર્થ સર્વને રાખવી. તે સમર્થને શોભારૂપ છે ને અસમર્થને સુખકારી છે, તેણે કરીને નિર્માની વર્તમાન દૃઢપણે પાળવાનું કહ્યું. ॥ ૧૦૫ ॥

અને ત્રણ પ્રકારના બુદ્ધિવાનની વાર્તા કરી જે એક તો હજારુંનાં બંધન કાપી નાખે ને ખાનપાનાદિક સન્માનને વિષે બંધાય નહિ ને બીજો તો ઘણાકનો સમાસ કરે પણ પંડે સન્માનાદિકે કરીને બંધાઈ જાય, ને ત્રીજો તો પોતાનો માંડમાંડ સમાસ કરે. એવી રીતે સત્વ રજ ને તમોગુણમય બુદ્ધિના ભેદ કહ્યા. ॥૧૦૬॥

અને પાંચ પ્રકારનાં મનુષ્ય સંસારનો ત્યાગ કરે છે તેમાં એક તો નિર્ધન, બીજો આળસુ, ત્રીજો ક્રોધી, ચોથો વિચારવાન ને પાંચમો બાળક, તે તો જેવો સંગ મળે તેવો તે થાય છે ને જો અલ્પ બુદ્ધિવાનનો સંગ મળે તો ડોળિયો થઈ જાય છે. જેમ બાળકને જેવી ગળહુતી પાય તેવો તે બળિયો થાય છે. તે ગળહુતીને ઠેકાણે સંગ જાણવો. તે વિદુરનીતિમાં કહ્યું છે જે -

યાદશૈઃ સન્નીવિશતે યાદશાંશ્ચોપસેવતે ॥ ૧૦૭ ॥

અને ચૈતન્યાનંદ સ્વામી કહે એક સમે સ્વામીએ મારા સામું જોઈને અતિશે દયાયે કરીને વાત કરી જે એક અણુ માત્ર પણ પ્રીતિ માયિક પંચવિષયને વિષે રાખશોમાં. એ કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારી છે. ॥ ૧૦૮ ॥

અને ''વૈરાટ તથા મહાપુરુષાદિક જે તે મૂર્તિનો મહિમા તો સમજે છે ને માયા સામે કેમ જોડાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે એ ઐશ્વર્યાર્થી ભક્ત છે તે સારું જોડાય છે. ને જ્ઞાની ભક્ત હોય તે તો ન જોડાય તે માટે જ્ઞાનીને જ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને શ્રેષ્ઠ કહ્યો છે. ને તે ભક્ત જેમ શ્રીજીને ભજે છે તેમ શ્રીજી પણ એને ભજે છે. ॥ ૧૦૯ ॥

અને ભજન સ્મરણ જે કરતો હોય તેણે ત્રણ અવસ્થા તથા તેના જે ગુણ તે ઓળખવા. ને દેહરૂપ થઈને ભજન સ્મરણ કરે તો તત્કાળ વાસનામય દેહ નાશ પામે નહિ. ॥ ૧૧૦ ॥

અને વે પ્રકારનો ધર્મ હોય ને જ્ઞાન વૈરાગ્ય પણ હોય તો પણ ભક્તિ વિના સંપૂર્ણ ન કહેવાય ને એ ચારેય હોય પણ શ્રીજીમહારાજની કૃપા વિના સંપૂર્ણ થવાય નહિ. ॥ ૧૧૧ ॥

હવે તે ધર્માદિકમાં જે ગુણ છે તેને પૃથક પૃથક કહીએ છીએ. તેમાં પ્રથમ ધર્મમાં એ ગુણ છે જે ધર્મને વિષે દૃઢપણે વર્તતો હોય તો તેનો પાયો સત્સંગને વિષે અચળ થાય છે. ને જ્ઞાનમાં એ ગુણ છે જે આત્મા અનાત્માના વિવેકને યથાર્થ સમજતો હોય તો માન અપમાને કરીને ને સુખ દુઃખાદિકે કરીને દુઃખી થાય નહિ. ને વૈરાગ્યમાં તો એ ગુણ છે જે ચાર પ્રકારના પ્રલયે કરીને પ્રકૃતિ પુરુષથી લઈને તૃણ પર્યંત ક્યાંયે શ્રીજી અને તેના સંત વિના બીજે પ્રીતિ રહે નહિ. ને મહિમામાં એ ગુણ છે જે પુરુષોત્તમનો મહિમા સમ્યક્ પ્રકારે સમજાણો હોય તો અક્ષરથી લઈને વિરાટપુરુષ પર્યંત કોઈની મોટપ મનમાં પેસેજ નહિ ને ભક્તિમાં એ ગુણ છે જે ભક્તિને મૂર્તિમાં ચોટાડ્યાનો સ્વભાવ છે માટે સાકાર વિના નિરાકારને વિષે કોઈ શાસ્ત્ર કરીને ને કોઈની વાર્તાયે કરીને પણ કોઈ કાળે પ્રતીતિ આવે જ નહિ. ॥ ૧૧૨ ॥

અને પરમેશ્વર બિના બીજો કોઈ આકાર મનમાં ધરાઈ જાય તો તેને ટાળ્યાની જુક્તિ શાસ્ત્રને વિષે સત્પુરુષે કહી છે તે શિખવી તે શું ? તો શ્રીજીમહારાજના ધ્યાનને વિષે જાણપણારૂપે રહીને બીજા આકારને ટાળવાને અર્થે નિત્ય પ્રલયાદિકે કરીને નાશવંત, અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય સર્વે આકૃતિયું ને જાણવી. તે ઉપર કાખના મુવાળાનું વચનામૃત તથા પાંચવાનાનું નિત્યે અનુસંધાન રહે છે એ બે વચનામૃત બચાવ્યા. ॥ ૧૧૩ ॥

અને એક ભક્ત તો પરમેશ્વરને ને જીવસત્તાને દેખે છે ને એક તો યથાર્થ જાણે છે એ બેમાં કીયો સરસ છે ? એ પ્રશ્નનો ઉત્તર જે દેખવા કરતાં તો યથાર્થ જાણે છે તે બહુ શ્રેષ્ઠ છે ને એ બેય હોય તો કોઈ વાતનો વાંધો જ રહે નહિ. ને એને જ્ઞાની ભક્ત કહેવાય ને તે એમ સમજે જે આત્મા તો સૃષ્ટિને આદ્યે જન્મ્યો નથી ને અંત્યે નાશ પણ નહિ થાય ને મધ્યે વ્યભિચારને પણ પામતો નથી. ને દેખે છે, સાંભળે છે, ઇત્યાદિક જે જે ક્રિયા કરે છે તે જીવ જ કરે

છે એમ દષ્ટારૂપે જે વર્તે છે તેને કોઈ ગધેડો કહે, મીંદડો કહે ઈત્યાદિક જે માન-અપમાન તેને પોતાને વિષે માને નહિ ને તે જ્ઞાની ભક્ત કહેવાય. ॥ ૧૧૪ ॥

અને આત્યંતિક પ્રલયની અંતે શ્રીજીમહારાજ અક્ષરધામને વિષે જેવા અલૌકિક પાર્ષદ, ઐશ્વર્ય ને સામર્થિયે સોતા રહ્યા છે એમ જથાર્થ જાણવા એને જ્ઞાન કહીએ ને એના એ ભાવે સોતાજ મનુષ્યરૂપે થયા છે પણ તેમાં જે કામાદિક સર્વે ભાવ દેખાય છે તે દિવ્ય છે એમ યથાર્થપણે સમજવું તેને વિજ્ઞાન કહીએ. ત્યાં ગોપીયુંના ને બળિરાજાના દષ્ટાંતે કરીને બહુ વાત કરી. ॥ ૧૧૫ ॥

અને વૈરાગ્ય, ભક્તિ ને ધર્મ એમના હેતુ, સ્વરૂપ ને ફળ જે છે તેને પ્રથક પ્રથક કહો ? એ પ્રશ્નનો ઉત્તર જે ભક્તિનાં કારણ તો જે ભાગવત ધર્માદિક સાધન તે છે. ને જે શ્રીજીમહારાજને વિષે પ્રીતિ છે તે સ્વરૂપ છે, ને શ્રીજીમહારાજ વશ થાય એ ફળ છે. ને વૈરાગ્યનો હેતુ તો પદાર્થ માત્રને વિષે જે દોષ દષ્ટિ તે છે. તે તેનું સ્વરૂપ તો વિષય માત્રનો જે ત્યાગ કરવાની ઈચ્છા તે છે. ને જે વિષયનો ત્યાગ કર્યો છે ને વળી મળે તો તેને ભોગવવામાં રાંકપણું થાય નહિ તે ફળ કહ્યું છે અને શ્રીહરિજીનું ને આત્માનું જે જ્ઞાન છે તેને ઉપજ્યાનું કારણ તો સત્પુરુષ અને સત્શાસ્ત્રનો જે સંગ તે છે. અને એ બેયની જેમ છે તેમ સ્થિતિ પોતાની બુદ્ધિને વિષે નિરંતર રહ્યા કરે તેને સ્વરૂપ કહે છે ને શ્રીહરિને વિષે જે માહાત્મ્યે સહિત પ્રીતિ છે તેને ફળ કહે છે. ને ધર્મ ઉપજ્યાનું કારણ તો ધર્મશાસ્ત્રનું આદરે સોતાં જે શ્રવણ કરવું તે છે ને જે નિયમ છે તે ધર્મનું સ્વરૂપ છે ને જ્ઞાન વૈરાગ્યાદિકને ધરી રહે તે ફળ છે. ॥ ૧૧૬ ॥

અને સત્સંગમાં તો અન્ન વસ્ત્ર યથાયોગ્ય મળે છે તો પણ મુંઝવણ રહે છે તેનું શું કારણ છે ? તેનો ઉત્તર જે તે તો પંચવિષયની આસક્તિયે કરીને રહે છે ને તેના બીબાં તો અનેક પ્રકારનાં છે તેને વિષે મુંઝવણ માત્ર રહી છે. માટે આસક્તિ ટાળીને સંત થાવું. તેનાં લક્ષણ મુક્તાનંદ સ્વામીએ ॥સંત જન સોય સદા મોય ભાવે ॥ એ ચાર કીર્તનમાં કહ્યાં છે તેવા થાવાની દઢ રુચિ કરવી. ત્યારે સંતે કહ્યું જે ''એ ચાર કીર્તનનો જે ભાવ હોય તે કહો ?'' ત્યારે કહ્યું જે - ॥ ધર્મસ્ત્યાજ્યો ન કૈશ્ચિત્ ॥ એ શ્લોકને વિષે એ ચારેય કીર્તનનું રહસ્ય છે. તે કહીએ છીએ જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ને માહાત્મ્ય તેણે સહિત શ્રીજીમહારાજની ભક્તિ કરવી. ને તે માહાત્મ્ય જાણવાને અર્થે સાચા સંતને સેવવા. એ પ્રમાણે ભાવ છે. ને જે પંચવિષયને વિષે આસક્તિ છે તેને કોઢ

જેવી જાણવી ને ધર્મ જ્ઞાનાદિકને વિષે જે આસક્તિ ઉપજે તેને તો પુત્રાદિકની પ્રાપ્તિ જેટલો આનંદ આપનારી જાણવી. ॥ ૧૧૭ ॥

અને એક દિવસ એમ વાર્તા કરી જે ગુરુ થાવું કે શિષ્ય થાવું. એ બેયમાંથી એક શિખવું. ॥ પછી બીજે દિવસે સર્વને પૂછ્યું જે મુંઝવણ ટાળવાને અર્થે એક બે સંતને મન સોંપ્યું છે કે નહિ ? પછી સર્વેએ જેને જેને મન સોંપ્યું હતું તેનાં નામ લઈને કહી દેખાડ્યું ॥ અને ત્રીજે દિવસે વાર્તા કરી જે કેવા લક્ષણે યુક્ત હોય જે જેનો સત્સંગને વિષે અચળ પાયો હોય ને તેને કોઈ વિઘ્ને કરીને પણ મુકી શકે નહિ ? પછી તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે એક તો શ્રદ્ધા અતિશે હોય ને સ્વભાવ ટાળવાને વિષે આગ્રહ પણ ઘણી હોય ને સત્સંગની ભીષણ સર્વે પ્રકારે ખમે ને કોઈ રીતે કચવાઈ જાય નહિ એવાની અચળ પાયો જાણવી ને એવી જાતની સમજણ નક્કી કરવી એ જ કલ્યાણનું મૂળ સાધન છે. ॥ ૧૧૮ ॥

અને પુરુષોત્તમ ભગવાન, અક્ષર અને અક્ષરના મુક્તનું તથા પુરુષ, કાળ, માયા, જીવ અને ઈશ્વરનું તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત શ્રીજીમહારાજની ભક્તિ તથા વ્યવહાર એ સર્વેનું જ્ઞાન યથાર્થ જાણ્યું જોઈએ ને વ્યવહારનું જ્ઞાન ન હોય તો પણ મુંઝવણ આવે છે. એમ માવા ભક્તને દૃષ્ટાંતે વાર્તા બહુ કરી. ॥ ૧૧૯ ॥

અને શ્રીહરિજીનો ભક્ત હોય ને તે જો રજોગુણને વિષે અતિ આસક્ત વર્તતો હોય તો તે અનિરુદ્ધ કે બ્રહ્મા જેવો થાય છે. ને તમોગુણને વિષે અતિ આસક્તિ મતિ હોય તો સંકર્ષણ કે શિવજી જેવો થાય છે ને સત્વગુણને વિષે અતિ આસક્ત મન હોય તો પ્રદ્યુમ્ન તથા વિષ્ણુ જેવો થાય છે ને જે એકાંતિકના સંગે કરીને ભાગવત થાય છે તે તો નિર્ગુણ ભક્ત કહેવાય છે. ને એ સર્વેને વિષે શ્રેષ્ઠ કહેવાય છે. ને એને વિષે પણ નિર્બળ ને અતિ બળવાન હોય છે તેમાં જે અતિ બળિયા એકાંતિક ભક્ત હોય છે તે તો શ્રીજીમહારાજની આજ્ઞાયે કરીને પ્રદ્યુમ્ન આદિકને વિષે જો માન આવ્યું હોય તો તે માનને ઉતારીને રૂડી રીતે સ્થિત્યાદિકે કરીને ધર્મ જ્ઞાનાદિક સોતી ભક્તિ પ્રવર્તાવીને નિર્લેપ થકા પાછા આવીને સેવાને વિષે તત્પર રહે છે. ને જે હરિભક્તને સત્વ પ્રધાન વર્તતો હોય તેનેય મુંઝવણ તો આવે પણ તે સત્સંગનું અવળું કરે નહિ ને બીજા બે તો કરે ને બીયે પણ નહિ, એમ રજ, તમ ને સત્વગુણી તથા નિર્ગુણ ભક્તની સ્થિતિ કહી ને તે ઉપર ભીષ્મ, શંકર અને અક્રુરને દૃષ્ટાંત બહુ વાર્તા કરી. ॥ ૧૨૦ ॥

અને જે વિષયને વિષે આસક્ત છે તે તો ભૂત પ્રેતાદિકના અવતારને પામે છે ને જે હરિભક્તનો અવગુણ લે છે તે તો અસુરભાવને પામે છે. ॥ ૧૨૧ ॥

અને શ્રીજીમહારાજ તથા તેમનો મહિમા અને તેમનું ધામ, તેમના અવતાર અને તેમના જે સત્પુરુષ, તેમનો મહિમા એ સર્વેને યથાર્થપણે જાણતા હોય તો તે સત્સંગમાંથી કોઈ રીતે પડે નહિ ને સર્વે પ્રકારે ભીષણ્ય પણ ખમે. ને એવી જાતની સમજણવાળાના અંતરમાં ચિકાશ હોય છે તે જ્યાં જાય ત્યાં ભગવાનને મુકી શકે નહિ. ॥ ૧૨૨ ॥

અને જેને શ્રીજીમહારાજને રાજી કરવા હોય તેને એમ વર્તવું જે પંચવિષયના સુખને અતિ દુઃખદાયક જાણીને તથા દેહાભિમાનની આસક્તિ ટાળીને નિર્વાસનિક થાવું ને ગાયક વિદ્યા તથા શાસ્ત્ર વિદ્યાદિક ગુણે કરીને પોતાને ગુણવાન ન માનવું, તે ઉપર ‘‘મારો મત કહું તે સાંભળો વ્રજવાસીજી, તજો સાધનનો ઉર આંબળો વ્રજવાસીજી.’’ એ કીર્તન ગવરાવીને વાર્તા બહુ કરી. ॥ ૧૨૩ ॥

અને મયારામ ભટ્ટજીને પૂછ્યું જે ‘‘ઉદ્ધવજી કેમ વાર્તા કરતા ?’’ ત્યારે તે બોલ્યા જે ‘‘આપણા સત્સંગને વિષે શાસ્ત્રવિદ્યા ને વ્યાકરણાદિક શાસ્ત્ર તથા ગાનવિદ્યા ને વાજાં તે નથી એમ વાર્તા કરતા’’ તે સાંભળી સંતે પૂછ્યું તે ઉપર સ્વામીએ વાત કરી જે એ વે વિદ્યા આદિક સર્વે વિદ્યાની પ્રવૃત્તિ સત્સંગને વિષે શ્રીજીમહારાજે અતિશે પ્રવર્તાવી દીધી ને ગાયક પાઠકદ્વારાયે કરીને તથા મંદિર અને મૂર્તિ દ્વારાયે કરીને અનંત રજોગુણી તમોગુણી જીવોનાં કલ્યાણ પણ કર્યાં તથા વક્તાની અશુદ્ધતાયે કરીને શુદ્ધ શાસ્ત્ર પણ અશુદ્ધપણાને પામી જાય છે એવી રીતે શાસ્ત્રની શુદ્ધિ-અશુદ્ધિની વાત બહુ કરી. ॥ ૧૨૪ ॥

અને એકાંતિક ભક્તને વિષે શ્રીજીમહારાજની મરજી અને વાર્તા યથાર્થ રહે છે તે ઉપર ॥ કસ્મૈ યેન વિભાસિતો૦ ॥ એ શ્લોકની બહુ વાર્તા કરી તથા એવા શુદ્ધ ભક્તને વિષે શ્રીજીમહારાજ નિવાસ કરીને રહે છે તે આ શ્લોકમાં કહ્યું છે જે :

ન કામ્યકર્મબીજાનાં યસ્ય ચેતસિ સંભવઃ । વાસુદેવૈક નિલયઃ । ને બીજા ભક્તને વિષે તો પોતાના સ્વભાવ ભળી જાય છે માટે તે સ્વભાવ પ્રમાણે વર્તે છે ને વાર્તા પણ તેજ પ્રમાણે કરે છે. ત્યારે સંતે પ્રશ્ન પૂછ્યું જે ‘‘આ ભક્ત સ્વભાવ પ્રમાણે વર્તે છે ને આ ભક્ત તો મરજી પ્રમાણે વર્તે છે તે

કેમ જણાય ?'' તેનો ઉત્તર જે જેની બુદ્ધિ દેશકાળાદિકે કરીને ફરી જાય એવી હોય તેનું વર્તન સ્વભાવ પ્રમાણે છે એમ જાણવું અને જેની બુદ્ધિ એણે કરીને ન ફરે એવી હોય તેનું વર્તન મરજી પ્રમાણે છે એમ જાણવું. ને જે રાત દિવસ અતિશે ચાડ રાખીને શ્રવણ મનનાદિકે કરીને બુદ્ધિને વિષે ખચિત કર્યું હોય તેની બુદ્ધિ ફરે નહિ. ॥ ૧૨૫ ॥

અને મુને મહારાજે કહ્યું જે ''આકાર રહિત વર્તવું'' ત્યારે મેં શંકા કરી જે મૂર્તિ ભૂલી જવાશે, તે સાંભળીને મહારાજ બહુ દિલગીર થઈ ગયા ને નેત્રકમળ સજળ થઈ ગયાં ને એમ બોલ્યા જે ''જેને રાજી કરવાને અર્થે પ્રયત્ન કરે છે તેને કેમ ભુલી જવાશે'' તે દિવસથી મારા હૃદયને વિષે એ વચન અચળ ખૂંતી રહ્યું છે ને તેમજ વર્તાય છે ને શ્રીજીને એમ વર્તવું ગમે છે માટે અનેક યુક્તિએ કરીને એ વાર્તા કરીએ છીએ, ને એવી સ્થિતિવાનને તો અન્ય સંકલ્પ થાય જ નહિ ને કદાચિત અસત્ દેશાદિકે કરીને થાય તો જેમ દેહે કરીને પ્રાયશ્ચિત્ત કર્યે સંતોષને પામે છે તેમ એ જ્ઞાની ન પામે. એ તો ઉપશમ રૂપી પ્રાયશ્ચિત્ત કરીને સંતોષને પામે છે તે શ્રુતિમાં કહ્યું છે જે ॥ યસ્ય જ્ઞાનમયં તપઃ ॥ માટે સવાસનિક ને નિર્વાસનિક હરિભક્તના પ્રાયશ્ચિત્તને વિષે બહુ ફેર છે ને જ્ઞાનીમાં ને ભગવાનમાં એટલો ફેર છે જે સ્થિત્યાદિક એથી ન થાય. ત્યારે સંતે પૂછ્યું જે ''કોઈકને તો ભજન કરવું ને કોઈકને તો મૂર્તિમાં જ રહેવું ને કોઈકને નવધા ભક્તિ કરવી ઇત્યાદિક શ્રીજી સંબંધી ક્રિયા તે જુદી જુદી ગમે છે ને કોઈકને તો એ સર્વે ગમે છે તે કેમ હશે ?'' તેનો ઉત્તર જે શ્રીજીમહારાજને વિષે જેવા જેવા ભાવે જુક્ત હમણાં અથવા મોર્યે વર્તતા હોય તેવા તેવા ગુણ એ ભક્તને વિષે આવે છે. તે ઉપર ગુણાતીતાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૧૨૬ ॥

અને વિજયાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે ''જેવા તેવા જીવને શ્રીહરિજી મહારાજનો જોગ થઈ જાય છે ને મુમુક્ષુને થાતો નથી તેનું શું કારણ હશે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે શ્રીહરિજીને જે દેશને વિષે ધર્મ સ્થાપન કરવો હોય તથા જે દેશને વિષે મુમુક્ષુ બહુ હોય તે દેશમાં શ્રીજીનું વિચરવું હોય એટલે તે દેશમાં મુમુક્ષુના તથા બીજા પણ સર્વેના મોક્ષ સહેજે થઈ જાય છે ને મુમુક્ષુ હોય પણ તેનો દુર દેશને વિષે જન્મ હોય તે રહી જાય છે. માટે મુમુક્ષુયે કોઈ દેશની વિષે જન્મ હોય તે રહી જાય છે, માટે મુમુક્ષુયે કોઈ દેશની વાસના

તથા નાતજાતની પણ વાસના ન રાખવી. ને પ્રકૃતિ પુરુષથી લઈને સર્વે પદાર્થને નાશવંત ને કાખના મુવાળા જેવા અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય જાણવા ને શ્રીજી તથા તેમના મોટા સંત તથા જીવાત્મા તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી અને મહારાજની સેવા વિના શ્વેતદ્વીપાદિક ધામને વિષે પણ વાસના ન રાખવી. અને શ્રીજી તો ગમે ત્યાં રાખીને પણ કસર માત્ર ટાળી નાખવાને સમર્થ છે માટે સત્તારૂપે રહીને તેમના એકાંતિક ભક્તનો સમાગમ અતિશે રાખવો ને તેને અર્થે શીત, ઉષ્ણ, ભૂખ, તરશ, માન, અપમાન, હર્ષ શોકનું સહન કરવું ને એને વિષે વૈરાગ્ય પામવો નહિ ને વિષયના યત્નને અર્થે જે ઉદ્યમ કરવો તેમાં વૈરાગ્ય પામવો. એમ કહી ભોકાખાચરનું દૃષ્ટાંત આપી કહ્યું જે આવી રૂડી ભગવત્ વાર્તા છે પણ તે કેટલાકને ગમતી હશે ને કેટલાકને તો નહિ ગમતી હોય. ॥ ૧૨૭ ॥

અને ''કેમ સમજે તો સદા સુખિયો રહે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે સદાસુખિયો તો તો રહે જે જેને કોઈ પદાર્થ જોઈએ જ નહિ. ને જેવાં તેવાં વસ્ત્ર ને લુખું પુખું અન્ન તો સહેજે જ મળી રહે છે માટે સંતોષ રાખીને વર્તે તો સુખી રહેવાય છે ને વિશ્વાસ કરવા યોગ્ય તો ડોડિયા પૂંજા ભક્ત જેવા સત્પુરુષ જ છે ને બીજે તો દુઃખિયા થાવાનું છે. ॥ ૧૨૮ ॥

અને જ્ઞાન વૈરાગ્ય વિના સૂક્ષ્મ ને કારણ શરીર ટળે નહિ ને એકલી ભક્તિએ કરીને તો ટળે પણ ખરા ને ટળે પણ નહિ ॥ ૧૨૯ ॥

અને સર્વે સંતને ધર્મામૃત પ્રમાણે વર્તવું એમ વાર્તા કરીને સ્વામી બોલ્યા જે ગૃહસ્થ હરિભક્તનો મહિમા સમજીને વિશ્વાસ કરીએ તો તે પોતા સરખો કરે. જેમ શૃંગી ઋષિને કરી નાખ્યો તેમ. માટે આપણે પણ અતિ વિશ્વાસ ન કરવો. ॥ ૧૩૦ ॥

અને ''લોભ, કામ, માનાદિકે કરીને શ્રીજીની આજ્ઞા લોપાય છે તે કેમ સમજે તો ન લોપાય ?'' તેનો ઉત્તર જે :-

મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપ્રતિમદ્ભયાત્ ।
વર્ષતીન્દ્રો દેહત્યગ્નિર્મૃત્યુશ્ચરતિ મદ્ભયાત્ ॥
યન્નામધેયશ્રવણાનુકીર્તનાદ્યત્પ્રહ્વણાદ્યત્સ્મરણાદપિક્વચિત્ ।
શ્વાદોઽપિ સદ્યઃ સવનાય કલ્પતે કથંપુનસ્તે ભગવન્નુદર્શનાત્ ॥

એ બે શ્લોકમાં જેમ મહિમા કહ્યો છે તથા જેમ મહાવિષ્ણુને કાળરૂપ ઈશ્વર મળી ગયા એવી રીતનો મહિમા સમજે તો આજ્ઞા લોપાય નહિ. ॥ ૧૩૧ ॥

અને હરિભક્તે પૂછ્યું જે ''જગત્ ખોટું કેમ થાય ?'' ત્યારે સ્વામી બોલ્યા જે જેમ બાળક રમત કરે છે તેમાં કેટલાક તો સૂર્ય ને કેટલાક તો ચંદ્ર થઈને આવે છે. ને વળી ધૂળનાં વર કન્યા ને ધૂળના કંસાર તે વળી મૂત્રનાઘીમાં પલાળે છે ને ધૂળના મગ ચોખા કરે છે. એ સર્વે જેમ સત્ય નથી તેમ સંસાર વ્યવહાર પણ અસત્ય છે પણ તેને બાળકની પેઠે સત્ય માન્યો છે માટે એ પણ બાળક છે એમ કહી ભવાયાને દૃષ્ટાંતે બહુ વાર્તા કરી. ॥ ૧૩૨ ॥

અને જીવનમુક્ત, વિદેહમુક્ત અને કૈવલ્યમુક્તની સ્થિતિ એમ છે જે જીવનમુક્ત તો વિષયને વિષે બંધાઈ જાય ને વિદેહમુક્ત છે તે પણ અસત્ય દેશકાળાદિકે કરીને બંધાય ને કૈવલ્યમુક્ત તો તેણે કરીને પણ બંધાય નહિ. ॥ ૧૩૩ ॥

અને ''પ્રથમ સંસાર અસત્ય જણાતો ને શ્રીજીમહારાજને વિષે પણ હેત જણાતું ને હવે એવું કેમ જણાતું નથી ?'' એ પ્રશ્નનો ઉત્તર જે પ્રથમ એની ઈન્દ્રિયોની વૃત્તિ વિષયને વિષે પ્રવેશ કરતી નહોતી ને સત્સંગનો વેગ ઈન્દ્રિયોને વિષે લગાડ્યો હતો. ને જ્યારે વિષયસુખનો અનુભવ થયો ત્યારે એ સત્સંગમાંથી મોળો પડી ગયો. એ જ એનો ઉત્તર છે. ને વિષય ભોગવીને ન બંધાય એવા તો નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ નથી. ॥ ૧૩૪ ॥

અને વિજ્ઞાનદાસજીને અવસ્થા લોપતી નથી ને મુંજાતા નથી ને સદા સુખિયા રહેતાં આવડે છે. ને નિર્માની પણ બહુ છે. ને શ્રીજીમહારાજનો ને સત્પુરુષનો વિશ્વાસ પણ અતિશે છે. ને સિદ્ધાનંદસ્વામીને તો અવસ્થા લોપે છે ને મુંઝવણ પણ આવે છે. ને પુરુષપ્રયત્ને કરીને અતિ આગ્રહ કરે તો ન આવે. ને કોઈકને તો વાતચિત કરતાં તથા સર્વે ક્રિયાને વિષે પણ શ્રીજીમહારાજ દેહની પેઠે નિરંતર સાંભર્યા કરે છે ને પૃથ્વીની પેઠે આધારપણાનો વિશ્વાસ પણ સદા વર્તે છે. ॥ ૧૩૫ ॥

અને વ્યાપકાનંદસ્વામીને નિશ્ચય થાતો નહોતો પછી શ્રીજીમહારાજે તેને સમાધિ કરાવીને અક્ષરધામ વિષે અનંતકોટિ મુક્ત સોતું પોતાનું દર્શન કરાવ્યું તો પણ નિશ્ચય ન થયો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ''આ સર્વે મુક્તોનાં રૂપને ધરી ધરીને અમારી પૂજા આરતી કરો'' ત્યારે તે કહે જે ''કેમ ધારું ?'' પછી

શ્રીજીમહારાજ બોલ્યા જે ''રામાનંદસ્વામી જો પુરુષોત્તમ ભગવાન હોય તો મુને સર્વેનાં રૂપ ધરતાં આવડો એમ સંકલ્પ કરો'' ત્યારે તેણે તેમ સંકલ્પ કર્યો તો પણ ન ધરાણા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે 'ચોવીશ અવતાર જો પુરુષોત્તમ ભગવાન હોય તો આવડો એમ કહો'' ત્યારે તેમણે એમ કહ્યું તો પણ ન ધરાણા પછી મહારાજ બોલ્યા જે ''હવે અમારે વિષે એ પ્રમાણે સંકલ્પ કરો'' ત્યારે તેમણે કહ્યું જે ''આ સહજાનંદસ્વામી જો પુરુષોત્તમ ભગવાન હોય તો મુને મુક્તનાં રૂપ ધરતાં આવડો'' ત્યારે ધરાણા. પછી સ્વામીને શ્રીજીને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. અને સર્વે મુક્તનાં રૂપ ધરતાં આવડો'' ત્યારે ધરાણાં. પછી સ્વામીને શ્રીજીને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. અને સર્વે આવિર્ભાવના ભક્તોને પુરુષોત્તમપણાનો નિશ્ચય થાતો નહોતો ત્યારે શ્રીજીએ તેમને બ્રહ્મધામનું ધારણ કરાવીને પોતાનો પ્રતાપ દેખાડ્યો જે પોતપોતાના ઈષ્ટદેવ હતા તે સર્વે શ્રીહરિજી મહારાજની સેવા ચાકરીમાં દાસની પેઠે રહ્યા કરે છે તે જોઈને સર્વેને શ્રીજીને વિષે પુરુષોત્તમ પણાનો નિશ્ચય થયો. ॥ ૧૩૬ ॥

અને એક દિવસ શ્રીજીમહારાજે તે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે ''ઈન્દ્રલોકમાં જાઓ'' ત્યારે તેણે કહ્યું જે 'જઈ આવ્યો' ત્યારે ફરીને આજ્ઞા કરી જે 'બ્રહ્માના કમળના નાળનો પાર લઈ આવો' ત્યારે તે કહે જે 'લઈ આવ્યો' વળી આજ્ઞા કરી જે 'ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મધામને વિષે જાઓ ત્યારે કહે 'જઈ આવ્યો' વળી આજ્ઞા કરી જે 'ભૂમાપુરુષ પાસે જાઓ' ત્યારે તે કહે જે 'ત્યાં તો હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે' ત્યારે શ્રીજી કહે 'તમે પણ તેવા રૂપને ધારીને તેને જીતીને જાઓ' ત્યારે તેમ કર્યું ને ફરી કહ્યું જે 'બીજો દશહજાર માથાનો દૈત્ય આગળ છે' ત્યારે મહારાજ કહે 'તમે પણ તેથી મોટું રૂપ ધારીને તેને જીતીને જાઓ' ત્યારે તેમ કર્યું ને ફરી કહ્યું જે 'બીજો દશહજાર માથાનો દૈત્ય આગળ છે' ત્યારે મહારાજ કહે 'તમે પણ તેથી મોટું રૂપ ધારીને તેને જીતીને જાઓ' પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે તેમણે કહ્યું જે 'પુરુષોત્તમનો પ્રગટપણે પૃથ્વીને વિષે અવતાર થયો ?' ત્યારે સંત કહે 'હા થયો' એ વાત સાંભળીને અતિશે ગદ્ગદ્કંઠ થઈને ભૂમાપુરુષ રાજી થઈ ગયા. ને તે સંતને પોતાના સિંહાસન ઉપર બેસારીને અતિશે સુગંધિમાન ને અતિશે સરસ પુષ્પ ચંદનાદિકે કરીને અતિશે ભારે પૂજા કરી. ને અતિશે આનંદ સોતા શ્રીજીમહારાજના સમાચાર પુછીને બોલ્યા જે 'મુને મહારાજે કહ્યું હતું જે અમો જ્યારે બ્રહ્માંડને

વિષે પધારશું ત્યારે તમારી પાસે સંતને મોકલશું. તે વચન આજ સત્ય કર્યું' એવી રીતે પરસ્પર બે જણે મહારાજની વાર્તા સારી પેઠે કરી પછી તે સંતે એ લોકના ચારભુજાવાળા મુક્તોને શ્રીહરિજીની વાતો કરીને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવીને બ્રહ્મપુરને વિષે મોકલી દીધા. પછી શ્રીજી પાસે આવીને પોતાનું વૃત્તાંત જેમ થયું તેમ કહ્યું તે વાત સાંભળીને શ્રીજીને વિચાર થયો જે ''જ્યારે બાદશાહ ગાદીયે બેસે ત્યારે બંધીવાનમાત્રને છોડી મુકે છે તેમ અમારે પણ અનેક જીવનાં કલ્યાણ કરવાં છે'' એમ વિચારીને સ્વરૂપાનંદસ્વામીને આજ્ઞા કરી જે ''સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજ રૂપ ધરાવીને ભુમાપુરુષના લોકમાં મોકલો'' ત્યારે તે સંતે તેમ કર્યું. એમ સર્વે વાર્તા જે તે શ્રીહરિજીએ બેઠાં બેઠાં સહેજે કરી. એવી રીતે પોતાનું પુરુષોત્તમપણાનું પ્રગટપણું અતિશે જણાવ્યું. ॥૧૩૭॥

અને ''જીવમાત્રને અતિશે બંધનકારી કીયું પદાર્થ છે ?'' એ પ્રશ્નનો ઉત્તર કોઈકે તો સ્નેહ કહ્યો ને કોઈકે તો માન કહ્યું ને કોઈકે સ્ત્રી આદિકનું બંધન કહ્યું. એવી રીતે ઘણેક પ્રકારે કરીને કહ્યું પછી સ્વામીએ કહ્યું જે અતિશે બંધનકારી તો દેહાભિમાન જણાય છે. ને શ્રીજીયે પણ વચનામૃતમાં કહ્યું છે જે ''દેહાભિમાનને વિષે સર્વે દોષ રહ્યા છે'' ત્યાં દૃષ્ટાંત છે જેમ મોટું ફળિયું હોય ને તેમાં બચ્ચે મોટો ખાડી હોય ને તે વળી તરણે કરીને ઢંકાયેલો હોય તેમાં જેમ સર્વે આવીને પડે છે. તેમ દેહાભિમાન રૂપ ખાડો છે તે પંચવિષયરૂપ તરણે કરીને ઢંકાણો છે તેને વિષે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માનાદિક સર્વે દોષ આવી આવીને પડે છે માટે તેને સત્ અસત્નો વિવેક કરીને કાઢવા. ને દેહને વૃક્ષરૂપે કરીને પણ કહ્યું છે તેમાંથી મનરૂપી અંકુર થાય છે ને અહંમમત્વરૂપી મોટાં મોટાં બે ડાળાં થાય છે ને દશ ઈન્દ્રિયો રૂપ નાનાં ડાળખાં થાય છે ને સંકલ્પ વિકલ્પરૂપી અતિ નાની ડાળિયું થાય છે ને તેણે કરીને જે કર્મ કરે છે તે રૂપ પાનડાં થાય છે ને જેમ પત્રે કરીને વૃક્ષ વધે છે તેમ કર્મે કરીને અનંત દેહ આવે છે. ॥ ૧૩૮ ॥

અને ''પરોક્ષના ભક્તમાં ને પ્રત્યક્ષના ભક્તમાં કેટલો ફેર છે ?'' એ પ્રશ્ન યોગાનંદસ્વામીને પૂછ્યું તેનો ઉત્તર તેમનાથી ન થયો ત્યારે સ્વામીએ પોતે ઉત્તર કર્યો જે પરોક્ષ અવતારના ભક્ત તો રૂપા જેવા છે ને બ્રહ્માદિક ને ઈન્દ્રાદિક દેવના ભક્ત તો પીતળ જેવા ને કાંસા જેવા છે ને મદ્ય માંસના ખાનારા જે તમોગુણી દેવ છે તેના ભક્ત તો કથીર ને લોઢાં જેવા છે અને પ્રત્યક્ષ પુરુષોત્તમના

જે એકાંતિક ભક્ત છે તે તો કુંદન ને જાંબુનદ સુવર્ણ જેવા છે અને તેમાં તો ભારે ચમત્કાર રહ્યા છે તેની વિગત જે જોડિયા ગામમાં વિશરામ સુતારે લાખું કીડિયુંનું કીડિયારું જોયું ત્યારે તેને દયા આવી જે ''આ બિચારા જીવોનું કેમ કલ્યાણ થાશે ?'' એટલામાં કરોડ્યું વિમાન આવ્યા અને એ સર્વે ચતુર્ભુજ રૂપ થઈ થઈને વિમાનમાં બેસીને શ્રીહરિજીના ધામમાં ગયા. તે માટે પ્રત્યક્ષના ભક્તનો તો આવો મોટો મહિમા છે. ॥ ૧૩૯ ॥

અને રત્નાભક્તની વાર્તા કરી જે એને ભાણેજે પ્રત્યક્ષના સંતને બે રોટલા આપ્યા હતા તેની પ્રાપ્તિની વાર્તા કરી ને કહ્યું જે જે હરિભક્ત છે તે તો સંતને રોટલાનો જ લોટ દીયે છે ને અભક્ત તો સદાવ્રત આપે છે તો પણ એ કરતાં તે રોટલાનો લોટ અધિક થાય છે. ॥ ૧૪૦ ॥

અને મુક્તાનંદસ્વામીને નિશ્ચય થાતો નહોતો ત્યારે રામાનંદસ્વામીએ આવીને કહ્યું જે ''સહજાનંદસ્વામી પુરુષોત્તમ ભગવાન છે ને અમે પણ એમના જ દાસ છીએ'' એવી રીતે પ્રત્યક્ષના ભક્તની અતિશે મોટયપ છે ને લગારેક એના સંબંધે કરીને મોટું કામ થઈ જાય છે. ॥ ૧૪૧ ॥

અને વક્તા જો મુમુક્ષુને ઓળખીને ભગવદ્વાર્તા કરે તો સમાસ થાય છે કેમકે કોઈકને તો ભક્તિનું અંગ હોય ને કોઈકને જ્ઞાનનું ને કોઈકને વૈરાગ્યનું ને કોઈકને સ્વરૂપનિષ્ઠાનું ને કોઈકને મહિમાનું એવી જાતનાં અનેક પ્રકારનાં અંગ હોય છે તે તે અંગનું સ્થાપન કરીને જો જ્ઞાનાદિકની વાર્તા હળવે રહીને સમજાવે તો સમજે. ॥ ૧૪૨ ॥

અને ''તમોગુણ કેમ ટળે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે લાજ રાખે તો ટળે. તેની વિગત જે પોતા થકી જે મોટો હોય તેની તથા ભાઈ, બાપ, કાકા આદિકની તથા સાધુ સંતની તથા કોઈક મોટેરા સત્સંગીની લાજ રાખવી ને સાંખ્ય વિચારે કરીને તો કોઈક ટાળતા હશે પણ ઘણાને તો લાજે કરીને રહે છે ને વ્યવહારમાં પણ ક્ષત્રિય આદિક વર્ણમાં એમ જ દેખાય છે. ॥ ૧૪૩ ॥

અને જ્યારે નટવાની ડુગડુગી વાગે છે ત્યારે મનુષ્ય સર્વે ઘરમાંથી બહાર નિસરી આવે છે. એ તો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એમ છે જે જ્યારે પંચવિષય સંબંધી ડુગડુગી વાગે છે ત્યારે આત્મા અનાત્માના વિચારને મુકીને શ્રીજીને તથા તેમની કથા વાર્તાને મુકી દઈને લોભરૂપે, કામરૂપે, રસાસ્વાદરૂપે, સ્નેહરૂપે, માનરૂપે ને દેહાભિમાનને જોગે કરીને અહંમમત્ત્વરૂપે થઈ જવાય છે ને સંકલ્પ

વિકલ્પને જોગે કરીને પણ દેહરૂપે થઈ જવાય છે, માટે સત્તારૂપ થઈને અતિ દૃઢાવ કરીને સ્થિર બુદ્ધિ રાખવી. ॥ ૧૪૪ ॥

અને ''સંસારમાં રહીને વિષય કેમ જીતાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે નિયમ રાખે તો જિતાય છે તેની વિગતિ જે આ વરસમાં ને આ મહિનામાં આવી રીતે વરતવું. જેમ વરસમાં દશ શેર રતાળુ ખાવાનું નિયમ લે છે એમ કર્યે વિષય જીતાય છે. ને એ સુખને વિષે તો કેવલ દુઃખજ રહ્યું છે ને મોટા મોટા રાજા છે તેમને તો ખાવા પીવાને વિષે ને સુવાને વિષે સ્ત્રી પુત્રાદિકનો પણ વિશ્વાસ આવે જ નહિ ને દીકરો તે બાપનો લાગ જોતો હોય ને બાપ તે પણ પુત્રનો લાગ જોતો હોય ને માદીકરાને વિષે તથા ધણી ધણિયાણીને વિષે પણ એમ જ છે માટે સંસારનાં સુખ તો આવા છે તો પણ જીવ વિષયને વિષે અતિ આસક્ત છે ને મૂર્ખ છે તે સારું નાશવંત ને સ્વપ્ન તુલ્ય ને અતિશે તુચ્છ જે વિષયસુખ તેને અર્થે અનેક પ્રકારનાં દુઃખને સહન કરે છે. ને સુખિયો તો તો થાય જો સત્પુરુષનો પ્રસંગ કરીને શુદ્ધ સત્તારૂપે રહીને શ્રીજીમહારાજનું ભજન કરે. ॥ ૧૪૫ ॥

અને ''સ્વભાવ ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન કરતા નથી ને નિષ્ફીકર રહે છે માટે તે સ્વભાવ હશે કે નહિ હોય ?' એ પ્રશ્નનો ઉત્તર જે સ્વભાવ તો છે પણ કોઈક તો આશરાનું બળ લે છે ને કેટલાકને તો પ્રમાદ બહુ છે ને કેટલાક તો સ્વભાવને ઓળખતા નથી ને કેટલાક તો મહત્પુરુષના સંગે કરીને ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન પણ કરે છે ને માન, ક્રોધ ને ઈર્ષા એ કલ્યાણના માર્ગને વિષે વિરોધી છે માટે એ દોષે કરીને સંકર્ષણ ને વૈરાટ જેવા મોટા થાય છે પણ એકાંતિક ભક્ત જેવા તો થાય જ નહિ ને સત્પુરુષના સંગે કરીને સાચો થઈને જો સ્વભાવને ટાળે તો અલ્પ કાળમાં ટળી જાય, નહિ તો અંત સમે પણ ટળી જાય છે અથવા બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપને વિષે કલ્પજીવી સર્જે છે માટે ત્યાં સુધી પુરુષપ્રયત્ન કરવું પડે. ॥ ૧૪૬ ॥

અને ''દૃઢ ઉપાસનાનું શું રૂપ છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે એક તો સ્થાનકને ઓળખે તે જે સ્થાનકને વિષે શ્રીજીમહારાજે પોતાનું કરીને ઘણા વરસ સુધી નિવાસ કર્યો હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહિ ને જેમ છે તેમ યથાર્થ ઉત્તર કરે. ને આજ્ઞાયે કરીને બીજે ઠેકાણે રહેતો હોય તો પણ ત્યાં હેત વધુ રાખ્યા કરે ને સંભાર્યા કરે ને જે શ્રીજીમહારાજ છે તે તો સર્વકર્તા

છે ને સર્વનિયંતા છે ને સર્વસુખમય છે ને સર્વઅંતર્યામી છે એવા જે શ્રીજી તે જેતે સત્સંગને વિષે કોઈક મહત-વિક્ષેપ આવીને પડ્યો હોય તેને ટાળવાને અર્થે કોઈક હરિભક્ત દ્વારા એ વાર્તા કરીને તેને ટાળી નાખે ને સંપ કરાવી દીયે તો તેને સત્ય જાણવું. જેમ શુકજી સર્વ વૃક્ષ રૂપે બોલ્યા તે સત્ય મનાય છે તેમ માનવું. ને એ તો યોગેશ્વર છે ને સર્વ કળાના ને સર્વ વિદ્યાના નિધિ છે માટે તેનાં ઐશ્વર્યને વિષે શંકા જ નથી અને ઐશ્વર્યવાનનું ધ્યાન ન થાય ને ધ્યાન તો પ્રત્યક્ષ મૂર્તિનું જ થાય એમ શ્રીજીના મહિમા સોતો યથાર્થ સમજે ને તેમના એકાંતિક ભક્તને ઓળખે ને એમનો વિશ્વાસપૂર્વક મન, કર્મ, વચને કરીને સમાગમ કર્યા કરે એ ત્રણ પ્રકારની સમજણની જે અતિશે દઢતા તેણે કરીને ઉપાસના પક્વ થાય છે. ॥ ૧૪૭ ॥

અને 'વિશ્વાસ કેમ થાય ?' એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીજીમહારાજની આજ્ઞા જે સંતને હોય જે 'તમે ધર્મમાં રહેજો ને બીજાને રખાવજો' તે માટે પોતે ધર્મને વિષે જથાર્થ વર્તતા હોય ને બીજાં બહુ મનુષ્યને પણ વર્તાવતા હોય એવી જાત્યનાં ઐશ્વર્યને જોઈને વિશ્વાસ કરવો ને એવાનો સંગ કરીને નિર્વાસનિક થાવું ને એવા સત્પુરુષને મન સોંપ્યા વિના તો બ્રહ્મા તથા વિરાટ તથા સંકર્ષણ જેવાને પણ કસર રહી જાય છે અને એ સમર્થ તો બહુ છે પણ વાસના ટાળ્યા વિના સકામ ભક્ત કહેવાય છે. ॥ ૧૪૮ ॥

અને આટલી વાર્તા કલ્યાણને અર્થે સમજવી છે જે એ જીવ છે તે ઈશ્વર તથા બ્રહ્માદિક દેવ તથા મનુષ્ય, પશુ આદિક યોનિને વિષે અનેકવાર જન્મ-મરણને પામે છે. તો પણ પોતે તો એવોને એવો શુદ્ધ છે. જેમ આકાશ ચાર ભૂતને સંગે કરીને પણ રંગમાત્ર મેલો થાતો નથી તેમ એ આત્મા શુદ્ધ છે અને એને મનન દ્વારાયે કરીને અક્ષર સાથે એકતા સમજીને શ્રીજીમહારાજનું ભજન કરવું. ને પોતાને પ્રત્યક્ષ મળ્યા જે શ્રીજીમહારાજ તેને સર્વે અવતાર થકી વિલક્ષણ સમજવા ને એમનું જેવું બોલવું છે, ને એમની જેવી ચાલ્ય છે ને એમની જેવી સુગંધી છે ને જેવી લાવણ્યતા છે ને જેવી વાત્સલ્યતા છે ને જેવી દયા છે ને જેવું ઐશ્વર્ય છે ને જેવું બળ છે ને જેવી શક્તિ છે ને જેવું જ્ઞાન છે ને જેવું તેજ છે ને જેવું સ્વરૂપ છે ને જેવો સ્વભાવ છે, જેવા ગુણ છે, જેવી વિભૂતિ છે, જેવું સુંદરપણું છે, જેવું સુકુમારપણું છે, જેવું સુશીલપણું છે, જેવું ઉદારપણું છે, જેવું ઉજ્જવલપણું છે, જેવું કરુણાપણું છે. ઈત્યાદિક અનંતગુણગણમંડન

રૂપ તો એક શ્રીજીમહારાજ છે, એવા બીજા કોઈ નથી. ને અક્ષરથી લઈને અવતાર પર્યંત એ સર્વે જે તે પુરુષોત્તમ જે શ્રીહરિજી મહારાજ તેમની ઉપાસનાને ભજન સ્મરણ કરે છે. એવા જે એ શ્રીજીમહારાજ તેમની પ્રસન્નતાને અર્થે નવધાભક્તિ જે તે અતિશે હેતે સહિત કરવી ને એ તો વાર્તા શ્રવણ મનનાદિકે કરીને અતિ દૃઢ કરી રાખવી. ॥ ૧૪૯ ॥

અને જેને દશ, વિશ કે સો, પચાસ મનુષ્ય માનતાં હોય તેને ગંડવા થાય છે, ને તેના ભેળા જે મનુષ્ય રહેતા હોય તેજો તે રોગને ન ઓળખે તો તેને પણ એ થાય છે, માટે જ્ઞાનાંશનું એ બે ઠેકાણે જરૂર કામ પડે છે. ને જેને જ્ઞાન હોય તે તો એ રોમને ઓળખી કાઢે તેથી તેમાં લેવાય નહિ. ને જે આવા મોટા સ્થાનકને વિષે રહેતા હોય તેને તો જ્ઞાનાંશની વાર્તા જરૂરી સમજી જોઈએ. કેમ જે કોઈક તો કોઠાર જોગ્ય હોય ને કોઈક તો ભંડાર જોગ્ય હોય ને કોઈક તો પૂજા કરવા જોગ્ય હોય. એવા અનેક પ્રકારનાં મનુષ્ય હોય છે તે સર્વેને ઓળખીને જ્યાં જેને જેમ ઘટે ત્યાં તેને તેમ પ્રવર્તાવ્યું જોઈએ. ને કોઈક બેઠાડુ હોય તે પણ જાણ્યું જોઈએ. માટે જ્ઞાનનું કામ તો બહુ પડે છે. ને માણસ ભેગા કરવા એ તો કાંઈ કઠણજ નથી પણ તેને સદ્બુદ્ધિ આપીને હરિભક્ત કરવા એ કઠણ છે. એ તો જ્ઞાની ભક્તને જ આવડે છે ને તે ગંડવા તો માસ, બે માસ, છ માસ રહે ને કોઈકને તો આવરદા પર્યંત રહે છે. ને તે તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક સંબંધી હોય છે. તેને જ્ઞાનવાન ઓળખે છે ને બીજાને તો નજ ઓળખાય. તે ઉપર વિવેકસારની વાર્તા કહી દેખાડી ને બોલ્યા જે શ્રીજીમહારાજ પણ કહેતા જે ‘‘આવાનો સંગ ગમે છે ને આવી રૂચિ છે’’ એમ બહુ વાર્તા કરી. ॥ ૧૫૦ ॥

અને જ્ઞાની ભક્ત હોય તે તો અતિ શ્રેષ્ઠ હોય ને તેનાં વચન પણ ધર્મજ્ઞાનાદિકે કરીને યુક્ત હોય માટે બળવાન બહુ હોય. તેના વચનને વિષે વિશ્વાસપૂર્વક ત્વરાદાન થઈને મુમુક્ષુ જો શ્રવણ કરે તો સત્ અસત્‌ની વિક્તિ તથા બહુ બુદ્ધિવાન ને અલ્પ બુદ્ધિવાન હરિભક્તની વિક્તિ જણાઈ આવે છે. ને શ્રવણ મનનાદિકે કરીને જ્યારે જ્ઞાનાંશ પક્વતાને પામે છે ત્યારે સર્વે વક્તાનાં વચન પ્રમાણ થઈ આવે છે. માટે ગમે તેવો પંડિત હોય ને ગમે તેવો ડાહ્યો હોય ને ગમે તેવો મોટેરો હોય ને ગમે તેવો વાચાળ હોય તે સર્વેની પરીક્ષા આવી જાય છે. જે આ બહુ બુદ્ધિવાન ભક્ત છે ને આ નથી. માટે મુમુક્ષુને

સંગ સોબત વાતચિત ઈત્યાદિક સર્વે સત્પુરુષનું જ ગમે છે. ને એમના વચનને વિષે જે બળ છે ત્યાં દૃષ્ટાંત જે શ્રીજીમહારાજની મરજી પ્રમાણે વર્તતા ને ધર્મવાળા ને ગરીબ એવા જે સપ્તઋષિ તેના વચનનો ઉપરિચરવસુયે જો અનાદર કર્યો તો વિમાનમાંથી પડીને પૃથ્વી ઉપર પડી ગયો ને વળી પાતાળમાં પણ પેશી ગયો. ને ઈન્દ્રે જો એમનું અપમાન કર્યું તો ધાનને ને દાંતને હજારું વરસ સુધી વેર રહ્યું. એવું મહત્પુરુષના વચનમાં બળ છે. ને શ્રીરામચંદ્રજીયે પરશુરામને રાંક બ્રાહ્મણ કરી મૂક્યા. એમ મોટાના સંકલ્પમાં પણ અપાર બળ રહ્યું છે એમ કહી હરજી ઠક્કરને દૃષ્ટાંત કરીને બહુ વાર્તા કરી. ॥ ૧૫૧ ॥

અને ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગ કરે છે પણ ઉપરછલ્લો કરે છે ને જીવમાં પ્રવેશ કરાવતાં આવડતો નથી ને સત્પુરુષ પાસેથી એવી જુક્તિ પણ શિખતા નથી. તે ઉપરછલો સત્સંગ કેમ જાણવો ? તો બાહ્ય દૃષ્ટિયે કરીને શ્રીજીમહારાજની નવધા ભક્તિ કરે છે પણ હાણ વૃદ્ધિનો અંતરમાં તપાસ કરતા નથી, એને ઉપરછલો સત્સંગ જાણવો. તેની વિગતિ જે કોઈકને પ્રાકૃત તથા સંસ્કૃત ગ્રંથ ભણવાને વિષે તથા લખવાને વિષે લગની છે ને કોઈકને તો ગાન વિદ્યાદિકને વિષે લગની છે ને કોઈકને ગૃહસ્થને કથા વાર્તા કીર્તન સંભળાવવાને વિષે લગની છે ને કોઈકને તો ગૃહસ્થ હરિભક્ત સાથે ભાઈબંધાઈ રૂપ સુવાણને વિષે લગની છે તથા કોઈકને ધર્મશાળાઓ તથા ફુલવાડી તથા કુવા વાવ્ય તથા ખેતી કરાવ્યાને વિષે લગની છે. ત્યારે એ સર્વે ભક્તિ તો ખરી પણ ઉપરછલી કહેવાય છે. કહેતાં દેહરૂપ થઈને અહંમમત્વ સોતા કરાય છે. માટે સત્પુરુષને સંગે કરીને ધર્મજ્ઞાનાદિક જીવને વિષે પ્રવેશ કરાવીને સાધુ થાતાં આવડતું નથી. ને સાધુ તો તો થવાય જો મનગમતા વિષયની પ્રાપ્તિયે કરીને મન ટાઢું ન થાય ને અપ્રાપ્તિયે કરીને ઉનું ન થાય તો. એ વાર્તા શ્રીજીએ વચનામૃતમાં પણ કહી છે જે ''દેહરૂપ થઈને રૂપકુરૂપને તથા બાલજોબન આદિક અનંત પદાર્થને જુએ છે ને શ્રોત્ર ત્વક્ રસના ઘ્રાણે કરીને પણ વિષયસુખને ભોગવે છે ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો પણ નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે ને એજ ઘેલામાં અતિશે ઘેલો છે. ને એ જ મુરખમાં અતિશે મુરખ છે ને એ જ સર્વે નીચમાં અતિશે નીચ છે.'' જે અંતર સન્મુખ દૃષ્ટિ કરીને પોતાના રૂપને જોતો નથી ને સત્સંગનો જીવમાં પ્રવેશ કરાવતો નથી. ॥ ૧૫૨ ॥

અને વળી ''મળમૂત્રના ભર્યા થકા પૂજા ન કરવી ને નાહી ધોઈને પૂજા કરવી.'' એમ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે માટે આત્મસત્તા રૂપે થઈને લોભ, કામ, રસાસ્વાદ, માન, ક્રોધ, ઈર્ષા, કપટ, હિંસા, મત્સર ઇત્યાદિક જે અધર્મસર્ગ તેને કાઢીને ધર્મસર્ગ જે જ્ઞાન, વૈરાગ્ય, શમદમાદિક ગુણ તેને જીવને વિષે પ્રવેશ કરાવવાને અર્થે વારંવાર તપાસ કર્યા કરવો જે ''મારે વિષે સાધુના ગુણ કેટલા આવ્યા છે ને કેટલા આવ્યા નથી. ને શ્રીજીનો કેટલો વિશ્વાસ છે ને નૈષ્ઠિક ને અહિંસાધર્મ ને જ્ઞાન વૈરાગ્ય ને શ્રીજીનું માહાત્મ્યે સહિત જ્ઞાન ને સત્પુરુષનો મહિમા કેટલો આવ્યો છે ને કેટલો નથી આવ્યો ?'' એમ તપાસ કરીને પાયો પાકો કરવો. કહેતાં અસદ્‌ભાવને અંતરમાંથી કાઢીને જીવને વિષે સત્સંગનો વેગ લગાડી દેખો. એમ નિરંતર વિચાર કર્યા કરવો ને એમાં વૈરાગ્ય પામવો નહિ. એવી રીતે તપાસ કર્યા કરવો ને એમ તપાસી ને જો ન વરતે ને ઉપરછલો વરત્યા કરે ને તેને કોઈક કારસો આવે તો સત્સંગને વિષે પગ ટકે નહિ ને એમ કહે જે ''આણે કારસો કર્યો'' પણ પોતાની ભૂલ તો જુવે જ નહિ. ॥ ૧૫૩ ॥

અને ''સર્વે વર્ણને વિષે ધર્મ કેમ રહ્યો છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે કોઈકને વિષે તો અર્થને લઈને ધર્મ રહ્યો છે ને કોઈકને વિષે તો કામને લઈને ધર્મ રહ્યો છે ને કોઈકને વિષે કપટે કરીને ધર્મ રહ્યો છે. ઇત્યાદિક ઘણે પ્રકારે કરીને રહ્યો છે પણ કેવળ મોક્ષને અર્થે નથી જણાતો. ત્યારે કોઈકે પૂછ્યું જે ''ત્યાગીને હશે ?'' ત્યારે સ્વામી કહે એમાં પણ નાત્યને લઈને તથા પ્રબંધે કરીને રહ્યો છે. ત્યારે ફરી પૂછ્યું જે ''તે મોક્ષને અર્થે કેમ થાય ?'' ત્યારે સ્વામી કહે સત્પુરુષને ઓળખીને તેમનો સંગ મન કર્મ વચને કરીને કરે ને તેમના હાથ તળે રહ્યો થકો વરત્યા કરે તો મોક્ષને અર્થે થાય છે. ને એમ ન વર્તે તો ધર્મ અર્થ ને કામ પર થઈ જાય છે, એમ કહીને અર્જુનના શૂરવીરપણાની વાત સાથે બીજા પણ શૂરવીરોની વાત કરી. ॥ ૧૫૪ ॥

અને ''નિશ્ચયનું શું લક્ષણ છે ?'' એ પ્રશ્નનો ઉત્તર બીજાએ કહ્યો જે ''ઓળખવું કે જ્ઞાન એને કહેતા હશે'' ત્યારે એકે કહ્યું જે ''નિશ્ચયનું તો કાંઈ ઠેકાણું નથી કેમ જે પ્રથમ તો અતિશે જાણતો હોય ને પછી કાંઈયે રહે નહિ.'' ત્યારે સ્વામી બોલ્યા જે એવાને તો પ્રથમથી જ નહિ હોય ને કોઈકને લગાર ઇન્દ્રિયુમાં કે અંતઃકરણમાં હશે તે કોઈક અસમર્થ ચરિત્ર જણાઈ આવે તેણે કરીને ટળી જાય છે. ॥ ૧૫૫ ॥

અને ''સર્વે ક્રિયાને કરતા થકા અકર્તા કેમ સમજવા ?'' એ પ્રશ્નનો ઉત્તર જે ॥ રામો ન ગચ્છતિ ન તિષ્ઠતિ ॥ એમ અકર્તા શ્રીજીમહારાજ નથી. એ તો અક્ષરધામને વિષે જેવા અલૌકિક ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા વિરાજે છે તેવાને તેવા જ મનુષ્ય ભાવને વિષે પણ વર્તે છે. ને એવા થકા અક્ષરથી પર છે ને સર્વના નિયંતા છે ને સર્વના પ્રકાશક છે ને સર્વના કર્તા છે એવા જે મહારાજ તેની જે સર્વે ક્રિયા છે તે જીવુંના કલ્યાણને અર્થે છે ને જ્ઞાનાકાર છે પણ પોતાના સુખને અર્થે નથી. માટે અકર્તા છે. જેમ કોઈકે સો મનુષ્ય મારી નાખ્યા હોય ને બીજા સોને મારવાને અર્થે સોમલખાર નખાવીને લાડવાનું જમણ કરાવતો હોય ત્યારે એ તે મારે છે કે જમાડે છે ? એ તો મારે છે જ. વળી જેમ કોઈક કામ્યયજ્ઞ કરે છે ને તેમાં દેવને આરાધે છે ત્યારે એ તે દેવને અર્થે કરે છે કે સ્વર્ગસુખને અર્થે કરે છે ?એ તો સ્વર્ગસુખને અર્થે જ કરે છે. તેમ પરમેશ્વર જે તે ઉંચ-નીચ યોગ્ય-અજોગ્ય જે જે ક્રિયા કરે છે તે સર્વે જીવના કલ્યાણને અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશમાત્ર કરતા નથી. માટે એ સર્વે ક્રિયાને કરતા થકા અકર્તા જ છે. એમ અજ્ઞાની જીવ નથી સમજતા ને પોતા જેવા જાણીને લોભ કામાદિક ભાવ ઈશ્વરને વિષે કલ્પે છે. અને જે શાસ્ત્રને વિષે એના કલ્યાણને અર્થે નિયમ કહ્યા છે તે પણ ખોટા કલ્પે છે ને દ્વેષ કરે છે માટે અસુરભાવને પામી જાય છે ને એના કલ્યાણને અર્થે પણ થાતા નથી. એ એમનાં ચરિત્ર સર્વે દિવ્ય છે ને કલ્યાણૈકતાન છે. તે કોઈકનું પદાર્થ લઈને કોઈકને દઈ દે ને કોઈકની વહુ દીકરી કોઈકને દઈ દે ને કોઈકની બોન સ્ત્રી કોઈકને દઈ દે એવાં અનંત પ્રકારનાં જે ચરિત્ર તેને દિવ્ય સમજે ને એમ જાણે જે ''એનું કલ્યાણ તો એમ કર્યેજ થાતું હશે'' એમ અલૌકિકપણું સમજે ને એમ પણ જાણે જે મહારાજને તો કોઈ પદાર્થ જોતું નથી ને જે ગ્રહણ કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે કેવળ દયાયે કરીને જ કરે છે ને પોતે તો અન્ન જળ વિના વાયુ ભક્ષણ કરીને પણ રહેતા માટે સર્વે ક્રિયાને કરતા થકા પણ ભગવાન અકર્તા છે ને તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે ને દિવ્ય છે, ત્યાં શ્લોક છે જે —

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥
ન માં કર્માણિ લિંપન્તિ નમે કર્મફલે સ્પૃહા ।
ઈતિ માં યોઽભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ॥ ૧૫૬ ॥

અને જીવાત્માને મનન દ્વારાયે કરીને અક્ષરના સાધર્મ્યપણાને પમાડ્યો હોય ને સત્તારૂપે વર્તતો હોય ને જગતની સર્વે ક્રિયાને સ્વપ્નતુલ્ય ને નાશવંત ને કાખના મુવાળા જેવી અતિ તુચ્છ સમજતો હોય ને તેને શ્રીહરિજી મહારાજ કહે જે ''જગતના સર્વે વૈભવ અસત્ય છે ને અતિશે દુઃખરૂપ છે ને અસાર છે'' તો એ વચન જથાર્થપણે સત્ય મનાય જાય છે. ને એવો જ્ઞાની ભક્ત તો જીવાત્માને પણ નિર્દોષ ને અકર્તા માને છે ને શ્રીહરિજીને અલૌકિક ને અકર્તા સમ્યક્ પ્રકારે સમજીને જે ભજન સ્મરણ કરે છે તેને પણ કર્મફળ વળગતું નથી. અર્જુન યથાર્થ મહિમા ને અકર્તાપણું ઈશ્વરને વિષે સમજીને ને પોતાને આત્મસત્તા રૂપે માનીને અકર્તાપણે વરત્યા તો કર્મ વળગ્યું નહિ. ત્યાં શ્લોક છે જે –

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।
ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥
યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।
હત્વાપિ સ ઈમાંલ્લોકાન્ ન હન્તિ ન નિબધ્યતે ॥
નૈવ કિંચિત્ કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્ ।
પશ્યન્શૃણ્વન્સ્પૃશન્જીઘ્રનશ્નન્ગચ્છન્સ્વપ્ન્શ્વસન્ ॥
પ્રલપન્ વિસૃજન્ ગૃહ્ણણનુન્મિષન્ નિમિષન્નપિ ।
ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઈતિ ધારયન્ ॥

એવી રીતે જ્ઞાની ભક્તનું વર્તન કહ્યું ત્યારે પરમેશ્વરનું તો તે કરતાં પણ અતિશે અકર્તાપણે કરીને વર્તન સર્વે શ્રુતિ સ્મૃતિને વિષે કહ્યું છે માટે કર્તા, અકર્તા ને અન્યથાકર્તા પરમેશ્વર છે. ॥ ૧૫૭ ॥

અને ''ઘરમાં રહેતા હઈએ ત્યારે બહુ મહિમા જણાય છે ને ભેગા રહ્યે નથી જણાતો તે કેમ ?'' એ પ્રશ્નનો ઉત્તર જે એક તો ત્યાગીને વિષે રહ્યા ને વેશે કરીને સરખા થયા ને વળી ભેગા રહ્યે કરીને જેવું જેનું વર્તન હોય તે જણાઈ આવે છે માટે ભાર રહેતો નથી. ને જે મોટા પુરુષ હોય તે તો શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે વર્તે છે ને બીજાને પણ એમ વર્તવાની વાર્તા કરે છે તેનો તો મહિમા સહેજે જ રહે છે ને જે સત્ અસત્‌ને ઓળખતો હોય તેને તો ગડબડિયાનો ભાર રહે નહિ. ॥ ૧૫૮ ॥

અને સુતાર ખીમાભક્તે શ્રીજીમહારાજની લીલાની વાત બહુ કરી તે સાંભળીને સ્વામી કહે જે મહારાજે તો સુખ દીધામાં કોઈ રીતે ખામી રાખી નથી

પણ આપણે મહિમા સમજતા નથી ને કેવળ ખોટ જ ખાઈએ છીએ. ત્યારે તે ભક્તે કહ્યું જે ''મહિમા સમજે ત્યારે કેમ વરતાય ?'' ત્યારે સ્વામી બોલ્યા જે ત્યારે તો કેવળ શ્રીજીમહારાજ સામું જોઈ રહેવાય. ત્યારે કોઈક સંતે કહ્યું જે ''જોવે કરીને બહુ સુખ જણાતું હશે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જોયામાં તો બહુ સુખ રહ્યું છે. કેમ જે, એ સુખની પ્રાપ્તિને અર્થે તો મોટા મોટા જે તે અહંમમત્વને મુકી દીયે છે. ને તેને મુકવાનો ઉપાય તો કર્મયોગ, જ્ઞાનયોગ ને ભક્તિયોગ છે. તેની વાર્તા વિસ્તારીને કરીને કહ્યું જે જ્ઞાનયોગ જેને પક્વ હોય તેને એમ વર્તે છે જે –

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ
તથા કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।। ૧૫૯ ।।

અને ભાવેભક્તે પૂછ્યું જે ''રામચંદ્ર ભગવાન જ્યારે સીતાને લાવવા સારું લંકામાં ગયા હતા ત્યારે ત્યાં રાવણે નાગપાશે કરીને રામચંદ્રજીને બાંધ્યા. પછી ગરુડજી આવ્યા ત્યારે સર્વે નાગ જે તે રામચંદ્રજીનો ત્યાગ કરીને ભાગી ગયા તે જોઈ ગરુડજીને સંશય કેમ થયો ?'' ત્યારે સ્વામી કહે એ ગરુડજી તો ભગવાનના પાર્ષદ છે તો પણ એમણે શ્રીજીમહારાજના દિવ્યભાવને ને મનુષ્યભાવને નક્કી સમજીને દૃઢ ઠેરાવ કર્યો નોતો માટે એમને સંશય થયો. ત્યારે તે ભક્તે કહ્યું જે ''એ બેય ભાવનો દૃઢ ઠેરાવ કેમ કરવો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે મનુષ્યભાવ છે તેને તો આપણે સર્વે દેખીયે છીએ તેને વિષે દિવ્યભાવ સમજવો જે એ મનુષ્યરૂપ મૂર્તિને વિષે કેટલાકને તો પ્રકાશ જણાય છે ને કેટલાકને તો એમ જણાય છે જે મહારાજ કાઠીના સવાર સોતા હરિભક્તને તેડવા આવે છે ને એમને દિવ્યરૂપ કરી દીધા, ને કોઈક ભક્તને વિષે તો ચોવીશ અવતારને લીન કરાવી દીયે છે, ને કોઈક ભક્ત ઈચ્છે જે ''એ ચોવીશ અવતાર કેવા હશે ?'' તો તત્કાળ તેને એમના દર્શન કરાવે છે. ને જે અવતાર છે તે તો પોતાના જે દૃઢ ભક્ત હોય તેને પણ અક્ષરધામનાં દર્શન ક્યારેક કરાવે છે ને અવતારી જે શ્રીજીમહારાજ તે તો જેવા તેવા હજારું પ્રાકૃત મનુષ્યને અક્ષરધામનાં દર્શન વારંવાર કરાવે છે. ને અંતકાળે પોતાના ભક્તને તેડવા આવે છે ને વળી યવન જૈનાદિકને પણ એમના ઈષ્ટદેવનાં દર્શન કરાવે છે. ને તે દેવ જે તે પોતપોતાના સેવકને વાર્તા કરે છે જે ''પરમેશ્વર તો આ સ્વામિનારાયણ છે ને અમે સર્વે તો એમના સેવક છીએ'' એવી રીતે અનેક પ્રકારની વાર્તા કરીને શ્રીજીમહારાજનો નિશ્ચય

કરાવીને સત્સંગ કરાવી દીયે છે. એવી રીતે અનેક પ્રકારની અલૌકિક ને દિવ્ય સામર્થી સત્સંગને વિષે જોઈને મનુષ્યભાવ ને દિવ્યભાવ તે એક જ છે એવી રીતે ઠેરાવ અતિશે નિશ્ચલ કરવો. ॥ ૧૬૦ ॥

અને સ્વામીએ વાત કરી જે નામને તો સ્વરૂપ ગુણ ને ચરિત્રનો સંબંધ રહે છે. ત્યારે કોઈએ પૂછ્યું જે ''ગુણ ને ચરિત્રમાં શો ફેર છે ?'' ત્યારે સ્વામી કહે જે પુંડરિકાક્ષ, પુંડરિકવદન, નિષ્કલંક, ચંદનાર્ચિત આદિક સ્વરૂપનિર્ણય છે ને અતિ દયાળુ, અતિ કૃપાળુ, અતિ વત્સલ ઇત્યાદિક ગુણનિર્ણય છે. ને ચરિત્ર તો જે નાના પ્રકારની ક્રિયા કરવી તે છે. ॥ ૧૬૧ ॥

અને ''જીવને શાસ્ત્રને વિષે શુદ્ધ કહ્યા છે તેને વિષે કર્મ તથા માયા કેમ સમજવી ?'' તેનો ઉત્તર જે જીવતો અનાદિના માયાત્મક છે માટે કર્મ તથા માયા તે ભિન્ન ન કહેવાય. તે કઈ માયા ? તો જે જીવને વિષે ઇચ્છારૂપે રહી છે તે. જેમ બીજને વિષે અંકુર છે તેમ અવ્યક્તપણે રહી છે. માટે કર્મ તથા માયા જુદાં છે ને અનાદિથી ભેગાં પણ છે. ને સત્શાસ્ત્રને વિષે જે જીવને શુદ્ધ કહ્યા છે તેવા તો મહત્પુરુષની સેવાયે કરીને થાય છે. તે વાત મુક્તના ભેદના વચનામૃતને વિષે શ્રીજીમહારાજે કહી છે. ॥ ૧૬૨ ॥

અને ''જીવ, માયા ને પરમેશ્વર એ ત્રણેય અનાદિ છે તેમને મધ્યે પુરુષોત્તમને સર્વકારણપણું ને સર્વકર્તાપણું કેમ છે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે પુરુષોત્તમ તો માયાને તથા જીવને સૂક્ષ્મભાવને પમાડી દીયે છે ને એને વિષે જે ક્રિયા કરવાનું સામર્થ્ય તથા પ્રકાશપણું ઇત્યાદિક અનેક પ્રકારની સામર્થી રહી છે તે તો પુરુષોત્તમની આપેલ છે માટે શ્રીહરિજીને વિષે સર્વનું કર્તાપણું, સર્વનું નિયંતાપણું ને સર્વનું કારણપણું કહેવાય છે. ॥ ૧૬૩ ॥

અને – ''વિદ્યાવિદ્યે મમ તન્ વિધ્ધ્યુદ્ધવ શરીરિણામ્ ।
બન્ધમોક્ષકરી આદ્યે માયયા મે વિનિર્મિતે ॥

એ શ્લોકને વિષે વિદ્યા ને અવિદ્યા એ બેઉયે કરીને બંધ મોક્ષ કહ્યા છે તે વિદ્યા ને અવિદ્યા તે શું ?'' ત્યારે સ્વામી બોલ્યા જે વિદ્યા જે ધર્મને વિષે વર્તવું, જ્ઞાન શિખવું, વૈરાગ્ય શિખવો ને શ્રીજીમહારાજનો ને મોટા સંતનો મહિમા શિખવો ને નવ પ્રકારની ભક્તિ કરવા શિખવી ને સમદમાદિક સાધન શિખવા ઇત્યાદિક સર્વે વિદ્યાશક્તિ કહેવાય છે. ને પંચવિષયને વિષે રાગ રાખવો ને દેહાભિમાન સોતા વર્તવું ઇત્યાદિક સર્વે અવિદ્યાશક્તિ કહેવાય છે અને

અવિદ્યાને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે. ને તે અવિદ્યા પણ બે પ્રકારની છે તે અજ્ઞાની જીવમાત્રને વિષે ને ઐશ્વર્યાર્થીને વિષે રહી છે. ને તે અજ્ઞાનીમાં જે વિદ્યા જણાય છે તે શું ? તો યજ્ઞ, દાન, પુણ્ય, વેદાધ્યયન, તીર્થ વ્રતાદિક જે જે શુભ ક્રિયા કરે છે તે સર્વે ફળ પામવાની ઇચ્છાયે સહિત કરે છે માટે એ વિદ્યા પણ અવિદ્યા જ છે, ને જે ઐશ્વર્યાર્થી છે તેને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે કેમ જે એ સકામ ભક્ત છે માટે, ને તે ઐશ્વર્યાર્થી તો સનકાદિકથી લઈને પ્રધાનપુરુષ પર્યંત કહેવાય છે, માટે જે ભક્તની ઈન્દ્રિયુની વૃત્તિયું આત્મા કે પરમાત્માને સન્મુખ વર્તે છે ને વિષયને વિષે ગુણના ધ્યાને જુક્ત વર્તે છે તે ભક્ત જે તે અવિદ્યા શક્તિયે જુક્ત કહેવાય છે. ને જે હરિભક્ત એમ નથી સમજતા ને નિશ્ચયનું કે મહિમાનું બળ લઈને સ્વભાવને ટાળતા નથી. ને જે હરિભક્ત શ્રીજીમહારાજની કે સત્પુરુષની બીક રાખીને ને ભગવાનને અંતર્યામી જાણીને પ્રકૃતિને ટાળે છે એ બેયને સરવાળે બહુ ફેર પડે છે ને હમણાં તો સરખા જણાય છે. જેમ બે નાવ સમુદ્રમાં જાતાં હોય તેમાં સુખાણને લગાર લગાર મરડ્યા કરે તો આગળ જાતાં સો બસો ગાઉનો ફેર પડી જાય છે. તેમ જે સ્વભાવ ટાળતો હોય ને ટાળતો નહોય તેમાં પણ એમ ફેર પડે છે. ને કેવળ વિદ્યાશક્તિયે જુક્ત તો શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત વર્તે છે. ને તે કર્તા, કર્મ ને ફળના સંગને વિષે આસક્તિયે રહિત વર્તે છે. ને જો કદાચિત્ દેશકાળાદિકના વિષમપણાયે કરીને એ મુક્તોને પણ પંચવિષને વિષે સન્મુખપણું ને ગુણનું ધ્યાન થઈ જાય તો તેને પણ વિદ્યાને વિષે અવિદ્યા કહેવાય ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે માટે એ નિર્ગુણ કહેવાય છે. ને જે આ વાર્તાને શ્રવણ મનન ને નિદિધ્યાસ તેણે કરીને યથાર્થ સમજ્યો હોય ને તે જો થોડાક દિવસનો હરિભક્ત હોય તો પણ તે સંગ કુસંગને ઓળખે છે ને તેમાં લેવાતો નથી. ॥ ૧૬૪ ॥

અને ''કેમ સમજે તો નિરાકારની વાત શંકરાચાર્ય જેવા કરે તો પણ તેનો ગંધ અંતઃકરણને વિષે પેસેજ નહિ ?'' ત્યારે સ્વામી કહે તે એમ સમજે તો એ વાતનો ગંધ અડે જ નહિ જે શ્રુતિ સ્મૃતિ સર્વેને વિષે પરમેશ્વર અને પરમેશ્વરના જે ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મપુરાદિક દિવ્ય ધામ તથા નંદ સુનંદાદિક દિવ્ય પાર્ષદ તથા લક્ષ્મીજી, રાધિકાજી આદિક દિવ્ય શક્તિયું, એ સર્વે સાકાર કહ્યા છે ને તે સાકારપણાના નિરૂપણ કરનારી હજારું શ્રુતિયું તથા સ્મૃતિયું છે જે –

નિત્યોનિત્યાનામ્ ચેતનશ્ચેતનાનામ્ । સ એક્ષત ॥
સર્વે નિમેષા જજ્ઞિરે વિદ્યુતઃ પુરુષાત્ ॥
યદા યદા હિ ધર્મસ્ય ॥ જન્મ કર્મ ચ મે દિવ્યમ્ ॥
ન મે પાર્થાસ્તિ કર્તવ્યમ્ ॥

ઈત્યાદિક અનેક વચને કરીને સર્વેના સાકારપણાનો દૃઢ ઠેરાવ કર્યો હોય ને શુદ્ધ સંપ્રદાયે કરીને સત્પુરુષ પાસેથી અધ્યાત્મજ્ઞાન શ્રવણ કર્યું હોય તો નિરાકારપણાની પ્રતીતિ સ્વપ્નમાં પણ થાય નહિ ને અસત્સંપ્રદાયના અસત્પુરુષ પાસેથી જ્ઞાન પામ્યો હોય તો નિરાકારપણાની પ્રતીતિ થાય છે માટે સત્-અસત્ વિવેકનું કારણ તો સત્ અસત્ પુરુષ જ છે. ॥ ૧૬૫ ॥

અને ''સત્પુરુષનો અવગુણ કેમ સમજે તો ન આવે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે જેને એમના ઠેરાવ સામી દૃષ્ટિ હોય તેને એમનો અવગુણ ન આવે, તે ઠેરાવની વિગત જે મહત્પુરુષ હોય તેમનું વર્તન તો પરલોકને અર્થે હોય પણ દેહની આબરૂને અર્થે કે આંહીના સુખને અર્થે ન હોય ને એમના સંગી હોય તેમનું પણ પરલોકને વિષે સારું થાય એમ જ ઈચ્છે છે ને એમ જ તેને વર્તાવે છે. ને આ લોકનાં જે સુખ છે તે તો ચાર પ્રકારના પ્રલયે કરીને નાશ થઈ જાય એવા છે ને દુઃખરૂપ ને સ્વપ્નતુલ્ય છે એવી રીતે અનંત યુક્તિયે કરીને વાર્તા કરે છે. તે કહ્યું છે જે –

સંત એવાશુ છિન્દન્તિ મનોવ્યાસંગમુક્તિભિઃ ॥ ૧૬૬ ॥

અને લોભ કામાદિકની ઈચ્છા અલ્પ જેવી જણાય છે પણ તે મુંબઈ, કાશી અને અરબસ્તાન ઈત્યાદિક અનેક દેશને વિષે લઈ જાય છે ને તે તે દેશને વિષે અતિ દુઃખ ભોગવાવે છે. પણ એ જીવ મૂર્ખ છે, અજ્ઞાની છે, ને સંસારમાં આસક્ત છે એટલે તેને એ દુઃખ જણાતું નથી પણ લોભાદિકની વાસના તો અતિ મોટી છે માટે તેને ટાળવાને અર્થે સત્પુરુષના સંગે કરીને ધર્મ જ્ઞાનાદિક ગુણને વિષે પાયો અતિ પાકો કરવો ને ધર્માદિકની પ્રાપ્તિને અર્થે શુરવીર થઈને પુરુષપ્રયત્ન કરવો તે ॥ દેહં પાતયામિ ॥ કે ॥ અર્થં સાધયામિ ॥ એવી રીતે મંડે તો ટળે છે. એમ હિરણ્યકશિપુના દૃષ્ટાંતે કરીને વાત કરી. ॥ ૧૬૭ ॥

અને ધર્મ જ્ઞાનાદિકની પક્વતાયે કરીને માયિક વિષયની ઈચ્છા ટળી જાય છે. તેણે કરીને એમને કચરો ને કંચન એ બેય સરખા જણાય છે. કેમ જે એ બેયનું પ્રયોજન જ્ઞાની ભક્તને રહેતું નથી માટે તે સરખાં જણાય છે. ને જે સુખ-

દુઃખ છે તે તો જીવની સમજણમાં જ રહ્યાં છે. કેમ જે આ વસ્તુ તો સુખદાયક છે ને આ વસ્તુ તો દુઃખદાયક છે. એવી અંતરમાં જે સમજણની દૃઢ ગાંઠ પડી છે તેમાં સુખ-દુઃખ રહ્યા છે. તે જુવોને આ લોકમાં કોઈ પુરુષ પોતાના પુત્રને પરણાવવા જાય છે ત્યાં પોતાને ''મોચીના, ઘાંચીના, સઈ સુતારના'' એવી અનેક પ્રકારની ગાળ્યું દે છે પણ તે સાકર જેવી ગળી લાગે છે ત્યારે એ સુખ-દુઃખ તે સમજણમાં જ રહ્યા છે. માટે અંતરમાં સત્ અસત્‌નો વિવેક કરીને આ લોકનાં સુખ-દુઃખને ખોટા સમજે તો બહારથી પણ તે ખોટાં થઈ જાય છે. ॥ ૧૬૮ ॥

અને નૃસિંહાનંદસ્વામીએ પૂછ્યું જે ''આસ્તિક કેને કહીએ ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને શ્રીહરિકૃષ્ણજીમહારાજ તથા તેમના અવતાર તથા તેમનાં ધામ તથા તેમના એકાંતિક સાધુ તથા વેદાદિક સત્શાસ્ત્ર એ સર્વેના સત્યપણાનો વિશ્વાસ હોય તેને આસ્તિક મતિવાળો ભક્ત કહીએ. ॥ ૧૬૯ ॥

અને જગત્ આદ્યે નહોતું ને અંતે પણ નહિ રહે ને મધ્યે ઝાંઝવાના જળની પેઠે જણાય છે તે કહ્યું છે જે -

॥ નયદિદમગ્ન આસ ॥ તથાઃ –

અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત।
અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥ ૧૭૦ ॥

અને પૂછ્યું જે ''સ્વભાવ કેમ ટળે ?'' ત્યારે સ્વામી કહે ધર્માદિકને પુરુષપ્રયત્ને કરીને અતિ પક્વ કરે તો ટળે ને વળી જેમ વિષયને વિષે જીવને સહજ લગ્નિ છે ને વળી જેમ –

॥ સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠકોકા
નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નાઃ ॥

એ શ્લોકને વિષે પતિવ્રતા સ્ત્રી આદિક પાંચને પોતપોતાના વિષયમાં સહજ લગ્નિ કહી છે. તેમ શ્રીહરિજી મહારાજની માહાત્મ્યે સહિત જે નવ પ્રકારની ભક્તિ તેને વિષે લગ્નિ જોઈએ. ને વળી જેમ કાળમીંઢ પાણાને ખોદીને તેમાં નાના પ્રકારની રચના કરવી પડે તેમાં વાર બહુ લાગે તેમ સ્વભાવ ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન કરવો પડે તેમાં ઉતાવળા થાવું નહિ. ને એવી રીતે પુરુષપ્રયત્ન કર્યા વિના તો સહજ પ્રકૃતિ ટળે નહિ. ને તે સહજ પ્રકૃતિ ટાળ્યાની જુક્તિ વચનામૃતમાં મહારાજે કહી છે. તેને શિખિને તે પ્રમાણે વર્ત્યાનો આગ્રહ રાખવો. ॥ ૧૭૧ ॥

અને સત્વ, રજ ને તમ એ ત્રણે ગુણમાંથી જે ગુણ જીવને વિષે અજ્ઞાનકાળે સરસ વર્તતો હોય તેજ ગુણ સત્સંગને વિષે આવ્યા પછી પણ વૃદ્ધિને પામે છે. તે સારું સત્પુરુષને સેવીને પુરુષપ્રયત્ને કરીને તે ગુણને કાઢે તો જ નિસરે નહિ તો ન નિસરે. ને ધર્મજ્ઞાનાદિક જે ગુણ અજ્ઞાનકાળે જીવમાં મુખ્યપણે હોય છે તેજ સત્સંગમાં આવ્યા પછી વૃદ્ધિને પામે છે માટે મોટા પુરુષને સેવીને જો એ ગુણને વધારે તો વૃદ્ધિને પામે ને સત્સંગ કર્યાનું એ જ ફળ છે. ॥ ૧૭૨ ॥

અને સ્વામીએ વાત કરી જે અમે તો એકલી સાકર જ ખાઈએ છીએ ને જો તેમાં ધૂળ આવે છે તો તેને અલખ કરી નાખીએ છીએ. ત્યારે કહેશો જે એ તે શું કહ્યું તો, એમ કહ્યું જે આત્મસત્તારૂપ થઈને જાણપણારૂપ દરવાજે ઊભા રહ્યા થકા પુરુષોત્તમ મહારાજનાં દર્શન કરીએ છીએ ને તેમાં જે લોભ કામાદિક પેસવા આવે તેનો નાશ કરી નાખીએ છીએ. એવી રીતે શ્રીજીમહારાજની ચાકરીમાં સાવધાન થકા ઊભા છીએ. ॥ ૧૭૩ ॥

અને લોભ કામાદિક જે અંતરશત્રુ છે તેને આત્મસત્તારૂપ થઈને ટાળે તો શ્રીજીમહારાજનું ભજન સ્મરણ સુખે થાય ને તે શત્રુને ટાળવાને અર્થે મોટા પુરુષની અનુવૃત્તિને વિષે વર્તવું. ॥ ૧૭૪ ॥

અને નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે ''પંચવિષયને કેમ ભોગવવા ?'' ત્યારે સ્વામી બોલ્યા જે જેમ કોઈક વૈરી મોટો મનુષ્ય હોય ને તે પોતાને ઘેર મહેમાન થાય તો તેને સાકરના સીધાં આપવાં પડે છે પણ અભાવ સોતા આપે છે. એમ વિષય ભોગવવાને વિષે દેહને પ્રવર્તાવવું. ॥ ૧૭૫ ॥

અને રજોગુણી બુદ્ધિ મોક્ષ માર્ગને વિષે ચાલી શકે નહિ, ત્યાં તો સત્પુરુષની આપેલ બુદ્ધિ પુગે છે. તે કઈ બુદ્ધિ તો સત્પુરુષના વચનને વિષે વિશ્વાસ રાખવો એ જ મોક્ષ બુદ્ધિ છે. ॥ ૧૭૬ ॥

અને ''અયોગ્ય સંકલ્પને ટાળવાનો ઉપાય કહ્યો જે શ્રીજીમહારાજનો મહિમા તથા આત્મનિષ્ઠા તથા વૈરાગ્ય તેની વારંવાર અતિશે વિચાર કરવો ને તેનો અંતરમાં વેગ લગાડી દેવો એટલા ઉપાયે કરીને એ અજોગ્ય સંકલ્પ ટળે છે. ॥ ૧૭૭ ॥

અને પંચવિષયની રુચિ અંતઃકરણમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં પર્યંત ધર્મજ્ઞાનાદિક ગુણ અંતઃકરણમાં નિવાસ કરીને રહે નહિ, ને શ્રીજીનું પણ એમ

જ જાણવું. જેમ જે કુવામાં મોટી શિલા નિસરે તેમાં કોશ બે કોશના જળ થાય નહિ. ॥ ૧૭૮ ॥

અને ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે જ્યાં સુધી રુચિ નથી ત્યાં સુધી તે પાકો સત્સંગી ન કહેવાય. માટે સત્પુરુષને સંગે કરીને એ ગુણને વિષે પક્વ રુચિ કરવી. ॥ ૧૭૯ ॥

અને ''ઉત્તમ વિષય છે તે અતિ કનિષ્ઠ કેમ થઈ જાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે એક તો શ્રીજીમહારાજનો મહિમા અતિશે સમજે ને આત્મનિષ્ઠા પણ અતિશે દૃઢ કરે તો જે ઉત્તમ વિષય હોય તે પણ ભગવાનના ભક્તને અતિશે કનિષ્ઠ થઈ જાય છે. ॥ ૧૮૦ ॥

અને પૂછ્યું જે ''ઉત્તમ અને મધ્યમ ભક્તનું વર્તન કેવું હોય ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે ઉત્તમ ભક્ત તો જાગૃતને વિષે સુષુપ્તિની પેઠે વર્તે ને જે મધ્યમ ભક્ત છે તે તો જાગૃતને વિષે સ્વપ્નની પેઠે વિષયને ભોગવે છે. ॥ ૧૮૧ ॥

અને ''ત્રણ ગુણનો વેગ તથા વિષયનો વેગ તે કેમ ટળે ?'' ત્યારે સ્વામી કહે શ્રીજીમહારાજના મહિમાને સારી પેઠે સમજીને જાણપણારૂપ થઈને ધીરે ધીરે ટાળે તો એ બેયનો વેગ ટળી જાય છે. તે ઉપર હનુમાનજીના દૃષ્ટાંતે કરીને વાત બહુ કરી. ॥ ૧૮૨ ॥

અને અન્ન ને વસ્ત્ર એ બે વિના ન ચાલે ને બીજા સર્વે વિના ચાલ્યું જાય છે માટે શ્રીજીમહારાજ પ્રસન્ન થાય તે સારું ધર્મજ્ઞાનાદિક ગુણને સિદ્ધ કરવાને અર્થે પ્રમાદ મેલીને પુરુષપ્રયત્ન કરવો ને એ બે વાનાં તો પ્રારબ્ધ પ્રમાણે સહેજે જ મળી રહે છે તે સારું દેહરૂપ થઈને શ્રીજીમહારાજને વિસારી દેવા નહિ. ॥ ૧૮૩ ॥

અને લીંબુ તથા વઘાર તથા પુસ્તક અને વસ્ત્રને દૃષ્ટાંતે કરીને અહંવૃત્તિની વાર્તા કરી જે જેમ લીંબુનો રસ લગારેક હોય છે તે જેમાં નાખે તે સર્વ વસ્તુમાં વ્યાપી જાય છે. તેમ જ વઘારનું પણ જાણવું અને વસ્ત્ર તથા પુસ્તકને જોઈને તેને ત્રાગે ત્રાગે ને પાને પાને વૃત્તિ થઈ જાય છે તેમ અહંવૃત્તિ પણ દેહને વિષે નખથી લઈને શિખા પર્યંત વ્યાપીને રહી છે. ॥ ૧૮૪ ॥

અને ''વિષયમાંથી પ્રીતિ કેમ ટળે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે ચાર પ્રકારના પ્રલયની વાર્તાને સારી પેઠે સમજે તથા દેહાદિકને વિષે વૈરાગ્ય બુદ્ધિ સદાય

રાખ્યા કરે ને શ્રીજીમહારાજનો મહિમા સમજે તો વિષયમાંથી પ્રીતિ ટળી જાય છે. ॥ ૧૮૫ ॥

અને ઉપશમે કરીને ઐશ્વર્ય જણાય છે તે જેમ જેમ ઉપશમમાં અતિશે રહેવા માંડે તેમ તેમ અધિક ઐશ્વર્ય દેખાતાં જાય છે તે પ્રથમ તો ઈન્દ્રાદિકનાં ઐશ્વર્ય જણાય છે, તે પછી બ્રહ્માદિકનાં ને તે પછી વૈરાટ પુરુષનાં ને તે પછી પ્રધાન પુરુષનાં ને તે પછી મૂળપુરુષનાં ઐશ્વર્ય દેખાય છે પણ એ ઐશ્વર્યને વિઘ્નરૂપ ને નાશવંત જાણીને શ્રીજીમહારાજનો મહિમા સમજીને ઉપશમમાં રહ્યો થકો ભજન કર્યા કરે તો એકાંતિક ભક્ત થાય છે. હવે તે ઉપશમ તે શું ? તો જે પોતાની ઈન્દ્રિયુની ને અંતઃકરણની વૃત્તિને ભગવાનના સ્વરૂપને વિષે અખંડ જોડી રાખવી પણ ક્યારેય પંચવિષયને વિષે તણાવા દેવી નહિ. એનું નામ ઉપશમ કહેવાય. ને શ્રીજીમહારાજને સંભારવા તે તો અલૌકિક ઐશ્વર્ય ને અલૌકિક મહિમા સોતા વારંવાર અતિશે સંભારવા ને અતિશે પ્રકાશમાન જોયા કરવા ને ત્રણ ગુણના તથા પંચવિષયના જે વેગ આવે તેને ટાળીને જાણપણારૂપે વર્તવું એ જ અક્ષરનો ભાવ કહેવાય છે, ને આંટી અભાવ ને ઉપશમ એ ત્રણેયે કરીને વૈરાગ્ય ઉપજે છે તેમાં ઉપશમે કરીને જે વૈરાગ્ય ઉપજે છે તે શ્રેષ્ઠ છે ને બીજા બે તો મધ્યમ તથા કનિષ્ઠ છે. ॥ ૧૮૬ ॥

અને ‘‘માન કેમ ટળે ?’’ એ પ્રશ્નનો ઉત્તર જે માન ટાળવાનો તો એ ઉપાય છે જે સર્વે વસ્તુને વિષે દોષબુદ્ધિ રાખે ને સર્વે ક્રિયાને કાખના મુવાળા જેવી જાણે તથા જેમ ઠાલા કૂવામાંથી પાણી સિંચે તેમાંથી કોઈકાળે પાણી મળે જ નહિ. એ વાર્તાને યથાર્થ સમજે તો માન ટળી જાય ને વળી એ માન તો શ્રીજીમહારાજને ગમતું નથી માટે પરમેશ્વરના ભક્તે માન ન રાખવું ને તે માન તો ક્રોધ, મત્સર, ઈર્ષા, દ્રોહ ને કપટ તેનો આધાર છે ને કલ્યાણના માર્ગમાંથી પાડનારું છે માટે મુમુક્ષુએ શત્રુની પેઠે તેનો ત્યાગ કરવો. ॥ ૧૮૭ ॥

અને આ ચાર જીવના કલ્યાણના હેતુ છે તેમાં એક તો શ્રીજીમહારાજ, બીજા એમના એકાંતિક સાધુ, ત્રિજી મંદિરમાં પધરાવેલી ભગવાનની મૂર્તિયું ને ચોથા સત્‌શાસ્ત્ર તેમાં પ્રથમના ને બીજા એ બે શ્રેષ્ઠ છે ને ત્રીજા તથા ચોથા તે એથી લગારેક ન્યૂન છે. ॥ ૧૮૮ ॥

અને ઈન્દ્રિયુંની વૃત્તિને વિષય થકી પાછી બાળવી તેની વિગત જે જાણપણારૂપે રહીને શબ્દાદિક વિષય સન્મુખ જાતી એવી જે ઈન્દ્રિયુંની વૃત્તિ

તેને આત્માને વિષે કે પરમાત્માને વિષે હોમ્યા કરે તો વાસનામાત્ર નાશ થઈ જાય છે. ॥ ૧૮૯ ॥

અને કર્મ, ભક્તિ ને જ્ઞાનના ભેદ છે તેની વિગત જે કર્મયોગ તે પોતાના વર્ણાશ્રમને અનુસારે ઉદ્યમ કરે ને તેમાંથી દર્શોદ વિશોંદ શ્રીજીમહારાજને અર્થે કાઢે તેને કહીએ ને ત્યાગી થઈને નવધા ભક્તિ નિષ્કામપણે પ્રમાદ મુકીને કર્યા કરે તેને ભક્તિયોગ કહીએ ને સત્તારૂપ થઈને ગુણને ટાળતા થકા કૈવલ્યપણે ભક્તિ કરે તેને જ્ઞાનયોગ કહીએ. ॥ ૧૯૦ ॥

અને શ્રીજીમહારાજમાં શક્તિ રહી છે તેને કેમ સમજવી ? તો જે મનુષ્ય, પશુ આદિક સર્વે શ્રીજીની મૂર્તિ જોઈને તેને વિષે અતિશે તણાય છે ને પોતાની ક્રિયા કરવા સમર્થ થાતાં નથી અને જેની શક્તિ ભક્તમાં, કાળમાં, નામમાં તથા વચનમાં પણ રહી છે. એમ વિસ્તારે કરીને વાત બહુ કરી. ॥ ૧૯૧ ॥

અને પૂછ્યું જે ''ઋષભદેવાદિક તથા શુક જડભરતાદિક એ સર્વે ત્યાગી છે તેમાં કોણ શ્રેષ્ઠ છે ?'' તેનો ઉત્તર જે ઋષભદેવાદિક તો અતિશે શ્રેષ્ઠ છે. ॥ ૧૯૨ ॥

અને પૂછ્યું જે ''પ્રેમી ભક્ત છે તે તો ઐશ્વર્યાર્થીમાં વળગી જાય છે ને જ્ઞાની છે તે તો બ્રહ્મ સુખમાં વળગી જાય છે માટે એ બેયને બાધ આવ્યો તે કેમ કરે તો ટળે ?'' તેનો ઉત્તર જે એ બેય જો શ્રીજીમહારાજનો મહિમા સમજે તો ટળે, તે ઉપર વજની ખીલીનું વચનામૃત વંચાવ્યું. ને કહ્યું જે દિવ્યભાવ તથા મનુષ્યભાવ એ બેય તુલ્ય છે તેમાં રંચમાત્ર ફેર નથી. પણ જો જ્ઞાન વૈરાગ્યાદિક સાધને કરીને નિર્વાસનિક થવાય તો સર્વ પ્રકારે માહાત્મ્ય સમજાય છે. ॥ ૧૯૩ ॥

અને અહંવૃત્તિની ઘણીક વાર્તા કરી જે આત્મસત્તા રૂપે વર્તતો હોય તો પણ અહંપણું રહે છે માટે અતિશે વિચાર કર્યાનો આગ્રહ કરે તો ટળે. એમ કહી પૃથ્વી આદિક જે અષ્ટ આવરણ છે તેને દેહને વિષે દેખાડીને વાર્તા કરી. ॥ ૧૯૪ ॥

અને ''શ્રીજીમહારાજના ભક્ત અને બીજા અવતારના ભક્ત તેમાં કેટલો ફેર છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે શ્રીજીમહારાજનો ભક્ત જેવો તેવો ઐશ્વર્યાર્થી હોય તે જેવા તો બીજા અવતારના એકાંતિક ભક્ત પણ ન થાય તે આ સત્સંગને

વિષે તો ઋષભદેવ, દત્ત અને કપિલદેવ જેવા સંત વર્તે છે માટે આજની મોટપની શી વાર્તા કહીયે ? શ્રીજીમહારાજ તો આ સમે અઢળક ઢળ્યા છે. ॥ ૧૯૫ ॥

અને ''સર્વે મનુષ્યમાં તથા હરિભક્તમાં તથા એકાંતિક ભક્તમાં શ્રીહરિજી કેમ રહ્યા છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ પૃથ્વી તથા ડોળાએલ જળ તથા શુદ્ધ નિર્મળ જળ એમને વિષે સૂર્યાદિક ભાસે છે તેમ પ્રકાશ, મૂર્તિમાન અને અલૌકિક સામર્થીયે સોતા તારતમ્યપણે રહ્યા છે તે વેદસ્તુતિના ગદ્યમાં કહેલ છે જે –

॥ તરતમતશ્ચકાસ્ત્યનલવત્સ્વકૃતાનુકૃતિઃ ॥

એમ રહ્યા છે. ॥ ૧૯૬ ॥

અને જીવને એટલું જ કરવા યોગ્ય છે જે સર્વે ઇન્દ્રિયોની વૃત્તિનું પિંડીકરણ કરવું કહેતાં તેમને પંચ વિષયમાંથી પાછી વાળીને ભગવાનના સ્વરૂપને વિષે હોમવી. ॥ ૧૯૭ ॥

અને નિષ્કુળાનંદસ્વામીએ પૂછ્યું જે ''સર્વેનું કલ્યાણ સરખું થાય છે કે નહિ ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે સર્વે શ્રીજીમહારાજના નોરમાં તો ચાલ્યા જાય છે. પણ તેમાં જે અધિક ભજન સ્મરણ કરે છે તે મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ જેવા થાય છે. ॥ ૧૯૮ ॥

અને કોઈક હરિભક્તે કહ્યું જે ''મહારાજ ! હેત રાખજો'' તે ઉપર સ્વામીએ વાત કરી જે દેવલોકને વિષે બહુ સુખ છે ને તેથી બૃહસ્પતિ આદિકના લોકને વિષે બહુ સુખ છે ને તેથી વૈરાટ પુરુષના લોકને વિષે બહુ સુખ છે ને તે થકી પ્રધાન પુરુષના લોકને વિષે બહુ સુખ છે ને તે થકી મૂળ પ્રકૃતિના લોકને વિષે બહુ સુખ છે. એવી રીતે તે સર્વેના લોકને વિષે અધિક સુખ છે. ને એ સર્વેના કરતાં અક્ષરધામને વિષે અતિશે સરસ સુખ છે ને એ થકી પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે તો અતિ અધિક સુખ રહ્યું છે પણ એ સર્વે સુખના આપનારા શ્રીજીમહારાજ છે એવી રીતે મોટપ્ય સમજે તો સહેજે જ હેત રહે છે ને એમ સમજણ વિના જે હેત છે તે તો પ્રાકૃત છે ને સુવાણ્ય છે તે અંતે જાતાં રહે નહિ. ॥ ૧૯૯ ॥

અને ''શિખર ચણીને મંદિર સંપૂર્ણ ક્યારે થાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે ધર્મજ્ઞાનાદિક ગુણને પુરુષપ્રયત્ને કરીને જ્યારે અતિ પક્વ કરે ને તેણે કરીને

નિર્મૂળ વાસના થઈ જાય ત્યારે શિખર ચણીને મંદિર પૂરું થયું કહેવાય. ને તે વિના તો અધુરું જ કહેવાય. ॥ ૨૦૦ ॥

અને મોટા પુરુષનું એ લક્ષણ છે જે પોતે અક્ષરરૂપે વર્તે ને મુમુક્ષુને પણ અક્ષરરૂપ સ્થિતિ કરી આપે ને સત્ અસત્‌ના વિવેકનો ઉપદેશ કરીને શ્રીજીમહારાજનો ને સત્પુરુષનો સંગ અતિ આસક્તિયે સહિત કરાવે તે મોટા પુરુષ કહેવાય. એ પ્રમાણે અફીણીયાના ને જારસ્ત્રીના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૨૦૧ ॥

અને કોઈક તો જ્ઞાનવાર્તા સમજે છે ને વર્તતા નથી ને કેટલાક તો સમજતા નથી ને દેહે કરીને વર્તે છે ને કેટલાકને વિષે તો એ બેય વાત છે ને કોઈકને વિષે તો એ બેય નથી. ॥ ૨૦૨ ॥

અને શ્રીજીમહારાજ કહે જે ''અમે તો જ્ઞાન વૈરાગ્યાદિક જે સર્વે અમારી સંપત્તિ તે સર્વે સાધુને ને સત્સંગીને સોંપી છે ને અમે તો સર્વેનાં દુ:ખ લીધાં છે માટે તમે સર્વે સુખે કરીને પ્રભુ ભજો' માટે એવા અવતારી જે પુરુષોત્તમ શ્રીજીમહારાજ તેનાં જે સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ તે સર્વે અવતાર કરતાં અતિ વિલક્ષણ છે. ॥ ૨૦૩ ॥

અને ''ગમતું, દાસપણું ને ઉપાસના એ ત્રણેયને વિષે કેટલો ફેર છે ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે ઉપાસના તો અંગી છે ને બીજાં બે તો અંગ છે. માટે ઉપાસના જો દૃઢપણે ન હોય તો ગમતું ને દાસપણું તો બીજાનું પણ કરવા માંડે, માટે ઉપાસના તો અતિ શ્રેષ્ઠ છે, અને શ્રીજીમહારાજનું ગમતું જો યથાર્થપણે કરે તો તે બહુ મોટપ્યને પામે છે. તે એ પ્રમાણે વર્તવાથી જાનકીજીને વિષે ભક્તપણામાં કોઈ વાતની કસર રહી નહિ. ॥ ૨૦૪ ॥

અને ''અજ્ઞાન તથા રાગ એ બેય એક છે કે નહિ ?'' ત્યારે એનો ઉત્તર સ્વામીએ કર્યો જે અજ્ઞાન તો આત્મા પરમાત્માની વિવેક સોતી યથાર્થ સમજણ ન હોય તેને કહીએ. ને રાગ તો પંચ વિષયને વિષે જે પ્રીતિ છે તેને કહીએ. પણ એ બેય કાંઈ એક નથી એમાં તો બહુ ભિન્નપણું છે. ॥ ૨૦૫ ॥

અને શ્રીજીમહારાજે કહ્યું જે ''પુરુષપ્રયત્ન કરે તો આત્મા જણાય છે ને તેને વિષે પરમાત્મા પણ જણાઈ આવે છે'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે ''તમારી કૃપા હોય તો જણાય'' તે પછી શ્રીજીમહારાજ કહે જે ''જુઓને આ

બ્રહ્માંડ છે તે પણ અક્ષરને વિષે અણું જેટલું જણાય છે. માટે એ બ્રહ્માંડ તો અક્ષરની ગણતીમાં જ નથી. એવા અનંતકોટિ બ્રહ્માંડ જેના એક રોમના છિદ્રને વિષે ઉડતાં ફરે છે એવું મહત્ત્વપણું તો અક્ષરનું છે ને હું તો એ થકી પર છું. માટે મારી આગળ એ બ્રહ્માંડ અને બ્રહ્માંડમાં રહ્યા જે જીવ તે શી ગણતીમાં છે ? કાંઈ ગણતીમાં નથી. એવો જે હું તે તમારી આગળ વાત કરું છું ને ભાઈબંધી કરું છું ને દાડી દર્શન દઉં છું ને જમાડું છું ને નામ લઈને બોલાવું છું ઈત્યાદિક અનેક પ્રકારે કરીને તમ સાથે પ્રીતિ કરું છું ને ઓળખાણ કરું છું ને કાંઈક આડું-અવળું થાતું હશે તે પણ સંબંધીની પેઠે સહન કરું છું એવી રીતે તમ સાથે વર્તુ છું તો પણ તમે કહો છો જે ''કૃપા કરો'' તે હવે કેટલી કૃપા કરું ?'' એમ સ્વામીએ મહારાજની વાત કરી. ॥ ૨૦૬ ॥

અને ''આત્મા દેહથી જુદો છે તો પણ એક કેમ જણાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ ધન ને પુરુષ જુદાં છે ને સ્ત્રી તથા પુરુષ પણ જુદાં છે તો પણ જે અતિ લોભી ને અતિ કામી છે તેનો એ બેને નાશે કરીને નાશ થઈ જાય છે માટે જુદાં નથી. તે એક રાજા હતો તે છ મહિના સુધી સમાધિ કરતો પણ ત્યાં રહ્યો થકો રાજ્ય, સ્ત્રી અને ધનને સંભાર્યા કરતો. પછી તેને જ્યારે સંતદાસજી સાધુ મળ્યા ત્યારે જુદાં પાડ્યાં. માટે એકાંતિક ભક્તના સંગે કરીને જો અભ્યાસ કરે તો આત્મા ને દેહ જુદા જણાય છે. માટે સર્વકાળને વિષે ત્રણ શરીર થકી પોતાને પૃથક્ વર્તવું. ॥ ૨૦૭ ॥

અને જયાનંદસ્વામીએ કહ્યું જે ''ક્રોધ ન જ કરવો. એવી આંટી પાડીયે તો ક્રોધ ન થાય'' તે સાંભળીને સ્વામી કહે જીવ તો સત્સંગે કરીને બહુ સમર્થ થાય છે માટે લોભ કામાદિક સંબંધી સંકલ્પ ન જ કરવા એવી આંટી જો દૃઢ પાડે તો તેને સંકલ્પ ન જ થાય ને એ તો એવો બળિયો છે તે જે ધારે તે કરે જો સાચો થાય તો. ॥ ૨૦૮ ॥

અને સંતે કહ્યું જે ''સંત તો સર્વે સરખા જણાય છે'' તે સાંભળી સ્વામી કહે જે વિવેકી હોય ને તે જો મહત્પુરુષનો સંગ કરે તો તેને સરસ નરસ જણાય છે. ત્યારે પૂછ્યું જે ''સાધને કરીને ને મહત્પુરુષના સંગે કરીને જેણે પંચ વર્તમાન દૃઢ કર્યા હોય તે સરસ, કે સહેજે જેને પંચ વર્તમાન દૃઢ હોય તે સરસ ?'' તેનો ઉત્તર જે સાધને કરીને તથા મહત્પુરુષના સંગે કરીને જેણે પંચ વર્તમાન

દૃઢ કર્યા છે તે સરસ છે કેમ જે એવા જે વર્તમાન છે તે તો અસત્ દેશકાળાદિકે કરીને પણ નાશ ન થાય ને જેને એવા દૃઢ વર્તમાન નથી તેનો તો ધર્મ છિન્ન ભિન્ન થઈ જાય છે. ॥ ૨૦૯ ॥

અને શ્રીજીમહારાજે કહ્યું જે ''ભગવાનની કૃપા વાર્તાનું શ્રવણ મનન ને નિદિધ્યાસે કરીને જો સાક્ષાત્કાર કર્યો હોય તો તે જીવને બહુ સહાય કરે. ॥ ૨૧૦ ॥

અને જેને દત્તાત્રેયની પેઠે જ્યાં ત્યાંથી સિદ્ધાંત જ ગ્રહણ કરતાં આવડે છે તે ક્યાંઈ બંધાતા નથી. એવી રીતે કપાસનાં બે ક્ષેત્રને દૃષ્ટાંતે વાત કરી. ॥ ૨૧૧ ॥

અને સ્વામીએ વાત કરી જે સર્વ પ્રકારે ભીષણ ખમે ને નવધા ભક્તિ કર્યા ને વિષે ઝડફું ભરે ને પોતાનો ભક્તિભાવ દેખાડે તે અમને ગમે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. ॥ ૨૧૨ ॥

અને શિષ્ય વાહનાદિકે કરીને તથા ભોજન આચ્છાદનાદિકે કરીને જે આનંદ પામવું એ તો બાહેરલું સુખ છે ને તે નાશવંત ને નિરાનંદ છે તે કહ્યું છે જે –

॥ યોન્તઃસુખોઽન્તરારામસ્તથાન્તર્જ્યોતિરેવ યઃ ॥

તે વાસ્તે અંતરદૃષ્ટિયે કરીને આત્માને વિષે રહ્યા એવા જે પરમાત્મા શ્રીહરિજી મહારાજ તેમના ધ્યાનને સુખે કરીને સુખિયા થાવું ને પંચ વિષયને વિષે જેવા રાગ ને તૃષ્ણા છે તેવાં શ્રીજીમહારાજના મહિમાને વિષે તથા આત્મનિષ્ઠાને વિષે રાખવાં ને પંચવિષયમાંથી તો જરૂર ઉખેડવાં ને માયાને વિષે તો એવું વિચિત્રપણું રહ્યું છે તેથી તેમાં દેવ મનુષ્યાદિક સર્વેય લોભાઈ રહ્યા છે પણ અંતે જાતાં તો તે ગોડિયાની બાજી જેવું જ છે એમાં સંશય નથી. ॥ ૨૧૩ ॥

અને જીવ કલ્યાણના માર્ગમાં ચાલે છે તો ખરો પણ તેને ઠેસું બહુ વાગે છે તેણે કરીને આડો-અવળો પડી જાય છે જેમ આંધળો મારગ ભૂલીને કુમાર્ગે ચાલે છે તેને જેમ ઠેસું વાગે છે. ને તે પડી જાય છે. તેમ વિચાર અને વિવેક વિના સત્ અસત્ સંગને ઓળખતો નથી માટે સત્પુરુષને ઓળખીને ને તેમનો સમાગમ કરીને પંચવિષય સંબંધી સંકલ્પ વિકલ્પરૂપ જે ઠેસું છે ને દેહાભિમાન સંબંધી જે ભારે દેશ છે ને પ્રાણ સંબંધી જે ઠેશ છે તે સર્વેને સત્સંગને પ્રતાપે

કરીને કાઢીને અતિ શુદ્ધ થાવું જેમ ખેડુ છે તે ક્ષેત્રને સમાર દઈને ચોખ્ખું કરે છે તેમ જીવને ચોખ્ખો કરવો. ॥ ૨૧૪ ॥

અને સ્વામીએ વાત કરી જે ધર્મને વિષે અતિશય દૃઢપણે વર્તવે કરીને સુખી થવાય છે ને કર્મને વિષે આસક્તિ રાખવે કરીને દેવતા થવાય છે ને વિષયમાં આસક્તિયે કરીને ભૂત પ્રેત કે સ્થાવરાદિક થવાય છે, ને સત્પુરુષના વિશ્વાસે કરીને તો બહુ મોટા થવાય છે. ત્યારે કોઈ સંતે પૂછ્યું જે ''એ પ્રમાણે મોટા આ જન્મે કરીને થવાય છે કે જન્માન્તરે કરીને થવાય છે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે તમે સત્સંગમાં આવીને કેટલા વસ્ત્ર કાઢી નાખ્યા હશે ને તમે તો તેવા ને તેવા જ છો તેમ આત્મા તો અજન્મા છે ને કહો છો જે આત્મારૂપે વર્તીએ છીએ. ॥ ૨૧૫ ॥

અને જીવે જે તે જેટલો ધર્મ, અર્થ અને કામને અર્થે પુરુષપ્રયત્ન કરે છે તેટલો મોક્ષને અર્થે કરતો નથી. તે એનું જ નામ મોહ છે. જે પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંતને મેલીને બીજે ઠેકાણે અજ્ઞાની અને પામર જેવા જીવને વિષે વિશ્વાસ કરે છે માટે એ મોહ છે. ॥ ૨૧૬ ॥

અને સ્વામીએ નિર્ગુણ સગુણની વાર્તા કરી જે આચાર્યજી મહારાજ તથા સંત સર્વે જે તે કલ્યાણરૂપ દિગ્વિજય કરવાને અર્થે બ્રહ્માંડમાં વિચરે છે તેમની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ છે કેમ જે તે ક્રિયાને જે જે જીવ દેખે, સાંભળે ને ચિંતવન કરે ને વળી જે એમના કોઈક ઉપજોગમાં આવે તે સર્વેનું કલ્યાણ થાય છે માટે એ નિર્ગુણ છે. ને સગુણપણું તો જે અહંમમત્વરૂપી માયા પરસ્પર હરિજનમાં રહી છે તે છે. માટે એકાંતિક સાધુના સંગે કરીને એ માયાને ટાળીને એકાંતિક થાવું એ જ સત્સંગ કર્યાનું ફળ છે. ॥ ૨૧૭ ॥

અને જે હરિભક્તને વિષે સાંખ્ય ને યોગ એ બે હોય તો તેને કાંઈ વાંધો રહેજ નહિ અને સાંખ્ય તે શું તો પંચવિષયને વિષે દોષબુદ્ધિ રાખવી ને તે બુદ્ધિ જે તે દિવસે દિવસે વૃદ્ધિ પામે તેને અર્થે વારંવાર પુરુષપ્રયત્ન કરીને નિત્ય પ્રલયાદિકનો વિચાર કર્યા કરવો તે. અને યોગ જે પુરુષોત્તમભગવાનને પૂર્ણકામ સમજીને તેમની નવધા ભક્તિ કરવી ને તેમનો મહિમા સમજવો જે, તે શ્રીહરિકૃષ્ણજી મહારાજ દયાયે કરીને જે જે પદાર્થનો અંગિકાર કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશમાત્ર નથી કરતા ને એ શ્રીજીમહારાજની સૂક્ષ્મતા આગળ અક્ષર તો અતિ સ્થૂળ જણાય છે ને

એ તો એમને રહ્યાનું પૃથ્વીરૂપ સ્થાનક છે અને ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનક એ ત્રણેયના શુદ્ધપણાયે કરીને ઉપાસક જે તે ઉત્તમ ભક્ત થાય છે. સનકાદિકને ઉપાસ્ય સરસ નથી એટલે તે સરસ થાતા નથી. ને પર્વતભાઈને રહેવાનું સ્થાનક સારું નહોતું તેથી સુખ ન આવ્યું. પણ આગ્રહે કરીને ને સત્પુરુષને સહાય રાખીને જો ઉપાસ્ય-સ્વરૂપને સમજવા માંડે તો વૈરાટપુરુષથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત જેમ છે તેમ જથાર્થ સમજે ખરા. તે ઉપર માછલાને દૃષ્ટાંતે કરીને પુરુષપ્રયત્નની બહુ વાર્તા કરી. ॥ ૨૧૮ ॥

અને ''વિષય જીતાય ત્યારે શ્રીજીમહારાજનું ધ્યાન થાય કે, ધ્યાન થાય ત્યારે વિષય જીતાય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે વિષય જીતાય ત્યારે ધ્યાન થાય છે ને તે વિના તો કોઈક ધ્યાન કરે છે, કોઈક પુરુષોત્તમનું નિરૂપણ કરે છે ને કોઈક વૈરાગ્યનું, કોઈક જ્ઞાનનું ને કોઈક ભક્તિનું નિરૂપણ કરે છે પણ સર્વે અહંવૃત્તિયે કરીને કરે છે. એમ કહીને સ્વામીએ તે અહંવૃત્તિની વાર્તા કીડીથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત વર્ણન કરી દેખાડી. ॥ ૨૧૯ ॥

અને સ્વામીએ વાત કરી જે કેટલાક મનુષ્ય ઓળખે નહિ ને વેગ કરે એટલે જ્યાં ત્યાં ભરાઈ જાય ને જીવને યથાર્થ તો મહારાજ ઓળખતા તે જીવ જેવો શુદ્ધ કે અશુદ્ધ હોય તેવો ગંધ પોતાને જણાઈ આવતો ને સત્પુરુષ પણ ઓળખે છે. ॥ ૨૨૦ ॥

અને ધર્મ જ્ઞાનાદિકની અવધિ જોઈ ત્યારે પ્રથમનાં ત્રણની તો અવધિ જાણ્યામાં આવી ને એક તો અગાધ રહ્યું. ॥ ૨૨૧ ॥

અને ''સત્સંગ સહેજે મળ્યો હોય તે પુરુષપ્રયત્ન કર્યા વિના વૃદ્ધિ પામે કે નહિ ?'' તેનો ઉત્તર જે પોતાને જોયા કરે જે મારામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને શ્રીજીમહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ. એમાંથી કીયા ગુણ આવ્યા છે ને કીયા નથી આવ્યા ? તથા આસ્તિકપણું કેટલું છે ને કેટલું નથી ? ને લોભ કામાદિક કેટલા ઓછા થયા છે ને કેટલા નથી થયા ? એમ અહોનિશ તપાસ કર્યા કરે ને પુરુષપ્રયત્ન કરીને ધ્રો અને બોરડીની પેઠે સત્સંગને વિષે નક્કી પાયો કરે તો સત્સંગ વૃદ્ધિ પામે. નહિ તો દેશકાળાદિકની વિષમતાયે કરીને લાંપળાંની પેઠે ઉડી પણ જાય. ॥ ૨૨૨ ॥

અને હરિભક્તને વિષે જે બળવાન પ્રકૃતિ હોય તેને પણ સત્પુરુષના સંગે કરીને ટાળે તો ટળી જાય છે. ને તે સહજ પ્રકૃતિ ટાળ્યાના વચનામૃતમાં

શ્રીજીમહારાજે ત્રણ ઉપાય કહ્યા છે. તેની વિગત જે વક્તા જે સત્પુરુષ તેને વિષે અતિશે હેત, ને તેમના વચનને વિષે અતિશે વિશ્વાસ, ને વઢીને કહે તો પણ તેને હિતકારી સમજવા એ ત્રણ ઉપાય છે, અને –

નિર્માનત્વમસંગત્વમહિંસા મમતત્યજિઃ ।
આત્મનિષ્ઠા ચ તસ્યૈવ સંતિ ભક્તિરલંક્રિયાઃ ॥

એમ તે ઉપાયો મુમુક્ષુને શોભારૂપ થાય છે. ॥ ૨૨૩ ॥

અને બંધીવાળા મંડપને વિષે કીર્તન ગાયાં ત્યારે તેમાં શબ્દ ભરાઈ રહ્યો તે જોઈને સ્વામીએ વાત કરી જે આ પ્રમાણે ઈન્દ્રિયું ને વિષયમાં ન જાવા દીયે તો અંતઃકરણમાં જ્ઞાન ભરાઈ રહે. ॥ ૨૨૪ ॥

અને ''કેમ સમજે તો અસત્ દેશાદિકે કરીને લેવાય નહિ ?'' તેનો ઉત્તર જે એક તો સ્થાનકને ઓળખે ને શ્રીજીમહારાજની મરજીને ઓળખે તથા સત્પુરુષને ઓળખે તો લેવાય નહિ. ॥ ૨૨૫ ॥

અને શુકજીને જ્ઞાનાંશની સમજણ હતી તો શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રને વિષે સંશય થયો નહિ. ને પરીક્ષિત રાજાની જન્મોત્તરીમાં તો મોટપ અતિશે કહી છે પણ એને જ્ઞાનાંશ વિના શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રને વિષે સંશય થયો છે ને બ્રહ્મા તથા નારદને પણ તેમની પેઠે થયું છે. માટે એકાંતિકનો સંગ કરીને જ્ઞાનાંશની સમજણનું અતિ દૃઢપણું કરવું ને ઈન્દ્રિયું, મન, બુદ્ધિ ને જીવ એમને વિષે ભગવાનનો નિશ્ચય થયા પછી સત્પુરુષના સંગે કરીને જીવ બહુ વૃદ્ધિને પામે છે. તે ઉપર વેલનું દૃષ્ટાંત દઈને વાર્તા બહુ કરી. ॥ ૨૨૬ ॥

અને આ ત્રણ ઠેકાણે દેહાભિમાન જણાઈ આવે છે ને એક તો ભોજન સમે તથા ભય જણાય ત્યારે ને સ્ત્રીયોને પડખે નિસરે ત્યારે. એમ કહીને પછી હનુમાનજી તથા ગરુડજીને દૃષ્ટાંતે કરીને ઉપાસનાની પક્વ અપક્વપણાની વાર્તા બહુ કરી. ॥ ૨૨૭ ॥

અને ત્રણ શરીરની ભાવનાયે રહિત થકા શ્રીજીમહારાજનું ભજન સ્મરણ કરવું. તેની વિગત જે જોયાની કે સાંભળ્યાની આદિક જે જે ઈચ્છા ઉપજે તે સ્થૂળ દેહની ભાવના કહેવાય ને મનમાં સંકલ્પ વિકલ્પનો જે ઘાટ ઉપજે તે સૂક્ષ્મદેહની ભાવના કહેવાય ને લય થાવા માંડે તે કારણ શરીરની ભાવના કહેવાય. ॥ ૨૨૮ ॥

અને મોટા પુરુષની જે ક્રિયા ને જીવના કળ્યામાં આવે નહિ. કેમ જે એ તો નિર્સ્વાદી થકા સ્વાદ કરતા હોય ને નિર્લોભી થકા લોભ કરતા હોય ઇત્યાદિક સર્વે ક્રિયા અલૌકિક હોય છે માટે જીવના કળ્યામાં ન આવે જેમ સૂર્યની પ્રકાશરૂપ જે શક્તિ છે તે નેત્રમાં આવે છે તેને ઇન્દ્રિયોના દેવતા ને જીવ કોઈ કળી શકતા નથી. ને પછી જેમ વૈરાટ પુરુષના ગોલકની જે શક્તિ છે તે દેવ મનુષ્યાદિકના ઇન્દ્રિયાદિકને પ્રકાશ કરે છે તેને પણ કોઈ કળી શકતા નથી. ને વળી જેમ પુરુષોત્તમ ભગવાનની જે શક્તિ છે તે તો અક્ષર ને મૂળપુરુષાદિક સર્વેને પ્રકાશ કરે છે પણ તેને કોઈ જાણી શકતા નથી અને તે કેમ રહી છે ? તો જેમ પુરુષ છે તે બરછી કે તીર નાખે છે તેમાં હાથની શક્તિ જાય છે પણ હાથમાં જેટલી છે તેટલી જાતી નથી ને લેશમાત્ર જાય છે તેમ શ્રી પુરુષોત્તમની જે શક્તિ છે તે તો બ્રહ્મ, માયા ને કાલાદિકને વિષે લેશમાત્ર જ આવી છે ને પોતાને વિષે તો અપાર રહી છે. એવો મહિમા દૃઢપણે સમજીને ભજન સ્મરણ કરવું. ॥ ૨૨૯ ॥

અને ‘‘ભગવાનને જ્ઞાની ભક્ત કેમ અધિક ગમે છે ?’’ એ પ્રશ્નનો ઉત્તર જે, તે જ્ઞાની ભક્ત પ્રયત્ને કરીને સ્વભાવ ટાળે છે માટે તે શ્રીજીમહારાજને બહુ ગમે છે. ॥ ૨૩૦ ॥

અને અધર્મસર્ગના મોટેરા એવા જે લોભાદિક પાંચ દોષ છે તેને ધર્મસર્ગના નિર્લોભાદિક જે પાંચ ગુણરૂપ કહ્યા છે તેણે કરીને જીતીને ભક્તિ કરવી. એમ પાંચ અધ્યાયે કરીને કહ્યું છે ને છઠ્ઠા અધ્યાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ કહી છે તે માહાત્મ્ય એમ જાણવું જે ભગવાનનો દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એક જ છે રતીમાત્ર પણ ફેર નથી. એમ જાણી નિરાકાર થઈને ભગવાનને ભજવા. તે નિરાકાર કેમ થવું ? તો માયિક આકારમાત્રને ટાળીને જાણપણારૂપે વર્તવું. એ નિરાકાર સમજણનું લક્ષણ છે. ને તે આકાર બે પ્રકારના છે એક બાહેરલા ને એક માંહીલા ને તેમાં પણ બે પ્રકાર છે એક રાગે સહિત છે ને એક રાગે રહિત છે ને તે રાગ પણ બે પ્રકારના છે એક વિષય સંબંધી ને એક શ્રીહરિ સંબંધી. તેમાં જે શ્રીહરિ સંબંધી રાગ છે તે તો ધર્મજ્ઞાનાદિક સાધને યુક્ત છે ને એવી જાતના રાગને તો અતિશે દૃઢપણે કરીને રાખવો ને તે વચમાં બીજા આડા-અવળા ઘણા સંકલ્પ આવી જાય પણ તેની તો ઉપેક્ષા જ રાખવી. જેમ વરતાલ ગયાનો મુખ્ય સંકલ્પ હોય ને માર્ગમાં આડા-અવળા ઘણાક પદાર્થ

આવી જાય તે જેમ ગણતીમાં ન હોય તેમ. ને વળી જેમ નિશાનના વચનામૃતમાં કહ્યું છે જે એક નિશાન લેવાનો જ મુખ્ય સંકલ્પ છે તેમ, ને હમણાં તો બીજા સંકલ્પનું બળ જણાય છે ને મુખ્ય સંકલ્પનું બળ નથી જણાતું પણ અંતે જાતા એ જ વૃદ્ધિ પામશે. કેમ જે શ્રીહરિ સંબંધી છે માટે. તે ઉપર સાકરકોળાના દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ॥ ૨૩૧ ॥

અને ''શાસ્ત્રમાં વિષય જીત્યાનું કહ્યું છે તે કેમ જીતાતા નથી ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જ્ઞાન વૈરાગ્યાદિક સાધને યુક્ત એવો જે એકાંતિક ભક્ત છે તે મંડે તો વિષયને ટાળી નાખે પણ દેહની સ્થિતિ એવીને એવી રહે નહિ. તેણે કરીને વાતચિતની સુવાણ રહે નહિ. ને કાં તો દેહ પડી જાય ને બીજાને તો વિષય જીત્યાનો એ ઉપાય છે જે એ વિષયના તાલ જ્યારે આવે ત્યારે એ તાલને ભાગી નાખ્યા કરે તો અલ્પ કાળમાં રાગ ઓછા થઈ જાય. ત્યાં દૃષ્ટાંત જેમ વૃક્ષને એક વાર કાપી નાખે તો કોંટા બહુ બળિયા નિસરે પણ એમને એમ દશ વિશ વાર કાપે તો ન નિસરે કે નિસરે તો લગારેક નિસરે. એમ પંચવિષયના તાલ ભાગ્યા કરે તો વિષય જીતાય છે. ॥ ૨૩૨ ॥

અને ''શ્રીહરિજીના ભક્તને હરિ ભજવામાં કોઈ રોધક છે કે નથી ?'' એ પ્રશ્નનો ઉત્તર જે રોધક તો છે તેની વિગત જે મોટા ગૃહસ્થ છે તેમને તો ગામ, ગરાસ અને વાહનાદિક તથા વ્યવહાર જે રાજ્યકાર્યાદિક તથા ખાનપાનાદિક એ સર્વે રોધક થાય છે. ને ગરીબ હરિભક્તને પણ એ મોટા ગૃહસ્થ રોધક થાય છે ને ગરીબ જે ત્યાગી છે તેને તો બરોબરીયા જે ત્યાગી તથા મોટા મનુષ્ય એ રોધક થાય છે. ત્યારે પૂછ્યું જે ''એ રોધક કેમ ન થાય ?'' ત્યારે સ્વામી કહે ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણ અંગે સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા જે સત્પુરુષ તેમને ઓળખીને, તેમની અનુવૃત્તિમાં રહીને જો એમનો સમાગમ કરે તો કોઈ રોધક ન થાય. ત્યારે કોઈ કહે ''એથી બીજાનો દ્રોહ ન થાય ?'' ત્યારે સ્વામી કહે એમાં દ્રોહ શાનો થાય ? એમ ન સમજે ને સર્વેને સરખા સમજે તેને તો પશુ જેવો મૂર્ખ જાણવો ને શાસ્ત્રમાં પણ કહ્યું છે જે સંત છે તે તો ત્રીશ તથા ચોસઠ લક્ષણે કરીને યુક્ત છે. ને શ્રીજીએ પણ સત્સંગિજીવનને વિષે ધર્મરક્ષાના અધ્યાયમાં બે પ્રકારના સંત કહ્યા છે. તેમાં અલ્પબુદ્ધિવાળાનો સંગ પાપીની પેઠે દુરથી ત્યાગ કરવાનું કહ્યું છે. ને બહુબુદ્ધિવાળા સંતના સંગે

કરીને ત્રણ અંગે સહિત જે ભક્તિ તે વૃદ્ધિને પામે છે. એમ કહીને પછી મુક્તાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી તથા સચ્ચિદાનંદસ્વામી, એમના પ્રસંગની વાર્તા નિસરી તથા પર્વતભાઈ તથા ડોડિયા પૂંજા ભક્ત એમની વાર્તા વિસ્તારીને બહુ કરી. તેમાં પણ સચ્ચિદાનંદસ્વામી દેહ મૂકીને બ્રહ્મપુરમાં ગયા ને ત્યાં ચોરની પેઠે છુપાઈ રહ્યા એવી રીતે વાર્તાનો પ્રસંગ બહુ નિસર્યો. પછી સંતે પૂછ્યું જે ''એવામાં સ્વભાવ હોય કે નહિ ?'' ત્યારે સ્વામી કહે મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી એ આદિક જે સંત તેમણે તો પુરુષપ્રયત્ને કરીને પોતાના સ્વભાવને ટાળ્યા હોય માટે તેવા સંતને વિષે ન હોય. પછી સંતે પૂછ્યું જે ''એવા જે વિષય તે બંધન કરે કે ન કરે ?'' તેનો ઉત્તર જે બહુ ઉપશમ રૂપ ઐશ્વર્યને જે પામ્યા હોય તે તો જીવના કલ્યાણને અર્થે વિષયનું ગ્રહણ કરે પણ તત્કાલ વિષયના બંધનને ટાળી નાખે ને અતિશે ઉપશમ રૂપ સામર્થીને પામ્યા હોય તે તો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે ને બીજા તો એવાની પાસે શાસ્ત્રના રહસ્યને શિખે તો જાણે. ॥ ૨૩૩ ॥

અને શાંતાનંદસ્વામીએ પૂછ્યું જે ''ચાંદ્રાયણ અને ધારણા પારણાદિક જે વ્રત તેને આવરદા પર્યંત કર્યા કરે તો વાસના ટળે કે નહિ ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એમ કર્યાથી ઉપરથી તો ટળ્યા જેવું જણાય પણ કારણ શરીરમાંથી ન ટળે. જુઓને સૌભરી ઋષિને ને ચ્યવન ઋષિને ઉપરથી તો જણાતું નોતું પણ કારણશરીરમાં હતું તો પરણ્યા. માટે વિષયને વિષે દોષબુદ્ધિ થયા બિના વાસના ટળે જ નહિ. ને જેમ અમારે વિષે તમારે હેત છે પણ જો દોષ આવે તો અમારો સંગ ગમે નહિ. તેમ નિત્ય પ્રલયાદિકનો વિચાર કરીને માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ સમજીને ને આત્મસત્તારૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરીને વાસના ટાળે તો ટળે છે. એ પ્રમાણે શુરવીર તથા સતીના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ॥ ૨૩૪ ॥

અને ''તપે કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે ને શ્રીહરિજી પણ પ્રસન્ન થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે પણ ભક્તિયે કરીને થાય છે એમ કેમ કહેતા નથી ?'' તેનો ઉત્તર જે તપે કરીને વિષયની નિવૃત્તિ થઈ જાય છે ને અંતઃકરણ શુદ્ધ થાય છે ને ભક્તિમાં તો સકામ ભક્તને વિષયનો સંબંધ રહે છે એટલે અંતઃકરણ શુદ્ધ થાતું નથી માટે ભક્તિયે કરીને અંતઃકરણની શુદ્ધિ શાસ્ત્રમાં કહેતા નથી. ॥ ૨૩૫ ॥

અને ''ભક્તિ, તપ અને જ્ઞાન તથા વૈરાગ્ય, સ્વધર્મ અને વ્રતાદિક એમાં કોણ શ્રેષ્ઠ છે ?'' તેનો ઉત્તર જે નિષ્કામભાવે કરીને કરે તો એ સર્વે શ્રેષ્ઠ છે, નહિ તો સર્વે સમાન છે. ॥ ૨૩૬ ॥

અને એક દિવસ જમ્યાનિ વાત નિસરી ત્યારે સ્વામીએ કહ્યું જે અમે સર્વે તપાસીને જોયું ત્યારે એમ જણાયું જે રસે કરીને તો પ્રમાદ થયા વિના રહેજ નહિ. ॥ ૨૩૭ ॥

અને સ્વામીએ વાત કરી જે જેમ છે તેમ સમજતાં પોતાની મેળે સર્વેને આવડતું નથી. ને કેટલાકને તો સમજાતું જ નથી ને કેટલાક સમજે છે પણ વિષયને મુકી શકતા નથી કેમ જે જુવોને સાઠ હજાર બાલખિલ્ય ઋષિ છે તે સમજતા નથી ને બૃહસ્પતિ, ઈન્દ્ર અને દક્ષાદિક તે સર્વે સમજે છે પણ તે વિષયને મુકી શકતા નથી ને એમ સમજે છે જે આપણે તો એમ જ રહેવાય. એમ મનમાં આંટી પાડી છે. તેમ આ લોકના ભકતને વિષે પણ સમજણ છે ત્યારે કોઈએ પૂછ્યું જે ''તે કેમ સમજણ રાખવી ?'' ત્યારે સ્વામી કહે જે ધર્મજ્ઞાનાદિક સાધને કરીને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ તેમને અતિશે શુદ્ધ ને અતિશે નિર્વિકાર ને સર્વ થકી પર ને સર્વેના અંતર્યામી ને સર્વેના પ્રેરક ને સર્વેના સ્વામી ને સર્વેના કર્તા ને સર્વેના કર્મફળપ્રદાતા એવા અનેક ગુણગણે કરીને યુક્ત સમજીને તેમની અતિશે દૃઢ ઉપાસના કરવી. ॥ ૨૩૮ ॥

અને જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ તથા ઈચ્છાશક્તિના લક્ષણ કહ્યાં જે પરમેશ્વર શ્રીહરિજી મહારાજ તે જે તે પોતાની જે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઈચ્છાશક્તિ તેને અનુસારે પ્રેરે છે. તે વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે

બુદ્ધીન્દ્રિયમનઃપ્રાણાન્ જનાનામસૃજત્પ્રભુઃ ।
માત્રાર્થં ચ ભવાર્થં ચ હ્યાત્મને કલ્પનાય ચ ॥

અને નરનારાયણ ભગવાનનું તપ પણ એમ જ છે ને જ્ઞાનશક્તિ આદિક પણ એ પ્રમાણે છે. ॥ ૨૩૯ ॥

અને ''ઉત્તમ ભક્તને સુષુપ્તિની પેઠે વર્તે છે'' એમ વચનામૃતનો પ્રસંગ નિસર્યો. ત્યારે હરિભક્તે શંકા કરી જે ''સુષુપ્તિમાં તો અજ્ઞાન છે ને જ્ઞાની ભક્તને તો તે ન હોય માટે એ કેમ સમજવું ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જ્ઞાની ભક્તને સુષુપ્તિની પેઠે તો વિષયને વિષે વર્તવાપણું છે તે ભગવાને ગીતામાં કહ્યું છે જે –

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।
યસ્યા જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥

એમ પાટીદારનાં તેર ગામના તથા ભંગિયાના ખાડાના તથા ગૃહસ્થના વ્યવહારના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ॥ ૨૪૦॥

અને પ્રત્યક્ષ શ્રીહરિજી કે તેમના સંત મળ્યા એટલે કલ્યાણ તો થઈ રહ્યું પણ ત્રણ અંગે સહિત ભક્તિરૂપ સાધન કર્યા વિના કારણ દેહની વાસના નાશ પામતી નથી. ને શ્રીજીમહારાજ પણ પ્રસન્ન થતા નથી. ને તે સાધન તો એકાંતિક ભક્તના સંગે કરીને ને અતિ દૃઢ પુરુષપ્રયત્ને કરીને શીખે તો સિદ્ધ થાય છે એમ સમજ્યા વિના નિષ્કામ ભક્તિ થાતી નથી. ને જે પોતાના મનને જાણ્યે ભક્તિ કરે છે તે તો સકામ થઈ જાય છે ને ભાગવત ધર્મમાં નવધા ભક્તિ સત્પુરુષ પાસેથી શિખ્યાનું કહ્યું છે ને ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે –

॥ માં ચૈવાવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ॥
સ ગુણાન્સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે ॥

માટે નિષ્કામપણે શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે ત્રણ અંગે સહિત ભક્તિ કરવા પણ બીજું કાંઈ ઈચ્છવું નહિ. એ એકાંતિક ભક્તની સમજણ છે. ને જે સકામ ભક્તિ છે તે તો દેહને અર્થે છે ને કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ ને માન ઈત્યાદિકને અર્થે થઈ જાય છે. તે સારું સમજીને ભક્તિ આદિક સાધન કરવાં. ॥ ૨૪૧ ॥

એક દિવસ સ્વામીએ વાત કરી જે શહેરના ને ગામડાના હરિભક્તની સમજણ કેવી છે તે તમે ઓળખો છો ? ત્યારે સંતે કહ્યું જે ''નથી ઓળખતા'' પછી તે ઉપર સ્વામીએ વાત કરી જે જેમ બ્રહ્માદિકને અને ઈન્દ્રાદિકને વિષય વિના ન ચાલે તેમ પરમેશ્વર વિના પણ ન ચાલે. તેમાં એટલો ફેર છે જે બ્રહ્માદિક છે તે તો દેશકાલાદિકના વિષમપણાને વિષે પણ પરમેશ્વરને મુકી શકે નહિ ને વિષયને તો મુકી દીયે. ને ઈંદ્રાદિકને તો પરમેશ્વર જે તે દેશકાળાદિકની વિષમતાયે કરીને ગૌણ થઈ જાય પણ વિષયને મુકી શકે નહિ. એવી રીતે ગામડાના તથા શહેરના હરિભક્તની સમજણ છે. ॥ ૨૪૨ ॥

અને સ્વામીએ વાત કરી જે માયા પર દિવ્ય ધામને વિષે એક મોટો ઓરડો છે ને તેને ચારે પાસ નાની નાની ઓરડીયું છે. તેમાં મોટા ઓરડામાં તો પુરુષોત્તમ

ભગવાન રહે છે ને એમની દૃઢ ઉપાસનાયે કરીને નક્કી હરિભક્ત થયા હોય ને ભગવાનનાં મનુષ્ય ચરિત્રને વિષે કોઈ દિવસ મોહ ન પામ્યા હોય એવા જે ભક્ત તે તો હજારો જીવનાં કલ્યાણ કરે એવા સમર્થ હોય છે ને જે ધર્મજ્ઞાનાદિકની પક્વતાયે કરીને એકાંતિકપણાને પામ્યો હોય તેની સામર્થીની વાત જુદી છે. ને તે પુરુષોત્તમ ભગવાન ભેગા જ રહે છે. ને જે નાની નાની ઓરડીયું છે તેમને વિષે તો સર્વે અવતાર રહે છે ને જે એમના ભક્ત છે તે તો પોતાનું કલ્યાણ કરે છે ને બીજાના તો માંડ માંડ કરે એવા છે ને તે તેમની સાથે જ રહે છે. માટે પુરુષોત્તમ અને તેમના ભક્ત તે તો બહુ શ્રેષ્ઠ છે. ॥ ૨૪૩ ॥

અને ‘‘સદ્‌ગુરુ ને સત્‌શાસ્ત્ર કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય ને દૃઢ શ્રદ્ધાવાન હોય ને અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યને અતિશે દૃઢ પાળતો હોય ને અહિંસા ધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય ને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તેને માથેથી જન્મ-મરણની નિવૃત્તિ થઈ જાય છે. એમ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે તે સાચું કહ્યું છે કે ફોસલાવવાને અર્થે કહ્યું છે ?’’ ત્યારે સંત કહે ‘‘એ તો સાચું જ કહ્યું છે.’’ ત્યારે કહે ‘‘એમ કેમ વર્તાતું નથી ?’’ ત્યારે સંત કહે ‘‘એટલી ભુલ છે’’ અને એકે કહ્યું જે ‘‘પ્રમાદ છે.’’ પછી સંતે પૂછ્યું જે ‘‘કેમ એ સાધન શિખવા ?’’ ત્યારે સ્વામી કહે નિત્યપ્રલયાદિકના વિચારે કરીને વૈરાગ્ય શિખવો ને સત્-અસત્‌ના વિવેકે કરીને આત્મનિષ્ઠા શિખવી. ને એમ વર્તવાને વિષે શ્રદ્ધા જે ત્વરા તે શિખવી, એવી રીતે સર્વે ગુણ સત્પુરુષ પાસેથી શિખવા. ॥ ૨૪૪ ॥

અને શાંતાનંદ સ્વામીએ પૂછ્યું જે ‘‘વૈરાગ્યાદિક ગુણનો અવધિ છે કે નહિ ?’’ તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીહરિજી મહારાજના ચરણ કમળ વિના ક્યાંઈ અણુમાત્ર પણ પ્રીતિ ન રહે એ વૈરાગ્યનો અવધિ છે ને ઉર્ધ્વરેતા થવાય એ બ્રહ્મચર્યનો અવધિ છે ને શ્રીહરિજીની કથા વાર્તાદિકના શ્રવણ, મનન ને નિદિધ્યાસને વિષે અતિશે ત્વરા વર્તે એ શ્રદ્ધાનો અવધિ છે. ॥ ૨૪૫ ॥

અને સ્વામીએ વાત કરી જે આ સર્વે ગરીબ જેવા જણાય છે પણ એક એક બ્રહ્માંડની ક્રિયા કરી એટલી એટલી પ્રવૃત્તિ એ સર્વેને વિષે રહી છે. ને જેને પંચવિષયની વાસના લગાર જો રહી હોય તો જ્યારે તેને સ્વતંત્રપણું આવે ત્યારે સર્વે બ્રહ્માંડના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ભોગવે તો પણ પૂર્ણ થવાય નહિ. માટે ધર્મ-જ્ઞાનાદિક ગુણને વિષે પક્વ રુચિ જો કરી હોય તો જ્યારે

એને સ્વતંત્રપણું આવે ત્યારે તે દત્તાત્રેય કે કપિલજી કે શુકજી કે રામાનુજાચાર્ય જેવા થાય. માટે પુરુષપ્રયત્ને કરીને મહિમા પૂર્વક અંગે સહિત ભક્તિ કરવી. ને એને વિષે અતિ દઢ રુચિ રાખવી. એ જ સત્સંગ કર્યાનું ફળ છે. ॥ ૨૪૬ ॥

અને ''વ્યવહારમાં રહીની શ્રીજીમહારાજ કેમ મુખ્ય રહે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીહરિજીનો મહિમા સમજીને વ્યવહાર કરે તો શ્રીજીમહારાજ મુખ્ય રહે. જેમ ચક્રવર્તી રાજા હોય તેના મહિમાને જાણીને તેના જે કામદાર હોય તે કામકાજ કર્યા કરે છે. તેમ શ્રીહરિજીનો મહિમા સમજીને વ્યવહાર કરે તો પરમેશ્વર મુખ્ય રહે. ત્યારે શંકા કરી જે ''મહિમા સમજીને વ્યવહાર કરે તો પણ વ્યવહાર મુખ્ય થયા વિના કેમ રહે ?'' ત્યારે સ્વામી કહે પ્રથમથી જ નિત્યપ્રલયાદિકનો વિચાર કરીને ને પીંડ બ્રહ્માંડને અતિ અસાર જાણીને સત્ અસત્‌ના વિવેકે કરીને વ્યવહારના રૂપને સ્વપ્ન તુલ્ય યથાર્થ અસત્ય સમજ્યો હોય તો વ્યવહાર મુખ્ય થાય નહિ. ને પરમેશ્વર મુખ્ય રહે ને એમ ન સમજ્યો હોય તો સંસાર મુખ્ય થઈ જાય. ॥ ૨૪૭ ॥

અને શાંતાનંદસ્વામીયે પૂછ્યું જે ''માણસ સત્સંગી ક્યારે થાય ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેણે જ્યારથી વર્તમાન ધાર્યા ત્યારથી તે સત્સંગી તો થયો ત્યાં દૃષ્ટાંત જેમ કુંભારે ચક્ર ઉપર માટીનો પીંડો ઘડો કરવાને અર્થે મૂક્યો ત્યારથી એનું નામ ઘડો પડ્યું. પણ એ ચક્રથી ઉતરશે ને તડકે સુકવશે ને ઘડશે ને નિભાડામાં બાળશે પછી પાણી ભરીને વાવરશે. તે એટલે ઠેકાણે જો નક્કી રહ્યો તો જાણીયે જે હવે આ નિવડ્યો ને નક્કી થયો તેમ ભગવાનના માહાત્મ્ય પૂર્વક અંગે સહિત ભક્તિ કરતે કરતે આત્માને વિષે જ્યારે પરમાત્માનું દર્શન થાય ત્યારે સત્સંગ સંપૂર્ણ થયો જાણવો. તે એકાદશીના વચનામૃતને વિષે કહ્યું છે જે 'યજ્ઞ કરતે કરતે હૃદયને વિષે પુરુષોત્તમ ભગવાન જ્યારે દર્શન આપે ત્યારે યજ્ઞ પૂરો થયો જાણવો.'' માટે ઈન્દ્રિયુની વૃત્તિયુંને ભગવાનના સ્વરૂપને વિષે હોમ્યા રૂપ જે યજ્ઞ તે નિરંતર કર્યા કરવો. ॥ ૨૪૮ ॥

એક દિવસ સ્વામીએ ઉપાસનાની વાત કરી જે આપણે જેમ શ્રીજીમહારાજને પુરુષોત્તમ ભગવાન કહીએ છીએ તેમ રામચંદ્રજી આદિકના ઉપાસક છે તે પણ પોતપોતાના ઈષ્ટદેવને પુરુષોત્તમ કહે છે. એમ જ આપણે કહીએ છીએ કે બીજી રીતે છે ? એમ પોતાનું મન શંકા કરે કે કોઈક પ્રતિપક્ષી પુછે ત્યારે જો દઢ ઠેરાવ ન કર્યો હોય તો પોતાને શંકા થાય ને ઉત્તર પણ નિઃશંકપણે યથાર્થ થાય નહિ.

માટે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ કરવો. ત્યારે સંતે શંકા કરી જે ''કેમ સમજે તો નિઃશંકપણે પુરુષોત્તમપણાનો દૃઢ ઠેરાવ થાય ?'' ત્યારે સ્વામી કહે જ્યારે શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજીમહારાજને દર્શને આવવા તે સર્વેને મહારાજ ભજનમાં બેસારીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીશેય અવતારનાં દર્શન કરાવીને તથા મુસલમાનને અલ્લાનાં અને શ્રાવકને તીર્થંકરનાં દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવતા. તથા વ્યાપકાનંદ સ્વામીને પોતાને વિષે ચોવીશ અવતાર લીન કરીને પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો તથા હરિભક્ત પર્વતભાઈએ એમ સંકલ્પ કર્યો જે ''પરમેશ્વરના અવતાર કેવા હશે ?'' ત્યારે તે ભક્તની આગળ આવીને ચોવીશેય અવતારે દર્શન આપ્યાં. ને બ્રહ્મપુરને વિષે પોતાનાં દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવતા. એવી જાતની અનેક પ્રકારની સામર્થી સત્સંગમાંથી સમજીને શ્રીજીમહારાજને વિષે પુરુષોત્તમપણાની ઉપાસના નિઃશંકપણે અતિ દૃઢ કરવી. ને જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તે તો આ ફેરે જ આવ્યા છે એ વાર્તા પરમ સત્ય છે ને વળી પરમેશ્વરની મરજીને જાણે એવા જે પરમ ભાગવત ભક્ત તેમણે કહી છે. ॥ ૨૪૯ ॥

અને એક સમે વાર્તાનો પ્રસંગ નિસર્યો તે સમે સ્વામી બોલ્યા જે સર્વે પોતાની મેળે ઠેરાવ કરી લે છે પણ શુદ્ધ પરંપરાયે કરીને કરતા નથી, ત્યારે સંતે પૂછ્યું જે ''શુદ્ધ પરંપરા કેમ સમજવી ?'' ત્યારે સ્વામી કહે પુરુષોત્તમ ભગવાન કે તેમના એકાંતિક ભક્ત તેમની પાસેથી શ્રીહરિકૃષ્ણજી મહારાજના અવતારની રીતને સમજે તથા એકાંતિકની સમજણ્યને સમજે તથા બ્રહ્મપુર, ગોલોક આદિક ધામના મહિમાને સમજે તથા તે ધામના પાર્ષદોનો અને મૃત્યુલોકના પાર્ષદોનો મહિમા સમજે તથા આલોકનાં તીર્થોનો અને ધામોનો મહિમા સમજે ને શુદ્ધ પરંપરા કહીએ ને એમ સમજ્યા વિના તો કેટલાક આત્માનંદસ્વામીને તથા રામાનંદસ્વામીને તથા નરનારાયણાદિકને પણ પુરુષોત્તમ સમજે છે. માટે એ કહી એવી શુદ્ધ પરંપરાની રીતે કરીને પુરુષોત્તમ સમજવા. ॥ ૨૫૦ ॥

અને ''સર્વે સંત શ્રીહરિજીની ભક્તિ કરે છે તેમાં કેટલાક તો જ્ઞાન શિખે છે ને કેટલાક તો વૈરાગ્ય શિખે છે ને કેટલાક ધર્મ ને કેટલાક ભક્તિ શિખે છે, પણ પરસ્પર ઈર્ષા શા સારું કરે છે ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શ્રીજીમહારાજ તથા તેમને અતિ વહાલા એવા જે એકાંતિક ભક્ત તે પાસેથી નવધા ભક્તિ

તથા પ્રેમલક્ષણા ભક્તિ શિખીને ને તેનો મર્મ સમજીને નિષ્કામભાવે કરીને કરે તો ઈર્ષા ન આવે. પણ એવી રીતે સત્પુરુષ પાસેથી તો શિખતા નથી ને પોતાની મેળે અહંમમત્વ સોતા કરે છે માટે પરસ્પર ઈર્ષા થાય છે. ॥ ૨૫૧ ॥

અને એક દિવસ સ્વામીએ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ પર એવા જે ચાર પ્રકારના પુરુષ તેમની વાર્તા કરી દેખાડી જે મોક્ષ પર વર્તતા હોય તેમના મનમાં કોઈ પદાર્થની સ્પૃહા ન હોય. તે ગમે તો સ્ત્રીપુત્રાદિક નાશ પામી જાઓ કે લાખોની દોલત હોય તે જાતી રહો કે ગામ ગરાસ હોય તે પણ જાતાં રહો પણ તેના અંતરમાં ખટકો કે મુંજવણ થાય નહિ ને નરસિંહ મહેતાની પેઠે શ્રીહરિજીનું ભજન સુખેથી કર્યા કરે પણ અંતરમાં બીજાની પેઠે દુઃખિયો થાય નહિ ને એ મોક્ષાર્થી જે તે અર્થાદિકનો સંગ્રહ કરતા નથી ને જે રે છે તે પણ ઉપર કહ્યું એમ સમજીને કરે છે. ને કલ્યાણ રૂપ ધર્મમાં રહીને અર્થને ઉપજાવે છે ને તે ધર્મરૂપ જે અર્થે છે તેનું ફળ વિષયભોગ જ છે એમ નથી સમજતા. ને તે વિષય ભોગનું પણ ઈન્દ્રિયુંને લડાવવી એ જ ફળ નથી જાણતા પણ દેહ રહે એટલું જ ફળ સમજે છે ને તે દેહ રાખ્યાનું ફળ પણ એમ સમજે છે જે અંગે સહિત ભક્તિ કરીને શ્રીહરિજી મહારાજના એકાંતિક ભક્ત થાવું ॥ ને જે અજ્ઞાની છે તે તો એમ સમજે છે જે ધર્મનું ફળ ધન મળ્યું એ છે ને ધનનું ફળ વિષય ભોગવવા એ છે ને તેનું ફળ ઈન્દ્રિયુંને લડાવવી એ છે ને ફરી પણ એમને એમ કર્યા કરવું એવી અસત્ સમજણની શાસ્ત્રમાં ના પાડી છે. તે ઉપર શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં શ્લોક છે જે –

ધર્મસ્ય હ્યાપવર્ગ્યસ્ય નાર્થોઽર્થાયોપકલ્પતે ।
નાર્થસ્ય ધર્મૈકાન્તસ્ય કામો લાભાય હિ સ્મૃતઃ ॥
કામસ્ય નેન્દ્રિયપ્રીતિર્લાભો જીવેત યાવતા ।
જીવસ્ય તત્ત્વજિજ્ઞાસા નાર્થો યશ્ચેહ કર્મભિઃ ॥

અને જે અર્થપર વર્તે છે તે પણ ધર્મમાં રહીને અર્થનો સંગ્રહ કરે છે. ને જે ધર્મ પર વર્તે છે તે પણ ધર્મ સોતા જ અર્થને ભોગ કરે છે ને એ બેય જણા અર્થને મોક્ષના માર્ગને વિષે વાવરે છે માટે એ પણ ઠીક સમજે છે. ॥ ને જે કામ પર વર્તે છે તે તો અર્થને ને ધર્મને કામ પર કરે છે, માટે એની સમજણ સારી નથી. ॥ ૨૫૨ ॥

અને સંતસભામાં પ્રસંગ નિસર્યો જે ''સરલસ્વભાવ સારો છે'' ત્યારે સ્વામી કહે જે સરલસ્વભાવને વિષે એ દોષ છે જે સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિકે સહિત શ્રીહરિજીમહારાજની ભક્તિ કરતો હોય ને તેને અલ્પબુદ્ધિવાળો ભક્ત મળે ને આડી-અવળી વાર્તા કરીને કોઈક બીજે માર્ગે ચઢાવી દીયે તો ચઢી જાય માટે સર્વે ઠેકાણે સરલપણું ઠીક નહિ ને જ્યાં રાખવું ઘટે ત્યાં સમજીને રાખે તો સરલપણું ઠીક છે. ને આંટી પણ જ્યાં રાખવી ઘટે ત્યાં ધર્માદિક પાળવામાં સમજીને રાખે ને જ્યાં ન રાખવી ઘટે ત્યાં ન રાખે તો સમજુ કહેવાય, નહિ તો સ્વભાવવશ કહેવાય. ॥ ૨૫૩ ॥

અને ''ધીરજ ટાણા ઉપર રહેતી નથી તે કેમ સમજે તો રહે ?'' તેનો ઉત્તર સ્વામીએ કહ્યો જે શ્રીજીમહારાજની ભક્તિ માહાત્મ્યે સહિત હોય ને આત્મનિષ્ઠાનો વિચાર અતિ પક્વ હોય તો રહે. ને તે ધીરજ પણ ત્રણ પ્રકારની છે તેમાં એકને તો ક્રિયા કરતા પણ રહે ને બીજાને ક્રિયા કરતાં મધ્યે સાંભરી આવે ને ત્રીજાને ક્રિયા કરી રહે ત્યારે સાંભરે. એ ત્રણેય ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ કહેવાય ને જેને સાંભરે જ નહિ તે તો અધમ કહેવાય. જેમ મુક્તાનંદ સ્વામીને કોઈક ભક્તજન કાંઈક વાત કહેવા આવે ત્યારે પ્રથમ તો તે સામું જોઈ રહેતા ને તપાસ કરતા પછી કહેવું ઘટે તો કહેતા, નહિ તો અંતરદૃષ્ટિ કરીને શ્રીહરિજીના ભજનમાં મંડ્યા રહેતા. એવી રીતનો બળિયો વિચાર હોય તો ટાણા ઉપર ધીરજ રહે. માટે પીંડબ્રહ્માંડને સ્વપ્નતુલ્ય, અતિ અસાર ને કાખના મુવાળા જેવા સમજીને ત્રણ શરીર થકી પૃથક્ જાણપણારૂપે નિરંતર વર્ત્યા કરે તો ટાણા ઉપર ધીરજ રહે છે તે ઉપર જડભરત તથા અખંડાનંદસ્વામીના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ॥ ૨૫૪ ॥

અને સંતે પૂછ્યું જે ''અવતાર સર્વે સરખા છે કે કાંઈ ભિન્ન ભાવ છે ?'' ત્યારે બીજા સંત કહે જે ''સરખા છે.'' ત્યારે શંકા કરી જે ''સામર્થીમાં ન્યૂનાધિક કેમ છે ?'' ત્યારે તે સંત કહે ''એ તો જ્યાં જેટલી જણાવવી ઘટે ત્યાં તેટલી જણાવે છે.'' તે સાંભળીને સ્વામી કહે અવતાર સર્વે સરખા કહેવાય નહિ. તેમાં કોઈ આવેશાવતાર ને કોઈ કળાવતાર પણ હોય. ને એમ ન કહીએ તો પરશુરામજી તથા વ્યાસજી ચિરંજીવી રહ્યા છે તે આવતા મન્વંતરને વિષે સપ્તઋષિ થાશે તે કેમ ઘટે ? ને શ્રીજીમહારાજ જ્યારે પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક દર્શને આવતા તેને તે તે મૂર્તિઓનાં દર્શન કરાવતા ને

વ્યાપકાનંદ સ્વામીને વિષે ચોવીશ અવતાર લીન કરાવી દીધા ને તે પર્વતભાઈ પટેલના સાંતીને આગળ ને આગળ ફરતા ને આ વિજ્ઞાનદાસજી તો શ્રીજીમહારાજની ઉપર મોટા મોટા અવતાર પણ ચમર ઢોળે છે ને છત્ર ધરે છે એમ દેખે છે માટે સર્વે આવિર્ભાવ તો પુરુષોત્તમભગવાનના ભક્તમાં જણાય છે. એ વાત સાંભળીને કેટલાક તો દિગ્મૂઢ જેવા થઈ ગયા ને ઘડીક પછી બોલ્યા જે ''એ વાત શાસ્ત્રમાં હશે, ને શ્રીજીમહારાજને મુખેથી શ્રવણ કરી છે ?'' ત્યારે સ્વામી કહે શ્રીજીને મુખેથી તો ઘણી વાર શ્રવણ કર્યું હોય પણ સમજમાં આવવું કઠણ છે ને શાસ્ત્રમાં પણ હોય પણ તે અતિ મોટા પુરુષ પાસેથી સમજાય છે. ત્યારે સંતે પૂછ્યું જે ''આજ વર્તમાનકાળે એવા મહત્પુરુષ હશે ને તેમને શ્રીજી બ્રહ્મપુરના મુક્તોની પેઠે દર્શન દેતા હશે ?'' ત્યારે સ્વામી કહે એવા મોટા પુરુષ તો આપણી સમિપમાં બેઠા હોય તો પણ તે ઓળખાવા કઠણ છે ને જેમ બ્રહ્મપુરને વિષે મુક્તોને શ્રીજીમહારાજ દર્શન દીયે છે તેમજ તે એકાંતિકને પણ પૃથ્વી ઉપર દર્શન આપે છે ને તે સાથે વાર્તા પણ કરે છે ને કોઈ ક્રિયા ન આવડે તો તે ભક્તને શિખવી દીયે છે. ને તે ભક્ત પણ કોઈક વાત પૂછવી હોય તો પુછી લીયે છે. એમ એ સત્પુરુષને ને ભગવાનને અતિ સામર્થ્યપણું વર્તે છે જેમ અતિ હેતવાળા બે મિત્ર હોય તેમને કોઈ વાતનો પરસ્પર અંતરાય રહેતો નથી તેમ એ ભક્ત પણ શ્રીહરિજી મહારાજને વિષે અતિશે હેતે કરીને જોડાઈ જાય છે તેથી તેને પરસ્પર કોઈ રીતનો અંતરાય રહેતો નથી. ને આજના ભક્તોની સામર્થી તો જુઓ ! સંતદાસજી બદરિકાશ્રમમાં જઈને આવ્યા ને સચ્ચિદાનંદ સ્વામીને બેડી તથા તાળા તથા ભિંત તથા નદી તથા ગઢ આદિક કોઈ આવરણ નડ્યાં નહિ. ને રતનાભક્તને પણ તાળા ને ભિંત આડ્ય કરી શક્યા નહિ. ને વશરામભક્ત સુતારના સંકલ્પે કરીને લાખો કીડીયું દિવ્યરૂપ ધરીને વિમાનમાં બેસીને પરમેશ્વરના ધામને પામીયું. એવી અનેક પ્રકારની વાત આ સત્સંગમાં છે. ॥ ૨૫૫ ॥

અને ''જીવ સર્વે સરખા છે કે નાના મોટા છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જીવ સર્વે જાણપણારૂપે તો સરખા છે પણ જેમ જેમ શ્રીજીમહારાજનો મહિમા સમજતો જાય ને ધર્મ જ્ઞાનાદિક સાધન અતિ દૃઢ થાતાં જાય તેમ તેમ તેજ, પ્રતાપ ને ઐશ્વર્યાદિક સર્વે એ ભક્તને પ્રાપ્ત થાતાં

જાય છે ને એ વાર્તા શ્રીજીમહારાજે સાળંગપુરના મુક્તના ભેદના વચનામૃતમાં પણ કહી છે. ॥ ૨૫૬ ॥

અને ''સર્વે સંત તથા હરિજનને ઉપાસના અને ભજન સ્મરણાદિક સર્વે સરખા છે તો પણ તેમાં નાના મોટા કેમ થઈ જાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ ક્ષેત્રમાં ખેડૂ બીજ વાવે છે તેમાં પણ નાના મોટા છોડવા થઈ જાય છે તે તો ખાતર કે ધરતીના ફેરથી થાય છે, તેમ હરિજનને પણ સંગ, સાધન, શ્રદ્ધા, ઉપાસના કે શ્રીજીની શ્રવણાદિક ભક્તિ કરવી તેમાં જેટલો ફેર રહે છે તેટલી હરિભક્તમાં નાનપ્ય મોટપ્ય રહે છે. ॥ ૨૫૭ ॥

અને ''પૃથ્વી ઉપર ચાલતા હોય તે તો પડે પણ જે આકાશ માર્ગે ગતિ કરતા હોય તે કેમ પડે છે ? તે આકાશ માર્ગે ગતિ કરનારા તો સમાધિવાળા ભક્ત કહેવાય ને તે તો સર્વે હરિજનને બ્રહ્મપુરને વિષે તેજોમય શરીરવાળા દેખે છે તે કેમ સત્સંગમાંથી પડી જાય છે ?'' ત્યારે સ્વામી કહે એ વાર્તા તો એમ છે જે અતિ દૃઢ શ્રીજીમહારાજના ભક્ત ન હોય તે યોગભ્રષ્ટ થાય છે પણ પડતા નથી. તે ભગવદ્‌ગીતામાં કહ્યું છે જે–

પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।
નહિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ ॥
પ્રાપ્ય પુણ્યકૃતાઁલ્લોકાનુષિત્વા શાશ્વતીઃ સમાઃ ।
શુચિનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ॥

ને વળી જ્યાં સુધી તે એકાંતિક ભક્ત ન થયો હોય ત્યાં સુધી તેને ઈન્દ્રિયું અંતઃકરણરૂપ માયા જે તે પીડે છે, ને એકાંતિક ભક્તને તો માયા સહાય કરે છે. જેમ ગુણબુદ્ધિવાળા સત્સંગીને કુસંગી ડગાવે છે ને જે નક્કી સત્સંગી છે તેની તો ખુશામત કરે છે. એમ શ્રીજીમહારાજે લોયાના વચનામૃતમાં કહ્યું છે. ॥ ૨૫૮ ॥

અને ''દેહ તો નર્કરૂપ છે તેની પૂજા સેવાદિકે કરીને શું ફળ થાય ?'' તેનો ઉત્તર સ્વામી કહે જે એમ તો મુમુક્ષુએ પોતાના દેહને સમજવો. ને સત્પુરુષનાં શરીર છે તે તો નિર્ગુણ છે. જુવોને સચ્ચિદાનંદસ્વામીના શરીરને બેડી, ભીંત ને તાળાં સોતાં કમાડ એ કોઈ આડાં આવ્યા જ નહિ. ને સંતદાસજીને પણ હિમાળો રોકી શક્યો નહિ. ને વિજ્ઞાનદાસજીને પણ તાળાં સોતાં કમાડ ને ભીંત આડાં

ન થયાં ને એમના દેહ આકાશ માર્ગે ઉડીને ગોલોકમાં વિરજ્યાનદીને વિષે જળપાન કરીને પાછા જ્યાં હતા ત્યાં આવ્યા માટે એ સર્વે બ્રહ્મરૂપ હતા તો આવરણ કોઈ આડું ન આવ્યું. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે જે – ॥ ગુણાપાયે બ્રહ્મશરીરમેતિ ॥ એવી રીતે જે ભજન સ્મરણે કરીને તથા ધર્માદિક સાધનની પક્વતાયે કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તે તો નિર્ગુણ છે ને વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે જે ''છ લક્ષણે જુક્ત જે ભક્ત છે તેને પૂજ્યે પરમેશ્વર પૂજાય છે ને તેનો દ્રોહ કરે તો શ્રીહરિજીનો દ્રોહ થાય છે.

સાક્ષાત્સંબંધતો યસ્ય કર્ત્તા શ્રદ્ધા ચ કર્મ ચ ।
જ્ઞાનં સ્થાનં ચ દ્રવ્યાદિ ગુણવચ્ચાપિ નિર્ગુણમ્ ॥

એમ કહી ધર્માદિક ચાર સાધનોની તથા સંત-અસંતની અતીશે વાર્તા કરી. ॥ ૨૫૯ ॥

અને સ્વામીએ વાત કરી જે મુક્તબુદ્ધિ શિખવી ને તે તો સત્વગુણી હોય તેનાથી શિખાય છે. તેનું લક્ષણ જે–

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્વિકી ॥ ૨૬૦ ॥

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે ઇન્દ્રિયુંમાં, અંતઃકરણમાં ને કારણદેહમાં ધ્યાન સર્વે કરીએ છીએ પણ સત્-અસત્‌નો વિચાર કરીને ત્રણ શરીરથી જુદા પડીને જીવમાં ધ્યાન કરે તો શુદ્ધ થાય છે. તે શ્રીજીએ વચનામૃતમાં કહ્યું છે જે ''નાહી ધોઈને પૂજા કરવી.'' ને વળી જેમ શાહુકાર અન્ન જળ દેવારૂપ સદાવ્રતની પેઢી કરી જાય છે. તેમ શ્રીજીમહારાજ કલ્યાણરૂપ સદાવ્રતની પેઢી કરી ગયા છે ને જે ધર્મને વિષે દૃઢપણે વર્તતો હોય ને સત્પુરુષનો અતિ દૃઢ વિશ્વાસ હોય તો તેને ગમે તેવું કઠણ પ્રારબ્ધ હોય તો પણ તે ટળી જાય છે. ॥ ૨૬૧ ॥

અને ''પુરુષોત્તમ ભગવાન તે અક્ષર, મૂળપુરુષ, પ્રધાનપુરુષ ને વિરાટાદિક એ સર્વેને વિષે સાક્ષીરૂપે કેમ રહ્યા છે ?'' એ પ્રશ્નનો ઉત્તર જે જેમ શ્રીજીમહારાજની આજ્ઞા આચાર્યજી મહારાજ ઉપર છે ને તેમની આજ્ઞા મોટા સાધુ ઉપર હોય ને તેમની આજ્ઞા મંડળના સાધુ ઉપર હોય એવી રીતે રહ્યા છે ને એમાં જે તારતમ્યપણું છે તેને શ્રીજીમહારાજ જાણે છે કે જેના ઉપર એમની

પ્રસન્નતા હોય છે એવા મોટા સંત જાણે છે પણ બીજો કોઈ કોટિ ઉપાયે કરીને પણ જાણી શકે નહિ. ॥ ૨૬૨ ॥

અને કાળ કર્માદિકને વિષે જે કર્તાપણાનો વિશ્વાસ તે તો મોટા ઋષિઓને છે ને કેટલાક આધુનિક પંડિતોને તો તે પણ નથી ને નાસ્તિક જેવા જ છે. ને જે શ્રીજીમહારાજના ભક્ત છે તે તો પુરુષોત્તમ ભગવાનને જ જગતના કર્તા માને છે ને બીજા કોઈને માનતા નથી. ॥ ૨૬૩ ॥

અને ''નિષ્ઠા ને મહિમા એક છે કે જુદાં છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે નિષ્ઠા તો એને કહીએ જે એક પુરુષોત્તમને વિષે જ સર્વનું અંતર્યામીપણું તથા સર્વનું કર્તાપણું તથા સર્વનું આધારપણું તથા સર્વનું પ્રેરકપણું રહેલું છે એવી રીતે અંતઃકરણમાં નિરંતર દૃઢ વર્ત્યા કરે તેને કહીએ. ને મહિમા તો આવે ને જાય પણ ખરો પણ એવી વાર્તાનું શ્રવણ મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો મહિમા નિરંતર રહે. ને સાક્ષાત્કાર થાય. જેમ કોઈ શ્લોક કે કીર્તન મુખપાઠ કરેલ હોય તેને વરસ છ મહિના સુધી ખટકો રાખીને વાર્તા કર્યામાં લાવ્યા કરે કે સંભાર્યા કરે તો પક્વ થાય ॥ ૨૬૪ ॥

અને ''એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા છે તે એવા ભક્તનું વર્તન કેવી જાતનું હોય ?'' એ પ્રશ્નનો ઉત્તર જે એવાની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય ને જે એવા ગૃહસ્થ હરિભક્ત હોય તેને પણ –

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥

એ શ્લોકમાં કહ્યું છે એવી રીતે સત્સંગને વિષે મમત્વ હોય. ॥ ૨૬૫ ॥

અને આજ તો અક્ષરના મુક્ત પણ કથા વાર્તા સાંભળવા આવે છે. તે એવો અહીંયાં શો વિશેષ છે ? એમ શંકા કરી ને તેનો ઉત્તર પણ સ્વામીએ પોતે જ કર્યો જે પ્રથમના કરતાં આજ ઐશ્વર્યનું વિશેષપણું બહુ જણાય છે. ને રામાનુજાદિકે પુરુષોત્તમ નિરૂપણ કર્યું છે પણ તે જાણ્યે શિખીને કર્યું હોય ને શું એમ જણાય છે. ને શ્રીજીમહારાજના કરાવેલ ગ્રંથ ને બીજા કવિના કરેલા ગ્રંથ જોઈએ છીએ તે જાણ્યે શિખિને કરેલા હોય ને શું એમ જણાય છે જે –

યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ।

તથા – પુરુષેણાત્મભૂતેન વીર્યમાધત્ત વીર્યવાન્ ॥

એવાં કાવ્ય છે. ને ઐશ્વર્ય પણ વર્તમાનકાળમાં બહુ વિલક્ષણ છે તે કેટલાંક કહી દેખાડીયે ? સર્વે શાસ્ત્રનું સિદ્ધાંત જોયું પણ પુરુષોત્તમ શ્રીહરિજી મહારાજ જેવા તો કોઈ કાળે કોઈ પણ થઈ શકે જ નહિ. ॥ ૨૬૬ ॥

અને એક દિવસ સ્વામીએ ॥ એક વાત સુણો વ્રજવાસી રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે ॥ એ કીર્તન ગવરાવીને તે ઉપર વાત કરી જે આકાશને ઠેકાણે તો અક્ષર છે ને અંધકારને ઠેકાણે માયા છે ને વાદળાંને ઠેકાણે તો મહાવિરાટ છે ને પક્ષીને ઠેકાણે તો ક્ષુદ્રવિરાટ છે ને વીજળીને ઠેકાણે અક્ષરના મુક્ત છે ને સગુણ નિર્ગુણ તો અક્ષર થાય છે ને પોતે તો આકાશને વિષે જેમ શબ્દ છે તેની પેઠે અક્ષરમાં રહ્યા છે ને –

॥ માયા પરૈત્યભિમુખં ચ વિલજ્જમાના ॥

એ શ્લોકમાં કહ્યું છે એમ પુરુષોત્તમ ભગવાન આગળ માયા ઊભી રહેતી નથી. ને મહાપુરુષાદિકને તો પાસે જ રહે છે ને વૈરાટ પુરુષના તથા પ્રધાન પુરુષના તથા મૂળ પુરુષના તથા અક્ષરના જે ભક્ત છે તે સર્વે પરતંત્ર છે ને પુરુષોત્તમના જે ભક્ત છે તે તો સ્વતંત્ર છે ને તે જેવો તેવો હોય તો પણ ઇંદ્ર કે બ્રહ્મા કે વૈરાટપુરુષ કે પ્રધાનપુરુષ જેવો થાય છે ને જેને ઉપાસના અતિશે દૃઢ હોય તે મૂળપુરુષ જેવો થાય ને સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિકને અતિ પક્વ કરે તો અક્ષર જેવો એકાંતિક ભક્ત થાય છે. તે વાર્તા સોનાના તથા અંગ્રેજના મહેતાના દૃષ્ટાંતે કરીને બહુ કરી. ॥ ૨૬૭ ॥

અને ॥ કર્માત્મકં યેન શરીરબન્ધઃ ॥ એ શ્લોક બોલીને તે ઉપર સ્વામીયે વાત કરી જે જીવ જે તે પ્રથમ દેહાભિમાને જુક્ત થકો પંચવિષય સંબંધી ક્રિયાને મમત્વે સહિત કરે છે ને પછી સત્સંગ કરીને પોતાને જીવરૂપે માનીને શ્રીજીમહારાજને અર્થે તથા તેમના ભક્તને અર્થે પણ તેવો જ મમત્વ રાખીને નવધા ભક્તિ અતિશે કરે ત્યારે અંતઃકરણ શુદ્ધ થાય છે. તે પછી સત્તારૂપ થઈને વારંવાર ઉપશમ કરીને જળના ફુવારાની પેઠે અનેક પ્રકારે થયેલી જે ઇન્દ્રિયુંની વૃત્તિયું તેનું પીંડીકરણ વારંવાર કર્યા કરે ત્યારે એ જીવને અતિશે બંધનરૂપ જે કારણ શરીર તેનો નાશ થઈ જાય છે. એમ કહીને સ્વામીએ તે ઉપર ત્રણ વચનામૃત વંચાવ્યા તે એક તો રહસ્યનું ને બીજું સર્વેને ખબડદાર રહેવાનું ને ત્રીજું નાહી ધોઈને પૂજા કર્યાનું. ॥ ૨૬૮ ॥

અને ‘‘સમાધિવાળાને શ્રીજીમહારાજની મરજી જણાય કે નહિ ?’’ તે પ્રશ્ન ઉપર સ્વામીએ વાત કરી જે શ્રીજીમહારાજની સાથે જે અતિશે એકતાને પામી જાય છે તેને ક્યારેક જણાય છે પણ બીજાને તો ન જણાય. ને જેને ધર્મજ્ઞાનાદિક અતિશે પક્વ હોય એવો જે એકાંતિક ભક્ત છે તેને તો સદાય જણાયા કરે છે. ॥ ૨૬૯ ॥

અને ‘‘માની પ્રકૃતિ હોય ને વળી માન મળતું હોય તેનું માન કેમ ટળે ?’’ તેનો ઉત્તર જે વૈરાટપુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુવે ને તપાસ કરે જે એમના જેવી સામર્થી મારામાં કેટલી છે તેથી હું માન રાખું છું ? એમ વિચાર કરે તો માન ટળી જાય. ને વળી શ્રીહરિમહારાજના જે મોટા મોટા સાધુ શતાનંદમુનિ તથા સ્વરૂપાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તથા હરિભક્ત પર્વતભાઈ, એમના જેવી સામર્થી હુંમાં કેટલી છે ? એમ વિચારે તો પણ માન રહે નહિ. ॥ ૨૭૦ ॥

અને ‘‘શ્રીજીમહારાજના મહિમાની ને જીવના સ્વરૂપની વાર્તા સમજે છે તો પણ સ્વભાવ ટળતો નથી તેનું કેમ હશે ?’’ તેનો ઉત્તર જે એ તો શ્રીહરિજીના મહિમાના તથા સ્વરૂપના વારંવાર શ્રવણ મનનાદિકે કરીને સ્વભાવને ઘટાડ્યા કરે તો ટળે છે, નહિ તો ન ટળે. તે ઉપર બે વચનામૃત વંચાવ્યા તે એક તો સહજ પ્રકૃતિ ટાળ્યાનું ને બીજું શત્રુભાવનું. ॥ ૨૭૧ ॥

અને સ્વામીએ વાત કરી જે નિષ્ઠાના સ્વરૂપને જાણ્યાનું એ લક્ષણ છે જે વહાણ બુડતું હોય તથા દૈવ ઈચ્છાયે કરીને વગડામાં એકલા જ પડી ગયા હોઈએ ને વળી દેહ પણ અતિ માંદો હોય ને પોતાની મેળે ક્રિયા કરવા સમર્થ ન હોય તો પણ કાયર ન થાય ને શ્રીજીમહારાજના અંતર્યામીપણાનો જે વિશ્વાસ તે પણ લેશમાત્ર ગૌણ પડે નહિ તેની પક્વ નિષ્ઠા કહેવાય. તથા શ્રીહરિજી કે સત્પુરુષ તે નાના સાધુના વચનમાં વર્તાવે તો પણ જેમ મહારાજની સમિપે તથા મોટા સંતની સમિપે વર્તતો હોય તેમ જ વર્તે પણ લેશમાત્ર આડું-અવળું કરે નહિ. તેની પણ પક્વ નિષ્ઠા કહેવાય અને એવી પક્વ નિષ્ઠા કેમ થાય ? તો તેનો ઉત્તર જે પ્રથમ કહી તેવી બે પ્રકારની પક્વ નિષ્ઠાનાં લક્ષણની વાર્તા કર્યામાં તથા સાંભળ્યામાં બહુ શ્રદ્ધા રાખે તથા મોટા પુરુષનો સંગ કર્યા કરે તો થાય છે. ॥ ૨૭૨ ॥

અને જે ‘‘શ્રીજીમહારાજને જ દેખે છે પણ પોતાના સ્વરૂપને જુદું દેખતો નથી તે કેમ હશે ?’’ તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે એ તો સાધનકાળને

વિષે જ જો જીવ, ઈશ્વર ને પરમેશ્વરના સ્વરૂપનું ભિન્ન ભિન્ન શ્રવણ મનન ને નિદિધ્યાસ કર્યો હોય તો દૃઢ સ્થિતિમાં પણ જુદાં જણાય છે, નહિ તો ન જણાય. ॥ ૨૭૩ ॥

અને ''માનસી પૂજાને વિષે તથા સ્થૂળ દેહે કરીને પૂજા કરીએ તેને વિષે રસના આદિક ઈન્દ્રિયુંની વૃત્તિ કેમ કરવી ?'' ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વરની મૂર્તિને આગળ ધારવી પછી તેને જીહ્વાદિક દ્વારાયે કરીને અંતરમાં ઉતારવી પછી સત્તારૂપ થઈને તે સામું જોઈ રહેવું. એમને એમ કર્યા કરે તો રાગ ઓછા થઈ જાય છે. ને જે સંકલ્પ વિકલ્પ કર્યાની વૃત્તિ છે તે વાસનાલિંગ શરીર કહેવાય ને જે અવ્યક્તપણે રહ્યું છે તે કારણ શરીર છે ને જ્યારે અતિ રાગ થઈ જાય છે ત્યારે તે સ્થૂળ થઈ આવે છે. જુઓને નેત્રની આગળ સર્વે સંકલ્પની ગાંઠ્યું રહી છે જે આ ઝાડની પંક્તિ છે ને આ મનુષ્યની પંક્તિ છે તે નેત્ર વીંચીને જુઓ તો પણ જણાઈ આવે અને સ્પર્શના સંકલ્પ થાય ત્યારે તે વૃત્તિને મસ્તકને વિષે રાખે તો તે સંકલ્પ ટળી જાય છે. તેમજ શબ્દની વૃત્તિને નેત્રમાં રાખે તો શ્રોત્રવૃત્તિ ઓછી થઈ જાય છે. એ યોગકળા છે અને સૌભરી ઋષિને યોગકળા એકલી જ આવડતી હતી પણ જ્ઞાનકળા આવડતી નહોતી તેથી યોગબળે કરીને જ સર્વે ક્રિયા કરી અને ભમર જેમ કમળને વિષે સ્નેહે સોતો ચોટી રહે છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે પ્રીતિયે સોતા જોડાઈ જાવું અને કપિલજીયે દેવહૂતી પ્રત્યે વાર્તા કરી જે મહિમાયે સહિત ભક્તિ ને ભક્તિયે સોતુ જ્ઞાન ને જ્ઞાને સોતો વૈરાગ્ય, ઈત્યાદિકની પક્વતાયે કરીને મોહ ટળી જાય છે. અને એ જ્ઞાનાદિકનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ બહુ કરે ત્યારે સાક્ષાત્કાર થાય છે પણ એ ઉતાવળે થાતું નથી. એમને એમ વૈરાગ્યે સહિત કર્યા કરે તો સિદ્ધ થાય છે. એમ કહીને સ્વામીએ હરજી ઠક્કર સામું જોઈને કહ્યું જે તમને આંક મેળવતાં જેમ કઠણ પડતા નથી તેમ ધર્મજ્ઞાનાદિક અભ્યાસે કરીને સરલ થઈ જાય છે. ॥ ૨૭૪ ॥

અને ''બદરિકાશ્રમના તથા શ્વેતદ્વીપના મુક્ત કેમ વર્તે છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે બદરિકાશ્રમના મુક્ત તો જાણપણારૂપ થઈને ઈન્દ્રિયું અંતઃકરણને જીતે છે ને શ્વેતદ્વીપના મુક્ત તો વાસુદેવ ભગવાનનું ધ્યાન કરે છે ને એ તો નિરન્ન કહેવાય છે. કેમ જે ? બે શરીરની ભાવનાયે રહિત વર્તે છે ને આત્મસત્તારૂપ થઈ ભગવાનનું ધ્યાન કરીને કારણશરીરના રાગને ટાળે છે માટે નિરન્ન કહેવાય છે. ને શ્રીજીમહારાજ દયાયે કરીને એક વાર તો સર્વે

હરિભક્તને બ્રહ્મપુરમાં લઈ જાય છે. ને પોતાને વિષે પ્રીતિ પણ અતિશે કરાવે છે. ને પોતાનું અલૌકિક સુખ પણ અતિશે આપે છે. તે પછી જેને જ્યાં મોકલવા ઘટે ત્યાં તેને મોકલે છે. પછી તે ભક્ત એ સુખને સંભારતો થકો બીજા રાગને ટાળીને પાછો શ્રીજીમહારાજ પાસે આવે છે. ॥ ૨૭૫ ॥

અને શ્રીજીમહારાજને સર્વે ભજે છે પણ જમે છે તેમ જાણવા બહુ કઠણ છે ને આત્માને પણ સર્વે સંત જાણે છે પણ આત્મારૂપે વર્તવું અતિ કઠણ છે. ત્યારે કોઈએ પૂછ્યું જે ''કેમ વર્તવું ?'' ત્યારે સ્વામી કહે નિત્યપ્રલયાદિકે કરીને સર્વે ક્રિયાઓને અસત્ય, નાશવંત ને સ્વપ્ન તુલ્ય જાણીને ક્યાંય પ્રીતિ ન રાખે ને એમને એમ ઠેરાવ કર્યા કરે તો એવી સ્થિતિ થાય છે એમ પોતાને દૃષ્ટાંતે કરીને સ્વામીએ વાત કરી. ॥ ૨૭૬ ॥

અને વિશ્વાસી ભક્તે શ્રીજીની લીલાનું ચિંતવન કરવું ને બુદ્ધિવાળાએ ગુણ વિચારવા તે રુકમણિયે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે જે –

શ્રુત્વા ગુણાન્ ભુવનસુન્દર શ્રૃણ્વતાંતે
નિર્વિશ્ય કર્ણવિવરૈર્હરતોંડગ તાપમ્ ।
રૂપં દશાં દશિમતામખિલાર્થલાભં
ત્વય્યચ્યુતાવિશતિ ચિત્તમપત્રપં મે ॥

અને બુદ્ધિ તો એક જ છે પણ જે જે ભાવે કરીને ભાવિત થાય છે તેવી કહેવાય છે. જેમ શાસ્ત્રીય વૈદ્યકીય અને લૌકિક બુદ્ધિ કહેવાય છે ને સત્સંગને જોગે કરીને અલૌકિક પણ કહેવાય છે. એમ બિલોરીકાચના દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૨૭૭ ॥

અને ''બ્રહ્મપુરાદિક ધામના મુક્ત શ્રીજીમહારાજ ભેળા પૃથ્વી ઉપર આવ્યા હોય તે કેમ ઓળખ્યામાં આવે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે બ્રહ્મપુરના જે મુક્ત હોય તે તો ધર્મજ્ઞાનાદિક જે એકાંતિક ભક્તનાં લક્ષણ તેણે જુક્ત હોય ને તેમજ વર્તતા હોય ને વાર્તા પણ તેમજ કરે ને જે વૈકુંઠના મુક્ત હોય તેને ધર્મ પ્રધાનપણે વર્તતો હોય ને બીજાં ગૌણ હોય ને જે ગોલોકના મુક્ત હોય તેને તો ભક્તિ પ્રધાન હોય ને બીજાં ગૌણ હોય ને જે શ્વેતદ્વીપના મુક્ત હોય તે તો આત્મસત્તારૂપે વર્તતા થકા શ્રીજીનું ધ્યાન કરીને કારણશરીરના ભાવને ટાળતા હોય ને જે બદરિકાશ્રમના મુક્ત હોય તે તો સ્થૂળ ને સૂક્ષ્મ એ બે દેહના ભાવને ટાળતા થકા પ્રધાનપણે ત્યાગને વિષે વર્તતા હોય. ને જે સ્વર્ગલોકના

હોય તેને કીર્તિ પ્રધાનપણે વર્તતી હોય ને જે આધુનિક હોય તેને વિષયની આસક્તિ પ્રધાનપણે વર્તતી હોય. ॥ ૨૭૮ ॥

અને ‘‘પરમેશ્વર તો પૂર્ણકામ છે તેને કાંઈ જોઈતું નથી ને ગ્રહણ કરે છે તેનું કેમ જાણવું ?’’ એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વર તો જીવના કલ્યાણને અર્થે અતિશે દયાયે કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે. ને જો એ કોઈ પદાર્થને અંગીકાર ન કરે તો આપણું શ્રેય શાણે કરીને થાય ? માટે પોતે એવો સંકલ્પ કર્યો છે જે ‘‘અમને ભુખ, તરસ, શિત ઉષ્ણાદિક મનુષ્યની પેઠે થાઓ’’ અને એ વાત શ્રીજીએ પંચાળાના વચનામૃતમાં કહી છે. ॥ ૨૭૯ ॥

અને ‘‘લય, વિક્ષેપ, રસાસ્વાદ ને કષાય એ ચારને ટાળ્યાનો શો ઉપાય છે ?’’ એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે લય તો ભગવાનની લીલાના ચિંતવને કરીને તથા સ્વામિનારાયણ નામના ભજને કરીને ટળે છે. ને વિક્ષેપ તો શ્રીજીમહારાજના માહાત્મ્યના વિચારે કરીને તથા આત્મા અનાત્માના વિવેકે કરીને ટળે છે. ને રસાસ્વાદ તો નિયમને વિષે યથાર્થપણે વર્તવે કરીને ટળે છે. ને કષાય તો સત્તારૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી ટળે છે. ॥ ૨૮૦ ॥

અને ‘‘પંચવિષયમાં અરુચિ કેમ થાય ?’’ તેનો ઉત્તર સ્વામીયે કર્યો જે એ પંચવિષય સંબંધી ઉદ્યમને વિષે વારંવાર અતિશે દુઃખ જોયા કરે તો થાય. ને જો વિષય સહેજે મળે તો પણ એને ભોગવવે કરીને મહારાજની અપ્રસન્નતા થાય છે એમાં લેશમાત્ર સંશય નથી. એમ મનમાં યથાર્થ દૃઢ નિશ્ચય કરે તો અરુચિ થાય. ॥ ૨૮૧ ॥

અને ‘સ્વામીએ વાત કરી જે પરમેશ્વરને યથાર્થ સમજ્યાની જે વાત છે તે જો હરિભક્તને ન સમજાવે ને છાની રાખે તો તેને વિષે તમોગુણ બુદ્ધિ પામે છે. ને એ મોટા થાય તો પણ સંકર્ષણ જેવા થાય છે. ને શ્રીહરિજીની સેવાને વિષે અખંડ રહી શકે નહિ. કેમ જે એને તમોગુણ પ્રધાન છે માટે. ॥ ૨૮૨ ॥

અને ‘‘નિર્વાસનિક ભક્ત અમને ગમે છે. એમ શ્રીજીએ કહ્યું છે તે કેમ થવાય ?’’ એ પ્રશ્નનો ઉત્તર જે બે પ્રકારના ભક્ત છે તેમાં એક તો સવાસનિક છે ને બીજો નિર્વાસનિક છે ને એ બેયનું કલ્યાણ તો શ્રીજીમહારાજ કરે છે પણ સનકાદિક જેવા જે નિર્વાસનિક ભક્ત છે તે ઉપર શ્રીજીનો જેવો રાજીપો જણાય છે તેવો રાજીપો બ્રહ્માદિક જેવા જે સવાસનિક ભક્ત છે તે ઉપર જણાતો નથી. એ વાત મોક્ષધર્મમાં કહી છે જે ‘‘ભગવાન બ્રહ્માદિકની પૂજા પગે કરીને ગ્રહણ

કરે છે ને એકાંતિક ભક્તની પૂજા તો મસ્તકે કરીને ગ્રહણ કરે છે.'' ને બ્રહ્માદિકની તો બ્રહ્માંડમાં મોટપ બહુ જણાય છે ને સનકાદિક તો ગરીબ જેવા જણાય છે પણ એ બહુ મોટા છે ને એવાને સંગે કરીને નિર્વાસનિક થવાય છે. ॥ ૨૮૩ ॥

અને ''ધર્મ, વૈરાગ્ય, ભક્તિ ને વિચાર એમાં શ્રેષ્ઠ કીયો હશે ?'' એમ પૂછ્યું ત્યારે સર્વે સંતે વિચારને શ્રેષ્ઠ કહ્યો. પછી સ્વામી કહે અમને પણ એ જ જણાય છે. જુઓને પરમેશ્વરની મોટપ, એમને ભજી ભજીને તો શુક નારદાદિક પણ ભગવાન કહેવાયા છે. એવા એ ભગવાન અનેક સામર્થીયે યુક્ત ને પૂર્ણકામ છે. ને એમને કોઈ પદાર્થ માત્ર જોઈતું નથી. એ તો કેવળ દયાયે કરીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યભાવને ગ્રહણ કરે છે. ને તેમણે ઉત્તમ મુમુક્ષુની શિક્ષાને અર્થે તથા સર્વે આવિર્ભાવિની શિક્ષાને અર્થે પ્રથમ વનમાં રહીને અષ્ટાંગ યોગ સાધ્યો ને શરીરમાં રુધિર તો રહેવા દીધું જ નહિ. ને અન્નતો જમતા જ નહિ ને વાયુભક્ષણ કરીને રહેતા ને સ્ત્રીનો ગંધ ગમતો નહિ. એવા અતિ ત્યાગી જે શ્રીજીમહારાજ તે આપણા કલ્યાણને અર્થે જમવા માંડ્યા ને વસ્ત્ર પણ પહેરવા ઓઢવા માંડ્યાં. પણ આપણે સર્વેથી જેમ ઘટે તેમ યથાર્થ સેવા થઈ નહિ. કેમ જે કોઈ સત્સંગી છ મહિના કે વરસ પર્યંત દહાડી દહાડી થાળ કરીને કે કરાવીને શ્રીજીમહારાજને અતિશે પ્રીતિયે કરીને જમાડી શક્યા નહિ. ને વસ્ત્ર આભૂષણ પણ વરસો વરસ ભાવે સોતા અર્પણ કરી શક્યા નહિ. એવી રીતે મહિમા સમજ્યામાં ઘણી કસર રહી જાય છે. ॥ ૨૮૪ ॥

અને ''સત્તારૂપ થઈને માંહી રહીએ તો સુખ રહે છે ને બહાર રહીએ તો દુઃખ થાય છે. તે કેમ વર્તિયે તો દુઃખ ન થાય ?'' ત્યારે સ્વામી કહે જે જેમ માંહી વર્તિયે છીએ તેમ જ દેહમાં આવીયે તો પણ વર્તિયે તો દુઃખ થાય જ નહિ. ને એમ વર્તવાથી જેમ તેમ બોલી જવાય ને કોઈ કાંઈક કહે તો તેનું દુઃખ લગાડીએ નહિ. ને ક્યાં આપણે વિદુરનીતિ ભણ્યા છીએ જે તે પ્રમાણે ન બોલાણું તો લાજ નહિ રહે ? એમ તો કાંઈ નથી. માટે માહી ને બાહેર જાણપણારૂપે વર્તિયે તો દુઃખ જ નથી. ॥ ૨૮૫ ॥

અને વિષયને ભોગવવા ન દઈએ તો મન સંકલ્પ વિકલ્પ કર્યા કરે ને ભોગવવા દઈએ તો જીવનું ભુંડું થાય માટે આહાર વિહાર જુક્ત રાખવો એ ઠીક છે. ॥ ૨૮૬ ॥

અને ''શ્રીકૃષ્ણ ભગવાને અહિંસા ધર્મ પ્રવર્તાવ્યો નહિ ને એકલી મારકુટ જ કેમ કરી ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શિશુપાળ ને જરાસંઘાદિક જે આસુરી રાજા હતા તેમણે જ્યારે ભાગવત ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્તવા ન દીધો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને વિચારીને અર્જુન ભીમાદિક દ્વારાયે અધર્મરૂપ રાજાઓની સમાપ્તિ કરાવી ને યુધિષ્ઠિર રાજા દ્વારાયે અધર્મરૂપ રાજાઓની સમાપ્તિ કરાવી ને યુધિષ્ઠિર રાજા દ્વારાયે શ્રીમદ્ભાગવત તથા શ્રીમદ્ભગવદ્ગીતારૂપ જે સદ્ધર્મ તે પ્રવર્તાવ્યો. ॥ ૨૮૭ ॥

અને મંડળમાં જે બખેડો થાય છે તેનું એ કારણ છે જે સરખા રૂચિવાળા ન હોય માટે માંહોમાહી સંપ રહે તો નથી. ને એક રુચિવાળા હોય છે તેમાં પણ વૈરાગ્યને ભેદે કરીને સરસ નરસ હોય છે. તે ઉપર કુટિચક, બહુદક, હંસ ને પરમહંસને દૃષ્ટાંતે કરીને સ્વામીએ વાત કરી જે કુટીચકને જ્ઞાન ગૌણ ને આશ્રમધર્મ મુખ્ય હોય ને બહૂદકને આશ્રમધર્મ તથા જ્ઞાન તુલ્ય હોય ને હંસને આશ્રમધર્મ ગૌણ ને જ્ઞાનાભ્યાસ મુખ્ય હોય ને પરમહંસને આત્માનો તથા પરમાત્માનો સાક્ષાત્કાર હોય તેમાં કુટીચક એમ જાણે જે ''એ ત્રણ મારા જેવા કેમ વર્તતા નથી ?'' તે એની એવી સમજણ ખોટી છે. ને જે સરસ વર્તતો હોય તે એમ જાણે જે ''બીજા મારી પેઠે વર્તે તો ઠીક'' તે એની સમજણ તો શ્રેષ્ઠ છે. ॥ ૨૮૮ ॥

અને એક દિવસ સ્વામીએ સાંજને સમે દયા કરીને પોતાની મેળે વાત કરી જે ભક્તિયે કરીને જીવનું કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના જથાર્થ હરિભક્ત થાતો નથી. તે અંગ કીયાં તો દાસપણું, પ્રીતિ ને આત્મનિષ્ઠા એમ કહીને એ ત્રણેય ગુણની વાત વિસ્તારીને કરી ને કહ્યું જે એ ત્રણ ગુણ જેને પરિપૂર્ણ હોય છે તે એકાંતિક ભક્ત કહેવાય છે. ને એ ભક્તને ને શ્રીહરિજીને લેશમાત્ર અંતરાય રહેતો નથી. ને અતિ હેતે કરીને એક જેવું થઈ જાય છે. ને એ ભક્તને શ્રીજીની મરજી પણ જાણ્યામાં આવે છે તે માટે તેમની મરજી પ્રમાણે જ વર્તે છે. ને કોઈક વાત ન જણાય તો શ્રીજી તેમને શિખવી દે છે. જેમ બે મિત્ર હોય છે તેમને કાંઈ અંતરાય રહેતો નથી ને એક જીવ જેવા થઈ જાય છે તેમ પરમેશ્વરને ને એકાંતિક ભક્તને પણ એક જેવું થઈ જાય છે. ને તે પૂર્ણભક્ત કહેવાય છે. એમ કહી પતિવ્રતાના ને શૂરવીરતાના દૃષ્ટાંતે બહુ વાત કરી. ॥ ૨૮૯ ॥

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જે એકાંતિક ભક્ત હોય તે પોતાને એમ માને જે માન થાઓ કે અપમાન થાઓ ને રામપાત્ર લઈને ઘેર ઘેર માગી ખાઓ કે હાથીએ બેસો ને સુખ થાઓ કે દુઃખ થાઓ ને શરીર રોગી રહો કે નિરોગી રહો પણ આવા પુરુષોત્તમ ભગવાનની ને મોટા પુરુષની પ્રાપ્તિ થઈ છે માટે મારાં મોટાં ભાગ્ય છે. એમ માનીને અલમસ્ત થકા શ્રીજીમહારાજને ભજ્યા કરે પણ એ કોઈમાં લેવાય નહિ તે એકાંતિક ભક્ત કહેવાય. ॥ ૨૯૦ ॥

અને પરોક્ષને પ્રત્યક્ષ કેમ કરવા ? તેનું લક્ષણ જે દશ-વિશ પ્રામાણિક મનુષ્ય હોય ને તે પણ સમિપ સંબંધી હોય તે સર્વે કહે જે આ વાર્તા તો એમ જ છે ને પરમ સત્ય છે તો તે વાત તરત મનાઈ જાય પણ લગારેય સંશય ન રહે. તેમ મોટા પુરુષ કહે જે ‘‘શ્રીજીમહારાજ જેવા બ્રહ્મપુરને વિષે ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા વિરાજે છે તેવાને તેવા જ આ પૃથ્વી ઉપર વિચરે છે ને તે મનુષ્યરૂપને વિષે એવી ને એવી સામર્થી સોયે સો ને હજારો હજાર જીવને દેખાઈ આવે છે ને તે કહે છે પણ ખરા’’ એ વાત જેને સત્ય મનાય તેને પ્રત્યક્ષ થયા પણ પરોક્ષ રહ્યા નહિ ને આવું જે શ્રીહરિના સ્વરૂપ સંબંધી જ્ઞાન તે એકાંતિક થકી જ પમાય છે એમ જાણવું. એમ કહીને સ્વામીએ તે ઉપર સર્પને દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ॥ ૨૯૧ ॥

અને વળી એક દિવસ સ્વામીએ વાત કરી જે ડોળિયાં મનુષ્યનો સંગ કરવો નહિ તેણે કરીને અંતર મલીન થઈ જાય છે. તે પાછો તપાસીને શુદ્ધ કરે તો થાય, પણ એવી રીતે કરતાં મોટાને જ આવડે છે ને બીજાને તો શુદ્ધ અશુદ્ધની ખબર જ પડતી નથી. જેમ વહાણને વિષે અલ્પભાર હોય ત્યારે તે સરસર ચાલ્યું જાતું હોય ને પછી તેને વિષે ઘણો ભાર ભરે તો તેમ ન ચાલે ને ધીરું પડી જાય છે એ તો દૃષ્ટાંત છે તેનો સિદ્ધાંત જે તેમ ડોળિયા મનુષ્યના સંગે કરીને ઈન્દ્રિયો અંતઃકરણને વિષે રજ તમના વેગ લાગે છે તે પાપરૂપ મેલ પેસે છે તેણે કરીને ભજન સ્મરણ મંદ પડી જાય છે ને જેમ પ્રથમ હેતે સોતું ભજન સ્મરણ થાતું હોય તેમ ન થાય. તે સારું તો દત્તાત્રેયાદિક ભગવાન હતા તો પણ બીક રાખીને વર્ત્યા ને આપણે તો એકલું શાક જ ખાઈએ છીએ ને તેમાં કોઈક તો પેટ ભરીને ખાય છે ને લાડુ તો મુખવાસ જેટલો જ જમે છે. ને કોઈક તો અરધો ને કોઈક તો પોણો ખાય છે ને પેટ ભરીને તો અન્ન કોઈક ખાતા હશે. એમ મર્મે કરીને વાત કરી. ॥ ૨૯૨ ॥

અને એક દિવસ સ્વામીએ અર્થારામ ને ઈન્દ્રિયારામના ગુણાધ્યાન ને દોષાધ્યાનની વાર્તા વિસ્તારીને કરી તે સાંભળીને સંતે પૂછ્યું જે ''કેમ સમજીને દોષાધ્યાન કરે તો બાધ ન આવે ને કેમ કરે તો બાધ આવે ને ગુણાધ્યાન કેમ કરવું ને કેમ ન કરવું ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને વિષે દોષ હોય તેને કોઈ પ્રસંગે કરીને કહેવાય તો તેનો દોષ નહિ ને અવગુણ લીધો પણ ન કહેવાય ને જેને વિષે દોષ ન હોય તેને વિષે તે પરઠે તો તે દોષ લીધો કહેવાય ને તેનું અતિશે ભુંડું થાય. ને કલ્યાણના માર્ગ થકી પડી જવાય. ને જેમ હોય તેમ કહે તેનો દોષ તો જણાતો નથી. જુઓને બ્રહ્મા નારદાદિકને શાસ્ત્ર કહે છે ને ? અને શ્રીજીમહારાજે વચનામૃતને વિષે પણ કહ્યું છે જે ''નારદ સનકાદિક જેવા જે સાધુ છે તે એને રાંક ને પાપી જાણે છે.'' એ દોષ લીધો ન કહેવાય, અને મુક્તાનંદસ્વામી તથા શતાનંદમુનિ પણ જાણતા હતા જે ''આને વિષે આટલો દોષ છે ને આને વિષે એ નથી'' ને વચનામૃતમાં મહારાજે પણ કહ્યું છે જે ''અમે જોયા કરીએ છીએ જે આને આ વર્તમાનમાં આટલી કસર છે ને આને ઠીક છે. એમ મોટા મોટામાં જોયા કરીએ છીએ'' માટે એવી રીતે જે કહેવું તે દોષાધ્યાન ન કહેવાય. ત્યારે હરજી ઠક્કરે પૂછ્યું જે ''એક હરિભક્ત તો નાનો હોય ને બીજો ભક્ત તો મોટો હોય ને તેમાં દોષ તો નક્કી હોય તે જણાય તો ખરો માટે એ દોષ લીધો કહેવાય કે નહિ ?'' ત્યારે સ્વામી કહે એ દોષ લીધો ન કહેવાય. કેમ જે જે વિવેકવાન હોય તેને સાચું ખોટું જણાય તો ખરું ॥ ૨૯૩ ॥

અને વળી એક દિવસ સ્વામીએ કહ્યું જે દાસ, પ્રેમી અને જ્ઞાની એ ત્રણ પ્રકારના ભક્ત છે તેમને પરમેશ્વર જ્યારે પોતા સંબંધી કે ભક્ત સંબંધી ક્રિયામાં જોડે ત્યારે દાસ અને પ્રેમી તો ક્રિયા કરતા થકા તેમાં જોડાઈ જાય. કેમજે એ બેયને તો કર્યાનું ધ્યાન અવ્યક્તપણે રહ્યું હતું ને જ્ઞાની તો કરતા થકા તેમાં ન જોડાય. કેમજે એ તો ક્રિયા માત્રનો નિષેધ કરીને શ્રીજીને વિષે જ પ્રધાનપણે જોડાણો છે તે ઘટે તેટલી જ ક્રિયા કરીને રહેવા દીયે ને એકાંતિક તો એ ત્રણેય કહેવાય ખરા. ॥ ૨૯૪ ॥

અને સ્વામીએ વાત કરી જે આ જગતમાં બે પ્રકારના મનુષ્ય છે તેમાં એકના ઈન્દ્રિયો અંતઃકરણ ધર્મ, અર્થ ને કામ પર વર્તે છે ને તેઓ આત્માને તથા સૂક્ષ્મ દેહને જાણે છે પણ અર્થાદિકને સારું જ ઉદ્યમ કરે છે. ને ધર્મ કરે છે. તે પણ તે સારું જ કરે છે. ને તે અર્થકામને વિષે તો અનેક ભેદ રહ્યા છે

તેની વિગત જે કોઈકને તો ઈન્દ્રાદિકના અર્થકામ જોઈએ છીએ ને કોઈકને તો બ્રહ્માદિકના ને કોઈકને બ્રહસ્પતિ આદિકના ને કોઈકને તો વૈરાજપુરુષના ને કોઈકને પ્રધાનપુરુષના ને કોઈકને મૂળપુરુષના અર્થકામ જોઈએ છીએ. પણ તે અર્થાદિક તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, મદ, ઈર્ષા અને મત્સરાદિકે કરીને ભરેલ છે. ॥ અને બીજા ભક્તને તો દેહ, ઈન્દ્રિયું ને અંતઃકરણ એ સર્વે મોક્ષ પર વર્તે છે. ને તે પ્રકૃતિપુરુષને તથા તેનાં સર્વે કાર્યને અસત્ય, અત્યંત અસાર, નાશવંત, તુચ્છ અને સ્વપ્ન તુલ્ય જાણીને ને પોતાના જીવાત્માને બ્રહ્મ સાથે એકપણાને પમાડીને પરબ્રહ્મ પુરુષોત્તમને ભજે છે. ત્યાં શ્લોક છે જે –

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થં ભૂતગુણો હરિઃ ॥
તથા ॥ બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા નશોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥
તથા ॥ ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈક્યં
સેવ્યોહરિઃ સિતમહઃસ્થિતદિવ્યમૂર્તિઃ ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥

આ ત્રણ શ્લોકમાં જેવી વાત કહી છે તેવી જાતની રુચિ અતિશે પક્વ કરી હોય તો કોઈ કાળે ને કોઈ વિક્ષેપે કરીને તેનો નાશ થાય નહિ. ત્યાં દૃષ્ટાંત જે જીવને જ્યારે અંતસમો આવે છે ત્યારે મૂર્છાવસ્થા થઈ જાય છે. તે સમે કાંઈ ખબર રહેતી નથી. ને તે પાછો જ્યાં દેહ ધરે છે ત્યાં પૂર્વની પેઠેજ રાગદ્વેષાદિકને લઈને ઊઠે છે. તેમ જેને ધર્મ જ્ઞાનાદિક સંબંધી અતિ પક્વ રુચિ થઈ થઈ હોય તો તે જ્યાં જાય ત્યાં તેવી રુચિ લઈને ઉઠે છે. માટે શ્રીજીમહારાજની મૂર્તિને દૃષ્ટિ આગળ ધારીને ઈન્દ્રિયુદ્વારાયે કરીને અંતરમાં ઉતારવી ને આત્મસત્તારૂપે રહી, તે મૂર્તિ સામું જોઈ રહેવું. એમ કર્યા કરે તો ઈન્દ્રિયુંમાંથી રાગ ઓછા થઈ જાય છે. ને એમ વર્ત્યા વિના તો ધર્મને વિષે રહીને વિષયને ભોગવતો હોય પણ વિષયને મુકી શકે નહિ. ને મોર્યે કહ્યું એમ વર્તતો હોય તે તો મુકી દીયે. કેમ જે તેની ઈન્દ્રિયુંની વૃત્તિ કોમળ હોય છે. તેથી તેને જેમ ફેરવે તેમ ફરે છે. જેમ નાનો વડનો વૃક્ષ હોય છે તેને જેમ મરડે તેમ મરડાય છે પણ

બહુ મૂળ ઘાલેલ ને અતિ વિસ્તારવાન જે વડ હોય છે તે મરડ્યો મરડાય નહિ. માટે પુરુષપ્રયત્ને કરીને પ્રતિલોભપણે વર્ત્યાનો આગ્રહ રાખવો. ॥૨૯૫॥

અને ધર્મજ્ઞાનાદિકની પક્વતાયે કરીને પંચવિષયને વિષે બંધાય નહિ ત્યારે એકાંતિક થાય. ને પ્રેમી ભક્તને પતિવ્રતાનું અંગ હોય ને દાસને તો વચનમાં યથાર્થ વર્ત્યાનું અંગ હોય તેણે કરીને વિષયને વિષે અરુચિ હોય છે પણ જ્ઞાન વિના મૂળ ઉખડે નહિ. માટે ઉપશમે કરીને રાગ ઓછા કરવા. જેમ ઝાડને વારંવાર કાપ્યા કરે તો કોંટા નિર્બળ નિસરે ॥ ૨૯૬ ॥

અને ''॥ સત્ત્વં યદ્બ્રહ્મદર્શનં ॥ સત્વગુણથી બ્રહ્મનું દર્શન થાય છે એવી જે માયા તે દુઃખરૂપ કેમ કહેવાય છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ પૃથ્વીની ઘટાદિક એવા અનેક પ્રકારની રચના છે તથા કાચ આદિકને વિષે સ્વચ્છપણું છે તે સર્વે કર્ત્તાની શિલ્પતાયે કરીને છે, તેમ શ્રીહરિજીમહારાજ અને તેમના સત્પુરુષના સંબંધે કરીને સત્વગુણને વિષે બ્રહ્મદર્શનપણું છે. ને એમ ન હોય તો આરબ ને કોળી આદિકને વિષે સત્વગુણ તો દેખાય છે તો પણ બ્રહ્મદર્શન તો કહેવાય નહિ. ને નિર્ગુણપણું તો એ બેયના સંગે કરીને આવે છે. ને તેને વિષે બીજો એક ભેદ છે જેમ અહીથી વડતાલ તથા ધોલેરે કે જૂનાગઢ ગયા તો પણ ગયા કહેવાય ને હોય તો મારગમાં તેમ હરિભક્ત નિર્ગુણ કહેવાય. એમ દેવને દૃષ્ટાંતે કરીને બહુ વાર્તા કરી. ॥ ૨૯૭ ॥

''અને પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને કેમ સમજવું ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેવી રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિ છે તેવી જ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ હોય પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ આદિકના તથા ઐશ્વર્ય, પ્રકાશ અને શક્તિ આદિકના અનવધિકાતિશયપણાયે કરીને અત્યંત વિલક્ષણપણું છે. ત્યાં દૃષ્ટાંત જે જેમ ચિત્રામણનો સૂર્ય ને પ્રત્યક્ષ સૂર્ય તથા ચિત્રામણની હોળીનો અગ્નિ ને પ્રત્યક્ષ હોળીનો અગ્નિ તેમ પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને સમજવું ॥ ૨૯૮ ॥

અને ''સાધર્મ્યપણું કેમ જાણવું ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ દાવાનળે વનનો એક દેશ વાળ્યો હોય તો પણ વન વાળ્યું કહેવાય. તેમ ભગવાનની આજ્ઞા પ્રમાણે ભગવાનને માર્ગે ચાલ્યો જે ભક્ત તે ભગવાનને ને સત્પુરુષને સંગે કરીને નિર્ગુણપણાને પામ્યો કહેવાય છે અને એ નિર્ગુણપણું જ ભગવાનનું સાધર્મ્યપણું છે તે સાધર્મ્યપણાને આપણે સર્વે પામ્યા છીએ તો જીવનાં

કલ્યાણ કરીએ છીએ. ત્યાં દૃષ્ટાંત છે જેમ એક પર્વત તો સાકરનો જ હોય ને એક પર્વત તો પોણા ભાગનો સાકરનો હોય ને એક તો અર્ધો સાકરનો હોય ને એક તો પા ભાગનો સાકરનો હોય ને એક પર્વતના તો શિખર માથે સો કે પચાસ મણ સાકર પડી હોય ત્યાં જે જીવ જાય તે સર્વેનાં મુખ ગળ્યાં થાવ તેમ સાધર્મ્યપણામાં ભેદ છે. ॥ ૨૯૯ ॥

અને "આત્માને ને ભગવાનના મહિમાને કેમ જાણવો ?" તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે આત્માને એમ જાણવો જે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા પણ તે ક્યાંઈ ભર્યો નથી ને જેવો છે તેવોને તેવો જ રહ્યો છે માટે અજર અમર છે ને અછેદ્ય અભેદ્ય આદિક લક્ષણે કરીને તે જીવને સત્તારૂપ જાણવો. ॥ ને પુરુષોત્તમ ભગવાનનો મહિમા તો એમ સમજવો જે જેની બીકે કરીને સમુદ્ર ચોસઠ ગાઉ ઊંચે જળને ધરી રહ્યો છે ને જેની બીકે કરીને વાયુ પણ નિરંતર વાય છે, ને જે ભગવાનના જળના બિંદુમાંથી આવી કાયા કરી આપે છે. એવી જાતનો મહિમા અપાર રહ્યો છે એમ પુરુષોત્તમ ભગવાનનો મહિમા સમજવો. ॥ ૩૦૦ ॥

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જેટલાં પદાર્થ બાહેર રહ્યાં છે તેટલાં જ જીવમાં રહ્યાં છે. ને જીવની અહંવૃત્તિ બહુ બળવાન છે કેમ જે સભામાં અતિશે સરસ ભગવત વાર્તા થાતી હોય ને અહંવૃત્તિ જો બીજે ઠેકાણે જાય તો તે સભામાંથી તુરત ઉઠીને ચાલી નિસરે. ને એ અહંવૃત્તિ બહુ વિસ્તારવાળી જણાય છે. જુઓને સાહેબલોક ઘોડાને ને સવારને તોળીને દોડાવે છે ને તેને જો ફરીને તોળે તો જે આગળ નિસર્યો હોય તેમાં ચાર પાંચ શેર વધુ ભાર થાય છે. ત્યારે કોઈએ પૂછ્યું જે "એ અહંવૃત્તિ કેમ ટળે ?" તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામ શુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે નિયમમાં દેહને વર્તાવે ને પ્રમાદ મુકીને સત્પુરુષના સંગે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત શ્રીહરિજીની ભક્તિ શિખીને તેમજ વર્તે તો ટળે. ને એ અહંવૃત્તિ જ જન્મ મરણનું કારણ છે. ॥ ૩૦૧ ॥

અને સ્વામીએ વાત કરી જે ધર્મજ્ઞાનાદિકે કરીને વે સરખા હોય તેમાં એક તો શ્રીહરિજી મહારાજની અનુવૃત્તિને વિષે વર્તે છે ને એક નથી વર્તતો તે બેમાં કોણ શ્રેષ્ઠ છે ? તો જે અનુવૃત્તિમાં વર્તે છે એ જ શ્રેષ્ઠ છે. કેમ જે જે યથાર્થ મહિમા સમજતો હોય તેજ અનુવૃત્તિમાં વર્તે છે ॥ ૩૦૨ ॥

અને ''જે સત્સંગ કરે છે તેને દિવ્ય દેહ કેમ બંધાય છે ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ મૂર્તિનું બીબું મીણનું કરે છે તેમાં પાંચ પ્રકારના રસ રેડે છે તે રસની મૂર્તિ બંધાય છે ને મીણનું બીબું ગળી જાય છે. પછી તે ઉપર માટીનું ખોખું હોય તેને ભાંગી નાખે છે. તેમ ધર્મજ્ઞાનાદિક જેમ જેમ પક્વતાને પામતાં જાય છે તેમ દિવ્ય દેહ બંધાતો જાય છે ને તેમાં પ્રકાશાદિક ઐશ્વર્ય આવતાં જાય છે. ને એ ચારેય સાધન જ્યારે જીવને વિષે સંપૂર્ણ પ્રાપ્ત થાય છે ત્યારે તે દિવ્ય દેહ સર્વ પ્રકારે સંપૂર્ણ થાય છે ને તે પછી માટીના ખોખાને ઠેકાણે જે સ્થૂળ દેહ તે પડી જાય છે, ને જેમ મૂર્તિને ઘસી ભૂંસીને દિવ્ય કરે છે તેમ એ એકાંતિક ભક્તને શ્રીહરિજી મહારાજ અતિ દયાયે કરીને પોતાની દૃષ્ટિ વડે જ સર્વે કસર ટાળી નાખે છે. ને દેહાભિમાન તો સ્થૂળ દેહને વિષે રહે છે ને માન તો સૂક્ષ્મ દેહને વિષે રહે છે તેથી દિવ્ય દેહમાં તે નડતાં નથી. ॥ ૩૦૩ ॥

અને સ્વામીએ વાત કરી જે નર તથા માદા નામે બે પ્રકારના જીવ અસુરમાં ને દેવમાં રહ્યા છે. તે અસુર નર જો પૃથ્વી ઉપર આવેલો હોય તો અનેક જીવને અસુર કરે છે ને જો દેવ નર આવેલો હોય તો હજારો જીવને દેવ કરે છે. ને નર વિના એકલી માદાને ફળ લાગે નહિ તેમ એકાંતિક ભક્તના પ્રસંગ વિના એકાંતિક થવાય નહિ. એ પ્રમાણે પોપીયાના વૃક્ષને દૃષ્ટાંતે કરીને વાત બહુ કરી. ॥ ૩૦૪ ॥

અને સ્વામીએ વિષયખંડનના વચનામૃતની વાત કરી જે સમજીને વિષય ભોગવે તો સુખિયો રહે, નહિ તો દુઃખિયો થાય, ત્યારે સંતે પૂછ્યું જે ''કેમ સમજીને વિષય ભોગવવા?'' ત્યારે સ્વામી કહે શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ એ પ્રમાણે જે વર્તવું તે સમજીને વિષય ભોગવ્યા કહેવાય. ॥ ૩૦૫ ॥

અને ''સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે ''વાસના બહુ બળવાન છે તે કેમ જીતાય ?'' ત્યારે સ્વામી કહે જે સત્પુરુષના સમાગમે કરીને ધર્માદિક ચાર સાધનને પક્વ કરે તો વાસના જીતાય ને શુદ્ધ ભક્ત થવાય. ॥ ત્યારે ફરી પૂછ્યું જે ''ભગવાનના ભક્તને વ્યવહારના વિક્ષેપ બાધ કરે કે નહિ ?'' ત્યારે સ્વામી કહે જે જે સમર્થ હોય તે તો વિક્ષેપને અંતઃકરણમાં પ્રવેશ કરવા દીયે નહિ ને ઉપરથી તો ખરખરો બહુ કરે. ને જે અસમર્થ હોય તેને તો એ વિક્ષેપ અંતઃકરણમાં પ્રવેશ કરી જાય છે. ॥ ૩૦૬ ॥

અને ભક્તનો ભગવાનમાં પ્રવેશ થાય છે એ વચનામૃત વંચાવ્યું ત્યારે તે સાંભળીને સોમલે ખાચરે પૂછ્યું જે ''દેહ મુકીને પ્રવેશ થાતો હશે કે દેહ છતાં પ્રવેશ થાતો હશે ?'' ત્યારે સ્વામી કહે જે દેહ છતાં પણ પ્રવેશ થાય છે કેમ જે જેનો જેને વિષે અતિશે સ્નેહ હોય તેનો તેને વિષે પ્રવેશ કહેવાય છે. તે જ્યારે શ્રીજીમહારાજ સંતને જૂનાગઢ મોકલવા માંડ્યા ત્યારે પ્રવેશ અપ્રવેશની ખબર પડી. એવી રીતે પાષાણને દૃષ્ટાંતે વાર્તા બહુ કરી. ॥ ૩૦૭ ॥

અને ''સર્વે જીવનાં કર્મ તો એક સરખાં નથી ને ઉત્પત્તિ તથા પ્રલય એક કાળે કેમ થાય છે ?'' ત્યારે સ્વામી કહે જે એ ઉત્પત્તિ આદિક તો વૈરાજપુરુષને લઈને થાય છે જેમ આપણે જૂનેગઢ જાઈએ છીએ ત્યારે મંડળના સાધુને ગમે ન ગમે પણ આવવું પડે છે એમ ઉત્પત્તિ પ્રલયની રીત છે. ॥ પછી ફરી પૂછ્યું જે ''મહતત્ત્વાદિક ચોવીશ તત્ત્વ ભિન્ન ભિન્ન ઉપજે છે કે એક કાળે ઊપજે છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ તો જેમ બાળક ઉત્પન્ન થાય છે તે સર્વે અવયવે સહિતજ થાય છે તેમ સર્વે તત્ત્વ એક કાળે જ ઉપજે છે. ॥ ૩૦૮ ॥

અને સ્વામીએ વાત કરી જે જીવમાત્ર ક્રિયા કરે છે બહુ પણ જે કરવાનું છે તે રહી જાય છે. જેમ લઈયા થાવું કે કવિ થાવું એ આદિક સાધન તો આળસ મેલીને કરે છે પણ એકાંતિક થયાનું સાધન તેવો તત્પર થઈને કરતો નથી. ને જેવું જીવને પ્રાકૃત વસ્તુમાં હેત થાય છે તેવું હેત ભગવાન કે ભગવાનના મોટા સાધુને વિષે હોય તો કોઈ વાતની મણા જ ન રહે ને બહુ મોટા થાય અને દેહનો ભાર તો જેમ ગોદડાં કે લાકડાં ભેગાં કરીને ખડક્યા હોય તેમ જણાય છે. ॥ ૩૦૯ ॥

અને ''જીવ પરોક્ષ ભજન સ્મરણ તો બહુ કરે છે પણ જેમ પ્રત્યક્ષના ભજનાદિકે કરીને કલ્યાણ થાય છે તેમ કેમ થાતું નથી ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જ્યારે ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તો પોતાને જીવનાં કલ્યાણ કરવાનો સંકલ્પ હોય તેથી જે જીવને પોતાનું દર્શન થાય તેણે કરીને જ તેનું કલ્યાણ થાય એમ અનેક જીવનો મોક્ષ થાય છે અને અવતાર અવતારીના સંકલ્પમાં પણ ન્યૂનાધિકપણું અતિશે છે. તે અવતારી તો સંકલ્પ કરે તે માત્રમાં જ તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે તે સિદ્ધ થાય છે. ॥ ૩૧૦ ॥

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે અહંવૃત્તિ જે તે સકામ અને નિષ્કામ ભક્તિયે કરીને અતિશે વૃદ્ધિને પામે છે. તેમાં સકામ ભક્તિયે કરીને તો મનુષ્યથી લઈને પ્રકૃતિપુરુષના જેવી મોટપ્યને પામે છે ને નિષ્કામ ભક્તિયે કરીને જીવસત્તા જે તે અક્ષરના સાધર્મ્યપણાને પામે છે. ॥ ૩૧૧ ॥

અને સ્વામીયે વાત કરી જે કોઈ એમ જાણે જે ''હું સત્સંગમાં આવતાં વેત જ મોટો થાઉં'' પણ એમ મોટપ્ય આવે નહિ. તે તો સત્સંગને વિષે દૃઢ નિષ્ઠા રાખવે કરીને તથા ધર્મજ્ઞાનાદિક જે સાધન તે એકાંતિક પાસેથી શિખીને તે સાધનને પક્વ કરે તો મોટપ્યને પામે છે. તે ઉપર સ્વામીએ પોતાના વૃત્તાંતની વાર્તા બહુ કરી. ॥ ૩૧૨ ॥

અને ''શક્તિ, ઐશ્વર્ય ને વિભૂતિ એ ત્રણેય એક છે કે ભિન્ન છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીયે કર્યો જે શક્તિ અને ઐશ્વર્ય એ તો એક જ છે ને વિભૂતિ તો જુદી છે. ॥ ૩૧૩ ॥

અને સત્સંગી હોય તો પણ જે રાજાના રાજ્યમાં રહેતા હોય તેને અનુસરે છે ને તે તે જેવા થાય છે તેમ જે બ્રહ્મા, શંકર, સૂર્ય વગેરેને અનુસરે છે તે તેવા થાય છે ને જે પુરુષોત્તમ ભગવાન કે મોટા સાધુની અનુવૃત્તિમાં વર્તે છે તે અક્ષર જેવા થાય છે. ॥ ૩૧૪ ॥

અને ''હેત ને માહાત્મ્ય જેમ પ્રથમ હતાં એમને એમ સદાય કેમ રહેતાં નથી ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે તે પ્રથમની પેઠે ન રહે પણ ગૂઢ થઈ જાય છે ને ગૂઢપણે રહીને અતિશે વૃદ્ધિને પામે છે. ॥ ૩૧૫ ॥

અને સ્વામીએ વાત કરીજે ॥ એકોડહં બહુ સ્યામ્ ॥ એ શ્રુતિનો અર્થ શ્રીજીમહારાજે કર્યો છે જે ''એક એવા જે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામીપણે કરીને અક્ષરબ્રહ્મ તથા પ્રકૃતિ પુરુષ આદિકને વિષે તારતમ્યપણે કરીને રહ્યા છે'' તે કાષ્ટમાં રહેલ અગ્નિને દૃષ્ટાંતે કરીને કહ્યું છે ને તે તેમ જ છે કેમ જે અંતર્યામી સ્વરૂપ જે પ્રકાશ તે રૂપે કરીને પુરુષોત્તમ ભગવાન સર્વેને વિષે રહ્યા છે એમ પુરુષોત્તમ ભગવાનનું વ્યાપકપણું સમજવું. ॥ ૩૧૬ ॥

અને સ્વામીએ વાત કરી જે પ્રથમ જેને કાંઈક આડું-અવળું વર્તાણું હોય તે જો ફરી પોતાના ધર્મમાં ખબડદાર થઈને વર્તે તો પાછો શુદ્ધ થઈ જાય છે. ॥ ૩૧૭ ॥

અને પુરુષોત્તમ ભગવાન, માયા અને જીવ એ ત્રણેય અનાદિ છે એ વાત યથાર્થ છે પણ માયા અને જીવ તો ભગવાન આગળ અતિ અસમર્થ ને પશુ જેવાં જણાય છે ને એને અનાદિપણું છે એટલું જ સરખાપણું છે પણ સર્વ ઐશ્વર્યે યુક્ત તો પુરુષોત્તમ ભગવાન એકલા જ છે. એમ સ્વામીએ મનુષ્ય અને પશુના દૃષ્ટાંતે કરીને બહુ વાત કરી. ॥ ૩૧૮ ॥

અને પૂછ્યું જે ''મન તો સત્વગુણમાંથી થયું છે તેમાં રજ તેમના વિકાર કેમ રહ્યા હશે ?'' ત્યારે સ્વામીએ દીપકના દૃષ્ટાંતે કરીને કહ્યું જે મન તો વિષયનું પ્રકાશક છે પણ પોતે વિકારવાન નથી ને જો વિકારવાન હોય તો નારદ સનકાદિકનાં મન વિકારવાન કેમ નથી ? ॥ ૩૧૯ ॥

અને ''જે સ્થિતિવાન હોય તે ઠીક વર્તતા ન હોય ને જે સ્થિતિવાન ન હોય તે જેમ સંત કહે છે તેમ કરે છે એમ કેમ હશે ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે સ્થિતિવાન નથી તેને સાધન છે ને જે સ્થિતિવાન છે તેને સાધન નથી. ॥ ૩૨૦ ॥

અને ''અક્ષરબ્રહ્મ સર્વને વિષે વ્યાપકપણે કેમ રહ્યા છે ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પોતાના ઐશ્વર્યે કરીને રહ્યા છે જેમ સૂર્ય પ્રકાશે કરીને સર્વ જગતને વિષે રહ્યા છે તેમ. ॥ ૩૨૧ ॥

અને ''ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનક એ ત્રણ્યની શુદ્ધતા કહો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે પુરુષોત્તમ ભગવાનને તુલ્ય ઉપાસ્ય કોઈ નથી એમ સમજવું તે ઉપાસ્યની શુદ્ધતા કહેવાય ને અક્ષરના સામર્થ્યપણે વર્તવું તે ઉપાસકની શુદ્ધતા કહેવાય ને સ્થાનકની શુદ્ધતાનો અક્ષરબ્રહ્મ જ છે એમ જાણવું. ॥ ૩૨૨ ॥

અને ''સદા સુખિયા કેમ રહેવાય ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પોતાને કાંઈ જોઈએ જ નહિ એમ સમજીને વર્તે તો સદા સુખી રહેવાય. ને પદાર્થ સત્સંગને અર્થે જોતાં હોય તે પોતાનાં ન કહેવાય. ॥ ૩૨૩ ॥

અને ''પંચવિષયની અરુચિ કેમ થાય ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે સર્વે વસ્તુને વિષે દોષાધ્યાન નિરંતર રહ્યા કરે તો વિષયને વિષે અરુચિ થાય. ॥ ૩૨૪ ॥

અને પૂછ્યું જે ''જેને ઇન્દ્રિયોને વિષે અંતઃકરણને વિષે ને જીવને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે ત્રણેયની નોખી નોખી પ્રાપ્તિ કહો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને ઇન્દ્રિયુંને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે તો દેહ મુક્યા પછી

ઈન્દ્ર જેવો થાય ને જેને અંતઃકરણને વિષે નિશ્ચય હોય તે બ્રહ્માદિક દેવ જેવા થાય અને જેને જીવને વિષે નિશ્ચય હોય તે તો અક્ષરના મુક્ત જેવો થાય. ને શ્રવણ મનનાદિક સાધન કર્યા વિના ઉત્તમ થાતા નથી ને વિષયમાંથી રામને ટાળતા નથી. ॥ ૩૨૫ ॥

અને સંતે કહ્યું જે ''આ હરજી ઠક્કરને તો મહારાજ મળ્યા એટલે શાંતિ થઈ ગઈ'' ત્યારે સ્વામી કહે જે ઉત્તમ મુમુક્ષુને તો દર્શને કરીને જ શાંતિ થઈ જાય છે. ને માની લોભી એવા જે મુમુક્ષુ હોય તેને તો માન લોભ સોતો જો સત્સંગ રહે તો શાંતિ રહે નહિ તો ઉદ્વેગ રહે. ॥ ૩૨૬ ॥

અને ''અક્ષર તો સર્વે ઠેકાણે છે તેમાં પુરુષોત્તમ ભગવાન ક્યાં રહેતા હશે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે પુરુષોત્તમ ભગવાન પોતાના એકાંતિક ભક્તમાં રહે છે ને તેવા ભક્ત પણ અનંત છે માટે તેમને મધ્યે જે અતિ ઉત્તમ એકાંતિક ભક્ત હોય તેમાં મૂળ સ્વરૂપે રહે છે જેમ રાસમંડળમાં શ્રીશ્યામજી પાસે મૂળ સ્વરૂપે રહેતા તેમ રહે છે. ॥ ૩૨૭ ॥

અને ''ભગવાનના કેવા ભક્ત કેવા ધામને પામે છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે ભગવાનની દઢ ઉપાસના ને એકાંતિક ધર્મ એ બેય જેમાં સંપૂર્ણ હોય તે તો અક્ષરધામને પામે છે ને ધર્મને વિષે કસર હોય તો મૂળ પુરુષને પામે ને એથી વધુ સવાસનિક હોય તો પ્રધાનપુરુષને તથા વૈરાજપુરુષાદિકને પામે ને જેને એ બેયને વિષે કસર હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય ને ગુણબુદ્ધિવાળો હોય ને સાધુની સેવા ચાકરી કરતો હોય તો તે ઈન્દ્ર જેવો થાય તે વચનામૃતમાં શ્રીજીએ કહ્યું છે જે ''પાંચ સાધન સંપૂર્ણ હોય તો અક્ષરધામને પામે નહિ તો બીજાં ધામને પામે ને અતિ સવાસનિક હોય તો દેવલોકને પામે.'' ॥ ૩૨૮ ॥

અને સ્વામીએ વાત કરી જે સ્વાદ, માન, ક્રોધ ને ઈર્ષા એ આદિક દોષને ટાળવાનાં સાધન કર્યા કરે ને તેને વિષે દોષ દૃષ્ટિ રાખે તો ધીરે ધીરે એ દોષ નિવૃત્તિ પામી જાય છે એમ સ્વભાવ ટાળ્યાની રીત છે. ॥ ૩૨૯ ॥

અને સ્વામીએ વાત કરી જે સ્થૂળ સૂક્ષ્મ દેહના ભાવ ટાળવાના પુરુષ પ્રયત્નમાં બદરિકાશ્રમના ઋષિ મંડ્યા છે ને કારણ શરીરના ભાવ ટાળવાના પુરુષ પ્રયત્નમાં શ્વેતદ્વીપના મુક્ત મંડ્યા છે. ॥ ૩૩૦ ॥

અને સ્વામીએ વાત કરી જે શ્રદ્ધામાં વૈરાગ્યાદિક આવી જાય છે. તે સાંભળીને સંતે આશંકા કરી જે ''ત્યારે તે જુદા શા સારું કહ્યા ?'' ત્યારે સ્વામી

કહે શ્રદ્ધા તો બીજે પણ થાય છે માટે સત્‌શાસ્ત્ર અને સત્પુરુષને સંગે કરીને જ્ઞાન વૈરાગ્યાદિકને શ્રવણ મનનાદિકે કરીને શિખે તો સાચી શ્રદ્ધા ઉપજે છે. ને તે શ્રદ્ધામાં જ્ઞાન વૈરાગ્યાદિક રહ્યા છે. ॥ ૩૩૧ ॥

અને ''સ્વયં, અંશ, કળા ને વિભૂતિ એ ચાર પ્રકારના અવતારના ભેદ કેમ સમજવા ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારના ભગવાનના અવતાર છે તે સગુણમાં પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ ને સંકર્ષણ એ સ્વયં અવતાર છે ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવને અંશાવતાર છે ને કશ્યપાદિક કળાવતાર છે અને નિર્ગુણમાં તો શ્રીકૃષ્ણાદિક સ્વયં અવતાર છે ને દત્ત કપિલાદિક અંશાવતાર છે ને મચ્છ કચ્છપાદિક કળાવતાર છે અને વિભૂતિ તો ઈન્દ્રાદિકને જાણવા તે વિભૂતિ તો ભગવાનની છડી છે. તે ગીતામાં તો રાજાને પણ ભગવાનની વિભૂતિ કહેલ છે માટે છડી તો સર્વને માનવા યોગ્ય છે. તે જુઓને રાજા પરીક્ષિતનું ઋષિએ સન્માન ન કર્યું તો કેટલી ઉપાધિ થઈ ? ને તે રાજાઓને વિષે જે સ્વાભાવિક ગુણ રહે છે તે પોતાનો છે ને જે વિશેષ ઐશ્વર્ય જણાય છે તે પરમેશ્વરનું છે. ॥ ૩૩૨ ॥

અને એક દિવસ સ્વામીએ વાત કરી જે જીવને જેવી આત્મબુદ્ધિ અને પૂજ્યબુદ્ધિ દેહને વિષે છે તેવી આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ જો મોટા પુરુષને વિષે સમજીને આદરે સહિત રાખે તો તેને વિષે જ્ઞાનાદિક સર્વે સદ્‌ગુણ આવે છે એમાં કાંઈ સંશય નથી. ને પોતાની મેળે તો જીવ બહુ કરે છે પણ તે લેખે આવતું નથી ને જો મોટા પુરુષની આજ્ઞા અને મરજી પ્રમાણે વર્તે તો અલ્પ કરે તે પણ બહુ થાય છે. જેમ રસે જુક્ત અન્ન અલ્પ જમે પણ તૃપ્ત થાય છે ને ભાજી બે શેર જમે તથા છાશ પતર બે પીયે તો પણ તેવો સંતોષ ન થાય. ॥ ૩૩૩ ॥

અને સંતે પૂછ્યું જે ''માન કેમ ટળે ?'' ત્યારે સ્વામીયે કહ્યું જે પોતાને સત્તારૂપ સમજે ને પોતે ભગવાન કે સત્પુરુષ આગળ તો અતિશે હળવો વર્તે અને પોતાને વિષે જે કાંઈક ગુણ હોય તે તો જેમ કોઈકનાં વસ્ત્ર આભૂષણ માગી લાવીને પહેર્યાં હોય તેમ મોટા પુરુષના કે ભગવાનના છે એમ સમજે તો માન ટળી જાય. ॥ ૩૩૪ ॥

અને એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે 'વાસનામય જે લિંગ શરીર તે નાશ પામ્યું કેમ જણાય ?' ત્યારે સ્વામીએ કહ્યું જે ઉત્તમ પંચવિષય પ્રાપ્ત થયા હોય તેને મુકી દીયે તો પણ કરી પાછા સાંભરે નહિ તે જેમ

જન્માંતરનાં વિષય સુખ નથી સાંભરતાં તેમ ન સાંભરે ત્યારે લિંગ દેહનો નાશ થયો જાણવો. ॥ ૩૩૫ ॥

અને પૂછ્યું જે ''ઉપાસના ને ધર્મ બેય સરસ હોય, ધર્મ ન્યૂન ને ઉપાસના સરસ હોય, ઉપાસના ન્યૂન ને ધર્મ સરસ હોય ને બેય ન્યૂન હોય એ ચાર પ્રકારના ભક્તની પ્રાપ્તિ કહો ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે ઉપાસના અને ધર્મ જો સંપૂર્ણ હોય તો તે અક્ષરધામને પામે ને ધર્મ ન્યૂન હોય તો પ્રકૃતિ પુરુષના ધામની પ્રાપ્તિ થાય ને ધર્મનિષ્ઠા અધિક હોય તો ઋષિના લોકની પ્રાપ્તિ થાય ને બેયમાં કસર હોય તો બ્રહ્માદિક ત્રણ દેવના ધામની પ્રાપ્તિ થાય. અને જો ઉપાસના તો હોય પણ અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે ભક્ત અક્ષરમાં લીન થાય છે. ॥ ૩૩૬ ॥

અને સ્વામીએ વાત કરી જે એક દિવસ અમે ત્રણ કે ચાર સંત બેઠા હતા તે સમે શ્રીજીએ વાત કરી જે ''સર્વે આવિર્ભાવ છે તે તો પુરુષોત્તમ નારાયણના અંશ અને કળા અવતાર કહેવાય છે માટે સેવકપણે વર્તે છે. ને ભગવાનના ધામમાં અનંત પ્રકારની વાર્તા સમજવાની છે ને જેને દર્શને મોટા મોટા પણ તણાયને આવે તે અવતારી કહેવાય. ત્યારે કોઈ કહેશે જે ''એવા અવતારી આવ્યા ને પૃથ્વી ઉપરથી સર્વે કુસંગને કેમ ટાળી ન નાખ્યો ?'' તો એ વાતનું એમ છે જે આ સમે ભગવાન અહિંસાધર્મ પરાયણ વર્તે છે માટે સહેજે ટળે એટલો ટાળે છે પણ બહુ આગ્રહ કરતા નથી. ॥ ૩૨૭ ॥

અને એક દિવસ સ્વામી ભગવાનની વાત કરતા હતા તે સાંભળવા ત્યાં મનોહરદાસ બેઠા હતા તેને તે વાત શ્રવણ કરતાં લક્ષ થઈ ગયો. તે જોઈ શાંતાનંદ સ્વામીએ કહ્યું જે ''આમને બહુ સુખ આવતું હશે ?'' ત્યારે સ્વામી કહે તમારે સમાધિ જોઈએ છીએ ? ત્યારે તે કહે ''મહારાજનું દર્શન થાય તે તો શ્રેષ્ઠ જ છે તો !'' ત્યારે સ્વામી કહે ઈન્દ્રિયોને વિષયમાંથી રેતી જેવી લુખી કરી નાખે ને જીવસત્તાને અક્ષર સાથે એકપણાને પમાડીને પોતે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કર્યા કરે. એમ જે વર્તવું તેને અમે સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ માનીએ છીએ. ॥ ૩૩૮ ॥

અને ચૈતન્યાનંદસ્વામી કહે કે એક દિવસ સ્વામીએ મારી આગળ એમ વાત કરી જે પોતાનો જેવો સ્વભાવ હોય તેવો સર્વનો કરવા ઈચ્છિયે તો તે કેમ થાય ? કારણ કે શરીરનાં બીબાં જુદાં જુદાં છે માટે ન થાય. ને તમોગુણ

ને રજોગુણના જે મલિન સંકલ્પ છે તે તો શમદમાદિકે કરીને તથા શ્રીજીમહારાજના ગુણ ચરિત્રના કીર્તને કરીને ટળે છે. ને વિષયની ઉત્પત્તિ તો વિષયમાંથી ને દેહાભિમાનમાંથી છે અને સૂક્ષ્મભાવ તથા સ્થૂળ ભાવને ઓળખવા. તે સૂક્ષ્મભાવ શું જે મુક્તાનંદસ્વામી જેવા સંત તે અનેક જીવનાં કલ્યાણ કરવાને અર્થે સર્વેના સરખા વર્તે છે ને પોતાને વિષે તો વૈરાગ્યાદિકનું બળ અપાર રહ્યું છે તો પણ એમ વર્તે એ સૂક્ષ્મભાવ કહેવાય ને સ્થૂળભાવ તો એ જે પોતાના અંતઃકરણમાં તો બળ અલ્પ હોય ને બાહેર બહુ જણાવે એ સ્થૂળભાવ કહેવાય. ॥ ૩૩૯ ॥

અને સ્વામીએ વાત કરી જે સર્વે પુસ્તકને અર્થે તથા ચરણારવિંદને અર્થે બહુ દાખડો કરે છે. એ સર્વે છે તો ખરું પણ મોટા પુરુષના સમાગમમાં રહીને ને ધન સ્ત્રી આદિક પદાર્થનો ત્યાગ કરીને શ્રીજીમહારાજની અનુવૃત્તિમાં રહીને પોતાનું ઉત્તમ કલ્યાણ કરવું એ શ્રેષ્ઠ સમક્ષણ છે. ને જે એવી બુદ્ધિનું ગ્રહણ નથી કરતા તેનાં પુસ્તકાદિક સર્વે પડ્યાં રહે છે ને પોતે સત્સંગ થકી પડી જાય છે. ॥ ૩૪૦ ॥

અને પૂછ્યું જે ''અમદાવાદના બીજા વચનામૃતમાં સત્તારૂપ થઈને માનસી પૂજા આદિક કરવાનું કહ્યું છે તે સત્તારૂપ કેમ થવાય ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પચવીશ સાધને જુક્ત જે વર્તતા હોય તે સત્તારૂપ કહેવાય. ॥ ૩૪૧ ॥

**ઈતિશ્રી સહજાનંદસ્વામી શિષ્યાગ્રગણ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી તેમણે કરેલી વાતો શ્રવણ કરીને ચૈતન્યાનંદમુનિયે લખી તેમાં ભગવાનનો મહિમા કહ્યો એ નામે પ્રથમ પ્રકરણ સમાપ્ત થયું.**

# પ્રકરણ બીજું

## ભગવાનનો નિશ્ચય સમજવાની રીત

ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને એમ સમજે છે જે, ભગવાનને કોઈ દોષ અડતો નથી. કેમ જે ભગવાન તો સર્વના કારણ છે. ને જીવની જે જે ક્રિયા પ્રવર્તે છે તે ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાયે કરીને પ્રવર્તે છે. પણ તે વિના તો જીવ કાંઈ કરવાને કે ભોગવવાને સમર્થ નથી. એમ સમજનારામાં એવા શો દોષ આવ્યો જે ઉત્તમ સવિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો તે કહીએ છીએ જે એમ સમજનારો અંતર્યામીપણે સર્વે ક્રિયાને ભગવાન કરે છે એમ સમજે છે તેમાં આ બે દોષ આવે છે જે સર્વ જીવપ્રાણીમાત્રને વિષે અંતર્યામીપણે તો મહાપુરુષ છે તે જેવા પુરુષોત્તમને જાણ્યા એક તો એ દોષ ને બીજો એ જે ભગવાન જે તે સર્વને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા થકા સર્વજીવ પ્રાણીમાત્રના જે વિષય તેને ભોગવે છે. પણ ભગવાનતો અતિ સમર્થ છે તેને કોઈ દોષ અડતો નથી પણ ભગવાનને એ વિષય ભોગવ્યા વિના ચાલતું નથી એમ ભગવાનને જાણે પણ એમ ન જાણે જે ભગવાન તો જે જે કાંઈ પદાર્થને તથા જે કાંઈ ગ્રહણ કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે એમ ન જાણે. ॥ ૧ ॥

અને કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને આકાશ જેવા જાણે છે. જેમ આકાશને ચાર ભૂતની ક્રિયા અડતી નથી તેમ ભગવાનને કોઈ દોષ અડતો નથી એમ સમજે પણ દેશકાળે કરીને કોઈક સમે વૈરાજ પુરુષની તથા સંકર્ષણની મોટપ કે ઐશ્વર્યને જોઈને તથા શાસ્ત્રમાંથી સાંભળીને એને એવો ઘાટ થાય જે ભગવાન આગળ એ પણ છે તથા તેમાં વિષયમાં કોઈ સમે રાગ જેવું જણાય પછી તે સંકલ્પને ટાળીને ખોટો કરી નાખે ને વળી કોઈ સમે એવો ઘાટ થાય તે માટે તેનો કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. ॥ ૨ ॥

અને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને બ્રહ્મરૂપ સમજે જે ભગવાન તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી અને વૈરાજ તથા મહાવિષ્ણુ આદિક જે કોટાનકોટી માયાને વિષે જોડાણા છે તે તો પોતાને રાગે કરીને જોડાણા છે પણ ભગવાન તો કોઈને માયાને વિષે કે વિષયને વિષે જોડતા નથી એમ સમજે માટે એને કોઈને વિષે ભાર ન આવે પણ મહાપુરુષની મોટપ જોઈને તથા સાંભળીને

તથા તેનાં ઐશ્વર્ય જોઈને કોઈક સમે એવો સંકલ્પ થાય તે ભગવાનને પણ આવી વિભૂતિઓ છે તથા તેના વિષયને વિષે રાગ જેવું જણાય તથા તે વિષયમાં સારપ્ય મનાય. પછી વળી તે સંકલ્પને ખોટા કરીને એમ સમજે જે મહાપુરુષ તથા બીજા જે જે માયાને વિષે જોડાયા છે તથા નિવૃત્તિધર્મને વિષે જોડાયા છે. તે પોતાને મોટપ્યનો રાગ છે તે માટે જોડાયા છે. પણ ભગવાન તો કોઈને કોઈ સંગાથે તથા મોટપ્યમાં તથા કોઈ વિષયમાં જોડતા નથી, ને જે જોડાય છે તે તો પોતાને રાગે કરીને જોડાય છે. એમ સમજીને તે સંકલ્પને ખોટો કરી નાખે તે માટે એનો મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. ॥ ૩ ॥

અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને એમ સમજે જે, મહારાજ તો કોઈને ક્યાંઈ જોડતા જ નથી. મહારાજ તો અક્ષરધામને વિષે પોતાના એકાંતિક ભક્તને નિરંતર દર્શન આપે છે, પણ પોતાને બીજા પાસે કાંઈ કરાવવું નથી ને જે મહાપુરુષ તથા જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને વિષે જોડાય છે તે તો પોતાને રાગે કરીને જોડાય છે તેને અક્ષરદ્વારે કરીને જોડે છે પણ પોતે તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી. તે ઉપર મહારાજે વાત કરી હતી જે પ્રથમ સૃષ્ટિ કરવાનો સમય થયો ત્યારે ભગવાને અક્ષર સામું જોયું ત્યારે અક્ષરમાં અનંતકોટી મુક્ત બેઠા હતા તેમાંથી જેને સદ્ આશય હતો એવો જે પુરુષ તે આગળ આવીને ઊભો રહ્યો તેને વૃત્તિએ કરીને માયાને વિષે જોડ્યો ત્યારે માયા થકી અનંતકોટિ મહાવિષ્ણુ થયા પછી એક એક મહાવિષ્ણુ થકી એક એક બ્રહ્માંડ ઉત્પન્ન થયું. એવી રીતે અનંતકોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થયાં. ત્યારે કેટલાકે તો એમ જાણ્યું જે એને રાગ હતો તે જોડાણો. ને કેટલાકે તો એમ જાણ્યું જે એને રાગ પણ હતો ને મહારાજે આજ્ઞા કરી એટલે માયા સાથે જોડાણો. ને કેટલાકે તો એમ જાણ્યું જે એને જોડાવું નહોતું પણ મહારાજે આજ્ઞા કરી તેથી માયા સાથે જોડાણો માટે એ બે કેડ્યેથી કહ્યા તેમણે એ કાચપ્ય ટાળી જોઈએ. એમ જે સમજે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. ॥ ૪ ॥

અને વ્યાસસૂત્રમાં એમ વાત છે જે, બીજા અવતાર થાય છે તે જ્યાંથી આવે છે ત્યાં પાછા જાય છે પણ અક્ષરધામને કોઈ પામતા નથી. ને જ્યારે પુરુષોત્તમ પોતે અક્ષરધામમાંથી આવે છે ત્યારે તે ભેળા બીજા અવતાર તથા મૂળપુરુષ તથા પ્રધાનપુરુષ તથા વૈરાજપુરુષ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇંદ્ર, વરુણ, કુબેર, સૂર્ય, ચંદ્રમા, યમરાજા આદિક અવતાર તથા ઐશ્વર્યાર્થી એ સર્વે

પૃથ્વી ઉપર દેહ ધારે છે ને પુરુષોત્તમના ભક્ત થાય છે. ત્યારે એ જેને ઉપદેશ કરે ને જે સત્સંગી થાય તથા ત્યાગી થાય ત્યારે એને મહારાજની સાથે હેત થાય તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જો ભક્તિ કરે તો તે સર્વે અક્ષરધામને પામે. પણ બીજા અવતારાદિક આંહી સાધુ તથા સત્સંગી તથા બ્રહ્મચારી રૂપે પુરુષોત્તમના આશ્રિત થયા હોય તે સાથે જે જોડાણો હોય તેને તેઓ પોતાને ત્યાં લઈ જાય છે. કેમ જે તે તો જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે ને અહીં આવે છે ત્યારે કાં તો એક દેહને ત્યાં મેલીને બીજે દેહે કરીને આવે છે તથા બીજાને પોતાની ગાદી સોંપીને આવે છે. ને અહીં આવીને પુરુષોત્તમની ઉપાસના દૃઢ કરીને પોતાની ખોટ્ય ટાળીને પછી પોતે જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે ને પોતાની આવરદામાં જેટલા વરસ બાકી રહ્યા હોય તેને પુરાં કરીને પછી ત્યાંથી અક્ષરધામમાં જાય છે. પણ તે આવરદાને ભોગવ્યા વિના પાધરા અહીંથી અક્ષરધામમાં ન જવાય. માટે જે મુમુક્ષુ હોય તેણે ભગવાનના જેવું હેત કોઈ મુક્ત કે સાધુને વિષે ન કરવું ને જો તેવું હેત તેને વિષે કરે તો તેણે પણ પોતાને વિષે જોડે માટે વિચારીને હેત કરવું. આ વાત અવશ્ય સમજવાની છે. ॥ ૫ ॥

અને જેમ સમુદ્રને વિષે જીવ રહે છે તે જે જે થકી મોટો હોય તે તે થકી બળે કરીને અધિક હોય. તેમ મુક્ત પણ જે જે થકી મોટા હોય તે તે થકી સામર્થ્ય, બળ તથા ઐશ્વર્યે કરીને અધિક હોય. ને દીવા થકી મહાતેજ પર્યંત જે ભેદ કહ્યા છે તે મુક્તના કહ્યા છે તેમાં જે વિજળી જેવા મુક્ત છે તે તો વિષયરૂપી મેઘમાં રહે તો પણ વિષય અને લોપી શકે નહિ પણ દેળકાળે કરીને ધન તથા સ્ત્રી તેને વિષે એને લોભ જેવું જણાય તથા અહંમમત્વ જેવું જણાય પણ મુકે ત્યારે ન સાંભરે. અને જે ચંદ્રમા જેવા મુક્ત છે તે તો જેમ ચંદ્રમા ઉગે ત્યારે રાત્રિનું અંધારું ન રહે પણ જ્યારે વાદળાં આડાં આવે ત્યારે તેનો પ્રકાશ ઢંકાઈ જાય પણ સુજે ખરું. તેમ તે મુક્તને ગમે તેવા વિષય પ્રાપ્ત થાય તો પણ તેમાં લેવાય નહિ પણ દેશકાળે કરીને કોઈ સમે રાગ જેવું જણાય પણ પછી તેની તુચ્છતા જણાઈ જાય. અને જે સૂર્ય જેવા મુક્ત છે તે તો જેમ સૂર્ય ઉગે ત્યારે રાત્રિ ન રહે પણ વાદળાં આડાં આવે ત્યારે પ્રકાશ ઢંકાઈ જાય પણ રાત્રિ ન કહેવાય. તેમ તેવા મુક્તને તો સુજે તેવા વિષય પ્રાપ્ત થાય તથા ગમે તેટલી મોટપ્ય મળે તો પણ તેમાં રાગ ન થાય તથા બંધાય

નહિ પણ કોઈક દેશકાળે કરીને સારપ્ય જેવું જણાય ને પછી વળી અસત્ય થઈ જાય. ને જે પ્રલયકાળના અગ્નિ જેવા મુક્ત છે તે તો જેમ પ્રલયકાળે પંચભૂત તથા દેહધારી માત્રનો નાશ કરીને એક પોતે અગ્નિ તથા વાયુ તથા આકાશ એ ત્રણ્ય રહે છે પણ બીજું કાંઈ નથી રહેતું તેમ તેવા મુક્તને તો એક પોતાના આત્મા તથા અક્ષર તથા પુરુષોત્તમ એ ત્રણ્ય વિના બીજું કાંઈ પંચવિષય કે લોકભોગ સંબંધી સુખ તે ટકી શકે નહિ. અને મહાતેજ જેવા જે મુક્ત છે તેને તો કાંઈ ટકી શકે નહિ. કેમ જે પ્રલયકાળનો જે અગ્નિ છે તેને વિષે તો રાખ પણ રહે છે ને મહાતેજને વિષે તો કાંઈ ટકે નહિ તેમ પ્રલયકાળના અગ્નિ જેવા જે મુક્ત છે તેને તો કાંઈક વિષયના આભાસ જેવું જણાય છે પણ જે મહાતેજ જેવા મુક્ત છે તેને તો જેમ મહાતેજના પ્રકાશમાં જીવ, માયા ને એશ્વર્યાર્થી એ સર્વે લીન થઈ જાય છે તેમ તેની દૃષ્ટિમાં માયાનું આવરણ કાંઈ ન રહે ને પુરુષોત્તમ તથા અક્ષરના મુક્ત તે વિના બીજું કાંઈ એની દૃષ્ટિમાં ન આવે. તેમાં સૂર્ય જેવા તો બદરિકાશ્રમના મુક્ત છે ને પ્રલયકાળના અગ્નિ જેવા તો શ્વેતદ્વીપના મુક્ત છે ને મહાતેજ જેવા તો અક્ષરના મુક્ત છે. અને એ જે ત્રણ પ્રકારના મુક્તના ભેદ કહ્યા તે આપણા સત્સંગમાં છે ને બીજા મુક્તના ભેદ કહ્યા તે પણ સત્સંગમાં છે એમ જાણવું. એવી રીતે મુક્તની તારતમ્યતા છે. તે આ વાતને પોતે વિચારે તો પોતે જેવો હોય તેમ માલુમ પડે. ॥ ૬ ॥

અને ચોખ્ખી ઉપાસના કરવી પણ તેમાં લોચો ન રાખવો ને જે ઉપાસનામાં ભેદ પડે છે તે પક્ષપાતે કરીને પડે છે. કેમ જે પોતાનો પક્ષ રાખ્યા સારું પોતાના જે સેવક હોય તેને કહે જે ‘‘લક્ષ્મીનારાયણ છે તથા નરનારાયણ છે તેજ મહારાજ છે’’ એમ સમજાવે ને પોતે તો જેમ સમજતા હોય તેમ સમજે માટે આપણે તો કોઈ અવતારને વિષે મોટપ્ય ન સમજવી. ને મહારાજ સર્વે અવતારના અવતારી પોતે એક જ છે. અને અવતાર માત્રના સ્વામી છે ને બીજા સર્વે અવતાર તો તેમના ભક્ત છે એમ સમજવું, ને બીજાને એમ સમજાવવું. તે કેમ જાણીયે તો એક વાર અમને મહારાજના ને શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયા ત્યારે શ્રી કૃષ્ણ મહારાજની સેવામાં દેખાણા. ને રામચંદ્રજીના તથા મહારાજના દર્શન થયા ત્યારે પણ રામચંદ્રજી મહારાજની સેવામાં દેખાણા. ને નરનારાયણના તથા મહારાજના દર્શન થયા ત્યારે પણ નરનારાયણ મહારાજની સેવામાં દેખાણા. ને મહારાજે

વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીશ અવતાર લીન કરી દેખાડ્યા ને પર્વતભાઈ પણ ચોવીશ અવતારને મહારાજની સ્તુતિ કરતા નિરંતર દેખતા. ને વળી એકને સમાધિ થઈ ત્યારે તેમણે એમ કહ્યું જે ''હું બ્રહ્મમોહોલને દરવાજે ગયો ત્યારે માંહીથી મહારાજે કહ્યું જે નરનારાયણને કહીએ જે એને માંહી આવવા દીયો.'' તથા એક વખત વિજ્ઞાનદાસજી અમારે દર્શને આવ્યા હતા. પછી તેણે કહ્યું જે ''મારે નરનારાયણનાં દર્શન કરવા જાવું છે'' ત્યારે અમે તેને કહ્યું જે સમાધિ કરીને મહારાજ પાસે જાઓ ત્યારે તે સમાધિ કરીને અક્ષરધામમાં ગયા તે સમે ત્યાં નરનારાયણ તો મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. પછી તેને મહારાજે આજ્ઞા કરી જે ''તમે બદરિકાશ્રમમાં જાઓ'' ત્યારે નરનારાયણ ત્યાંથી ચાલી નિસર્યા તે પોતાને સ્થાનકે ગયા. એવા એવા હજારું વાર ચમત્કાર મહારાજે જણાવ્યા છે ને હમણાં પણ જણાય છે. તેથી બીજા અવતાર જેવા આપણે મહારાજને કેમ સમજીએ ? માટે આપણે તો એમ ચોખ્ખી ઉપાસના સમજવી જે બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વેના અવતારી શ્રીજીમહારાજ છે ને એ સર્વે અવતાર મહારાજના ભક્ત છે એમ સમજવું ને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે પણ એ વિના બીજો કોઈ નથી. એ મોટા સંતનો સિદ્ધાંત છે. ॥ ૭ ॥

સ્વામીએ વાત કરી જે કળવું, કહેવું ને રહેવું. તે કળવું તે શું ? તો ભગવાનને કળવા. તે કેમ ? તો મહારાજનો ચમત્કાર જોવો ને શ્રીકૃષ્ણની સામર્થી જોવી ને રામચંદ્રની સામર્થી જોવી ને ઋષભદેવની સામર્થી જોવી ને કપિલ તથા દત્તાત્રેયની સામર્થી જોવી. ને પછી પૂર્વાપર વિચારીને જુવે ત્યારે બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સામર્થીમાં બહુ ફેર છે તે જ્યારે તપાસીને જુવે ત્યારે ખબર પડે. કેમ જે શ્રીકૃષ્ણભગવાને પોતાને વિષે બીજા અવતારને પૃથક, પૃથક દેખાડ્યા તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે ને મહારાજને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ તો મહારાજે પોતાને વિષે ચોવીશેય અવતારને પૃથક દેખાડ્યા ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજીમહારાજ છે. એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ છે એમ જે જાણવું તેને કળવું કહીએ. ને એવા જે મહારાજ તેના જે એકાંતિક મોટા સાધુ હોય તેને ઓળખવા ને તે સાથે હેત કરવું તેને કહેવું કહીએ. ને એવા

જે મોટા સાધુ તેની અનુવ્રતિ રાખવી તથા એમની સેવા કરવી, ને ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો ને માથા માટે સત્સંગનો પક્ષ રાખવો. એ આદિક જે જે એકાંતિક સાધુ કહે તેમ કરવું તેને કરવું કહીએ. ॥ ૮ ॥

અને મહારાજ તથા સાધુ તેડવા આવે ત્યારે કેના ભેગું જાવું ? કેમ જે મહારાજ એમ કહે કે ''તમારે આ સાથે હેત છે ને અમે આમ ફરીને આવીએ છીએ તે તમારી નજરમાં આવે તો અમ ભેળા આવો કે તે સાધુ ભેળા જાઓ'' ત્યારે કેના ભેગા જાવું ? વાસ્તે મહારાજના જેવું કોઈ મુક્તને વિષે હેત ન રાખવું. ને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેને તો એક ભગવાનને વિષે જ પ્રીતિ રાખવી. પણ બીજા કોઈ મુક્તને વિષે ન રાખવી. ને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે અતિ દૃઢ ન હોય તેણે તો કોઈ મોટા એકાંતિક સાધુ હોય તે સાથે હેત કરવું. ને સત્સંગીની સભા બેઠી હોય ત્યારે તો મહારાજની પાસે બેસવું તથા હેત પણ મહારાજ સાથે રાખવું પણ બીજા કોઈને વિષે હેત તથા સંગ તે મહારાજના જેવું ન રાખવું. ॥ ૯ ॥

અને મુક્તાનંદસ્વામી તથા બીજા સદ્‌ગુરુ બેઠા હોય ત્યારે તેમાં જે સરસ જણાય તે પાસે બેસવું. એવી રીતે સત્સંગ કરવામાં વિવેક તો રાખવો પણ એ વાત ભુલવી નહિ. ॥ ૧૦ ॥

અને જેને આત્મા તથા પરમાત્મા અખંડ દેખાતા હોય તેમણે પણ શબ્દાદિક પંચવિષયમાં ન લોભાવું અને જે પુરુષનાં ઈન્દ્રિયો શબ્દાદિક પંચવિષયમાં આસક્ત હોય તે ભગવાનના સુખને ક્યારેય ન પામે. ॥ ૧૧ ॥

અને રસના આદિક સર્વે ઈન્દ્રિયોને નિયમમાં રાખે ને રસે રહિત તથા માપે જુક્ત જમે. કહેતાં બે ભાગ અન્ને કરીને ને એક ભાગ જળે કરીને પુરે ને એક ભાગ ખાલી રાખે એવી રીતે સર્વે ઈન્દ્રિયોને નિયમમાં રાખે એવો જે પુરુષ તે કામે કરીને ક્યારેય પણ ન પડે. ॥ ૧૨ ॥

અને જે પુરુષમાં બે વાનાં હોય તે કીયાં તો એક તો જાણીને વીર્યપાત કરે તથા ધન રાખે. એવો જે પુરુષ તે સત્સંગમાંથી જરૂર પડી જાય. ॥ ૧૩ ॥

અને ત્યાગી થઈને ધન રાખે તે પુરુષને દિવસ દિવસ પ્રત્યે હજાર ગાયું માર્યાનું પાપ થાય. એમ સનાતન જે જુનિ શ્રુતિ તેમાં કહ્યું છે. ॥ ૧૪ ॥

અને સ્વભાવ ટાળવો તે સર્વથી કઠણ છે. તે તો અતિ કલ્યાણનો ખપ હોય, તથા દૃઢ શ્રદ્ધાવાળો હોય, તથા અતિ શુરવીર હોય તથા કોઈ એક કહેનારો

હોય તથા પોતે પણ નિરંતર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે. આ કહ્યા એ ઉપાય કરતાં કરતાં જો અતિશે ખપવાળો હોય તો સાત-આઠ વરસે કરીને સ્વભાવને ટાળે, નહિ તો ત્રણ જન્મે કરીને ટળે. તે માટે જેને પોતાનો સ્વભાવ ટાળવો હોય તેણે પ્રથમ તો મોટા સાધુ સાથે અતિશે હેત કરવું ને તે સાધુ નિરંતર કઠણ વચન કહેતા રહે તથા પોતે પણ નિરંતર તે સ્વભાવ ઉપર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો ધીરે ધીરે સ્વભાવ ટળે નહિ તો ન ટળે તે ઉપર બિલાડીનું દૃષ્ટાંત દીધું. ॥ ૧૫ ॥

અને જે માની હોય તેને કોઈક વખાણે ત્યારે ફુલી જાય ને પોતાને બરોબરિયા જે સાધુ હોય તેની કોઈ પૂજા કરે તથા વસ્ત્ર ઓઢાડે ઈત્યાદિક સન્માન કરે ને પોતાનું ન કરે ત્યારે તે લજામણીના ઝાડની પેઠે કરમાઈ જાય ને મુવા જેવો થઈ જાય. માટે વ્રત, તપ, ત્યાગ, જ્ઞાન, કથા, વાર્તા, ધ્યાન, ભક્તિ ઈત્યાદિક જે જે સાધન કરે છે તે માન વધે તે વાસ્તે કરે છે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે. ને માન તથા કામ એ બે દોષ તો જીવમાં રહ્યા છે તે ટળવા મહા કઠણ છે. તે એ બે દોષ તો ત્યારે ટળે જ્યારે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને પંચવિષય એ સર્વેનો વારંવાર નિષેધ કરે ને નિરંતર આત્મસત્તારૂપે વર્તે ત્યારે ટળે. તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ માન તથા કામ એ બે દોષ ન ટળે. ॥ ૧૬ ॥

અને વિષયમાં રાગ છે તે તો ત્યારે ટળે, જ્યારે ઈન્દ્રિયો અંતઃકરણ એ સર્વેનો નિષેધ કરીને આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિ ધારે તો ધીરે ધીરે એ રાગ ટળી જાય પણ તે વિના ન ટળે. તે ઉપર વિજ્ઞાનદાસજીની વાત કરી જે તે બહાર ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા ત્યારે તેને વિષયમાં રાગ હતો ને જ્યારે જીવમાં ધ્યાન કરવા માંડ્યું ત્યારે રાગમાત્ર ટળી ગયા. ॥ ૧૭ ॥

અને જગત તે શું તો, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે જગત છે. તેમાં પણ માન, સ્ત્રી અને ધન એ ત્રણ તો વિશેષે જગત છે. માટે ત્યાગીને તો બાળકની પેઠે કોઈ માન કરે તથા કોઈ અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે તે બેયને વિષે સમભાવ રહે તો જગતમાં ન લેવાણો ને જો હર્ષ શોકને પામે તો જગતમાં લેવાણો. તેમ જ ત્યાગીને ધન ને સ્ત્રી એ બે તો ન હોય પણ જો કોઈક ભગવાનના મંદિરને વિષે ધૂળ નાખીને ખાડા પુરે તથા પાણા ફેરવે તથા મંદિરમાં ગાર્ય કરે તથા સંતની સેવા કરે. ને કોઈક

તો રજોગુણી મનુષ્યને સત્સંગ કરાવીને ને તેને ઉપદેશ કરીને બે ત્રણ હજાર તથા ચાર હજાર રૂપિયા લાવે ત્યારે જો એ બેયની ઉપર સમભાવ રહે તો જાણવું જે એ જગતને વિષે ન લેવાણો. ને જો ભગવાનના મંદિરની સેવા કરે તેથી ધન લાવે તે ઉપર મનમાં બહુ રાજી થાય તો જાણવું જે એ જગતમાં લેવાણો. માટે ત્યાગીને તો કોઈ ભગવાનના મંદિરને વિષે ગાર્ય કરે તથા જગ્યામાં ખાડા પુરે તથા પાણા ફેરવે તથા કોઈ રૂપિયા લાવે તે બેયને વિષે સમભાવ રાખવો ને જો એમ ન કરે ને અધિક ન્યૂનભાવ રખાય તો જાણવું જે એ જગતમાં લેવાણો. ॥ ૧૮ ॥

અને માવેભક્તે કહ્યું જે ''ત્યાગીને સ્ત્રી અને ધન એ બે નથી જણાતાં પણ દેહ અને સ્વભાવ એ બે તો જણાય છે.'' ત્યારે સ્વામીએ કહ્યું જે દેહમાં ધન રહ્યું છે ને સ્વભાવમાં સ્ત્રી રહી છે. તે કેમ રહી છે ? તો ઉપરથી તો ત્યાગ કરીને બેઠો છે પણ જો દેળકાળે કરીને સ્ત્રીનો જોગ થાય ત્યારે તેને ભોગવવાની આસક્તિ થાય તથા ભોગવે, તે માટે સ્ત્રી તે સ્વભાવમાં રહી છે. ને દેહમાં ધન તો એમ છે જે દેહમાં મંદવાડ થાય તથા કોઈક જાતનો સ્વભાવ પડે તથા વસ્ત્રાદિક પદાર્થ જોઈએ ત્યારે ધનમાં આસક્તિ થાય તે માટે ધન તે દેહમાં છે. ને સ્વભાવમાં સ્ત્રી તો આમ રહી છે જે જુઓ, ચ્યવનઋષિ એવા સમર્થ હતા તે બીજાના દેહની નાડીયુંને બંધ કરે તો પણ સ્ત્રી પરણ્યા ને સૌભરીઋષિએ પણ સાઠ્ય હજાર વર્ષ પર્યંત તપ કર્યું હતું તો પણ તે સ્ત્રી પરણ્યા માટે સ્ત્રી તો સ્વભાવમાં રહી છે. ને આપણે અહીં સ્ત્રીનો સંકલ્પ થાય તો ઉપવાસ કરે ત્યારે દોષ ટળે ને દેહે કરીને જો સ્ત્રીનો સંગ થાય તો સત્સંગમાં ન રખાય. પણ સંકલ્પે કરીને સત્સંગમાંથી ન કઢાય. ને બદરિકાશ્રમમાં સંકલ્પ થાય તો ત્યાંથી દેવલોકમાં કાઢે ને ત્યાં સ્ત્રી ભોગવીને પછી તે સ્ત્રીનો ત્યાગ કરીને સ્ત્રીનો પોતાના જીવમાંથી રાગ ટાળીને ત્યાં જાય ત્યારે રાખે. ને શ્વેતદ્વીપમાં તો સ્ત્રીનો અવ્યક્ત રાગ લગારેક થાય ત્યારે ત્યાંથી બદરિકાશ્રમમાં કાઢી મુકે. તે માટે બદરિકાશ્રમવાળાને શ્વેતદ્વીપવાળા જેવું થાવું છે ને શ્વેતદ્વીપવાળાને અક્ષરના મુક્ત જેવું થાવું છે. ને શ્વેતદ્વીપમાં ભગવાન પાંચ વખત દર્શન દીયે છે ને ત્યાંથી અક્ષરધામમાં જાવું હોય તો જાય ને ત્યાં દર્શન કરીને પાછા શ્વેતદ્વીપમાં આવે પણ ત્યાં રહેવાય નહિ. ને શ્વેતદ્વીપવાળાને વૈરાજની મોટપ્ય જોઈને તથા મહાવિષ્ણુની મોટપ્ય જોઈને તેમાં મોહ ન થાય.

પણ દેશકાળે કરીને કોઈક સમે રાગ જેવું જણાય ને પછી તે સંકલ્પને ખોટો કરી નાખે. ને અક્ષરના મુક્તને તો સૂજે તેટલી સ્ત્રીનો જોગ થાય તથા કોઈક મહાપુરુષના જેવો અધિકાર આવે તથા દેશકાળ વિષમ થાય તો પણ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે ને તેમાં બંધાય નહિ ને તે વિષય એને કાંઈ બાધ ન કરે ને આજ્ઞા પ્રમાણે રહેવા દીયે. માટે જે અક્ષરભાવને પામ્યો હોય તેને સુજે તેટલો વિષયનો જોગ થાય તથા માન થાય ને પોતે સુજે તેટલી પ્રવૃત્તિમાં જોડાણો હોય તો પણ તેમાં બંધાય નહિ તથા તેમાં હર્ષશોકને ન પામે. તે માટે જે શુદ્ધ અક્ષરભાવને પામ્યો હોય તે પુરુષોત્તમની સેવાનો અધિકારી થયો. ને ભગવાન જેમ કાળ, કર્મ, માયા અને આવરણે રહિત છે તેવો તેને પણ કરે છે. ને અખંડ પોતાની સેવામાં રાખે છે. તે માટે એવા સાધુ થાવું તે સૌથી અતિ કઠણ છે. ને જે એવો સાધુ થયો તેને ને ભગવાનને અંતરાય નથી રહેતો. તે જ્યારે સાધુની સભા થઈ ત્યારે સનકાદિકનું પ્રમાણ ન થયું. કેમ જે તેને ક્રોધ થયો. ત્યાં તો નરનારાયણ ઋષિનું પ્રમાણ થયું કેમ જે તેને ક્રોધ ન ઉપજ્યો તો કામ તો ક્યાંથી જ ઉપજે. તે ઉપર ઈન્દ્રનું આખ્યાન કહી દેખાડ્યું ને કહ્યું જે તે માટે એવા સાધુ થાવું. ને સ્વભાવમાત્રને ટાળીને જ્યારે શુદ્ધ અક્ષરભાવને પામે ત્યારે ભગવાનની સેવામાં રહેવાય. ને જો આંહી લગારેક વચન લોપ્યું હોય તો ત્યાં બહુ અપમાન થાય. તે ઉપર શાહુકારની શાહુકારીનું દૃષ્ટાંત દીધું. ॥ ૧૯ ॥

અને જ્ઞાનની પક્વતા ન હોય તો પોતાને બંધન થાય તથા પોતાના આશ્રિતને બંધન થાય તેની આગળથી ખબર ન પડે. ને જ્ઞાનની પક્વતા કાળે કરીને ધીરે ધીરે થાય છે. ॥ ૨૦ ॥

અને અતિશે દીન થાય તો પણ દેહભાવ રહે છે ને અતિશે આકરાઈ કરે તો પણ દેહભાવ રહે છે તે માટે એ બેયને મુકીને કેવળ સત્તારૂપે વર્તે તો તેમાં કોઈ રીત્યે કરીને ખોટ્ય ન રહે. ॥ ૨૧ ॥

અને મહારાજ આજ્ઞા કરે જે ''તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવનાં કલ્યાણ કરી આવો'' ત્યારે એવે ઠેકાણે દેહ ધરવો જે ગરીબ બ્રાહ્મણ હોય ને માગીને પેટ ભરતો હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય તેને ઘેર દેહ ધરવો તે કન્યા પણ ન મળે એટલે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય. ને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથી જ એવા

માર્ગમાં ચડાવી દીયે જે માન મોટપ્ય, સ્ત્રી ધન અને લોકની આબરું તથા પોતાનાં જે સંબંધી તેમાં સ્નેહ થાય પછી તે મુકીને નિકળાય નહિ તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી વિચારી તપાસ કરીને દેહ ધરવો એ વાત અવશ્ય સમજવાની છે. ॥ ૨૨ ॥

અને ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે ''દેશકાળાદિકે કરીને એક નિર્ધાર રહે એમ જણાતું નથી. માટે કેમ કરે તો મતિ ન ફરે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ તો એક ભગવાનને વિષે મોટપ સમજે પણ બીજા કોઈનો ભાર ન આવે ને સત્સંગનો વધારો થાય તથા ઘટી જાય તો પણ એમ સમજે જે ભગવાન મળ્યા છે તે તો ક્યાંઈ જાતા રહે એમ નથી તથા કોઈ લઈલે એમ પણ નથી. ને જો સત્સંગનો વધારો થાશે ને લોક બહુ માનશે તો સામો ભગવાનને ભજનાં એટલો વિક્ષેપ થાશે. ને જો રજોગુણી મનુષ્ય સત્સંગી થાશે ને બહુ માનશે તો સામા આપણને પણ રજોગુણી કરશે માટે એમ ચોખ્ખું સમજે જે ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે. એમ સમજે તો કોઈ રીતે મતિ ન ફરે. ॥ ૨૩ ॥

અને પંચ ઈન્દ્રિયોયે કરીને જે જે ક્રિયા કરે તે કર્મયોગ કહેવાય. ને ભગવાન સંબંધી જે જે ક્રિયા કરે તે ભક્તિયોગ કહેવાય ને આત્મામાં તથા પરમાત્મામાં મન અખંડ રહે ત્યારે સાંખ્યયોગ કહેવાય. ॥ ૨૪ ॥

અને માવેભક્તે પૂછ્યું જે ''કરી રહ્યા તે કેમ જણાય ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે આત્મામાં પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું એમ જાણવું. ॥ ૨૫ ॥

અને પૂછ્યું જે ''ગુણની પ્રવૃત્તિ તો રજોગુણ, તમોગુણ ને સત્વગુણે કરીને છે તે કેમ ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જ્યારે સત્વગુણ વર્તે ત્યારે શમદમાદિક ધર્મસર્ગ વર્તે ને રજોગુણ વર્તે ત્યારે અનેક પ્રકારના સંકલ્પ થાય ને તમોગુણ વર્તે ત્યારે ચાર દોષ વર્તે. તે કીયા તો એક તો પ્રમાદ, બીજો મોહ, ત્રીજો આળસ અને ચોથી નિદ્રા. હવે તેને જીતવાના ઉપાય કહીએ છીએ જે પ્રમાદ તો જો શુદ્ધ જ્ઞાન થાય તો ટળે ને મોહ તો ત્યારે ટળે જે જ્યારે શુદ્ધ જ્ઞાન થાય ને જાણપણું નિરંતર રહે ત્યારે. ને આળસ તો અમ ટળે જે જ્યારે આળસ આવે ત્યારે ભગવાનનું માહાત્મ્ય જાણીને ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે તો. ને નિદ્રા તો ત્યારે ટળે જે જ્યારે નિદ્રા આવે ત્યારે ઊભા થાવું તથા કીર્તન ગાવાં તથા કથા વાંચવી ને સાંભળવી એ આદિક ક્રિયા કરે ત્યારે નિદ્રા જીતાય. એમ

એ ચાર ઉપાય સિદ્ધ કરે ત્યારે તમોગુણ જીતાય. ને મલિનસત્વે કરીને રજોગુણને જીતે ને શુદ્ધસત્વે કરીને મલિનસત્વને જીતે ને શુદ્ધસત્વને ભગવાનની મૂર્તિનું ધ્યાન ને ઉપશમ તેણે કરીને જીતે ત્યારે સિદ્ધ થયો કહેવાય. ॥ ૨૬ ॥

પછી સંતે પૂછ્યું જે ‘‘ભગવાનનો અખંડ સંબંધ થયો તે કેમ જાણવો ? ત્યારે સ્વામીએ કહ્યું જે ભગવાનનો સંબંધ તો તેને કહીએ જે જેમાં અંતરાય ન રહે. ને ભગવાનને સર્વોપરિ સમજે. ને ભગવાન જે જે વચન કહે તે સત્ય માને. ને જ્યાં મુકે ત્યાં રાજી થકો જાય પણ મુંઝાય નહિ. તથા કોઈ વિષયને વિષે બંધાય નહિ ને તે વિષયને વિષે રાગ પણ ન થાય. ને નિરંતર વિષયને વિષે દોષને દેખે. એમ વર્તે ત્યારે જાણીયે જે તેને ભગવાનનો સંબંધ અખંડ થયો છે. ॥ ૨૭ ॥

એક તો ત્યાગીને ત્યાગીનો ધર્મ દૃઢ પાળવો ને ગૃહસ્થને ગૃહસ્થનો ધર્મ પાળવો ને શ્વેતતેજને વિષે ભગવાન સદાય મૂર્તિમાન બિરાજમાન છે એમ જાણીને તે ભગવાનની ભક્તિ કરતો હોય ને પોતાને ને અક્ષરને એક કરીને ભગવાન વિના બીજે એક અણુંમાત્ર પણ પ્રીતિ રાખતો ન હોય એવી રીતનો પોતે થયો હોય તો પણ તેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યાને અર્થે એકાંતિક સાધુનો મન કર્મ વચને કરીને સંગ નિરંતર રાખવો. ॥ ૨૮ ॥

અને દેહ છે તે સ્ત્રી છે ને સંકલ્પ થાય છે તે દીકરા થાય છે તે જ્યારે દેહને સાંખ્યવિચારે કરીને ખોટો કરીને તેથી નોખો સત્તારૂપે વર્તે ત્યારે સ્ત્રીનો ત્યાગ કર્યો કહેવાય. ને સંકલ્પને ખોટા કરીને અખંડ ભગવાનની મૂર્તિને સંભારે ત્યારે દીકરાનો ત્યાગ કર્યો કહેવાય નહિ તો સ્ત્રી ને દીકરારૂપે દેહ ને સંકલ્પ વળગ્યા છે એમ જાણવું. માટે દેહાભિમાનનો ને સંકલ્પનો ત્યાગ કરીને કેવળ સત્તારૂપે નિરંતર વર્તે ત્યારે સ્ત્રીનો ને દીકરાનો ત્યાગ કર્યો કહેવાય. આ વાત અવશ્ય સમજવાની છે ને સમજીને એમ વર્તવું. ॥ ૨૯ ॥

અને ભગવાનનું ધ્યાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા ભક્તિ કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા જ્ઞાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા વૈરાગ્ય રાખે તે પણ દેખાડ્યાને અર્થે રાખે તથા ધર્મ પાળે તે પણ દેખાડ્યાને અર્થે પાળે તથા સેવા કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે તથા કથા વાર્તા વગેરે જે જે ક્રિયા કરે તે લોક જાણે તથા પોતાની મોટપ વધે તથા માન વધે તેને અર્થે તથા દેખાડ્યાને અર્થે ઉપરથી કરે તેને કનિષ્ઠ ભક્ત જાણવો અને જે દેખાડ્યાને

અર્થે તથા ભગવાન પ્રસન્ન થાય એ બેયને અર્થે કરે તેને મધ્યમ કહીએ ને જે ધર્મ પાળે તથા તપ કરે તથા ત્યાગ કરે તથા જ્ઞાન કરે તથા વૈરાગ્ય રાખે તથા ભક્તિ કરે તથા ભગવાનમાં હેત કરે તથા સેવા કરે તથા ધ્યાન કરે તથા કથા વાર્તા કીર્તન વગેરે જે જે કરે તે કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે ને ભગવાનને અર્પણ કરે પણ લોક વખાણે તથા માન આપે તથા અપમાન કરે તથા તિરસ્કાર કરે તો પણ હર્ષ શોકને ન પામે ને માન કરે તેમાં રાજી ન થાય ને તિરસ્કાર કરે તેમાં શોક ન કરે પણ રાજી રહે ને જે જે કરે તે ભગવાનને અર્પણ કરે એવો જે હોય તેને ઉત્તમ ભક્ત જાણવો. તે સારું જે જે કરવું તે ભગવાનને રાજી કર્યા ને અર્થે કરવું પણ કોઈક વખાણે તે સારું ન કરવું. ॥ ૩૦ ॥

અને જોગી એવો જે પુરુષ તેને કામ જે તે ભયાનક છે કહેતાં દાવાનળની પેઠે બાળે છે. તે કામ તે શું ? તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચ વિષય તેની જે ઈચ્છા વર્તે તે કામ છે ને તે જીતવો અતિ દુર્જય છે. તે જો દેહને બળહીન કરે તો ઈન્દ્રિયોમાં રાગ રહે ને દેહ તથા ઈન્દ્રિયો એ બેયને બળહીન કરે તો મનમાં રાગ રહે છે. ને મનના સંકલ્પ બંધ કરે તો બુદ્ધિમાં કામ રહે છે તે માટે કામ તો બુદ્ધિ થકી પર એવો ને અનાદિ અજ્ઞાનરૂપ જે કારણ શરીર તેણે જુક્ત એવો જે જીવ તેને વિષે છે માટે કામ જીતવો અતિ દુર્જય છે. ॥ ૩૧ ॥

અને પ્રકૃતિયે જુક્ત એવો જે પુરુષ તે જે તે કર્મયોગ કરે. તે કર્મયોગ શું ? તો ભગવાનની શ્રવણકીર્તનાદિક જે જે ભગવાનને અર્થે ક્રિયા કરવી તે ક્રિયાયોગ અને તે ક્રિયા કરતાં જે સુખ-દુઃખ આવે તેનું સહન કરવું તે જ્ઞાનયોગ, અને તે જ્ઞાનયોગ, ક્રિયાયોગને વિષે મળ્યો એવો જે કર્મયોગ તેને પ્રકૃતિયે જુક્ત એવો જે પુરુષ તે જેતે કરે અને એવો જે કર્મયોગ તે તો જ્ઞાનયોગનો અધિકારી હોય તેણે પણ કરવો. તો કર્મયોગના અધિકારીયે તો જરૂર કરવો. ને જે આત્માને ને પરમાત્માને સાક્ષાત્કાર દેખતો હોય તે ન કરે તો બાધ નહિ. પણ તેણેય કર્મયોગ કરવો તો જોઈએ. કેમજે તે જો કર્મયોગ કરે તો તેને દેખીને બીજા પણ ક્રિયાયોગમાં પ્રવર્તે. ॥ ૩૨ ॥

અને જે નવ વાનાં રાખે તેને કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે. તે નવ વાનાં કીયા જે, એક તો કોઈ રીતે ફરે નહિ એવી ભગવાનની દૃઢ ઉપાસના કરવી ॥ અને બીજું ભગવાનના જે જે નિયમ છે તેમાં દૃઢપણે રહેવું પણ કોઈ રીતે નિયમનો ભંગ ન કરવો ॥ અને ત્રીજું શુભ દેશ સેવવો પણ અશુભ દેશ

ન સેવવો ॥ અને ચોથો શુભ કાળ સેવવો પણ ભૂંડો કાળ ન સેવવો ॥ અને પાંચમો સત્પુરુષનો સંગ, મન કર્મ વચને કરવો પણ તે સત્પુરુષનો સંગ કરતાં જો કોઈક સ્વભાવ આડો આવે તો તે સ્વભાવનો ત્યાગ કરવો પણ સત્પુરુષના સંગનો ત્યાગ ન કરવો. ॥ અને છઠ્ઠી તે પોતાને ઉત્તમ શ્રદ્ધા રાખવી પણ તેમાં પ્રમાદ ન રાખવો. । અને સાતમો આચાર્યજીનો તથા સાધુનો તથા બ્રહ્મચારીને તથા પાળાનો તથા સત્સંગીનો ઇત્યાદિક કોઈ ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો. ॥ અને આઠમું દેહાભિમાનનો ત્યાગ કરવો. ॥ અને નવમું તે કોઈ મંડળના તથા મંદિરના થઈને રહેવું પણ અધરીયા ન રહેવું. ॥ આ નવ વાનામાંથી જો એકેય ન હોય તો તેને સત્સંગમાં જરૂર વિઘ્ન પડે. માટે જેને પોતાનો સત્સંગ નિર્વિઘ્ન રાખવો હોય તેણે આ નવ વાનાં અતિશે દૃઢ કરીને રાખવાં. ॥ ૩૩ ॥

અને જીવમાં પંચ વિષયરૂપી રાગ રહ્યો છે તે ક્યારે ટળે ? તો જ્યારે આત્મસત્તારૂપ થઈને વારંવાર પ્રતિલોમ દૃષ્ટિ કરે તથા ભગવાનની મૂર્તિને વારંવાર ધારે તે કેમ ધારે ? તો, જાણીયે આગળ ભગવાન ચાલ્યા આવે છે તે ભગવાનની મૂર્તિને ત્વચાયે કરીને સ્પર્શ કરે તે કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરતો જાય ને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે. પછી એમને એમ ધારતે ધારતે જ્યારે દેહના ભાવ ખોટા થઈને કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે. પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પેરીને આગળ સામા ચાલ્યા આવે છે. પછી તે ભગવાનનાં નેત્રે કરીને દર્શન કરતે કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતા જાવું ને દેહના તથા ઇન્દ્રિયુંના ભાવને ખોટા કરતા જાવું. પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ આકાર ન રહે ત્યારે વળી તે ભગવાનની મૂર્તિને બહાર લાવે. પછી જાણીયે ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે. પછી શ્રવણ ઇન્દ્રિયની વૃત્તિ દ્વારા મૂર્તિને જીવમાં ઉતારતા જાવું ને દેહ ઇન્દ્રિયુંના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે પછી જાણીયે ભારે ભારે અત્તર ચંદનાદિકની સુગંધીયે જુક્ત થકા ચાલ્યા આવે છે. પછી નાસિકા ઇન્દ્રિય દ્વારા ભગવાનનો સુગંધ લેતા જાવું ને દેહ ઇન્દ્રિયું તથા અંતઃકરણના ભાવને ખોટા કરતા જાવું. પછી જ્યારે માયાના ભાવ માત્ર ટળી જાય ને સત્તામાત્ર જે જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ રહે પણ બીજો કોઈ પંચવિષય સંબંધી ઘાટ ન થાય ત્યારે તે જે કેવળ જીવાત્મા તેમાં

ભગવાનની મૂર્તિને જોઈ રહેવું. પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તેજ અક્ષરબ્રહ્મ છે કેમ જે અક્ષરમાં પણ પુરુષોત્તમ ભગવાન રહ્યા છે તેના તેજ મારા જીવાત્માને વિષે રહ્યા છે. એમને એમ પંચ ઈન્દ્રિયું તથા ચાર અંતઃકરણ સંબંધી જે ભાવ તેને ખોટા કરતા જાવું. એમ વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે ત્યારે જીવમાં રાગ રહ્યા છે તે ટળે પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ જે જીવમાં રાગ છે તે ન ટળે. ને સમાધિનિષ્ઠ હોય તથા જ્ઞાની હોય તથા વિચારવાન હોય તો પણ જીવમાંથી રાગ ન ટળે. જીવમાંથી તો જ્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને જોઈ રહે તો જીવમાં પંચવિષયની વાસના છે તે ટળે ને આ ધ્યાનનો ઉપાય કીધો એમ કરે તો જીવમાંથી રાગ ટળે માટે લીંગદેહ ટાળ્યાનો એ જ ઉપાય છે. ॥ ૩૪ ॥

અને આત્મનિષ્ઠાની તો એમ રીત છે જે આપણામાં જે ત્યાગી ખરેખરા છે તે આત્મનિષ્ઠાયે કરીને દેહસંબંધી પદાર્થ તથા દેહના સંબંધી એ સર્વેને નાશવંત જાણીને એનો અતિશે નિષેધ કરે તથા પોતાને વશમાં લાગે એવાં વચન કહે તથા પોતાના સંબંધીનું કોઈક ખોદે તો પણ તેનો અવગુણ ન આવે. શા માટે જે એણે આગળથી જ એવો નિરધાર કરી રાખ્યો છે જે આ દેહને દેહનાં સંબંધી તો જેવાં પૂર્વ જન્મનાં છે તેવાં જ છે. માટે તેણે કરીને મનમાં હર્ષ શોક ન કરે તથા મનમાં પણ વશમું ન લાગે પણ દેહે કરીને ગૃહસ્થની પેઠે ટાઢ્ય તડકો તથા ભુખ તરશ તે ખમાય નહિ. શા માટે તો એનો અભ્યાસ નથી કર્યો ને ગૃહસ્થે તો તેનો અભ્યાસ કરી રાખ્યો છે માટે દેહના કષ્ટને ખમે છે. પણ જો કોઈક દેહ ને દેહના સંબંધીનું ખોદે તો મુવાથી પણ વધું વશમું લાગે ॥ ૩૫ ॥

અને વળી એકાંતિકધર્મને વિષે વર્તાવવું તે તો પંડે ભગવાન હોય તો વરતાવે તથા તે ભગવાનના એકાંતિક સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિયે જુક્ત હોય તથા ભગવાનની મરજી જાણીને તે ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય તથા પોતે ઐશ્વર્યે કરીને સર્વેને દાબે એવા સમર્થ હોય તે પણ એકાંતિક ધર્મને વિષે વરતાવે પણ તે વિના બીજો તો એમ મનમાં જાણે જે ''હું પણ બીજાને એકાંતિકધર્મને વિષે વરતાવીશ'' એમ જાણીને વરતાવવા જાય તો પોતે પણ જે જે ક્રિયા કરે તેમાં મમતે કરીને બંધાઈ જાય માટે જ્યારે ભગવાનનું તથા એકાંતિક સાધુનું પરોક્ષપણું હોય ત્યારે તો એમ રહેવું

જે પોતપોતાના અંગમાં મળતા આવે એવા દશ હોય તો દશેયને ભેગા થાવું ને પાંચ તથા ચાર તથા બે હોય તો એકસરખા અંગવાળા બેયે ભેગા થાવું ને આચાર્યમહારાજની તથા ભગવાનની સેવા કરવી ને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું ને પોતપોતાને ગમતું કહેવું જે ''મારે આજ્ઞામાં ફેર પડે તો તમારે ટોકવું ને તમારે ફેર પડે તો મારે ટોકવું.'' એમ બેયને એક એકની ખોટ્ય કહેવી. પછી તે દોષ પોતાની બુદ્ધિયે કરી તેને તપાસીને તેનો ત્યાગ કરવો. એવી રીતે વરતે તો વિષમ દેશકાળાદિકમાં પણ એકાંતિક ધર્મને વિષે વરતાય પણ તે વિના વિષમ દેશકાળાદિકમાં એકાંતિકધર્મને વિષે રહેવાનો બીજો ઉપાય નથી. ।। ૩૬ ।।

અને સપ્ત પ્રકારના મુક્તનાં લક્ષણ કહીએ છીએ. તેમાં જે આલોકનો મુક્ત હોય તેને એમ ઓળખવો જે, તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા માન વધે એવી ક્રિયા કરે તથા તપ કરવું તથા ધર્મ પાળવો તથા જ્ઞાન શિખવું તથા વૈરાગ્ય શિખવો તથા સત્સંગ કરાવવો તથા વાર્તા કરવી વગેરે જે જે ક્રિયા કરે તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા કીર્તન થાય તેને અર્થે ને પોતાની મોટપ વધારવાને અર્થે કરે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે. જે હું આવી રીતે ધર્માદિકને દ્રઢપણે પાળીશ તો ભગવાનનો મારી ઉપર રાજીપો થાશે ઈત્યાદિક ભગવત્પ્રસન્નતા વિના કેવળ આલોકની વિખ્યાતિને અર્થે કરે. આવી રીતનાં લક્ષણ-જેને વિષે જણાય ને તે પ્રગટ ભગવાનનો ઉપાસક હોય તો પણ તેને એમ જાણવો જે એ આ લોકનો મુક્ત છે. અને દેવલોકના મુક્તને એમ ઓળખવો જે તેને એવી ક્રિયા ગમે જે સારા રમણિક પદાર્થ ભોગવવા તથા વાજિંત્ર વગાડવાં ને ગાવણું શિખવું તથા ગવરાવીને સાંભળવું તથા ભારે ભારે કાવ્યો બાંધવી તથા ભારે રાગવાળા શ્લોક બાંધવા તથા સૂક્ષ્મ વસ્ત્ર રાખવા તથા છોકરાની અને બરોબરીયાની સોબત રાખવી તથા રજોગુણી મનુષ્યમાં માગ કરીને તે સાથે હેત કરવું ઈત્યાદિક જે ક્રિયા તેનું મુખ્યપણું હોય ને ભગવાનનું ગૌણપણું હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને જાણવો જે આ દેવલોકનો મુક્ત છે. ।। અને વૈકુંઠના મુક્તને એમ ઓળખવો જે કેવળ ધર્મ પાળવો તે ઉપર જ તેની દ્રષ્ટિ હોય ને જો તેને ભગવાન કહે જે ''તમે એ ધર્મને મોળો પાડીને ભગવાનનું વચન મનાય નહિ. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે જાણવું જે આ વૈકુંઠનો મુક્ત છે ।। અને ગોલોકના મુક્તને એમ ઓળખવો જે તેને એવી જાતની ઈચ્છા હોય જે ભગવાનની ભક્તિ કરવી તથા ભગવાનને થાળ ધરવા તથા

ભગવાનને અર્થે ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં કરાવવાં તથા ભગવાનના મંદિર કરાવવા તથા ભગવાનને અર્થે ભારે ભારે બાગબગીચા કરાવવા તથા ફરીને ગાવું ઇત્યાદિક ક્રિયાયે કરીને ભગવાનની ભક્તિ કરે ને જો એનું ભગવાન ખંડન કરીને એમ કહે જે ''તમારે હવે એ ક્રિયા ન કરવી ને આ અમે કહીએ છૈયે એમ કરો'' ત્યારે તે ભગવાનના વચન પણ મનાય નહિ ને તે ભગવાનના વચનનો ત્યાગ કરે પણ પોતાના અંગને ઘસારો ન લગાડે એવાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ ગોલોકનો મુક્ત છે ॥ અને બદરિકાશ્રમના મુક્તને એમ ઓળખવો જે તેને કેવળ તપ કરવાને વિષે રુચિ હોય પણ તે તપને ઘસારો આવે એવી કોઈક ક્રિયા હોય ને તે તપને મોળું પાડીને પંડે ભગવાન કહે જે ''આ પ્રવૃત્તિની ક્રિયા કરો'' ત્યારે તે ભગવાનનું વચન પણ જો પોતાના અંગને ઘસારો આવે તો પોતાનું તપનું અંગ હોય તે રાખે પણ ભગવાનનું વચન મનાય નહિ એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ મુક્ત બદરિકાશ્રમનો છે ॥ અને શ્વેતદ્વીપના મુક્તને એમ ઓળખવો જે તેને દેહ, ઇન્દ્રિયો તથા અંતઃકરણ થકી પ્રતિલોમપણે વરતવું તથા મનમાં કોઈ વિષયના ઘાટ સંકલ્પ તથા કોઈ માયિક પદાર્થના ઘાટ સંકલ્પ ન થાવા દેવા તથા મનમાં સંકલ્પ થાય તેને જીતવા સારું નિરંતર જાણપણામાં વૃત્તિ રાખે ને જો તે પોતાના અંગને મુકાવીને ભગવાન કહે જે ''આ પ્રવૃત્તિની ક્રિયા કરો'' ત્યારે તે પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને ને જો પોતાના અંગને ઘસારો આવતો હોય તો તે વચનને મુકે પણ પોતાના અંગને મોળું ન પાડે. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે તેને એમ જાણવું જે આ મુક્ત શ્વેતદ્વીપનો છે ॥ હવે અક્ષરના મુક્તને એમ ઓળખવો જે સાધારણપણે તો પોતાને વિષે અતિ દૃઢ ધર્મ હોય તથા ભગવાનના માહાત્મ્યે સહિત અતિ પરિપક્વ જ્ઞાન હોય તથા અતિદૃઢ વૈરાગ્ય હોય તથા ભગવાનના માહાત્મ્યે સહિત એકાંતિકી ભક્તિ પોતે કરતો હોય ને જો તેને પ્રગટ ભગવાન એમ આજ્ઞા કરે જે ''તમે ધર્મ તથા જ્ઞાન તથા વૈરાગ્ય તથા ભક્તિ ઇત્યાદિક જે સાધન તેને મોળાં પાડીને આ અમે કહીએ છીએ એમ કરો'' ત્યારે તે જેમ ભગવાન આજ્ઞા કરે એમ જ વર્તે ને વળી એમ કહે જે ''હે મહારાજ જેમ તમે કહેશો તેમ જ હું કરીશ'' એમ કહીને તે ભગવાનના વચનને ઉત્સાહે સહિત થકો પાળે પણ તેમાં લેશમાત્ર સંશય ન કરે અને જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે તો જેમ ભગવાને

આજ્ઞા કરી હોય તથા જેમ ભગવાને મર્યાદા બાંધી હોય તે ધર્મમર્યાદા પ્રમાણે પોતે વર્તે પણ તેને મુકીને લગારેય આડો-અવળો ચાલે નહિ. આવી રીતનાં લક્ષણ જણાય ત્યારે જાણવું જે એ અક્ષરધામનો મુક્ત છે ॥ આ સાત પ્રકારના મુક્તનાં લક્ષણ કહ્યાં તે પ્રગટ ભગવાનના મળેલા જે સાધુ તેમાં એ સાત પ્રકારના હોય. તે માટે જે મુમુક્ષુ હોય તેણે આ વાતને વિચારીને હેત કરવું અને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેમાંથી જો કોઈકની હારે હેત થાય તો જેમ પોતે સંસારરૂપી સમુદ્રમાં તરે છે તેમ જે પોતા સાથે જોડાણો હોય તેને પણ સંસારને વિષે તારે છે પણ પૃથ્વીને દૃષ્ટાંતે જે ભગવાનની મૂર્તિ તેને વિષે ચોટવા દીયે નહિ. ને જે અક્ષરના મુક્ત સાથે હેત કર્યું હોય તે તો કેમ ભગવાનમાં ચોટાડે ? તો જેમ હજાર મણનો પાણો હોય તે ભેળું મણનું લાકડું બાંધ્યું હોય તે તત્કાળ પૃથ્વીમાં ચોટાડે તેમ અક્ષરના મુક્ત સાથે જે જોડાણો હોય તે તો સુઝે એવું આવરણ હોય તો પણ તેને તોડીને ભગવાનની મૂર્તિમાં જોડે છે. ને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેની સાથે જોડાણો હોય તો તે કેવી રીતે સંસારમાં તારે ? તો જેમ હજાર મણનું લાકડું હોય તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય ને તે પાણાને તો ઘણોય બુડવાનો સ્વભાવ છે તો પણ તે લાકડું પાણાને તારે છે તેમ તે પણ સંસારરૂપી સમુદ્રને વિષે તારે છે, પણ ભગવાનની મૂર્તિને વિષે ચોટવા દીયે નહિ. તે માટે મુમુક્ષુએ આ વાતને વિચારીને હેત કરવું. ॥ ૩૭ ॥

અને સંબંધીમાં હેત ન રાખવું ને તેને બોલાવવો નહિ ને રસના ઈન્દ્રિયને જીતવી ને વસ્ત્ર ઝીણાં ન રાખવાં ને બરોબરિયાનો સંગ ન કરવો ને મનને સારું લાગે તે ન આપવું ને પોતાને કરવાનું શું છે ? તેનો તપાસ કરવો ને ટાઢ્ય, તડકો, ભૂખ, તરશ તેનું સહન કરવું ને ખાધાની તૃષ્ણા ન રાખવી ને કોઈને કઠણ વચન ન કહેવું ને સાધુનાં લક્ષણ વાર્તાવિવેકમાં તથા હરિગીતામાં કહ્યાં છે તે શિખવા ને અધર્મથી છેટે રહેવું ને જેનો સંગ કરવાથી ન્યૂનતા આવે તેનો સંગ ન રાખવો ને ઈન્દ્રિયોને જીતવી ને મોટાની અનુવૃત્તિ રાખવી ને અસત્વાસના રાખવી નહિ અને એક હરિ, બીજા તેના સંત, અને ત્રીજા તેના હરિભક્ત, એ ત્રણ ઠેકાણે આ આઠ વાનાં ન રાખવાં. તેના નામ જે એક કપટ, બીજું માન, ત્રીજો લોભ, ચોથું છળ, પાંચમી ઈર્ષા, છઠ્ઠી હાંસી, સાતમી નિંદા ને આઠમો દ્રોહ અને દેહમાંથી હેત તોડીને જીવમાં હેત કરવું તથા દેહના સંબંધીમાંથી હેત તોડીને ભગવાનના જે એકાંતિક સાધુ તેમાં હેત કરવું તથા આ લોકમાંથી પ્રીતિ

તોડીને ભગવાનના ધામમાં પ્રીતિ કરવી ને પ્રકૃતિમાંથી થવું જે યત્કિંચિત્ માયિક પદાર્થમાત્ર તેમાંથી પ્રીતિ તોડીને ભગવાનની મૂર્તિમાં હેત કરવું. આ ચાર વાતને વિચારીને નિત્ય પ્રત્યે કરે તો તત્કાળ પંચવિષય થકી મુક્ત થાય ને આ વાત ભગવાનના ભક્તે નિત્ય પ્રત્યે કરવાની છે. ॥ ૩૮ ॥

અને મુક્તની તારતમ્યતાના ભેદ કહ્યા છે જે અનંત કોટિ વૈરાજપુરુષનું તેજ ભેળું કરીએ ત્યારે મહાવિષ્ણુના એક રોમના કોટિમાં ભાગની બરોબર થાય અને એવા અનંતકોટિ મહાવિષ્ણુનું તેજ ભેળું કરીએ તે મહાપુરુષના એક રોમના કોટિમાં ભાગમાં લીન થાય છે અને એવા અનંતકોટિ મહાપુરુષનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે સાધારણ મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરને વિષે રહ્યા જે મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે મહામુક્ત છે તેના એક રોમના કોટિમાં ભાગમાં લીન થઈ જાય છે અને એ સર્વે જે અક્ષરના મુક્ત તે સર્વેનું તેજ ભેળું કરીએ તે અક્ષરના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે તે પુરુષોત્તમ નારાયણ તે ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ આ પ્રગટ પ્રમાણે છે એમ જાણવું. ॥ ૩૯ ॥

અને એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો અનંતકોટિ મુક્ત તથા અક્ષર એ સર્વેની સેવાને અંગીકાર કરતા થકા વિરાજમાન રહે અને એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો એ અક્ષરને પોતાને વિષે લીન કરીને અનંતકોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારીને તે મુક્તની સેવાને અંગીકાર કરતા થકા વિરાજમાન રહે છે. અને તે શ્રીજીમહારાજની નજરમાં આવે તો મુક્તે સહિત અક્ષરને પણ પોતાને વિષે લીન કરીને પોતે એકલા જ સ્વરાટ થકા વિરાજમાન રહે છે અને જો એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો એ અક્ષરે સહિત મુક્તની સેવાને અંગીકાર કરતા થકા ને તેમને આનંદ ઉપજાવતા થકા તેમની ભક્તિને અંગીકાર કરે છે. આવી રીતે શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો. ॥ ૪૦ ॥

અને ''શાસ્ત્રમાં મહાપુરુષાદિકના અવતાર થયા હોય તેને પણ અક્ષર અને પુરુષોત્તમ કહ્યા હોય તે કેમ સમજવું એ વાત સમજાતી નથી તે કહો ?'' ત્યારે

સ્વામીએ કહ્યું જે એ વાત યથાર્થ સમજાય એમ કહીએ છીએ જે જ્યારે અક્ષરનો અવતાર પૃથ્વી ઉપર થયો હોય ત્યારે અક્ષરને પુરુષોત્તમ કહ્યા હોય ને ત્યારે અક્ષર તે મહાપુરુષને સમજવા. તેમ જે જે ઉતરતા તેને અક્ષર સમજવા અને તેથી પરને પુરુષોત્તમ સમજવા. તે ઈન્દ્ર અક્ષર ને બ્રહ્મા પુરુષોત્તમ ને બ્રહ્મા અક્ષર ને વૈરાજ પુરુષોત્તમ, ને વૈરાજ અક્ષર ને પ્રધાન પુરુષ પુરુષોત્તમ. ને પ્રધાન પુરુષ અક્ષર ને તેથી પર મહાપુરુષ પુરુષોત્તમ ને મહાપુરુષ અક્ષર ને અક્ષર તે પુરુષોત્તમ. ને તેથી પર અક્ષરાતીત પુરુષોત્તમ છે તેજ આ શ્રીજીમહારાજ આપણને દયા કરીને મળ્યા. એમ અક્ષર તથા પુરુષોત્તમ તે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને કહ્યા હોય તે વાતને સમજ્યા વિના મતિ ભ્રમી જાય છે અને ઈન્દ્રનો પૃથ્વી ઉપર અવતાર થયો હોય ને તેને પુરુષોત્તમ કહ્યા હોય પણ તે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ તેથી અધિક ન દેખાડાય. તે ઈન્દ્રથી લઈને બ્રહ્મા, વૈરાજ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ ને અક્ષર પર્યંત સર્વે પોતપોતાનું સામર્થ્ય દેખાડે પણ તેથી અધિક ન દેખાડે ને પુરુષોત્તમ જો અક્ષર ને તેથી ઉત્તરતા ઈન્દ્ર સુધી સર્વેનું સામર્થ્ય, લોક, ભોગ ને ઐશ્વર્ય તે પંડે દેખાડે તથા ભક્ત દ્વારા દેખાડે તથા પોતાના સંબંધને પામ્યું જે પદાર્થ તેનાં દર્શન તથા સ્પર્શથી પણ ભક્તને દેખાઈ આવે ત્યારે પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી એ જ છે એમ જાણવું અને આ વાત પંડે પુરુષોત્તમ થકી તથા તેના એકાંતિક સાધુ થકી સમજાય છે ને તે વિના તો શાસ્ત્ર ભણ્યે તથા સાંભળ્યે પણ ન સમજાય. ॥ ૪૧ ॥

અને ઈન્દ્ર થકી મહાપુરુષ પર્યંત અવતાર થાય છે તેના ભક્તના ઐશ્વર્યના ભેદ કહીએ છીએ. જેમ ઈન્દ્રનો અવતાર પૃથ્વીને વિષે થયો હોય તેને પુરુષોત્તમ જાણીને જો ઉપાસના કરી હોય તો એ બહુ મોટો થાય તો દેવતા જેવો થાય અને બ્રહ્માનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ બહુ મોટો થાય તો ઈન્દ્ર જેવો થાય અને વૈરાજનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ એનો ભક્ત બહુ મોટો થાય તો બ્રહ્મા જેવો થાય અને મહાવિષ્ણુનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ તેનો ભક્ત બહુ મોટો થાય તો વૈરાજ જેવો થાય પણ એથી મોટો ન થાય ને મહાપુરુષનો અવતાર થયો હોય તેને પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ તેનો ભક્ત બહુ મોટો થાય તો મહાવિષ્ણુ જેવો થાય અને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તે પુરુષોત્તમનો આશ્રયમાત્ર

કર્યો હોય ને તેને વિષયને વિષે રાગ હોય તે મરે ત્યારે મહાપુરુષ જેવો તો તે પણ થાય અને એ પુરુષોત્તમના જે ખરેખરા ભક્ત હોય તે દેહનો ત્યાગ કરીને અર્ચિ માર્ગે કરીને અક્ષરધામને પામે છે ને અક્ષરના સાધર્મ્યપણાને પામે છે ને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ॥ ૪૨ ॥

અને તે પુરુષોત્તમને કેમ ઓળખવા ? તો મહાપુરુષાદિક અવતાર ધરીને આવ્યા હોય ત્યારે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ અધિક ન દેખાડે કેમજે જેટલું પોતાનું હોય તેટલું દેખાડી શકે પણ વધુ ક્યાંથી દેખાડે ? ને પુરુષોત્તમ પોતે પધાર્યા હોય ત્યારે તો અક્ષરધામ તથા અનંતકોટિ બીજાં ધામ તથા અનંત પોતાનાં ઐશ્વર્ય તે સર્વેય જેને જેને પોતાની મૂર્તિનો સંબંધ થયો હોય એવા જે સત્સંગી તથા કુસંગી તે સર્વેયને દેખાડે છે. પણ પાત્ર કુપાત્ર કાંઈ ગણે નહિ. ॥ ૪૩ ॥

અને હવે એ પુરુષોત્તમને મળેલા જે ભક્ત તેને ભજ્યાની જે રીતિ તે કહીએ છીએ. જે એક ભક્ત ભગવાનને ભજે પણ તેને ઐશ્વર્ય પામવાની ઈચ્છા હોય. ને બીજાને એમ જે પ્રથમ આત્માને જોઈને પછી તે આત્માને વિષે ભગવાનની મૂર્તિને જોયાની ઈચ્છા હોય અને ત્રીજાને એમ વર્તે જે ભગવાનની મૂર્તિને વિષે હેત કરવું તથા સ્પર્શ કરવો તથા ધ્યાન કરવું તેને વિષે ત્વરા વર્તે અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં આત્મા દેખાય તો ભલે પણ કેવળ આત્માને જોવા ન ઈચ્છે. હવે જેને ઐશ્વર્યની ઈચ્છા હોય તે તો મહાપુરુષાદિકના ઐશ્વર્યમાં જોડાઈ જાય અને જેને આત્માને જોયાની ઈચ્છા હોય તેને તો અક્ષર લીન કરી નાખે અને ભગવત્‌નિષ્ઠને તો અક્ષર લીન કરે તો પણ અક્ષરનો લીન કર્યો લીન થાય નહિ ને તે તો ભગવાનની સેવામાં રહે છે. ॥ ૪૪ ॥

અને ગોલોકમાં જે ભગવાનની સેવા કરે છે તેમાં કોઈક મુક્ત તો ઢોલિયો તથા તળાઈ તથા તકિયો તથા ચમર, ઝારી, વિંજણો, ચાંખડિયું તથા ઘોડો તથા પલાણ છત્ર વગેરે તે તે પદાર્થરૂપે તથા તે તે સેવકરૂપે થાય છે. અને ભગવાન જ્યારે ચાલે છે ત્યારે મુક્ત છે તે આગળથી રસ્તાની બેય કોરે વૃક્ષ થઈને પુષ્પ તથા ફળે સહિત ભગવાનની ઉપર છાયો કરે છે ને જ્યારે ભગવાન આગળ ચાલ્યા જાય ત્યારે પાછા ત્યાંથી ઉઠીને આગળ જઈ છાયો કરે છે. ॥૪૫॥

અને હવે અક્ષરના મુક્તના સુખનું તારતમ્યપણું કહીએ છીએ. તે ચાર પ્રકારના મુક્ત છે તેમાં એક તો ભગવાનનાં દર્શન કરે ને બીજા મુક્તનાં પણ

દર્શન કરે. અને બીજા જે મુક્ત છે તે ભગવાનને મેષોન્મેષ જોઈ રહે પણ સન્મુખ બેઠા જે મુક્ત તેને પણ દેખે. તેમાં પ્રથમ કહ્યા તેથી બીજાને અનંતગણું સુખ આવે છે અને ત્રીજા જે મુક્ત છે તે તો કેવળ ભગવાનને જ દેખે છે પણ બીજા કોઈને ન દેખે પણ પોતાના દેહની સ્મૃતિ રહે છે અને તેને ભગવાનનું સુખ બીજા મુક્ત કરતાં કોટિગણું આવે છે અને ચોથા જે અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મુક્ત છે તેને તો કેવળ ભગવાનની મૂર્તિ વિના કોઈ મુક્તની તથા પોતાના દેહની ખબર ન રહે ને તેને ભગવાનનું સુખ કેવું આવે તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું સુખ પોતાને આવે છે તેવું ભગવાનનું સુખ એને આવે છે માટે તેના સુખનું વર્ણન કેમ કરાય ? જે આવું સુખ એને છે તે તો શેષજી પર્યંત કોઈ કહેવાને સમર્થ થાય નહિ. ॥ ૪૬ ॥

અને એ અક્ષરધામને ક્યારે પમાય ? તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને અહીં પધારે જે ''મારી મૂર્તિનો સંબંધ જેને થઈને મારા સ્વરૂપનો નિશ્ચય જેને થાય તે સર્વેને મારા અક્ષરધામમાં લાવવા છે'' એવો સંકલ્પ ધારીને જ્યારે અહીં પધારીને જેને પોતે લઈ જાય તે થકી જ અક્ષરધામમાં જવાય છે પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય તો સાધને કરીને તો ક્યાંથી પામે. ॥ ૪૭ ॥

અને અક્ષરધામમાં સ્ત્રી-પુરુષ એવો ભેદ નથી કેમ જે સ્ત્રીના દેહમાં જે યોનિ આદિક ચિન્હ તેણે રહિત સ્ત્રીનો દેહ છે ને પુરુષના દેહમાં જે શિશ્ન આદિક ચિન્હ તેણે રહિત ત્યાં પુરુષનો દેહ છે. માટે એ અક્ષરધામને વિષે યોનિ, શિશ્ન ને ગુદા એ ત્રણે રહિત મુક્તનો દેહ છે અને એ અક્ષરધામને વિષે તો એક પુરુષોત્તમની મૂર્તિ સંગાથે જ રમણ છે ને એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની જ ઉપાસના છે. ને બીજા ધામમાં તો ચાર ચરણારવિંદની ઉપાસના છે. માટે પુરુષ મુક્ત હોય ને જો તેને સ્ત્રીની ઇચ્છા હોય તો તે અક્ષરધામને સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી દેખે ? ને સ્ત્રી પણ મુક્ત હોય ને તેને જો પુરુષને વિષે ભોગ બુદ્ધિ હોય તો તે પણ અક્ષરધામને તો સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી પામે ? માટે આપણે પણ જો સ્ત્રી તથા ધનની વાસના રહી હોય તો અક્ષરધામને ન પમાય માટે સ્ત્રી અને ધન એ બેનો રાગ દેહ થકી પર ઇન્દ્રિયો, ને ઇન્દ્રિયો થકી પર મન, ને મન થકી પર બુદ્ધિ, ને બુદ્ધિ થકી પર જે કારણ શરીર, તે શરીરે સહિત જે જીવ તેમાં છે તેને

વારંવાર ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યના ડંખ લગાડીને દે સ્ત્રી ધનના મૂળ ઉખાડી નાખવાં ને વારંવાર દેહ, ઈન્દ્રિયોને અંતઃકરણનો નિષેધ કરીને આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે તો ધીરે ધીરે સ્ત્રી ધનનો રાગ ટળે છે ને તે રાગને ટાળે ત્યારે અક્ષરધામમાં રહેવાય છે અને તેનાં મૂળ ઉખેડીને સત્તારૂપ થયો હોય તો પણ ગાફલપણું ન રાખે તથા ઉતરતાનો સંગ તથા પંચવિષય તથા વિષમ દેશકાળ તથા સૂક્ષ્મ વસ્ત્ર તથા છોકરાં સંગાથે ભાઈબંધાઈ તેમના થકી તો હરણની પેઠે બીતો રહે ને સંગ તો પોતાથી ઉત્કૃષ્ટ અંગવાળા હોય તેનો કરવો ને આ વાત જેવા તેવા આગળ ન કહેવી. ॥ ૪૮ ॥

અને વળી ચાર જે મુક્ત, મુમુક્ષુ, વિષયી ને પામર તેનાં લક્ષણ જાણવાં. તેમાં પામરનું તો એ લક્ષણ છે જે પામર જે તે પંચવિષયને મૂઢપણે ભોગવે પણ સાર અસારને ન જાણે તથા ધર્મ-અધર્મને ન જાણે તથા પાપ પુણ્યને ન જાણે તથા સત્ય અસત્યને ન જાણે તથા ન્યાય અન્યાયને ન જાણે તથા આમ કરીશ તો મારું સારું થાશે ને આમ કરીશ તો મારું સારું નહિ થાય ઇત્યાદિક કોઈ જાતનો વિવેક ન હોય ને કેવળ વિષય ભોગવ્યાને વિષે જ આસક્તિ હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ આણવું જે આ પામર છે. ॥ અને વિષયીને એમ જાણવો જે શાસ્ત્રમાં જેવી રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે લોકમાં વિહિત એવા પંચવિષયને ભોગવે ને વળી એમ જાણે જે ''આમ શાસ્ત્ર પ્રમાણે વર્તશું તો પરલોકમાં સ્ત્રી આદિક પંચવિષયને પામશું એવી રીતનાં લક્ષણ જણાય ત્યારે જાણવું જે આ વિષયી છે. ॥ અને મુમુક્ષુને એમ વર્તે જે ધર્મ પાળવો તથા જ્ઞાન શિખવું તથા વૈરાગ્ય શિખીને સંસાર થકી મુકાવું તથા પોતાના આત્માને અને ભગવાનને પામવાની મનને વિષે ત્વરા વર્તે તથા આત્માને પામ્યાનાં સાધન કહ્યાં હોય તેને શિખે તથા ભગવાનને પામ્યાનાં જે સાધન તેને શિખીને પછી તે ભગવાનને પામીને પછી ભગવાનને રાજી કરવાની મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે તથા ભગવાનની એકાંતિક માહાત્મ્યે સહિત જે ભક્તિ તે કર્યાનાં જે સાધન તેને શિખ્યાની તથા તે ભક્તિ કર્યાની પોતાના મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે આવી રીતે જે વર્તે તેને જાણીયે જે આ મુમુક્ષુ છે. ॥ અને જે પુરુષ પંચવિષયને તથા દેહ ઇન્દ્રિયાદિકને તથા ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહ એ સર્વેની ક્રિયાને પોતે દબાવીને વર્તે પણ એ એકેયને વિષે દબાય નહિ ને એકેયના પેચમાં ન આવે ને અતિ વિરક્ત વર્તે ને દેહનો કુસંગ તથા સત્સંગમાં કુસંગ તથા બહારનો

કુસંગ એ સર્વેને પોતે દબાવીને વર્તે પણ તેને કોઈ દબાવી શકે નહિ. તથા કોઈની મોબતમાં લેવાય નહિ તથા કોઈના કળ્યામાં આવે નહિ એવી રીતે વર્તતો હોય ત્યારે જાણીયે જે આ મુક્ત છે. ॥ માટે મુમુક્ષુ હોય તેમણે આ ચાર જાતના જે પુરુષ તેનાં લક્ષણ જાણવાં. ॥ ૪૯ ॥

અને મહારાજે કહ્યું જે ''બીજા અવતાર કરતાં ઋષભદેવજી બહુ ગમે છે'' તેનો શો હેતુ છે ? તો ઋષભદેવજી ભગવાન તો વાસુદેવ ભગવાન સંગાથે એકત્વને પામ્યા હતા તો પણ બીજા ત્યાગીની શિક્ષાને અર્થે તે સિદ્ધિયુંને ન ગ્રહણ કરતા હવા એવી રીતે અસંગિપણું છે તથા જે જીવ જેવો હોય તેને તેવી રીતે ધીરે રહીને સમજાવવું એવી રીતે દયાળુ સ્વભાવ છે એ હેતુ માટે. અને કપિલ તથા દત્તાત્રેય તો ત્યાગી છે તથા એમને વિષે અસંગીપણું છે એ માટે એથી ઉતરતા ગમે છે અને ''એથી કોટિગણું શ્રીકૃષ્ણને વિષે હેત છે'' તેનું કારણ એ છે જે શ્રીકૃષ્ણને વિષે જે જે ભાવે કરીને જે જોડાણા તે સર્વે જીવનો મોક્ષ કર્યો. તે માટે એવી રીતે મહારાજે પોતાની રુચિ કહી. તેમાંથી આપણે એમ સમજવું જે શ્રીકૃષ્ણ ભગવાને તો પોતાની મૂર્તિનો સંબંધ જેને થયો ને જે સ્નેહભાવ તથા દ્વેષભાવ આદિકથી પોતાના સંબંધને પામ્યા તેનું કલ્યાણ કર્યું. જેમ પારસમણિને લોઢું અડે ત્યારે સોનું થાય તેમ આ કહ્યા જે અવતાર તેના જોગમાં આવે ત્યારે તેનું કલ્યાણ થાય તથા વ્રજવાસીએ કહ્યું જે ''તમે ભગવાન છો માટે અમને તમારું ધામ દેખાડો.'' ત્યારે તેને એક વાર પોતાનું ધામ દેખાડ્યું અને મહારાજે તો પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના જોગમાં આવ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં શું કહેવું ? તથા સાધુ દ્વારે તથા સત્સંગી દ્વારે તથા સોટી અને લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવી. એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખગણું હેત મહારાજને વિષે કર્યું જોઈએ. તથા પોતાના દર્શન માત્રે કરીને હજારું ને લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ ને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યાં. તે તો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે ચિંતવે તે મળે. તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સંતનો તથા સત્સંગીનો સંબંધ થયો તે સર્વેનું કલ્યાણ મહારાજે કર્યું તે એવું સમર્થપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય. અને શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે મૂર્તિને જોઈને આનંદ

પામવો પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તો પણ તેણે કરીને શાંતિ પામવી નહિ ને અતિશે તપી જવાય. ॥ ૫૦ ॥

અને તે ભગવાનને વિષે અતિશે હેત કરવું અને તે હેત કરતાં કાંઈ વિકાર થાય તો તેનો એમ વિચાર કરવો જે ''મારે આ વિકાર ઈન્દ્રિયોમાં થયો તે રાગે કરીને થયો કે સહેજે થયો ?'' તે સહેજે તથા રાગે થયો કેમ જાણીયે ? તો પૂર્વે જે જે વિષય ભોગવ્યા હોય તેની સ્મૃતિ થાય પણ ભોગવૃદ્ધિ ન થાય ત્યારે એમ જાણવું જે ''અમથા એ વિષય સ્ફુરી આવ્યા છે પણ મારે તો એનો રાગ નથી.'' ને તે વિષયના સંકલ્પ રૂપી સ્મૃતિ થાય છે તે ક્યારે ટળે ? તો જે ભગવાને ગીતામાં જ્ઞાનીને ક્રિયાયોગ કહ્યો છે તેવી રીતે ક્રિયાયોગ કરે તો ટળે. ને એ વિષયમાં સ્મૃતિ રૂપ જે રાગ છે તે ટાળ્યા વિના જ્ઞાનીને પણ વિષયને વિષે સહજ સ્મૃતિ રૂપ રાગ ન ટળે. ॥ અને જેને વિષયને વિષે ભોગબુદ્ધિ થાય ત્યારે એમ જાણવું જે ''મારે વિષયને વિષે રાગ છે'' તે રાગ કેમ ટાળવો ? તો એમ વિચાર કરવો જે સ્ત્રી આદિક પંચ વિષયને વિષે દોષ રહ્યા છે તે વિચારીને તેના દોષને મોટા સંત પાસેથી શીખે પછી તેનો અભ્યાસ કરીને તે રાગને ટાળ્યાનો અભ્યાસ નિત્યે તીવ્ર શ્રદ્ધા રાખીને કરે તો ધીરે ધીરે રાગ ટળે નહિ તો ન ટળે. ॥ ૫૧ ॥

અને મહારાજે પોતાની રુચિ કહી તેના ઉપર સ્વામીએ વાત કરી જે ભક્તિસિદ્ધિમાં ઓગણપચાસ અધર્મનો સર્ગ કહ્યો છે તેણે રહિત જે સંત હોય. અને તેને વિષે કહ્યો જે ઓગણસાઠ ધર્મનો સર્ગ તેણે સહિત જે સંત હોય તથા ધર્મામૃતમાં જે ધર્મ કહ્યા છે તેને અતિશે દૃઢ પાળતો હોય તથા ભગવાનની ભક્તિયે જુક્ત હોય એવાનો સંગ આપણે કરવો પણ દોષે જુક્ત હોય તેનો સંગ તો ક્યારેય ન કરવો ને જો તેનો સંગ કરે તો તેના દોષ પોતામાં આવે તે માટે વિચારીને સંગ કરવો. ॥ ૫૨ ॥

અને ભગવાનને અર્થે જે કરવું તેને ભક્તિ કહી છે. ને નિરંતર ભગવાનનો સંબંધ રાખવો પણ તેમાં જો કોઈક અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ ને નિરંતર ભગવાનનું સમિપપણું રાખે તેને ઉપાસના કહીએ. ॥૫૩॥

અને મનને વિષે સંકલ્પ વિકલ્પનો વેગ વર્તતો હોય ત્યારે આત્માનાત્માનો જે વિચાર તે સંબંધી સંકલ્પ કરવા તથા ભગવાનના માહાત્મ્યના વિચાર સંબંધી સંકલ્પ કરવા. ને ઉદાસીપણું હોય ત્યારે ચાર પ્રકારના પ્રલયનો વિચાર કરીને

વૈરાગ્ય સંબંધી સંકલ્પ કરીને પદાર્થની તુચ્છતા જાણવી. ને આનંદ વર્તતો હોય ત્યારે ઉપશમ કરીને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું. ને રાગ વર્તે ત્યારે ભગવાનનાં કીર્તન ગાવવા અને ઇન્દ્રિયોની ક્રિયામાં મન વર્તે ત્યારે ભગવાનની ભક્તિ સેવા ચાકરી કરવી. ॥ એવી રીતે એ પાંચ સમયને વિષે પાંચવાનાં કરે તો તત્કાળ સિદ્ધ થાય ને એમ ન કરે તો તત્કાળ સિદ્ધ ન થાય. ॥ ૫૪ ॥

અને એક વેગ રાખીએ તો સર્વે વેગ રહે એવો કીયો વેગ છે ? તો, ભગવાનના માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભગવાનને વિષે પ્રીતિનો વેગ તે નિરંતર રાખવો ને એ વેગના વિરોધને કરવાવાળા જે બીજા સંકલ્પ તેને ટાળવાને કાજે વૈરાગ્ય, ધર્મ અને આત્મજ્ઞાનાદિક સંબંધી વિચાર કરવા ને તેણે કરીને પ્રથમના વેગને પૃષ્ટ કરવો. ॥ ૫૫ ॥

અને ભગવત્જ્ઞાન સંબંધી શાસ્ત્રે કરીને હરિના માહાત્મ્યની વૃદ્ધિ થાય ને તે માહાત્મ્યજ્ઞાને કરીને પ્રીતિની વૃદ્ધિ થાય ને ભગવાનના ગુણ, સ્વભાવ, વિભૂતિ, સુખ, ઐશ્વર્ય તેને જાણીને જે પ્રીતિ થાય છે તે અચળ છે ને તે વિના જે કેવળ બોલાવવે ને દીધે લીધે પ્રીતિ થાય તેનો નિર્ધાર નહિ. કેમ જે વિષમ દેશકાળ આવે ત્યારે એ પ્રીતિ ટકે નહિ. ને પ્રથમની જે પ્રીતિ તે કોઈ પ્રકારે જાય નહિ. ॥ ૫૬ ॥

અને સત્પુરુષને સત્શાસ્ત્રના વચન વિના પોતાના મનને જાણે જીવ જે કાંઈ કરવાનું ધારે તેને દેહાભિમાન કહેવાય ને તેને કોઈ ટાળવાનું કરે ત્યારે તેને બહુ દુઃખ થાય. ॥ ૫૭ ॥

અને જેનો કોઈક જાતનો અજોગ્ય સ્વભાવ હોય ને તેમાંથી તેના જીવનું ભુંડું થાય એવું હોય તેને કોઈ ભગવાન કે સાધુ ટોકે ત્યારે તે સવળું ન લેવાય ને અવળું લેવાય ને તેની આંટી બંધાય એવો જે હોય તેના સત્સંગનો નિર્ધાર ન જાણવો. એ તો જ્યારે ત્યારે જરૂર વિમુખ થાય. અને જો કોઈ એને નભાવનારો હોય ને એના સ્વભાવ પ્રમાણે કાંઈક વર્તવા દીયે તો એ માંડ માંડ સત્સંગમાં નભે. ને એવો નભાવનારો ન હોય તો એ જરૂર સત્સંગમાંથી પડી જાય માટે સ્વભાવને ટાળવા સારું મોટા પુરુષ વચન કહે તેને હિતકારી માનીને તે પ્રમાણે વર્તવું પણ આંટી ન બાંધવી. ॥ ૫૮ ॥

અને ઇન્દ્રિયોની વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે તે વૃત્તિઓ સૂક્ષ્મભાવને પામીને એમાં યથાર્થ જ્ઞાન થાય ને પછી શાસ્ત્રનો અર્થ પણ એને યથાર્થ સુજે

ને વિષયની વાસના ધીરે ધીરે ટળતી જાય. માટે જ્ઞાન વૈરાગ્યનો વિચાર રાખીને ઈન્દ્રિયોનીવૃત્તિને આત્મા સન્મુખ રાખવાનો અભ્યાસ રાખવો ને તેમાં ભગવાનનું ધ્યાન કરવું. ને એમ ન કરે ને તે વૃત્તિઓને બાહેર જ પ્રવર્તવા દીયે તો તેમાં સ્થુળ ભાવ આવી જાય ને ગુણ દોષ યથાર્થ સુઝે નહિ. ॥ ૫૯ ॥

અને ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તો પણ જો વૈરાગ્યનો વિચાર તે એને આવડતો ન હોય તો એ માહાત્મ્ય એમાં ટકે નહિ ને વૈરાગ્યને વિચારે કરીને માયિક સર્વે પદાર્થની તુચ્છતા ને નાશવંતપણું જાણ્યું હોય તો એનું મન કોઈ પદાર્થમાં અટકે નહિ ને એને તે માહાત્મ્યજ્ઞાન દઢ થાય. માટે ચાર પ્રકારના પ્રલયે કરીને વૈરાગ્યની દઢતા કરવી. ॥ ૬૦ ॥

અને ભક્તિ તે હેતને કહીએ ને અનુવૃત્તિ તે ભગવાનના ગમતા પ્રમાણે કરવું તેને કહેવાય ને ગમતા પ્રમાણે થોડુંક ભજન કરે તો ભગવાન બહુ માને ને ગમતા પ્રમાણે ન કરે ને પોતાના ગમતા પ્રમાણે ઘણું કરે તો પણ તેને થોડું માને. ॥ ૬૧ ॥

ને ભગવાનના ભક્તમાં ત્રણ ભેદ છે એક તો નિષ્કામપણે ભગવાનના ગમતા પ્રમાણે જ કરે ને બીજો નિષ્કામપણે કરે પણ પોતાના ગમતા પ્રમાણે ભગવાનને કરાવે ને ત્રીજો સકામપણે કરે ને પોતાના ગમતા પ્રમાણે કરે ને એ ભગવાનને સર્વ દેવ થકી સમર્થ જાણે ને સર્વથી શ્રેષ્ઠ મોટા ભોગ આપવાને વિષે મહા સમર્થ માને માટે એ ભગવાનને ભજે પછી તે ભોગને ભગવાનથી પામે ને ભજ્યા કરે. એ ત્રણ પ્રકારના ભક્ત છે. ॥ ૬૨ ॥

અને ધન સ્ત્રીનો પ્રસંગ તે કોઈ રીતે ન કરવો તથા શહેરમાં ન જાવું તથા સત્સંગને મેલીને પરદેશમાં જાવું નહિ તથા એકાંતિક સાધુનો સંગ રાખવો ને એમનો વિશ્વાસ રાખવો. એવી રીતે પરમહંસને શિક્ષા કહી. ॥ ૬૩ ॥

અને કોઈક હરિભક્તનો અવગુણ લેવો તેમાં આ ત્રણ વિચાર કરવા જે એનો મને અવગુણ આવે છે તે એની ઉપર મારે ઈર્ષા છે તેણે કરીને આવે છે ? કે એણે મને મારા કોઈ સ્વભાવ ઉપર ટોક્યો છે તેણે કરીને મને એનો અવગુણ આવે છે ? કે એ દોષ તે એમાં જ છે જે તેણે કરીને અવગુણ આવે છે ? એમ વિચારીને ઈર્ષાયે કે ટોંકવે કરીને જો અવગુણ આવતો હોય તો ન લેવો ને એમાં એ દોષ ખરેખરો હોય તો લેવો પણ આવી રીતે વિચાર્યા વિના કોઈનો અવગુણ ન લેવો. ॥ ૬૪ ॥

અને મહારાજ પધાર્યા પછી સાંપ્રત આટલું કાર્ય અવશ્ય વિચારીને કરવાનું છે. તે કેવી રીતે તો, મહારાજ વિરાજતા હતા ત્યારે આપણી વતે કોઈ આવળી ક્રિયા થઈ જાય ત્યારે મહારાજ કોઈ પ્રકરણ ફેરવે. એટલે તે સર્વે મટી જાય ને પાછું સવળે માર્ગે ચલાય તથા મહારાજ પંડે ઠબકો દઈને આપણને સવળે માર્ગે ચલાવે ને હમણાં તો સત્સંગનું કામકાજ આચાર્યની આજ્ઞાયે અથવા મોટા સાધુની આજ્ઞાયે કરવું. પણ તેમાં પોતાને સ્ત્રી ધનાદિક વિષયનો સંબંધ થઈ જાય ને વચનનું ઉલ્લંઘન થઈ જાય ને અંતે કોઈ પદાર્થમાં આસક્ત થઈ જવાય ને વિમુખ થઈ જવાય એવું વચન ન માનવું. એટલો તો પોતાને જાણે પોતે વિચાર કરવો પણ તેમાં મોટેરાનો વિશ્વાસ ન રાખવો. કેમ જે મોટેરા તો પોતાના કામ કરવાના સ્વાર્થપરાયણ હોય પણ આ જીવ આવો છે તે એને આનો સમાગમ થાય તો વધે ને આનો સમાગમ થાય તો ઘટી જાય એવી રીતે સર્વ પ્રકારે જીવનું પરલોકમાં હિત થાય એમ કરતાં આવડે એવો મોટેરો તો હોય કે ન હોય માટે આટલો તો પોતાને જ વિચાર રાખવો. ॥ ૬૫ ॥

અને શ્રીજીમહારાજના વચન પ્રમાણે જ જે સંતને પોતાના આત્માનું હિત કરતાં આવડે ને તે વચન પ્રમાણે રહીને મહારાજની પ્રસન્નતા કરવી તેનો ખટકો હોય ને તે પ્રમાણે જ વર્તતો હોય ને સર્વ પ્રકારે બુદ્ધિ પોંચતી હોય ને બીજાના જીવને પણ જાણતો હોય ને તેના જીવનું પરલોક સંબંધી જે હિત તે સર્વ પ્રકારે કરતાં આવડતું હોય એવા જે સંત પોતાને જણાય તેના વચનમાં વિશ્વાસ રાખીને તે પ્રમાણે વર્તે તો તે પણ ઠીક છે ને એ વિના જે બીજો માર્ગ તે તો પડવાનો છે. ॥ ૬૬ ॥

અને દેશકાળાદિક આઠ છે તેમાં સર્વ કરતાં સંગનું બળ અધિક છે કેમ જે સત્પુરુષનો સંગ હોય તો દેશકાળાદિક સારા જ થાય છે અને અસત્પુરુષનો સંગ થાય તો દેશકાળાદિક અસત્ થાય છે. ને પુરુષ પણ જો રુડા સત્પુરુષનો નિરંતર સંગ કરે તો જ એ સારો ને સારો જ રહે ને જો દેહાભિમાની એવા અસત્પુરુષનો સંગ કરે તો તે બગડી જાય છે. ॥ ત્યારે પ્રશ્ન પૂછ્યું જે ''એ પુરુષને ક્યાં સુધી સત્સંગ કરવો ?'' ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે એ પુરુષનો સત્સંગ કરતે કરતે એવો સ્વભાવ થઈ જાય જે રુડું ખાવું, રુડું વસ્ત્ર, રુડી પથારી, માન ઇત્યાદિક જે પંચવિષય સંબંધી રુડા પદાર્થના ભોગ તેનો સહજ સ્વભાવે અરુચિનો સ્વભાવ થઈ જાય માટે એ સારા પદાર્થનો જોગ થાય તો પણ તેનો

ત્યાગ કરવો તેજ ગમે પણ તેનો ભોગ તો ગમે જ નહિ ને જેવે તેવે અન્ન વસ્ત્રાદિકને ભોગે કરીને દેહ નિર્વાહ કરે એવો સ્વભાવ થાય ત્યારે જાણીયે જે એ સત્સંગ કરીને પક્વ થયો ને જ્યાં સુધી એવો નથી થયો ત્યાં સુધી તો એનો એને ભય છે. ને તેને જો સત્સંગનો જોગ રહે તો એ સારો રહે ને સત્સંગ ન કરે ને પોતે પોતાને જાણે જે ''હું તો હવે સારો થઈ ગયો માટે મારે હવે શો ભય છે'' એમ પ્રમાદ રાખે તો એનું ઠેકાણું ન રહે અને એ પક્વ થયો હોય તો એ જ્યાં જાય ત્યાં એને એવું બળ હોય જે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ, તે સંબંધી વાત કરીને કેટલાક પુરુષનો પોતાના જેવો સ્વભાવ કરે પણ પોતે કોઈ વિષયને ચાળે ચડી જાય નહિ. આ વાર્તા નિશ્ચિત છે પણ એમાં કાંઈ સંશય નથી. ॥ ૬૭ ॥

અને એક વાર પોતાના જીવને શુદ્ધ કરીને પછી ભક્તિ કરવી, બીજાને સત્સંગ કરાવવો, સત્સંગનો મમત્વ રાખવો ઈત્યાદિક જે જે કરવું તે તે પછી કરવું. તે શુદ્ધ કેમ્ કરવો ? તો સ્ત્રી ને ધન એ બેમાં કોઈ રીતે જીવ ભળી જાય નહિ. તેવો દૃઢ વિચાર કરવો તથા આત્મનિષ્ઠા અને વૈરાગ્યની રીત સારી પેઠે જાણવી તથા ભગવાનના સ્વરૂપને યથાર્થ જાણવું ને તેનું માહાત્મ્ય જાણીને ભક્તિ કરવાની રીત જાણવી એટલાયે કરીને જીવ શુદ્ધ કરવો ને એમ શુદ્ધ ન કરે ને કદાચિત્ જો સ્ત્રી આદિકમાં આસક્ત થઈ જાય તો તે ભક્તિ ભગવાનને ગમે નહિ. જેમ અપવિત્ર થકો હરિને અર્થે થાળ લઈને આવે તો તે હરિને ગમે નહિ તેમ તે ભક્તિ પણ ગમે નહિ માટે એકલી ભક્તિમાં કાંઈક દૈવત છે. ને જીવને શુદ્ધ કરીને થોડીક ભક્તિ કરી હોય તો જેટલી કરી એટલી જાય નહિ. ॥ ૬૮ ॥

અને પોતામાં કોઈ દોષ હોય તે જો પોતામાં ને પોતામાં રાખે તો તે મોટેરાની ઉપર હરિનો કુરાજીપો બહુ થાય નહિ ને એ દોષ બીજામાં પ્રવર્તાવે તો તેથી ઘણા જીવનું ભુંડું થાય તેનું પાપ એને લાગે ને તે દોષનું ફળ તે એ મરીને મુક્ત થાય તો પણ એના બહુ ભૂંડાને કરે. ॥ ૬૯ ॥

અને હરિભક્તને આ ત્રણ વાતું અતિશે સિદ્ધ કરવી. તે કઈ તો એક તો ભગવાનનું સ્વરૂપ યથાર્થ માહાત્મ્ય જ્ઞાન પૂર્વક જાણીને તે હરિમાં ને હરિના ખરેખરા ભક્તમાં હેત કરવું અથવા તે હરિ ને હરિભક્ત ભેળા રહેવે, લીધે, દીધે, બોલાવ્યે, ચલાવ્યે સહેજે હેત કરવું. ॥ અને બીજું પોતાના જીવને શોધવો. કહેતાં કામ, લોભ, ક્રોધ, માન, દંભ, ઈર્ષા, મત્સર, સ્નેહ, આદિક જે આસુરી

સંપત્તિ રૂપ અધર્મનો સર્ગ તેણે કરીને તથા કોઈ માયિક ભાવે કરીને જીવ પરાભવ ન પામે ને દોષે રહિત થકો ને કેવળ સત્તાપણે રહ્યો થકો બ્રહ્મરૂપ થઈને ભગવાનની સેવામાં રહે ને એવો બ્રહ્મરૂપ થાય ત્યારે હરિને વરણીય થાય માટે આ તો અવશ્યપણે નિરંતર અનુસંધાન રાખીને ને સત્‌શાસ્ત્ર થકી જ્ઞાન વૈરાગ્યનો વિચાર પામીને તથા સત્સંગ કરીને એ વાત દૃઢ કરવી. ॥ અને ત્રીજી કોઈ ઉપર દયા કરીને તેના જીવનું પરલોક સંબંધી હિત કરવું ને તેનો જીવ અન્ય વાસનાયે રહિત થઈને ભગવાનને પામે ને એવી દયા કરે તો એની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય. કેમ જે પોતાના ધામથી અહીંયાં શ્રીહરિ આવે છે તે જીવની ઉપર દયાયે કરીને તેમનાં કલ્યાણ કરવાને કાજે આવે છે. તે ભગવાનના સંકલ્પ ભેળી એની ક્રિયા મળી માટે ભગવાન પ્રસન્ન થાય. તથા હરિમંદિર પોતે કરાવ્યા છે તે બીજા જીવ ઉપર દયા કરીને તેના કલ્યાણને અર્થે કરાવ્યા છે એમ ધારીને હરિપ્રસન્નતાને અર્થે મંદિરનો પક્ષ રાખીને તે સંબંધી કામકાજ કરવું. ને કોઈ જીવ ઉપર દયા કરીને કલ્યાણની વાત કરવી પણ તેના ગુણ દોષમાં પોતાના જીવને બાધ પામવા દેવો નહિ. વાત કરીને છેટે રહેવું પણ દયાયે કરીને તે ભેળું તેના ડોળમાં ભળવું નહિ, એ ત્રણ વાત સિદ્ધ કરવી. ॥ ૭૦ ॥

અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ એ ચાર ગુણવાળા જે ઉત્તમ પુરુષ સાધુ તે એક પ્રકૃતિવાળા જ્યારે એકાંતમાં ભેળા થયા હોય ત્યારે અતિશે શ્રેષ્ટ જે ભગવદ્‌વાર્તા તથા જેના જે ગુણ દોષ હોય તેને નામ ને વેષે જુક્ત કહી દેખાડીને યથાર્થ વાર્તા થાય. કેમ જે એકાંતમાં જેમ હોય તેમ યથાર્થ કહેવાય ને કોઈને અવગુણ આવે એમ ન હોય. ને તે શ્રેષ્ટ પ્રકૃતિવાળા જ્યારે સભામાં વાર્તા કરે ત્યારે તે સભામાં ઘણી જાતનાં મનુષ્ય હોય તેમાંથી કોઈને અવળી લાગે માટે યથાર્થ વાર્તા ન થાય ॥ અને મધ્યમ ને કનિષ્ઠ પુરુષ તે તો સભામાં તો શ્રેષ્ટ વાર્તા કરે ને જ્યારે એક પ્રકૃતિવાળા ભેળા થઈને એકાંતમાં બેસે ત્યારે તો તે મધ્યમથી મધ્યમ ને કનિષ્ઠથી કનિષ્ઠ એવી વાર્તા કરે તેને જાણવી. ॥ ૭૧ ॥

અને ખરેખરા સાધુ હોય તેને પોતાને કોઈ જાતનો સ્વાર્થ ન હોય ને પોતાથી જેની શ્રેષ્ઠ પ્રકૃતિ હોય તેની પાસે પોતાનો શિષ્ય જાય ત્યારે રાજી થાય કેમ જે તેને તો તેના જીવનું હિત કરવું હોય. ને ઉતરતી પ્રકૃતિવાળા પાસે જાય તો તો કુરાજી થાય કેમ જે એનો જીવ બગડી જાશે એમ જાણે. અને સાધુ હોય તેને

તો તેના જીવનું ભગવાનમાં હેત કરાવવાનું હોય ને સ્વાર્થી હોય તેને તો પોતાની ઉપર તેનું હેત કરાવવાનું હોય માટે સ્વાર્થી સાધુ હોય તેને તો ઈન્દ્ર બ્રહ્માદિક દેવ જેવો ભગવદ્ ભક્ત જાણવો અને જે સ્વાર્થે રહિત હોય તેને નારદ, સનકાદિક, શુકદેવ ને જડભરતાદિક જેવો સાધુ જાણવો. ॥ ૭૨ ॥

અને શ્રીહરિના ધ્યાન કરતાં પણ જ્ઞાન અધિક છે. તે જ્ઞાન તે શું જે, ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા ને ભગવાનને અર્થે જે જે કરવાનું છે તેને જાણવું તથા જીવ, ઈશ્વર, પ્રકૃતિ, પુરુષ, અક્ષર, એમના સ્વરૂપને ને ધર્મ, વૈરાગ્યના સ્વરૂપને જાણવું તથા ભગવાનના ભક્ત જેવા હોય જે આને તો સર્વથી ભગવાન જ અધિકપણે છે અને જે ભગવાનના ગમતા પ્રમાણે જ વર્તતો હોય તથા વર્તવાનું હોય ને પોતાનું ગમતું કરવાનો સ્વભાવ ન હોય. ને તે હોય તો તેને ટાળ્યાનો આગ્રહ હોય ને જેને ભગવાનમાં પ્રીતિ હોય ને કાંઈક પોતાનું મનગમતું કરવાનું પણ હોય. એવો હોય તેને પણ જાણવો. ઈત્યાદિક જ્ઞાન કહેવાય ને એવું જ્ઞાન હોય તો તેમાં સહેજે ભગવાનનું ધ્યાન થાશે, માટે એ સર્વે વાતને જાણવી ને જરૂર પોતાને મુખે કરીને કહેવી તે જેટલી જોગ્ય હોય તેટલી કહેવી અથવા ન કહેવી. તેમાં તો દેશકાળનો અનુસાર જાણવો અને એ સર્વે વાતને ન જાણે તો ભગવાનનો શ્રેષ્ઠ ભક્ત હોય તેને મધ્યમ ને કનિષ્ઠ જેવો જાણે. ને મધ્યમને ને કનિષ્ઠને શ્રેષ્ઠ જેવો જાણે પછી એ ભક્ત વૃદ્ધિને ન પામે કેમ જે એ જાણે નહિ માટે જેવા તેવાનો સંગ કરે પણ શ્રેષ્ઠનો સંગ ન કરે ને પોતે સારા જેવો હોય પણ ઉતરતાને સંગે ઉતરતો થાય ને ઉતરતાને હેતે કરીને પક્ષ લઈને મોટાનો અભાવ લે ને તેના પક્ષ તથા મોબતમાં દબાઈ રહે એવી રીતે જાણવા ન જાણવામાં ગુણ દોષ છે. ॥ ૭૩ ॥

અને વિષય છે તેના દોષને વારંવાર વિચાર્યા કરવા ને તે વિષયનો ત્યાગ કરવો ને એવી વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો તો એ વિષય જીવમાં પેશી ન જાય ને એમ ન કરે તો જરૂર વિષય જીવમાં પેશી જાય ને એના જીવને બાધ પમાડી દે એવા એ વિષય ભૂંડા છે એમ જાણવું. ॥ અને એમ વિચાર કરતાં કરતાં જ્યારે એને આમ ખચિત જણાઈ જાય જે સ્ત્રી, ધન, માન, સ્વાદ, કામ, ક્રોધાદિક જે જે આલોક પરલોક સંબંધી પંચવિષયનું માયિક સુખ છે તેને વિષે સહજ સ્વભાવે લાખો ક્લેશ જણાયા કરે ને દોષ, દુઃખ, ભય જણાયા કરે ને એમાં સુખ છે એવો તો મનમાં સંકલ્પ પણ ક્યારેય ન થાય ને કેવળ આત્મા રૂપ થઈને પરમાત્માનું

ચિંતવન કરવું તેમાં જ એક સુખ જણાય એવી રીતે તે ભક્તનો સહજ સ્વભાવ થઈ જાય ત્યારે જાણીયે જે તે ભક્તને જે કરવાનું હતું તે સિદ્ધ થયું. ને એ સંતનો જ્યારે એવો સ્વભાવ થઈ જાય ત્યારે કોઈ વિષય સુખ પામવાનું એ જતન કરે જ નહિ ને સહેજે મળે એવે અન્ન વસ્ત્રાદિકે કરીને એ દેહ નિર્વાહ કરે. ॥ ૭૪ ॥

અને સંતને મનગમતું કરવામાં ભેદ છે તે કઈ રીતે જે એક તો ભગવાનની આજ્ઞા પ્રમાણે ત્યાગ વૈરાગ્ય રાખે તથા રૂડા સાધુનો સંગ રાખે તથા આત્મનિષ્ઠા, ભગવાનનું માહાત્મ્ય ને પંચવર્તમાનના નિયમ પ્રમાણે વર્તવું ને નવ પ્રકારે ભક્તિ કરવી ઈત્યાદિક ભગવાનની આજ્ઞા પ્રમાણે મનગમતું કરવું તે બીજા કોઈ તેને મુકાવે તો મુકે જ નહિ એવું પણ એમનું ગમતું કહેવાય પણ એ મન ગમતું તે ઠીક છે પણ એમાં બાધ નથી ને એવા મન ગમતાને તો મોટા સંત કોઈ રીતે મુકે જ નહિ ને કોઈક સ્વાર્થને અર્થે મુકાવે તો તેને સ્વાર્થી જાણીને મુકે નહિ ને તેને દુઃખ ન લાગે એવી કળા કરીને જેમ પોતાને દુઃખ ન થાય તેમ વર્તવું પણ એ મન ગમતાને મુકવું નહિ. ॥ અને બીજું મન ગમતું જે ભગવાનની આજ્ઞા પ્રમાણે તો અતિશે ન હોય ને પોતાના સ્વભાવ પ્રમાણે વર્તવું ને તેવાનો સંગ કરવો ને તેવે ઠેકાણે રહેવું ને તેવી ક્રિયા કરવી. ઈત્યાદિક મન ગમતું તે ખોટું છે ને એ બેયને જે સમાન જાણે તે મૂર્ખ છે. ॥ ૭૫ ॥

અને ક્રોધ પણ બે પ્રકારનો છે. એક તો કોઈક બીજો પોતાને વિષયનો સંબંધ કરાવવા આવે તો તેની ઉપર ક્રોધ કરે તથા કોઈક અવળે માર્ગે ચાલતો હોય તો તેને સવળે માર્ગે ચલાવવાને અર્થે ક્રોધ કરે ને તેને શિક્ષાનાં વચન કહે તથા કોઈક પોતાને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવા થકી કાંઈક નિષેધ કરે ત્યારે તેની ઉપર રીશ કરીને તેને કઠણ વચન કહે ને એને વિષે ક્રોધ કરીને ન કહે તો તેને માને નહિ. ને નરમ થઈ જાય ને આકરપ ન રાખે તો ત્યાગ વૈરાગ્યાદિક પ્રમાણે વરતાય નહિ ને કોઈની મોબતમાં લેવાઈ જાય તો મૂળગો ઉતરતો સ્વભાવ થઈ જાય તો તેમાં શો સાર છે ? ॥ અને બીજો તો પોતાને મનગમતો વિષય ન મળે તથા મનગમતું ખાન, પાન, સ્થાનક, વસ્ત્ર, શિષ્યાદિક ન મળે તેને અર્થે ક્રોધ કરે ત્યારે એ ક્રોધ તે ભૂંડો છે અને એ બે પ્રકારના ક્રોધને વિષે સમાનપણું જાણે છે તે વિવેકે રહિત છે ને મૂર્ખ છે. ॥ ૭૬ ॥

અને જેને કોઈ પદાર્થની ઈચ્છા નહિ તે હરિનો એકાંતિક ભક્ત થયો તેને પણ હરિ ને હરિના ભક્તની સેવા તો કરવી. કેમ જે એ તો સર્વથી

શ્રેષ્ઠ છે ને બીજા સર્વે સાધન તો એને અર્થે છે તથા એવાને પણ ભગવાનના ખરેખરા ભક્તનો સંગ રાખવો. ॥ ૭૭ ॥

અને જે બાળપણામાંથી ત્યાગી થયો છે તેણે તો સ્ત્રી આદિક વિષય ભોગવ્યા નથી ને તેને વિષયભોગની વાસના ઉદે થાય છે તે શાણે કરીને થાય છે ? તો બીજા તે વિષયને ભોગવતા હોય તેને દેખે તથા તે જાત્યની વાર્તા સાંભળે તેણે કરીને તેના મનમાં તે વિષયને વિષે સુખની ભાવના થઈ આવે છે. માટે તે વિષયનો એ ત્યાગ રાખે તો ઠીક ને વિષયનો જોગ કરે તો તેને મુકી શકે નહિ. અને જે વિષયને સેવતો હોય પણ જો તે વિષયના અભાવે સહિત સેવતો હોય ને તે વિષયનો ત્યાગ કરે તો થોડાક દિવસ સુધી તો તે વિષય સાંભરે પણ પછી તેની વિસ્મૃતિ થઈ જાય. ને જ્ઞાન, વૈરાગ્ય ને હરિનું માહાત્મ્ય તેનો નિરંતર આગ્રહપૂર્વક દઢ અભ્યાસ કરીને તે વિષયને વિષે ક્લેશ, દુઃખ ને દોષની જ દઢ ભાવના થઈ જાય ને કોઈ કાળે એમાં સુખની ભાવના તો થાય જ નહિ ને એની અતિ તુચ્છતા જણાઈ જાય. જેમ કોઈક પદાર્થ હોય તેમાં માલ જેવો છે તેવો જાણ્યો પછી તેમાં એવો ભાવ થાય જે ‘‘આ પદાર્થ તે આવું છે એની વારંવાર શી તથ્યા કરવી’’ જેમ પોતાના ભૂંડાનો કરનારો માણસ હોય અથવા શત્રુ હોય તેને દેખીને અથવા તે ભેળે રહીએ પણ તેના અભાવની મનમાં ભાવના છે તેણે કરીને તેમની ઉપર હેત થાય જ નહિ. તેમ વિષયનો અભાવ થયો હોય જે એ વિષય તો દુઃખરૂપ જ છે ને એમાં કાંઈક સુખની ભાવના રહી જાય છે તે એવા અભ્યાસની દઢતા બિના રહી જાય છે માટે નિરંતર દઢ અભ્યાસ કરવો. ॥ ૭૮ ॥

અને જેમ થોડી બુદ્ધિવાળો પુરુષ હોય પણ તે જો વિદ્યા ભણ્યાનો અભ્યાસ અતિશે મન, કર્મ, વચને કરીને વેગે સહિત કરે તો તેને વિદ્યા આવડે ને બુદ્ધિવાન હોય પણ અભ્યાસ ન કરે તો કોઈ વિદ્યા પણ ન આવડે. તેમ જો એ વિષયનો અભાવ કર્યાનો દઢ અભ્યાસ રાખે તો તે જરૂર થાય અને જેને એવો અભ્યાસ નથી થાતો તો એને એનો શુદ્ધો ખપ નથી ને જો ખપ થાય તો જરૂર અભ્યાસ કરે કેમ જે જગતમાં દેખાય છે જે જેને જે જે સ્ત્રી, ધન, રાજ્ય, માન, સ્વાદ તેનો ખપ છે તો તેનો અભ્યાસ કરીને તેને સિદ્ધ કરે છે ને તેમાં દૈહિક દુઃખ થાય છે તેને ગણતા નથી ને રાત દિવસ તેના જ મનસુબા કરે છે તેમ અભ્યાસ રાખવો અને એવો અભ્યાસ તો નથી કર્યો ને જે સહજ સ્વભાવે સાત્વિકપણાની

પ્રકૃતિ થકી અથવા થોડુંક હરિનું માહાત્મ્ય જાણીને નિયમમાં રહીને જે વિષયના ત્યાગી જણાય છે તે જો વિષયનો ત્યાગજ રાખે ને તેનો સંબંધ જ થાવા ને દે તો તો એ પાર પડે ને જો વિષયનો સંબંધ એને વિષમ દેશ, કાળ, સંગે કરીને થઈ જાય તો તે વિષયને મુકી શકે નહિ કેમ જે આવો અભ્યાસ કરીને એણે વિષયની તુચ્છતા જાણી નથી ને જેણે અભ્યાસે કરીને વિષયની તુચ્છતા જાણી છે તે તો વિષયને ગ્રહણ કરે પણ મુકવા ઘટે તો મુકી દે ને તેના ગ્રહણ ત્યાગને વિષે સ્વતંત્ર થાય પણ બંધાઈ રહે નહિ. માટે એને એનો ભય નથી ને જેણે આવો અભ્યાસ નથી કર્યો તેને ભય છે. માટે નિરંતર વિષયના દુઃખપણાની ભાવનાનો અભ્યાસ રાખવો. ॥ ૭૯ ॥

અને જેમ કામાદિક દોષ છે તે ભક્તને ભગવાન સાથે અંતરાય કરે છે તેમ જ એ દોષ ન હોય તો પણ જો એને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા એવા જે એકાંતિક ભક્ત તેનો સમાગમ ન હોય તો એને ભગવાન સાથે અંતરાય રહી જાય. કેમ જે એ એકાંતિક ન હોય તેથી તેને ભગવાનની મરજી પ્રમાણે વર્તવાની રીત યથાર્થ આવડતી ન હોય ત્યારે એના સંગના કરવા વાળાને તે રીત ક્યાંથી શિખવે ? માટે એને ભગવાન સાથે અંતરાય રહી જાય છે. માટે જેને અંતરાય ન રાખવો હોય તેને એકાંતિક ભક્ત સાથે હેત ને સંગ કરવો. ॥ ૮૦ ॥

અને એક તો જે ભક્તને જ્ઞાનાંશની યથાર્થ દૃઢતા હોય તેમાં કોઈ જાતની કસર રહેતી નથી, અને બીજો જેને ભગવાન ને ભગવાનના ખરેખરા એકાંતિક ભક્તનો દૃઢ વિશ્વાસ હોય તેણે કરીને જેમ એ કહે તેમ જ એ મન, કર્મ, વચને વર્તે તો તેમાં પણ કોઈ જાતની કસર ન રહે, ને પ્રથમ કહ્યો તેનો જે સંગ કરે તેને તે પોતા જેવો કરે ને બીજો તે પોતાના જીવાત્માનું જ રુડું કરે પણ બીજાને સમજાવી શકે નહિ. એટલો એ બેમાં ભેદ છે. ॥ ૮૧ ॥

અને શ્રીજીમહારાજે પોતાની રુચિ પોતાને મુખવચને કરીને પોતે કહી છે તે રુચિને યથાર્થ જાણીને તે પ્રમાણે જ ભક્તે પોતાની રુચિ કરી હોય તેને જ શાસ્ત્રનો અર્થ યથાર્થ સમજાય ને જે એવો ન હોય તેને તો પોતાની રુચિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ સમજાય છે. ॥ ૮૨ ॥

અને કોઈક ભક્ત થોડું કરે છે તેની ઉપર ભગવાન રાજી થાય છે ને કોઈક ભક્ત જાજું કરે છે તેની ઉપર પણ ભગવાન રાજી નથી થાતા. તેનો

એ અભિપ્રાય છે જે થોડું કરે છે પણ તે ભગવાનની મરજી પ્રમાણે કરે છે માટે રાજી થાય છે ને જાઝું કરે છે પણ તે પોતાના મનગમતા પ્રમાણે કરે છે માટે તેની ઉપર ભગવાન રાજી થાતા નથી. ॥ ૮૩ ॥

અને ભગવાનના ભક્તને આ ત્રણ વાનાં નિરંતર કરવાના છે. એક તો ભગવાનના ખરેખરા ભક્ત હોય તેની ઉપર એવું હેત કરવું જે એથી કાંઈ અધિક ન રહે એવું નક્કી હેત કરવું. ને બીજું કામ લોભાદિક શત્રુ તથા દેહાભિમાન તેને ટાળી નાખીને ધર્મ વૈરાગ્યે સહિત આત્મનિષ્ઠા કખચિત સિદ્ધ કરવી અને ત્રીજું કોઈ જીવને એના મોક્ષની વાત ખરેખરી સમજાવવી એવી દયા રાખવી પણ તેમાં પોતાના બંધન કોઈ જાતનું ન થાય એવી કળા રાખવી. એ ત્રણ વાતો ખટકો રાખીને નિરંતર કરવાની છે. ॥ ૮૪ ॥

અને ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા ને ભગવાનને વિષે પ્રીતિ એ બેનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ તે કર્યા કરવા. પણ એ નિષ્ઠા જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી સંતોષ ન પામવો અને તે આત્મનિષ્ઠા કેવી સિદ્ધ કરવી તો એક આત્માને વિષે જ સુખપણાની ભાવના રહે અને તે આત્મા વિના જે બીજા માયિક આકારમાત્ર તેને વિષે કેવળ દુઃખ જ જણાયા કરે ને ચાર પ્રકારના પ્રલયમાં જે જે આકારનો વિનાશ થાય છે તેને વિષે કેવળ દુઃખની જ ભાવના જણાયા કરે. ॥ ને પ્રીતિ તો બે પ્રકારે સિદ્ધ કરવી જે ॥ કામાર્તતસ્કર ॥ એ શ્લોકમાં જેમ કહ્યું છે તેમ અંતઃકરણે કરીને પ્રીતિ સિદ્ધ કરવી. તથા ॥ સાધ્વી ચકોરશલમાઃ ॥ એમાં કહ્યું છે તેમ દેહે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી. એવી રીતે એ બે પ્રકારની નિષ્ઠાને શ્રવણ, મનન ને નિદિધ્યાસે કરીને સિદ્ધ કરવી. ॥ ૮૫ ॥

અને ઉપાસક ઉપાસ્ય ને ધામ એ ત્રણની જે શુદ્ધિ તેને યથાર્થ જાણીને ભગવાનને ભજે તો તેને કોઈ જાતની કસર ન રહે તે માટે તે ત્રણ્યનાં સ્વરૂપ કહીએ છીએ. ઉપાસક જે ભગવાનની ઉપાસનાનો કરનારો જીવાત્મા તેને વિષે અક્ષરની ભાવના દઢ કરવી ને તે અક્ષર વિના જે પ્રકૃતિ પુરુષાદિક ભાવ તે કોઈમાં એનું મન સ્થિરતાને પામે નહિ ને એક અક્ષરભાવને વિષે સ્થિર થાય. એ ઉપાસકની શુદ્ધિ કહેવાય. ॥ અને ઉપાસ્યમૂર્તિ જે શ્રીહરિ તેનું જેવું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિક છે તેવું અક્ષરાદિક કોઈને વિષે નથી ને એ ભગવાનનાં સ્વરૂપાદિક તે અપરિમિત છે ને અક્ષરાદિક સર્વેથી વિલક્ષણ છે. એવી રીતે શ્રીહરિ જે ઉપાસ્ય તેની શુદ્ધિ જાણવી. ॥ અને એ શ્રીહરિનું ધામ

અક્ષર છે ને પોતે પોતાને અનુરૂપ તે અક્ષરધામ માન્યું છે ને બીજાં જે ધામ છે તેમાં પોતે દેખાય છે તે તો તે ધામના નિવાસી ભક્તને સુખ દેવાને અર્થે તે ભક્તની રુચિ અનુસારે દેખાય છે. જેમ પૃથ્વીને વિષે ભગવાન દેખાય છે તે મનુષ્યરૂપ ભક્તને સુખ દેવાને અર્થે તેની રુચિ અનુસાર દેખાય છે તેમ બીજા ધામમાં દેખાય છે. એવી રીતે ધામની શુદ્ધિ જાણવી. ।। ૮૬ ।।

અને ઉપાસક, ઉપાસ્ય ને ધામ એ ત્રણ પ્રકારને જાણતો જે ભક્ત તેણે કેવા ભક્ત સાથે પ્રીતિ રાખવી ? તો જે ભક્ત પોતે અક્ષરભાવને પામીને એ અક્ષરધામને વિષે રહ્યા જે એ પુરુષોત્તમ તેને વિષે અત્યંતપણે જોડાણો હોય ને તેથી જે ઓરાભાવ છે તે કોઈને વિષે ન જોડાય ને બીજા ધામમાં જે ભગવાનની મૂર્તિઓ રહી છે તથા સુખ ઐશ્વર્ય રહ્યાં છે તે કોઈને વિષે આનંદ ન પામે. એવી રીતનો જે હોય તેની સાથે જ ગુરુભાવ ને મિત્રભાવ રાખવો. ને જે ભક્ત એવો ન હોય તેને વિષે શિષ્યભાવ રાખવો ને તેને તો એમ જાણવો જે જેવી રીતે જે જે ભક્ત ભગવાનને ભજે છે તે રુડા છે ને ધીરે ધીરે કાળે કરીને પ્રથમના જેવા સર્વોત્કૃષ્ટભાવને પામશે માટે એ પણ ઠીક છે ને નમસ્કાર કરવા યોગ્ય છે એમ સમજવું. ।। ૮૭ ।।

અને ભગવાનના ભક્તને વિષે કોઈ જાતનો દોષ કેમ રહી જાય છે ? તો એ દોષ મોટો છે પણ તેને વિષે એને અલ્પપણું જણાય છે તથા એ દોષને વિષે એને કોઈ જાતનો ગુણભાવ રહે છે તેણે કરીને એ દોષ રહે છે. ને એ દોષને વિષે અલ્પપણું ને ગુણભાવ રહે છે તેના ચાર હેતુ છે. એક અજ્ઞાન, બીજો મોહ, ત્રીજો પ્રમાદ, ને ચોથું આળસ. તે એ ચાર જાય તો એ બે વાનાં જાય એમ સમજવું. ।। ૮૮ ।।

અને વિષય છે તે બે પ્રકારના છે. એક સ્થૂળ અને બીજા સૂક્ષ્મ. તેમાં સ્થૂળ કીયા તો જેની ઉપર પોતાને અતિશે ભાવ ન હોય ને અભાવ પણ ન હોય ને ન જોઈતા હોય ને સહેજે આવે એવા જે વિષય તેને સ્થૂળ કહેવાય તે ત્યાગ કરવા અતિશે કઠણ નથી. ।। ને સૂક્ષ્મ વિષય કીયા તો જેની ઉપર પોતાના મનને અતિશે રુચિ હોય ને પોતાના મનને અતિશે ગમતા હોય તે વિષય ત્યાગ કરવા ઘણા કઠણ છે ને એમને ટાળ્યાનો તો એ મોટો ઉપાય છે જે સ્ત્રી, ધન, સ્વાદ, માન, આદિક જે જે ઉપર પોતાના મનને રુચિ હોય તે વિષયને વિષે દોષ બુદ્ધિનો અતિશે વિચાર થાવા લાગે ને તે મનગમતા

વિષયનો ત્યાગ કરે તે દોષબુદ્ધિયે જુક્ત ત્યાગ કરે ને મનમાં એ વિષયની દોષબુદ્ધિની ગ્રંથિ પડે ત્યારે ટળે. ને ઉપરથી ત્યાગ કર્યો હોય તો એ વિષયનો જોગ ન હોય તો તો ત્યાગ રહે ને જ્યારે એનો જોગ થાય ત્યારે તેમાં બંધાય ને દોષબુદ્ધિની દૃઢતા થઈ હોય તો જ્યારે એ વિષય સાંભરે તે ભેળે દોષબુદ્ધિની પણ સ્મૃતિ થઈ આવે માટે એ વિષયમાં જોડાય જ નહિ. અને એમાં એમ દોષ દૃષ્ટિ કરવી જે એ સ્ત્રી ધનાદિકને વિષે અનેક દુઃખ, ક્લેશ, પ્રયાસ, શોક, મોહાદિક રહ્યા છે ને એમાં ત્રિકાળે સુખનો તો ગંધ પણ નથી અને પોતાને આત્મારૂપ માનીને ભગવાનનું ધ્યાન કરવું તથા કીર્તન ગુણવર્ણન કરવા તેમાં જ પરમ સુખ રહ્યું છે, એ આદિક ભગવાનનું માહાત્મ્ય વિચારીને બીજાં જેટલાં માયિક સુખ, ભોગ, લોક ને દેહ તેમાં કેવળ દુઃખના સમૂહ નજરે આવે ત્યારે એ સૂક્ષ્મ વિષય ટળી જાય છે. ॥ ૮૯ ॥

અને વિષયાસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, માનાદિક દુષ્ટ સ્વભાવ તે કેના ટળે ? તો જે ભક્ત જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવાનનું માહાત્મ્ય એ આદિક સાધનને અભ્યાસે કરીને ધીરે ધીરે તે સ્વભાવને ટાળતો જાય ને થોડો થોડો તે સ્વભાવ ટાળવાનો જે આગ્રહ તે રાખવા ઉપર નજર હોય તો તે સર્વે ધીરે ધીરે કાળે કરીને ટળી જાય. જેમ ઘટગામીની તિથિ તે ધીરે ધીરે ઘટતી ઘટતી ક્ષય પામી જાય છે તેમ તે દોષ મૂળમાંથી ઉખડી જાય. અને તે દોષ કેના ન ટળે ? તો તે દોષને ઘટાડે તો નહિ ને મૂળગો વધારતો જાય ને તે દોષ જેમ જેમ વધે તેવાં સ્થાનક, પદાર્થ ને સંગ, તેનું સેવન કરતો જાય તેને તો તે દોષને ઘટાડે તો નહિ ને મૂળગો વધારતો જાય ને તે દોષ જેમ જેમ વધે તેવાં સ્થાનક, પદાર્થ ને સંગ, તેનું સેવન કરતો જાય તેને તો તે દોષ વધતા જાય ને તેથી અંતે તે સત્સંગમાંથી વિમુખ પણ થાય. જેમ વૃદ્ધિ તિથિ છે તે થોડી થોડી વધતી વધતી વધીને સાઠ ઘડીની થાય છે તેમ તે દોષ વધતા જાય છે. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે દોષ વધે એવું આચરણ ન કરવું ને જેવી રીતે તે દોષ ઘટે તેવી રીતના વિચારમાં રહેવું તથા તેવું આચરણ કરવું. ॥ ૯૦ ॥

અને જગતમાં મોટાં માણસને તથા રાજાને સત્સંગ થાય તથા ઘણા માણસને સત્સંગ થાય તથા મંદિરમાં ને આચાર્યના ઘરમાં ઘણી ઉપજ વધે તથા મોટી આબરૂ થાય પણ જો પોતાનો કોઈક સ્વભાવ વધી જાય ને સત્સંગમાંથી પાછું પડી જવાય તો તે સર્વે આપણા જીવના કલ્યાણને અર્થે શા પ્રયોજનમાં આવ્યાં ? એણે કરીને

પોતાનું કાંઈ કલ્યાણરૂપ કાર્ય સિદ્ધ ન થયું. જેમ કોઈક માંદો પડ્યો તેને સારાં-સારાં ભોજન, દૂધ, સાકર, ઘી હોય તે શા કામમાં આવે ? તેમાંથી લગારેય પણ ખવાય નહિ. તેમ તે સર્વે તેના કામમાં ન આવે. તે માટે પ્રથમ તો પોતાનો સત્સંગમાં અચળ પાયો થાય ને દેશકાળાદિક વિષમ થાય તો પણ કોઈ રીતે પાછું પડાય નહિ એવો પોતાનો જીવ સાધને કરીને સિદ્ધ કરવો ને પોતાનો કોઈ અયોગ્ય સ્વભાવ હોય તેની ઉપર દોષદૃષ્ટિ રાખીને તેને ટાળવાનો નિરંતર આગ્રહ રાખવો ને એનો ઘણો ખટકો રાખવો ને એમ કરતાં કરતાં સત્સંગ કરાવવો ને સત્સંગનો મમત્વ રાખવો ને ઉત્કર્ષ પણ યથાશક્તિ કરવો પણ સ્વભાવની ઉપર તો દૃષ્ટિ નહિ ને કેવળ સત્સંગ કરાવવા ઉપર તથા વધારવા ઉપર નજર ન રાખવી આટલી વાત સમજ્યો ત્યારે જાણીએ જે એને સત્સંગના નોરની સમજણ આવી છે. ॥ ૯૧ ॥

અને સત્સંગ સંબંધી તથા મંદિર સંબંધી જે જે ક્રિયા કરવી તથા જ્ઞાન, ધ્યાન, તપ, વ્રતાદિક જે જે રૂડી ક્રિયા કરવી તે ભેળું દેહાભિમાન પણ વધતું જાય એવો જીવનો સ્વભાવ છે તે કેમ સમજે તો ન થાય ? ત્યારે તેનો ઉત્તર જે જેને શાસ્ત્રમાં બુદ્ધિ પુગતી હોય તથા મોટા સાધુનો જેને વિશ્વાસ હોય તેને દેહાભિમાન ન આવે. ॥ ૯૨ ॥

અને વિદ્યા, બુદ્ધિ, કળા, ચાતુરી, ગાવવું એ આદિક જે જે વ્યવહારિક ગુણ છે તે કેને પોતાના કલ્યાણને અર્થે થાય છે ? તો જેને કેવળ પોતાનું કલ્યાણ કરવું હોય ને પોતાના દોષ ટાળીને ભગવાનના એકાંતિક ભક્ત થાવું હોય એવો જેનો સત્ આશય હોય તે તો એ પોતાના ગુણને સત્સંગના કામમાં વાવરે એટલે એને એ પોતાના ગુણ કલ્યાણને અર્થે થાય છે. ॥ અને જેને પંચ વિષયના સુખને દેહે કરીને ને મને કરીને પામવાની ઇચ્છા હોય એવા અસત્ આશય વાળાને એ ગુણ વિષયસુખ પામ્યાને અર્થે જ થાય છે. પણ પોતાના કલ્યાણને અર્થે નથી થાતા. ॥ ૯૩ ॥

અને ચાર અંતઃકરણને જીતવાના ઉપાય કહીએ છીએ. તેમાં બુદ્ધિને એમ જીતવી જે બુદ્ધિને વિષે માયિક પદાર્થ માત્રના આકારના નિશ્ચય થાય છે તે સર્વે પદાર્થના ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંતપણાનો નિશ્ચય થાય ને પોતાનો આત્મા તથા ભગવાન ને ભગવાનનું ધામ ને તે ધામના મુક્ત એમના અવિનાશિપણાનો નિશ્ચય થાય. એવી રીતે જો બુદ્ધિમાં એ બે પ્રકારના નિશ્ચયની

દ્દઢતા થઈ ત્યારે બુદ્ધિ જીતાઈ જાણવી. ॥ અને મનને એમ જીતવું જે મન છે તે માયિક પદાર્થના સંકલ્પ કરવો એવો એનો સ્વભાવ છે. તે મનને તે પદાર્થના સંકલ્પ ન કરવા દેવા ને તે સંકલ્પથી પાછું વાળીને ને તે સંકલ્પને મુકી દઈને ભગવાનની મૂર્તિના સંકલ્પ કરવા તથા ભગવાનની લીલા ચરિત્રના સંકલ્પ કરવા. એવી રીતે મનને જીતાય. ॥ અને ચિત્તને એમ જીતવું જે ચિત્તને વિષે માયિક પદાર્થના આકાર તે ચિતવને કરીને સ્ફુરી આવે છે તે ચિત્તનું આત્માકારપણે કરીને ઉપશમ થાય ત્યારે તે આકારની વિસ્મૃતિ થાય પછી એક ભગવાનના આકારનું ચિંતવન કરવું. એવી રીતે ચિત્ત જીતાય. ॥ અને અહંકારને એમ જીતવો જે અહંકાર છે તે વર્ણ, આશ્રમ, જાતિ, કુળ, રૂપ, ગુણ તેને વિષે અહંપણું ધરે છે ને પોતાને તેવે આકારે માને છે તે અહંપણાને મુકીને આત્માને વિષે અહંપણું માનવું. જે હું તો જાણપણે જુક્ત એવો જે આત્મા છે તું પણ વર્ણાશ્રમાદિક ધર્મવાળો જે દેહ તે હું નહિ એવો નિરંતર અભ્યાસ કરવો ત્યારે અહંકાર જીતાય. ॥ ૯૪ ॥

અને ઈન્દ્રિયો છે તે તો શાસ્ત્રમાં કહ્યા જે પોતપોતાના નિયમ તેણે કરીને જીતાય છે એમ જાણવું તે નિયમ કીયા ? તો શ્રવણે કરીને ભગવાનના જશ સાંભળવા તથા ત્વચાયે કરીને ભગવાનનો સ્પર્શ કરવો ને નેત્રે કરીને ભગવાનનાં ને સંતનાં દર્શન કરવાં તથા નાસિકાયે કરીને ભગવાનનાં ને સંતનાં પ્રસાદી એવાં જે પુષ્પચંદન તેનો સુગંધ લેવો તથા વાણીયે કરીને ભગવાનનાં ચરિત્ર તથા જશ કહેવા તથા રસનાયે કરીને ભગવાનનો પઉસાદ લેવો તથા હાથે કરીને ભગવાનની ને સંતની તથા મંદિરની સેવા પરિચર્યા કરવી તથા પગે કરીને ભગવાન સંબંધી સેવાને અર્થે ચાલવું પણ આડા-અવળા ફરવું નહિ એવી રીતે દશ ઈન્દ્રિયુંને નિયમમાં રાખે તો તે જીતાય ને અખંડ ભગવાન સાંભરે ને તેને કોઈ સ્વભાવ પણ ન રહે. ॥ ૯૫ ॥

અને આ જીવને વિપરીત ફળ થાય છે તે પણ જાણ્યું જોઈએ. તે વિપરીત ફળ તે શું ? તો વિષયનો ત્યાગ કરવાને આવ્યા ને વિષય વળગ્યા, ને સંતમાં હેત કરવા ને આવ્યા ને કુહેત થયું. ॥ ૯૬ ॥

અને સર્વે જીવમાત્ર છે તે પોતપોતાની પ્રકૃતિને ભજે છે. ને જે મુમુક્ષુ છે તે પોતાની પ્રકૃતિનો ત્યાગ કરીને ભગવાનની આજ્ઞામાં રહે છે. ને દેહમાં સુખ-દુ:ખમાં લેવાતા નથી. ॥ ૯૭ ॥

જેને આ દેહે કરીને ભગવાનને રાજી કરવા હોય તેને કોઈના બરોબરિયા થાવું નહિ. ને કોઈ સંગાથે પિતરાઈ દાવો બાંધવો નહિ. ને પોતાના દોષને ટાળવા ને ધર્મ પાળવો તેમાં કોઈનો વાદ ન લેવો. ને અનુવૃત્તિમાં રહેવું ને ગરીબ થાવું. ॥ ૯૮ ॥

અને જળજંતુ તો સર્વે કહેવાય પણ માછલાંને તો જળ છે તે જ જીવનપ્રાણ છે. ॥ ૯૯ ॥

અને શ્રીજીમહારાજે કહ્યું છે જે ''જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું તેવો તપ તથા દાન તથા તીર્થ તથા યજ્ઞ તથા અષ્ટાંગયોગ તેણે કરીને નથી થાતો.'' એવો જે સત્સંગ તે તો મોટા સંતના સમાગમ થકી સમજાય છે તે હેતુ માટે મન કર્મ તથા વચને કરીને તેનો સંગ કરવો. ॥ ૧૦૦ ॥

અને જેવો રાજા હોય તેવી જ તેની સભા હોય તેમ જેવું ગુરુમાં દૈવત હોય તેવું શિષ્યમાં દૈવત આવે છે. ॥ ૧૦૧ ॥

અને પોતે પોતાનું તળ તપાસ્યું ન હોય ને જો પોતાનું અપમાન થાય અથવા જેને ભજતા હોય તે જ પાડવાનું કરે તો સત્સંગ ન રહે. માટે તળ તપાસીને સત્સંગ કરવો તો સત્સંગ ન ટળે. તે ઉપર અમદાવાદના બે ગરાસિયાનું દૃષ્ટાંત લીધું. ॥ ૧૦૨ ॥

અને વાણિયાને બે હજારના લીંટા તાણેલા ચોપડા હોય તેમાંથી એક બદામ આવે નહિ. તેમ વિષયમાંથી એક પૈસાનો માલ નથી નિસરતો. ॥ ૧૦૩ ॥

અને કેટલાક મુમુક્ષુ છે તે તો સત્સંગ કરીને દિવસે દિવસે સત્સંગનો અભાવ કરે છે ને કેટલાક તો તેનો આદર કરે છે. ॥ ૧૦૪ ॥

અને શ્રીજીમહારાજ કહેતા જે ''સત્સંગ તો સર્વે કરે છે પણ સૌ આધારે કરીને સુખી રહે છે. કોઈ માન મોટાઈને આધારે ને કોઈ સારાં ખાધાને આધારે ને કોઈ સારાં વસ્ત્રને આધારે ને કોઈ ચેલાને આધારે સુખી રહે છે અને જે હરિના દાસ છે તેને તો ભગવાનની મૂર્તિ તેજ આધાર છે. જેમ દુબળા વાણિયાનો અજમે હાથ હોય તેમ તે ભગવાન વતેજ સુખી રહે છે.'' ॥ ૧૦૫ ॥

અને આપણને શ્રીજીમહારાજ મંદિર અધુરાં રહેશે તેનો ઠપકો નહિ દીયે ને હવેલી અધુરી રહેશે તેવો ઠપકો નહિ દીયે ને રૂપૈયાનો નહિ દીયે. આપણને તો જેટલો ધર્મ લોપાશે તેનો ઠપકો દેશે માટે ધર્મમાં ખબડદાર રહેવું તો ભગવાન રાજી થાશે. ॥ ૧૦૬ ॥

અને જે પુરુષે જેને વિષે પોતાનો સ્વાર્થ માન્યો હોય તેમાં લાખ દોષ હોય પણ તેને એકેય સુઝે નહિ ને પોતાનો પણ દોષ સુઝે નહિ જુઓને ઉપરિચરવસુને ન સુજ્યો તેણે કરીને પડ્યો. ॥ ૧૦૭ ॥

અને મુમુક્ષુ હોય તે તો એમ જાણે જે આપણે તો આજ્ઞામાં રહેવા આવ્યા છીયે પણ કોઈને આજ્ઞામાં રાખવા નથી આવ્યા. ને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી થાવા આવ્યા છીએ પણ તેને વધારવા નથી આવ્યા. ॥ ૧૦૮ ॥

અને જેવો જીવને બીજો આદર છે તેવો જો ભગવાન ભજ્યાનો આદર હોય ને વિષયને ટાળવાનો આદર હોય તો વિષયનો શો ભાર છે ? ને વિષયનું સુખ તો લાંપડાના તાપ જેવું છે. માટે વિષયને માર્ગે ચાલવું નહિ. એ સિદ્ધાંત વાત છે. ॥ ૧૦૯ ॥

અને જીવ માત્ર મોટેરા વતે સુખિયા ને મોટેરા વતે દુઃખિયા માટે મોટેરાને વિષે એ ત્રણ વાનાં જોઈએ. તે ધર્મ, ધીરજ ને જ્ઞાન તે હોય તો શોભે. ॥ ૧૧૦ ॥

અને જીવ માત્રને બે દુઃખ છે એક આધિ ને બીજું વ્યાધિ તેણે જાણે તથા બીજાં ત્રણ દુઃખ છે તે એક અન્ન, બીજું વસ્ત્ર ને ત્રીજું વચન તેને જાણીને વાત કરે તો સુખી રહે. ॥ ૧૧૧ ॥

અને એક સમે શ્રીજીમહારાજ બોલ્યા જે ''તમને ભૂત વળગે છે કે નથી વળગતું ?'' ત્યારે કોઈ ન બોલ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ''અમને ત્રણ્યને ન વળગે ને બીજાને ક્રોધરૂપી ભૂત વળગે છે, માનરૂપી ભૂત વળગે છે, લોભરૂપી ભૂત વળગે છે, સ્વાદરૂપી ભૂત વળગે છે ને કામરૂપી ભૂત વળગે છે.'' ॥ ૧૧૨ ॥

અને સિધુ પાણી ને ઇંધણાં એ ત્રણ્ય જો સારાં હોય તો રાંધનારને દાખડો પડે નહિ. તેમ સંગ, સ્થાન ને શ્રદ્ધા એ ત્રણ્ય જો સારાં હોય તો મુમુક્ષુને વિષય જીત્યામાં દાખડો ન પડે. દિન-દિન પ્રત્યે વૃદ્ધિને પામે તે વેલો જેમ ઝાડને જોગે વધે છે તેમ. ॥ ૧૧૩ ॥

અને જે પુરુષ વિષયનો પ્રસંગ રાખીને પોતાનું શ્રેય ઈચ્છે છે તે મૂર્ખ છે અને જે મુમુક્ષુ હોય તે તો નિત્યે પોતાના વર્તમાન તપાસી જુવે ને પોતાના શત્રુને તપાસે ને શત્રુને વશ ન કરતે. ॥ ૧૧૪ ॥

અને શ્રીજીમહારાજે કહ્યું જે ''ત્રણ્ય પ્રકારનો વાયુ વાય છે તેમાં તમારે કીયો વાયુ વાય છે ?'' એક તો એવો વાયુ વાય જે પાનડાં ખરે ને એક તો

ડાળાં ભાંગે ને એક તો ઝાડને મૂળમાંથી ઉખેડી નાંખે. એ તો દૃષ્ટાંત છે. તેમ એક તો સંકલ્પ થાય ને ટળી જાય ને એક તો પંચ વર્તમાનમાં ફેર પડે તેનું પ્રાયશ્ચિત્ત કરીને સત્સંગમાં રહે ને એક તો સત્સંગમાંથી જાતું રહેવાય. ॥ ૧૧૫ ॥

અને મા-બાપ થકી જે દેહ પમાય છે તે તો અજ્ઞાનમય છે અને ગુરુ થકી જે દેહ પમાય છે તે તો જ્ઞાનમય દેહ છે. ને મોક્ષનો હેતુ છે ને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિનો પમાડનારો છે. ॥ ૧૧૬ ॥

અને જે ત્યાગી હોય તેણે વિષયમાં રૂચિ ન રાખવી. રૂચિ તો ધર્મમાં રાખવી, વૈરાગ્યમાં રાખવી ને તપમાં રાખવી. પણ પદાર્થને વાસ્તે જુક્તિ કળા કરવી નહિ. ॥ ૧૧૭ ॥

અને જીવમાત્ર પાંચ વૃત્તિએ કરીને દેહની ક્રિયા કરે છે પણ એક વૃત્તિ જો ભગવાનમાં રાખે તો બહુ સમાસ થાય. ॥ ૧૧૮ ॥

અને પૂછ્યું જે ''વાતું સાંભળીને આવો વિચાર રાત દિવસ કરીએ છીએ પણ વાસના ટળતી નથી એનું શું કારણ છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ વાસના ટાળ્યાનો ઉપાય આજ ખરેખરો કહીએ છીએ જે તે વિષયના અભાવનો વિચાર કરે છે તે દેહમાં તથા ઈંદ્રિયુંમાં કરે છે પણ વિષયના દોષની શેડને જીવમાં ઉતારીને જીવમાં એ દોષનો પાસ બેસાર્યો નથી. માટે તે વિચાર એમ કરવો જે પ્રથમ તો કામમાં દોષ છે તેને વિચારતા વિચારતા તે દોષને દેહમાં ઉતારવા, પછી તે દોષને ઈન્દ્રિયુંમાં ઉતારવા, પછી તે દોષને ઈન્દ્રિયું થકી પર જે મન તેમાં ઉતારવા, પછી મનથી પર જે બુદ્ધિ તેમાં એ દોષને ઉતારવા ને પછી બુદ્ધિ થકી પર જે જીવ તેમાં એ દોષના ડંખ વારંવાર લગાડવા. તે જ્યાં સુધી જાગૃત, સ્વપ્ન ને સુષુપ્તિને વિષે નિરંતર એ દોષ જાણપણામાં રહે. તેવી રીતે લોભના દોષ છે તેને પણ પૂર્વે કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા તે નિરંતર જાણપણામાં રહે, તથા સ્વાદના, સ્નેહના ને માનના દોષને પણ એ પ્રમાણે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા. તેમજ મત્સર ઈર્ષા અને ક્રોધાદિક જે અધર્મનો સર્ગ છે તેમાં જે જે દોષ રહ્યા છે તેને જેમ છે તેમ યથાર્થ જાણીને તને પણ પૂર્વે કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને જીવમાં ઉતારવા ને વારંવાર અનુલોમ દૃષ્ટિ કરીને તે દોષનો વિચાર દૃઢ કરવો. પછી પ્રતિલોમ દૃષ્ટિએ કરીને તે દોષને જીવમાં ઉતારવા. તે એમ નિરંતર કર્યા કરવું જેથી એવી દોષ દૃષ્ટિ જીવના જાણપણામાં ત્રણેય અવસ્થાને વિષે નિરંતર રહે. પણ તેની ક્યારેય વિસ્મૃતિ થાય નહિ. ને

જ્યારે એ વિચાર જીવમાં ઠરે ત્યારે જીવમાં જે રાગ રહ્યા છે તે ધીરે ધીરે ટળે. ને એમ દોષને જીવમાં ઉતાર્યા વિના બીજાં કોટી સાધને કરીને પણ જીવમાંથી એ રાગ ટળે નહિ. ॥ ૧૧૯ ॥

અને ભગવાનનો નિશ્ચય પણ એમ કરવો જે મહારાજ પ્રથમ આવ્યા ત્યારે સ્ત્રીનો ગંધ આવે તો ઉલટી થઈ જાતી. ને પંચ વિષયનો ગંધ જ ન ગમતો. પછી આપણા કલ્યાણને અર્થે જે જે ખાનપાન વસ્ત્ર, ઘરેણાં આદિક સેવા કરી તેને અંગીકાર કર્યું. ને પાછા જ્યારે સ્વધામમાં જાવાના થયા ત્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વિષયનો અભાવ કરીને સ્વધામમાં પધાર્યા. ને વચમાં જે સેવા અંગીકાર કરી તે તો આપણા કલ્યાણને અર્થે કરી તે વિચારવું તથા મહારાજે જે પરચા જણાવ્યા તે વિચારવા તથા મહારાજનો જે અલૌકિક મહિમા તે વિચારવો તથા મહારાજ અંતકાળે પાત્રકુપાત્રને તેડીને પોતાના ધામમાં લઈ જાય છે તે તથા અવતાર અવતારીનાં જે લક્ષણ છે તે વિચારીને તથા મહારાજનાં જે અલૌકિક ઐશ્વર્ય તેને જોઈ તપાસ કરીને પછી મહારાજને સર્વ અવતારના અવતારી જાણવા. ને એ આદિક જે મહારાજનો મહિમા તેનો દૃઢ વિચાર કરીને અને જીવમાં ઉતારવો. ને પછી એ મહિમાને પ્રતિલોમ દૃષ્ટિએ કરીને જીવમાં રહેલું જે જાણપણું તેમાં ઉતારવો. ને એવી રીતે મહિમાને જીવમાં ઉતારીને નિશ્ચય કર્યો હોય તો એ નિશ્ચય કોઈ રીતે ન ટળે. માટે આ વિચાર નિત્યે કરવો. ॥ ૧૨૦ ॥

અને બે પ્રકારનું સત્ય જાણવું તેમાં એક તો એમ જે આ લોકમાં પોતાનું ને પારકું હિત થાય એવું સત્ય વચન બોલવું તેને લૌકિક સત્ય કહીએ. ને બીજું સત્ય જે આ લોક તથા દેવલોક તથા બ્રહ્મલોક તથા અનંતકોટિ બ્રહ્માંડ તથા અનંતકોટિ પ્રધાન પુરુષ એ સર્વેને નાશવંત જાણવા કેમ જે એ સર્વેને કાળ નાશ કરી નાખે છે અને પછી મૂળ પ્રકૃતિ પણ પુરુષને વિષે લીન થઈ જાય છે અને પુરુષ પણ અક્ષરને વિષે લીન થઈ જાય છે. એવી રીતે એ સર્વને નાશવંત જાણીને એ પ્રકૃતિના કાર્યને વિષે પ્રીતિ છે તે તોડીને ભગવાન સદા અક્ષરધામને વિષે વિરાજમાન છે તેને સત્ય જાણવા, તથા તે ભગવાનના ધામને સત્ય જાણવું તથા ભગવાનના ભક્તને સત્ય જાણવા. એવી રીતે જે જાણવું તેને અલૌકિક સત્ય કહેવાય. ॥ ૧૨૧ ॥

અને શૌચ ત્રણ પ્રકારનું છે. તેમાં એક તો દેહે કરીને પવિત્ર રહેવું તથા અંતઃકરણમાં કામ ક્રોધાદિકનો ઘાટ ન થાવા દેવો એ અંતઃકરણની શુદ્ધિ કહેવાય. અને જીવમાં અવ્યક્ત રાગ છે તેને ટાળીને એક ભગવાન વિના બીજી કોઈ જાતની ઈચ્છા ન રહે ત્યારે જીવની શુદ્ધિ થઈ કહેવાય. ॥ ૧૨૨ ॥

અને બે પ્રકારની દયા જાણવી. તેમાં એક તો એવી દયા કરે જે આ લોકમાં દેહે કરીને સુખિયો રહે પણ એ દયાયે કરીને તો જીવનો પરલોક બગડે ને એને બંધન થાય તે લૌકિક દયા કહેવાય. ને બીજી એવી દયા કરે જે દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે તથા દેહનાં સંબંધીને વિષે તથા આ લોકથી આરંભીને પ્રકૃતિ પર્યંત ક્યાંય પણ પ્રીતિ ન રહેવા દીયે ને એ સર્વેને વિષેથી પ્રીતિ તોડીને એક ભગવાનને વિષે પ્રીતિ કરવી ને પછી તે પ્રીતિને ભગવાનના સ્વરૂપને વિષે જોડે. તે એવી દયા તો ભગવાન તથા એકાંતિક મોટા સાધુને વિષે હોય ને તે અલૌકિક દયા કહેવાય. ॥ ૧૨૩ ॥

અને બે પ્રકારનું તપ જાણવું. તેમાં એક તો એમ જે જુવાન અવસ્થા જેને હોય તેણે વ્રત ઉપવાસાદિકે કરીને દેહને બળહીન કરી નાખવું ને શરીરમાં બળ ન હોય ત્યારે તો વિહિત ભોગનો સંકોચ કરવો તથા શીતઉશ્નાદિકનું સહન કરવું તેને તપ પણ કહીએ. ॥ અને બીજું ઈન્દ્રિયું તથા મન આદિક અંતઃકરણ એ સર્વેને એકાગ્ર કરીને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રાખવી તેને પણ તપ કહીએ અને તે અતિ ઉત્કૃષ્ટ તપ કહેવાય. ॥ ૧૨૪ ॥

અને અહંમમત્વ પણ બે પ્રકારનો છે એક દેહનો ને બીજો ભગવાનના મંદિર સંબંધી તથા એકાંતિક ધર્મ પાળવા સંબંધી તે. તેમાં દેહનો મમત્વ તો ભુંડું કરે એવો છે ને ભગવાન સંબંધી જે મમત્વ છે તે તો પોતાનો મોક્ષ કરે એવો છે. ॥ ૧૨૫ ॥

અને ધર્મ પણ બે પ્રકારનો છે તે જાણવો. તેમાં એક લૌકિક જે વર્ણાશ્રમનો ધર્મ પાળવો તે. અને તે ધર્મથી આ લોકમાં જ વિખ્યાતી થાય તથા પરલોકમાં વિષયને પમાડે અને એકાંતિક ધર્મે કરીને તો ભગવાનના અક્ષરધામને પામે છે. ॥ ૧૨૬ ॥

અને ભગવાનનું ધ્યાન કરવું તેના ત્રણ ભેદ છે. તેમાં બહાર લીલાનું ચિંતવન કરીને ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સ્થૂળ દેહને ધક્કો લગાડે. અને મનન દ્વારા ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સૂક્ષ્મ અને સ્થૂળ એ બેયને

ધક્કો લગાડે. અને ઈન્દ્રિયું અંતઃકરણ તથા માયિકભાવે રહિત કેવળ સત્તારૂપ થઈને પોતાને અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાનને પ્રતિલોમ વ્રત્તિયે સન્મુખ રહીને ધ્યાન કરે તો એ ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે ને કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થઈ જાય છે. એ શ્રેષ્ઠ ધ્યાન છે. ॥ ૧૨૭ ॥

અને ભગવાનના ભજનમાં ત્રણ ભેદ છે. તેમાં એક તો એમ જે જિહ્વાયે કરીને ભજન કરે તે સ્થૂળ દેહને બાળે. અને કંઠમાં ભજન કરે તે સૂક્ષ્મ તથા સ્થૂળ એ બેયને બાળે. અને જિહ્વા તથા કંઠને ન હલવા દીયે ને હૃદયને વિષે શ્વાસ ઉઠે છે ત્યાં ભજન કરવું તે કેવું છે ? તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે. માટે બુદ્ધિવાન હોય તે આ વાતને વિચારીને ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીર ન ગળે. ॥ ૧૨૮ ॥

અને ત્રણ પ્રકારનું બ્રહ્મચર્ય છે. તેમાં ઉત્તમ બ્રહ્મચર્ય તો એને કહીએ જે ત્રણે અવસ્થામાં કાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયુંને દેખે પણ રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય તથા સ્વપ્નમાં પણ વીર્યપાત ન થાય એવો જે હોય તે ઉત્તમ બ્રહ્મચર્યવાળો પુરુષ કહેવાય. ॥ અને મધ્યમ બ્રહ્મચર્ય એમ જે ત્રણે અવસ્થામાં એ ત્રણ પ્રકારની સ્ત્રીયુંને દેખે ત્યારે રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય પણ ક્યારેક રજોગુણને જોગે કરીને સ્વપ્ને વિષે જુવાન સ્ત્રીને દેખે તો કોઈક સમે મનમાં રાગ થાય અને વીર્યપાત તો તેને પણ ત્રણે અવસ્થામાં ન થાય એવો જે હોય તે મધ્યમ બ્રહ્મચર્ય વાળો પુરુષ કહેવાય. ॥ ને કનિષ્ઠ બ્રહ્મચર્યવાળો એને કહીએ જે જાગૃતમાં તો એ ત્રણેય પ્રકારની સ્ત્રીયુંને દેખે પણ રાગ ન થાય પણ સ્વપ્નને વિષે એ ત્રણે પ્રકારની સ્ત્રીયુંને દેખીને રાગ થાય ને કોઈક સમે વીર્યપાત પણ થાય તે કનિષ્ઠ બ્રહ્મચર્ય વાળો પુરુષ કહેવાય. ॥ એવી રીતે આ વાતને વિચારીને પોતાને ઉત્તમ બ્રહ્મચર્યમાં કાંઈ કસર હોય તો ધીરે ધીરે આગ્રહ કરીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત અતિ દઢ કરવું તો જ પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કસર હોય તો સેવામાં ન રહેવાય. ॥ ૧૨૯ ॥

અને હઠજોગ વિના ઉત્તમ બ્રહ્મચર્ય આવવું ઘણું કઠણ છે તો પણ આ કહીએ એવો ઉપાય અતિ દઢ કરીને પાળે તો ધીરે ધીરે તે સિદ્ધ થાય. તેનું સાધન

હવે કહીએ છીએ જે એક તો મનમાં અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી ને મનમાં સ્ત્રીનો સંકલ્પ થાય તો વીર્ય પાણી થઈને પરસેવો દ્વારે પણ નીકળી જાય. અને ધર્મામૃતમાં જે નિયમ કીધા છે તે દઢ પાળવા તથા ભગવાનનો મહિમા અતિ દઢ જાણવો તથા આત્મનિષ્ઠા અતિ પરિપક્વ કરવી તથા ઈન્દ્રિયું અંતઃકરણને જીતીને પોતાને વશ કરીને તે થકી અતિ વિરક્ત વરતવું તથા જેમ પટાનો રમનારો કોઈના લાગમાં નથી આવતો તેમ તે પણ ઈન્દ્રિયું અંતઃકરણના પેચમાં ન આવે આવી રીતની યોગરીતિને શિખે તથા દિવસે સૂવું નહિ અને અરધી રાગ ગયા પછી સૂવું. તેમાં પણ હરણની પેઠે ફડકો રાખે ને એક નિદ્રા આવ્યા પછી જ્યારે જમાય ત્યાર પછી ફરીને સૂવું નહિ તથા એક ઠેકાણે બેસવું ને બેસવું ત્યારે આસન વાળીને બેસવું ને પ્રયોજન વિના જ્યાં ત્યાં ફરવું નહિ તથા રસના ઈન્દ્રિયને જીતવી તેની વિગતિ જે આહાર કરવો તેમાં ખાવું ત્યારે ત્રીજા ભાગનો પાણીનો ભાગ રાખવો તે પણ એક વખત ખાવું ને કાચું કોરું કાંઈ ખાવું નહિ તથા અતિ મરચું, મીઠું કે આદુ ખાવું નહિ. અને અતિ ખટાશ ખાવી નહિ તથા અતિ ગળ્યું ચીકણું ખાવું નહિ. તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ તે સર્વે કામની ઉત્પત્તિનાં કારણ છે તે માટે એ સર્વે નિયમ અતિશે દઢ કરીને રાખવા ને ઈન્દ્રિયોને વશ કરીને મનને વસ કરવું ને પછી એ સર્વેનો નિષેધ કરીને કેવળ સત્તારૂપ થઈને પોતાને વિષે ભગવાનની મૂર્તિ ધારે તો ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ થાય ને ત્યારે જ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કાચપ હોય તો પુરુષોત્તમની સેવામાં ન રહેવાય માટે મુમુક્ષુ હોય તેણે આ વાતને વિચારીને પોતાને વિષે કાચપ હોય તેને ટાળીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરવું ને આ વાતને આજ કરો તથા દેહ મુક્યા પછી બદરિકાશ્રમમાં જઈને કરો પણ તે ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ કર્યા વિના છુટકો જ નથી. માટે આ વાતને અતિ દઢ કરીને રાખજો ને આ વાત તો ચિંતામણિ તુલ્ય છે તેને રાખે તો પુરુષોત્તમની સાથે નિમેષમાત્ર પણ છેટું રહે નહિ ને આ વાત મુમુક્ષુને પરમ અર્થ રૂપ છે ને જે અધરીયા હોય તેને તો આ વાત વિષે જેવી છે. કેમકે તેને તો એ માર્ગે ચાલવું જ નથી. માટે મુમુક્ષુના કામની આ વાત છે. ॥ ૧૩૦ ॥

**ઈતિશ્રી સહજાનંદ સ્વામી શિષ્યાગ્નગણ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તેમણે શ્રી પુરુષોત્તમ ભગવાનના સર્વોત્કર્ષ નિશ્ચયની વાત કહી એ નામે બીજું પ્રકરણ સમાપ્ત થયું.**

# પ્રકરણ ત્રીજું
# ભગવાન તથા ભક્તને ઓળખવાની રીત

''શ્રી પુરુષોત્તમ ભગવાન જ્યારે દયા કરીને જીવુંના કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી મુક્તે સહિત પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તે સર્વે મનુષ્ય દેહે હોય તેને કેવી બુદ્ધિયે કરીને ઓળખવા જે આ પુરુષોત્તમ છે ને આ મુક્ત છે ?'' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ ગોપીચંદન અને ખડીમાં ભેદ છે તથા જેમ શિંગડીયો વછનાગ અને સોમલખારમાં ભેદ છે તથા જેમ ચંદન અને મલિયાગરમાં ભેદ છે તથા જેમ કપૂર અને કસ્તુરીમાં ભેદ છે. તે મલિયાગર ચંદન લગારેક શરીર ચરચે ત્યારે તત્કાળ ટાઢક થાય તેવી બીજે ચંદને ન થાય ને કસ્તુરી જો લગારેક સુંઘે તો તત્કાળ શરીરમાં ગરમી થાય તેવી કપૂરે ન થાય. તેમ મુક્તમાં ને પુરુષોત્તમમાં ભેદ છે તે ભક્તમાં જે બુદ્ધિવાળો હોય તે જાણે જે આ મુક્ત છે ને આ પુરુષોત્તમ છે. ને હવે તેને જાણવાની રીત કહીએ છીએ જે પુરુષોત્તમ અહીં પધાર્યા હોય ત્યારે તે મનુષ્ય જેવા જણાય પણ સહેજે જ એવો પોતાની મૂર્તિમાં ચમત્કાર હોય જે પોતાને દર્શને કરીને સ્પર્શે કરીને તથા દૃષ્ટિએ કરીને હજારો જીવને તત્કાળ માયા થકી મુકાવીને બ્રહ્મમોહોલમાં પહોંચાડે તથા સર્વે અવતાર પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય તથા પોતાની મૂર્તિને વિષે સહેજે મનુષ્યના મનની વૃત્તિયું તણાઈ જાય તથા પોતે આવી રીતે સાધુને વર્તાવ્યા તથા સાધુ, સત્સંગી, સાંખ્યયોગી અને કર્મયોગીના ધર્મ કહ્યા તે ધર્મામૃત, શિક્ષાપત્રી અને નિષ્કામ શુદ્ધિમાં તથા સત્સંગી જીવનમાં લખ્યા છે તથા તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનના માહાત્મ્યજ્ઞાને સહિત જે ભક્તિ તેને ઉપજ્યાના હેતુ પણ લખ્યા છે તે સર્વેને પૂર્વાપર વિચારે તથા તેમના રચાવેલા ગ્રંથ છે તેને જ્યારે વિચારે ત્યારે જે બુદ્ધિ વાળો હોય તેને એમ જણાય જે આવી રીતનો જે ધર્મ તથા શાસ્ત્ર તેમાં બીજા અવતાર કરતાં કરોડ ગણો ફેર છે અને તે વાતને વિચારીને એમ જણાય જે સર્વે અવતારના અવતારી મહારાજ છે. એમ જે બુદ્ધિવાળો હોય તે અવતાર અવતારીને કળે તથા તે અવતારી જે પુરુષોત્તમ અને બીજા અવતાર તેમાં જેમ પારસમણિ અને ચિંતામણિમાં ફેર છે તેમ ફેર છે. તે અવતારમાં એટલું બળ હોય જે પોતાની મૂર્તિના સંબંધને પામે તેનું કલ્યાણ કરે અને તે સામર્થ્ય

તો મોટા મોટા અવતારમાં જ હોય ને જે સાધારણ અવતાર હોય તે તો પોતે જેમ કહે તેમ કરે તેનું જ કલ્યાણ કરી શકે. ને પુરુષોત્તમ જ્યારે અહીં પધાર્યા હોય ત્યારે તો જે પોતાના સંબંધને પામ્યા હોય તે સર્વેનો મોક્ષ કરે તથા પોતાના સાધુ દ્વારે ને સત્સંગી દ્વારે પણ બીજા અવતારના જેવું કલ્યાણ કરે ને તે ભક્ત જ્યારે દેહ મેલે ત્યારે બીજા અવતારના જે મળેલા હોય તેમાં પણ જે એકાંતિક હોય તે જેવો તો તે પણ થાય ને જે પુરુષોત્તમના ખરેખરા ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિયે જુક્ત હોય તે તો લિંગ દેહે સહિત ત્રણ દેહનો ત્યાગ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પામીને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ॥ ૧ ॥

અને પુરુષોત્તમ ભગવાન પોતે મળ્યા પછી પણ મુક્તમાં ભેદ કેમ રહે છે ? તો તેનું કારણ એ છે જે જેને જેવા જ્ઞાનવાળો વક્તા મળે છે તે તેવા જ્ઞાનને પામે છે. અને જેને ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળ્યો હોય ને તે થકી જે જ્ઞાનને પામ્યા હોય તેને આવી રીતે જે પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને યથાર્થ જાણ્યામાં ફેર રહે છે તેનું કારણ એ છે જે તેના પૂર્વ જન્મના બીજ બળમાં ઉત્તમ, મધ્યમ, કે કનિષ્ઠ એવો ભેદ છે. માટે જે મંદ બીજવાળો હોય તે બીજા અવતારને પુરુષોત્તમ જાણે ને મધ્યમ બીજબળ જેને હોય તે અવતાર અવતારીને જાણે તો ખરો પણ યથાર્થ જેમ છે તેમ ન જણાય કિંચિત્ ફેર રહે ને ઉત્તમ બીજબળ જેને હોય તેનો ઉત્કૃષ્ટ વક્તાને પામીને જેવા પુરુષોત્તમ છે તેવા જાણે માટે ઉત્કૃષ્ટ જ્ઞાન જેને હોય એવા જે મોટા એકાંતિક સાધુ તેનો જેને સંગ છે તેને જે ફેર રહે છે તેને બીજબળમાં ફેર છે એમ જાણવું. ॥ ૨ ॥

અને આળસ, પ્રમાદ, મોહ, ઈર્ષા, દંભ ને કપટ, એટલા જે એ દોષ તેનાં લક્ષણ તથા તેમને જીતવાના ઉપાય કહીએ છીએ જે જેને સારું-નરસું કાંઈ કરવું નહિ એવું વરતે તેને આળસ કહીએ. ને જેને ન કરવાનું કરવું ને કરવાનું ન કરવું એવું વર્તે તેને પ્રમાદ કહીએ. ને જેને બીજું હોય ને બીજું જણાય એમ વર્તતું હોય તેને મોહ કહીએ. ને એ ત્રણેય દોષ એક એકમાં મળી જાય એવા છે, તે ત્રણ દોષ તો ત્યારે ટળે જે ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ તેણે જુક્ત હોય ને એ દોષ જેવા છે તેવા તેને જાણતા હોય તથા તેને ટાળ્યાના ઉપાયને પણ જથાર્થ જાણતા હોય એવા જે મોટા સંત હોય તેને એમ કહેવું જે ''એ પૂર્વે કહ્યા એવા જે દોષ તે મારામાં આવે ત્યારે તમારે મુંને ટોંકવો.'' પછી તે મોટા સંત

સ્વભાવ ઉપર ખટકો રાખીને નિરંતર ટોંકે ત્યારે તેને ખમે ત્યારે ધીરે ધીરે કાળે કરીને એ સ્વભાવ ટળે પણ તે બિના ન ટળે. અને ઈર્ષાને એમ ઓળખવી જે પોતાના બરોબરિયાની ઉત્કૃષ્ટતા જણાય ત્યારે તેના ઉપર ઈર્ષા આવે ત્યારે તેનો એમ વિચાર કરવો જે ''મારે એના ઉપર ઈર્ષા આવી તે એનામાં દોષ છે ને આવી કે નથી ને આવી ?'' પછી એનો નિર્ધાર કરીને વિચાર કરવો જે ''એનામાં દોષ નથી ને મુને એનો અવગુણ આવ્યો માટે મારો ઈર્ષાવાળો સ્વભાવ છે'' પછી તે ઈર્ષાને એમ ટાળવી જે એનામાં જે ગુણ હોય તેને વિચારવા જે આવી રીતે તેનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભક્તિ તથા દેશકાળે ન ડગે એવો ભગવાનનો નિશ્ચય છે તથા સત્સંગને વિષે આત્મબુદ્ધિ દૃઢ છે તથા દેશકાળે કરીને સત્સંગમાંથી એનો પગ મોળો પડે એવો નથી ઈત્યાદિક જે એનામાં મોટા મોટા ગુણ પર્વત પ્રાય છે ને મારામાં એ ગુણ છે ખરા પણ દેશકાળે કરીને એનો ઠા રહે એમ જણાતું નથી ને મુને એમના ઉપર ઈર્ષા આવે છે એ મારામાં અતિ ભૂંડો દોષ છે ને મારું પરલોકમાં અતિ ભૂંડું કરે એવો છે એમ જાણીને પછી તેના ગુણને વિચારીને તેનો વારંવાર ગુણ લેવો. ને જો તેને મોઢે દીન વચન બોલીને પ્રાર્થના થાય તો તેને પગે લાગીને તેની આગળ પ્રાર્થના કરીને કહેવું જે ''મને ઈર્ષાયે કરીને તમારો અવગુણ આવ્યો છે માટે મારો અપરાધ ક્ષમા કરજો'' ને એને મોઢે ન કહેવાય તો મનમાં તેની પ્રાર્થના વારંવાર કરવી ને પછી ભગવાનની પ્રાર્થના કરવી જે ''હે મહારાજ ! મારામાં ઈર્ષા રહી છે તેને તમે ટાળો'' એમ વારંવાર ભગવાનની પ્રાર્થના કરવી ને એમ વિચાર કરવો જે ''એ ઈર્ષા જો મારામાં રહેશે તો તેણે કરીને મારે પરલોકને વિષે પ્રાપ્તિમાં બહુ ફેર રહેશે. ને ભગવાન મારા ઉપર રાજી નહિ થાય.'' એમ મનમાં નિરંતર ખટકો રહે ને તે ઈર્ષા ન ટળે ત્યાં સુધી મનમાં પશ્ચાત્તાપ કર્યા કરે તો ધીરે ધીરે ઈર્ષા ટળે. ને દંભને એમ ઓળખીને ટાળવો જે ધર્મ, જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ તથા ત્યાગ તથા ધ્યાન તથા ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરવું તથા માહાત્મ્ય કહેવું એ આદિક જે જે કરે તે લોકને દેખાડ્યાને અર્થે ઉપરથી રાખે પણ કોઈ ન દેખે ત્યારે નજરમાં આવે તેમ કરે એવું જ્યારે જણાય ત્યારે એમ જાણવું જે મારામાં દંભ છે. પછી તેને એમ ટાળવો જે ''હું જે જે સાધન કરું છું તે ઉપરથી દંભે કરીને લોકને દેખાડ્યાને અર્થે કરું છું તે મારામાં અતિ મોટો દોષ છે'' એમ જાણીને પછી એમ વિચાર કરવો જે ''આ લોકની જે મોટપ તે કેટલાક

દિવસ રહેશે ? એ તો નહિ જ રહે, ને ભગવાન મારા હૃદયમાં રહ્યા થકા મારામાં જે ગુણ તથા અવગુણ તેને નિરંતર જોઈ રહ્યા છે તે માટે મારામાં જો લગારેક પણ દંભ રહેશે તો તેથી મારું પરલોકમાં બહુ જ ભૂંડું થાશે'' એમ જાણીને નિરંતર મનમાં ખટકો રાખે ને તેને ટાળ્યાના ઉપાયમાં શૂરવીરની પેઠે તત્પર રહે ને જે નિરદંભી મોટા એકાંતિક સાધુ હોય તેની નિરદંભપણે અનુવૃત્તિયે સહિત મન, કર્મ, વચને કરીને સેવા કરે ત્યારે ટળે અને જે કપટી હોય તે તો ઉપરથી દેખાડ્યાને અર્થે ધર્માદિકને પાળે ને કોઈ ન દેખે તો ન પાળે એવો જે હોય તેને કપટી જાણવો. તે કપટને ટાળવા સારું એમ વિચાર કરવો જે ''મારામાં કપટ છે માટે એ કપટે કરીને મારો જીવ આસુરી થઈ જાશે'' એમ વિચારીને પછી તેને ટાળ્યાને અર્થે મનમાં નિરંતર અનુતાપ રહ્યા કરે ને તે કપટ ન ટળે ત્યાં સુધી જેમ જળ વિના મચ્છ તરફડે તેમ તેને રાત્રિ દિવસ નિદ્રા ન આવે તથા શિત ઉષ્ણ ભૂખ તરશની પણ ખબર ન રહે. પછી જે મોટા એકાંતિક સંત હોય તેને એ દોષ કહે જે ''હે મહારાજ ! મારામાં આ દોષ છે તે ટળે એવો ઉપાય મને દયા કરીને બતાવો ને એ દોષ મારામાંથી ટળે ત્યાં સુધી દયા કરીને મન કઠણ વચનના ડંખ મારીને મારો એ દોષ ટાળી નાખો.'' એમ કરે તો ધીરે ધીરે એ દોષ કાળે કરીને ટળી જાય. ॥ ૩ ॥

અને સંતે પૂછ્યું જે ''પોતામાં જે દોષ હોય તેને ટાળ્યાની જુક્તિ જાણતો હોય તો પણ તે દોષ તેમના તેમ રહે છે ને તેનો ત્યાગ કરીને સવળે માર્ગે વર્તાતું નથી તેનો શો હેતુ છે ? એક તો એ ને બીજું મોટા સંતને જથાર્થ જાણતો હોય પણ કોઈકની વાત સાંભળીને સામો તેનો અવગુણ લે છે તે એને જાણ્યામાં ફેર છે કે નિશ્ચયમાં ફેર છે ?'' ત્યારે સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે નિશ્ચયમાં તો કિંચિત્ ફેર હોય ને બહુધા તો એમ જણાય છે જે એની બુદ્ધિમાં સ્થિરતા નથી તેથી એની બુદ્ધિમાં કાર્ય અકાર્યનો વિવેક નથી રહેતો ને જ્યારે જાણપણામાં કાર્ય અકાર્યનો વિવેક ન રહે ત્યારે ન કરવાની ક્રિયા કરે ને કરવાની ન કરે અને તે બુદ્ધિ સ્થિર ક્યારે થાય ? તો જ્યારે રજ તમને ટાળીને શુદ્ધ સત્વગુણને વધારે ત્યારે થાય ને તે સત્વગુણની વૃદ્ધિ ક્યારે થાય ? તો જ્યારે રજોગુણી ને તમોગુણી આહારનો ત્યાગ કરીને સત્વગુણની વૃદ્ધિ કરે એવો અહાર કરે તેની વિક્તિ જે જેમ ધર્મામૃતમાં આહારને નિયમે કરીને રસનાને જીતવાની જુક્તિ કહી છે તેમ રસનાને જીતવી તથા ગુણ વિભાગમાં સાત્વિક પુરુષને

સત્વગુણી આહાર કહ્યો છે તેમ આહાર કરે તથા સાત્વિક શાસ્ત્રને ભણે તથા સાંભળે તથા સાત્વિક પુરુષનો સંગ કરે ને નાનાં છોકરાંથી તો જેમ સ્ત્રીથી બીયે છે તેમ બીયે ને વળી કાર્યાકાર્યનો એમ વિવેક શિખે જે ''આ ક્રિયા કરીશ તો કાર્ય થાશે ને આ ક્રિયા કરીશ તો અકાર્ય થાશે'' એવી રીતે જે જે ક્રિયા કરે તે વિચારીને કરે તથા ભય અભયને જાણે જે ''આ ક્રિયા કરીશ તો ભય થાશે ને આ ક્રિયા કરીશ તો અભય થાશે'' માટે તે વિચારીને કરે તથા બંધ મોક્ષને જાણે જે ''આવી રીતે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ક્રિયા કરીશ તો બંધન થાશે ને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તિશ તો મારો મોક્ષ થાશે'' એવી રીતે કાર્યાકાર્ય, બંધ મોક્ષ તથા ભય અભયનો જે વિવેક તેના નિરંતર જાણપણામાં રહે ત્યારે જે ક્રિયા કરે તે વિચારીને થાય. ને આ કહ્યું એટલાં વાનાં રાખે તો સત્વગુણ વૃદ્ધિને પામે. ને જ્યારે રજ તમને ટાળીને નિરંતર સત્વ વર્તે ત્યારે સ્થિર બુદ્ધિ થાય. ને જ્યારે એવી સ્થિર બુદ્ધિ રહેવા માંડે ત્યારે શું કરવું ? તો શ્રીજીમહારાજે કહ્યું છે તેમ જેને કામ, ક્રોધાદિક ભૂત ન વળગતાં હોય ને જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિયે જુક્ત મોટા સંત હોય તેને સંગે રહીને એ જેમ ઇન્દ્રિયુંને જીતવાની જુક્તિ બતાવે તેમ ઇન્દ્રિયું અંતઃકરણને જીતીને પછી ભગવાનની મૂર્તિને વિષે તેલધારાવચ્છિન્ન વૃત્તિ રાખવાના જે સાધન તેને શિખવા ને તેમ કરવામાં જે પદાર્થ અંતરાય કરે તેનો ત્યાગ કરીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી. ॥ ૪ ॥

અને એક દિવસ સ્વામીએ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનની વાત કહી જે જ્યારે પુરુષોત્તમ ભગવાન આ પૃથ્વીને વિષે પધાર્યા હોય ત્યારે તેમાં સહેજે જ એવો ચમત્કાર હોય જે પૂર્વના અવતારને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરી દેખાડે તથા તેને પોતાના સ્વરૂપને વિષે લિન કરી દેખાડે. ત્યારે એ વાર્તાને જોઈને તથા સાંભળીને એમ સમજવું જે સર્વે અવતારના અવતારી શ્રીહરિજી મહારાજ છે અને પછી તે શ્રીહરિજીના સ્વરૂપને એમ સમજવું જે એ ભગવાનના સ્વરૂપને કાળ, કર્મ તથા માયા પણ પરાભવ કરવાને સમર્થ થાય તેમ નથી તો મનુષ્ય તો ક્યાંથી જ એમનો પરાભવ કરે ? કેમ જે એ ભગવાન તો કોઈના માર્યા મરે એવા નથી. એવી રીતે ભગવાનના સ્વરૂપને સમજવું. ત્યારે કોઈકને એમ શંકા થાય જે ''એ ભગવાન તો માર્યા મરે એવા નથી. એવી રીતે ભગવાનના સ્વરૂપને સમજવું. ત્યારે ભીષ્મપિતાયે શ્રીકૃષ્ણ ભગવાનને બાણ માર્યા એમાં

એમનો શો બાધ છે ? કેમ જે ક્ષત્રિયનો એમ ધર્મ છે જે સંગ્રામમાં જે સામો આવે તેની સન્મુખ ઊભા રહેવું ને મારવું તે ક્ષત્રિયનો ધર્મ રાખ્યા સારું એમણે ભગવાનને બાણ માર્યા કેમ જે ભગવાન તો કોઈના માર્યા મરે એવા નથી એમ એની સમજણ હતી'' પણ એ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનમાં કસર કહેવાય. માટે જે શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે ભીષ્મની પેઠે ભગવાનને ન સમજે ને એ ભગવાન તો જેવા અક્ષરમાં છે તેવા જ પ્રગટ મનુષ્યના જેવી મૂર્તિ ધરીને વિચરતા હોય તેને સમજે પણ એમાં ને આમાં ફેર ન સમજે ને એમ સમજે જે એ અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન એવો શુભ સંકલ્પ ધારીને આ લોકને વિષે પધાર્યા હોય જે ''મારે અસંખ્યાત જીવનો ઉદ્ધાર કરવો છે'' ત્યારે તે પ્રગટ ભગવાનની મૂર્તિનો સંબંધ જે જે જીવને જે જે પ્રકારે થાય તે સર્વે જીવનો મોક્ષ થાય તથા તે ભગવાનના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિ તથા પ્રેમ લક્ષણા ભક્તિ તેમણે જુક્ત જે એકાંતિક ભક્ત હોય તેમને પોતાની મૂર્તિ સંબંધી સુખ આપવું એવો સંકલ્પ ધારીને પધાર્યા હોય ત્યારે પોતે એમ વર્તે જે જેમ મનુષ્યને વિષે પક્ષપાત તથા પારકું પોતાનું તથા જે જે મનુષ્યના સ્વભાવ તેને ગ્રહણ કરીને ભગવાન પણ વર્તે ત્યારે તે જીવોનો મોક્ષ પણ થાય ને પોતાના એકાંતિક જે ભક્ત હોય તેને પોતાની મૂર્તિનું સુખ પણ ત્યારે આવે તે વાસ્તે ભગવાનને વિષે મનુષ્યના જેવી સર્વે રીત હોય ત્યારે જે એ ભગવાનને વિષે અવળો સંકલ્પ કરે તેને એવું પાપ લાગે જે એનો જીવ પણ નાશ થઈ જાય. શા માટે ? તો એ ભગવાન એક નિમેષમાત્ર આ લોકમાં જો અધિક રહે તો અસંખ્યાત જીવોનો મોક્ષ થાય પણ આ લોકમાં આવે ત્યારે ભગવાન પણ મનુષ્યની રીત્યે વર્તતા હોય તે અંતર્ધાન થઈ જાય. વાસ્તે જેમ કોઈ રાજા આગળ દશ વીશ નટે રમત કરી હતી તે માંહોમાંહી કપાઈને મરી ગયા ને પછી ચાળીશ ગાઉ ઉપર નિસર્યા. તે દૃષ્ટાંતે કરીને જાણવા. તે માટે જ્યારે ભગવાન અંતર્ધાન થઈ જાય ત્યારે એક તો અગણિત જીવોનો મોક્ષ થાતો તે ન થાય ને એકાંતિક ભક્તને ભગવાનનો વિયોગ પણ થાય ને તે અવળો સંકલ્પ કરનારો જે જીવ તે નરકમાં જાય ને તેને એવું પાપ લાગે જે તે પાપની ગણતી કરવાને શેષજી પર્યંત કોઈ સમર્થ ન થાય. માટે જેમ અતિ અધિક જે મહાપાપ વગેરે પાપનો નિર્ણય તથા પ્રાયશ્ચિત્ત નથી તેમ જ ભગવાનને વિષે અવળો સંકલ્પ કરનારાનું પણ જાણવું. ॥ ૫ ॥

અને સ્વામીએ કૃપા કરીને વાત કરી જે ભગવાન પૃથ્વી ઉપર વિરાજતા હોય ત્યારે જો કોઈકને કાંઈક વર્તમાનમાં ફેર પડ્યો હોય ને તે જો દીન થઈને સ્તુતિ કરીને ભગવાનને કહે તો તત્કાળ ભગવાન રાજી થાય ને તે જેમ કહે તેમ કરે તો અતિ શુદ્ધ થાય. ને ભગવાન અંતર્ધાન થયા પછી તો શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે તોયે પૂર્વે કહ્યો તેવો શુદ્ધ ન થાય તથા ભગવાન પ્રગટ વિરાજતા હોય ત્યારે તો સુઝે તેવો પાપી હોય ને તે જો ભગવાનને ભાવે તથા અભાવે કાંઈ આલે તે દયા કરીને પોતે ગ્રહણ કરે તથા ભગવાન લગારેક કોઈકને કામ બતાવે ને તે જો કરે તો તેટલામાં પોતે રાજી થાય તથા જે જે સેવા કરે તે અંગીકાર કરે તથા કોઈ અન્ન જળ આપે તથા વસ્ત્ર ઘરેણાં આપે તથા સજ્યા બિછાવી દીયે ઇત્યાદિક જે જે સેવા કરે તેને અંગીકાર કરે. અને જ્યારે ભગવાન અંતર્ધાન થયા હોય ત્યારે તો ધર્મ, જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિયે સહિત જે ભક્ત હોય ને તે જો માનસી પૂજાયે કરીને અર્પણ કરે તો તેને ગ્રહણ કરે. વાસ્તે જો ભગવાન તથા એકાંતિક સંત તે અતિ માંદા હોય તેને એમ જાણે જે ''આ હવે તો બહુ દુઃખ પામે છે માટે સ્વધામમાં જાય તો ઠીક'' એવો જો મનમાં અતિ અલ્પ પણ સંકલ્પ થાય તો તેને બહુ પાપ લાગે છે વાસ્તે આ વાતને અતિ દૃઢપણે કરીને જાણવાની છે. ॥ ૬ ॥

અને સ્વામી કહે જે આ વાત પણ અતિ દૃઢ સમજવાની છે જે ભગવાન તથા એકાંતિક સાધુ એ બેયના સામાવડીયા ન થાવું. કેમ જે સામાવડીયાના પક્ષમાં ભળે તો જરૂર ભગવાનનો તથા એકાંતિક ભક્તનો દ્રોહ થાય માટે સુજે એવું વિઘ્ન હોય તો પણ તેને તોડીને ભગવાનના ને એકાંતિકના પક્ષમાં ભળવું, ને સામાવડીયાનો પક્ષ મુકી દેવો પણ તેના પક્ષમાં ન ભળવું. ॥ ૭ ॥

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મૂક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને

ભાંગી નાખે તથા એમ કહે જે ''આચાર્યને ને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ્ય છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખરચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે'' એમ અવળો ઉપદેશ કરીને પોતાની શુશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તો જ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભુલશોમાં જરૂર ભુલશોમાં કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. ॥ ૮ ॥

અને એક દિવસ સ્વામી સંત હરિજન ઉપર અતિ કૃપા કરીને બોલ્યા જે બે પ્રકારનું જે જ્ઞાન છે તેનાં લક્ષણ તથા તેને ઉપજવાનો જે ઉપાય તે આજ કહીએ છીએ. તે બે પ્રકારનું જ્ઞાન કીયું ?તો એક તો એવું જ્ઞાન હોય જે તેમાં વિષયનો અવ્યક્ત રાગ રહે ને તે રાગ નિર્મૂળ ન થાય માટે તે જ્ઞાન વિષયાસક્તિયે સહિત કહેવાય, ને બીજું જ્ઞાન તો એવું જે તેમાં વિષયનો અવ્યક્ત રાગ લગારેય પણ ન રહે. માટે તે વિષયાભક્તિયે રહિત કહેવાય. હવે તે જ્ઞાન શું ? તો જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને જથાર્થ જાણવું તે તથા સ્થાવર જંગમ જે જીવના ભેદ તે જાણવા તથા મનુષ્ય, દેવ, દૈત્ય તથા મરિચિ આદિક પ્રજાપતિ તથા બ્રહ્મા વિષ્ણુ અને શિવ તથા વૈરાટ પુરુષ, પ્રધાન પુરુષ અને મૂળ પ્રકૃતિ પુરુષ એ સર્વેનાં સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જાણવા તથા તેમની ઉત્પત્તિ જે રીતે થાય છે તે જાણવી તથા તેમની સ્થિતિ જાણવી તથા કાળે કરીને એ સર્વેનો નાશ થાય છે તે જાણવું. તથા પ્રથમ જે પ્રકારે પુરુષોત્તમ ભગવાને અક્ષરદ્વારાયે પુરુષને પ્રેર્યો તે માયા સાથે જોડાણો ને તે થકી પ્રધાનપુરુષ અનંત થયા ને તે એક એક પ્રધાન પુરુષ થકી અનંત કોટિ વૈરાટ થયા તે વાત પણ જાણવી તથા અક્ષરધામ અને તેમાં અનંતકોટિ મુક્તે સેવ્યા એવા પુરુષોત્તમ નારાયણ જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ તે સદાય વિરાજમાન છે તેમને જાણવા આવી રીતે એ સર્વેના સ્વરૂપને જાણવું તેને જ્ઞાન કહીએ. અને તે જ્ઞાન તથા વૈરાગ્યને પરસ્પર એમ છે જે જ્ઞાન વિના વૈરાગ્ય ન ઉપજે ને વૈરાગ્ય વિના જ્ઞાન સિદ્ધ ન થાય

તે માટે પ્રથમ તો સ્થાવર જંગમથી આરંભીને પુરુષ પર્યંત એ સર્વેનાં સ્વરૂપને યથાર્થ જેમ છે તેમ જાણીને પછી એમને ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંત જાણવા ને એ સર્વેને વિષેથી મનને ઉદાસ કરીને તે સર્વેથી પર ચિદાકાશને વિષે સદા વિરાજમાન ને કિશોરમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તેમના સ્વરૂપમાં વૃત્તિને ઠેરાવવી. ॥ હવે તે વૈરાગ્યને સંક્ષેપે કરીને કહીએ છીએ જે પ્રથમ તો નિત્યપ્રલયને જાણવો જે વીર્યમાંથી આ દેહ બંધાય છે ને પછી તે ગર્ભ વૃદ્ધિને પામે છે ને પછી જન્મે છે, પૌગંડાવ સ્થાને પામે છે, જુવાન થાય છે, વૃદ્ધાવસ્થાને પામે છે ને મરી જાય છે તથા સવારે ખાધું હોય ને સાંજે ક્ષુધા લાગે છે તથા સાંઝે ખાઈને સવારે ભૂખ્યો થાય છે તથા પશુ પક્ષી એ સર્વે ઉપજે છે ને તેનો નાશ થાય છે. તથા વૃક્ષે ફળ ફૂલ આવે છે ને વળી નાશ થાય છે તથા કોઈકનું કોઈ વાળે છે તથા કોઈક લઈ જાય છે તથા કોઈકના ભાઈને તથા દીકરાને તથા બાપને મારી નાખે છે એ સર્વે નિત્ય પ્રલયનું દુઃખ જાણવું. ॥ અને મિત્તિક પ્રલય તો એને કહીએ જે જ્યારે ચૌદ મનુ એકોતેર એકોતેર ચોકડીનું રાજ્ય કરીને મરી જાય છે ત્યારે વૈરાટ પુરુષની રાત પડી જાય છે. તે જ્યારે ચૌદમો મનુ થઈ રહે ત્યારે સો વરસ સુધી તો કાળ પડે છે ત્યારે મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ એ સર્વે નાશ થઈ જાય છે. તથા નદીયુંના જળ પણ સુકાઈ જાય છે. ત્યારે પૃથ્વી માત્ર કાળા ઠીકરા જેવી રહે છે. ને ત્યાર પછી એકસો વરસ સુધી તો બાર સૂર્ય છે તે સોળ સોળ કળાનો પ્રકાશ લઈને ઉગે છે ને પૃથ્વીને બાળીને છાણાની રાખ જેવી કરે છે ને તે પછી શેષનાગના મુખમાંથી અગ્નિ નીકળે છે તે અગ્નિ દશ લોકને બાળીને રાખ કરે છે ને તે પછી સો વરસ સુધી હસ્તીની સુંઢ જેવી છે ધારા જેની એવા જે પ્રલયકાળના તેર મેઘ તે વરસે છે. તેથી ધ્રુવના તારા સુધી જળ ભરાઈ જાય છે. ત્યારે દશલોકમાં રહ્યા જે ઇંદ્ર, ચંદ્ર, વરુણ, યમ, શિવજી, પ્રજાપતિ એ સર્વેના દેહ નાશ થઈ જાય છે ને એમના જે જીવ છે તે બ્રહ્માને વિષે લીન થાય છે. ને બ્રહ્માનો દેહ નાશ થાય છે ત્યારે તે બ્રહ્માનો જે જીવ તે વૈરાટ પુરુષની નાભિમાં લીન થઈ જાય છે તેને નૈમિતિક પ્રલય કહીએ. ॥ અને એવા ત્રીશ દિવસનો વૈરાટનો મહિનો ને એવા બાર મહિનાનું એક વરસ ને એવા પચાસ વરસનું એક પરાર્ધ કહેવાય. એવાં દ્વિપરાર્ધનું વૈરાટનું આયુષ છે. તે જ્યારે સો વરસ પૂરાં થાય છે ત્યારે પ્રથમ કહ્યું છે તેમ સો વરસ સુધી અનાવૃષ્ટિ થાય છે ને પછી સો વરસ સુધી બાર સૂર્ય તપે છે ને તે પછી

સંકર્ષણના મુખમાંથી મહા અગ્નિ પ્રગટે છે તે ચૌદેય લોકને બાળીને છાણાની રાખ જેવા કરે છે ને તે પછી પ્રલયકાળના જે મેઘ છે તે સો વરસ સુધી વરસે છે ત્યારે ચૌદેય લોકમાં જળ ભરાઈ જાય છે. ને ત્યારે જે પૃથ્વી અડાયા છાણાની રાખ જેવી હતી તે ઓગળીને ગંધે સહિત જળને વિષે લીન થાય છે ને તે પછી જળ રસને વિષે લીન થાય છે ને રસ તેજને વિષે લીન થાય છે ને તેજ રૂપને વિષે લીન થાય છે ને રૂપ વાયુને વિષે લીન થાય છે ને વાયુ સ્પર્શને વિષે લીન થાય છે ને સ્પર્શ આકાશને વિષે લીન થાય છે, ને આકાશ શબ્દને વિષે લીન થાય છે ને શબ્દ તામસાહંકારને વિષે લીન થાય છે ને તામસાહંકાર રાજસાહંકારને વિષે લીન થાય છે ને રાજસાહંકાર સાત્વિકાહંકારને વિષે લીન થાય છે ને સાત્ત્વિકાહંકાર મહત્તત્વમાં લીન થાય છે ને અનંત જે મહતત્ત્વ તે પ્રધાન જે પ્રકૃતિ તેને વિષે લીન થાય છે ને તે પ્રધાન જે પ્રકૃતિ તે પુરુષને વિષે લીન થાય છે ને પુરુષ તે મૂળ પ્રકૃતિને વિષે લીન થાય છે એને પ્રાકૃત પ્રલય કહીએ. ॥ અને એ પ્રાકૃતપ્રલયે કરીને જેનો નિષેધ કર્યો હોય તેમાંથી જે જ્ઞાન પ્રગટે તેણે કરીને જીવમાંથી અવ્યક્ત વિષયનો રાગ ન ટળે. માટે એ જ્ઞાન વિષયાસક્તિયે સહિત કહેવાય તે માટે પૂર્વે જે જે મોટા આચાર્ય થયા છે તેને જ્ઞાન શાસ્ત્રમાં પ્રાકૃત પ્રલય સુધી જણાય છે, પણ તેથી અધિક નથી જણાતું તથા તેઓ મહાપુરુષને જ પુરુષોત્તમ જાણે છે. ॥ અને આત્યંતિક પ્રલય તો એને કહીએ જે અનંતકોટિ જે પ્રધાન ને પુરુષ તે સર્વે મહામાયાને વિષે લીન થાય છે ને મહામાયા તે મહાપુરુષને વિષે લીન થાય છે ને મહામાયા તે મહાપુરુષને વિષે લીન થાય છે અને મહાપુરુષ પણ એ દેહનો ત્યાગ કરીને પછી ભાગવતી તનુયે કરીને પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહે છે તેને આત્યંતિક પ્રલય કહીએ. ॥ અને આવી રીતે ચાર પ્રકારના પ્રલયે કરીને એ સર્વેને નાશવંત જાણીને પછી અખંડ, અનાદિ, સત્ય, પરિમાણે રહિત ને અપરિમિતિ ઐશ્વર્યે સહિત જે અક્ષરધામ તેને વિષે સદા દિવ્યમૂર્તિ એવા પુરુષોત્તમ નારાયણ તે અપરિમિત અક્ષર મુક્તે સેવ્યા થકા સદા વિરાજમાન છે ને તે પુરુષોત્તમ ભગવાન તથા અક્ષરમુક્ત તે સદા મૂર્તિમાન થકા વિરાજે છે પણ તેમના આકાર કોઈ દિવસ ટળે એવા નથી, એમ સમજે પણ એ સમજણ કોઈ દેશે કરીને કે કાળે કરીને કોઈ દિવસ ફરે નહિ અને ભગવાનને નિરાકાર માને નહિ ને સદા દિવ્ય સાકાર જ સમજે અને એવા જે એ પુરુષોત્તમ ભગવાન તે દયા કરીને આપણા કલ્યાણને અર્થે અહી

પધાર્યા છે તેને સર્વ અવતારના અવતારી જાણીને પછી એ પુરુષોત્તમના સ્વરૂપને એમ સમજવું જે જ્યાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું તે માટે પૂર્વે કહ્યું તેમ સર્વેનો નિષેધ કરીને પછી એમ જાણવું જે અક્ષરને વિષે જે પુરુષોત્તમ છે તેજ આ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિજી મહારાજ છે ને અક્ષર સોતા જ અહીં પ્રગટ વિરાજે છે, આવી રીતનું જે જ્ઞાન તેને આત્યંતિક જ્ઞાન કહીએ. ॥ અને આવો જે જ્ઞાની તેનું ઐશ્વર્ય ભગવાનની પેઠે સ્વતંત્ર હોય ને એવા જ્ઞાની તો બહુ દુર્લભ છે, તે સાધારણ લાખ મનુષ્ય હોય તેમાંથી પોતપોતાના આશ્રમ પ્રમાણે વર્તે એવો એક નીકળે ને એવા લાખ મનુષ્ય હોય તેમાંથી જથાર્થ શાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળે એવો એક નિકળે ને એવા લાખ ભેળા કરીએ ત્યારે સત્સંગ કરે એવો એક નિકળે ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે નક્કી સત્સંગી એક નિકળે ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે સાધુ થાય એવો એક નિકળે ને એવા હજાર સાધુ ભેળા કરીએ ત્યારે ધર્મામૃત પ્રમાણે યથાર્થ વર્તે એવો તો એક નિકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે ભગવાનને સંભારે એવો એક નિકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે પૂર્વે કહ્યું જે જ્ઞાન તેણે સહિત પ્રેમ લક્ષણા ભક્તિ કરે એવો એક નિકળે. તે માટે એવું જે જ્ઞાન પામવું તે મહા કઠણ છે. ॥ ૯ ॥

અને હરજી ઠકરે પૂછ્યું જે ''માયાવી પુરુષની માયામાં ન લેવાય એવો પુરુષ હોય તેને કેમ ઓળખવો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે પૂર્વે કહ્યો એવો જે જ્ઞાની હોય તે માયાવી પુરુષની માયામાં ન લેવાય ને બીજો તો ગમે તેવો હોય તો પણ માયાવી પુરુષની માયામાં લેવાય જાય. તે માયાવી પુરુષનું થોડાકમાં લક્ષણ કહીએ છીએ જે પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે ન કરતો હોય પણ બીજા મુમુક્ષુને તે ધર્માદિક દેખાડીને તેનો ઉપદેશ કરે પછી સારા સાધુ સાથે જોડાણો હોય તે સાધુનો અવગુણ ઘાલીને તેને પોતાની પાસે રાખે ને પછી ભક્તિનો ઉપદેશ કરીને તેમાં દોષ દેખાડીને તે ભક્તિ થકી પાડે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ કરીને પછી તેમાં દોષ દેખાડીને તે ધર્માદિક થકી પાડી નાખે છે. તથા ભગવાનનું માહાત્મ્ય કહી દેખાડીને પછી તેમાં દોષ દેખાડી ને તે માહાત્મ્ય થકી પાડી નાખે છે તથા ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અને પ્રતાપ પોતે કહીને પછી તેમાં દોષ દેખાડીને તેને ભગવાનના નિશ્ચય તથા પ્રતાપ થકી પાડી નાખે છે. એવી રીતે એ કહ્યા એથી અનંતગણા છળ ને કપટ જેને વિષે છે એવો જે માયાવી

પુરુષ તેની માયાનું તો અનંતપણું છે તે માટે એની માયામાં તો પૂર્વે કહ્યો જે જ્ઞાની તે ન લેવાય તથા તે સાથે જોડાણો હોય તેને પણ એની માયામાં ન લેવાયા દીયે અને બીજો તો ગમે તેવો હોય તો પણ માયાવી પુરુષની માયામાં લેવાયા વિના રહે નહિ. માટે આ વાત તે અવશ્ય સમજવાની છે. ॥ ૧૦॥

અને સુપર્ણાનંદ સ્વામીને પૂછ્યું જે ''બદ્ધ મુક્ત (જીવન્મુક્ત) તથા શુદ્ધ મુક્ત (વિદેહ મુક્ત) તેને વિષયમાં રાગ છે તે કેમ છે ને તે બેને પ્રકૃતિ છે તે કેમ છે ?'' ત્યારે તેમણે કહ્યું જે ''જીવન્મુક્ત હોય તેને વિષયમાં રાગ પણ થાય ને પ્રકૃતિ-સ્વભાવ પણ હોય. ને જે વિદેહ મુક્ત તે તો શુદ્ધ મુક્તભાવને પામ્યા હોય તેને તો કોઈ સ્વભાવ તથા પ્રકૃતિ તે ન હોય ને જે કાંઈ પ્રકૃતિ-સ્વભાવ જણાય છે તે તો જીવના કલ્યાણને અર્થે જણાય છે.'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ ઠીક કહ્યું એનો એ જ ઉત્તર છે અને તે તેમાં જે સ્વભાવ-પ્રકૃતિ છે તે હમણાં તો ન જણાય કેમ જે મોટાનો જે કાયદો હોય તે કાયદા પ્રમાણે સર્વેને વર્ત્યું જોઈએ પણ આડું-અવળું ન વરતાય. જુઓને પ્રથમ આપણે એમ આજ્ઞા હતી જે અઢી હાથનો એક હજુરીયો રાખવો પણ એથી અધિક ન રખાય તથા એક કૌપિન ને ગોદડી રાખવી તથા ખટરસનાં વર્તમાન હતાં. એ આદિક જે જે આજ્ઞા હતી તે પ્રમાણે સૌ વર્તતા પણ અધિક ન્યૂન કોઈનાથી ન વર્તાતું. તેમ અક્ષરધામમાં પણ એક પુરુષોત્તમ ભગવાન પોતે જ એક જ તે સર્વે મુક્તના નિયંતા છે તે માટે એ મુક્તમાં એકસરખી પ્રકૃતિ જણાય છે પણ જો સ્વતંત્રપણે અહીં આવ્યા હોય ત્યારે જેની જેવી પ્રકૃતિ હોય તે જણાય કેમ જે પોતાની સ્મૃતિને અનુસારે જીવનો મોક્ષ કરે તે ઉપર કહ્યું જે શ્રી રામચંદ્રજીયે અને શ્રીકૃષ્ણ ભગવાને જે કલ્યાણનો રસ્તો બાંધ્યો છે તે તપાસીને જુઓ ને મહારાજે જીવના કલ્યાણને અર્થે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જે ભક્તિ તેનું સ્થાપન કર્યું છે તે જુવો કેમ જે મહારાજે જે ધર્મ બાંધ્યો છે તેમાં કોઈ કાળે અધર્મ પેસવાનો ભાગ જ નથી. તે માટે ગમે તેવો મુક્ત હોય ને જો તે સ્ત્રી, ધન, તથા માન એ ત્રણનો અતિ સંગ કરે તો તેનો ઠા ન રહે તો બીજાની તો વાત શી ? ॥ ૧૧ ॥

અને સ્વામીએ વાત કરી જે અક્ષરધામનો મુક્ત હોય ને જો તે દેહ ધારીને અહીં આવ્યો હોય ને તે શહેરને સેવે તથા રજોગુણી મનુષ્યની ભાઈબંધાઈ કરીને તેનો સંગ કરે તથા સારા-સારા રસ જમે તો તેણે કરીને વિષયને વિષે એ મુક્તને પણ આસક્તિ થાય તે મુક્યા પણ મુકાય નહિ ને તે જો અક્ષરભાવને પામ્યો

હોય ને તે અતિ વિચાર કરીને તેનો નિષેધ કરીને મુકે તો માંડ માંડ મુકાય. ને બીજો તો મુક્ત પણ તે વિષયને ભોગવીને તે મુકવાને સમર્થ ન થાય ત્યારે બીજા જીવની તો વાત શી ? તે માટે જો આગળથી જ તે વિષયનો ડર રાખી ને તેનો જોગ ન કરે તો ઉગરે પણ બીજો ઉગર્યાનો ઉપાય નથી. ને જે પુરુષોત્તમ છે તે તો માયાનો સંગ કરે તથા સ્ત્રીયુંનો સંગ કરે તથા ધનનો ને રજોગુણી મનુષ્યનો સંગ આદિક પંચવિષયને જેમ જેમ ભોગવે તેમ તેમ તેને પણ શુદ્ધ કરે છે ને તે માયા તથા માયાનાં જે કાર્ય પુરુષોત્તમના સંબંધને પામ્યાં હોય તે સર્વેને અક્ષરરૂપ કરે છે. પણ તે પુરુષોત્તમ ભગવાન કોઈ માયિક પદાર્થમાં ન બંધાય તે તો માયામાં રહ્યા થકા પોતાને રૂપે રહે છે. ને મુક્ત તો ગમે તેવો હોય તો પણ તેથી છેટે રહે તો જ ઠીક રહે અને જો એ વિષયનો સંબંધ કરે તો વિષયમાં બંધાઈ જાય તે માટે વિષયનો તો સંકલ્પ પણ ન કરવો. ॥ ૧૨ ॥

અને દોલતરામે પૂછ્યું જે ''મુક્ત છે તેણે તો માયાને જડ ને દુઃખ રૂપ જાણી છે તેને વિષે વળી રાગ કેમ થાય છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ જે મુક્ત છે તેને પ્રથમ સાધનકાળમાં જ માયિક વિષયને વિષે લગારેક રાગ રહ્યો હોય તે રાગે કરીને પાછો એને વિષયમાં રાગ થાય છે. તે માટે મુક્ત હોય તેમણે પણ વિષય થકી તો છેટે રહેવું પણ તેનો વિશ્વાસ કરીને તેને ભોગવવા નહિ અને જ્યારે સાંખ્યયોગને દૃઢ કરીને પછી ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પામ્યો હોય તેને વિષયમાં રાગ ન થાય કેમ જે એ તો વિષયને સેવેજ નહિ. ॥ ૧૩ ॥

પછી દોલતરામે ફરી પૂછ્યું જે ''જ્ઞાતા ને જ્ઞાન તે કેમ સમજવું ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જેમ દૂધનું પાત્ર હોય તેમાંથી કટોરામાં લઈને હાથે કરીને પીવે છે ત્યારે દૂધનું સુખ જીભને આવે છે પણ હાથ તથા પાત્રને નથી આવતું. તેમ જે જીવ છે તે પોતાની જ્ઞાનમય શક્તિ વડે કરીને જાણે છે ત્યારે તે જ્ઞાન જીવને થયું પણ નેત્રાદિક ઈન્દ્રિયોને તથા તેના દેવતા અને ગોલકને થતું નથી. તથા શ્રોત્રાદિક જે ઈન્દ્રિયો તથા અંતઃકરણ તથા એમનાં ગોલક તથા એમના દેવતા તથા એમના વિષય એ સર્વેને પોતે જ્ઞાતા રૂપ જે જીવ તે પોતાની જ્ઞાનરૂપ જે શક્તિ તે વડે કરીને નોખાં નોખાં સમજે છે. જેમ સૂર્ય છે તે પોતે તેજોમય છે ને પોતાની તેજરૂપ જે શક્તિ તેણે કરીને બ્રહ્માંડમાં પ્રકાશ કરે છે ને પોતે તો સદાય મૂર્તિમાન પોતાના લોકમાં છે. તેમ જે જીવ છે તે પણ પોતે સદાય હૃદયમાં રહ્યો છે ને ત્યાં જ રહ્યો થકો પોતાની જ્ઞાનરૂપ શક્તિયે કરીને નખશિખાપર્યંત

સર્વે ઈન્દ્રિયુને તથા અંતઃકરણને એકકાળે જાણે છે ને જો એમ ન કહીએ તો બ્રહ્મજ્ઞાનીની પેઠે સમજાય તે માટે આ કહ્યું તેમ જ્ઞાતા અને જ્ઞાનના સ્વરૂપને જાણવું. ॥ ૧૪ ॥

અને પૂર્વે જે અવતાર થયા છે તેનો મહારાજે પોતાને વિષે ભાવ દેખાડ્યો છે. તે વાત કહીએ જે પ્રથમ મહારાજ પ્રગટ્યા ત્યારે એવું પ્રકરણ ચલાવ્યું હતું જે ભજનમાં બેસે ને સંકલ્પ થાય તથા શરીર હલે તો ઉઠાડી મુકતા એ પોતાને વિષે શ્વેતદ્વીપ પતિ વાસુદેવનો ભાવ જણાવ્યો તથા ખટરસનાં વર્તમાનનું નિયમ આપ્યું તથા પાશેર જ અન્ન એક વખત ખાવું તથા એક કૌપિન ને એક હજુરીયો રાખવો તથા એક ગોદડી રાખવી તથા એક એક જણને એક એકનો શબ્દ ન સંભળાય એમ રહેવું એ આદિક જે સાધુને મહા કઠણ તપ કરાવ્યું એ પોતાને વિષે નરનારાયણનો ભાવ જણાવ્યો. તથા અગણોતેરામાં મહારાજ હાથમાં તલવાર લઈને એમ બોલ્યા જે ''આ અમારી તલવાર છે તે કુસંગીનું લોહી પીયે છે ને સત્સંગીની રક્ષા કરે છે તથા આ તલવારે મોટાં મોટાં લશ્કર તથા મોટી જમાત્યો તથા દૈત્ય એ સર્વેને કાપી નાખ્યા તથા આ તલવારે મોટા મોટા ગઢ પાડી નાખ્યા'' તથા પોતે ઘોડા ઉપર ચડ્યા તથા ઘરેણાં પેર્યાં તથા ભારે ભારે વસ્ત્ર પેર્યાં ને રંગે રમ્યા તથા નાના પ્રકારની લીલાયે કરીને પોતાના એકાંતિક ભક્તને સુખ આપ્યું તે કૃષ્ણાવતારનો ભાવ પોતાને વિષે દેખાડ્યો. તથા પોતે ધર્મની વ્યવસ્થા બાંધી તે પોતાને વિષે રામચંદ્રજીનો ભાવ જણાવ્યો તથા પોતે જ્ઞાન, વૈરાગ્યને તથા સાંખ્યયોગને પ્રવર્તાવ્યો એ પોતાને વિષે દત્તાત્રેય તથા કપિલદેવજીનો ભાવ જણાવ્યો તથા પોતે પોતાના આશ્રિત જનને શિક્ષા કરી એ પોતાને વિષે ઋષભદેવ ભગવાનનો ભાવ જણાવ્યો અને પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત જે એકાંતિક ભક્તિ કરવી તેની રીત દેખાડી તથા પ્રેમ લક્ષણા ભક્તિની રીત દેખાડી તેથી જેમ ગંગાજી જે તે પર્વત તથા જે જે આડાં આવ્યાં તેને ફોડીને સમુદ્રને વિષે જઈને ભળે છે તેમ તે ભક્ત પણ ભગવાનના સ્વરૂપમાં જે જે પદાર્થ તથા પોતાના સંબંધી અંતરાય કરે તેનો ત્યાગ કરીને ભગવાનને વિષે હેતે કરીને જોડાયા તથા સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તો પણ તેને અષ્ટાવરણ પાર જે અક્ષરધામ તે દેખાડ્યું તથા તે સમાધિને વિષે પોતાના અવતાર દેખાડીને તેને પોતાને વિષે લીન કર્યા તથા ભક્તને વિષે લીન કરી દેખાડ્યા એ સર્વે પોતાને વિષે પુરુષોત્તમપણું દેખાડ્યું. એવી રીતે

મહારાજે પોતાને વિષે પૂર્વે જે જે અવતારે કરીને કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાયે કરીને કર્યું. આવી રીતે આ વાતને વિચારીને પછી એમ નિર્ધાર કરવો જે જ્યારે સર્વે અવતારનો ભાવ મહારાજે પોતાને વિષે દેખાડ્યો. તે માટે સર્વે અવતારના અવતારી તે આ પ્રગટ ધર્મ ભક્તિના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણજી મહારાજ છે ને બીજા અવતાર તો એમના આજ્ઞાકારી છે. એમ મહારાજના સ્વરૂપને સમજવું. તે આ વાતને પણ જે બુદ્ધિવાળો હોય ને શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે આ વાતને શુદ્ધ સંપ્રદાય થકી સમજે ત્યારે સમજાય પણ તે વિના ન સમજાય. માટે આ વાતને સમજી રાખવી. ॥ ૧૫ ॥

અને હરજી ઠક્કરે પૂછ્યું જે ''દેહ અને દેહ સંબંધી પદાર્થને વિષે જેવી જીવને પ્રીતિ છે તેવી ભગવાનને વિષે પ્રીતિ કેમ થાતી નથી ?'' તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જીવનો સહેજે જ એવો સ્વભાવ છે જે પોતાના સંબંધીને વિષે એને બહુ માલ જણાય છે ને તેને વિષે અતિશે સ્નેહ રહે છે. અને સત્સંગે કરીને ભગવાનને વિષે પ્રીતિ તો થઈ છે પણ ગૌણ છે. ને જે ત્યાગી છે તેને પણ દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે વિશેષ પ્રીતિ છે તથા લખવું, મળવું અને પુસ્તક તેને વિષે પણ વિશેષ પ્રીતિ છે. માટે તેવી ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. જેમ પચાસ સાઠ પ્રકારનાં ભોજન હોય તેમાં જલેબી અને મોતીયા જેવાં ઉત્તમ ભોજનને ઠેકાણે તો એણે દેહ તથા દેહ સંબંધી પદાર્થને કર્યાં છે ને ડોડીની તથા સુવાની ભાજીને ઠેકાણે ભગવાનને કર્યા છે, માટે ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. માટે દેહ તથા દેહ સંબંધી પદાર્થનો નિષેધ કરીને તેમને ભાજીને ઠેકાણે ગણે ને ભગવાનને જલેબી મોતીયાને ઠેકાણે ગણે ત્યારે ભગવાનને વિષે પ્રીતિ થાય તથા વળી જેમ કોડી ને પૈસો પણ ધન છે ને પારસમણિ તથા ચિંતામણિ તે પણ ધન છે તેમાં ચિંતામણિના જેવું હેત એ જીવને દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે છે. ને ભગવાનને વિષે જે પ્રીતિ છે તે તો કોડી ને પૈસાના જેવી છે માટે ભગવાનને વિષે તેવી પ્રીતિ નથી થાતી. માટે જો દેહ તથા દેહ સંબંધી પદાર્થને અસત્ય જાણીને તેને કોડી તથા પૈસાને ઠેકાણે ગણે ને ભગવાનને ચિંતામણિને ઠેકાણે ગણે તો ભગવાનને વિષે એ જીવને પ્રીતિ થાય. અને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તે તો અસત્ય છે તે કોઈ દિવસ સત્ય નથી. તેમ થઈ ગયાં જે પદાર્થ તે પણ સત્ય નથી. ને એને વિષે કોઈ દિવસ માલ નથી. જેમ ઝાંઝવાનું જળ તે કોઈ દિવસ સત્ય નથી તથા જેમ ગધેડાની લાદનું સુખડું કરે તેમાં કોઈ દિવસ

સુખ હોય જ નહિ. તેમ તે દેહ તથા દેહ સંબંધી જે વસ્તુ તેને વિષે માલ નથી. અને આ જીવે છે તે રાજાના જે દેહ સંબંધી ભોગ તેને પામ્યો છે તથા ઈન્દ્રના દેહ સંબંધી ભોગને પામ્યો છે તથા બ્રહ્માના દેહ સંબંધી જે ભોગ તેને પામ્યો છે. પણ તે બ્રહ્માદિકના જે દેહ તથા દેહ સંબંધી પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી. એ તો અનંતવાર થઈ ગયા ને અનંતવાર તે ભોગને ભોગવ્યા માટે તે કોઈ દિવસ સત્ય નથી તથા વિરાટનો દેહ ને તે દેહ સંબંધી જે પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી. એ તો અસત્ય જ છે કેમ જે તેને કાળ નાશ પમાડે છે તથા પ્રધાનપુરુષના જે દેહ તથા તે દેહ સંબંધી પદાર્થ તે પણ સર્વે અસત્ય છે. કેમ જે તેને પણ કાળ નાશ પમાડે છે અને આત્યંતિક પ્રલયને વિષે પ્રકૃતિ પુરુષનો દેહ પણ નથી રહેતો ત્યારે બીજું તો ક્યાંથી રહે ? એમ સર્વેને અસત્ય જાણીને પછી સદા સત્ય એવો જે આત્મા તથા પરમાત્મા તેને જ સદા સત્ય જાણીને પછી તે પરમાત્મા જે નારાયણ તેને વિષે સર્વ પ્રકારે પ્રીતિ કરવી ને સમજવું જે સર્વે જે અપરિમિત સુખ છે તે ભગવાનને વિષે રહ્યું છે ને તે સુખને અનંતકોટિ મુક્ત નિરંતર ભોગવે છે, પણ તેનાથી તૃપ્ત નથી થાતા એવા સદા સુખમય ને સદા દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે આજ આ શ્રીજીમહારાજરૂપે આપણા કલ્યાણને અર્થે દયા કરીને પ્રગટ્યા છે, એવી રીતે દેહ-ગેહાદિકથી પ્રકૃતિ પુરુષાદિક સુધી સર્વેને અસત્ય જાણીને એને વિષેથી પ્રીતિ તોડીને પછી મહારાજને વિષે પ્રીતિ કરે તો તે પ્રીતિ અતિ દૃઢ થાય પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ મહારાજને વિષે દૃઢ પ્રીતિ ન થાય ॥ ૧૯ ॥

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે આ જીવને અવશ્ય કાર્ય કરવાનું છે તે વિચારવું જે આ જીવને પંચવિષયને વિષે ખૂંતીને રહી જે પંચવિષયને અવ્યક્ત વાસના તેને, ‘‘પ્રકૃતિ પુરુષ પર્યંત દેહગેહાદિક સર્વ અસત્ય છે.’’ એવા વિચારે કરીને ધીરે ધીરે ટાળવી ને જીવને રાગે રહિત કરવો ને સત્તારૂપ કરવો ને પછી ભગવાનમાં પ્રીતિ કરવી, ને તે વિના દેહની ક્રિયા જે મળવું તથા લખવું તથા બીજી જે જે ક્રિયા કરવી તે તો કેમ છે ? તો જેમ કોઈક અતિ મોટું કામ સિદ્ધ કરવું હોય ત્યારે તે કામ કરતા હોઈએ તેમાં સહેજે બીજા કામ આવે તે કરવા પડે તેમ દેહક્રિયા તો છે ને અવશ્ય કરવું તો પોતે જે ધાર્યું હોય તે છે. માટે જીવને શુદ્ધ કરીને પછી ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરવી એ અવશ્ય કરવાનું છે ને બીજું જે છે તે તો દેહના નિર્વાહને અર્થે

છે. પણ અવશ્ય કરવાનું નથી અને વળી કોઈક જાણે જે બહુ કરીને ભગવાનને રાજી કરું પણ તે ભગવાન તો બહુ કર્યે પણ રાજી થાતા નથી તથા ન કર્યે પણ રાજી થાતા નથી. માટે જે જે કરવું તે સમજીને કરવું. તેની વિક્તિ જે એક તો પોતાને વિષે ખૂંતીને રહી જે પંચવિષયની વાસના તેને જીવમાંથી ટાળીને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેની વિક્તિ જે ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ ને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું અને તે ગ્રંથ પ્રમાણે વરતીને મંદિરની તથા દેવની તથા આચાર્ય મહારાજની સેવા કરવી. એ આદિક જે જે કરવું તે પૂર્વે કહ્યા જે ત્રણ ગ્રંથ તે પ્રમાણે વર્તતે થકે જેટલી સેવા થાય તેટલી કરવી. પણ તે ધર્મનો ત્યાગ કરીને સેવા ન કરવી. એમ સમજીને જો થોડું જ કરે તો પણ ભગવાન બહુ માને ને તે વિના તો જાજું કરે તો પણ તેવા ભગવાન પ્રસન્ન ન થાય. ॥ ૧૭ ॥

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે ''અંતઃકરણ ને આત્મા એ બેના વચ્ચે જે વિચાર રહે છે તે વિચાર કેનો સમજવો ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ વિચાર છે તે આત્માનો નથી ને અંતઃકરણનો પણ નથી. એ વિચાર તો સત્શાસ્ત્ર ને સત્પુરુષનો છે. તે જ્યારે મુમુક્ષુ પ્રથમ સત્પુરુષના મુખ થકી અને સત્શાસ્ત્રમાંથી વિચારને શિખે છે ને પછી તે વિચારને ઈન્દ્રિયું દ્વારે કરીને અંતઃકરણમાં ઉતારે છે. હવે તે વિચાર શું તો દેહ છે તે નાશવંત છે, દુઃખરૂપ છે ને વિકારવાન છે તથા દેહનાં જે સગાસંબંધી અને પદાર્થ તે પણ નાશવંત છે અને જે આત્મા છે તે અચ્છેદ્ય, અભેદ્ય, અજર, અમર, સત્તારૂપ ને સુખરૂપ છે. તથા સનાતન ને પરિણામે રહિત છે. એવો જે જડ ચૈતન્યનો વિચાર તે સત્પુરુષ ને સત્શાસ્ત્રનો છે. ને તે વિચાર અંતઃકરણ અને આત્મા એ બેના મધ્યમાં રહ્યો થકો દેહ અને જીવ એ બેયને નોખા રાખે છે. તે દેહના ભાવ આત્માને વિષે ભળવા દેતો નથી ને આત્માના ભાવ દેહ ભેળા ભળવા દેતો નથી. ને તે વિચાર જ્યારે દૃઢ થાય ત્યારે નિરંતર દેહને ને આત્માને નોખા રાખે પછી તે ભક્ત આત્મસત્તારૂપે રહ્યો થકો નિરંતર પરમાત્મા એવા જે શ્રીહરિજી મહારાજ પૂર્ણપુરુષોત્તમ તેમનું ધ્યાન કરે. ॥ ૧૮ ॥

અને એક દિવસ મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામીએ અતિ કરુણા કરીને વાત કરી જે આ દેહને વિષે તો કેવળ દુઃખ જ છે પણ સુખ નથી. ત્યારે કોઈ કહેશે જે ''સુખ તો થાય છે.'' તો એનું એમ છે જે દુઃખ અધિક થયું હોય તે મટે ત્યારે કહે જે ''સુખ થયું'' પણ એ તો સુખ નથી થયું દુઃખ જેમ હતું તેમજ

રહ્યું છે, પણ જે અધિક દુઃખ હતું તે મટ્યું. વળી જેમ કોઈ પુરુષ ભૂખ્યો-તરસ્યો હોય તે અન્ન ખાય તથા જળ પીવે ત્યારે કહે જે ''સુખ થયું'' પણ એમાં કાંઈ સુખ થયું નથી. એ તો એ વખતની ભુખ ને તરશ ગઈ ને તેનું દુઃખ તો એમનું એમ છે. અને વળી કોઈક પુરુષ માંદો હોય તે સાજો થાય ત્યારે કહે જે ''હવે સુખ થયું.'' પણ એમાં શું સુખ થયું ? દુઃખ તો એમનું એમ જ છે. એ તો અધિક દુઃખ થયું હતું તે મટ્યું છે. પણ સુખ તો ત્યારે થાય જે પંચવિષયની જીવમાં વાસના છે તેને ટાળીને કેવળ આત્મારૂપ થઈને પુરુષોત્તમ નારાયણ એવા જે શ્રીજીમહારાજ તેમની જ્યારે માહાત્મ્યે સહિત નિષ્કામભાવે કરીને પ્રેમ લક્ષણા ભક્તિ કરે તથા તે ભગવાનને વિષે અતિશે હેત કરે. જેમ અતિશે કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત છે તથા અતિશે લોભીને ધનને વિષે જેવું હેત છે તેવું હેત મહારાજને વિષે કરવું. ને એવી રીતનો ભક્ત જ્યારે દેહનો ત્યાગ કરીને ભાગવતી દેહે કરીને અવતારી એવા જે પૂર્ણ પુરુષોત્તમ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેમની સેવામાં રહે ત્યારે સુખ થાય પણ તે વિના તો જેમ જેમ અધિક સંપત્તિને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે. તે ઈન્દ્રથી લઈને મહાપુરુષ પર્યંત જેમ જેમ અધિક ઐશ્વર્ય ને અધિક મોટપ્યને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે પણ સુખ તો એક મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય નથી. ॥ ૧૯ ॥

અને મૂળ અક્ષર મૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે પાંચ પ્રકારના પુરુષ છે તેને ઓળખીને સંગ કરવો. તેનાં લક્ષણ કહીએ છીએ જે એક તો એવો પુરુષ હોય જે પોતે પણ ભગવાનને સંભારે ને બીજા જે પોતાને આશરે આવે તે સર્વેને ભગવાન સંભારે ને બીજા જે પોતાને આશરે આવે તે સર્વેને ભગવાન સંભારવા દીયે ને બીજો એવો હોય જે પોતે પોતાની ભેળે ભગવાનને સંભારે ને બીજો તો બીજાની ઓથે રહીને ભગવાનને સંભારે ને ચોથો તો એવો જે પોતે ભગવાનને ન સંભારે ને બીજા જો ભગવાનને સંભારે તોયે ઠીક ને ન સંભારે તોયે ઠીક ને પાંચમો તો એવો હોય જે પોતે ભગવાનને ન સંભારે ને બીજા સંભારતા હોય તેને પણ ન સંભારવા દીયે. માટે આ પાંચ પ્રકારના પુરુષને ઓળખીને જેને એકાંતિક થાવું હોય તેણે પોતે ભગવાન સંભારે ને બીજાને સંભારવા દીયે એવા પુરુષનો સંગ કરવો. ॥ ૨૦॥

અને હરજી ઠક્કરે પૂછ્યું જે ''હે મહારાજ ! વચનામૃતમાં કહ્યું છે જે એકાંતિક નહિ હોય તેને સંકર્ષણાદિકમાં પ્રવેશ થાય છે. તેનું કેમ સમજવું ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે સંકર્ષણાદિક તો બીજે નથી એ તો સત્સંગમાં સર્વ છે. તે જ્યારે પુરુષોત્તમ પ્રગટ થાય છે ત્યારે મહાપુરુષ છે આદિ જેને ને ઇન્દ્ર છે અંતે જેને એવા જે સર્વે ઐશ્વર્યાર્થી તે પોતાના કલ્યાણને અર્થે દેહ ધારીને અહીં આવે છે તથા બીજા જે અવતાર તે પણ સર્વે પુરુષોત્તમ ભેળા આવ્યા હોય, ત્યારે જે એકાંતિક હોય તે તો પુરુષોત્તમની સાથે જ હેત કરે તથા તે પુરુષોત્તમની સાથે એકાંતિક ભક્તિયે કરીને સર્વે પ્રકારે જોડાણો હોય માટે એ તો જ્યારે દેહ મુકે ત્યારે પુરુષોત્તમ એવા જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે ને પોતાની સાથે જે જોડાણો હોય તેને પણ અક્ષરધામમાં લઈ જાય છે અને પૂર્વે કહ્યા જે ઐશ્વર્યાર્થી તે પણ સત્સંગમાં મોટા ગુરુ થયા હોય, તે જેને મહારાજની વાત કરીને સત્સંગ કરાવે ત્યારે જો તેને મહારાજને વિષે હેત થયું હોય તો એ અક્ષરધામમાં જાય. પણ તે ઐશ્વર્યાર્થીની સાથે હેત થયું હોય તો એ જ્યાંથી આવ્યા હોય ત્યાં તેને લઈ જાય છે. કેમ જે તેને પૂર્વનો જે દેહ હોય તે દેહની આવરદા ભોગવવી જોઈએ પણ આ દેહે છુટકો ન થાય. માટે જે જે એમને વળગ્યા હોય તેને તેઓ પોતા પાસે રાખે પણ મહારાજ સાથે હેત ન થાવા દીયે. ને જે એકાંતિક સાધુ હોય તેનો પણ અવગુણ ઘાલીને તે સાથે પણ હેત ન થાવા દીયે. કેમ જે ? એ એમ જાણે જે ''જો એમની સાથે હેત થાશે તો મારી પાસે નહિ રહે'' ને વળી એમ જાણે જે ''જો એમને એકાંતિકની સાથે હેત થાશે તો એ મહારાજની સાથે હેત કરાવશે ને મારું જેવું રૂપ છે તેવું તેને ઓળખાવશે'' એમ જાણીને હેત ન થાવા દીયે. તે વાત વિચારો તો ખબર પડે કેમ જે ? જ્યારે મહારાજ ગઢડે વિરાજમાન હતા ત્યારે એમ કહેતા જે ''જૂનાગઢ જાય તેને પાંચ વખત અમે મળીએ ને તેના અમે જમાન થઈએ'' ત્યારે કોઈક જાવાનું કરે ત્યારે તેનો ગુરુ હોય તે એમ કહે જે ''જો તું જાઈશ તો ત્યાં પથરામાં અથડાઈને મરી જાઈશ'' એમ કહીને તેને અળસાવી નાખતા તથા કોઈકને મહારાજની સેવામાં રહેવું હોય તો પણ તેને એના ગુરુ ભાંગી નાખતા. ॥ ૨૧ ॥

અને એક સમે ગઢપુરમાં એક હરિભક્તને મહારાજે કહ્યું જે ''અક્ષરધામમાં જઈને આવો'' પછી તે સમાધિ કરીને સર્વે ધામ જોઈને અક્ષરધામમાં ગયો ત્યાં

તેને મહારાજે પૂછ્યું જે ‘‘કીયાં કીયાં ધામ જોતા આવ્યા ?’’ ત્યારે તેણે કહ્યું જે ‘‘હે મહારાજ હું પ્રથમ બદરિકાશ્રમમાં ગયો ત્યાં મેં આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી, તેને દીઠા તથા શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોક એ સર્વે ધામમાં પણ દીઠા તે અહીં કેમ ન આવ્યા ?’’ ત્યારે મહારાજે કહ્યું જે ‘‘તેમણે અમને તે તે ધામના પતિ જાણ્યા માટે ત્યાં રહ્યા છે, અને આ સર્વે છે તેણે તો અમને સર્વે અવતારના અવતારી જાણીને સર્વે ધામ થકી પર જે બ્રહ્મમોહોલ તેના પતિ અમને જાણ્યા છે તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે અને પૂર્વે કહ્યા તેમણે તો અમને તે તે અવતાર જેવા જાણ્યા તે માટે એમને તે તે અવતારના જેટલું ઐશ્વર્ય આપ્યું છે અને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે તે જો અમે પંડે જઈને કહીએ તો પણ ન માને. ને એમ કહે જે અમને તમે ભરમાવો છો પણ અમે એમ તમારા સ્વરૂપમાંથી પડીએ એવા નથી. એમ કહીને તે ધામમાં ને તે ધામમાં રહે.’’ પછી તે હરિભક્ત સમાધિમાંથી પાછા આવ્યા ત્યારે તેને મહારાજે કહ્યું જે ‘‘તમે સમાધિમાં જેમ દીઠું હોય તેમ કહો’’ ત્યારે તેણે જેમ દીઠું હતું તેમ કહ્યું. માટે જેમ છે તેમ વાત તો અમે પણ કહેવાતી નથી. ને તે વાત ઉઘાડી કહ્યા વિના કોઈને સમજાતી નથી, ને આ વાર્તા કેને સમજાય ? તો જે એમ સમજતો હોય જે ભગવાનના એકાંતિક જે સંત છે તેને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ હોય છે તથા હરિગીતામાં જે સાધુનાં લક્ષણ કહ્યાં છે તેણે જુક્ત તે હોય છે તથા પોતે એકાંતિક ધર્મને ધારીને બીજાને તે ધર્મ ધરાવે એવા હોય છે અને દેવ, સત્શાસ્ત્ર, સાધુપણું ને તીર્થ એ ચારેય પૂર્વે કહ્યા એવા જે સત્પુરુષ તેને વિષે રહ્યા છે. કેમ જે જ્યારે એવા સત્પુરુષ જે દેવને પધરાવે છે ત્યારે તે દેવમાં દૈવત આવે છે તથા સત્શાસ્ત્ર પણ સત્પુરુષનાં કર્યાં થયાં છે, તથા સાધુ પણ સત્પુરુષના કર્યા થાય છે, તથા તીર્થ પણ સત્પુરુષનાં કર્યાં થયાં છે પણ એ ચારેયે કરીને સત્પુરુષ નથી થાતા એમ એ ચારેય કરતાં સત્પુરુષને અધિક સમજીને તેમની સાથે હેત કરે ને પછી તે પાસેથી પૂર્વે કહ્યો જે વિવેક તેને શિખે ત્યારે આવડે પણ તે વિના ન આવડે ને આ વાતને ન સમજે તો કલ્યાણમાં બહુ ફેર રહે ને તે ફેર કોઈ રીતે પણ ન ભાંગે. ॥૨૨॥

અને કેશવદાસજીએ સ્વામીએ પૂછ્યું જે ‘‘એક તો સર્વે વાસનાને ટાળીને સત્તારૂપે રહ્યો હોય તે તો અક્ષરધામમાં રહે અને બીજો જે છે તેમાં વાસના હોય ને અક્ષરધામમાં ગયો ત્યારે એ જે એની વાસના છે તે ત્યાં ટાળે છે કે બીજે

મહારાજ ટળાવે છે ? ને કહો'' ત્યારે સ્વામીએ કહ્યું જે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય ને મહારાજની આજ્ઞા પ્રમાણે રહે તો હોય પણ જીવમાં રાગ રહ્યો હોય તો તે જ્યારે દેહ મુકે ત્યારે તેને મહારાજ અક્ષરધામમાં લઈ જાય ને પછી પોતાનો અવતાર કોઈક બ્રહ્માંડમાં થયો હોય ત્યાં તેને દેહ ધરાવે. પછી તે સંસાર તજીને જ્યાં ભગવાન હોય ત્યાં જાય ને પછી તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરીને સાધન કરે ત્યારે થોડેક કાળે તે વાસનાને ટાળી નાખે કેમ જે ? પૂર્વનું બીજબળ હોય માટે તે વાસનાને પછી ટાળતાં વાર ન લાગે અને જો ખબડદાર થઈને તે વાસનાને અહીં ટાળે તો અહીં પણ હમણાં ટળે પણ તે વાત થાતી નથી. કેમ જે કોઈ અર્થ સિદ્ધ કરવો હોય તેમાં જેવી ચાડ થાય છે તેવી જ્યારે ચાડ થાય ત્યારે તે વાસનાને ટાળતાં કાંઈ વાર ન લાગે. કેમ જે ? જીવ તો અતિ સમર્થ છે તે જે વાતને કરવા ધારે તે વાતને સિદ્ધ કરે એવો છે. તે માટે એવો વિચાર કરે જે મહારાજની મૂર્તિ સંબંધી જે સુખ તે અવિનાશી છે ને તે મૂર્તિને વિષે એક વિષય ભોગવીએ તો પંચ પ્રકારનાં જે પંચ ઈન્દ્રિયોનાં સુખ છે તે એક કાળે પ્રાપ્ત થાય છે. એવું જે એ ભગવાનનું સુખ છે તેમાં આલોકનાં જે પદાર્થ તથા પંચવિષય તથા દેહ અને દેહ સંબંધી પદાર્થ તે અંતરાય કરે એવા છે. એમ જાણીને તે દેહ તથા દેહ સંબંધી પદાર્થ તથા પંચવિષય તે સાથે જ્યારે અતિશે દ્વેષબુદ્ધિ થાય. પણ આ તો તે સાથે તો ક્યાંથી વૈર થાય ? પણ જે તે વિષયનો નિષેધ કરીને તે વિષયમાં જે દોષ છે તેને દેખાડે છે, ત્યારે તે વાતના કરનારાનો અવગુણ લે છે, તે એમ સમજવું. પણ એમ સમજવું જે ''મારે તે વિષયાદિકના દોષ જાણવા હતા તે દોષ મુને ઓળખાવ્યા માટે એ તો મારા પરમ મિત્ર છે'' એમ જાણીને તે સાથે અતિશે હેત કરે. અને તે વિષયને વિષે કેમ દોષબુદ્ધિ કરે ? તો 'આ જે દેહ તથા દેહનાં સંબંધી છે તે ભગવાન સંબંધી જે સુખ તેમાંથી મુને પાડીને પોતાને વિષે બાંધે એવાં છે ને મુને એણે અનંત જન્મ લગી ભમાવ્યો છે ને જમનો માર ખવરાવ્યો છે ને આજ જો એને વિષે મારે પ્રીતિ રહેશે તો તે મુને અક્ષરધામમાં નહિ જાવા દીયે.'' એમ જાણીને તે દેહ તથા દેહનાં સંબંધીને વિષે કેવી વૈરબુદ્ધિ થાય ? તો જેમ કોઈક પોતાના ભાઈને મારી નાખે તથા બાપને મારી નાખે તથા મા, બેન અને દીકરીને લઈ જાય તથા પોતાનો ગામ ગરાસ હોય તે લઈ લે ને પોતાને હાથે પગે કરીને કાઢી મુકે. ત્યારે તેની ઉપર જેવી વૈરબુદ્ધિ થાય છે ? તેવી વૈરબુદ્ધિ નિરંતર રહે ત્યારે તેમાંથી

રાગ ટળે. તથા તેમજ સ્ત્રીને પણ એમ જાણે જે ''સ્ત્રી છે તેમાં હાડ, માંસ, વિષ્ટા, પરુ, પાસ, શેડાં, પિયા, મુત્ર, નાડીયું, મજ્જા, મેદ, સ્નાયુ છે તથા રગ રગમાં રક્ત ભર્યું છે.'' એવી રીતે વસ્તુ વિચારે કરીને એ સ્ત્રીને વિષે દોષ દેખીને પછી એમ વિચારે જે ''એવી પાપરૂપ જે સ્ત્રી તેને વિષે જો મારે અવ્યક્ત લગારે પણ રાગ રહ્યો તો મહારાજ મુને અક્ષરધામમાં નહિ રાખે'' એમ જાણીને પૂર્વે કહી તેમજ સ્ત્રીને વિષે પણ વૈરબુદ્ધિ કરવી તે સ્ત્રીની વાત થાય ત્યારે ઉલટી થાય. એવી રીતે વૈરબુદ્ધિ કરીને પછી મહારાજનું માહાત્મ્ય વિચારવું જે, જે સુખને ઈન્દ્ર પણ નથી પામતા તથા બ્રહ્મા પણ જે સુખને નથી પામતા તથા વૈરાટ પણ જે સુખને નથી પામતા તથા પ્રધાનપુરુષ પણ જે સુખને નથી પામતા તથા મૂળ પ્રકૃતિ પુરુષ પણ જે સુખને નથી પામતા તે સુખને આપણે પામ્યા છીએ તથા જે સુખને અક્ષર તથા અક્ષરના જે અનંતકોટિ મુક્ત તે ભોગવે છે તે સુખને આપણે પામ્યા છીએ પણ તેમાં અંતરાય કરે એવી સ્ત્રી છે માટે એ સ્ત્રીનો જીવમાંથી રાગ ટાળવો. ॥ ૨૩ ॥

અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય છે તેનો પણ જીવમાંથી અભાવ કરવો. તે એમ વિચાર કરવો જે શબ્દ છે તેને સાંભળી સાંભળીને મરી ગયા તો પણ તૃપ્તિ તો થઈ નથી. ને તે શબ્દમાં હજારો ક્લેશ રહ્યા છે ને જેટલાં દુઃખ થાય છે તેટલાં શબ્દમાં રહ્યા છે અને ભગવાન સંબંધી જે શબ્દ છે તેમાં એક કાળે પંચવિષયનાં સુખ પ્રાપ્ત થાય છે પણ તે સુખમાં અંતરાય કરે એવો એ શબ્દ છે. ॥ તેમજ સ્પર્શ છે તેમાં પણ હજારો દુઃખ રહ્યા છે, તેમાં જે કેટલાકનાં માથાં પડે છે તથા ગામગરાસ લુંટાઈ જાય છે એવા દુઃખ થાય છે તે સ્ત્રીયાદિકના સ્પર્શમાંથી થાય છે, એવા લાખું દોષ સ્પર્શમાં રહ્યા છે અને જે ભગવાનનો સ્પર્શ છે તેમાં એકકાળે પંચવિષયનું સુખ આવે છે. ને તેમાં અંતરાય કરનારો સ્ત્રી આદિકનો સ્પર્શ છે. તેમજ રૂપને જોઈ જોઈને મરી ગયા તો પણ તેમાંથી તૃપ્તિ પણ નથી થાતી ને તેમાં સુખ પણ જણાતું નથી. ને એ રૂપ થકી પર જે ભગવાનનું રૂપ છે તેમાં એકકાળાવચ્છિન્ન પંચ ઈન્દ્રિયોનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય કરે એવું આ રૂપ છે. તેમ જે રસ છે તેને પણ ભોગવી ભોગવીને મરી ગયા તો પણ હજી જિહ્વા તો તૃપ્ત ન થઈ. ને એ રસ કેવો છે ? તો એ રસ ખાઈને પુષ્ટ થાશું તો સત્સંગમાં નહિ રહેવાય. ને પછી જીવશું ત્યાં સુધી ક્લેશને પામશું. ને દેહને મુકીને જમનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે. એ આદિક કરોડ્યું

દોષ રસમાં રહ્યા છે. એવો એ રસ છે ને જે ભગવાનનો રસ છે તેમાં તો એકકાળે પંચવિષયનું સુખ પમાય છે. એવું એ ભગવાન સંબંધી સુખ છે. ને તેમાં આ જે રસ છે તે અંતરાય કરનારો છે. તેમ જે ગંધ છે તેમાંથી પણ જીવના પ્રાણ જાય છે એ આદિક અનંત દોષ એમાં રહ્યા છે, એવો એ ગંધ છે અને જે ભગવાન સંબંધી ગંધ છે તેમાં તો એક કાળે પંચવિષયનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય કરનારો આ ગંધ છે. એવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય છે. તેથી જ્યારે અતિશે પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેણે કરીને જીવમાંથી રાગ ટાળીને તેનો અતિશે અભાવ આવે તે જ્યારે એ વિષય સાંભરે ત્યારે ઉલટી થઈ જાય, ત્યારે જાણવું જે તે વિષયને વિષે દોષબુદ્ધિ થઈ. તેમજ જે ક્રોધ, ઈર્ષા, મત્સર, અસુયા, દંભ, કપટ, માન, રાગ અને દ્વેષ એ આદિક જે અધર્મનો સર્ગ છે, તેને વિષે પણ અતિશે દોષ જાણે. જે ''એ દોષ છે તે મારા જીવને બંધન કરે એવા છે'' એમ જાણીને તેની પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેવી દોષબુદ્ધિ જીવમાં ઉતારે ને તે દોષનું કોઈ નામ લે ત્યારે તેનાં રોગ ઊભા થાય ને અતિશે ગ્લાની પામી જાય ને જેમ એકનો એક દીકરો મરે ને તેનો શોક તેનાં મા-બાપને થાય છે તેમ તે દોષ સાંભળીને શોક થાય ત્યારે જાણવું જે તેને દોષબુદ્ધિ થઈ. ॥૨૪॥

અને વિષયમાં દોષબુદ્ધિ તે ક્યારે દૃઢ થાય તો જ્યારે ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂરી ત્યારે થાય જેમ કોઈ પુરુષ હોય તે કહે જે ''દિવસ ઉગ્યા પહેલો જે આવે તેને બસોં રૂપિયા આપીશ'' ત્યારે તેને લેવાની કેવી ચાડ થાય છે ને તેને કોઈક કહે જે ''તું અહીં રહે ને તુંને પાંચ રૂપિયા આપીશ અને જલેબી જમાડીશ'' એમ કહે ત્યારે એને તેનો સામો અભાવ આવે જે ''મુને બસોં રૂપિયા મળે છે તેમાં એ અંતરાય કરે છે તે માટે એ જ મારો શત્રુ છે'' તેમ જેને એમ જણાય જે આ લોકના પંચવિષય છે તે ભગવાનના ધામમાં જાતાં અંતરાય કરે એવા છે એમ જાણીને તે ઉપર અતિશે દોષબુદ્ધિ કરે. તે ઉપર મહાભારતમાં એક વાત છે જે વ્યાસજી ચાલ્યા જાતા હતા ત્યારે માર્ગમાં એક કીડો પડ્યો હતો. તે કીડો ગાડાં આવતાં હતાં તેથી ભય પામીને માર્ગમાંથી બહાર નિસર્યો. ત્યારે વ્યાસજીએ તેને પૂછ્યું જે 'તું અવળો કેમ ચાલ્યો ?'' ત્યારે તે બોલ્યો જે ''ગાડાં આવે છે તે પીલાઈ મરું તે વાસ્તે બહાર નિસર્યો'' ત્યારે વ્યાસજીએ કહ્યું જે ''મુવા, અહીં શું સુખ છે ?'' ત્યારે તે બોલ્યો જે ''હે મહારાજ ! આ દેહમાં બહુ સુખ આવે છે.'' ત્યારે વ્યાસજીએ કહ્યું જે ''તું મારા સામું જો'' એમ કહી તેને દેહ

મુકાવીને કોઈક રાજાની રાણીમાં મુક્યો. પછી તે જન્મ્યો ને દશ વીશ વરસનો મોટો થયો ને નાના પ્રકારનાં સુખ ભોગવીને મોજો કરે છે એવા સમયમાં વળી વ્યાસજી ત્યાં બજારમાં થઈને નિસર્યા ત્યારે તે કુંવર ગોખ ઉપર બેઠો હતો તે વ્યાસજીને જોઈને બોલ્યો જે ''એમને મેં દીઠા છે'' ત્યારે તેને વ્યાસજીએ પૂર્વની સ્મૃતિ કરાવીને કહ્યું જે ''ઓ કેવું સુખ હતું ?'' ત્યારે તેણે કહ્યું જે ''હે મહારાજ ! એ તે સુખ શાનું ? આ તો બહુ સુખ છે.'' ત્યારે તેને વ્યાસજીએ કહ્યું જે ''આથી પણ આગળ ઘણું સુખ છે'' પછી વળી તેને દેહ મુકાવીને કોઈક ચક્રવર્તી રાજાનો કામદાર ને તેને ઘેર હજારો વહાણ ચાલે ને વાણોતર કમાણી કરે એવા શેઠને ઘેર જન્મ ધરાવ્યો. પછી વળી દશ વીશ વરસ થયાં ત્યારે ત્યાં વ્યાસજી આવ્યા ને તેને કહ્યું, ''કેમ ઓ સુખ જેવું આ સુખ છે કે નહિ ?''ત્યારે તેણે કહ્યું જે ''આ તો બહુ સુખ છે.'' પછી તેને ભારે વેદ પુરાણને ભણે ભણાવે ને સર્વ શાસ્ત્રમાં અર્થને જાણે ને હજારું રૂપિયાનું વર્ષાશન ચાલ્યું આવે એવા બ્રાહ્મણને ઘેર જન્મ ધરાવ્યો પછી તો તે બીજબળ વાળો હતો તેથી થોડે દિવસે કરીને વિદ્યા માત્રને ભણી ગયો ને શાસ્ત્રમાં કહેલ જે આ પુણ્યે કરીને આવા સુખને પામે ને આ પાપે કરીને આવા દુઃખની પ્રાપ્તિ થાય એ સર્વે વાતની ગમ પડી. ત્યારે વળી વ્યાસજી આવ્યા ત્યારે તેણે વ્યાસજીને પગે લાગીને કહ્યું જે ''તમે તો મારા ઉપર બહુ અનુગ્રહ કર્યો'' પછી વ્યાસજીએ પૂછ્યું જે ''ઓ સુખ કેવું હતું ?'' ત્યારે તેણે કહ્યું જે ''એ શું સુખ હતું ? હવે તો તે સર્વે વાતની ખબર પડી'' ત્યારે વ્યાસજીયે તેને ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરીને કહ્યું જે ''ધ્યાન કર'' પછી સમાધિ કરાવીને ભગવાનનાં દર્શન કરાવ્યાં. પછી તેને દેહ મુકાવીને ગરીબ બ્રાહ્મણને ઘેર દેહ ધરાવ્યો પછી તેને ઉપદેશ કરીને ત્યાગી કર્યો ને વાસના ટાળીને ભગવાનના ધામમાં પહોંચાડ્યો ॥ તેમ જીવને જેમ જેમ આગળ અધિક સુખ જણાય તેમ તેમ વિષયમાંથી પ્રીતિ તુટે માટે જે બુદ્ધિમાન હોય તેણે ભગવાનના સુખમાં દૃષ્ટિ પુગાડવી ॥ ને એમ સમજે ત્યારે આ લોકમાં મોટા શાહુકાર તથા ચક્રવર્તી રાજાનું સુખ તથા વૈભવ તે ગરીબના સુખથી અતિ ઉત્તમ જણાય. તેમજ તેથી દેવતાનાં સુખને વિચારે ત્યારે રાજાના સુખમાંથી પ્રીતિ મુકીને તે સુખમાં વૃત્તિ વળગે ને તેથી જ્યારે ઇંદ્રના સુખને વિચારે ત્યારે તે સુખની આગળ દેવતાનું સુખ તે શી ગણતીમાં ! એમ જાણીને તેથી ઉદાસ થઈને ઇન્દ્રના સુખમાં વૃત્તિ પુગે ને તેથી આગળ જ્યારે

બ્રહ્માના સુખનો વિચાર કરે ત્યારે તે ઈન્દ્રના સુખની તુચ્છતા થઈ જાય. કેમ જે તે બ્રહ્માની આવર્દામાં ચૌદ ઈન્દ્ર તો મરી જાય છે ને તેથી આગળ જ્યારે વૈરાટના સુખનો વિચાર કરે ત્યારે તે બ્રહ્માનું સુખ તુચ્છ થઈ જાય છે કેમ જે વૈરાટના એક દિવસમાં બ્રહ્મા મોતે મરી જાય છે તેથી આગળ જ્યારે પ્રધાનપુરુષના સુખનો વિચાર કરે ત્યારે વૈરાટનું સુખ તુચ્છ થઈ જાય છે. કેમ જે તે પ્રધાનપુરુષના એક મટકામાં અનંત વૈરાટ થાય છે ને પડી જાય છે અને તેની આગળ જ્યારે મહાપુરુષના સુખનો વિચાર કરે ત્યારે તે પ્રધાનપુરુષના સુખનું તુચ્છપણું થઈ જાય છે. કેમ જે મૂળ પ્રકૃતિને વિપે પ્રધાનપુરુષ તે કેમ છે તો જેમ નિમિત્તપ્રલયને વિષે ધ્રુવના તારા સુધી જળ ભરાય છે તેમાં જેમ અનંત બુંદબુંદ થાય છે ને મટી જાય છે તેમ મહામાયાને વિષે અનંત પ્રધાનપુરુષ થાય છે ને મટી જાય છે. ને તેથી આગળ અક્ષરના સુખનો વિચાર કરે ત્યારે તે મહાપુરુષના સુખનું તુચ્છપણું થઈ જાય. કેમ જે જ્યારે અક્ષર તે મહાપુરુષ સામું જુવે છે ત્યારે તે મહાપુરુષ માયાને પ્રેરવાને સમર્થ થાય છે ને તેથી આગળ જ્યારે પુરુષોત્તમ ભગવાન જે શ્રીજીમહારાજ તેની મૂર્તિના સુખનો વિચાર કરે ત્યારે તે અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય છે. કેમ જે અક્ષર તે અનંત કોટિ મુક્તને ધારવાને સમર્થ થાય છે તે પુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ વડે થાય છે એવા જે એ પુરુષોત્તમ તે આપણને પ્રગટ મળ્યા છે તેમને મુકીને જે બીજા સુખને ઈચ્છે છે તેને આવો મહિમા સમજાણો જ નથી ને તે એ મોટપને મેલીને માનને ઈચ્છે છે, સ્વાદને ઈચ્છે છે, સ્પર્શને ઈચ્છે છે, લોભને ઈચ્છે છે, ને તે સુખને મુકીને જે વિષય ભોગને ભોગવવા ઈચ્છે છે તે સર્વે મૂર્ખ છે ને તેને આ વાત સમજાણી જ નથી. ॥ ૨૫ ॥

અને ભગવાનનું જે માહાત્મ્યજ્ઞાન તથા વિષયમાં દોષ દૃષ્ટિ એ બેયના જાણપણાને વિષે નિરંતર સાવધાન થકો વર્તે ને જેમ સંકલ્પ થાય તેમ ટાળી નાખે. એમ જ્યારે નિરંતર કર્યા કરે ત્યારે વિષયના સંકલ્પ થાય છે તે જીતાય અને મહારાજે આપણને શિક્ષાપત્રી ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે વર્તવાનું કહ્યું છે તે પ્રમાણે વર્તે ત્યારે સ્થૂળ દેહ અને ઈન્દ્રિયોના વિષય જીતાય પણ મનમાં વિષયના સંકલ્પ થાતા હોય તે ન જીતાય. તે તો જ્યારે પૂર્વે કહી જે વિષયમાં દોષદૃષ્ટિ અને ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન એ બેને જ્યારે સિદ્ધ કરે ત્યારે મનમાં વિષયના સંકલ્પ થાય છે તે બંધ થાય. અને જ્યારે સંકલ્પ બંધ થાય ત્યારે સૂક્ષ્મદેહનો નાશ થાય. અને સૂક્ષ્મદેહનો નાશ થાય

તો પણ લિંગદેહ ન ગળે. અને તે લિંગદેહ કેવું છે ? તો મન થકી પર જે બુદ્ધિ તે થકી પર ને કારણ શરીરે જુક્ત અજ્ઞાનમય એવો અનાદિ જીવ છે તે જીવમાંથી અવ્યક્ત પંચવિષયનો રાગ ઉઠે છે ને પછી તેનો સૂક્ષ્મદેહમાં સંકલ્પ થાય છે. તે પંચવિષયનો રાગ જેમાંથી ઉઠે છે તેને લિંગદેહ કહીએ. તે લિંગદેહ તો ટળવું બહુ કઠણ છે. તે ક્યારે ગળે ? તો જ્યારે નિત્યપ્રલયે કરીને આ લોકનો નિષેધ કરે, તો જ્યારે નિત્યપ્રલયે કરીને આ લોકનો નિષેધ કરે, અને નિમિત્તપ્રલયે કરીને દશ લોકનો નિષેધ કરે, અને પ્રાકૃતપ્રલયે કરીને અનંત કોટિ બ્રહ્માંડનો નિષેધ કરે ને પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન કરે અને આત્યંતિક પ્રલયે કરીને પ્રકૃતિને પુરુષને વિષે લીન કરે ને મહાપુરુષને અક્ષરને વિષે લીન કરે. એમ આત્યંતિક પ્રલયનું ઉપશમ કરીને પછી તે અક્ષરને પોતાનું સ્વરૂપ માનવું અને તે અક્ષરરૂપ એવો જે પોતાનો જીવાત્મા તેને વિષે પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેની મૂર્તિનું ધ્યાન જ્યારે નિરંતર કરે ત્યારે તે વાસના લિંગદેહનો ભંગ થાય ને તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ એ લિંગદેહનો ભંગ ન થાય. ને જ્યારે લિંગદેહનો ભંગ ન થાય ત્યારે મહારાજની સેવામાં ન રહેવાય. ને લિંગદેહનો ભંગ થયા વિના ક્લેશે રહિત સુખ ન આવે ને પુરુષોત્તમ મળ્યા છે તે અક્ષરધામમાં તો લઈ જાય પણ લિંગદેહનો ભંગ થયા વિના ત્યાં ન રહેવાય. ને તે અક્ષરધામમાં જે બહુ સુખ છે તે પંચવિષય સંબંધી નથી પણ પુરુષોત્તમ જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ તેની મૂર્તિનું છે ને તે મૂર્તિમાં એક એક વિષયમાંથી પંચવિષયનું સુખ આવે છે. તે વિના બીજું સુખ ત્યાં નથી. ને મૂર્તિ સામું મેષોન્મેષ નિરંતર જોઈ રહેવાથી તે સુખ આવે છે ને તે સુખે કરીને જ સર્વે સુખિયા છે અને તે સુખ કેને આવે ? તો જ્યારે જેને લિંગદેહ ગળે ત્યારે તેને આવે છે. ને લિંગદેહ ન ગળ્યું હોય તો મૂર્તિ સંબંધી સુખ લેવાય નહિ, ને ત્યાં રહેવાય પણ નહિ. તે કાઢવો ન પડે પણ એ તો પોતાની મેળે જ કોઈક મોટા ઐશ્વર્યમાં જોડાઈ જાય. તે ઉપર મહારાજે વાત કરી હતી જે ''આ વૈરાટપુરુષ છે તે જ્યારે કોઈક સમે પુરુષોત્તમનો અવતાર પૃથ્વી ઉપર હતો ત્યારે તે પુરુષોત્તમના ભક્ત હતા. તેને એટલો સંકલ્પ રહ્યો હતો જે આ બ્રહ્માંડનું કામ કેમ થાતું હશે ? એવો સંકલ્પ લગારેક રહ્યો હતો તો પણ કેટલાક કાળ ત્યાં રહ્યા ને પછી જ્યારે સૃષ્ટિ થઈ ત્યારે તેમણે ભગવાનને કહ્યું જે હે મહારાજ ! જો તમે કહો તો આ બ્રહ્માંડમાં સમાસ છે તે હું જાઉં ?

ત્યારે ભગવાને આજ્ઞા આપી તે આ વૈરાટ થયા છે.'' માટે વાસના લિંગદેહનો નાશ થયા વિના અક્ષરમાં ન રહેવાય એ તો પોતાની મેળે જ માગ દઈ જાય. માટે આ વાતને સાંભળીને શૂરવીર થઈને જો ખરેખરો સાવધાન થઈને મંડે તો થોડાક દિવસમાં અહીં તો વાસના ટળે એવો આજ મહારાજનો પ્રતાપ છે ને પછી તો સાધન કરતે કરતે ઘણે કાળે કરીને માંડ માંડ ટળે. માટે આ વાતનું શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર કરજો. પણ ભુલશો નહિ. ને બીજાં સર્વે કામનો ત્યાગ કરીને આ વાત કરવાની છે ને મનમાં એવી ગાંઠ વાળવી જે લિંગદેહને ટાળીને નિરંતર મહારાજની મૂર્તિનું ચિંતવન કરવું છે. માટે આ વાતને ચિંતામણિની પેઠે રાખજો. ॥ ૨૬ ॥

અને અક્ષરાનંદ સ્વામીયે પૂછ્યું જે ''જીવમાં કામાદિક સ્વભાવ છે તે અનાદિ છે કે સંગે કરીને પણ આવે છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે એ સ્વભાવ કેટલાકને તો અનાદિના હોય છે ને કેટલાકને સંગે કરીને પણ આવે છે. તેમાં જે પૂર્વનો સ્વભાવ હોય તે તો બાળપણમાંથી જ જણાય છે. તે કેમ ? તો જેમ બે નાનાં છોકરાં હોય તેમાં એકને તો નાનો હોય ત્યારથી જ તેમાં ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહ, કામ, મત્સર, દંભ ઇત્યાદિક દોષ હોય ત્યારે જાણવું જે એ દોષ એનામાં પૂર્વના છે. ને એક નાનો હોય ત્યારે સાધુ સ્વભાવનો હોય ને પૂર્વે કહ્યા જે દોષ તે તેમાં હોય નહિ. ત્યારે એમ જાણવું જે એનામાં પૂર્વના ભૂંડા સ્વભાવ નથી અને ભૂંડો હોય તેને જો સારો સંગ ભળે તો તે સારો થાય છે ને સારો હોય તેને જો ભૂંડો સંગ ભળે તો તે ભૂંડો થાય છે. ॥ ૨૭ ॥

અને વળી સ્વામીએ વાત કરી જે ગમે તેવો નિષ્કામી હોય પણ જો કામીનો જોગ કરે તો તે પણ કામી થાય તથા ગમે તેવો નિર્લોભી હોય ને જો લોભીનો સંગ કરે તો તે પણ લોભી થઈ જાય. ઈત્યાદિક ભૂંડાને સંગે ભૂંડો થાય. તેમ જો સારાનો સંગ થાય તો સારો થાય જેમ ગમે તેવો કામી હોય ને તે જો નિષ્કામી પુરુષનો સંગ કરે તો પોતે નિષ્કામી થાય. ઈત્યોદિક નિર્દોષ પુરુષનો સંગ કરે તો તે પણ નિર્દોષ થાય. માટે જે મુમુક્ષુ હોય ને પોતાના દોષને ટાળવાની ઈચ્છા હોય તેણે દોષવાળાથી તો જેમ સર્પ તથા વાઘ થકી બીને છેટે રહેવાય છે તેમ બીને છેટે રહેવું. અને સંગ તો કેનો કરવો ? તો જે સર્વે પ્રકારે દોષે રહિત હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિયે જુક્ત હોય ને જગતની કોરે સુષુપ્તિ વર્તતી હોય ને ભગવાનના સ્વરૂપનો મહિમા

સમજવો ને ભગવાનનો નિર્વિકલ્પપણે નિશ્ચય કરવો તથા ભગવાનની મૂર્તિને સંભારવી તેને વિષે નિરંતર જાગૃત વર્તતા હોય એવા સાધુનો ખાતાં, પીતાં, ચાલતાં એ આદિક સર્વે ક્રિયામાં સંગ કરવો તથા રાત્રિયે સૂવું ત્યારે પણ એવા પાસે સૂવું. ॥ ૨૮ ॥

અને જે શૂરવીર હોય તેને તો એમ વર્તે જે ''આપણે આ દેહને સુખ થાય છે કે દુઃખ થાય છે'' એ બેમાંથી કોઈ જાતના સંકલ્પ ન થાય. એને તો એવો એક જ સંકલ્પ હોય જે ''ગમે તેવું સુખ તથા દુઃખ થાય તો પણ આ દેહને મહારાજની આજ્ઞામાં વર્તાવીને દેહને નિયમમાં કરવો છે.'' પછી તે ભક્ત ઈન્દ્રિયુંને વશ કરીને તથા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને અતિ દૃઢ કરીને તથા પંચવિષયના સંકલ્પને ટાળીને તથા સૂક્ષ્મદેહનો નાશ કરીને પછી વિષયમાં જે અવ્યક્ત રાગ હોય તેને ઉપશમ અને ભગવાનના ધ્યાન વડે ટાળીને પછી લિંગદેહના ભૂકા કરીને જીવને બ્રહ્મરૂપ કરીને પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે પણ કોઈ માન મોટપમાં બંધાય નહિ ને તેનો રોક્યો રોકાય નહિ. એવો જે ભક્ત હોય તેને એકાંતિક ભક્ત જાણવો એમ શૂરવીરને ઓળખવો. ॥ ૨૯ ॥

અને સ્વામીએ એમ વાતકરી જે જીવ જે જે કરે છે તેમ કરે છે જે માન, મોટાઈ ને વિખ્યાતિ કરવી તથા પોતાની મોટપ જણાવવી તેને અર્થે શાસ્ત્ર ભણે છે તથા સારા અક્ષર લખવા શિખે છે તથા સારી રસોઈ શિખવી તથા ગાવણું શિખવું તથા કીર્તન શિખવા તથા વાતો શિખવી ને કોઈને ઉપદેશ કરવો એ આદિક ક્રિયાને ભામે ચડી જાય છે. પણ કોઈ એવે ભામે નથી ચડતો જે આ જીવનો મોક્ષ કરવો. ને તેમાં અંતરાયરૂપ એવો જે દેહ તે રથ છે ને તેને ઈન્દ્રિયુંરૂપ ઘોડા જોડ્યા છે ને મનરૂપ રાસડી છે ને બુદ્ધિરૂપ જે સારથી તે એ રથનો હાંકનારો છે. અને રથી જે જીવ છે તેણે બુદ્ધિરૂપ સારથીને નિયમમાં કરીને મનરૂપ રાસડી વતે તે ઈન્દ્રિયું રૂપ ઘોડાને વશ કરીને દેહને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાવવો અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને, મનના સંકલ્પને જીતીને અને અતિ ઉત્તમ ઉપશમને સિદ્ધ કરીને પછી તે ઉપશમ અને ભગવાનનું ધ્યાન તેણે કરીને વાસના જે અવ્યક્ત રાગ છે તેને ટાળી નાખીને ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી આત્મબુદ્ધિ કરીને મહારાજનું નિરંતર ધ્યાન કરવું ને તેમાં જે અંતરાય કરે તેનો ત્યાગ કરવો.

આ વાતનો આગ્રહ કોઈ નથી કરતા ને આટલી વાત કરીએ છીએ પણ કોઈને ચટકી નથી ચડતી. ॥ ૩૦ ॥

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે ''સવિકલ્પ અને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે કેમ ઓળખ્યામાં આવે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તે વિષયમાં ન લેવાય ને જેને સવિકલ્પ નિશ્ચય હોય તે તો વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એક રસ થઈ જાય. ને નિર્વિકલ્પ નિશ્ચય જેને હોય તેને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તથા દેહની શુશ્રુષા કરનારો એટલાને વિષે પ્રીતિ ન થાય. ને સામો એમ જાણે જે ''રખે મારે એને વિષે હેત રહી જાય, ને જો લગારેક એને વિષે મારે હેત રહેશે તો મારે ભરતજીની પેઠે દેહ ધરવો પડશે'' એમ જાણીને અતિશે બીતો રહે ને જાગૃત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં જ્યારે દેખે ત્યારે તેને વિષે શત્રુભાવ રહે પણ હેત થાય નહિ ને પંચ વિષયને વિષે પણ એને ત્રણેય અવસ્થામાં દેશકાળે પણ રાગ ન થાય તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષા, અસુયા, સ્નેહ, રસાસ્વાદ, અહંમમત્વ એ આદિક કોઈ અધર્મના સર્ગમાં લેવાય નહિ ને તે કોઈક દેશકાળે પણ એને વિષે ન લેવાય. કેમ જે એ ભૂંડા દેશાદિકને સેવે જ નહિ. ને તે પંચ વિષયમાં તથા કામાદિક અધર્મસર્ગમાં જો લગારેક પણ લેવાય તો એમ જાણવું જે એને વિષે એટલું સવિકલ્પપણું છે. તે જેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, વૈરાટ પુરુષ, પ્રધાન પુરુષ ને મૂળ પ્રકૃતિ પુરુષ એ સર્વે સવિકલ્પ નિશ્ચયવાળા છે તો એ વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એકરસ થઈ જાય છે પણ તેનાથી ઐશ્વર્યનો ત્યાગ કરીને સત્તારૂપ થઈને એ ઉપાધિનો ત્યાગ નથી થાતો. અને જે અક્ષરના મુક્ત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે તે તો એક પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ તેની મૂર્તિમાં જ સુખ પામે છે પણ તે મૂર્તિ વિના અક્ષરને સુખે તથા આત્માને સુખે કરીને પણ અકળાય જાય છે પણ તે મૂર્તિ વિના રહી શકતા નથી અને શ્વેતદ્વીપના મુક્ત મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે ને બદરિકાશ્રમના મુક્ત કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે તો પણ તેને કોઈ દિવસ વિષયમાં લગાર પણ માલ નથી જણાતો. તેમ અહીં પણ જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તેને કોઈ દિવસ વિષયમાં રાગ નથી થાતો. તેને તો એ પંચવિષય ઝેર જેવા લાગે છે. જેમ નપુંસક પુરુષ હોય તે જો હજારો સ્ત્રીયું ભેળો રહે તો પણ તેને સ્ત્રીયુંને વિષે રાગ નથી થાતો. તેમ તેને પણ તે

વિષયમાં રાગ ન થાય. તથા જેમ અતિ રોગી હોય તેને ગમે તેવા પંચવિષય પ્રાપ્ત થાય તો પણ તેને તે વિષય ભોગવવાનો કોઈ દિવસ મનમાં રાગ લગારે પણ ન થાય. તેમ જેને નિર્વિકલ્પ નિશ્ચય હોય તેને ગમે તેવા પંચવિષય સંબંધી ભોગ પ્રાપ્ત થાય તો પણ તેમાંથી સામો ઉદાસ થાય પણ તેમાં રાગ ન થાય ને લગારે પણ માલ ન જણાય. તેમ તે નિર્વિકલ્પ નિશ્ચયવાળો વિષયને ભોગવવા જાય તો પણ તે વિષય ભોગવાય નહિ. જેમ એક તો રેતી પલાળીને ઇંટો ચણી હોય ને એક તો ચુનામાં ઇંટો ચણી હોય તે રેતીમાં ચણી હોય તે તરત પડી જાય. તેમ જે નિર્વિકલ્પ નિશ્ચયવાળો વિષયમાં રાગ કરવા જાય તો પણ થાય નહિ. અને જે સવિકલ્પ નિશ્ચયવાળો હોય તે તો જેમ વિષયનો ત્યાગ કરવા જાય તેમ તે વિષયમાં સામો એકરસ થાય. જેમ ચુનામાં ઇંટો એકરસ થઈ જાય છે તેમ. માટે જે નિર્વિકલ્પ નિશ્ચયવાળો હોય તેને તો એક પુરુષોત્તમ એવા જે આ પ્રગટ પ્રમાણ શ્રીજીમહારાજ તેની મૂર્તિ વિના અક્ષર તથા આત્મા એ એમાં પણ સુખ આવે નહિ ને મૂર્તિ ન દેખાય તો તપી જાય, ને વળી એમ સમજે જે મહારાજને તો કોઈ નિવૃત્તિ ધર્મની કે પ્રવૃત્તિ ધર્મની એ આદિક કોઈ ક્રિયા કોઈ પાસે કરાવવી નથી એ તો જેને જે ક્રિયા કર્યાનો રાગ હોય તેને તે ક્રિયાને વિષે પ્રેરે છે. પણ પોતાને તો એક પોતાની મૂર્તિનાં દર્શન કરાવવાં છે પણ બીજું કાંઈ કોઈ પાસે કરાવવું નથી. ને જે મહાપુરુષાદિક ઐશ્વર્યમાં જોડાણા છે તે તો પોતાને ઐશ્વર્ય ભોગવવાની વાસના છે તે માટે જોડાણા છે એમ જે સમજતો હોય તેને નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો ને એમ જે ન સમજતો હોય તથા જેને વિષયમાં લગારેક પણ રાગ હોય તેને સવિકલ્પ નિશ્ચયવાળો જાણવો. એમ સવિકલ્પ ને નિર્વિકલ્પ નિશ્ચયવાળા પુરુષનાં લક્ષણ છે તે જો આ વાતને વિચારે તો જેમ દર્પણમાં ખબર પડે છે તેમ તે બે પ્રકારના પુરુષનાં લક્ષણ યથાર્થ જણાય. ॥ ૩૧ ॥

અને એક દિવસ સ્વામીએ અતિ દયાયે કરીને પોતાની મેળે વાત કરી જે જીવને મોક્ષને માર્ગે ચાલવામાં હજારો વિઘ્ન છે. માટે નિર્વિઘ્ન મોક્ષ થાવો બહુ કઠણ છે. તે જેમ ખાંડાની ધાર ઉપર ચાલવું એવું મોક્ષને માર્ગે ચાલવું કઠણ છે કેમ જે પ્રથમ સંસારમાંથી સત્સંગી થાવું હોય ત્યારે હજારો રોકનારા મળે ને એમ કરતાં કંઈ જોગે સત્સંગ થાય તો પણ નક્કી સત્સંગી થઈને મહારાજની આજ્ઞા પ્રમાણે ધર્મવરો કાઢવો તથા મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તથા

આચાર્ય, સંત કે લક્ષ્મીનારાયણને દર્શને આવવું તેમાં હજારો પોતાની નાતજાતના ને સંબંધીના કારસા આવે. ને એમ કરતાં નક્કી સત્સંગી થાય તો પણ તેને સાધુ થાવું હોય તો હજારો વિઘ્ન આવે. કેમ જે જ્યારે એ સાધુ થાવાનું કરે ત્યારે એક તો પોતાનાં સંબંધી જે મા, બાપ, ભાઈ, બોન તથા સસરો આદિક તથા પોતા પાસે કરજ માગતો હોય તે, તથા રાજા અને વસવાયાં એ સર્વે વેરી થઈને ત્યાગી ન થાવા દીયે. ને એમ કરતાં પણ જો ત્યાગી થાય તો એકાંતિક ધર્મવાળા ને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય એવા જે સાધુ તેનો સંગ મળવો બહુ કઠણ છે. કેમ જે પોતાના સંબંધીનો ત્યાગ તો થાય પણ અહીં કોઈ પક્ષમાં બંધાણો હોય તથા ગુરુમાં બંધાણો હોય એ આદિક હજારો અંતરાય તેમાં આડા આવે છે. તેનો ત્યાગ કરીને મુમુક્ષુએ પણ એકાંતિકના ન થવાય તો બીજાની શી વાત કહેવી ? ને એવા એકાંતિક તો મહારાજે કહ્યા હોય જે ''આની આજ્ઞામાં વર્તજો'' પણ તે આજ્ઞા પ્રમાણે વર્તીને એકાંતિકના થાવું તે બહુ કઠણ છે. ને એવાનો સંગ થાય તો પણ લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, મત્સર, ઈર્ષા ને અસૂયા એ આદિક અધર્મનો ત્યાગ કરીને મહારાજની આજ્ઞા પ્રમાણે યથાર્થ વર્તવું એ બહુ કઠણ છે ને એમ વર્તાય તો પણ ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી એ બહુ કઠણ છે ને એ કરતાં પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને તથા સ્થૂળ દેહની વાસના ટાળીને ઈન્દ્રિયોને વશ કરવી અને પછી સૂક્ષ્મદેહમાં જે પંચ વિષયના સંકલ્પ થાય છે તે સંકલ્પને જીતી ને મનને વશ કરવું. પછી લિંગદેહ જે કારણશરીર તેમાં પંચવિષયની અવ્યક્ત વાસના છે તેને ટાળીને જીવમાં ભગવાનનું ભજન કરવું તે કઠણ છે ને તે કરતાં ચાર પ્રકારના પ્રલયે કરીને પ્રકૃતિ પુરુષ પર્યંત સર્વે નાશવંત જાણીને પછી ઉપશમે કરીને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને પછી તે ઉપશમ અને મહારાજની મૂર્તિનું ધ્યાન એ બેયે કરીને વાસનામય લિંગદેહનો ભંગ કરવો એ અતિ કઠણ છે અને તે સર્વે કરતાં પણ મહારાજને સર્વે અવતારના અવતારી જાણીને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરીને પછી મહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિયે કરીને સ્નેહ કરવો ને મહારાજની મૂર્તિ વિના અક્ષરના સુખમાં પણ ન લેવાય ને અકળાય જાય, એક ભગવાનની મૂર્તિયે કરીને જ ગુલતાન રહે એવા મુક્ત થાવું એ સર્વેથી અતિ કઠણ છે. ને એવો મુક્ત થયો ત્યારે તેને સાધન માત્રનો અંત આવ્યો પછી તે ભક્તને ભગવાનની મૂર્તિનું કેવું સુખ આવે ? તો જેવું ભગવાનને પોતાનું

સુખ આવે છે, તેવું તે ભક્તને પણ ભગવાનની મૂર્તિમાંથી સુખ આવે છે. ને તે ભક્ત તો પંડે ભગવાનનું કામ હોય તો પણ તે કરે એવો થાય છે. માટે આ પૂર્વે કહ્યાં એવાં જે સર્વે વિઘ્ન તેને ઉલ્લંઘે ત્યારે એવા થવાય છે. ને તે વિઘ્ન ક્યારે ઉલ્લંઘાય તો જ્યારે આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસપણું એ ત્રણ અંગે જુક્ત એવા સાધુનો સંગ થાય ત્યારે તેને પ્રતાપે કરીને એટલાં વિઘ્નને ઉલ્લંઘીને એવો મુક્ત થાય ને તે વિના તો પુરુષોત્તમ મળ્યા હોય તો પણ એવો ભક્ત ન થવાય. એ વાત તે એમ જ છે પણ એમાં સંશય નથી. ॥ ૩૨ ॥

અને સ્વામીએ એમ વાત કરી જે કોઈક હરિભક્ત તો કાંઈ પાકો સત્સંગી ન હોય ને દેહ મુકે ત્યારે બોલતો બોલતો દેહ મુકે છે ને કોઈક તો પાકો હરિભક્ત હોય તો પણ તે કાંઈ સામર્થી ન જણાવે ને એમને એમ ઘેનમાં ને ઘેનમાં દેહ મૂકે છે. તેનું તો એમ છે જે આ દેહરૂપી તો દરવાજો છે તે જ્યારે મહારાજનાં દર્શન થાય છે ત્યારે દેહ મૂકીને તે ભક્ત મહારાજની મૂર્તિ ભેળો ચાલ્યો જાય છે, ને જેને જે વાતની ઈચ્છા હોય તે તેવા લોકમાં રહે છે. તેની વિક્તિ જે જેને અપસરાઉં તથા બીજા પંચવિષયની ઈચ્છા હોય તે દેવલોકમાં રહે ને મૂર્તિ આગળ ચાલી જાય. ને જેને અમૃત પાનની ઈચ્છા હોય તે ચંદ્રલોકમાં રહે ને જેને ધનમાં રાગ હોય તે કુબેર થાય ને જેને કામભોગની ઈચ્છા હોય તે ઈલાવૃત્ત ખંડમાં જાય ને જેને બહુ રૂપની ઈચ્છા હોય તે કામદેવ થાય ને જેને પ્રજાની ઈચ્છા હોય તે બ્રહ્મા થાય ને જેને બ્રહ્માંડને જોયાની ઈચ્છા હોય તે પ્રધાન પુરુષ થાય, અને જેને સર્વનું નિયંતાપણું તથા સર્વ જીવનું અંતર્યામીપણું તથા અનંત કોટિ પ્રધાન પુરુષને ઉપજાવવા તથા સર્વેને નિયમમાં રાખવા ને નાના પ્રકારના વિષયભોગને ભોગવવા એ આદિકની જેને ઈચ્છા હોય તે મહાપુરુષ થાય છે અને જે તે પ્રગટ ભગવાનની આજ્ઞા લોપીને ધર્મની ઈચ્છા હોય તેને મહારાજ વૈકુંઠમાં મુકે છે ને જેને સર્વે ઈન્દ્રિયુંને જીતીને તપ કરવાની ઈચ્છા હોય તેને બદરિકાશ્રમમાં મુકે છે ને જેને નિરન્નમુક્ત થાવાની ઈચ્છા હોય તેને શ્વેતદ્વીપમાં મૂકે છે અને જે આજ્ઞા લોપીને નાના પ્રકારનાં વસ્ત્ર તથા ઘરેણાં વતે તથા ભગવાનને થાળ ધરવા તથા નાના પ્રકારના હાર કરીને ભગવાનને ચડાવવા ઈત્યાદિક પદાર્થ વતે ભક્તિ કર્યાની ઈચ્છા હોય તેને ગોલોકમાં મૂકે છે અને જેને મહારાજની સેવામાં રહેવું હોય તે અક્ષરધામમાં

મહારાજની સેવામાં રહે છે. ત્યારે કોઈકને એમ સંકલ્પ થાય જે ‘‘મહારાજ તે સર્વેને પોતાની સેવામાં કેમ નથી રાખતા ?’’ તો એનું તો એમ છે જે ભગવાન તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે તે જે જેવી ઈચ્છાવાળો હોય તેને તેવા કામમાં રાખે છે ને તેવા તેને ભોગ આપે છે પછી તે ભોગને ભોગવીને જ્યારે થાકે ત્યારે તેને શ્વેતદ્વીપમાં વાસના ટળાવીને પછી અક્ષરધામમાં લઈ જાય છે પણ જો તે ભોગવાવ્યા વિના લઈ જાય તો તેનાથી ત્યાં ન રહેવાય. ।। અને વળી એમ પણ છે જે જેને જેવા પુરુષ સાથે હેત હોય તે ત્યાં લઈ જાય છે. માટે પોતાને જેને વિષે હેત હોય તો તે પોતે જે લોકમાં રહ્યા હોય તે લોકમાં તેને પણ લઈ જાય ને એમ કહે જે ‘‘આપણે અહીં હમણાં મોજ કરીને પછી ધીરે ધીરે મહારાજ પાસે જાશું.’’ એમ કહીને એને પણ ત્યાં રાખે ને જો નિર્વાસનિક સાથે હેત થયું હોય તો પોતાને રાગ હોય તો પણ તે અક્ષરધામમાં લઈ જાય પણ તેને ક્યાંય બંધાવા ન દે ને જો ક્યાંઈ બંધાય તો તેને ધક્કે મારીને અક્ષરધામમાં લઈ જાય ને મહારાજની મૂર્તિમાં જોડે. માટે હેત કરવું તો એવા સાથે કરવું જે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, તપ, માહાત્મ્ય અને ભક્તિ ઈત્યાદિક કોઈ સાધને કરીને પોતા થકી અતિ સરસ હોય ને ક્યાંય બંધાય એવા ન હોય એવા સાથે કરવું. પણ પોતા થકી ઉતરતો હોય ને રાશી હોય એવા સાથે તો સહેજે બેઠા ઉઠ્યાનો પણ પ્રસંગ ન રાખવો. ।। ૩૩ ।।

અને વળી પોતે એમ વાત કરી જે જે કશ્યપ તથા મરિચિ આદિક પ્રજાપતિ છે તે જ્યારે બ્રહ્માનું ધ્યાન કરે ત્યારે તે પ્રજાને સર્જવાને અર્થે સમર્થ થાય છે. ને બ્રહ્મા છે તે જ્યારે વૈરાટનું ધ્યાન કરે છે ત્યારે સૃષ્ટિ કરવાને સમર્થ થાય છે, ને વૈરાટ છે તે જ્યારે પ્રધાન પુરુષનું ધ્યાન કરે છે ત્યારે બ્રહ્માંડ રચવાને સમર્થ થાય છે અને તે પ્રધાન પુરુષ છે તે જ્યારે મહાપુરુષનું ધ્યાન કરે છે ત્યારે તે અનંત કોટિ બ્રહ્માંડને સર્જવાને સમર્થ થાય છે અને તે મહાપુરુષ છે તે જ્યારે પુરુષોત્તમનું ધ્યાન કરે છે ત્યારે તે પ્રકૃતિ દ્વારા અનંત કોટિ પ્રધાન પુરુષને ઉત્પન્ન કરીને તેને વિષે અંતર્યામિપણે કરીને રહ્યો થકો તે એક એક પ્રધાન પુરુષ દ્વારા અનંત કોટિ બ્રહ્માંડને બનાવવાને સમર્થ થાય છે. માટે જેટલો જીવ અને વૈરાટ પુરુષમાં ભેદ છે, તેટલો વૈરાટ અને પ્રધાન પુરુષમાં ભેદ છે અને જેટલો વૈરાટ અને પ્રધાનપુરુષમાં ભેદ છે, તેટલો પ્રધાનપુરુષ અને

મહાપુરુષમાં ભેદ છે. ને તેથી અનંતગણો મહાપુરુષ અને અક્ષરમાં ભેદ છે ને જેટલો મહાપુરુષ ને અક્ષરમાં ભેદ છે તેથી અનંતગણો ભેદ અક્ષર અને પુરુષોત્તમ જે મહારાજ તેમાં છે એમ જાણવું. ॥ ૩૪ ॥

અને જે બ્રહ્મ છે તેની તો એમ વિક્તિ છે જે પુરુષોત્તમ પણ બ્રહ્મ કહે છે ને પુરુષોત્તમ પણ કહે છે. અને જે સ્થાનકરૂપ અક્ષર છે તેને પણ બ્રહ્મ કહે છે ને અક્ષરધામ પણ કહે છે અને મહાપુરુષને બ્રહ્મ કહે છે ને વળી તેને અક્ષર પણ કહે છે. માટે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને બ્રહ્મ જાણવા. જો મહાપુરુષનો પ્રસંગ હોય તો મહાપુરુષને બ્રહ્મ જાણવા અને અક્ષરનો પ્રસંગ હોય તો અક્ષરને બ્રહ્મ જાણવા. ને જો પુરુષોત્તમનો પ્રસંગ હોય તો પુરુષોત્તમને બ્રહ્મ જાણવા. પણ તે શબ્દછળને જોઈને મુંજાવું નહિ. ॥ ૩૫ ॥

અને સ્વામીએ એમ વાત કરી જે જીવ જો આ ઉપાય કરે તો તત્કાળ શુદ્ધ થાય. તે એમ વિચાર કરવો જે ''આપણે દેહ તો હજારો થઈ ગયા છે, જેમ કોઈ પુરુષ અંગરખું પેરે છે ને તે ફાટી જાય ત્યારે તેને કાઢીને બીજું કરાવે છે. તેમ જે મા, બાપ, સગાં સંબંધી સર્વે માનેલાં છે તે તો અજ્ઞાને કરીને માન્યા છે ને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ એ સર્વે થકી હું નોખો છું ને એ તો ઝાંઝવાનાં જળ જેવાં છે'' એમ આત્મ વિચાર કરવો. ॥ ૩૬ ॥

અને વળી એમ વિચાર કરવો જે ''ઈન્દ્ર એકોતેર ચોકડી રાજ્ય કરે છે તે આગળ આ સુખ, દેહ ને આયુષ્ય તે મચ્છરના જેટલાં પણ નથી અને તે ઈન્દ્ર પણ બ્રહ્માના એક દિવસમાં ચૌદ પડી જાય છે માટે તે ઈન્દ્ર પણ તેની આગળ મચ્છર જેવો પણ નથી અને તે વિરાટ પણ પ્રધાન પુરુષની આગળ જેમ અસંખ્ય મચ્છર થાય ને મરી જાય તેમ અસંખ્યાત થાય છે ને મરી જાય છે. માટે તે સુખ પણ શું છે ? તેમ તે પ્રધાનપુરુષ પણ મહાપુરુષની આગળ શા લેખામાં છે ? જેમ મહાજળમાં અસંખ્ય પરપોટા થાય ને મટી જાય તેમ તે મહામાયાને વિષે અસંખ્યાત થાય છે, ને નાશ પામે છે અને તે પ્રકૃતિપુરુષને પણ જે પુરુષોત્તમ ભગવાન છે તે અનંતવાર અક્ષરમાં લીન કરે છે ને કાઢે છે માટે એ સુખ પણ નાશવંત છે ને માટે સર્વે જે સુખ તે પુરુષોત્તમની મૂર્તિમાં રહ્યું છે અને તે સુખ કેવું છે ? તો જે સુખને અક્ષર ભોગવે છે તથા અનંતકોટિ મુક્ત ભોગવે છે તથા તે પુરુષોત્તમને ભજીને નવા અનંત મુક્ત અક્ષરધામમાં જાય છે તથા બીજા પણ અનંત તે પુરુષોત્તમને ભજીને જાશે તે ભોગવે છે. એવા જે એ અક્ષરધામના

પતિ પુરુષોત્તમ શ્રીજીમહારાજ તે આજ આપણને મળ્યા છે ને તેની જે સુખમય મૂર્તિ તેમાં સુખ માત્ર રહ્યાં છે. તે મૂર્તિને મેલીને આ લોકના વિષયમાં શું પ્રીતિ કરીએ ?'' એવી રીતે જે માહાત્મ્ય અને પૂર્વે કહ્યું જે આત્મજ્ઞાન એ બેને જો સિદ્ધ કરે તો વિષયમાંથી પ્રીતિ ટાળીને થોડાક દિવસમાં હમણાં આ દેહ છતાં જ નિર્વાસનિક થાય ને તે વિના તો વાસના ટળવી ઘણી કઠણ છે અને તે આત્મજ્ઞાન તથા માહાત્મ્ય તે ક્યારે સિદ્ધ થાય ? તો જ્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત પ્રેમલક્ષણા ભક્તિ તેણે જુક્ત ને મહારાજની અનુવૃત્તિ પ્રમાણે વર્તતા એવા જે સાધુ હોય તેની પાસે જ્યારે નિષ્કપટપણે શિખે ત્યારે સિદ્ધ થાય પણ તે વિના સિદ્ધ ન થાય. ને તે માહાત્મ્ય તથા આત્મજ્ઞાન સિદ્ધ ન થાય ત્યાં સુધી વાસના પણ ન ટળે. ॥ ૩૭ ॥

અને ગણેશનું ચક્ર છે ત્યાં પ્રધાનપણે પૃથ્વીતત્ત્વ વર્તે છે, ને બ્રહ્માને સ્થાનકે વિશેષપણે કરીને જળતત્ત્વ વર્તે છે, ને વિષ્ણુને સ્થાનકે વિશેષપણે તેજ તત્ત્વ વર્તે છે, ને કંઠસ્થાને તથા ભ્રકુટિ સ્થાને વિશેષપણે આકાશતત્ત્વ વર્તે છે, ને બ્રહ્મરંધ્રને મધ્યે જે સહસ્રદળનું કમળ તે સ્થાનકે વિશેષપણે જ્યોતિઃસ્વરૂપ ચિદાકાશ વર્તે છે. ને બીજાં સ્થાનકોને વિષે ચિદાકાશ સામાન્યપણે દેખાય છે. ॥ ૩૮ ॥

અને ચિદાકાશ તે શું છે ? તો કુટસ્થરૂપે મુક્તને રહ્યાના સ્થાનકરૂપ છે. ને જેમ બદ્ધજીવને રહ્યાનો ભૌતિક આકાશ તે હૃદાકાશરૂપે સર્વે જીવોને ધરી રહ્યો છે, તેમ પરમેશ્વર નિર્મિત જે ચિદાકાશ તે સર્વે મુક્તોને ધરી રહ્યો છે, તેને ચિદાકાશ કહીએ ને તે સારું જ્યોતિઃ સ્વરૂપે જે મુક્તો તેને ચિદાકાશ ભૂમિ છે. ॥ ૩૯ ॥

બીજું પુરુષોત્તમ પરમાત્મા જે પરબ્રહ્મ તેનાં બે સ્વરૂપ છે, એક નિર્ગુણ ને બીજું સગુણ. તેમાં જે નિર્ગુણસ્વરૂપ તે ગોલોકથી પર જે શૂન્ય તેથી પર છે ને બીજું ગોલોકમાં રહ્યા એવા પરમાત્મા જે શ્રીકૃષ્ણ તે ભગવાનનું સગુણ સ્વરૂપ છે અને ગુણે સહિત એવું જે ભગવાનનું સ્થૂળ શરીર તેમાંથી ભગવાનની જોગમાયાને અંશે કરીને બ્રહ્માદિક સર્વે દેવ થયા છે અને ગુણ તે શું ? જે ચૈતન્યદેશ, પોતાના ઐશ્વર્ય અને યોગબળ તે થકી ઉપજ્યા એવા જે મહાવિષ્ણુ તે. અને સર્વેની જે ઉત્પત્તિ તે ભગવાનના એ ગુણ થકી છે ને પોતે જે ગુણી તે તો અચ્યુત છે તે ચ્યવે નહિ. ને ચ્યવાનો સ્વભાવ તો ગુણી એવા જે પરમાત્મા

તેને આશરે રહેલ જે ગુણ તેનો છે ને તે અંશઅંશીભાવે કરીને ચ્યવે છે ને વિસ્તારને પામે છે અને ગુણી જે પરમાનંદ તે તો સરખા ને એક જ છે. પણ બીજો કોઈ તે જેવો થાવાને સમર્થ થાતો નથી ને ગુણરૂપે તો થાય છે અને મહાવિષ્ણુ જે અંશી તે વિરાટના અંતર્યામી છે ને તે વિરાટને વિષે બ્રહ્માંડ રહ્યું છે જેમ પાંચ ભૌતિક જે દેહ તેને વિષે રહ્યો જે જીવ તે બુદ્ધિને વિષે વિશેષપણે કરીને રહ્યો છે તે જીવનો વિશેષ અંશ છે, ને અંતઃકરણ, દેવતા, ઈન્દ્રિયું, પ્રાણ, પંચભૂત ને પંચ તન્માત્રા તે જીવના સામાન્ય અંશ છે, ને પંચભૂતના દેહને વિષે જે કરમીયાં તથા જુ, લીંખ, માંકડ, ચાંચડ રહ્યા છે તે સ્થૂળભાવે રહ્યા છે માટે તે જીવના સ્થૂળ અંશ છે, તે પ્રમાણે મહાવિષ્ણુ વિરાટના દેહમાં રહ્યા છે તે સ્થૂળભાવે રહ્યા છે, તે વિરાટ મહાવિષ્ણુનું બીજું રૂપ છે ને ઈન્દ્રનું ક્ષેત્રજ્ઞ છે. એવી રીતે ચૈતન્ય સ્વરૂપ જે મહાવિષ્ણુ તે માયાના ભાગ જે જડ અંશ તેણે કરીને સ્થૂળપણે અનેક પ્રકારે પ્રવર્ત્યા છે. ને પુરુષોત્તમ તો એક જ છે, તેને વિષે અંશઅંશીભાવ નથી. ને એવા જે એ શ્રીકૃષ્ણ પરમાત્મા પુરુષોત્તમ અચ્યુત તેને જે અંશઅંશીભાવે કરીને સમજે છે તેને જૈન મતવાળા જાણવા ને દુષ્ટ જાણવા અને એથી જાજું જીણું કોઈ સમજવા જાશે તેને માયાનું આવરણ થાશે અને એવા જે એ ભગવાન શ્રીકૃષ્ણ તેનું જે ધામ તે તેજોમય છે ને જેમ મહાપ્રલયને વિષે ઇંડનો નાશ થયા પછી એકલું જળ રહે છે પણ બીજો કોઈ આકાર રહેતો નથી, તેમ ભગવાનનું ધામરૂપ જે સ્થાનક તે તેજોમય છે. ને તે ધામને વિષે પોતાની દૃષ્ટિ પ્રતિલોમપણે રહે છે. ત્યારે ગોલોકને વિષે રહ્યા જે મુક્ત તે સર્વે તે ધામને વિષે જાય છે. પછી ગોલોકને વિષે વસ્તી રહેતી નથી ને એકલો ઉજ્જડ રહે છે ને નિરંજન રહે છે અને બ્રહ્માંડનો પણ પ્રલય થાય છે ત્યારે સર્વે જે જીવ તે એકલી તમરૂપ એવી જે માયા જેને અવ્યાકૃત કહીએ તેને વિષે રહે છે અને જે મુક્ત તે તો તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે નિર્ગુણરૂપે રહે છે અને એ ધામને વિષે જે રહ્યું તે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે અને જ્યારે ભગવાન ગોલોક સામી અનુલોમ દૃષ્ટિ કરે છે ત્યારે તમ જે માયા તે સમી થાય છે ત્યારે તે ભગવાનનું સગુણ સ્વરૂપ કહેવાય. કેમ જે ? અનુલોમ દૃષ્ટિ તે ભગવાનની સગુણ સ્થિતિ ને પ્રતિલોમ દૃષ્ટિ તે નિર્ગુણ સ્થિતિ છે, અને ભગવાન જે પ્રતિલોમ દૃષ્ટિ કરે છે તે પોતાના જે ભક્ત તેને શુદ્ધ મત્વ ગુણમય જે દેહ ગોલોકને વિષે છે તેની નિવૃત્તિને અર્થે અને સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિને અર્થે છે. ને ભગવાનને તો

સગુણ નિર્ગુણપણું નથી પણ તે સગુણ નિર્ગુણપણું તો ભક્તને છે, તે પરમાત્મા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ તેનું ધામ જે ગોલોકથી પર સચ્ચિદાનંદ ચિદાકાશ તેને વિષે રહેવું તે ભક્તનું નિર્ગુણ રૂપ છે ને ભૌતિક આકાશને વિષે રહેવું તે સગુણ સ્વરૂપ છે અને ભગવાન નારાયણ તે સગુણરૂપે કાળ આદિક શક્તિને ગ્રહણ કરીને રહ્યા છે તે તો બ્રહ્માંડને ઉપજાવવું, નાશ કરવો ને સ્થિતિ કરવી તેને અર્થે છે એમ જાણવું અને પૃથ્વીને વિષે ભગવાનના અવતાર તો એકલા જીવના કલ્યાણને અર્થે જ થાય છે અને એવા જે એ ભગવાન તેને સાક્ષાત્કાર ભજે. તેની વિક્તિ જે ભગવાનને ખાતા પિતા આદિક ક્રિયા કરતા દેખે ત્યારે એમ જાણે જે 'ભગવાનના જે કર્મ તે તો જે ભગવાનને ભજે તેનાં કર્મ ટાળ્યાને અર્થે છે ને ભગવાન તો કૈવલ્ય છે, નિર્ગુણ છે ને ચેષ્ટાયે રહિત છે ને એમની જે સર્વે ક્રિયા તે તો જીવના કલ્યાણને અર્થે છે.'' એવા ભગવાનને જાણીને ભજે ને દેહને ખોટો જાણે ને એમ જાણે જે ''હું તો દેહ નથી, હું તો આત્મા છું, બ્રહ્મ છું, સાક્ષી છું, દૃષ્ટા છું ને અરૂપ છું.'' ને એમ સમજનારો જે ભક્ત તે તો ગોલોકથી પર જે ચિદાકાશ તેને વિષે જે અખંડ રાસ તેને પામે છે અને એવો જે એ ઉત્તમ ભક્ત તેણે વૈરાટનો અંતર્યામી, દૃષ્ટા, સાક્ષી અને તુરીયાતિન જે વિશ્વાભિમાની તેની સાથે, ઈન્દ્રિયું અંતઃકરણે જુક્ત, ત્રણ અવસ્થાયે જુક્ત અને ત્રણ શરીરે જુક્ત એવો જે ક્ષેત્રજ્ઞ જીવ તેને એક કરીને ધારવો અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ સર્વેનો જે સાક્ષી તેને પોતાનું સ્વરૂપ માનવું અને પરમાત્મા તો પુરુષને બ્રહ્માંડ સાથે જોડે છે ને માયા સાથે જોડે છે ને જે માયા સાથે જોડાણો ને માયાને વિષે વ્યાપીને રહ્યો એવો જે એક રસ ચિદ્‌ઘન તે બ્રહ્મ છે. ને તેને માયા સાથે એકરસપણાને જેણે પમાડ્યો તે પરબ્રહ્મ છે અને પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્માનો જેને સત્સંગ થયો હોય તેણે પોતાનું રૂપ બ્રહ્મ માનવું. જે ''હું બ્રહ્મ છું.'' અને શ્રીમદ્‌ભાગવતમાં પણ એ વાર્તા છે જે ''પુરુષોત્તમ ભગવાનનો જે દાસ તેનું રૂપ બ્રહ્મ છે'' માટે તેણે બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની ભક્તિ કરવી એ જ દાસપણું છે. ॥ ૪૦ ॥

અને માનકૂવામાં શ્રીજીમહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે ''જીવ જે તે સૂક્ષ્મ થકી સૂક્ષ્મ છે ને મોટા થકી પણ મોટો છે. તે પચાસ કોટિ યોજન પૃથ્વી છે, ને તેથી દશગણું અધિક ને દશગણું સૂક્ષ્મ જળ છે, ને તે થકી દશગણું અધિક ને દશગણું સૂક્ષ્મ તેજ છે, ને તે થકી દશગણો અધિક ને દશગણો સૂક્ષ્મ વાયુ

છે. એવી રીતે પ્રકૃતિ પર્યંત સર્વે છે. ને તે પ્રકૃતિ થકી અધિક સૂક્ષ્મ ને મોટો જીવાત્મા છે'' એ પ્રમાણે ઉષ્ણિકનું દૃષ્ટાંત દઈને બહુ વાત કરી. ॥ ૪૧ ॥

અને સ્વામીએ વાત કરી જે એક સમે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી આદિકને પ્રશ્ન પૂછ્યું જે ''સત્યુગ, ત્રેતાયુગ તથા દ્વાપર એ ત્રણ યુગને વિષે ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને મોકલતા ને તે ચક્રે કરીને ભક્તની રક્ષા કરતા તે આજ કળિયુગને વિષે ચક્ર મુકીને કેમ ભક્તની રક્ષા કરતા નથી ? શું કળિયુગના ભક્ત ભગવાનને વાલા નથી ? આવા હળાહળ કળીને વિષે ભગવાનનું ભજન કરે તેની તો ભગવાને વિશેષ રક્ષા કરી જોઈએ. માટે કળીને વિષે ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્ર કેમ મોકલતા નથી ? શું કળિયુગમાં ભગવાનની વિષમ દૃષ્ટિ થઈ જે બીજા યુગમાં ભક્તની રક્ષા થઈ ને કળિયુગમાં નથી કરતા ? એ પ્રશ્ન છે.'' તેનો ઉત્તર જે ભગવાનના સ્વરૂપનું જે જ્ઞાન તેજ સુદર્શન ચક્ર છે. ને તે ચક્રને વિષે દશ હજાર સૂર્યનો પ્રકાશ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તો જુઓને જ્ઞાનને વિષે પણ એટલો પ્રકાશ છે કાં તે જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું છે તેને ટાળવાને માટે ચંદ્રમા, સૂર્ય તથા પ્રલયકાળનું જે મહાતેજ તે કોઈ સમર્થ નથી તે અંધારાને જ્ઞાન ટાળી નાખે છે માટે જ્ઞાનમાં દશ હજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે. ॥ અને જેમ સુદર્શન ચક્ર સત્યુગ, ત્રેતાયુગ ને દ્વાપરયુગને વિષે ભગવાનના ભક્તની રક્ષા કરતું તેમ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર આજ કળિયુગને વિષે રક્ષા કરે છે. ત્યારે કહેશો જે કઈ રીતે રક્ષા કરે છે ? તો કહીએ છીએ જે જ્યારે પ્રભુના ભક્તના હૃદયમાં કામક્રોધાદિકના ભૂંડા ઘાટ થાય છે ત્યારે તે એવો વિચાર કરે જે મુંને ભગવાન મળ્યા છે તે હું એવો લાભ મુકીને ભગવાનના વચનને લોપીને કુમાર્ગે કેમ ચાલું ? જ્યારે એવો ભગવાનના નિશ્ચય જુક્ત વિચાર થાય છે ત્યારે ભૂંડા ઘાટ ટળી જાય છે. માટે ભક્તજનના શત્રુ તથા રાક્ષસ તો કામ ક્રોધાદિક છે તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર કરે છે. માટે કળિયુગને વિષે જો ભગવાન સુદર્શન ચક્ર મુકીને અંબરીષ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો એથી વર્તમાન પણ પળે નહિ ને પ્રભુનું ભજન પણ થાય નહિ. કાંજે ? કામ ક્રોધાદિક તો એવા બળિયા છે જે તેણે શિવબ્રહ્માદિકની લાજ લીધી છે તો જીવનો શો ભાર ? માટે ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરૂપી સુદર્શનચક્રે કરીને સર્વે કાળને વિષે રક્ષા કરતા આવે છે.

ને આજ પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્રે કરીને પોતાના ભક્તની રક્ષા કરે છે માટે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તેજ સુદર્શનચક્ર છે. ॥ ૪૨ ॥

અને સ્વામીએ વાત કરી જે એક બ્રાહ્મણ શુક્લ સત્સંગી હતો તેણે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે ''દેહમાંથી જીવ જ્યારે બહાર નિસરે છે ત્યારે તેનું રૂપ કેવું હશે ને એ જીવ ક્યાં જાતો હશે ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે જીવનું રૂપ તો સૂક્ષ્મ છે તે ચર્મદૃષ્ટિયે કરીને દેખાય એવું નથી. જેમ દીપક અસ્ત પામે છે તેનો જે પ્રકાશ તે આકાશમાં લીન થઈ જાય છે ને અંધારાની ઘાટ્ય હોય તે પ્રકાશને લીન કરી નાખે છે. જેમ પ્રયાગરાજની ગુફા છે તેમાં પ્રયાગવડનું ઝાડ છે તે જે ગયા હશે તેણે દેખ્યું હશે ? તે ભોંયરામાં અતિશે અંધારું છે તેમાં દીપક લઈ જાય ત્યારે થોડાકમાં અજવાળું થાય પણ અંધાય ભોંયરામાં એક દીપકથી અજવાળું થાય નહિ કાં જે, અંધારાની ઘાટ્ય છે તે પ્રકાશને ખાઈ જાય છે. વળી બીજું દૃષ્ટાંત જેમ આકાશમાં મોટાં પક્ષી ઉડે છે તે પ્રથમ તો ભમરા જેવડાં દેખાય છે ને પછી દેખાતાં નથી. ત્યારે એ પંખી કાંઈ મરી ગયાં નથી એ ટળી ગયાં નથી, એ તો આકાશના અંધારામાં લીન થઈ ગયાં છે. તે જેને અજ્ઞાનરૂપી અંધારું ટળ્યું હોય તે દેખે છે તે અલૌકિક દૃષ્ટિ છે ને ચર્મ દૃષ્ટિથી નોખી છે. જેમ આપણે સંતની સભામાં બેઠા છીએ તેમાંથી કોઈકને નિદ્રા આવી જાય ને સ્વપ્ન આવે ત્યારે તે એમ દેખે જે ''ફોજ આવે છે'' તે જેને સ્વપ્ન આવ્યું છે તે ફોજને દેખે છે તે આ ફળિયામાં કાંઈ ફોજ આવી નથી પણ સ્વપ્નવાળાની દૃષ્ટિમાં દેખાય છે. તેમ આત્મા જે જીવ અથવા બ્રહ્મ તેને દેખવાની પણ દૃષ્ટિ નોખી છે ને તે દૃષ્ટિ તો ભગવાનની મૂર્તિના ધ્યાન કરીને આવે છે. પણ તે વિના કોટિ સાધન કરે તેણે કરીને પોતાના જીવને દેખવો અથવા બ્રહ્મને દેખવું તે દૃષ્ટિ આવતી નથી. માટે જે એ દૃષ્ટિને પામ્યા હોય તે હમણાં કાંઈ વાત કહે તે કાંઈ માન્યામાં આવે નહિ હમણાં હું કહું જે સર્વત્ર બ્રહ્મજ છે ને પીંડ બ્રહ્માંડ કાંઈ નથી ત્યારે તમે કહેશો જે ''અમે આગળ વાત કરો છો તે અમને દેખતા જ હશો તો ?'' એવી શંકા મનમાં આવે પણ બ્રહ્મને દેખવાની દૃષ્ટિ તે પણ નોખી છે ને પૃથક દેખવાની દૃષ્ટિ પણ નોખી છે એવી રીતે જ્ઞાનીનાં તો શાસ્ત્રમાં અનંત લોચન કહ્યાં છે માટે એ મર્મને અજ્ઞાની જીવ જાણતા નથી ને ભગવાનની મૂર્તિનું જે અખંડ

ધ્યાન કરે છે તે સર્વેને દેખે છે ને અલૌકિક દૃષ્ટિને પામે છે. તે ધ્યાન કર્યાની રીત કહીએ છીએ જે ભગવાનનો ભક્ત હોય તે દૃષ્ટિ આગળ મૂર્તિ ધારે ત્યારે પ્રથમ તો જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જ દેખાય છે. તે જોતે જોતે જ્યારે મૂર્તિને વિષે વૃત્તિ ઠેરાય છે ત્યારે જેમ સૂર્યની કિરણ જાળીયે થઈને ઘરમાં પડે છે ને તે કિરણ તથા સૂર્યની એકતા દેખાય છે. તેમ જે ભક્તને અખંડ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ બંધાય છે ત્યારે એને મૂર્તિ અગ્નિ સરખી રક્ત ભાસવા લાગે છે ને પછી તેમાંથી પ્રકાશ ઘણો પ્રગટીને સૂર્ય જેવી તે મૂર્તિ ભાસે છે પછી ચંદ્રમા જેવી શીતળ ને મોટો તારો ખરે તેવો ઉજ્જવળ પ્રકાશમાન તે મૂર્તિ ભાસે છે. પછી એ મૂર્તિ જ્યારે હૃદયમાં પાછો ફરે છે ત્યારે આંખ્યું ચક્રની પેઠે ફરીને અંતર દૃષ્ટિ થઈ જાય છે ને ત્યારે એ ભક્તના હૃદયમાં મૂર્તિ દેખાય છે. પછી તે મૂર્તિને જોતાં જોતાં તેના હૃદયમાં રશનાઈ જેવો અવકાશ દેખાય છે તેમાં પચાસ કરોડ જોજન પૃથ્વી ને લાખ જોજનનો મેરુ ને તે મેરુની ઉપર બ્રહ્મા, વિષ્ણુ ને શિવનાં ધામ તથા સાડાબાર કરોડ ઊંચો લોકાલોક પર્વત ને તેની માંહીલો કોરે જે સાત સમુદ્ર તથા ઈન્દ્ર, યમ, વરુણ અને કુબેરની પુરીઓ તે સર્વે તથા પૃથ્વી ઉપર જે સ્થાવર જંગમ સમગ્ર તે ભાસે છે. પણ જેમ બહાર સર્વ પદાર્થનો ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિને વિષે વૃત્તિ જોડી હતી તેમ એ સમગ્રને ખોટું કરીને એક ભગવાનની મૂર્તિને જ દેખે છે. હવે તે ભગવાનની મૂર્તિ કેવી છે ? તો જેમ કોઈના હાથમાં ચિંતામણિ હોય તે જ્યારે જે મનોરથ ધારે તે સર્વે સાચા થાય તેમ ભગવાનની મૂર્તિ સામી જેની અખંડ વૃત્તિ જોડાણી છે તે તો ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા અક્ષરધામ તથા અનંત કોટિ મુક્ત તે સર્વેને દેખે છે. ને એવો ભગવાનનો ભક્ત હોય તે જ્યારે ધારણા કરે છે ત્યારે પચાસ કોટિ જોજન જે પૃથ્વી, તેથી દશગણું જળ, તેથી દશગણું તેજ, તેથી દશગણો વાયુ, તેથી દશગણો આકાશ, તેથી દશગણો અહંકાર, તેથી દશગણું મહત્ત્વ, તેથી અનંતગણી પ્રકૃતિ, તેથી અનંતગણો પુરુષ ને તે પ્રકૃતિ પુરુષથી પર ભગવાનનું ધામ. તે ભગવાનના ધામમાં આંખ્યના મટકાના લાખમા ભાગ જેટલા વખતમાં જઈને આવે છે ને તેને એમ જણાય છે જે ''એ ધામમાં હું હજાર વર્ષ રહી આવ્યો કે લાખ વર્ષ રહી આવ્યો કે બ્રહ્માના કલ્પ પર્યંત રહી આવ્યો'' તેવું જણાય છે. ને અહીં તો આંખના મટકાનો લાખમો ભાગ

વીત્યો હોય એવી એ અલૌકિક વાત છે. તે ભગવાનના ધ્યાનવાળા જાણે છે. ને એવી જાત્યની જે એ ધારણા થાય છે તેનું કારણ તો ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે છે. માટે જેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહેતી હોય તે સંસારમાં રહેતો હોય તેને પણ એવી અલૌકિક દૃષ્ટિ થાય છે. અને ભગવાનની મૂર્તિને વિષે જેની વૃત્તિ ન ચોટતી હોય તે બ્રહ્મચર્ય પાળતા હોય ને દેહને સુકવીને કાષ્ટ જેવો કરે તો પણ તેને એવી અલૌકિક દૃષ્ટિ આવતી નથી. અને જેની ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહેતી હોય ને તે જો ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણતો હોય તો તેની અલૌકિક દૃષ્ટિ થાય છે ને તેને આત્માનું દર્શન થાય છે. માટે ભગવાનનું ધ્યાન કરતાં જે જે અંતરાય કરે તેનો શત્રુની પેઠે ત્યાગ કરવો અને કોઈક અધર્મને માર્ગે ચાલતો હોય તો તેનો પણ ત્યાગ કરવો પણ ભગવાનના ધ્યાનમાં અંતરાય પડવા દેવો નહિ. ॥ ૪૩ ॥

અને સ્વામીએ વાત કરી જે ચાર પ્રકારનું ચૈતન્ય અને ચાર પ્રકારનું જડ કહેવાય છે તેની વિગત એમ છે જે પુરુષોત્તમ ભગવાન તે ચૈતન્ય છે ને પંચ વિષય તે જડ છે. ને અક્ષરધામ તે ચૈતન્ય છે ને આ લોક તે જડ છે. ને ભગવાનના અક્ષરધામમાં રહ્યા જે સેવક તે ચૈતન્ય છે ને આ દેહનાં જે સંબંધી તે જડ છે. ને જીવ કોટિ તથા ઈશ્વરકોટિ તે ચૈતન્ય છે ને તેમના જે દેહ તે જડ છે. ને તે વિના બીજું જડ કે ચૈતન્ય ન કહેવાય. એમ ચાર પ્રકારનું ચૈતન્ય તથા જડ જાણવું. ॥ ૪૪ ॥

અને સ્વામીએ વાત કરી જે એક સમે લાધે ઠક્કરે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યું જે ‘‘હે મહારાજ ! અસત્ પદાર્થને વિષે વાસના બંધાણી છે તે કેમ ટળે ?’’ પછી શ્રીજી બોલ્યા જે ‘‘ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારીને ભજન કરે ત્યારે તેને વાસનાનું બળ મટે નહિ. પણ જ્યારે ભજનનો કરનારો જે દૃષ્ટા તેને વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થઈ જાય. જેમ પંખીનું કાચું ઈંડું હોય ને તે ફુટે ત્યારે પાણી હોય ને કાંઈ આકાર રહે નહિ. ને તે ઈંડું પાકું હોય ને ફુટે ત્યારે તેમાંથી બચું નિસરે તેનો આકાર ટળે નહિ. તેમ જે દૃષ્ટામાં મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો છે તેથી તેનો આકાર રહે નહિ ને જો બહાર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ પાકા ઈંડા સરખો છે, તેથી તેનો આકાર મટે નહિ. માટે એમ સમજવું જે દૃષ્ટારૂપ જે અક્ષરધામ તેમાં ભગવાન સદાય રહે છે અને બાહ્ય જે દર્શન આપે છે તે તો ભક્તના ઉપદેશને અર્થે છે એવી રીતે સમજે

તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. જેમ વરકન્યા હોય તેનાં માવતર તો જુદા જુદા ગામમાં રહેતાં હોય પણ એ બે જણાની સુરતો પરસ્પર હેતે કરીને પ્રોવાઈ રહે છે. તે સર્વ ધંધો કરે પણ પુરુષને એમ સ્મૃતિ રહે જે ''મારી સ્ત્રી ફલાણે ગામ રહે છે.'' અને સ્ત્રીને એમ સ્મૃતિ રહે છે ''મારો પતિ ફલાણે ગામ રહે છે.'' તેમ એ ભક્ત છે તે એમ જાણે જે ''મારા પતિ એવા જે ભગવાન તે દૃષ્ટાને વિષે રહ્યા છે'' તો તે ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે અને સર્વ વાસના નાશ થઈ જાય છે.'' પછી શુકમુનિયે પૂછ્યું જે ''બાહ્ય મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે ને દૃષ્ટામાં મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે ને દૃષ્ટામાં મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર નથી બંધાતો તેનું શું કારણ છે ?'' પછી શ્રીજી બોલ્યા જે ''બાહ્ય મૂર્તિ ધારે છે ત્યારે તો એ ભક્તને મનુષ્યપણાનો ભાવ છે ને દૃષ્ટાને વિષે મૂર્તિ ધારે છે ત્યારે મનુષ્યપણાનો ભાવ નથી આવતો એ હેતુ છે.'' પછી શુકમુનિયે પૂછ્યું જે ''જેને દૃષ્ટાને વિષે ને બાહ્ય મનુષ્યપણાનો ભાવ આવતો ન હોય તેને કેમ કરવું ?'' પછી શ્રીજી બોલ્યા જે ''જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્યભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશે બળિયો છે માટે તે તો બાહ્ય ધારે તથા દૃષ્ટામાં ધારે તે બેય બરાબર છે. ॥ ૪૫ ॥

અને સ્વામીએ વાત કરી જે એક સમે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યું જે ''ભગવાનની પ્રાપ્તિ થયા કેડે ભગવાનનો ભક્ત હોય તેને કોઈ રીતે કરીને કામ ક્રોધાદિક જે માયાના વિકાર તેણે કરીને ભગવાનના ભજનમાં વિક્ષેપ ન થાય અને કોઈ જાતનું દુઃખ અંતરમાં ન વ્યાપે એવી શી સમજણ છે ?'' પછે શ્રીજી બેલ્યા જે ''એ ભક્ત દેહરૂપે વર્તે છે કે આત્મારૂપે વર્તે છે ?'' પછે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે ''વર્તે છે તો દેહરૂપે'' પછે શ્રીજી બોલ્યા જે ''જ્યારે એ ભક્ત દેહરૂપે વર્તે છે ત્યારે તો એ અખંડ ભગવાન પાસે રહે ને ચરણારવિંદ છાતીમાં રાખે અથવા રાધિકા જેવી પદવી પામે તો પણ એને અંતરમાં સુખ નહિ. અને આ લોકમાં તો ક્યાંથી સુખ આવે ? પણ વૈકુંઠ લોકમાં જય વિજયની પેઠે અથવા ગોલોકમાં જાય અથવા બ્રહ્મમોહોલમાં જાય પણ દેહાભિમાનીને ક્યાંય સુખ થાય નહિ.'' પછે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે ''હે મહારાજ ! મૃત્યુલોકમાં દેહ છે તે તો પંચભૂતનું છે ને વૈકંઠાદિકમાં તો ભગવાનના પાર્ષદ છે તે અતિ સમર્થ છે તે અહીંના દેહ ને ત્યાંના દેહ બરોબર કેમ હોય ?'' પછે શ્રીજી બોલ્યા જે ''અહીં અસમર્થ છે ને ત્યાં ઘણા સમર્થ છે પણ દેહાભિમાનીને

ક્યાંય સુખ નથી અને જેને દેહાભિમાન નથી તે તો ગોલોક વૈકુંઠમાં હોય તોયે સુખી છે ને પૃથ્વી ઉપર હોય તો પણ સુખી છે માટે જે આત્મારૂપે કરીને ભગવાનની ભક્તિ કરે છે તેની જ ભક્તિ સાચી છે ને તે ભક્ત આત્મારૂપે વર્તે છે ને દેહને પોતાનું રૂપ નથી માનતો તેને અહીં છે તો પણ બ્રહ્મમોહોલ તુલ્ય છે.'' ॥ ૪૬ ॥

અને મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ વાત કરી જે દત્તાત્રેયે સાધ્ય દેવોને કહ્યું જે ''હે સાધ્યદેવો ! મેં મારા ગુરુ થકી આ કરવા યોગ્ય સાંભળ્યું છે તે શું ? તો એક તો ધૃતિ જે નાનાં પ્રકારનાં દુઃખે કરીને પણ વિકળ ન થાવું તે. અને દમ જે સર્વ ઇન્દ્રિયોને જીતવાં. ને સત્ય જે ધર્મની અનુવૃત્તિ રાખવી. ને હૃદયમાં રહેલી જે અહંતા ને મમતાની ગ્રંથિ તેને ટાળવી. ને પ્રિય અને અપ્રિય જે સુખ ને દુઃખ તેને વિષે આત્મસમતા એટલે પોતાની સમાન બીજાને જોવાં. આટલું જ કરવા યોગ્ય છે એમ ગુરુ થકી મેં સાંભળ્યું છે. ॥ ૧ ॥

અને વળી પોતાને કોઈ કઠણ વચને કરીને તિરસ્કાર કરે તો તેને સામો તેવો તિરસ્કાર ન કરે ને તેનું સહન કરે, કેમ જે સહન કરનારાની જે ક્રોધ છે તેજ તિરસ્કારના કરનારાને બાળી નાખે છે ને તેનું જે સુકૃત છે તેને સહન કરનારો જે પુરુષ તે પામે છે. ॥ ૨ ॥

અને હે દેવો ! જે પુરુષ પોતાના કલ્યાણને ઇચ્છે તે પુરુષ જે તે બીજા કોઈને કઠણ વચને કરીને તિરસ્કાર કરે એવો ન થાય તથા બીજા કોઈનું અપમાન કરે એવો ન થાય, તથા પોતાના મિત્રનો દ્રોહી ન થાય, તથા નીચ પુરુષની સેવાનો કરનારો ન થાય તથા અભિમાનવાળો ન થાય તથા હીન આચરણવાળો ન થાય તથા ક્રોધે જુક્ત એવી વાણી ન બોલે. ॥ ૩ ॥

અને ક્રોધે યુક્ત એવી જે રુખી વાણી તે જે તે આ લોકને વિષે પુરુષના મર્મ સ્થળનાં જે હાડકાં તથા હૃદય તથા પ્રાણ એ સર્વેને બાળી નાખે છે તે કારણપણા માટે ધર્મવાળો જે પુરુષ તે બીજાને વાળે એવી જે રુખી વાણી તેને નિત્ય વરજે. ॥ ૪ ॥

અને પારકા મર્મસ્થળનો પીડનારો ને રુખી છે વાણી જેની એવો ને તે વાણી રૂપી કાંટે કરીને મનુષ્યને પીડતો એવો જે પુરુષ તે અત્યંત શોભાયે રહિત જાણવો. ને જનનો જે મૃત્યુ તેને મુખને વિષે બાંધીને વહેનારો છે એવો એને જાણવો કહેતાં કઠણ વચનરૂપ જે જનનું મૃત્યુ તેને મુખને વિષે તૈયાર લઈને ફરે છે. ॥ ૫ ॥

અને અતિશે તીખાં ને અગ્નિ તથા સૂર્ય સરખાં પ્રદીપ્ત એવાં જે વાણીરૂપ બાણ તેણે કરીને જો બીજો એને અતિશે વીંધે ને તે બાણે કરીને વિંધાણો છે તો પણ અતિશે વિવેક જુક્ત એવો જે એ જ્ઞાની પુરુષ તે જે તે એમ જાણે જે ''આ તો મારાં સુકૃતનું પોષણ કરે છે.'' એમ સમજીને ક્ષમા કરે છે. ॥ ૬ ॥

અને જો સંતને સેવે ને જો અસંતને સેવે ને જો તપસ્વીને સેવે ને જો ચોરને સેવે તો તે સેવનારો પુરુષ જે તે તેમના વશને પામે છે. કહેતાં સંતને સેવે તો પોતે સંત થાય છે ને અસતને સેવે તો અસંત થાય છે ને તપસ્વીને સેવે તો તપસ્વી થાય છે ને ચોરને સેવે તો ચોર થાય છે. કેની પેઠે ? તો જેમ વસ્ત્ર જે તે જેવા રંગમાં રંગીયે તેવા રંગવાળું થાય છે અને વિવેકી પુરુષ છે તે જે તે પોતા સાથે જો કોઈ અતિવાદ કરે તો પોતે તે સાથે અતિવાદ ન કરે ને બીજા પાસે કરાવે નહિ. ॥ ૭ ॥

અને વળી જે બીજે માર્યો થકો તેને પોતે મારે નહિ ને બીજા પાસે મરાવે પણ નહિ. અને પોતાને જે મારનારો તેના ભૂંડાને નથી ઇચ્છતો એવો જે તે પુરુષ, ને આવે તેને દેવતા પણ ઇચ્છે છે, કહેતાં તે દેવતાને પણ માનવા યોગ્ય થાય છે. ॥ ૮ ॥

અને જો રૂડું વચન બોલતાં ન આવડે તો ન બોલવું એ શ્રેષ્ઠ છે, એમ મોટા કહે છે અને ન બોલવા થકી જે સત્ય વચન બોલવું તે શ્રેષ્ઠ છે અને તે સત્ય વચન પણ જો પ્રિય લાગે એવું બોલાય તો તે સત્યવચનથી પણ શ્રેષ્ઠ છે અને તે પ્રિય વચન પણ ધર્મે જુક્ત બોલાય તો તેથી અતિશે શ્રેષ્ઠ છે. એવી રીતે વચન બોલવાના ચાર પ્રકાર છે તેને જાણવા. ॥ ૯ ॥

અને પુરુષ જે તે જેવા પુરુષ ભેળો બેસે છે ને જેવા પુરુષને સેવે છે ને પોતે જેવો થાવાને ઇચ્છે છે તેવો તે થાય છે. માટે સત્પુરુષ ભેળે બેસવું ને સત્પુરુષને સેવવા ને સત્પુરુષના જેવો પોતાનો સ્વભાવ કરવાને ઇચ્છવું, પણ અસત્પુરુષનો પ્રસંગ તો કોઈ પ્રકારે કરવો જ નહિ. ॥ ૧૦ ॥

અને પુરુષ જે તે જે જે પદાર્થ થકી નિવૃત્તિને પામે છે તે તે પદાર્થ થકી એ મુકાઈ જાય છે અને જો સર્વ પદાર્થ થકી નિવૃત્તિને પામે છે તો તે અણુંમાત્ર પણ દુઃખને નથી પામતો. અને સર્વથી નિવૃત્તિને પામ્યો એવો જે પુરુષ તેને કોઈ જીતવાને ઇચ્છતા નથી ને એ પણ બીજાને જીતવાને ઇચ્છતો નથી. અને કોઈ સાથે વૈર કરતો નથી ને કોઈને મારતો નથી ને નિંદા તથા સ્તુતિ તેને વિષે તુલ્ય

છે સ્વભાવ જેનો એવો જે પુરુષ તે કોઈ પદાર્થ નાશ પામી જાય છે તેનો શોક કરતો નથી ને કોઈ પદાર્થને પામીને તેનો હરખ પણ નથી કરતો. ॥ ૧૧ ॥ ૪૭ ॥

## શ્રી પુરુષોત્તમનારાયણ અવતારી જે સ્વયં મૂર્તિ તેનાં અસાધારણ લક્ષણ લખીએ છીએ.

પૂર્વે થયા જે સર્વે અવતાર તેમને પોતાના સ્વરૂપને વિષે દેખાડે. ॥ ૧ ॥

તથા વૈકુંઠાદિક ધામને વિષે રહી જે દિવ્ય મૂર્તિઓ ને તે મૂર્તિઓમાં રહ્યાં જે દિવ્ય ઐશ્વર્ય તે સર્વ પોતાની મૂર્તિને વિષે બહુ મનુષ્યોને દેખાડે. ॥ ૨ ॥

તથા જેવા તેવા જીવ હોય તેને પણ સમાધિયે કરીને પોતાની મૂર્તિને વિષે ચિત્તનો નિરોધ કરાવે. ॥ ૩ ॥

તથા બીજા અવતાર ધારીને જેવું જીવનું કલ્યાણ કર્યું તથા ચિત્તનો નિરોધ કર્યો તેવું સામર્થ્ય તો પોતાના ભક્ત દ્વારા જણાવે. ॥ ૪ ॥

તથા અપાર તેજોમય એવું જે અક્ષરધામ તેના મધ્યને વિષે રહ્યું જે દિવ્ય સિંહાસન તેની ઉપર સદા વિરાજમાન ને ચારે કોરે અનંતકોટિ મુક્તમંડળની સભાયે વિટાણા એવા જે દિવ્યમૂર્તિ પોતે તેનું દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવે. ॥ ૫ ॥

તથા પૂર્વે શાસ્ત્રને વિષે કહ્યા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્ત તથા યોગ, સાંખ્ય ને વેદાંતાદિક શાસ્ત્રના મત તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે કરે તથા તેમના પ્રતિપાદનના શાસ્ત્ર કરે ત્યારે પૂર્વનાં શાસ્ત્ર થકી તેમાં બહુ ચમત્કાર આવે ને સહેજે સર્વના સમજ્યામાં આવે ને તે વાર્તા શાસ્ત્રમાં જેની બુદ્ધિ પુગતી હોય તેને યથાર્થ જાણ્યામાં આવે. ॥ ૬ ॥

તથા પોતાને દર્શનામાત્રે કરીને જ અનેક જીવના મનની વૃત્તિયું સહેજે પોતાની મૂર્તિમાં તણાઈ જાય. ॥ ૭ ॥

તથા જે કોઈ જીવે પોતાનો આશ્રયપાત્ર કર્યો હોય તેણે કરીને પણ તેનું મોટું કલ્યાણ થાય ને તે જીવને અંતકાળ થાય ત્યારે પોતે પોતાના પાર્ષદે સહિત રથ વિમાન લઈને તેડવા આવે. ॥ ૮ ॥

તથા પોતાની આજ્ઞાયે કરીને અનેક સ્ત્રી-પુરુષ તે પોતપોતાના ધર્મને માર્ગે ચાલે. એવી રીતનો પોતાના વચનમાં પ્રતાપ હોય. ॥ ૯ ॥

તથા પોતાના સંબંધને પામ્યું જે વસ્ત્રપુષ્પાદિક વસ્તુ તેના દર્શન માત્રે કરીને તથા તેના સ્પર્શમાત્રે કરીને તત્કાળ જીવને અંતર દૃષ્ટિ થઈ જાય ને તે પછી બ્રહ્મપુર આદિક ધામ તથા તે ધામનાં દિવ્ય ઐશ્વર્ય તે દેખાઈ આવે. ॥ ૧૦ ॥

તથા જેના સ્વરૂપ સંબંધી વાર્તાને કોઈક પરદેશમાં જઈને કરે તે સાંભળીને મનુષ્યને અલૌકિકપણું જણાઈ આવે. ॥ ૧૧ ॥

તથા જીવાત્મા, વિરાટપુરુષ, ઈશ્વર, પ્રધાનપુરુષ, મૂળ પ્રકૃતિપુરુષ ને અક્ષરધામના મુક્ત તથા તે અક્ષરધામના નિવાસી જે પોતે પુરુષોત્તમ એ સર્વેનું નિરૂપણ ભેદે સહિત ને ઐશ્વર્યે સહિત નોખું નોખું સ્પષ્ટપણે પોતે કરી દેખાડે તથા ઐશ્વર્યે સહિત તેમનાં સ્વરૂપ બીજાને દેખાડે તથા આવી રીતના જ્ઞાનને પોતા થકી પામીને પોતાના ભક્ત પણ કહી દેખાડે. એવી રીતની પ્રવૃત્તિ હોય. ॥૧૨॥

તથા પોતાના અવતાર તે પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય. એવી ક્રિયા સમાધિને વિષે કોઈક કોઈકને દેખાય. ॥ ૧૩ ॥

એવા દિવ્ય મૂર્તિ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની શ્રવણાદિક જે નવ પ્રકારની ભક્તિ તે સર્વે પાપનો વિનાશ કરવાવાળી છે.

**એવી રીતે શ્રી સહજાનંદસ્વામીના શિષ્ય ગોપાળાનંદ સ્વામીએ કહેલા શ્રી પુરુષોત્તમનાં અસાધારણ લક્ષણ સંપૂર્ણ.**

## શ્રી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય કહીએ છીએ.

પ્રથમ તો ભગવાનનો જે દિવ્યભાવ ને મનુષ્યભાવ તેને અભેદપણે સમજવાની રીત દેખાડીયે છીએ. જે અનંતકોટિ સૂર્યચંદ્રના પ્રકાશ જેવું તેજોમય જે પોતાનું અક્ષરધામ તેને વિષે અનંતકોટિ અક્ષરરૂપ મુક્તે સેવ્યા ને દિવ્ય ને દ્વિભુજ મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે સદા વિરાજમાન છે. તે કેવા છે ? તો અનંતકોટિ જે મુક્ત તથા અક્ષર તથા પુરુષ પ્રકૃતિ ને કાળ એ સર્વેના નિયંતા છે ને એ સર્વેના સ્વામી છે ને એ સર્વેને સુખના આપનારા છે ને સ્વતંત્ર છે ને મહારાજાધિરાજ છે અને એવા સામર્થ્યે જુક્ત જે એના એ પોતે ભગવાન તે જીવુંની ઉપર દયાયે કરીને તેમના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે ને મનુષ્ય પોતાનો આશ્રય કરે ને પોતાની ભક્તિ કરે તેને અર્થે મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. ને તે મનુષ્ય સ્વરૂપને વિષે પોતાની જે અક્ષરધામમાં રહી તેજોમય દિવ્ય મૂર્તિ તે દેખાઈ આવે તથા પ્રકૃતિ પુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા વિરાટ પુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા એક થકા અનંતરૂપે જણાઈ આવે તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા તે પોતાની મૂર્તિને દેખીને અનંત જીવના ચિત્તનો નિરોધ સમાધિયે કરીને થઈ જાય. એ સર્વે મનુષ્યપણામાં દિવ્યભાવ જાણવો અને વળી એવો દિવ્યભાવ ન જણાવે ને મનુષ્યની રીતે જ વર્તે ને વળી પાછો દિવ્યભાવ જણાવે. ને ક્યારેક તો એની એ મનુષ્ય મૂર્તિને વિષે કેટલાકને દિવ્યભાવ જણાવે ને કેટલાકને મનુષ્યભાવ જણાવે. તે માટે દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એક જ છે પણ તેમાં કિંચિત્ પણ ભેદ નથી. એવી રીતે દિવ્યભાવ ને મનુષ્યભાવને અભેદપણે સમજવાની રીત કહી દેખાડી. ॥ ૧ ॥

અને બીજી એ ભગવાનના નિર્ગુણ સગુણપણાની રીત સમજવી જે એવી રીતે દિવ્યભાવને ને મનુષ્યભાવને જણાવતા જે એ ભગવાન તેની જે મૂર્તિ તે તો માયાના જે સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ ને એ ત્રણ ગુણનાં કાર્ય તેણે રહિત છે ને દિવ્ય છે તે માટે એ ભગવાનને નિર્ગુણ જાણવા અને એવા જે એ નિર્ગુણ ભગવાન તેને વિષે સત્ય, શૌચ, દયા એ આદિક જે અમાયિક એવા દિવ્ય ગુણ તે રહ્યા છે માટે એ ભગવાનને સગુણ જાણવા અથવા માયાના ત્રણ

ગુણે જુક્ત ને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ એવા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ છ જે પોતાનાં રૂપ તેણે કરીને પણ એ ભગવાનને સગુણ જાણવા. ॥ ૨ ॥

અને ત્રીજી એ ભગવાનના સાકાર નિરાકારપણાની રીત સમજવી. જે આત્યંતિક પ્રલયની અંતે પણ પોતાના અક્ષરધામને વિષે દિવ્ય અવયવવાન એવો નિત્યસિદ્ધિ જે ભગવાનનો આકાર તે રહ્યો છે તે માટે એ ભગવાનને સાકાર જાણવા. અને એવો જે ભગવાનનો સદા દિવ્ય આકાર તેને એ ભગવાનના એકાંતિક ભક્ત તે દેખે છે અને એ ભગવાનનો સદા દિવ્ય અવયવ એવો આકાર તે માયામાંથી થયાં જે ચોવીશ તત્ત્વ તેણે રહિત છે તે માટે એ ભગવાનને નિરાકાર જાણવા અથવા એ ભગવાનની અનન્ય ભક્તિયે રહિત ને આત્મજ્ઞાનાદિક સાધને સહિત એવા જે પુરુષ તે તો ભગવાનના અક્ષરધામના તેમને જ કેવળ દેખે છે પણ તે ભગવાનના દિવ્ય આકારને નથી દેખતા તે સારું એ કૈવલ્યાર્થી છે ને તે એ ભગવાનને નિરાકાર કહે છે. ॥ ૩ ॥

અને ચોથી એ ભગવાનના કર્તા અકર્તાપણાની રીત જાણવી જે એ ભગવાન તે પુરુષ, કાળ, ને માયા તેના આદિ કર્તા છે ને પ્રેરક છે ને નિયંતા છે તે માટે એ ભગવાનને કર્તા જાણવા અને પુરુષ, કાળ ને માયા તે પાસે અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરાવે છે પણ પોતે નથી કરતા ને પોતે તો પોતાના અક્ષરધામને વિષે પોતાના ભક્તજને સેવ્યા થકા નિત્ય બિરાજમાન છે, તે માટે એ ભગવાનને અકર્તા જાણવા અને એ પુરુષ, કાળ ને માયા તે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે એ ભગવાનની અંતર્યામિપણે પ્રેરણાયે કરીને કરે છે પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી. ને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે તે તો નાસ્તિક છે ને એ ભગવાનની પ્રેરણાયે કરીને જે એમને કર્તા જાણે છે તે તો આસ્તિક એવા ભગવાનના ભક્ત છે. ॥ ૪ ॥

આ ચાર રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને જાણે છે તેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. અને એવી રીતે સમજવામાં જેને કસર છે તેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં સંશય થાય છે. માટે ભગવાનનો જે ભક્ત હોય તેને આ વાર્તા અવશ્ય સમજવાની છે.

**એવી રીતે મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ કહેલો શ્રી પુરુષોત્તમનારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય સંપૂર્ણ.**

# અથ વાર્તા વિવેક

## ॥ સાધુને પરસ્પર વાર્તા કર્યાની રીતનાં પ્રકરણ ॥

ભગવાન પોતાના અક્ષરધામને વિષે જેવા દિવ્ય ઐશ્વર્ય, દિવ્યપાર્ષદ અને દિવ્ય શક્તિયે સહિત રહ્યા છે તેવાને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ છે. એ આદિક જે ભગવાનનું માહાત્મ્ય તેની વાર્તા કરવી. ॥ ૧ ॥

તથા સર્વ સુખમય, સર્વ થકી પર, સર્વના નિયંતા, સર્વના કર્તા એ આદિક જે ભગવાનની મોટ્યપ તેનું ગ્રહણ કરીને પોતાના સ્વભાવને ટાળવાની વાર્તા કરવી. ॥ ૨ ॥

તથા ત્રણ દેહ, દશ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણ તે થકી પ્રથક જે પોતાનો જીવાત્મા તે દેહ ઈન્દ્રિયોને અંતઃકરણના જે સંકલ્પ ઉઠે છે તે ભેળો ભળ્યો છે તેને પ્રથક પાડવો તથા દેહ અને દેહના સંબંધી ખોટાં થઈ જાય એવી રીતે આત્મનિષ્ઠાની વાર્તા કરવી. ॥ ૩ ॥

તથા નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંતિક પ્રલય. એ ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વેના ભોગ, દેહ ને લોક તે નાશ થઈ જાય છે ને માયામાંથી થયાં જે પદાર્થમાત્ર તે સંબંધી જે સુખ તે અપાર દુઃખે સહિત છે. તે દુઃખને દેખાડીને વૈરાગ્યની વાર્તા કરવી. ॥ ૪ ॥

તથા નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ જે સાધુના ધર્મ તે જે ધર્મશાસ્ત્રમાં કહ્યા હોય તેને શિખીને તે પ્રમાણે વર્તવું ને તે પ્રમાણે વાર્તા કરવી. ॥ ૫ ॥

તથા ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે મન, કર્મ, વચને કરીને નિરંતર કરવી પણ તે ભક્તિ કર્યા વિના વ્યર્થકાળ જાવા દેવો નહિ ને તે વિના બીજી જે રીતની પોતાના સ્વભાવ અનુસારે પ્રકૃતિ હોય તેને ટાળવી એ અંગની વાર્તા કરવી. ॥ ૬ ॥

તથા સત્-અસત્ એવા જે દેશકાળાદિક આઠ તેની જે પ્રથક વિક્તિ તેની વાર્તા કરવી. ॥ ૭ ॥

તથા સત્‌શાસ્ત્રને વિષે કહ્યા એવા જે સાધુના લક્ષણ તેને જોઈને તે લક્ષણ પોતાને વિષે કેટલા આવ્યા છે ને કેટલા નથી આવ્યા તેનો તપાસ કરવો ને જે લક્ષણ ન આવ્યા હોય તે શિખવા એ અંગની વાર્તા કરવી. ॥ ૮ ॥

તથા શ્રીજીમહારાજે સ્થાપન કર્યાં જે દેવમંદિર તથા ધર્મવંશના આચાર્ય તેની ઉત્કૃષ્ટતા થાય તેવી રીતે વર્તવું ને તેવી રીતે જ વાર્તા કરવી. ॥ ૯ ॥

તથા શિક્ષાપત્રી આદિક જે આપણા સંપ્રદાયના ગ્રંથ તેને ભણવા ભણાવવાનો અભ્યાસ પોતાની બુદ્ધિ પ્રમાણે રાખવો એ અંગની વાર્તા કરવી. ॥ ૧૦ ॥

તથા આવી રીતે જે સાધુને વર્તવાની રીત તેમાં આળસ રહેતું હોય તેને ટાળવાની વાર્તા કરવી. ॥ ૧૧ ॥

તથા શ્રીજીમહારાજ પોતાના ભક્તજનને તત્કાળ સમાધિયે કરીને પ્રાણ ઈન્દ્રિયોનો નિરોધ કરાવીને અનંત ઐશ્વર્યેજુક્ત એવાં જે બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠાદિક દિવ્ય પોતાના ધામ તેને વિષે પોતાનું દર્શન દેવું તથા પોતાના ભક્તજનને અંતકાળ સમે વિમાન તથા રથ અશ્વાદિક દિવ્ય વાહન ઉપર બેસીને દિવ્ય પાર્ષદે સહિત આવીને દર્શન દેવું ને તે ભક્તને પોતાના ધામમાં લેઈ જાવું એ આદિક જે શ્રીજીમહારાજનાં ચરિત્ર તેની વિસ્તારીને વાર્તા કરવી. ॥ ૧૨ ॥

## ॥ સત્સંગી હરિભક્ત હોય તેની આગળ વાત કરવાની રીતનાં પ્રકરણ. ॥

શિક્ષાપત્રીમાં કહ્યા જે પરસ્ત્રીનો ત્યાગ તથા ચોરી ન કરવી તથા મદ્યમાંસનો ત્યાગ કરવો એ આદિક જે મોટા મોટા નિયમ તેની દૃઢતા થાય તેવી વાર્તા કરવી. ॥૧॥

તથા શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે તેવી રીતે ભગવાનના દિવ્યભાવને ને મનુષ્યભાવનું વર્ણન કરીને ભગવાનના નિશ્ચયની વાર્તા કરવી. ॥૨॥

તથા શ્રીજીમહારાજે સ્થાપન કર્યા જે દેવમંદિર તથા આચાર્ય તેને દર્શને જાવું તથા ઉત્સવ ઉપર જાવું તેમાં શ્રદ્ધા ઉપજે એવી વાર્તા કરવી. ॥૩॥

તથા પોતાના ગામમાં જે હરિભક્ત હોય તેમણે સાયંકાળે ભેળા થઈને પરસ્પર ભગવદ્‌વાર્તા કરવી ને સાંભળવી. એવી રીતની વાર્તા કરવી. ॥૪॥

તથા પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાવાળા જે સાધુ તેનાં લક્ષણની વાર્તા કરવી તથા પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાયે રહિત જે અસાધુ તેનાં લક્ષણની વાર્તા કરવી. ॥૫॥

તથા દેશકાળાદિકને ઉપદ્રવે કરીને સુખ-દુઃખ આવી પડે તથા હાણ વૃદ્ધિ થાય તેણે કરીને સત્સંગમાંથી મોળો ન પડે એવી રીતે હિમત્યની વાર્તા કરવી. ॥૬॥

અને પ્રથમ જે સત્સંગી થવા આવે તેની આગળ પુણ્ય પાપની વાર્તા કરવી તથા તે પુણ્યે કરીને થયું જે મોક્ષરૂપ સુખ ને પાપે કરીને થયું જે જમપુરી ને નરક ચોરાશી રૂપ દુઃખ તેની વાર્તા કરવી તથા જે સાધુને સંગે કરીને જીવનું કલ્યાણ થાય તેનાં લક્ષણની વાર્તા કરવી. ॥૭॥

**ઈતિશ્રી સહજાનંદસ્વામી શિષ્ય ગોપાળાનંદ મુનિ વિરચિતો વાર્તાવિવેક સંપૂર્ણ.**

॥ શ્રીહરિકૃષ્ણ મહિમાષ્ટકમ્ ॥

## અર્થ સાથે

**શ્રી ધર્મસદ્મન્યવતીર્ય વિષ્ણુર્યો વાસુદેવો હરિકૃષ્ણ ઈશઃ ।**
**શ્રીનીલકણ્ઠોઽત્ર પુનાતિ મર્ત્યાન્ ધ્યાયે હરિંતં હૃદિ ધર્મપુત્રમ્ ॥**

**અર્થ :** સર્વમાં વ્યાપક અને સર્વના નિયંતા એવા જે શ્રીહરિકૃષ્ણ વાસુદેવ ભગવાન તે ધર્મદેવના ઘરને વિષે અવતરીને અનેક મનુષ્યોને પવિત્ર કરે છે તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૧॥

**યસ્ય સ્વરૂપે તિલલક્ષણાનિ સ્વભક્તચેતાંસિ હરંતિ યદ્વત્ ।**
**અયાંસિ સાકર્ષમણિપ્રવેકા ધ્યાયે૦ ॥૨॥**

**અર્થ :** જે શ્રીહરિની મૂર્તિને વિષે રહેલાં તલ વગેરે ચિહ્નો છે તે, ઉત્તમ ચુંબક મણિ જેમ લોહને ખેંચી લે તેમ, પોતાના ભક્તોનાં ચિત્તને ખેંચી લે છે. એવા ધર્મ પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૨॥

**યસ્યાક્ષરે ધામનિ યત્પ્રસક્તા ક્રીડન્તિ દિવ્યેઽક્ષરસંજ્ઞમુક્તાઃ ।**
**સામન્તપુત્રા ઈવ સર્વમાન્યા ધ્યાયે૦ ॥૩॥**

**અર્થ :** જે શ્રીહરિના દિવ્ય અક્ષરધામને વિષે કેવળ શ્રીહરિની મૂર્તિને વિષે પ્રીતિવાળા એવા અક્ષર નામના અનંત મુક્તો શ્રીહરિની સેવારૂપ ક્રીડા કરે છે, અને જે મુક્તો ચક્રવર્તિ રાજાના પુત્રોની પેઠે સર્વ દેવ ઈશ્વરોએ પણ માન આપવા યોગ્ય છે. તે ધર્મ પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૩॥

**યસ્યાસ્યપદ્મેઽદ્ભૂતભૂરિશોમે વસંતિ નેત્ર ભ્રમરા જનાનામ્ ।**
**હંસા યથા માનસપદ્મવૃન્દે ધ્યાયે૦ ॥૪॥**

**અર્થ :** અદ્ભુત અને ઘણીક શોભાવાળા જે શ્રીહરિના મુખરૂપી કમળને વિષે ભક્તજનોની આંખ્યો રૂપી ભમરાઓ, માનસ સરોવરમાં કમળોના સમૂહને વિષે જેમ હંસો રહે છે તેમ નિવાસ કરી રહે છે, એવા મુખારવિંદ વાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૪॥

**યઃ પોષયત્યત્ર નિજાન્સ્વકીયજ્ઞાનોપદેશેન સુધોત્તમેન ।**
**વત્સાન્સુશીલા પયસા યથા ગૌઃ ધ્યાયે૦ ॥૫॥**

**અર્થ :** જે શ્રીહરિ આ લોકને વિષે અમૃત થકી પણ ઉત્તમ એવા પોતાના માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશ વડે, જેમ સારા સ્વભાવવાળી ગાય દૂધ વડે પોતાનાં વાછડાઓનું પોષણ કરે તેમ પોતાના ભક્તોનું પોષણ કરે છે, તે ધર્મ પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૫॥

**પાષંડધર્માહ્યુદયેન યસ્ય શાક્તા વ્યલીયન્ત યથોદિતેઽર્કે ।**
**ઘૂકા વૃષદ્વેષિણ એવ ચાન્યે ધ્યાયે૦ ॥૬॥**

**અર્થ :** જે શ્રીહરિના પ્રગટ થવાથી પાખંડ ધર્મવાળાઓ તથા શક્તિ માર્ગવાળાઓ અને બીજા જે ધર્મના દ્વેષીઓ તે, સૂર્યના ઉગવાથી જેમ ઘૂવડ સંતાઈ જાય તેમ સંતાઈ ગયા, તેવા પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૬॥

**યત્પાદપદ્મેઽક્ષરમુક્તચેતોભૃઙ્ગા રમન્તે સરસીવ મીનાઃ ।**
**આસેવ્યમાને ભ્રુવિ ભૂરિ ભક્તૈઃ ધ્યાયે૦ ॥૭॥**

**અર્થ :** પૃથ્વીને વિષે ઘણા ભક્તોએ અતિ પ્રેમથી સેવેલા, જે શ્રીહરિના ચરણકમળને વિષે, અક્ષરમુક્તોના ચિત્તરૂપી ભમરાઓ, તળાવને વિષે પોતાના જીવનરૂપ જળમાં માછલાં રમે તેમ રમે છે - શ્રીહરિના ચરણને પોતાનું જીવન જાણી તેને તજી શકતા નથી તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૭॥

**યદીયસૌન્દર્ય ગુણાદિપારં શેષાદયો યાન્તિ ન યસ્ય ભક્તાઃ**
**વાઞ્છન્તિ નૈવાક્ષર સૌખ્યમન્તઃ ધ્યાયે૦ ॥૮॥**

**અર્થ :** જે શ્રીહરિના સુંદરપણા આદિક ગુણોનો પાર શેષનારાયણ વગેરે પણ પામતા નથી, અને જે શ્રીહરિના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય અક્ષરધામના સુખને પણ અંતઃકરણમાં ઈચ્છતા નથી, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥૮॥

ગોપાલાનન્દનામ્ના રચિતમતિશુભં ત્વષ્ટકં સન્મયેદં
પ્રીત્યૈ શ્રીધર્મસૂનોઃ પ્રકટ ભગવતઃ સ્વામિનારાયણસ્ય ॥
તન્માહાત્મ્યાવબોધં ય ઈદમિહ જનઃ શ્રાવયેત્કીર્તયેદ્વા
સ સ્યાદ્વૈ બ્રહ્મરૂપો હરિરતુલમુદં પ્રાપ્નુયાત્તત્ર ધાર્મિઃ ॥૯॥

**અર્થ :** ગોપાળાનંદ મુનિ છે નામ જેનું એવા અમે શ્રીધર્મદેવના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે, તેમના મહિમાને જણાવનારું માટે સર્વથી ઉત્તમ આ અષ્ટક રચેલું છે તેને જે મનુષ્ય આ લોકને વિષે કહેશે અથવા સાંભળશે તે પોતે બ્રહ્મરૂપ થાશે ને શ્રીહરિની અતિ પ્રસન્નતાને નિશ્ચે પામશે. ॥૯॥

**ઈતિશ્રી ગોપાળાનંદ મુનિ વિરચિતં શ્રીહરિ મહિમાષ્ટકં સંપૂર્ણમ્**

શ્રી સ્વામિનારાયણ મંદિર - લુઇસવીલ (મુળીધામ)ને આંગણે

5 YEARS

22 - july to 28 - July - 2019

દિવ્ય પંચાબ્દિ મહોત્સવ

SHREE SWAMINARAYAN HINDU TEMPLE

I.S.S.O.

-: Published by :-
Shree Swaminarayan Hindu Temple